નિર્યુક્તિ–ભાષ્ય–ચૂર્ણિસહિત




# જૈન આગમોમાં આવતાં પ્રાકૃત વિશેષનામોનો પરિચયાત્મક કોશ

## પ્રથમ ભાગ (અ થી ન)

: પ્રકાશક :

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ પાલીતાણા–અમદાવાદ–મુંબઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री नेमि-विज्ञान-कस्तूरसूरि ग्रंथश्रेणी नं. २६

# જૈન આગમોમાં આવતાં પ્રાકૃત વિશેષનામોનો પરિચયાત્મક કોશ

## પ્રથમ ભાગ

## ( અથી ન )

**પ્રેરણાદાતા**

પ. પૂ. સ્વ. આચાર્ય શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ
પ. પૂ. સ્વ. આચાર્ય શ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ

**શ્રુતોપાસના**

પ. પૂ. આચાર્ય શ્રી વિજયસોમચંદ્રસૂરિજી મહારાજ

**પ્રકાશક**

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ
(શ્રી સમવસરણ મહામંદિર)
પાલીતાણા-અમદાવાદ-મુંબઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સહયોગ દાતા

# શ્રી મહુવા તપા જૈન સંઘ, મહુવા

મધુમાવતી... મધુમતી... મહુવા– ઈતિહાસમાં વિભિન્ન નામે આ નગરી આલેખાતી રહી છે.

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, તદ્દગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મ.સા.ની વિચરણભૂમિ છે. ઈતિહાસ પ્રસિદ્ધ શ્રાવકરત્નો ભાવડશા જાવડશા આ નગરનું ઘરેણું હતા. તેમણે આણેલા શ્રી જીવિતસ્વામી (મહાવીરસ્વામી) દાદા આ નગરના મુકુટ મણિ છે. શાસનસમ્રાટ, યુગપુરુષ પ. પૂ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી દાદાની ભૂમિ તરીકે મહુવા જગપ્રસિદ્ધ છે. તેમનો જન્મ, અંતિમ ચાતુર્માસ તથા કાળધર્મ આ પુણ્યભૂમિ પર થયા હતા.

શાસ્ત્રવિશારદ પ.પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.સા. તથા શાસનસમ્રાટશ્રીના પટ્ટધર પ. પૂ. આ. શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મ.સા. આ જ નગરીના પુત્ર હતા અન્ય અનેક મુમુક્ષુઓ પણ મહુવાના ધર્મિષ્ઠ પરિવારોમાંથી દીક્ષિત થયા છે. કર્મગ્રંથના રચિયતા પ.પૂ.આ.શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી મહુવામાં વિ.સં.૧૩૦૬ મહા સુદ ૧, ગુરુવારના શુભદિને શ્રી વાગ્દેવતા ભાંડાગારની સ્થાપના થઈ હતી.

કાળની અનેક ચઢતી પઢતી ઝીલ્યા પછીએ આ નગર હજી શ્રાવકોથી હર્યું ભર્યું છે. વર્તમાન કાળે પણ અનેક પૂજ્યોના આવાગમનથી અમે ધન્ય થતા રહીએ છીએ. વિ.સં.૨૦૬૪ના ચાતુર્માસમાં પ. પૂ. સોમચંદ્રસૂરીશ્વરજી મે.સા.ની અનુજ્ઞાપૂર્વક તેમના જ શિષ્યરત્ન પ.પૂ. શ્રી શ્રમણચંદ્રવિજયજી મ.સા., પૂર્વાશ્રમમાં મહુવાના જ રહેવાસી પૂ. સંઘચંદ્રવિજયજી મ.સા. આદિ ઠાણા ૩ તથા પૂ. સાધ્વીજી ભગવંતનો શ્રી સંઘને લાભ મળ્યો તથા પૂજ્યશ્રીની પ્રેરણાથી સં. ૨૦૬૪, આસો વદ ૪, શનિવારના રોજ શ્રી સંઘમાં સમૂહ રાત્રિભોજન, વોટરકુલર, તથા સ્વામિવાત્સલ્યમાં ફ્રીઝનાં પાણીના નિષેધનો ઐતિહાસિક ઠરાવ થયો. તેની અનુમોદનાર્થે પ્રસ્તુત ગ્રંથ પ્રકાશનમાં દ્રવ્ય-સહયોગનો સંપૂર્ણ લાભ પામી અમે કૃતાર્થ થયા છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિસહિત

# જૈન આગમોમાં આવતાં પ્રાકૃત વિશેષનામોનો પરિચયાત્મક કોશ

પ્રથમ ભાગ

( અથી ન )

[ડૉ. મોહનલાલ મેહતા અને ડૉ. કે. ઋષભ ચન્દ્ર દ્વારા સંકલિત મૂળ અંગ્રેજી ગ્રન્થ **'Prakrit Proper Names'** ના પ્રથમ ભાગનો ગુજરાતી અનુવાદ]


અનુવાદક

ડૉ. નગીન જી. શાહ



શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ

પાલીતાણા-અમદાવાદ-મુંબઈ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સામાન્ય સંપાદકો :**
ડૉ. નગીન શાહ
ડૉ. રમણીક શાહ

**પ્રકાશક :**
શ્રી અનિલભાઈ ગાંધી, મેનેજીંગ ટ્રસ્ટી
**શ્રી૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ,**
૧૧૦, મહાકાન્ત, વી.એસ.હોસ્પીટલ પાસે,
અમદાવાદ-૬.

**પ્રકાશન વર્ષ :**
ગુજરાતી આવૃત્તિ : પ્રથમ સંસ્કરણ
વિ. સં. ૨૦૬૪, ઈ.સ.૨૦૦૮

**નકલ** : ૫૦૦

**મૂલ્ય :** રૂા. ૪૦૦/-

**લેસર ટાઈપ સેટીંગ :**
**મયંક શાહ, લેસર ઈમ્પ્રેશન્સ**
૨૧૫, ગોલ્ડ સૌક કોમ્પ્લેક્ષ,
ઑફ સી. જી. રોડ, નવરંગપુરા,
અમદાવાદ-૯.

**મુદ્રક :**
**કે. ભીખાલાલ ભાવસાર**
માણિભદ્ર પ્રિન્ટર્સ
૧૨, શાયોના એસ્ટેટ, દૂધેશ્વર રોડ,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શાસનસમ્રાટ્ પરમપૂજ્ય આચાર્યદેવ
શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ. સા.




# મહુવા સમાધિમંદિર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈન આગમોમાં આવતાં
# પ્રાકૃત વિશેષનામોનો પરિચયાત્મક કોશ



વાત્સલ્યવારિધિ પરમપૂજય આચાર્યદેવ
શ્રી વિજય વિજ્ઞાન સૂરીશ્વરજી મ. સા.



પ્રાકૃતવિશારદ્ પરમપૂજય આચાર્યદેવ
શ્રી વિજય કસ્તૂરસૂરીશ્વર મ.સા.



પ. પૂ. આચાર્ય
શ્રી વિજયસોમચંદ્રસૂરિજી મહારાજ

જેમના થકી જૈન ધર્મ અને સંઘ
ઉજ્જવળ છે એવા જૈન નભોમંડળના
તેજસ્વી તારલાઓ...



પ. પૂ. આચાર્ય
શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ



પ. પૂ. આચાર્ય
શ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહારા



શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન ટ્રસ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જીવીતસ્વામી ભગવાન



મહુવા જૈનસંઘ મૂળનાયકજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શુભાશિષ

જૈન સાહિત્યના અણમોલ ગ્રંથમૌક્તિકો અહીં તહીં વિખરાયેલા જોવા જાણવા સાંભળવા મળે છે. આજથી લગભગ ૩૮ વર્ષ પહેલાં કેટલાંક સાક્ષર વિદ્વાનોએ તે મૌક્તિકોને નોંધ રૂપે એક માળામાં ગૂંથી લોકો સમક્ષ "જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ" નામથી ૧ થી ૭ ભાગમાં હિંદીભાષામાં પ્રકાશિત કર્યા હતા.

ગુજરાતી વાચકો પાસે પણ આ બધી જાણકારી પહોંચે તેવા શુભાશયથી શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટે હિંદી સાતે ભાગોનું ગુજરાતી પ્રો. શ્રી નગીનભાઈ શાહ તથા પ્રો. રમણીકભાઈ શાહ પાસે કરાવી "જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ" ભાગ ૧ થી ૭ પ્રકાશિત કરવા નિર્ણય કર્યો.

અમે તેમના આ પ્રયાસને અંતરથી આવકારીએ છીએ અને હૈયેથી શુભાશિષ આપતાં જણાવીએ છીએ કે તમારા આ પ્રયાસને ગુજરાતી સાક્ષરો, જિજ્ઞાસુઓ, વાચકો ઉમળકાથી વધાવશે. જૈન સાહિત્યના અનેક વિષયોની જાણકારી મેળવી અક્ષરની ઉપાસના દ્વારા અવશ્ય અનક્ષર મેળવશે તેવી શુભેચ્છા.

વિ.સં. ૨૦૬૦ મહા સુ. ૧૩ બુધવાર — આચાર્ય શ્રી વિજયચંદ્રોદયસૂરિ
ગોવાલીયાટેંક, મુંબઈ — આચાર્ય શ્રી વિજયઅશોકચંદ્રસૂરિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મુખપૃષ્ઠ પરના ચિત્રનો પરિચય

ભગવાન મહાવીર સ્વામિના મહાનિર્વાણ પછી લગભગ ૧૦૦૦ વર્ષના અંતરાલ પછી ભગવાનના ઉપદેશની અર્થાત્ આગમોની અંતિમવાચના સૌરાષ્ટ્રના વલભીપુર નગરમાં થઈ હતી. આ વાચના દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ નામક મહાન આચાર્યના અધ્યક્ષપદે ભરાયેલી વાચના પરિષદ દ્વારા થઈ હતી.

પ્રસ્તુત ચિત્રમાં નીચેના ભાગમાં આચાર્યશ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ મુનિ ભગવંતોને આગમના પાઠો લખાવતા દેખાય છે. ચિત્રના ઉપરના ભાગમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના પૂર્વભવની કથાનું આલેખન થયેલું છે. રાજગૃહીનગરીમાં ભગવાન મહાવીરે સમવસરણમાં સૌધર્મેન્દ્રને કહ્યું કે મને ગર્ભાવસ્થામાં દેવાનંદાની કૂખેથી ત્રિશલાની કૂખમાં મૂકનાર હરિણૈગમેષી દેવ જ દેવર્ધિગણિ નામથી મારા નિર્વાણ પછી ૧૦૦૦ વર્ષ બાદ થશે. અને તેઓ દષ્ટિવાદના બારમા અંગના અંતિમ જાણનાર થશે.

ચિત્રમાં ડાબી બાજુએ યુવાન દેવર્ધિને શિકારે જતાં આગળ-પાછળ ત્રાડ નાખતા સિંહ દેખાય છે અને દેવ દ્વારા બોધ પામી તેઓ સન્માર્ગે વળે છે. તે દશ્ય છે.

આચાર્ય દેવર્ધિગણિએ વલભીપુરમાં ૫૦૦ આચાર્યો સમક્ષ પાંચમી આગમ વાચના કરી, ૮૪ આગમ શાસ્ત્રોને લિપિબદ્ધ કર્યા તેમજ 'નંદીસૂત્ર'ની રચના કરી. વીરનિર્વાણ સંવત ૧૦૦૦(વિ.સં. ૫૩૦)માં તેઓ કાળધર્મ પામ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આગમ દરિયાના ઊંડા ખેડાણ

"જિન આગમ અને જૈન સાહિત્યના સાગરનો પાર,
અલ્પબુદ્ધિ આપણે ક્યાંથી પામી શકવાના ?
શ્રુત સાગરમાં ડૂબકી માર્યા વગર તેનું મંથન કર્યા વિના,
આગમ સાહિત્યના અમૃતને, રત્નોને, રહસ્યોને ક્યાંથી જાણી શકવાના ?"

જૈન સાહિત્યના બૃહદ્ ઈતિહાસના પ્રથમ ભાગ "અંગઆગમ"ની પ્રસ્તાવનામાં ચિંતવેલા ઉપરોક્ત વિચારો જાણે અહીં પુનઃ નવું રૂપ ધારણ કરે છે. આ ગ્રંથ "જૈન આગમોમાં આવતા પ્રાકૃત વિશેષનામોનો કોશ" આગમરૂપી દરિયાની આવી એક ખેપ છે.

પીસ્તાલીસેય આગમ ગ્રંથો અને તે પરના ટીકાગ્રંથોમાં આવતા સંજ્ઞાવાચક નામો અર્થાત્ વ્યક્તિવિશેષો– તીર્થંકર, ચક્રવર્તી, ગણધર, ઋષિ, ઉપાસક, ઉપાસિકા, શ્રમણ, શ્રમણી, રાજા, રાણી, રાજકુમાર, મંત્રી, શેઠ, શેઠાણી, ગણિકા- નાં નામો; દેવ, દેવી, યક્ષ, ચૈત્ય ઈત્યાદિનાં નામો; ઉદ્યાન, સરોવર, નગર, ગામ, સન્નિવેશ ઈત્યાદિ ભૌગૌલિક સ્થળોનાં નામો; ગણ, ગચ્છ, કુળ, ગોત્ર, જાતિ, પંથ ઈત્યાદિનાં નામો; સમુદ્રો, નદીઓ ઈત્યાદિનાં નામોનો અકારાદિ ક્રમે ઉલ્લેખ અને સાથેસાથે તે તે નામ વિષયક સંક્ષિપ્ત માહિતી આ કોશમાં આપવામાં આવી છે. આનાથી આપણને આ વિશેષનામ વિશે પૌરાણિક, ઐતિહાસિક, ભૌગોલિક, સામાજિક અનેક પ્રકારની માહિતી પ્રાપ્ત થાય છે. જૈન સાહિત્યના સંશોધકોને જ માત્ર નહિ પરંતુ સામાન્યજનોને પણ આ ગ્રંથ દ્વારા અનેકવિધ વિશિષ્ટ વિગતો જાણવા મળશે.

પ્રસ્તુત ગ્રંથ મૂળ અંગ્રેજીમાં પ્રકાશિત થયેલ. તેનો ગુજરાતી અનુવાદ ડૉ. નગીનભાઈ શાહે કર્યો છે. આ પ્રથમ ભાગમાં **અ** થી **ન** સુધીના અક્ષરોથી શરૂ થતા નામોનો સમાવેશ થાય છે. દ્વિતીય ભાગમાં **પ** થી **હ** સુધીના નામોનો સમાવેશ કરવામાં આવશે. આ વિશેષનામો આગમોની મૂળ ભાષા અર્ધમાગધી પ્રાકૃતમાં જ હોય તેમ ગુજરાતી લિપિમાં મૂકવામાં આવ્યા છે. આ વિશેષનામો સાથે સાથે તેમની સાથે સંકળાયેલી વિશિષ્ટ માહિતી પણ આપી દેવામાં આવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી (પ.પૂ. સ્વ. આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા.) તથા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી (પ.પૂ. સ્વ. આચાર્યશ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.)ની પ્રેરણાથી શરૂ થયેલ જૈન સાહિત્યના બૃહદ્ ઈતિહાસની શ્રેણીમાં અત્યાર સુધીમાં ૯ ગ્રંથો પ્રકાશિત થઈ ચૂક્યા છે. આ "પ્રાકૃતવિશેષનામો"ના બે ભાગો સાથે કુલ અગિયાર ગ્રંથો આ શ્રેણીમાં પ્રસિદ્ધ થશે.

આજ આપણી વચ્ચે બંને ગુરુભગવંતો સદેહે બિરાજમાન નથી પરંતુ તેમના શુભ આશીર્વાદ અને પ્રેરણા સતત આપણને મળતા રહો એવી અંતરની અભિલાષા.

એ જ

વિ.સં.૨૦૬૪, શ્રાવણ વદ ૫, મુંબઈ.
સ્વ. પૂ. આ. શ્રી વિજય અશોકચંદ્ર-
સૂરિજી મહારાજનો જન્મદિન.

**પ.પૂ.આ. શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી**
**મ. ના ગુરુબંધુ પૂ.ગુરુદેવ(પ.પૂ.આ.શ્રી**
**વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.)ના**
**ચરણકિંકર સોમચંદ્ર વિ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રકાશકીય

શાસનસમ્રાટ્ શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર પ.પૂ. આચાર્ય ભગવંતશ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આચાર્યશ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના ઉપદેશથી શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થઈ રહેલ જૈન સાહિત્યના બૃહદ્ ઈતિહાસના અનુસંધાનમાં પ્રસ્તુત "જૈન આગમોમાં આવતા પ્રાકૃત વિશેષનામોનો પરિચયાત્મક કોશ" વાચકોના હસ્તકમલમાં અર્પણ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથ મૂળ અંગ્રેજીમાં લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયેલ, ડૉ. મોહનલાલ મેહતા અને ડૉ. કે. ઋષભ ચન્દ્ર દ્વારા સંકલિત મૂળ અંગ્રેજી ગ્રન્થ 'Prakrit Proper Names' ના પ્રથમ ભાગનો ડૉ. નગીનભાઈ શાહે કરેલો ગુજરાતી અનુવાદ છે. બીજો ભાગ પણ પ્રકાશન અર્થે તૈયાર છે જે ટૂંક સમયમાં જ પ્રકાશિત કરવામાં આવશે. ગુજરાતી અનુવાદ દ્વારા ગુજરાતી ભાષી વિશાળ જૈન મુનિ સમુદાય તેમજ શ્રાવક સમુદાય પાસે આવી અમૂલ્ય સામગ્રી મૂકી આપવા બદલ અમે ડૉ. નગીનભાઈ શાહનો આભાર માનીએ છીએ.

જિનાગમ તથા જૈન સાહિત્યથી સુપરિચિત વિદ્વદ્વર્ય પૂજ્ય સૂરિભગવંતો, પૂજ્ય પદસ્થો, પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતો, સાક્ષર વિદ્વાનો તેમજ સુપ્રસિદ્ધ ગ્રંથાગાર-જ્ઞાનભંડારના સંચાલકો વગેરેને અમે અંતરથી વિનંતી કરીએ છીએ કે આ પૂર્વે પ્રસિદ્ધ થયેલા જૈન સાહિત્યના ઈતિહાસના ગ્રંથો, પ્રમાણમીમાંસા, જૈન ધર્મ-દર્શન તથા પ્રસ્તૃત "જૈન આગમોમાં આવતા પ્રાકૃત વિશેષનામોનો પરિચયાત્મક કોશ" વિશે આપનો અભિપ્રાય તથા સલાહ-સૂચનો, માર્ગદર્શન આપી અમને આભારી કરશો.

આ પ્રસંગે અમે પરમ પૂજ્ય આચાર્યશ્રી સ્વ. વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ તથા પ.પૂ. આચાર્ય સ્વ શ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજનું પુણ્ય સ્મરણ કરીએ છીએ. અમને અત્યંત ખેદ છે કે આ પ્રકાશન કાર્ય પૂર્ણ થાય તે દરમ્યાન પ.પૂ. આચાર્યશ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. આચાર્યશ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.કાળધર્મ પામ્યા. બંને આચાર્ય ભગવંતો આજ આપણી સામે સદેહે બિરાજમાન નથી પરંતુ તેમની પ્રેમાળ પ્રેરણા ભરી સ્મૃતિ આપણી પાસે છે અને તેના સહારે પ.પૂ. આચાર્યશ્રી વિજય સોમચંદ્રસૂરીશ્વર મ.સા.ની રાહબરી તળે તેમણે સોંપેલુ કાર્ય આપણે પૂરું કર્યું છે. બંને સ્વ. આચાર્ય ભગવંતોના અનંત ઉપકારનું સ્મરણ કરી આ અગિયાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રંથો રૂપી ગ્રંથમાળા તેમને સમર્પણ કરતાં અમે ઊંડો આહ્લાદ અનુભવીએ છીએ. સમગ્ર ગ્રંથ શ્રેણીનું સુપેરે સંચાલન-સંપાદન કરવા માટે ગુજરાતી આવૃત્તિના માનદ્ સંપાદકો ડૉ. નગીનભાઈ શાહ અને ડૉ. રમણીકભાઈ શાહનો અભાર માનીએ છીએ.

પ્રાકૃત વિશેષનામોના પ્રથમ ભાગના પ્રકાશનમાં આર્થિક સહયોગ આપવા બદલ સહયોગી સંસ્થાઓનો આભાર માનીએ છીએ. ઉત્તમ છાપકામ માટે લેસર ઈમ્પ્રેશન્સવાળા શ્રી મયંક શાહ તથા માણિભદ્ર પ્રિન્ટર્સવાળા શ્રી કનુભાઈ ભાવસાર અને સુંદર સચિત્ર ટાઈટલ ડિઝાઈન માટે કીંગ ઈમેજ પ્રા. લી.ના ડાયરેક્ટર શ્રી જીવણભાઈ વડોદરિયાનો આભાર માનીએ છીએ.

**તા. ૨૧-૮-૨૦૦૮, શ્રાવણ વદ ૫**
**અમદાવાદ.**

**—અનિલભાઈ ગાંધી, મેનેજીંગ ટ્રસ્ટી,**
**શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુવાદકનું નિવેદન

પ્રસ્તુત ગ્રન્થના બે ભાગમાં બધાં મળીને કુલ આઠ હજાર વિશેષનામો શ્વેતામ્બર જૈન આગમોમાંથી સંગૃહીત છે. આ વિશેષનામો કેવળ મૂળ આગમોમાંથી જ નહિ પરંતુ તેમની પ્રકાશિત પ્રાકૃત ટીકાઓ અર્થાત્ નિર્યુક્તિઓ, ભાષ્યો અને ચૂર્ણિઓમાંથી પણ સંગૃહીત કરવામાં આવ્યાં છે. શીર્ષક સૂચવે છે તે મુજબ મૂળ આગમોની સંસ્કૃત ટીકાઓમાંથી વિશેષનામો લેવામાં આવ્યાં નથી. તેમ છતાં મૂળ આગમો અને તેમની પ્રાકૃત ટીકાઓમાંથી સંગૃહીત વિશેષનામોની તેમની અંદરથી એકઠી કરેલી માહિતીની પૂર્તિ કરવામાં તે સંસ્કૃત ટીકાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

તીર્થંકર, ચક્રવર્તી વગેરે વિશેષનામો ન હોવા છતાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે. આશા છે કે વિદ્વાનોને તે ઉપયોગી સાબિત થશે.

જે વિશેષનામની માહિતી આપવામાં આવે છે તે વિશેષનામ નોંધ-(entry)ની શરૂઆતમાં ગાઢ કાળા ટાઈપમાં આપવામાં આવેલ છે અને તેની પછી તરત જ કૌંસમાં તેનું સંસ્કૃત રૂપ આપવામાં આવેલ છે. એક નોંધ(entry)ની અંદર જો વિશેષનામો ગાઢ કાળા ટાઈપમાં છાપવામાં આવ્યાં હોય તો તેનો અર્થ એ કે તે વિશેષનામો અંગે યથાસ્થાને અલગથી સ્વતન્ત્ર નોંધ(entry) આવશે. વિશેષનામની પછી જો કૌંસમાં અંક મૂકેલો હોય તો તે અંક દર્શાવે છે કે પ્રસ્તુત વિશેષનામ તે ક્રમ સાથે યોગ્ય સ્થાને સ્વતન્ત્ર નોંધરૂપે આવશે. નોંધ(entry)નું લખાણ પૂરું થયા પછી તરત જ તેની જ નીચે નાના ટાઈપોમાં મૂળ સ્રોતોનાં સંદર્ભસ્થાનોના નિર્દેશો આપવામાં આવ્યા છે.

તીર્થંકર, ચક્રવર્તી, ગણધર, ઋષિ, આચાર્ય, ઉપાસક, ઉપાસિકા, શ્રમણ, શ્રમણી, રાજા, મન્ત્રી, રાણી, રાજકુમાર, શેઠ, શેઠાણી, કસબી, ગણિકા, દેવ, દેવી, યક્ષ, ચૈત્ય, ઉદ્યાન, સરોવર, કુંડ, નગર, ગામ, સન્નિવેશ, સ્વર્ગ, નરક, ગણ, ગચ્છ, કુળ, ગોત્ર, ગ્રહ, નક્ષત્ર, ગ્રન્થ, અધ્યયન, નદી, પર્વત, દેશ, જાતિ, પંથ, રાજધાની, લિપિ વગેરેનાં વિશેષનામો નીચે તેમનો પરિચય આપવામાં આવ્યો છે. આમ જૈન આગમો અને તેમની પ્રાકૃત ટીકાઓ નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિઓમાં રહેલી ઐતિહાસિક, ભૌગોલિક, સાહિત્યિક, પૌરાણિક, સાંસ્કૃતિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામગ્રી પ્રસ્તુત ગ્રન્થમાં વિશેષનામોના કોશના રૂપમાં એકઠી કરી મૂળ સ્રોતોના નિર્દેશ સાથે વ્યવસ્થિત રીતે રજૂ કરવામાં આવી છે. કોશના રૂપમાં હોવાથી જેના વિશે માહિતી જોઈતી હોય તેના વિશેની માહિતી મૂળ સ્રોતોના નિર્દેશ સાથે સરળતાથી તત્કાલ મળી જાય છે.

મૂળ અંગ્રેજી ગ્રન્થનો આ ગુજરાતી અનુવાદ ગુજરાતીભાષી વિદ્યાર્થીઓ અને સંશોધકોને અધ્યયન-સંશોધનનું એક સાધન પૂરું પાડવાના આશયથી કરવામાં આવ્યો છે. સામાન્ય વાચકોને પણ તેમાં રસ પડશે. સંશોધકોને તો તે વિશેષતઃ ઉપયોગી નીવડશે એવી આશા છે.

૨૩, વાલ્કેશ્વર સોસાયટી
આંબાવાડી,
અમદાવાદ-૩૮૦ ૦૧૫

નગીન જી. શાહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંકેતસૂચી

## (૧) પ્રકાશકો

| | | |
|---|---|---|
| આસ. | = | આગમોદય સમિતિ, મુંબઈ અને મહેસાણા. |
| ઋકે. | = | ઋષભદેવ કેશરીમલ, રતલામ. |
| કેજ્ઞા. | = | કેશરબાઈ જ્ઞાનભંડાર, પાટણ. |
| કેપ્રે. | = | કેશવલાલ પ્રેમચંદ, અમદાવાદ. |
| ગુગ્ર | = | ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ. |
| જિજ્ઞા. | = | જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર, મુંબઈ અને સૂરત. |
| જીઘે. | = | જીવરાજ ઘેલાભાઈ દોશી, અમદાવાદ. |
| જૈઆ. | = | જૈન આત્માનન્દ સભા, ભાવનગર. |
| જૈપુ. | = | જૈન પુસ્તક પ્રચાર સંસ્થા, સૂરત. |
| જૈપ્ર. | = | જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર. |
| જૈસા. | = | જૈન સાહિત્ય સંશોધક સમિતિ, અમદાવાદ. |
| દેલા. | = | દેવચન્દ લાલભાઈ સિરીઝ, મુંબઈ. |
| પુખે. | = | પુષ્પચન્દ્ર ખેમચન્દ્ર, વલાદ. |
| પ્રાટે. | = | પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી, વારાણસી. |
| બકે. | = | બબલચન્દ્ર કેશવલાલ મોદી, અમદાવાદ. |
| મગ. | = | મણિવિજયગણી સિરીઝ, ભાવનગર. |
| મઝ. | = | મફતલાલ ઝવેરચન્દ્ર, અમદાવાદ. |
| મુજૈ. | = | મુક્તિવિમલ જૈન સિરીઝ, અમદાવાદ. |
| લજૈ. | = | લક્ષ્મીચન્દ્ર જૈન લાયબ્રેરી, આગ્રા. |
| વિજૈ. | = | વિજયદાનસૂરિ જૈન સિરીઝ, સૂરત. |
| સજ્ઞા. | = | સન્મતિ જ્ઞાનપીઠ, આગ્રા. |
| સાન. | = | સારાભાઈ નવાબ, અમદાવાદ |

## (૨) સંદર્ભગ્રન્થસૂચી

| (૧) સંકેત | (૨) પૂરું ગ્રન્થનામ | (૩) આવૃત્તિ | (૪) ઉદ્ધરણપૃષ્ઠાંક આદિ નિર્દેશ |
|---|---|---|---|
| અનુ. | અનુયોગદ્વાર | આસ.૧૯૨૪ | પેરા |
| અનુચૂ. | અનુયોગદ્વારચૂર્ણિ | ઋકે. ૧૯૨૮ | પૃષ્ઠ |
| અનુહ. | અનુયોગદ્વારવૃત્તિ (હરિભદ્ર) | ઋકે. ૧૯૨૮ | પૃષ્ઠ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| અનુહે. | અનુયોગદ્વારવૃત્તિ (હેમચન્દ્ર) | દેલા. ૧૯૧૫ | પૃષ્ઠ |
| અનુત્ત. | અનુત્તરૌપપાતિક | આસ. ૧૯૨૦ | પેરા |
| અનુત્તઅ. | અનુત્તરૌપપાતિકવૃત્તિ (અભયદેવ) | આસ. ૧૯૨૦ | પૃષ્ઠ |
| અન્ત. | અન્તકૃદ્દશાંગ | આસ. ૧૯૨૦ | પેરા |
| અન્તઅ. | અન્તકૃદ્દશાંગવૃત્તિ (અભયદેવ) | આસ. ૧૯૨૦ | પૃષ્ઠ |
| આચા. | આચારાંગ | આસ. ૧૯૧૬ | (૧) પેરા (પ્રથમ શ્રુતસ્કન્ધના પ્રથમ આઠ અધ્યયન)<br>(૨) અધ્યયન, ઉદ્દેશ અને પેરા (પ્રથમ શ્રુતસ્કન્ધનું નવમું અધ્યયન)<br>(૩) શ્રુતસ્કન્ધ અને પેરા (દ્વિતીય શ્રુતસ્કન્ધ) |
| આચાચૂ. | આચારાંગચૂર્ણિ | ઋકે. ૧૯૪૧ | પૃષ્ઠ |
| આચાનિ. | આચારાંગનિર્યુક્તિ | આસ. ૧૯૧૬ | ગાથા |
| આચાશી. | આચારાંગવૃત્તિ(શીલાંક) | આસ. ૧૯૧૬ | પૃષ્ઠ |
| આતુ. | આતુરપ્રત્યાખ્યાન | આસ. ૧૯૨૭ | ગાથા |
| આવ. | આવશ્યક(ષડાવશ્યક) | ઋકે. ૧૯૯૨(વિ.સં.) | પૃષ્ઠ |
| આવચૂ. | આવશ્યકચૂર્ણિ | ઋકે. ૧૯૨૮-૨૯ | ભાગ અને પૃષ્ઠ |
| આવનિ. | આવશ્યકનિર્યુક્તિ | વિજૈ. ૧૯૩૯-૪૧ | ગાથા |
| આવભા. | આવશ્યકભાષ્ય | વિજૈ. ૧૯૩૯-૪૯ | ગાથા |
| આવમ. | આવશ્યકવૃત્તિ (મલયગિરિ) | આસ. ૧૯૨૮-૩૬ | પૃષ્ઠ |
| આવહ. | આવશ્યકવૃત્તિ (હરિભદ્ર) | આસ. ૧૯૧૬-૧૭ | પૃષ્ઠ |
| ઈડિબુ. | India As Described in Early Texts of Buddhism and Jainism by B.C.Law | લંડન, ૧૯૪૧ | પૃષ્ઠ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ઇપા. | India as Known to Panini by V. S. Agrawal | લખનૌ, ૧૯૫૩ | પૃષ્ઠ |
| ઉત્તરા. | ઉત્તરાધ્યયન | જીધે. ૧૯૩૫ | અધ્યયન અને ગાથા |
| ઉત્તરાક. | ઉત્તરાધ્યયનવૃત્તિ (કમલસંયમ) | લજૈ. ૧૯૨૩ | પૃષ્ઠ |
| ઉત્તરાચૂ. | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ઋકે. ૧૯૩૩ | પૃષ્ઠ |
| ઉત્તરાનિ. | ઉત્તરાધ્યયનનિર્યુક્તિ | દેલા. ૧૯૧૬ | પૃષ્ઠ |
| ઉત્તરાને. | ઉત્તરાધ્યયનવૃત્તિ (નેમિચન્દ્ર) | પુખે. ૧૯૩૭ | પૃષ્ઠ |
| ઉત્તરાશા. | ઉત્તરાધ્યયનવૃત્તિ (શાન્તિસૂરિ) | દેલા. ૧૯૧૬ | પૃષ્ઠ |
| ઉપા. | ઉપાસકદશાંગ | આસ. ૧૯૨૦ | પેરા |
| ઉપાઅ. | ઉપાસકદશાંગવૃત્તિ (અભયદેવ) | આસ. ૧૯૨૦ | પૃષ્ઠ |
| ઋષિ. | ઋષિભાષિતાનિ સૂત્રાણિ | ઋકે. ૧૯૨૭ | અધ્યયન |
| એજિઈ. | Ancient Geography of India (by A. Cunningham) | લંડન ૧૮૭૧ | પૃષ્ઠ |
| ઓઘનિ. | ઓઘનિર્યુક્તિ | આસ. ૧૯૧૯ | ગાથા |
| ઓઘનિદ્રો. | ઓઘનિર્યુક્તિવૃત્તિ (દ્રોણાચાર્ય) | આસ. ૧૯૧૯ | પૃષ્ઠ |
| ઔપ. | ઔપપાતિક | આસ. ૧૯૧૬ | પેરા |
| ઔપઅ. | ઔપપાતિકવૃત્તિ (અભયદેવ) | આસ. ૧૯૧૬ | પૃષ્ઠ |
| કલ્પ. | કલ્પસૂત્ર | જૈઆ. ૧૯૧૯ | પેરા |
| કલ્પચૂ. | કલ્પસૂત્રચૂર્ણિ | સાન. ૧૯૫૨ | પૃષ્ઠ |
| કલ્પજ. | કલ્પસૂત્રવૃત્તિ (જયવિજય) | મઝ. ૧૯૯૧ (વિ.સં.) | પૃષ્ઠ |
| કલ્પધ. | કલ્પસૂત્રવૃત્તિ (ધર્મસાગર) | જૈઆ. ૧૯૨૨ | પૃષ્ઠ |
| કલ્પલ. | કલ્પસૂત્રવૃત્તિ (લક્ષ્મીવલ્લભ) | જિજ્ઞા. ૨૦૦૪ (વિ.સં.) | પૃષ્ઠ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| કલ્પવિ. | કલ્પસૂત્રવૃત્તિ (વિનયવિજય) | જૈઆ. ૧૯૧૫ | પૃષ્ઠ |
| કલ્પશા. | કલ્પસૂત્રવૃત્તિ (શાન્તિસાગર) | ઋકે. ૧૯૩૬ | પૃષ્ઠ |
| કલ્પસ. | કલ્પસૂત્રવૃત્તિ (સમયસુંદર) | જિજ્ઞા. ૧૯૩૯ | પૃષ્ઠ |
| કલ્પસં. | કલ્પસૂત્રવૃત્તિ (સંઘવિજય) | મુજૈ. ૧૯૯૧ (વિ.સં.) | પૃષ્ઠ |
| ગચ્છા. | ગચ્છાચારપ્રકીર્ણક | આસ. ૧૯૨૭ | ગાથા |
| ગચ્છાવા. | ગચ્છાચારપ્રકીર્ણકવૃત્તિ (વાનરમુનિ) | આસ. ૧૯૨૩ | પૃષ્ઠ |
| ગણિ. | ગણિવિદ્યા | આસ. ૧૯૨૭ | ગાથા |
| ચતુઃ. | ચતુઃશરણ | દેલા. ૧૯૨૨ | ગાથા |
| ચન્દ્ર. | ચન્દ્રપ્રજ્ઞપ્તિ | સૂર્યપ્રજ્ઞપ્તિથી અભિન્ન | |
| ચંવે | ચન્દ્રવેધ્યક | કેજ્ઞા. ૧૯૪૧ | ગાથા |
| જઈહિ | Journal of Indian History Vol. XLI. Pt. I. | ત્રિવેન્દ્રમ | પૃષ્ઠ |
| જમ્બૂ. | જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ | દેલા. ૧૯૨૦ | પેરા |
| જમ્બૂશા. | જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિવૃત્તિ (શાન્તિચન્દ્ર) | દેલા. ૧૯૨૦ | પૃષ્ઠ |
| જિઓએ. | Geographical Essays લંડન, ૧૯૩૭ (By B.C. Law) Vol. I | | પૃષ્ઠ |
| જિઓડિ. | Geographical Dictionary of Ancient and Mediaeval India By Nundo Lal Dey લંડન, ૧૯૨૭ | | પૃષ્ઠ |
| જિઓમ. | Geographical and Economic Studies in the Mahabharata Upayana-Parva by Motichandra | લખનૌ. ૧૯૪૫ | પૃષ્ઠ |
| જીત. | જીતકલ્પ | બકે. ૧૯૯૮(વિ.સં.) | ગાથા |
| જીતભા. | જીતકલ્પભાષ્ય | બકે. ૧૯૯૮(વિ.સં.) | ગાથા |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| જીવા. | જીવાજીવાભિગમ | દેલા. ૧૯૧૯ | પેરા |
| જીવામ. | જીવાજીવાભિગમવૃત્તિ (મલયગિરિ) | દેલા. ૧૯૧૯ | પૃષ્ઠ |
| જ્ઞાતા. | જ્ઞાતાધર્મકથા | આસ. ૧૯૮૦ | પેરા |
| જ્ઞાતાઅ. | જ્ઞાતાધર્મકથાવૃત્તિ (અભયદેવ) | આસ. ૧૯૧૯ | પૃષ્ઠ |
| ટ્રાઈ | Tribes in Ancient India by B.C. Law | પૂના, ૧૯૪૩ | પૃષ્ઠ |
| ડિપા: | Dictionary of Pali Proper Names by G.P.Malalasekera | લંડન ૧૯૬૦ | ભાગ અને પૃષ્ઠ |
| તન્દુ. | તન્દુલવૈચારિક | દેલા. ૧૯૨૨ | ગાથા |
| તીર્થમ. | તીર્થંકર મહાવીર (વિજયેન્દ્રસૂરિકૃત) | મુંબઈ, ૧૯૬૦-૬૨ | ભાગ અને પૃષ્ઠ |
| તીર્થો. | તીર્થોદ્ગારિત | મુનિ પુણ્યવિજયજીની પ્રેસકોપી | ગાથા |
| દશ. | દશવૈકાલિક | દેલા. ૧૯૧૮ | અધ્યયન અને ગાથા |
| દશચૂ. | દશવૈકાલિકચૂર્ણિ | ઋકે. ૧૯૩૩ | પૃષ્ઠ |
| દશનિ. | દશવૈકાલિકનિર્યુક્તિ | દેલા. ૧૯૧૮ | ગાથા |
| દશભા. | દશવૈકાલિકભાષ્ય | દેલા. ૧૯૧૮ | ગાથા |
| દશહ. | દશવૈકાલિકવૃત્તિ (હરિભદ્ર) | દેલા. ૧૯૧૮ | પૃષ્ઠ |
| દશા. | દશાશ્રુતસ્કન્ધ | મગ. ૨૦૧૧(વિ.સં.) | અધ્યયન અને પેરા |
| દશાચૂ. | દશાશ્રુતસ્કન્ધચૂર્ણિ | મગ. ૨૦૧૧(વિ.સં.) | પૃષ્ઠ |
| દશાનિ. | દશાશ્રુતસ્કન્ધનિર્યુક્તિ | મગ. ૨૦૧૧(વિ.સં.) | પૃષ્ઠ |
| દેવે. | દેવેન્દ્રસ્તવ | આસ. ૧૯૨૭ | ગાથા |
| નન્દિ. | નન્દિસૂત્ર | આસ. ૧૯૨૪ | પેરા |
| નન્દિચૂ. | નન્દિસૂત્રચૂર્ણિ | પ્રાટે. ૧૯૬૬ | પૃષ્ઠ |
| નન્દિમ. | નન્દિસૂત્રવૃત્તિ (મલયગિરિ) | આસ. ૧૯૨૪ | પૃષ્ઠ |
| નન્દિહ. | નન્દિસૂત્રવૃત્તિ (હરિભદ્ર) | પ્રાટે. ૧૯૬૬ | પૃષ્ઠ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| નિર. | નિરયાવલિકા | જૈપ્ર. ૧૯૯૦(વિ.સં.) | ખંડ અને અધ્યયન |
| નિરચં. | નિરયાવલિકાવૃત્તિ (ચન્દ્રસૂરિ) | આસ. ૧૯૨૨ | ખંડ અને અધ્યયન |
| નિશી. | નિશીથસૂત્ર | સજ્ઞા. ૧૯૫૭-૬૦ | ઉદ્દેશ અને પેરા |
| નિશીચૂ. | નિશીથસૂત્રચૂર્ણિ | સજ્ઞા. ૧૯૫૭-૬૦ | ભાગ અને પૃષ્ઠ |
| નિશીભા. | નિશીથસૂત્રભાષ્ય | સજ્ઞા. ૧૯૫૭-૬૦ | ગાથા |
| પાક્ષિ | પાક્ષિકસૂત્ર | જૈપ્ર. ૧૯૭૯ (વિ.સં.) | પૃષ્ઠ |
| પાક્ષિય. | પાક્ષિકસૂત્રવૃત્તિ (યશોદેવ) | દેલા. ૧૯૧૧ | પૃષ્ઠ |
| પિંડનિ. | પિંડનિર્યુક્તિ | દેલા. ૧૯૧૮ | ગાથા |
| પિંડનિભા. | પિંડનિર્યુક્તિભાષ્ય | દેલા. ૧૯૧૮ | ગાથા |
| પિંડનિમ. | પિંડનિર્યુક્તિવૃત્તિ (મલયગિરિ) | દેલા. ૧૯૧૮ | પૃષ્ઠ |
| પ્રજ્ઞા. | પ્રજ્ઞાપના | આસ. ૧૯૧૮-૧૯ | પેરા |
| પ્રજ્ઞામ. | પ્રજ્ઞાપનાવૃત્તિ (મલયગિરિ) | આસ. ૧૯૧૮-૧૯ | પૃષ્ઠ |
| પ્રજ્ઞાહ. | પ્રજ્ઞાપનાવૃત્તિ (હરિભદ્ર) | ઋકે. ૧૯૪૭ (ભાગ ૧)<br>જૈપુ. ૧૯૪૯ (ભાગ ૨) | પૃષ્ઠ<br>પૃષ્ઠ |
| પ્રશ્ન. | પ્રશ્નવ્યાકરણ | આસ. ૧૯૧૯ | પેરા |
| પ્રશ્નનઅ. | પ્રશ્નવ્યાકરણવૃત્તિ (અભયદેવ) | આસ. ૧૯૧૯ | પૃષ્ઠ |
| પ્રશ્નજ્ઞા. | પ્રશ્નવ્યાકરણવૃત્તિ (જ્ઞાનવિમલ) | મુજૈ. ૧૯૯૩ (વિ.સં.) | પૃષ્ઠ |
| બૃ. | બૃહત્કલ્પ | જીધે. ૧૯૧૫ | ઉદ્દેશ અને પેરા |
| બૃક્ષે. | બૃહત્કલ્પવૃત્તિ (ક્ષેમકીર્તિ) (પૃ. ૧૭૭થી) | જૈઆ. ૧૯૩૩-૪૨ | ગાથા |
| બૃભા. | બૃહત્કલ્પભાષ્ય | જૈઆ. ૧૯૩૩-૪૨ | ગાથા |
| બૃમ. | બૃહત્કલ્પવૃત્તિ (મલયગિરિ)(પૃ. ૧૭૬ સુધી) | જૈઆ. ૧૯૩૩ | પૃષ્ઠ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ભક્ત. | ભક્તપરિજ્ઞા | આસ. ૧૯૨૭ | ગાથા |
| ભગ. | ભગવતી(વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ) | આસ. ૧૯૧૮-૨૧ | પેરા |
| ભગઅ. | ભગવતીવૃત્તિ (અભયદેવ) | આસ. ૧૯૧૮-૨૧ | પૃષ્ઠ |
| ભાભૂ. | ભારતભૂમિ ઔર ઉસકે નિવાસી (જે. સી. વિદ્યાલંકાર) | આગ્રા. ૧૯૮૭(વિ.સં.) | પૃષ્ઠ |
| મનિ. | મહાનિશીથ | મુનિપુણ્યવિજયજીની પ્રેસ કોપી | પૃષ્ઠ |
| મપ્ર. | મહાપ્રત્યાખ્યાન | આસ. ૧૯૨૭ | ગાથા |
| મર. | મરણસમાધિ | આસ. ૧૯૨૭ | ગાથા |
| રાજ. | રાજપ્રશ્નીય | ગુગ્ર. ૧૯૯૪(વિ.સં.) | પેરા |
| રાજમ. | રાજપ્રશ્નીયવૃત્તિ (મલયગિરિ) | ગુગ્ર. ૧૯૯૪(વિ.સં.) | પૃષ્ઠ |
| લાઈ. | Life in Ancient India by J. C. Jain | મુંબઈ, ૧૯૪૭ | પૃષ્ઠ |
| વિપા. | વિપાકસૂત્ર | આસ. ૧૯૨૦ | પેરા |
| વિપાઅ. | વિપાકસૂત્રવૃત્તિ (અભયદેવ) | આસ. ૧૯૨૦ | પૃષ્ઠ |
| વિશેષા. | વિશેષાવશ્યકભાષ્ય | ઋકે. ૧૯૩૬ | ગાથા |
| વિશેષાકો. | વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ (કોટ્યાચાર્ય) | ઋકે. ૧૯૩૬ | પૃષ્ઠ |
| વ્યવ. | વ્યવહારસૂત્ર | જૈસા. ૧૯૨૩ | ઉદ્દેશ અને પેરા |
| વ્યવ(મ) | વ્યવહારસૂત્ર | કેપ્રે. ૧૯૨૬-૨૮ | ઉદ્દેશ અને પેરા |
| વ્યવભા. | વ્યવહારસૂત્રભાષ્ય | કેપ્રે. ૧૯૨૬-૨૮ | ઉદ્દેશ અને ગાથા અથવા ભાગ અને ગાથા |
| વ્યવમ. | વ્યવહારસૂત્રવૃત્તિ (મલયગિરિ) | કેપ્રે. ૧૯૨૬-૨૮ | ભાગ અને પૃષ્ઠ |
| શ્રભમ. | શ્રમણ ભગવાન મહાવીર (કલ્યાણવિજયજી) | જાલોર, ૧૯૯૮ (વિ.સં.) | પૃષ્ઠ |
| સમ. | સમવાયાંગ | આસ. ૧૯૧૮ | પેરા |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| સમઅ. | સમવાયાંગવૃત્તિ (અભયદેવ) | આસ. ૧૯૧૮ | પૃષ્ઠ |
| સંનિ. | સંયુત્તનિકાય ભાગ ૧ (પ્રસ્તાવના) | સારનાથ, ૧૯૫૪ | પૃષ્ઠ |
| સંસ્તા. | સંસ્તારક | આસ. ૧૯૨૭ | ગાથા |
| સૂત્ર. | સૂત્રકૃતાંગ (સં.પી.એલ. વૈદ્ય) | પૂના, ૧૯૨૮ | શ્રુતસ્કન્ધ, અધ્યયન, ગાથા કે પેરા |
| સૂત્રચૂ. | સૂત્રકૃતાંગચૂર્ણિ | ઋકે. ૧૯૪૧ | પૃષ્ઠ |
| સૂત્રનિ. | સૂત્રકૃતાંગનિર્યુક્તિ | પૂના, ૧૯૨૮ | ગાથા |
| સૂત્રશી. | સૂત્રકૃતાંગવૃત્તિ(શીલાંક) | આસ. ૧૯૧૭ | પૃષ્ઠ |
| સૂર્ય. | સૂર્યપ્રજ્ઞપ્તિ | આસ. ૧૯૧૯ | પેરા |
| સૂર્યમ. | સૂર્યપ્રજ્ઞપ્તિવૃત્તિ (મલયગિરિ) | આસ. ૧૯૧૯ | પૃષ્ઠ |
| સ્ટજિઓ. | Studies in the Geography of Ancient and Medieval India by D. C. Sircar | દિલ્હી, ૧૯૬૦ | પૃષ્ઠ |
| સ્થા. | સ્થાનાંગ | આસ. ૧૯૧૮-૨૦ | પેરા |
| સ્થાઅ. | સ્થાનાંગવૃત્તિ (અભયદેવ) | આસ. ૧૯૧૮-૨૦ | પૃષ્ઠ |
| હિકે. | History of the Canonical Literature of the Jainas By H. R. Kapadia | સૂરત, ૧૯૪૧ | પૃષ્ઠ |

નોંધ :

૧. અન્ત., અનુત્ત. અને વિપા. એક જ પુસ્તકમાં 'અન્તકૃદ્દશાનુત્તરોપપાતિકદશા-વિપાકસૂત્રાણિ' શીર્ષક નીચે પ્રકાશિત થયા છે.

૨. આતુ., ભક્ત., સંસ્તા., ચતુઃ, દેવે., ગણિ., મપ્ર., ગચ્છા. અને મર. બધા 'ચતુઃશરણાદિ પ્રકીર્ણકદશક' નામના એક જ પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.

૩. જ્યાં મૂળ ગ્રન્થ અને તેની ટીકાઓ (નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને વૃત્તિ)ની આવૃત્તિ એક જ છે ત્યાં તેમને એક જ પુસ્તકમાં સમાવિષ્ટ સમજવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિસહિત

# જૈન આગમોમાં આવતાં
# પ્રાકૃત વિશેષનામોનો પરિચયાત્મક કોશ

પ્રથમ ભાગ

( અથી ન )


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ સહિત જૈન આગમોમાં આવતાં

# પ્રાકૃત વિશેષનામ

**અઈઇ** (અદિતિ) **પુણવ્વસુ** નક્ષત્રની અધિષ્ઠાત્રી દેવતા.[1]

૧. જમ્બૂ. ૧૫૭, ૧૭૧, સ્થા. ૯૦

**અઈકાય** (અતિકાય) **વાણમંતર** દેવોના **મહોરગ** વર્ગનો ઇન્દ્ર.[1] તેને ચાર પટરાણીઓ છે - **ભુયંગા, ભુયંગવઈ, મહાકચ્ચા અને ફુડા.**[2]

૧. ભગ. ૧૬૯, પ્રજ્ઞા. ૪૮, સ્થા. ૯૪. ૨. ભગ. ૪૦૬, સ્થા. ૨૭૩.

**અઈજસ** (અતિયશસ્) **અઈબલ**(૨)નું બીજું નામ.[1]

૧. વિશેષા. ૧૭૫૦.

**અઈતેયા** (અતિતેજા) ચૌદશની રાત.[1]

૧. જમ્બૂ. ૧૫૨, સૂર્ય ૪૮.

**અઈદૂસમ**(અતિદુઃષમ) **ઉસ્સપ્પિણી**નો પહેલો અને **ઓસપ્પિણી**નો છઠ્ઠો આરો.[1] તેનું બીજું નામ છે **દુસ્સમદુસ્સમા.**[2]

૧. તીર્થો. ૯૫૭, ૯૫૯. ૨. જમ્બૂ. ૧૮, સ્થા. ૫૦

**અઈપંડુકંબલસિલા** (અતિપાણ્ડુકમ્બલશિલા) **જંબુદ્દીવ**માં આવેલા **મંદર**(૩) પર્વતના **પંડગવણ**માં જિનાભિષેકના પવિત્ર કાર્ય માટે યોગ્ય જે ચાર શિલાઓ છે તેમાંની એક.[1] **જંબુદ્દીવપણ્ણત્તિ**માં તે **પંડુકંબલસિલા** નામે જાણીતી છે.[2]

૧. સ્થા. ૩૦૨, આવહ. પૃ. ૧૨૪. ૨. જમ્બૂ. ૧૦૭.

**અઈપાસ** (અતિપાર્શ્વ) **જંબૂદીવ**ના **એરવય**(૧) ક્ષેત્રમાં વર્તમાન **ઓસપ્પિણી**ના સત્તરમા **તિત્થયર.**[1] **તિત્થોગાલી** પ્રમાણે તે **ભરહ**(૨) ક્ષેત્રના **અર** તિત્થયરના સમકાલીન અઢારમા તિત્થયર છે[2] જ્યારે સત્તરમા તો **મહાહિલોગબલ** છે.[3]

૧. સમ. ૧૫૯ ૨. તીર્થો. ૩૩૧ ૩. એજન, ૩૩૦

**૧. અઈબલ** (અતિબલ) **જંબૂદીવ**ના **ભરહ**(૨) ક્ષેત્રમાં ભવિષ્યમાં થનારા પાંચમા **વાસુદેવ**(૧).[1]

૧. સમ. ૧૫૯, તીર્થો. ૧૧૪૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨. અઇબલ** **ભરહ**(૧) **ચક્કવટ્ટિ** પછી મોક્ષે જનાર આઠ મહાન રાજાઓમાંના એક.[1] તે **મહાજસ**(૧)ના પુત્ર અને ભરહના પ્રપૌત્ર હતા.[2] તે **અઇજસ** નામે પણ જાણીતા હતા.[3]

૧. સ્થા. ૬૧૬, આવનિ. ૩૬૩. | ૨. આવચૂ.૧. પૃ. ૨૧૪, આવમ. પૃ. ૨૩૬.
૩. વિશેષા. ૧૭૫૦.

**૩. અઇબલ** **અવરવિદેહ**માં આવેલા **ગંધાર** પ્રદેશની રાજધાની **ગંધસમિદ્ધ**ના રાજા **મહબ્બલ**(૩)ના પિતા.[1]

૧. આવચૂ. ૧. પૃ. ૧૬૫, આવમ. પૃ. ૧૫૭ અને ૨૧૯.

**અઇભદ્દા** (અતિભદ્રા) **તિત્થયર** **મહાવીર**ના અગિયારમા **ગણધર** **પભાસ**(૧)ની માતા.[1]

૧. આવનિ. ૬૪૯, વિશેષા. ૭૦૭, ૨૫૧૦, આવચૂ ૧. પૃ. ૩૩૮

**૧. અઇમુત્ત** (અતિમુક્ત) **પોલાસપુર**ના રાજા **વિજય**(૫) અને તેની રાણી **સિરિ**(૨)નો પુત્ર. બાલમિત્રો સાથે રમતો હતો ત્યારે તેણે **ગણહર** **ઈંદભૂઇ**ને જોયા, કુતૂહલવશ તે તેમને પોતાના ઘરે લઈ ગયો, તેમને વહોરાવ્યું, તેમનું નામઠામ પૂછ્યું અને પછી તેમની સાથે **તિત્થયર** **મહાવીર** પાસે પહોંચ્યો, તેમને ભક્તિપૂર્વક વંદન કર્યાં, તેમના ઉપદેશથી પ્રભાવિત થયો, સંસાર છોડી દીક્ષા લીધી અને વખત જતાં મોક્ષ પામ્યો.[1] સાધુજીવનમાં એક વર્ષાવાસ દરમ્યાન વહેતા પાણીમાં પોતાનું ભિક્ષાપાત્ર તરતું મૂકીને જાણે કે નૌકા તરતી ન હોય એમ તે દૃશ્યને તે માણે છે.[2] ઊંડી ભક્તિપૂર્વક વંદન કરવા યોગ્ય પ્રભાવક વ્યક્તિ તરીકે તેમનો ઉલ્લેખ છે.[3]

૧. અન્ત ૧૫, અન્તઅ. પૃ. ૨૩, સૂત્રચૂ. પૃ. ૩૨૫. ૨.ભગ. ૧૮૮.
૩. આવ. પૃ. ૨૭.

**૨. અઇમુત્ત** રાજા **કંસ**(૨)નો નાનો ભાઈ.[1] તે સંસાર ત્યાગી સાધુ થયો. તેણે ભવિષ્ય ભાખ્યું હતું કે **દેવઈ** આઠ પુત્રોને જન્મ આપશે.[2]

૧. કલ્પસ. પૃ. ૧૭૩. ૨. અન્ત ૬, આવચૂ. ૧. પૃ. ૩૫૭.

**૩. અઇમુત્ત** **અંતગડદસા**ના છઠ્ઠા વર્ગનું પંદરમું અધ્યયન.[1]

૧. અન્ત. ૧૨.

**૪. અઇમુત્ત** **અણુત્તરોવવાઇયદસા**નું દસમું અધ્યયન.[1] આજે તે અસ્તિત્વમાં નથી.

૧. સ્થા. ૭૫૫.

**અઇરત્તકંબલસિલા** (અતિરક્તકમ્બલશિલા) જુઓ **રત્તકંબલસિલા**.[1]

૧. સ્થા. ૩૦૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અઇરા** (અચિરા) ગયપુરના રાજા **વિસ્સસેણ**(૧)ની પત્ની અને સોળમા **તિત્થયર** **સંતિ**ની માતા.[1]

૧. સમ. ૧૫૭, ૧૫૮, તીર્થો. ૪૭૯, આવનિ. ૩૯૮.

**અઇવાય** (અતિપાત) **વિયાહપણ્ણત્તિ**ના બારમા શતકનો પાંચમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૪૩૭.

**અઉજ્ઝા** (અયોધ્યા) આ અને **અઓજ્ઝા** એક જ છે.[1]

૧. સ્થા. ૬૩૭, સ્થાઅ. પૃ. ૪૭૯.

**૧. અઓજ્ઝા** (અયોધ્યા) **મહાવિદેહ**માં આવેલા **ગંધિલાવઈ** **વિજય** (૨૩) પ્રદેશની રાજધાની.[1]

૧. જમ્બૂ. ૧૦૨, સ્થા. ૬૩૭.

**૨. અઓજ્ઝા** **કોસલ**(૧)નું પ્રધાન નગર.[1] તે **અજિય** અને **અણંત** જેવા **તિત્થયરો**નું જન્મસ્થાન હતું.[2] **અજિયે** **પ્રથમ** પારણાં અહીં કર્યાં હતાં.[3] **મરીઇ** સાથે તિત્થયર **ઉસહ**(૧) અહીં આવ્યા હતા.[4] ગણધર **અચલ**(૭) અહીંના હતા.[5] તે **ભરહ**(૧) અને **સગર** જેવા **ચક્કવટ્ટિ**ઓની રાજધાની તરીકે ઉલ્લિખિત છે.[6] **દસરહ**(૧) રાજાએ પણ અહીં રાજ્ય કર્યું હતું.[7] તે બાર યોજન લાંબુ હતું.[8] તે **વિણીયા**, **કોસલા**, **ઇક્ખાગભૂમિ** અને **સાગેય** એ નામોથી પણ જાણીતું હતું.[9] ઔધમાં આવેલા વર્તમાન ફૈઝાબાદ પાસે આવેલા સ્થાન સાથે તેની એકતા સ્થાપવામાં આવી છે.[10]

૧. આવચૂ.૧. પૃ. ૩૩૭, ભગઅ. પૃ.૬૮૩.
૨. આવનિ.૩૮૨-૩, તીર્થો.૫૦૩, બૃક્ષે. ૩૮૧.
૩. આવનિ. ૩૨૩, આવમ. પૃ.૨૨૭.
૪. કલ્પવિ. પૃ.૪૧, કલ્પધ. પૃ. ૩૬.
૫. આવચૂ. ૧. પૃ. ૩૩૭.
૬. આવનિ. ૩૯૭, પ્રજ્ઞામ. પૃ. ૩૦૦.
૭. પ્રશ્નઅ. પૃ. ૮૭.
૮. કલ્પવિ. પૃ. ૪૧, કલ્પધ. પૃ. ૩૬.
૯. સ્થાઅ. પૃ. ૪૭૯, આવનિ. ૩૮૨, કલ્પ. ૨૦૬.
૧૦. સ્ટજિઓ. પૃ. ૯૯.

**અઓમુહ** (અયોમુખ) આ અને **અયોમુહ** એક જ છે.[1]

૧. સ્થા. ૩૦૪.

**૧. અંક** (અઙ્ક) **રયણપ્પભા**(૨) નરકભૂમિના ત્રણ કાંડમાંના પ્રથમ ખરકાંડનો ચૌદમો ભાગ.[1]

૧. સ્થા. ૭૭૮.

**૨. અંક** આ અને **અંકાવઈ**(૨) એક જ છે જે એક **વક્ખાર** પર્વત છે.[1]

૧. જમ્બૂ. ૧૦૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૩. અંક** પહેલી નરકભૂમિ **રયણપ્પભા**(૨)ના ત્રણ કાંડમાંના પ્રથમ ખરકાંડના સોળ સરખા ભાગોમાંથી એક ભાગ.

૧. જીવા. ૬૯. સ્થા. ૭૭૮.

**અંકલિવિ** (અઙ્કલિપિ) અઢાર **બંભી**(૨) લિપિઓમાંની એક લિપિ.[1]

૧. સમ. ૧૮, પ્રજ્ઞા. ૩૭.

**અંકવડંસય** (અઙ્કાવતંસક) **ઈશાન**(૧) દેવલોકના ઇન્દ્રનો પ્રધાન મહેલ.[1]

૧. ભગ. ૧૭૨.

**૧. અંકાવઈ** (અઙ્કાવતી) **મહાવિદેહ**માં આવેલા **રમ્મ વિજય**(૨૩) પ્રદેશની રાજધાની.[1]

૧. જમ્બૂ. ૯૬.

**૨. અંકાવઈ** પશ્ચિમ **મહાવિદેહ**ના દક્ષિણભાગમાં **સીઓઆ** નદીના કાંઠે અને **પમ્હ**(૧) અને **સુપમ્હ**(૨) પ્રદેશો વચ્ચે આવેલો એક **વક્ખાર** પર્વત. તેને ચાર શિખરો છે - **સિદ્ધાયયણ, અંકાવઈ**(૩), **પમ્હ**(૩) અને **સુપમ્હ**(૩).[1]

૧. જમ્બૂ. ૧૦૨, સ્થા. ૩૦૨, ૪૩૪, ૬૩૭.

**૩. અંકાવઈ અંકાવઈ**(૨)ના ચાર શિખરોમાંનું એક શિખર.[1]

૧. જમ્બૂ ૧૦૨.

**૧. અંકુસ** (અઙ્કુશ) **મહાસુક્ક**(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સોળ સાગરોપમ વર્ષનું હોય છે.[1]

૧. સમ. ૧૬.

**૨. અંકુસ** કેવળ **ઠાણ**માં જ ઉલ્લિખિત એક ગહ(ગ્રહ).[1] અઠ્ઠચાસી ગ્રહો ઉપરાંત આ ગ્રહ છે.[2]

૧. સ્થા. ૯૦. ૨. સ્થાઅ. પૃ. ૭૮ ટિપ્પણ ૧.

**અંકુસપલંબ** (અઙ્કુશપ્રલમ્બ) **અંકુસ**(૧) જેવું જ **મહાસુક્ક**(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સમ. ૧૬.

**૧. અંગ** (અઙ્ગ) **તિત્થયર મહાવીર**ના સમયના સોળ મોટાં જનપદોમાંનું એક જનપદ.[1] તેની રાજધાની **ચંપા** હતી.[2] **આરિય**(આર્ય) પ્રદેશ પૂર્વમાં **અંગ** અને **મગહ** સુધી વિસ્તરેલો હતો.[3] **મલ્લિ**(૧) સાથે અંગના રાજા **ચંદચ્છાયે** સંસારનો ત્યાગ કર્યો.[4] ભાગલપુર આસપાસનો પ્રદેશ જેમાં મોંઘીરનો સમાવેશ છે તે પ્રાચીન અંગ છે એવું સ્થાપવામાં આવ્યું છે.[5] જુઓ **ચંપા** પણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ભગ.૫૫૪, જ્ઞાતાઅ.પૃ.૧૨૫, સ્થાઅ. પૃ. ૧૪૨, ૫૬૪,કલ્પધ. પૃ. ૧૫૨, કલ્પવિ. પૃ. ૨૩૬.
૨. પ્રજ્ઞા. ૩૭, જ્ઞાતા. ૬૯, સ્થાઅ. પૃ. ૪૦૧, ૪૭૯, ઉત્તરાક. પૃ. ૪૩૩.
૩. સૂત્રશી. પૃ. ૧૨૩, પ્રજ્ઞા. ૩૭, બૃ. ૧. ૫૧.
૪. સ્થા. ૫૬૪, સ્થાઅ. પૃ. ૪૦૧.
૫. જુઓ જિઓડિ. પૃ. ૭.

**૨. અંગ** તિત્થયર **ઉસહ**(૧)ના સો પુત્રોમાંનો એક.[૧]

૧. કલ્પધ. પૃ. ૧૫૧, કલ્પવિ. પૃ. ૨૩૬.

**૩. અંગ દિટ્ઠિવાય** અને **પઇણ્ણગ** સિવાયના[૧] અગિયાર[૨] આગમગ્રન્થોનો વર્ગ. એક મત મુજબ બધા અંગ ગ્રન્થોનો મૂળ સ્રોત દિટ્ઠિવાય છે[૩] અને તેથી દિટ્ઠિવાય, અથવા તો કહો કે **પુવ્વગય,**[૪] પહેલાં રચાયો અને પછી બધા અગિયાર અંગ ગ્રન્થો ગણધરોએ રચ્યા.[૫] બીજા મત અનુસાર દિટ્ઠિવાય અંગ ગ્રન્થોમાં સમાવિષ્ટ છે અને આમ અંગ ગ્રન્થોની સંખ્યા બાર છે અને તે બધા નીચે જણાવેલા ક્રમમાં ગણધરોએ રચ્યા છે.[૬]— ૧. **આયાર**, ૨. **સુયગડ**, ૩. **ઠાણ**, ૪. **સમવાય**, ૫. **વિયાહપણ્ણત્તિ**, ૬. **ણાયાધમ્મકહા**, ૭. **ઉવાસગદસા**, ૮. **અંતગડદસા**, ૯. **અણુત્તરોવવાઇયદસા**, ૧૦. **પણ્હાવાગરણ**, ૧૧. **વિવાગસુય**, ૧૨. **દિટ્ઠિવાય** (લુપ્ત).[૭] આ બાર અંગ ગ્રન્થોને માનવશરીરનાં બાર અંગો સાથે સરખાવ્યા છે. (શ્રુતપુરુષનાં આ બાર અંગો છે).[૮] આ બાર અંગો નીચેનાં સમૂહવાચક નામોથી જાણીતા છે - **અંગપવિટ્ઠ**[૯], **અંગગય**[૧૦] અને **દુવાલસંગ ગણિપિડગ**.[૧૧] લાંબા દુકાળ પછી **મગહ** દેશમાં પ્રથમ અગિયાર અંગ ગ્રન્થોની વાચના થઈ.[૧૨] અંગ ગ્રન્થોના ક્રમશઃ વિચ્છેદનો (લોપનો) હેવાલ **તિત્થોગાલી** આપે છે.[૧૩]

૧. ઉત્તરા. ૨૮. ૨૩.
૨. ઉત્તરા. ૨૮.૨૩, ભગ.૯૩ કલ્પવિ. પૃ. ૧૮૭.
૩. વિશેષા. ૫૫૩-૫૫૪, બૃભા. ૧૪૫-૧૪૬.
૪. હિકે. પૃ. ૮.
૫. નન્દિચૂ.પૃ.૫૭. નન્દિમ.પૃ.૨૪૦, સમઅ.પૃ.૧૩૦-૧૩૧.
૬. વિશેષા.૫૫૩, આચાનિ. ૮-૯, આચાચૂ. પૃ.૩, નન્દિમ. પૃ.૨૪૦, નન્દિહ. પૃ. ૬૯, આવચૂ. ૧. પૃ.૮, જીવામ. પૃ. ૩, સમઅ. પૃ. ૧૩૦, ૧૩૧.
૭. નન્દિ. ૪૧, સમ. ૧, ૧૩૬થી, વિશેષા.૧૬૮૮, આચાનિ. ૮-૯, આચાશી. પૃ. ૫-૬, નન્દિચૂ. પૃ.૫૭, અનુ. ૩, આચાચૂ.પૃ.૩, નન્દિમ. પૃ. ૨૦૮-૨૦૯, કલ્પવિ પૃ. ૨૪૮, ચંવે.૨૭, આવનિ. (દીપિકા) પૃ. ૧૮૮.
૮. નન્દિમ. પૃ.૨૦૩, નન્દિચૂ. પૃ.૫૭.
૯. અનુ.૩, નન્દિ.૪૫, આવચૂ.૧.પૃ. ૮, અનુહે. પૃ.૬, સ્થાઅ.પૃ. ૫૧, વિશેષાકો. પૃ.૨૦૧,નન્દિહ. પૃ. ૬૯.
૧૦. નન્દિચૂ. પૃ. ૫૭.
૧૧. નન્દિ.૪૧, આવનિ.પૃ.૧૮૮, ઔપઅ. પૃ. ૩૪. જીવામ. પૃ.૩.
૧૨. તીર્થો. ૭૨૨, મનિ, પૃ. ૮૬.
૧૩.તીર્થો. ૮૦૫થી આગળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંગઈ**(અંગજિત્) **સાવત્થી**નો ગૃહસ્થ. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર પાસ**(૧)નો શિષ્ય બન્યો. સામાન્ય દોષનો (અતિચારનો) ગુરુ સમક્ષ એકરાર (આલોચના) ન કરવાના કારણે તે મોક્ષ પામી શક્યો નહિ પરંતુ **જોઈસિય** દેવોના ઇન્દ્ર તરીકે તેને જન્મ લેવો પડ્યો.[1]

૧. નિર. ૩.૧, નિરચં. પૃ.૨૨, સ્થાઅ. પૃ. ૫૧૨.

**અંગગય** (અઙ્ગગત) આ અને **અંગપવિટ્ઠ** એક છે.[1]

૧. નન્દિચૂ. પૃ. ૫૭.

**૧. અંગચૂલિયા** (અઙ્ગચૂલિકા) એક **અંગબાહિર કાલિય** આગમગ્રન્થ.[1] **દિટ્ઠિવાય**નું એક અને **આયાર**નાં પાંચ એમ કુલ છ પરિશિષ્ટોનો તે બનેલો છે.[2] **અંગ**(૩)માં પ્રતિપાદિત કે અપ્રતિપાદિત વિષયોના સારસંગ્રહરૂપ પણ તેને ગણવામાં આવેલ છે.[3] સાધુજીવનના અગિયાર વર્ષ જેણે પૂરાં કર્યાં હોય તેવા સાધુને આ ગ્રન્થ ભણાવવાની અનુજ્ઞા છે.[4] અંગચૂલિયા અને **અગ્ગાણીય પુવ્વ** પરસ્પર સંબંધ ધરાવતા લાગે છે.[5]

૧. નન્દિ. ૪૪, પાક્ષિ. પૃ. ૪૫, નન્દિચૂ. પૃ. ૫૯, નન્દિહ. પૃ.૭૨, નન્દિમ. પૃ. ૨૦૬.
૨. નન્દિચૂ. પૃ. ૫૯, જુઓ The Doctrine of the Jainas, W. Schubring, 1962, પૃ. ૭૫. ટિ. ૨ અને પૃ. ૧૨૧.
૩. નન્દિમ.પૃ.૨૦૬,પાક્ષિય.પૃ. ૬૮, વ્યવભા. ૧૨. ૧૦૭, નન્દિહ. પૃ. ૭૨-૭૩.
૪. વ્યવ. ૧૦.૨૬.
૫. ઉપરોક્ત W. Schubring

**૨. અંગચૂલિયા સંખેવિતદસા**નું એક પ્રકરણ.[1]

૧. સ્થા. ૭૫૫.

**અંગપવિટ્ઠ** (અઙ્ગપ્રવિષ્ટ) આ અને **અંગ**(૩) એક છે.[1] **અંગબાહિર** સિવાયના બાર અંગ ગ્રન્થોનો વર્ગ યા સમૂહ.[2] અંગપવિટ્ઠની રચના **ગણધર**ોએ કરી છે.[3]

૧. અનુ.૩, આવચૂ.૧. પૃ.૮, વિશેષા. ૪૫૪.
૨. અનુહે. પૃ. ૬, આવચૂ. ૧. પૃ.૮, નન્દિ. ૩૮,૪૫, નન્દિમ, પૃ.૨૦૮.
૩. નન્દિચૂ. પૃ. ૫૭, વિશેષાકો. પૃ. ૨૦૧, વિશેષા. ૫૫૩, નન્દિહ. પૃ. ૬૯.

**અંગબાહિર** (અંગબાહ્ય) આ આગમગ્રન્થોનો એક વર્ગ છે જે **પઇણ્ણગ** તરીકે જાણીતો છે. તેમાં **દિટ્ઠિવાય** અને **અંગ**(૩) કે **અંગપવિટ્ઠ** ગ્રન્થોનો સમાવેશ નથી.[1] આ વર્ગ **અણંગ** અને **અણંગપવિટ્ઠ** નામે પણ જાણીતો છે.[2] તેમાં **આવસ્સય,**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દસવેયાલિય, ઉત્તરજ્ઝયણ, દસા, કપ્પ(૨)** આદિ જેવા આગમ ગ્રન્થો સમાવિષ્ટ છે.[૩] અંગબાહિર ગ્રન્થોના વળી બે ભેદોનો ઉલ્લેખ છે– **આવસ્સય** અને **આવસ્સયવઇરિત્ત.**[૪] અંગબાહિર ગ્રન્થો **તિત્થયર**ના મૌલિક ઉપદેશોને આધારે સ્થવિરોએ રચ્યા છે.[૫]

૧. ઉત્તરા.૨૮.૨૧,૨૩, પ્રજ્ઞા.૩૭, આવચૂ.૧ પૃ.૮ અનુ.૩,અનુહે.પૃ.૬.
૨. આવચૂ. ૧. પૃ.૮, અનુ. ૩-૪, નન્દિહ. પૃ. ૬૯.
૩. આવચૂ.૧. પૃ.૮, અનુહે. પૃ.૬
૪. સ્થા.૭૧,નન્દિ.૪૪, વિશેષા. ૫૫૩, વિશેષાકો.પૃ.૨૦૧, નન્દિહ. પૃ.૭૦, નન્દિચૂ.પૃ.૫૭,પાક્ષિ. પૃ.૪૩,૪૪, આવનિ(દીપિકા),૨. પૃ. ૧૮૫-૧૮૬.
૫. વિશેષા. ૫૫૩, નન્દિચૂ. પૃ. ૫૭, વિશેષાકો.પૃ.૨૦૧,નન્દિમ.પૃ.૨૦૩, નન્દિહ. પૃ. ૬૯.

**અંગમંદિર** (અઙ્ગમન્દિર) **ચંપા** નગરીની બહાર આવેલું એક ચૈત્ય. ત્યાં **ગોસાલે મલ્લરામ**નું શરીર છોડીને **મલ્લમંડિય**ના શરીરમાં પ્રવેશ કર્યો હતો. આ તેનો ત્રીજો પઉટ્ટપરિહાર (પરશરીરપ્રવેશ) હતો.[૧]

૧. ભગ. ૫૫૦.

**અંગય** (અઙ્ગક) આ અને **અંગરિસિ** એક જ છે.[૧]

૧. આવચૂ. ૨. પૃ. ૧૯૩

**અંગરિસિ** (અઙ્ગર્ષિ) **કોસિય(૪)**ના બે શિષ્યોમાંનો એક.[૧] કર્મના ઉપશમના કારણે તેને બોધિની પ્રાપ્તિ થઈ હતી.[૨]

૧. આવનિ.૧૨૮૮,આવચૂ.૨. પૃ. ૧૯૩,આવહ.પૃ.૭૦૪, આવચૂ. ૨. પૃ. ૭૯.
૨. આવચૂ. ૧. પૃ. ૪૬૦, વિશેષાકો. પૃ. ૭૮૨, આવહ. પૃ. ૩૪૭.

**અંગરિસિ ભારદ્દાય** (અઙ્ગર્ષિ ભારદ્વાજ) **અરિટ્ઠણેમિ**ના તીર્થમાંના એક ઋષિ જે **પત્તેયબુદ્ધ** મનાયા છે.[૧]

૧. ઋષિ. ૪. ઋષિ (સંગ્રહણી)

**અંગલોય** (અઙ્ગલોક) **સિંધુ(૧)** નદીની પશ્ચિમે આવેલો એક **અણારિય**(અનાર્ય) દેશ. **ચક્કવટ્ટિ ભરહે(૧)** તે જીત્યો હતો.[૧] તે ગ્રીકોનો અગલસ્સોઈ (Agalassoi) પ્રદેશ હોઈ શકે. પરંતુ તેઓ ઝેલમ અને ચેનાબ વચ્ચેના પ્રદેશમાં રહેતા હતા.[૨]

૧. જમ્બૂ.૨૫, જમ્બૂશા. પૃ.૨૨૦, આવચૂ. ૧. પૃ.૧૯૧. ૨. સ્ટજિઓ. પૃ.૨૫.

**અંગવંસ** (અઙ્ગવંશ) **અંગ(૨)**ની પછી તેના નામે ચાલેલો વંશ. આ વંશના ૭૭ રાજાઓએ સંસારનો ત્યાગ કર્યો હતો.[૧]

૧. સમ. ૭૭, સમઅ. પૃ. ૮૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંગસુય** (અઙ્ગશ્રુત) આ અને **અંગ**(૩) એક જ છે.

૧. બૃભા. ૧૪૪.

**અંગારગ** (અઙ્ગારક) અઠ્યાસી ગ્રહોમાંનો એક ગ્રહ.[1] આ જ **ઈંગાલઅ** છે.[2]

૧. સૂર્ય. ૧૦૭, જમ્બૂશા. પૃ. ૫૩૪, ૫૩૫, સ્થા. ૯૦, પ્રજ્ઞા. ૫૦, આવચૂ. ૧. પૃ. ૨૫૩, ભગઅ. પૃ.૧૯૭, ઔપઅ. પૃ.૫૨. સૂર્યમ. પૃ.૨૯૫-૨૯૬,સ્થાઅ.પૃ.૭૯-૮૦.
૨. જમ્બૂ. ૧૭૦.

**અંગારય** (અઙ્ગારક) આ અને **અંગારગ** એક છે.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૫૩.

**અંગારવઈ** અથવા **અંગારવતી** (અઙ્ગારવતી) **ધુંધુમાર** રાજાની પુત્રી અને **પજ્જોય** રાજાની પત્ની.[1] **સિવા** વગેરે પજ્જોય રાજાની બીજી રાણીઓ સાથે તે સંસાર છોડી **તિત્થયર મહાવીર**ની શિષ્યા બની.[2] જુઓ **પજ્જોય.**

૧. આવચૂ.૨. પૃ.૧૬૧,૧૯૯, આવહ. પૃ. ૬૭, ૭૧૧, આચાચૂ.પૃ.૮૭, આવનિ.૧૨૯૮,આવમ. પૃ. ૧૦૪.
૨. આવચૂ.૧.પૃ.૯૧,વિશષાકો. પૃ.૩૩૫

**અંગિરસ** (અઙ્ગિરસ) **ગોયમ**(૨) ગોત્રની સાત શાખાઓમાંની એક.[1]

૧. સ્થા. ૫૫૧.

**અંગુટ્ઠપસિણ** (અઙ્ગુષ્ઠપ્રશ્ન) **પણ્હાવાગરણદસા**નું નવમું અધ્યયન.[1] અત્યારે તે અસ્તિત્વમાં નથી.[2]

૧. સ્થા. ૭૫૫. ૨. સ્થાઅ. પૃ. ૫૧૨.

**૧. અંજણ** (અઞ્જન) આ જ નામના રત્નોથી બનેલા પર્વતોનો એક વર્ગ,[1] તેથી તેઓ કાળા દેખાય છે. તેઓ ૧૦૦૦ યોજન ઊંડા, ૮૪૦૦૦ યોજન ઊંચા અને ૧૦૦૦૦ યોજન પહોળા છે.[2] તેમનો આકાર ગાયના પૂંછડા જેવો છે અર્થાત્ તેમનો ઘેરાવો શિખર તરફ ક્રમશઃ ઘટતો જાય છે. આવા ચાર પર્વતો છે અને તેઓ **નંદીસર** દ્વીપની ચાર જુદી જુદી દિશાઓમાં આવેલા છે.[3] દરેક પર્વત ઉપર સિદ્ધ મંદિર છે અને તેની ચારે બાજુએ ચાર પુષ્કરિણી છે.[4]

૧. જમ્બૂ. ૩૩, ૯૬, સ્થા. ૭૨૫, નિશીભા.૧. પૃ. ૫૨, પ્રશ્નઅ. પૃ. ૯૬, સમ.૮૪, જીવા.૧૮૩, સમઅ. પૃ.૯૦, જીવામ.પૃ.૩૫૮.
૨. સ્થા. ૭૨૫, સમ.૮૪, જીવા. ૧૮૩, નિશીભા. ૧.પૃ.૫૨.
૩. જીવા.૧૮૩, સ્થા.૩૦૭, સમઅ. પૃ.૯૦, પ્રશ્નઅ. પૃ. ૯૬, ઉત્તરાક. પૃ. ૧૯૨.
૪. જીવા. ૧૮૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. **અંજણ** **સીયા** નદીની દક્ષિણે અને **મહાવિદેહ**માં **રમ્મ**(૨) અને **રમ્મગ**(૪) પ્રદેશો વચ્ચે આવેલો એક **વક્ખાર** પર્વત.[૧]

૧. જમ્બૂ. ૯૬, સ્થા. ૩૦૨, ૪૩૪, ૬૩૭.

૩. **અંજણ** **વાયુકુમાર** દેવોનો એક અધિપતિ.[૧] તે અને **અંજણ**(૫) એક છે.

૧. ભગ. ૧૬૯.

૪. **અંજણ** **વરુણ**(૧)ના કુટુંબનો એક સભ્ય.[૧]

૧. ભગ. ૧૬૭, ભગઅ. પૃ. ૧૯૯.

૫. **અંજણ** **વેલંબ**(૧) અને **પભંજણ**(૩) આ બેમાંથી દરેકના તાબામાં જે એક એક લોકપાલ છે તે.[૧]

૧. સ્થા. ૨૫૬, ભગઅ. પૃ. ૧૯૯.

૬. **અંજણ** પૂર્વ **રુયગ**(૧) પર્વતનું એક શિખર. **જયંતી**(૬) તેની અધિષ્ઠાત્રી દેવી છે.[૧]

૧. સ્થા. ૬૪૩, જમ્બૂ. ૧૧૪.

૭. **અંજણ** **સહસ્સારકપ્પ**માં આવેલું એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષ છે.[૧]

૧. સમ. ૧૮.

૮. **અંજણ** **રયણપ્પભા**(૨) નરકભૂમિના ત્રણ કાંડમાંથી પહેલો જે ખરકાંડ છે તેનો દસમો ભાગ. તે એક હજાર યોજન પહોળો છે.[૧]

૧. સ્થા. ૭૭૮.

**અંજણગ** (અઞ્જનક) આ અને **અંજણ**(૧) એક જ છે.[૧]

૧. જમ્બૂ. ૩૩, સ્થા. ૭૨૫.

**અંજણગપવ્વય** (અઞ્જનકપર્વત) આ અને **અંજણ**(૧) એક જ છે.[૧]

૧. સમ. ૮૪.

**અંજણગિરિ** (અઞ્જનગિરિ) આ અને **અંજણ**(૧) એક જ છે.[૧]

૧. ઉત્તરાક. પૃ. ૧૯૨.

૧. **અંજણપવ્વત**(અઞ્જનપર્વત) ઉત્તર ભારતમાં ગંગા નદીના પ્રદેશમાં આવેલો પર્વત.[૧]

૧. આવચૂ. ૧. પૃ. ૫૧૬.

૨. **અંજણપવ્વત** આ અને **અંજણ**(૧) એક જ છે.[૧]

૧. જીવા. ૧૮૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંજણપવ્વય** (અઞ્જનપર્વત) આ અને **અંજણપવ્વત**(૨) એક જ છે.[1]

૧. જીવા. ૧૮૩.

**૧. અંજણપુલય** (અઞ્જનપુલક) **રયણપ્પભા**(૨) નરકભૂમિના ત્રણ કાંડમાંથી પહેલો જે ખરકાંડ છે તેનો અગિયારમો ભાગ.[1]

૧. સ્થા. ૭૭૮.

**૨. અંજણપુલય** પૂર્વ **રુયગ**(૧) પર્વતનું એક શિખર. તેની અધિષ્ઠાત્રી દેવી **અપરાજિયા**(૬) છે.[1]

૧. સ્થા. ૬૪૩.

**અંજણપ્પભા** (અઞ્જનપ્રભા) **મંદર**(૩) પર્વતની દક્ષિણ-પશ્ચિમે **ભદ્દસાલવણ**માં આવેલી પુષ્કરિણી.[1]

૧. જમ્બૂ ૧૦૩.

**૧. અંજણા** (અઞ્જના) **ભદ્દસાલવણ**માં[1] **જંબૂ**(૨) વૃક્ષની દક્ષિણ-પશ્ચિમે આવેલી પુષ્કરિણી.[2]

૧. જમ્બૂ. ૧૦૩. ૨. જમ્બૂ.૯૦.

**૨. અંજણા** એક સતી સ્ત્રી.[1]

૧. આવ. ૪૩.

**૩. અંજણા** ચોથી નરકભૂમિ **પંકપ્પભા**નું બીજું નામ.[1]

૧. સ્થા. ૫૪૬, જીવા. ૬૭, અનુચૂ. પૃ. ૩૫.

**૧. અંજણાગિરિ** (અઞ્જનાગિરિ) **મંદર**(૩)ની દક્ષિણ-પશ્ચિમે **ભદ્દસાલવણ**માં આવેલો **દિસાહત્થિકૂડ**.[1]

૧. જમ્બૂ. ૧૦૩., સ્થા. ૬૪૨.

**૨. અંજણાગિરિ અંજણાગિરિ**(૧)નો અધિષ્ઠાતા દેવ.[1]

૧. જમ્બૂ ૧૦૩.

**અંજુયા** (અઞ્જુકા) સત્તરમા **તિત્થયર કુંથુ**(૧)ની પ્રથમ શિષ્યા.[1] તેનો **દામિણી** નામે પણ ઉલ્લેખ છે.[2]

૧. સમ. ૧૫૭. ૨. તીર્થો. ૪૬૦.

**૧. અંજૂ**(અઞ્જૂ) **વિવાગસુય**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું દસમું અધ્યયન.[1]

૧. વિપા. ૨, સ્થાઅ. પૃ. ૫૦૮.

**૨. અંજૂ ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના નવમા વર્ગનું ચોથું અધ્યયન.[1]

૧. જ્ઞાતા. ૧૫૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. **અંજૂ** **હત્થિણાઉર**ના વેપારીની પુત્રી. તે સંસાર છોડી **તિત્થયર** **પાસ**(૧)ની શિષ્યા બની.[૧] મૃત્યુ પછી તે **સક્ક**(૩)ની ચોથી પટરાણી તરીકે જન્મી.[૨]

૧. જ્ઞાતા. ૧૫૭. ૨. ભગ. ૪૦૬, સ્થા. ૬૧૨.

૪. **અંજૂ** **વદ્ધમાણપુર**ના વેપારી **ધણદેવ**(૧)ની પુત્રી. તે પોતાના પૂર્વભવમાં **ઈંદપુર**ની વેશ્યા હતી. અંજૂના લગ્ન રાજા **વિજય**(૨૨) સાથે થયા હતા. વેશ્યા તરીકેના તેના પૂર્વભવનાં પાપોના કારણે તેને યોનિશૂલ રોગ થયો હતો. અનેક જન્મો અને મરણો પછી છેવટે તે **સવ્વતોભદ્દ**(૬)માં પ્રતિષ્ઠિત કુટુંબમાં જન્મશે, ત્યાં સંસારનો ત્યાગ કરશે અને મોક્ષ પામશે.[૧]

૧. વિપા. ૩૨, સ્થાઅ. પૃ. ૫૦૮.

**અંજૂદેવી** (અઞ્જૂદેવી) આ અને **અંજુ**(૪) એક છે.[૧]

૧. વિપા. ૩૨.

૧. **અંડ** (અણ્ડક) **ણાયાધમ્મકહા**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું ત્રીજું અધ્યયન.[૧]

૧. જ્ઞાતા. ૫, જ્ઞાતાઅ. પૃ. ૧૦, સમ. ૧૯, આવચૂ. ૧. પૃ. ૧૩૨, આવચૂ. ૨. પૃ. ૨૭૯.

૨. **અંડ** **વિવાગસુય**ના પ્રથમ શ્રુતસ્કન્ધ **કમ્મવિવાગદસા**નું ત્રીજું અધ્યયન.[૧]

૧. સ્થા. ૭૫૫. સ્થાઅ. પૃ. ૫૦૫.

**અંડગ** (અણ્ડક) આ અને **અંડ**(૧) એક જ છે.[૧]

૧. આવચૂ. ૨. પૃ. ૨૭૯, એજન. ૧. પૃ. ૧૩૨.

**અંતકડદસા** (અન્તકૃદ્દશા) આ અને **અંતગડદસા** એક જ છે.[૧]

૧. નન્દિચૂ. પૃ. ૬૮, મનિ. પૃ. ૬૯.

**અંતકિરિયા** (અન્તક્રિયા) **પણ્ણવણા**નું વીસમું પદ(પ્રકરણ).[૧]

૧. પ્રજ્ઞા. ગાથા ૫.

**અંતક્ખરિયા** (અન્ત્યાક્ષરિકા) **બંભી**(૨) લિપિના અઢાર પ્રકારોમાંનો એક પ્રકાર.[૧] કદાચ આ અને **ઉચ્ચત્તરિયા** એક જ છે.[૨]

૧. પ્રજ્ઞા. ૩૭. ૨. સમ. ૧૮.

**અંતગડદસા** (અન્તકૃદ્દશા) બાર **અંગ**(૩) ગ્રન્થમાંનો આઠમો અંગ ગ્રન્થ.[૧] આ નામનો શબ્દશઃ અર્થ છે – જેમણે પોતાના સંસારનો અર્થાત્ ભવચક્રનો (જન્મ-મરણનો) અન્ત કર્યો છે તેમની દશાનું વર્ણન.[૨] પહેલાં તેમાં દસ અધ્યયનો હતાં.[૩] પરંતુ વર્તમાનમાં તેમાં આઠ વર્ગો છે જે વર્ગોમાં ક્રમશઃ દસ[૪],આઠ, તેર, દસ, દસ, સોળ, તેર અને દસ અધ્યયન છે. આઠ દિવસોમાં વાંચવા માટે આઠ વર્ગો પાડ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે.[5] **મહાણિસીહ** અનુસાર આ અંગ ગ્રન્થમાં અરહંતચરિય છે અર્થાત્ અર્હતોનાં જીવનચરિતો છે.[6] **ઠાણ** અનુસાર પહેલાં આ અંગ ગ્રન્થમાં નીચેનાં દસ અધ્યયનો હતાં. **ણમિ**(૪), **માતંગ**(૧), **સોમિલ**(૪), **રામગુત્ત**(૨), **સુદંસણ**(૧૪), **જમાલિ**, **ભગાલિ**, **કિંકમ્મ**, **પલ્લતેતિય** અને **ફાલ-અંબડપુત્ત**.[7] પરંતુ વર્તમાનમાં તેમાં પ્રથમ દસ અધ્યયનો અર્થાત્ તેના પ્રથમ વર્ગનાં દસ અધ્યયનો આ પ્રમાણે છે– **ગોયમ**(૩), **સમુદ્દ**(૫), **સાગર**(૯), **ગંભીર**(૧), **થિમિઅ**(૧), **અયલ**(૩), **કંપિલ્લ**(૧), **અક્ખોભ**(૧), **પસેણઈ**(૧) અને **વિણ્હુ**(૩).[8]

૧. અનુ.૪૨,નન્દિ.૪૧,૪૫, પાક્ષિ. પૃ. ૪૬.
૨. અન્તઅ.પૃ.૧,નન્દિમ.પૃ.૨૩૩, પાક્ષિય. પૃ.૭૦,સમઅ.પૃ.૧૨૧, નન્દિચૂ. પૃ.૬૮.
૩. સ્થા. ૭૫૫, સમ.૧૪૩.
૪. સમ. ૧૪૩, સમઅ.પૃ.૧૨૧, નન્દિહ. પૃ. ૮૩.
૫. અન્ત. ૨૭.
૬. મનિ.પૃ.૬૯. સામાન્ય રીતે અર્હત્‌નો અર્થ તીર્થંકર થાય છે પરંતુ અહીં તે શબ્દનો કેવલી અર્થાત્ સર્વજ્ઞ માટે પ્રયોગ થયો લાગે છે.
૭. સ્થા. ૭૫૫, સ્થાઅ. પૃ. ૫૦૯.
૮. અન્ત. ૧.

**૧. અંતર** (અન્તર) **વિયાહપણ્ણત્તિ**ના ચૌદમા શતકનો આઠમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૫૦૦.

**૨. અંતર** **વિયાહપણ્ણત્તિ**ના બારમા શતકનો છટ્ઠો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૬૬૨.

**અંતરંજિયા** (અન્તરઞ્જિકા) જ્યાં **બલસિરિ**(૨) રાજ્ય કરતો હતો તે નગર. જ્યારે **ણિણ્હવ** **રોહગુત્ત** **ભૂયગુહ** ચૈત્યમાં ઊતરેલા[1] પોતાના ગુરુ **સિરિગુત્ત**ને વંદન કરવા વીરનિર્વાણ સંવત ૫૪૪માં અહીં આ નગરમાં આવ્યો હતો[2] ત્યારે તેણે **તેરાસિય**(૧)[3] સિદ્ધાન્તનું પ્રતિપાદન કર્યું હતું. કાલિનદીના જમણા કિનારે, એટાહની ઉત્તરે આઠ માઈલ અને કર્સાનની દક્ષિણે ચાર માઈલના અંતરે આવેલા અત્રંજિખેર સાથે આ નગરની એકતા સ્થાપી શકાય.[4]

૧. નિશિભા.૫૬૦૨, ઉત્તરાનિ.૧૭૨, આવભા.૧૩૬, વિશેષા.૨૯૫૨, આવચૂ. ૧. પૃ.૪૨૪, સ્થાઅ. પૃ. ૪૧૩, કલ્પધ. પૃ. ૧૬૭, કલ્પવિ. પૃ. ૨૫૭, કલ્પશા. પૃ. ૧૯૯.
૨. આવભા. ૧૩૫, કલ્પધ પૃ.૧૬૭, કલ્પવિ. પૃ. ૨૫૭, ઉત્તરાક. પૃ.૧૦૮, વિશેષા. ૨૯૫૨.
૩. સ્થા. ૫૮૭ આવનિ. ૭૮૨, વિશેષા. ૨૮૦૩, આવચૂ.૧. પૃ. ૪૨૪.
૪. એજિઇ. પૃ. ૩૫૪, લાઈ. પૃ. ૨૬૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંતરંજી** (અન્તરઞ્જી) આ અને **અંતરંજિયા** એક જ છે.[1]

૧. સ્થા.૫૮૭, નિશીભા.૫૬૦૨, આવભા. ૧૩૬, આવનિ.૭૮૨, વિશેષા.૨૮૦૩.

**૧. અંતરદીવ** (અન્તરદ્વીપ) વચ્ચે આવેલા દ્વીપો.[1] તેમની સંખ્યા છપ્પન છે.[2] **જંબૂદીવ**ની ચાર બાજુઓની દરેક બાજુ બે બે દ્વીપ અન્તરદિશાઓમાં આવેલા છે. તે બે બે દ્વીપો જંબૂદીવથી ૩૦૦ યોજન દૂર અને જયાં **ચુલ્લહિમવંત** અને **સિહરિ** પર્વતો સમુદ્રકિનારાને જંબૂદીવની બન્ને બાજુએ મળે છે ત્યાં આવેલાં છે. આ બે બે દ્વીપોમાંના દરેક દ્વીપ પછી એક પછી બીજા છ દ્વીપો આવેલા છે અને આગળ આગળના દ્વીપથી પછી પછીનો દ્વીપ ૧૦૦ યોજનના અંતરે આવેલો છે. આમ દરેક પર્વતના બન્ને બાજુએ સમુદ્રકિનારાને સ્પર્શતા છેડે ચૌદ ચૌદ દ્વીપો છે અને પરિણામે દ્વીપોની કુલ સંખ્યા છપ્પન થાય છે.[3] **મંદર**(૩) પર્વતની ઉત્તરે આવેલા અઠ્ઠાવીસ દ્વીપોનાં નામો અને તે જ પર્વતની દક્ષિણે આવેલા બીજા અઠ્ઠાવીસ દ્વીપોનાં નામો એકસરખાં છે. આ અઠ્ઠાવીસ દ્વીપો તેમના વ્યાસના માપ મુજબ સાત વર્ગોમાં વહેંચાયા છે. - [૧] **એગૂરુય, આભાસિય, વેસાણિય, ણંગોલિય,** [૨] **હયકણ્ણ, ગયકણ્ણ, ગોકણ્ણ, સંકુલિકણ્ણ,** [૩] **આયંસમુહ, મેંઢમુહ, અયોમુહ, ગોમુહ**(૨), [૪] **આસમુહ, હત્થિમુહ, સીહમુહ, વગ્ઘમુહ,** [૫] **આસકણ્ણ, હત્થિકણ્ણ, અકણ્ણ, કણ્ણપાઉરણ,** [૬] **ઉક્કામુહ, મેહમુહ**(૧), **વિજ્જુમુહ, વિજ્જુદંત,** [૭] **ઘણદંત, લટ્ઠદંત**(૪) **ગૂઢદંત**(૪), **સુદ્ધદંત**(૨).[4] પ્રથમ વર્ગના દ્વીપોનો વ્યાસ ૩૦૦ યોજન છે જયારે પછી પછીના વર્ગોના દ્વીપોનો વ્યાસ ક્રમશઃ સો સો યોજન વધતો જાય છે. આમ છેલ્લા વર્ગના દ્વીપોનો વ્યાસ ૯૦૦ યોજન થાય છે.[5] આ દ્વીપોનાં સ્ત્રી-પુરુષો, વૃક્ષપ્રકારો, વણસંડો અને વેદિકાઓનું વિસ્તારપૂર્વક વર્ણન **જીવાભિગમ**માં છે. ટૂંકમાં, તે દ્વીપોમાં રહેનારાઓ વિશિષ્ટ આકાર ધરાવે છે અને જાણે કે સ્વર્ગલોકમાં હોય તે રીતે જીવે છે.[6]

૧. ઉત્તરા.૩૬.૧૯૪, ઉત્તરાશા. પૃ. ૭૦૦, આચાચૂ. પૃ. ૫૬.
૨. પ્રજ્ઞા. ૪૫, નન્દિહ, પૃ. ૩૩.
૩. સ્થા. ૩૦૪, જીવા.૧૦૮-૧૧૨, ભગ. ૩૬૪, જીવામ. પૃ. ૧૪૪.
૪. એજન.
૫. ભગ.૩૬૪, જીવા. ૧૦૮-૧૧૨, સ્થા. ૬૩૦, સ્થાઅ. પૃ. ૪૩૪.
૬. જીવા. ૧૦૮-૧૧૨.

**૨. અંતરદીવ વિયાહપણ્ણત્તિ**ના નવમા શતકના ત્રીજા ઉદ્દેશકનું ત્રીસમું અધ્યયન.[1]

૧. ભગ. ૩૬૨.

**અંતરદીવગ** (અન્તરદ્વીપક) આ અને **અંતરદીવ**(૧) અથવા તેના રહેવાસી એક જ છે.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. જીવા. ૧૦૮.

**અંતરદીવ** (અન્તરદ્વીપ) આ અને **અંતરદીવ**(૧) એક જ છે.[૧]

૧. ઉત્તરા. ૩૬. ૧૯૪.

**અંતરિજ્જિયા** (અન્તરીયા) **વેસવાડિયગણ**ની ચાર શાખાઓમાંની એક.[૧]

૧. કલ્પ. પૃ. ૨૬૦.

**અંતોવાહિણી** (અન્તર્વાહિની) મહાવિદેહની દક્ષિણપશ્ચિમે આવેલા **કુમુય**(૧) અને **ણલિણ**(૪) આ બે પ્રદેશોની વચ્ચે વહેતી નદી.[૧]

૧. જમ્બૂ ૧૦૨, સ્થા. ૧૯૭, ૫૨૨.

**અંદ** (અન્ધ્ર) આ અને **અંધ** એક જ છે.[૧]

૧. સૂત્રશી. પૃ.૧૨૩.

**અંધ** (અન્ધ્ર) એક **અણારિય**(અનાર્ય) દેશ[૧] જેને **સંપઇ**એ જીત્યો હતો.[૨] આ વિકરાળ સરહદી પ્રદેશને સંપઇએ શ્રમણોના વિહાર માટે તદ્દન યોગ્ય બનાવ્યો.[૩] કૃષ્ણા અને ગોદાવરીની વચ્ચે આવેલા પ્રદેશ સાથે તેની એકતા સ્થાપવામાં આવી છે.[૪]

૧. પ્રશ્ન.૪, સૂત્રશી.પૃ.૧૨૩,દશચૂ. પૃ.૨૩૬, વ્યવભા.૭.૧૨૬, બૃમ. પૃ.૨૦.

૨. નિશીચૂ. ૨. પૃ. ૩૬૨.

૩. બૃભા. ૩૨૮૭, ૩૨૮૯.

૪. જુઓ જિઓડિ. પૃ. ૭.

**અંધકવણ્હિ** (અન્ધકવૃષ્ણિ) આ અને **અંધગવણ્હિ** એક જ છે.[૧]

૧. અન્ત.૧.

**અંધગવણ્હિ** (અન્ધકવૃષ્ણિ) જુઓ **વણ્હિ**(૧)[૧] અને **વણ્હિ**(૨)[૨].

૧. અન્ત.૧. ૨. ઉત્તરા. ૨૨.૪૩, નન્દિહ. પૃ. ૭૩.

**અંધગવણ્હિદસા** (અન્ધકવૃષ્ણિદશા) આ અને **વણ્હિદસા** એક જ છે.[૧]

૧. નન્દિચૂ. પૃ. ૬૦, નન્દિહ. પૃ. ૭૩. નન્દિમ. પૃ. ૨૦૮.

**અંધપુર** (અન્ધપુર) એક નગર જ્યાં રાજા **અણંધ** રાજ્ય કરતો હતો.[૧] તે કદાચ આન્ધ્રોની રાજધાની હતું.[૨]

૧. નિશીચૂ. ૩. પૃ. ૨૬૯, બૃક્ષે. ૧૩૮૯. ૨. જઇહિ. પૃ. ૩૧, ઇડિબુ. પૃ. ૧૧૫.

**અંબ** (અમ્બ) પંદર **પરમાહમ્મિય** દેવોમાંનો એક.[૧]

૧. સૂત્રનિ. ૬૮, ભગ. ૧૬૬, સૂત્રચૂ. પૃ. ૧૫૪, પ્રશ્નઅ. પૃ. ૨૦.

**અંબટ્ઠ** (અમ્બષ્ઠ) બ્રાહ્મણ પુરુષ અને વૈશ્ય સ્ત્રીના સમાગમથી પેદા થયેલો એક **આરિય**(આર્ય) સમાજ કે જાતિ.[૧]

૧. આચાનિ. ૨૨-૨૩, સ્થા. ૪૯૭, પ્રજ્ઞા. ૩૭, સૂત્રચૂ. પૃ. ૨૧૮, સૂત્રશી. પૃ. ૧૭૭, ઉત્તરાચૂ. પૃ. ૯૬, બૃભા. ૩૨૬૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧. અંબડ**(અમ્બડ) એક અણારિય(અનાર્ય) દેશ અને તેની પ્રજા.[1] નીચે તરફની ચેનાબ ઉપર વસેલા અમ્બષ્ઠો જ કદાચ આ અંબડો છે.[2] અંબડોના સ્થળાન્તરના કારણે પછીથી મેકલ ડુંગર ઉપર વસતા લોકો સાથે તેમને જોડવામાં આવ્યા અને લેસને (Lessen) તેમને પશ્ચિમ ઘાટના દક્ષિણ ભાગમાં મૂક્યા.[3]

૧. પ્રજ્ઞા. ૩૭, ૨. જુઓ જિઓમ. પૃ.૧૦૧. ૩. જુઓ ટ્રાઈ. પૃ. ૯૭.

**૨. અંબડ** આ અને **અમ્મડ** એક જ છે.[1]

૧. ઔપ. ૩૮, સ્થા. ૬૯૨, સમ.૧૫૯, ઋષિ. ૨૫.

**૧. અંબરતિલક** (અમ્બરતિલક) **ધાયઈસંડ**માં આવેલો વિવિધ ફળાઉ વૃક્ષોથી ભરચક એક પર્વત.[1]

૧. આવચૂ. ૧. પૃ. ૧૭૩. આવમ. પૃ. ૨૨૨.

**૨. અંબરતિલક અંબરતિલક**(૧) પર્વત ઉપર આવેલું ઉદ્યાન. ગુરુ **જુગંધર**(૧) ત્યાં આવ્યા હતા.[1]

૧. આવચૂ. ૧. પૃ. ૧૭૪.

**અંબરિસ** (અમ્બરીષ) પંદર **પરમાહમ્મિય** દેવોમાંનો એક.[1]

૧. ભગ. ૧૬૬, સૂત્રચૂ. પૃ. ૧૫૪, સૂત્રનિ. ૬૯.

**૧. અંબરિસિ** (અમ્બર્ષિ) **ઉજ્જેણી**નો એક બ્રાહ્મણ. તેની પત્નીનું નામ **માલુકા**. તેમને **ણિંબય** નામનો એક ખૂબ તોફાની પુત્ર હતો. **માલુકા**ના મૃત્યુ પછી અંબરિસિ અને ણિંબય સંસાર ત્યાગીને શ્રમણ બની ગયા. ણિંબય બીજા સાધુઓ સાથે મેળ કરી શકતો ન હતો, તેથી પાંચ સો વખત પોતાના આશ્રયસ્થાનો તેને બદલવા પડ્યાં હતાં. પરંતુ છેવટે તે વિનય અને નમ્રતાની કલા શીખ્યો.[1]

૧. આવચૂ. ૨. પૃ. ૧૯૬, આવહ. પૃ. ૭૦૮, આવનિ. ૧૨૯૫.

**૨. અંબરિસિ** આ અને **અંબરિસ** એક જ છે.

૧. સૂત્રનિ. ૬૯.

**૧. અંબસાલવણ** (આમ્રશાલવન) **આમલકપ્પા**ની ઉત્તરપૂર્વમાં આવેલું આમ્રવન. ત્યાં એક ચૈત્ય હતું.[1]

૧. જ્ઞાતા. ૧૪૮, વિશેષાકો. પૃ. ૬૮૭, રાજ. ૨, રાજમ. પૃ. ૭.

**૨. અંબસાલવણ વાણારસી**ના પરિસરમાં આવેલું ચૈત્ય સાથેનું આમ્રવન.[1]

૧. નિર. ૩.૩.

**૧. અંબા** (અમ્બા) એક દેવી.[1]

૧. આવ. પૃ. ૧૯.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨. અંબા** એક **વાણમંતર** દેવી.[1]

૧. આવહ. પૃ. ૬૯૧, તીર્થો. ૬૮૬.

**૩. અંબા** વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી.[1]

૧. આવહ. પૃ. ૪૧૧.

**અંબુભક્ખિ** (અમ્બુભક્ષિન્) પાણી ઉપર (અર્થાત્ પાણી પીને જ) જીવતા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.[1]

૧. ભગ. ૪૧૭, નિર. ૩.૩., ઔપ. ૩૮.

**અંબુવાસિ** (અમ્બુવાસિન્) આ અને **જલવાસિ** એક જ છે.[1]

૧. ઔપ. ૩૮, ભગ. ૪૧૭

**અકંપિય** (અકંપિત) **તિત્થયર મહાવીર**ના આઠમા **ગણહર**. તે **મહિલા**માં[1] પિતા **દેવ**(૧) અને માતા **જયંતી**(૧૦)ના પુત્ર તરીકે જન્મ્યા હતા. તેમના સમયના તે મહાન વિદ્વાન હતા. મહાવીરની ખ્યાતિ સાંભળી તે **મજ્ઝિમાપાવા**માં મહાવીરને મળ્યા. સર્વજ્ઞ મહાવીરે તેમના જણાવ્યા વિના તેમને કહ્યું કે તેમના મનમાં નરકના અસ્તિત્વ વિશે શંકા છે અને પછી મહાવીરે તેમની શંકા દૂર કરી. આના કારણે તે મહાવીરથી ખૂબ પ્રભાવિત થયા અને પોતાના ૩૦૦ શિષ્યો સાથે મહાવીરના શિષ્ય બન્યા.[2] તે કુલ ૭૮ વર્ષ જીવ્યા[3] - ૪૮ વર્ષ ગૃહસ્થ તરીકે, ૯ વર્ષ સાધુ તરીકે અને ૨૧ વર્ષ કેવલી તરીકે[4]. તેમનો અને નવમા ગણહર **અયલભાયા**નો એક જ ગણ હતો.[5]

૧. આવનિ.૫૯૫,૬૪૫, વિશેષા. ૨૦૧૩, ૨૫૦૬.
૨. આવનિ.૬૪૮-૪૯,વિશેષા. ૨૩૬૪, ૨૩૮૦, ૨૪૩૭, આવનિ. ૬૨૭, નન્દિ. ગાથા ૨૧, કલ્પ(થેરાવલી).૩, સમ.૧૧, કલ્પવિ. પૃ. ૧૮૬.
૩. સમ. ૭૮.
૪. વિશેષા. ૨૫૧૨, ૨૫૧૪, ૨૫૧૬, સમઅ. પૃ. ૮૬.
૫. કલ્પવિ. પૃ. ૨૪૮.

**અકણ્ણ** (અકર્ણ) એક **અંતરદીવ**.[1]

૧. સ્થા. ૩૦૪, પ્રજ્ઞા. ૩૬, જીવા. ૧૦૮, નન્દિમ. પૃ. ૧૦૩.

**અકમ્મભૂમિ** (અકર્મભૂમિ) અકર્મની ભૂમિ જ્યાં મનુષ્યને અસિકર્મ(યુદ્ધમાં તરવાર ચલાવવાનું અર્થાત્ લડવાનું કામ), મસિકર્મ(લખવાનું કામ), કૃષિકર્મ (ખેતી કરવાનું કામ) જેવું કોઈ પણ કર્મ યા કામ કરવાની આવશ્યકતા નથી કારણ કે તેની બધી જરૂરિયાતો કલ્પવૃક્ષો પૂરી કરે છે.[1] આવી ભૂમિઓ કુલ ત્રીસ છે - પાંચ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હેમવય, પાંચ હરિવાસ, પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ, પાંચ રમ્મગવાસ અને પાંચ હેરણ્ણવય.[૨] આમ અકમ્મભૂમિઓના પાંચ પાંચના છ વર્ગો થાય છે. દરેક વર્ગની એક એક ભૂમિ જંબુદીવમાં, બે બે ભૂમિઓ ધાયઈસંડમાં અને બે બે ભૂમિઓ પુક્ખરવરદીવમાં આવેલી છે.[૩]

૧. નન્દિમ. પૃ. ૧૦૨. ૨. ભગ. ૬૭૫, નન્દિહ, પૃ. ૩૩. ૩. સ્થા.૧૯૭

**અકામમરણ** આ અને **અકામમરણિજ્જ** એક જ છે.[૧]

૧. ઉત્તરાનિ. પૃ. ૯.

**અકામમરણિજ્જ** (અકામમરણીય) **ઉત્તરજ્ઝયણ**નું પાંચમું અધ્યયન.[૧]

૧. સમ. ૩૬, ઉત્તરાનિ. પૃ. ૯.

**અક્કત્થલી** (અર્કસ્થલી) **આણંદપુર**નું બીજું નામ.[૧]

૧. નિશીચૂ. ૩. પૃ. ૧૯૨.

**અક્ખપાદ** (અક્ષપાદ) ન્યાયદર્શનના પ્રણેતા[૧] અને એક પાષણ્ડિન્.[૨]

૧. નિશીચૂ. ૪. પૃ. ૫૮.

૨. નન્દિહ.પૃ.૭, સૂત્રશી. પૃ.૯, આવહ.પૃ.૧૦૭, ઉત્તરાક. પૃ. ૨૯૮.

**અક્ખરપુટ્ઠિયા** (અક્ષરપૃષ્ઠિકા) અઢાર **બંભી**(૨) લિપિઓમાંની એક.[૧]

૧. સમ. ૧૮, પ્રજ્ઞા. ૩૭.

**અક્ખાગ** (આખ્યાક) એક **અણારિય** (અનાર્ય) દેશ અને તેની પ્રજા.[૧]

૧. પ્રજ્ઞા. ૩૭, સૂત્રશી. પૃ. ૧૨૩.

**૧. અક્ખોભ** (અક્ષોભ) **અંતગડદસા**ના પ્રથમ વર્ગનું આઠમું અધ્યયન.[૧]

૧. અન્ત.૧

**૨. અક્ખોભ** **બારવઈ**ના રાજા **વણ્હિ**(૧) અને તેની રાણી **ધારિણી**(૫)ના દસ પુત્રોમાંનો એક પુત્ર. તે સંસાર ત્યાગીને **તિત્થયર** **અરિટ્ઠણેમિ**નો શિષ્ય બન્યો. બાર વર્ષનું સાધુજીવન ગાળી **સેત્તુંજ** પર્વત ઉપર તે મોક્ષે ગયો.[૧]

૧. અન્ત. ૨, અન્તઅ. પૃ. ૨.

**૩. અક્ખોભ** **અંતગડદસા**ના બીજા વર્ગનું પહેલું અધ્યયન.[૧]

૧. અન્ત. ૩.

**૪. અક્ખોભ** **બારવઈ**ના **વણ્હિ**(૧) રાજા અને તેની રાણી **ધારિણી**(૫)ના આઠ પુત્રોમાંનો એક પુત્ર. તે સંસાર ત્યાગીને **તિત્થયર** **અરિટ્ઠણેમિ**નો શિષ્ય બન્યો. સોળ વર્ષનું શ્રમણજીવન જીવી **સેત્તુંજ** પર્વત ઉપર તે મોક્ષે ગયો.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અક્ખોભ**(૨) અને **અક્ખોભ**(૪) બન્ને એક જ વ્યક્તિ જણાય છે કેમ કે તેમના માતા-પિતા વગેરેનાં નામો એકસરખાં છે. બે ભિન્ન વાચનાઓ સેળભેળ થઈ જવાથી આ ગોટાળો થયો લાગે છે.

૧. અન્ત. ૩.

**અગઅ** (અગદ) આ અને **અગદ** એક જ છે.[1]

૧. આવનિ. ૯૩૮, નન્દિમ. પૃ. ૧૬૨.

**અગંધણ** (અગન્ધન) પોતાનું ઝેર પાછું ચૂસી ન લેનારા સાપોની જાતિ.[1]

૧. ઉત્તરા. ૨૨.૪૧, દશ. ૨.૬, દશચૂ. પૃ. ૩૭.

**અગચ્છિ** (અગસ્તિ) આ અને **અગત્થિ** એક જ છે.[1]

૧. સૂર્યમ. પૃ. ૨૯૫-૨૯૬.

**અગડ** જુઓ **અગદ**.[1]

૧. આવચૂ. ૨. પૃ. ૬૧.

**અગડદત્ત** ઉજ્જેણીના રાજા **જિયસત્તુ**(૩૬)ના સારથિ **અમોહરહ**નો પુત્ર. તેની માતા **જસમતી**. તેના પિતાના મૃત્યુ પછી તે પોતાના પિતાના મિત્ર **દઢપ્પહારિ**(૨) પાસે અસ્ત્રવિદ્યા શીખવા માટે **કોસંબી** ગયો. તે અસ્ત્રવિદ્યામાં નિપુણ બન્યો અને પોતાનું પ્રાવીણ્ય બતાવવા તે રાજા પાસે ગયો. તેની કલા જોઈ રાજા ઘણા પ્રસન્ન થયા. એક વાર નામચીન ચોરને તેણે કુશળતાપૂર્વક હણ્યો. રાજા તેના ઉપર એટલા બધા ખુશ થઈ ગયા કે તેણે પોતાની કુંવરી તેને પરણાવી.[1] તે **અગલુદત્ત** નામથી પણ ઓળખાતો હતો.

૧. ઉત્તરાશા. પૃ. ૨૧૩-૨૧૪, ઉત્તરાચૂ. પૃ. ૧૧૬, આવચૂ.૧. પૃ. ૪૫૨, વ્યવમ. ૮. પૃ.૩૯.

**અગણિ** (અગ્નિ) **વિયાહપણ્ણત્તિ**ના ચૌદમા શતકનું પાંચમુ ઉદ્દેશક.[1]

૧. ભગ. ૫૦૦.

**અગત્થિ** (અગસ્તિ) અઠ્યાસી ગ્રહોમાંનો એક ગ્રહ.[1]

૧. સ્થા.૯૦, સૂર્ય.૧૦૭, જમ્બૂ.૧૭૦, સ્થાઅ. પૃ. ૭૯-૮૦, સૂર્યમ. પૃ. ૨૯૫-૯૬, જમ્બૂશા. પૃ. ૫૩૪-૩૫.

**અગદ** પોતના વિનય અને નમ્રતા માટે પ્રસિદ્ધ એક વૈદ્ય.[1] તેની કથા આ પ્રમાણે છે - એક વખત એક રાજાના રાજયને દુશ્મનોએ ઘેરો ઘાલ્યો. રાજા પાસે ખૂબ નાનું સૈન્ય હોવાથી તેને દુશ્મનોનાં સૈન્યોનો મુકાબલો કરવો મુશ્કેલ લાગતો હતો. તેને એક તરકીબ સૂઝી. તેણે પાણીમાં ઝેર નાખવા માંડ્યું. આ માટે લોકોએ રાજાને ઝેર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપ્યું. અગદે પણ રાજાને ઝેર આપ્યું. રાજા અગદ ઉપર ક્રોધે ભરાયા કારણ કે અગદે આપેલું ઝેર ખૂબ જ થોડું હતું. અગદે વિનય અને નમ્રતાપૂર્વક રાજાને કહ્યું. "હે રાજા ! આ ઝેર સાધારણ ગુણવાળું નથી. આ ઝેરની ખૂબ જ થોડી માત્રા હજારો માણસોને એક પછી એક મારી નાખી શકે છે. જે માણસના શરીરને આ ઝેરની અસર થઈ હોય તે માણસના તેવા શરીરને જે કેવળ સ્પર્શ જ કરે તે માણસના શરીરમાં પણ તે ઝેર પ્રવેશી જાય છે. આમ આ ઝેર ક્રમશઃ એક પછી એક હજાર માણસોના શરીરમાં પ્રવેશી પ્રસરી ગયા પછી જ બિનઅસરકારક બને છે. તેથી જ આ ઝેરને સહસ્રવેધિન્ કહેવામાં આવે છે." પછી એક હાથી ઉપર પ્રયોગ કરવામાં આવ્યો અને તે પ્રયોગ સફળ થયો. રાજા પ્રસન્ન થયા.[૨]

૧. આવનિ. ૯૩૮, નન્દિમ. પૃ. ૧૬૨.

૨. આવચૂ.૧.પૃ. ૫૫૪,નન્દિમ. પૃ.૧૬૨.

**અગલદત્ત** (અગડદત્ત) જુઓ **અગડદત્ત.**[૧]

૧. ઉત્તરાશા. પૃ. ૨૧૫.

**અગલુદત્ત** જેમ આવશ્યક શસ્ત્રોથી સજ્જ બુદ્ધિમાન અગલુદત્ત દુશ્મનદળોને જીતી લે છે તેવું જ કર્મદળોનો નાશ કરવા ઇચ્છનાર ભક્તની બાબતમાં છે.[૧] આ અગલુદત્ત અને **અગડદત્ત** એક જ વ્યક્તિ છે.

૧. આવચૂ. ૧. પૃ. ૪૫૨, ઉત્તરાચૂ. પૃ. ૧૧૬.

**અગારી** મંત્રેલા ખાદ્યાન્નનો ત્યાગ કરવો જોઈએ એના સમર્થનમાં આપવામાં આવેલું દૃષ્ટાન્ત. પોતાના પતિને વશ કરવા માટે અગારીએ એક પરિવ્રાજિકા પાસેથી મંત્રેલા ચોખા(રાંધેલા) લીધા પણ રખેને તેનો પતિ તે ખાવાથી મરી જાય એ ભયના કારણે તેણે તેના પતિને તે ખાવા ન આપ્યા પણ ફેંકી દીધા. હવે આ ફેંકી દીધેલા ચોખા એક ગધેડો ખાઈ ગયો. પરિણામે તે ગધેડો તેમના ઘરનાં બારણાંને ધક્કા મારવા લાગ્યો. આવાં પરિણામોને ટાળવા સાધુઓને મંત્રેલું ખાદ્યાન્ન ન લેવાની સલાહ આપવામાં આવે છે.[૧]

૧. ઓઘનિ. ૫૯૮-૯૯.

**અગ્ગતાવસ** (અગ્રતાપસ) ધણિટ્ઠા નક્ષત્રનું ગોત્રનામ.[૧] તેનું બીજું નામ **અગ્ગભાવ** છે.[૨]

૧. સૂર્ય. ૫૦. ૨. જમ્બૂ. ૧૫૯.

**અગ્ગભાવ** (અગ્રભાવ) **અગ્ગતાવસ**નું બીજું નામ.[૧]

૧. જમ્બૂ. ૧૫૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અગ્ગલ** (અર્ગલ) અઠ્ઠયાસી ગ્રહોમાંનો એક ગ્રહ.[1] **ઠાણ રાય** અને અગ્ગલનો એક ગ્રહ **રાયગ્ગલ** તરીકે ઉલ્લેખ કરે છે.[2]

૧. સૂર્ય. ૧૦૭, સૂર્યમ. પૃ. ૨૯૫-૯૬, જમ્બૂશા. પૃ. ૫૩૪-૩૫.
૨. સ્થા. ૯૦, સ્થાઅ.પૃ. ૭૮-૭૯.

**અગ્ગાણીય**(અગ્રાયણીય) ચૌદ **પુવ્વ** ગ્રન્થોમાંનો બીજો પુવ્વગ્રન્થ.[1] તે દ્રવ્યો, તેમના ગુણો અને પર્યાયોનું નિરૂપણ કરે છે.[2] પ્રાચીન ટીકાઓમાં તેનાં ઉદ્ધરણો મળે છે.[3] તે લુપ્ત થઈ ગયો છે, અત્યારે અસ્તિત્વમાં નથી. પ્રો. ડબલ્યૂ. શુબ્રિંગના મતે **અંગચૂલિયા** અને **અગ્ગાણીય** પરસ્પર સંબંધ ધરાવતા જણાય છે.[4] જુઓ **અંગચૂલિયા**(૧)

૧. નન્દિ. ૫૭.
૨. સમ.૧૪, ૧૪૭, નન્દિમ. પૃ. ૨૪૧, નન્દિહ. પૃ.૮૮, નન્દિચૂ. પૃ. ૭૫.
૩. આવચૂ. ૧. પૃ. ૬૦૦.
૪. જુઓ "The Doctrine of the Jainas" ૧૯૬૨, પૃ. ૭૫, ટિ. ૨ અને પૃ. ૧૨૧.

૧. **અગ્ગિ**(અગ્નિ) **કત્તિયા** નક્ષત્રના અધિષ્ઠાતા દેવ.[1]

૧. સ્થા. ૯૦, જમ્બૂ. ૧૫૭, ૧૭૧.

૨. **અગ્ગિ વિયાહપણ્ણત્તિ**ના સત્તરમા શતકનો સત્તરમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૫૯૦.

૩. **અગ્ગિ** પોતાના સંસારત્યાગ સમયે બારમા **તિત્થંકર વાસુપુજ્જે** ઉપયોગમાં લીધેલી પાલખી.[1]

૧. સમ. ૧૫૭

**અગ્ગિઅ** (અગ્નિક) **જમદગ્ગિ**નું બીજું નામ.[1]

૧. આવચૂ. ૧. પૃ. ૫૧૮, આવહ. પૃ. ૩૯૧.

**અગ્ગિઉત્ત**(અગ્નિપુત્ર) **જંબૂદીવ**માં આવેલા **એરવય**(૧) ક્ષેત્રમાં વર્તમાન **ઓસપ્પિણી**ના તેવીસમા **તિત્થંકર**.[1] તે **અગ્ગિદત્ત**(૨) નામે પણ જાણીતા છે.[2]

૧. સમ. ૧૫૯, સમઅ. પૃ. ૧૫૯
૨. તીર્થો. ૩૩૪.

**અગ્ગિકુમાર**(અગ્નિકુમાર) **ભવણવઇ** દેવોના દસ વર્ગોમાંનો એક વર્ગ.[1] તેમને રહેવા માટે છોત્તેર લાખ મહેલો છે.[2] **અગ્ગિસિહ** દક્ષિણના દેવોનો ઇન્દ્ર છે જ્યારે **અગ્ગિમાણવ** ઉત્તરના દેવોનો ઇન્દ્ર છે. બેમાંથી દરેકને ચાર **લોગપાલો** છે - **તેઉ, તેઉસિહ, તેઉકંત** અને **તેઉપ્પભ**.[3] ઇન્દ્ર **સક્ક**(૩)ના આદેશ અનુસાર અગ્ગિકુમારો **તિત્થંકર** વગેરેની ચિતાને આગ લગાવે છે.[4] તેઓ તેના લોગપાલ **સોમ**(૧)ના સીધા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાબામાં છે.[૫]

૧. પ્રજ્ઞા. ૪૬, ઉત્તરા. ૩૬.૨૦૫. ૨. સમ.૭૬ ૩.ભગ. ૧૬૯
૪. જમ્બૂ. ૩૩. ૫. ભગ. ૧૬૫.

**૧. અગ્ગિચ્ચ**(આગ્નેય) **લોગંતિય** દેવોનો એક વર્ગ.[૧]

૧. સ્થા. ૬૮૪, આવચૂ.૧. પૃ. ૨૫૧, વિશેષા.૧૮૮૪, આવનિ. ૨૧૪.

**૨. અગ્ગિચ્ચ કોસિય**(૫) ગોત્રની સાત શાખાઓમાંની એક શાખા.[૧]

૧. સ્થા. ૫૫૧.

**અગ્ગિચ્ચાભ**(આગ્નેયાભ) જ્યાં દેવોનું આયુષ્ય આઠ સાગરોપમ વર્ષનું છે તે સ્વર્ગીય વાસસ્થાન. તે બરાબર **અચ્ચિ** સમાન જ છે.[૧]

૧. સમ. ૮.

**અગ્ગિજ્જોઅ**(અગ્નિદ્યોત) **ચેઈઅ**નો બ્રાહ્મણ જે તેના એક પૂર્વભવમાં **મરીઇ** તરીકે જન્મ્યો હતો.[૧] આ ભવના અંત પછી તે **ઈસાણ**(૨) દેવલોકમાં દેવ તરીકે જન્મ ધારણ કરે છે. ત્યાંથી ચ્યવીને તે **માહણકુંડગામ**ના **ઉસહદત્ત**(૧)ની પત્ની **દેવાણંદા**(૨)ની કૂખમાં આવે છે[૨] અને પછી **મહાવીર** તરીકે જન્મે છે.

૧. આવનિ. ૪૪૨, વિશેષા.૧૮૦૮, આવમ. પૃ. ૨૪૮, આવચૂ. ૧. પૃ. ૨૨૯.
૨. કલ્પવિ.પૃ.૪૩, કલ્પધ. પૃ. ૪૩.

**૧. અગ્ગિદત્ત** (અગ્નિદત્ત) **ભદ્દબાહુ**(૧)ના ચાર શિષ્યોમાંનો એક શિષ્ય.[૧]

૧. કલ્પ. પૃ. ૨૫૫.

**૨. અગ્ગિદત્ત** આ અને **અગ્ગિઉત્ત** એક જ છે.[૧]

૧. તીર્થો.૩૩૪.

**અગ્ગિભીરુ** (અગ્નિભીરુ) **પજ્જોઅ** રાજાનો રથ. તે તેની જાતનો સૌથી શ્રેષ્ઠ રથ હતો. પજ્જોઅની સૌથી કિંમતી વસ્તુઓમાંની એક તે આ રથ હતો.[૧]

૧. આવચૂ.૨. પૃ. ૧૬૦. આવહ. પૃ. ૬૭૨.

**૧. અગ્ગિભૂઇ**(અગ્નિભૂતિ) **મહાવીર**ના બીજા **ગણહર**.[૧] તેમણે મહાવીરને પૂછેલા પ્રશ્નોના ઉલ્લખો છે અને ત્યાં તેમને મહાવીરના કેવળ અંતેવાસી કે અણગાર તરીકે નિર્દેશ્યા છે.[૨] તે **ગોબ્બરગામ**(૧)માં પિતા **વસુભૂઇ**(૧) અને માતા **પુહઈ**(૩)ના પુત્ર તરીકે જન્મ્યા હતા. તેમના સમયના તે મહાન બ્રાહ્મણ વિદ્વાન હતા. તેમને કર્મના અસ્તિત્વ વિશે શંકા હતી. મહાવીરે તેમની શંકા દૂર કરી. તેથી પોતાના પાંચ સો શિષ્યો સાથે તે મહાવીરના શિષ્ય બની ગયા.[૩] ચુંમોતેર વર્ષની ઉંમરે તે મોક્ષ પામ્યા.[૪] ગૃહસ્થ તરીકે ૪૭ કે[૫] ૪૬ વર્ષ, શ્રમણ તરીકે ૧૨ વર્ષ અને કેવલી તરીકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬ વર્ષ તે જીવ્યા.[૬]

૧. કલ્પ (થેરાવલી). ૩, સમ. ૧૧, વિશેષા. ૨૦૧૨, નન્દિ. ગાથા ૨૦, આવનિ. ૫૯૪.
૨. ભગ. ૧૨૬, ૧૨૮-૧૩૦.
૩. આવનિ. ૬૪૪, ૬૪૮, ૬૪૯, ૬૫૩, ૬૫૭, વિશેષા. ૨૨૯૫, ૨૩૯૮, કલ્પવિ. પૃ. ૧૭૯.
૪. સમ. ૭૪.
૫. સમ. ૪૭.
૬. વિશેષા. ૨૫૧૨, ૨૫૧૪, ૨૫૧૬.

**૨. અગ્ગિભૂઈ મંદિર**(૧) વસાહતમાં જન્મેલો માણસ જે **તિત્થયર મહાવીર**નો એક પૂર્વભવ છે અને **મરીઈ**નો એક ઉત્તરભવ છે.[૧]

૧. આવનિ.૪૪૩, વિશેષા. ૧૮૦૯, આવચૂ.૧. પૃ. ૨૨૯-૨૩૦, કલ્પવિ. પૃ. ૪૩, આવમ. પૃ. ૨૪૮.

**અગ્ગિમાણવ** (અગ્નિમાનવ) ઉત્તરના **અગ્ગિકુમાર** દેવોનો ઇન્દ્ર. તેના તાબામાં ચાર લોગપાલો છે. તે આ મુજબ છે. - **તેઉ, તેઉસિહ, તેઉકંત** અને **તેઉપ્પભ.**[૧] **ભૂયાણંદ**(૧)ની પટરાણીઓનાં નામોની બરાબર સમાન નામોવાળી તેને છ પટરાણીઓ છે.[૨]

૧. ભગ. ૧૬૯. ૨. ભગ.૪૦૬, સ્થા. ૫૦૮.

**અગ્ગિમિત્તા** (અગ્નિમિત્રા) **સદ્દાલપુત્ત**(૧)ની પત્ની. તે **મહાવીર**ની ઉપાસિકા બની હતી.[૧]

૧. ઉપા. ૩૯.

**૧. અગ્ગિયઅ** (અગ્નિક) **ઈંદપુર**ના રાજા **ઈંદદત્ત**(૯)નો ગુલામ.[૧]

૧. આવનિ. ૧૨૮૭, ઉત્તરાશા. પૃ. ૧૪૮, આવહ. પૃ. ૭૦૩.

**૨. અગ્ગિયઅ વસંતપુર**(૩)નો બાળક જેને **તાવસ**(૪) **જમ**(૧)એ ઉછેર્યો હતો. તે અને જમદગ્ગિ એક જ વ્યક્તિ છે.[૧]

૧. આવચૂ. ૧. પૃ. ૫૧૮-૫૧૯.

**અગ્ગિલ** (અગ્નિક) અઠ્યાસી ગહોમાંનો એક ગહ(ગ્રહ).[૧]

૧. સૂર્ય.૧૦૭, જમ્બૂ. ૧૭૦, સ્થા. ૯૦, સૂર્યમ. પૃ. ૨૯૫-૨૯૬, જમ્બૂશા. પૃ. ૫૩૪-૩૫, સ્થાઅ. પૃ. ૭૯-૮૦.

**અગ્ગિલ્લ**(અગ્નિક) આ અને **અગ્ગિલ** એક જ છે.[૧]

૧. સ્થા. ૯૦.

**અગ્ગિલ્લઅ** (અગ્નિક) આ અને **અગ્ગિલ્લ** એક જ છે.[૧]

૧. સૂર્ય.૧૦૭, સ્થાઅ.પૃ.૭૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. **અગ્ગિવેસ** (અગ્નિવેશ્મન્ અથવા અગ્નિવેશ્ય અથવા અગ્નિવેશ) દરેક પખવાડિયાની ચૌદશ.[૧]

૧. જમ્બૂ ૧૫૨, સૂર્ય. ૪૮.

૨. **અગ્ગિવેસ** દિવસ અને રાતના ત્રીસ મુહુત્તોમાંનું એક **મુહુત્ત**. આ અને **અગ્ગિવેસાયણ**(૧) એક જ છે.

૧. જમ્બૂ ૧૫૨, સૂર્ય. ૪૭, સમ. ૩૦.

૩. **અગ્ગિવેસ કત્તિયા** નક્ષત્રનું ગોત્રનામ.[૧]

૧. સૂર્ય. ૫૦, સૂર્યમ. પૃ. ૧૫૧, જમ્બૂ. ૧૫૯.

૪. **અગ્ગિવેસ** આ અને **અગ્ગિવેસાણ** એક જ છે.[૧]

૧. વિશેષા. ૨૫૧૧.

**અગ્ગિવેસાણ**(અગ્નિવેશ્યાયન) **તિત્થયર મહાવીર**ના પાંચમા ગણહર **સુહમ્મ**(૧)નું ગોત્રનામ. આ ગોત્ર **અગ્ગિવેસ**(૪) અને **અગ્ગિવેસાયણ**(૨)ના નામે પણ ઓળખાય છે.[૧]

૧. નન્દિ. ગાથા ૨૩, નન્દિમ. પૃ. ૪૮, વિશેષા. ૨૫૧૧, કલ્પ. ૨૪૯, આવનિ. ૬૫૦.

૧. **અગ્ગિવેસાયણ** (અગ્નિવેશ્યાયન) દિવસ અને રાતના ત્રીસ મુહુત્તોમાંનું એક **મુહુત્ત**.[૧] આ અને **અગ્ગિવેસ**(૨) એક જ છે.

૧. સમ. ૩૦.

૨. **અગ્ગિવેસાયણ** આ અને **અગ્ગિવેસાણ** એક જ છે.[૧]

૧. કલ્પ. ૨૪૯.

૩. **અગ્ગિવેસાયણ તિત્થયર પાસ**(૧)ની પરંપરાના એક શ્રમણ. પછીથી તે ગોસાલના શિષ્ય બન્યા.[૧]

૧. ભગ. ૫૩૯.

**અગ્ગિસપ્પભા** (અગ્નિસપ્રભા) **તિત્થયર વાસુપુજ્જે** ઉપયોગમાં લીધેલી પાલખી.[૧]

૧. સમ. ૧૯૭.

**અગ્ગિસિહ** (અગ્નિશિખ) દક્ષિણના **અગ્ગિકુમાર** દેવોનો ઇન્દ્ર. તેના તાબામાં ચાર **લોગપાલ** છે. તે છે – **તેઉ**, **તઉસિહ**, **તેઉકંત** અને **તેઉપ્પભ**.[૧] તેને છ પટરાણી છે. તેમનાં નામો **ધરણ**(૧)ની રાણીઓનાં નામોને બરાબર મળતાં છે.[૨]

૧. ભગ. ૧૬૯. ૨. ભગ. ૪૦૬, સ્થા. ૫૦૮.

**અગ્ગિસીહ** (અગ્નિસિંહ) વર્તમાન **ઓસપ્પિણી**ના સાતમા **વાસુદેવ**(૧) **દત્ત**(૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સાતમા **બલદેવ**(૨) **નંદણ**(૧)ના પિતા.[1]

૧. સમ.૧૫૮, તીર્થો. ૬૦૨-૩, આવનિ. ૪૧૧. સ્થા. ૬૭૨.

**૧. અગ્ગિસેણ** (અગ્નિસેન) **જંબૂદીવ**ના **એરવય**(૧) ક્ષેત્રમાં વર્તમાન **ઓસપ્પિણી**ના ત્રીજા **તિત્થંકર**.[1]

૧. સમ. ૧૫૯, તીર્થો. ૩૧૬, ૫૩૬, ૫૫૪.

**૨. અગ્ગિસેણ એરવય**(૧) ક્ષેત્રમાં વર્તમાન **ઓસપ્પિણી**ના બાવીસમા **તિત્થયર**.[1] તે **હરિવંસ**(૧)ના હતા.[2]

૧. સમ. ૧૫૯, તીર્થો. ૩૩૩, ૫૪૫. તે મહાસેન નામે પણ જાણીતા છે.- સમઅ. પૃ. ૧૫૯.

૨. તીર્થો. ૩૮૨.

**૧. અગ્ગુજ્જાણ** (અગ્રઉદ્યાન) **મિહિલા**નું અગ્ર ઉદ્યાન જ્યાં લગ્ન માટે **મલ્લિ**(૧)નો હાથ માગવા **જિયસુત્ત**(૨) વગેરે રાજાઓના રાજદૂતોએ પોતપોતાના રાજા સાથે પડાવ નાખ્યો હતો.[1]

૧. જ્ઞાતા. ૭૫.

**૨. અગ્ગુજ્જાણ અટ્ઠિયગામ**નું અગ્ર ઉદ્યાન જ્યાં **શૂલપાણિ**(૨) રહેતો હતો.[1]

૧. આવમ. પૃ. ૨૬૮.

**અગ્ગેણિય** (અગ્રાયણીય) આ અને **અગ્ગાણીય** એક જ છે.[1]

૧. સમ. ૧૪.

**અગ્ગેણીય** (અગ્રાયણીય) આ અને **અગ્ગાણીય** એક જ છે.[1]

૧. આવચૂ.૧. પૃ. ૬૦૦, નન્દિચૂ. પૃ. ૭૪-૭૫, નન્દિહ. પૃ. ૮૮. સમ. ૧૪૭.

**અગ્ગેય** (આગ્નેય) **વચ્છ**(૪) ગોત્રની એક શાખા.[1]

૧. સ્થા. ૫૫૧.

**અગ્ઘકંડ** (અર્ઘકાણ્ડ) મૂલ્યના ભવિષ્યકથનની વિદ્યા વિશેનો ગ્રન્થ.[1]

૧. નિશીચૂ. ૩. પૃ. ૪૦૦, મનિ. પૃ. ૫૧.

**અચંકારિયભટ્ટા** (અત્યહઙ્કારિભટ્ટા) આ અને **અચ્ચંકારિયભટ્ટા** એક છે.[1]

૧. કલ્પચૂ. પૃ. ૯૯.

**૧. અચલ ઉજ્જેણી**ના સમૃદ્ધ વેપારીનો પુત્ર. તેને **મૂલદેવ**(૧) સાથે ઝઘડો થયો હતો કારણ કે ઉજ્જેણીની પ્રસિદ્ધ ગણિકા **દેવદત્તા**(૩) મૂલદેવ(૧) તરફ પક્ષપાત કરતી હતી.[1] જુઓ **મૂલદેવ**(૧).

૧. ઉત્તરાચૂ. પૃ. ૧૧૮, દશચૂ. પૃ. ૧૦૫, ઉત્તરાને. પૃ. ૫૯-૬૫, ઉત્તરાક. પૃ. ૯૦, ઉત્તરાશા. પૃ. ૨૧૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨. અચલ** તિત્થંકર **મલ્લિ**(૧) પોતાના એક પૂર્વભવમાં **મહબ્બલ**(૨) હતા, આ મહબ્બલ(૨)નો મિત્ર તે આ અચલ(૨). આ અચલ અને તેના મિત્ર મહબ્બલે તેમના બીજા મિત્રો સાથે એક જ સમયે સંસાર છોડી દીધો.[૧]

૧. જ્ઞાતા. ૬૪.

**૩. અચલ** (અ) **અંતગડદસા**ના બીજા વર્ગનું પાંચમું અધ્યયન[૧] તેમ જ (આ) પ્રથમ વર્ગનું છઠ્ઠું અધ્યયન.[૨]

૧. અન્ત. ૩. ૨. અન્ત.૧.

**૪. અચલ** બારવઈના રાજા **વણ્હિ**(૧) અને તેની રાણી **ધારિણી**(૫)નો પુત્ર. તે સંસાર છોડી **તિત્થયર અરિટ્ઠણેમિ**નો શિષ્ય બન્યો અને **સેત્તુંજ** પર્વત ઉપર મોક્ષે ગયો.[૧]

૧. અન્ત. ૨-૩, અન્તઅ. પૃ. ૨.

**૫. અચલ વિદેહ**(૧) ક્ષેત્રના નવ **બલદેવો**(૨)માંનો એક બલદેવ. તે **વીતસોગા**ના રાજા **જિયસત્તુ**(૩૫) અને તેની રાણી **મણોહરી**નો પુત્ર હતો.[૧] તેની પટરાણી **ધારિણી**(૧૨) હતી.[૨] તે સંસાર છોડી શ્રમણ બન્યો અને મરીને દેવ થયો.[૩]

૧. આવચૂ. ૧, પૃ.૧૭૭, આવમ. પૃ.૨૨૫. ૨. તીર્થો. ૫૮૮ ૩. આવચૂ. ૧, પૃ.૧૭૭.

**૬. અચલ** વર્તમાન **ઓસપ્પિણી**માં **ભરહ**(૨) ક્ષેત્રમાં થયેલા **વાસુદેવ**(૧) **તિવિટ્ઠ**(૧)નો ભાઈ અને નવ **બલદેવો**(૨)માંનો પ્રથમ બલદેવ. **પોયણપુર**ના રાજા **રિવુપડિસત્તુ** યા **પયાવઈ**(૧) અને રાણી **ભદ્દા**(૨)નો તે પુત્ર હતો. તેની ઊંચાઈ એંસી ધનુષ હતી. તે પોતાના પૂર્વભવમાં **વિસ્સણંદી** હતો. તે ૮૫ લાખ વર્ષો જીવ્યો અને પછી મોક્ષ પામ્યો.[૧] તિલોયપણ્ણત્તિ[૨] અનુસાર તે બીજો બલદેવ હતો.

૧. સમ.૧૫૮, સ્થા.૬૭૨, આવભા.૪૧, વિશેષા. ૧૭૬૬, તીર્થો.૫૭૭,૫૮૦, ૬૦૨,૬૦૬, ૬૧૬, આવચૂ. ૧, પૃ.૨૩૨, આવમ.પૃ.૨૩૭, ૨૪૦,૨૪૯, સમ.૮૦, આવનિ. ૪૦૩-૪૧૪. ૨. ૪.૫૧૭.

**૧. અચલા ણાયાધમ્મકહા**ના પ્રથમ શ્રુતસ્કન્ધના નવમા વર્ગનું સાતમું અધ્યયન.[૧]

૧. જ્ઞાતા. ૧૫૭.

**૨. અચલા સક્ક**(૩)ની આઠ પટરાણીઓમાંની એક પટરાણી. તે પોતાના પૂર્વભવમાં **સાગેય**ના ગૃહસ્થની પુત્રી હતી.[૧] જુઓ **અમલા**(૨).

**અચ્ચંકારિય-ભટ્ટા** (અત્યહઙ્કારિ-ભટ્ટા) **ખિતિપતિટ્ઠિય**(૨)ના **ધણ**(૨) અને **ભદ્દા**(૩૪)ની પુત્રી. તે અત્યંત રૂપાળી હતી. તેનું મૂળ નામ **ભટ્ટા** હતું. લોકો તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અચ્ચંકારિય-ભટ્ટા કહેતા કારણ કે તે અત્યંત અસહિષ્ણુ અને ઉદ્ધત હતી. તે એક પણ કઠોર શબ્દ સહન કરી શકતી નહિ. તેને **જિયસત્તુ**(૨૦)ના મંત્રી **સુબુદ્ધિ**(૭) સાથે પરણાવવામાં આવી. એકવાર સુબુદ્ધિ રાત્રે મોડો આવ્યો. તેણે ઘરનું બારણું ખોલવાનો ઈન્કાર કર્યો. સુબુદ્ધિએ તેને તેની ખરાબ વર્તણૂક માટે ઠપકો આપ્યો. આ તે સહન કરી ન શકી અને શીઘ્ર ઘર છોડી જતી રહી. રસ્તામાં કેટલાક ચોરોએ તેને પકડી અને પછી પોતાના સરદારને સોંપી દીધી. સરદારે તેને પોતાની સાથે લગ્ન કરી લેવા કહ્યું. તેણે સરદારની માગણીનો નિષેધ કર્યો. એટલે સરદારે તેને એક વૈદ્યને વેચી દીધી. વૈદ્યે પણ તેને પોતાની સાથે લગ્ન કરવા કહ્યું. તેણે વૈદ્યની માગણી પણ ન સ્વીકારી. પરિણામે તેને ઘણો ત્રાસ સહન કરવો પડ્યો. છેવટે તેના ભાઈએ તેને છોડાવી અને તેના પતિને સોંપી દીધી. ત્યાર પછી તેણે અભિમાન ન કરવાની અને બડાઈ ન હાંકવાની પ્રતિજ્ઞા કરી.[1]

૧. નિશીભા. ૩૧૯૪-૯૬, નિશીચૂ.૩. પૃ.૧૫૦-૫૧, કલ્પચૂ.૯૯, સૂત્રચૂ.પૃ.૧૦૫, દશાચૂ.પૃ.૬૨, ગચ્છાવા.પૃ.૩૧.

**અચ્ચસણ**(અત્યશન) દરેક પખવાડિયાની બારશ.[1]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય ૪૮.

**અચ્ચાસણ** (અત્યશન) આ અને **અચ્ચસણ** એક જ છે.[1]

૧. સૂર્ય. ૪૮.

**અચ્ચિ** (અર્ચિસ્) **બંભલોઅ**માં **લોગંતિઅ સારસ્સય** દેવોનું નિવાસસ્થાન[1]. આ દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય આઠ સાગરોપમ વર્ષનું છે.[2]

૧. ભગ.૨૪૩,જીવા.૯૯, ૨. સમ. ૮.

**અચ્ચિમાલિ** (અર્ચિર્માલિન્) **લોગંતિઅ આઇચ્ચ** દેવોનું નિવાસસ્થાન.[1] આ દેવો આઠ સાગરોપમ વર્ષ જીવે છે. આ સ્થાન **બંભલોઅ**માં આવેલું છે.[2]

૧. ભગ.૨૪૩. ૨. સમ.૮.

**૧. અચ્ચિમાલી** (અર્ચિર્માલિની) **સૂર**(૧)ની ચાર પટરાણીઓમાંની ત્રીજી.[1]

૧. સૂર્ય.૯૭, જ્ઞાતા.૧૫૫, ભગ.૪૦૬., સ્થા.૨૭૩.

**૨. અચ્ચિમાલી ચંદ**(૧)ની ચાર પટરાણીઓમાંની ત્રીજી.[1]

૧. જ્ઞાતા.૧૫૬,જમ્બૂ.૧૭૦,ભગ.૪૦૬,સૂર્ય.૧૦૬, સ્થા.૨૭૩.

**૩. અચ્ચિમાલી ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના સાતમા વર્ગનું તેમ જ આઠમા વર્ગનું ત્રીજું અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૧૫૫-૫૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. **અચ્ચિમાલી** વેપારીની પુત્રી. મૃત્યુ પછી **સૂર**(૧)ની પટરાણી બને છે. આ અને **અચ્ચિમાલી**(૧) એક જ છે.[1]

૧. જ્ઞાતા.૧૫૫.

૫. **અચ્ચિમાલી** વેપારીની પુત્રી. મૃત્યુ પછી **ચંદ**(૧)ની પટરાણી બને છે. આ અને **અચ્ચિમાલી**(૨) એક જ છે.[1]

૧. જ્ઞાતા. ૧૫૯.

૬. **અચ્ચિમાલી રઈકરગ** પર્વતની દક્ષિણપૂર્વમાં આવેલા એક સ્થાનનું નામ. **સક્ક**(૩)ની રાણી **સઈ**(૧)નું તે પાટનગર છે.[1]

૧. સ્થા.૩૦૭.

**અચ્ચિરાવત્ત**(અર્ચિરાવર્ત) **વેમાણિય** દેવોનું વાસસ્થાન.[1]

૧. જીવા. ૯૯.

૧. **અચ્ચુઅ** (અચ્યુત) બારમો કલ્પ(દેવલોક) છે.[1] તેનો ઈન્દ્ર પણ **અચ્ચુઅ**(૨) નામે ઓળખાય છે.[2] તેમાં એક સો પચાસ સ્વર્ગીય મહેલો છે.[3] તેમની ઊંચાઈ નવ સો યોજન છે.[4] ત્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીસ સાગરોપમ વર્ષ છે. તેમનું જઘન્ય આયુષ્ય એકવીસ સાગરોપમ વર્ષ છે.[5] ઈન્દ્ર અચ્ચુઅના હુકમ તળે દસ હજાર સામાનિક દેવો, તેત્રીસ ત્રાયસ્ત્રિંશક દેવો, ચાર **લોકપાલો**, ત્રણ પરિષદ્, સાત અનીક, સાત અનીકાધિપતિ અને ચાલીસ હજાર આત્મરક્ષક દેવો છે.[6]

૧. પ્રજ્ઞા.૫૧,ભગ.૭૦૩,આચા.૨. ૧૭૮,ઉત્તરા.૩૬.૨૧૦, અનુ.૧૩૯.
૨. પ્રજ્ઞા.૫૩,સ્થા.૯૪,૭૬૯,આવચૂ.૧. પૃ. ૧૪૬.
૩.સમ.૧૦૧.
૪. એજન.૧૧૨, સ્થા. ૫૯૫.
૫. સમ.૧૨૧-૧૨૨, ઉત્તરા. ૩૬.૨૩૨, ભગ.૪૦૪, સમ.૨૨.
૬. જમ્બૂ. ૧૨૧.

૨. **અચ્ચુઅ અચ્ચુઅ**(૧)નો ઈન્દ્ર.[1] જુઓ **અચ્ચુઅ**(૧) પણ.

૧. પ્રજ્ઞા. ૫૩.

**અચ્ચુઅકપ્પ** (અચ્યુતકલ્પ) આ અને **અચ્ચુઅ**(૧) એક જ છે.[1]

૧. આચા.૨.૧૭૮.

**અચ્ચુઆ** (અચ્યુતા) એક દેવી.[1]

૧. આવ.પૃ.૧૯.

**અચ્ચુત** (અચ્યુત) જુઓ **અચ્ચુઅ**(૧).[1]

૧. સમ.૨૧,૨૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અચ્ચુતવડિંસગ** (અચ્ચુતાવતંસક) **અચ્ચુઅ**(૧)માં આવેલું, **પભાસ**(૪) સમાન એક સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સમ.૨૨.

**અચ્ચુત્તરવડિંસગ**(અચ્ચુત્તરાવતંસક) એક સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. જીવા.૯૯, જીવામ. પૃ. ૧૩૮.

**અચ્ચુય** (અચ્યુત) જુઓ **અચ્ચુઅ** (૧)[1] અને (૨)[2].

૧. ભગ. ૪૦૪. ૨. આવહ.પૃ.૧૨૪, આવચૂ.૧.પૃ.૧૪૬

**અચ્ચુયકપ્પ** (અચ્યુતકલ્પ) આ અને **અચ્ચુઅ**(૧) એક જ છે.[1]

૧. તીર્થો. ૨૩૦.

**અચ્ચુયવડિંસય**(અચ્યુતાવતંસક) જુઓ **અચ્ચુતવડિંસગ.**[1]

૧. સમ.૨૨.

૧. **અચ્છ** **મન્દર**(૩) પર્વતનાં સોળ નામોમાંનું એક નામ.[1]

૧. જમ્બૂ ૧૦૯., સમ.૧૬, સૂર્ય.૨૬, સૂર્યમ.પૃ. ૭૮, ભગ. ૫૫૪.

૨. **અચ્છ** **તિત્થયર** **મહાવીર**ના સમયના સોળ જનપદોમાંનું એક જનપદ.[1] તેની એકતા બુલંદશહરની આસપાસના પ્રદેશ સાથે સ્થાપવામાં આવે છે અને કેટલાક કાનપુરની દક્ષિણપશ્ચિમે અને કોશામ્બીની ઉત્તરપશ્ચિમે ગંગા અને યમુના નદીઓ વચ્ચે આવેલા પ્રદેશ સાથે તેની એકતા સ્થાપે છે.[2] જુઓ **અચ્છા** અને **અત્થ** પણ.

૧. ભગ. ૫૫૪.

૨. જુઓ શ્રભમ.પૃ.૩૫૩,૩૮૭,એપિગ્રાફિઆ ઇન્ડિકા. ભા.૧. પૃ.૩૭૯(૧૮૯૨).

**અચ્છંદ** (અચ્છન્દ) આ અને **અચ્છંદગ** એક જ છે.[1]

૧. વિશેષા. ૧૯૧૯, આવનિ. ૪૬૬.

**અચ્છંદઅ** (અચ્છન્દક) આ અને **અચ્છંદગ** એક જ છે.[1]

૧. વિશેષા. ૧૯૧૫.

**અચ્છંદગ** (અચ્છન્દક) **તિત્થયર** **મહાવીર**નાં યશઃકીર્તિની ઈર્ષા કરનારો, **મોરાગ** સન્નિવેશનો એક જ્યોતિષી. એક વાર હાથમાં તણખલું લઈ તે મહાવીર આગળ આવ્યો અને ભવિષ્ય ભાખવાની મહાવીરની શક્તિને પડકારવાના ઇરાદે તેણે મહાવીરને વિચિત્ર પ્રશ્ન પૂછ્યોઃ 'શું હું આ તણખલું તોડી શકીશ કે નહિ ?' મહાવીર ધ્યાનસ્થ હોવાથી, પહેલેથી જ મહાવીરના શરીરમાં પ્રવેશી રહેલા વ્યન્તર **સિદ્ધત્થે** (૮) જવાબ આપ્યો : 'ના, તું નહિ તોડી શકે.' અવધિજ્ઞાનની શક્તિ ધરાવતા **સક્કે**(૩) આ જાણ્યું, તેણે ઝટ પોતાનું વજ્ર છોડ્યું જેનાથી અચ્છંદગની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધી જ આંગળીઓ કપાઈ ગઈ. તેથી અચ્છંદગ તણખલું તોડી શક્યો નહિ અર્થાત્ મહાવીરની ભવિષ્ય જાણવાની શક્તિની વાતને ખોટી પાડી શક્યો નહિ.[1]

1. આવચૂ.૧.પૃ.૨૭૫-૭૬, આવનિ.૪૬૫-૬૬, કલ્પવિ.પૃ.૧૬૨, આવહ.પૃ. ૧૯૩-૧૯૪, આવમ.પૃ.૨૭૦.

**અચ્છરા** (અપ્સરા) **સક્ક**(૩)ની આઠ પટરાણીઓમાંની એક.[1]

1. ભગ. ૪૦૬, સ્થા.૬૧૨.

**અચ્છા** **અચ્છ**(૨)થી ભિન્ન ન જાણતો એક **આરિય**(આર્ય) દેશ.[1] સોળ દેશોમાંના એક દેશ તરીકે અચ્છનો ઉલ્લેખ કરનાર **વિયાહપણ્ણત્તિ**ના પ્રકાશમાં[2] તો **અચ્છ**ની રાજધાની **વરણા** હોવી જોઈએ અને નહિ કે શીલાંકાચાર્ય[3] અને મલયગિરિ[4] ઉલ્લેખે છે તે મુજબ વરણાની રાજધાની અચ્છા.

1. પ્રજ્ઞા.૩૭. 2. ભગ. ૫૫૪. 3. સૂત્રશી.પૃ.૧૨૩. 4. પ્રજ્ઞામ.પૃ.૫૮.

**અચ્છિદ્દ**(અચ્છિદ્ર) **તિત્થયર પાસ**(૧)ની પરંપરાનો શ્રમણ જે પાછળથી **ગોસાલ**નો શિષ્ય બને છે.[1]

1. ભગ. ૫૩૯.

**અચ્છુત્તા** (અસ્પૃષ્ટા) એક દેવી.[1]

1. આવ. પૃ. ૧૯.

**અજિઅ** (અજિત) આ અને **અજિય** એક જ છે.[1]

1. આવનિ.૧૦૮૭, વિશેષા. ૧૭૫૮.

**૧. અજિઆ** (અજિતા) એક દેવી.[1]

1. આવ. પૃ. ૧૯.

**૨. અજિઆ** **ભરહ**(૨)માં થયેલ ચોથા **તિત્થયર અભિણંદણ**ની પ્રમુખ શિષ્યા.

1. સમ.૧૫૭, તીર્થો. ૪૫૭.

**અજિય**(અજિત) **ભરહ**(૨)ના વર્તમાન અવસર્પિણી કાલચક્રના બીજા **તિત્થંકર**.[1] **અઓજ્ઝા**(૨)ના રાજા **જિયસત્તુ**(૧૮) તેમના પિતા હતા. રાણી **વિજયા**(૫) તેમના માતા હતા.[2] તેમની ઊંચાઈ ચાર સો પચાસ ધનુષ હતી.[3] તેમનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો હતો.[4] ઇકોતેર લાખ પૂર્વો જેટલો કાળ ગૃહસ્થજીવન ભોગવ્યા પછી તેમણે એક હજાર પુરુષો સાથે સંસારનો ત્યાગ કર્યો.[5] તે પ્રસંગે તેમણે **સુપ્પભા**(૨) પાલખીનો ઉપયોગ કર્યો. તેમણે સૌપ્રથમ ભિક્ષા **બંભદત્ત**(૨) પાસેથી ગ્રહણ કરી.[6] બાર વર્ષ પછી તેમને કેવલજ્ઞાન થયું.[7] તેમનું પવિત્ર વૃક્ષ સપ્તપર્ણ હતું.[8] તેમને શ્રમણોના નેવું ગણો હતા અને તેમની આજ્ઞામાં નેવું ગણધરો હતા.[9] તેમનું સંપૂર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયુષ્ય બોંતેર લાખ પૂર્વો હતું (૧૮ કુમાર તરીકે, ૫૩ રાજા તરીકે અને ૧ કેવલી તરીકે), આયુ પૂર્ણ થતાં તે મોક્ષ પામ્યા.[10] અજિયના સમયમાં તેજસ્કાય જીવોની તેમજ મનુષ્યોની ઉત્કૃષ્ટ સંખ્યા હતી.[11] તેમની સૌપ્રથમ શિષ્યા **ફગ્ગુ** હતી અને સૌપ્રથમ શિષ્ય **સીહસેણ**(૬) હતો.[12] તેમને એક લાખ સાધુઓ હતા અને ત્રણ લાખ ત્રીસ હજાર સાધ્વીઓ હતી.[13] અજિય પોતાના પૂર્વભવમાં **વિમલ**(૪) હતા.[14]

૧. આવ.પૃ.૪, નન્દિ.ગાથા ૧૮, તીર્થો.૨.
૨. સમ.૧૫૭,આવનિ.૩૨૩,૩૮૫, ૩૮૭, તીર્થો. ૪૬૪.
૩. સમ.૧૦૭, આવનિ.૩૭૮, તીર્થો.૩૬૧.
૪. આવનિ.૩૭૬, તીર્થો. ૩૩૬.
૫. સમ.૭૧, વિશેષાકો.પૃ.૭૮૫, આવનિ.૨૨૪, તીર્થો. ૩૯૧.
૬. સમ.૧૫૭, આવનિ. ૩૨૭.
૭. આવમ. પૃ. ૨૦૫-૨૦૭.
૮. સમ.૧૫૭, તીર્થો. ૪૦૫.
૯. સમ.૯૦, તીર્થો.૪૪૩,આવનિ. ૨૬૬ મુજબ સંખ્યા ૯૫ છે.
૧૦. આવનિ.૨૭૨.૨૭૮,,૩૦૩.
૧૧. વિશેષાકો.પૃ.૨૧૩,આવચૂ.૧.પૃ. ૩૯, ૪૮૭.
૧૨. સમ.૧૫૭,તીર્થો.૪૪૩,૪૫૭.
૧૩. આવનિ. ૨૫૬,૨૬૦.
૧૪. સમ. ૧૫૭.

**અજિયસામિ** (અજિતસ્વામિન્) આ અને **અજિય** એક જ છે.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૯,૪૮૭.

**૧. અજિયસેણ**(અજિતસેન) **સાવત્થી** ગયેલા એક ગુરુ જેમના શિષ્ય **ખુડ્ડગકુમાર** હતા.[1]

૧. આવનિ.૧૨૮૩, આવચૂ.૨. પૃ. ૧૯૧, આવહ. પૃ.૭૦૧.

**૨. અજિયસેણ કોસંબી**ના રાજા. **ધારિણી**(૧૩) તેમની રાણી હતી. તેમને પોતાનો પુત્ર ન હતો, તેથી તેમણે **ધારિણી**(૨૬)નો પુત્ર દત્તક લીધો હતો. કથા આ પ્રમાણે છે. **ઉજ્જેણી**ના રાજા **પજ્જોત**ને બે દીકરા હતા - **પાલઅ**(૨) અને **ગોપાલઅ**. પાલઅને પણ બે પુત્રો હતા - **અવંતિવદ્ધણ** અને **રજ્જવદ્ધણ**. રજ્જવદ્ધણની પત્નીનું નામ હતું ધારિણી(૨૬) અને તેમનો પુત્ર હતો **અવંતિસેણ**. રાજા અવંતિવદ્ધણ પોતાના નાના ભાઈ રજ્જવદ્ધણની પત્ની ધારિણીના મોહક રૂપથી મોહિત થયો અને તેણે ધારિણીને વશ કરવા રજ્જવદ્ધણને મારી નાખ્યો. પોતાના શીલની રક્ષા કરવા ધારિણી ભાગીને કોસંબી ગઈ અને સાધ્વી બની ગઈ. તે વખતે તે ગર્ભવતી હતી એ હકીકત કોઈની આગળ પ્રગટ કરવામાં આવી ન હતી. વખત જતાં તેણે પુત્રને જન્મ આપી નિર્જન સ્થાનમાં ત્યજી દીધો. જેને પુત્ર ન હતો તે રાજા અજિયસેણે બાળકને ત્યાં રહેલું જોયું, તેને ઉપાડી લીધું અને તે તેને પોતાના મહેલે લઈ ગયા. તેણે તેને પોતાના પુત્ર તરીકે દત્તક લઈ લીધું. તેનું નામ **મણિપ્પભ**(૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાખવામાં આવ્યું. વખત જતાં મણિપ્પભ કોસંબીના રાજા થયા અને અવંતિસેણ ઉજ્જેણીના રાજા થયા. રાજા બન્યા પછી કેટલોક કાળ વીત્યે અવંતિસેણે મણિપ્પભ ઉપર લશ્કરી આક્રમણ કર્યું, અને બન્ને વચ્ચે યુદ્ધ થયું. તે વખતે તે બન્નેની માતા સાધ્વી ધારિણીએ તેમની આગળ સત્ય પ્રગટ કર્યું કે તે બન્ને સગા ભાઈઓ છે. પરિણામે તે બન્નેએ યુદ્ધ બંધ કરી સુલેહ કરી લીધી.[૧]

૧. આવચૂ.૨.પૃ.૧૮૯-૯૦, આવહ. પૃ. ૬૯૯.

૩. **અજિયસેણ** વસંતપુર(૩)નો રાજા. ગુણચન્દ્ર અને બાલચન્દ્ર તેના સેવકો હતા. એકવાર રાતે રાજા સાથે બહાર ગયા હતા ત્યારે રસ્તામાં તેમની તલવારો ખોવાઈ ગઈ. તેમણે પૂરેપૂરી શોધ કરી પરંતુ તલવારોનો પત્તો લાગ્યો નહિ. આ પરિસ્થિતિમાં, ગુણચન્દ્રે તલવાર ઉપરના પોતાના માલિકીહક્ક ત્યજી દેવાની પ્રતિજ્ઞા કરી. બાલચન્દ્રે તો પ્રશ્ન યા સમસ્યા એમની એમ રહેવા દીધી. થોડાક દિવસો પછી તલવારો પાછી મળી અને રાજા સમક્ષ રજૂ કરવામાં આવી. રાજાએ બન્ને સેવકોને બોલાવ્યા અને તેમને પોતપોતાની તલવાર પાછી લઈ લેવા જણાવ્યું. બાલચન્દ્રે તો પોતાની તલવાર લઈ લીધી જ્યારે ગુણચન્દ્રે તેને પાછી સ્વીકારવા પોતાની અશક્તિ જાહેર કરી. તેણે રાજાને કહ્યું, "તલવારના ઉપયોગના પરિણામે જન્મતા પાપથી છૂટકારો મેળવવા માટે મેં તેને પાછી પ્રાપ્ત કરવાના મારા હક્કને ત્યજી દીધા છે. આ તલવારની માલિકી હવે મારી નથી." આ સાંભળી રાજા પ્રસન્ન થયા.[૧]

૧. પ્રજ્ઞામ.પૃ.૪૪૧, પ્રજ્ઞાહ. પૃ. ૧૨૭.

૪. **અંજિયસેણ** જંબૂદીવના એરવય(૧) ક્ષેત્રમાં વર્તમાન **ઓસપ્પિણી**માં થયેલા ચોવીસ તિત્થંકરોમાંના નવમા **તિત્થંકર**.[૧] અજિયસેણના બદલે **સયાઉ**(૩)નો પણ ઉલ્લેખ છે.[૨]

૧. સમ. ૧૫૯ ૨. તીર્થો.૩૨૨, સમઅ. પૃ. ૧૫૯.

૫. **અજિયસેણ** જંબૂદીવના ભરહ(૨) ક્ષેત્રમાં અતીત **ઓસપ્પિણી**માં થયેલા ત્રીજા **કુલગર**.[૧] **અમિતસેણ** તેમનું બીજું નામ જણાય છે.[૨] સ્પષ્ટતા માટે **કુલગર** જુઓ.

૧. સમ.૧૫૭. ૨. સ્થા. ૭૬૭.

**અજિયા**(અજિતા) જુઓ **અજિઆ**(૨).[૧]

૧. સમ. ૧૫૭, તીર્થો. ૪૫૭.

**અજ્જ** (આર્ય) શ્રમણશાખાઓનાં અને ગુરુઓ-આચાર્યોનાં નામની પહેલાં જોડવામાં આવતો વિશેષણરૂપ શબ્દ. આવાં કેટલાંક નામો નીચે જણાવેલાં છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અજ્જઇસિવાલિયા** (આર્યર્ષિપાલિતા) અજ્જઇસિવાલિયથી નીકળેલી શ્રમણશાખા.[1] આ શાખા અને ઇસિવાલિયા એક જ છે.[2]

૧. કલ્પ.પૃ.૨૬૧. ૨. કલ્પ(થેરાવલી)૭.

**અજ્જકુબેરી** (આર્યકુબેરી) **કુબેર**(૧)થી શરૂ થયેલી શ્રમણશાખા.[1] આ અને **કુબેરી** એક જ છે.

૧. કલ્પ. પૃ. ૨૬૨. ૨. કલ્પ(થેરાવલી)૭.

**અજ્જજયંતી** (આર્યજયન્તી) **રહ**થી શરૂ થયેલી શ્રમણશાખા.[1]

૧. કલ્પ.પૃ.૨૬૪.

**અજ્જણંદિલખમણ** (આર્યનન્દિલક્ષ્મણ) આ અને **ણંદિલ** એક જ છે.[1]

૧. નન્દિ. ગાથા ૨૯.

**અજ્જણાઇલા** (આર્યનાગિલા) **અજ્જણાઇલ**થી શરૂ થયેલી શ્રમણશાખા. આ શાખા કેવળ **ણાઇલા** નામથી પણ ઓળખાય છે.[1]

૧. કલ્પ.પૃ.૨૫૫.

**અજ્જણાઇલી** (આર્યનાગિલી) **વઇરસેણ**(૩) આચાર્યથી શરૂ થયેલી શ્રમણશાખા. આ શાખા કેવળ **ણાઇલી** નામથી પણ ઓળખાય છે.[1]

૧. કલ્પ.પૃ.૨૬૩.

**અજ્જતાવસી** (આર્યતાપસી) **તાવસી**(૩)થી શરૂ થયેલી શ્રમણશાખા. આ શાખા અને **તાવસી**(૨) એક જ છે.[1]

૧. કલ્પ. પૃ. ૨૫૫.

**અજ્જપઉમા** (આર્યપદ્મા) **પઉમ**(૨)થી શરૂ થયેલી શ્રમણશાખા. આ શાખા કેવળ **પઉમા**(૭) નામે પણ ઓળખાય છે.[1]

૧. કલ્પ. પૃ. ૨૬૪.

**અજ્જમ** (આર્યમન્) **ઉત્તરાફગ્ગુણી** નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.[1]

૧. જમ્બૂ.૧૫૭,૧૭૧.

**અજ્જવજતિ** (આર્યવજ્રિન્) એક શ્રમણ. વીરનિર્વાણ સંવત ૧૩૫૦માં તેમના મરણ પછી **ઠાણ**નો ઉચ્છેદ થશે.[1] જુઓ **વઇર**(૨) અને **અજ્જવયરી** પણ.

૧. તીર્થો. ૮૧૫.

**અજ્જવયરી** (આર્યવજ્રી) **વઇરી** નામની શ્રમણ શાખા અને આ શ્રમણશાખા એક જ છે.[1] જુઓ **અજ્જવજતિ.**

૧. કલ્પ.પૃ.૨૬૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અજ્જા** (આર્યા) સૌમ્ય રૂપવાળી **દુગ્ગા**નું બીજું નામ.[૧]

૧. અનુ.૨૦, અનુહે. પૃ.૨૬.

**અજ્જિયા** (અજિતા) આ અને **અજિઆ**(૨) એક જ છે.[૧]

૧. તીર્થો. ૪૫૭.

**૧. અજ્જુણ**(અર્જુન) **રાયગિહ**નો માળી. તે **અજ્જુણઅ, અજ્જુણઅમાલાગાર** અને **અજ્જુણમાલાર** નામે પણ જાણીતો હતો. **બંધુમતી**(૨)[૧] તેની પત્ની હતી. તે **મુગ્ગરપાણિ** નામના યક્ષની મૂર્તિની પૂજા કરતો હતો. એક દિવસ જ્યારે તે પૂજા કરવામાં લાગેલો હતો ત્યારે પરસ્પરના મિત્રો એવા છ પુરુષોની ટોળકીએ તેની રૂપવતી પત્નીને પકડી લીધી. તેમણે અજ્જુણને દોરડા વડે બાંધીને પછી તેની પત્ની ઉપર બળાત્કાર કર્યો. અજ્જુણ અસહાય બનીને તે ગંદુ દૃશ્ય જોતો રહ્યો. તે તે ઘટના ઉપર વિચાર કરવા લાગ્યો અને તેને લાગ્યું કે આ પ્રદેશમાં ખરેખર યક્ષ જેવું કંઈ છે જ નહિ; જો ખરેખર યક્ષ હોત તો આ ઘટના બની જ ન હોત. અજ્જુણનો ભાવ જાણીને યક્ષ તેના શરીરમાં પ્રવેશ્યો અને એકાએક દોરડાના ટુકડેટુકડા થઈ ગયા. તેણે મૂર્તિના હાથમાંથી મુદ્ગર લઈને બંધુમતી સહિત સાતે જણને મારી નાખ્યા. હવે તો દરરોજ એક સ્ત્રી સહિત સાત જણને મારી નાખવાની તેને આદત પડી ગઈ. લોકોએ તે માર્ગેથી પસાર થવાનું બંધ કરી દીધું. એક વાર **મહાવીર** રાયગિહ નગરની બહાર આવી ચડ્યા. મહાવીરના દર્શન કરવા જનારને અજ્જુણે રોકેલા રસ્તેથી જ જવું પડે તેમ હતું. ચારે તરફથી તે રસ્તે ન જવાની વિનંતીઓ અને પ્રતિબંધોને ગણકાર્યા વિના મહાવીરના ચુસ્ત ભક્ત **સુદંસણ**(૮) તો મહાવીરના દર્શન કરવા નીકળી પડ્યા. અજ્જુણે સુદંસણને મારવા માટે મુદ્ગર ઉગામ્યું તો ખરું પણ તે અદ્ધર જ રહ્યું, નીચે આવી શક્યું નહિ. આક્રમણ નિષ્ફળ થયું કેમ કે યક્ષે અજ્જુણનું શરીર છોડી દીધું હતું. સુદંસણથી અત્યંત પ્રભાવિત થયેલો અજ્જુણ પણ સુદંસણની સાથે મહાવીર પાસે ગયો, મહાવીરનો ઉપદેશ સાંભળી તેણે સંસાર છોડ્યો અને છેવટે મોક્ષ પ્રાપ્ત કર્યો.[૨]

૧. ઉત્તરાધ્યયનનિર્યુક્તિમાં ખંદસિરી(૨) નામ છે. જુઓ ઉત્તરાશા. પૃ.૧૧૨.

૨. અન્ત.૧૩, ઉત્તરાશા. પૃ.૧૧૨-૧૩, ઉત્તરાચૂ.પૃ.૭૦, મર. ૪૯૪.

**૨. અજ્જુણ હત્થિણાઉર**ના **પંડુરાય**નો પુત્ર.[૧] તે **કણ્હ**(૧)ની બહેન **રત્તસુભદ્દા**ને પરણ્યો હતો. અભિમન્યુ તેમનો પુત્ર હતો.[૨] **પંડવ** પણ જુઓ.

૧. જ્ઞાતા.૧૧૭, નિશીચૂ.પૃ.૯૩. ૨. પ્રશ્નઅ. પૃ. ૮૯.

**૩. અજ્જુણ સુઘોસ**(૫) નગરનો રાજા. **તત્તવતી** તેની રાણી હતી. **ભદ્દણંદી**(૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમનો પુત્ર હતો.[1]

૧. વિપા.૩૪.

૪. **અજ્જુણ** રૂપસૌન્દર્યના રાગને કારણે જીવ ગુમાવનાર ચોર.

૧. આચાચૂ.પૃ.૧૦૬, આચાશી.પૃ.૧૫૪, વ્યવભા. ૬.૨૧૩.

૫. **અજ્જુણ** **તિત્થયર** **પાસ**(૧)ની પરંપરાનો શ્રમણ જે પાછળથી **ગોસાલ**નો શિષ્ય બન્યો. તેનું પૂરું નામ છે **અજ્જુણ ગોમાયુપુત્ત**.[1]

૧. ભગ.૫૩૯.

૬. **અજ્જુણ** છઠ્ઠું મૃત શરીર જેમાં **ગોસાલ**ના આત્માએ પ્રવેશ કર્યો હતો તે આ અજ્જુણનું હતું. આ અજ્જુણનું પૂરું નામ **અજ્જુણ ગોયમપુત્ત** હતું.[1]

૧. ભગ. ૫૫૦.

**અજ્જુણઅ**(અર્જુનક) આ અને **અજ્જુણ**(૧) એક જ છે.[1]

૧. ઉત્તરાચૂ. પૃ. ૭૦, અન્ત.૧૩.

**અજ્જુણઅમાલાગાર** (અર્જનકમાલાકાર) આ અને **અજ્જુણ**(૧) એક જ છે.[1]

૧. અન્ત.૧૩.

**અજ્જુણગ** (અર્જુનક) જુઓ **અજ્જુણ**(૧).[1]

૧. ઉત્તરાનિ.પૃ.૧૧૨.

**અજ્જણગ ગોયમપુત્ત** (અર્જુનક ગૌતમપુત્ર) આ અને **અજ્જુણ**(૬) એક છે.[1]

૧. ભગ. ૫૫૦.

**અજ્જુણ ગોમાયુપુત્ત** (અર્જુન ગોમાયુપુત્ર) **અજ્જુણ**(૫)નું પૂરું નામ.[1]

૧. ભગ. ૫૩૯.

**અજ્જુણ ગોયમપુત્ત** (અર્જુન ગૌતમપુત્ર) **અજ્જુણ**(૬)નું પુરું નામ.[1]

૧. ભગ. ૫૫૦.

**અજ્જુણમાલાગાર** (અર્જુનમાલાકાર) આ અને **અજ્જુણ**(૧) એક જ છે.[1]

૧. અન્ત.૧૩.

**અજ્જુણય** (અર્જુનક) આ અને **અજ્જુણ**(૪) એક જ છે.[1]

૧. આચાચૂ.પૃ.૧૦૬.

**અજ્જુણયચોર** (અર્જુનકચૌર) આ અને **અજ્જુણ**(૪) એક જ છે.[1]

૧. આચાચૂ. પૃ.૧૦૬.

**અજ્જુણ્ણ** (અર્જુન) આ અને **અજ્જુણ**(૫) એક જ છે.[1]

૧. ભગ.૫૩૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અજ્જુણગોમાયુપુત્ત** (અર્જુનગોમાયુપુત્ર) આ અને **અજ્જુણ**(૫) એક જ છે.[૧]

૧. ભગ. ૫૩૯.

**અજ્જુણરાયા** (અર્જુનરાજા) આ અને **અજ્જુણ**(૩) એક જ છે.[૧]

૧. વિપા. ૩૪.

**અજ્ઝલ** એક **અણારિય**(અનાર્ય) દેશ.[૧] **જલ્લ** નામે પણ તેનો ઉલ્લેખ છે.[૨]

૧. પ્રજ્ઞા. ૩૭. ૨. પ્રશ્ન.૪.

**અટ્ટણ ઉજ્જેણી**નો મલ્લ. **સોપારગ**ના રાજા **સીહગિરિ**(૨) દર વર્ષે મલ્લકુસ્તીની સ્પર્ધા યોજતા હતા. જીતનારને વિજયધ્વજ સાથે મોટો ધનરાશિ મળતો. અટ્ટણ દર વર્ષે સ્પર્ધામાં ભાગ લેતો અને દર વર્ષે જીતતો અને ઈનામ મેળવતો. આને સીહગિરિએ પોતાનો માનભંગ ગણ્યો. તેને અપમાન લાગ્યું. દરેક વર્ષે પોતાના રાજ્યની બહારની વ્યક્તિ જીતીને ઈનામ લઈ જાય તે તેને ગમ્યું નહિ. અટ્ટણના હરીફ તરીકે તેણે પોતાનો મલ્લ તૈયાર કર્યો. પછીના વર્ષે જ્યારે સ્પર્ધા થઈ ત્યારે અટ્ટણ હાર્યો. તેનો બદલો લેવા, સીહગિરિ રાજાના મલ્લને હરાવવા માટે અટ્ટણે બીજા મલ્લને તૈયાર કરવાની યોજના બનાવી. સોપારગથી **સુરટ્ઠ** જતાં **ભરુયચ્છ** પાસે એક હાથે હળ ચલાવતા અને બીજા હાથે કપાસ વીણતા **ફલિહમલ્લ** નામના ખેડૂતને તેણે જોયો. તેનાથી તે ખૂબ પ્રભાવિત થયો. તે તેને ઉજ્જેણી લઈ ગયો. ત્યાં તેણે તેને મલ્લકુસ્તીની કળા શીખવી તાલીમ આપી. પછીના વર્ષે અટ્ટણના શિષ્ય બનેલા નવા મલ્લે રાજા સીહગિરિના મલ્લને હરાવ્યો.[૧]

૧. આવનિ.૧૨૭૪,આવચૂ.૨.પૃ.૧૫૨,ઉત્તરાચૂ.પૃ.૧૦૯, ઉત્તરાશા.પૃ.૧૯૨, આવહ.પૃ.૬૬૫.

**અટ્ટણમલ્લ** આ અને **અટ્ટણ** એક જ છે.[૧]

૧. આવચૂ.૨, પૃ. ૧૫૨.

**અટ્ઠવિહા-ગણિસંપયા** (અષ્ટવિધા-ગણિસમ્પદા) **આયારદસા**નું ચોથું અધ્યયન.[૧]

૧. સ્થા.૭૫૫.

**અટ્ઠાવઅ** (અષ્ટાપદ) જુઓ **અટ્ઠાવય**.[૧]

૧. આવનિ.૩૩૮, જમ્બૂ.૭૦.

**અટ્ઠાવય**(અષ્ટાપદ) એક પવિત્ર પર્વત જ્યાં **તિત્થયર ઉસહ**(૧) ગયા હતા[૧] અને મોક્ષ પામ્યા હતા.[૨] **ભરહે**(૧) ત્યા મંદિર નિર્માણ કર્યું હતું[૩] અને તે પણ ત્યાં મોક્ષ પામ્યા હતા.[૪] ઉસહ, તેમના **ગણધરો** અને બીજા શ્રમણોનાં મૃત શરીરોના અંતિમ સંસ્કાર માટેની વ્યવસ્થા **સક્કે**(૩) કરી હતી અને તેણે ત્યાં ત્રણ સ્તૂપો ઊભા કર્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતા.[૫] **ગોયમ**(૧) **ઈંદભૂઈ** મંદિરને વંદન કરવા ત્યાં ગયા હતા.[૬] તે દર્શનશુદ્ધિ પામવામાં સહાય કરે છે.[૭] કૈલાશ પર્વત સાથે તેની એકતા સ્થાપવામાં આવી છે.[૮]

૧. આવનિ.૩૩૮,૪૩૪,આવચૂ.૧. પૃ. ૨૦૯, સૂત્રનિ.૩૯,બૃભા. ૪૭૭૯-૮૬, વિશેષા.૧૭૧૮.
૨. કલ્પ.૨૨૭,જમ્બૂ.૩૩,આવનિ. ૩૦૭, ૪૩૫, આવચૂ.૧. પૃ. ૨૨૩,૨૨૮, તીર્થો. ૫૫૧, વિશેષા.૧૭૦૨, ૧૭૯૮-૯૯.
૩. આવચૂ.૧.પૃ.૨૨૩,ઉત્તરાક. પૃ. ૩૧૬.
૪. જમ્બૂ. ૭૦.
૫. કલ્પવિ. પૃ.૨૪૪.
૬. ભગઅ.પૃ.૬૪૭,ઉત્તરાશા.પૃ.૩૨૫
૭. આચાનિ. પૃ.૩૧૨, ૪૧૮.
૮. જિઓડિ.પૃ.૮૩.

**અટ્ઠિઅગ્ગામ** (અસ્થિકગ્રામ) આ અને **અટ્ઠિયગામ** એક જ છે.[૧]

૧. આવનિ.૪૬૪.

**અટ્ઠિયગામ** (અસ્થિકગ્રામ) જ્યાં યક્ષ **સૂલપાણિ**(૨)ના ચૈત્યમાં **તિત્થયર મહાવીરે** પ્રથમ વર્ષાવાસ કર્યો હતો તે સ્થળ.[૧] **ઈંદસમ્મ** આ યક્ષનો ભક્ત હતો.[૨] મૂળે આ સ્થળ **વદ્ધમાણ**(૨) નામે પ્રસિદ્ધ હતું પરંતુ પછીથી સૂલપાણિ યક્ષે મારી નાખેલા ત્યાંના રહેવાસી માણસોના હાડકાંના ઢગલાઓ ઉપરથી તેનું નામ અટ્ઠિયગામ પડી ગયું.[૩] ચૈત્ય નિર્માણ કરી યક્ષને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. પોતાની સમતા અને શાન્ત સહિષ્ણુતા દ્વારા મહાવીરે યક્ષે કરેલા સઘળા ઉપદ્રવોને શમાવી નિષ્ફળ બનાવી દીધા અને પછી તેમને દસ મહાન શુભસૂચક સ્વપ્નો આવ્યાં.[૪] આ સ્થળ **વેગવઈ** નદીના કિનારે આવેલું હતું.[૫] રાજા **જિયસત્તુ**(૩)એ મહાવીર અને **ગોસાલ**ને **લોહગ્ગલ**(૨)માં કેદમાં રાખેલા, તે કેદમાંથી તેમને મુક્ત કરાવવામાં સહાય કરનાર **ઉપ્પલ**(૨) અટ્ઠિયગામનો હતો.[૬] અટ્ઠિયગામ **મોરાગ**થી બહુ થોડા અંતરે આવેલું જણાય છે.[૭] પાલિ ગ્રન્થોમાં ઉલ્લેખાયેલું હત્થિગામ અને આ અટ્ઠિયગામ એક જ લાગે છે. બિહારમાં આવેલા વર્તમાન હથુવાની આઠ માઈલ પશ્ચિમે જે શિવપુર કોઠી છે તેની પાસે આવેલ સ્થળ હાથીખાલ સાથે અટ્ઠિયગામની એકતા સ્થાપવામાં આવી છે.[૮]

૧. ભગ.૫૪૧, કલ્પ.૧૨૨, આવનિ. ૪૬૪, આવમ.૨૬૮,૨૮૪, સ્થાઅ. પૃ.૫૦૧.
૨. આવનિ.૨૬૪,આવચૂ.૧.પૃ. ૨૭૨, વિશેષા.૧૯૧૪.
૩. આવચૂ.૧. પૃ.૨૭૨, વિશેષા.૧૯૧૪, કલ્પવિ. પૃ. ૧૬૦, કલ્પશા. પૃ.૧૩૮, આવહ. પૃ. ૧૮૯, આવમ. પૃ.૨૬૮.
૪. સ્થાઅ.પૃ.૫૦૧, સમઅ.પૃ.૧૮, કલ્પવિ. પૃ.૧૬૦.
૫. આવનિ. ૪૬૪.
૬. આવચૂ.૧.પૃ.૨૯૪,કલ્પધ.પૃ.૧૦૭.
૭. કલ્પવિ. પૃ. ૧૬૦.
૮. સંનિ.પ્રસ્તાવના, પૃ. ૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અટ્ઠિયગ્ગામ** (અસ્થિકગ્રામ) આ અને **અટ્ઠિયગામ** એક જ છે.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૯૪, વિશેષા. ૧૯૧૪.

**અટ્ઠિસેણ** (અસ્થિસેન) **વચ્છ**(૪) ગોત્રની સાત શાખાઓમાંની એક શાખા.[1]

૧. સ્થા. ૫૫૧.

**અડંબ** (અદમ્બ) **તિત્થયર ઉસહ**(૧) જ્યાં ગયા હતા તે દેશ.[1]

૧. આવનિ.૩૩૬, વિશેષા. ૧૭૧૬.

**અડંબર** (અડમ્બર) આ અને **આડંબર** એક જ છે.[1]

૧. આવચૂ.૨. પૃ. ૨૨૭.

**અડોલિયા** (અડોલિકા) **ઉજ્જેણી**ના રાજા **ગદ્દભ**(૧)ની બહેન અને **જવ**(૧)ની દીકરી. તેના અજોડ રૂપલાવણ્યથી આકર્ષાઈને ગદ્દભ તેની સાથે કામચેષ્ટાઓ કરતો હતો.[1]

૧. બૃભા. ૧૧૫૫, બૃક્ષે. ૩૫૯-૩૬૦.

૧. **અણંગ**(અનઙ્ગ) **આણંદપુર**ના રાજા **જિંતારિ**(૧) અને તેની રાણી **વીસત્થા**નો પુત્ર. બાળપણમાં તે નેત્રકંટકથી પીડાતો હતો. તેની પીડા શમાવવા તેની માતા તેને પોતાના ખુલ્લા સાથળો વચ્ચે હળવેકથી દબાવતી. આ ક્રિયામાં તેમનાં જનનાંગો એકબીજાને સ્પર્શતાં અને સંયોગ પામતાં, અણંગને આમાંથી આનંદ મળતો અને છાનો રહેતો. આ વૃત્તિ વધતી ગઈ, તે એટલી હદે વધી ગઈ કે જિતારિના મૃત્યુ પછી તે બન્ને અર્થાત્ દીકરો અને માતા પતિ-પત્ની તરીકે જીવ્યા. આ તીવ્ર કામેચ્છાનું ઉદાહરણ છે.[1]

૧. બૃભા.૫૨૧૮-૫૨૨૦, નિશીચૂ. ૩. પૃ. ૨૬૮, ગચ્છાવા.પૃ.૨૬.

૨. **અણંગ** આ અને **અણંગપવિટ્ઠ** એક જ છે.[1]

૧. અનુ. ૩-૪, આવચૂ. ૧.પૃ.૮, વિશેષા. ૫૩૦.

૩. **અણંગસેણ** (અનઙ્ગસેન) **ચંપા**નો સોની કે જે **કુમારણંદી** તરીકે પણ ઓળખાતો હતો. તે રૂપાળી કન્યાઓનો શોખીન હતો. ગમે તેટલો મોટો ધનરાશિ આપવો પડે તો તે આપીને પણ તેમને પરણતો. આમ તેણે પાંચ સો કન્યાઓ સાથે લગ્ન કર્યા હતા. એક વાર **પંચસેલ** દ્વીપના યક્ષ **વિજ્જુમાલિ**ની બે વિધવાઓ **હાસા**(૨) અને **પહાસા**ને તેણે જોઈ. તેમના ઉપર મોહિત થયેલો તે પંચસેલ દ્વીપે ગયો જ્યાં તે મૃત્યુ પામ્યો અને પુનર્જન્મમાં તે હાસા અને પહાસાનો પતિ બન્યો.[1]

૧. નિશીચૂ.૩. પૃ. ૧૪૦-૪૧,૨૬૯, બૃભા.૫૨૨૫, આવચૂ.૧.પૃ.૩૯૭થી આગળ, બૃક્ષે. ૭૦૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અણંગસેણા** (અનઙ્ગસેના) **વાસુદેવ**(૨) **કણ્હ**(૧)ના સમયમાં બારવઈની પ્રમુખ ગણિકા.[1]

૧. જ્ઞાતા.૫૨, અન્ત.૧, આવચૂ.૧. પૃ.૩૫૬, નિર.૫૨૧.

**અણંત**(અનન્ત) વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં થયેલા ચૌદમા **તિત્થંકર.**[1] તે **અણંતઈ** નામે પણ જાણીતા હતા.[2] **અઓજ્ઝા**(૨)ના રાજા **સીહસેણ**(૫) તેમના પિતા હતા અને **સુજસા**(૧) તેમની માતા હતી.[3] તેમની ઊંચાઈ પચાસ ધનુષ હતી.[4] તેમનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો હતો.[5] એક હજાર પુરુષો સાથે તેમણે સંસારનો ત્યાગ કર્યો. આ પ્રસંગે તેમણે **પંચવણ્ણા** પાલખીનો ઉપયોગ કર્યો. **વદ્ધમાણ**(૨) નગરના **વિજય**(૧૦) તેમને સૌપ્રથમ ભિક્ષા આપી.[6] તેમની આજ્ઞામાં શ્રમણોના ચોપ્પન ગણો હતા અને દરેક ગણને પોતાનો એક **ગણધર** હતો. આમ તેમના ચોપ્પન ગણધરો હતા.[7] આ ગણધરોની નીચે કુલ છાસઠ હજાર શ્રમણો હતા અને કુલ એક લાખ આઠ સો શ્રમણીઓ હતી.[8] **જસ**(૧) તેમના પ્રથમ ગણધર હતા[9] અને **પઉમા**(૨) તેમની પ્રમુખ શિષ્યા હતી.[10] અશ્વત્થ તેમનું પવિત્ર વૃક્ષ હતું.[11] તેમનું કુલ આયુષ્ય ત્રીસ લાખ વર્ષનું હતું. તેમાંથી સાત લાખ પચાસ હજાર વર્ષ તે કુમાર તરીકે જીવ્યા અને પંદર લાખ વર્ષ તે રાજા તરીકે જીવ્યા.[12] અણંત તેમના પૂર્વભવમાં **માહિંદર** હતા.[13]

૧. સમ.૧૫૭, નન્દિ.ગાથા ૧૯, આવ. પૃ.૪, વિશેષા.૧૭૫૮, તીર્થો.૩૨૭, સ્થા. ૪૧૧.
૨. તીર્થો.૪૭૭, આવનિ.૩૭૧, વિશેષા.૧૭૫૯.
૩. સમ.૧૫૭, આવનિ.૩૮૬, ૩૮૮, તીર્થો. ૪૭૭.
૪. સમ.૫૦, આવનિ.૩૭૯, તીર્થો. ૩૬૩.
૫. આવનિ.૩૭૭, તીર્થો.૩૪૫.
૬. સમ.૧૫૭, આવનિ.૨૨૫, તીર્થો.૩૯૨.
૭. સમ.૫૪, તીર્થો.૪૫૦ અને આવનિ.૨૬૮ તેમની સંખ્યા પચાસ આપે છે.
૮. આવનિ.૨૫૬થી આગળ.
૯. સમ.૧૫૭, તીર્થો. ૪૫૦.
૧૦. તીર્થો.૪૬૦, સમ.૧૫૭.
૧૧. સમ.૧૫૭.
૧૨. આવનિ ૨૭૨-૩૦૫.
૧૩. સમ.૧૫૭.

**અણંતઈ** (અનન્તજિત્) **અણંત**નું બીજું નામ.[1]

૧. આવનિ.૩૭૧, વિશેષા.૧૭૫૯, તીર્થો. ૪૭૭.

**અણંતપાસિ** (અનન્તદર્શિન્) જુઓ **અણંતવિજય**(૨).[1]

૧. તીર્થો.૧૧૨૦.

**અણંતય** (અનન્તક) **જમ્બૂદીવ**ના **એરવય**(૧) ક્ષેત્રમાં વર્તમાન **ઓસપ્પિણી**માં થયેલા ચૌદમા **તિત્થંકર.**[1] ટીકાકાર અભયદેવ પ્રમાણે તેમનું બીજું નામ સિંહસેન છે.[2]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તિત્થોગાલી** અનુસાર તેમનું નામ **સંજમ**(૨)[૩] તેમ જ **અસંજલ**[૪] છે.

૧. સમ.૧૫૯. ૨.સમઅ.પૃ.૧૫૯. ૩.તીર્થો.૩૨૭. ૪. તીર્થો. ૩૫૧.

**અણંતર**(અનન્તર) **વિયાહપણ્ણત્તિ**ના તેરમા શતકનું ત્રીજું ઉદ્દેશક.[૧]

૧. ભગ.૪૭૦.

**૧. અણંતવિજય**(અનન્તવિજય) **ભરહ**(૨) ક્ષેત્રના ભાવી ચોવીસમા **તિત્થંકર**.[૧]

૧. સમ.૧૫૮, તીર્થો.૧૧૧૪.

**૨. અણંતવિજય જંબૂદીવ**ના **એરવય**(૧) ક્ષેત્રના ભાવી વીસમા **તિત્થંકર**.[૧] **તિત્થોગાલી**માં તેમનું નામ **અણંતપાસિ** આપ્યું છે.[૨]

૧. સમ. ૧૫૯. ૨. તીર્થો.૧૧૨૦.

**અણંતવીરિય** (અનન્તવીર્ય) **હત્થિણાપુર**ના રાજા **કત્તવીરિય**(૧)ના પિતા. તે **મિગકોટ્ઠગ**ના રાજા **જિયસત્તુ**(૨૯)ના જમાઈ હતા. પોતાની સાળી **રેણુગા**, જે **જમદગ્ગિ**ની પત્ની અને **પરસુરામ**ની માતા હતી તેની સાથે અણંતવીરિયે સંભોગ કર્યો હતો. આનાથી ક્રુદ્ધ થઈને પરસુરામે રેણુગા અને અણંતવીરિય બન્નેને હણી નાખ્યા.[૧]

૧. આવચૂ.૧.પૃ.૫૨૦,આચાચૂ.પૃ.૪૯,સૂત્રશી.પૃ.૧૭૦,આચાશી.પૃ.૧૦૦, આવહ.પૃ.૩૯૨.

**૧. અણંતસેણ**(અનન્તસેન) **અંતગડદસા**ના ત્રીજા વર્ગનું બીજું અધ્યયન.[૧]

૧. અન્ત.૪.

**૨. અણંતસેણ ભદ્દિલપુર**ના **નાગ**(૫) પિતા અને **સુલસા**(૧) માતાનો પુત્ર.[૧] બાકીનું બધું **અણીયસ**(૨) પ્રમાણે.

૧. અન્ત.૪.

**૩. અણંતસેણ** ભરહ(૨)માં અતીત **ઓસપ્પિણી**માં થયેલા ચોથા **કુલગર**.[૧] **અતીત** ઉસ્સપ્પિણીના ત્રીજા કુલગર તરીકે પણ તેમનો ઉલ્લેખ થયો છે.[૨] સ્પષ્ટતા માટે જુઓ **કુલગર**.

૧. સમ.૧૫૭. ૨. સ્થા.૭૬૭.

**અણંધ** (અનન્ધ) અંધપુરનો રાજા. તે તે નગરના અંધજનો પ્રત્યે બહુ સહાનુભૂતિ ધરાવતો હતો. તે તેમને બધી જાતની મદદ કરતો અને બધા પ્રકારની સગવડો કરી આપતો. પરિણામે તે અંધજનો સમૃદ્ધ બની ગયા. એક શઠને આ વાતની જાણ થઈ. તે તે નગરના અંધજનોને મળ્યો અને તેણે તેમને કહ્યું, “હું તે પ્રદેશનો છુ જ્યાંના લોકો અને રાજા સુદ્ધાં અંધજનોના ચાહકો છે. તમારે ત્યાં જવું હોય તો હું તમને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધાને ત્યાં લઈ જઈશ." અંધજનો આ જાણી ખુશ થયા. પેલા શઠના નેતૃત્વમાં તેમણે મુસાફરી શરૂ કરી. નિર્જન માર્ગેથી પસાર થતી વખતે શઠે તેમને તેમની પાસે જે કીમતી ચીજો હોય તે તેને સાચવવા આપી દેવા જણાવ્યું જેથી ચોરો તેમને લૂંટી ન લે. અંધજનોએ પોતાની કીમતી ચીજો તેને આપી દીધી. પછી શઠ તે બધી ચીજો લઈ પલાયન કરી ગયો.[૧]

૧. નિશીચૂ.૩.પૃ.૨૬૯, બૃચૂ.પૃ.૧૩૮૯.

**અણક્ક** એક **અણારિય** (અનાર્ય) દેશ અને તેના લોકો.[૧]

૧. પ્રશ્ન.૪, પ્રશ્નઅ.પૃ.૧૫.

**અણગાર** (અનગાર) **વિયાહપણ્ણત્તિ**ના અઢારમા શતકનું આઠમું ઉદ્દેશક.[૧]

૧. ભગ. ૬૧૬.

**અણગારજ્ઝયણ** (અનગારાધ્યયન) **ઉત્તરજ્ઝયણ**નું પાંત્રીસમું અધ્યયન.[૧]

૧. ઉત્તરા. ૩૫.

**અણગારમગ્ગ** (અનગારમાર્ગ) **ઉત્તરજ્ઝયણ**નું પાંત્રીસમું અધ્યયન.[૧]

૧. સમ.૩૬, ઉત્તરાનિ.પૃ.૯.

**અણગારસુય** (અનગારશ્રુત) **સૂયગડ**નું એકવીસમું અધ્યયન.[૧]

૧. સમ.૨૩.

**અણપણ્ણ** (અણપર્ણ) આ અને **અણવણ્ણિય** એક જ છે.[૧]

૧. સ્થા. ૯૪.

**અણલગિરિ** (અનલગિરિ) **પજ્જોત** રાજાનો હાથી.[૧] તે **ણલગિરિ** નામે પણ જાણીતો હતો.[૨]

૧. નિશીચૂ.૩.પૃ.૧૪૫. ૨.આવચૂ.૧.પૃ.૪૦૦.

**અણવ**(ઋણવત) ત્રીસ **મુહુત્ત**માંનું એક મુહુત્ત.[૧] **તટ્ઠવ** તેનું બીજું નામ છે.[૨]

૧. જમ્બૂ. ૧૫૨, સૂર્ય.૪૭. ૨. સમ.૩૦.

**અણવણ્ણ** (અણપર્ણ) આ અને **અણવણ્ણિય** એક જ છે.[૧]

૧. પ્રજ્ઞા. ૪૯.

**અણવણ્ણિય** (અણપર્ણિક) **વાણમંતર** વર્ગના દેવોનો પેટાભેદ. **સામાણ**(૨) અને **સણ્ણિહિય** એ તેમના બે ઇન્દ્રો છે.[૧]

૧. પ્રશ્ન.૧૫, પ્રજ્ઞા.૪૭,૪૯,સ્થા. ૯૪,પ્રશ્નઅ.પૃ.૬૯, ભગ.૪૦૦.

૧. **અણાઢિય**(અનાદૃત) બે સાગરોપમ વર્ષનું આયુષ્ય ધરાવતો દેવ. તે તેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વાભવમાં કાકંદી નગરીનો ગૃહસ્થ હતો. ત્યારે પણ તેનું નામ આ જ હતું.[૧]

૧. નિર. ૩.૧૦.

**૨. અણાઢિય જંબૂદીવ**નો અધિષ્ઠાતા દેવ.[૧] તે **જંબૂસુદંસણા** વૃક્ષમાં વાસ કરે છે.[૨]

૧. જીવા.૧૫૨,૧૭૩. ૨. સ્થા.૭૬૪, ઉત્તરાશા.પૃ.૩૫૨.

**૩. અણાઢિય પુપ્ફિયા**નું દસમું અધ્યયન.[૧]

૧. નિર. ૩.૧.

**અણાઢિયા** (અનાદૃતા) **અણાઢિય**(૨)ની રાજધાની. તે **મંદર**(૩) પર્વતની ઉત્તરે આવેલી છે.[૧]

૧. જમ્બૂ. ૯૦, જીવા. ૧૫૨.

**૧. અણાદિટ્ઠિ** (અનાદૃષ્ટિ) **અંતગડદસા**ના ત્રીજા વર્ગનું તેરમું અધ્યયન.[૧]

૧. અન્ત.૪.

**૨. અણાદિટ્ઠિ બારવઈ**ના રાજા **વસુદેવ** અને તેમની રાણી **ધારિણી**(૪)નો પુત્ર. તે **તિત્થયર અરિટ્ઠનેમિ**નો શિષ્ય બન્યો અને **સેત્તુંજ** પર્વત ઉપર મોક્ષ પામ્યો.[૧]

૧. અન્ત.૭.

**અણાધિટ્ઠિ** (અનાદૃષ્ટિ) આ અને **અણાદિટ્ઠિ**(૨) એક જ છે.[૧]

૧. અન્ત. ૭.

**અણારિય**(અનાર્ય) આર્યન્ અને અન્-આર્યન્ એ બે મનુષ્યજાતિઓમાંની એક.[૧] અણારિય એ અનાર્ય લોકો છે. તેમને **મિલિક્ખુ** પણ કહેવામાં આવે છે.[૨] ક્રૂર સ્વભાવવાળા, પાપી વૃત્તિવાળા અને હિંસક વર્તણૂકવાળા તરીકે તેમનો ઉલ્લેખ છે.[૩] તેઓ મિથ્યાદૃષ્ટિ,[૪] અસંસ્કારી[૫] અને **આરિય**(આર્ય) ભાષાઓ ન જાણનારા[૬] છે. મિલિક્ખુ લોકોના ઘરોમાં પ્રવેશવાનો શ્રમણોને નિષેધ છે.[૭] દીક્ષા લેવામાંથી તેમને રોકવામાં આવે છે, તેમને દીક્ષા લેવાનો પ્રતિબંધ છે.[૮] અણારિય દેશોની નીચે યાદી આપવામાં આવી છે, જેમાંથી ઘણા અણારિય દેશોની કન્યાઓને રાજાઓના અન્તઃપુરોમાં લાવી દાસીઓ તરીકે રાખવામાં આવતી[૯] : **અંગલોઅ, અંદ – અંધ, અંબડ(૧), અક્ખાગ, અજ્ઝલ – જલ્લ, અણક્ક, અરોસ – હારોસ, અલસંડ, આભાસિઅ, આરબ – આલવ, ઈસિણ – ઈસિગિણ – ઈસણ – ઈસિગણ, ઉદ્દ – ઉડ્ડ – ઉદ–ઉદ્દુ, કણવીર, કાય(૨) – ગાય, કાલમુહ, કિરાય – ચિલાય(૧), કુલક્ખ, કુહણ, કેકય – કક્કેય, કોંકણ, કોંચ, કોંબોય, ખરમુહ, ખસ, ખાસિય, ગંધહાર – ગંધાહાર, ગયકણ્ણ, ગયમુહ, ગાય – કાય(૨), ગોંડ – ગોડ – ગોણ, ગોધ, ચંચુય – ચુંચુય – બંધુય, ચિલાય(૧) – કિરાય, ચિલ્લલ – બિલ્લલ, ચીણ,**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચૂલિય – સૂયલિ, જલ્લ – અજ્ઝલ, જવણ, જોણઅ - જોણ્હ, ડોંબિલ – ડોબિલ-દુવિલ, ડોબ – દોબ, ણિણ્ણગ(૨), ણેદૂર – ણેહુર, તિત્તિય, તુરગમુહ, થારુકિણ - થારુગિણ – ધોરુગિણ, દમિલ(૨) – દમીલ – દવિલ, દુવિલ – ડોંબિલ, દોબ – ડોબ, ધોરુગિણ – થારુકિણ, પઉસ– પયાઉસ – પાઉસ – બઉસ, પઓસ, પક્કણ – પક્ખલ, પણ્હવ – પલ્લવ – પલ્હવ, પરિસણ – પારસ, પહલિય – બહલી, પાસ(૨) – માસ, પિક્ખુર, પુક્ખલ – પક્કણ, પુલંદ – પુલિંદ, પોક્કણ – વોક્કાણ, બઉસ – પઉસ, બંધુય – ચંચુય, બબ્બર, બલાયાલોઅ, બહલી – બહલીય – પહલિય, બિલ્લલ, ચિલ્લલ, બોક્કસ(૧), ભડગ, ભમર, ભરુ – રુરુ, ભિલ્લ, મગ્ગર – મહુર(૧), મરહટ્ઠ, મરુગ – મરુય, મલય(૨), માલય – માલવ, માસ – પાસ(૨), મુટ્ઠિઅ, મુરંડ – મુરુંડ(૧), મૂઢ – મોંઢ, મેઢગમુહ, મેત – મેય, રુરુ – ભરુ, રુય (૨), રોમ, રોમક – રોમગ – રોમસ, લઉસ, લઓસ – લવોસ, લાસ – લાસિય – લ્હાસિય, વાસગણ – વાસિઈણ, વોક્કાણ – પોક્કણ, સક – સગ, સબર, સિંઘલ – સિંહલ – સિહલ – સીહલ, સૂયલિ – ચૂલિય, હયકણ્ણ, હયમુહ, હારોસ – અરોસ, હુણ,[10] લાઢ, તંકણ અને ડોંબ.[11]**

૧. સૂત્રશી. પૃ. ૧૨૩.
૨. પ્રજ્ઞા. ૩૭.
૩. પ્રશ્ન. ૪.
૪. ઉત્તરા.૧૮.૨૭.
૫. એજન, ૧૨.૪.
૬. સૂત્રશી. પૃ.૩૪.
૭. ઓઘનિ.૪૪૦.
૮. મનિ.પૃ.૧૩૦.
૯. ભગ.૩૮૧.
૧૦. પ્રશ્ન.૪,પ્રશ્નઅ.પૃ.૧૫,પ્રજ્ઞા.૩૭, સૂત્રશી. પૃ.૧૨૩,ભગ.૩૮૦, ભગઅ.પૃ. ૪૬૦, જ્ઞાતા. ૧૮, જ્ઞાતાઅ.પૃ.૪૧,ઔપ.૩૩, જમ્બૂ. ૪૩,૫૨,જમ્બૂશા. પૃ.૧૯૧, ૨૨૦, નિશીભા.૫૭૨૭, ૫૭૩૧, નિશીચૂ. ૨.પૃ.૪૭૦,૪.પૃ.૧૨૪-૧૨૬, આવચૂ.૧.પૃ.૧૯૧.
૧૧. આવચૂ.૧.પૃ. ૨૯૬,નિશી.૧૪.૨૬, આવચૂ.૧. પૃ.૧૯૩, ભગ.૧૪૩, નિશીચૂ.૨.પૃ.૨૪૩, વ્યવભા. ૩.૯૨.

**અણારિય-વેદ**(અનાર્ય-વેદ) **સુલસા**(૪), યાજ્ઞવલ્ક્ય વગેરેએ રચેલા કૃત્રિમ ખોટા વેદ.[1]

૧. આવચૂ.૧. પૃ. ૨૧૫.

**અણાહપવજ્જા** (અનાથપ્રવ્રજ્યા) **ઉત્તરજ્ઝયણ**નું વીસમું અધ્યયન.[1] **ઉત્તરજ્ઝયણણિજ્જુત્તિ**માં તેનું નામ **ણિયંઠિજ્જ** આપ્યું છે.[2]

૧. સમ.૩૬. ૨. ઉત્તરાનિ. પૃ.૯.

**૧. અણિંદિઆ** અથવા **અણિંદિયા** (અનિન્દિતા) અધોલોકમાં વસતી આઠ પ્રમુખ દિસાકુમારીઓમાંની એક **દિસાકુમારી.**[1]

૧. જમ્બૂ ૧૧૨, તીર્થ.૧૪૪, આવહ. પૃ. ૧૨૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨. અણિંદિઆ** ઊર્ધ્વલોકની આઠ પ્રમુખ દિસાકુમારીઓમાંની એક **દિસાકુમારી**.[૧]

૧. સ્થા.૬૪૩.

**૧. અણિય** (અનિય) **વણ્હિદસા**નું બીજું અધ્યયન.[૧]

૧. નિર. ૫.૧.

**૨. અણિય** બારવઈના **બલદેવ**(૧) અને **રેવઈ**(૩)નો પુત્ર.[૧]

૧. નિર. ૫.૨.

**અણિયટ્ટ** (અનિવૃત્ત) આ અને **અણિયટ્ટિ**(૨) એક જ છે.[૧]

૧. સ્થા.૯૦.

**૧. અણિયટ્ટિ** (અનિવર્તિન્) **ભરહ**(૨) ક્ષેત્રના ભાવી **ઉસ્સપ્પિણી**માં થનારા વીસમા **તિત્થંકર** અને **દીવાયણ**નો ભાવી જન્મ.[૧]

૧. સમ.૧૫૮, તીર્થો.૧૧૧૪.

**૨. અણિયટ્ટિ** (અનિવૃત્તિ) અટ્ઠયાસી ગહોમાંનો એક ગહ જે **અણિયટ્ટ** નામે પણ ઓળખાય છે.[૧]

૧. સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂ.૧૭૦, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬, સ્થાઅ. પૃ.૭૯-૮૦, જમ્બૂશા. પૃ. ૫૩૪-૫૩૫.

**અણિયવટ્ટિ**(અનિવર્તિન્) આ અને **અણિયટ્ટિ**(૧) એક જ છે.[૧]

૧. તીર્થો. ૧૧૧૪.

**અણિયસ** આ અને **અણીયસ**(૨) એક જ છે.[૧]

૧. અન્ત. ૪.

**અણિયાઉત્ત** (અર્ણિકાપુત્ર) એક સન્માનનીય વ્યક્તિ.[૧] જુઓ **અણ્ણિયાપુત્ત** પણ.

૧. આવ. પૃ. ૨૭.

**અણિયોગદાર**(અનુયોગદ્વાર) આ અને **અણુઓગદાર** એક છે.[૧]

૧. આવૂચ.૧.પૃ.૭૯.

**૧. અણિરુદ્ધ અંતગડદસા**ના ચોથા વર્ગનું આઠમું અધ્યયન.[૧]

૧. અન્ત. ૮.

**૨. અણિરુદ્ધ** બારવઈના **પજ્જુણ્ણ**(૧) અને વેદભ્ભીનો પુત્ર. તેણે **તિત્થયર અરિટ્ઠણેમિ** પાસે દીક્ષા લીધી, સોળ વર્ષ શ્રમણજીવનની સાધના કરીને **સેત્તુંજ** પર્વત પર મોક્ષ પ્રાપ્ત કર્યો.[૧]

૧. અન્ત.૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. **અણિલ** **વિયાહપણ્ણત્તિ**ના પાંચમા શતકનું બીજું ઉદ્દેશક.[1]

૧. ભગ. ૧૭૬.

૨. **અણિલ** ઉજ્જેણીના રાજા **જવ**(૧)ના પિતા.[1]

૧. બૃક્ષે. ૩૫૯.

**અણિલા** (અનિલા) જુઓ **અમલા**(૧).[1]

૧. તીર્થો. ૪૬૧

૧. **અણિહય**(અનિહત) **અંતગડદસા**ના ત્રીજા વર્ગનું ત્રીજું અધ્યયન.[1]

૧. અન્ત.૪.

૨. **અણિહય** **ભદ્દિલપુર**ના **ણાગ**(૫) અને **સુલસા**(૧)નો પુત્ર.[1] બાકી બધું **અણીયસ**(૨)ના સમાન.

૧. અન્ત.૪.

**અણીયજસ** (અનીકયશસ્) જુઓ **અણીયસ**(૨).[1]

૧. અન્ત. ૪.

૧. **અણીયસ** (અનીયસ) **અંતગડદસા**ના ત્રીજા વર્ગનું પહેલું અધ્યયન.[1]

૧. અન્ત. ૪.

૨. **અણીયસ** તે **અણીયજસ** નામે પણ ઓળખાતો. તે **વસુદેવ** અને **દેવઈ**નો પુત્ર હતો પણ તેને **ભદ્દિલપુર**ના **ણાગ**(૫) અને **સુલસા**(૧)એ ઉછેર્યો હતો. તે સંસાર ત્યાગી **તિત્થયર** **અરિટ્ઠણેમિ**નો શિષ્ય બન્યો અને **સેત્તુંજ** પર્વત ઉપર મોક્ષ પામ્યો.[1]

૧. અન્ત. ૪.

**અણુઓગ** (અનુયોગ) **દિટ્ઠિવાય**ના એક મહત્ત્વના વિભાગનું નામ અણુઓગ હોવાથી[1] **દિટ્ઠિવાય**નું બીજું નામ અણુઓગ થઈ ગયું.[2]

૧. સમ. ૧૪૭, સ્થા. ૨૬૨ ૨. સ્થા. ૭૪૨.

**અણુઓગદાર** (અનુયોગદ્વાર) એક **ઉક્કાલિય** આગમગ્રન્થ.[1] તે **આવસ્સગ**ની ટીકારૂપ છે.[2] તેનો ક્રમ યાદીમાં બારમો છે.[3] તે નય, નિક્ષેપ, પ્રમાણ, પ્રામાણ્ય વગેરેનું નિરૂપણ કરે છે.[4] તેના વિષયો વિપુલ છે. તે જૈનેતર મતવાદીઓની કૃતિઓનાં નામનો ઉલ્લેખ કરે છે, જેમ કે **ભારહ**(૨), **રામાયણ**, **ભીમાસુરુક્ક**, **કોડિલ્લય**, **ઘોડયમુહ** વગેરે.[5] નીતિશાસ્ત્ર, જ્ઞાનોત્પત્તિશાસ્ત્ર, તર્કશાસ્ત્ર અને બીજા અનેક વિષયોના અગત્યનાં પાસાંઓનો વિચાર કરતો સર્વસંગ્રહરૂપ ગ્રન્થ તે છે. તેથી કંઈક કઠિન છે. **તિત્થયર** **મહાવીર**ના નિર્વાણ પછી એકવીસ હજાર વર્ષ પછી તેનો ઉચ્છેદ થશે.[6] તેનો **અણિયોગદાર** નામે પણ ઉલ્લેખ થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. નન્દિ. ૪૪.
૨. અનુ. ૫.
૩. પાક્ષિ. પૃ. ૪૩
૪. ભગ.૧૯૩,આચાચૂ.પૃ.૧૦૪, ૩૪૬, આવચૂ. ૧. પૃ. ૭૯-૮૦.
૫. અનુ. ૪૧.
૬. તીર્થો. ૮૬૬.
૭. આવચૂ.૧. પૃ. ૭૯.

**અણુઓગદારચુણ્ણિ** (અનુયોગદ્વારચૂર્ણિ) જિણદાસગણિમહત્તરે રચેલી **અણુઓગદાર** ઉપરની ચૂર્ણિપ્રકારની ટીકા.[1]

૧. અનુચૂ. પૃ.૯૧. જુઓ હિકે. પૃ. ૧૯૧.

**અણુઓગદાર** (અનુયોગદ્વાર) આ અને **અણુઓગદાર** એક જ છે.[1]

૧. અનુચૂ. પૃ. ૧, આવચૂ. ૧.પૃ.૪૧૧.

**અણુજ્જા** (અનવદ્યા) **તિત્થયર મહાવીર**ની દીકરી **પિયદંસણા**નું બીજું નામ.[1] તે **જમાલિ**(૨)ની પત્ની અને **જસવતી**(૨)ની માતા હતી.[2] આ જસવતી **સેસવતી**(૧) નામે પણ જાણીતી હતી.[3] અણુજ્જા **અણોજ્જગા** નામે પણ ઓળખાતી હતી.[4]

૧. આચા.૨.૧૭૭,આવચૂ.૧. પૃ.૨૪૫, આવહ.પૃ.૩૧૩, કલ્પ.૧૦૯,કલ્પવિ.પૃ.૧૪૩.
૨. આવભા. ૧૨૬.
૩. આવચૂ. ૧. પૃ.૨૪૫
૪. આવચૂ. ૧. પૃ. ૨૪૫

**અણુત્તર** (અનુત્તર) જુઓ **અણુત્તરવિમાણ**.[1]

૧. ઉત્તરા. ૩૬.૨૧૦.

**અણુત્તરમહાણિરય** (અનુત્તર-મહાનરક) અધોલોકમાં છેલ્લા પાંચ નારકોનાં વાસસ્થાનો. તે પાંચે બહુ જ ભયંકર છે અને સાતમી નરકભૂમિ **તમતમપ્પભા**માં આવેલાં છે. તેમનાં નામ છે – **કાલ**(૯), **મહાકાલ**(૬), **રોરુય**, **મહારોરુય** અને **અપ્પતિટ્ઠાણ**.[1]

૧. સ્થા.૪૫૧, સ્થાઅ. પૃ. ૩૪૧.

**અણુત્તરવિમાણ** (અનુત્તરવિમાન) **અણુત્તર**નો શબ્દાર્થ છે શ્રેષ્ઠતમ, ઉચ્ચતમ. નીચે જણાવેલાં ઉચ્ચતમ અર્થાત્ શ્રેષ્ઠતમ (અનુત્તર) સ્વર્ગીય વાસસ્થાનો (વિમાનો) છે – **વિજય**(૨૧), **વેજયંત**(૧), **જયંત**(૪), **અપરાજિય**(૬) અને **સવ્વટ્ઠસિદ્ધ**(૧).[1] આ વિમાનો **ગેવિજ્જગ** વિમાનોની ઉપર અને **ઈસિપ્પભારા**(૨)ની નીચે આવેલાં છે.[2] તેમની ઊંચાઈ ૧૧૦૦ યોજન છે.[3] ત્યાં વસતા દેવોનું આયુષ્ય ૩૧ થી ૩૩ સાગરોપમ વર્ષનું હોય છે.[4] બીજી વિગતો અનેક ગ્રંથોમાં આપવામાં આવી છે.[5] અહીં વસતા દેવોમાં જેમનું આયુષ્ય ઉત્કૃષ્ટ હોય છે તેઓ પછીના જન્મમાં મનુષ્ય તરીકે જન્મ લઈ તે જ મનુષ્યભવમાં મોક્ષ પામે છે.[6]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. અનુહે.પૃ.૯૨, અનુચૂ.પૃ.૩૬.
૨. ભગ.૨૪૪,પ્રજ્ઞા. ૩૮,૫૩, અનુ.૧૨૨, સમ.૩૩, દેવે. ૨૨૧થી આગળ.
૩. સમ. ૧૧૪
૪. સમ.૩૧-૩૩,ઉત્તરા.૩૬.૨૧૦, પ્રજ્ઞા.૧૦૨.
૫. આવનિ. ૫૭૦-૫૭૩, અનુ.૧૩૩, દેવે. ૧૯૩,૨૩૬,અનુચૂ.પૃ. ૩૬.
૬. વ્યવભા.૫.૧૩૧.

**અણુત્તરોવવાઇય** (અનુત્તરૌપપાતિક) પાંચ **અણુત્તરવિમાણ**માં જન્મેલા દેવોનો વર્ગ. તે દેવોમાં ઉચ્ચનીચપણું હોતું નથી, બધાની સમાન પ્રતિષ્ઠા હોય છે. તેમના ઇન્દ્ર હોતા નથી.[1] તેઓ શ્રેષ્ઠતમ રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ વગેરેનો ભોગ કરે છે. તેમને કામસુખ માટે શારીરિક સંભોગની આવશ્યકતા નથી.[2]

૧. પ્રજ્ઞા.૩૮, ૫૩, સ્થા.૫૪, ભગ. ૫૨૬.
૨. દેવે. ૨૨૧-૨૨૩.

**અણુત્તરોવવાઇયદસા**(અનુત્તરૌપપાતિકદશા) નવમો **અંગ**(૩) ગ્રન્થ.[1] તે ત્રણ વર્ગોમાં વિભક્ત છે. પ્રથમ વર્ગમાં દસ, બીજામાં તેર અને ત્રીજામાં દસ અધ્યયનો છે.[2] આમ આ અંગ ગ્રન્થમાં કુલ તેત્રીસ અધ્યયનો છે. જે વ્યક્તિઓએ મૃત્યુ પછી **અણુત્તર** સ્વર્ગીય સ્થાનોમાં અર્થાત્ **અણુત્તરવિમાણો**માં જન્મ (ઉપપાત) લીધો છે તેમની દશાઓનું (અવસ્થાઓનું) નિરૂપણ તે કરે છે.[3] **ઠાણ** અનુસાર આ અંગ ગ્રન્થમાં નીચેનાં દસ અધ્યયનો છે – (૧) **ઇસિદાસ**(૧), (૨) **ધણ્ણ**(૯), (૩) **સુણક્ખત્ત**(૧), (૪) **કાતિય**, (૫) **સટ્ઠાણ**, (૬) **સાલિભદ્દ**(૩), (૭) **આણંદ**(૧૦), (૮) **તેતલિ**(૨), (૯) **દસણ્ણભદ્દ**(૨) અને (૧૦) **અતિમુત્ત**(૪).[4]

૧. પાક્ષિ.પૃ.૪૬,નન્દિ.૪૫,પ્રશ્નઅ.પૃ.૨. પૃ. ૬૯, અનુત્તઅ.પૃ.૧, નન્દિહ. પૃ. ૮૩, નન્દિમ. પૃ.૨૩૩
૨. અનુત્ત. ૧-૩.
૩. નન્દિ.૫૪,સમ.૧૪૪,નન્દિચૂ.
૪. સ્થા.૭૫૫.

**અણુદ્ધરી**(અનુદ્ધરી) આ અને **અણુધરી** એક જ છે.[1]

૧. આવનિ.૧૩૦૩, આવહ. પૃ. ૭૧૪.

**અણુધરી** (અનુધરી) બારવઈના **અરહમિત્ત**(૨)ની પત્ની અને **જિણદેવ**(૨)ની માતા.[1]

૧. આવનિ.૧૩૦૩, આવચૂ.૧.પૃ.૨૦૨, આવહ.પૃ.૭૧૪.

**અણુપ્પવાદ** (અનુપ્રવાદ) ચૌદમાંથી દસમો **પુવ્વ**ગ્રન્થ.[1] તે અને **વિજ્જાણુપ્પવાય** એક જ છે.[2]

૧. આવચૂ.૧.પૃ.૪૨૨, સ્થાઅ.પૃ.૪૫૨.
૨.સમ.૧૪.

**અણુમતિયા** (અનુમતિકા) **ઉજ્જેણી**ના રાજા **દેવલાસુય**ની દાસી. રાજાની સાથે તે પણ આશ્રમવાસી બની ગઈ.[1]

૧. આવચૂ.૨. પૃ. ૨૦૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અણુયોગદાર** (અનુયોગદ્વાર) આ અને **અણુઓગદાર** એક જ છે.[1]

૧. આવચૂ. ૨. પૃ.૨૨૪.

**અણુરત્તલોયણા** (અનુરક્તલોચના) ઉજ્જેણીના રાજા દેવલાસુયની રાણી.[1] **અદ્ધસંકાસા** તેની દીકરી હતી.[2]

૧. આવનિ. ૧૩૦૪ ૨. આવચૂ.૨.પૃ.૨૦૩, આવહ. પૃ. ૭૧૪.

**અણુરાધા** અથવા **અણુરાહા** (અનુરાધા) એક નક્ષત્રનું નામ. **ગોલવ્વાયણ** તેનું ગોત્રનામ છે. **મિત્ત**(૨) તેનો અધિષ્ઠાતા દેવ છે.[1]

૧. સૂર્ય.૩૬,૪૧,૫૦,જમ્બૂ.૧૫૭,૧૫૯,૧૬૦,સમ.૪,૭,સ્થા.૯૦,૭૮૦, જમ્બૂશા. પૃ. ૫૩૫.

**અણુવાલઅ** (અનુપાલક) **ગોસાલ**ના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક.[1]

૧. ભગ. ૩૩૦.

**અણુવેલંધર** (અનુવેલન્ધર) **જંબુદ્દીવ**ને ઘેરીને આવેલા **લવણ** સમુદ્રના ચાર ઉપદિશાઓ સામે આવેલા કિનારાનું રક્ષણ કરતા **ણાગકુમાર** દેવોનો એક પ્રકાર.[1]

૧. જીવા. ૧૬૦, ભગ. ૧૬૭. સમ. ૧૭, સ્થા.૩૦૫.

**અણુવેલંધરણાગરાય** (અનુવેલન્ધરનાગરાજન્) આ અને **અણુવેલંધરરાય** એક જ છે.[1]

૧. જીવા.૧૬૦.

**અણુવેલંધરરાય** (અનુવેલન્ધરરાજન્) **અણુવેલંધર** દેવોનો ઈન્દ્ર. આવા ચાર ઈન્દ્ર છે – **કક્કોડઅ, કદ્દમઅ, કઈલાસ**(૧) અને **અરુણપ્પભ**(૧). તેઓ **લવણ** સમુદ્રમાં ચાર ઉપદિશાઓમાં આવેલા તેમના પોતાના પર્વતો ઉપર વાસ કરે છે.[1]

૧. જીવા.૧૬૦, સ્થા.૩૦૫, સમ.૧૭.

**અણોજ્જગા** (અનવદ્યકા) આ અને **અણુજ્જા** એક જ છે.[1]

૧. આવચૂ.૧. પૃ.૨૪૫.

**અણોજ્જા** (અનવદ્યા) આ **અણુજ્જા**થી અભિન્ન છે.[1]

૧. આવભા.૧૨૬, આવહ.પૃ.૩૧૩, કલ્પ.૧૦૯.

**અણ્ણઉત્થિ** (અન્યયૂથિક) **વિયાહપણ્ણત્તિ**ના (૧) છઠ્ઠા શતકનો દસમો ઉદ્દેશક[1] તેમજ (૨) સાતમા શતકનો દસમો ઉદ્દેશક.[2]

૧. ભગ.૨૨૯. ૨. ભગ.૨૬૦.

**અણ્ણઉત્થિય** (અન્યયૂથિક) આ અને **અણ્ણઉત્થિ** એક જ છે.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ભગઅ. પૃ. ૨૮૭.

**અણ્ણજંભગ** (અન્નજૃમ્ભક) જંભગ દેવોના દસ પ્રકારોમાંનો એક પ્રકાર.[1]

૧. ભગ. ૩૦૫.

**અણ્ણવાલઅ** (અન્યપાલક) પાખંડી મત ધરાવનાર એક વ્યક્તિ જે પછીથી **તિત્થયર મહાવીર**ની શિષ્ય બની ગઈ.[1]

૧. ભગ.૩૦૫.

**અણ્ણિઆઉત્ત**(અર્ણિકાપુત્ર) જુઓ **અણ્ણિયાપુત્ત**.[1]

૧. સંસ્તા. ૫૬-૫૭.

**અણ્ણિકા**(અર્ણિકા) આ અને **અણ્ણિયા** એક જ છે.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૭૭.

**અણ્ણિકાપુત્ત** (અર્ણિકાપુત્ર) આ અને **અણ્ણિયાપુત્ત** એક જ છે.[1]

૧. આવચૂ. ૨. પૃ. ૧૭૭.

**અણ્ણિયપુત્ત** (અર્ણિકપુત્ર) આ અને **અણ્ણિયાપુત્ત** એક જ છે.[1]

૧.આવનિ.૧૧૯૦-૯૧, આવહ.પૃ.૪૨૯, આવચૂ.૨.પૃ.૩૬, આવચૂ.૧. પૃ.૫૫૯.

**અણ્ણિયા**(અર્ણિકા) **અણ્ણિયાપુત્ત**ની માતા અને દક્ષિણ **મહુરા**(૨)ના વેપારીની પુત્રી.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૭૭, આવહ.પૃ.૬૮૮.

**અણ્ણિયાપુત્ત** (અર્ણિકાપુત્ર) દક્ષિણ **મહુરા**(૨)ના વેપારીની દીકરી **અણ્ણિયા**નો પુત્ર. તેનો પિતા ઉત્તર **મહુરા**(૧)નો હતો. તેણે નાની ઉંમરમાં સંસાર છોડ્યો હતો. **પુપ્ફભદ્દ**ના રાજા **પુપ્ફકેતુ**(૨)નો પુત્ર **પુપ્ફચૂલ**(૧) તેનો શિષ્ય હતો. હોડી દ્વારા **ગંગા** નદી પાર કરતાં અણ્ણિયાપુત્તને કેવળજ્ઞાન થયું.[1] પૂજ્ય વ્યક્તિ તરીકે તેમને યાદ કરવામાં આવે છે.[2]

૧. આવનિ.૧૧૯૦-૯૧, આવચૂ. ૨. પૃ.૧૭૭, સંસ્તા. ૫૬-૫૭, નિશીચૂ. ૨. પૃ. ૨૩૧, આવચૂ. ૨. પૃ.૩૬,આવહ.પૃ.૪૨૯-૩૦.

૨. આવ. પૃ.૨૭.

**અતિકાય** જુઓ **અઇકાય**.[1]

૧. ભગ. ૧૬૯.

**અતિપાસ** જુઓ **અઇપાસ**.[1]

૧. સમ. ૧૫૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અતિબલ** જુઓ **અઈબલ**.[1]

૧. સ્થા.૬૧૬, આવચૂ.૧.પૃ.૧૬૫, આવમ.પૃ.૨૧૯.

**અતિમુત્ત** (અતિમુક્ત) જુઓ **અઈમુત્ત**.[1]

૧. સૂત્રચૂ.પૃ.૩૨૫, આવચૂ.૧.પૃ.૩૫૭, અન્ત.૬, સ્થા.૭૫૫.

**અતિજસ** (અતિયશસ્) આ અને **અઈજસ** એક છે.[1]

૧. વિશેષા. ૧૭૫૦.

**અતિવાલગવાયગ**(અજાપાલકવાચક) જુઓ **અયાવાલગવાયગ**[1] અને તેના ઉપરનું ટિપ્પણ.

૧. બૃભા. ૪૫૩૫.

**અત્તેય** (આત્રેય) જ્યાં સુધી પહેલાં ખાધેલો ખોરાક પચ્યો ન હોય ત્યાં સુધી નવો ખોરાક ખાવો ન જોઈએ એ સિદ્ધાન્તનું પ્રતિપાદન કરનાર ઋષિ.[1]

૧. આવનિ. ૮૬૬, આવચૂ.૧.પૃ.૪૯૮.

**અત્થ** (અર્થ) **અચ્છ**નું પાઠાન્તર.[1]

૧. સમ.૧૬, ભગ. ૫૫૪.

૧. **અત્થસિદ્ધ** (અર્થસિદ્ધ) જુઓ **ધમ્મજ્ઝય**.[1]

૧. તીર્થો. ૧૧૧૮.

૨. **અત્થસિદ્ધ** પખવાડિયાનો દસમો દિવસ અર્થાત્ શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષની દસમ.[1]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૮.

**અત્થિણત્થિપ્પવાદ** અથવા **અત્થિણત્થિપ્પવાય** (અસ્તિનાસ્તિપ્રવાદ) ચોથો **પુવ્વ** ગ્રન્થ. તેમાં અઢાર અધ્યયનો અને દસ પેટા અધ્યયનો હતાં.[1] તે અત્યારે ઉપલબ્ધ નથી, તેનો વિચ્છેદ થઈ ગયો છે.

૧. નન્દિ.૫૭, સ્થા.૭૩૨, સમ.૧૮,૧૪૭, નન્દિમ.પૃ.૨૪૧, નન્દિચૂ.પૃ.૭૫.

**અથવ્વણ**(અથર્વન્) ચાર વેદોમાંનો છેલ્લો વેદ.[1] તે અથર્વવેદ નામે પ્રસિદ્ધ છે.

૧. વિપા.૨૪, સૂત્રશી.પૃ.૧૬૯, ભગઅ.પૃ.૩૪૫, ઔપ.૩૮, ભગ.૯૦,૩૮૦, જ્ઞાતા.૧૦૬, આવચૂ.૧. પૃ.૨૩૭.

**અથવ્વણવેય** (અથર્વવેદ) આ અને **અથવ્વણ** એક જ છે.[1]

૧. જ્ઞાતા. ૫૫, વિપા.૨૪.

**અદત્ત** વિયાહપણ્ણત્તિના આઠમા શતકનો સાતમો ઉદ્દેશક.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ભગ. ૩૦૯.

**અદિતિ** જુઓ **અઇઇ**.[1]

૧. જમ્બૂ ૧૫૭,૧૭૧.

**૧. અદીણસત્તુ** (અદીનશત્રુ) **હત્થિણાઉર**નો રાજા. **મિહિલા**ના રાજા **કુંભ**(૪)ની પુત્રી **મલ્લિ**(૧) તરફ ખૂબ જ આકર્ષાયેલા રાજકુમારોમાંનો એક. તે મલ્લિની સાથે લગ્ન કરવા માગતો હતો. રાજા કુંભે તેનો લગ્ન માટેનો પ્રસ્તાવ સ્વીકાર્યો નહિ. તેથી અદીણસત્તુએ મિહિલા ઉપર લશ્કરી આક્રમણ કર્યું. મલ્લિ રાજકુમારીએ તેને સાચો માર્ગ દર્શાવ્યો. મલ્લિ અને બીજાઓ સાથે તેણે પણ સંસારનો ત્યાગ કર્યો અને તે મોક્ષે ગયો.[1]

૧. જ્ઞાતા.૬૫,૭૩, સ્થા.૫૬૪.

**૨. અદીણસત્તુ ધારિણી**(૧૪)નો પતિ અને **હત્થિસીસ** નગરના રાજકુમાર **સુબાહુ**(૧)નો પિતા.[1]

૧. વિપા.૩૩.

**૩. અદીણસત્તુ ચંપા**ના રાજા **જિયસત્તુ**(૧)નો પુત્ર.[1]

૧. જ્ઞાતા.૯૧.

**૪. અદીણસત્તુ** એકવીસમા **તિત્થયર ણમિ**(૧)નો પૂર્વભવ.[1]

૧. સૂત્રનિ.૧૮૭, સૂત્રચૂ.પૃ.૪૧૩-૪૧૭.

**અદ્દ** (આર્દ્ર) **અદ્દપુર**નો રાજા. તે **અદ્દઅ**(૨)નો પિતા હતો.[1]

૧. સમ.૧૫૭.

**૧. અદ્દઅ** (આર્દ્રક) આ અને **અદ્દ** એક જ છે.[1]

૧. સૂત્રચૂ. પૃ.૪૧૫.

**૨. અદ્દઅ અદ્દપુર**ના રાજા **અદ્દ**નો પુત્ર. **અભયે**(૧) મોકલેલી **તિત્થયર ઉસહ**(૧)ની પ્રતિમાને જોતાં જ તેને પોતાની પત્ની સાથે રહેતા **વસંતપુર**ના રહેવાસી **સામઇઅ** તરીકેના પોતાના પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું. સામઇઅ અને તેની પત્ની બન્નેએ સંસારનો ત્યાગ કર્યો. પછી બન્ને જુદા જુદા વિચરતાં હતાં. એક વાર સામઇઅ ભિક્ષા માટે ભ્રમણ કરતો હતો ત્યારે તેણે તેની પત્નીને દેખી. તેને તેની તરફ પુનઃ આસક્તિ જન્મી. પરંતુ તેની પત્ની દૃઢ રહી અને ચલિત ન થઈ. મૃત્યુ પછી સામઇઅ દેવ તરીકે અને તેની પત્ની દેવી તરીકે જન્મ પામ્યાં. દેવ-દેવી તરીકેનું આયુષ્ય પૂરું થતાં સામઇઅ અદ્દઅ તરીકે જન્મ્યો અને તેની પત્ની વસંતપુરના એક ગૃહસ્થની પુત્રી તરીકે જન્મી. અદ્દઅ પોતાના પૂર્વભવને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાતિસ્મરણથી જાણ્યા પછી સંસારથી વૈરાગ્ય પામ્યો અને તેણે સંસાર ત્યાગ્યો. એક વાર વસંતપુરમાં એકાન્તમાં ધ્યાન કરતા અદ્દઅને પેલી કન્યાએ જોયો અને તેણે અદ્દઅને પરણવાનો નિશ્ચય કરી લીધો. અદ્દઅ તેની માગણીને તાબે થયો. થોડાંક વર્ષો ગૃહસ્થજીવન ભોગવી અદ્દઅ **રાયગિહ** ગયો. ત્યાં **ગોસાલ** સાથે અને બીજા પંથોના અનુયાયીઓ સાથે તેણે ચર્ચાઓ કરી. પછી તે રાજા **સેણિય(૧)**ને મળ્યો અને **બુદ્ધ(૧)** તેમજ **હત્થિતાવસ** સાથે તેણે ચર્ચાઓ કરી. ત્યાર પછી પુનઃ સંસારનો ત્યાગ કરી તે તિત્થયર **મહાવીર**નો શિષ્ય બન્યો અને મોક્ષ પામ્યો.[1] તે **અદ્દાકુમાર** નામે પણ પ્રસિદ્ધ છે.[2]

૧. સૂત્રનિ.૧૮૭-૨૦૦,સૂત્રચૂ. પૃ.૪૧૩-૧૭, ૪૪૩-૪૪, સૂત્રશી. પૃ.૩૮૭-૮૮, દશચૂ.પૃ.૪૪, વ્યવમ.૧. પૃ.૨૪, સૂત્ર.૨.૬.
૨. આવ. પૃ. ૨૭.

**૩. અદ્દઅ** અજૈન ઋષિ જે **તિત્થયર પાસ(૧)**ના તીર્થમાં **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારાયા છે.[1]

૧. ઋષિ.૨૮, ઋષિ(સંગ્રહણી)

**અદ્દઇજ્જ** (આર્દ્રકીય) **સૂયગડ**નું બાવીસમું અધ્યયન.[1]

૧. સમ.૨૩, સૂત્રનિ.૧૮૭.

**અદ્દકુમાર** (આર્દ્રકુમાર) એક પૂજ્ય વ્યક્તિ.[1] તે **અદ્દઅ(૨)**થી અભિન્ન વ્યક્તિ છે.[2]

૧. આવ.પૃ.૨૭. ૨. સૂત્રચૂ. પૃ. ૪૧૫.

**અદ્દગ** (આર્દ્રક) આ અને **અદ્દ** તેમજ **અદ્દઅ(૨)** એક જ છે.[1]

૧. સૂત્રચૂ. પૃ. ૪૧૫, સૂત્રનિ.૧૯૯, સૂત્રચૂ. પૃ. ૪૧૭.

**અદ્દગવંસ** (આર્દ્રકવંશ) **અદ્દ**નો વંશ.[1]

૧. સૂત્રચૂ. પૃ. ૪૧૫.

**અદ્દપુર** (આર્દ્રપુર) જ્યાં **અદ્દઅ(૨)** જન્મ્યા હતા તે નગર.

૧. સૂત્રનિ. ૧૮૭થી આગળ.

**અદ્દય** (આર્દ્રક) જુઓ **અદ્દઅ**.[1]

૧. સૂત્રચૂ.પૃ.૪૪૬, ઋષિ. ૨૮

**અદ્દરાયપુત્ત** (આર્દ્રરાજપુત્ર) જુઓ **અદ્દઅ(૨)**[1]

૧. સૂત્રચૂ. પૃ. ૪૪૬.

**અદ્દા** (આર્દ્રા) અઠ્ઠયાવીસ **ણક્ખત્ત(૧)**માંનું એક નક્ષત્ર. તેનું ગોત્રનામ **લોહિચ્ચાયણ** છે. તેનો અધિષ્ઠાતા દેવ **રુદ્દ(૪)** છે.[1]

૧. સ્થા.૯૦, જમ્બૂ.૧૫૫,૧૫૭,૧૫૯,૧૭૧, સમ.૧, સૂર્ય.૫૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અદ્દાકુમાર** (આર્દ્રકુમાર) આ **અદ્દઅ**(૨)નું બીજું નામ છે.[૧]

૧. આવ.પૃ.૨૭.

**અદ્દાગપસિણ** (આર્દ્રકપ્રશ્ન) **પણ્હાવાગરણદસા**નું આઠમુ અધ્યયન.[૧] તે ઉપલબ્ધ નથી, વિચ્છેદ ગયું છે.

૧. સ્થા.૭૫૫. અભયદેવસૂરિ (સ્થાઅ.પૃ.૫૧૨) પ્રાકૃત અદ્દાગનું સંસ્કૃત આદર્શ આપે છે.

**અદ્દાલય** (અદ્દાલક) **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારાયેલા અજૈન ઋષિ.[૧] **તિત્થંકર પાસ**(૧)ના તીર્થના સમયમાં તે હતા.[૨]

૧. ઋષિ.૩૫.
૨. ઋષિ(સંગ્રહણી).

**અદ્ધમાગહ** (અર્ધમાગધ) આ અને **અદ્ધમાગહી** એક જ છે.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૧૦.

**અદ્ધમાગહા** (અર્ધમાગધી) આ અને **અદ્ધમાગહી** એક જ છે.[૧]

૧. ભગ.૧૯૧, પ્રજ્ઞા.૩૭,આવચૂ.પૃ.૨૫૫,ઔપ.૩૪, આવચૂ.૧.પૃ.૩૨૯.

**અદ્ધમાગહી** (અર્ધમાગધી) અંશતઃ માગધ ભાષાનાં અને અંશતઃ પ્રાકૃત ભાષાનાં લક્ષણો ધરાવતી ભાષા.[૧] તે દેવોની ભાષા છે.[૨] **તિત્થયર મહાવીર** તેમ જ બીજા તિત્થયરોએ તેમાં ઉપદેશ આપ્યો હતો.[૩] તેને ભિન્ન ભિન્ન પ્રકારના લોકો પોતપોતાની ભાષામાં સમજી શકતા હતા.[૪] **સુત્ત**(૧) મહદંશે આ ભાષામાં રચાયું છે.[૫]

૧.ભગઅ.પૃ.૨૨૧.
૨.ભગ.૧૯૧.
૩.આવચૂ.૧.પૃ.૩૨૯,નન્દિમ.પૃ.૮૪.
૪. ઔપ.૩૪, સમ.૩૪.
૫.બૃક્ષે.૧૩૭૯,આવનિ(દીપિકા),પૃ.૭૦.

**અદ્ધસંકાસા** (અર્ધસઙ્કાશા) **ઉજ્જેણી**ના રાજા **દેવલાસુઅ** અને તેની રાણી **અણુરત્તલોયણા**ની પુત્રી જેનો જન્મ માતાપિતાએ સંસારનો ત્યાગ કર્યો ત્યાર પછી થયો હતો. પુત્રીને જન્મ આપીને માતા તરત જ મૃત્યુ પામી એટલે બીજી સાધ્વીઓએ તેને ઉછેરી. એકવાર સાધુ દેવલાસુઅ અદ્ધસંકાસાને તેની ભરયુવાનીમાં દેખે છે અને તેના રૂપથી આકર્ષાય છે. પરંતુ તેને તેની ભૂલ સમજાઈ જાય છે અને છેવટે તે મોક્ષ પામે છે. અદ્ધસંકાસા પણ સંસારનો ત્યાગ કરે છે અને મોક્ષ પામે છે.[૧]

૧. આવનિ.૧૩૦૪,આવચૂ.૨.પૃ.૨૦૩,આવહ.પૃ.૭૧૫.

**અપઇટ્ઠાણ** (અપ્રતિષ્ઠાન) આ અને **અપ્પઇટ્ઠાણ** એક જ છે.[૧]

૧. સ્થા.૩૨૮.

**અપચ્ચક્ખાણકિરિઆ** (અપ્રત્યાખ્યાનક્રિયા) **સૂયગડ**નું વીસમું અધ્યયન.[૧]

૧. સમ.૨૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અપરાઇઅ** (અપરાજિત) જુઓ **અપરાઇય.**[1]

૧. જીવા.૧૪૪, સમ.૧૫૯.

**૧. અપરાઇય** (અપરાજિત) **જંબુદ્દીવ**નાં, કહો કે **લવણ** સમુદ્રનાં, ચાર પ્રવેશદ્વારોમાંનું એક.[1] તે **મંદર** પર્વતની ઉત્તરે ૪૫૦૦૦ યોજન દૂર, લવણસમુદ્રના ઉત્તરાર્ધના દક્ષિણ કિનારે આવેલું છે.[2] તે ચાર યોજન પહોળું, ચાર યોજન જાડું અને આઠ યોજન ઊંચું છે.[3] જંબુદ્દીવનાં બે સૌથી નજીકના પ્રવેશદ્વારો વચ્ચેનું અંતર ૭૯,૦૦૦ યોજન છે.[4] તેના અધિષ્ઠાતા **અપરાઇય**(૫) છે.[5]

૧.જમ્બૂ.૮, સ્થા. ૩૦૩.
૨.જીવા.૧૪૪.
૩.સ્થા.૬૫૭.
૪. સમ.૭૯.
૫. સ્થા.૩૦૫, જીવા.૧૪૪.

**૨. અપરાઇય રુયગ**(૧) પર્વતના ઉત્તર ભાગમાં આવેલું શિખર. તેની અધિષ્ઠાત્રી દેવી **હિરી**(૧) છે.[1]

૧. સ્થા.૬૪૩.

**૩. અપરાઇય** અઢારમા **તિત્થંકર અર**ને સૌપ્રથમ ભિક્ષા આપનાર ગૃહસ્થ.[1]

૧. આવનિ.૩૨૯, સમ.૧૫૭, આવમ. પૃ.૨૭૭.

**૪. અપરાઇય ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પવિ.પૃ.૨૩૬, કલ્પધ.પૃ.૧૫૨.

**૫. અપરાઇય અપરાઇય**(૧) પ્રવેશદ્વારના અધિષ્ઠાતા દેવ જેમની રાજધાની **અપરાઇયા**(૧) છે.[1]

૧. જીવા.૧૪૪, સ્થા.૩૦૫, જમ્બૂ.૮.

**૬. અપરાઇય** પાંચ **અણુત્તર** વિમાનોમાંનું એક. તેમના પૂર્વભવમાં **પંડવો** અહીં જન્મ્યા હતા.[1] ત્યાં વસતા દેવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે એકત્રીસ અને તેત્રીસ સાગરોપમ વર્ષનું છે.[2]

૧. મર. ૪૫૬-૫૭.
૨. સમ.૩૧-૩૩, ઉત્તરા. ૩૬.૨૧૦.

**૭. અપરાઇય** અઠ્યાસી ગહોમાંનો એક ગહ.[1] **સુરિયપણ્ણત્તિ** અને **જંબુદ્દીવ-પણ્ણત્તિ**માં તેનો ઉલ્લેખ નથી.

૧. સ્થા.૯૦, સ્થાઅ.પૃ.૭૮-૭૯.

**૮. અપરાઇય** આઠમા **બલદેવ**(૨) **પઉમ**(૬)નો પૂર્વભવ. તેમણે **સમુદ**(૨) પાસે દીક્ષા ગ્રહણ કરી હતી.

૧. સમ.૧૫૮, તીર્થો. ૬૦૬-૭; નામોમાં ગોટાળો જણાય છે.

Jain Education International 	For Private & Personal Use Only 	www.jainelibrary.org

૯. **અપરાઇય** **ભરહ**(૨) ક્ષેત્રમાં ભાવી **ઉસ્સપ્પિણી**ના છઠ્ઠા **પડિસત્તુ**.[1]

૧. સમ.૧૫૯, તીર્થો.૧૧૪૬.

૧૦. **અપરાઇય** **અયલપુર**નાં રાજા **જિયસત્તુ**(૩૯)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **રાહાયરિય**નો શિષ્ય બન્યો. શ્રમણવિરોધી **ઉજ્જેણી**ના રાજકુમારને તેણે પાઠ ભણાવ્યો હતો.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૬૨, ઉત્તરાને.પૃ.૨૫-૨૬, ઉત્તરાક.પૃ.૩૯.

૧. **અપરાઇઆ** (અપરાજિતા) **અપરાઇય**(૫)ની રાજધાની.[1] તે અસંખ્ય દ્વીપો અને સમુદ્રોની પેલે પાર આવેલા અન્ય **જંબુદીવ**માં આવેલી છે.[2] તેનો કિલ્લો ૩૭ યોજન ઊંચો છે.[3]

૧. જમ્બૂ.૮. ૨. જીવા.૧૪૪, જમ્બૂશા.પૃ.૬૪. ૩. સમ.૩૭.

૨. **અપરાઇયા** **મહાવિદેહ**માં **સંખ**(૧૫) પ્રદેશની રાજધાની.[1]

૧. જમ્બૂ ૧૦૨, સ્થા.૯૨,૬૩૭.

૩. **અપરાઇયા** **મહાવિદેહ**માં **વપ્પાવઈ**(૧) પ્રદેશની રાજધાની.[1]

૧. જમ્બૂ ૧૦૨, સ્થા.૯૨, ૬૩૭.

૪. **અપરાઇયા** **મહાવિદેહ**માં **મહાવચ્છ** પ્રદેશની રાજધાની.[1]

૧. જમ્બૂ .૯૬, સ્થા.૯૨, ૬૩૭.

૫. **અપરાઇયા** **ણંદીસરવર** દ્વીપમાં આવેલા **અંજણગ**(૧) પર્વતના ઉત્તર ભાગની ઉત્તરે આવેલી પુષ્કરિણી.[1]

૧. સ્થા.૩૦૭, જીવા.૧૮૩.

૬. **અપરાઇયા** **રુયગ**(૧) પર્વતના પૂર્વ ભાગના **અંજણપુલય**(૨) શિખર ઉપર વસતી મુખ્ય **દિસાકુમારી**.[1]

૧. જમ્બૂ. ૧૧૪. તીર્થો.૧૫૩, સ્થા.૬૪૩.

૭. **અપરાઇયા** **રુયગ**(૧) પર્વતના મધ્ય પ્રદેશની ઉપદિશામાં વસતી મુખ્ય **દિસાકુમારી**. બાકીની ત્રણ ઉપદિશાઓમાં વસતી ત્રણ **દિસાકુમારી**ઓ છે— **વિજયા**(૧૧), **વેજયંતી**(૪) અને **જયંતી**(૧૩). તાજા જન્મેલા **તિત્થયર**ની નાળ કાપવાનું કામ તેઓ કરે છે.[1] અન્ય ગ્રન્થોમાં આ કામ **રુઆ**(૧), **રુઆસિઆ** વગેરેને સોંપવામાં આવ્યું છે. વધુ વિગતો માટે જુઓ **દિસાકુમારી**.

૧. તીર્થો. ૧૬૫.

૮. **અપરાઇયા** **ઈંગાલઅ** ગહની ચાર મુખ્ય પત્નીઓમાંની એક.[1] દરેક ગહ, **ણક્ખત્ત**(૧) અને **તારા**(૩)ને ચાર ચાર મુખ્ય પત્નીઓ હોય છે. તેમનાં નામો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકસરખાં છે.[૨]

૧. ભગ.૪૦૬. ૨. જમ્બૂ.૧૭૦, સ્થા.૨૭૨.

૯. અપરાઇયા ણાયાધમ્મકહાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા વર્ગનું અઠ્યાવીસમું અધ્યયન.[૧]

૧. જ્ઞાતા. ૧૫૩.

૧૦. અપરાઇયા પખવાડિયાના દસમા દિવસની રાત્રિ.[૧]

૧. જમ્બૂ ૧૫૨, સૂર્ય.૪૮.

૧૧. **અપરાઇયા** **ણાગપુર**ના ગૃહસ્થની દીકરી. તેણે સંસારનો ત્યાગ કર્યો અને તે **તિત્થયર પાસ**(૧)ની શિષ્યા બની. મરીને તે **વંતર** દેવોના ઇન્દ્ર **અઇકાય**ની પટરાણી તરીકે જન્મી.[૧] તે કુડા નામે પણ જાણીતી છે.[૨]

૧. જ્ઞાતા ૧૫૩. ૨. સ્થા.૨૭૩, ભગ. ૪૦૬.

૧૨. **અપરાઇયા** સંસારનો ત્યાગ કરતી વખતે આઠમા **તિત્થંકર ચંદપ્પહે** ઉપયોગમાં લીધેલી પાલખી.[૧]

૧. સમ. ૧૫૭.

૧૩. **અપરાઇયા** **દસરહ**(૧)ની મુખ્ય પત્ની અને આઠમા **બલદેવ**(૨) **પઉમ**(૬)ની માતા.[૧] ટીકાકારો નોંધે છે કે તેનું બીજુ નામ કૌશલ્યા હતું.[૨]

૧. સમ.૧૫૮, તીર્થો.૬૦૪,આવનિ.૪૧૦. ૨. આવનિ.(દીપિકા) પૃ.૮૦.

**અપરાજિઅ**(અપરાજિત) આ અને **અપરાઇય** એક જ છે.[૧]

૧. સ્થા.૩૦૩, જમ્બૂ.૮, સમ.૩૧,૩૩,૬૪૩, આવનિ.૩૨૯,સ્થાઅ.પૃ. ૭૯.

**અપરાજિઆ** (અપરાજિતા) જુઓ **અપરાઇયા**.[૧]

૧. સ્થા.૩૦૭, જમ્બૂ.૧૧૪,૧૫૨,૧૭૦.

**અપરાજિત** જુઓ **અપરાઇય**(૭).[૧]

૧. સ્થા. ૯૦.

**અપરાજિય** (અપરાજિત) જુઓ **અપરાઇય**.[૧]

૧. સમ.૩૨,૧૫૭, તીર્થો.૧૧૪૬, મર.૪૫૬.

**અપરાજિયા** (અપરાજિતા) આ અને **અપરાઇયા** એક જ છે.[૧]

૧. સમ.૩૭, ૧૫૭, ૧૫૮, સ્થા.૯૨,૨૭૨,૬૪૩,સૂર્ય.૪૮, જીવા.૧૮૩, તીર્થો.૧૬૫,૬૦૪, ભગ. ૪૦૬.

**અપ્પઇટ્ઠાણ** (અપ્રતિષ્ઠાન) **તમતમા** નરકભૂમિમાં પાંચ વિશાલ નારકાવાસોમાંનો એક. તે સૌથી વિશાલ છે.[૧] તેનો વિસ્તાર એક લાખ યોજન છે.[૨]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આચા.૧૭૦,જીવામ.પૃ.૧૦૫,સ્થા.૧૪૮. ૨. સમ.૧, સ્થા.૩૨૮.

**અપ્પડિહઅ** (અપ્રતિહત) **સોગંધિયા** નગરીનો રાજા. **સુકણ્ણા** તેની પત્ની હતી. તેનો પૌત્ર **જિણદાસ**(૭) **તિત્થયર મહાવીર**નો શિષ્ય હતો.[1]

૧. વિપા.૩૪.

**અપ્પતિટ્ઠાણ** (અપ્રતિષ્ઠાન) જુઓ **અપ્પઇટ્ઠાણ**.[1]

૧. આવહ. પૃ. ૩૪૮.

**અપ્પમાય**(અપ્રમાદ) **ઉત્તરજ્ઝયણ**નું ઓગણત્રીસમું અધ્યયન.[1]

૧. સમ.૩૬, ઉત્તરાનિ. પૃ. ૯.

**અપ્પરાજિય** (અપરાજિત) જુઓ **અપરાઇય**(૬).[1]

૧. ઉત્તરા. ૩૬.૨૧૩.

**અબદ્ધિગદિટ્ઠિ** (અબદ્ધિકદૃષ્ટિ) આ અને **અબદ્ધિય** એક જ છે.[1]

૧. આવચૂ.૧. પૃ.૪૨૬.

**અબદ્ધિય**(અબદ્ધિક) કર્મ આત્માને કેવળ સ્પર્શ જ કરે છે એવો મત ધરાવનાર **ગોટ્ઠામાહિલે** વીર નિર્વાણ સંવત ૫૮૪માં ઉપદેશેલો સિદ્ધાન્ત. તેના સિદ્ધાન્ત પ્રમાણે કર્મ આત્મા સાથે બંધાય છે એમ માનવું ખોટું છે.[1]

૧. આવનિ.૭૭૯-૭૮૧, નિશીભા.૫૬૧૯, ઉત્તરાશા.પૃ.૧૭૪,ઔપ. ૪૧, ઔપઅ. પૃ. ૧૦૬, આવચૂ.૧.પૃ.૪૨૬.

**અબ્બુય**(અર્બુદ) એક પર્વત જ્યાં યાત્રાળુઓ સંખડિ(ઉજાણી) કરતા હતા.[1] રાજસ્થાનના સિરોહિ જિલ્લામાં આવેલા હાલના આબુ પર્વત સાથે તેની એકતા સ્થાપવામાં આવી છે.[2]

૧. બૃભા.૩૧૫૦, બૃક્ષે.૮૮૪. ૨. જુઓ જિઓડિ. પૃ.૧૦.

**અબ્ભ** (અભ્ર) **વિયાહપણ્ણત્તિ**ના એકવીસમા શતકનો સાતમો ઉદ્દેશક. તે દસ અધ્યયનોમાં વિભક્ત છે.[1]

૧. ભગ.૬૮૮.

**અબ્ભિંતર-પુક્ખરદ્ધ** (અભ્યન્તર-પુષ્કરાર્ધ) **પુક્ખરવર** દ્વીપનો અંદરનો અડધો ભાગ. વિગતો માટે જુઓ **પુક્ખરવર**.

૧. જીવા.૧૭૬.

**અભઅ** (અભય) **રાયગિહ**ના રાજા **સેણિઅ**(૧)નો **નંદા**(૧)થી[1] **બેણ્ણાતડ**માં જન્મેલો પુત્ર.[2] જૈન આગમ સાહિત્યનું બહુ જ પ્રસિદ્ધ પાત્ર છે. સર્વસામાન્યપણે બુદ્ધિના અને વિશેષણપણે તર્કશક્તિના દૃષ્ટાન્ત તરીકે વારંવાર તેનો ઉલ્લેખ આવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે.[૩] જ્યારે પહેલવહેલી વાર તે પોતાની માતા સાથે રાયગિહ ગયો ત્યારે તેણે પોતાની તર્કશક્તિને દેખાડી. સેણિઅ તેની મૌલિક બુદ્ધિ અને તર્કશક્તિથી એટલો તો પ્રભાવિત થઈ ગયો કે તેણે તેને પોતાનો પ્રધાનમંત્રી બનાવ્યો.[૪] તેની મૌલિક બુદ્ધિનાં (ઔત્પત્તિકિબુદ્ધિનાં) ઉદાહરણો નીચે પ્રમાણે છે–

'એક વાર રાજાની વીંટી પાણી વિનાના ખાલી કૂવામાં પડી ગઈ. ઢંઢેરો પીટવામાં આવ્યો કે જે કોઈ વ્યક્તિ કોઈ પણ સાધનનો ઉપયોગ કર્યા વિના કૂવામાંથી પોતાના હાથ વડે વીંટી કાઢી આપશે તેને મોટું ઈનામ આપવામાં આવશે. અભઅ સિવાય આ કામ કોઈ કરી શક્યું નહિ. તેણે તાજું ગાયનું છાણ વીંટી ઉપર નાખ્યું. બેત્રણ દિવસ પછી જ્યારે છાણ સાવ સૂકાઈ ગયું ત્યારે કૂવાને પાણીથી ભરી દેવામાં આવ્યો. પરિણામે પોતાની અંદર વીટીં ધરાવતું છાણું પાણીની સપાટી ઉપર આવ્યું. અભએ પોતાના હાથ વડે તે લઈ લીધું અને તેમાંથી વીંટી કાઢી રાજાને આપી.'[૫]

અભઅ બધાં શાસ્ત્રોમાં અને રાજનીતિમાં નિપુણ હતો. તે રાજાની ફરજો ઉપર પણ ધ્યાન આપતો.[૬] સેણિઅ રાજાની બહેન **સેણા**(૩)ની પુત્રીને પરણ્યો[૭] હતો. તેણે એક વિદ્યાધરને મદદ કરી હતી અને તેના બદલામાં વિદ્યાધર પાસેથી તેને કેટલીક વિદ્યાઓ શીખવા મળી હતી.[૮] તેણે દેવને પ્રાર્થનાપૂર્વક આવાહન કર્યું અને ઓરમાન માતા **ધારિણી**(૧)નો દોહદ પૂરો કર્યો.[૯] **વેસાલી**માંથી **ચેલ્લણા**ને ભગાડી જવામાં પોતાના પિતા સેણિઅને તેણે મદદ કરી હતી.[૧૦] ચેલ્લણાનો દોહદ પણ તેણે બુદ્ધિચાતુરીથી પૂરો કર્યો.[૧૧] **અદ્દઅ**(૨) સાથે મિત્રતા વધારવા તેણે **તિત્થયર ઉસહ**(૧)ની પ્રતિમા ભેટ મોકલી.[૧૨] **સુલસ** તેનો મિત્ર હતો.[૧૩] અભએ પોતાની પારિણામિકિબુદ્ધિના બળે રાજા **પજ્જોય**ને ભુલાવામાં નાખ્યો અને તેને **રાયગિહ**માંથી પીછેહઠ કરવા ફરજ પાડી.[૧૪] ગણિકાની મદદથી અભઅને ગિરફતાર કરીને પજ્જોયે તેનો બદલો લીધો. તેને **ઉજ્જેણી** લઈ જવામાં આવ્યો.[૧૫] પરંતુ તેના બુદ્ધિબળ અને કિંમતી સૂચનોના કારણે પજ્જોયે તેને તરત જ મુક્ત કરી દીધો અને તે બન્ને મિત્ર બની ગયા. પજ્જોય અભઅથી ખૂબ પ્રસન્ન હતા કારણ કે અભએ પજ્જોયને ખાતરી કરાવી આપી કે **લોહજંઘ** જે મોદક લાવ્યો છે તેમાં ઝેર છે, તેણે ગાંડા હાથી **ણલગિરિ**ને વશ કરવાનો ઉપાય સૂચવ્યો, તેણે વિનાશક આગને ઓલવી નાખવાની યોજના બતાવી અને છેલ્લે દેવે કરેલા ઉપદ્રવને નિષ્ફળ બનાવવાનો ઉપાય સૂચવ્યો.[૧૬] અભઅ ગિરફતારીમાંથી મુક્ત થયા પછી શાંત બેસી ન રહ્યો. ધોળા દિવસે પજ્જોયનું અપહરણ કરવાની યોજના તેણે પુનઃ વિચારી. તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક વૈદ્યનું કપટ રમ્યો અને બનાવટી ગાંડા રાજાની યુક્તિ દ્વારા તે પજ્જોયને રાયગિહ ઉપાડી ગયો. આ તેની પારિણામિકિબુદ્ધિનું દૃષ્ટાન્ત છે.[૧૭] જયારે **કાલસૂરિય** પોતાની મરણપથારીમાં અત્યંત પીડાતો હતો ત્યારે અભએ તેને શાંતિથી મરવામાં મદદ કરી હતી.[૧૮] સેણિઅ તેના ઉપર એટલો પ્રસન્ન થઈ ગયો કે તેણે અભઅને રાજમુકુટ સ્વીકારવા કહ્યું પરંતુ અભએ તેનો સ્વીકાર ન કર્યો[૧૯] અને તે તો **તિત્થયર મહાવીર**નો શિષ્ય બની ગયો.[૨૦] તે **અણુત્તરવિમાણ વિજય**(૨૧)માં દેવ તરીકે જન્મ લેશે અને **મહાવિદેહ**(૧)માં મોક્ષ પામશે.[૨૧]

કેટલીક પ્રસંગકથાઓ અભઅ સાથે જોડાયેલી છે. તે નીચે પ્રમાણે છે– દેવ પાસે એકદંડિયા મહેલનું નિર્માણ કરાવરાવવું;[૨૨] રાજમહેલના બગીચામાંથી આમ્રફળો ચોરી જનાર ચોરને શોધી કાઢવો;[૨૩] મગરના મુખમાંથી **સેયણય**ને મુક્ત કરવો;[૨૪] સેણિઅ તરફથી હુકમ હોવા છતાં પણ ચેલ્લણાના મહેલને આગ ન લગાડીને ચેલ્લાણાની જિંદગી બચાવવી;[૨૫] ખરા ધાર્મિક લોકો કોણ છે અને ધાર્મિક ન હોવા છતાં ધાર્મિક હોવાનો ઢોંગ કરતા લોકો કોણ છે તે શોધી કાઢવું;[૨૬] અભએ ધોવા આપેલાં કપડાંને પહેરનાર ધોબીને રંગેહાથ પકડી પાડવો;[૨૭] સંસારનો જેણે ત્યાગ કરી દીધો હતો તે કઠિયારાની નિંદા કરતા અને તેને ભાંડતા લોકોને તેમ કરતાં રોકવા,[૨૮] અને **રોહિણિય** ચોરને પકડી પાડવાનો તેનો પ્રયત્ન.[૨૯]

૧. જ્ઞાતા.૭,અનુત્ત.૧,નિર.૧.૧, નિરચૂ. ૧.૧, પૃ.૫.
૨. આવચૂ.૧.પૃ.૫૪૬,આવચૂ.૨. પૃ.૧૫૯, આવહ.પૃ.૪૧૮,૬૭૧, નિશીચૂ.૨.પૃ. ૨૩૧, નન્દિમ. પૃ. ૧૫૧.
૩. સ્થાઅ.પૃ.૨૮૩, ૫૧૬, બૃક્ષે. ૩૫૧, કલ્પવિ.પૃ.૮.
૪. આવચૂ.૧.પૃ.૫૪૭,આવચૂ.૨. પૃ.૧૫૯, આવહ.પૃ.૪૧૮,નન્દિમ. પૃ.૧૫૧.
૫. એજન.
૬. જ્ઞાતા.૭.
૭. આવચૂ.૨.પૃ.૧૬૦,આવહ. પૃ.૬૭૩.
૮. અનુહ.પૃ.૧૦,અનુહે.પૃ.૧૭, વિશેષાકો. પૃ. ૨૭૫.
૯. જ્ઞાતા.૧૬.
૧૦. આવચૂ.૨.પૃ.૧૬૫,આવહ.પૃ.૬૭૮.
૧૧. નિર.૧.૧, આવહ.પૃ.૬૭૮.
૧૨. સૂત્રચૂ.પૃ.૪૧૫,સૂત્રશી.પૃ.૩૮૭.
૧૩. સૂત્રચૂ.પૃ.૨૧૯.
૧૪. આવચૂ.૧,પૃ.૫૫૭,આવચૂ.૨.પૃ.૧૫૯, આવહ.પૃ.૪૨૮, ૬૭૧.
૧૫. આવચૂ.૧.પૃ.૫૫૮,આવહ.પૃ.૪૨૮, ૬૭૨, દશચૂ.પૃ.૫૩,સૂત્રચૂ.પૃ.૩૬૨, સૂત્રશી.પૃ.૧૦૩.
૧૬. આવચૂ.૧.પૃ.૫૫૮,આવહ.પૃ.૪૨૮, ૬૭૩-૭૫, નન્દિમ.પૃ.૧૬૬, આવચૂ.૨. પૃ.૧૬૧-૧૬૨.
૧૭. આવનિ.૯૪૩,આવનિ.(દીપિકા). પૃ.૧૮૨, દશચૂ. પૃ.૫૩, આવચૂ. ૧. પૃ.૫૫૮,આવચૂ.૨.પૃ.૧૬૨, આવહ. પૃ.૪૨૮, સ્થાઅ.પૃ.૨૫૯, નન્દિમ. પૃ. ૧૬૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૮.આવહ. પૃ.૬૮૧,આવચૂ.૨. પૃ.૧૭૦.
૧૯.આવચૂ.૨.પૃ.૧૭૧,આવહ. પૃ.૬૮૨.
૨૦.એજન. અનુત્ત.૧.
૨૧.અનુત્ત.૧.
૨૨.દશચૂ.પૃ.૪૪.
૨૩.દશચૂ.પૃ.૪૫, સ્થાઅ.પૃ.૨૫૬.
૨૪.આવચૂ.૧.પૃ.૪૬૮,આવહ.પૃ.૩૫૫.
૨૫. આવચૂ.૧.પૃ.૧૧૪,આવહ.પૃ.૯૫, આવમ.પૃ.૧૩૮,વિશેષાકો.પૃ.૪૧૪, બૃમ.પૃ.૫૮.
૨૬. સૂત્રચૂ.પૃ.૭૮.
૨૭. આવચૂ.૨.પૃ.૬૧,આવહ.પૃ.૬૭૧.
૨૮. દશચૂ.પૃ.૮૩-૮૪.
૨૯. વ્યવમ.૪. પૃ. ૬૭.

**અભગ્ગ**(અભગ્ન) **વિવાગસુય**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું ત્રીજું અધ્યયન.[1] તેમાં **અભગ્ગસેણ**(૨)ની કથા છે.[2]

૧. વિપા.૨. ૨. એજન.૧૫-૨૦.

**૧. અભગ્ગસેણ** (અભગ્નસેન) **વારત્તપુર**નો રાજા. તેનો મંત્રી **વારત્તગ**(૩) હતો.[1] આ અભગ્ગસેણ **અભયસેણ** નામે પણ જાણીતો હતો.[2]

૧. આવચૂ.૨.પૃ.૧૯૯, નિશીચૂ.૪.પૃ.૧૫૮. ૨. આવનિ.૧૨૯૮.

**૨. અભગ્ગસેણ મહબ્બલ**(૮)થી શાસિત **પુરિમતાલ** નગરની પાસે આવેલા એક સ્થાનમાં વસતો પાંચસો ચોરોનો જે સરદાર **વિજય**(૧૬) હતો તેનો પુત્ર. એક ઉત્સવ પ્રસંગે છળકપટ કરીને રાજાએ તેને ગિરફતાર કર્યો. તેના ઉપર વિવિધ ત્રાસ ગુજારવામાં આવ્યા. તેના પોતાના સ્વજનોનું માંસ, લોહી વગેરે તેને બળજબરીથી ખવડાવવામાં આવ્યાં. **તિત્થયર મહાવીરે** સમજાવ્યું કે આ બધો ત્રાસ તેને સહન કરવો પડ્યો કારણ કે ઈંડાના સમૃદ્ધ વેપારી **ણિણ્ણય**(૧) તરીકે તેણે પોતાના પૂર્વભવમાં જે પાપો કરેલાં તેનું તે પરિણામ હતું.[1]

૧. વિપા.૧૫-૨૦, સ્થાઅ.પૃ.૫૦૭.

**૧. અભય** જુઓ **અભઅ**.[1]

૧. સૂત્રચૂ.પૃ.૪૧૪, આવચૂ.૧.પૃ.૫૪૭.

**૨. અભય અણુત્તરોવવાઇયદસા**ના પ્રથમ વર્ગનું દસમું અધ્યયન યા ઉદ્દેશક.[1]

૧. અનુત્ત.૧.

**અભયકરા**(અભયઙ્કરા) સંસારનો ત્યાગ કરતી વખતે સત્તરમા **તિત્થંકર કુંથુ**(૧) એ ઉપયોગમાં લીધેલી પાલખીનું નામ.[1]

૧. સમ.૧૫૭.

**અભયકુમાર** આ અને **અભઅ**(૧) એક જ છે.[1] તેને પૂજ્ય સ્મરણીય વ્યક્તિ તરીકે સ્વીકારવામાં આવેલ છે.[2]

૧. સૂત્રચૂ.પૃ.૪૧૫, અનુહે.પૃ.૧૭. ૨. આવ.પૃ.૨૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અભયઘોસ** (અભયઘોષ) **પભંકરા**(૪)નગરીના શ્રેષ્ઠીનો પુત્ર જે તેના પૂર્વભવમાં **સિજ્જંસ**(૩) હતો.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૭૯.

**અભયસેણ**(અભયસેન) **અભગ્ગસેણ**(૧)નું બીજું નામ.[૧]

૧. આવનિ.૧૨૯૮,બૃક્ષે.૧૧૧૦, આવહ.પૃ.૭૧૧,પિંડનિમ.પૃ.૧૬૯.

**અભયા ચંપા**ની રાણી.[૧] દધિવાહન રાજાની પત્ની તરીકે તેનો ઉલ્લેખ આવે છે.[૨] જુઓ **સુદંસણ**(૯).

૧. આવચૂ.પૃ.૩૧૫, ઉત્તરાક.પૃ.૪૨૨. ૨. ઉત્તરાક.પૃ.૪૨૨.

**અભિઇ**(અભિજિત્) અઠ્ઠયાવીસ **ણક્ખત્ત**(૧)માંનું એક. **બમ્હદેવયા** તેની અધિષ્ઠાત્રી દેવતા છે. આ ણક્ખત્તનું ગોત્રનામ **મોગ્ગલાયણ**(૧) છે.[૧]

૧. જમ્બૂ.૧૫૫,૧૫૭,૧૫૯,૧૬૫,૧૭૧, સૂર્ય.૩૮,૫૦,સમ.૩,સ્થા.૯૦, દેવે.૯૭,૧૫૩.

**૧. અભિચંદ** (અભિચન્દ્ર) **ભરહ**(૨) ક્ષેત્રમાં વર્તમાન **ઓસપ્પિણી**માં થયેલા સાત **કુલગર**માંના ચોથા કુલગર.[૧] તેમની ઊંચાઈ ૬૦૦ ધનુષ હતી.[૨] તેમની પત્ની **પડિરૂવા** હતી.[૩] તે **ચંદાભ**(૨) નામે પણ જાણીતા છે.[૪]

૧. સમ.૧૫૭, સ્થા.૫૫૬,આવનિ. ૧૫૫, વિશેષા.૧૫૬૮, તીર્થો.૭૫.

૨. સમ.૧૦૯,સ્થા.૫૧૮.આવનિ.૧૫૬ પ્રમાણે તેની ઊંચાઈ ૬૫૦ ધનુષ્ય હતી.

૩. સ્થા. ૫૫૬.

૪. જમ્બૂ.૨૮.

**૨. અભિચંદ અંતગડદસા**ના બીજા વર્ગનું આઠમું અધ્યયન.[૧]

૧. અન્ત.૩.

**૩. અભિચંદ** રાજા **વણ્હિ**(૧) અને તેની રાણી **ધારિણી**(૫)નો પુત્ર. તે સંસાર ત્યાગીને **તિત્થયર અરિટ્ઠણેમિ**નો શિષ્ય બન્યો. સોળ વર્ષ સુધી શ્રમણનાં વ્રતોનું પાલન કરીને પછી **સેત્તુંજ** પર્વત ઉપર તે મોક્ષે ગયો.[૧]

૧. અન્ત.૩.

**૪. અભિચંદ વીયસોગા**ના રાજા **મહબ્બલ**(૨)નો ઘનિષ્ઠ મિત્ર.[૧]

૧. જ્ઞાતા.૬૪.

**૫. અભિચંદ** દિન-રાતનાં ત્રીસ **મુહુત્ત**માંનું એક.[૧]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૭, સમ.૩૦.

**અભિજયંત માણવગણ**(૨)નું એક કુલ.[૧]

૧. કલ્પ.પૃ.૨૬૦.

**અભિજાઅ** (અભિજાત) પખવાડિયાનો અગિયારમો દિવસ અર્થાત્ શુક્લ પક્ષ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃષ્ણ પક્ષની અગિયારસ.[1]

૧. જમ્બૂ ૧૫૨, સૂર્ય.૪૮.

**અભિણંદ**(અભિનન્દ) આ અને **અભિણંદિઅ** એક જ છે.[1]

૧. સૂર્ય.૫૩.

**અભિણંદણ** (અભિનન્દન) વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં થયેલા ચોથા **તિત્થંકર**.[1] **વિણીઆ** નગરીના રાજા **સંવર**(૧) અને તેની રાણી **સિદ્ધત્થા**(૧)નો પુત્ર.[2] ત્રીજા તિત્થંકર **સંભવ**ના મૃત્યુ પછી દસ લાખ કરોડ સાગરોપમ વર્ષો પૂરાં થતાં તેમનો જન્મ થયો હતો.[3] તેમની ઊંચાઈ ૩૫૦ ધનુષ હતી.[4] તપ્તસુવર્ણ જેવો તેમનો વર્ણ હતો.[5] તેમણે એક હજાર પુરુષો સાથે સંસારત્યાગ કર્યો હતો.[6] તે પ્રસંગે તેમણે **સુપસિદ્ધા** પાલખીનો ઉપયોગ કર્યો હતો.[7] તેમને સાધુઓના ૧૧૬ ગણો હતા અને દરેક ગણનો એક નેતા(ગણધર) હતો.[8] તે પચાસ લાખ પૂર્વ વર્ષો જીવ્યા (સાડાબાર રાજકુમાર તરીકે, સાડી છત્રીસ રાજા તરીકે અને એક લાખ પૂર્વ શ્રમણ તરીકે) અને પછી **સમ્મેય** પર્વત ઉપર[9] મોક્ષ પામ્યા.[10] તેમના પ્રમુખ શિષ્ય **વજ્જણાભ** હતા અને તેમની પ્રમુખ શિષ્યા **અજિઆ**(૨) હતી. તેમને સૌપ્રથમ ભિક્ષા આપનાર **ઈંદદત્ત** હતા.[11] તેમનું પવિત્ર વૃક્ષ પ્રિયક હતું.[12] તેમના શિષ્યો ત્રણ લાખ હતા અને શિષ્યાઓ છ લાખ ત્રીસ હજાર હતી.[13] તેમનો પૂર્વભવ **ધમ્મસીહ**(૩) તરીકેનો હતો.[14]

૧. આવ.પૃ.૪.
૨. આવનિ.૩૮૨થી આગળ, સમ. ૧૫૭, તીર્થો.૪૬૭.
૩. સ્થા.૭૩૦.
૪. સમ.૧૦૫
૫. આવનિ.૩૭૬, તીર્થો.૩૩૬.
૬. આવનિ.૨૨૫, તીર્થો.૩૯૧.
૭. સમ.૧૫૭.
૮. આવનિ.૨૬૬; તીર્થો.૪૪૪ અનુસાર ગણધરોની સંખ્યા ૧૦૩ છે.
૯. આવનિ.૨૮૦, ૩૦૩.
૧૦. એજન. ૩૦૭.
૧૧. સમ.૧૫૭, તીર્થો .૪૪૫,૪૫૭, આવનિ.૩૨૭.
૧૨. સમ.૧૫૭,તીર્થો.૪૦૫.
૧૩. આવનિ.૨૫૬, ૨૬૦.
૧૪. સમ.૧૫૭.

**અભિણંદિઅ** (અભિનન્દિત) શ્રાવણ મહિનાનું અસામાન્ય નામ.[1]

૧. જમ્બૂ ૧૫૨, સૂર્ય.૫૩.

**અભિવદ્ધિ** (અભિવૃદ્ધિ) આ અને **અહિવઢ્ઢિ** એક જ છે.[1]

૧. જમ્બૂ ૧૫૭.

**અભીઇ** (અભિજિત્) જુઓ **અભિઇ**.[1]

૧. સમ.૩.

**અભીજિ** (અભિજિત્) આ અને અભિઇ એક છે.[1]

૧. સમ.૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અભીતિ** સિંધુસોવીર દેશમાં આવેલા **વીતિભય** નગરના રાજા **ઉદાયણ**(૧) અને તેની રાણી **પભાવતી**(૩)નો પુત્ર. સંસારનો ત્યાગ કરતી વખતે ઉદાયણે રાજગાદી પોતાના પુત્રને ન સોંપતાં પોતાની બહેનના દીકરા **કેસિ**(૨)ને સોંપી. પોતાના પિતાના પોતાને પ્રતિકૂળ કાર્ય અને નિર્ણયથી અભીતિ દુઃખી થઈને **ચંપા** જતો રહ્યો અને રાજા **કૂણિઅ** સાથે રહ્યો.[૧]

૧. ભગ.૪૯૧-૯૨, સ્થાઅ. પૃ.૪૩૧.

**અભીયિ** (અભીતિ) આ અને **અભીતિ**[૧] તથા **અભિઈ**[૨] એક છે.

૧. ભગ.૪૯૨. ૨. સૂર્ય.૬૨,૯૩.

**અભીયિકુમાર** (અભીતિકુમાર) આ અને **અભીતિ** એક જ છે.[૧]

૧.ભગ.૪૯૧.

**૧. અમમ** રાત-દિનનાં ત્રીસ **મુહુત્ત**માંનું એક.[૧] **સમવાય**માં તેનો **આવત્ત**(૫) નામે નિર્દેશ છે.[૨]

૧. જમ્બૂ ૧૫૨, સૂર્ય.૪૭. ૨. સમ.૩૦.

**૨. અમમ** ભરહ(૨)માં ભાવી **ઉસ્સપ્પિણી**માં થનારા બારમા ભાવી **તિત્થંકર**. **વાસુદેવ**(૨) **કણ્હ**(૧)નો આત્મા જે અત્યારે નરકમાં છે તે જ ભરહમાં **સયદુવાર** નગરમાં આ અમમ તરીકે જન્મ લેશે.[૧] **સમવાય** અનુસાર તે બારમા નહિ પણ તેરમા ભાવી તિત્થંકર છે.[૨]

૧. અન્ત.૯, સ્થા.૬૯૨, સ્થાઅ.પૃ.૪૩૪, તીર્થો.૧૧૧૩. ૨. સમ.૧૫૯.

**અમયઘોસ** (અમૃતઘોષ) **કાઈંદી** નગરીનો રાજા. તેણે સંસારત્યાગ કર્યો. **ચંડવેગે** તેને ત્રાસ આપી મારી નાખ્યો. તે મોક્ષ પામ્યો.[૧]

૧. સંસ્તા.૭૬-૭૮.

**અમરકંકા** આ અને **અવરકંકા**(૧) એક જ છે.

૧. જ્ઞાતા. ૧૨૪

**અમરવઇ** (અમરપતિ) જ્ઞાતૃવંશનો રાજકુમાર જે સંસાર ત્યાગી **તિત્થંકર** **મલ્લિ**(૧)નો શિષ્ય બન્યો હતો.

૧. જ્ઞાતા.૭૭.

**અમરસેણ** (અમરસેન) જ્ઞાતૃવંશનો રાજકુમાર જે સંસાર ત્યાગી **અમરવઇ**ની જેમ જ તિત્થંકર **મલ્લિ**(૧)નો શિષ્ય બન્યો હતો.[૧]

૧. જ્ઞાતા.૭૭.

**અમલ** ઉસહ(૧)ના સો પુત્રોમાંનો એક પુત્ર.[૧]

૧. કલ્પવિ.પૃ.૨૩૬, કલ્પધ.પૃ.૧૫૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. **અમલા** એકવીસમા **તિત્થંકર ણમિ**(૧)ની પ્રમુખ શિષ્યા.[૧] તેનો **અણિલા** નામે પણ ઉલ્લેખ થયો છે.[૨] **અમિલા** એ અમલાનું પાઠાન્તર લાગે છે.[૩]

૧. સમ.૧૫૭. ૨. તીર્થો.૪૬૧ ૩. સમ.૧૫૭.

૨. **અમલા સક્ક**(૩)ની આઠ પટરાણીઓમાંની એક.[૧] તે **અચલા**(૨) નામે પણ જાણીતી હતી.[૨]

૧. ભગ.૪૦૬,સ્થા.૬૧૨. ૨. જ્ઞાતા.૧૫૭.

**અમિતસેણ** (અમૃતસેન) જુઓ **અજિયસેણ**(૫).[૧]

૧. સ્થાઅ. ૭૬૭.

**અમિયગઇ** (અમિતગતિ) દક્ષિણના **દિસાકુમાર** દેવોનો ઇન્દ્ર.[૧] તેને છ પટરાણીઓ છે જેમનાં નામો **ધરણ**(૧)ની પટરાણીઓનાં નામોથી જુદાં નથી.[૨] તેના ચાર લોગપાલ છે – **તુરિયગઇ, ખિપ્પગઇ, સીહગઇ** અને **સીહવિક્કમગઇ**.[૩]

૧.ભગ.૧૬૯,સ્થા.૯૪, પ્રજ્ઞા.૪૬. ૩. ભગ.૧૬૯, સ્થા.૨૫૬.
૨.ભગ.૪૦૬, સ્થા. ૫૦૮.

**અમિયતેય** (અમિતતેજસ્) એક ચરણ સાધુ.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૭૧.

**અમિયવાહણ** (અમિતવાહન) ઉત્તરના **દિસાકુમાર** દેવોનો ઇન્દ્ર.[૧] તેને છ પટરાણીઓ છે જેમનાં નામો **ભૂયાણંદ**(૧)ની પટરાણીઓનાં નામોને મળતાં છે.[૨] તેને ચાર **લોગપાલ** છે જેવા **અમિયગઇ**ને છે.[૩]

૧. ભગ.૧૬૯, સ્થા.૯૪, પ્રજ્ઞા.૪૬. ૩. ભગ.૧૬૯,સ્થા.૨૫૬.
૨. ભગ.૪૦૬, સ્થા.૫૦૮.

**અમિલા** જુઓ **અમલા**(૧).[૧]

૧. સમ.૧૫૭.

૧. **અમોહ**(અમોઘ) સાતમું **ગેવિજ્જગ** વિમાન.[૧]

૧. સ્થા. ૬૮૫.

૨. **અમોહ રુયગ**(૧) પર્વતના પશ્ચિમ ભાગમાં આવેલું શિખર. તેની અધિષ્ઠાત્રી દેવી **સુરદેવી**(૨) છે.[૧]

૧. સ્થા. ૬૪૩.

૩. **અમોહ સક્ક**(૩)ના **લોગપાલ વેસમણ**(૯)ના હાથ નીચેનો દેવ.[૧]

૧. ભગ.૧૬૮.

૪. **અમોહ** એક **જક્ખ** જેનું ચૈત્ય **સાહંજણી** નગરીના **દેવરમણ** ઉદ્યાનમાં આવેલું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે.[1]

૧. વિપા.૨૧.

**અમોહદંસણ** (અમોઘદર્શન) **પુરિમતાલ**ની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન. તેમાં **જક્ખ અમોહદંસિ**નું ચૈત્ય આવેલું હતું.[1]

૧. વિપા.૧૫.

**અમોહદંસિ** (અમોઘદર્શિન્) એક **જક્ખ** દેવ જેનું ચૈત્ય **પુરિમતાલ** પાસેના **અમોહદંસણ** ઉદ્યાનમાં આવેલું હતું.[1]

૧. વિપા.૧૫.

**અમોહરહ** (અમોઘરથ) **ઉજ્જેણી**ના રાજા **જિયસત્તુ**(૩૬)નો સારથિ. **જસમતી** તેની પત્ની હતી અને **અગડદત્ત** તેનો પુત્ર હતો.[1]

૧. ઉત્તરાશા. પૃ. ૨૧૩.

**૧. અમોહા** (અમોઘા) **ણંદીસર** દ્વીપમાં આવેલા **અંજણગ** પર્વતના પશ્ચિમ ભાગમાં આવેલી પુષ્કરિણી.[1]

૧. સ્થા.૩૦૭, જીવા.૧૮૩.

**૨. અમોહા જંબુસુદંસણા**નું બીજું નામ.[1]

૧. જમ્બૂ. ૯૦.

**૧. અમ્મડ** (અમ્બડ) **તિત્થયર મહાવીર**નો સમકાલીન એક બ્રાહ્મણ પરિવ્રાજક.[1] તેને સાતસો શિષ્યો હતા. તેને મહાવીરના ઉપદેશોમાં પૂર્ણ શ્રદ્ધા હતી. જ્યારે તે અને તેના શિષ્યો **કંપિલ્લપુર**થી **પુરિમતાલ** જઈ રહ્યા હતા ત્યારે તે બધા મૃત્યુ પામ્યા કારણ કે તેમણે લીધેલા વ્રત મુજબ તેમને પાણી દેનાર કોઈ હતું નહિ. મરીને તે બધાએ **બંભલોગ**માં જન્મ ધારણ કર્યો. ભવિષ્યમાં **મહાવિદેહ**માં તેઓ મોક્ષ પામશે.[2]

૧. ઔપ.૩૮,૩૯,ભગ.૫૨૯,૫૩૦, ભગઅ.પૃ.૬૫૩,૬૯૬. ૨. ઔપ.૪૦.

**૨. અમ્મડ તિત્થયર મહાવીર**નો ઉપાસક શ્રાવક. તે **સુલસા**(૨)ને મળ્યો અને મહાવીર વતી ખબરઅંતર પૂછ્યા. તેણે **સુલસા**ની શ્રદ્ધાની દઢતા જાણવા તેની અનેક પરીક્ષા કરી. અને તેની શ્રદ્ધાની દઢતા જાણીને તેણે તેની પ્રશંસા કરી.[1] આ અમ્મડ આવતા ઉત્સર્પિણી કાલમાં **ભરહ**(૨) ક્ષેત્રમાં તેવીસમા **તિત્થંકર** તરીકે જન્મ લેશે.[2]

૧.સ્થાઅ.પૃ.૪૫૭,પ્રજ્ઞામ.પૃ.૬૧,નિશીચૂ. દશહ. પૃ.૧૦૨.
૧.પૃ.૩૨,આચાચૂ.પૃ.૧૩,દશચૂ.પૃ.૯૬, ૨. સ્થા.૬૯૨, સમ.૧૫૯.

**૩. અમ્મડ તિત્થયર પાસ**(૧)ના તીર્થમાં થયેલો એક પરિવ્રાજક જેનો **પત્તેયબુદ્ધ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરીકે સ્વીકાર થયો છે. તેને **જોગંધરાયણ**(૨) સાથે ચર્ચા થઈ હતી.[૧]

૧. ઋષિ.૨૫, ઋષિ(સંગ્રહણી).

**અમ્મયા**(અમૃતા) પાંચમા **વાસુદેવ**(૧) **પુરિસસીહ**ની માતા.[૧]

૧. સમ.૧૫૮, તીર્થો.૬૦૩, આવનિ.૪૦૯.

**અય** (અજ) **પુવ્વાભદ્દવયા** નક્ષત્રના અધિષ્ઠાતા દેવ.[૧]

૧. જમ્બૂ ૧૫૭, ૧૭૧, સ્થા.૯૦.

**૧. અયંપુલ** (અયમ્પુલ) **સક્ક**(૩)ના **લોગપાલ વરુણ**(૧)ના કુટુંબનો સભ્ય.[૧]

૧. ભગ. ૧૬૭.

**૨. અયંપુલ** ગોસાલનો ઉપાસક. તે **સાવત્થી**નો હતો. એક વાર હલ્લા(એક જાતનું જંતુ)ના આકાર અંગે પૂછવા તે કુતૂહલવશ ગોસાલ પાસે ગયો. તેણે ગોસાલને વિચિત્ર સ્થિતિમાં - નાચતા, ગાતા અને મદ્યપાન કરતા - જોયા. તેથી તે શરમિંદો બની પાછો ફરવા માગતો હતો. ગોસાલના શિષ્યોને આનો ખ્યાલ આવી જતાં તેમણે તેને નિર્વાણ(મોક્ષ) પામવાની પૂર્વ સંધ્યાએ આચરવામાં આવતી આઠ બાબતો (ચરમો) સમજાવી. આ સમજૂતીથી સંતુષ્ટ થયેલો તે ગોસાલ પાસે ગયો અને પોતાની શંકાનું સમાધાન પામ્યો.[૧]

૧. ભગ.૫૫૪.

**અયકર** (અજકર) આ અને **અયકરઅ** એક જ છે.[૧]

૧. સૂર્યમ.પૃ.૨૯૫.

**અયકરઅ** (અજકરક) **અઠ્ઠયાસી ગહ**માંનો એક ગહ.[૧]

૧. જમ્બૂ.૧૭૦,સૂર્ય.૧૦૭,સ્થા.૯૦, સૂર્યમ.પૃ.૨૯૫.

**અયકરગ**(અજકરક) આ અને **અયકરઅ** એક જ છે.[૧]

૧. સ્થા.૯૦.

**અયલ** (અચલ) આ અને **અચલ**[૧] તથા **અયલભાયા**[૨] એક છે.

૧. દશચૂ.૧૦૫, જ્ઞાતા,૬૪,અન્ત.૧,૨,આવચૂ.૧.પૃ.૧૭૭, વિશેષા.૧૭૬૬.
૨.આવનિ.૬૪૫.

**અયલગ્ગામ** (અચલગ્રામ) આ તે ગામ છે જે ગામના **સુરઈય, સયદેવ, સમણય** અને **સુભદ્દ**(૪) હતા. અહીં તેમણે એક તાપસ સાથે **જસહર**(૧) પાસે દીક્ષા લીધી હતી.[૧] આ ગામ **મગહા**માં આવેલું હતું.[૨]

૧. મર.૪૪૯-૪૫૧. ૨. ઉત્તરાક.પૃ.૩૬૮, ઉત્તરાનિ.પૃ.૨૪૩.

**અયલપુર** (અચલપુર) **આભીર**(૧) દેશમાં **કણ્હા**(૬) અને **બિણ્ણા**(૨) નદીઓના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંગમ પાસે આવેલું નગર.[1] તે રાજા **જિયસત્તુ**(૩૯)ની રાજધાની હતું.[2] **રેવઈણક્ખત્ત** નામના આચાર્યના શિષ્ય **સીહ**(૩)એ અહીં દીક્ષા લીધી હતી.[3] તેની બેરાર(Berar)માં આવેલા એલ્લિચપુર(Ellichpur) સાથે સ્થાપવામાં આવેલી એકતા શંકાસ્પદ છે.[4] જુઓ **બેણ્ણા.**

૧. કલ્પધ.પૃ.૧૭૧, કલ્પવિ.પૃ.૨૬૩, પિંડનિમ.પૃ.૫૪૪.
૨. ઉત્તરાનિ.પૃ.૧૦૦, ઉત્તરાચૂ.પૃ.૬૨, ઉત્તરાશા.પૃ.૧૦૦.
૩. નન્દિ. ગાથા ૩૨, નન્દિહ.પૃ.૧૩.
૪. જુઓ લાઈ.પૃ.૨૬૩.

**અયલભદ્દા** (અચલભદ્રા) જુઓ **વેસમણપભ.**[1]

૧. ભગઅ.પૃ.૨૦૩-૪.

**અયલભાયા** (અચલભ્રાતૃ) **તિત્થયર મહાવીર**ના નવમા **ગણહર. કોસલા**ના **વસુ**(૫) અને **નંદા**(૫)ના પુત્ર. તે શુભ અને અશુભ કર્મમાં શ્રદ્ધા ધરાવતા ન હતા. મહાવીરે આ જાણ્યું અને તેમણે તેમની આ શંકા દૂર કરી. મહાવીરની દલીલો તેમના ગળે ઊતરી ગઈ અને તે તેમના ત્રણ સો શિષ્યો સાથે મહાવીરના શિષ્ય બની ગયા. બોતેર વર્ષની ઉંમરે તે મોક્ષ પામ્યા.[1] તે **અયલ** નામે પણ પ્રસિદ્ધ હતા.[2] તે અને **અંકપિય** બન્ને એક જ ગણનો હવાલો સંભાળતા હતા.[3] તે ગૃહસ્થ તરીકે ૪૬ વર્ષ, શ્રમણ સાધુ તરીકે ૧૨ વર્ષ અને કેવલી તરીકે ૧૪ વર્ષ જીવ્યા.[4]

૧. નન્દિ. ગાથા ૨૧, આવનિ.૫૯૫, ૬૩૧, ૬૪૫, સમ.૭૨, વિશેષા.૧૩૮૪, ૨૦૧૩, કલ્પવિ. પૃ.૧૭૯.
૨. આવનિ.૬૪૫.
૩. કલ્પવિ. પૃ. ૨૪૮.
૪. વિશેષા.૨૫૧૧-૨૫૧૮, આવનિ.૬૫૨-૬૫૬, સમઅ.પૃ.૮૩.

**અયસી** (અતસી) **વિયાહપણ્ણત્તિ**ના એકવીસમા શતકનો ત્રીજો ઉદ્દેશક.[1]

૧. ભગ.૬૮૮.

**અયાવાલગવાયગ** (અજાપાલકવાચક) એક વૃદ્ધ શ્રમણ જે પોતે લીધેલાં વ્રતોમાંથી પતન પામ્યો. પછી તે બકરીઓનો પાલક બન્યો.[1]

૧. બૃભા.૪૫૩૫-૩૮, 'અતિવાલગવાયગ' પાઠ ખોટો લાગે છે. ટીકાકાર આ વાત સ્વીકારે છે અને તેનું સંસ્કૃત 'અજાપાલકવાચક' આપે છે. — જુઓ બૃક્ષે. ૧૨૨૫.

**અયોજ્ઝા** (અયોધ્યા) જુઓ **અઓજ્ઝા**(૨).[1]

૧. આવચૂ.૧.પૃ.૩૩૭, આવમ.પૃ.૨૨૭.

**અયોમુહ** (અયોમુખ) એક **અંતરદીવ.**[1]

૧. સ્થા.૩૦૪, પ્રજ્ઞા.૩૬, જીવા.૧૦૮, નન્દિમ.પૃ.૧૦૩.

**અર ભરહ**(૨) ક્ષેત્રમાં વર્તમાન **ઓસપ્પિણી**માં થયેલા અઢારમા **તિત્થંકર.**[1] તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાતમા **ચક્કવટ્ટિ** પણ હતા.[૨] તે **ગયપુર**ના રાજા **સુદંસણ**(૧) અને તેમની રાણી **દેવી**(૨)ના પુત્ર હતા.[૩] **સુરસિરી** તેમની પટરાણી હતી.[૪] તેમની ઊંચાઈ ત્રીસ ધનુષ હતી.[૫] તેમનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો હતો.[૬] ૪૨૦૦૦ વર્ષની ઉંમરે તે ચક્કવટ્ટિ બન્યા અને ૬૩૦૦૦ વર્ષની ઉંમરે તેમણે એક હજાર પુરુષો સાથે સંસારનો ત્યાગ કર્યો. આ પ્રસંગે તેમણે **ણિવ્વુઈકરા** પાલખી ઉપયોગમાં લીધી.[૭] **અપરાઇય**(૩) તેમને સૌ પ્રથમ ભિક્ષા આપનાર હતા.[૮] ત્રણ વર્ષ પછી તે કેવળજ્ઞાન પામ્યા.[૯] તેમનું પવિત્ર વૃક્ષ આમ્રવૃક્ષ હતું.[૧૦] તેમની આજ્ઞામાં સાધુઓના તેત્રીસ ગણો હતા અને તેત્રીસ ગણનેતાઓ(ગણધર) હતા.[૧૧] તેમના શિષ્યો પચાસ હજાર હતા અને શિષ્યાઓ સાઠ હજાર હતી.[૧૨] ૮૪,૦૦૦ વર્ષની ઉંમરે[૧૩] **સમ્મેય** પર્વત ઉપર તે મોક્ષ પામ્યા.[૧૪] તેમનો સૌપ્રથમ શિષ્ય **કુંભ**(૩) હતો અને સૌપ્રથમ શિષ્યા **રક્ખિયા** હતી.[૧૫] **એરવય**(૧)માં તેમના સમકાલીન **તિત્થયર અઇપાસ** હતા.[૧૬] પોતાના પૂર્વભવમાં અર **સુદંસણ**(૬) હતા.[૧૭]

૧. સમ.૧૫૭, સ્થા.૪૧૧, આવ.પૃ.૪, નન્દિ.ગાથા ૧૯, વિશેષા.૧૭૫૯,. આવનિ ૩૭૧,૪૧૮,૪૨૧,૧૦૯૫, તીર્થો.૩૩૦.
૨. આવનિ.૨૨૩,૩૭૫,૪૧૮, સમ. ૧૫૮, વિશેષા.૧૭૭૦, તીર્થો. ૫૫૯, સ્થા. ૭૧૮, ઉત્તરા.૧૮.૪૦.
૩. આવનિ.૩૮૩,૩૯૮-૯૯, સમ. ૧૫૭,૧૫૮, તીર્થો.૪૮૧, જુઓ આવમ. પૃ.૨૩૭-૨૪૩.
૪. સમ. ૧૫૮.
૫. સમ.૩૦, આવનિ.૩૮૦,૩૯૩, તીર્થો.૩૬૩.
૬. આવનિ.૩૭૭, તીર્થો.૩૪૧.
૭. સમ.૧૫૭, આવનિ.૨૨૫, ૨૭૨-૩૦૫, તીર્થો.૩૯૩.
૮. આવનિ.૩૨૮, સમ.૧૫૭.
૯. આવનિ.૨૨૪, ૨૩૮.
૧૦. સમ. ૧૫૭, તીર્થો. ૪૦૬.
૧૧. આવનિ.૨૬૮, તીર્થો.૪૫૨.
૧૨. આવનિ.૨૫૮થી આગળ.
૧૩. આવનિ.૨૫૮-૩૦૫, કલ્પ. ૧૮૭.
૧૪. આવનિ.૩૦૭.
૧૫. સમ. ૧૫૭, તીર્થો. ૪૫૨, ૪૬૧.
૧૬. તીર્થો.૩૩૧.
૧૭. સમ.૧૫૭.

**૧. અરઅ** (અરજસ્) અઠ્ઠ્યાસી ગહમાંનો એક ગહ.[૧]

૧. જમ્બૂ. ૧૭૦, સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૫૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬, સ્થાઅ. પૃ.૭૯-૮૦.

**૨. અરઅ** બંભલોગના છ થરોમાંનું એક થર.[૧]

૧. સ્થા.૫૧૬, સ્થાઅ.પૃ.૩૬૭.

**અરક્ખુરિતા** (અરક્ષુરિકા) જુઓ **અરક્ખુરી**.[૧]

૧. આવચૂ.૨. પૃ.૧૯૮.

**અરક્ખુરી** (અરક્ષુરી) ચંડજૂઝય રાજાની રાજધાની.[૧] **સૂર**(૧)ની મુખ્ય પત્ની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સૂરપ્પભા**(૧) પોતાના પૂર્વભવમાં અહીં જન્મી હતી. **તિત્થયર પાસ**(૧) અહીં આવ્યા હતા.[૨]

૧. આવનિ.૧૨૯૭,આવચૂ.૨.પૃ.૧૯૮,આવહ.પૃ.૭૧૦. ૨.જ્ઞાતા.૧૫૫.

**અરખુરી** (અરક્ષુરી) જુઓ **અરક્ખુરી.**[૧]

૧. આવચૂ.૨.પૃ.૧૯૮.

**અરજા** મહાવિદેહના **કુમુય**(૧) પ્રદેશની રાજધાની. તે **મંદર**(૩) પર્વતની દક્ષિણ-પશ્ચિમે આવેલી છે.[૧] ઠાણમાં અરજાના બદલે **અસોગા**(૧)નો ઉલ્લેખ છે.[૨]

૧. જમ્બૂ. ૧૦૨. ૨. સ્થા.૬૩૭,સ્થાઅ.પૃ.૪૩૮.

**અરણવડિંસગ** (અરણ્યાવતંસક) **આરણ** કલ્પમાં આવેલું એક સ્વર્ગીય વાસસ્થાન. જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એકવીસ સાગરોપમ વર્ષ છે.[૧]

૧. સમ.૨૧.

**અરય**(અરજસ્) આ અને **અરઅ**(૧) એક જ છે.[૧]

૧. સ્થા.૯૦.

**અરહણ** (અર્હન્ન) આ અને **અરહણ્ણઅ**(૨) એક જ છે.[૧]

૧. આવચૂ.૨.પૃ.૯૩.

**૧. અરહણ્ણઅ** (અર્હન્નક) **ચંપા**નો સાગરખેડુ વેપારી. તે પોતાની ધર્મશ્રદ્ધામાં દૃઢ હતો. એક વાર **લવણ** સમુદ્રમાં એક દેવે તેને ખૂબ ત્રાસ આપ્યો. તે દેવે તેને તેનાં વ્રતો છોડી દેવા ધમકી આપી કે જો તે તેમ નહિ કરે તો તેનું વહાણ તે ડૂબાડી દેશે. પરંતુ તે જરાપણ વિચલિત ન થયો. તે તેના વ્રતપાલનમાં અડગ રહ્યો. તેથી દેવ તેના ઉપર પ્રસન્ન થયો અને તેને કુંડળોની એક જોડ ભેટ આપી. તે વેપારીએ પોતાના તરફથી તે જોડ **મિહિલા**ની રાજકુમારી **મલ્લિ**(૧)ને ભેટ આપી.[૧]

૧. જ્ઞાતા.૬૯-૭૦,૭૯, સ્થાઅ.પૃ.૪૦૧.

**૨. અરહણ્ણઅ તગરા**ના **દત્ત**(૫) અને **ભદ્દા**(૧)નો પુત્ર. તે પોતાના માતાપિતા સાથે સંસાર ત્યાગી ગુરુ **અરહમિત્ત**(૩)નો શિષ્ય બન્યો. પોતાના પિતાના અવસાન પછી તેને ભિક્ષા માટે જવું પડતું. સૂર્યનો તાપ તેનાથી સહન થતો ન હોવાથી તેણે શ્રમણોનાં વ્રતો ત્યાગી દીધાં અને એક સ્ત્રી સાથે તે રહેવા લાગ્યો. આનાથી ખૂબ જ દુઃખી થયેલી તેની માતા ગાંડી બની ગઈ. તેને માતાની દયા આવી અને તેથી તે પુનઃ શ્રમણ બન્યો અને સૂર્યતાપ વગેરેથી થતી પીડા તેણે સહન કરી.[૧]

૧. ઉત્તરાનિ.પૃ.૯૦,ઉત્તરાચૂ.પૃ.૫૮, ઉત્તરાશા.પૃ.૯૦, મર.૪૭૭,૪૮૯, આવચૂ.૨.પૃ.૯૩,કલ્પસ. પૃ.૨૭૦, પાક્ષિય.પૃ.૨૪, જીતભા. ૮૧૮, વ્યવભા.૩.૩૫૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. **અરહણ્ણઅ** **ખિતિપતિટ્ઠિય**ના **અરહમિત્ત**(૧)નો મોટો ભાઈ. પોતાના નાના ભાઈમાં આસક્ત પોતાની પત્નીએ જ તેને મારી નાખ્યો. જુઓ **અરહમિત્ત**(૧).[1]

૧. આવચૂ.૧.પૃ.૫૧૪, આવહ,પૃ.૩૮૮.

**અરહણ્ણગ** (અર્હન્નક) આ અને **અરહણ્ણઅ**(૧) એક છે.[1]

૧. જ્ઞાતા.૭૯.

**અરહદત્ત** (અર્હદ્દત્ત) આ અને **અરહણ્ણઅ**(૨) એક છે.[1]

૧. વિશેષા. ૩૫૭૫.

**અરહદત્તા** (અર્હદ્દત્તા) **સોગંધિયા**ના **અપ્પડિહય** અને **સુકણ્ણા**ના પુત્ર **મહચંદ**(૧)ની પત્ની.[1]

૧. વિપા.૩૪.

૧. **અરહમિત્ત** (અર્હન્મિત્ર) **ખિતિપતિટ્ઠિય**ના **અરહણ્ણઅ**(૩)નો નાનો ભાઈ. તેનામાં **અરહણ્ણઅ**ની પત્ની આસક્ત હતી. તેથી તેણે અરહમિત્તને વશ કરવા પ્રયત્ન કર્યા પણ અરહમિત્ત તેની ઇચ્છાને તાબે ન થયો. અરહમિત્તને ખુશ કરવા તે એટલી હદે ગઈ કે તેણે પોતાના પતિને મારી નાખ્યો. આ દુઃખદ ઘટનાથી ખિન્ન બની ગયેલા અરહમિત્તે સંસાર ત્યાગ્યો અને તે શ્રમણ બન્યો. બીજી બાજુ અરહણ્ણઅની પત્ની મરીને કૂતરી થઈ અને અરહમિત્તને ત્રાસ આપવા લાગી. ત્યાર પછી મરીને તે મધમાખી બની, ઇત્યાદી.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૧૪, આવહ.પૃ.૩૮૮, ગચ્છાવા.પૃ.૨૬.

૨. **અરહમિત્ત** **બારમતી**નો વેપારી. **અણુધરી** તેની પત્ની હતી અને **જિણદેવ**(૨) તેમનો પુત્ર હતો.[1]

૧. આવચૂ.૨.પૃ.૨૦૨, આવહ.પૃ.૭૧૪.

૩. **અરહમિત્ત** શ્રમણ ગુરુ જેમણે **અરહણ્ણઅ**(૨)ને **તગરા**માં દીક્ષા આપી હતી.[1]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ.૯૦, ઉત્તરાચૂ.પૃ.૫૮, પાક્ષિય.પૃ.૨૪.

**અરિંજઅ** (અરિઞ્જય) **તિત્થયર** **ઉસહ**(૧)ના સો પુત્રોમાંનો એક પુત્ર.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૨.

૧. **અરિટ્ઠ** (અરિષ્ટ) **મંડવ** ગોત્રની સાત શાખાઓમાંની એક શાખા.[1]

૧. સ્થા. ૫૫૧.

૨. **અરિટ્ઠ** પંદરમા **તિત્થંકર** **ધમ્મ**(૩)નો સૌપ્રથમ શિષ્ય.[1]

૧. સમ.૧૫૭, તીર્થો.૪૫૧.

**અરિટ્ઠણેમિ** (અરિષ્ટનેમિ) વર્તમાન **ઓસપ્પિણી**માં થયેલા બાવીસમા **તિત્થંકર** જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ણેમિ** નામે પણ પ્રસિદ્ધ હતા.[1] તે **હરિવંસ**(૧)ના હતા. તે **સોરિયપુર**(૧)ના રાજા **સમુદ્દવિજય**(૧) અને તેમની રાણી **સિવા**(૨)ના પુત્ર હતા.[2] **રહણેમિ** વગેરે તેમના ભાઈઓ હતા.[3] તેમની ઊંચાઈ દસ ધનુષ હતી.[4] તેમનો વર્ણ શ્યામ હતો.[5] **ઉગ્ગસેણ** રાજાની કુંવરી **રાઈમઈ** સાથે તેમનું સગપણ નક્કી થયું હતું.[6] તેને પરણવા જતી વખતે માર્ગમાં તેમણે ભયભીત અને દુઃખાર્ત પશુઓને વાડાઓમાં અને પાંજરામાં પુરાયેલાં જોયાં. તેમને જોઈને તેમણે સારથિને પૂછ્યું, "સુખ અને મુક્તપણે હરવાફરવા ઇચ્છતા આ પશુઓને શા માટે પાંજરામાં અને વાડાઓમાં પૂરી રાખ્યાં છે ?" સારથિએ કહ્યું, "આ પશુઓ નસીબદાર છે કારણ કે આપના લગ્નપ્રસંગે તેઓ ઘણા લોકોને મિષ્ટ ભોજન પૂરું પાડશે. તેમને મારી તેમના માંસની અનેક વાનગીઓ બનાવવામાં આવશે." આ જાતની કતલની વાત અરિટ્ઠણેમિ સહન કરી શક્યા નહિ. તે તરત જ પાછા વળી ગયા, પોતાનો બધો પરિગ્રહ ત્યાગી દીધો અને સંસાર છોડી દીધો. **ઉત્તરકુરા** પાલખીનો ઉપયોગ તેમણે આ પ્રસંગે કર્યો હતો.[7] તેમની સાથે એક હજાર પુરુષોએ પણ સંસારત્યાગ કર્યો હતો.[8] તેમને સૌ પ્રથમ ભિક્ષા આપનાર **વરદત્ત**(૪) હતા.[9] ચોપ્પન દિવસ પછી તેમને કેવળજ્ઞાન થયું. તેમનું પવિત્ર વૃક્ષ વેતસ હતું.[10] તેમના સંઘમાં સાધુઓના અઢાર ગણો હતા, અઢાર ગણનાયકો(**ગણધરો**) હતા, અઢાર હજાર સાધુઓ હતા, ચાલીસ હજાર સાધ્વીઓ હતી, એક સો ઓગણસિત્તેર હજાર શ્રાવકો હતા અને ત્રણસો છત્રીસ હજાર શ્રાવિકાઓ હતી, ઇત્યાદિ. એક હજાર વર્ષનું પૂર્ણ આયુષ્ય (જેમાં રાજકુમાર તરીકેના ૩૦૦ વર્ષ સમાવિષ્ટ છે) ભોગવી તે **ઉજ્જિંજત** શૈલના શિખર ઉપર મોક્ષ પામ્યા.[11] આ પર્વતનો સંબંધ તેમનાં બીજાં કલ્યાણકો સાથે પણ છે.[12] **જક્ખિણી** તેમની પ્રધાન શિષ્યા હતી,[13] વરદત્ત(૪) તેમનો સૌપ્રથમ શિષ્ય હતો,[14] **નંદ**(૧૦) તેમનો પ્રધાન શ્રાવક હતો અને **મહાસુવ્વયા** તેમની સૌપ્રથમ શ્રાવિકા હતી.[15] **એરવય**(૧)માં **અગ્ગિસેણ**(૨) તેમના સમકાલીન **તિત્થયર** હતા.[16] અરિટ્ઠણેમિએ **વાસુદેવ**(૨) **કણ્હ**(૧)ની **પઉમાવઈ**(૧૪) આદિ આઠ રાણીઓને દીક્ષા આપી હતી.[17] તે તેમના પૂર્વભવમાં **સંખ**(૫) હતા.[18]

૧. સમ.૧૫૭, ઉત્તરાનિ.પૃ.૪૯૬, નન્દિ. ગાથા ૧૯, આવનિ.૧૦૯૭, તીર્થો. ૩૩૪, ૫૧૧, આવમ.પૃ.૧૩૭, આવહ.પૃ.૨૭૩.

૨. ઉત્તરા.૨૨. ૩-૪, કલ્પ.૨, ૧૭૧, આચાશી.પૃ.૩૨૭, સમ.૧૫૭, આવનિ. ૩૮૬થી આગળ, તીર્થો. ૪૬૪થી આગળ.

૩. દશચૂ.પૃ.૮૭, ઉત્તરાનિ.પૃ.૪૯૬, અન્ત.૮.

૪. સમ.૧૦, સ્થા.૭૩૫, તીર્થો.૩૬૪, નિર.૫.૧, આવનિ.૩૮૦.

૫. આવનિ.૩૭૭, તીર્થો.૩૫૨.

૬. ઉત્તરા.૨૨.૬થી આગળ, કલ્પધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃ.૧૩૯, કલ્પવિ.પૃ.૨૧૩
૭.સમ.૧૫૭.
૮.ઉત્તરા.૨૨.૧૪-૨૪,આવનિ. ૨૨૫, તીર્થો.૩૯૩.
૯.સમ.૧૫૭, આવનિ.૩૨૯.
૧૦.સમ.૧૫૭, તીર્થો. ૪૦૭.
૧૧.કલ્પ.૧૭૪-૧૮૩, જ્ઞાતા. ૫૩, ૧૨૯, સમ.૧૮,૪૦,૫૪,૧૦૪, ૧૧૦,૧૧૩,સ્થા.૩૮૧,૬૫૧, ૭૩૫,વિશેષા.૧૭૦૨.,આચાચૂ. પૃ.૨૨૦, આવમ.પૃ.૨૦૮-૨૧૪, તીર્થો.૪૫૪, આવનિ.૨૫૯થી આગળ, ૨૭૨-૩૦૫. આવનિ.૨૬૯ અનુસાર તેમને અગિયાર ગણો હતા.
૧૨.આવનિ.(દીપિકા)૨, પૃ.૧૬૦, તીર્થો.૪૭૦.
૧૩.અન્ત.૯, સમ.૧૫૭, તીર્થો.૪૬૧.
૧૪.સમ.૧૫૭, તીર્થો.૪૫૪.
૧૫.આવચૂ.૧.પૃ.૧૫૯.
૧૬.તીર્થો.૩૩૩.
૧૭. સ્થા.૬૨૬.
૧૮. સમ.૧૫૭.

**અરિટ્ઠપુરા** (અરિષ્ટપુરી) મહાવિદેહમાં આવેલા **કચ્છગાવઈ**(૨) પ્રદેશની રાજધાની.[1]

૧. જમ્બૂ. ૯૫, સ્થા.૬૩૭.

**અરિટ્ઠા** (અરિષ્ટા) મહાવિદેહમાં આવેલા **મહાકચ્છ**(૨) પ્રદેશની રાજધાની.[1] આ અને **રિટ્ઠા**(૨) એક જ છે.[2]

૧. સ્થા.૬૩૭, જમ્બૂ.૯૫.

**અરિટ્ઠાવઈ** (અરિષ્ટાવતી) આ અને **અરિટ્ઠપુરા** એક જ છે.[1]

૧. સ્થાઅ.પૃ.૪૩૮.

**અરિદમણ** (અરિદમન) **તિત્થયર** **ઉસહ**(૧)ના સો પુત્રોમાંનો એક પુત્ર.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૨.

**અરિહદત્ત** (અર્હદ્દત્ત) **સુટ્ઠિયસુપ્પડિબુદ્ધ** આચાર્યના પાંચ શિષ્યોમાંનો એક.[1]

૧. કલ્પ.(થેરાવલી)૭, કલ્પવિ.પૃ.૨૬૧-૨૬૨.

**અરિહદિણ્ણ** (અર્હદ્દત્ત) **સીહગિરિ**(૩) આચાર્યનો ચોથો શિષ્ય.[1]

૧. કલ્પ અને કલ્પવિ. પૃ. ૨૬૧.

**અરિહમિત્ત** (અર્હન્મિત્ર) આ અને **અરહમિત્ત**(૩) એક જ છે.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૫૮, ઉત્તરાશા. પૃ.૯૦.

**૧. અરુણ** અઠ્યાસી ગહમાંનો એક ગહ.[1]

૧ સૂર્ય. ૧૦૭, જમ્બૂ.૧૭૦, સ્થા.૯૦, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬, જમ્બૂશા. પૃ. ૫૩૪-૩૫, સ્થાઅ. પૃ.૭૯-૮૦.

**૨. અરુણ** **વિયડાવઇ** પર્વતનો અધિષ્ઠાતા દેવ.[1]

૧. જમ્બૂ.૮૨, જમ્બૂશા.પૃ.૩૦૫, નન્દિચૂ.પૃ.૫૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. **અરુણ** **ગંધાવઇ** પર્વતનો અધિષ્ઠાતા દેવ.[૧]

૧. સ્થા. ૮૭, ૩૦૨.

૪. **અરુણ** **નંદીસરોદ** સમુદ્રની ચારે બાજુ આવેલો વલયાકાર દ્વીપ જે ખુદ **અરુણોદ**(૨) સમુદ્ર વડે ચારેબાજુથી ઘેરાયેલો છે. **અસોગ**(૩) અને **વીતસોગ**(૧) તેના અધિષ્ઠાતા દેવો છે.[૧] અરુણને **અરુણોદ**(૧) પણ કહેવામાં આવે છે.[૨]

૧. જીવા.૧૮૫. ૨. સૂર્ય. ૧૦૧.

૫. **અરુણ** **મહાસાલ**(૨)ના પુત્ર અને **તિત્થયર** **પાસ**(૧)ના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારવામાં આવેલ છે.[૧]

૧. ઋષિ.૩૩, ઋષિ(સંગ્રહણી).

**અરુણકંત** (અરુણકાન્ત) **સોહમ્મ**(૧) કલ્પમાં(દેવલોકમાં) આવેલું સ્વર્ગીય વાસસ્થાન.[૧]

૧. ઉપા. ૩૧.

**અરુણકીલ** **સોહમ્મ**(૧) કલ્પમાં(દેવલોકમાં) આવેલું સ્વર્ગીય વાસસ્થાન.[૧]

૧. ઉપા. ૫૬.

**અરુણગવ** **સોહમ્મ**(૧) કલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.[૧]

૧. ઉપા. ૫૫.

**અરુણજ્ઝઅ**(અરુણધ્વજ) **સોહમ્મ**(૧) કલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.[૧]

૧. ઉપા.૩૮.

૧. **અરુણપ્પભ** (અરુણપ્રભ) **લવણ** સમુદ્રમાં આવેલો પર્વત. તે **અણુવેલંધર** દેવોના **અરુણપ્પભ** રાજાનું વાસસ્થાન છે. તેમની રાજધાનીનું નામ પણ **અરુણપ્પભ** છે.[૧] જુઓ **અણુવેલંધરણાગરાય**.

૧. જીવા.૧૬૦, સ્થા.૩૦૫.

૨. **અરુણપ્પભ** **સોહમ્મ**(૧) કલ્પમાં(દેવલોકમાં) આવેલું સ્વર્ગીય વાસસ્થાન.[૧]

૧. ઉપા.૨૯.

**અરુણપ્પભા** (અરુણપ્રભા) પોતાના સંસારત્યાગના પ્રસંગે નવમા **તિત્થંકર** **સુવિહિ**(૧)એ ઉપયોગમાં લીધેલી પાલખી.[૧]

૧. સમ.૧૫૭.

**અરુણભૂઅ**(અરુણભૂત) **સોહમ્મ**(૧) કલ્પમાં(દેવલોકમાં) આવેલું સ્વર્ગીય વાસસ્થાન.[૧]

૧. ઉપા.૪૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અરુણમહાવર** જુઓ **અરુણવરોદ.**[1]

૧. જીવા. ૧૮૫.

**૧. અરુણવર** **અરુણોદ**(૨) અથવા **અરુણોદગ** સમુદ્રની ચારે બાજુ આવેલો વલયાકાર દ્વીપ.[1] **અરુણવરભદ્દ** અને **અરુણવરમહાભદ્દ** તેના અધિષ્ઠાતા દેવો છે.[2] આ દ્વીપ ચારે બાજુ **અરણવરોદ** સમુદ્રથી ઘેરાયેલો છે.[3]

૧. સૂર્ય.૧૦૧, જીવા.૧૮૫. ૨. જીવા.૧૮૫. ૩. સૂર્ય.૧૦૧, જીવા.૧૮૫.

**૨. અરુણવર** આ અને **અરુણવરોદ** એક જ છે.[1]

૧. જીવા.૧૬૬.

**૩. અરુણવર** એક દેવ.[1] જુઓ **અરુણવરોદ.**[1]

૧. જીવા.૧૮૫.

**અરુણવરભદ્દ** (અરુણવરભદ્ર) **અરુણવર**(૧) દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.[1]

૧. જીવા. ૧૮૫.

**અરુણવરમહાભદ્દ** (અરુણવરમહાભદ્ર) **અરુણવર**(૧) દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.

૧. જીવા.૧૮૫.

**૧. અરુણવરાવભાસ** **અરુણવરોદ** સમુદ્રને ઘેરી આવેલો વલયાકાર દ્વીપ. **અરુણવરાવભાસભદ્દ** અને **અરુણવરાવભાસમહાભદ્દ** તેના અધિષ્ઠાતા દેવો છે. આ દ્વીપની ચારેબાજુ **અરુણવરાવભાસ**(૨) સમુદ્ર આવેલો છે.[1]

૧. જીવા.૧૮૫, સૂર્ય.૧૦૧.

**૨. અરુણવરાવભાસ** **અરુણવરાવભાસ**(૧) દ્વીપને ચારે બાજુ ઘેરીને આવેલો સમુદ્ર. **અરુણવરાવભાસવર** અને **અરુણવરાવભાસમહાવર** તેના અધિષ્ઠાતા દેવો છે. આ સમુદ્રની ચારે બાજુ વલયાકાર **કુંડલ**(૧) દ્વીપ આવેલો છે.[1]

૧. જીવા.૧૮૫, સૂર્ય.૧૦૧.

**અરુણવરાવભાસભદ્દ** (અરુણવરાવભાસભદ્ર) **અરુણવરાવભાસ**(૧) દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.[1]

૧. જીવા.૧૮૫.

**અરુણવરાવભાસમહાભદ્દ** (અરુણવરાવભાસમહાભદ્ર) **અરુણવરાવભાસ**(૧) દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.[1]

૧. જીવા. ૧૮૫.

**અરુણવરાવભાસમહાવર** જુઓ **અરુણવરાવભાસ**(૨).[1]

૧. જીવા.૧૮૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અરુણવરાવભાસવર** જુઓ **અરુણવરાવભાસ**(૨).[૧]

૧. જીવા.૧૮૫.

**અરુણવરોદ અરુણવર**(૧) દ્વીપને ચારે તરફથી ઘેરીને આવેલો સમુદ્ર. **અરુણવર**(૩) અને **અરુણમહાવર** તેના અધિષ્ઠાતા દેવો છે. આ સમુદ્રની ચારે બાજુ **અરુણવરાવભાસ**(૧) દ્વીપ આવેલો છે.[૧] અરુણવરોદ **અરુણવર**(૨) નામે પણ જાણીતો છે.[૨]

૧. જીવા.૧૮૫, સૂર્ય.૧૦૧. ૨. જીવા.૧૬૬.

**અરુણવરોભાસ** (અરુણવરાવભાસ) આ અને **અરુણવરાવભાસ** એક જ છે.[૧]

૧. સૂર્ય.૧૦૧.

**અરુણવિમાણ** (અરુણવિમાન) **સોહમ્મ**(૧) કલ્પ(દેવલોક)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.[૧]

૧. ઉપા.૧૭.

**અરુણસિટ્ઠ** (અરુણશિષ્ટ) **સોહમ્મ**(૧) કલ્પમાં(દેવલોકમાં) આવેલું સ્વર્ગીય વાસસ્થાન.[૧]

૧. ઉપા.૩૪.

**૧. અરુણાભ** સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય આઠ સાગરોપમ વર્ષ છે. આ સ્થાન બરાબર **અચ્ચિ** સમાન છે.[૧]

૧. સમ.૮.

**૨. અરુણાભ સોહમ્મ**(૧) કલ્પમાં(દેવલોકમાં) આવેલું વાસસ્થાન.[૧]

૧. ઉપા.૨૬, ભગ.૩૦૪,૪૩૫.

**અરુણુત્તરવડિંસગ**(અરુણોત્તરાવતંસક) **અરુણાભ**(૧) જેવું સ્વર્ગીય વાસસ્થાન. આ સ્થાન બરાબર **અચ્ચિ** સમાન છે.[૧]

૧. સમ.૮.

**૧. અરુણોદ નંદિસ્સર**(૩)સમુદ્રની ચારે બાજુ આવેલો વલયાકાર દ્વીપ. આ દ્વીપ પોતે ચારે બાજુથી **અરુણોદ**(૨) સમુદ્રથી ઘેરાયેલો છે.[૧] આ દ્વીપ અને **અરુણ**(૪) એક જ છે.

૧. સૂર્ય.૧૦૧.

**૨. અરુણોદ અરુણ**(૪)ની બધી બાજુ ઘેરી વળેલો સમુદ્ર. આ સમુદ્ર પોતે બધી બાજુથી **અરુણવર**(૧) દ્વીપથી ઘેરાયેલો છે. **સુભદ્દ**(૫) અને **સુમણભદ્દ**(૪) દેવો તેના અધિષ્ઠાતા દેવો છે.

૧. જીવા.૧૮૫, સૂર્ય.૧૦૧.

**અરુણોદગ** (અરુણોદક) આ અને **અરુણોદ**(૨) એક જ છે.[૧]

૧. જીવા. ૧૮૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧. અરુણોવવાય**(અરુણોપપાત) **અરુણ** દેવના જન્મ આદિનું વિગતવાર વર્ણન ધરાવતો **કાલિઅ** આગમગ્રન્થ[1] જે વિચ્છેદ ગયો છે. બાર વર્ષ સાધુજીવનના પૂરા કરનાર સાધુને જ તે ભણવાની પરવાનગી હતી.[2]

૧. નન્દિ.૪૪, નન્દિચૂ.પૃ.૫૯.
૨. નન્દિમ.પૃ.૨૦૬, નન્દિહ.પૃ.૭૩, પાક્ષિય.પૃ.૪૫,૬૮,વ્યવ.૧૦.૨૭, આવચૂ.૧.પૃ.૩૫.

**૨. અરુણોવવાય** **સંખેવિતદસા**નું એક અધ્યયન.[1] આ અને **અરુણોવવાય**(૧) અભિન્ન જણાય છે.

૧. સ્થા.૭૫૫.

**અરુણોવાઅ** (અરુણાવપાત) **અરુણ**(૪) પછી આવેલો વલયાકાર દ્વીપ.[1] તે અને **અરુણવર**(૧) દ્વીપ એક જ લાગે છે.

૧. સ્થાઅ. પૃ.૧૬૭.

**અરોસ**(અરોષ) એક **અણારિય**(અનાર્ય) દેશ અને જેની પ્રજા.[1] જેમને **હારોસ** પણ કહેવામાં આવે છે.[2]

૧. પ્રશ્ન.૪, પ્રશ્નઅ.પૃ.૧૫. ૨. પ્રજ્ઞા.૩૭.

**અલંબુસા** (અલમ્બુષા) **રુયગ**(૧) પર્વતના ઉત્તરભાગમાં આવેલા **રયણ**(૨) શિખર ઉપર રહેતી પ્રધાન **દિસાકુમારી**.[1]

૧. જમ્બૂ ૧૧૪, તીર્થો.૧૫૯, સ્થા. ૬૪૩, આવહ. પૃ.૧૨૨.

**૧. અલક્ખ** (અલક્ષ) **અંતગડદસા**ના છઠ્ઠા વર્ગનું સોળમું અધ્યયન.[1]

૧. અન્ત.૧૨.

**૨. અલક્ખ** **વાણારસી**નો એક રાજા જે સંસાર ત્યાગી **તિત્થયર મહાવીર**નો શિષ્ય બની ગયો હતો અને જે **વિપુલ** (૧) પર્વત ઉપર મોક્ષ પામ્યો હતો.[1]

૧. અન્ત.૧૫.

**અલયાપુરી** (અલકાપુરી) **વેસમણ**(૯)ની રાજધાની.[1] **બારવઈ**[2], **વિણીઆ**[3] વગેરે નગરોના વર્ણનમાં સામાન્ય રીતે ઉપમાન તરીકે તેનો ઉલ્લેખ કરવામાં આવે છે.

૧. જ્ઞાતાઅ.પૃ.૧૦૦, અન્તઅ.પૃ.૧. ૨. જ્ઞાતા.૫૨,અન્ત.૧. ૩. જમ્બૂ.૪૧.

**અલસંડ** (અલસન્દ) **સિંધુ**(૧) નદીની પેલે પાર આવેલું એક **અણારિય**(અનાર્ય) નગર. **ચક્કવટ્ટિ ભરહ**(૧)ની સેનાના સેનાપતિ **સુસેણ** (૧) વડે તે જીતાયું હતું.[1] કાબુલ નજીક એલેક્ઝાન્ડરે સ્થાપેલા નગર એલેક્ઝાન્દ્રિયા સાથે તેની એકતા સ્થાપવામાં આવી છે.[2]

૧. જમ્બૂ. ૫૨, આવચૂ.૧.પૃ.૧૯૧. ૨. જિઓડિ. પૃ.૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવઇણ્ણગ** (અવકીર્ણક) આ અને **અવકિણ્ણપુત્ત** એક જ છે.[1]

૧. આવહ. પૃ.૭૧૮.

**અવંઝ** (અવન્ધ્ય) જુઓ **અવંઝપ્પવાય**.[1]

૧. નન્દિચૂ.પૃ.૭૬.

**અવંઝપ્પવાય** (અવન્ધ્યપ્રવાદ) શુભ અને અશુભ કર્મોનાં ફળોનું નિરૂપણ કરતું અગિયારમું પુવ્વ.[1]

૧. સમ.૧૪,૧૪૭, નન્દિ.૫૭, નન્દિચૂ.પૃ.૭૬.

**૧. અવંતિ** ભરહ(૨) ક્ષેત્રનું એક જનપદ.[1] તેનું મુખ્યનગર **ઉજ્જેણી** હતું.[2] **પજ્જોય**[3] અને **સંપઇ**[4] રાજાઓએ ત્યાં રાજ્ય કર્યું હતું. સાધુઓને વિહાર કરવા માટે જે દેશોની ભલામણ કરવામાં આવી છે તેમાંનો એક દેશ.[5] **અવંતિવદ્ધણ**[6] અને પાલગ(૨)[7] પણ તેના રાજાઓ હતા. મલ્લ **અટ્ટણ** આ દેશનો હતો.[8] **તુંબવણ** વસાહત યા વસતિ આ દેશમાં હતી.[9] મધ્યપ્રદેશના હાલના માલવા, નિમર અને આજુબાજુના ભાગો સાથે આ દેશની એકતા સ્થાપવામાં આવી છે. ઉજ્જેણી અને માહિષ્મતિ એ અનુક્રમે તેના ઉત્તર અને દક્ષિણ ભાગોની રાજધાનીઓ હતી.[10]

૧. મનિ.પૃ.૨૦૯, આવહ.પૃ.૨૮૯.
૨. નિશી.૧૯, નિશીચૂ.૧.પૃ.૧૩, આવચૂ.૧.પૃ.૩૧, ઉત્તરાશા.પૃ.૪૯.
૩. બૃક્ષે.૧૧૪૫, ઉત્તરાક.પૃ.૧૮૮.
૪. બૃભા.૩૨૮૩, બૃક્ષે.પૃ.૯૧૯, નિશીચૂ. ૪. પૃ.૧૨૯-૧૩૦.
૫. આચાશી. પૃ.૨૫૫.
૬. ઉત્તરાક.પૃ.૭૩, આવચૂ.૨.પૃ.૧૮૯-૯૦.
૭. તીર્થો.૬૨૦-૨૧, આવચૂ.૨. પૃ.૧૮૯.
૮. આવચૂ.૨.પૃ.૧૫૨,ઉત્તરાક.પૃ.૧૨૧.
૯. આવહ. ૨૮૯.
૧૦. Bhandarkar:Charmichael Lectures, 1918, p.54.

**૨. અવંતિ** ઉજ્જેણીનું બીજું નામ.[1] **ચંડરુદ્દ** આચાર્ય અહીં આવ્યા હતા.[2] તેની ઉત્તરે **જિણ્ણુજ્જાણ** ઉદ્યાન આવેલું હતું.[3]

૧. બૃભા.૬૧૦૨,નિશીચૂ.૧.પૃ.૧૦૨
૨. બૃભા.૬૧૦૨-૩, ઉત્તરાક.પૃ.૧૦.
૩. નિશીચૂ. ૧. પૃ.૧૦૨.

**અવંતિવદ્ધણ** (અવન્તિવર્દ્ધન) **ઉજ્જેણી**ના રાજા **પાલઅ**(૨)નો પુત્ર.[1] વધુ વિગત માટે જુઓ **અજિયસેણ**(૨).

૧. આવનિ.૧૨૮૨, આવચૂ.૨.પૃ.૧૮૯-૧૯૦, ઉત્તરાક.પૃ.૭૩, આવહ.પૃ.૬૯૯.

**અવંતિસુકુમાલ** (અવન્તિસુકુમાર) **ઉજ્જેણી**ની **ભદ્દા**(૩૫) સાર્થવાહીનો પુત્ર. તેને બત્રીસ પત્નીઓ હતી. તે સંસાર ત્યાગી **સુહત્થિ**(૧)નો શિષ્ય બન્યો, તરત જ તેણે (પાણી સહિત) બધી જ જાતના આહારનો ત્યાગ કર્યો અને ચિન્તન તથા ધ્યાન કરવાનું શરૂ કર્યું. તેમના સાથળનું માંસ શિયાળવી ખાઈ ગઈ છતાં તે ધ્યાનમાં સ્થિર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહ્યા અને શાંત ચિત્તે મરણ પામ્યા. જયાં તે મરણ પામ્યા ત્યાં તેમની સ્મૃતિમાં **મહાકાલ**(૩) નામે ઓળખાતું મંદિર બાંધવામાં આવ્યું.[૧]

૧. આવચૂ.૨.પૃ.૧૫૭,આવ.પૃ.૨૭, જીતભા. ૫૩૬, આચાચૂ.પૃ.૨૯૦, ભક્ત.૧૬૦, મર. ૪૩૮, આવહ.પૃ.૬૭૦, વ્યવભા.૧૦.૫૯૭, સંસ્તા.૬૫-૬૬, આચાશી.પૃ.૨૯૧.

**અવંતિસેણ** (અવન્તિસેન) ઉજ્જેણીના **રજ્જવદ્ધણ**નો પુત્ર.[૧] જુઓ **અજિયસેણ**(૨).

૧. આવનિ.૧૨૮૨, આવચૂ.૨.પૃ.૧૯૦,નિશીચૂ.૨.પૃ.૯૦, બૃક્ષે.૧૦૬૩, આવહ.પૃ.૬૯૯, મર. ૪૭૪-૭૬.

**અવંતિસોમાલ** (અવન્તિસુકુમાર) આ અને **અવંતિસુકુમાલ** એક જ છે.[૧]

૧. નિશીચૂ. ૨. પૃ. ૯૦.

**અવંતી** (અવન્તી) આ અને **અવંતિ** એક જ છે.[૧]

૧. આવચૂ.૧.પૃ.૫૪૪, નિશીચૂ. ૧. પૃ.૧૦૨.

**અવકિણ્ણપુત્ત** (અવકીર્ણપુત્ર) **કરકંડુ**નું બીજું નામ.[૧]

૧. આવચૂ.૨.પૃ.૨૦૪-૨૦૭, આવહ.પૃ.૭૧૮.

**અવજ્ઝા** (અવધ્યા) **મહાવિદેહ**ના **ગંધિલ**(૧) પ્રદેશની રાજધાની.[૧]

૧. સ્થા.૬૩૭, જમ્બૂ.૧૦૨.

**અવતંસ** **મંદર**(૩)પર્વતનાં સોળ નામોમાંનું એક નામ. **વડિંસ**(૨) અને **વડેંસ** આ બે તેનાં જ રૂપો છે.[૧]

૧. સૂર્ય.૨૬, સૂર્યમ.પૃ.૭૭.

**અવય**(અવક) **વિયાહપણ્ણત્તિ**ના તેવીસમા શતકનો ત્રીજો ઉદ્દેશક.[૧]

૧. ભગ.૬૯૨.

૧. **અવરકંકા** (અપરકઙ્કા) પૂર્વીય **ધાયઈસંડ**માં આવેલા **ભરહ**(૨) ક્ષેત્રના દક્ષિણાર્ધની રાજધાની. તેના રાજા **પઉમણાભ**(૩) **દોવઈ**નું અપહરણ કર્યું હતું. **વાસુદેવ**(૨) **કણ્હ**(૧) તેને પાછી લઈ આવ્યા હતા.[૧] તે નગરી **અમરકંકા** પણ કહેવાતી હતી.[૨]

૧. સ્થા.૭૭૭, જ્ઞાતા.૧૨૩,સ્થાઅ. પૃ.૫૨૪. કલ્પધ.પૃ.૩૪, કલ્પવિ. પૃ. ૧૯,૩૮.

૨. જ્ઞાતા.૧૨૪, પ્રશ્નઅ.પૃ.૮૭, પ્રશ્નજ્ઞા. પૃ.૮૭, કલ્પશા.પૃ.૩૭.

૨. **અવરકંકા** **ણાયાધમ્મકહા**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું સોળમું અધ્યયન.[૧]

૧. સમ.૧૯, જ્ઞાતા.૫, જ્ઞાતાઅ. પૃ.૧૦.

૧. **અવરવિદેહ** (અપરવિદેહ) **જંબુદીવ**માં **મહાવિદેહ**ના ચાર ઉપક્ષેત્રોમાંનું એક જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંદર(૩) પર્વતની પશ્ચિમે આવેલું છે.[૧] અવરવિદેહની વચ્ચે થઈને **સીઓયા** નદી પશ્ચિમ તરફ વહે છે અને તે અવરવિદેહના બે સરખા ભાગ કરે છે.[૨] અવરવિદેહને આઠ પ્રદેશો છે[3]– **વપ્પ**(૧), **પમ્હ**(૧) વગેરે.[૪] કેટલાક **તિત્થંકરો**[૫] અને કુલગરો પોતાના પૂર્વભવોમાં અહીં જન્મ્યા હતા.[૬] જુઓ **મહાવિદેહ**(૧).

૧. સ્થા. ૮૬, ૩૦૨.
૨. જમ્બૂ. ૮૪-૮૫, જીવા.૧૪૧.
૩. સ્થા. ૬૩૭.
૪. આવચૂ.૧.પૃ.૧૭૬, સ્થાઅ. પૃ.૪૦૧. સમ.૩૪, સ્થા. ૬૩૭, જમ્બૂ.૧૦૨.
૫. આવ.પૃ.૨૬.
૬. આવનિ.૧૫૩, આવભા.૧, આવચૂ.૧. પૃ.૧૩૧,૨૩૫, વિશેષા.૧૫૫૮,૧૫૬૬.

૨. **અવરવિદેહ ણિસઢ**(૨) પર્વતનું શિખર.[૧]
૧. જમ્બૂ. ૮૪, સ્થા.૬૮૯.

૩. **અવરવિદેહ ણીલવંત**(૧) પર્વતનું શિખર.[૧]
૧. જમ્બૂ.૧૧૦, સ્થા.૬૮૯.

**અવરા** (અપરા) મહાવિદેહના **ણલિણ**(૪) પ્રદેશની રાજધાની.[૧] જુઓ **ણલિણ**(૪).
૧. સ્થાઅ. પૃ. ૪૩૮.

**અવરાઇઆ** (અપરાજિતા) જુઓ **અપરાઇયા**.[૧]
૧. જીવા.૧૪૪, જમ્બૂ.૯૬,૧૦૨.

**અવરાઇય** (અપરાજિત) જુઓ **અપરાઇય**.[૧]
૧. તીર્થો.૬૦૬.

**અવરાઇયા** (અપરાજિતા) જુઓ **અપરાઇયા**(૬).[૧]
૧. તીર્થો. ૧૫૩.

**અવરાજિઅ**(અપરાજિત) જુઓ **અપરાઇય**(૪).[૧]
૧. કલ્પધ.પૃ.૧૫૨.

**અવવિહ** (અવવિધ) **ગોસાલ**ના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક.[૧]
૧. ભગ.૩૩૦.

**અવાહ તિત્થયર મહાવીર**ના સમયના સોળ જનપદોમાંનું એક.[૧]
૧. ભગ.૫૫૪.

**અવિયત્ત-જંભગ** (અવ્યક્ત-જૃમ્ભક) **જંભગ** દેવોના દસ પ્રકારોમાંનો એક પ્રકાર.
૧. ભગ. ૫૩૩.

**અવ્વત્ત** (અવ્યક્ત) કંઈ પણ નિશ્ચિતપણે જાણી શકાતું નથી એવો સિદ્ધાન્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આસાઢ**(૧) આચાર્યના મૃત્યુ પછી તેમના શિષ્યોએ આ સિદ્ધાન્ત રજૂ કર્યો હતો.[1] જુઓ **આસાઢ**(૧).

૧. ઉત્તરાશા.પૃ.૧૬૦, વિશેષા.૨૮૫૮, આવનિ.૭૮૦,સ્થાઅ.પૃ.૪૧૨.

**અવ્વત્તય** (અવ્યક્તક) આ અને **અવ્વત્ત** એક જ છે.[1]

૧. વિશેષા. ૨૮૫૮.

**અવ્વત્તિય** (અવ્યક્તિક) **અવ્વત્ત** સિદ્ધાન્તને અનુસરનાર.[1]

૧. ઔપ.૪૧, ઔપઅ. પૃ.૧૦૬.

**અવ્વાબાહ** (અવ્યાબાધ) **લોગંતિય** દેવોનો એક વર્ગ.[1]

૧. ભગ.૫૩૧, સ્થા.૬૮૪.

**અસંખય** (અસઙ્ખ્ય) **ઉત્તરજ્ઝયણ**નું ચોથું અધ્યયન.[1]

૧. સમ.૩૬, ઉત્તરાનિ.પૃ.૯.

**અસંગ** (અસઙ્ગ) **સક્ક**(૩)ના **લોગપાલ વેસમણ**(૯)ના તાબામાં રહેલો એક દેવ.[1]

૧. ભગ.૧૬૮.

**અસંજલ** (અસઞ્જલ) **જંબુદ્દીવ**ના **એરવય**(૧) ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં થયેલા તેરમા **તિત્થંકર**.[1] **તિત્થોગાલી** તેરમા સ્થાને **સીહસેણ**(૪)નો ઉલ્લેખ કરે છે[2] અને અસંજલને ચૌદમા જણાવે છે.[3]

૧. સમ.૧૫૯. ૨. તીર્થો.૩૨૫. ૩. તીર્થો.૩૫૧.

**અસંવુડ** (અસંવૃત) **વિયાહપણ્ણત્તિ**ના સાતમા શતકનો નવમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૨૬૦.

**અસગડા** (અશકટા) રૂપાળી **આભીર** ગ્રામકન્યાને લોકોએ આપેલું નામ. એક વાર આ કન્યા બળદગાડું હાંકતી હતી. કેટલાક યુવાનો તેના રૂપથી અંજાઈ ગયા. તે કન્યાના ગાડાની સમાંતર તેઓ પણ પોતાનાં ગાડાં દોડાવવા લાગ્યા. આ સ્પર્ધાના કારણે દોડ એટલી તો જલદ અને ઉત્તેજક બની ગઈ કે બધા યુવાનોનાં ગાડાં ભાંગી ગયાં, તે બધા ગાડાં વિનાના(અસગડ) થઈ ગયા. પેલી કન્યા તેમને ગાડાં વિનાના બનવામાં કારણભૂત હતી એટલે બધા તેને અસગડા કહેવા લાગ્યા.[1]

૧. દશચૂ.પૃ.૧૦૦, વ્યવમ.૧.પૃ.૨૬, ઉત્તરાચૂ.પૃ.૮૫, નિશીભા.૧૫, ઉત્તરાશા. પૃ.૧૩૦, મર.૫૦૨.

**અસણી**(અશની) **બલિ**(૪)ના **લોગપાલ સોમ**(૪)ની મુખ્ય પત્ની. જુઓ **સોમ**(૪).

૧. ભગ.૪૦૬, સ્થા.૨૭૩.

**અસાડભૂઈ**[1] કે **અસાઢભૂતિ**[2] (આષાઢભૂતિ) જુઓ **આસાઢભૂઈ**.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. પિંડનિ. ૪૧૪-૪૮૦. ૨. જીતભા.૧૩૯૮.

**અસિ** **પરમાહમ્મિય** દેવોના પંદર વર્ગોમાંનો એક વર્ગ. આ વર્ગનો દેવ પોતાની તલવારથી નરકના જીવોને જખમો કરે છે.[1] તે દેવ અને **અસિપત્ત** એક જ છે. **વિયાહપણ્ણત્તિ**માં **ધણુ**(૨)ના સ્થાને તેનો ઉલ્લેખ છે.[2]

૧. સૂત્રનિ.૭૬. ૨. ભગ.૧૬૬.

**અસિઅ દેવલ** (અસિત દેવલ) આ અને **અસિત દવિલ** એક જ છે.[1]

૧. ઋષિ.૩.

**અસિતિગિરિ** જુઓ **અસિયગિરિ**.[1]

૧. આવચૂ.૨.પૃ.૨૦૩.

**અસિપત્ત** (અસિપત્ર) **પરમાહમ્મિય** દેવોના પંદર વર્ગોમાંનો એક વર્ગ. આ વર્ગના દેવો નરકના જીવોના પોતાની તલવારથી ટુકડેટુકડા કરી નાખે છે.[1]

૧. ભગ.૧૬૬, સૂત્રચૂ. પૃ. ૧૫૪.

**અસિત દવિલ** **અરિટ્ઠણેમિ**ના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારવામાં આવ્યા છે. પાઠાન્તર **અસિઅ દેવલ** મળે છે.[1]

૧. ઋષિ.૩, ઋષિ(સંગ્રહણી).

**અસિયગિરિ** (અસિતગિરિ) એક પર્વત. **ઉજ્જેણી**ના **દેવલાસુય** રાજા આ પર્વત ઉપર આવેલા આશ્રમે આવ્યા હતા.[1]

૧. આવનિ.૧૩૦૪, આવચૂ.૨. પૃ.૨૦૩, આવહ.પૃ.૭૧૪.

**અસિલેસા** (અશ્લેષા) અટ્ઠ્યાવીસ **ણક્ખત્ત**(૧)માંનું એક.[1] તેનું ગોત્રનામ **મંડવ્વાયણ** છે.[2] **સપ્પ** તેનો અધિષ્ઠાતા દેવ છે.[3]

૧. સમ.૬,સ્થા.૯૦,સૂર્ય.૩૬,જમ્બૂ.૧૫૫. ૨. જમ્બૂ.૧૫૯, સૂર્ય.૫૦.
૩. જમ્બૂ.૧૫૭,૧૭૧.

**અસિવુવસમણી** (અશિવોપશમની) જુઓ **અસિવોવસમણી**.[1]

૧. આવહ.પૃ.૯૭.

**અસિવોવદ્દુય** (અશિવોપદ્રુત) ત્રણ ભૂતવાદિકોના દૃષ્ટાન્તમાં ઉલ્લેખાયેલું નગર.[1]

૧. ઉત્તરાશા.પૃ.૫૧.

**અસિવોવસમણી** કે **અસિવોવસમી** (અશિવોપશમની) **વાસુદેવ**(૨) **કણ્હ**(૧)ની ભેરી.[1] તે ગોશીર્ષની બનાવવામાં આવી હતી. જે કોઈ ધ્વનિ સાંભળતો તે છ મહિનામાં જ રોગમુક્ત થઈ જતો. વાસુદેવ(૨) કણ્હ(૧) હમેશાં ગુણોની પ્રશંસા કરે છે અને કદી અનુચિત અને અસભ્ય યુદ્ધમાં પડતા નથી એવું એકવાર **સક્ક**(૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક દેવને કહ્યું. દેવ તે માનવા તૈયાર ન હતા. એટલે આની ખાતરી કરવા દુર્ગંધ મારતા મરેલા કૂતરાનું રૂપ ધારણ કરી તે દેવ રસ્તામાં પડ્યો હતો. તે રસ્તેથી પસાર થતા કણ્હે પેલી દુર્ગંધની ઘૃણા કે જુગુપ્સા ન કરી પરંતુ કૂતરાના ચમકતા દાંતની પ્રશંસા કરી. એટલે દેવે વાસુદેવ કણ્હનો પહેલો ગુણ તો સ્વીકારવો પડ્યો. પછી બીજા ગુણની પરીક્ષા કરવા દેવે કણ્હનો ઘોડો ચોરી લીધો. ઘોડો પાછો મેળવવા કણ્હના પુત્રો દેવ સાથે યુદ્ધમાં ઊતર્યા પરંતુ તેઓ હારી ગયા. તેથી દેવે કણ્હ સાથે યુદ્ધ કરવા પ્રસ્તાવ મૂક્યો. કણ્હે તે પડકાર ઝીલી લીધો પરંતુ જ્યારે તેમણે જાણ્યું કે દેવ અનુચિત અને અસભ્ય યુદ્ધ કરવા ચાહે છે ત્યારે તરત જ તેમણે ઘોડો ગુમાવવાની ચિંતા કર્યા વિના યુદ્ધ કરવાનો ઈનકાર કરી દીધો. આથી દેવ અત્યન્ત પ્રસન્ન થયો. તેણે કણ્હના બીજા ગુણને પણ સ્વીકાર્યો અને કણ્હને અસિવોવસમણી ભેરી ભેટ આપી.[૨]

૧. બૃભા.૩૫૬,આવહ.પૃ.૯૮. ૨. બૃમ.પૃ.૧૦૬,આવહ.પૃ.૯૮.

**અસુગુજ્જાણ** (અશોક-ઉદ્યાન) **તોસલિ**(૧)નું ઉદ્યાન.[૧]

૧. આવચૂ.૧.પૃ. ૩૧૨.

**૧. અસુર અંજણગ** પર્વત ઉપર આવેલા સિદ્ધાયતનનું પ્રવેશદ્વાર.[૧]

૧. સ્થા.૩૦૭.

**૨. અસુર વિયાહપણ્ણત્તિ**ના અઢારમા શતકનો પાંચમો ઉદ્દેશક.[૧]

૧. ભગ.૬૧૬.

**૩. અસુર** આ અને **અસુરકુમાર** એક જ છે.[૧]

૧. જમ્બૂ.૧૧૯, સૂત્રચૂ.પૃ.૫૭, વિશેષા.૧૮૯૯, આવચૂ.૧.પૃ.૧૪૬,પ્રજ્ઞા.૪૬.

**અસુરકુમાર ભવણવઇ** દેવોનો એક વર્ગ.[૧] તેમના ચોસઠ લાખ વાસસ્થાનો છે.[૨] **ચમર**(૧) અને **બલિ**(૪) તેમના ઈન્દ્રો છે.[૩] અસુરકુમારો **જમ**(૨)ની આજ્ઞાઓ પાળે છે.[૪] તેમનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે એક હજાર વર્ષ અને એક સાગરોપમ વર્ષ છે.[૫] વધુ વિગતો માટે અન્ય ગ્રંથો જોવા ભલામણ છે.[૬]

૧.પ્રજ્ઞા.૩૮, અનુચૂ.પૃ.૫૫.
૨.સમ.૬૪.
૩.ભગ.૧૨૬, ૪૦૬.
૪.ભગ.૧૬૬.
૫. સ્થા.૭૫૭, સમ.૧.
૬. ભગ. ૧૫, ૨૬, ૧૩૫, ૧૬૯, ૬૨૬, ૬૨૯, સમ. ૧૦૩, ૧૫૦, પ્રજ્ઞા.૪૬, ૧૦૫, ૧૧૨, સૂર્ય. ૧૦૬, અનુ.૧૩૩, ૧૩૯, ૧૪૨.

**અસુરકુમારી** આ દેવીઓ **જમ**(૨)ની આજ્ઞામાં છે.[૧]

૧. ભગ. ૧૬૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અસોઅ**(અશોક) જુઓ **અસોગ**(૪).[1]

૧. જીવા.૧૩૬.

૧. **અસોગ**(અશોક) **ચંદગુત્ત**નો પૌત્ર, **બિંદુસાર**(૨)નો પુત્ર અને **કુણાલ**(૧)નો પિતા. તે **પાડલિપુત્ત**નો રાજા હતો.[1]

૧. નિશીચૂ.૨.પૃ.૩૬૧,બૃભા.૨૯૨-૨૯૪,૩૨૭૬, કલ્પધ.પૃ.૧૬૪, વિશેષા. ૮૬૫, અનુહ.પૃ.૧૦, બૃમ.પૃ.૮૮.

૨. **અસોગ** અઠ્યાસી ગહમાંનો એક.[1]

૧. જમ્બૂ.૧૭૦, સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સ્થાઅ.પૃ.૭૯-૮૦, સૂર્યમ.પૃ.૨૯૫-૯૬.

૩. **અસોગ** **અરુણ**(૪) દ્વીપનો અધિષ્ઠાતા દેવ.[1]

૧. જીવા. ૧૮૫.

૪. **અસોગ** **વિજય**(૯) રાજધાનીની ચારે બાજુ આવેલા વનમાં વસતો દેવ.[1]

૧. જીવા. ૧૩૬.

૫. **અસોગ** જુઓ **અસોગજક્ખ**.[1]

૧. વિપા.૩૪.

૬. **અસોગ** જુઓ **અસોગલલિઅ**[1] અને તેનું ટિપ્પણ.

૧. સમ.૧૫૮.

**અસોગચંદ** (અશોકચન્દ્ર) **સેણિય**(૧)ના પુત્ર **કુણિય**નું બીજું નામ.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૬૭, આવચૂ.૧.પૃ.૫૬૭, આવહ.પૃ.૬૭૯.

**અસોગચંદઅ** (અશોકચન્દ્રક) જુઓ **અસોગચંદ**.

૧. આવચૂ.૨.પૃ.૧૭૪,આવહ.પૃ.૪૩૭, ૬૮૫.

**અસોગજક્ખ** (અશોકયક્ષ) **વિજયપુર** નગરના **નંદણવણ**(૩) નામના ઉદ્યાનમાં વસતો યક્ષ.[1]

૧. વિપા.૩૪.

**અસોગદત્ત** (અશોકદત્ત) **સાગેય**નો વેપારી. **સમુદ્દદત્ત**(૩) અને **સાગરદત્ત**(૩) તેના પુત્રો હતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૨૭, આવહ.પૃ.૩૯૪.

**અસોગલલિઅ** (અશોકલલિત). ચોથા **બલદેવ**(૨) **સુપ્પભ**(૧)નો પૂર્વભવ.[1] **સેજ્જંસ**(૪) પાસે તેમણે દીક્ષા ગ્રહણ કરી હતી. જુઓ **અસોગ**(૬) અને **લલિય**.

૧. સમ,૧૫૮, તીર્થો.૬૦૫-૬૦૭. નવ બલદેવ(૨)ના પૂર્વભવની નવની સંખ્યા પૂરી તો જ થાય જો અસોગ(૬) અને લલિઅને બે જુદી વ્યક્તિઓનાં જુદાં નામો ગણવામાં આવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અસોગવડિંસઅ** (અશોકાવતંસક) **સોહમ્મ**(૧)ની પૂર્વમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.[१]

૧. પ્રજ્ઞા.૫૨, ભગ.૪૦૭.

**અસોગવડેંસઅ** (અશોકાવતંસક) જુઓ **અસોગવડિંસઅ.**[१]

૧. ભગ.૪૦૭.

**અસોગવણ**(અશોકવન)(૧) અશોક વૃક્ષોથી ભરપૂર વન.[१] તે **જમ્મિગા**(૧)ની પૂર્વમાં આવેલું છે.[२] (૨) આ નામનું વન **સુસમારપુર**ની પાસે પણ હતું.[३]

૧. અનુ.૧૩૧, અનુહે.પૃ.૧૪૩. ૨.જમ્બૂ.૮૮. ૩. ભગ.૧૪૪

**૧. અસોગવણિયા**(અશોકવનિકા) **મિહિલા**નું ઉદ્યાન. પોતાના ઉપર મોહ પામીને પોતાને પરણવા માટે એકબીજાની સ્પર્ધા કરતા રાજકુમારોને સમ્યક્ માર્ગ શિખવવા માટે રાજકુમારી **મલ્લિ**(૧)એ તેમાં મોહણઘરનું નિર્માણ કરાવ્યું હતું.[१]

૧. જમ્બૂ ૧૦૨.

**૨. અસોગવણિયા** **રાયગિહ**નું ઉદ્યાન. રાણી **ચેલ્લણા**એ પોતાના નવજાત પુત્ર **કૂણિઅ**ને આ ઉદ્યાનમાં ત્યજી દીધો હતો.[१]

૧. નિર.૧.૧.

**અસોગસિરિ**(અશોકશ્રી) **અસોગ**(૧)થી અભિન્ન છે.[१]

૧. વિશેષા.૮૬૫, બૃભા.૩૨૭૬.

**૧. અસોગા**(અશોકા) **મહાવિદેહ**માં આવેલા **ણલિણ**(૪) પ્રદેશની રાજધાની.[१] **કુમુદ**(૧) પ્રદેશની રાજધાની તરીકે પણ અસોગાનો ઉલ્લેખ થયો છે.[२] જુઓ **ણલિણ**(૪).

૧. સ્થા.૬૩૭, જમ્બૂ.૧૦૨ ૨. સ્થાઅ.પૃ.૪૩૮.

**૨. અસોગા** **ધાયઈસંડ**ના પૂર્વાર્ધ તેમજ પશ્ચિમાર્ધમાં **ણલિણ** પ્રદેશની રાજધાની.[१]

૧. સ્થા.૯૨.

**૩. અસોગા** **ધરણ**(૧)ના લોગપાલ **કાલવાલ**(૧)ની મુખ્ય પત્ની.[१]

૧. ભગ.૪૦૬, સ્થા.૨૭૩.

**અસોચ્ચા** (અશ્રુત્વા) **વિયાહપણ્ણત્તિ**ના નવમા શતકનો એકત્રીસમો ઉદ્દેશક.[१]

૧. ભગ. ૩૬૨.

**અસોયવડિંસય** (અશોકાવતસંક) જુઓ **અસોગવડિંસઅ.**[१]

૧. ભગ.૧૬૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અસોયા** (અશોકા) રક્ષક દેવી.[1]

૧. આવ. પૃ. ૧૯.

**અસ્સ** (અશ્વ) **અસ્સિણી**(૧) **ણક્ખત્ત**(૧)નો અધિષ્ઠાતા દેવ.[1]

૧. સૂર્ય.૪૬, સ્થા ૯૦, જમ્બૂ.૧૫૭.૧૭૧.

**અસ્સગ્ગીવ** (અશ્વગ્રીવ) જુઓ **આસગ્ગીવ.**[1]

૧. સમ.૧૫૮.

**અસ્સપુર** (અશ્વપુર) પાંચમા **વાસુદેવ**(૧) **પુરિસસીહ** જે નગરના હતા તે નગર.[1] મજ્ઝિમનિકાય અનુસાર અસ્સપુર એ અંગ રાજયમાં આવેલું નગર હતું.[2]

૧. આવનિ.૪૦૮ ૨. ડિપા.૧.પૃ.૨૨૭.

**અસ્સપુરા** (અશ્વપુરા) આ અને **આસપુરા** એક જ છે.[1]

૧. જમ્બૂ ૧૦૨.

**અસ્સસેણ**(અશ્વસેન) આ અને **આસસેણ**(૨) એક જ છે.[1]

૧. તીર્થો. ૪૮૬, આવનિ. ૩૮૯, ૩૯૯.

**અસ્સાયણ** (અશ્વાયન) **અસ્સિણી ણક્ખત્ત**(૧)નું ગોત્રનામ.[1]

૧. જમ્બૂ.૧૫૯, સૂર્યમ.પૃ.૧૫૧, સૂર્ય.૫૦.

**અસ્સાદણ** (અશ્વાદન) જુઓ **અસ્સાયણ.**[1]

૧. સૂર્ય.૫૦.

**અસ્સાસણ** (અશ્વાસન) અઠ્યાસી ગહમાંનો એક.[1] **જંબુદીવપણ્ણત્તિ**માં પાઠાન્તર **આસણેય** છે.[2]

૧. સૂર્ય.૧૦૭, જમ્બૂ.૧૭૦,સ્થા.૯૦, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬, સ્થાઅ.પૃ.૭૯-૮૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૫૩૫.

૨. જમ્બૂ. ૧૭૦.

**૧. અસ્સિણી** (અશ્વિની) અઠ્યાવીસ **ણક્ખત્ત**(૧)માંનું એક.[1] તેનો અધિષ્ઠાતા દેવ **અસ્સ** છે.[2] તેનું ગોત્રનામ **અસ્સાયણ** છે.[3]

૧.સમ.૩,જમ્બૂ.૧૫૫,સૂર્ય.૩૬, સ્થા.૯૦, આવહ.પૃ.૬૩૪. ૨. સૂર્ય.૪૬. ૩. સૂર્ય.૫૦, જમ્બૂ.૧૫૯.

**૨. અસ્સિણી ણંદિણીપિય**(૧) જે **તિત્થયર મહાવીર**નો ઉપાસક હતો તેની પત્ની.[1]

૧. ઉપા.૫૫.

**અસ્સેસા** (અશ્લેષા) આ અને **અસિલેસા** એક જ છે.[1]

૧. સૂત્રચૂ.પૃ.૨૧. સૂર્ય.૩૬, જમ્બૂ.૧૫૫, આવહ.પૃ.૬૩૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અસ્સોઈ**(અશ્વયુજી) આશ્વિન માસનો પૂર્ણિમાનો તેમ જ પડવોનો દિવસ.[૧]

૧. જમ્બૂ. ૧૬૧, સૂર્ય.૩૯.

**અહરદત્ત** (અર્હદત્ત) **વંતરી**એ સાથળ ફાડી ખાવાના કારણે થયેલ આત્મવિરાધનાના દૃષ્ટાંત તરીકે જેમનું નામ ઉલ્લેખાયું છે તે સાધુ.[૧] ટીકાકાર તેમનો ઉલ્લેખ **અર્હન્નક** નામે કરે છે.[૨]

૧. આચાચૂ.પૃ.૧૮૧. ૨. આચાશી.પૃ.૨૧૪.

**અહવ્વણ** (અથર્વન્) ચાર વેદોમાંનો એક વેદ (અથર્વવેદ).[૧]

૧. ભગ.૯૦, જ્ઞાતા.૫૫,ઔપ.૩૮.

**અહિગરણી** (અધિકરણી) **વિયાહપણ્ણત્તિ**ના સોળમા શતકનો પહેલો ઉદ્દેશક.[૧]

૧. ભગ.૫૬૧.

**અહિચ્છત્તા** (અહિચ્છત્રા) જંગલ દેશની રાજધાની.[૧] તે **ચંપા**ની ઉત્તર-પૂર્વમાં આવેલી હતી.[૨] **કણગકેઉ**(૧) રાજા ત્યાં રાજ કરતો હતો.[૩] ચંપાના **ધણ્ણ**(૮) વેપારીએ તેની મુલાકાત લીધી હતી.[૪] **જિણદેવ**(૩) અહિચ્છત્તા જતા હતા ત્યારે માર્ગમાં **પુલિંદો**એ તેમને લૂંટી લીધા હતા.[૫] **ચક્કવટ્ટિ બંભદત્તે**(૧) પણ તેની મુલાકાત લીધી હતી.[૬] **ધરણિંદે તિત્થયર પાસ**(૧)ની અહીં પૂજા કરી હતી.[૭] વર્તમાનમાં બરેલી જિલ્લામાં આવેલ રામનગર સાથે તેની એકતા સ્થાપવામાં આવી છે.[૮]

૧. પ્રજ્ઞા.૩૭, સૂત્રશી.પૃ.૧૨૩.
૨. જ્ઞાતા. ૧૦૫.
૩. એજન.
૪. એજન.
૫. આવનિ.૧૩૧૪,આવચૂ.૨. પૃ.૨૧૧, આવહ.પૃ.૭૨૩.
૬. ઉત્તરાનિ.પૃ.૩૭૯.
૭. આચાશી.પૃ.૪૧૮.
૮. સ્ટજિઓ.પૃ.૯૨, જિઓડિ.પૃ.૨, ણાયાધમ્મકહાઓ તેને ચંપાની ઉત્તર-પૂર્વે આવેલું જણાવે છે.

**અહિછત્તા** (અહિચ્છત્રા) જુઓ **અહિચ્છત્તા**.[૧]

૧. પ્રજ્ઞા.૩૭, આવનિ.૧૩૧૪, આવચૂ.૨.પૃ.૨૧૧.

**અહિલ્લિયા** (અહિન્નિકા) એક સ્ત્રી જેના માટે યુદ્ધ ખેલાયું હતું. આથી વિશેષ માહિતી તેના અંગે નથી.[૧] ટીકાકારો તેનો ઉલ્લેખ અહિન્નિકા નામે કરે છે.[૨]

૧. પ્રશ્ન.૧૬. ૨. પ્રશ્નઅ.પૃ.૮૭, પ્રશ્નજ્ઞા.પૃ.૮૯.

**અહિવઈ** (અધિપતિ) **વિયાહપણ્ણત્તિ**ના ત્રીજા શતકનો આઠમો ઉદ્દેશક.[૧]

૧. ભગ.૧૨૬.

**અહિવડ્ઢિ** (અભિવૃદ્ધિ) **ઉત્તરાભદ્દવયા** નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.[૧] આ અને **વિવિડ્ઢિ**[૨] તથા **વુડ્ઢિ**[૩] એક જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. જમ્બૂ.૧૫૭, સૂર્ય.૪૬. ૨. સ્થા.૯૦. ૩. જમ્બૂ.૧૭૧

**અહોકંડૂયગ** (અધઃકણ્ડૂયક) વાનપ્રસ્થ વેરાગીઓનો એક વર્ગ,[1] જેના અનુયાયીઓ નાભિ નીચેના શરીરને વલૂરે છે.[2]

૧. ભગ. ૪૧૭. ૨ ભગઅ. પૃ. ૫૧૯.

## આ

**આઇચ્ચ** (આદિત્ય) **અચ્ચિમાલિ**માં વસતા **લોગંતિય** દેવોનો એક વર્ગ.[1]

૧. આવનિ.૨૧૪, સ્થા.૬૮૪,ભગ.૨૪૩,વિશેષા.૧૮૪,આવચૂ.૧.પૃ.૨૫૧.

**૧. આઇચ્ચજસ** (આદિત્યયશસ્) વર્તમાન **ઓસપ્પિણી**ના પ્રથમ **ચક્કવટ્ટિ ભરહ**(૧)નો પુત્ર. ભરહ પછી જે આઠ મહાપુરુષો મોક્ષ પામ્યા તેમાંનો પ્રથમ. **મહાજસ**(૧) તેનો પુત્ર હતો.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૨૮, સ્થા.૬૧૬, સ્થાઅ.પૃ.૧૮૫, ૪૩૦, ૫૧૬, વિશેષા.૧૭૫૦, આવનિ.૩૬૩, આવમ.પૃ.૨૩૬, નન્દિમ.પૃ.૨૪૨.

**૨. આઇચ્ચજસ** એક ચારણ સાધુ.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૭૧, આવમ.પૃ ૨૨૨.

**૧. આઇણ્ણ** (આકીર્ણ) **ણાયાધમ્મકહા**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું સત્તરમું અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૫, સમ.૧૯, જ્ઞાતાઅ.પૃ.૧૦.

**૨. આઇણ્ણ** (આચીર્ણ) **આયાર**નું બીજું નામ.[1]

૧. આચાનિ.૭.

**૧. આઉ** (અપ્) **પુવ્વાસાઢા** નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.[1]

૧. જમ્બૂ.૧૫૭, ૧૭૧, સ્થા.૯૦.

**૨. આઉ** (આયુષ્) **વિયાહપણ્ણત્તિ**ના સાતમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૨૬૦.

**આઉરપચ્ચક્ખાણ** (આતુરપ્રત્યાખ્યાન) **અંગબાહિર ઉક્કાલિઅ** આગમગ્રન્થ. તે મહદંશે ગાથામાં છે. તે વિવિધ પ્રકારના મરણનું, તે મરણપ્રકારો દ્વારા પ્રાપ્ત ભૂમિકાઓ યા દશાઓનું અને તે ભૂમિકાઓ યા દશાઓ પ્રાપ્ત કરાવનાર સાધનોનું નિરૂપણ કરે છે. જુઓ **પઇણ્ણગ**.[1]

૧. નન્દિ.૪૪, નન્દિચૂ.પૃ.૫૮, નન્દિમ.પૃ.૨૦૬, નન્દિહ.પૃ.૭૨, મર.૬૬૨.

**આગર** (આકર) **આયાર**નું બીજું નામ.[1]

૧. આચાનિ. ૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આગમ** **આયાર**માં આવતા આગમ શબ્દને[૧] સમજાવતાં તેના ટીકાકારે તેને કેવલજ્ઞાનીના ઉપદેશ તરીકે સમજાવ્યો છે.[૨] બીજા ગ્રન્થોમાં પણ તેનો તે જ અર્થમાં પ્રયોગ થયો છે.[૩] **ભગવતી**માં વ્યવહારની વ્યાખ્યા કરતી વખતે આગમનો **સુય**થી ભેદ કર્યો છે.[૪] તેના ટીકાકાર અનુસાર આગમ એટલે કે કેવલીનું તેમ જ મનઃપર્યાયજ્ઞાનીનું, અવધિજ્ઞાનીનું તથા ચતુર્દશપૂર્વધર, દશપૂર્વધર કે નવપૂર્વધરનું જ્ઞાન જ્યારે સુય(શ્રુત) એટલે આચારપ્રકલ્પ, વગેરે અર્થાત્ બાકીના શાસ્ત્રો[૫] (આગમમાં સમાવેશ પામતાં શાસ્ત્રો સિવાયનાં શાસ્ત્રો.) આગમને ચારમાંનું એક પ્રમાણ કહેવામાં આવ્યું છે, બાકીનાં ત્રણ પ્રમાણો છે– પ્રત્યક્ષ, અનુમાન અને ઉપમાન.[૬] આગમ ત્રણ પ્રકારનું છે– (૧) આત્માગમ એટલે આત્મા દ્વારા પ્રાપ્ત જ્ઞાન અર્થાત્ **તિત્થંકર**નું જ્ઞાન, (૨) અનન્તરાગમ એટલે કે **તિત્થંકર** પાસેથી સાક્ષાત્ પ્રાપ્ત કરેલું આગમ અર્થાત્ **ગણહર**નું જ્ઞાન અને (૩) પરંપરાગમ એટલે કે પરંપરા દ્વારા પ્રાપ્ત આગમ અર્થાત્ ગણહરોના શિષ્યોનું જ્ઞાન.[૭] આગમનું અનેક રીતે વર્ગીકરણ કરવામાં આવેલ છે. એક રીતે આગમના ત્રણ વિભાગ કરવામાં આવ્યા – સુત્તાગમ(સૂત્રાગમ), અત્થાગમ(અર્થાગમ) અને ઉભયાગમ.[૮] બીજી રીતે આગમના બે વિભાગો કરવામાં આવ્યા – લૌકિક અને લોકોત્તર.[૯] જેનો ઉપદેશ મિથ્યાદર્શી પુરુષોએ આપ્યો છે તે લૌકિક, જેમ કે **ભારહ**(૨), **રામાયણ** વગેરે. જેનો ઉપદેશ કેવલજ્ઞાની અરિહંતે આપ્યો છે તે લોકોત્તર જે **દુવાલસંગ ગણિપિડગ** અને **ચૌદ પુવ્વ**થી ઘટિત છે.[૧૧] વિશાળ અર્થમાં આગમથી બધા જ પવિત્ર શાસ્ત્રોનો સમગ્ર રાશિ સમજવામાં આવે છે.[૧૨] આગમ નિત્ય કહેવાયું છે.[૧૩] આગમ માટે વપરાતાં અન્ય નામો છે – **સુય**, **સુત્ત**(૧) વગેરે.[૧૪] જુઓ **સુય**, **સુત્ત** અને **પવયણ**.

૧. આયા.૧.૧૬૮,૧૯૩ (निद्दियट्ठि वीरे आगमेण सया परक्कमे).
૨. આચાશી.પૃ.૨૨૯, ૨૫૪.
૩. વ્યવભા.૧૦.૩૩૪,આવચૂ.૧. પૃ.૨૮, દશહ. પૃ. ૧૩૯, અનુહે. પૃ.૩૮, અનુહ. પૃ.૨૨.
૪. ભગ.૩૪૦, જીતભા.૮,૬૭૮, વ્યવભા. ૧૦, ૫૩, ૨૦૦, ૭૦૧, ૭૦૫, ગચ્છાવા.પૃ. ૫ (पंचविहे ववहारे पण्णत्ते, तं जहा आगमे सुत्तं आणा धारणा जीए –ભગ.૩૪૦.)
૫. ભગઅ. પૃ. ૩૮૪.
૬. ભગ.૧૯૩, સ્થા.૩૩૮,અનુ. ૧૪૭, નિશીચૂ.૧.પૃ.૪, વિશેષા. ૨૧૭૮,૨૮૫૪,આવચૂ.૧.પૃ.૨૮.
૭. ભગ.૧૯૩, અનુ.૧૪૭, ઉત્તરાચૂ. પૃ.૧૧,આવચૂ.૧. પૃ.૮૩, નિશીચૂ. ૧.પૃ.૪., અનુહ. પૃ.૧૦૨, અનુહે. પૃ.૨૧૯, ભગઅ. પૃ. ૨૨૩.
૮. અનુ. ૧૪૭, ભગ.૧૨૩.
૯. અનુ. ૧૪૭, ઉત્તરાચૂ. પૃ. ૧૧.
૧૦. અનુ. ૧૪૭, અનુહે.પૃ.૨૧૯, અનુહ. પૃ. ૧૦૨, પ્રજ્ઞાહ. પૃ.૧.
૧૧. આવચૂ.૧.પૃ.૫૪૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨. જીતભા. ૧૩૯, ૧૪૦, વિશેષા. ૨૦૩૧-૩૨, ગચ્છાવા.પૃ.૨૫, પ્રજ્ઞામ. પૃ. ૩૦૫, સૂત્રશી. પૃ. ૯૬, સ્થાઅ. પૃ. ૧૫૦.

૧૩. પ્રજ્ઞાહ.પૃ.૧, નન્દિમ. પૃ.૨૫.

૧૪. અનુ.૪૩, બૃભા.૧૭૪, વિશેષા.૫૬૧, ૫૬૨.

**આગાલ** આયારનું બીજું નામ.[1]

૧. આચાનિ.૭.

**આગાસ**(આકાશ) **વિયાહપણ્ણત્તિ**ના વીસમા શતકનો બીજો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૬૬૨.

**આચાલ**(આચાર) **આયાર**નું બીજું નામ.[1]

૧. આચાનિ.૭.

**આજાઇ** (આજાતિ) **આયાર**નું બીજું નામ.[1]

૧. આચાનિ. ૭.

**આજાઇટ્ઠાણ** (આજાતિસ્થાન) **આયારદસા**નું દસમું અધ્યયન.[1]

૧. સ્થા. ૭૫૫.

**૧. આજીવ વિયાહપણ્ણત્તિ**ના આઠમા શતકનો પાંચમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૩૦૯.

**૨. આજીવ** આ અને **આજીવિય** એક જ છે.[1]

૧. પિંડનિ.૪૪૫, સ્થાઅ.પૃ.૯૪, બૃભા. ૪૪૨૦, જીતભા. ૧૩૬૬.

**આજીવગ** (આજીવક) આ અને **આજીવિય** એક જ છે.[1]

૧. સૂત્ર.૧.૧.૧૩.૧૫, આચૂ.પૃ.૧૭૩, નિશીચૂ.૩. પૃ. ૪૧૪.

**આજીવિક** જુઓ **આજીવિય.**

૧. ઔપ. ૪૧.

**આજીવિગ** (આજીવિક) જુઓ **આજીવિય.**[1]

૧. આવચૂ.૧.પૃ.૫૦૩.

**આજીવિય** (આજીવિક) પાંચ **સમણ**(૧) સંપ્રદાયોમાંનો એક.[1] તેની સ્થાપના **ગોસાલે** કરી હતી.[2] આજીવિકા ખાતર જે શ્રમણજીવનને અનુસરે છે તે આજીવિય એવી સમજૂતી આજીવિયની આપવામાં આવી છે.[3] આ સંપ્રદાયના અનુયાયીઓ દુન્યવી કીર્તિ, માનસન્માન, અલૌકિક શક્તિઓ મેળવવા તપ કરતા અને તે બધા દ્વારા તેઓ પોતાની આજીવિકા ચલાવતા.[4] ભવિષ્ય ભાખવા માટે તેઓ અષ્ટાંગ મહાનિમિત્તની વિદ્યાનો ઉપયોગ કરતા.[5]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમને પોતાનું પવિત્ર ધાર્મિક મૂળ સાહિત્ય **આજીવિયસુત્ત** હતું.[૬] **દિટ્ઠિવાય**ના એક વિભાગ **પરિકમ્મ**માં તેમનું ચ્યુતાચ્યુતશ્રેણિકાપરિકર્મ સમાવિષ્ટ છે.[૭] નિયતિવાદી આ પંથના મુખ્ય સિદ્ધાન્તો નીચે મુજબ છે— એ પ્રસ્થાપિત સત્ય છે કે જીવો અસ્તિત્વ ધરાવે છે અર્થાત્ વૈયક્તિક આત્માઓનું સ્વતન્ત્ર અસ્તિત્વ છે, તેઓ સુખ-દુઃખ અનુભવે છે અને મૃત્યુથી તેમની વર્તમાન જીવનરૂપ દશાનો અંત આવે છે. પરંતુ સુખો અને દુઃખોને ન તો જીવોએ પોતે પેદા કર્યાં છે કે ન તો અન્યોએ પેદા કર્યાં છે. એ તો નિયતિના કારણે તેમને ભોગવવાં પડે છે. સુખ-દુઃખ પૂર્વનિયત છે.[૮] જીવોનાં પોતાનાં કર્મો તેમનું કારણ નથી. શુદ્ધ આત્મા અશુભ કર્મોથી મુક્ત થાય છે પરંતુ તે દશામાં તે વળી પાછો સુખરાગ અને દુઃખદ્વેષથી મલિન બને છે. સ્વચ્છ પાણી, જે મલથી મુક્ત છે તે, જ્યારે હલાવવામાં આવે છે ત્યારે ફરી પાછું મલિન બની જાય છે, તેવી જ રીતે શુદ્ધ આત્મા પુનઃ મલિન બની જાય છે.[૯] સ્વતંત્ર ઇચ્છાશક્તિ જેવું કંઈ છે જ નહિ, બધું જ પૂર્વનિયત. ગોસાલનો મુખ્ય ઉપદેશ આ હતો : "नत्थि उट्ठाणे इ वा कम्मे इ वा बले इ वा वीरिए इ वा पुरिसक्कार परक्कमे इ वा नियया सव्व भावा ।"[૧૦] નિયતક્રમે નિયતકાળે જીવો મુક્ત થવાના જ. અર્થાત્ અનન્ત સંયૂથ, સાત દેવસંયૂથ, સાત સંજ્ઞિગર્ભ અને સાત પ્રવૃત્તપરિહારમાં થઈને પરિભ્રમણ કર્યા પછી જીવ ચાર્યાશી લાખ મહાકલ્પના અંતે મુક્તિ પામે જ છે. ત્રણ માનસ, ત્રણ માનુષોત્તર અને એક બ્રહ્મલોક એમ સાત દિવ્યસંયૂથ છે. આ લાંબી કાલાવધિમાં ૫૬૦૬૦૩ કર્મો નાશ પામી જાય છે.[૧૧] ગોસાલે આઠ ચરમોનો અને ચાર પાનક તથા ચાર અપાનકનો ઉપદેશ આપ્યો. આઠ ચરમો આ છે — अट्ठ चरिमाइं— चरिमपाण, चरिमगेय, चरिमणट्ट, चरिमअंजलिकम्म, चरिमपोक्खलसंवट्टअ महामेह, चरिमसेयण्ण गंधहत्थि, चरिममहाशिलाकंटअसंगाम ।[૧૨]

**અયંપુલ**(૨)ની કથા દર્શાવે છે કે આજીવિય શ્રમણો બીજાના મનના વિચારો જાણી શકતા હતા.[૧૩] આ સંપ્રદાયના આચાર અંગે કહેવામાં આવ્યું છે કે આજીવિય શ્રમણો પોતાની પાસે કેટલીક ચીજો રાખતા હતા[૧૪] અને તેઓ નગ્ન રહેતા,[૧૫] તેઓ સ્નાન ન કરતા,[૧૬] તેમના માટે બનાવાયેલી ભિક્ષા લેતા, તેમને સ્વાદ ઉપર સંયમ ન હતો, તેઓ સજીવથી દૂષિત ભિક્ષા યા આહાર લેતા. તેઓ કષાયો, મન, વચન અને કાયા ઉપર સંયમ રાખતા નહિ. જેમ જૈનો સાવધાની-જાગરૂકતા તેમ જ ધ્યાનની સાધના કરતા તેમ તેઓ સાવધાની-જાગરૂકતા તેમ જ ધ્યાનની સાધના કરતા નહિ.[૧૭] તેઓ દરેક ઘરેથી અને કેટલીકવાર એકને છોડી પછીના ઘરેથી કે બે ઘરો છોડી ત્રીજા ઘરેથી કે છ ઘરો છોડી સાતમા ઘરેથી ભિક્ષા લેતા. તેઓ કમલનાળો સ્વીકારતા. વીજળી થતી હોય ત્યારે તેઓ ભિક્ષાટન કરતા નહિ. માટીની કૂંડીમાં બેસીને તેઓ તપ કરતા. તેઓ મોટે ભાગે મરીને **અચ્ચુય** દેવલોકમાં પુનર્જન્મ પામતા.[૧૮]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સંપ્રદાયના બાર પ્રમુખ ઉપાસકોના ઉલ્લેખો મળે છે.[૧૯] તે ઉપાસકો જૈન ઉપાસકોની જેમ કામચલાઉ સામાયિક કરતા નથી.[૨૦] તેઓ માંસ પણ લેતા.[૨૧] **હાલાહલા** આ સંપ્રદાયનીની ચુસ્ત ઉપાસિકા અને સમર્થક-ઉત્તેજક હતી.[૨૨] **સાવત્થી** અને **પોલાસપુર** આ સંપ્રદાયના સબળ, સમૃદ્ધ અને ઊભરતાં કેન્દ્રો હતાં.[૨૩] **વિયાહપણ્ણત્તિ** અનુસાર ઘણા આજીવિય શ્રમણો ગોસાલનું નાયકપણું છોડી **તિત્થયર મહાવીર**ના સંઘમાં જોડાઈ ગયા હતા.[૨૪]

આજીવિયને **તેરાસિય** પણ કહેવામાં આવે છે કારણ કે તે જીવોની બદ્ધ અને મુક્ત બે અવસ્થાઓ ઉપરાંત ત્રીજી મુક્ત-થઈ-પુનઃ-બદ્ધ-થવાની અવસ્થાને સ્વીકારે છે.[૨૫] આજીવિયને **પંડરભિક્ખુ** તરીકે પણ ઓળખવામાં આવે છે.[૨૬]

૧. પિંડનિ.૪૪૫, સ્થાઅ.પૃ.૯૪, આચાશી. પૃ. ૩૧૪, ૩૧૫.
૨. ભગ.૫૩૯, ૫૪૨થી આગળ, પ્રજ્ઞામ. પૃ. ૪૦૬, ઉપાઅ.પૃ.૩૯, પિંડનિમ. પૃ.૧૩૦, નિશીચૂ.૩.પૃ.૪૧૪.
૩. સૂત્રશી. પૃ. ૨૩૭.
૪. ભગઅ.પૃ.૫૦, પ્રજ્ઞામ.પૃ.૪૦૬, પ્રજ્ઞાહ. પૃ. ૧૨૦-૧૨૧.
૫. ભગ.૫૩૯.
૬. સમ.૨૨, સમઅ.પૃ.૪૨.
૭. સમ.૧૪૭, સમઅ.પૃ.૧૩૦.
૮. સૂત્ર.૧.૧.૨.૧-૩, સૂત્રશી.પૃ.૨૦.
૯. સૂત્ર.૧.૧.૩.૧૧-૧૨, સૂત્રશી. પૃ.૪૫-૪૬.
૧૦. ઉપા.૩૬, ભગ.૩૪,૩૫, ભગઅ.પૃ.૫૭.
૧૧. ભગ.૫૫૦.
૧૨. એજન.૫૫૪.
૧૩. એજન.૫૫૪.
૧૪. ઉપા.૪૪; મહાવીરનો શિષ્ય બન્યો તે પહેલાં ગોસાલ પાસે સાડિયા, પાડિયા, (અન્તરીય અને ઉત્તરીય વસ્ત્ર), કુંડિયા (કૂંડી), વાહણા(પગરખાં) અને ચિત્તફલગ(ચિત્રફલક)હતાં. આ સૂચવે છે કે આજીવિય શ્રમણો અમુક ચીજો રાખતા. ભગ. ૫૪૧.
૧૫. ભગઅ.પૃ.૫૦.
૧૬. આચાશી. પૃ. ૪૭.
૧૭. આચાચૂ. પૃ. ૧૭૩.
૧૮. ઔપ.૪૧, ઔપઅ.પૃ.૧૦૬.
૧૯. જુઓ **ગોસાલ**. ભગ.૩૩૦, ૫૫૪.
૨૦. ભગ. ૩૨૯.
૨૧. એજન, ૩૩૦.
૨૨. એજન. ૫૩૯.
૨૩. એજન. ૫૩૯,૫૫૪, ઉપા. ૩૯.
૨૪. ભગ. ૫૫૩.
૨૫. નન્દિચૂ.પૃ.૭૩, નન્દિમ.પૃ.૨૩૯, નન્દિહ.પૃ.૮૭, સમઅ.પૃ.૧૩૦.
૨૬. નિશીચૂ.૩.પૃ.૪૧૪.

**આજીવિયસુત્ત** (આજીવિકશ્રુત) **આજીવિય** સંપ્રદાયનો ઉપદેશ અને મૂળ ધર્મગ્રન્થ.[૧]

૧. સમ.૨૨, સમઅ.પૃ.૪૨.

**આડંબર** (આડમ્બર) માતંગ કોમ વડે પૂજાતો **જક્ખ** દેવ. તે **હિરિમ** તરીકે પણ જાણીતો છે.[૧] તેની જોડણી કદાચ **ડંબર** તરીકે થવી જોઈએ.

૧. આવનિ.(દીપિકા)પૃ.૧૨૯, આવભા.૨૨૫, આવચૂ.૨.પૃ.૨૨૭, આવહ.પૃ.૭૪૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧.આણંદ**(આનન્દ) **ભરહ**(૨) ક્ષેત્રમાં વર્તમાન **ઓસપ્પિણી**માં થયેલા નવ **બલદેવ**(૨)માંના છઠ્ઠા. **ચક્કપુર**ના રાજા **મહસિવ** અને તેમની રાણી **વેજયંતી**(૧)નો પુત્ર. તે વાસુદેવ(૧) **પુરિસપુંડરીઅ**ના ભાઈ હતા. તે પોતાના પૂર્વભવમાં **વરાહ**(૩) હતા. તે ૨૯ ધનુષ ઊંચા હતા. તે ૮૫ હજાર વર્ષ જીવ્યા અને મોક્ષ પામ્યા.[1] તિલોયપણ્ણત્તિ[2] અનુસાર છઠ્ઠા બલદેવનું નામ નન્દી છે.

૧. સમ.૧૫૮, તીર્થો. ૫૭૭, ૬૦૨-૧૬,૧૧૪૪, આવનિ. ૪૦૩, ૪૧૪, વિશેષા. ૧૭૬૬, આવમ. પૃ.૨૩૭-૨૪૦, આવભા.૪૧, સ્થા. ૬૭૨.

૨. ૪.૫૧૭.

**૨. આણંદ ભરહ**(૨) ક્ષેત્રના ભાવી **ઉસ્સપ્પિણી**માં થનાર છઠ્ઠા **બલદેવ**(૨).[1]

૧. સમ.૧૫૯, તીર્થો. ૧૧૪૪.

**૩. આણંદ** જેના ઘરે **તિત્થયર મહાવીરે** બીજા માસખમણના પારણા કર્યા હતા તે **રાયગિહ**નો ગૃહસ્થ.[1]

૧. ભગ.૫૪૧, આવનિ.૪૭૪, ૪૯૭, આવચૂ.૧.પૃ.૨૮૨, ૩૦૦, આવમ.પૃ.૨૭૬.

**૪. આણંદ ઉવાસગદસા**નું પહેલું અધ્યયન.[1]

૧. ઉપા.૨, સ્થા.૭૫૫, ઉપાઅ. પૃ.૧.

**૫. આણંદ કપ્પવડંસિયા**નું નવમું અધ્યયન.[1]

૧. નિર.૨.૧.

**૬. આણંદ સેણિઅ**(૧) રાજાનો પૌત્ર.[1]

૧. નિર.૨.૯.

**૭. આણંદ** વર્તમાન **ઓસપ્પિણી**ના દસમા **તિત્થંકર સીઅલ**ના પ્રથમ ગણધર.[1] તે **ણંદ**(૧૫) નામે પણ જાણીતા હતા.[2]

૧. સમ.૧૫૭. ૨. તીર્થો. ૪૪૮.

**૮. આણંદ તિત્થયર મહાવીર**નો શિષ્ય જેણે મહાવીરને ગોસાલની અસામાન્ય શક્તિ વિશે જણાવ્યું હતું. ગોસાલે પોતે પોતાની અસામાન્ય શક્તિનો આણંદને ખ્યાલ આપવા માટે જંગલમાં રહેતા એક અત્યંત ઝેરી સાપનું દૃષ્ટાન્ત આપ્યું હતું, જે સાપે કેટલાક લોભી વેપારીઓને બાળીને ભસ્મ કરી નાખ્યા હતા.[1]

૧. ભગ.૫૪૭-૫૪૮, સ્થાઅ.પૃ.૫૨૨, કલ્પવિ.પૃ.૩૭.

**૯. આણંદ ધરણ**(૧)ના પાંચ સેનાપતિઓમાંનો એક. તે રથદળનો નાયક હતો.[1]

૧. સ્થા. ૪૦૪.

**૧૦. આણંદ અણુત્તરોવવાઈયદસા**નું સાતમું અધ્યયન.[1] તે હાલ નષ્ટ થઈ ગયું છે.

૧. સ્થા. ૭૫૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧૧. આણંદ વાણિયગ્ગામ**નો કરોડપતિ ગૃહસ્થ. **સિવાણંદા** તેની પત્ની હતી. તે ચાર મોટા ઢોરવાસનો માલિક હતો. દરેક ઢોરવાસમાં દસ હજાર ગાયો હતી. તેણે ઉપાસકના બાર વ્રતો લીધાં હતાં. તે **તિત્થયર મહાવીર**ના દસ મુખ્ય ઉપાસકોમાંનો સૌપ્રથમ ઉપાસક હતો.[1]

મહાવીરના પ્રથમ ગણધર **ઇંદભૂઇ**એ મહાવીરને પૂછ્યું કે શું આણંદ વર્તમાન જન્મમાં શ્રમણ બનશે ? મહાવીરે નકારમાં ઉત્તર આપ્યો અને કહ્યું કે આણંદ વીસ વર્ષ ઉપાસકનું જીવન જીવશે અને પછી મરીને **સોહમ્મ**(૧) દેવલોકમાં જન્મ લેશે, ત્યારબાદ તે **મહાવિદેહ**(૧)માં જન્મ લેશે અને ત્યાં મોક્ષ પામશે.[2]

જ્યારે આણંદે ઉપાસક જીવનના ચૌદ વર્ષ પૂરા કરી પંદરમા વર્ષમાં પ્રવેશ કર્યો ત્યારે તેણે ઘરમાં અનેક વિક્ષેપો હોવાથી બાકીનું ઉપસાક જીવન પૌષધશાલામાં ઉપાસકની અગિયાર પ્રતિમા ધારણ કરી વીતાવવાનો નિર્ણય કર્યો. તેથી તેણે જમણવાર રાખ્યો, મિત્રો અને સગાસંબંધીઓને નિમંત્ર્યા, અને તેમની હાજરીમાં કુટુંબની સઘળી જવાબદારીઓ મોટા પુત્રને સોંપી દીધી, પછી ઘર છોડી પૌષધશાલામાં પ્રવેશ કર્યો.[3] અંતકાળે તેણે બધી જાતનો આહાર, પાણી સહિત, ત્યાગી દીધો. આ રીતે સંપૂર્ણ ત્યાગ-સંયમપૂર્વક જીવતાં તેમને પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણમાં ૫૦૦ યોજનની અવધિવાળું અને ઉત્તરમાં **ચુલ્લહિમવંત** સુધીની અવધિવાળું અવધિજ્ઞાન થયું. તેમનું આ અવધિજ્ઞાન ઊર્ધ્વ દિશામાં સોહમ્મ દેવલોક સુધી અને અધો દિશામાં **લોલુયચ્ચુય** નરકાવાસ સુધી પહોંચતું હતું. આણંદે ઇંદભૂઇને પૂછ્યું કે શું ગૃહસ્થને અવધિજ્ઞાન થઈ શકે ? ઇંદભૂઇએ કહ્યું કે હા, થઈ શકે. એટલે આણંદે પોતાના અવધિજ્ઞાનની અવધિઓ તેમને જણાવી. ઇંદભૂઇએ વિચાર્યું કે આટલા મોટા વિસ્તારનું અવધિજ્ઞાન ગૃહસ્થને ન હોઈ શકે, એટલે તેમણે આણંદને ખોટું બોલવા માટે પ્રાયશ્ચિત્ત કરવા કહ્યું. આણંદે તે જ આક્ષેપ ઇંદભૂઇ ઉપર કર્યો. પછી આ બાબતનો નિર્ણય કરવાનું મહાવીર ઉપર છોડવામાં આવ્યું. ઇંદભૂઇએ મહાવીરને પૂછ્યું કે આણંદ ખોટું બોલે છે કે હું ? મહાવીરે કહ્યું કે આણંદ સાચા છે અને તેથી ઇંદભૂઇએ પોતાનો દોષ કબૂલી પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ, વધુમાં મહાવીરે ઇંદભઇને આણંદની માફી માગવા જણાવ્યું.[4]

૧. ઉપા. ૩-૭, સ્થાઅ.પૃ.૨૪૪, આવચૂ. ૧. પૃ.૪૫૨.
૨. ઉપા. ૧૦-૧૭
૩. એજન. ૧૧-૧૩.
૪. એજન. ૧૪-૧૭, સૂર્યમ.પૃ.૯, વિશેષા. ૧૯૫૧.

**૧૨. આણંદ વાણિયગ્ગામ**નો શ્રમણોપાસક. **તિત્થયર મહાવીર** કેવલજ્ઞાન પામ્યા તેની પહેલાં આણંદે અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેણે ભવિષ્ય ભાખ્યું હતું કે મહાવીર થોડા જ સમયમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે.[1] આ આણંદ **આણંદ**(૧૧)થી ભિન્ન છે કારણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે આણંદ(૧૧) તો મહાવીરે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તે પછી અવધિજ્ઞાન પામ્યા હતા.

૧. આવચૂ.૧.પૃ.૩૦૦, આવનિ. ૪૯૬.

**૧૩. આણંદ સાણુલટ્ઠિ** ગામનો વેપારી. **બહુલિયા** તેની નોકરાણી હતી.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૦૦.

**૧૪. આણંદ આણંદકૂડ** ઉપર વસતો દેવ.[1]

૧. જમ્બૂ. ૮૬.

**૧૫. આણંદ** રાત-દિનના ત્રીસ **મુહુત્ત**માંનું એક.[1]

૧. જમ્બૂ. ૧૫૨, સૂર્ય.૪૭, સમ.૩૦.

**૧૬. આણંદ તિત્થયર ઉસહ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૨.

**૧૭. આણંદ** બે હજાર બૌદ્ધ સાધુઓને માંસ, ગોળ અને દાડમની ભિક્ષા આપનારી વ્યક્તિ.[1]

૧. સૂત્રચૂ.પૃ.૪૨૯.

**આણંદકૂડ** (આનન્દકૂટ) **ગંધમાયણ** પર્વતનું સાતમું શિખર. તે **લોહિયક્ખ**(૨)ની ઉત્તરે આવેલું છે. આ શિખરનો અધિષ્ઠાતા દેવ **આણંદ**(૪) છે.[1] આ અને **આણંદણકૂડ** એક જ છે.

૧. જમ્બૂ. ૮૬, સ્થા.૫૯૦.

**આણંદણ** (આનન્દન) **તિત્થયર ઉસહ**(૧)ના એક સો પુત્રોમાંનો એક પુત્ર.[1] આ અને **આણંદ** (૧૬) એક લાગે છે.

૧. કલ્પધ. પૃ.૧૫૨.

**આણંદણકૂડ** (આનન્દનકૂટ) જુઓ **આણંદકૂડ**.

૧. સ્થા. ૫૯૦.

**આણંદપુર** (આનન્દપુર) એક નગર[1] અને વેપારી સાર્થવાહો દ્વારા જ્યાં માલ લવાતો તથા લઈ જવાતો હોય તેવું સ્થળમાર્ગ ઉપરનું વેપારનું કેન્દ્ર.[2] તેનો દુર્ગ ઇંટોનો બનેલો હતો.[3] સાધુઓ અહીં આવતા અને મુકામ કરતા.[4] ધ્રુવસેન રાજાના પુત્રના મરણના દુઃખદ પ્રસંગે ધ્રુવસેન રાજાને સાંત્વન આપવા માટે[5] રાજસભામાં જાહેરમાં **પજ્જોસવણાકપ્પ**નું પઠન કરવામાં આવ્યું હતું.[6] **જિતારિ**(૧) રાજા પણ અહીં રાજ કરતા હતા.[7] શરદઋતુમાં આણંદપુરના નગરજનો સંખડિ(ઉજાણી) માણતા.[8] તે પુષ્પશણગાર બનાવવા માટે પ્રખ્યાત હતું.[9] યક્ષો અને સિદ્ધોનાં આયતનોથી તે ભરપૂર હતું.[10] બળાત્કારના કિસ્સાઓમાં આ નગરને શિક્ષાનું વિશિષ્ટ ધોરણ હતું.[11] આ નગરના એક બ્રાહ્મણને પોતાની પુત્રવધૂ સાથે આડો સંબંધ હતો.[12] કેટલાક જનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીંથી **કચ્છ**(૬)[૧૩] અને **મહુરા**(૧)[૧૪] મુસાફરી કરી જતા હતા. આણંદપુરમાં **ભૂલિસ્સર**નું મંદિર હતું.[૧૫] સાધુઓના મૃત શરીરનો અંતિમ સંસ્કાર નગરના ઉત્તર ભાગમાં થતો હતો.[૧૬] તે વિન્ધ્ય વનક્ષેત્રની નજીક આવેલું હતું એમ કહેવામાં આવ્યું છે.[૧૭] કેટલાક **મરુય** પણ ત્યાં વસતા હતા.[૧૮] તે **અક્કત્થલી** નામે પણ જાણીતું હતું.[૧૯] તે ઉત્તર ગુજરાતમાં આવેલું હાલનું વડનગર છે.[૨૦]

૧. નિશીચૂ. ૩.પૃ.૨૬૮.
૨. એજન. પૃ.૩૨૮, બૃક્ષે. ૧૦૯૦.
૩. બૃક્ષે. ૩૫૧.
૪. નિશીચૂ.૨.પૃ.૪૩૪, સૂત્રચૂ.પૃ.૨૫૩, વ્યવમ.૩.પૃ.૮૬.
૫. કલ્પવિ.પૃ.૧,૯,૨૦૧, કલ્પધ.પૃ. ૯, ૧૩૦.
૬. નિશીચૂ. ૩. પૃ.૧૫૮.
૭. નિશીચૂ.૩. પૃ. ૨૬૮,બૃક્ષે.૧૩૮૭, ગચ્છાવા. પૃ. ૨૬.
૮. બૃક્ષે. ૮૮૩-૮૪.
૯. નિશીચૂ.૩.પૃ.૩૪૯,આવચૂ.પૃ.૬, દશચૂ. પૃ.૭૬.
૧૦. આચાચૂ. પૃ.૩૩૧.
૧૧. વ્યવમ.૧.પૃ. ૫-૬.
૧૨. આવમ.પૃ.૫૮૫.
૧૩. આવચૂ.૨.પૃ.૨૯૧.
૧૪. વ્યવમ. ૩.પૃ.૮૬.
૧૫. આવચૂ.૨.પૃ.૨૯૧.
૧૬. વ્યવભા.૭.૪૨૨ ઉપર વ્યવમ.
૧૭. પિંડનિમ. પૃ.૩૧.
૧૮. આવચૂ.૧.પૃ.૬૧૬,આવહ.પૃ.૪૮૬
૧૯. નિશીચૂ. ૩. પૃ. ૧૯૨.
૨૦. કલ્પશા.પૃ.૯, જિઓડિ. પૃ. ૬.

**આણંદરક્ખિય** (આનન્દરક્ષિત) **તિત્થયર પાસ**(૧)ની પરંપરાનો શ્રમણ. કોઈ પણ વ્યક્તિ કેવી રીતે દેવ તરીકે જન્મ લઈ શકે છે એ તે સમજાવે છે.

૧. ભગ.૧૧૦, ભગઅ.પૃ.૧૩૮.

**૧. આણંદા** (આનન્દા) **ણંદીસર** દ્વીપમાં આવેલા **અંજણગ** પર્વતના પૂર્વ ભાગ ઉપર આવેલી પુષ્પકરિણી.[૧]

૧. સ્થા.૩૦૭, જીવા.૧૮૩.

**૨. આણંદા** **રુયગ**(૧) પર્વતના પૂર્વ ભાગના **કંચણ** શિખર ઉપર વસતી એક મુખ્ય **દિસાકુમારી**.[૧]

૧. જમ્બૂ.૧૧૪, સ્થા.૬૪૩, તીર્થો.૧૫૩.

**આણત** (આનત) **આણયકપ્પ**માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણીસ સાગરોપમ વર્ષનું હોય છે.[૧] જુઓ **આણય**.

૧. સમ.૧૯.

**આણય** (આનત) નવમું સ્વર્ગીય ક્ષેત્ર.[૧] તેમાં નવ સો યોજન ઊંચાઈવાળા ચાર સો વાસસ્થાનો (**પાણય** ક્ષેત્રના વાસસ્થાનો આમાં સમાવિષ્ટ છે) છે.[૨] ત્યાં વાસ કરતા દેવોનું જઘન્ય આયુ અઢાર સાગરોપમ વર્ષનું છે અને ઉત્કૃષ્ટ આયુ ઓગણીસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાગરોપમ વર્ષનું છે.[3]

૧. પ્રજ્ઞા.૫૩, વિશેષા. ૬૯૯.
૨. સમ.૧૦૬, ૧૧૨, ભગ. ૪૩.
૩. સમ. ૧૮-૧૯.

**આણયકપ્પ** (આનતકલ્પ) આ અને **આણય** એક જ છે.[1]

૧. સમ. ૧૯.

**આતંસમુહ** (આદર્શમુખ) જુઓ **આયંસમુહ.**[1]

૧. જીવા. ૧૧૨.

**આતવ** (આતપ) દિવસ અને રાતના ત્રીસ **મુહુત્ત**માંનું એક.[1]

૧. સમ.૩૦, સૂર્ય.૪૭, જમ્બૂ.૧૫૨.

**આતવા** (આતપા) જુઓ **આયવા.**[1]

૧. સૂર્ય.૯૭.

**આદંસલિવિ** (આદર્શલિપિ)આ અને **આયંસલિવિ** એક જ છે.[1]

૧. સમ. ૧૮.

**આદિચ્ચજસ** (આદિત્યયશસ્) જુઓ **આઇચ્ચજસ.**[1]

૧. સ્થા. ૬૧૬, સ્થાઅ.પૃ.૪૩૦, આવચૂ.૧.પૃ.૧૭૧.

**આદી** પાંચ મોટી નદીઓમાંની એક અને ગંગાને મળતી નદી.[1] તેને **આવી** પણ કહેવામાં આવે છે. આ બંને નામો કદાચ **એરવઈ**(૧), અઈરવઈ કે અચિરવતી માટે છે.[2]

૧. સ્થા. ૪૭૦, ૭૧૭.
૨. ઇડિબુ.પૃ.૬, જઇહિ. પૃ. ૧૩, જિઓડિ.પૃ.૧.

**૧. આભંકર** (આભઙ્કર) અઠ્યાસી ગહમાંનો એક.[1]

૧. સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬, સ્થાઅ.પૃ.૭૮-૭૯, જમ્બૂશા.પૃ. ૫૩૪-૫૩૫.

**૨. આભંકર** જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે એવું **સણંકુમાર**(૧) અને **માહિંદ**(૩)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.

૧. સમ.૩.

**આભંકરપભંકર** (આભઙ્કરપ્રભઙ્કર) જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે એવું **સણંકુમાર**(૧) અને **માહિંદ**(૩) એ બેમાંથી દરેકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સમ.૩.

**આભરણ** સમકેન્દ્ર વલયાકાર દ્વીપ.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. અનુચૂ. પૃ. ૩૬.

**આભાસિય** (આભાસિક) (૧) એક **અંતરદીવ**[1] તેમ જ(૨) એક **અણારિય**(અનાર્ય) દેશ અને તેના લોકો.[2]

૧. સ્થા.૩૦૪,જીવા.૧૦૮,૧૧૧.

૨. પ્રશ્નઅ.પૃ.૧૫, નન્દિમ. પૃ. ૧૦૨-૧૦૩. પ્રજ્ઞા.૩૬-૩૭.

**અભિઓગ** (આભિયોગ) **સક્ક**(૩)ના **લોગપાલ જમ**(૨)ના તાબામાં રહેલા દેવોનો એક પ્રકાર.[1]

૧. ભગ.૧૬૬, જમ્બૂ.૧૨.

**આભિઓગસેઢિ** (આભિયોગશ્રેણિ) **વેયડ્ઢ**(૨)ની બે પર્વતમાળા જ્યાં **આભિઓગ** દેવો વસે છે.[1]

૧. જમ્બૂ.૧૨, ભગ.૧૬૬.

**આભિઓગિય** (આભિયોગિક) પરિવ્રાજકોનો એક વર્ગ જેઓ મંત્ર, તંત્ર, જ્યોતિષ, કથાવાર્તા આદિ દ્વારા પોતાની આજીવિકા રળતા હતા.[1]

૧. ભગ.૨૫, ભગઅ.પૃ.૫૦.

**૧. આભીર** એક દેશ. તેમાં **કણ્હા**(૬) અને **બેણ્ણા**(૨) નદીઓ વહેતી હતી. **બંભદીવ** આ બે નદીઓની વચ્ચે આવેલો હતો.[1] **ઉસહ**(૧) પોતાના પુત્ર **સાગર**(૨)ને **આભીર** રાજ્યના રાજા તરીકે સ્થાપ્યો હતો.[2] **વઈરસામિ** ત્યાં ગયા હતા.[3] આભીરોના ક્ષેત્રમાં તાપ્તિથી દક્ષિણ કોંકણ તથા નાસિકથી વિરારના પશ્ચિમ ભાગ સુધીનો પ્રદેશ આવતો હતો. આ ભૂમિભાગ એક વખત આભીર સરદારોની હકૂમત હેઠળ હતો.[4]

૧. જીતભા.૧૪૬૦,૧૪૬૧,નિશીચૂ.૩. પૃ.૪૨૫, આવચૂ. ૧.પૃ.૫૪૩, કલ્પધ. પૃ.૧૭૧, કલ્પવિ.પૃ.૨૬૩, કલ્પસ.પૃ. ૨૩૪.

૨. કલ્પવિ.પૃ.૨૩૬, કલ્પધ.પૃ.૧૫૨.

૩. આવચૂ.૧.પૃ.૩૯૭.

૪. સ્ટજિઓ.પૃ. ૯૧, જિઓડિ.પૃ.૧.

**૨. આભીર** 'આભીર' નામે જાણીતી એક જાતિ.[1] પ્રાચીન ભારતીય ઇતિહાસમાં આ જાતિ પ્રસિદ્ધ છે. આ જાતિએ ઉત્તરમાંથી દક્ષિણમાં સ્થળાંતર કર્યું હતું. તેણે એક સ્વતન્ત્ર રાજ્ય ઊભું કરી ત્યાં વસવાટ કર્યો અને દેશમાં કેટલાંય કેન્દ્રો ઊભા કર્યાં. આ આભીર જાતિમાંથી ઊતરી આવેલા આહીરો આજે પણ ઉત્તર ભારતમાં ગોપાલો અને ખેડૂતો તરીકે જીવન જીવે છે.[2]

૧. દશચૂ.પૃ.૧૦૦, ઉત્તરાચૂ.પૃ.૮૫,૧૧૨, ૧૧૩, આવચૂ.૧.પૃ.૪૭૫, વિશેષા. ૩૨૯૦, બૃભા.૨૧૯૯, સૂત્રશી.પૃ.૧૧, કલ્પવિ.પૃ.૧૬૩, આવહ. પૃ.૪૧૨, નન્દિ. ગાથા ૪૪.

૨. જુઓ ટ્રાઇ.નું પંદરમું પ્રકરણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આભીરગવિસય** (આભીરકવિષય) જુઓ **આભીર**(૧).[૧]

૧. જીતભા. ૧૪૬૦.

**આમલકપ્પા** (આમલકલ્પા) **ભારહવાસ**નું નગર.[૧] **રાયપસેણિય**માં તેનું વિસ્તૃત વર્ણન છે.[૨] તે નગરની ઉત્તરપૂર્વમાં **અંબસાલવણ** નામનું વન હતું.[૩] **જિયસત્તુ**(૪) રાજાનું રાજ હતું ત્યારે **તિત્થયર પાસ**(૧) આ નગરમાં આવ્યા હતા અને તે જ સમયે **કાલી**(૩)એ સંસારત્યાગ કર્યો હતો.[૪] **સેય**(૧) રાજા રાજ કરતા હતા ત્યારે **મહાવીર** આ નગરમાં આવ્યા હતા.[૫] સંઘભેદક **તીસગુત્ત રાયગિહ**થી અહીં આવ્યા હતા. અહીં **મિત્તસિરી**એ તેમને ખાતરી કરાવી કે તેમનો સિદ્ધાન્ત ખોટો છે.[૬] આ આમલકપ્પા અને બૌદ્ધ સાહિત્યમાં ઉલ્લિખિત અલ્લકપ્પ એક છે.[૭] આરાની પશ્ચિમે છ માઇલ દૂર આવેલા મસાર ગામથી વૈશાલી જતા માર્ગમાં આવતા વેઠદીપથી આમલકપ્પા નગર બહુ દૂર ન હતું.[૮] બીજા મત પ્રમાણે તેની એકતા નેપાળની દક્ષિણે અને ગોરખપુરની પૂર્વે આવેલા વર્તમાન બેઠીઆ (Bethia) સાથે સ્થાપવામાં આવે છે.[૯]

૧. જ્ઞાતા.૧૪૮.
૨. રાજ.૧, જ્ઞાતા.૧૪૮
૩. રાજ.૨.
૪. જ્ઞાતા.૧૪૮-૧૪૯, ૧૯૬.
૫. રાજ. ૫ થી આગળ, સ્થાઅ.પૃ. ૪૩૧, આવનિ.૧૨૯૪, આવચૂ.૨.પૃ.૧૯૬.
૬. સ્થા.૫૮૭, નિશીભા.૫૫૯૮, આવભા. ૧૨૮, વિશેષા.૨૮૩૪, આવચૂ.૨. પૃ.૪૨૦, સ્થાઅ.પૃ.૪૧૧, ઉત્તરાશા. પૃ.૧૫૯.
૭. જુઓ શ્રભમ. પૃ. ૩૫૪.
૮. જુઓ જઇહિ ગ્રંથ ૫૧ ભાગ ૧ પૃ.૧૪, ડિપા. ભાગ ૧ પૃ. ૧૯૧, ઈડિબુ, પૃ.૫૭, જિઓડિ. પૃ. ૩૦.
૯. જુઓ જિઓડી. પૃ.૩૦.

**આમોક્ખ** (આમોક્ષ) **આયાર**નું બીજું નામ.[૧]

૧. આચાનિ. ૭.

**આયંસમુહ** (આદર્શમુખ) એક **અંતરદીવ**.[૧] આ અને **આતંસમુહ** એક જ છે.[૧]

૧. સ્થા.૩૦૪, પ્રજ્ઞા.૩૬, જીવા.૧૦૮,૧૧૨, નન્દિમ.પૃ.૧૦૩.

**આયંસલિવિ** (આદર્શલિપિ) અઢાર **બંભી**(૨) લિપિઓમાંની એક.[૧]

૧. સમ.૧૮, પ્રજ્ઞા.૩૭.

**આયતિટ્ઠાણ** (આયતિસ્થાન) **દસાસુયક્ખંધ**ના દસમા અધ્યયનનો નવમો ઉદ્દેશક.[૧]

૧. દશા. ૧૦.૯.

**આયડ્ઢિ** (આત્મર્દ્ધિ) **વિયાહપણ્ણત્તિ**ના દસમા શતકનો ત્રીજો ઉદ્દેશક.[૧]

૧. ભગ.૩૯૪.

**આયપ્પવાય** (આત્મપ્રવાદ) સાતમું **પુવ્વ**. તેમાં જીવોના ભેદો, વગેરેનું પ્રતિપાદન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં સોળ અધ્યયનો હતાં.[1]

૧. નન્દિ.૫૭, નન્દિચૂ.પૃ.૭૬, નન્દિમ.પૃ.૨૪૧, સમ.૧૬, ૧૪૭, વિશેષા.૨૮૩૫, આવચૂ.૧.પૃ.૪૨૦.

**આયરિયભાસિય** (આચાર્યભાષિત) **પણ્હાવાગરણદસા**નું ચોથું અધ્યયન.[1] તે નાશ પામ્યું છે.[2]

૧. સ્થા. ૭૫૫. ૨. સ્થાઅ.પૃ.૫૧૨.

**આયરિયવિપ્પડિવત્તિ** (આચાર્યવિપ્રતિપત્તિ) **બંધદસા**નું પાંચમું અધ્યયન.[1]

૧. સ્થા. ૭૫૫.

**આયરિયાયણ** જુઓ **આરિયાયણ**.[1]

૧. ઋષિ.૧૯.

**આયરિસ** (આદર્શ) **આયાર**નું બીજું નામ.[1]

૧. આચાનિ. ૭.

**આયવ** (આતપ) જુઓ **આતવ**.[1]

૧. સૂર્ય. ૪૭.

**૧. આયવા** (આતપા) **ણાયાધમ્મકહા**ના દ્વિતીય શ્રુતસ્કન્ધના સાતમા વર્ગનું બીજું અધ્યયન.[1]

૧. જ્ઞાતા. ૧૫૫.

**૨. આયવા સૂર**(૧)ની ચાર પટરાણીઓમાંની એક.[1] પોતાના પૂર્વભવમાં તે **અરક્ખુરી**ના ગૃહસ્થની દીકરી હતી. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર પાસ**(૧)ની શિષ્યા બની હતી.[2] ઠાણમાં તેનો ઉલ્લેખ **દોસિણાભા**(૨) નામે થયો છે.[3]

૧. જ્ઞાતા.૧૫૫, ૧૭૦, સૂર્ય.૯૭, ભગ.૪૦૬.
૨. જ્ઞાતા.૧૫૫ ૩. સ્થા.૨૭૩.

**આયવાભા** (આતપાભા) આ અને **આયવા** (૨) એક છે.[1]

૧. ભગ. ૪૦૬.

**આયવિસોહિ** (આત્મવિશોધિ) એક ઉક્કાલિય આગમગ્રન્થ.[1] તે નાશ પામી ગયો છે.

૧. નન્દિ.૪૪, નન્દિચૂ.પૃ.૫૮, નન્દિમ.પૃ.૨૦૫, પાક્ષિ.પૃ.૪૩.

**આયા** (આત્મન્) **વિયાહપણ્ણત્તિ**ના બારમા શતકનો દસમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૪૩૭.

**આયાણિજ્જ** (આદાનીય) **સૂયગડ**નું પંદરમું અધ્યયન.[1] **જમઈય**નું બીજું નામ.[2]

૧. સૂત્રચૂ.પૃ.૨૯૭. ૨. સમ.૧૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આયાર** (આચાર) બાર **અંગ**(૩) આગમગ્રન્થોમાંનો પ્રથમ.[૧] તેના બે શ્રુતસ્કન્ધ છે. પ્રથમમાં વર્તમાનમાં આઠ અધ્યયનો છે (પહેલાં નવ અધ્યયનો હતા) અને બીજામાં સોળ અધ્યયનો છે.[૨] પ્રથમ શ્રુતસ્કન્ધનાં નવ અધ્યયનોનાં નામ આ પ્રમાણે છે — (૧) **સત્થપરિણ્ણા**, (૨) **લોગવિજય**, (૩) **સીઓસણિજ્જ**, (૪) **સમ્મત્ત**, (૫) **લોગસાર**, (૬) **ધુઅ**, (૭) **મહાપરિણ્ણા**, (૮) **વિમોક્ખ** અને (૯) **ઉવહાણસુય**. આ નવમાંનું સાતમું અધ્યયન મહાપરિણ્ણા નાશ પામ્યું છે.[૩] આ નવમાંનું દરેક અધ્યયન **બંભચેર** તરીકે પ્રસિદ્ધ છે.[૪] બીજા શ્રુતસ્કન્ધમાં પાંચ ચૂલાઓ છે જે **આયારગ્ગ** તરીકે જાણીતી છે.[૫] તેમનાં નામ આ પ્રમાણે છે[૬]— (૧) **જાવોગ્ગહપડિમા**, (૨) **સત્તિક્કગા**, (૩) **ભાવણા**, (૪) **વિમુત્તિ** અને (૫) **આયારપકપ્પ**. પાંચમી ચૂલા આયારપકપ્પ **ણિસીહ** નામે પણ જાણીતી છે.[૭] પહેલી ચૂલામાં સાત અધ્યયનો છે. બીજીમાં પણ સાત અધ્યયનો છે. ત્રીજી અને ચોથી ચૂલામાં એક એક અધ્યયન જ છે.[૮] પાંચમી ચૂલા ણિસીહને આયારથી અલગ કરવામાં આવી છે અને તે સ્વતન્ત્ર ગ્રન્થનો દરજ્જો પામી છે.[૯] આમ બીજા શ્રુતસ્કન્ધમાં વર્તમાનમાં સોળ અધ્યયનો છે. નીચે જણાવેલાં કારણોના આધારે બીજા શ્રુતસ્કન્ધને પાછળથી પ્રથમ શ્રુતસ્કન્ધ સાથે જોડી દેવામાં આવેલો ગણવામાં આવે છે[૧૦] — (૧) **આયારણિજ્જુત્તિ**(ગાથા ૨૮૭)માં સૂચવવામાં આવ્યું છે તે મુજબ, આયારગ્ગ અર્થાત્ પાંચ ચૂલાઓ જેઓ શ્રુતકેવલી હતા તે સ્થવિરોની રચના છે.[૧૧] તેમણે તે પાંચ ચૂલાઓને પ્રથમ શ્રુતસ્કન્ધમાંથી તારવી તેમનો યથોચિત વિસ્તાર કર્યો છે. (૨) પાંચ ચૂલાઓના સ્રોતો આયારણિજ્જુત્તિ (ગાથા ૨૮૮-૨૯૧)માં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યા છે. (૩) ટીકાકાર શીલાંકસૂરિએ દર્શાવ્યું છે કે ત્રણ મંગલો - આદિમ, મધ્યમ અને અન્તિમ - પ્રથમ શ્રુતસ્કન્ધમાંથી જ લેવામાં આવ્યાં છે (બીજો શ્રુતસ્કન્ધ તેનો ભાગ હોવા છતાં).[૧૨] (૪) શૈલી અને વિષયનિરૂપણપદ્ધતિની દૃષ્ટિએ બન્ને શ્રુતસ્કન્ધો એકબીજાથી સ્પષ્ટપણે તદ્દન ભિન્ન છે.[૧૩]

આયારનાં અન્ય નામો નીચે મુજબ છે — **આઇણ્ણ**(૨), **આગર**, **આગાલ**, **આચાલ**, **આજાઇ**, **આમોક્ખ**, **આયરિસ**, **આયારકપ્પ**(૧), **આયારસુયજ્ઝયણ** અને **આસાસ**.[૧૪] **વિણ્હુ**(૭)ના મૃત્યુ પછી આયાર નષ્ટ થઈ જશે.[૧૫]

૧. નન્દિ, ૪૫, સમ. ૧૩૬.
૨. આચાનિ. ૩૨.
૩. આચાનિ. ૩૧-૩૨.
૪. સમ. ૯.
૫. આચાનિ. ૩૨, નિશીચૂ. ૧. પૃ. ૨.
૬. આચાચૂ. પૃ. ૩૨૦ (ગાથા ૧૬).
૭. આચાનિ. ૩૪૭.
૮. સમ. ૨૫, ૮૫, ૧૩૬.
૯. આચાનિ. ૩૪૭.
૧૦. જુઓ હિકે. પૃ. ૧૧૩-૧૧૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧.આચાશી. પૃ.૨૮૨.
૧૨.જુઓ Sacred Books of the East,Vol. XXII ની પ્રસ્તાવના પૃ. xlvii.
૧૩.એજન.પૃ. xlvii
૧૪.સંદર્ભો માટે જુઓ આ શબ્દો.
૧૫.તીર્થો. ૮૨૦.

**આયારંગ** (આચારાંગ) આ અને **આયાર** એક છે.[1] તેને વેદ કહ્યો છે.[2]

૧. તીર્થો. ૮૨૦, આચાનિ.પૃ.૩૧૯, વ્યવભા.૪.૩૪૦. ૨. આચાનિ.૧૧.

**૧. આયારકપ્પ** (આચારકલ્પ) **આયાર**નું બીજું નામ.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૪૯, પાક્ષિય.પૃ.૭૧, સૂત્રચૂ.પૃ.૫.

**૨. આયારકપ્પ ણિસીહ**નું બીજું નામ.[1]

૧. વ્યવ.૩.૧૦, ૫.૧૭-૧૮.

**આયારગ્ગ** (આચારાગ્ર) જુઓ **આયાર**.[1]

૧. આચાનિ.૩૨, સ્થાઅ. પૃ.૪૩૪.

**આયારણિજ્જુત્તિ** (આચારનિર્યુક્તિ) **આયાર** ઉપરની ગાથાબદ્ધ ટીકા.[1]

૧. આવનિ.૮૪, વિશેષા.૧૦૭૯, આચાનિ.૧, આચાશી. પૃ. ૮૪.

**આયારદસા** (આચારદશા) આ અને **દસાસુયક્ખંધ** એક જ છે, કારણ કે આયારદસાનાં જે દસ અધ્યયનો કહેવામાં આવે છે તે જ દસાસુયક્ખંધનો વિષયાનુક્રમ છે.[1]

૧. સ્થા.૭૫૫, સ્થાઅ. પૃ. ૫૧૧.

**આયારપકપ્પ** (આચારપ્રકલ્પ) **ણિસીહ**નું બીજું નામ.[1] તે **આયાર**ના બીજા શ્રુતસ્કન્ધની પાંચમી ચૂલા છે.[2] ત્રણ વર્ષનું સાધુજીવન જેણે પૂરું કર્યું હોય તેવા સાધુ તેનું અધ્યયન કરવા માટે અધિકારી છે.[3] તેને નવમાં **પુવ્વ**માંથી અલગ કરી સારરૂપે લેવામાં આવેલ છે.[4]

૧. નિશીચૂ.૪.પૃ.૭૩, સમ.૨૮, સ્થાઅ. પૃ.૨, સ્થા.૪૩૩, આચાનિ. ૩૪૭.
૨. આચાચૂ. પૃ. ૩૨૦, ગાથા.૧૬.
૩. વ્યવભા. ૧૦.૨૧.
૪. વ્યવભા. ૩.૧૭૧.

**આયારપગપ્પ** (આચારપ્રકલ્પ) આ અને **આયારપકપ્પ** એક છે.[1]

૧. નિશીચૂ. ૪.પૃ.૭૩.

**આયારપ્પણિહિ** (આચારપ્રણિધિ) **દસવેયાલિય**નું આઠમું અધ્યયન.[1]

૧. દશ. ૮.૧.

**આયારવત્થુ** (આચારવસ્તુ) નવમા **પુવ્વ**નું ત્રીજું અધ્યયન.[1]

૧. નિશીચૂ.૩.પૃ.૬૩, વ્યવભા.૩.પૃ.૯૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આયારસુયજ્ઝયણ** (આચારશ્રુતાધ્યયન) આ અને **આયાર** એક છે.[1]

૧. સૂત્રનિ. ૧૮૨-૧૮૩.

**આયુ** (આયુષ્) **વિયાહપણ્ણત્તિ**ના પાંચમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૧૭૬.

**આર** ચોથી નરકભૂમિ **પંકપ્પભા**ના છ **મહાણિરય** (ભયંકર વિકરાળ) વાસસ્થાનોમાંનું એક.[1]

૧. સ્થા. ૫૧૫.

**આરણ** અગિયારમું કલ્પ(સ્વર્ગ). તેમાં ૯૦૦ યોજન ઊંચાઈવાળાં ૧૫૦ વિમાનો (સ્વર્ગીય વાસસ્થાનો) આવેલાં છે. તેમાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એકવીસ સાગરોપમ વર્ષનું છે જ્યારે જઘન્ય આયુષ્ય વીસ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. પ્રજ્ઞા.૫૩, અનુ.૧૩૯, સમ.૨૦-૨૧, ૧૦૧, ૧૧૨.

**આરબ** એક **અણારિય**(અનાર્ય) જાતિ અને તે જાતિનો પ્રદેશ[1] જે **ચક્કવટ્ટિ ભરહ**(૧)એ જીત્યો હતો. તે પ્રદેશ **સિંધુ**(૧) નદીની પેલે પાર પશ્ચિમ તરફ આવેલો હતો.[2] તે પ્રદેશની કન્યાઓ અન્તઃપુરમાં દાસીઓ તરીકે કામ કરતી.[3] તેની એકતા અરેબીઓસ્ (Arabios) નદી ઉપર આવેલા અરબિઇ (Arabii)ના વસવાટના પ્રદેશ – જે કરાંચીથી ૫૦ માઈલના અંતરે આવેલો વર્તમાન પોરલી (Porali) છે – સાથે[4] અથવા પદ્મપુરાણમાં ઉલ્લિખિત ઉત્તર-પશ્ચિમી સરહદી વિસ્તારના લોકો સાથે[5] સ્થાપી શકાય.

૧. પ્રશ્ન.૪, પ્રશ્નઅ. પૃ.૧૫.
૨. જમ્બૂ.૫૨, આવચૂ.૧.પૃ.૧૯.
૩. જ્ઞાતા.૧૮.
૪. જુઓ એજિઇ. પૃ. ૩૦૪-૩૦૫, જિઓમ. પૃ.૫૧.
૫. જુઓ જિઓડિ. પૃ. ૧૦,૨૨.

**આરબક** આ અને **આરબ** એક છે.[1]

૧. જમ્બૂ.૫૨, આવચૂ.૧. પૃ.૧૯૧.

**આરબી** **આરબ** મૂળની દાસી.[1]

૧. જ્ઞાતા.૧૭, જ્ઞાતાઅ.પૃ.૩૭, જમ્બૂ. ૪૩.

**આરાહણપઇણ્ણ** (આરાધનાપ્રકીર્ણક) આઠ પ્રકીર્ણકોના વર્ગનો એક આગમિક ગ્રન્થ જેનો આધાર **મરણસમાહિ** છે.[1]

૧. મર. ૬૬૨.

**આરાહણા** (આરાધના) **વિયાહપણ્ણત્તિ**ના આઠમા શતકનો દસમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૩૦૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧. આરિય** (આર્ય) આર્યન્ અને અનાર્યન્ લોકોના બે પ્રકારોમાંનો એક પ્રકાર.[૧] **મિલિક્ખુ**ઓ અનાર્યન્ અર્થાત્ **અણારિય** હતા.[૨] ખેત્ત(ક્ષેત્ર), જાતિ, કુલ, ભાસા(ભાષા) વગેરેના આધારે આરિયોના અનેક વર્ગો પાડવામાં આવ્યા હતા. ખેત્તારિયો (આર્યન્ દેશો)ની સંખ્યા સાડી પચ્ચીસ કહેવાય છે. તે આ મુજબ છે– **અંગ**, **કલિંગ**, **કાસી**, **કુણાલ**, **કુરુ**, **કુસટ્ટ**, **કેકયદ્ધ** (કેકય દેશનો અડધો ભાગ), **કોસલ**, **ચેદિ**, **જંગલ**, **દસણ્ણ**, **પંચાલ**, **પુરિવટ્ટ**, **ભંગી**, **મગહ**, **મચ્છ**, **મલય**(૧), **લાટ** અથવા **લાઢ**, **વંગ**, **વચ્છ**, **અચ્છ** અથવા **અચ્છા**, **વિદેહ**, **સંડિલ્લ** અથવા **સંદિબ્ભ**, **સિંધુ-સોવીર**, **સૂરસેણ** અને **સુરટ્ઠ** અથવા **સોરટ્ઠ**.[૩] જાતિઆરિયો (આર્યન્ જાતિઓ) આ પ્રમાણે છે – **અંબટ્ઠ**, **કલિંદ**, **ચંચુણ**, **વિદેહ**, **વેંદગ** અને **હરિય**.[૪] કુલઆરિયો (આર્યન્ કુલો) આ પ્રમાણે છે– **ઇક્ખાગ**, **ઉગ્ગ**, **કઉરવ્વ**, **ણાય**, **ભોગ** અને **રાઇણ્ણ**.[૫] ભાસાઆરિયો એ તે લોકો છે જેઓ **અર્ધમાગધી** ભાષા બોલે છે અને અઢાર **બંભી**(૨) લિપિઓમાંથી કોઈપણ લિપિનો ઉપયોગ કરે છે.[૬]

૧. પ્રજ્ઞા. ૩૭.
૨. સૂત્રશી. પૃ. ૧૨૩.
૩. પ્રજ્ઞા.૩૭, સૂત્રશી. પૃ.૧૨૩, બૃક્ષે. ૯૧૩, નિશીભા.૫૭૨૭, ૫૭૩૨, નિશીચૂ. ૪. પૃ. ૧૨૪-૧૨૬.
૪. પ્રજ્ઞા.૩૭.
૫. એજન.
૬. એજન.

**૨. આરિય** આ અને **આરિયાયણ** એક છે.

૧. ઋષિ (સંગ્રહણી).

**આરિયવેદ** (આર્યવેદ) **ભરહ**(૧) અને બીજાઓએ રચેલો ખરો વેદ. તેમાં **તિત્થયરો**ની સ્તુતિઓ, શ્રમણાચારના તથા શ્રાવકાચારના નિયમો અને સંતિકમ્મ (શાન્તિકર્મ) હતાં.[૧]

૧. આવચૂ.૧.પૃ.૨૧૫.

**આરિયાયણ** **અરિટ્ઠણેમિ**ના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પત્તેયબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે.[૧]

૧. ઋષિ. ૧૯, ઋષિ(સંગ્રહણી).

**આલંભિય** (આલમ્ભિક) **વિયાહપણ્ણત્તિ**ના અગિયારમા શતકનો બારમો ઉદ્દેશક.[૧]

૧. ભગ. ૪૦૯.

**આલંભિયા** (આલમ્ભિકા) આ અને **આલભિયા** એક છે.[૧]

૧. ભગ. ૪૩૩, ૪૩૬.

**આલંભી** આ અને **આલભિયા** એક છે.[૧]

૧. આવમ. પૃ. ૨૮૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આલભિયા** (આલભિકા) જ્યાં **જિયસત્તુ**(૮) રાજા રાજ કરતો હતો તે નગર.[૧] **તિત્થયર મહાવીરે** તેમનો સાતમો વર્ષાવાસ અહીં કર્યો હતો.[૨] **હરિ**(૪) તેમને અહીં વંદન કરવા આવ્યા હતા અને તેમની સુખસાતા પૂછી હતી.[૩] આ નગરની પાસે આવેલા **સંખવણ** ઉદ્યાનમાં એક ચૈત્ય હતું.[૪] **ઈસિભદ્દપુત્ત** વગેરેએ મહાવીરને દેવોના આયુષ્ય વિશે પૂછ્યું હતું.[૫] અહીં **પોગ્ગલ** મહાવીરનો શિષ્ય બન્યો[૬] અને **ચુલ્લસયય**(૨) તેમનો ઉપાસક બન્યો.[૭] અહીં **પત્તકાલગય** ચૈત્યમાં **ગોસાલે સેહના** શરીરને છોડીને **ભારદ્દાઈ**ની કાયામાં પ્રવેશ કર્યો હતો.[૮] કેટલાક વિદ્વાનો આ આલભિયા અને બૌદ્ધ સાહિત્યમાં ઉલ્લિખિત આળવીને એક માને છે. પરંતુ મહાવીરના વિહારમાર્ગની દૃષ્ટિએ આ તેમની માન્યતા યોગ્ય જણાતી નથી. અયોધ્યા અને પ્રયાગની પૂર્વમાં ક્યાંક આલભિયા આવી હોવી જોઈએ.[૯]

૧. ઉપા. ૩૨.
૨. કલ્પ.૧૨૨, આવનિ.૪૮૯, આવચૂ.૧. પૃ.૨૯૩, વિશેષા. ૧૯૪૩, કલ્પશા. પૃ.૧૩૦.
૩. આવનિ.૫૧૫, આવચૂ.૧.પૃ.૩૧૫, વિશેષા.૧૯૭૧,કલ્પધ.પૃ.૧૦૯, કલ્પવિ. પૃ. ૧૬૯.
૪. ઉપા.૩૨, ભગ.૪૩૩, ૪૩૬.
૫. ભગ.૪૩૩, ૪૩૬.
૬. ભગ. ૪૩૬.
૭. ઉપા.૩૨, સ્થાઅ.પૃ.૫૦૯.
૮. ભગ.૫૫૦.
૯. જિઓડિ.પૃ.૩.

**૧. આલા ધરણિંદ**ની છ મુખ્ય પત્નીઓમાંની એક. તે **ઈલા** નામે પણ જાણીતી છે[૧] જુઓ **ઈલા**(૧).

૧. સ્થા. ૫૦૧.

**૨. આલા** એક **વિજ્જુકુમારિમહત્તરિયા** દેવી.[૧]

૧. સ્થા. ૫૦૭.

**આલુય** (આલુક) **વિયાહપણ્ણત્તિ**ના તેવીસમા શતકનો પહેલો ઉદ્દેશક. તેના દસ પેટાવિભાગો છે.[૧]

૧. ભગ. ૬૯૨.

**આવંતિ** (આવન્તિ) **આયારંગ**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું પાંચમું અધ્યયન.[૧] આ અને **લોગસાર** એક જ છે.[૨]

૧. સમ. ૯.
૨. આચાનિ.૩૧.

**૧. આવત્ત** (આવર્ત્ત) **જંબૂદીવ**ના **મહાવિદેહ** ક્ષેત્રનો **સીઆ** નદીની ઉત્તરબાજુએ આવેલો પ્રદેશ. તે **ણીલવંત** પર્વતની દક્ષિણે, **ણલિણકૂડ** ડુંગરની પશ્ચિમે અને **દહાવઈ**(૨) નદીની પૂર્વે આવેલો છે. આ પ્રદેશની રાજધાની **ખગ્ગી** છે.[૧] આ જ નામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરાવતા બે પ્રદેશો **ધાયઈસંડ**માં આવેલા છે.[2]

૧. સ્થા.૬૩૭, જમ્બૂ.૯૫. ૨. સ્થા.૯૨.

**૨. આવત્ત** **આવત્ત**(૧) પ્રદેશમાં આવેલા **દીહવેયડ્ઢ** પર્વતનું શિખર.[1]

૧. સ્થા. ૬૮૯.

**૩. આવત્ત** **મહાવિદેહ**માં આવેલા **ણલિણકૂડ** ડુંગરનું શિખર. તે પાંચ સો યોજન ઊંચું છે.[1]

૧. જમ્બૂ.૯૫.

**૪. આવત્ત** **બલદેવઘર**(૧)માં જ્યાં **મહાવીર** રોકાયા હતા તે ગામ. ત્યાં **ગોસાલ**ની અનુચિત વર્તણૂકના કારણે મહાવીરને ત્રાસ (ઉવસગ્ગ) સહન કરવો પડ્યો હતો.[1] **સાવત્થી**થી **લાઢ** દેશ જતા માર્ગ ઉપર તે આવેલું હતું. તેને **કોસલ** દેશનું ગામ ગણવામાં આવે છે.[2]

૧. વિશેષા.૧૯૩૫,આવનિ.૪૮૧, આવચૂ. ૧. પૃ.૨૮૯,આવમ.પૃ. ૧૦૦, કલ્પધ. પૃ. ૧૦૬, કલ્પવિ.પૃ. ૧૬૬, કલ્પશા.પૃ. ૧૨૮.
૨. શ્રભમ. પૃ. ૩૫૬.

**૫. આવત્ત** ત્રીસ **મુહુત્ત**માંનું એક.[1] **અમમ**(૧) નામથી **સૂરિયપણ્ણત્તિ** અને **જંબૂદીવપણ્ણત્તિ**માં તેનો નિર્દેશ છે.[2]

૧. સમ.૩૦. ૨. સૂર્ય.૪૭, જમ્બૂ.૧૫૨.

**૬. આવત્ત** **મહાસુક્ક**(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સોળ સાગરોપમ વર્ષનું હોય છે.[1]

૧. સમ.૧૬.

**૭. આવત્ત** **ઘોસ**(૮) અને **મહાઘોસ**(૪)ના જે ચાર ચાર **લોગપાલ** છે તેમાંનો એક. આ ઘોસ અને મહાઘોસ **થણિયકુમાર** દેવોના ઇન્દ્રો છે.[1]

૧. ભગ. ૧૬૯, સ્થા. ૨૫૬, ૨૭૩.

**આવસ્સ**[1] અથવા **આવસ્સગ**[2] (આવશ્યક) જુઓ **આવસ્સય**.

૧. દશચૂ. પૃ.૩૫૦. ૨. અનુ. ૫, અનુચૂ.પૃ.૩, આવનિ.૮૪.

**આવસ્સગચુણ્ણિ** (આવશ્યકચૂર્ણિ) **આવસ્સગ** (નિર્યુક્તિ સાથે) ઉપરની એક પ્રકારની ટીકા.[1] તેના કર્તા **જિણદાસગણિ**ને ગણવામાં આવે છે.[2] તે પ્રકાશિત છે.

૧. દશચૂ.પૃ.૯,૭૧,૯૨,૨૦૪,૨૦૬,૨૩૪. ૨. જુઓ હિકે. પૃ. ૧૯૨.

**આવસ્સય** (આવશ્યક) **અંગબાહિર** ગ્રન્થોના બે પ્રકારોમાંનો એક પ્રકાર.[1] શ્રમણોએ અને શ્રાવકોએ દરરોજ બે વાર (સવારે અને સાંજે) ચૂક્યા વિના કરવાની ધાર્મિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયાઓ આવસ્સય છે.[૨] આવસ્સય ગ્રન્થમાં છ અધ્યાયો છે. તે આ છે– (૧) **સામાઇય**, (૨) **ચઉવીસત્થઅ**, (૩) **વંદણ**, (૪) **પડિક્કમણ**, (૫) **કાઉસ્સગ્ગ** અને (૬) **પચ્ચક્ખાણ**.[૩] દરેક અધ્યાય પેટાવિભાગોમાં વિભક્ત છે.[૪]

૧. નન્દિ.૪૪, સ્થા.૭૧, નન્દિમ. પૃ. ૨૦૪, પ્રજ્ઞામ. પૃ. ૫૮.
૨. અનુહે. પૃ.૭.
૩. નન્દિમ.પૃ.૨૦૪, આવચૂ.૧.પૃ.૩, આવનિ.(દીપિકા)૨.પૃ.૧૮૩,પાક્ષિય. પૃ.૪૧.
૪. આવચૂ.૨.પૃ.૪૫,૨૧૪, ૨૪૪-૪૫, ૨૫૦, ૨૫૭, ૨૬૨,૨૭૧,૨૭૪, ૨૮૧, આવનિ. ૧૦૨૧,૧૨૪૮.

**આવસ્સયચુણ્ણિ** (આવશ્યકચૂર્ણિ) જુઓ **આવસ્સગચુણ્ણિ**.[૧]

૧. દશચૂ.પૃ.૨૦૪, આવચૂ.૧.પૃ.૭૯.

**આવસ્સયણિજ્જુત્તિ** (આવશ્યકનિર્યુક્તિ) **આવસ્સય** ઉપર ભદ્દબાહુ(૨)એ લખેલી એક પ્રકારની ગાથાબદ્ધ ટીકા.[૧] આવસ્સયણિજ્જુત્તિ ઉપર નીચેની ટીકાઓ છે – **આવસ્સયભાસ**, **આવસ્સયચુણ્ણિ**[૨] અને હરિભદ્ર, મલયગિરિ તથા માણિક્યશેખરે રચેલી સંસ્કૃત ટીકાઓ(વૃત્તિઓ).

૧. આવનિ.૮૪, આચાશી.પૃ.૮૪.
૨. ઉત્તરાશા.પૃ.૨, આવભા.૧૩૯,દશચૂ.પૃ.૨૦૪.

**આવસ્સયભાસ** (આવશ્યકભાષ્ય) **આવસ્સયણિજ્જુત્તિ** ઉપરની એક પ્રકારની ગાથાબદ્ધ ટીકા.[૧] **આવસ્સય** ઉપર ત્રણ ભાષ્ય છે. તેમાંનું એક મૂલભાષ્ય તરીકે જાણીતું છે અને બાકીનાં બે ભાષ્ય અને વિશેષાવશ્યકભાષ્ય તરીકે જાણીતાં છે.[૨] છેલ્લું અર્થાત્ વિશેષાવશ્યકભાષ્ય **આવસ્સય**ના કેવળ પ્રથમ અધ્યાય **સામાઇય** ઉપરની નિર્યુક્તિરૂપ ટીકા ઉપર છે.[૩] આ વિશેષાવશ્યકભાષ્યના કર્તા જિનભદ્ર છે. જિનભદ્રે પોતે જ તેના ઉપર સ્વોપજ્ઞ ટીકા રચી છે[૪] જે અપૂર્ણ રહી છે. તે અપૂર્ણ ટીકાને કોટ્ટાર્યે પૂર્ણ કરી છે. બીજી બે ટીકાઓ કોટ્યાચાર્ય અને મલધારી હેમચન્દ્રે લખી છે.

૧. વ્યવમ.૧. પૃ.૨, ઉત્તરાશા. પૃ.૨, આવભા. ૧૩૯થી આગળ.
૨. જુઓ હિકે. પૃ. ૧૮૭.
૩. વિશેષા. ૪૩૪૬.
૪. લા.દ.વિદ્યામંદિર અમદાવાદ દ્વારા પ્રકાશિત.

**આવસ્સયવઇરિત્ત** (આવશ્યકવ્યતિરિક્ત) **અંગબાહિર**ના બે ભેદોમાંનો એક ભેદ. તેના વળી પેટાભેદો **કાલિય** અને **ઉક્કાલિય** છે.[૧]

૧. નન્દિ.૪૪, સ્થા.૭૧, અનુહે. પૃ.૭. નન્દિમ. પૃ.૨૦૪.

**આવાડ** (આપાત) **સિંધુ**(૧)ની પૂર્વે ઉત્તર **ભરહ**(૨)માં વસતી **ચિલાય** જાતિ. **ચક્કવટ્ટિભરહ**(૧)ની સેનાને આ જાતિ સાથે યુદ્ધ કરવું પડ્યું હતું. ભરહ(૧) સામેના યુદ્ધમાં મેઘમુખ નાગકુમાર દેવોની સહાય મેળવવા માટે આવાડ ચિલાય જાતિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકોએ તે દેવોની આરાધના કરી હતી.[1]

૧. જમ્બૂ.૫૬-૬૧, આવચૂ. ૧. પૃ. ૧૯૪-૧૯૫.

**આવી** જુઓ **આદી**.[1]

૧. સ્થા. ૭૧૭.

**આસ** (અશ્વ) જુઓ **અસ્સ**.[1]

૧. જમ્બૂ. ૧૫૭, ૧૭૧.

**આસકણ્ણ** (અશ્વકર્ણ) એક **અંતરદીવ**.[1]

૧. સ્થા. ૩૦૪, પ્રજ્ઞા. ૩૬, જીવા. ૧૦૮, નન્દિમ.પૃ.૧૦૩.

**આસગ્ગીવ** (અશ્વગ્રીવ) **ભરહ**(૨) ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં થયેલા પ્રથમ **પડિસત્તુ**. તે **ઘોડગગીવ** નામે પણ જાણીતા છે. તે જ કાલચક્રમાં થયેલા પ્રથમ વાસુદેવ(૧) **તિવિટ્ઠ**(૧) વડે તે હણાયા હતા.[1]

૧. વિશેષા.૧૭૬૭, આવચૂ.૧.પૃ.૨૩૨-૩૪, સમ.૧૫૮, સૂત્રચૂ.પૃ.૩૪૧, તીર્થો.૬૧૦.

**આસણેય** (અશ્વનેય) અટ્ઠયાસી ગહમાંનો એક.[1] આ અને **અસ્સાસણ** એક છે.[2]

૧. જમ્બૂ. ૧૭૦. ૨. સૂર્ય.૧૦૭.

**આસત્થામ** (અશ્વસ્થામન્) જેણે **દોવઈ**ના સ્વયંવરમાં ભાગ લીધો હતો તે **હત્થિણાઉર**નો રાજકુમાર.[1]

૧. જમ્બૂ. ૧૧૭.

**આસપુરા** (અશ્વપુરા) **જંબુદીવ**[1] અને **ધાયઈસંડ**[2] એ બેમાંથી દરેકના **મહાવિદેહ**માં વહેતી **સીઓઆ** નદીની દક્ષિણે આવેલા **પમ્હ** નામના **વિજય**(૨૩)ની રાજધાની.

૧. સ્થા. ૬૩૭, જમ્બૂ.૧૦૨. ૨. જમ્બૂ. ૯૨.

**આસમિત્ત** (અશ્વમિત્ર) સાત **ણિણ્હવ**માંનો એક. તેણે **સમુચ્છેય**નો સિદ્ધાન્ત સ્થાપ્યો હતો. આ સિદ્ધાન્ત મુજબ દરેક વસ્તુ ક્ષણિક છે, અર્થાત્ દરેક વસ્તુ પ્રતિ ક્ષણે નાશ પામે છે. આસમિત્ત **કોડિણ્ણ**(૧)નો શિષ્ય અને **મહાગિરિ**નો પ્રશિષ્ય હતો. એક વાર **અણુપ્પયવાદ પુવ્વ**નું અધ્યયન કરતાં તેના જોવામાં આવાં વાક્યો આવ્યાં– 'વર્તમાન ક્ષણના નારકીઓ નાશ પામશે, વર્તમાન ક્ષણના દેવો નાશ પામશે, વગેરે. તેવી જ રીતે બીજી ક્ષણના, ત્રીજી ક્ષણના વગેરે ક્ષણના નારકીઓ તેમ જ દેવો નાશ પામશે.' તેથી તે વિચારવા પ્રેરાયો કે દરેક વસ્તુ ક્ષણિક છે, અર્થાત્ દરેક વસ્તુ ઉત્પન્ન થતાં વેંત નાશ પામી જાય છે. **તિત્થયર મહાવીર**ના નિર્વાણ પછી ૨૨૦ વર્ષે આ ઘટના બની.[1] પછી છેવટે આસમિત્તને પોતાનો સિદ્ધાન્ત મિથ્યા હોવાનું ભાન થયું અને તેણે તે સિદ્ધાન્ત છોડી દીધો.[2]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧.સ્થા. ૫૮૭, આવચૂ.૧.પૃ.૪૨૨, આવભા. ૧૩૨, વિશેષા.૨૮૯૦-૯૧, નિશીભા. ૫૬૦૦, ઉત્તરાનિ. પૃ.૧૫૩, ૧૬૨.
૨. ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ. ૧૬૨-૧૬૫, આવચૂ.૧. પૃ.૪૨૨.

**આસમુહ** (અશ્વમુખ) એક **અંતરદીવ.**[1]

૧. સ્થા.૩૦૪, પ્રજ્ઞા.૩૬, જીવા. ૧૦૮, નન્દિમ. પૃ. ૧૦૩.

**૧. આસસેણ** (અશ્વસેન) **ચક્કવટ્ટિ સણંકુમાર**ના પિતા.[1]

૧. સમ.૧૫૮, ઉત્તરાક. પૃ. ૩૨૦.

**૨. આસસેણ વાણારસી**ના રાજા. તેવીસમાં **તિત્થંકર પાસ**(૧)ના તે પિતા હતા. **વામા**(૧) તેમની રાણી હતી.[1] તે **અસ્સસેણ** તરીકે પણ જાણીતા હતા.[2]

૧. કલ્પ.૧૫૦, સમ.૧૫૭. ૨. તીર્થો. ૪૮૬, આવનિ. ૩૮૨.

**આસા** (આશા) ઉત્તર **રુયગ**(૧) પર્વતના **વિજય**(૨૦) શિખર ઉપર વસતી મુખ્ય **દિસાકુમારી.**[1]

૧. સ્થા.૬૪૩, જમ્બૂ.૧૧૪.

**આસાગર** (આશાકર) **ણંદણ**(૧)ના ધર્મગુરુ. તેમના પૂર્વભવમાં તે બન્ને અનુક્રમે સાતમા **બલદેવ**(૨) અને સાતમા **વાસુદેવ**(૧) **દત્ત**(૨) હતા.[1] જુઓ **લલિયમિત્ત** અને **સાગર**(૩) પણ.

૧. સમ.૧૫૮, તીર્થો.૬૦૬.

**૧. આસાઢ** (આષાઢ) એક આચાર્ય અને ત્રીજા **ણિણ્હવ**. તેમના પછી તેમના શિષ્યોએ મહાવીરના નિર્વાણના ૨૧૪ વર્ષ પછી **રાયગિહ**માં **બલભદ્ર**(૪) રાજાના સમયમાં **અવ્વત્ત**નો સિદ્ધાન્ત અર્થાત્ જ્ઞાનની અનિશ્ચયાત્મકતાનો સિદ્ધાન્ત સ્થાપ્યો.[1] **સેયવિયા** શહેરના **પોલાસ**(૧) ઉદ્યાનમાં રહેતા હતા ત્યારે ગુરુ આસાઢનું એકાએક મૃત્યુ થયું અને તે **ણલિણિગુમ્મ**(૪)માં દેવ તરીકે જન્મ્યા. પોતે પોતાની પાછળ છોડેલા પોતાના શિષ્યો પ્રત્યેના પ્રેમ અને કરુણાથી પ્રેરાઈને ગુરુ આસાઢે પોતાના શબમાં પુનઃ પ્રવેશ કર્યો અને પોતાના શિષ્યોને પહેલાંની જેમ જ ઉપદેશ આપવાનું અને માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું. પોતાનું કાર્ય પૂરું કર્યા પછી તેમણે તેમને સાચી વાત કહી. (હવે પોતે ગુરુ તો શું સામાન્ય સાધુ પણ રહ્યા નથી અને છતાં) તેમણે તેમના વંદન સ્વીકાર્યા તે પોતે ખાટું કર્યું એનું પોતાને દુઃખ છે એમ તેમણે શિષ્યોને જણાવ્યું અને પછી પોતાના સ્વર્ગમાં જતા રહ્યા.[2] આથી શિષ્યોમાં ખળભળાટ મચી ગયો. તેઓ દરેક જણની સચ્ચાઈ કે પ્રામાણિકતામાં સંદેહ કરવા લાગ્યા. પરિણામે તેમણે એવો સિદ્ધાન્ત સ્થાપ્યો કે કંઈ પણ નિશ્ચિતપણે જાણી શકાતું નથી. આ સિદ્ધાન્તને સંશયવાદ કહી શકાય જે અજ્ઞેયવાદમાં પરિણમે છે. બલભદ્દ(૪) રાજાએ અવ્વત્તના સિદ્ધાન્તમાં રહેલા દોષોની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમને પ્રતીતિ કરાવી.[3]

૧. આવભા.૧૨૯-૧૩૦,આવચૂ.૧. પૃ.૪૨૧, વિશેષા. ૨૮૫૭.

૨. આવનિ.૭૮૦, ઉત્તરાશા.પૃ.૧૬૦, સ્થા.૫૮૭, આવહ.પૃ.૩૧૫.

૩. ઉત્તરાનિ અને ઉત્તરાશા. પૃ. ૧૬૦-૧૬૨.

**૨. આસાઢ** સ્વર્ગમાં ગયા પછી પોતાની પાસે પાછા આવવાનું વચન પોતાના દરેક મરતા શિષ્ય પાસેથી લેનાર આચાર્ય. તેમના ઘણા શિષ્યો મરી ગયા પણ તેમાંનો કોઈ તેમની પાસે પાછો આવ્યો નહિ. આ વસ્તુએ તેમના મનમાં સ્વર્ગ અને નરકના અસ્તિત્વ અંગે શંકા પેદા કરી. પરિણામે તે સમૂહમાં રહેવાનું છોડી સાવ એકલા રહેવા લાગ્યા. ગુરુની આવી દશા જોઈ તેમનો એક મરી ગયેલો શિષ્ય જે સ્વર્ગમાં મરીને દેવ બન્યો હતો તે પૃથ્વી ઉપર આવ્યો અને એક નાટક ભજવ્યું. આસાઢે છ મહિનાઓ સુધી સતત આ નાટક જોયું, તે નાટક જોવામાં એટલા તલ્લીન થઈ જતા કે ભૂખ-તરસ બધું ભૂલી જતા. પછી દેવે નાટક ભજવવું બંધ કર્યું. એટલે આસાઢ બીજે સ્થળે જવા નીકળ્યા. દેવે એક પછી એક સુંદર અલંકારો વગેરેથી શોભતાં છ બાળકોનાં રૂપ ધારણ કર્યાં અને માર્ગમાં તે બાળકો આસાઢને મળ્યા. આસાઢે બધાં બાળકોને મારી નાખ્યાં અને તેમના અલંકારો વગેરે લઈ લીધા. પછી દેવે રાજાનું રૂપ ધારણ કર્યું અને આસાઢ ગુરુને ભિક્ષા સ્વીકારવા વિનંતી કરી. આસાઢે ભિક્ષા સ્વીકારવાની ના પાડી કારણ કે તેનાં પાત્રો ઘરેણાંથી ભરેલાં હતાં, જે વસ્તુ રાજા આગળ પ્રગટ કરવા આસાઢ ઇચ્છતા ન હતા. પરંતુ આસાઢને તેમનાં પાત્રો રાજા સમક્ષ રજૂ કરવા ફરજ પાડવામાં આવી. હવે આસાઢની સ્થિતિ વિચિત્ર થઈ. રાજા ઘણો ક્રોધે ભરાયો. આસાઢ પાસે પાપનું પ્રાયશ્ચિત્ત કરવા સિવાય બીજો કોઈ રસ્તો રહ્યો ન હતો. દેવે પોતાનું અસલ રૂપ પ્રગટ કર્યું અને આખા ઘટનાપ્રસંગને ખુલ્લો કર્યો. આસાઢ પોતાના મૂળ સ્થાને ગયા, સાધુસમૂહમાં જોડાઈ ગયા અને પોતાના ધર્મમાં પુનઃ શ્રદ્ધાને પામ્યા.[1]

૧. નિશીચૂ.૧.પૃ.૨૦, સમઅ.પૃ.૧૧૮, ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ. ૧૩૩, ઉત્તરાચૂ. પૃ. ૮૭, દશચૂ.પૃ. ૯૬-૧૦૩.

**આસાઢભૂઇ** (આષાઢભૂતિ) **ધમ્મરુઇ**(૨)ના શિષ્ય. એકવાર તે રાજનટ વિશ્વકર્મન્‌ના ઘરે ભિક્ષા માટે ગયા. ત્યાંથી તેમને ભિક્ષામાં એક લાડુ મળ્યો. વિશ્વકર્મન્‌ના ઘરમાંથી નીકળતી વખતે તેમને વિચાર આવ્યો કે લાડુ તો ગુરુ લઈ લેશે અને પોતાને જરા પણ નહિ મળે. એટલે તે રૂપ બદલી વળી પાછા વિશ્વકર્મન્‌ના ઘરે ગયા. વળી પાછો એક લાડુ તેમને મળ્યો. ગુરુ બીજો લાડુ પણ લઈ લેશે એવું વિચારી તેમણે પાછું રૂપ બદલ્યું અને વિશ્વકર્મન્‌ના ઘરે ત્રીજીવાર ગયા. તેમને વારંવાર જુદા જુદા રૂપમાં આવતા જોઈને વિશ્વકર્માએ પોતાની બે રૂપવતી દીકરીઓને કહ્યું કે જો આ માણસને મોહમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંડી પોતાનો કરી લેવામાં આવે તો તે આપણને ખૂબ જ ઉપયોગી થશે. દીકરીઓ તેને મોહમાં પાડવામાં સફળ થઈ. આસાઢભૂઇએ સાધુપણું છોડી દીધું, તે કન્યાઓને પરણી ગયો અને તેણે નટવેશ ધારણ કરી લીધો. નટવિદ્યામાં નિપુણતા સિદ્ધ કરી તે નટોનો સરદાર બની ગયો. રાજાઓને પ્રસન્ન કરી તે ખૂબ ધન કમાવા લાગ્યો. તેને મદ્યપાન ગમતું નહિ એટલે તેની પત્નીઓએ પણ મદ્યપાન છોડી દીધું. એકવાર એક રાજાએ હુકમ કર્યો કે રાજસભામાં કેવળ નટોએ જ, કોઈપણ નટી વિના જ નાટક ભજવવું જોઈએ. આસાઢભૂઇની બે પત્નીઓએ વિચાર્યું કે આજ રાતે આસાઢભૂઇ ઘરમાં નહિ હોય, એટલે તેઓ બન્ને મદ્યપાન કરી શકશે. તે મુજબ રાતે મદ્યપાન કરી તે બન્ને મેડી ઉપર જઈ તદ્દન નગ્ન અવસ્થામાં સૂઈ ગઈ. કોઈક કારણસર રાજાએ નાટકની ભજવણી મુલતવી રાખી. રાજસભામાંથી આસાઢભૂઇ ઘરે આવ્યો, તેણે દારૂના નશામાં પડેલી પોતાની પત્નીઓની દશા જોઈ, તેનો સંસારનો મોહ ઊતરી ગયો અને તેણે સંસારનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. જ્યારે વિશ્વકર્મનૂને આની જાણ થઈ ત્યારે તેણે પોતાની દીકરીઓને ઠપકો આપ્યો અને દીકરીઓને તેને મનાવી પાછો લાવવા મોકલી. તે આસાઢભૂઇ પાસે ગઈ અને તેને વિનંતી કરી કે કાં તો તે સંસારનો ત્યાગ ન કરે કાં તો તે તેમના ભરણપોષણની વ્યવસ્થા કરે. **રાયગિહ**ના રાજા સિંહરથ આગળ આસાઢભૂઇએ પાંચ સો રાજકુમારો સાથે નાટક ભજવ્યું. આસાઢભૂઇએ પોતે **ચક્કવટ્ટિ ભરહ**(૧)નું પાત્ર ભજવ્યું અને પાંચ સો રાજકુમારોએ તેના ખંડિયા રાજાઓનું. ચૌદ રત્નો, અરીસામહેલ, વગેરેનાં તાદૃશ દૃશ્યો બતાવવામાં આવ્યાં. છેવટે અરીસા મહેલમાં પાંચસો રાજકુમારો સાથે આસાઢભૂઇએ સંસારનો ત્યાગ કર્યો અને ભરણપોષણ માટે બધા અલંકારો પોતાની બે પત્નીઓને આપી દીધા.[1]

૧. પિંડનિ. ૪૧૪-૪૮૦, વ્યવભા. ૪.૧૧૭, સૂત્રચૂ. પૃ. ૩૬૩. સૂત્રશી. પૃ. ૭૨. પિંડનિમ. પૃ. ૧૩૭-૩૮, જીતભા. ૧૩૯૮-૧૪૧૧.

**આસાસ** (આશ્વાસ) **આયાર**નું બીજું નામ.[1]

૧. આચાનિ. ૭.

**આસાસણ** (આશ્વાસન) અઢ્યાસી ગહમાંનો એક.[1] આ અને **અસ્સાસણ** એક છે.

૧. સ્થા. ૯૦.

**આસિલ** એક સાધુ જે બાહ્ય રીતે જૈન જણાતો ન હતો. તે ઉકાળ્યા વિનાનું પાણી, બીજ અને લીલાં શાકભાજી ખાવાપીવામાં ઉપયોગમાં લેતો હતો. પરંતુ તેને પોતાની ઇન્દ્રિયો વશમાં હતી અને તે મોક્ષ પામ્યો હતો.[1]

૧. સૂત્ર. ૧.૩.૪.૩., સૂત્રચૂ.પૃ.૧૨૦, સૂત્રશી. પૃ. ૯૫.

**૧. આસીવિસ** (આશીવિષ) **વિયાહપણ્ણત્તિ**ના આઠમા શતકનો બીજો ઉદ્દેશક.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ભગ. ૩૦૯.

**૨. આસીવિસ** મહાવિદેહમાં **સંખ**(૧૫) નામના **વિજય**(૨૩)માં **સીઓદા** નદીની દક્ષિણે[1] અને **મંદર**(૩) પર્વતની પશ્ચિમે આવેલો **વક્ખાર** પર્વત.[2]

૧. સ્થા.૩૦૨, ૪૩૪, ૬૩૭. ૨. જમ્બૂ. ૧૦૨.

**આસીવિસભાવણા** (આશીવિષભાવના) નાશ પામી ગયેલો **અંગબાહિર કાલિય** ગ્રન્થ.[1]

૧. વ્યવ.૧૦.૩૦.

**આસુરી** **કવિલ**(૩)નો શિષ્ય. **સટ્ઠિતંત** (ષષ્ટિતન્ત્ર) કવિલે પોતે દેવ તરીકે જન્મ લીધા પછી આસુરીને ઉપદેશ્યું હતું.[1]

૧. આવચૂ.૧. પૃ. ૨૨૯.

**આસુરુક્ક** (આસુરોક્ત) આ અને **ભીમાસુરુક્ક** એક છે.[1]

૧. વ્યવભા. ૩. પૃ. ૧૩૨, અનુ.૪૧, નન્દિ.૪૨.

**આહત્તહિઅ** (યાથાતથ્ય) **સૂયગડ**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું તેરમું અધ્યયન.[1]

૧. સમ. ૧૬, ૨૩.

**આહયધિય** (યાથાતથ્ય) આ અને **આહત્તહિઅ** એક છે.[1]

૧. સૂત્રચૂ. પૃ. ૨૭૧.

**આહાતહિઅ** (યાથાતથ્ય) આ અને **આહત્તહિઅ** એક છે.[1]

૧. સમ.૧૬.

**૧. આહાર** **વિયાહપણ્ણત્તિ**માં આ નામના ત્રણ ઉદ્દેશકો છે — (૧) છઠ્ઠા શતકનો બીજો ઉદ્દેશક[1] (૨) સાતમા શતકનો પહેલો ઉદ્દેશક[2] અને (૩) તેરમા શતકનો પાંચમો ઉદ્દેશક.[3]

૧. ભગ. ૨૨૯. ૨. એજન. ૨૬૦. ૩. એજન.૪૭૦.

**૨. આહાર** **પણ્ણવણા**નું અઠ્ઠાવીસમું પદ (પ્રકરણ).[1]

૧. ભગઅ. પૃ. ૧૦૯.

**આહારપરિણ્ણા** (આહારપરિજ્ઞા) **સૂયગડ**નું ઓગણીસમું અધ્યયન[1] અર્થાત્ બીજા શ્રુતસ્કન્ધનું ત્રીજું અધ્યયન.

૧. સમ. ૨૩.

**આહાસિય** (આભાસિક) જુઓ **આભાસિય**.[1]

૧. પ્રજ્ઞા. ૩૬.

**આહીર** (આભીર) જુઓ **આભીર**.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવનિ. ૮૪૭.

**આહુણિઅ** (આઘૂર્ણિક) અટ્ઠયાસી ગહમાંનો એક.[૧]

૧. જમ્બૂ.૧૭૦, સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪, ૫૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૯૬, સ્થાઅ. પૃ.૭૮-૭૯. (કેટલાક ગ્રન્થોમાં) લિપિદોષના કારણે આનું સંસ્કૃત રૂપ 'આધુનિક' મળે છે.

**આહુણિય** (આઘૂર્ણિક) આ અને **આહુણિઅ** એક છે.[૧]

૧. સ્થા. ૯૦.

## ઈ

**ઈંગાલ** (અઙ્ગાર) આ અને **ઈંગાલઅ** એક છે.[૧]

૧. ભગ. ૪૦૬.

**ઈંગાલઅ (અઙ્ગારક)** અટ્ઠયાસી ગહમાંનો એક.[૧] તે **સક્ક**(૩)ના **સોમ**(૧) નામના **લોગપાલ**ના કુટુંબનો સભ્ય છે.[૨] એ અને **અંગારગ** એક જ છે.[૩] તેને ચાર મુખ્ય પત્નીઓ છે[૪] – **અપરાઈયા**(૮), **વિજયા**(૧૩), **વેજયંતી**(૮) અને **જયંતી**(૫). બીજા ગહોને, **ણક્ખત્તો**(૧)ને અને **તારા**(૩)ઓને પણ આ જ નામો ધરાવતી ચાર ચાર મુખ્ય પત્નીઓ છે.[૫] **ઈંગાલવડિંસઅ** ઇંગાલઅનું મુખ્ય વાસસ્થાન છે.[૬]

૧. જમ્બૂ.૧૭૦, સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સૂર્યમ. પૃ. ૨૯૫-૯૬, સ્થાઅ. પૃ. ૭૮-૭૯.
૨. ભગ. ૧૬૫.
૩. સૂર્ય. ૧૦૭.
૪. ભગ. ૪૦૬.
૫. જમ્બૂ.૧૭૦, સ્થા. ૨૭૩.
૬. ભગ. ૪૦૬.

**ઈંગાલગ** (અઙ્ગારક) આ અને **ઈંગાલઅ** એક છે.[૧]

૧. સ્થા. ૯૦.

**ઈંગાલમદ્દગ** (અઙ્ગારમર્દક) મોક્ષ પામવા અસમર્થ ગુરુ.[૧]

૧. મનિ. પૃ. ૧૩૪, સ્થાઅ. પૃ. ૪૪.

**ઈંગાલવડિંસઅ** (અઙ્ગારાવતંસક) **ઈંગાલઅ**ની રાજધાની અથવા મુખ્ય વાસસ્થાન.[૧]

૧. ભગ. ૪૦૬.

**૧. ઈંદ** (ઇન્દ્ર) દેવોના અધિપતિ. તે **તિત્થંકરો**નાં જન્મ આદિ ઉજવે છે. દેવોના જુદા જુદા વર્ગોને જુદા જુદા ઇંદ હોય છે.[૧]

૧. જ્ઞાતા. ૬૯, આચાચૂ. પૃ.૧૧૬, સૂત્ર.૧.૬.૭. સ્થા.૧૧૯, ભગ.૧૬૯, જમ્બૂ. ૧૪૧, નિશીચૂ. ૨. પૃ. ૨૩૯, ૩.પૃ.૧૨૩, ૪.પૃ.૨૨૬, કલ્પલ.પૃ.૧૯-૨૦, આવચૂ.૧. પૃ.૧૪૫, કલ્પશા. પૃ. ૯૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨. ઈંદ આણયકપ્પ**માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં રહેતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણીસ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૧૯.

**૩. ઈંદ** ઓગણીસમા **તિત્થંકર મલ્લિ**(૧)નો પ્રથમ શિષ્ય.[1]

૧. સમ. ૧૫૭.

**૪. ઈંદ જેટ્ઠા** નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.[1]

૧. જમ્બૂ.૧૫૭, ૧૭૧, સ્થા. ૯૦.

**૫. ઈંદ** સામાન્ય જનતાનો પ્રિય દેવ અર્થાત્ લોકદેવ. આ દેવે ઉડંકની પત્ની ઉપર બળાત્કાર કર્યો હતો.[1] તેના માનમાં **ઈંદમહ**નો ઉત્સવ ઉજવવામાં આવતો હતો.[2]

૧. નિશીચ. ૩. પૃ. ૩૪૦. ૨. રાજ.૨૮૪, બૃક્ષે. ૧૩૭૧.

**ઈંદકંત** (ઇન્દ્રકાન્ત) **આણયકપ્પ**માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણીસ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ. ૧૯.

**ઈંદકુંભ** (ઇન્દ્રકુમ્ભ) **વીયસોગા**ની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન.[1]

૧. જ્ઞાતા.૬૪.

**ઈંદકેઉ** (ઇન્દ્રકેતુ) **ઈંદ**(૫)નો ઉત્સવ ઉજવવાના પ્રસંગે ધ્વજ સાથે રોપવામાં આવતો દંડ.[1]

૧. બૃભા. ૧૩, આવચૂ. ૧. પૃ. ૨૧૩, આવચૂ. ૨.૨૦૭.

**૧. ઈંદગ્ગિ** (ઇન્દ્રાગ્નિ) **વિસાહા**(૧) નક્ષત્રના અધિષ્ઠાતા દેવ.[1]

૧. જમ્બૂ. ૧૫૭, ૧૭૧, સ્થા.૯૦.

**૨. ઈંદગ્ગિ** અઠ્યાસી ગહમાંનો એક.[1]

૧. સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૫૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬, સ્થાઅ.૭૮-૭૯.

**ઈંદજસા** (ઇન્દ્રયશા) **બંભ**(૧)ની પત્ની.[1]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ. ૩૭૭-૩૭૮.

**ઈંદજ્ઝય** (ઇન્દ્રધ્વજ) આ અને **ઈંદકેઉ** એક છે.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૧૩.

**ઈંદણાગ** (ઇન્દ્રનાગ) **જિણ્ણપુર**નો રહેવાસી. બાલતપસ્વિન્ તરીકે તે પ્રસિદ્ધ હતો. **તિત્થયર મહાવીર**ના પ્રથમ ગણધર **ગોયમ**(૧) તેને મળ્યા હતા.[1] સંભવતઃ આ તે જ છે જેને મહાવીરના તીર્થમાં **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારવામાં આવ્યા હતા.[2]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવનિ.૮૪૭,આવચૂ.૧.પૃ. ૪૬૬, વિશેષા.૩૨૯૦,આચાચૂ.પૃ.૧૨,૧૩૪, ૧૩૯, આવહ.પૃ.૩૪૭, આચાશી. પૃ.૧૭૯.
૨. ઋષિ.૪૧, ઋષિ (સંગ્રહણી).

**૧. ઈંદદત્ત** (ઇન્દ્રદત્ત) ચોથા **તિત્થંકર અભિણંદણ**ને સૌપ્રથમ ભિક્ષા આપનાર **અઓજ્ઝા**(૨)નો રાજા.[1]

૧. આવનિ. ૩૨૭, સમ.૧૫૭, આવમ.પૃ.૨૨૭.

**૨. ઈંદદત્ત મણિપુર**ના **ણાગદત્ત**(૪) પાસેથી ભિક્ષા મેળવનાર સાધુ.[1]

૧. વિપા.૩૪.

**૩. ઈંદદત્ત ઈંદપુર**નો રાજા.[1] કદાચ આ અને **ઈંદદત્ત**(૯) એક જ છે.

૧. વિપા. ૩૨.

**૪. ઈંદદત્ત** બ્રાહ્મણ અધ્યાપક અને **કવિલ**(૪)ના પિતાનો મિત્ર.[1]

૧. ઉત્તરાચૂ. પૃ. ૧૬૯, ઉત્તરાશા. પૃ. ૨૮૭.

**૫. ઈંદદત્ત** બારમા **તિત્થંકર વાસુપુજ્જ**નો પૂર્વભવ.[1]

૧. સમ. ૧૫૭.

**૬. ઈંદદત્ત ગિરફુલ્લિગા** નગરીનો શેઠ.[1]

૧. નિશીભા. ૪૪૪૬-૪૪૫૨.

**૭. ઈંદદત્ત** રાજકુમારી સાથે લગ્ન કરનાર ધનિક વેપારીનો પુત્ર.[1]

૧. આચાચૂ.પૃ.૧૮૬, આચાશી. પૃ. ૨૧૯.

**૮. ઈંદદત્ત** જેનો પગ એક વેપારીએ કાપી નાખ્યો હતો તે **મહુરા**(૧)નો પુરોહિત.

૧. મર. ૫૦૧, ઉત્તરાચૂ. પૃ. ૮૨, ઉત્તરાશા. પૃ.૧૨૫-૧૨૬.

**૯. ઈંદદત્ત ઈંદપુર**નો રાજા. તેને પોતાની અનેક પત્નીઓ દ્વારા બાવીસ પુત્રો થયા હતા. તે પોતાના મંત્રીની દીકરીને પરણ્યો હતો જેનાથી તેને **સુરિંદદત્ત**(૨) નામનો પુત્ર થયો હતો. **મહુરા**(૧)ના રાજા **જિયસત્તુ**(૩૦)ની દીકરી **ણિવ્વુતિ** સાથે સુરિંદદત્તનું લગ્ન થયું હતું.[1] આ ઈંદદત્ત અને **ઈંદદત્ત**(૩) એક લાગે છે.

૧. આવચૂ.૧.પૃ.૪૪૮, આવનિ.૧૨૮૬, ઉત્તરાશા.પૃ.૧૪૮-૧૫૦, વ્યવભા. ૬.૨૧૩, આવહ.પૃ.૩૪૪, ૪૦૪, ૭૦૨.

**ઈંદદિણ્ણ** (ઇન્દ્રદત્ત) **સુટ્ઠિય-સુપ્પડિબુદ્ધ**ના પાંચ શિષ્યોમાંનો એક.[1]

૧. કલ્પ (થેરાવલિ) ૬-૭, કલ્પવિ. પૃ. ૨૫૪.

**ઈંદપદ** અથવા **ઈંદપય**(ઇન્દ્રપદ) ગયગ્ગપય અને આ એક જ પર્વત છે. તે તેની બધી બાજુઓ પર ગામોથી ભરપૂર છે.[1]

૧. નિશીભા. ૩૧૬૩, બૃભા.૪૮૪૧, નિશીચૂ.૩.પૃ.૧૩૩, બૃક્ષે.૧૨૯૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઈંદપુર** (ઇન્દ્રપુર) ભારહવાસનું નગર.[1] **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧) બ્રાહ્મણ **સિવદત્ત**ની દીકરીને આ નગરમાં પરણ્યો હતો.[2] રાજા **ઈંદદત્ત**(૯) અહીં રાજ કરતા હતા અને તેમનો પુત્ર **સુરિંદદત્ત**(૨) **મુહરા**(૧)ની રાજકુંવરી **ણિવ્વુઇ**ને પરણ્યો હતો.[3] **પિયસેણ**[4] અને ગણિકા **પુઢવીસિરી**[5] આ નગરનાં હતાં. બુલન્દશહર જિલ્લાના ઇન્દોર સાથે તેની એકતા સ્થાપવામાં આવી છે.[6]

૧. વિપા. ૧૪,૩૨.
૨. ઉત્તરાનિ. પૃ. ૩૭૯, ૩૮૧.
૩. આવનિ.૧૨૮૬-૮૭, આવચૂ.૧. પૃ.૪૫૦, ઉત્તરાશા.પૃ.૧૪૮, ઉત્તરાક. પૃ. ૯૮,વ્યવભા.૬.૨૧૩,વ્યવમ.૬. પૃ.૧૦૩,આવહ.પૃ.૩૪૪, ૪૦૪, ૭૦૨.
૪. વિપા. ૧૪.
૫. વિપા. ૩૨, સ્થાઅ. પૃ. ૫૦૮.
૬. લાઈ.પૃ.૨૮૯, જુઓ Select Inscriptions (No.27) by D. C. Sircar.

**ઈંદપુરગ** (ઇન્દ્રપુરક) **વેસવાડિયગણ**ના ચાર કુળોમાંનું એક.[1]

૧. કલ્પ. પૃ. ૨૬૦.

**ઈંદભૂઇ** અથવા **ઈંદભૂતિ** (ઇન્દ્રભૂતિ). **ગોબ્બરગામ**(૧)ના **વસુભૂઇ**(૧) અને **પુહવી**(૩)નો પુત્ર. **અગ્ગિભૂઇ**(૧) અને **વાઉભૂઇ** તેના ભાઈ હતા.[1] તે **ગોયમ**(૨) ગોત્રના હતા, તેથી તે **ગોયમ**(૧) તરીકે જાણીતા હતા.[2] તે મહાન પંડિત હતા.[3] તેમને **તિત્થયર મહાવીર**ના પ્રથમ ગણહર બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું.[4] એક વાર તે **મજ્ઝિમા પાવા**ના ઉદ્યાનમાં મહાવીરને મળ્યા. ત્યાં તેમણે મહાવીર સાથે આત્માના અસ્તિત્વ અંગેની સમસ્યા ઉપર ચર્ચા કરી અને મહાવીરે આત્માના અસ્તિત્વની તરફેણમાં જે દલીલો કરી તે બધી તેમના ગળે ઊતરી ગઈ, તેમને આત્માના અસ્તિત્વની દૃઢ પ્રતીતિ થઈ. તેથી તે તેમના પાંચ સો શિષ્યો સાથે સંસારનો ત્યાગ કરી મહાવીરના પ્રથમ શિષ્ય બની ગયા.[5] ઈંદભૂઇ અને મહાવીર વચ્ચે થયેલી આ ચર્ચાનો સાર નીચે પ્રમાણે છે[6]– આત્માનું અસ્તિત્વ શંકાસ્પદ છે કારણ કે જેમ ઘટનું ઇન્દ્રિયો દ્વારા પ્રત્યક્ષ થાય છે તેમ આત્માનું ઇન્દ્રિયો દ્વારા પ્રત્યક્ષ થતું નથી. જે ઇન્દ્રિયગ્રાહ્ય નથી થતું તે અસત્ હોય છે, જેમ કે આકાશકુસુમ. આત્માનું ગ્રહણ અનુમાનથી પણ થતું નથી. આત્મા અનુમાનનો વિષય બની શકતો નથી કેમ કે અનુમાન પ્રત્યક્ષપૂર્વક થાય છે. જ્યારે કોઈ વસ્તુના અવિનાભાવ સંબંધનું ક્યાંક પ્રત્યક્ષ થાય અને તે સંબંધની પછી સ્મૃતિ થાય ત્યારે જ અનુમાનજન્ય જ્ઞાન થાય. પરંતુ આત્મા અને એના અવિનાભાવી લિંગનું કદી પ્રત્યક્ષ જ થતું નથી, તો પછી આવી પરિસ્થિતિમાં આત્મા અનુમાનનો વિષય કેવી રીતે બની શકે ? આપણને આત્માના કોઈપણ એવા લિંગનું કદી પ્રત્યક્ષ થયું નથી કે જેને દેખીને આપણે આત્માનું અનુમાન કરી શકીએ. આગમપ્રમાણથી પણ આત્માનું અસ્તિત્વ સિદ્ધ થઈ શકતું નથી, કારણ કે જેનું પ્રત્યક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ નથી તે આગમનો વિષય કેવી રીતે બની શકે ? આગમપ્રમાણનો આધાર તો પ્રત્યક્ષ છે. કોઈ એવી વ્યક્તિ નથી જેને આત્માનું પ્રત્યક્ષ થયું હોય અને જેનાં વચનોને પ્રમાણ માનીને આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરી શકાય. થોડા વખત માટે આગમપ્રમાણને માની પણ લઈએ તેમ છતાં પણ આગમથી આત્માની સિદ્ધિ થઈ શકતી નથી કેમ કે આગમ પરસ્પર વિરોધી વાતો કહે છે. આમ કોઈપણ પ્રમાણથી આત્માના અસ્તિત્વની સિદ્ધિ થતી નથી. આ વિરોધીનો મત છે. તેનું ખંડન કરી નીચે મુજબ આત્માના અસ્તિત્વની સિદ્ધિ કરવામાં આવી છે — અહંપ્રત્યયના રૂપમાં આત્માનું પ્રત્યક્ષ બધાંને થાય છે. આત્મા ન હોય તો અહંપ્રત્યય થાય જ નહિ. જે બધા સંશયોથી પર છે એવો સંશય કરનારો (આત્મા) જ ન હોય તો સંશય સ્વયં અશક્ય બની જાય. સુખ-દુઃખ, જ્ઞાન વગેરે ગુણો જેમનો સૌને સાક્ષાત્ અનુભવ છે તેમના આધારરૂપ દ્રવ્ય તરીકે આત્માનું અસ્તિત્વ સ્વયંસિદ્ધ છે. વળી, સ્મૃતિ, પ્રત્યભિજ્ઞા, સંશય, નિર્ણય આદિ જેટલી પણ મનોવૈજ્ઞાનિક ક્રિયાઓ છે તે કોઈ એક સ્થાયી ચેતન તત્ત્વના (આત્માના) અભાવમાં થઈ શકે નહિ. તે બધી ક્રિયાઓ કોઈ એક ચેતન તત્ત્વને આધાર બનાવીને જ ઘટાવી શકાય. જ્ઞાન, સંવેદના, ઈચ્છા કોઈ એક આત્મતત્ત્વ વિના સંભવતાં નથી. તે ત્રણે વીખરાયેલાં ઉપલબ્ધ થતાં નથી. પરંતુ વ્યવસ્થિત એકબીજા સાથે સમ્બદ્ધ ઉપલબ્ધ થાય છે. કોઈ એક અનુસ્યૂત સામાન્ય તત્ત્વના અભાવમાં તેમનો પારસ્પરિક સંબંધ બની શકતો નથી અને તે તત્ત્વ જ આત્મા છે.

ઉત્તરજ્ઝયણમાં ગોયમ અર્થાત્ ઇંદભૂઇ અને તિત્થયર પાસ(૧)ની પરંપરાના શ્રમણ કેસિ(૧) વચ્ચે થયેલો રસપ્રદ સંવાદ વર્ણવાયો છે.[૭] પાસના જૂના સંઘ અને મહાવીરના નવા સંઘ વચ્ચે મેળ અને એકતા કેવી રીતે કરવામાં આવ્યાં તેનો તે સંવાદ નિર્દેશ કરે છે. કેસિએ ગોયમને કહ્યું 'હે પુણ્યપુરુષ ! હું આપને કંઈક પૂછવા માગું છું.' ગોયમે કહ્યું, 'આપને જે પૂછવું હોય તે પૂછો.' કેસિએ પૂછ્યું, 'પાસે ઉપદેશેલાં ચાર વ્રતો છે અને મહાવીરે પાંચ વ્રતોનો ઉપદેશ દીધો છે. આ બન્ને પ્રકારના નિયમ એક જ ઉદ્દેશ્યની પૂર્તિ કરે છે. તો પછી બન્નેની વચ્ચે અંતર હોવાનું કારણ શું ?' ગોયમે ઉત્તર આપ્યો, 'પ્રથમ તિત્થયરના સમયના સાધુઓ સરળ હતા પરંતુ મન્દબુદ્ધિ હતા, અંતિમ તિત્થયરના સમયના સાધુઓ મન્દબુદ્ધિ હોવા સાથે વક્ર પણ હતા તથા બન્નેની વચ્ચે થયેલા સાધુ સરળ અને સમજદાર હતા. તેથી ધર્મનું બે રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને ધર્મનાં બે રૂપો અસ્તિત્વમાં આવ્યાં છે.' કેસિએ બીજો પ્રશ્ન પૂછ્યો, 'મહાવીરે વસ્ત્રને ધારણ કરવાનો નિષેધ કર્યો છે પરંતુ પાસે એક અધોવસ્ત્ર અને ઉપરિવસ્ત્ર ધારણ કરવાની અનુમતિ આપી છે. આ બન્ને નિયમ એક જ ઉદ્દેશ્યની પૂર્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે બનાવ્યા છે, તો પછી બેમાં અંતર કેમ છે?' ગોયમે ઉત્તર આપ્યો, 'વિભિન્ન બાહ્ય ચિહ્નોનો ઉપયોગ એ છે કે લોકો તેમને જોઈ ભેદ કરી શકે, ઓળખી શકે. જુદાં જુદાં બાહ્ય ચિહ્નો(લિંગો)નો પ્રયોગ સંયમવિષયક ઉપયોગિતા તથા વિશિષ્ટતાની દૃષ્ટિએ થાય છે. પરંતુ હકીકતમાં મોક્ષનાં સાધનો તો ત્રણ જ છે – સમ્યક્જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર. બાહ્ય ચિહ્નો મોક્ષનાં સાધનો નથી.'[૮] એકવાર મહાવીરે ગોયમને ઉપાસક **આણંદ**(૧૧)ની આગળ પોતાનો દોષ કબૂલવા અને આણંદને ખોટું જણાવવા માટે તેની માફી માગવા સલાહ આપી હતી. વધારામાં, મહાવીરે ગોયમને તે માટે પ્રાયશ્ચિત્ત કરવા પણ જણાવ્યું. એક વાર મહાવીરે ઇંદભૂઇને સાંત્વન આપતાં ભાખ્યું, 'હે! ગોયમ, તું પણ મારી જેમ કેવલજ્ઞાનને પામીશ.'[૯] આગમ સાહિત્યમાં ઇંદભૂઇનું નામ વારંવાર ઉલ્લિખિત છે. ત્યાં તે મહાવીરને પ્રશ્નો પૂછે છે અને મહાવીર ઉત્તરો આપે છે.[૧૦] ગોયમને મહાવીર પ્રત્યે રાગ હતો, મહાવીર મોક્ષે ગયા પછી તરત જ ગોયમને કેવલજ્ઞાન થયું.[૧૧] કુલ બાણુ વર્ષનું આયુષ્ય ભોગવી તે **રાયગિહ**માં મોક્ષ પામ્યા.[૧૨] તાપસ **કોડિણ્ણ**(૫) પોતાના પાંચ સો શિષ્યો સાથે ઇંદભૂઇનો શિષ્ય થયો હતો.[૧૩]

૧. આવનિ. ૬૪૪થી આગળ, વિશેષા. ૨૫૦૪.
૨. એજન.
૩. આવચૂ.૧.પૃ.૩૩૫.
૪. આવનિ.૫૯૪, વિશેષા.૨૦૧૨, સમ. ૧૫૭.
૫. વિશેષા. ૨૦૨૮-૨૦૮૩.
૬. એજન.
૭. ઉત્તરા. અધ્યયન. ૨૩.
૮. ઉપા. ૧૬.
૯. આવચૂ. ૧. પૃ. ૩૯૦.
૧૦. ભગ.૭, વિપા.૪, જમ્બૂ.૨, સૂર્ય.૨.
૧૧. કલ્પ.૧૨૭, કલ્પવિ.પૃ.૧૯૧.
૧૨. સમ.૯૨, આવનિ.૬૫૯.
૧૩. આવચૂ. ૧. પૃ.૩૮૩.

**ઇંદમહ** (ઇન્દ્રમહ) લોકોના પ્રિયદેવ અર્થાત્ લોકદેવ **ઇંદ**(૫)ના માનમાં ઉજવાતો ઉત્સવ.[૧]

૧. રાજ.૨૮૪, જ્ઞાતા.૨૧, ઉત્તરાનિ.પૃ.૩૪૩, નિશીચૂ.૨.પૃ.૨૩૯, ૪૪૩,૩.પૃ.૧૨૩, ૨૪૩, ૪.પૃ.૨૨૬, બૃક્ષે.૧૩૭૧, આવનિ.૧૩૩૨, ઉત્તરાચૂ. પૃ.૧૧૪, નિશીભા. ૬૦૬૫.

**ઇંદમુદ્ધાભિસિત્ત** (ઇન્દ્રમૂર્ધાભિષિક્ત) પખવાડિયાનો સાતમો દિવસ(સાતમ).[૧]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૮.

**ઇંદવાગરણ** (ઇન્દ્રવ્યાકરણ) પોતાની શાળાના શિક્ષકને **સક્ક**(૩) પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપતી વખતે **મહાવીરે** અનુસરેલી વ્યાકરણની શાખા.[૧]

૧. આવભા.૭૭, આવચૂ.૧.પૃ.૨૪૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧. ઈંદસમ્મ** (ઇન્દ્રશર્મન્) **અટ્ઠિયગામ**નો બ્રાહ્મણ. તે જ ગામના યક્ષ **સૂલપાણિ**(૨)નો તે ઉપાસક અને ભક્ત હતો.[1]

૧. આવનિ.૨૬૪, આવચૂ.૧.પૃ.૨૭૨, વિશેષા.૧૯૧૪.

**૨. ઈંદસમ્મ મોરાગ** સન્નિવેશનો ગૃહસ્થ.[1]

૧. આવનિ.૪૬૬. વિશેષા. ૧૯૨૦.

**ઈંદસિરી** (ઇન્દ્રશ્રી) **બંભ**(૧)ની પત્ની.[1]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ. ૩૭૭-૩૭૮.

**ઈંદસેણા** (ઇન્દ્રસેના) **એરવય**(૧) ક્ષેત્રમાં વહેતી **રત્તવતી**(૧) નદીને મળતી પાંચ નદીઓમાંની એક.[1]

૧. સ્થા. ૪૭૦.

**૧. ઈંદા** (ઇન્દ્રા) **ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના ત્રીજા વર્ગનું ચોથું અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૧૫૧.

**૨. ઈંદા ધરણિંદ**ની છ મુખ્ય પત્નીઓમાંની એક.[1] તેના પૂર્વભવમાં તે **વાણારસી**ના વેપારીની પુત્રી હતી.[2]

૧. ભગ. ૪૦૬, સ્થા.૫૦૮. ૨. જ્ઞાતા.૧૫૧.

**૩. ઈંદા જંબુદ્દીવ**માં વહેતી **રત્તવઈ**(૧)નદીને મળતી પાંચ નદીઓમાંની એક.[1]

૧. સ્થા. ૪૭૦.

**૪. ઈંદા વિજ્જુકુમારિમહત્તરિયા** દેવી.[1]

૧. સ્થા. ૫૦૭.

**૧. ઈંદિય** (ઇન્દ્રિય) **વિયાહપણ્ણત્તિ**માં આ જ નામના બે ઉદ્દેશકો છે– (૧) ત્રીજા શતકનો નવમો ઉદ્દેશક[1] અને(૨) બીજા શતકનો ચોથો ઉદ્દેશક.[2]

૧. ભગ. ૧૨૬. ૨. ભગ.૮૪.

**૨. ઈંદિય પણ્ણવણા**નું પંદરમું પદ (પ્રકરણ).[1]

૧. ભગઅ. પૃ.૧૩૧.

**ઈંદુત્તરવડિંસગ** (ઇન્દ્રોત્તરાવતંસક) **આણયકપ્પ**માં આવેલું દેવોનું વાસસ્થાન જ્યાં વસતા દેવો ઓગણીસ પખવાડિયાંમાં એક જ વાર શ્વાસ લે છે, ઓગણીસ હજાર વર્ષોમાં એક જ વાર તેમને ભૂખ લાગે છે અને તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણીસ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૧૯.

**ઈંદુવસુ** (ઇન્દુવસુ) **બંભ**(૧)ની પત્ની.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ. ૩૭૭-૩૭૮.

**ઈંદુકંત** (ઇન્દ્રકાન્ત) આ અને **ઈંદકંત** એક જ છે.[૧]

૧. સમ. ૧૯.

**ઇક્કાઇ** (એકાદિ) **મિયાપુત્ત**(૨)નો પૂર્વભવ. તે **સયદુવાર** નગર પાસે આવેલા સ્થાન **વિજયવદ્ધમાણ**નો વહીવટદાર હતો. તે બહુ ક્રૂર હતો. મૃત્યુ પછી તેને નરકમાં જન્મ લેવો પડ્યો અને ત્યાર પછી તે કંગાળ મિયાપુત્ત તરીકે જન્મ્યો.[૧]

૧. વિપા. ૨-૭.

**ઇક્કાઇરટ્ઠકૂડ** (એકાદિરાષ્ટ્રકૂટ) આ અને વહીવટદાર **ઇક્કાઇ** એક છે.[૧]

૧. વિપા. ૨-૭.

**૧. ઇક્ખાગ** (ઇક્ષ્વાકુ) એક જનપદ જે **કોસલ**(૧)થી ભિન્ન નથી. ત્યાં રાજા **પડિબુદ્ધિ** રાજ કરતો હતો.[૧] **તિત્થયર ઉસહ**(૧) **ઇક્ખાગભૂમિ**માં[૨] અર્થાત્ **કોસલા** અથવા **અઓજ્ઝા**(૨)માં જન્મ્યા હતા.

૧. જ્ઞાતા.૬૫, સ્થા.૫૬૪, જ્ઞાતાઅ.પૃ.૧૨૫. ૨. કલ્પ.૨૦૬, આવનિ.૩૮૨.

**૨. ઇક્ખાગ** એક આર્યન્ વંશ.[૧] **તિત્થયર ઉસભ**(૧)ના વંશજો આ વંશના હતા.[૨] ઉસભના પ્રથમ પારણા વખતે **સક્ક**(૩) ઇક્ષુ સાથે ઉપસ્થિત થયા અને ઉસભે ઇક્ષુ સ્વીકારી એટલે ઉસભનો વંશ **ઇક્ખાગુવંસ** તરીકે ઓળખાયો.[૩]

૧. પ્રજ્ઞા.૩૭.
૨. બૃભા.૩૨૬૫, ૫૨૫૭, સ્થા.૫૬૪ કલ્પ.૨,૧૮,ઉત્તરા.૧૮.૩૯, વિશેષા.૧૫૬૧,૧૫૬૨,૧૬૦૭, ૧૬૨૫, ૧૮૦૦, ૧૮૦૭, ૧૮૪૭, આવનિ.૧૪૮-૪૯, આવચૂ.૧.પૃ.૧૫૨, ૨૩૬, જીતભા.૧૪૦૯, કલ્પધ.પૃ.૧૪૮, કલ્પવિ.પૃ.૨૩૧-૩૨, જ્ઞાતાઅ.પૃ.૧૨૫.
૩. આવચૂ.૧.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૧, તીર્થો.૨૭૮, આવહ.પૃ.૧૨૫.

**ઇક્ખાગકુલ** (ઇક્ષ્વાકુકુલ) જુઓ **ઇક્ખાગ**(૨).[૧]

૧. આચા.૨.૧૧, આવનિ.૧૪૮, આવચૂ.૧.પૃ.૨૩૬.

**ઇક્ખાગભૂમિ** (ઇક્ષ્વાકુભૂમિ) આ અને **અઓજ્ઝા**(૨) એક છે.[૧]

૧. આવનિ.૩૮૨, કલ્પ.૨૦૬.

**ઇક્ખાગવંસ** (ઇક્ષ્વાકુવંશ) જુઓ **ઇક્ખાગ**(૨).[૧]

૧. આવહ.પૃ.૧૨૫.

**ઇક્ખાગુવંસ** (ઇક્ષ્વાકુવંશ) જુઓ **ઇક્ખાગવંસ.**[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૫૨.

**ઇક્ખુ**(ઇક્ષુ) **વિયાહપણ્ણત્તિ**ના એકવીસમા શતકનો પાંચમો ઉદ્દેશક.[૧]

૧. ભગ. ૬૮૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઇક્ખુવરદીવ** (ઇક્ષુવરદ્વીપ) **ઇક્ખુવરસમુદ્દ**થી બધી બાજુએથી ઘેરાયેલો વલયાકાર દ્વીપ જે ખુદ **ઘયોદસમુદ**ને બધી બાજુથી ઘેરી વળ્યો છે.[1] આ અને **ખોદવર** દ્વીપ એક જ છે.[2]

૧. જીવા. ૧૬૬. ૨. સૂર્ય.૧૦૧.

**ઇક્ખુવરસમુદ્દ** (ઇક્ષુવરસમુદ્ર) **નંદિસ્સર** દ્વીપથી ઘેરાયેલો સમુદ્ર જે ખુદ **ઇક્ખુવરદીવ**ને ચારે બાજુથી ઘેરે છે.[1] આ અને **ખોયોદ** સમુદ્ર એક છે.[2]

૧. જીવા. ૧૬૬. ૨. સૂર્ય. ૧૦૧.

**ઇચ્છા** પખવાડિયાની અગિયારમી રાત અર્થાત્ અગિયારસની રાત.[1]

૧. જમ્બૂ. ૧૫૨, સૂર્ય.૪૮.

**ઇત્થી** (સ્ત્રી) **વિયાહપણ્ણત્તિ**ના ત્રીજા શતકનો પાંચમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૧૨૬.

**ઇત્થીપરિણ્ણા** (સ્ત્રીપરિજ્ઞા) **સૂયગડ**ના (પ્રથમ શ્રુતસ્કન્ધના) સોળ અધ્યયનોમાંનું એક.[1] આ અને **થીપરિણ્ણા** એક છે.[2]

૧. સમ.૧૬, સૂત્રચૂ.પૃ.૧૨૬ ૨. સમ.૨૩.

**ઇલ** **વાણારસી**નો ગૃહસ્થ. **ઇલસિરી** તેની પત્ની હતી અને **ઇલા**(૧) તેની દીકરી.[1]

૧. જ્ઞાતા. ૧૫૧.

**ઇલસિરી** (ઇલશ્રી) **વાણારસી**ના ગૃહસ્થ **ઇલ**ની પત્ની.[1]

૧. જ્ઞાતા. ૧૫૧.

**૧. ઇલા** **વાણારસી**ના **ઇલ** પિતા અને **ઇલસિરી** માતાની દીકરી. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર પાસ**(૧)ની શિષ્યા બની ગઈ હતી. મૃત્યુ પછીના ભવમાં તે **ધરણિંદ**ની મુખ્ય પત્ની બની. એક વાર તે પોતાના **ઇલાવડંસગ** ભવનમાંથી નીચે ઊતરી આવી અને તેણે તિત્થયર **મહાવીર** આગળ નાટક ભજવ્યું. તે **ઇલાદેવી**(૨) તરીકે પણ પ્રસિદ્ધ હતી.[1] જુઓ **આલા**(૧).

૧. જ્ઞાતા.૧૫૧, ભગ.૪૦૬, નિર.૪.૭, આવચૂ.૧.પૃ.૪૮૪.

**૨. ઇલા** **ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના ત્રીજા વર્ગનું પહેલું અધ્યયન.[1]

૧. જ્ઞાતા. ૧૫૧.

**ઇલાઇપુત્ત** (ઇલાચિપુત્ર) આ અને **ઇલાપુત્ત** એક છે.[1]

૧. સૂત્રચૂ.પૃ.૨૧૧, આવ.પૃ.૨૭, આવનિ.૮૪૭.

**૧. ઇલાદેવી** **રુયગ**(૧) પર્વતના પશ્ચિમ ભાગના શિખર **સોત્થિય** ઉપર વસતી મુખ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દિસાકુમારી.**[1]

૧. સ્થા. ૬૪૩, જમ્બૂ.૧૧૪, આવચૂ.૧.પૃ.૧૩૮, તીર્થો.૧૫૭.

૨. **ઈલાદેવી** આ અને **ઈલા**(૧) એક છે.[1]

૧. જ્ઞાતા.૧૫૧, નિર.૪.૭.

૩. **ઈલાદેવી પુપ્ફચૂલા**નું સાતમું અધ્યયન.[1]

૧. નિર.૪.૧.

૪. **ઈલાદેવી સિહરિ** પર્વતનું શિખર.[1]

૧. જમ્બૂ.૧૧૧.

૫. **ઈલાદેવી ચુલ્લ-હિમવંત** પર્વતનું શિખર. તે જ નામની ત્યાં વસતી દેવીના નામ ઉપરથી તેનું નામ પાડવામાં આવ્યું છે.[1]

૧. જમ્બૂ. ૭૫.

**ઈલાપુત્ત** (ઈલાપુત્ર) **ઈલાવદ્ધણગર**ના વેપારીનો પુત્ર. તે એક નટીના પ્રેમમાં પડ્યો અને લાંબા સમય સુધી તેની સાથે રહ્યો. ત્યારબાદ તે **બેણ્ણાતડ** નગરમાં એક મુનિથી બહુ પ્રભાવિત થયો. તેને વાંસ ઉપર નાચતાં નાચતાં કેવળજ્ઞાન થયું અને છેવટે તે મોક્ષ પામ્યો.[1] તે **ઈલાઈપુત્ત** તરીકે પણ પ્રસિદ્ધ છે.[2]

૧. આવનિ.૮૪૭,૮૬૬,૮૭૯,આવચૂ.૧.પૃ.૪૮૪,૪૯૮, વિશેષા.૩૨૯૦, ૩૩૩૨, ૩૩૪૮, મર. ૪૮૩, આવ.પૃ.૨૭, સૂત્રશી. પૃ.૧૭૨. સૂત્રચૂ.પૃ.૨૧૧, આવહ. પૃ. ૩૫૯.

૨. સૂત્રચૂ.પૃ.૨૧૧.

**ઈલાવડંસગ** (ઇલાવતંસક) જ્યાં **ઈલાદેવી**(૨)નો વાસ છે તે સ્વર્ગીય સ્થાન.[1]

૧. જ્ઞાતા.૧૫૧.

**ઈલાવદ્ધણગર** (ઇલાવર્ધનગર) જ્યાં **ઈલાપુત્ત** જન્મ્યો હતો તે નગર. તે **બેણ્ણા**(૧)ના તટ ઉપર આવેલું હતું.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૮૪.

**ઈલ્લા તિત્થયર ઉસભ**(૧) જે દેશ ગયા હતા તે દેશ. તેનો ઉલ્લેખ **બહલી, અડંબ** અને **જોણગ** સાથે થયો છે.[1] આ ઈલ્લા કદાચ **પામિર**ની ઉત્તરપશ્ચિમે આવેલા અલઈ પર્વતોનો પ્રદેશ હોય.[2]

૧. આવનિ.૩૩૬, વિશેષા.૧૭૧૬, આવમ.પૃ.૨૨૮, આવહ.પૃ.૧૪૭.

૨. જિઓમ. પૃ.૮૦.

**ઈસિ** (ઋષિ) દક્ષિણના **ઈસિવાઈય વાણમંતર** દેવોનો ઈન્દ્ર.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. પ્રજ્ઞા. ૪૯, સ્થા.૯૪.

**ઈસિગિણ** (ઇસિકિણ) આ અને **ઈસિણ** એક છે.[1]

૧. ઔપ. ૩૩.

**ઈસિગિરિ** (ઋષિગિરિ) **તિત્થયર પાસ**(૧)ના તીર્થમાં થયેલો બ્રાહ્મણ પરિવ્રાજક જેને **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારવામાં આવેલ છે.[1]

૧. ઋષિ.૩૪, ઋષિ(સંગ્રહણી).

**ઈસિગુત્ત** (ઋષિગુપ્ત) **વાસિટ્ઠ** ગોત્રના **સુહત્થિ**(૧)ના શિષ્ય. **માણવગણ**(૨) તેમનાથી શરૂ થયો. તે પોતે પણ વાસિટ્ઠ ગોત્રના હતા.[1]

૧. કલ્પ(થેરાવલી).૭, કલ્પવિ. પૃ. ૨૬૦.

**ઈસિગુત્તિઅ** (ઋષિગુપ્તીય) **માણવગણ**(૨)ની શાખા.[1]

૧. કલ્પ. પૃ. ૨૬૦.

**ઈસિણ** એક **અણારિય** (અનાર્ય)દેશ જયાંની કન્યાઓને રાજાના અન્તઃપુરોમાં લાવવામાં આવતી અને દાસીઓ તરીકે રાખવામાં આવતી. **ઈસિણ, ઈસિગણ** અને **ઈસિગિણ** નામોથી પણ તેનો ઉલ્લેખ થયો છે.[1]

૧. જ્ઞાતા.૧૮,૪૩, ભગ. ૩૮૦, ઔપ.૩૩.

**ઈસિતલાગ** (ઋષિતડાગ) **તોસલિ**(૧)માં **ઈસિવાલ**(૧) દ્વારા નિર્માણ કરાયેલું તળાવ.[1] લોકો અહીં દર વર્ષે અટ્ઠાહિયામહિમા (આઠ દિવસનો ધાર્મિક વિધિ) કરતા.[2] તે સંભવતઃ કિત્તોએ વડે ઉલ્લેખ પામેલું ધૌલિ ડુંગર નજીક આવેલું કોન્સલગાંગ અથવા કોસલગંગા તળાવ છે.[3]

૧. બૃભા. ૪૨૨૩. ૨. બૃભા. ૩૧૪૯-૫૦. ૩. જુઓ જિઓડિ. પૃ.૨૦૫.

**ઈસિદત્ત** (ઋષિદત્ત) **સુટ્ઠિયસુપ્પડિબુદ્ધ** ગુરુના પાંચ શિષ્યોમાંનો એક.[1]

૧. કલ્પ (થેરાવલી). ૭, કલ્પવિ. પૃ. ૨૬૧-૨૬૨.

**ઈસિદત્તિઅ** (ઋષિદત્તીય) **માણવગણ**(૨)ની એક શાખા.[1]

૧. કલ્પ. પૃ. ૨૬૦.

**૧. ઈસિદાસ** (ઋષિદાસ) **અણુત્તરોવવાઇયદસા**નું પહેલું અધ્યયન.[1] વર્તમાનમાં તો તે તેના ત્રીજા વર્ગનું ત્રીજું અધ્યયન છે.[2]

૧. સ્થા. ૭૫૫. ૨. અનુત્ત.૩.

**૨. ઈસિદાસ રાયગિહ**ની સન્નારી **ભદ્દા**(૭)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરીને **મહાવીર**નો શિષ્ય બન્યો હતો.[1]

૧. અનુત્ત.૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઇસિદિણ્ણ** (ઋષિદત્ત) **જંબૂદીવ**ના **એરવય**(૧) ક્ષેત્રમાં વર્તમાન **ઓસપ્પિણી**માં થયેલા પાંચમા **તિત્થંકર**.[1]

૧. સમ.૧૫૯, તીર્થો.૩૧૮.

**ઇસિપાલ** (ઋષિપાલ) જુઓ **ઇસિપાલિઅ**.[1]

૧. કલ્પવિ. પૃ. ૨૬૧-૨૬૨.

**ઇસિપાલિઅ** (ઋષિપાલિત) આ અને **ઇસિવાલિઅ** એક છે.[1]

૧. કલ્પવિ.પૃ.૨૬૧-૨૬૨.

**ઇસિભદ્દપુત્ત** (ઋષિભદ્રપુત્ર) **આલભિયા** નગરનો મહાવીરનો ઉપાસક. મૃત્યુ પછી તે **સોહમ્મકપ્પ**ના **અરુણાભ**(૨) નામના સ્વર્ગીય વાસસ્થાનમાં દેવ તરીકે જન્મ્યા. દેવાયુષ્ય પૂર્ણ થતાં તે **મહાવિદેહ**માં જન્મ લેશે અને ત્યાં જ મોક્ષ પામશે.[1]

૧. ભગ. ૪૩૩-૪૩૫.

**૧. ઇસિભાસિય** (ઋષિભાષિત) **અંગબાહિર કાલિય** ગ્રન્થ.[1] દેવ તરીકેનું પોતાનું આયુષ્ય પૂર્ણ કરી અહીં જન્મેલા ચુંમાળીસ ઋષિઓ વડે[2] કે વિશે[3] લખાયેલાં ચુંવાળીસ અધ્યયનો આ ગ્રંથમાં છે. તેના ઉપર **ભદ્દબાહુ**(૨)એ નિર્યુક્તિ લખી હતી એમ કહેવાય છે.[4] વર્તમાનમાં **ઇસિભાસિય**માં[5] પિસ્તાળીસ અધ્યયનો છે. જે ઋષિઓએ આ અધ્યયનો લખ્યાં છે તે અજૈન પંથોના હતા છતાં તેઓ **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારાયા હતા. આ અધ્યયનોમાં જે ઉપદેશ સંગૃહીત છે તે સર્વસામાન્ય આધ્યાત્મિકતા ઉપર છે.

૧. પાક્ષિ.પૃ.૪૪, નિશીચૂ.૪.પૃ.૨૫૩, સૂત્રચૂ.પૃ.૫,૭, નન્દિ.૪૪, વિશેષા. ૨૭૯૪, આવચૂ.૧.પૃ.૪૧૧, ઉત્તરાચૂ. પૃ.૧.

૨. સમ. ૪૪.

૩. સમઅ. પૃ. ૬૮.

૪. આવનિ. ૭૫, વિશેષા.૧૦૮૦.

૫. ઇસિભાસિયાઇં સુત્તાઇં, સુધર્મ જ્ઞાનમંદિર, મુંબઈ, ૧૯૬૩.

**૨. ઇસિભાસિય પણ્હાવાગરણ**નું ત્રીજું અધ્યયન[1] પરંતુ વર્તમાનમાં અસ્તિત્વ ધરાવતા આ ગ્રન્થમાં આ અધ્યયન ઉપલબ્ધ નથી.

૧. સ્થા. ૭૫૫.

**ઇસિમંડલત્થઉ** (ઋષિમણ્ડલસ્તવ) ઋષિઓની સ્તુતિ કરતો ગ્રન્થ.[1]

૧. આવચૂ. પૃ. ૩૭૪.

**ઇસિવાઅ** (ઋષિવાદ) આ અને **ઇસિવાઇય** એક છે.[1]

૧. સ્થા. ૯૪.

**ઇસિવાઇય** (ઋષિવાદિક) **વાણમંતર** દેવોનો પેટાભેદ. **ઇસિ** અને **ઇસિવાલ**(૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમના બે ઇન્દ્રો છે.[1]

૧. પ્રજ્ઞા.૪૭, ૪૯, દેવે.૩૦૫, પ્રશ્ન. ૧૫.

**ઇસિવાદિય** (ઋષિવાદિક) આ અને **ઇસિવાઇય** એક છે.[1]

૧. પ્રશ્ન.૧૫.

**૧. ઇસિવાલ** (ઋષિપાલ) ઉત્તરના **ઇસિવાઇય વાણમંતર** દેવોનો ઇન્દ્ર.[1]

૧. પ્રજ્ઞા.૪૭, દેવે.૩૦૫, બૃભા.૪૨૧૯, ૪૨૨૩, સ્થા. ૯૪.

**૨. ઇસિવાલ** પાંચમા **વાસુદેવ**(૧) **પુરિસસીહ**(૧)નો પૂર્વભવ. **કણ્હ**(૪) તેમના ગુરુ હતા. તેમણે **રાયગિહ**માં નિદાન (સંકલ્પ, દૃઢ ઇચ્છા) કર્યું અને તેનું કારણ તેમનો પરાજય હતો.[1]

૧. સમ.૧૫૮, તીર્થો. ૬૦૭, ૬૦૯.

**૩. ઇસિવાલ** આ અને **ઇસિવાલિય**(૧) એક છે.[1]

૧. કલ્પવિ. પૃ. ૨૬૧-૨૬૨.

**૧. ઇસિવાલિય** (ઋષિપાલિત) **સંતિસેણિય**નો શિષ્ય. તેમનાથી શરૂ થયેલી શ્રમણશાખા **ઇસિવાલિયા** તરીકે જાણીતી છે.[1]

૧. કલ્પ (થેરાવલી). ૭, કલ્પવિ. પૃ. ૨૬૧-૨૬૨.

**૨. ઇસિવાલિય** આ અને **ઇસિવાઇય** એક છે.[1]

૧. દેવે.૩૦૫.

**ઇસિવાલિયા** (ઋષિપાલિતા) **ઇસિવાલિય**(૧)થી શરૂ થયેલી શ્રમણશાખા.[1] આ અને **અજ્જઇસિવાલિયા** એક જ છે.[2]

૧. કલ્પ (થેરાવલી). ૭. ૨. કલ્પ.પૃ.૨૬૧.

**ઇસિવુડ્ઢિ** (ઋષિવૃદ્ધિ) **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧)ની આઠ મુખ્ય પત્નીઓમાંની એક.[1]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ. ૩૭૯.

**ઇસુયાર** (ઇષુકાર) જુઓ **ઉસુયાર**(૩).[1]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ. ૩૯૬.

## ઈ

**૧. ઈસર** (ઈશ્વર) ઉત્તર દિશામાં **લવણ** સમુદ્રના કેન્દ્રમાં આવેલ **મહાપાયાલકલસ** (ભૂમિતળની નીચે ખૂબ ઊંડે આવેલી કલશના આકારની રચના).[1]

૧. સ્થા. ૩૦૫, સમ.૫૨, ૯૫, જીવા. ૧૫૬.

**૨. ઈસર ભૂયવાઇય વાણમંતર** દેવોનો ઇન્દ્ર.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. સ્થા. ૯૪, પ્રજ્ઞા. ૪૯.

**ઈસરમત** (ઈશ્વરમત) ઈશ્વરને સૃષ્ટિકર્તા માનતો પાખંડી મત.[1]

૧. નિશીચૂ. ૩. પૃ. ૧૯૫.

**ઈસા** (ઈશા) કેટલાક ઇન્દ્રો, તેમના **લોગપાલો** અને પત્નીઓ વગેરેની અભ્યન્તર સભા (અભ્યન્તર, મધ્યમ અને બાહ્ય ત્રણ સભાઓમાંની એક.)[1]

૧. સ્થા.૧૫૪, સ્થાઅ.પૃ.૧૨૮.

**૧. ઈસાણ** (ઈશાન) **મંદર(૩)** પર્વતની ઉત્તરે આવેલું બીજું સ્વર્ગ(કલ્પ). તેમાં અઠ્યાવીસ લાખ સ્વર્ગીય વાસસ્થાનો છે.[1] દરેક વાસસ્થાન પાંચ સો યોજન ઊંચું[2] અને બે હજાર સાતસો યોજન સુધી વિસ્તરેલું છે.[3] આ વાસસ્થાનોમાં રહેતા દેવો શારીરિક સંભોગનો આનંદ મેળવે છે.[4]

૧. સમ.૨૮,૧૫૦,ભગ.૧૭૨, અનુહે. પૃ.૯૨,જ્ઞાતા.૧૫૮,સ્થા.૧૧૪-૧૫, ૧૯૯,૨૦૦,૨૬૦,૨૯૧, ૩૮૩, ૪૦૫, ૪૬૯, ૫૦૬, ૫૭૫, ૫૭૯, ૬૪૪, ૬૮૩, ૭૬૯, સમ. ૧-૩૩, ૬૨.
૨. સમ. ૧૦૮.
૩. સમ. ૨૭.
૪. સ્થા. ૧૧૬.

**૨. ઈસાણ** આ જ નામના બીજા સ્વર્ગ(કલ્પ)નો ઇન્દ્ર. તેને એંસી હજાર સામાનિકો (સમૃદ્ધિમાં ઇન્દ્ર સમાન પરંતુ ઇન્દ્રત્વવિહીન દેવો), તેત્રીસ (મંત્રીનું કામ કરતા) ત્રાયસ્ત્રિંશ દેવો, ચાર લોકપાલો, આઠ મુખ્ય પત્નીઓ, ત્રણ પરિષદો, સાત સેનાનાયકો અને ત્રણસો વીસ હજાર આત્મરક્ષકો હોય છે.[1] તે લોકના ઉત્તરાર્ધનો અધિપતિ છે.[2] **અંકવડંસય** તેનો મુખ્ય મહેલ છે.[3] તેની મુખ્ય આઠ પત્નીઓ આ છે – **કણ્હા(૨), કણ્હરાઈ(૩), રામા(૨), રામરક્ખિયા(૧), વસુ(૬), વસુગુત્તા(૧), વસુમિત્તા(૧)** અને **વસુંધરા(૪)**.[4]

૧. ભગ.૧૩૪,૧૬૯,૧૭૨,૪૦૬, જમ્બૂ.૩૩,૧૧૮,૧૨૨.સમ.૮૦, આવનિ.૫૧૮, આવચૂ.૧.પૃ.૩૧૫, વિશેષા.૧૯૪૫, ૧૯૭૩, પ્રજ્ઞા.૫૩, જ્ઞાતા.૧૪૮, ૧૫૮.
૨. પ્રજ્ઞા.૫૩, ભગઅ.પૃ.૧૭૪, કલ્પવિ.પૃ. ૨૫, સ્થા.૯૪,૨૫૬,૨૭૩,૩૦૭,૪૦૪, ૫૦૫,૫૭૪,૫૮૨-૮૩,૬૧૨, ૬૪૪, ૬૮૨,૭૬૯.
૩. ભગ. ૧૭૨.
૪. સ્થા.૬૧૨, ભગ.૪૦૬.

**૩. ઈસાણ** આ જ નામના સ્વર્ગમાં રહેતો કોઈ પણ દેવ. તેની ઉત્કૃષ્ટ ઊંચાઈ સાત રત્ની છે.[1] તેનું ઉત્કૃષ્ટ આયુષ્ય બે સાગરોપમ વર્ષથી કંઈક વધારે છે અને જઘન્ય આયુષ્ય એક પલ્યોપમ વર્ષથી કંઈક વધારે છે.[2]

૧. અનુ.૧૩૩.
૨. સમ.૧-૨, સ્થા.૧૧૩, અનુ.૧૩૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૪. ઈસાણ** **વિયાહપણ્ણત્તિ**ના સત્તરમા શતકનો પાંચમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૫૯૦.

**૫. ઈસાણ** દિવસ અને રાતના ત્રીસ **મુહુત્ત**માંનું એક.[1]

૧. જમ્બૂ. ૧૫૨, સૂર્ય.૪૭, સમ.૩૦.

**ઈસાણકપ્પ** (ઈશાનકલ્પ) આ અને **ઈસાણ**(૧) એક છે.[1]

૧. ભગ. ૧૭૨, જ્ઞાતા.૧૫૮.

**ઈસાણદેવિંદ** (ઈશાનદેવેન્દ્ર) આ અને **ઈસાણ**(૨) એક છે.[1]

૧.સમ.૮૦, ભગ.૧૩૪, ૪૦૬, ૫૨૦, આવચૂ.૧.પૃ.૧૪૪.

**ઈસાણવડિંસગ**(ય) (ઈશાનાવતંસક) **ઈસાણ**(૧) નામના સ્વર્ગ (કપ્પ)નું સૌથી મોટું વાસસ્થાન.[1] તે કેન્દ્રમાં આવેલું છે. તેની લંબાઈ અને પહોળાઈ બાર સો પચાસ હજાર યોજન છે.[1]

૧. સમ.૧૩, ભગ.૧૩૪, ૧૭૨, ૬૦૩.

**ઈસાણવડેંસઅ** (ઈશાનાવતંસક) જુઓ **ઈસાણવડિંસગ**.[1]

૧. ભગ. ૬૦૩.

**ઈસાણસ્સ અગ્ગમહિસી** (ઈશાનસ્ય અગ્રમહિષી) **ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધનું દસમું અધ્યયન.[1]

૧. જ્ઞાતા. ૧૪૮.

**ઈસાણિંદ** (ઈશાનેન્દ્ર) આ અને **ઈસાણ**(૨) એક છે.[1]

૧. આવચૂ.૧. પૃ. ૨૯૫.

**ઈસિ** (ઈષત્) **ઈસિપબ્ભારા**નું બીજું નામ.[1]

૧. સમ.૧૨.

**ઈસિગણ** જુઓ **ઈસિણ**.[1]

૧. સમ.૪૩.

**ઈસિપબ્ભારા** (ઈષત્પ્રાગ્ભારા) સિદ્ધોનું (મુક્ત આત્માઓનું) વાસસ્થાન. **સવ્વટ્ઠસિદ્ધ**(૧) વિમાન (સ્વર્ગીય વાસસ્થાન)ની ઉપર બાર યોજન દૂર તે આવેલું છે. તે ઉઘાડેલી છત્રીના આકારનું છે. તે પિસ્તાળીસ લાખ યોજન લાંબું તેમ જ પહોળું છે અને તેનો પરિઘ તેનાથી ત્રણ ગણા કરતાં કંઈક વધારે છે. તેની જાડાઈ આઠ યોજન છે. વચ્ચે જાડાઈ સૌથી વધારે છે અને કિનાર તરફ જતાં ઘટતી જાય છે તે એટલે સુધી કે સાવ છેડે માંખીની પાંખ જેટલી જાડાઈ થઈ જાય છે.[1] તેનાં બાર નામો છે – **ઈસિ**,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈસિપબ્ભારા, તણૂઈ, તણુતણૂઈ કે તણૂયતરી, સિદ્ધિ(૧), સિદ્ધાલય, મુત્તિ, મુત્તાલય, બંભ(૭), બંભવડિંસય, લોકપડિપૂરણા અને લોગગ્ગચૂલિઆ.[૨]

૧. દેવે.૨૭૩, ૨૭૯, ઉત્તરા. ૩૬. ૫૮-૬૨, ઔપ.૪૩, પ્રજ્ઞા.૫૪, આવનિ.૯૫૪થી આગળ, સ્થા. ૧૪૮, ૬૪૮, સમ.૪૫, ભગ. ૪૩૬, ૬૪૫, તીર્થો.૧૨૨૫.

૨. સમ.૧૨, સ્થા. ૬૪૮.

ઈસીપબ્ભારા (ઈષત્પ્રાગ્ભારા) જુઓ ઈસિપબ્ભારા.[૧]

૧. પ્રજ્ઞા.૧૫૫, ઓઘનિ.૪૩.

## ઉ

ઉઈઓદ (ઉદિતોદ) જુઓ ઉદિઓદઅ.[૧]

૧. આવનિ. ૧૫૪૫.

ઉંજાયણ (ઉજ્જાયન) વાસિટ્ઠ ગોત્રની એક શાખા.[૧]

૧. સ્થા. ૫૫૧.

ઉંબર (ઉદુમ્બર) વિવાગસુયના પ્રથમ શ્રુતસ્કન્ધનું સાતમું પ્રકરણ.[૧]

૧. વિપા. ૨.

૧. ઉંબરદત્ત (ઉદુમ્બરદત્ત) પાડલસંડના સાગરદત્ત(૫) અને ગંગદત્તાનો પુત્ર. પાપકર્મના ઉદયના કારણે તે સોળ રોગોથી પીડાતો હતો. તેના પૂર્વભવમાં તે વિજયપુરના રાજા કણગરહ(૨)નો રાજવૈદ્ય હતો.[૧]

૧. વિપા. ૨૮.

૨. ઉંબરદત્ત પાડલસંડ નગરની બહાર આવેલા ઉદ્યાનમાંનો યક્ષ.[૧]

૧. વિપા. ૨૮.

ઉક્કરડ (ઉત્કરટ) જુઓ ઉક્કુરુડ.[૧]

૧. આવચૂ.૧.પૃ.૬૦૧.

ઉક્કલવાડિ (ઉત્કલવાદિન્) અરિટ્ઠણેમિના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમનો સ્વીકાર પત્તેયબુદ્ધ તરીકે થયો છે.[૧]

૧. ઋષિ (સંગ્રહણી). જુઓ ઋષિ. ૨૦ પણ.

ઉક્કામુહ (ઉલ્કામુખ) એક અંતરદીવ.[૧]

૧. સ્થા. ૩૦૪, પ્રજ્ઞા.૩૬, નન્દિમ.પૃ.૧૦૩.

ઉક્કાલિઅ અથવા ઉક્કાલિય (ઉત્કાલિક) અંગબાહિર ગ્રન્થોના બે પ્રકારોમાંનો એક પ્રકાર.[૧] આ પ્રકારના ગ્રન્થો કોઈપણ યોગ્ય સમયે વાંચી શકાય, અર્થાત્ તેમના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધ્યયન માટે કોઈ નિયત સમય નથી.[૨] કેટલાક આવા ગ્રન્થોની સૂચી નીચે પ્રમાણે છે.[૩]–

(૧) **દસવેઆલિય**, (૨) **કપ્પિયાકપ્પિય**, (૩) **ચુલ્લકપ્પસુય**, (૪) **મહાકપ્પસુય**(૨), (૫) **ઉવવાઇય**, (૬) **રાયપસેણિય**,(૭) **જીવાભિગમ**, (૮) **પણ્ણવણા**, (૯) **મહાપણ્ણવણા**, (૧૦) **પમાયપ્પમાય**, (૧૧) **નંદી**(૧), (૧૨) **અણુઓગદાર**, (૧૩) **દેવિંદત્થવ**, (૧૪) **તંદુલવેયાલિય**, (૧૫) **ચંદાવિજ્ઝય**, (૧૬) **સૂરપણ્ણત્તિ**, (૧૭) **પોરિસીમંડલ**, (૧૮) **મંડલપવેસ**, (૧૯) **વિજ્જાચરણવિણિચ્છય**, (૨૦) **ગણિવિજ્જા**, (૨૧) **ઝાણવિભત્તિ**, (૨૨) **મરણવિભત્તિ**, (૨૩) **આયવિસોહિ**, (૨૪) **વીયરાગસુઅ**, (૨૫) **સંલેહણાસુઅ**, (૨૬) **વિહારકપ્પ**, (૨૭) **ચરણવિહિ**, (૨૮) **આઉરપચ્ચક્ખાણ**, (૨૯) **પહાપચ્ચક્ખાણ. આવસ્સય** પણ ઉક્કાલિય ગ્રન્થ છે.[૪] જુઓ **કાલિય.**

૧. નન્દિ. ૪૪, સ્થા. ૭૧.
૨. નન્દિચૂ.પૃ.૫૭, નન્દિમ.પૃ.૨૦૪, અનુચૂ.પૃ.૫, અનુહે.પૃ.૬,સ્થાઅ. પૃ.૫૨.
૩. નન્દિ.૪૪, નન્દિમ.પૃ.૨૦૨થી આગળ, નન્દિહ.પૃ.૭૦, પાક્ષિ.પૃ.૪૩, અનુચૂ. પૃ.૨.
૪. અનુહે. પૃ. ૬.

**ઉક્કુરુડ** (ઉત્કુરુટ) **કુણાલા**(૧) નગરીના અને **સાગેય**માં મૃત્યુ પામેલા બે ગુરુઓમાંના એક. આ શબ્દના બીજા રૂપાન્તરો પણ મળે છે – **ઉક્કરડ, ઓકુરુડ,** અને **કુરુડ**.[૧]

૧. આવચૂ.૧.પૃ.૬૦૧, આવહ.પૃ.૪૬૫, ઉત્તરાચૂ. પૃ.૧૦૮.

**ઉક્કોસિઅ** (ઉત્કૌશિક) **વઇરસેણ**(૩) આચાર્ય જે વંશના હતા તે વંશ.[૧]

૧. કલ્પ. પૃ. ૨૫૫.

**ઉક્ખિત્તણાઅ** (ઉત્ક્ષિપ્તજ્ઞાત) **ણાયાધમ્મકહા**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું પાંચમું અધ્યયન.[૧]

૧. જ્ઞાતા.૫, સમ.૧૯, જ્ઞાતાઅ.પૃ.૧૦, આવચૂ.૧.પૃ.૧૩૧.

**ઉગ્ગ** (ઉગ્ર) લોકોના રક્ષણ માટે પ્રથમ **તિત્થયર ઉસભ**ે(૧) રક્ષક તરીકે નિયુક્ત કરેલું ક્ષત્રિય કુળ.[૧] તે એક **આરિય**(આર્ય) કુળ તરીકે જાણીતું છે.[૨]

૧. ભગ.૩૮૩,૬૮૨,સૂત્ર.૨.૧.૯., જ્ઞાતા.૫૫, આચા.૨.૧૧, આચનિ. ૨૨-૨૩, કલ્પ.૧૮, વિશેષા.૧૬૫૮, ૧૮૪૭, આવચૂ.૧.પૃ.૧૫૪, ૨. પૃ.૮૧,સ્થા.પૃ.૨૧૦,ઉત્તરાશા.પૃ. ૪૧૮, કલ્પવિ.પૃ.૨૩૨, કલ્પધ. પૃ.૧૪૯, તીર્થો.૧૦૧૨.
૨. પ્રજ્ઞા.૩૭.

**ઉગ્ગવઈ** (ઉગ્રવતી) પખવાડિયાના પહેલા, છઠ્ઠા અને અગિયારમા દિવસોની રાત્રિઓ.[૧]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૯.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉગ્ગસેણ** (ઉગ્રસેન) **મહુરા**(૧)નો રાજા.[1] **કંસ**(૨) તેનો પુત્ર હતો અને **ણભસેણ** તેનો પૌત્ર હતો.[2] **રાઈમઈ** અને **સચ્ચભામા** તેની પુત્રીઓ હતી.[3] **વાસુદેવ**(૨) **કણ્હ**(૧)ના આધિપત્યમાં રહેલા સોળ હજાર રાજાઓમાં તે અગ્રેસર હતા.[4] **ણભસેણ** અને તે ઉપરનું ટિપ્પણ જુઓ.

૧. જ્ઞાતા.૫૨, કલ્પસ.પૃ.૧૭૬. કલ્પસ.પૃ.૧૭૬.
૨. કલ્પસ. પૃ.૧૭૩, વિશેષાકો. પૃ. ૪૧૨.
૩. કલ્પવિ.પૃ.૨૧૩, કલ્પધ.પૃ.૧૩૯.
૪. નિર.૫.૧., જ્ઞાતા.૧૧૭, અન્ત.૧. દશચૂ.પૃ.૩૧૦, આવચૂ.૧.પૃ.૩૫૫.

**ઉચ્ચ** બારમા **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧)ના પાંચ મહેલોમાંનો એક.[1]

૧. ઉત્તરા. ૧૩.૧૩.

**ઉચ્ચત્તરિઆ** (ઉચ્ચતરિકા) અઢાર પ્રકારની **બંભી**(૨) લિપિઓમાંની એક.[1] આ અને **અંતક્ખરિયા** એક હોવાનો સંભવ છે.[2]

૧. સમ.૧૮. ૨. પ્રજ્ઞા.૩૭.

**ઉચ્ચણાગરી** (ઉચ્ચનાગરી) **સંતિસેણિઅ**[1] આચાર્યથી શરૂ થયેલી શ્રમણશાખા. **કોડિયગણ**(૨)ની ચાર શાખાઓમાંની એક.[2]

૧. કલ્પ (થેરાવલી).૭, કલ્પવિ.પૃ.૨૬૧. ૨. કલ્પવિ.પૃ.૨૬૦.

**ઉચ્છુઘર** (ઇક્ષુગૃહ) જ્યાં આચાર્ય **રક્ખિય**(૧) વર્ષાવાસના ચાર મહિના રહ્યા હતા તે **દસપુર**નું ઉદ્યાન.[1]

૧. વ્યવભા.૮.૨૨૨, આવભા.૧૪૨, આવહ.પૃ.૩૦૧.

**ઉજુવાલિયા** (ઋજુપાલિકા) **જંભિયગામ** પાસે વહેતી નદી. **તિત્થયર મહાવીર**ને આ નદીના ઉત્તર કાંઠે કેવળજ્ઞાન થયું હતું.[1]

૧. આચા.૨.૧૭૯, કલ્પ.૧૨૦, આવનિ.૨૫૪, વિશેષા.૧૯૭૩, ૧૯૮૨, આવચૂ.૧.પૃ.૩૨૨, કલ્પવિ.પૃ.૧૭૭.

**ઉજ્જંત** (ઉજ્જયન્ત) જુઓ **ઉજ્જિંત**.[1]

૧. આવહ.પૃ.૭૦૯.

**ઉજ્જલિઅ** (ઉજ્જ્વલિત) **વાલુયપ્પભા** નરકભૂમિમાં આવેલું નારકીઓનું એક વાસસ્થાન.[1]

૧. અન્ત. ૯.

**ઉજ્જિંત** (ઉજ્જયન્ત) આ નામનો પર્વત. બાવીસમા **તિત્થંકર અરિટ્ઠણેમિ**ને આ પર્વતના શિખર ઉપર કેવળજ્ઞાન થયું હતું.[1] ત્યાં જ તેઓ પાંચસો છત્રીસ શ્રમણો સાથે[2]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોક્ષ પામ્યા હતા.[૩] તેમના સંસારત્યાગનું સ્થળ પણ આ જ હતું.[૪] આ પર્વત અને રેવયગ એક છે.[૫] લોકમાં તે ગિરનાર તરીકે પ્રસિદ્ધ છે.[૬]

૧. કલ્પ.૧૭૪, ઓઘનિદ્રો. પૃ.૧૧૯.
૨. કલ્પ. ૧૮૨.
૩. કલ્પ.૧૮૨, જ્ઞાતા.૧૨૯-૧૩૦, વિશેષા.૧૭૦૨, આવનિ.૩૦૭, તીર્થો.૫૫૪.
૪. ઓઘનિદ્રો.પૃ.૧૧૯, આવ.પૃ.૮.
૫. ઉત્તરાશા. પૃ. ૪૯૨.
૬. જિઓડિ. પૃ.૨૧૧.

**ઉજ્જુમઇ** (ઋજુમતિ) **સંભૂઇ**(૪)ના બાર શિષ્યોમાંનો એક.[૧]

૧. કલ્પ.પૃ.૨૫૬.

**ઉજ્જુવાલિયા** (ઋજુપાલિકા) આ અને **ઉજુવાલિયા** એક છે.[૧]

૧. આચા.૨.૧૯૭.

**ઉજ્જેંત** (ઉજ્જયન્ત) જુઓ **ઉજ્જિંત**.[૧]

૧. બૃભા. ૩૧૯૨.

**ઉજ્જેણી** (ઉજ્જયિની) **અવંતિ**(૧) દેશનું (વર્તમાન માલવાનું) પાટનગર.[૧] તે **સિંધુ-સોવીર**ના પાટનગર **વીતિભય**થી એંશી યોજનના અંતરે આવેલું હતું.[૨] આ પાટનગરમાં રાજ કરનાર કેટલાક રાજાઓ નીચે પ્રમાણે હતા– **ચંડપજ્જોઅ** અથવા **પજ્જોઅ**[૩], **કુણાલ**[૪], **સંપઇ**[૫], **બલમિત્ત**(૧)[૬], **ગદ્દભિલ્લ**[૭] અને **જિયસત્તુ**(૨૩).[૮] પ્રસિદ્ધ મલ્લ **અટ્ટણમલ્લ** ઉજ્જેણીનો હતો.[૯] આ નગરમાં પાંચ સો ઉપાશ્રયો હતા.[૧૦] તેમાં **મહાકાલ**(૩) નામે પ્રસિદ્ધ મોટું મંદિર હતું.[૧૧] નીચેના આચાર્યો આ નગરમાં આવ્યા હતા– **વઇર**(૨)[૧૨], **મહાગિરિ**[૧૩], **સુહત્થિ**(૧)[૧૪], **ચંડરુદ્દ**[૧૫], **રક્ખિય**(૧)[૧૬], **ભદ્દગુત્ત**[૧૭], **કાલગ**(૧)[૧૮] અને **આસાઢ**(૨)[૧૯]. શ્રમણ **અવંતિસુકુમાલ** પણ આ નગરના હતા.[૨૦] **સગ**(૨)ને આચાર્ય **કાલગ**(૧) અહીં બોલાવી લાવ્યા હતા.[૨૧] તેની એકતા વર્તમાન ઉજ્જૈન સાથે સ્થાપવામાં આવી છે.[૨૨] જુઓ **અવંતિ**(૨).

૧. ઉત્તરાચૂ.પૃ.૩૧, પ્રશ્નઅ.પૃ.૯૦, ઉત્તરાશા.પૃ.૪૯.
૨. નિશીચૂ.૩.પૃ.૧૪૫.
૩. ઉત્તરાનિ.પૃ.૯૬, આવચૂ.૨. પૃ.૧૫૯,સ્થાઅ.પૃ.૪૩૧.
૪. બૃક્ષે.૯૧૭, અનુહે.પૃ.૧૦.
૫. કલ્પધ. પૃ.૧૬૪-૬૫, નિશીચૂ.પૃ. ૩૬૧-૩૬૨.
૬. દશાચૂ. પૃ.૫૫.
૭. નિશીચૂ. ૩. પૃ.૫૯.
૮. આવચૂ. પૃ.૨૨૫.
૯. આવનિ.૧૨૭૪, ઉત્તરાચૂ.પૃ. ૧૦૯, આવચૂ.૨.પૃ.૧૧૨.
૧૦. આવચૂ.૨.પૃ.૧૯૬.
૧૧. આવચૂ.૨.પૃ.૧૫૭.
૧૨. આવચૂ.૧.પૃ.૩૯૨.
૧૩. આવચૂ.૨.પૃ.૧૫૭.
૧૪. બૃક્ષે.૯૧૮.
૧૫. આવચૂ.૨.પૃ.૭૭.
૧૬. મર.૪૮૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭.આવચૂ.૧.પૃ.૩૯૪.
૧૮.ઉત્તરાનિ.પૃ.૧૨૭, ઉત્તરાચૂ. પૃ.૮૩, નિશીચૂ.૩.પૃ.૧૩૧.
૧૯. નિશીચૂ.૧.પૃ.૨૦, દશચૂ.પૃ.૯૬.
૨૦. સંસ્તા.૬૫,મર.૪૩૫,નિશીચૂ.૨. પૃ.૯૦, ઉત્તરાશા.પૃ.૮૫,૨૧૩, ૨૧૮, ઉત્તરાક. પૃ.૩૧,૩૮, આવનિ.૭૬૭,૧૨૭૫-૭૮, ૧૨૯૫,૧૩૦૪,બૃભા.૪૨૧૯-૨૨, ૫૧૧૫, આવચૂ. ૧.પૃ.૧૮૯, ૪૦૩, ૪૦૯, ૪૮૯, ૪૯૨,૫૪૦, ૨.પૃ. ૧૫૪, ૧૫૭, ૧૬૨,૧૬૪, ૨૦૨, ૨૮૩, ઓઘનિભા.૨૬, ઉત્તરાચૂ. પૃ.૫૩, ૫૫, ૧૨૮, નન્દિમ.પૃ.૧૪૫.
૨૧. વ્યવભા. અને વ્યવમ.૧૨.પૃ.૯૪.
૨૨. જિઓડિ.પૃ. ૨૦૯.

**ઉજ્જોતતરા** (ઉદ્યોતતરા) તે નગર જ્યાં પોતાના હાથે **બારવઈ**નો નાશ થવાની ભવિષ્યવાણીની અફવા **દીવાયણે**(૩) સાંભળી હતી.[1]

૧. દશહ.પૃ.૩૬.

**ઉજ્ઝા** (અયોધ્યા) જુઓ **અઓજ્ઝા**.[1]

૧. આવનિ.૩૮૨.

૧. **ઉજ્ઝિયઅ** (ઉજ્ઝિતક) **વિવાગસુય**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું બીજું પ્રકરણ.[1]

૧. વિપા.૨.

૨. **ઉજ્ઝિયઅ** **વાણિયગામ**ના **વિજયમિત્ત**(૨) અને **સુભદ્દા**(૭)નો પુત્ર. તે તે જ ગામની ગણિકા **કામજ્ઝયા**ના પ્રેમમાં પડ્યો અને તેની સાથે રહેવા લાગ્યો. રાજા **મિત્તે**(૩) કામજ્ઝયાને પોતાની સાથે રાજમહેલમાં રહેવા આવી જવા કહ્યું. કામજ્ઝયા ઉજ્ઝિયઅને છોડી રાજમહેલમાં રાજા સાથે રહેવા લાગી. ઉજ્ઝિયઅ આ વિયોગ સહન કરી શક્યો નહિ. એકવાર તે રાજમહેલમાં પ્રવેશ્યો અને કામજ્ઝયા સાથે સંભોગમાં લીન થઈ ગયો. રાજાએ તેને સંભોગ કરતો પકડ્યો અને સખત શિક્ષા કરી. ઉજ્ઝિયઅ તેના પૂર્વભવમાં **ગોત્તાસ**(૨) હતો.[1]

૧. વિપા.૯-૧૪, સ્થાઅ.પૃ.૫૦૭.

**ઉજ્ઝિયા** (ઉજ્ઝિતા) **ધણપાલ**(૩)ની પત્ની.[1]

૧. જ્ઞાતા. ૬૩.

**ઉટ્ટ** આ અને ઉડ્ડ એક છે.[1]

૧. પ્રજ્ઞા.૩૭.

**ઉટ્ઠાણસુઅ** (ઉત્થાનશ્રુત) એક **અંગબાહિર કાલિઅ** ગ્રન્થ. તે નષ્ટ થઈ ગયો છે.[1]

૧. પાક્ષિ.પૃ.૪૫, વ્યવ.૧૦.૨૮, નન્દિ.૪૪, નન્દિહ.પૃ.૭૩, નન્દિમ.પૃ.૨૦૭, નન્દિચૂ.પૃ.૬૦.

**ઉડંક** એક ઋષિ જેની રૂપવતી પત્ની ઉપર લોકપ્રિય દેવ **ઈંદે**(૫) બળાત્કાર કર્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતો.[1]

૧. નિશીચૂ.૩.પૃ.૩૪૦, બૃક્ષે.૫૪૩.

**ઉડુવાડિયગણ** (ઉડુવાટિકગણ) **ભદ્દજસ**(૨)થી શરૂ થયેલો નવ ગણોમાંનો એક. તેની ચાર શાખાઓ અને ત્રણ કુળો નીચે મુજબ છે– **ચંપિજ્જિયા, ભદ્દિજ્જિયા, કાકંદિયા, મેહલિજ્જિયા**; **ભદ્દજસિયા, ભદ્દગુત્તિઅ** અને **જસભદ્દ**(૩).[1]

૧. કલ્પ(થેરાવલી). ૭, કલ્પવિ.પૃ.૨૫૯, સ્થા.૬૮૦.

**ઉડુવિમાણ** (ઉડુવિમાન) **સોહમ્મ**(૧) સ્વર્ગના પ્રથમ સ્તરમાં આવેલું એક વાસસ્થાન(વિમાન).[1] તેની લંબાઈ તેમ જ પહોળાઈ પિસ્તાળીસ લાખ યોજન છે.[2]

૧. સ્થા.૩૨૮. ૨. સમ.૪૫.

**ઉડ્ડ** (ઓડ્ર) તેનાં રૂપાન્તરો **ઉટ્ટ** અને **ઉદ્દુ** છે. તે એક **અણારિય**(અનાર્ય) દેશ અને તેના લોકોનો વાચક શબ્દ છે.[1] ઉડ્ડો કે ઓડ્રોનો આ દેશ સ્વાત(Swat) માં અર્થાત્ પ્રાચીન ઉડ્ડિયાનમાં આવેલો છે. પંજાબ, રાજસ્થાન અને પશ્ચિમ ભારતના વર્તમાન ઓડ લોકો સ્વાત દેશમાંથી આવી ત્યાં વસેલા હોય એ સંભવ છે.[2] ઓડ્ર ઓરિસ્સાનું પણ નામ રહ્યું છે.[3]

૧. પ્રજ્ઞા.૩૭, સૂત્રશી.પૃ.૧૨૩, પ્રશ્ન.૪. ૨.જિઓમ.પૃ.૬૧-૬૩.
૩. ટ્રાઈ.પૃ.૩૩૩-૩૩૬.

**ઉડ્ડુવાડિયગણ** (ઉડ્ડુવાટિકગણ) આ અને **ઉડુવાડિયગણ** એક છે.[1]

૧. સ્થા. ૬૮૦.

**ઉણ્ણાઅ** અથવા **ઉણ્ણાગ** (ઉણાક) **તિત્થયર મહાવીર** આ સ્થળે આવ્યા હતા.[1] ઉત્તરપ્રદેશમાં આવેલું ઉનઓ(Unao) કદાચ આ ઉણ્ણાઅ હોય.[2]

૧. આવચૂ.૧.પૃ.૨૯૫,આવનિ.૪૯૧,આવહ.પૃ.૨૧૧,કલ્પવિ.પૃ.૧૬૭.
૨. શ્રભમ.પૃ.૩૫૭.

**ઉણ્ણાત** (ઉન્નાત) **જંબૂદીવ**ના **મહાવિદેહ** ક્ષેત્રમાં આવેલું નગર.[1]

૧. નિર.૫.૧.

**ઉત્તમ મંદર**(૩) પર્વતનું બીજું નામ.[1] **સમવાય** અનુસાર પાઠાન્તર **ઉત્તર**(૩) છે.[2]

૧. જમ્બૂ. ૧૦૯. ૨. સમ.૧૬.

**૧. ઉત્તમા** પખવાડિયાની પંદર રાત્રિઓમાંની પ્રથમ રાત્રિ.[1]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૮.

**૨. ઉત્તમા જક્ખ** દેવોના ઇન્દ્ર **પુણ્ણભદ્દ**(૫)ની મુખ્ય પત્ની.[1] તેના પૂર્વભવમાં તે એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેપારીની પુત્રી હતી.[2] **માણિભદ્દ**(૧)ની મુખ્ય પત્નીનું નામ પણ ઉત્તમા જ છે.[3]

૧. ભગ.૪૦૬, સ્થા.૨૭૩. ૨. જ્ઞાતા.૧૫૩. ૩. ભગ.૧૬૯.સ્થા.૬૯૩.

**૩. ઉત્તમા ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા વર્ગનું અગિયારમું અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૧૫૩.

**૧. ઉત્તર** આચાર્ય **મહાગિરિ**ના આઠ શિષ્યોમાંનો એક.[1]

૧. કલ્પ (થેરાવલી).૭.

**૨. ઉત્તર જંબૂદીવ**ના **એરવય**(૧) ક્ષેત્રમાં આવતી **ઉસ્સપ્પિણી**માં થનારા બાવીસમા **તિત્થંકર**.[1]

૧. સમ.૧૫૯, તીર્થો.૧૧૨૧.

**૩. ઉત્તર મંદર**(૩) પર્વતનું બીજું નામ.[1] તેનું પાઠાન્તર **ઉત્તમ** છે.[2]

૧. સમ.૧૬. ૨. જમ્બૂ.૧૦૯.

**ઉત્તરઅંતરદીવ** (ઉત્તરઅન્તર્દ્વીપ) **વિયાહપણ્ણત્તિ**ના દસમા શતકના સાતથી ચોત્રીસ ઉદ્દેશકો.[1]

૧. ભગ.૩૯૪.

**૧. ઉત્તરકુરા** (ઉત્તરકુરુ) **રઈકરગ** પર્વતની ઉત્તરપૂર્વમાં આવેલું સ્થાન. **ઈસાણ**(૨)ની આઠ પટરાણીઓમાંની એક **રામા**(૨)નું તે પાટનગર છે.[1]

૧. સ્થા.૩૦૭.

**૨. ઉત્તરકુરા** સંસારત્યાગના પ્રસંગે **તિત્થયર અરિટ્ઠણેમિ**એ ઉપયોગમાં લીધેલી પાલખી.[1]

૧. સમ.૧૫૭.

**૩. ઉત્તરકુરા** આ અને **ઉત્તરકુરુ**(૧) એક છે.[1]

૧. સ્થા.૩૦૨, જીવા. ૧૪૮.

**૧. ઉત્તરકુરુ મંદર**(૩) પર્વતની ઉત્તરે આવેલા પ્રદેશનો એક ભાગ. તે **જંબૂદીવ**ના **મહાવિદેહ** ક્ષેત્રમાં આવેલો છે. તેનો આકાર બીજના ચન્દ્ર જેવો છે. તે પૂર્વથી પશ્ચિમ તરફ ફેલાયેલો છે. તેની ઉત્તરથી દક્ષિણ પહોળાઈ ૧૧૮૪૨$\frac{૨}{૧૯}$ યોજન છે. તેની ઉત્તર તરફની જીવા પૂર્વથી પશ્ચિમ તરફ ૫૩૦૦૦ યોજનના માપની છે. તેની ધણુપિટ્ઠ દક્ષિણમાં ૬૦૪૧૮$\frac{૧૨}{૧૯}$ યોજનની છે.[1] તેમાં(બે) **જમગ**(૧) પર્વતો, **ણીલવંત**(૨) સરોવર, **કંચણગપવ્વય** પર્વતો, વગેરે છે.[2] તેમાં **જંબુસુદંસણા**નું વૃક્ષ આવેલું છે.[3] તેમાં વસનારા લોકો ઓગણપચાસ દિવસમાં જ પુખ્ત બની જાય છે[4] અને **સુસમસુસમા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામનો ઉત્તમોત્તમ કાળ ભોગવે છે.[૫]

૧. જીવા.૧૪૭, જમ્બૂ.૮૫,૮૭, મર. ૬૦, સમ.૫૩.સ્થા.૧૯૭,૩૦૨, ૫૨૨, ૫૫૫.
૨. જીવા.૧૪૮-૧૫૨, જમ્બૂ.૮૮-૯૦, ભગઅ.પૃ.૬૫૪-૬૫૫.
૩. જમ્બૂ.૯૦, જીવા.૧૫૧, સ્થા. ૭૬૪
૪. સમ. ૪૯.
૫. ભગઅ. પૃ. ૮૯૭.

**૨. ઉત્તરકુરુ** ઉત્તરકુરુ(૧) પ્રદેશનો અધિષ્ઠાતા દેવ.[૧]

૧. જમ્બૂ. ૯૧.

**૩. ઉત્તરકુરુ** ઉત્તરકુરુ(૧) પ્રદેશમાં આવેલું સરોવર.[૧]

૧. જીવા.૧૫૦, જમ્બૂ.૮૯, સ્થા.૪૩૪.

**૪. ઉત્તરકુરુ**(૧) **ગંધમાદણ** પર્વતનું શિખર[૧] અને (૨) **માલવંત**(૧) પર્વતનું શિખર.[૨]

૧. જમ્બૂ. ૮૬, સ્થા.૫૯૦. ૨. જમ્બૂ.૯૧, સ્થા.૬૮૯.

**૫. ઉત્તરકુરુ સાગેય** નગરની બહાર આવેલું ઉદ્યાન. તેમાં **જક્ખ પાસમિય**નું ચૈત્ય હતું.[૧]

૧. જ્ઞાતા.૧૫૪, વિપા.૩૪.

**ઉત્તરકુરુદહ** (ઉત્તરકુરુદ્રહ) આ અને **ઉત્તરકુરુ**(૩) એક છે.[૧]

૧. સ્થા.૪૩૪.

**ઉત્તરકૂલગ** (ઉત્તરકૂલક) **ગંગા**ના ઉત્તર તટમાં જ જેમણે પોતાનું આવવું-જવું મર્યાદિત કરી દીધું છે[૧] (અર્થાત્ તે મર્યાદા બહાર જતા-આવતા નથી) તે વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.[૨]

૧. ભગઅ. પૃ.૫૧૯. ૨. ભગ.૪૧૭, નિર.૩.૩, ઔપ.૩૮.

**ઉત્તરખત્તિયકુંડપુર** (ઉત્તરક્ષત્રિયકુણ્ડપુર) જુઓ **ખત્તિયકુંડપુર.**[૧]

૧. આચા.૨.૧૭૬

**ઉત્તરચૂલિયા** (ઉત્તરચૂલિકા) આગમગ્રંથ જે નાશ પામ્યો છે.[૧]

૧. આવચૂ. ૨.પૃ.૧૫૭.

**ઉત્તરજ્ઝયણ** (ઉત્તરાધ્યયન) એક **અંગબાહિર કાલિય** ગ્રન્થ.[૧] તેના કર્તા એક નથી પણ અનેક છે.[૨] તેમાં નીચે જણાવેલાં છત્રીસ અધ્યયનો છે.[૩] (૧) **વિણયસુય**, (૨) **પરીસહ**, (૩) **ચઉરંગિજ્જ**, (૪) **અસંખય**, (૫) **અકામમરણ**, (૬) **ણિયંઠિ**, (૭) **ઓરબ્ભ**, (૮) **કાવિલિજ્જ**, (૯) **ણમિપવ્વજ્જા**, (૧૦) **દુમપત્તય**, (૧૧) **બહુસુયપુજ્જ**, (૧૨) **હરિએસ**(૩), (૧૩) **ચિત્તસંભૂઈ**, (૧૪) **ઉસુયારિજ્જ**, (૧૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સભિક્ખુ(૨)**, (૧૬) **સમાહિઠાણ**, (૧૭) **પાવસમણિજ્જ**, (૧૮) **સંજઈજ્જ**, (૧૯) **મિયચારિયા**, (૨૦) **ણિયંઠિજ્જ**, (૨૧) **સમુદપાલિજ્જ**, (૨૨) **રહણેમિય**, (૨૩) **કેસિગોયમિજ્જ**, (૨૪) **સમિઈ**, (૨૫) **જણ્ણઇજ્જ**, (૨૬) **સામાયારી**, (૨૭) **ખલુંકિજ્જ**, (૨૮) **મુક્ખગઈ**, (૨૯) **અપ્પમાય**, (૩૦) **તવ**, (૩૧) **ચરણ**, (૩૨) **પમાયઠાણ**, (૩૩) **કમ્મપ્પયડિ(૨)**, (૩૪) **લેસા(૨)**, (૩૫) **અણગારમગ્ગ** અને (૩૬) **જીવાજીવવિભત્તિ**. **સમવાય**માં જે અધ્યયનોનાં નામો જુદાં છે તે રૂપાન્તરો માત્ર છે જે નીચે પ્રમાણે છે.[૪] – (૩) **ચાઉરંગિજ્જ**, (૫) **અકામમરણિજ્જ**, (૬) **પુરિસવિજ્જા**, (૭) **ઉરભિજ્જ**, (૮) **કાવિલિય**, (૧૧) **બહુસુયપૂજા**, (૧૨) **હરિએસિજ્જ**, (૧૩) **ચિત્તસંભૂય**, (૧૫) **સભિક્ખુગ**, (૧૬) **સમાહિઠાણાઈ**, (૨૦) **અણાહપવ્વજ્જા**, (૨૨) **રહણેમિજ્જં**, (૨૩) **ગોયમકેસિજ્જ**, (૨૪) **સમિતીઓ**, (૨૮) **મોક્ખમગ્ગગઈ**, (૩૦) **તવોમગ્ગ**, (૩૧) **ચરણવિહિ(૨)**, (૩૨) **પમાયઠાણાઈ**, (૩૩) **કમ્મપયડિ** અને (૩૪) **લેસજ્ઝયણ**.

'**ઉત્તરજ્ઝયણ**' નામમાં રહેલો 'ઉત્તર' શબ્દ ત્રણ અર્થો આપે છે– (૧) અંતિમ, (૨) ઉત્તમ અને (૩) પછી. કેટલાક માને છે કે ઉત્તરજ્ઝયણગત ઉપદેશ મોક્ષ પ્રાપ્ત કરતાં પહેલા **મહાવીરે** આપેલો **અન્તિમ** ઉપદેશ છે.[૫] કેટલાક 'ઉત્તર' શબ્દનો અર્થ ઉત્તમ કરે છે અને કહે છે કે ઉત્તરજ્ઝયણના અધ્યયનો (અર્થાત્ તદ્ગત ઉપદેશ) **ઉત્તમ** છે.[૬] બીજા કેટલાક જણાવે છે કે 'ઉત્તરજ્ઝયણ' નામમાં 'ઉત્તર' શબ્દનો પ્રયોગ એ હકીકત જણાવવા માટે કરવામાં આવ્યો છે કે **દસવેયાલિય**ની રચના પૂર્વેના કાળમાં ઉત્તરજ્ઝયણનું પઠન **આયાર**ના પઠન **પછી** થતું હતું અને ઉત્તરકાળે દસવેયાલિયની રચના થઈ ગયા પછીના કાળમાં ઉત્તરજ્ઝયણનું પઠન દસવેયાલિયના પઠન **પછી** કરવામાં આવે છે.[૭] મહાવીરના નિર્વાણ પછી ૨૦૫૦૦ વર્ષો પછી એટલે કે **પુસ(૪)**ના મૃત્યુ પછી ઉત્તરજ્ઝયણ નષ્ટ થઈ જશે.[૮]

૧. પાક્ષિ.પૃ.૪૪, નન્દિ.૪૪.
૨. ઉત્તરાનિ.પૃ.૫. ઉત્તરાશા.પૃ.૫-૬.
૩. ઉત્તરાનિ. પૃ.૯.
૪. સમ. ૩૬.
૫. ઉત્તરાનિ.પૃ.૩, ઉત્તરાશા.પૃ.૩,૭૧૨.
૬. નન્દિમ.પૃ.૨૦૬.
૭. ઉત્તરાનિ.પૃ.૫, ઉત્તરાશા.પૃ.૫, વ્યવભા. ૩.૧૭૬.
૮. તીર્થો. ૮૨૬.

**ઉત્તરજ્ઝયણચુણ્ણિ** (ઉત્તરાધ્યયનચૂર્ણિ) **ગોવાલિય-મહત્તર**ના શિષ્ય દ્વારા **ઉત્તરજ્ઝયણ** ઉપર રચવામાં આવેલી ચૂર્ણિપ્રકારની ટીકા.[૧] તે શિષ્ય **જિણદાસગણિ-મહત્તર** ગણાય છે.[૨]

૧. ઉત્તરાચૂ.પૃ.૨૮૩.
૨. જુઓ હિકે. પૃ. ૧૯૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તરજ્ઝયણણિજ્જુત્તિ** (ઉત્તરાધ્યયનનિર્યુક્તિ) **ભદ્દબાહુ**(૨) દ્વારા ઉત્તરજ્ઝયણ ઉપર રચવામાં આવેલી ગાથાબદ્ધ નિર્યુક્તિપ્રકારની ટીકા.[1]

૧. આચાશી.પૃ.૮૪, આવનિ.૮૪, વિશેષા. ૧૦૭૯.

**ઉત્તરડ્ઢભરહ** (ઉત્તરાર્ધભરત) **જંબુદીવ**માં આવેલા **ભરહ**(૨) ક્ષેત્રનો ઉત્તરાર્ધ. તે **વેયડ્ઢ**(૨) પર્વતની ઉત્તરે, **ચુલ્લહિમવંત** પર્વતની દક્ષિણે, પશ્ચિમ **લવણસમુદ્દ**ની પૂર્વે અને પૂર્વ લવણસમુદ્દની પશ્ચિમે આવેલો છે. તેની લંબાઇ પૂર્વ-પશ્ચિમ છે અને તેની પહોળાઈ ઉત્તર-દક્ષિણ છે.[1] તે **આવાડ** કોમનું પણ વસવાટનું સ્થાન રહ્યું છે.[2] તેમાં **ગંગા** અને **સિંધુ**(૧) નદીઓ વહે છે.[3]

૧. જમ્બૂ. ૧૬. ૨. જમ્બૂ.૫૬,૫૮, આવચૂ.૧.પૃ.૧૯૪ ૩. જમ્બૂ.૧૬,૭૪.

**ઉત્તરડ્ઢભરહકૂડ** (ઉત્તરાર્ધભરતકૂટ) **જંબૂદીવ**માં આવેલા **ભરહ**(૨) ક્ષેત્રગત **વેયડ્ઢ**(૨) પર્વતનું શિખર.[1]

૧. જમ્બૂ ૧૨.

**ઉત્તરડ્ઢમાણુસ્સખેત્ત** (ઉત્તરાર્ધમનુષ્યક્ષેત્ર) **માણુસખેત્ત**નો (જ્યાં મનુષ્યો વસે છે)ઉત્તરાર્ધ. છાસઠ સૂર્યો અને છાસઠ ચન્દ્રો તેમાં ઊગે છે.[1]

૧. સમ.૬૬.

**ઉત્તરદ્ધકચ્છ** (ઉત્તરાર્ધકચ્છ) **મહાવિદેહ**માં આવેલા **કચ્છ**(૧) પ્રદેશનો ઉત્તરાર્ધ. કચ્છના **વેયડ્ઢ**(૧) પર્વતની ઉત્તરે, **ણીલવંત**(૧) પર્વતની દક્ષિણે, **માલવંત**(૧) પર્વતની પૂર્વે અને **ચિત્તકૂડ** પર્વતની પશ્ચિમે તે આવેલો છે. **સિંધુકુંડ** તેમાં આવેલો છે.[1]

૧. જમ્બૂ.૯૩.

**ઉત્તરદ્ધભરહ** (ઉત્તરાર્ધભરત) જુઓ **ઉત્તરડ્ઢભરહ.**[1]

૧. આવચૂ.૧.પૃ.૧૯૪, જમ્બૂ.૭૪.

**ઉત્તરપોટ્ઠવયા** (ઉત્તરપ્રૌષ્ઠપદા) એક નક્ષત્ર. આ અને **ઉત્તરભદ્દવયા** એક છે.[1]

૧. સૂર્ય.૩૬.

**૧. ઉત્તરબલિસ્સહગણ તિત્થયર મહાવીર**ના નવ શ્રમણગણોમાંનો એક.[1]

૧. સ્થા.૬૮૦.

**૨. ઉત્તરબલિસ્સહગણ મહાગિરિ**ના બે શિષ્યો **ઉત્તર** અને **બલિસ્સહ** આચાર્યોથી શરૂ થયેલ શ્રમણગણ.[1] તેની ચાર શાખાઓ હતી– **કોસંબિયા, કોડંબાણી, સુત્તિવત્તિયા** અને **ચંદણાગરી.**

૧. કલ્પ(થેરાવલી). ૭, કલ્પવિ.પૃ.૨૫૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તરભદ્દવદા** અથવા **ઉત્તરભદ્દવયા** (ઉત્તરભાદ્રપદા) જુઓ **ઉત્તરાભદ્દવયા.**[1]

૧. સૂર્ય.૩૬.

**ઉત્તરમધુરા** અથવા **ઉત્તરમહુરા** (ઉત્તરમથુરા) ઉત્તર મથુરા.[1] જુઓ **મહુરા**(૧).

૧. આવહ.પૃ.૩૫૭,૬૮૮, વ્યવમ.૪.પૃ.૩૬.

**ઉત્તરવાચાલ** **સેયવિયા** પાસેનો પ્રદેશ. તેના જંગલમાં **તિત્થયર** **મહાવીર**ને **ચંડકોસિય** નાગ ડસ્યો હતો.[1] **ણાગસેણ** વેપારી અહીંનો હતો.[2] જુઓ **વાચાલ**.

૧. આવનિ.૪૬૮, વિશેષા.૧૯૨૨-૨૩.

૨. આવચૂ.૧.પૃ.૨૭૯, આવનિ.૪૭૧, વિશેષા.૧૯૨૩, કલ્પધ.પૃ.૧૦૪, આવહ. પૃ.૧૯૫.

**ઉત્તરવેયડ્ઢ** (ઉત્તરવૈતાઢ્ય) **વેયડ્ઢ**(૨) પર્વતનો ઉત્તરાર્ધ.[1]

૧. જમ્બૂ. ૫૨.

**ઉત્તરા** આચાર્ય **સિવભૂઈ**(૧)ની બેન. પોતાના ભાઈને અનુસરી તેણે પોતાના સઘળાં વસ્ત્રો તજી દીધાં અને નગ્ન સાધ્વી બની ગઈ. પછીથી શરીર ઢાંકવા એક વસ્ત્ર રાખવા તેને સમજાવી લેવાઈ.[1]

૧. વિશેષા. ૩૦૫૩, ઉત્તરાશા.પૃ.૧૭૮-૧૮૦, ઉત્તરાનિ.પૃ.૧૮૧.

**ઉત્તરાપહ** (ઉત્તરાપથ) જુઓ **ઉત્તરાવહ.**[1]

૧. દશચૂ. પૃ. ૧૭.

**ઉત્તરાપોટ્ઠવયા** (ઉત્તરાપ્રૌષ્ઠપદા) **ઉત્તરાભદ્દવયા** નક્ષત્રનું બીજું નામ.[1] તેનું ગોત્રનામ **ધણંજય**(૪) છે.[2]

૧. સૂર્ય.૪૬. ૨. સૂર્ય.૫૦, જમ્બૂ.૧૫૯.

**ઉત્તરાફગ્ગુણી** (ઉત્તરાફાલ્ગુની) એક નક્ષત્ર.[1] **અજ્જમ** તેનો અધિષ્ઠાતા દેવ છે.[2] ઉત્તરાફગ્ગુણીનું ગોત્રનામ **કાસવ**(૭) છે.[3]

૧. સમ.૨, સૂર્ય.૩૬, જમ્બૂ.૧૫૫-૧૬૧, સ્થા.૯૦, ૧૧૦, ૫૮૯.

૨. જમ્બૂ. ૧૭૧.

૩. સૂર્ય.૫૦, જમ્બૂ.૧૫૯.

**ઉત્તરાભદ્દવદા** અથવા **ઉત્તરાભદ્દવયા** (ઉત્તરાભાદ્રપદા). એક નક્ષત્ર જેનો અધિષ્ઠાતા દેવ **અહિવડ્ઢિ** છે.[1]

૧. સમ.૨, જમ્બૂ.૧૫૫-૧૬૧, સ્થા.૯૦, ૧૧૦, સૂર્ય. ૩૬, ૪૬.

**ઉત્તરાવહ** (ઉત્તરાપથ) **ભરહ**(૨) ક્ષેત્રના ઉત્તર ભાગમાં આવેલો દેશ કે પ્રદેશ. **બારવઈ**ના નાશની ભવિષ્યવાણી સાંભળીને **દીવાયણે**(૩) ઉત્તરાવહ તરફ પ્રયાણ કર્યું.[1] **વઇરસામિ** પણ ઉત્તરાવહ ગયા હતા.[2] આ પ્રદેશમાં મામાની દીકરી સાથે લગ્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવાનો નિષેધ હતો.[3] દક્ખિણાવહની રૂઢિઓ વગેરે ઉત્તરાવહની રૂઢિઓ વગેરેથી ભિન્ન હતી.[4] **કુંભકારકડ** નગર ઉત્તરાવહમાં આવેલું હતું.[5] થાણેશ્વરની પશ્ચિમે અને ઉત્તરપશ્ચિમે વિસ્તરેલા પ્રદેશ સાથે ઉત્તરાવહની એકતા સ્થાપી શકાય.[6]

૧. દશહ.પૃ.૩૭, સ્થાઅ.પૃ.૨૫૫.
૨. નિશીચૂ.૧.પૃ.૨૧.
૩. દશનિ.પૃ.૧૭, દશહ.પૃ.૨૨.
૪. દશચૂ.પૃ.૧૭, નિશીચૂ.૧.પૃ.૫૨, બૃભા.૩૮૯૧.
૫. બૃક્ષે.૯૧૫.
૬. જિઓએ. ૧.પૃ.૪૩.

**ઉત્તરાસાઢા** (ઉત્તરાષાઢા) એક નક્ષત્ર જેનું ગોત્રનામ **વગ્ઘાવચ્ચ**(૨) છે અને જેનો અધિષ્ઠાતા દેવ **વિસ્સ**(૨) છે.[1]

૧. સમ.૪,જમ્બૂ.૩૧,૩૨,૧૫૫-૧૬૧,૧૭૧,સૂર્ય.૩૬,૩૮,૫૦, વિશેષા.૧૫૮૪, સ્થા.૯૦.

**ઉદ** આ અને **ઉડ્ડ** એક છે.[1]

૧. પ્રશ્ન.૪.

**૧. ઉદઅ** (ઉદક) **ગોસાલ**નો મુખ્ય ઉપાસક.[1]

૧. ભગ.૩૩૦.

**૨. ઉદઅ ણાયાધમ્મકહા**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું બારમુ અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૫, જ્ઞાતાઅ.પૃ.૧૦.

**૩. ઉદઅ પાસ**(૧)ની પરંપરાના શ્રમણ. તેમણે **ઈંદભૂઈ** સાથે લાંબી ચર્ચા કરી અને તેમની દલીલો તેમના ગળે બરાબર ઊતરી ગઈ એટલે પછી તે **મહાવીર**ને મળ્યા અને તેમણે દર્શાવેલો માર્ગ સ્વીકારી લીધો. તે **પેઢાલપુત્ત**(૨) નામે પણ પ્રસિદ્ધ છે. ભવિષ્યમાં તે **તિત્થંકર** થશે.[1]

૧. સૂત્ર.૨.૭.૪-૧૪, સ્થા.૬૯૨,સ્થાઅ.પૃ.૪૫૭, આવનિ.૧૧૬૮, સૂત્રચૂ.પૃ.૪૫૧, સમ.૧૫૯.

**૪. ઉદઅ** પાંખડી મત ધરાવનાર **રાયગિહ**નો ગૃહસ્થ. પછીથી તે **મહાવીર**નો અનુયાયી બની ગયો.[1]

૧. ભગ.૩૦૫.

**૫. ઉદઅ ભરહ**(૨) ક્ષેત્રમાં ભવિષ્યમાં થનારા ત્રીજા **તિત્થંકર**નો પૂર્વભવ.[1] આ અને **ઉદઅ**(૩) એક જણાય છે.

૧. સમ.૧૫૯, સ્થા.૬૯૨.

**૬. ઉદઅ ભરહ**(૨) ક્ષેત્રમાં આવતી **ઉસ્સપ્પિણી**માં થનાર સાતમા **તિત્થંકર** અને **સંખ**(૧૦)નો ભાવી જન્મ.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. સમ.૧૫૯, તીર્થો.૧૧૧૨.

**ઉદગ** (ઉદક) જુઓ **ઉદઅ**.[1]

૧. તીર્થો.૧૧૧૨.

**ઉદગણાઅ** (ઉદકજ્ઞાત) આ અને ઉદઅ(૨) એક છે.[1]

૧. સમ.૧૯.

**ઉદગભાસ** (ઉદકભાસ) **લવણ** સમુદ્રમાં **જંબુદ્દીવ**ની દક્ષિણે બેતાલીસ હજાર યોજનના અંતરે આવેલું **વેલંધરણાગરાય** દેવોનું પર્વત ઉપરનું વાસસ્થાન. **સિવઅ** દેવ ત્યાં વસે છે.[1]

૧. સ્થા.૩૦૫, સમ.૧૭, જીવા.૧૫૯.

**ઉદગસીમઅ** (ઉદકસીમક). **લવણ** સમુદ્રમાં **જંબુદ્દીવ**ની ઉત્તરે બેતાલીસ હજાર યોજનના અંતરે આવેલો પર્વત. તે પણ **વેલંધર** દેવોનું વાસસ્થાન છે.[1] **મણોસિલય** દેવ તેના ઉપર વસે છે.[1] જુઓ **દગસીમ**.

૧. જીવા.૧૫૯, સ્થા.૩૦૫, સમ.૧૭.

**ઉદડ્ઢ** (ઉદગ્ધ) **રયણપ્પભા**(૨)માં આવેલું **મહાણિરય**.[1] આ અને ઉદડ્ઢ એક છે.[2]

૧. સ્થા.૫૧૫. ૨. સ્થાઅ.પૃ.૩૬૭.

**ઉદત્તાભ** (ઉદાત્તાભ) **ગોયમ**(૨) ગોત્રની શાખા.[1]

૧. સ્થા.૫૫૧.

**ઉદય** જુઓ **ઉદઅ**(૩).[1]

૧. સમ.૧૫૯.

**ઉદયણ** (ઉદયન) જુઓ **ઉદાયણ**.[1]

૧. આવચૂ.૧.પૃ.૬૧૫.

**ઉદય પેઢાલપુત્ત** (ઉદક પેઢાલપુત્ર) જુઓ **ઉદઅ**(૩).[1]

૧. સૂત્ર.૨.૭૭, સ્થા.૬૯૨.

**ઉદયભાસ** (ઉદકભાસ) જુઓ **ઉદગભાસ**.[1]

૧. સ્થા.૩૦૫.

**ઉદહિ** (ઉદધિ) **વિયાહપણ્ણત્તિ**ના સોળમા શતકનો બારમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૫૬૧.

**ઉદહિકુમાર** (ઉદધિકુમાર) **ભવણવઇ** દેવોનો એક વર્ગ. તેમના વાસસ્થાનો છોંતેર લાખ છે.[1] **જલકંત**(૧) અને **જલપ્પભ**(૧) તેમના ઇન્દ્રો છે.[2] **સક્ક**(૩)ના **લોગપાલ** **વરુણ**(૧)ના ઉપરીપણા હેઠળ બધા ઉદહિકુમાર દેવો છે.[3]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. સમ.૭૬, નિશી.૧૫૭૮. ૨. ભગ.૧૬૯. ૩. ભગ.૧૬૭.

**૧. ઉદાઇ** (ઉદાયિન્) જેનો આત્મા **ગોસાલ**ના મૃત શરીરમાં પ્રવેશ્યો હતો તે **કુંડિયાયણ** વંશની વ્યક્તિ. આ તેનો સાતમો પઉટ્ટપરિહાર (પરશરીરપ્રવેશ) હતો.[1]

૧. ભગ.૫૫૦.

**૨. ઉદાઇ** **કૂણિય** અને **પઉમાવઈ**(૯)નો પુત્ર. પિતાના મૃત્યુ પછી **ચંપા** નગર છોડી દીધું અને **પાડલિપુત્ત**ને **મગહ**નું પાટનગર બનાવ્યું. જ્યારે તે પૌષધ વ્રતની આરાધના કરતા હતા ત્યારે કટાર ભોંકી **ઉદાઇમારગ**ે તેમનું ખૂન કર્યું.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૭૧, ૧૭૭, ૧૮૦.

**૩. ઉદાઇ** **કૂણિય** રાજાના બે મુખ્ય હાથીમાંનો એક. તે તેના પૂર્વભવમાં **અસુરકુમાર** દેવ હતો.[1]

૧. ભગ.૩૦૦, ૫૯૦, ભગઅ. પૃ.૭૨૦.

**૪. ઉદાઇ** આ અને **ઉદઅ**(૫) એક હોવાનો સંભવ છે. તેણે તીર્થંકરનામગોત્રકર્મ બાંધ્યું હતું.[1]

૧. સ્થા.૬૯૧.

**ઉદાઇણ** (ઉદાયન) જુઓ **ઉદાયણ**.[1]

૧. આવચૂ.૨.પૃ.૩૬.

**ઉદાઇમારગ** (ઉદાયિમારક) રાજા **કૂણિય**ના પુત્ર **ઉદાઇ**(૨)નો હત્યારો.[1]

૧. આવચૂ.૧.પૃ.૨, સ્થાઅ.પૃ.૧૮૨, આચાશી.પૃ.૨૧૦, બૃભા.૧૨૩૮, જીતભા. ૨૪૯૬, આચાચૂ.પૃ.૬., આવચૂ.૨.પૃ.૨૯.

**૧. ઉદાયણ** (ઉદાયન) **સિંધુસોવીર**ના **વીતીભય** નગરનો રાજા. રાજા **મહસેણ**(૧) વગેરે તેના તાબામાં હતા.[1] **ચેડગ**ની પુત્રી **પભાવતી**(૩)ને તે પરણ્યો હતો.[2] **અભીતિ** તેનો પુત્ર હતો. તે પોતાનું રાજ પોતાના પુત્રના બદલે **કેસિ**(૨) નામના પોતાના ભાણેજને (ભાગિનેયને) આપીને સંસાર છોડી **તિત્થયર** **મહાવીર**નો શિષ્ય બની ગયો.[3] એક વાર મુનિ ઉદાયણ વીતીભય નગરમાં આવ્યા. કેસિએ વિચાર્યું કે તે તેની પાસેથી રાજ પડાવી લેવા આવ્યા છે. આવા ભ્રમથી અંધ બનેલા તેણે મુનિ ઉદાયણને ઝેર આપી મારી નાખ્યા.[4]

એક વાર રાજા ઉદાયણને **જીવંતસામી**ની મૂર્તિ માટે **ઉજ્જેણી**ના રાજા **પજ્જોય** સાથે યુદ્ધ કરવું પડ્યું હતું. તેમાં પજ્જોય હાર્યો અને ઉદાયણે તેને બંદી બનાવ્યો. પછી પર્યુષણના શુભ પ્રસંગે ઉદાયણે તેને મુક્ત કર્યો અને તેનું રાજ તેને પાછું આપ્યું.[5] આ ઘટનાને ક્ષમાના આદર્શ તરીકે જૈન સાહિત્યમાં વારંવાર ઉલ્લેખવામાં આવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદાયણ અંતિમ રાજા હતો જે સંસાર ત્યાગી મુનિ બન્યો હતો.[૬]

૧. ભગ.૪૯૧, કલ્પવિ.પૃ.૨૯૮.
૨. આવચૂ.૨.પૃ.૧૬૮,સૂત્રચૂ.પૃ.૨૮.
૩. ભગ.૪૯૧.
૪. સ્થાઅ.પૃ.૪૩૧, આવચૂ.૨.પૃ.૩૬.
૫. આવચૂ.૧.પૃ.૪૦૧, દશચૂ.પૃ.૬૧, નિશીચૂ.૩.પૃ.૧૪૭.
૬. આવચૂ.૨.પૃ.૧૭૧.

૨. **ઉદાયણ** **કોસંબી**નો રાજા. તે **સયાણીય**નો પુત્ર અને **સહસ્સાણીય**નો પૌત્ર હતો. **મિયાવઈ**(૧) તેની માતા હતી અને **પઉમાવઈ**(૬) તેની પત્ની હતી.[૧] તે પ્રસિદ્ધ વીણાવાદક હતો અને પોતાની વીણાવાદનની કળાથી હાથીઓને વશ કરી શકતો હતો.[૨] **ઉજ્જેણી**ના રાજા **પજ્જોયે** યુક્તિથી તેને બંદી બનાવ્યો અને તેણે તેને પોતાની પુત્રી **વાસવદત્તા**(૧)ને વીણાવાદનની કલા શીખવવા ફરજ પાડી.[૩] ઉદાયણ કેદમાંથી છટકી ગયો, વાસવદત્તાને લઈ ભાગી ગયો અને તેની સાથે લગ્ન કરી લીધા.[૪]

૧. ભગ.૪૪૧,વિપા.૨૪,આવચૂ.૧. પૃ.૬૧૫.
૨. આવચૂ.૨.પૃ.૧૬૧.
૩. ઉત્તરાશા. પૃ. ૧૪૨.
૪. આવચૂ.૨.પૃ.૧૬૧.

**ઉદાયિ** (ઉદાયિન્) જુઓ **ઉદાઇ**.[૧]

૧. આવચૂ.૨.પૃ.૧૭૭, સ્થા.૬૯૧.

**ઉદિઓદઅ** (ઉદિતોદય) **પુરિમતાલ** નગરનો રાજા. **સિરિકંતા**(૧) તેની પત્ની હતી. **વાણારસી**ના રાજા **ધમ્મરુઇ**(૧)એ તેની રાણીને પકડી પોતાના કબજામાં લેવા તેના ઉપર આક્રમણ કર્યું હતું.[૧]

૧. આવચૂ.૧.પૃ.૫૫૯,આવનિ.૯૪૩,૧૫૪૫,નન્દિમ.પૃ.૧૬૫-૬, વિપા.૧૭, આવહ.પૃ.૪૩૦.

**ઉદિઓદિઅ** (ઉદિતોદિત) આ અને **ઉદિઓદઅ** એક જ છે.[૧]

૧. વિપા.૧૭, આવચૂ.૧.પૃ.૫૫૯.

**ઉદિતોદય** જુઓ **ઉદિઓદઅ**.[૧]

૧. આવનિ.૯૪૩, આવચૂ.૧.૫૫૯.

**ઉદિતોદિત** જુઓ **ઉદિઓદઅ**.[૧]

૧. આવચૂ.૧.૫૫૯.

**ઉદુ** આ અને **ઉડ્ડ** એક છે.[૧]

૧. સૂત્રશી.પૃ.૧૨૩.

**ઉદુંબર** **કમ્મવિવાગદસા**નું આઠમું અધ્યયન.[૧] જુઓ **ઉંબર**.

૧. સ્થા.૭૫૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉદુંબરિજ્જિયા** (ઔદુંબરિકા) ઉદ્દેહગણ(૨)ની એક શાખા.[1]

૧. કલ્પ.પૃ.૨૫૯.

**ઉદ્દંડ** (ઉદ્દણ્ડ) દંડને ઊંચો રાખી ચાલતા[1] વાનપ્રસ્થ તાપસોનો એક વર્ગ.[2]

૧. ભગઅ.પૃ.૫૧૯,આચાચૂ.પૃ.૧૬૯. ૨. ભગ.૪૧૭,નિર.૩.૩,ઔપ.૩૮.

**ઉદ્દંડપુર** (ઉદ્દણ્ડપુર) એક નગર જ્યાં **ગોસાલે ચંદોતરણ**(૨)ના ચૈત્યમાં પોતાનો બીજો પઉટ્ટપરિહાર (પરશરીરપ્રવેશ) કર્યો હતો.[1] પટના જિલ્લાના બિહાર નગર સાથે તેની એકતા સ્થાપવામાં આવી છે.[2]

૧. ભગ.૫૫૦. ૨. જિઓડિ.પૃ.૨૦૮.

**ઉદ્દડ્ઢ** (ઉદ્દગ્ધ) પ્રથમ નરકભૂમિ **રયણપ્પભા**(૨)માં આવેલાં છ નારકીઓના વાસસ્થાનોમાંનું એક.[1] આ અને **ઉદડ્ઢ** એક છે.[2]

૧. સ્થાઅ.પૃ.૩૬૭. ૨. સ્થા.૫૧૫.

**ઉદ્દાઇણ** અથવા **ઉદ્દાયણ** (ઉદાયન) જુઓ **ઉદાયણ**.[1]

૧. આવચૂ.૨.પૃ.૩૬,આવચૂ.૧.પૃ.૪૦૧, આચાચૂ.પૃ.૬૪, દશચૂ.પૃ.૬૧, આવચૂ.૧.પૃ.૩૯૯.

**ઉદ્દિટ્ઠા** (ઉદ્દિષ્ટા) મહિનાના કૃષ્ણપક્ષનો પંદરમો દિવસ.[1]

૧. દશા.૬.૩., જ્ઞાતાઅ.પૃ.૧૦૯, ઔપઅ. પૃ.૧૦૦.

૧. **ઉદ્દેહગણ તિત્થયર મહાવીર**ની આજ્ઞામાં શ્રમણોના જે નવ ગણો હતા તેમાંનો એક.[1]

૧. સ્થા.૬૮૦.

૨. **ઉદ્દેહગણ** આચાર્ય **રોહણ**થી શરૂ થયેલો ગણ. તેની ચાર શાખાઓ અને છ ઉપશાખાઓ યા ઉપકુલો યથાક્રમે આ પ્રમાણે છે – **ઉદુંબરજ્જિયા, માસપૂરિઆ, મઇપત્તિયા** અને **પુણ્ણપત્તિઆ; ણાગભૂય, સોમભૂઇ**(૧), **ઉલ્લગચ્છ, હત્થલિજ્જ, ણંદિજ્જ** અને **પારિહાસય**.[1]

૧. કલ્પ (થેરાવલી).૭, કલ્પવિ.પૃ.૨૫૮-૨૫૯.

**ઉદ્ધકંડૂયગ** (ઊર્ધ્વકણ્ડૂયક) નાભિના ઉપરના ભાગનું શરીર વલૂરતા[1] વાનપ્રસ્થ તાપસોનો એક વર્ગ.[2]

૧. ભગઅ.પૃ.૫૧૯. ૨. ભગ.૪૧૭.

**ઉપરિમગેવિજ્જ** (ઉપરિમગ્રૈવેયક) સૌથી ઉપરનું ગેવિજ્જ સ્તર.[1] તેના ત્રણ ભાગ છે – **ઉવરિમહિટ્ઠિમ, ઉવરિમમજ્ઝિમ** અને **ઉવરિમઉવરિમ**.[2]

૧. સ્થા. ૨૩૨. ૨. ઉત્તરા.૩૬.૨૧૨-૧૩, સ્થા.૨૩૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧. ઉપ્પલ** (ઉત્પલ) **વિયાહપણ્ણત્તિ**ના અગિયારમા શતકનો પ્રથમ ઉદ્દેશક.[1]

૧. ભગ.૪૦૯.

**૨. ઉપ્પલ** એક જ્યોતિષી જે થોડા સમય માટે **તિત્થયર પાસ**(૧)ની પરંપરાનો શ્રમણ હતો. **અટ્ઠિયગામ**માં તિત્થયર **મહાવીરે** જોયેલાં દસ સ્વપ્નોનો અર્થ તેણે મહાવીરને સમજાવ્યો હતો.[1] વળી, **લોહગ્ગલ**(૨)ના રાજા **જિયસત્તુ**(૩૩)એ બંધનમાં નાખેલા મહાવીરને મુક્ત થવામાં મદદ પણ તેણે કરી હતી.[2] તેને **જયંતી**(૯) અને **સોમા**(૪) નામની બે બહેનો હતી.[3]

૧. આવચૂ.૧.પૃ.૨૭૩-૨૭૪, કલ્પવિ. પૃ.૧૬૧, આવહ.પૃ.૨૦૪, આવમ. પૃ.૧૯૧, ૨૭૦.
૨. આવનિ.૪૯૦, વિશેષા.૧૯૪૪.
૩. આવનિ.૪૭૮, આવચૂ.૧.પૃ.૨૮૬.

**૩. ઉપ્પલ ણાગપુર**નો એક ગૃહસ્થ. **ઉપ્પલસિરી** તેની પત્ની હતી અને **ઉપ્પલા**(૪) તેની પુત્રી હતી.[1]

૧. જ્ઞાતા. ૧૫૩.

**૪. ઉપ્પલ પાણત** સ્વર્ગ(કલ્પ)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન(વિમાન). તેમાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીસ સાગરોપમ વર્ષનું હોય છે. તેઓ વીસ પખવાડિયામાં એક જ વાર શ્વાસ લે છે અને વીસ હજાર વર્ષોમાં એક જ વાર તેમને ભૂખ લાગે છે.[1]

૧. સમ.૨૦.

**ઉપ્પલગુમ્મા** (ઉત્પલગુલ્મા) **મંદર**(૩) પર્વત ઉપર આવેલા **જંબુસુદંસણા** વૃક્ષની દક્ષિણપૂર્વમાં આવેલા વનમાં આવેલી પુષ્કરિણી.[1]

૧. જમ્બૂ.૯૦,૧૦૩.

**ઉપ્પલસિરી** (ઉત્પલશ્રી) **ણાગપુર**ના ગૃહસ્થ **ઉપ્પલ**(૩)ની પત્ની.[1]

૧. જ્ઞાતા.૧૫૩.

**૧. ઉપ્પલા** (ઉત્પલા) **હત્થિણાઉર**ના કસાઈ **ભીમ**(૨)ની પત્ની. એક વાર જ્યારે તે ગર્ભિણી હતી ત્યારે તેને ગોમાંસ ખાવાનો દોહદ થયો. તેના પતિએ તેનો દોહદ પૂરો કર્યો. વખત જતાં ઉપ્પલાએ પુત્રને જન્મ આપ્યો જેનું નામ **ગોત્તાસ**(૨) પાડવામાં આવ્યું.

૧. વિપા.૧૦-૧૧, સ્થાઅ.પૃ.૫૦૭.

**૨. ઉપ્પલા સાવત્થી**ના શ્રાવક **સંખ**(૯)ની પત્ની.[1]

૧. ભગ.૪૩૭, સ્થાઅ. પૃ. ૪૫૬.

**૩. ઉપ્પલા ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા વર્ગનું ત્રીજું અધ્યયન.[1]

૧. જ્ઞાતા. ૧૫૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૪. ઉપ્પલા**(૧) **પિસાય** દેવોના ઇન્દ્ર **કાલ**(૪)ની મુખ્ય પત્ની. તેના પૂર્વભવમાં તે **ણાગપુર**ના ગૃહસ્થ **ઉપ્પલ**(૩)ની પુત્રી હતી.(૨) **મહાકાલ**(૯)ની મુખ્ય પત્નીનું નામ પણ ઉપ્પલા જ છે.[1]

૧. જ્ઞાતા.૧૫૩, ભગ. ૪૦૬, સ્થા.૨૭૩.

**૫. ઉપ્પલા મંદર**(૩) પર્વત ઉપર આવેલા **જંબુસુદંસણા** વૃક્ષની દક્ષિણપૂર્વમાં આવેલા વનમાં આવેલી પુષ્કરિણી.[1]

૧. જમ્બૂ. ૯૦, ૧૦૩.

**ઉપ્પલુજ્જલા** (ઉત્પલોજ્જ્વલા) **મંદર**(૪) પર્વત તેમજ **જંબુસુદંસણા** વૃક્ષની દક્ષિણપૂર્વમાં આવેલા વનમાં આવેલી પુષ્કરિણી.[1]

૧. જમ્બૂ. ૯૦,૧૦૩.

**ઉપ્પાયપવ્વય** (ઉત્પાતપર્વત) જે પર્વતો ઉપર તિર્યગ્લોકમાં જવા માટે દેવોના ઇન્દ્રો ઊતરી આવે છે તેમને ઉપ્પાયપવ્વય કહેવામાં આવે છે. તે પર્વતોનાં નામ છે—**તિગિચ્છિકૂડ**(૨), **રુયગિંદ** વગેરે.[1]

૧. ભગઅ.પૃ.૧૪૪, ભગ.૧૧૬, ૫૮૭, જીવા.૧૨૭, સમ.૧૭, સ્થા. ૭૨૮.

**ઉપ્પાયપુવ્વ** (ઉત્પાદપૂર્વ) ચૌદ **પુવ્વ** ગ્રન્થોમાંનો પ્રથમ. તે દ્રવ્યોના પર્યાયોના ઉત્પાદનું નિરૂપણ કરે છે. તેમાં દસ અધ્યયનો અને ચાર ચૂલિકાઓ(પરિશિષ્ટો) હતા.[1] તે લુપ્ત થઈ ગયો છે.

૧. નન્દિ.૫૭, નન્દિચૂ.પૃ.૭૫, નન્દિમ.પૃ.૨૪૦-૪૧, નન્દિહ.પૃ.૮૮, સ્થા.૩૭૮, ૭૩૨, સમ. ૧૪૭.

**ઉમજ્જાયણ** (અવમજ્જાયણ) આ અને **ઓમજ્જાયણ** એક છે.

૧. સૂર્ય.૫૦.

**૧. ઉમા** બીજા **વાસુદેવ**(૧) **દુવિટ્ઠ**ની માતા.[1]

૧. સમ.૧૫૮, સ્થા.૬૭૨, તીર્થો.૬૦૩.

**૨. ઉમા ઉજ્જેણી**ની ગણિકા. તેની સાથે **મહેસ્સર** જ્યારે કામક્રીડા કરતો હતો ત્યારે **પજ્જોઅ**ના સેવકોએ તે મહેસ્સરની હત્યા કરી હતી.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૭૬.

**૩. ઉમા** પ્રસિદ્ધ હિંદુ દેવ મહેશની પત્ની. જેના છેડે **બંભાણ** અને **વિણ્હુ**(૮) પણ પહોંચી શક્યા ન હતા તેવું મહેશનું લિંગ ઉમાના શરીરમાં સમાઈ શક્યું.[1]

૧. નિશીચૂ.૧.પૃ.૧૦૪.

**૧. ઉમ્મગ્ગજલા** (ઉન્મગ્નજલા) **તિમિસ્સગુહા**માં વહેતી નાની નદી. તેનું પાણી જે


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કંઈ તેમાં પડે તેને બહાર ફેંકી દે છે.[1]

૧. જમ્બૂ. ૫૫.

૨. **ઉમ્મગ્ગજલા** **ખંડપ્પવાયગુહા** નામની ગુફામાં વહેતી નાની નદી.[1]

૧. જમ્બૂ. ૬૫.

**ઉમ્મજ્જગ** અથવા **ઉમ્મજ્જય** (ઉન્મજ્જક) પાણીમાં એક જ ડૂબકી મારીને સ્નાન કરતા વાનપ્રસ્થ તાપસોનો એક વર્ગ.[1]

૧. ભગ.૪૧૭, નિર.૩.૩., ઔપ.૩૮, ભગઅ.પૃ.૫૧૯.

**ઉમ્મત્તજલા** (ઉન્મત્તજલા) **મહાવિદેહ**માં વહેતી **સીયા** નદીની દક્ષિણે અને **મંદર**(૩) પર્વતની પૂર્વે, **રમ્મગ**(૪)ની પશ્ચિમ સીમા ઉપર આવેલી નદી.[1]

૧. જમ્બૂ.૯૬, સ્થા.૧૯૭, ૫૨૨.

**ઉમ્માદ** (ઉન્માદ) **વિયાહપણ્ણત્તિ**ના ચૌદમા શતકનો બીજો ઉદ્દેશક.[1]

૧. ભગ.૫૦૦.

**ઉમ્મિમાલિણી** (ઊર્મિમાલિની) **મહાવિદેહ**માં વહેતી **સીઓયા** નદીની ઉત્તરે અને **મેરુ** પર્વતની પશ્ચિમે વહેતી અંતરનદી.[1]

૧. સ્થા.૧૯૭, ૫૨૨, જમ્બૂ.૧૦૨.

**ઉમ્મુય** (ઉન્મુચ) એક **જાયવ** રાજકુમાર.[1]

૧. જ્ઞાતા. ૧૨૨.

**ઉરબ્ભિજ્જ** (ઉરભ્રીય) **ઉત્તરજ્ઝયણ**નું સાતમું અધ્યયન.[1] જુઓ **ઓરબ્ભ**.

૧. સમ.૩૬, ઉત્તરાનિ.પૃ.૯.

**ઉલુગચ્છિ** (ઉલૂકાક્ષિ) સૂર્યાસ્ત થયા પછી પણ કપડાં સાંધતા સાધુનું ઉપનામ.[1]

૧. બૃભા. ૪૯૯૧.

**ઉલૂઅ** (ઉલૂક) એક વંશ. **તેરાસિય**(૧) સિદ્ધાન્તના સ્થાપક **રોહગુત્ત** આ વંશના હતા.[1]

૧. વિશેષા. ૩૦૦૮.

**ઉલ્લગચ્છ** **ઉદ્દેહગણ**(૨)ની છ શાખાઓમાંની એક.[1]

૧. કલ્પ (થેરાવલી). ૭, કલ્પવિ.પૃ.૨૫૯.

**ઉલ્લુગતીર** (ઉલ્લુકતીર) **ઉલ્લુગા**ના તીરે આવેલું નગર.[1] મહાવીર ત્યાં ગયા હતા.[2] આ જ નગરમાં **ણિણ્હવ** **ગંગે** દ્વિક્રિયાનો પોતાનો સિદ્ધાન્ત સ્થાપ્યો હતો.[3] આ નગરમાં **એગજંબૂ**નું ચૈત્ય હતું.[4]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. વિશેષા. ૨૯૨૫,ઉત્તરાશા.પૃ.૧૬૫, સ્થા. ૫૮૭.
૨. ભગ.૫૭૧.
૩. આવનિ.૭૮૨, આવભા.૧૩૩, વિશેષા. ૨૯૨૫
૪. ભગ.૫૭૧.

**ઉલ્લુગા** (ઉલ્લુકા) એક નદી. તેના તીરે **ઉલ્લુગતીર** નગર હતું.[1] તે મગધમાં હોવી જોઈએ.[2]

૧. આવચૂ.૧.પૃ.૪૨૩,નિશીભા.૫૯૦૧, નિશીચૂ.૪.પૃ.૧૦૩, ઉત્તરાનિ. પૃ.૧૬૫, સ્થાઅ.પૃ.૪૧૩,ઉત્તરાક. પૃ.૧૦૭.
૨. શ્રભમ. પૃ. ૩૫૭.

**ઉલ્લુગાતીર** (ઉલ્લુકાતીર) આ અને **ઉલ્લુગતીર** એક છે.[1]

૧. આવનિ. ૭૮૨.

**૧. ઉવઓગ** (ઉપયોગ) **વિયાહપણ્ણત્તિ**ના સોળમા શતકનો સાતમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૫૬૧.

**૨. ઉવઓગ પણ્ણવણા**નું ઓગણત્રીસનું પદ (પ્રકરણ).[1]

૧. પ્રજ્ઞા. ગાથા ૭.

**ઉવંગ** (ઉપાંગ) પાંચ આગમગ્રન્થોનો એક વર્ગ. આ પાંચ છે – (૧) **ણિરયાવલિયા** (૧), (૨) **કપ્પવડંસિયા**, (૩) **પુપ્ફિયા**, (૪) **પુપ્ફચૂલિયા** અને (૫) **વણ્હિદસા**.[1] આ **અંગ**(૩)થી ઇતર આગમગ્રન્થો છે.[2] ટીકાકારો બાર ઉવંગ ગણાવે છે. તે આ પ્રમાણે છે – **ઉવવાઇય, રાયપસેણિઅ, જીવાભિગમ, પણ્ણવણા**(૧), **સૂરપણ્ણત્તિ, જંબુદ્દીવપણ્ણત્તિ, ચંદપણ્ણત્તિ** અને ઉપર જણાવેલા બીજા પાંચ.[3] ઉવંગો અંગો(૩)ને આધારે લખાયા છે.[4] જુઓ **કપ્પિયા**(૧) અને (૨) તેમજ **ણિરયાવલિયા** (૧) અને (૨).

૧. નિર.૧.૧.
૨. આવચૂ.૧.પૃ.૬૦૧.
૩. જમ્બૂશા. પૃ.૧-૨.
૪. જમ્બૂશા.પૃ.૧-૨, કલ્પધ.પૃ.૨૩, ઔપઅ.પૃ.૯૩.

**ઉવકોસા** (ઉપકોશા) **પાડલિપુત્ત**ની ગણિકા.[1] તે **કોસા**ની નાની બેન હતી.[2]

૧. આવચૂ.૧.પૃ.૫૫૪, આચાશી.પૃ.૨૧૪. ૨. આવચૂ.૨.પૃ.૧૮૫.

**ઉવચઅ** (ઉપચય) **વિયાહપણ્ણત્તિ**ના વીસમા શતકનો ચોથો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૬૬૨.

**ઉવજ્ઝાયવિપ્પડિવત્તિ** (ઉપાધ્યાયવિપ્રતિપત્તિ) **બંભદસા**નું છઠ્ઠું અધ્યયન.[1]

૧. સ્થા. ૭૫૫.

**૧. ઉવણંદ** (ઉપનન્દ) **સંભૂઇવિજય**(૪)ના બાર શિષ્યોમાંનો એક.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. કલ્પ. પૃ. ૨૫૬.

૨. **ઉવણંદ** **બંભણગામ**નો રહેવાસી. **ણંદ(૫)** તેનો ભાઈ હતો. ઉવણંદે ગોસાલને ભિક્ષામાં જે અન્ન આપ્યું તે ગોસાલને પસંદ ન પડ્યું. તેથી ગોસાલ ઉવણંદ ઉપર ક્રોધે ભરાયો અને તેણે તેને શાપ આપ્યો. પરિણામે ઉવણંદનું ઘર બળીને ભસ્મ થઈ ગયું.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૮૩, વિશેષા.૧૯૩૦, કલ્પધ.પૃ.૧૦૫.

**ઉવદંસણ** (ઉપદર્શન) **ણીલવંત(૧)** પર્વતનું શિખર.[1]

૧. જમ્બૂ.૧૧૦, સ્થા.૫૨૨, ૬૮૯.

**ઉવમા** (ઉપમા) **પણ્હાવાગરણદસા**નું પ્રથમ અધ્યયન.[1] તે નષ્ટ થઈ ગયું છે.

૧. સ્થા. ૭૫૫.

૧. **ઉવયાલિ** (ઉપજાલિ) **અણુત્તરોવવાઇયદસા**ના પ્રથમ વર્ગનું ત્રીજું અધ્યયન.[1]

૧. અનુત્ત.૧.

૨. **ઉવયાલિ** **અંતગડદસા**ના ચોથા વર્ગનું ત્રીજું અધ્યયન.

૧. અન્ત.૮.

૩. **ઉવયાલિ** **સેણિઅ(૧)** રાજા અને તેમની રાણી **ધારિણી(૧)**નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બની ગયો. સોળ વર્ષ સાધુજીવનની સાધના તેણે કરી. પછી મૃત્યુ પામી **અણુત્તર** વિમાનમાં દેવ તરીકે તેણે જન્મ લીધો. વધુ એક જન્મ લઈ તે મોક્ષે જશે.[1]

૧. અનુત્ત.૧.

૪. **ઉવયાલિ** રાજા **વસુદેવ** અને તેમની રાણી **ધારિણી(૪)**નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર** **અરિટ્ઠણેમિ**નો શિષ્ય બન્યો. તે સોળ વર્ષનું શ્રમણજીવન પૂરું કરી **સેત્તુંજ** પર્વત ઉપર મુક્તિ પામ્યો.[1]

૧. અનુત્ત. ૮.

**ઉવરિમઉવરિમગેવિજ્જગ** (ઉપરિમઉપરિમગ્રૈવેયક) આ સ્વર્ગીય વાસસ્થાનમાં વસતા દેવોનું જઘન્ય આયુષ્ય ૩૦ સાગરોપમ વર્ષનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૧ સાગરોપમ વર્ષનું છે.[1] જુઓ **ગેવિજ્જગ**.

૧. સમ.૩૦,૩૧.

**ઉવરિમમજ્ઝિમગેવિજ્જગ** (ઉપરિમમધ્યમગ્રૈવેયક) આ સ્વર્ગીય વાસસ્થાનમાં વસતા દેવોનું જઘન્ય આયુષ્ય ૨૯ સાગરોપમ વર્ષનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૦ સાગરોપમનું વર્ષનું છે.[1] જુઓ **ગેવિજ્જગ**.

૧ સમ ૨૯, ૩૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉવરિમહિટ્ઠિમગેવિજ્જગ** (ઉપરિમાધસ્તનગ્રૈવેયક) આ સ્વર્ગીય વાસસ્થાનમાં વસતા દેવોનું જઘન્ય આયુષ્ય ૨૮ સાગરોપમ વર્ષનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૯ સાગરોપમ વર્ષનું છે.[૧] જુઓ **ગેવિજ્જગ.**

૧. સમ. ૨૮,૨૯.

**ઉવરિમહેટ્ઠિમગેવિજ્જગ** (ઉપરિમાધસ્તનગ્રૈવેયક) આ અને **ઉપરિમહિટ્ઠિમગે-વિજ્જગ** એક છે.[૧]

૧. પ્રજ્ઞા. ૩૮, સ્થા.૨૩૨, સમ.૨૮.

**ઉવરુદ્દ** (ઉપરુદ્ર) **સક્ક**(૩)ના **લોગપાલ યમ**(૨)ના કુટુંબનો સભ્ય. તે **પરમાહમ્મિય** દેવોના વર્ગનો છે અને નારકીઓને ત્રાસ આપે છે.[૧]

૧. ભગ.૧૬૬, સમ.૧૫, સૂત્રચૂ.પૃ.૧૫૪.

**ઉવવાઅ** (ઉપપાત) **વિયાહપણ્ણત્તિ**ના(૧) અગિયારમા શતકનો પહેલો ઉદ્દેશક[૧] અને (૨) તેરમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક.[૨]

૧. ભગ. ૪૦૯. ૨. ભગ.૪૭૦.

**ઉવવાઈઅ** અથવા **ઉવવાઈય** (ઔપપાતિક) **અંગબાહિર ઉક્કાલિય** આગમગ્રન્થ.[૧] તેને પ્રથમ **ઉવંગ** ગણવામાં આવે છે અને તે **અંગ**(૩) **ગ્રન્થ આયાર** ઉપર આધારિત છે.[૨] તે **ચંપા** નગરી, **પુણ્ણભદ્દ**(૪) ચૈત્ય અને તેની આસપાસનું ઉદ્યાન, રાજા **કૂણિય** અને તેની રાણી **ધારિણી**(૨), **મહાવીર** અને એવાં બધાંનાં પૂરેપુરાં વર્ણનો કરે છે.[૩] બીજા આગમગ્રન્થોમાં આ વર્ણનોને ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે.[૪] વળી તે મહાવીરના શિષ્યોએ કરેલાં વિવિધ પ્રકારનાં તપનું વિગતવાર વર્ણન કરે છે. મહાવીરની સેવાપૂજા કરવા આવેલા દેવોનું વર્ણન પણ તેમાં છે. **અમ્મડ**(૧)ના પરિવ્રાજક તરીકેના જીવનનું તેમજ પછીના **દઢપઈણ્ણ** તરીકેના તેના જીવનનું નિરૂપણ પણ તેમાં છે.[૫] 'ઉવવાઈય' (ઔપપાતિક) શબ્દનો અર્થ છે – 'દેવો અને નારકીઓના જન્મનું તથા મોક્ષની પ્રાપ્તિનું નિરૂપણ કરતો ગ્રન્થ.'[૬]

૧. નન્દિ.૪૪, પાક્ષિ.પૃ.૪૩.
૨. ઔપઅ.પૃ.૧, સૂત્રશી.પૃ.૩૩૪.
૩. ભગઅ.પૃ.૭-૯, વિપાઅ.પૃ.૩૩, ૯૦, સૂર્યમ.પૃ.૨, રાજમ.પૃ.૩૦, ૩૮-૩૯.
૪. ભગ.૩૦૦,૩૮૩,૩૮૫,૪૨૮, ૫૨૯-૫૩૦,૮૦૨,જીવા.૧૧૧, જમ્બૂ.૩૦,૬૭, આવચૂ.૧.પૃ.૨૦૪, ૪૭૦, રાજમ.પૃ.૨,૧૧૬,૨૮૮, વિપાઅ.પૃ.૩૫,૩૯,૪૪,૫૧, ભગઅ.પૃ.૫૨૧, જ્ઞાતાઅ.પૃ.૪૬.
૫. ભગઅ. પૃ. ૫૪૫.
૬. ઔપઅ.પૃ.૧.

**ઉવવાય** (ઉપપાત) **દોગિદ્ધિદસા**નું ત્રીજું અધ્યયન.[૧]

૧. સ્થા. ૭૫૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉવસંત** (ઉપશાન્ત) **જંબુદ્દીવ**માં આવેલા **એરવય**(૧)ના પંદરમા **તિત્થંકર**.[1]

૧. સમ.૧૫૯, તીર્થો.૩૨૭.

**ઉવસગ્ગપરિણ્ણા** (ઉપસર્ગપરિજ્ઞા) **સૂયગડ**નું ત્રીજું અધ્યયન.[1]

૧. સમ.૧૬,૨૩.

**૧. ઉવસમ** (ઉપશમ) દિવસ અને રાતના ત્રીસ **મુહુત્ત**માંનું એક.[1]

૧. જમ્બૂ.૧૫૨, સમ.૩૦, સૂર્ય.૪૭.

**૨. ઉવસમ** પખવાડિયાનો પંદરમો દિવસ.[1]

૧. જમ્બૂ.૧૫૨, કલ્પવિ.પૃ.૧૮૯, સૂર્ય.૪૮.

**ઉવહાણસુય** (ઉપધાનશ્રુત) **અંગ**(૩) ગ્રન્થ **આયાર**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું નવમું અધ્યનન.[1]

૧. આચાનિ.૩૨, નિશીચૂ.૧.પૃ.૨, આવચૂ.૧.પૃ.૨૬૯.

**ઉવ્વિહ** (ઉદ્વિધ) **ગોસાલ**ના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક.[1]

૧. ભગ. ૩૩૦.

**ઉવાસગદસા** (ઉપાસકદશા) બાર **અંગ**(૩) ગ્રન્થોમાંનો સાતમો અંગ ગ્રન્થ.[1] તેનાં દસ અધ્યયનો નીચે જણાવેલા **મહાવીર**ના દસ મુખ્ય ઉપાસકોનાં જીવનનું નિરૂપણ કરે છે[2]— **આણંદ** (૧૧), **કામદેવ**(૧), **ચૂલણીપિય**(૧), **સુરાદેવ**(૩), **ચુલ્લસયઅ**(૧), **કુંડકોલિઅ**(૨), **સદ્દાલપુત્ત**(૨), **મહાસયઅ**(૧), **ણંદિણીપિય**(૨) અને **સાલિહીપિય**(૧). પ્રથમ અધ્યયન ઉપાસકે પાળવાનાં વ્રતોનું વિગતવાર નિરૂપણ કરે છે.

૧. નન્દિ.૪૫, પાક્ષિ.પૃ.૪૬,સમ.૧૩૬.
૨. ઉપા.૨, સ્થા.૭૫૫, સમ.૧૪૨, નન્દિ.૫૨, નન્દિચૂ.પૃ.૬૭. નન્દિમ. પૃ.૨૩૨, નન્દિહ.પૃ.૮૨, આવચૂ.૧. પૃ. ૨૪૬, ૨૪૮, ૪૫૩, ૫૧૩.

**૧. ઉસભ** (ઋષભ) **કોસલા** અથવા **ઇક્ખાગભૂમિ**ના રાજા **ણાભિ** અને તેમની રાણી **મરુદેવી**ના પુત્ર.[1] વર્તમાન **ઓસપ્પિણી**ના પ્રથમ **તિત્થયર** તેમને માનવામાં આવે છે.[2] તે **કાસવ**(૧) ગોત્રના હતા અને તેમનાં પાંચ નામો હતા – ઉસભ, આદિરાજ, આદિભિક્ષુ, આદિકેવલી અને આદિતિત્થયર. તેમની ઊંચાઈ પાંચ સો ધનુષ હતી.[3] તેમનો વર્ણ તપ્તસુવર્ણ જેવો હતો.[4] તેમને બે પત્નીઓ હતી – **સુણંદા**(૨) અને **સુમંગલા**.[5] **ભરહ**(૧), **બાહુબલિ** વગેરે તેમના એક સો પુત્રો હતા.[6] **બંભી**(૧) અને **સુંદરી**(૧) તેમની પુત્રીઓ હતી.[7] તે વીસ લાખ પૂર્વ વર્ષ રાજકુમાર તરીકે અને ત્રેસઠ લાખ પૂર્વ વર્ષ રાજા તરીકે જીવ્યા હતા. પોતાના રાજ્યકાળ દરમ્યાન તેમણે લોકોને તેમના ભલા માટે બોંતેર કળાઓ (જે કળાઓમાં લેખનકળા પ્રથમ હતી, ગણિતકળા સૌથી મહત્ત્વવાળી હતી અને શકુનકળા છેલ્લી હતી), સ્ત્રીઓને ચોસઠ કળાઓ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષોને એક સો વિદ્યાઓ અને ત્રણ ધંધાઓ શીખવ્યા. પોતાના સો પુત્રોનો રાજા તરીકે અભિષેક કરી દરેક પુત્રને એક એક રાજ આપી તેમણે ચાર હજાર રાજપુરુષો સાથે સંસારનો ત્યાગ કર્યો અને શ્રમણત્વ સ્વીકાર્યું. આ પ્રસંગે તેમણે **સુદંસણા**(૭) પાલખીનો ઉપયોગ કર્યો.[૮] **સેજ્જંસ**(૩) તેમને પ્રથમ ભિક્ષા આપનાર હતા.[૯] તેમણે **અડંબ**, **બહલી**, **ઈલ્લા**, **જોણગ** અને **સુવણ્ણભૂમિ** જેવા દેશોમાં ભ્રમણ કર્યું હતું.[૧૦] **પુરિમતાલ** નગરની બહાર આવેલા **સગડમુહ** ઉદ્યાનમાં તેમને કેવળજ્ઞાન થયું હતું.[૧૧] તેમનું પવિત્ર વૃક્ષ ન્યગ્રોધ છે.[૧૨] બીજા તિત્થયરોથી વિપરીત તેમના માથે જટા હતી.[૧૩] તેમનો પ્રથમ શિષ્ય **ઉસભસેણ**(૧) અને પ્રથમ શિષ્યા **બંભી**(૧) હતાં.[૧૪] તેમની આજ્ઞામાં શ્રમણોના ચોરાશી ગણો હતા, ચોરાશી **ગણહર** હતા, ઉસભસેણના નેતૃત્વ નીચે ચોરાશી હજાર સાધુઓ હતા, બંભી(૧) અને સુંદરી(૧) એ બેના નેતૃત્વ નીચે ત્રણ લાખ સાધ્વીઓ હતી, સેજ્જંસ(૩)ના નેતૃત્વ નીચે ત્રણ લાખ પાંચ હજાર ઉપાસકો(શ્રાવકો) હતા અને **સુભદ્દા**(૯)ના નેતૃત્વ નીચે પાંચ લાખ ચોપ્પન હજાર ઉપાસિકાઓ (શ્રાવિકાઓ) હતી.[૧૫] શ્રમણાવસ્થામાં ઉસભ એક હજાર વર્ષ છદ્મસ્થ તરીકે જીવ્યા અને એક લાખ પૂર્વમાંથી એક હજાર બાદ કરતાં આવે તેટલા વર્ષ કેવલજ્ઞાની તરીકે જીવ્યા. આમ તેમનું કુલ આયુષ્ય ચોરાશી લાખ પૂર્વ વર્ષનું હતું. **અટ્ઠાવય** પર્વતના શિખર ઉપર દસ હજાર સાધુઓ સાથે તે મોક્ષ પામ્યા.[૧૬] પોતાના કેટલાક પૂર્વભવોમાં ઉસભ **ધણ**(૪), **મહબ્બલ**(૩), **લલિયંગ**, **વઈરજંઘ**(૧), **કેસવ**(૨) અને **વઈરણાભ** હતા.[૧૭] શાન્તિસૂરિ અનુસાર બ્રહ્માંડપુરાણ પણ ઋષભ (ઉસભ)ને ઈક્ષ્વાકુવંશના નાભિ અને મરુદેવીના પુત્ર તરીકે ઉલ્લેખે છે.[૧૮]

૧. કલ્પ.૨૦૫-૨૮૧, જમ્બૂ.૩૨, આવનિ.૧૭૦થી આગળ, ૩૮૫, ૩૮૭, આવચૂ.૧.પૃ.૧૩૧, ૧૫૧, ૧૮૬થી આગળ, સમ.૧૫૭, તીર્થો. ૪૬૪.
૨. કલ્પ.૨૧૦, વિશેષા.૧૫૬૧-૧૭૬૯, આચાશી.પૃ.૩૨૭.
૩. કલ્પ.૨૧૦, સમ.૧૦૮, સ્થા.૪૩૫, આવનિ.૩૭૮, ૧૦૮૭, સ્થાઅ. પૃ. ૩૯૦.
૪. આવનિ.૩૭૬, તીર્થો.૩૩૬.
૫. આવચૂ.૧.પૃ. ૧૫૨-૧૫૩.
૬. કલ્પધ.પૃ.૧૫૧-૧૫૨, કલ્પવિ. પૃ.૨૩૬.
૭. આવચૂ.૧.પૃ.૧૫૨-૫૩, કલ્પવિ. પૃ.૨૩૧.
૮. કલ્પ.૨૧૧, જમ્બૂ.૩૦-૩૨, આવનિ. ૨૨૫, ૨૨૯-૨૩૭, ૩૩૬-૩૪૦, આવનિ.૧૯, આચાચૂ.પૃ.૪, સમ. ૧૫૭, તીર્થો.૩૯૧.
૯. આવનિ.૩૨૭, સમ.૧૫૭, કલ્પવિ. પૃ. ૨૩૮.
૧૦. આવનિ.૩૩૬-૩૩૭, વિશેષા.૧૭૧૬.
૧૧. કલ્પ.૨૧૨, જમ્બૂ.૩૨, આવનિ.૨૨૧, ૪૩૫-૪૩૬.
૧૨. સમ.૧૫૭, તીર્થો.૪૦૫.
૧૩. આવચૂ.૧.પૃ.૧૮૧.
૧૪. સમ.૧૫૭, તીર્થો.૪૪૩, ૪૫૭.
૧૫. કલ્પ.૨૧૩-૨૧૭, જમ્બૂ.૩૧-૩૩, સમ. ૮૪, ૧૫૭, તીર્થો.૪૩૩, ૪૪૩, આવનિ. ૨૫૬, ૨૬૦, ૨૬૬.
૧૬. કલ્પ.૨૨૭, જમ્બૂ.૩૩, સમ.૮૩, ૮૯, આવનિ.૨૭૨, ૨૭૭, ૩૦૨.
૧૭. આવનિ.૧૭૧-૧૭૬, આવચૂ.૧.પૃ. ૧૩૧, ૧૬૫, ૧૭૬, ૧૭૯, ૧૮૦, સમ.૧૫૭.
૧૮. ઉત્તરાશા.પૃ.૫૨૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨. ઉસભ** કાત્યાયન વંશની **સિલા**નો પિતા.[1]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ. ૩૭૯.

**૩. ઉસભ ઉસભકૂડ**(૨) પર્વતનો અધિષ્ઠાતા દેવ.[1]

૧. જમ્બૂ ૧૭.

**૧. ઉસભકૂડ** (ઋષભકૂટ) **કચ્છ**(૧) પ્રદેશના ઉત્તરાર્ધમાં આવેલો પર્વત. તે **ણીલવંત**(૧) પર્વતની દક્ષિણે, ગંગાકુંડની પશ્ચિમે અને સિંધુકુંડની પૂર્વે આવેલો છે.[1]

૧. જમ્બૂ.૯૩.

**૨. ઉસભકૂડ ભરહ**(૨) ક્ષેત્રમાં **ચુલ્લહિમવંત** પર્વતની દક્ષિણે આવેલો પર્વત. ભરહ(૧) ત્યાં ગયા હતા. **ઉસભ**(૩) તેનો અધિષ્ઠાતા દેવ છે.[1]

૧. જમ્બૂ. ૧૭, ૬૩.

**૧. ઉસભદત્ત** (ઋષભદત્ત) **માહણકુંડગ્ગામ**નો બ્રાહ્મણ. **દેવાણંદા**(૨) તેની પત્ની હતી. **મહાવીર** દેવાણંદાના ગર્ભમાં આવ્યા હતા.[1] પછી ગર્ભનું **સિદ્ધત્થ**(૧)ની પત્ની **તિસલા**ની કૂક્ષીમાં **હરિણેગમેસિ**એ સ્થાનાન્તર કર્યું.[2] ઉસભદત્ત મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી તેમના શિષ્ય બન્યા હતા.[3]

૧. કલ્પ.૨, આવચૂ.૧.પૃ.૨૩૬, ભગ. ૩૮૦, ૩૮૨, આચા.૨.૧૭૬.
૨. કલ્પ.૨૭-૨૮.
૩. ભગ.૩૯૨.

**૨. ઉસભદત્ત ઉસુયારપુર** નગરનો વેપારી. મૃત્યુ પછી તે **વીરપુર**ના **વીરકણ્હ**(૨) અને તેની પત્ની **સિરિદેવી**(૩)ના પુત્ર તરીકે જન્મ્યો.[1]

૧. વિપા.૩૪.

**૧. ઉસભપુર** (ઋષભપુર) **ચણગપુર**ના સ્થાન ઉપર વસાવવામાં આવેલું નગર.[1] જ્યાં સુધી **રાયગિહ** નગરની સ્થાપના થઈ ન હતી ત્યાં સુધી ઉસભપુર **મગહ**ની રાજધાની હતું. ઉસભપુરમાં **ણિણ્હવ તિસગુત્તે** પોતાનો જીવપ્રદેશનો સિદ્ધાન્ત પ્રવર્તાવ્યો.[2]

૧. આવચૂ.૨.પૃ.૧૫૮,આવનિ.૧૨૭૯, ઉત્તરાનિ. પૃ.૧૦૫.
૨. આવનિ.૭૮૨, વિશેષા.૨૮૩૩, સ્થા. ૫૮૭, નિશીભા. ૫૬૧૨.

**૨. ઉસભપુર** જ્યાં **ધણાવહ**(૨) રાજા રાજ કરતો હતો તે નગર. તે નગરમાં **થૂભકરંડ** નામનું ઉદ્યાન હતું. **તિત્થયર મહાવીર** આ નગરમાં આવેલા.[1] આ નગર **ઉસભપુર**(૧)થી જુદું છે.[2]

૧. વિપા. ૩૪.
૨. શ્રભમ.પૃ.૩૫૮.

**ઉસભસામિ** (ઋષભસ્વામિન્) આ અને **ઉસભ**(૧) એક છે.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આચાચૂ.પૃ.૪, આવચૂ.૧.પૃ.૨૫૧, જીતભા.૨૧૨૫, તીર્થો. ૨૮૪, સૂત્રચૂ. પૃ. ૬૫, આવહ.પૃ.૧૨૫.

**૧. ઉસભસેણ** (ઋષભસેન) તિત્થયર **ઉસભ**(૧)ના ગણધર અને ચોરાશી હજાર શ્રમણોના નાયક.[૧] તે **ભરહ**(૧)ના પ્રથમ પુત્ર હતા.[૨]

૧.જમ્બૂ.૩૧, કલ્પ.૨૧૪, આવચૂ.૧. પૃ.૧૫૮, વિશેષા.૧૭૨૪, આવનિ. ૩૪૪, તીર્થો. ૪૪૪.

૨. આવચૂ.૧.પૃ.૧૮૨, કલ્પવિ.પૃ.૨૪૧, કલ્પધ.પૃ.૧૫૬.

**૨. ઉસભસેણ** વીસમા તિત્થયર **મુણિસુવ્વય**ને સૌપ્રથમ ભિક્ષા આપનાર ગૃહસ્થ.[૧] તેનો ઉલ્લેખ **બંભદત્ત**(૩) નામે પણ થયો છે.[૨]

૧. સમ.૧૫૭. ૨. આવનિ.૩૨૯.

**ઉસભા** (ઋષભા) **ઉસભકૂડ**(૨)ના અધિષ્ઠાતા દેવ **ઉસભ**(૩)ની રાજધાની.[૧]

૧. જમ્બૂ.૧૭.

**ઉસહ** (ઋષભ) જુઓ **ઉસભ**.[૧]

૧. જમ્બૂ. ૩૦, આવનિ.૪૩૬, આવચૂ.૧.પૃ.૧૪૪.

**ઉસહકૂડ** (ઋષભકૂટ) જુઓ **ઉસભકૂડ**(૨).[૧]

૧. જમ્બૂ.૬૩.

**ઉસહપુર** (ઋષભપુર) જુઓ **ઉસભપુર**.[૧]

૧. ઉત્તરાચૂ. પૃ.૧૦૫.

**ઉસહસેણ** (ઋષભસેન) જેમના શિષ્ય **સીહસેણ**(૭) હતા તે આચાર્ય.[૧]

૧. સંસ્તા. ૮૨-૮૩.

**ઉસુઆર** (ઇષુકાર) જુઓ **ઉસુયાર**.[૧]

૧. ઉત્તરા.૧૪.૧, ઉત્તરાચૂ.પૃ.૨૨૦.

**ઉસુઆરપુર** (ઇષુકારપુર) જુઓ **ઉસુયાર**(૩).[૧]

૧. ઉત્તરાનિ.પૃ.૩૯૪.

**ઉસુઆરિજ્જ** (ઇષુકારીયા) જુઓ **ઉસુયારિજ્જ**.[૧]

૧. ઉત્તરા.૧૪.૧.

**ઉસુકાર** (ઇષુકાર) જુઓ **ઉસુયાર**(૨).[૧]

૧. સમ.૩૯.

**ઉસુગાર** (ઇષુકાર) જુઓ **ઉસુયાર**(૨).[૧]

૧. સ્થા. ૯૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧. ઉસુયાર** (ઇષુકાર) **ઉસુયાર**(૩) નગરનો રાજા. **કમલાવઈ**(૧) તેની પત્ની હતી.[૧] તેનું મૂળ નામ **સીમંધર**(૬) હતું.[૨]

૧. ઉત્તરાનિ.પૃ.૩૯૪, ઉત્તરાચૂ.પૃ.૨૨૦. ૨. ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ.૩૯૪.

**૨. ઉસુયાર ધાયઈખંડ**ના દક્ષિણમાં અને ઉત્તરમાં આવેલા આ નામના બે પર્વતો. તે બે પર્વતો ખંડને પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ એમ બે ભાગમાં વહેંચી દે છે. આ બે પર્વતો સમાન જ બે પર્વતો આવી જ સ્થિતિમાં **પુક્ખરવરદીવ**માં આવેલા છે. આમ **સમયખિત્ત**માં ચાર **ઉસુયાર** પર્વતો છે.[૧]

૧. સ્થા.૯૨, સ્થાઅ.પૃ.૮૩, સમ.૩૯, ૬૯, સમઅ.પૃ.૬૬.

**૩. ઉસુયાર કુરુ**(૨) દેશમાં આવેલુ નગર.[૧] **ઉસભદત્ત**(૨) વેપારી અહીંનો હતો.[૨] આ નગરનો રાજા **ઉસુયાર**(૧) હતો.[૩]

૧. ઉત્તરાચૂ.પૃ.૨૨૦, ઉત્તરાશા.પૃ.૩૯૫, ૩૯૬, ઉત્તરા.૧૪.૧.
૨. વિપા.૩૪. ૩. ઉત્તરાનિ.પૃ.૩૯૪.

**ઉસુયારપુર** (ઇષુકારપુર) આ અને **ઉસુયાર**(૩) એક છે.[૧]

૧. ઉત્તરાચૂ.પૃ.૨૨૦, ઉત્તરાનિ.પૃ.૩૯૫.

**ઉસુયારિજ્જ** (ઇષુકારીય) **ઉત્તરજ્ઝયણ**નું ચૌદમું અધ્યયન.[૧]

૧. ઉત્તરાચૂ.પૃ.૨૨૦, ઉત્તરાનિ.પૃ.૯. સમ.૩૬.

**ઉસ્સપ્પિણી** (ઉત્સર્પિણી) ચડતું યા ઊર્ધ્વગામી કાલચક્ર. કાળનાં બે જાતનાં ચક્રો છે: ઉસ્સપ્પિણી અને **ઓસપ્પિણી** અર્થાત્ ઊર્ધ્વગામી અને અધોગામી. જ્ઞાન આદિનો વિકાસ જેનું લક્ષણ છે તે ઊર્ધ્વગામી અર્થાત્ ઉસ્સપ્પિણી કાલચક્ર છે.[૧] તેના છ ભાગો (અરો) છે.[૨]– (૧) **દુસ્સમદુસ્સમા**, (૨) **દુસ્સમા**, (૩) **દુસ્સમસુસમા**, (૪) **સુસમદુસ્સમા**, (૫) **સુસમા** અને (૬) **સુસમસુસમા**. તેમનો કાલવિસ્તાર અનુક્રમે એકવીસહજાર વર્ષ, એકવીસહાજર વર્ષ, એક કોટાકોટિ (અર્થાત્ કરોડ ´ કરોડ) સાગરોપમથી ન્યૂન બેતાલીસ હજાર વર્ષ, બે કોટાકોટિ સાગરોપમ વર્ષ, ત્રણ કોટાકોટિ સાગરોપમ વર્ષ[૨] અને ચાર કોટાકોટિ સાગરોપમ વર્ષ. આમ ઉસ્સપ્પિણી કાલચક્ર દસ કોટાકોટિ સાગરોપમ વર્ષનું છે. ઓસપ્પિણી કાલચક્ર વિપરીત લક્ષણવાળું (વિપરીતક્રમે) તેટલા જ સમયગાળાનું (અર્થાત્ દસ કોટાકોટિ સાગરોપમ વર્ષનું) છે.[૩] કેવળ **ભરહ**(૨) અને **એરવય**(૧) ક્ષેત્રમાં જ જ્ઞાન, આયુ, શરીરની ઊંચાઈ, બળશક્તિ આદિનો વિકાસ તેમ જ હ્રાસ ઉસ્સપ્પિણી (ઊર્ધ્વગામી) અને ઓસપ્પિણી (અધોગામી) બે કાલચક્રોના છ છ અરો દરમ્યાન થાય છે.[૪] સુસમદુસ્સમા અરમાં બધા **કુલગર**, પ્રથમ **તિત્થયર** અને પ્રથમ **ચક્કવટ્ટિ** અને દુસ્સમસુસમા અરમાં બાકીના તિત્થયરો, બાકીના ચક્કવટ્ટિઓ, બધા **બલદેવ**(૨), બધા **વાસુદેવ**(૧) અને બધા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પડિસત્તુ** ભરહ(૨) અને એરવય(૧) ક્ષેત્રોમાં જન્મ લે છે.[૫] **મહાવિદેહ**માં બે કાલચક્રો દેખાતા નથી, અનુભવાતા નથી.[૬] **દેવકુરુ** અને **ઉત્તરકુરુ**(૧)માં સદા સુસમસુસમા જ હોય છે અને **પુવ્વવિદેહ**(૧) અને **અવરવિદેહ**(૧)માં સદા દુસ્સમસુસમા જ હોય છે. **હરિવાસ**(૧) તેમ જ **રમ્મયવાસ**માં સદા સુસમા જ હોય છે અને **હેમવય**(૧) તેમજ **હેરણ્ણવય**(૧)માં સદા સુસમદુસ્સમા જ હોય છે.[૭]

૧. સ્થા. ૫૦, તીર્થો. ૯૭૬.
૨. સ્થા. ૪૯૨.
૩. સ્થા.૧૩૭, ૧૫૬, સમ.૨૧,૪૨, જમ્બૂ.૧૯, અનુહે.પૃ.૧૦૦, જીવામ. પૃ. ૩૪૫.
૪. ભગ. ૬૭૫.
૫. જમ્બૂ.૨૮,૩૪,૪૦, આવચૂ.૧.પૃ.૧૩૫.
૬. ભગ. ૬૭૫.
૭. સ્થા.૮૯.

**ઉસ્સારવાયઅ** (ઉત્સારવાચક) એક પ્રભાવશાળી આચાર્ય જેમણે એક વાર વાદમાં પાખંડીઓને હરાવ્યા હતા. આના કારણે તેમનામાં અભિમાન આવી ગયું. બીજા પ્રસંગે તે જ પ્રકારનો વાદ બીજા પાંખડીઓ સાથે કર્યો. તેમણે પ્રશ્નોના ઉત્તરો એટલી બધી બેદરકારીથી આપ્યા કે તેમને નામોશીભરી હાર ખાવી પડી.[૧]

૧. બૃભા. ૭૧૭.

## ઊ

**૧. ઊસાસ** (ઉચ્છ્વાસ) **પણ્ણવણા**નું સાતમું પદ(પ્રકરણ).[૧]

૧. પ્રજ્ઞા. ગાથા ૪.

**૨. ઊસાસ** **વિયાહપણ્ણત્તિ**ના બીજા શતકનો પ્રથમ ઉદ્દેશક.[૧]

૧. ભગ. ૮૪.

**ઊસાસણીસાસ** (ઉચ્છ્વાસનિ:શ્વાસ) **દીહદસા**નું દસમું અધ્યયન.[૧]

૧. સ્થા. ૭૫૫.

## એ

**એક** **જંબુદ્દીવ**ના ભરહ(૨) ક્ષેત્રમાં **સુસમા** અરમાં જે ચાર પ્રકારના લોકો હોય છે તેમાંનો એક પ્રકાર.[૧] આ પ્રકારના લોકો શ્રેષ્ઠ કહેવાય છે.[૨]

૧. જમ્બૂ. ૨૬.
૨. જમ્બૂશા. પૃ. ૧૩૧.

**એક્કોરુય** (એક્કોરુક) આ અને **એગોરુય** એક છે.[૧]

૧. જીવા. ૧૪૭.

**એગજંબૂ** (એકજમ્બૂ) **ઉલ્લુગતીર** નગરની બહાર આવેલું ચૈત્ય. **તિત્થયર** **મહાવીર** ત્યાં ગયા હતા.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ભગ. ૫૭૧.

**એગજડિ** (એકજટિન્) અઠ્ઠયાસી ગહમાંનો એક.[1]

૧. સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૫૩૫, સૂર્યમ.પૃ.૨૯૫, ૨૯૬, સ્થાઅ.પૃ. ૭૮, ૭૯.

**એગટ્ઠિય** (એકાસ્થિક) **વિયાહપણ્ણત્તિ**ના બાવીસમા શતકનો બીજો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૬૯૧.

**એગણાસા**(એકનાસા) **રુયગ**(૧) પર્વતના પશ્ચિમ ભાગમાં આવેલા શિખર **રુયગ**(૭) ઉપર વસતી મુખ્ય **દિસાકુમારી**.[1]

૧. જમ્બૂ.૧૧૪, તીર્થો.૧૫૭, સ્થા.૬૪૩.

**એગવીસસબલા** (એકવિંશતિશબલા) **આયારદસા**નું બીજું અધ્યયન.[1]

૧. સ્થા. ૭૫૫.

**૧. એગસેલ** (એકશૈલ) **એગસેલ**(૨) પર્વત ઉપર વસતો દેવ.[1]

૧. જમ્બૂ.૯૫.

**૨. એગસેલ મહાવિદેહ** ક્ષેત્રમાં **પુક્ખલાવઈ**(૧)ની પશ્ચિમે અને **પુક્ખલાવત્ત**(૧)ની પૂર્વે આવેલો **વક્ખાર** પર્વત. તેને ચાર શિખરો છે – **એગસેલકૂડ, પુક્ખલાવત્ત**(૨), **પુક્ખલાવઈ**(૨) અને **સિદ્ધાયયણ**.[1]

૧.જમ્બૂ.૯૫, જ્ઞાતા.૧૪૧, સ્થા.૩૦૨, ૬૩૭.

**એગસેલકૂડ** (એકશૈલકૂટ) **એગસેલ** પર્વતના ચાર શિખરોમાંનું એક.[1]

૧. જમ્બૂ.૯૫.

**એગાદસઉવાસગપડિમા** (એકાદશઉપાસકપ્રતિમા) **આયારદસા**નું છઠ્ઠું અધ્યયન.[1]

૧. સ્થા. ૭૫૫.

**એગિંદિય** (એકેન્દ્રિય) **વિયાહપણ્ણત્તિ**ના સત્તરમા શતકના બારમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૫૯૦.

**એગુરુય** (એકોરુક) આ અને **એગોરુય** એક છે.[1]

૧. જીવા.૧૧૧.

**એગુરૂય** (એકોરુક) આ અને **એગોરુય** એક છે.[1]

૧. જીવા. ૧૦૮.

**એગૂરુય** (એકોરુક) આ અને **એગોરુય** એક છે.[1]

૧. જીવા.૧૦૮, સ્થા.૩૦૪.

**એગોરુય** (એકોરુક) એક **અંતરદીવ**.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. પ્રજ્ઞા.૩૬, જીવા.૧૦૯-૧૧, ભગ.૩૬૪, ૪૦૮, સ્થા.૩૦૪, નન્દિમ.પૃ.૧૦૨, નન્દિહ. પૃ. ૩૩.

**એગોરૂય** (એકોરુક) આ અને **એગોરુય** એક છે.[1]

૧. જીવા. ૧૧૧.

**એણિજ્જય** (એણેયક) જુઓ **એણેજ્જગ**(૨)[1]

૧. સ્થા. ૬૨૧.

**૧. એણેજ્જગ** (એણેયક) **ગોસાલે** કરેલો પ્રથમ પઉટ્ટપરિહાર (પરકાયપ્રવેશ).[1]

૧. ભગ. ૫૫૦.

**૨. એણેજ્જગ સેયવિયા**ના રાજા **પએસિ**નો સંભવતઃ ખંડિયો રાજા. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર મહાવીર**નો શિષ્ય બની ગયો.[1]

૧. સ્થા. ૬૨૧ અને તેના ઉપર સ્થાઅ.

**એયણ** (એજન) **વિયાહપણ્ણત્તિ**ના પાંચમા શતકનો સાતમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૧૭૬.

**એરણ્ણવય** (ઐરણ્યવત) આ અને **હેરણ્ણવય** એક છે.[1]

૧. સ્થા. ૧૯૭.

**૧. એરવઈ** (ઐરવતી = અચિરવતી) ગંગા નદી સાથે સંબંધ ધરાવતી પાંચ મોટી નદીઓમાંની એક. તે દુર્લંઘ્ય છે.[1] તે **કુણાલા** નગર પાસે થઈને વહે છે.[2] તેની ઓળખ આવેલી વર્તમાન રાપ્તિ (Rapti) સાથે એકતા સ્થાપવામાં આવી છે.[3]

૧. નિશીચૂ. ૩. પૃ. ૩૬૪.
૨. નિશીભા. ૪૨૨૮-૪૨૨૯, નિશીચૂ. ૩. પૃ. ૩૬૮, ૩૭૧, કલ્પધ.પૃ.૧૮૧
૩. ઇંડિબુ.પૃ.૨૩.સંસ્કૃત અને પાલિ સાહિત્યમાં તે અચિરવતી નામે પ્રસિદ્ધ છે.

**૨. એરવઈ સિંધુ**(૧) નદીને મળતી પાંચ નદીઓમાંની એક.[1] તેની એકતા પંજાબમાં વહેતી રાવિ નદી સાથે સ્થાપવામાં આવી છે.[2]

૧. સ્થા.૪૭૦, ૭૧૭.
૨. લાઈ.પૃ.૨૮૨, જઇહિ. પૃ.૧૩.

**૧. એરવય** (ઐરવત) **જંબૂદીવ**માં આવેલું ક્ષેત્ર જેનું ક્ષેત્રફળ **ભરહ**(૨) ક્ષેત્રના ક્ષેત્રફળ બરાબર છે.[1] તે **સિહરિ** પર્વતની ઉત્તરે, ઉત્તર **લવણ** સમુદ્રની દક્ષિણે, પશ્ચિમ લવણ સમુદ્રની પૂર્વે અને પૂર્વ લવણ સમુદ્રની પશ્ચિમે આવેલ છે.[2] તેના લોકો **ઉસ્સપ્પિણી** (ઊર્ધ્વગામી, વિકાસોન્મુખ) અને **ઓસપ્પિણી** (અધોગામી, હ્રાસોન્મુખ) કાલચક્રોના છ છ અરોમાં જ્ઞાન, આયુષ્ય, શરીરની ઊંચાઈ, બળ આદિનો વિકાસ અને હ્રાસ અનુભવે છે.[3] બાકીનું બધું વર્ણન ભરહ ક્ષેત્રના વર્ણનને તદન મળતું છે.[4]

૧. જમ્બૂ. ૧૧૧, સ્થા.૮૬, ૧૯૭, ૫૨૨, સમ. ૧૪.
૨. જમ્બૂ. ૧૧૧.
૩. ભગ. ૬૭૫, જમ્બૂ. ૧૧૧.
૪. જીતભા. ૪૩૪, બૃભા. ૬૪૪૮, તીર્થો. ૧૦૦૬, આચાચૂ. પૃ. ૧૩૩, ૧૫૩.

**૨. એરવય એરવય** (૧) ક્ષેત્રના પ્રથમ **ચક્કવટ્ટિ**.[1]

૧. જમ્બૂ. ૧૧૧.

**૩. એરવય એરવય**(૧) ક્ષેત્રના અધિષ્ઠાતા દેવ.[1]

૧. જમ્બૂ.૧૧૧.

**૪. એરવય સિહરિ** પર્વતના અગિયાર શિખરોમાંનું એક.[1]

૧. જમ્બૂ. ૧૧૧, સ્થા. ૬૮૯.

**એરાવઈ** અથવા **એરાવતી** (ઐરાવતી) આ અને **એરવઈ** એક છે.[1]

૧. સ્થા. ૪૭૦, નિશીચૂ. ૩. પૃ. ૩૬૪ (પ્રકરણ ૧૨ સુ. ૪૨)

**૧. એરાવણ** (ઐરાવણ કે ઐરાવત) **સક્ક**(૩)નો મુખ્ય હાથી અને સક્કના ગજદળનો સેનાપતિ.[1]

૧. સ્થા.૪૦૪, ૫૮૨, કલ્પવિ.પૃ. ૭, ૨૫, કલ્પધ. પૃ. ૨૬, જીવામ.પૃ. ૩૮૮.

**૨. એરાવણ ઉત્તરકુરુ** (૧) ઉપક્ષેત્રમાં આવેલું સરોવર.[1] તેની બન્ને બાજુ વીસ **કંચણગ** પર્વતો આવેલા છે.[2]

૧. સ્થા. ૪૩૪. ૨. જમ્બૂ.૮૯.

**૩. એરાવણ સક્ક**(૩)ના ગજદળનો સેનાપતિ. તે અને **એરાવણ**(૧) એક છે.[1]

૧. સ્થા. ૪૦૪.

**એરાવય** (ઐરાવત) આ અને **એરવય** એક છે.

૧. જમ્બૂ. ૮૯, ૧૧૧, વિશેષા.૫૪૯, જીતભા. ૨૧૧૧.

**એલકચ્છ** અથવા **એલગચ્છ** (એડકાક્ષ) **દસણ્ણપુર**નું બીજું નામ. આ પુરમાં રહેતા ઘેટા જેવી આંખોવાળા એક માણસના ઉપનામ એલકચ્છ (એલક અથવા એલગ એટલે ઘેટો અને અચ્છ એટલે આંખ) ઉપરથી આ પુરનું નામ એલકચ્છ યા એલગચ્છ પડી ગયું.[1] આચાર્ય **મહાગિરિ** અને **સુહત્થિ**(૧) આ નગરમાં આવ્યા હતા.[2]

૧. આવચૂ.૨.પૃ.૧૫૬, ૨૭૦, આવનિ.૧૨૭૮, આવહ.પૃ. ૬૬૮.
૨. આવચૂ.૨.પૃ.૧૫૬-૧૫૭.

**એલાવચ્ચ** (ઐલાપત્ય) **મંડવ** ગોત્રની સાત શાખાઓમાંની એક.[1] આચાર્ય **મહાગિરિ** આ શાખાના હતા.[2]

૧. સ્થા. ૫૫૧. ૨. નન્દિ. ગાથા ૨૫, નન્દિમ.પૃ. ૪૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**એલાવચ્ચા** (ઐલાપત્યા) પખવાડિયાના ત્રીજા દિવસની રાત.[1]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૮.

**એલાસાઢ** (ઐલાષાઢ) **ધુતક્ખાણગ**ના ચાર ઠગમાંનો એક ઠગ. તેણે બાકીના ત્રણ ઠગ આગળ પોતાના અનુભવની કથા નીચે પ્રમાણે કહી – "એક વાર હું મારી ગાયો લઈને જંગલમાં ગયો. એકાએક કેટલાક લૂંટારાઓ ત્યાં દેખાયા. મેં મારી બધી ગાયોને કામળામાં સંતાડી દીધી અને કપડામાં બાંધી દીધી. તે પોટલું માથે મૂકી હું ગામ તરફ દોડી ગયો. થોડીવારમાં તો લૂંટારાઓ પણ ગામમાં પ્રવેશ્યા. એટલે ભય પામેલા ગામના લોકો વાલુંક ફળમાં પેસી ગયા. તે ફળને બકરી ખાઈ ગઈ. તે બકરીને પછી અજગર ગળી ગયો. તે અજગરને એક પક્ષી ખાઈ ગયું. પંખી ઊડીને વડના વૃક્ષ ઉપર બેઠું. તેનો એક પગ નીચે તરફ લટકતો હતો. તે લટકતા પગમાં રાજાની સેનાનો હાથી ફસાઈ ગયો. એટલે તે પક્ષીને તીર મારી મારી નાંખવામાં આવ્યું. જ્યારે તે પક્ષીનું પેટ ચીરવામાં આવ્યું ત્યારે તેમાંથી અજગર બહાર નીકળી આવ્યો. જ્યારે અજગરનું પેટ ચીરવામાં આવ્યું ત્યારે તેમાંથી બકરી નીકળી, વગેરે વગેરે."[1]

૧. નિશીભા. ૨૯૪, નિશીચૂ. ૧. પૃ. ૧૦૨-૧૦૩.

## ઓ

**ઓક્કુરુડ** (ઉત્કુરુટ) જુઓ **ઉક્કુરુડ**.[1]

૧. આવહ. પૃ. ૪૬૫.

**ઓગાહણસંઠાણ** (અવગાહનસંસ્થાન) **પણ્ણવણા**નું એકવીસમું પદ (પ્રકરણ).[1]

૧. પ્રજ્ઞા. ગાથા ૬.

**ઓઘસ્સરા** (ઓઘસ્વરા) **ચમરચંચા** નગરીમાં આવેલો ઘંટ.[1]

૧. જમ્બૂ.૧૧૯, આવચૂ.૧.પૃ. ૧૪૬.

**ઓદિઓદઅ** (ઉદિતોદય) જુઓ **ઉદિઓદઅ**.[1]

૧. આવહ. પૃ. ૪૩૦.

**ઓભાસ** (અવભાસ) **અટ્ઠ્યાસી ગહ**માંનો એક ગહ.[1]

૧. સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૫૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬, સ્થાઅ.પૃ.૭૮-૭૯.

**ઓમજ્જાયણ** (અવમજ્જાયન) **પુસ્સ**(૧) નક્ષત્રનું ગોત્રનામ.[1]

૧. જમ્બૂ.૧૫૯, સૂર્ય. ૫૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઓરબ્ભ** (ઉરભ્ર) આ અને **ઉઅબ્ભિજ્જ** એક છે.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૯.

**ઓવકોસા** (ઉપકોશા) આ અને **ઉવકોસા** એક છે.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૮૫.

**ઓવણગર** (ઉપનગર) આચાર્ય **રક્ખિય**(૧)ના પિતાના મિત્ર જે ગામના હતા તે ગામ.[1]

૧. આવચૂ. ૧. પૃ. ૪૦૨.

**ઓવાઇય** (ઔપપાતિક) આ અને **ઉવવાઇય** એક છે.[1]

૧. પાક્ષિ. પૃ. ૪૩.

**ઓવાદિય** (ઔપપાતિક) આ અને **ઉવવાઈય** એક છે.[1]

૧. અનુચૂ. પૃ. ૨.

**ઓસપ્પિણી** (અવસર્પિણી) અધોગામી યા હ્રાસોન્મુખ કાલચક્ર. જ્ઞાન, આયુષ્ય, શરીરની ઊંચાઈ, બળ, વગેરેનો હ્રાસ તેનું લક્ષણ છે.[1] તેના છ ભાગો (અર) છે – (૧) **સુસમસુસમા**, (૨) **સુસમા**, (૩) **સુસમદુસ્સમા**, (૪) **દુસ્સમસુસમા**, (૫) **દુસ્સમા** અને (૬) **દુસ્સમદુસ્સમા**.[2] આ છ ભાગોનો સમયગાળો **ઉસ્સપ્પિણી**ના છ ભાગો અર્થાત્ અરો જે વિપરીત ક્રમમાં છે તેમના સમયગાળા જેટલો જ છે.[3] જુઓ **ઉસ્સપ્પિણી**.

૧. ભગ.૨૮૭, કલ્પવિ.પૃ.૧૪.
૨. સ્થા. ૪૯૨, આચા.૨.૧૭૫.
૩. સ્થા.૭૫૬, સમ.૨૧, ૪૨, જીવામ. પૃ. ૩૪૫, જમ્બૂ. ૧૯.

**ઓસહિ** (ઔષધિ) **મહાવિદેહ**માં આવેલા **પુક્ખલાવત્ત** પ્રદેશની રાજધાની.[1]

૧. જમ્બૂ. ૯૫.

**ઓસાણ** (અવશ્યાનક) **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧) જે સ્થાને ગયા હતા તે સ્થાન.[1]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ. ૩૭૯.

**ઓહણિજ્જુત્તિ** (ઓઘનિર્યુક્તિ) ભદ્દબાહુ(૨)એ રચેલો આગમગ્રન્થ.[1] શરૂઆતમાં મૂળે તો તે **આવસ્સય**ની એક પ્રકારની ગાથાબદ્ધ ટીકા **આવસ્સયણિજ્જુત્તિ**નો એક ભાગ હતો.[2] શ્રમણજીવનના કેટલાક મૂલભૂત નિયમો અને ગૌણ નિયમોનું તે નિરૂપણ કરે છે.[3]

૧. ઓઘનિદ્રો. પૃ.૧૧. ૨. એજન પૃ.૧, આવચૂ.૧.પૃ.૩૪૧. ૩. ઓઘનિદ્રો.પૃ.૪.

**ઓહણિજ્જુત્તિચુણ્ણિ** (ઓઘનિર્યુક્તિચૂર્ણિ) **ઓહણિજ્જુત્તિ** ઉપરની એક પ્રકારની ટીકા.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૪૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઓહસામાયારી** (ઓઘસામાચારી) શ્રમણજીવનના સર્વસામાન્ય નિયમોનું નિરૂપણ કરતો આગમગ્રન્થ.[1] તે **ઓહણિજ્જુત્તિ**નો એક ભાગ છે.[2]

૧. આવચૂ.૨.પૃ.૭૩, ૧૫૭. ૨. એજન.૧.પૃ.૩૪૧.

**ઓહાણસુય** (ઉપધાનશ્રુત) આ અને **ઉવહાણસુય** એક છે.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૬૯.

**ઓહિ** (અવધિ) (૧) **વિયાહપણ્ણત્તિ**ના સોળમા શતકનો દસમો ઉદ્દેશક[1] અને (૨) **પણ્ણવણા**નું તેત્રીસમું પદ (પ્રકરણ).[2]

૧. ભગ. ૫૬૧. ૨. પ્રજ્ઞા. ગાથા ૭.

## <u>ક</u>

**૧. કઈલાસ** (કૈલાસ) **અણુવેલંધર** દેવોના ચાર ઇન્દ્રોમાંનો એક. તેનો વાસ **કઈલાસ**(૩) પર્વત ઉપર છે.[1] જુઓ **અણુવેલંધરણાગરાય.**

૧. જીવા. ૧૬૦.

**૨. કઈલાસ નંદીસર**(૧) દ્વીપના પૂર્વાર્ધનો અધિષ્ઠાતા દેવ.[1]

૧. જીવા.૧૮૩, જીવામ.પૃ. ૩૬૫.

**૩. કઈલાસ લવણ** સમુદ્રમાં દક્ષિણપશ્ચિમ દિશામાં ૪૨૦૦૦ યોજન દૂર આવેલો પર્વત.[1] તેની ઊંચાઈ ૧૭૨૧ યોજન છે.[2] તે **અણુવેલંધર** દેવોનું વાસસ્થાન છે.[3] તેના ઇન્દ્રનું અને તે ઇન્દ્રની રાજધાનીનું પણ આ જ નામ (કઈલાસ) છે.[4]

૧. સ્થા.૩૦૫, ૨. સમ.૧૭. ૩. જીવા.૧૬૦. ૪. જીવા.૧૬૦.

**૪. કઈલાસ અંતગડદસા**ના છઠ્ઠા વર્ગનું સાતમું અધ્યયન.[1]

૧. અન્ત.૧૨.

**૫. કઈલાસ સાગેય** નગરનો વેપારી. તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બન્યો. બાર વર્ષ શ્રમણજીવનની સાધના પછી તે **વિપુલ** પર્વત ઉપર મોક્ષ પામ્યો.[1]

૧. અન્ત.૧૨.

**૬. કઈલાસ** એક પર્વત.[1] તેની એકતા હિમાલયમાં આવેલા કૈલાસ પર્વત સાથે સ્થાપી શકાય.

૧. ઉત્તરાચૂ.પૃ.૧૮૫.

**કઉરવ્વ** (કૌરવ્ય) જુઓ **કોરવ્વ.**[1]

૧. પ્રજ્ઞા. ૩૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કંકપઓસ** (કાઙ્ક્ષાપ્રદોષ) **વિયાહપણ્ણત્તિ**ના પ્રથમ શતકનો ત્રીજો ઉદ્દેશક.[1]

૧. ભગ.૩.

૧. **કંચણ** (કાઞ્ચન) **સોમણસ**(૫) પર્વતનું શિખર. તેની ઊંચાઈ પાંચ સો યોજન છે.[1]

૧. જમ્બૂ.૯૭, સ્થા.૫૯૦.

૨. **કંચણ** **રુયગ**(૧) પર્વતના પૂર્વ ભાગનું શિખર તેમ જ પશ્ચિમ ભાગનું શિખર.[1]

૧. સ્થા. ૬૪૩.

**કંચણકૂડ** (કાઞ્ચનકૂટ) સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત સાગરોપમ વર્ષનું છે, જ્યાં દેવો સાત પખવાડિયે એકવાર શ્વાસ લે છે અને સાત હજાર વર્ષોમાં એક વાર જ તેમને ભૂખ લાગે છે. તે **સમ** જેવું જ છે.[1]

૧. સમ. ૭.

**કંચણગ** (કાઞ્ચનક) જુઓ **કંચણગપવ્વય**.[1]

૧. જમ્બૂ. ૮૯.

**કંચણગપવ્વય** (કાઞ્ચનકપર્વત) એક સો યોજન ઊંચાઈવાળો પર્વત.[1] **જંબૂદીવ**માં આવા બસો પર્વતો છે.[2] તે બસોમાંથી સો **ઉત્તરકુરુ**(૧)માં છે અને સો **દેવકુરુ**માં છે. તેઓ દસ દસ યોજનના અંતરે **ણીલવંત**(૨) આદિ દસ સરોવરોની પૂર્વ અને પશ્ચિમ બાજુઓ પર આવેલા છે.[3] આ દસ સરોવરોમાંથી પાંચ ઉત્તરકુરુમાં છે અને પાંચ દેવકુરુમાં છે. આ પર્વતો ઉપર **જંભગ** દેવો વસે છે.[4]

૧. સમ.૧૦૦, જમ્બૂ.૮૯.
૨. સમ. ૧૦૦, ૧૦૨.
૩. જમ્બૂ.૮૯, જીવા.૧૫૦, સમ.૧૦૦.
૪. ભગ. ૫૩૩.

**કંચણપવ્વય** (કાઞ્ચનપર્વત) આ અને **કંચણગપવ્વય** એક છે.[1]

૧. સમ.૧૦૨, ભગ.૫૩૩.

**કંચણપુર** (કાઞ્ચનપુર) **કલિંગ** (૧) દેશની રાજધાનીનું નગર.[1] **જિણધમ્મ** વેપારી આ શહેરનો હતો.[2] **કરકંડુ** રાજા અહીં રાજ કરતા હતા.[3] તેની એકતા વર્તમાન ભુવનેશ્વર સાથે સ્થાપવામાં આવી છે.[4]

૧. પ્રજ્ઞા.૩૭, વ્યવભા.૧૦.૪૫૦, ઉત્તરાચૂ.પૃ.૧૭૮, ઉત્તરાક.પૃ.૧૮૩, ઓઘનિદ્રો. પૃ. ૨૧.
૨. મર.૪૨૩.
૩. ઉત્તરાચૂ. પૃ.૧૭૮, ઉત્તરાનિ.પૃ.૨૯૯., ઉત્તરાશા. પૃ. ૩૦૨.
૪. શ્રભમ. પૃ.૩૬૦.

**કંચણપુરી** (કાઞ્ચનપુરી) સ્થળનામ.[1] સંભવતઃ આ અને **કંચણપુર** એક છે.

૧. નિશીચૂ.૩.પૃ.૨૯૫.

**કંચણમાલા** (કાઞ્ચનમાલા) રાજા પજ્જોઅની દાસી. તેણે ઉદાયણ(૨) સાથે ભાગી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવામાં **વાસવદત્તા**(૧)ને મદદ કરી હતી.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૬૧, આવહ.પૃ. ૬૭૪.

**કંચણા** (કાઞ્ચના) જેના માટે યુદ્ધ ખેલાયું હતું તે સ્ત્રી.[1] તેના વિશે બીજી કોઈ જાણકારી નથી.[2]

૧. પ્રશ્ન.૧૬. ૨. પ્રશ્નઅ. પૃ.૮૯.

**કંડગ** (કણ્ડક) આ અને **કુંડાગ** એક છે.[1]

૧. આવચૂ.૧. પૃ.૨૯૩.

**કંડચ્છારિઅ** અથવા **કંડત્થારિઅ** (કણ્ડક્ષારિક) એક ગામ.[1]

૧. વ્યવભા. ૭.૧૫૪, વ્યવમ.૭.પૃ.૨૯.

**કંડરિઅ** (કણ્ડરીક) જુઓ **કંડરીય.**[1]

૧. આવહ.પૃ.૭૦૧, મર. ૬૩૭.

**કંડરીઅ** (કણ્ડરીક) જુઓ **કંડરીય.**[1]

૧. આચાચૂ.પૃ.૫૮, આવનિ.૧૨૮૩.

**૧. કંડરીય** (કણ્ડરીક) **પુંડરીગિણી**(૧) નગરીના રાજા **મહાપઉમ**(૭) અને તેની રાણી **પઉમાવતી**(૩)નો પુત્ર. તે **પુંડરીય**(૪)નો નાનો ભાઈ હતો. તે સંસારનો ત્યાગ કરી પાછો સંસારમાં આવ્યો હતો. પુંડરીયે તેને રાજ આપી દીધું અને સંસાર ત્યાગી તે શ્રમણ બન્યો. મૃત્યુ પછી કંડરીય નરકે ગયો અને પુંડરીય **સવ્વટ્ઠસિદ્ધ** વિમાનમાં (સ્વર્ગીય વાસસ્થાનમાં) દેવ તરીકે જન્મ્યો.[1]

૧. જ્ઞાતા.૧૪૧-૧૪૭, સ્થા.૨૪૦, સ્થાઅ.પૃ.૩૦૩, આચાચૂ.પૃ.૫૮,૨૧૧, આચાશી.પૃ.૧૧૩, ૨૪૧, આવચૂ.૧.પૃ.૫૪૯, મર. ૬૩૭, સૂત્રનિ. ૧૪૭, ઉત્તરાશા.પૃ.૩૨૬, મનિ.પૃ. ૧૭૬, આવહ.પૃ.૨૮૮.

**૨. કંડરીય સાએય** નગરના રાજા **પુંડરીય**(૨)નો નાનો ભાઈ. પુંડરીયે તેની રૂપાળી પત્ની **જસભદ્દા**ને વશ કરવા તેની હત્યા કરી હતી.[1]

૧. આવચૂ.૨. પૃ.૧૯૧, આવહ.પૃ.૭૦૧.

**કંડિલ્લ** (કાણ્ડિલ્ય) **મંડવ** ગોત્રની સાત શાખાઓમાંની એક.[1]

૧. સ્થા. ૫૫૧.

**કંડૂ** (કણ્ડૂ) બ્રાહ્મણ પરિવ્રાજક.[1]

૧. ઔપઅ. પૃ. ૯૨, ઔપ. ૩૮ અનુસાર કંડૂના સ્થાને કણ્હ પાઠ છે જે ખોટો છે કેમ કે ત્યાં કણ્હનો અલગથી ઉલ્લેખ છે જ.

**૧. કંત** (કાન્ત) **ઘતોદ** સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.[1]

૧. જીવા. ૧૮૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨. કંત** **તિત્થયર** **ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૧, કલ્પવિ.પૃ.૨૩૬.

**કંદ** (ક્રન્દ) આ અને **કંદિય** એક છે.[1]

૧. સ્થા. ૯૪.

**કંદપ્પ** (કન્દર્પ) મોટેથી ખડખડાટ હસતો દેવ.[1] તે **સક્ક** (૩)ના લોગપાલ **જમ્મ**(૨)ની આજ્ઞામાં છે.[2]

૧. પ્રશ્ન.૨૫, પ્રશ્નઅ.પૃ.૧૨૧, પ્રજ્ઞા.૨૬૫. ૨. ભગ. ૧૬૬.

**કંદપ્પિય** (કાન્દર્પિક) **સમણ**(૧) ભિક્ષુઓનો એક વર્ગ.[1] તે લોકોને હસાવીને પોતાની આજીવિકા રળતા હતા.

૧. ઔપ.૩૮, ભગ.૨૫. ૨. ભગઅ.પૃ.૫૦, ઔપઅ. ૯૨.

**કંદાહાર** (કન્દાહાર) કંદમૂળ ખાઈને જીવતા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.[1]

૧. ભગ. ૪૧૭, નિર.૩.૩, ઔપ.૩૮, આચાચૂ.૧.પૃ.૨૫૭.

**કંદિય** (ક્રન્દિત) **વાણમંતર** દેવોનો એક વર્ગ. તેના બે ઈન્દ્રો છે – **સુવચ્છ**(૨) અને **વિસાલ**(૨).[1]

૧. પ્રજ્ઞા.૪૭, ૪૯, સ્થા. ૯૪, પ્રશ્ન. ૧૫.

**૧. કંપિલ્લ** (કામ્પિલ્ય) **અંતગડદસા**ના પ્રથમ વર્ગનું સાતમું અધ્યયન.[1]

૧. અન્ત.૧.

**૨. કંપિલ્લ** **બારવઈ** નગરીના **અંધગવણ્હિ** અને **ધારિણી**(૫)નો પુત્ર. તેણે **તિત્થયર** **અરિટ્ઠણેમિ**ની આજ્ઞામાં રહી બાર વર્ષ સુધી શ્રમણ જીવનની આરાધના કરી અને પછી **સેત્તુંજ** પર્વત ઉપર મોક્ષ પ્રાપ્ત કર્યો.[1]

૧. અન્ત.૨.

**૩. કંપિલ્લ** **ચક્કવટ્ટિ** **બંભદત્ત** (૧)ની પત્ની **મલયવઈ**(૧)ના પિતા.[1]

૧. ઉત્તરાનિ. પૃ. ૩૭૯.

**૪. કંપિલ્લ** **પંચાલ**ની **ગંગા** નદીના તીરે આવેલી રાજધાની.[1] **દોવઈ**નો સ્વયંવર આ નગરમાં થયો હતો.[2] **તિત્થયર** **પાસ**(૧) અને **મહાવીર** આ નગરમાં આવ્યા હતા.[3] તેરમા તિત્થયર **વિમલે** આ નગરમાં જન્મ લીધો હતો તેમ જ દીક્ષા પણ ગ્રહણ કરી હતી.[4] પરિવ્રાજક **અમ્મડ**(૧)[5] અને **ણિણ્હવ** **આસમિત્ત**[6] આ નગરમાં આવ્યા હતા જ્યારે શ્રાવક **કુંડકોલિય** તો આ નગરના જ હતા.[7] આ નગર ઉપર રાજ કરનાર કેટલાક રાજાઓનાં નામ આ પ્રમાણે છે – **જિયસત્તુ**(૨)[8], **દુવય**[9], **બંભદત્ત**(૧)[10], **દુમ્મુહ**(૩)[11] અને **સંજય**(૧).[12] કંપિલ્લની એકતા ઉત્તરપ્રદેશના ફરુખાબાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિલ્લામાં આવેલા વર્તમાન કમ્પિલ સાથે સ્થાપવામાં આવી છે.[૧૩]

૧. જ્ઞાતા.૭૪, પ્રજ્ઞા.૩૭, આવચૂ.૨. પૃ.૨૩૭, ઔપ. ૩૯.
૨. જ્ઞાતા. ૧૧૮.
૩. જ્ઞાતા.૧૫૭, ઉપા. ૩૫.
૪. તીર્થો. ૫૦૨.
૫. ઔપ.૪૦, ભગ. ૫૩૦.
૬. આવચૂ.૧, પૃ.૪૨૨, સ્થાઅ. પૃ. ૪૧૨, વિશેષાકો. પૃ. ૬૯૩.
૭. ઉપા. ૩૫, સ્થાઅ. પૃ. ૫૦૯.
૮. ઉપા.૩૫, સ્થાઅ.પૃ. ૪૦૧-૪૦૨.
૯. પ્રશ્નઅ.પૃ.૮૭, જ્ઞાતા.૧૧૬.
૧૦. નિશીચૂ.૨.પૃ.૨૧, ઉત્તરાચૂ.પૃ.૨૧૪, ઉત્તરાનિ.પૃ.૩૭૯,ઉત્તરાશા.પૃ.૩૭૭.
૧૧. ઉત્તરાચૂ. પૃ.૧૭૮.
૧૨. ઉત્તરા.૧૮.૧, ઉત્તરાચૂ.પૃ.૨૪૮, ઉત્તરાનિ.પૃ. ૪૩૮.
૧૩. જિઓડિ. પૃ. ૮૮.

**કંપિલ્લપુર** (કામ્પિલ્યપુર) આ અને **કંપિલ્લ**(૪) એક છે.[૧]

૧. જ્ઞાતા.૭૪, તીર્થો.૫૦૨, ઔપ.૪૦, ભગ.૫૩૦, ઉપા.૩૫.

**કંપેલ્લપુર** (કામ્પિલ્યપુર) આ અને **કંપિલ્લ**(૪) એક છે.[૧]

૧. આવચૂ.૧.પૃ.૪૨૨.

**કંબલ ણાગકુમાર** દેવ. તે અને બીજો ણાગકુમાર દેવ **સંબલ** તેમના પૂર્વભવમાં બળદો હતા. તે બન્નેએ તેમના માલિકની જેમ જ વ્રતોનું પાલન કર્યું જેના પરિણામે તેઓ મૃત્યુ પછી ણાગકુમાર દેવો તરીકે જન્મ્યા હતા. **ગંગા** પાર કરતા **મહાવીર**ના માર્ગમાં આવેલા વિઘ્નોને તેમણે દૂર કર્યા હતા.[૧]

૧. આવનિ.૪૭૦-૪૭૨, આવચૂ.૧.પૃ.૨૮૦,વિશેષા.૧૯૨૪-૨૬, કલ્પવિ.પૃ.૧૩૩, કલ્પશા.પૃ.૧૨૬.

**કંબુ લંતઅ** સ્વર્ગ (કલ્પ)માં આવેલુ સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર સાગરોપમ વર્ષનું છે, જ્યાં બાર પખવાડિયે દેવો એક જ વાર શ્વાસ લે છે અને જ્યાં દેવોને બાર હજાર વર્ષે એક વાર જ ભૂખ લાગે છે.[૧]

૧. સમ.૧૨.

**કંબુગ્ગીવ** (કમ્બુગ્રીવ) **કંબુ** જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.[૧]

૧. સમ.૧૨.

**કંબોય** (કમ્બોજ) **અણારિય**(અનાર્ય) દેશ.[૧] તે તેના અશ્વો માટે પ્રખ્યાત છે.[૨] તેની એકતા કાશ્મીરની ઉત્તરે આવેલા ઘલ્છ ભાષા બોલતા પામીરપ્રદેશ સાથે સ્થાપવામાં આવી છે.[૩]

૧. સૂત્રશી. પૃ. ૧૨૩.
૨. ઉત્તરા. ૧૧.૧૬, ઉત્તરાચૂ.પૃ.૧૯૮. ઉત્તરાશા. પૃ. ૩૪૮.
૩. ભાભૂ. પૃ. ૨૯૭-૩૦૫.

**કંમારગામ** (કર્મકારગ્રામ) પોતાની દીક્ષા પછી તરત જ **મહાવીર** જે સન્નિવેશમાં ગયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતા તે સન્નિવેશ.[1] ત્યાં ગોવાળે તેમને ત્રાસ આપ્યો હતો.[2] ત્યાંથી તેમણે **કોલ્લાગ**(૨) માટે પ્રયાણ કર્યું હતુ.[3] કંમારગામ એ શ્રમજીવીઓ અથવા લુહારોની વસાહત કહેવાતી હતી જે **ખત્તિયકુંડગ્ગામ** અને કોલ્લાગની વચ્ચે આવેલી હતી.[4] તેનાં અન્ય નામો આ હતાં– **કુમારગામ, કુમ્મારગામ**(૧) અને **કંમારગ્ગામ.**

૧. આવચૂ.૧.પૃ.૨૬૭, વિશેષા.૧૯૧૧, આચા.૨.૧૭૯, આચાશી.પૃ.૩૦૧, આચાચૂ.પૃ.૨૯૮, આવભા.૧૧૧, આવહ.પૃ.૧૮૮, કલ્પવિ.પૃ.૧૫૬, આવમ.પૃ.૨૬૭.
૨. આવચૂ.૧.પૃ.૨૭૦, ૩૧૬.
૩. એજન. પૃ. ૨૭૦.
૪. શ્રભમ. પૃ. ૩૬૦.

**કંમારગ્ગામ** (કર્મકારગ્રામ) જુઓ **કંમારગામ.**[1]

૧. આવચૂ.૧.પૃ. ૨૬૮.

**૧. કંસ** અઠ્યાસી ગહમાંનો એક.[1]

૧. સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૯૬, સ્થાઅ.પૃ.૭૮, ૭૯.

**૨. કંસ** મહુરા(૧)ના ઉગ્ગસેણ રાજાનો પુત્ર. તે **જરાસંધ**ની પુત્રીને પરણ્યો હતો. તે પોતાના પિતાને કેદમાં પૂરી પોતે જ મહુરાનો રાજા બની બેઠો. તે પોતાના પૂર્વભવમાં તાપસ હતો.[1] તેને તેમજ તેના સસરા જરાસંધને **વાસુદેવ**(૨) **કણ્હ**(૧)એ હણ્યા હતા.[2] **અઇમુત્ત**(૨) કંસનો નાનો ભાઈ હતો.[3]

૧. કલ્પસ.પૃ.૧૭૩, પ્રશ્ન.૧૫, પ્રશ્નઅ. પૃ.૭૪, સૂત્રચૂ.પૃ.૩૪૦.
૨. આચાશી. પૃ. ૧૦૦.
૩. કલ્પસ.પૃ.૧૭૩.

**કંસણાભ** (કંસનાભ) અઠ્ઠ્યાસી ગહમાંનો એક જે **કંસવણ્ણ** નામે પણ જાણીતો છે.[1]

૧. સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, સ્થાઅ.પૃ.૭૮-૭૯, જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૯૬.

**કંસવણ્ણ** (કંસવર્ણ) આ અને **કંસણાભ** એક છે.[1]

૧. સ્થા.૯૦, સ્થાઅ.પૃ.૭૯.

**કંસવણ્ણાભ** (કંસવર્ણાભ) અઠ્યાસી ગહમાંનો એક.[1]

૧. જમ્બૂ.૧૭૦, સૂર્ય.૧૦૭, સ્થા.૯૦.

**કક્ક** (કર્ક) **ચક્કવટ્ટિ બંભદત્ત** (૧)ના પાંચ મહેલોમાંનો એક.[1]

૧. ઉત્તરા.૧૩.૧૩.

**કક્કંધ** (કર્કન્ધ) જુઓ **વંધ.**[1]

૧. સ્થા.૯૦.

**કક્કેય** આ અને કેકય એક છે.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. પ્રજ્ઞા.૩૭.

**કક્કિ** (કલ્કિન્) **પાડલિપુત્ત**નો ભાવી રાજા જે શ્રમણસંઘનું અપમાન કરશે.[1]

૧. મનિ.પૃ.૧૨૬, ૧૭૯, તીર્થો.૬૭૩.

**૧. કક્કોડઅ** (કર્કોટક) **અણુવેલંધર** દેવો જ્યાં રહે છે તે પર્વત.[1] તે **લવણ** સમુદ્રમાં ઉત્તરપૂર્વમાં ૪૨,૦૦૦ યોજનના અંતરે આવેલો છે.[2] તેની ઊંચાઈ ૧૭૨૧ યોજન છે[3]. તેના રાજાનું પણ આ જ નામ છે. તે રાજા **અણુવેલંધરણાગરાય** નામે પણ જાણીતો છે. તેના પાટનગરનું પણ આ જ નામ છે.[4]

૧. જીવા.૧૬૦, ભગઅ.પૃ.૧૯૯, સ્થા. ૩૦૫.
૨. સ્થા.૩૦૫.
૩. સમ.૧૭.
૪. જીવા.૧૬૦.

**૨. કક્કોડઅ સક્ક**(૩)ના **લોગપાલ વરુણ**(૧)ના કુટુંબનો સભ્ય.[1] સંભવતઃ આ જ **કક્કોડઅ**(૧)નો રાજા છે.

૧. ભગ.૧૬૭.

**૧. કચ્ચાયણ** (કાત્યાયન) **કોસિય**(૫) ગોત્રની શાખા.[1] આચાર્ય **પભવ**[2] અને શ્રમણ **ખંદઅ**(૨)[3] આ શાખાના હતા.

૧. સ્થા. ૫૫૧. ૨.નન્દિ.ગાથા ૨૩, નન્દિમ.પૃ.૪૮. ૩. ભગ.૯૦.

**૨. કચ્ચાયણ મૂલ** નક્ષત્રનું ગોત્રનામ.[1]

૧. સૂર્ય.૫૦, જમ્બૂ.૧૫૯.

**૧. કચ્છ જંબૂદીવ**ના **મહાવિદેહ** ક્ષેત્રમાં આવેલો **વિજય**(૨૩) નામનો પ્રદેશ. તે **સીયા**(૧) નદીની ઉત્તરે, **ણીલવંત**(૧) પર્વતની દક્ષિણે, **માલવંત**(૧) પર્વતની પૂર્વે અને **ચિત્તકૂડ** (૧) પર્વતની પશ્ચિમે આવેલ છે. તેની ઉત્તરથી દક્ષિણ લંબાઈ ૧૬૫૯૨$\frac{૨}{૧૯}$ યોજન છે અને પૂર્વથી પશ્ચિમ પહોળાઈ ૨૨૧૩ યોજનમાં કંઈક ન્યૂન છે. **વેયડ્ઢ**(૧) પર્વત તેના બરાબર કેન્દ્રમાં છે. **ખેમા** તેનું પાટનગર છે.[1]

૧. જમ્બૂ.૯૩, ૯૫, સ્થા. ૬૭૩.

**૨. કચ્છ તિત્થયર ઉસભ**(૧)નો પુત્ર. તેણે તેના ભાઈ **મહાકચ્છ** સાથે સંસારનો ત્યાગ કરી કેટલાક વખત સુધી ઉસભની આજ્ઞામાં શ્રમણત્વ પાળ્યું. પછી તે બન્ને પરિવ્રાજકો બનીગયા. **ણમિ**(૩) અને **વિણમિ** અનુક્રમે કચ્છ અને મહાકચ્છના પુત્રો હતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૬૦-૧૬૧, કલ્પધ.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૭.

**૩. કચ્છ કચ્છ**(૧)માં આવેલા **વેયડ્ઢ**(૧) પર્વતના બે શિખરો.[1] તે બન્ને શિખરોના અધિષ્ઠાતા દેવોનાં નામ પણ કચ્છ જ છે.[2]

૧. જમ્બૂ.૯૩, સ્થા. ૬૮૯. ૨. જમ્બૂ.૯૧,૯૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. **કચ્છ** **માલવંત**(૧) પર્વતના નવ શિખરોમાંનું એક.[1]

૧. જમ્બૂ.૯૧, સ્થા. ૬૮૯.

૫. **કચ્છ** **ચિત્તકૂડ**(૧) પર્વતના ચાર શિખરોમાંનું એક.[1]

૧. જમ્બૂ.૯૪.

૬. **કચ્છ** **ચક્કવટ્ટિ** **ભરહ**(૧)એ જીતેલો એક દેશ.[1] ત્યાં **આભીર**(૨) ઉપાસકો(શ્રાવકો) રહેતા હતા. **આણંદપુર** નગરનો એક બ્રાહ્મણ અહીં આવ્યો હતો.[2] શ્રમણો વારંવાર આ દેશમાં આવતા.[3] આ કચ્છની એકતા (૧) કેટલાક વર્તમાન કચ્છ સાથે સ્થાપે છે અને (૨) કેટલાક ગુજરાતમાં અમદાવાદ અને ખંભાત વચ્ચે આવેલા મોટા શહેર ખેડા સાથે સ્થાપે છે.[4]

૧. જમ્બૂ. ૫૨, આવચૂ.૧.પૃ.૧૯૧.
૨. આવચૂ.૨.પૃ.૨૯૧.
૩. નિશીચૂ.૧.પૃ.૧૩૩, બૃક્ષે. ૩૮૪, ટિ.૧.
૪. જિઓડિ. પૃ. ૮૨.

૧. **કચ્છગાવઈ** આ જ નામના પ્રદેશમાં રહેતો દેવ.[1]

૧. જમ્બૂ. ૯૫.

૨. **કચ્છગાવઈ** **જંબૂદીવ**ના **મહાવિદેહ** ક્ષેત્રમાં આવેલો **વિજય**(૨૩) નામે જાણીતો પ્રદેશ. તે **સીયા**(૧) નદીની ઉત્તરે, **ણીલવંત**(૧) પર્વતની દક્ષિણે, **પમ્હકૂડ**(૧) પર્વતની પૂર્વે અને **દહાવઈ**(૨) નદીની પશ્ચિમે આવેલો છે. તેની લંબાઈ, પહોળાઈ વગેરે બરાબર **કચ્છ**(૧) મુજબ છે. **અરિટ્ઠપુરા** તેનું પાટનગર છે.[1]

૧. જમ્બૂ.૯૫, સ્થા. ૬૩૭.

૩. **કચ્છગાવઈ** **પમ્હકૂડ**(૧) પર્વતના ચાર શિખરોમાંનું એક.[1]

૧. જમ્બૂ.૯૫.

**કચ્છગાવતી** (કચ્છકાવતી) જુઓ **કચ્છગાવઈ**.[1]

૧. સ્થા.૬૩૭.

**કચ્છભ** (કચ્છપ) **રાહુ**(૧)નું બીજું નામ.[1]

૧. સૂર્ય.૧૦૫, ભગ.૪૫૩.

**કચ્છાવઈ** (કચ્છાવતી) આ અને **કચ્છગાવઈ** એક છે.[1]

૧. જમ્બૂ.૯૫.

**કચ્છુલ્લણારય** (કચ્છુલ્લનારદ) **સોરિયપુર**ના **જણ્ણદત્ત**(૧) અને **સોમજસા**નો પુત્ર.[1] બીજાઓને લડાવવા-ઝઘડાવવા અને તે પ્રસંગને માણવા માટે જાણીતો પરિવ્રાજક તે હતો. એક વાર તે **હત્થિણાઉર** ગયો જ્યાં **દોવઈ**એ તેનો યોગ્ય આદર ન કર્યો. તેથી તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અકળાયો અને તેને માઠું લાગ્યું. ત્યાંથી તે **અમરકંકા**(૧) ગયો, **પઉમણાભ**(૩) રાજાને મળ્યો અને તેની આગળ દોવઈના રૂપની ભરપૂર પ્રશંસા કરી. પરિણામે પઉમણાભે દોવઈનું અપહરણ કર્યું. કચ્છુલ્લણારય પછી **કણ્હ**(૧) પાસે ગયો અને અપહરણની કણ્હને વાત કરી.[૨] આવી કેટલીય ઘટનાઓ કચ્છુલ્લણારય સાથે જોડાયેલી છે.[૩]

૧. આવચૂ.૨.પૃ.૧૯૪, આવનિ.૧૨૯૦, ઔપ. ૩૮.
૨. જ્ઞાતા. ૧૨૨-૧૨૪, કલ્પવિ.પૃ.૩૯.
૩. દશચૂ.પૃ.૧૦૬, દશહ.પૃ.૧૧૦, વિશેષાકો. પૃ.૪૧૨, આવચૂ.૧. પૃ.૧૨૧, નન્દિમ.પૃ.૫૫.

**કજ્જલપ્પભા** (કજ્જલપ્રભા) **જંબુસુદંસણા** વૃક્ષની દક્ષિણપશ્ચિમે આવેલી પુષ્કરિણી.[૧]

૧. જમ્બૂ.૯૦.

**કજ્જસેણ** (કાર્યસેન) **ભરહ**(૨) ક્ષેત્રમાં અતીત અવર્પિણી કાલચક્રમાં થયેલા દસ **કુલગર**માંના એક.[૧] તેમનું બીજું નામ **તક્કસેણ** છે અને તેમને અતીત ઉત્સર્પિણી કાલચક્રના તરીકે પણ ઉલ્લેખવામાં આવેલ છે.[૨]

૧. સમ.૧૫૭. ૨. સ્થા.૭૬૭.

**કજ્જોયઅ** (કાર્યોપગ) આ અને **કજ્જોવઅ** એક છે.[૧]

૧. સ્થાઅ.પૃ.૭૮.

**કજ્જોવઅ** (કાર્યોપગ) અઠ્યાસી ગહમાંનો એક.[૧]

૧. જમ્બૂ.૧૭૦,સૂર્ય.૧૦૭,સ્થા.૯૦,જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૯૬, સ્થાઅ.પૃ.૭૮-૭૯.

**કજ્જોવગ** (કાર્યોપગ) આ અને **કજ્જોવઅ** એક છે.[૧]

૧. સ્થા. ૯૦.

**કટ્ઠ** (કાષ્ઠ) એક વેપારી જેની પત્ની **વજ્જા**(૧) બ્રાહ્મણ **દેવસમ્મ**(૨)ના પ્રેમમાં પડી હતી. પત્નીની બેવફાઈથી દુઃખી થયેલા તેણે સંસાર ત્યાગી શ્રમણત્વ સ્વીકાર્યું.[૧]

૧. આવચૂ.૧.પૃ.૫૫૮, આવહ.પૃ. ૪૨૮.

**કટ્ઠપાઉયાર** (કાષ્ઠપાદુકાકાર) એક **આરિય** (આર્ય) ઉદ્યોગમંડળ[૧] જે લાકડાની ચાખડીઓ બનાવતું.

૧. પ્રજ્ઞા. ૩૭.

**કટ્ઠહારઅ** (કાષ્ઠહારક) એક કઠિયારો જે સંસારનો ત્યાગ કરી **સુહમ્મ**(૧)નો શિષ્ય બન્યો હતો. લોકો તેની મશ્કરી કરતા અને કહેતા કે તે તો પોતાનું પેટ ભરી શકતો ન હતો એટલે મુનિ બન્યો છે.[૧] રાજકુમાર **અભય**ને આ વાતની ખબર પડી. એટલે લોકોને આવા બેહૂદા શબ્દો બોલતાં અને આક્ષેપો કરતાં રોકવા માટે તેણે એક યુક્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારી. તેણે જાહેર કર્યું કે તે લોકોમાં ત્રણ કરોડ ગીની વહેંચશે. ઘણા લોકો દાન લેવા એકઠા થયા. અભયે તેમને કહ્યું કે જે ત્રણ ચીજોને – અગ્નિને, અળગણ પાણીને અને સ્ત્રીને – ત્યજી દેવા તૈયાર થશે તેને જ તે દાન આપશે. કોઈપણ વ્યક્તિ તેને માટે તૈયાર થઈ નહિ. ત્યારે અભયે લોકોને ત્યાગનો ખરો મર્મ સમજાવ્યો અને કહ્યું કે કઠ્ઠહારઅ દ્વારા એ ત્રણે વસ્તુનો ત્યાગ કરાયો છે માટે તે આદર-સન્માનને પાત્ર છે.[૨]

૧. સ્થાઅ. પૃ.૪૭૪. ૨. દશચૂ.પૃ.૮૩-૮૪.

**કડઅ** (કટક) **વાણારસી**નો રાજા. તેણે પોતાની પુત્રી **ચક્કવટ્ટિ બંભદત્ત(૧)**ને પરણાવી હતી.[૧]

૧. ઉત્તરાનિ.પૃ.૩૭૭, ઉત્તરાક.પૃ.૨૫૪, ૨૫૬.

**કડપૂઅણા** અથવા **કડપૂયણા** (કટપૂતના) **સાલિસીસ** ગામમાં **તિત્થયર મહાવીર**ને રંજાડનાર **વંતર** દેવી. તે તેના પૂર્વભવમાં **તિવિટ્ઠ(૧)**ની રાણી હતી.[૧]

૧. આવૂચ.૧.પૃ.૨૯૨-૨૯૩, વિશેષા.૧૯૪૪, આવનિ.૪૮૭, આવહ. પૃ.૨૦૯, ૨૨૭, ૨૮૪.

**કણ** અઠ્યાસી ગહમાંનો એક.[૧]

૧. જમ્બૂ.૧૭૦, સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ. ૫૩૪-૫૩૫, સૂર્યમ. ૨૯૫-૨૯૬, સ્થાઅ. ૭૮-૭૯.

**કણઅ** (કનક) આ અને **કણગ** (૧) એક છે.[૧]

૧. સૂર્ય.૧૦૭, સ્થાઅ.પૃ.૭૮.

**કણક** (કનક) આ વર્ગના પાંચ ગ્રહો છે – **કણ, કણઅ, કણકણઅ, કણવિતાણઅ** અને **કણગસંતાણ.**[૧]

૧. સૂર્ય.૧૦૭.'

**કણકણઅ** (કણકનક) આ અને **કણકણગ** એક છે.[૧]

૧. સૂર્ય.૧૦૭, સ્થાઅ.પૃ.૭૮.

**કણકણગ** (કણકનક) અઠ્યાસી ગહમાંનો એક.[૧]

૧. જમ્બૂ.૧૭૦, સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, સ્થાઅ.પૃ.૭૮-૭૯, જમ્બૂશા.પૃ.૫૩૪-૫૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬.

**૧. કણગ** (કનક) અઠ્યાસી ગહમાંનો એક.[૧]

૧. જમ્બૂ.૧૭૦, સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સ્થાઅ.પૃ.૭૮-૭૯, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬.

**૨. કણગ ઘયવર** દ્વીપનો અધિષ્ઠાતા દેવ.[૧]

૧. જીવા. ૧૮૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૩. કણગ રુયગ(૧)** પર્વતના નવ શિખરોમાંનું એક.[૧]

૧. સ્થા.૬૪૩.

**૪. કણગ વિજ્જુપ્પભ(૧)** પર્વતના નવ શિખરોમાંનું એક.[૧]

૧. સ્થા.૬૮૯, જમ્બૂ.૧૦૧.

**૫. કણગ** આ અને **કણક** એક છે.[૧]

૧. જમ્બૂ.૧૭૦, સૂર્યમ.પૃ.૨૯૫, સ્થાઅ.પૃ.૭૯.

**૧. કણગકેઉ** (કનકકેતુ) **અહિચ્છત્તા** નગરીનો રાજા. **ચંપા**ના વેપારી **ધણ્ણ**(૮)એ અહિચ્છત્તામાં પોતાનો ધંધો શરૂ કરતાં પહેલાં તેની પરવાનગી લીધી હતી.[૧]

૧. જ્ઞાતા.૧૦૫.

**૨. કણગકેઉ હત્થિસીસ** નગરનો રાજા.[૧]

૧. જ્ઞાતા.૧૩૨.

**કણગખલ** (કનકખલ) **સોયવિયા** અને **વાચાલા**ની પાસે આવેલો આશ્રમ. **મહાવીર** આ આશ્રમમાં આવ્યા હતા. આશ્રમના નાયક તાપસ **કોસિઅ**(૨) હતા.[૧]

૧. આવચૂ.૧.પૃ.૨૭૭-૭૮, કલ્પધ.પૃ.૧૦૪, કલ્પજ.પૃ.૮૯.

**કણગકિરિ** (કનકગિરિ) **મેરુ** પર્વતનું બીજું નામ.[૧]

૧. ઔપઅ. પૃ. ૬૮.

**કણગજ્ઝય** (કનકધ્વજ) **તેયલિપુર**ના રાજા **કણગરહ**(૧) અને તેની રાણી **પઉમાવઈ**(૨)નો પુત્ર. તેને કણગરહના મંત્રી **તેયલિપુત્ત** છૂપી રીતે ઉછેર્યો હતો કારણ કે રાજા પોતાના પુત્રોને જન્મતાંવેંત મારી નાખતો હતો, રખેને તેમાંનો કોઈ તેનું સિંહાસન છીનવી પોતે જ તેયલિપુરનો રાજા બની બેસે.[૧]

૧. જ્ઞાતા. ૯૬-૯૭, આચાચૂ.પૃ.૩૭, આવચૂ.૧.પૃ.૪૯૯, આવહ.પૃ. ૩૭૩.

**કણગણાભ** (કનકનાભ) **ચક્કવટ્ટિ ભરહ**(૧)નો પૂર્વભવ.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૮૦.

**કણગપુર** (કનકપુર) જે નગરમાં રાજા **પિયચંદ** રાજ કરતો હતો તે નગર. આ નગરમાં મહાવીર આવ્યા હતા. આ નગરમાં **સેયાસોય** ઉદ્યાન હતું. અને તે ઉદ્યાનમાં **જક્ખ વીરભદ્દ**નું ચૈત્ય હતું.[૧]

૧. વિપા. ૩૪.

**કણગપ્પભ** (કનકપ્રભ) **ઘયવર** દ્વીપના અધિષ્ઠાતા દેવ.[૧]

૧. જીવા. ૧૮૨.

**૧. કણગપ્પભા** (કનકપ્રભા) **ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા વર્ગનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોળમું અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૧૫૩.

**૨. કણગપ્પભા રક્ખસ** દેવોના બે ઇન્દ્રો **ભીમ**(૩) અને **મહાભીમ**(૧)ને ચાર ચાર મુખ્ય પત્નીઓ છે, તે ચારમાંથી દરેકની એક એક મુખ્ય પત્નીનું નામ **કણગપ્પભા** છે.[1] તે બેને **રયણપ્પભા**(૧) નામે પણ ઓળખવામાં આવે છે.[2] તેમના પૂર્વભવમાં તે બે **ણાગપુર**ના વેપારીની પુત્રીઓ હતી. તે બન્ને સંસારનો ત્યાગ કરી **તિત્થયર પાસ**(૧)ની શિષ્યાઓ બની ગઈ હતી.[3]

૧. જ્ઞાતા.૧૫૩. ૨. ભગ.૪૦૬. ૩. જ્ઞાતા.૧૫૩.

**૧. કણગરહ** (કનકરથ) **તેયલિપુર**નો રાજા. **પઉમાવઈ**(૨) તેની રાણી હતી, **તેયલિપુત્ત** તેનો મંત્રી હતો અને **કણગજ્ઝય** તેનો પુત્ર હતો.[1] તે એટલો તો ક્રૂર અને લોભી હતો કે રાજસત્તા ખોવાના ભયથી પ્રેરાઈ તે તેના પુત્રોને જન્મતાંવેંત મારી નાખતો. ગમે તેમ કરીને રાણીએ કણગજ્ઝયને બચાવી લીધો અને મંત્રીએ તેને છૂપી રીતે ઉછેર્યો.[2]

૧. જ્ઞાતા.૯૬. ૨. જ્ઞાતા.૯૭.

**૨. કણગરહ વિજયપુર**નો રાજા. **ધણ્ણંતરિ**(૧) તેનો વૈદ્ય હતો.[1]

૧. વિપા.૨૮, સ્થાઅ.પૃ.૫૦૮.

**૩. કણગરહ ભરહ**(૨) ક્ષેત્રમાં પ્રથમ ભાવી **તિત્થંકર મહાપઉમ** (૧૦) વડે દીક્ષિત થવાના છે તે આઠ રાજાઓમાંનો એક.[1]

૧. સ્થા. ૬૨૫.

**કણગલતા** (કનકલતા) **લોગપાલ સોમ**(૩)ની મુખ્ય પત્ની.[1] જુઓ **સોમ**(૩).

૧. ભગ.૪૦૬, સ્થા.૨૭૩.

**કણગવત્થુ** (કનકવસ્તુ) **વાસુદેવ**(૧) બનવાની ઇચ્છાથી **પવ્વયઅ** દ્વારા જે નગરમાં તપની આરાધના કરવામાં આવી હતી તે નગર.[1]

૧. સમ.૧૫૮, સ્થા.૬૭૨, તીર્થો.૬૦૮.

**કણગવિતાણગ** (કનકવિતાનક) આ અને **કણગવિયાણગ** એક છે.[1]

૧. સ્થા. ૯૦.

**કણગવિયાણગ** (કનકવિતાનક) અઠ્યાસી ગહમાંનો એક.[1]

૧. સ્થા.૯૦, સૂર્ય.૧૦૭, જમ્બૂ.૧૭૦, સ્થાઅ.પૃ.૭૮-૭૯, સૂર્યમ.પૃ.૨૯૫-૯૬, જમ્બૂશા.૫૩૪-૫૩૫.

**કણગસંતાણ** (કનકસન્તાન) આ અને **કણગસંતાણગ** એક છે.[1]

૧. સૂર્ય. ૧૦૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કણગસંતાણગ** (કનકસન્તાનક) અઠ્યાસી ગહમાંનો એક.[1]

૧. સ્થા.૯૦, સૂર્ય.૧૦૭, જમ્બૂ.૧૭૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૫૩૫, સ્થાઅ. ૭૮-૭૯, સૂર્યમ.૨૯૫-૨૯૬.

**કણગસત્તરિ** (કનકસપ્તતિ) એક પાંખડી શાસ્ત્ર.[1]

૧. નન્દિ.૪૨.

**૧. કણગા** (કનકા) લોગપાલ **સોમ**(૩)ની મુખ્ય પત્ની.[1] જુઓ **સોમ**(૩).

૧. ભગ.૪૦૬, સ્થા.૨૭૩.

**૨. કણગા ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા વર્ગનું પંદરમું અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૧૫૩.

**૩. કણગા રક્ખસ** દેવોના બે ઇન્દ્રો **ભીમ** અને **મહાભીમ** એ બેમાંથી દરેકની મુખ્ય પત્ની.[1] પૂર્વભવમાં **ણાગપુર**ના વેપારીની બે પુત્રીઓ તરીકે તે બે જન્મી હતી અને પછી **તિત્થયર પાસ**(૧)ની શિષ્યાઓ બની હતી.[2]

૧. ભગ. ૪૦૬, સ્થા.૨૭૩. ૨. જ્ઞાતા.૧૫૩.

**કણય** (કનક) જુઓ **કણગ**.[1]

૧. જીવા.૧૮૨, સ્થા.૬૪૩.

**કણયપ્પભ** (કનકપ્રભ) જુઓ **કણગપ્પભ**.[1]

૧. જીવા.૧૮૨.

**કણવિતાણઅ** (કણવિતાનક) આ અને **કણવિયાણગ** એક છે.[1]

૧. સૂર્ય.૧૦૭.

**કણવિયાણઅ** (કણવિતાનક) આ અને **કણવિયાણગ** એક છે.[1]

૧. સ્થાઅ.પૃ.૭૮.

**કણવિયાણગ** (કણવિતાનક) આ અને **કણગવિયાણગ** એક છે.[1]

૧. જમ્બૂ. ૧૭૦.

**કણવીર** એક **અણારિય** (અનાર્ય) દેશ અને તેના લોકો.[1]

૧. પ્રજ્ઞા. ૩૭.

**કણસંતાણઅ** (કણસન્તાનક) આ અને **કણગસંતાણગ** એક છે.[1]

૧. સ્થાઅ.પૃ.૭૮.

**કણાદ** એક દાર્શનિક જેનો એ સિદ્ધાન્ત છે કે સામાન્ય અને વિશેષ એ બે એકબીજાથી આત્યંતિકપણે ભિન્ન બે સ્વતન્ત્ર પદાર્થો છે.[1]

૧. વિશેષા.૨૬૯૧, દશચૂ.પૃ.૧૭, સૂત્રશી.પૃ.૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કણિયાર** (કર્ણિકાર) ગોસાલ પાસે આવનાર છ પરિવ્રાજકોમાંનો (દિશાચરોમાંનો) એક.[1]

૧. ભગ.૫૩૯.

**કણેરુદત્ત** **હત્થિણાઉર**નો રાજા. તેણે પોતાની પુત્રી **કણેરુદત્તા**ને **ચક્કવટ્ટિ** **બંભદત્ત**(૧) સાથે પરણાવી હતી.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૩૭૭-૩૭૯.

**કણેરુદત્તા** **ચક્કવટ્ટિ** **બંભદત્ત**(૧)ની પત્ની.[1] તે રાજા **કણેરુદત્ત**ની પુત્રી હતી.[2]

૧. ઉત્તરાનિ.પૃ.૩૭૯. ૨. એજન.પૃ.૩૭૭.

**કણેરુપઇગા** (કણેરુપદિકા) **ચક્કવટ્ટિ** **બંભદત્ત**(૧)ની પત્ની.[1]

૧. ઉત્તરાનિ.પૃ. ૩૭૯.

**કણેરુસેણા** (કણેરુસેના) **ચક્કવટ્ટિ** **બંભદત્ત**(૧)ની પત્ની.[1]

૧. ઉત્તરાનિ. પૃ.૩૭૯.

**કણ્ણ** (કર્ણ) **અંગ**(૧)ના પાટનગર **ચંપા**નો રાજા. તેણે **દોવઈ**ના સ્વયંવરમાં ભાગ લીધો હતો.[1]

૧. જ્ઞાતા.૧૧૭. પ્રસ્તુત આવૃત્તિમાં 'કણ્ણ'ના બદલે 'કણ્હ' છપાયું છે જે ખોટું જણાય છે.

**કણ્ણપાઉરણ** (કર્ણપ્રાવરણ) એક **અંતરદીવ**.[1]

૧. પ્રજ્ઞા.૩૬, સ્થા.૩૦૪, નન્દિમ.પૃ.૧૦૩.

**કણ્ણપાલ** (કર્ણપાલ) જુઓ **કણ્ણવાલ**.[1]

૧. આવનિ.૧૨૮૪.

**કણ્ણલોયણ** (કર્ણલોચન) **સયભિસયા** નક્ષત્રનું ગોત્રનામ.[1]

૧. સૂર્ય.૫૦.

**કણ્ણવાલ** (કર્ણપાલ) **સાએય**ના રાજા **પુંડરીય**ના હાથીનો મહાવત.

૧. આવચૂ.૨.પૃ.૧૯૨, આવનિ.૧૨૮૪, આવમ.પૃ.૭૦૨.

**કણ્ણસપ્પ** (કૃષ્ણસર્પ) રાહુનું બીજું નામ.[1] જુઓ **કણ્હસપ્પ**.

૧. સૂર્ય.૧૦૫.

**કણ્ણસિરી** (કૃષ્ણશ્રી) આ અને **કણ્હસિરી** એક છે.[1]

૧. વિપા.૩૦.

**કણ્ણિલ્લ** (કર્ણિલ્ય) **સયભિસયા** નક્ષત્રનું ગોત્રનામ.[1] આ અને **કણ્ણલોયણ** એક જ છે.

૧. જમ્બૂ.૧૫૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કણ્ણી** (કર્ણી) **વિયાહપણ્ણત્તિ**ના અગિયારમા શતકનો સાતમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૪૦૯.

**૧. કણ્હ** (કૃષ્ણ) **વસુદેવ** અને તેની રાણી **દેવઈ**નો પુત્ર અને **રામ**(૧)નો ભાઈ. તે **જમ્બૂદીવ**ના ભરહ(૨) ક્ષેત્રના દક્ષિણાર્ધના **વાસુદેવ**(૧) હતા. જો કે તે **મહુરા**(૧)માં જન્મ્યા હતા છતાં તેમની રાજધાની **બારવઈ** હતી. તે તેમની વીરતા માટે પ્રસિદ્ધ હતા. તેમણે મહુરા(૧)ના રાજા **કંસ**નો તેમજ કંસના સસરા તથા નવમા **પડિસત્તુ રાયગિહ**ના રાજા **જરાસંધ**નો વધ કર્યો હતો.[1] કણ્હ **મહારહ** તરીકે પણ જાણીતા હતા.[2] કણ્હ કરુણાળુ રાજા હતા.[3] તેમની નીચે **સમુદવિજય** વગેરે જેવા દસ માનનીય રાજાઓ, **બલદેવ**(૧) વગેરે જેવા પાંચ મહાવીરો અને **સંબ** વગેરે જેવા સાઠ હજાર વીરો હતા. તેમને સોળ હજાર રાણીઓ હતી, તેમાં નીચેની આઠ પટરાણીઓ હતી – **પઉમાવઈ**(૧૪), **ગોરી**(૨), **ગંધારી**(૪), **લક્ખણા**(૨), **સુસીમા**(૨), **જંબવઈ**(૧), **સચ્ચભામા**(૧) અને **રુપ્પિણી**. આ આઠમાં રુપ્પિણી અગ્ર હતી. **ગયસુકુમાલ**(૧) તેમનો ખરો ભાઈ હતો.[4] **અવરકંકા**ના રાજા **પઉમણાભ** વડે અપહરણ કરાયેલી પાંચ **પંડવો**ની પત્ની **દોવઈ**ને છોડાવવા તે અવરકંકા ગયા હતા. તે પઉમણાભને હરાવવામાં અને દોવઈને છોડાવવામાં સફળ થયા હતા.[5] જ્યારે તે અવરકંકાથી પાછા ફરી રહ્યા હતા ત્યારે કેવળ ગમ્મત ખાતર પંડવોએ તેમને ગંગા પાર કરવા માટે રખાયેલી નાવ સંતાડી દીધી. પરિણામે ગંગાના સામેના કિનારે જવા માટે કણ્હને આખી નદી તરવી પડી . તેથી કણ્હને ત્રાસ થયો. એટલે કણ્હે પંડવોને દેશનિકાલ કર્યા.[6] **તિત્થયર અરિટ્ઠણેમિ**એ કણ્હ આગળ બારવઈના નાશનું ભવિષ્ય ભાખ્યું હતું. વળી કણ્હના મૃત્યુનો સમય, સ્થળ અને કેવી રીતે મૃત્યુ થશે તે પણ તેમણે કણ્હને જણાવ્યું હતું, અને ભાખ્યું હતું કે કણ્હ ત્રીજી નરકભૂમિ **વાલુયપ્પભા**માં જન્મ લેશે અને પછી આવતી **ઉસ્સપ્પિણી**મા **પુંડ**ની રાજધાની **સયદુવાર**માં બારમા[7] **તિત્થંકર અમમ**(૨) તરીકે જન્મ લેશે.[8] કણ્હ એક હજાર વર્ષ જીવ્યા હતા. તેમની ઊંચાઈ દસ ધનુષ હતી.[9] તે પોતાના પૂર્વભવમાં **ગંગદત્ત**(૪) હતા.[10] તે **વાસુદેવ**(૨) નામથી પણ પ્રસિદ્ધ છે.[11]

૧. પ્રશ્ન.૧૫, અન્ત.૧, જ્ઞાતા.૫૨, ૧૧૭, તીર્થો. ૪૮૫, ૫૬૬.
૨. સ્થા. ૪૫૧.
૩. અન્ત. ૬.
૪. અન્ત.૧-૬, નિર.૫, સ્થા.૬૨૬, આવચૂ.૧.પૃ.૩૬૧-૩૬૫.
૫. જ્ઞાતા.૧૨૪-૨૬, સ્થાઅ.પૃ.૫૨૪, કલ્પશા.પૃ.૩૩, કલ્પધ.પૃ.૩૪, પ્રશ્નઅ.પૃ.૮૭.
૬. જ્ઞાતા.૧૨૬-૧૨૭.
૭. સમ.૧૫૯ પ્રમાણે તે આવતા ઉત્સર્પિણી કાલચક્રમાં તેરમા તીર્થંકર થશે.
૮. અન્ત.૯, જ્ઞાતા.૫૩, સ્થા.૬૯૨, ૭૩૫, સ્થાઅ.પૃ.૪૩૩-૪૩૪, દશહ.પૃ.૩૬, તીર્થો.૬૧૪, આવનિ.૪૧૩.
૯. સમ.૧૦, સ્થા.૭૩૫, આવનિ.૪૦૫.
૧૦. સમ. ૧૫૮.
૧૧. ઉત્તરા.૨૨.૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. **કણ્હ** **સિવભૂઇ**(૧)ના ગુરુ, તેમણે **બોડિય** પંથ સ્થાપ્યો હતો.[1]

૧. વિશેષા.૩૦૫૨-૫૫, નિશીભા.૫૬૦૯, આવભા.૧૪૬, આવચૂ.૧.પૃ.૪૨૭, ઉત્તરાનિ.૧૭૮.

૩. **કણ્હ** એક બ્રાહ્મણ પરિવ્રાજક.[1]

૧. ઔપ. ૩૮.

૪. **કણ્હ** **વરાહ**(૩) અને **ઇસિવાલ** બન્નેના ગુરુ. વરાહ પાંચમા **બલદેવ**(૨)નો પૂર્વભવ હતો અને ઇસિવાલ પાંચમા **વાસુદેવ**(૧)નો પૂર્વભવ હતો.[1]

૧. સમ. ૧૫૮, સ્થા.૬૭૨, તીર્થો.૬૦૬.

૫. **કણ્હ** **ણિરયાવલિયા**(૧)નું ચોથું અધ્યયન.[1]

૧. નિર.૧.૧.

૬. **કણ્હ** **રાયગિહ**ના રાજા **સેણિય**(૧)નો પુત્ર. તેની માતાનું નામ **કણ્હા** હતું. તે **ચેડગ** વડે યુદ્ધમાં મરાયો હતો.[1]

૧. નિર.૧.૧, નિરચં.૧.૧.

૭. **કણ્હ** **ભરહ**(૨) ક્ષેત્રમાં થનારા એકવીસમા ભાવી **તિત્થંકર** **વિજય**(૮)નો પૂર્વભવ.[1]

૧. સમ.૧૫૯.

૮. **કણ્હ** **ભરહ**(૨) ક્ષેત્રના પ્રથમ ભાવી **બલદેવ**(૨).[1] જુઓ **બલદેવ**(૨).

૧. તીર્થો. ૧૧૪૪, ચોક્કસ પાઠ 'કણ્હાઉ' છે. સંભવતઃ તે 'કણ્હાભ (કૃષ્ણાભ)' હોઈ શકે.

**કણ્હગુલિગા** અથવા **કણ્હગુલિયા** (કૃષ્ણગુલિકા) રાણી **પભાવતી**(૩)ની દાસી. તેની નિમણૂક **મહાવીર**ની મૂર્તિની સેવા માટે કરવામાં આવી હતી.[1] તે અને **દેવદત્તા**(૪) એક છે.[2]

૧. નિશીચૂ.૩.પૃ.૧૪૨-૧૪૬. ૨. આવચૂ.૧.પૃ.૩૯૯.

**કણ્હપરિવ્વાયગ** (કૃષ્ણપરિવ્રાજક) પરિવ્રાજકોનો એક વર્ગ.[1]

૧. ઔપ. ૩૮, ઔપઅ. પૃ. ૯૨.

૧. **કણ્હરાઇ** (કૃષ્ણરાજિ) પાંચમા સ્વર્ગમાં **લોગંતિય** દેવોના વાસસ્થાનો ફરતે આવેલી કાળી રેખાઓ.[1]

૧. આચા.૨.૧૭૯.

૨. **કણ્હરાઇ** **ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના દસમા વર્ગનું બીજું અધ્યયન.[1]

૧. જ્ઞાતા. ૧૫૮.

૩. **કણ્હરાઇ** **વાણારસી**ના **રામ** અને **ધમ્મા**ની પુત્રી. તે સંસાર છોડી **તિત્થયર**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પાસ**(૧)ની શિષ્યા બની.[૧] મૃત્યુ પછી તે **ઈસાણ**(૨)ની મુખ્ય પત્ની બની.[૨]

૧. જ્ઞાતા.૧૫૮. ૨. એજન., ભગ.૪૦૬, સ્થા.૬૧૨.

**કણ્હવડેંસઅ** (કૃષ્ણાવતંસક) **ઈસાણ** સ્વર્ગ(કલ્પ)માં એક સ્વર્ગીય વાસસ્થાન.[૧]

૧. જ્ઞાતા. ૧૫૮.

**કણ્હવાસુદેવ** (કૃષ્ણવાસુદેવ) જુઓ **કણ્હ** (૧)[૧]

૧. જ્ઞાતા.૫૨, અન્ત.૯, આવચૂ.૧.પૃ.૪૬૦.

**કણ્હવેણ્ણા** (કૃષ્ણવેન્ના) એક નદી.[૧] તેની એકતા કૃષ્ણા અને વેણા નદીઓના સંયુક્ત પ્રવાહ સાથે સ્થાપવામાં આવી છે. તે બંગાળના ઉપસાગરને મળે છે.[૨]

૧. નિશીભા.૪૪૭૦, નિશીચૂ.૩.પૃ.૪૨૫. ૨. જિઓડિ. પૃ. ૧૦૪.

**કણ્હસપ્પ** (કૃષ્ણસર્પ) **રાહુ**નું બીજું નામ.[૧]

૧. ભગ. ૪૫૩.

**કણ્હસહ** (કૃષ્ણસહ) **ચારણગણ**(૨)ની સાત શાખાઓમાંની એક.[૧]

૧. કલ્પ.પૃ.૨૫૯.

**કણ્હસિરી** (કૃષ્ણશ્રી) **રોહીડ**અના ગૃહસ્થ **દત્ત**(૧)ની પત્ની. તેમને **દેવદત્તા**(૨) નામની દીકરી હતી.[૧]

૧. વિપા. ૩૦.

**૧. કણ્હા** (કૃષ્ણા) **ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના દસમા વર્ગનું પહેલું અધ્યયન.[૧]

૧. જ્ઞાતા.૧૫૮.

**૨. કણ્હા ઈસાણ**(૨)ની આઠ મુખ્ય પત્નીઓમાંની એક.[૧] તેના પૂર્વભવમાં તે **વાણારસી**ના **રામ**(૫) અને **ધમ્મા**ની પુત્રી હતી અને **તિત્થયર પાસ**(૧)ની શિષ્યા બની હતી.[૨]

૧. જ્ઞાતા.૧૫૮, ભગ.૪૦૬, સ્થા.૬૧૨. ૨. જ્ઞાતા.૧૫૮.

**૩. કણ્હા અંતગડદસા**ના આઠમા વર્ગનું ચોથું અધ્યયન.[૧]

૧. અન્ત. ૧૭.

**૪. કણ્હા** રાજા **સેણિઅ**(૧)ની પત્ની. તે સંસારનો ત્યાગ કરી **ચંપા** નગરમાં **મહાવીર**ની શિષ્યા બની. અગિયાર વર્ષના શ્રમણજીવન પછી તે મોક્ષ પામી.[૧]

૧. અન્ત.૨૦.

**૫. કણ્હા વિજયપુર**ના રાજા **વાસવદત્ત**ની પત્ની અને **સુવાસવ**(૨)ની માતા.[૧]

૧. વિપા. ૩૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૬. કણ્હા** **આભીર**(૧)ના પ્રદેશમાં વહેતી નદી. કણ્હા અને **વેણ્ણા**(૨) એ બે નદીઓની વચ્ચે **બંભદીવ** આવેલો છે.[૧] કણ્હાની એકતા વર્તમાન કૃષ્ણા સાથે સ્થાપવામાં આવી છે.[૨]

૧. આવચૂ.૧.પૃ.૫૪૩,નિશીભા. ૪૪૭૦, નિશીચૂ.૩.પૃ.૪૨૫, પિંડની.૫૦૩, પિંડનિમ.પૃ.૧૪૪, જીતભા. ૧૪૬૧, કલ્પધ.પૃ.૧૭૧ કલ્પવિ. પૃ. ૨૬૩.
૨. જિઓડિ. પૃ. ૧૦૪.

**કણ્હાહ** (કૃષ્ણાભ) જુઓ **કણ્હ**(૮) અને તેનું ટિપ્પણ.[૧]

૧. તીર્થો. ૧૧૪૪.

**કતપુણ્ણ** (કૃતપુણ્ય) **રાયગિહ**ના વેપારી **ધણાવહ**(૩)નો પુત્ર. તે બાર વર્ષ ગણિકા સાથે રહ્યો અને તેણે પોતાની સઘળી સંપત્તિ ગુમાવી. પછી એક વૃદ્ધાએ તેને દત્તક પુત્ર તરીકે સ્વીકાર્યો. આ વૃદ્ધાને ચાર પુત્રવધૂઓ હતી. તે ચારે પુત્રવધૂઓ વહાણ ભાંગી ડૂબી જવાથી માર્યા ગયેલા વૃદ્ધાના પુત્રની પત્નીઓ હતી. વૃદ્ધાએ કતપુણ્ણને તે ચારેને પત્નીઓ તરીકે સ્વીકારવા કહ્યું. તે સંમત થયો અને ત્યાં તેમની સાથે બાર વર્ષ રહ્યો. પછી રાજા **સેણિય**(૧)એ પણ પોતાની પુત્રીને તેની સાથે પરણાવી. છેવટે તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર મહાવીર**નો શિષ્ય બની ગયો હતો. કતપુણ્ણ પોતાના પૂર્વભવમાં ગરીબ ગોવાળનો પુત્ર હતો અને તેણે અત્યંત ભક્તિપૂર્વક સાધુને ભિક્ષા આપી હતી.[૧]

૧. આવચૂ.૧.પૃ.૪૬૭-૪૬૯, આવહ.પૃ.૩૪૭,૩૫૩,૩૫૫.

**કતમાલઅ** (કૃતમાલક) જુઓ **કયમાલઅ**.[૧]

૧. આવચૂ.૨.પૃ.૧૭૬.

**૧. કત્તવીરિય** (કાર્તવીર્ય) **હત્થિણાપુર**ના રાજા **અણંતવીરિય**નો પુત્ર. **તારા**(૨) તેની પત્ની હતી. **સુભૂમ**(૧) તેનો પુત્ર હતો. તેણે **રામ**(૩)ના (અર્થાત્ **પરસુરામ**ના) પિતા **જમદગ્ગિ**ને હણ્યા હતા. રામે પિતાની હત્યાનું વેર વાળવા કત્તવીરિયને હણ્યો હતો.[૧]

૧. આવચૂ.૧.પૃ.૫૨૦,આચાચૂ.પૃ.૪૯, સૂત્રશી.પૃ.૧૭૦,સમ.૧૫૮, સૂત્રચૂ. પૃ.૩૪૦, ૩૯૪.

**૨. કત્તવીરિય** **ચક્કવટ્ટિ** **ભરહ**(૧) પછી મોક્ષ પ્રાપ્ત કરનાર આઠ મહાપુરુષોમાંનો એક.[૧] તે **બલવીરિય**નો પુત્ર હતો.

૧. સ્થા.૬૧૬, વિશેષા.૧૭૫૦, આવનિ.૩૬૩, આવચૂ.૧.પૃ.૨૧૪.

**૧. કત્તિઅ** (કાર્તિક) મહિનાનું નામ.[૧]

૧. કલ્પ.૧૨૪, સમ.૪૦, ઉત્તરા.૨૬.૧૫-૧૬.

**૨. કત્તિઅ** **હત્થિણાગપુર** નગરનો વેપારી. એક વાર **જિયસત્તુ**(૧૬) રાજાએ તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોલાવ્યો અને **તાવસ**(૪)ને ભોજન આપવા આજ્ઞા કરી. પરંતુ તેને તાવસમાં શ્રદ્ધા ન હતી તેમજ તાવસ માટે આદર ન હતો, તેથી તેને રાજાની આજ્ઞાથી ત્રાસ થયો. પરિણામે તેણે સંસારનો ત્યાગ કર્યો[1] અને તે એક હજાર આઠ વેપારીઓ સાથે **તિત્થયર મુણિસુવ્વય**નો શિષ્ય બની ગયો. બાર વર્ષની શ્રમણજીવનની સાધના પછી તેણે મરીને **સોહમ્મ**(૧) સ્વર્ગમાં(કલ્પમાં) **સક્ક**(૩) તરીકે જન્મ લીધો.[2]

૧. આવચૂ.૨.પૃ.૨૭૬-૭૭, સ્થાઅ.પૃ.૫૧૦.
૨. ભગ.૬૧૭, કલ્પવિ.પૃ.૨૪, સૂત્રચૂ.પૃ.૩૬૨, કલ્પચૂ.પૃ.૧૦૨.

**૩. કત્તિઅ** અણુત્તરોવવાઈયદસાનું એક અધ્યયન.[1] તે નાશ પામ્યું છે

૧. સ્થા. ૭૫૫.

**૪. કત્તિઅ** ભરહ(૨) ક્ષેત્રના છટ્ઠા ભાવી **તિત્થંકર દેવસ્સુય**નો પૂર્વભવ.[1]

૧. સમ. ૧૫૯.

**૫. કત્તિઅ** એક આચાર્ય. **રોહીડગ** નગરમાં એક ક્રોધે ભરાયેલા ક્ષત્રિયે તેમનો વધ કર્યો હતો.[1]

૧. સંસ્તા.૬૭.

**કત્તિઆ** (કૃતિકા) જુઓ **કત્તિયા.**[1]

૧. જમ્બૂ.૧૫૫.

**કત્તિઈ** અથવા **કત્તિગી** (કાર્તિકી) કાર્તિક મહિનાનો પૂર્ણિમાનો દિવસ.[1]

૧. જમ્બૂ.૧૬૧, આવચૂ.૧.પૃ.૩૪૪.

**કત્તિય** (કાર્તિક) જુઓ **કત્તિઅ.**[1]

૧. સમ.૧૫૯, સૂત્રચૂ.પૃ.૩૬૨, આવચૂ.૨.પૃ.૨૭૬, કલ્પચૂ. પૃ.૧૦૨.

**કત્તિયા** (કૃત્તિકા) અઠ્ઠાવીસ **ણક્ખત્ત**(૧)માંનું એક.[1] તેનો અધિષ્ઠાતા દેવ **અગ્ગિ**(૧) છે.[2] તેનું ગોત્રનામ **અગ્ગિવેસ**(૩) છે.[3]

૧. જમ્બૂ.૧૫૫-૧૬૧, સૂર્ય.૩૬-૩૯, સમ.૬, સ્થા.૭૮૦.
૨. જમ્બૂ.૧૫૭, ૧૭૧.
૩. સૂર્ય. ૫૦, સૂર્યમ.પૃ.૧૫૧.

**કદલિસમાગમ** જુઓ **કયલિસમાગમ.**[1]

૧. આવચૂ.૧.પૃ.૨૯૧.

**કદમઅ** (કર્દમક) **અણુવેલંધર** દેવોનો ઇન્દ્ર.[1] તે **વરુણ**(૧)ના કુટુંબનો સભ્ય છે.[2] તેનો વાસ **વિજ્જુપ્પભ**(૨) પર્વત ઉપર છે.[3] જુઓ **અણુવેલંધરણાગરાય.**

૧. જીવા.૧૬૦, સ્થા.૩૦૫. ૨. ભગ.૧૬૭. ૩. સ્થા.૩૦૫,જીવા.૧..., સમ.૧૭.

**૧. કપ્પ** (કલ્પ) સ્વર્ગીય ક્ષેત્રોનો વર્ગ. વિગતો માટે જુઓ **કપ્પોવગ.**[1]

૧. સ્થા. ૬૪૪, ૭૬૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨. કપ્પ અંગબાહિર કાલિઅ** આગમગ્રન્થ.[1] લોકોમાં તે બૃહત્પકલ્પસૂત્ર તરીકે પ્રસિદ્ધ છે. તે છ અધ્યયનોમાં વિભક્ત છે. આ અધ્યયનો શ્રમણ-શ્રમણીઓના આચારના વિધિ-નિષેધરૂપ નિયમોનું નિરૂપણ કરે છે. તેમનાં ભક્ષ્ય, ઉપકરણ, રોકાવાનાં સ્થાનો, વગેરે અંગેના વિધિનિષેધોનું વિવરણ આ ગ્રન્થમાં છે. વ્રતપાલનમાં થતા અતિચારો યા નાનામોટા દોષો સંબંધી પ્રાયશ્ચિત્તોનું પણ વિધાન તેમાં છે.[1] જુઓ **પજ્જોસવણાકપ્પ** જે લોકોમાં કલ્પસૂત્ર નામે પ્રસિદ્ધ છે.

૧. નન્દિ.૪૪, નિશીચૂ.૩.પૃ.૩૬૮,૫૩૨,૫૮૩,૪.પૃ.૩૦૪, ગચ્છાવા.પૃ.૪૦, ગચ્છા.૧૩૫, જીતભા. ૨૬૫, ૩૨૨, ૪૨૭, ૫૮૮, ૬૦૧-૬૦૨, ૧૯૬૯, વ્યવ.૧૦.૨૨.

**૩. કપ્પ, કપ્પક** અથવા **કપ્પગ**(કલ્પક) **પાડલિપુત્ત**ના બ્રાહ્મણ **કવિલ**(૬)નો પુત્ર. તે બહુ બુદ્ધિમાન હતો. તે એક **મરુય**ની દીકરીને પરણ્યો હતો. તે તે જ નગરના રાજા **ણંદ**(૧)નો મંત્રી હતો. તે રાજાને તે ઘણો ઉપયોગી અને મદદગાર સાબિત થયો હતો. જો કે રાજાએ તેને ઘણો પરેશાન કર્યો અને ત્રાસ આપ્યો છતાં તે સદા રાજાને વફાદાર રહ્યો.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૮૦-૧૮૩, નન્દિમ.પૃ.૧૬૧, આવહ.પૃ.૬૯૧-૬૯૩.

**કપ્પણિજ્જુત્તિ** (કલ્પનિર્યુક્તિ) **કપ્પ**(૨) ઉપર **ભદ્દબાહુ**(૨)એ રચેલી એક પ્રકારની ગાથાબદ્ધ ટીકા.[1] ભાષ્યની ગાથાઓથી નિર્યુક્તિની ગાથાઓને અલગ કરવી કઠિન છે.

૧. આવનિ.૮૫, બૃમ.પૃ.૨, વ્યવભા.૧૦. ૬૦૬-૬૦૭.

**કપ્પપેઢા** અથવા **કપ્પપેઢિયા** (કલ્પપીઠિકા) **કપ્પ**(૨)નો પ્રાસ્તાવિક ભાગ.[1]

૧. નિશીચૂ.૧.પૃ.૧૩૨, ૧૫૫, આવચૂ.૧.પૃ.૭૯, આચાચૂ.પૃ.૨.

**કપ્પભાસ** (કલ્પભાષ્ય) **કપ્પણિજ્જુત્તિ** ઉપરની એક પ્રકારની ગાથાબદ્ધ ટીકા.[1] તે બે રૂપમાં મળે છે — બૃહત્કલ્પલઘુભાષ્ય (પ્રકાશિત) અને બૃહત્કલ્પબૃહદ્ભાષ્ય (અપ્રકાશિત)[2].

૧. વ્યવભા. ૧૦.૧૪૧, (પુરુષપ્રકરણ). ૨. બૃક્ષે.૨૦૨.

**કપ્પવડંસિયા** અથવા **કપ્પવડિંસિયા** (કલ્પાવતંસિકા) **અંગબાહિર કાલિય** આગમગ્રન્થ.[1] તે **ઉવંગ**ની અંતર્ગત છે.[2] તેમાં નીચે જણાવેલાં દસ અધ્યયનો છે[3]— (૧) **પઉમ**(૧૫), (૨) **મહાપઉમ**(૬), (૩) **ભદ્દ**(૧૦), (૪) **સુભદ્દ** (૮), (૫) **પઉમભદ્દ**(૨), (૬) **પઉમસેણ**(૨), (૭) **પઉમગુમ્મ**(૧), (૮) **ણલિણિગુમ્મ**(૧), (૯) **આણંદ**(૫), અને (૧૦) **ણંદણ**(૧૧).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. પાક્ષિ.પૃ.૪૫, નન્દિ.૪૪, નન્દિચૂ. પૃ.૬૦, નન્દિમ.૨૦૭, નન્દિહ પૃ. ૭૩.
૨. નિર. ૧.૧
૩. નિર. ૨.૧.

**કપ્પાઈય** અથવા **કપ્પાતીત** (કલ્પાતીત) બાર કલ્પો(સ્વર્ગીય ક્ષેત્રો યા સ્વર્ગો)થી ય ઉપર વસતા ગેવિજ્જગ અને **અણુત્તરોવવાઇય** અથવા **અણુત્તર** દેવોનું બીજું નામ.

૧. ઉત્તરા.૩૬.૨૦૭,૨૧૦, પ્રજ્ઞા.૩૮, અનુ.૧૨૨, દેવે.૨૬૬-૨૭૪.

**૧. કપ્પાસિઅ** (કાર્પાસિક) એક લૌકિક શાસ્ત્ર.[1]

૧. નન્દિ.૪૨.

**૨. કપ્પાસિઅ** કપાસિયાંનો વેપાર કરનારાઓની **આરિય**(આર્ય) મંડળી.[1]

૧. પ્રજ્ઞા.૩૭.

**૧. કપ્પિઆ** અથવા **કપ્પિયા**(કલ્પિકા) એક **અંગબાહિર કાલિઅ** આગમગ્રન્થ. **ણિરયાવલિયા**(૧)થી તદ્દન અલગ ગ્રન્થ તરીકે તેનો ઉલ્લેખ થયો છે.[1] સંભવતઃ **ણિરયાવલિયા**(૨) અને આ કપ્પિઆ એક છે.

૧. નન્દિ.૪૪, નન્દિમ.પૃ.૨૦૭,નન્દિહ.પૃ.૭૩,પાક્ષિ.પૃ.૪૫, પાક્ષિય. પૃ.૬૮.

**૨. કપ્પિઆ** તે **ણિરયાવલિયા**(૨)ના પાંચ વિભાગોમાંનો એક વિભાગ છે. **ણિરયાવલિયા**(૧) અને આ કપ્પિયા એક જણાય છે.[1]

૧. જમ્બૂશા.પૃ.૧-૨.

**કપ્પિયાકપ્પિય** (કલ્પિકાકલ્પિક) એક **અંગબાહિર ઉક્કાલિઅ** આગમગ્રન્થ[1] જે નષ્ટ થઈ ગયો છે.

૧. નન્દિ.૪૪, નન્દિચૂ.પૃ.૫૭, પાક્ષિ.પૃ.૪૩.

**કપ્પોવગ** (કલ્પોપગ) નીચેના બાર સ્વર્ગો (કલ્પો) અને તેમાં વસતા દેવોને કપ્પોવગ કહેવામાં આવે છે – (૧) **સોહમ્મ**(૧), (૨) **ઈસાણ**(૧), (૩) **સણંકુમાર**(૧), (૪) **માહિંદ**(૩), (૫) **બંભલોગ**, (૬) **લંતગ**, (૭) **મહાસુક્ક**(૧), (૮) **સહસ્સાર**(૨), (૯) **આણય**, (૧૦) **પાણય**(૧), (૧૧) **આરણ** અને (૧૨) **અચ્ચુય**.

૧. પ્રજ્ઞા.૩૮, અનુ.૧૨૨, પ્રજ્ઞામ.પૃ.૭૦.

**કબ્બડઅ** (કર્બટક) આ અને **કબ્બડગ** એક છે.[1]

૧. સ્થાઅ.પૃ.૭૮.

**કબ્બડગ**(કર્બટક) અઠ્યાસી ગહમાંનો એક.[1] તે **કુબ્બરઅ** અને **કવ્વરઅ** નામોથી પણ પ્રસિદ્ધ છે.[2]

૧. સ્થા.૯૦, સ્થાઅ.પૃ.૭૮-૭૯, જમ્બૂશા.પૃ.૫૩૪-૫૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬.
૨. જમ્બૂ.૧૭૦, સૂર્ય.૧૦૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કબ્બુરઅ** (કર્બુરક) આ અને **કબ્બડગ** એક છે.[1]

૧. જમ્બૂ.૧૭૦.

**કમલ** **ણાગપુર**નો વેપારી. **કમલસિરી**(૨) તેની પત્ની હતી અને **કમલા** તેની દીકરી હતી.[1]

૧. જ્ઞાતા.૧૫૩.

**કમલદલ** એક **જક્ખ** દેવ જે તેના પૂર્વભવમાં મહાવત હતો.[1]

૧. ભક્ત. ૭૮.

**કમલપ્પભ** (કમલપ્રભ) **ણાગપુર**નો વેપારી. **કમલપ્પભા** તેની પુત્રી હતી.[1]

૧. જ્ઞાતા. ૧૫૩.

**૧. કમલપ્પભા** (કમલપ્રભા) **ણાગપુર**ના વેપારી **કમલપ્પભ**ની પુત્રી. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર પાસ**(૧)ની શિષ્યા બની હતી. મૃત્યુ પછી **પિસાય** દેવોના ઇન્દ્ર **કાલ**(૪)ની એક મુખ્ય પત્ની તરીકે તેણે જન્મ લીધો હતો. **મહાકાલ**(૯)ની એક મુખ્ય પત્નીનું નામ પણ કમલપ્પભા છે.[1]

૧. જ્ઞાતા. ૧૫૩, ભગ. ૪૦૬, સ્થા.૨૭૩.

**૨. કમલપ્પભા** **ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા વર્ગનું બીજું અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૧૫૩.

**૧. કમલસિરી** (કમલશ્રી) **વીયસોગા**ના રાજા **મહબ્બલ**(૨)ની પત્ની. તેમને **બલભદ્દ**(૩) નામનો પુત્ર હતો.

૧. જ્ઞાતા. ૬૪.

**૨. કમલસિરી** **ણાગપુર**ના વેપારી **કમલ**ની પત્ની.[1]

૧. જ્ઞાતા. ૧૫૩.

**૧. કમલા** **ણાગપુર**ના **કમલ** અને **કમલસિરી**(૨)ની દીકરી. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર પાસ**(૧)ની શિષ્યા બની. મૃત્યુ પછી તેણે ઇન્દ્ર **કાલ**(૪)ની એક મુખ્ય પત્ની તરીકે જન્મ લીધો. **મહાકાલ**(૯)ની એક મુખ્ય પત્નીનું નામ પણ કમલા છે.

૧. જ્ઞાતા.૧૫૩, ભગ.૪૦૬, સ્થા.૨૭૩.

**૨. કમલા** **ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા વર્ગનું પહેલું અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૧૫૩.

**કમલામેલ** **ચક્કવટ્ટિ** **ભરહ**(૧)નો એક અશ્વ.[1]

૧. જમ્બૂ. ૫૭.

**કમલામેલા** **બારવઈ**ની રાજકુમારી. **ઉગ્ગસેણ**ના પૌત્ર **ધણદેવ**(૫) સાથે તેનું સગપણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયું હતું. પરંતુ **સંબ**(૨)ની મદદથી તેનું અપહરણ કરવામાં આવ્યું અને **ણિસઢ**(૧) અને **પભાવતી**(૨)ના પુત્ર **સાગરચંદ**(૧) સાથે તેને પરણાવવામાં આવી. પછીથી કમલામેલા સંસાર છોડી **તિત્થયર અરિટ્ઠણેમિ**ની શિષ્યા બની, જ્યારે સાગરચંદને ધણદેવે મારી નાખ્યો.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૧૨-૧૧૩, મર.૪૩૩, આવનિ.૧૩૪, વિશેષા.૧૪૨૦, બૃભા. ૧૭૨, બૃમ.પૃ.૫૬.

**૧. કમલાવઈ** (કમલાવતી) **ઉસુયાર**(૧) રાજાની રાણી. તેણે રાજાને સમ્યગદર્શન કરાવ્યું અને તેની સાથે સંસારનો ત્યાગ કરી પૂર્ણતાને યા મોક્ષને પામી.[1]

૧. ઉત્તરા. અધ્યયન ૧૪, ઉત્તરાનિ.પૃ.૩૯૪, ઉત્તરાચૂ.પૃ.૨૨૧-૨૩૨, ઉત્તરાક.પૃ.૨૭૦.

**૨. કમલાવઈ મણિચૂડ** રાજાની રાણી અને **રયણાવહ**ના રાજકુમાર **મણિપ્પભ**(૨)ની માતા.[1]

૧. ઉત્તરાને.પૃ.૧૩૮.

**કમલુજ્જલપુરી** (કમલોજ્જ્વલપુરી) જે નગરમાં **એરવય**(૧) ક્ષેત્રના ચોવીસમા **તિત્થંકર વારિસેણ** નિર્વાણ પામ્યા તે નગર.[1]

૧. તીર્થો.૫૫૫.

**કમારગામ** (કર્મારગ્રામ) જુઓ **કંમારગામ**.[1]

૧. આવમ.પૃ.૨૬૭.

**૧. કમ્મ**(કર્મ) **વિયાહપણ્ણત્તિ**ના (૧) તેરમા શતકનો આઠમો ઉદ્દેશક[1], (૨) છઠ્ઠા શતકનો નવમો ઉદ્દેશક[2] અને (૩) સોળમા શતકનો ત્રીજો ઉદ્દેશક.[3]

૧. ભગ.૪૭૦. ૨. ભગ.૨૨૯. ૩. ભગ.૫૬૧.

**૨. કમ્મ પણ્ણવણા**નું તેવીસમું પદ (પ્રકરણ).[1]

૧. પ્રજ્ઞા. ગાથા ૬.

**૩. કમ્મ બંભદસા**નું દસમું અધ્યયન.[1]

૧. સ્થા. ૭૫૫.

**કમ્મપગડિ** (કર્મપ્રકૃતિ) જુઓ **કમ્મપ્પયડિ**.[1]

૧. પ્રજ્ઞાહ.પૃ.૧૪૦.

**કમ્મપયડિ** (કર્મપ્રકૃતિ) જુઓ **કમ્મપ્પયડિ**(૨).[1]

૧. સમ.૩૬.

**૧. કમ્મપ્પયડિ** (કર્મપ્રકૃતિ) કર્મ અને તત્સંબંધી વિષયોનું નિરૂપણ કરતો ગ્રન્થ. આચાર્ય **ણાગહત્થિ** આ ગ્રન્થના નિષ્ણાત જ્ઞાતા હતા.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. નન્દિ. ગાથા.૩૦.

**૨. કમ્મપ્પયડિ ઉત્તરજ્ઝયણ**નું તેત્રીસમું અધ્યયન.[૧]

૧. ઉત્તરાનિ.પૃ.૯, સમ.૩૬.

**કમ્મપ્પવાય** (કર્મપ્રવાદ) કર્મપ્રકૃતિ વગેરેનું નિરૂપણ કરતો આઠમો **પુવ્વ** ગ્રન્થ.[૧]

૧. નન્દિ.૫૭, નન્દિચૂ.પૃ.૭૬, નન્દિમ.પૃ.૨૪૧, વિશેષા.૩૦૧૪, આવહ.પૃ.૩૧૧.

**કમ્મબંધઅ** (કર્મબન્ધક) **પણ્ણવણા**નું ચોવીસમું પદ (પ્રકરણ).[૧] જુઓ **બંધ.**

૧. પ્રજ્ઞા. ગાથા.૬.

**કમ્મભૂમિ** (કર્મભૂમિ) એવો પ્રદેશ જ્યાં માણસ પોતાની આજીવિકા યુદ્ધકળા (અસિ), લેખનકળા યા સાહિત્યકળા (મસી = શાહી) અને કૃષિ (ખેતી) એ ત્રણમાંથી કોઈ એક દ્વારા રળે છે.[૧] આવા ક્ષેત્રો યા પ્રદેશો પંદર છે – પાંચ **ભરહ**(૨) ક્ષેત્રો, પાંચ **એરવય**(૧) ક્ષેત્રો અને પાંચ **મહાવિદેહ** ક્ષેત્રો. આમ પાંચ પાંચના ત્રણ વર્ગ થયા. પંદરમાંથી ત્રણ ક્ષેત્રો (દરેક વર્ગમાંથી એક એક) **જંબૂદીવ**માં છે, છ ક્ષેત્રો (દરેક વર્ગમાંથી બે બે) **ધાયઈખંડ**માં છે અને છ ક્ષેત્રો **પુક્ખરવરદીવ**માં છે.[૨] જુઓ **અકમ્મભૂમિ.**

૧. નન્દિમ. પૃ.૧૦૨.

૨. ભગ.૬૭૫, પ્રજ્ઞા.૩૫, સ્થા.૫૫૫, આચા.૨.૧૭૯, બૃભા.૧૬૩૬, નન્દિહ, પૃ. ૩૩.

**કમ્મવિવાગ** (કર્મવિપાક) શુભ અને અશુભ કર્મોનાં ફળોને તેતાલીસ અધ્યયનોમાં સમજાવતો ગ્રન્થ.[૧]

૧. સમ. ૪૩.

**કમ્મવિવાગદસા** (કર્મવિપાકદશા) **વિવાગસુય**ના પ્રથમ શ્રુતસ્કન્ધ **દુહવિવાગ**નું બીજું નામ. તેમાં દસ અધ્યયનો નીચે પ્રમાણે છે– (૧) **મિયાપુત્ત**, (૨) **ગોત્તાસ**, (૩) **અંડ**(૨), (૩) **સગડ**, (૫) **માહણ**, (૬) **ણંદિસેણ**, (૭) **સોરિય**, (૮) **ઉદુંબર**, (૯) **સહસુદાહ-આમલય**, અને (૧૦) **કુમારલેચ્છઈ**.[૧] **વિવાગસુય**ની વર્તમાન આવૃત્તિમાં આ જ શીર્ષકો નીચે આ અધ્યયનો ઉપલબ્ધ નથી.

૧. સ્થા. ૭૫૫.

**કમ્મવેદઅ** (કર્મવેદક) **પણ્ણવણા**નું પચીસમું પદ (પ્રકરણ).[૧]

૧. પ્રજ્ઞા. ગાથા ૬.

**કમ્મારગ્ગામ** (કર્મારગ્રામ) જુઓ **કંમારગામ.**[૧]

૧. વિશેષા. ૧૭૧૧.

**કયંગલા** (કૃતાઙ્ગલા) એક નગર જ્યાં **મહાવીર** ગયા હતા. આ નગરના પરિસરમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છત્તપલાસ નામનું ઉદ્યાન તેમ જ ચૈત્ય હતું.[૧] પાખંડી **દરિદ્દ** અહીં **ગોસાલ**ને માર માર્યો હતો.[૨] તેની એકતા બિહારના સંથાલ પરગણામાં આવેલા કંકજોલ (Kankajol) સાથે સ્થાપવામાં આવી છે.[૩]

૧. ભગ.૯૦, આવનિ.૪૭૯, વિશેષા.૧૯૩૩, આવચૂ.૧.પૃ.૨૮૭, ઉત્તરાક.પૃ.૪૯૮.
૨. આવચૂ.૧.પૃ.૨૮૭.
૩. લાઈ.પૃ.૨૯૫, શ્રભમ.પૃ.૩૫૯, જાકૃગલ માટે જુઓ સ્ટજિઓ.પૃ.૧૧૪.

**કયમાલ** (કૃતમાલ) જુઓ **કયમાલઅ.**[૧]

૧. જમ્બૂ.૫૧.

**કયમાલઅ** (કૃતમાલક) **તિમિસગુહા**નો અધિષ્ઠાતા દેવ.[૧] **ચંપા**ના રાજા **કૂણિઅ**ને તેણે હણ્યો હતો.[૨]

૧. જમ્બૂ.૧૪,૫૧. ૨. આવચૂ.૨.પૃ.૧૭૬-૧૭૭, સ્થાઅ.પૃ.૨૫૮, દશચૂ.પૃ.૫૧.

**કયમાલગ** (કૃતમાલક) જુઓ **કયમાલઅ.**[૧]

૧. આવહ.પૃ.૬૮૭.

**કયમાલિઅ** (કૃતમાલક) જુઓ **કયમાલઅ.**[૧]

૧. દશચૂ.પૃ.૫૧.

**કયલિસમાગમ** (કદલિસમાગમ) જે નગરમાં **મહાવીર** ગયા હતા તે નગર.[૧]

૧. આવનિ.૪૮૪, વિશેષા.૧૯૩૮, આવચૂ.૧.પૃ.૨૯૧,કલ્પધ.પૃ.૧૦૬.

**કયવણમાલપિય** (કૃતવનમાલપ્રિય) **હત્થિસીસ** નગરના **પુપ્ફકરંડઅ**(૧) ઉદ્યાનમાં વસતો એક **જક્ખ** દેવ.[૧]

૧. વિપા. ૩૩.

**કયવમ્મ** (કૃતવર્મન્) તેરમા **તિત્થંકર વિમલ**(૧)ના પિતા. તેમની રાણી **સામા** હતી.[૧]

૧. સમ.૧૫૭, તીર્થો. ૪૭૬.

**કર** અઠ્યાસી **ગહ**માંનો એક.[૧] જુઓ **કરકરિગ.**

૧. સૂર્ય.૧૦૭, જમ્બૂશા.પૃ.૫૩૫.

**કરકંડ** (કરકણ્ડ) એક બ્રાહ્મણ પરિવ્રાજક અને તેના અનુયાયીઓ.[૧]

૧. ઔપ.૩૮.

**કરકંડુ** (કરકણ્ડુ) **ચંપા**ના રાજા **દધિવાહણ** અને તેની રાણી **પઉમાવતી**(૮)નો પુત્ર. તેના જન્મ વખતે પઉમાવતી શ્રમણી હતી કેમ કે તેણે સગર્ભાવસ્થામાં સંસારનો ત્યાગ કર્યો હતો. જન્મ પછી તરત જ કરકંડુને મસાણમાં ત્યજી દેવામાં આવ્યો હતો. આ કારણે તે **અવકિણ્ણપુત્ત** (ત્યજાયેલો પુત્ર) નામે પણ ઓળખાતો હતો. વખત જતાં તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કલિંગ**(૧)ના પાટનગર **કંચણપુર** તેમ જ **અંગ**(૧)ના પાટનગર **ચંપા**નો રાજા બન્યો. એક બળદની દશામાં થયેલા પરિવર્તનને જોઈ તેને સંસારની અસારતા સમજાઈ અને પરિણામે તેણે સંસારનો ત્યાગ કર્યો.[1] તેને **પત્તેયબુદ્ધ** ગણવામાં આવે છે.[2]

૧. આવચૂ.૨.પૃ.૨૦૪-૨૦૭, ઉત્તરા. ૧૮.૪૬, ઉત્તરાચૂ.પૃ.૧૭૮, ઉત્તરાશા. પૃ.૨૯૯થી આગળ, નિશીચૂ.૨.પૃ.૨૩૧.
૨. આવચૂ.૧.પૃ.૭૬, પ્રજ્ઞાહ, પૃ.૧૧, સ્થા.પૃ.૩૩, પ્રજ્ઞામ.પૃ.૧૯,નન્દિમ. પૃ.૧૩૧,ઉત્તરાક.પૃ.૧૭૮,પાલિ સાહિત્યમાં પણ તેનો પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકાર થયો છે (જુઓ ડિપા.માં કરકંડુ).

**કરકરઅ** (કરકરક) આ અને **કરકરિગ** એક છે.[1]

૧. સ્થાઅ.પૃ.૭૯.

**કરકરિઅ** આ અને **કરકરિગ** એક છે.[1]

૧. સ્થાઅ.પૃ.૭૯.

**કરકરિગ** (કરકરિક) અઠ્યાસી ગહમાંનો એક.[1] **કર** અને **કરિઅ**નો બે જુદા ગ્રહો તરીકે પણ ઉલ્લેખ મળે છે.[2]

૧. સ્થા.૯૦,સ્થાઅ.પૃ.૭૯. ૨. જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫,સૂર્ય.૧૦૭,સૂર્યમ.પૃ.૨૯૫-૯૬.

**કરડ** (કરટ) **કુણાલા**(૧)ના વતની અને **સાએય**માં મૃત્યુ પામેલા બે ગુરુઓમાંના એક ગુરુ.[1]

૧. આવચૂ.૧.પૃ.૬૦૧, આવહ.પૃ.૪૬૫, ઉત્તરાચૂ.પૃ.૧૦૮.

**૧. કરણ** જ્યોતિષશાસ્ત્રે કરેલ દિવસનો ભાગ. અગિયાર કરણો છે. તેમાંથી પ્રથમ સાત ગતિશીલ છે અને બાકીના સ્થિર છે. તે અગિયાર કરણો નીચે પ્રમાણે છે – **બવ, બાલવ, કોલવ, થીવિલોઅણ, ગરાઈ, વણિજ્જ, વિટ્ઠિ, સઉણિ, ચઉપ્પય, ણાગ** અને **કિંથુગ્ઘ**.[1]

૧. જમ્બૂ.૧૫૩, ૧૫૪, ગણિ ૪૧-૪૫, પ્રશ્નજ્ઞા.પૃ.૩૭.

**૨. કરણ** **વિયાહપણ્ણત્તિ**ના ઓગણીસમા શતકનો નવમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૬૪૮.

**કરિઅ** (કરિક) અઠ્યાસી ગહમાંનો એક.[1] જુઓ **કરકરિગ**.

૧. સૂર્ય.૧૦૭, જમ્બૂશા.પૃ.૫૩૫.

**૧. કલંદ** જે છ પરિવ્રાજકો (દિશાચરો) **ગોસાલ** પાસે આવ્યા હતા તેમાંનો એક.[1]

૧. ભગ. ૫૩૯.

**૨. કલંદ** એક **આરિય** (આર્ય) જાતિ.[1] આ અને **કલિંદ** એક છે.

૧. બૃભા.૩૨૬૪, બૃક્ષે.૯૧૩. પ્રજ્ઞા.૩૭.

**કલંબવાલુયા** (કદંબવાલુકા) (નરકભૂમિમાં આવેલી) એક નદી. તેની રેતી વજ્ર જેવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સખત છે.[1]

૧. ઉત્તરા.૧૯.૫૦, સૂત્ર.૧.૫.૧.૧૦.

**કલંબુયા** (કલમ્બુકા) જે સ્થળે **મહાવીર** આવ્યા હતા તે સ્થળ.[1] **અંગ**(૧) નામના પ્રાચીન દેશના પૂર્વ ભાગમાં ક્યાંક તે આવેલું છે.[2]

૧. આવનિ.૪૮૨, આવચૂ.૧.પૃ.૨૯૦, કલ્પધ.પૃ.૧૦૬, કલ્પવિ.પૃ.૧૬૬, વિશેષા.૧૯૩૬, આવમ.પૃ.૨૮૧.
૨. શ્રભમ.પૃ.૩૬૦.

**કલાદ** **તેયલિપુર**માં રહેતો સોની. **ભદ્દા**(૧૮) તેની પત્ની હતી. તેમને એક રૂપાળી **પોટ્ટિલા** નામની પુત્રી હતી.[1]

૧. જ્ઞાતા.૯૬, વિપાઅ.પૃ.૮૮.

**કલાય** **વિયાહપણ્ણત્તિ**ના એકવીસમા શતકના બીજા વર્ગનું પ્રથમ પ્રકરણ.[1]

૧. ભગ.૬૮૮.

**કલાવઈ** (કલાવતી) એક ઉમદા સ્ત્રી.[1]

૧. આવ.પૃ.૨૮.

**૧. કલિંગ** (કલિઙ્ગ) એક **આરિય** (આર્ય) દેશ અને તેના લોકો.[1] **કંચણપુર** તેનું પાટનગર હતું.[2] એક દેવે પૂર દ્વારા તેના વિનાશનું ભવિષ્ય ભાખ્યું હતું.[3] **સોપારગ**નો સુથાર **કોક્કાસ** વિમાનમાં ઊડીને કલિંગ ગયો હતો.[4] **કરકંડુ** ત્યાં રાજ કરતો હતો.[5] તેની એકતા વૈતરણીની દક્ષિણે આવેલા વર્તમાન ઓરિસા અને વિઝાગાપટ્ટમ્ સુધી દક્ષિણપશ્ચિમના દરિયાકિનારાના પ્રદેશને આવરી લેતા ભૂભાગ સાથે સ્થાપવામાં આવી છે.[6]

૧. સૂત્રશી.પૃ.૧૨૩.
૨. પ્રજ્ઞા.૩૭, વ્યવમ.૧૦.૪૫૦, ઉત્તરાચૂ. પૃ.૧૭૮.
૩. ઓઘનિભા.૩૦.
૪. આવચૂ.૧.પૃ.૫૪૧.
૫. આવભા.૨૦૮, ઉત્તરા.૧૮.૪૬, ઉત્તરાનિ. પૃ.૨૯૯.
૬. લાઈ. પૃ.૨૯૨.

**૨. કલિંગ** **ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૧, કલ્પવિ.પૃ.૨૩૬.

**કલિંદ** (કલિન્દ) એક **આરિય** (આર્ય) જાતિ. આ અને **કલંદ** એક છે.[1]

૧. પ્રજ્ઞા.૩૭, બૃભા.૩૨૬૪.

**૧. કવિલ** (કપિલ) **ધાયઈસંડ**ના **ભરહ**(૨) ક્ષેત્રના પૂર્વાર્ધના **વાસુદેવ**(૧). તેમની રાજધાની **ચંપા**(૨) હતી. તેણે અને **જંબૂદીવ**ના **ભરહ**(૨) ક્ષેત્રના દક્ષિણાર્ધના વાસુદેવ **કણ્હ**(૧)એ એકબીજા સામે શંખ ફૂંક્યા હતા. તેણે (કવિલે) **અંવરકંકા**(૧)ના રાજા **પઉમણાભ**(૩)ને રાજગાદી પરથી ઉઠાડી તેના પુત્રને રાજગાદી સોંપી હતી.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. જ્ઞાતા.૧૨૫, સ્થાઅ.પૃ.૫૨૪,કલ્પધ.પૃ.૩૫, કલ્પશા.પૃ.૩૩.

૨. **કવિલ ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૬.

૩. **કવિલ** સાઙ્ખ્ય તરીકે પ્રસિદ્ધ એક પાંખડી દર્શનના સ્થાપક. તે એક રાજકુમાર હતા જે સંસારનો ત્યાગ કરી **ભરહ**(૧)ના પુત્ર **મરીઈ**ના શિષ્ય બન્યા હતા. તેમનો શિષ્ય **આસુરી** હતો. તેમણે આસુરીને **સટ્ટિતંત**નો ઉપદેશ આપ્યો. આ સટ્ઠિતંત ૨૪ તત્ત્વોનું[1] નિરૂપણ કરે છે.

૧. આવચૂ.૧.પૃ.૨૨૮-૨૨૯, નિશીચૂ.૩.પૃ.૧૯૫, વિશેષા.૧૭૫૩, આચાચૂ. પૃ.૧૯૩, દશચૂ.પૃ.૧૭, આવનિ.૪૩૮, ભગઅ.પૃ.૫૦, સૂત્રશી.પૃ.૯, કલ્પધ.પૃ.૩૭, પ્રશ્નઅ.પૃ.૩૪, નન્દિહ.પૃ.૭, ઉત્તરાશા.પૃ.૧૪.કલ્પશા.પૃ.૩૮.

૪. **કવિલ કોસંબી**ના **કાસવ**(૪) અને **જસા**(૧)નો પુત્ર. કાસવ રાજા **જિયસત્તુ**(૨૫)નો રાજપુરોહિત હતો. જ્યારે કાસવ મરણ પામ્યો ત્યારે તેની જગ્યાએ બીજા કોઈ પુરુષની નિમણૂક કરવામાં આવી. પછી કાસવના મિત્ર **ઈંદદત્ત**(૪) પાસે ભણવા માટે જસાએ કવિલને **સાવત્થી** મોકલ્યો. સમૃદ્ધ વેપારી **શાલિભદ્દ**(૨)ના ઘરે તેના રહેવા અને ખાવાપીવાની વ્યવસ્થા કરવામાં આવી. તેની સેવા માટે નિમવામાં આવેલી યુવાન દાસીના પ્રેમમાં તે પડ્યો. એકવાર તે યુવતીએ તેને કહ્યું કે તે પોતે પોતાની કોમ વડે ઉજવાતા ઉત્સવમાં ભાગ નહિ લઈ શકે કારણ કે જરૂરી સામગ્રી ખરીદવા તેની પાસે પૈસા નથી. તેથી તેણે કવિલને **ધણ** શેઠ પાસે જવા કહ્યું, ધણ સવારમાં સૌપ્રથમ આવી પોતાને નમસ્કાર કરનારને બે ગીની આપે છે. એટલે કવિલ રાત્રિના સમયે ધણ શેઠના ઘરે જવા નીકળી પડ્યો પરંતુ ચોકીદારોએ ચોર સમજી તેને પકડી રાજા આગળ રજૂ કર્યો. કવિલે રાજાને સાચી હકીકત જણાવી. રાજા તે સાંભળી તેના ઉપર એટલા બધા પ્રસન્ન થયા કે તેમણે તેને જે માંગે તે આપવાનું વચન આપ્યું. શું માગવું તેનો જેમ જેમ વિચાર કરતો ગયો તેમ તેમ તે માગવાની ધનરાશિ વધારતો જ ગયો. આ વસ્તુએ તેના મનમાં પરિવર્તન આણ્યું. પરિણામે તેણે સંસાર ત્યજી દીધો, તપ આદર્યું અને છેવટે તે કેવલજ્ઞાન પામ્યો. એક વાર કેટલાક લૂંટારાઓએ તેને પકડ્યો અને પોતાના સરદાર **બલભદ્દ**(૫) સમક્ષ તેને ખડો કરી દીધો. બલભદ્દે તેને નાચવાની આજ્ઞા કરી. એટલે તેણે વાંધો ઉઠાવતાં જણાવ્યું કે કોઈ તાલ તો દેતું નથી. એટલે બધા તાલીઓ પાડી તાલ દેવા લાગ્યા. પછી તેણે કેટલીક ગાથાઓ ગાઈ. તે ગાથાઓએ તેમના ઉપર એટલી બધી અસર કરી કે બધા સંસાર છોડી સાધુ થઈ ગયા.[1] આ ગાથાઓનું **ઉત્તરજ્ઝયણ**નું આઠમું અધ્યયન બન્યું છે.[2]

૧. ઉત્તરાચૂ.પૃ.૧૬૮-૧૭૦,ઉત્તરાક.પૃ.૧૬૮,નન્દિહ.પૃ.૨૬.

૨. ઉત્તરાચૂ.પૃ.૭,૧૬૮-૧૭૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૫. કવિલ** આચાર્ય **સુટ્ઠિય**(૧)નો શિષ્ય. જેમના મકાનમાં તે રોકાયો હતો તે મકાનમાલિકની પુત્રી ઉપર તેણે બળાત્કાર કર્યો હતો. તેના આ પાપકૃત્યથી ક્રોધે ભરાયેલા મકાનમાલિકે કુહાડીથી તેનું લિંગ કાપી નાખ્યું હતું.[1]

૧. નિશીચૂ.૩.પૃ.૨૪૩-૨૪૪, બૃભા. ૫૧૫૪.

**૬. કવિલ પાડલિપુત્ત**ના **કપ્પક**ના પિતા.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૮૧.

**૭. કવિલ** (કાપિલ) પરિવ્રાજકોનો એક વર્ગ.[1]

૧. ઔપ.૩૮, ઔપઅ.પૃ.૯૨.

**કવિલબડુઅ** (કપિલબટુક) **રાયગિહ**ના બ્રાહ્મણનો શિષ્ય. તે પોતાના પૂર્વભવમાં સિંહ હતો અને **તિવિટ્ઠ**(૧)એ તેને મારી નાખ્યો હતો. આ તિવિટ્ઠ **મહાવીર**નો પૂર્વભવ હતો. (પોતાના પૂર્વભવના ભયના કારણે) કવિલબડુઅને મહાવીરનો ભય લાગતો હતો. તેથી મહાવીરના પ્રથમ ગણધર **ગોયમ**(૧)એ તેનો સ્વીકાર પોતાના શિષ્ય તરીકે કર્યો હતો.[1]

૧. વ્યવભા.૬.૧૯૨.

**કવિલા** (કપિલા) રાજા **સેણિઅ**(૧)ની આજ્ઞા છતાં મુનિને હૃદયપૂર્વક ભિક્ષા આપવા તૈયાર ન થનારી બ્રાહ્મણ દાસી.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૬૯, નિશીચૂ.૧.પૃ.૧૦, વિશેષાકો.પૃ.૨૯૨.

**કવ્વરઅ** (કર્બરક) આ અને **કબ્બડગ** એક છે.[1]

૧. સૂર્ય.૧૦૭.

**કસાય**(કષાય) **પણ્ણવણા**નું ચૌદમું પદ(પ્રકરણ).[1]

૧. પ્રજ્ઞા. ગાથા.૫.

**કાઈંદી** (કાકન્દી) જુઓ **કાગંદી**.[1]

૧. સંસ્તા.૭૬-૭૭.

**કાઅ** (કાય) આ અને **કાય**(૧) એક છે [1]

૧. સ્થાઅ.પૃ.૭૯.

**કાંતિમતી** (કાન્તિમતી) **કોસલાઉર**ના વેપારી **નંદ**(૨)ની દીકરી. તેને **સાગેય**ના **અસોગદત્ત**ના પુત્ર **સાગરદત્ત**(૩) સાથે પરણાવવામાં આવી હતી. **સિરિમતી**(૧) તેની મોટી બહેન હતી.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૨૭.

**કાઉસ્સગ્ગ** (કાયોત્સર્ગ) **આવસ્સય**નું પાંચમું અધ્યયન.[1]

૧. આવચૂ.૧.પૃ.૩., આવનિ(દીપિકા)૨.પૃ.૧૮૩, નન્દિમ.પૃ.૨૦૪, અનુ.૫૯, આવનિ.૧૪૧૩, ૧૫૪૮, આવચૂ.૨.પૃ.૨૪૫, પક્ષિય.પૃ.૪૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કાક** આ અને ગ્રહ **કાય(૧)** એક છે.[1]

૧. સ્થા.૯૦.

**કાકંદિયા** (કાકન્દિકા) **ઉડુવાડિયગણ**ની ચાર શાખાઓમાંની એક.[1]

૧. કલ્પ.પૃ.૨૫૯.

**કાકંદી** જુઓ **કાગંદી**.[1]

૧. નિર.૩.૧૦.

**કાકંધ** (કર્કન્ધ) આ અને **કક્કંધ** એક જ છે.[1]

૧. સ્થાઅ.પૃ.૭૯.

**કાકવણ્ણ** (કાકવર્ણ) **પાડલિપુત્ત**ના રાજા **જિયસત્તુ**(૨૮)નું બીજું નામ. તેણે **ઉજ્જેણી**ના રાજા ઉપર આક્રમણ કર્યું, તેને બંદી બનાવ્યો અને તેનું રાજ્ય પડાવી લીધું. ત્યાં તેલમાલિશના કારણે તે કાગડા જેવા કાળો (કાલક) થઈ ગયો. તેથી કાકવર્ણ (કાગડાના જેવા રંગવાળો) નામે તે ઓળખાવા લાગ્યો. એકવાર **તોસલિ**(૧)ના **ઈસિતલાગ** નામના તળાવ પાસે તોસલિના રાજાએ તેને પકડી બંદી બનાવ્યો હતો.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૪૦, બૃભા.૪૨૧૯-૪૨૨૩.

**કાગંદી** (કાકન્દી) **ભરહ**(૨) ક્ષેત્રનું પ્રાચીન નગર.[1] **તિત્થંકર સુવિહિ**(૧)નો જન્મ અહીં થયો હતો.[2] **મહાવીર** અહીં આવ્યા હતા.[3] **જિયસત્તુ**(૧૧)[4] અને **અભયઘોસ**[5] અહીં રાજ કરતા હતા. **ધિતિધર**(૨), **ખેમઅ**(૨),[6] **ચંડવેગ**[7] અને **ધણ્ણ**(૫)[8] આ નગરના હતા. છઠ્ઠા **વાસુદેવ**(૧)એ પોતાના પૂર્વભવમાં અહીં તપ કર્યું હતું.[9] તેની એકતા મોંઘીર (Monghyr) જિલ્લામાં આવેલા કાકન (Kakan) સાથે સ્થાપવામાં આવી છે.[10]

૧. નિર.૩.૧૦,ભગ.૪૦૪, જ્ઞાતા.૮૨.
૨. આવનિ.૩૮૨.
૩. અનુત્ત.૩, અન્ત.૧૪.
૪. અનુત્ત.૩.
૫. સંસ્તા. ૭૬-૭૭.
૬. અન્ત.૧૪.
૭. સંસ્તા.૭૮.
૮. અનુત્ત.૩.
૯. સમ.૧૫૮, તીર્થો.૬૦૮.
૧૦. સ્ટજિઓ.પૃ.૨૫૪-૨૫૫.

**કાતિય** (કાર્તિક) જુઓ **કત્તિઅ**.[1]

૧. સ્થા. ૭૫૫.

**કાપિલિજ્જ** (કાપિલીય) **ઉત્તરજ્ઝયણ**નું આઠમું અધ્યયન.[1]

૧. સમ.૩૬, ઉત્તરાનિ.પૃ.૯, ઉત્તરાચૂ.પૃ.૭,૧૬૮, ઉત્તરાક.પૃ.૧૬૮.

**કામકમ** (કામકર્મ) આ અને **કામગમ** એક છે.[1]

૧. સ્થા. ૬૪૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કામગમ** લંતગ સ્વર્ગ(કલ્પ)ના ઇન્દ્રના કામગમ નામના વિમાનનો વ્યવસ્થાપક દેવ.[1]

૧. જમ્બૂ.૧૧૮, સ્થા.૬૪૪, આવચૂ.૧.પૃ.૧૪૫.

**કામજ્ઝયા** (કામધ્વજા) **વાણિયગામ**ની ગણિકા.[1] વધુ વિગતો માટે જુઓ **ઉજ્ઝિયઅ**(૨).

૧. વિપા.૮, સ્થાઅ.પૃ.૫૦૭.

**કામફાસ** (કામસ્પર્શ) અઠ્યાસી **ગહ**માંનો એક.[1] તેનો ઉલ્લેખ બે જુદા ગ્રહો **કાસ** અને **ફાસ** તરીકે પણ થયો છે.[2]

૧. સૂર્ય.૧૦૭, જમ્બૂશા.પૃ.૫૩૪-૫૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬.
૨. સ્થા.૯૦, સ્થાઅ.પૃ.૭૯.

**૧. કામદેવ** **ઉવાસગદસા**નું બીજું અધ્યયન.[1]

૧. ઉપા.૨, સ્થા.૭૫૫.

**૨. કામદેવ** **મહાવીર**ના મુખ્ય દસ ઉપાસકોમાંનો બીજો. તે **ચંપા** નગરીનો વેપારી હતો. તેની પત્નીનું નામ ભદ્દા(૩૬) હતું.[1] તેની પાસે અઢાર કરોડ ગીનીઓ હતી. એક દેવ ધર્મશ્રદ્ધામાં તેની દઢતાની પરીક્ષા કરવા આવ્યો અને ભયંકર પરિણામોની તેને ધમકી આપી. અસહ્ય ત્રાસ તેના શરીરને આપવામાં આવ્યો છતાં તે પોતાની ધર્મશ્રદ્ધામાંથી ચલિત ન થયો.[2] મહાવીર તેમના શ્રમણો અને શ્રમણીઓને કામદેવની કથાને યાદ રાખવા જણાવતા. પોતે ગૃહસ્થ હોવા છતાં તેણે વિઘ્નો અને યાતનાઓનો કેવો મક્કમતાથી સામનો કર્યો ! બાર **અંગ**(૩)ના સ્વાધ્યાયને અનુલક્ષી મહાવીરે તેમને સઘળા પ્રલોભનો સામે દઢપણે ટકી રહેવા, તે પ્રલોભનોને જરા પણ વશ ન થવા સલાહ આપી હતી.[3]

૧. ઉપા.૧૮. ૨. ઉપા.૧૯-૨૩.
૩. ઉપા. ૨૫-૨૬, વિશેષાકો.પૃ.૭૮૨, આવચૂ.૧.પૃ.૪૫૨-૫૪

**૩. કામદેવ** **ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૧, કલ્પવિ.પૃ.૨૩૬.

**કામમહાવણ** (કામમહાવન) **મહાવીર** જ્યાં આવ્યા હતા તે **વાણારસી**નું એક ચૈત્ય.[1] અહીં જ **ગોસાલે** પોતાનો ચોથો પઉટ્ટપરિહાર (પરકાયપ્રવેશ) કર્યો હતો.[2]

૧. અન્ત.૧૫, જ્ઞાતા.૧૫૧. ૨. ભગ.૫૫૦.

**કામિડ્ઢિ** (કામર્દ્ધિ) **સુહત્થિ**(૧) આચાર્યનો શિષ્ય. **વેસવાડિયગણ** તેમનાથી શરૂ થયો. તે **કોડાલસ** ગોત્રના હતા.[1]

૧. કલ્પ(થેરાવલી). ૭, કલ્પવિ.પૃ.૨૫૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કામિઢ્ઢિય** (કામર્દ્ધિક) **વેસવાડિયગણ**ના ચાર કુળોમાંનું એક.[1]

૧. કલ્પ અને કલ્પવિ.પૃ.૨૬૦.

**કામિડ્ઢિયગણ** (કામર્ધિકગણ) **મહાવીર**ની આજ્ઞામાં રહેલા નવ સાધુગણોમાંનો એક.[1]

૧. સ્થા. ૬૮૦.

**૧. કાય** અઠ્ઠયાસી ગહમાંનો એક.[1]

૧. સ્થા.૯૦,સૂર્ય.૧૦૭,જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સ્થાઅ.પૃ.૭૮-૭૯, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬.

**૨. કાય** (કાક) **અણારિય**(અનર્ય) જાતિ અને તેમનો દેશ.[1] કાક લોકોના પ્રદેશની એકતા કેટલીક વાર બિથુર (Bithur) પાસે આવેલા કાકુપુર સાથે સ્થાપવામાં આવી છે. સ્મિથ સાંચિ પાસે આવેલા કાકનદ સાથે તેની એકતા સૂચવે છે.[2] જુઓ **ગાય.**

૧. સૂત્રશી.પૃ.૧૨૩. ૨. ટ્રાઈ. પૃ.૩૫૬.

**કાયંદગ** (કાકન્દિક) **કાયંદી**નો રહેવાસી.[1]

૧. ભગ.૪૦૪, કલ્પવિ.પૃ.૨૫૪.

**કાયંદી** (કાકન્દી) જુઓ **કાગંદી.**[1]

૧. સમ.૧૫૮, ભગ. ૪૦૪.

**કાયઠ્ઠિઈ** (કાયસ્થિતિ) **પણ્ણવણા**નું અઢારમું પદ (પ્રકરણ).[1]

૧. પ્રજ્ઞા.૨૫૩.

**કાયરઅ** (કાતરક) **ગોસાલ**ના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક.[1]

૧. ભગ.૩૩૦.

**કાયરિઅ** (કાતરિક) **લોગપાલ વરુણ**(૧)ના કુટુંબનો સભ્ય.[1]

૧. ભગ.૧૬૭.

**૧. કાલ** રાજા **સેણિય**(૧) અને તેની રાણી **કાલી**(૫)નો પુત્ર. **કૂણિય**ના પક્ષે **વેસાલી**ના રાજા **ચેડગ** સાથે યુદ્ધમાં લડતાં તે **ચેડગ** દ્વારા હણાયો હતો.[1]

૧. નિર.૧.૧, આવચૂ.૨.પૃ.૧૭૧, ૧૭૩.

**૨. કાલ** અઠ્ઠયાસી ગહમાંનો એક.[1]

૧. જમ્બૂ.૧૭૦, સૂર્ય.૧૦૭,સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સૂર્યમ.પૃ.૨૯૩-૯૪, સ્થાઅ.પૃ.૭૮-૭૯.

**૩. કાલ વાયુકુમાર** દેવોનો **લોગપાલ**. તેની મુખ્ય પત્નીઓની સંખ્યા અને તેમનાં નામો **કાલવાલ**(૧)ની મુખ્ય પત્નીઓની સંખ્યા અને તેમનાં નામો સમાન જ છે.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ભગ. ૧૬૯, સ્થા.૨૫૬, ૨૭૩.

૪. **કાલ** **પિસાય** દેવોના બે ઈન્દ્રોમાંનો એક.[1] તેની મુખ્ય પત્નીઓ આ છે – **કમલા**(૧), **કમલપ્પભા**(૧), **ઉપ્પલા**(૪) અને **સુદંસણા**(૪).[2]

૧. પ્રજ્ઞા.૪૮, ભગ.૧૬૯. ૨. ભગ.૪૦૬, જ્ઞાતા, ૧૫૩, સ્થા.૯૪.

૫. **કાલ** **આમલકપ્પા**નો વેપારી. તે **કાલસિરી**નો પતિ અને **કાલી**(૩)નો પિતા હતો.[1]

૧. જ્ઞાતા.૧૪૮.

૬. **કાલ** **વિયાહપણ્ણત્તિ**ના અગિયારમા શતકનો અગિયારમો ઉદ્દેશક.[1]

૧. ભગ.૪૦૯.

૭. **કાલ** **વેલંબ**(૧)નો **લોગપાલ** તેમજ **પભંજણ**(૩)નો લોગપાલ.[1] તે અને **કાલ**(૩) એક છે.

૧. સ્થા.૨૫૬.

૮. **કાલ** નારકીઓને ત્રાસ દેવામાં રત પંદર **પરમાહમ્મિય** દેવોમાંનો એક.[1] તે **જમ**(૨)ના કુટુંબનો સભ્ય છે.[2]

૧. સમ.૧૫.સૂત્રચૂ.પૃ.૧૫૪. ૨. ભગ.૧૬૬.

૯. **કાલ** સાતમી નરકભૂમિ **તમતમપ્પભા**ના છેલ્લા પાંચ સૌથી ભયંકર **મહાણિરય** વાસસ્થાનોમાંનું એક.[1]

૧. સમ.૩૩, સ્થા.૪૫૧, સ્થાઅ.પૃ.૩૪૧.

૧૦. **કાલ** **સહસ્સારકપ્પ**નું એક સ્વર્ગીય વાસસ્થાન(વિમાન) જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષનું છે, જ્યાં વસતા દેવો અઢાર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને અઢાર હજાર વર્ષે તેમને એક વાર જ ભૂખ લાગે છે.[1]

૧. સમ. ૧૮.

૧૧. **કાલ** **લવણ** સમુદ્રમાં આવેલા **વલયામુહ** કલશનો અધિષ્ઠાતા દેવ.[1]

૧. સ્થા.૭૨૦, ૩૦૫.

૧૨. **કાલ** **કાલોદ** સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.[1]

૧. જીવા.૧૭૫.

૧૩. **કાલ** **ણિરયાવલિયા**(૧) નું પ્રથમ અધ્યયન.[1]

૧. નિર.૧.૧.

૧૪. **કાલ** આ અને **કાલસોયરિય** એક છે.[1]

૧. આવહ.પૃ.૬૮૧, આવચૂ.૨.પૃ.૮૯.

**કાલઅ** (કાલક) જુઓ **કાલગ**.[1]


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવચૂ.૧.પૃ.૪૯૫, કલ્પચૂ.પૃ.૮૯.

**કાલંજર** (કાલઞ્જર) આ અને **કલિંજર** એક છે.[1]

૧. આવહ.પૃ.૩૪૮.

**કાલખમણ** (કાલક્ષમણ) જુઓ **કાલગ**(૩)[1].

૧. ઉત્તરાનિ.પૃ.૧૨૭.

**૧. કાલગ** (કાલક) ધારાવાસના રાજા વજ્જસિંહ અને તેની રાણી સુરસુન્દરીનો પુત્ર. તે સંસાર ત્યજી ગુણાકરના શિષ્ય બન્યા. કાલગની બેન સરસ્વતી પણ સંસારનો ત્યાગ કરી શ્રમણી બની.[1] એક વાર તેના રૂપથી મોહાંધ બની **ઉજ્જેણી**નો રાજા **ગદ્દભિલ્લ** તેને બળજબરીથી પોતાના મહેલે લઈ ગયો અને તેને ત્યાં પૂરી રાખી. આચાર્ય કાલગ અને બીજાઓએ તેને સાધ્વીને છોડી દેવા બહુ જ સમજાવ્યો પરંતુ તે માન્યો જ નહિ. તેથી કાલગને રોષ ચડ્યો. તે **પારસકુલ** જવા માટે રવાના થયા[2], તે પ્રદેશના છન્નુ ખંડિયા રાજાઓ સાથે ઉજ્જેણી પાછા ફર્યા, નગર ઉપર આક્રમણ કર્યું, ગદ્દભિલ્લને હરાવ્યો, સરસ્વતીને મુક્ત કરી અને શ્રમણી તરીકે પુનઃ પ્રતિષ્ઠિત કરી.[3] ગદ્દભિલ્લને હરાવવામાં **લાડ** રાજાઓએ પણ તેમને મદદ કરી હતી.[4] તે (કાલગ) **સગ** લોકોને ઉજ્જેણી લઈ ગયા હતા.[5]

૧. કલ્પધ.પૃ.૧૩૧, કલ્પસ.પૃ.૨૮૪થી.
૨. નિશીચૂ.૩.પૃ.૫૯, દેવચન્દ્રસૂરિ પોતાની મૂલશુદ્ધિટીકામાં 'સગકૂલ'નો ઉલ્લેખ કરે છે. જુઓ કાલકાચાર્ય-કથાસંગ્રહ (૧૯૪૯) પૃ.૧૦.
૩. નિશીચૂ.૩.પૃ.૫૯-૬૦,કલ્પસ.પૃ.૨૮૪થી, કલ્પધ.પૃ.૧૩૧, બૃક્ષે. ૧૪૭૮.
૪. નિશીચૂ.૩.પૃ.૫૯.
૫. વ્યવભા.૧૨.પૃ.૯૪.

**૨. કાલગ ઉજ્જેણી**ના **બલમિત્ત**(૧) અને **ભાણુમિત્ત**(૨)ના મામા.[1] **ભાણુસિરી**ના પુત્ર **બલભાણુ**એ તેમની પાસે દીક્ષા લીધી હતી. એક વાર આચાર્ય કાલગ રાજા **સાયવાહણ**ની રાજધાની **પતિટ્ઠાણ** ગયા હતા. રાજાએ તેમને પજ્જોસવણાની ઉજવણીના દિવસે સ્થાનિક ઉત્સવ હોવાથી પજ્જોસવણાની ઉજવણીની તિથિમાં ફેરફાર કરવા સૂચવ્યું અને તેમણે રાજાના સૂચનને સ્વીકારી લીધું.[2] સંભવતઃ આ કાલગ અને કાલગ(૧) એક જ વ્યક્તિ છે.

૧. કેટલાક કાલગને બલમિત્ત અને ભાણુમિત્તની બેનના પુત્ર ગણે છે. જુઓ દશાચૂ. પૃ.૫૫, કલ્પચૂ.પૃ.૮૯.
૨. નિશીચૂ.૩.પૃ.૧૩૧,કલ્પધ.પૃ.૪,૧૪,૧૩૧, કલ્પવિ.પૃ.૨૭૦.

**૩. કાલગ સુવણ્ણભૂમિ**માં થોડો સમય રોકાયેલા **સાગર**(૫)ના દાદાગુરુ. સાગરને પોતાના જ્ઞાનનું બહુ અભિમાન હતું. કાલગ સુવણ્ણભૂમિ ગયા અને તેને સન્માર્ગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાળ્યો.[1] આ કાલગ પણ **કાલગ**(૧)થી જુદા જણાતા નથી.

૧. ઉત્તરાચૂ.પૃ.૮૩, ઉત્તરાનિ.પૃ.૧૨૭, ઉત્તરાશા.પૃ.૧૨૭-૧૨૮, બૃભા.૨૩૯, સ્થાઅ.પૃ.૩૩૨, ઉત્તરાક.પૃ.૭૫, મર.૫૦૧, બૃમ.પૃ.૭૩-૭૪, આવચૂ.૨.પૃ.૨૫.

૪. **કાલગ માઢર** ગોત્રના **વિણ્હુ**(૫) આચાર્યના શિષ્ય અને **ગોયમ**(૨) ગોત્રના **સંપલિય** અને **ભદ્દ** (૫)ના ગુરુ.[1]

૧. કલ્પ (થેરાવલી) ૭.

૫. **કાલગ તુરુવિણી**ના રાજા **જિયસત્તુ**(૩)ને પોતાની બ્રાહ્મણ પત્નીથી થયેલા પુત્ર **દત્ત**(૧)ના મામા. જ્યારે આચાર્ય કાલગે દત્તને કહ્યું કે યજ્ઞનું ફળ નરક છે ત્યારે દત્તને માઠું લાગ્યું.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૯૫. આચાર્ય કાલગના સર્વગ્રાહી અભ્યાસ માટે વાચકોએ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થમાં(મુંબઈ, ૧૯૫૬) સંગૃહીત ડૉ. યુ.પી.શાહનો લેખ 'સુવર્ણભૂમિ મેં કાલકાચાર્ય' જોવો.

**કાલણદીવ** (કાનનદ્વીપ) જ્યાં અનાજ મેળવવા કે લાવવા વહાણોનો ઉપયોગ થતો તે દ્વીપ.[1]

૧. આચાચૂ.પૃ.૨૮૧, ઉત્તરાશા.પૃ.૬૦૫, બૃક્ષે.૩૮૪.

**કાલપાલ** જુઓ **કાલવાલ**.[1]

૧. સ્થા.૨૫૬.

**કાલમુહ** (કાલમુખ) **ચક્કવટ્ટિ ભરહ**(૧)ના સેનાપતિ **સુસેણ**(૧)એ જીતેલી એક **અણારિય** (અનાર્ય) જાતિ.[1]

૧. જમ્બૂ.૫૨, આવચૂ.૧.પૃ.૧૯૧.

**કાલવડિંસયભવણ** (કાલાવતંસકભવન) **ચમરચંચા**માં આવેલું એક વાસસ્થાન.[1]

૧. જ્ઞાતા.૧૪૮.

૧. **કાલવાલ** (કાલપાલ) **ણાગકુમાર** દેવોના ઇન્દ્ર **ધરણ**ના ચાર **લોગપાલ**માંનો એક. તેને ચાર મુખ્ય પત્નીઓ છે – **અસોગા**(૩), **વિમલા**(૩), **સુપ્પભા**(૧) અને **સુદંસણા**(૫).[1]

૧. સ્થા.૨૫૬, ૨૭૩, ભગ. ૧૬૯, ૪૦૬.

૨. **કાલવાલ ભૂયાણંદ**(૧)ના ચાર **લોગપાલ**માંનો એક. તેની પત્નીઓની સંખ્યા અને તેમનાં નામો **કાલવાલ**(૧)ની પત્નીઓની સંખ્યા અને તેમનાં નામો સમાન જ છે.[1] જુઓ **ણાગવિત્ત**.

૧. સ્થા.૨૫૬, ભગ.૧૬૯, ૪૦૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કાલવેસિય** (કાલવૈશિક) **મહુરા**(૧)ના **જિયસત્તુ**(૧૯) રાજાના પુત્ર. રાજાએ પોતાના મહેલમાં રખાત તરીકે રાખેલી ગણિકા **કાલા**(૨)ના પેટે તે જન્મ્યા હતા. તે સંસાર છોડી શ્રમણ બન્યા. તે પોતાના શરીર પ્રત્યે એટલા બધા અનાસક્ત હતા કે **મુગ્ગસેલ** ડુંગર ઉપર શિયાળ તેમના શરીરને ખાઈ ગયું.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૧૨૦, ઉત્તરાશા.પૃ.૧૨૦-૨૧, મર.૪૯૮,વ્યવભા.૧૦.૫૯૫, ઉત્તરાચૂ.પૃ.૭૭, આચાચૂ.પૃ.૧૧૨.

**કાલસંદીવ** (કાલસન્દ્વીપ) એક વિદ્યાધર જેને **સુજેટ્ઠા**ના પુત્ર **સચ્ચઇ**(૧)એ હણ્યો હતો.

૧. આવચૂ.૨.પૃ.૧૭૫, સ્થાઅ.પૃ.૪૫૭, આવહ.પૃ.૬૮૬.

**કાલસિરી** (કાલશ્રી) **આમલકપ્પા**ના વેપારી **કાલ**(૫)ની પત્ની.[1]

૧. જ્ઞાતા.૧૪૮.

**કાલસૂરિય** (કાલશૌકરિક) આ અને **કાલસોયરિય** એક છે.[1]

૧. આવહ.પૃ.૬૮૧.

**કાલસોઅરિઅપુત્ત** (કાલશૌકરિકપુત્ર) આ અને **કાલસોયરિય**નો પુત્ર **સુલસ** એક જ છે.[1]

૧. સૂત્રચૂ.પૃ.૨૧૯.

**કાલસોયરિય** (કાલશૌકરિક) રોજ પાંચ સો ભેંસને કાપતો **રાયગિહ**નો કસાઇ. **સુલસ** તેનો પુત્ર હતો. **મહાવીરે** રાજા **સેણિય**(૧)ને કહ્યું હતું કે જો સેણિય કાલસોયરિયને પશુઓની કતલ કરતો બંધ કરશે તો કાલસોયરિય નરકમાં નહિ જાય. તેથી સેણિયે કાલસોયરિય કસાઇનો ધંધો બંધ કરી દે તે માટે ઘણા પ્રયત્ન કર્યાં. પરંતુ રાજા સફળ થયો નહિ. અને કાલસોયરિય મૃત્યુ પછી સાતમી નરકે ગયો.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૬૯,૨૮૩,આવહ.પૃ.૫૯૦,૬૮૧,સ્થાઅ.પૃ.૧૮૨,૧૯૦,૨૫૦, ૨૭૩, આચાચૂ.પૃ.૧૩૬, નિશીચૂ.૧.પૃ.૧૦. ભગઅ.પૃ.૭૯૬, ૯૨૬, જીવામ.પૃ.૧૨૯, સૂત્રશી.પૃ.૧૨૨, ૧૭૮, સૂત્રચૂ.પૃ.૧૫૨.૩૨૭.

**કાલસોરિય** (કાલશૌકરિક) જુઓ **કાલસોયરિય**.[1]

૧. આવહ.પૃ.૬૮૦.

**કાલસોવરિઅ** (કાલશૌકરિક) જુઓ **કાલસોયરિય**.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૬૯.

**કાલહત્થિ** (કાલહસ્તિન્) **કલંબુયા** ગામનો રહેવાસી. તેણે **મહાવીર** અને **ગોસાલ**ને બાંધી પોતાના મોટા ભાઈ **મેહ**(૭)ને હવાલે કર્યા. પરંતુ મેહે તેમને છોડી મૂક્યા.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૯૦, કલ્પવિ.પૃ.૧૬૬, કલ્પધ.પૃ.૧૦૬, આવહ.પૃ.૨૦૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. **કાલા પિસાય** દેવોના ઇન્દ્ર **કાલ**(૪)ની રાજધાની.[1]

૧. ભગ. ૪૦૬.

૨. **કાલા મહુરા**(૧)ની ગણિકા. તેને રાજા **જિયસત્તુ**(૧૯)એ પોતાની રખાત તરીકે પોતાના મહેલમાં રાખી હતી. તેને પોતાના પેટે જન્મેલો પુત્ર **કાલવેસિય** નામનો હતો.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૭૭.

**કાલાય** (કાલાક) **તિત્થયર મહાવીર ગોસાલ** સાથે જયાં ગયા હતા તે સ્થળ.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૮૪, આવનિ.૪૭૭, કલ્પધ.પૃ.૧૦૫, વિશેષા.૧૯૩૧, આવહ.પૃ.૨૦૧.

**કાલાયવેસિય** (કાલાદવૈશિક) જુઓ **કાલવેસિય.**[1]

૧. વ્યવભા.૧૦.૫૯૫.

**કાલાસવેસિકપુત્ત** (કાલાસ્યવૈશિકપુત્ર) જુઓ **કાલાયવેસિય.**[1]

૧. આચાચૂ.પૃ.૧૧૨.

**કાલાસવેસિયપુત્ત** (કાલાસ્યવૈશિકપુત્ર) **તિત્થયર પાસ**(૧)ની પરંપરાનો શ્રમણ. તેણે મહાવીરના શિષ્યોને કેટલાક પ્રશ્નો પૂછ્યા અને પછી મહાવીરની પરંપરા સ્વીકારી.[1]

૧. ભગ.૭૬,૩૦૮,ભગઅ.પૃ.૧૦૧.

**કાલિઅ** (કાલિક) જુઓ **કાલિય.**[1]

૧. નન્દિ.૪૪.

**કાલિંજર** (કાલિઞ્જર) જયાં પોતાના પૂર્વભવમાં **ચિત્ત**(૧) અને **સંભૂઇ**(૨) હરણરૂપે જન્મ્યા હતા તે પર્વત.[1] તેની એકતા બુંદેલખંડના બન્દ (Band) જિલ્લામાં બદૌસા વિભાગમાં આવેલા એક પહાડી ગઢ (કિલ્લા) સાથે સ્થાપવામાં આવી છે.[2]

૧. ઉત્તરા.૧૩.૬., ઉત્તરાક.પૃ.૨૫૧, આવચૂ.૧.પૃ.૪૬૧.
૨. જિઓડિ.પૃ.૮૪.

**કાલિકેય જંબુદ્દીવ**ના **ભરહ**(૨) ક્ષેત્રમાં **વેયડ્ઢ**(૨) પર્વતની બંને પર્વતમાળાઓ ઉપર **ણમિ**(૩) અને **વિણમિ**એ સ્થાપેલાં સોળ જનપદો(વસતિકાયો કે દેશો)માંનો એક. તે કાલિકેય નામના વિદ્યાધર લોકોના વસવાટવાળો હતો. તેઓ જે વિદ્યામાં નિષ્ણાત હતા તે વિદ્યાનો અધિષ્ઠાતા દેવ પણ કાલિકેય નામનો હતો.[1] તે સોળ જનપદોનાં નામ આ પ્રમાણે છે – **ગોરિગ, મણુપુવ્વગ, ગંધાર**(૩), **માણવ, કેસિકપુવ્વિક, ભૂમિતુંડક, મૂલવીરિય, સંતુક, પટૂક, કાલિકેય, સમક, માતંગ**(૨), **પવ્વતેય, વંસાલય, પંસુમૂલિય**(૧) અને **રુક્ખમૂલિય**(૨).[2] કાલિક લોકોના ઉલ્લેખો પુરાણોમાં પણ મળે છે.[3]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવચૂ.૧.પૃ.૧૬૨, આવમ.પૃ.૨૧૫-૧૬, ૨. એજન.
૩. જુઓ સ્ટજિઓ.પૃ.૬૧.

**કાલિય** (કાલિક) **અંગબાહિર આવસ્સયવઈરિત્ત** આગમગ્રન્થોના બે પ્રકારોમાંનો એક.[1] આ પ્રકારના આગમગ્રન્થો દિવસ તેમ જ રાત્રિના ચાર ચાર પ્રહરોમાંથી પહેલા અને છેલ્લા પ્રહરોમાં વાંચી શકાય.[2] **ણન્દી**(૧)માં **અંગ**(૩) ગ્રન્થો ઉપરાંત વધુ એકત્રીસ કાલિય ગ્રન્થોની યાદી આપી છે.[3] **પક્ખિયસુત્ત**માં આવા આડત્રીસ ગ્રન્થોનાં નામોનો ઉલ્લેખ છે.[4] તે નામો આ પ્રમાણે છે – (૧) **ઉત્તરજ્ઝયણ**, (૨) **દસા**, (૩) **કપ્પ**, (૪) **વવહાર**, (૫) **ઈસિભાસિય**, (૬) **ણિસીહ**, (૭) **મહાણિસીહ**, (૮) **જંબુદ્દીવપણ્ણત્તિ**, (૯) **સુરપણ્ણત્તિ**, (૧૦) **ચંદપણ્ણત્તિ**, (૧૧) **દીવસાગરપણ્ણત્તિ**, (૧૨) **ખુડ્ડિયાવિમાણપવિભત્તિ**, (૧૩) **મહલ્લિયાવિમાણપવિભત્તિ**, (૧૪) **અંગચૂલિયા**, (૧૫) **વગ્ગચૂલિયા**(૧), (૧૬) **વિયાહચૂલિયા**, (૧૭) **અરુણોવવાય**, (૧૮) **વરુણોવવાય**(૧), (૧૯) **ગરુલોવવાય**, (૨૦) **ધરણોવવાય**, (૨૧) **વેસમણોવવાય**(૧), (૨૨) **વેલંધરોવવાય**, (૨૩) **દેવિંદોવવાય**, (૨૪) **ઉટ્ઠાણસુઅ**, (૨૫) **સમુટ્ઠાણસુઅ**, (૨૬) **ણાગપરિઆવણિઆ** (૨૭) **ણિરયાવલિયા**, (૨૮) **કપ્પિયા**, (૨૯) **કપ્પવડંસિયા**, (૩૦) **પુપ્ફિયા**, (૩૧) **પુપ્ફચૂલિયા**, (૩૨) **વણ્હિઆ**, (૩૩) **વણ્હિદસા**, (૩૪) **આસીવિસભાવણા**, (૩૫) **દિટ્ઠિવિસભાવણા**, (૩૬) **ચરણભાવણા (સુમિણભાવણા)**, (૩૭) **મહાસુમિણભાવણા**, (૩૮) **તેઅગણિસગ્ગ**. ણન્દીના ૪૪મા સૂત્રમાં (૯) સૂરપણ્ણત્તિ, (૩૨) વણ્હિઆ અને (૩૪) થી (૩૮) અર્થાત્ આસીવિસભાવણા આદિનો ઉલ્લેખ નથી એ દેખાય છે.[5] બીજી એક યાદીમાં **દીવપણ્ણત્તિ**ને અલગથી નોંધવામાં આવી છે અને એમ પણ કહેવામાં આવ્યું છે કે દીવસાગરપણ્ણત્તિમાં દીવપણ્ણત્તિ અને **સાગરપણ્ણત્તિ** સમાવિષ્ટ છે. તેવી જ રીતે ચારણભાવણા અને સુમિણભાવણાને જોડીને એક **ચારણસુમિણભાવણા** કરવામાં આવેલ છે. આ યાદી સૂરપણ્ણત્તિને છોડી દે છે અને વણ્હિઆનો સમાવેશ કરે છે.[6] જુઓ **ઉક્કાલિય** અને **પઈણ્ણગ**.

૧. નન્દિ.૪૪, સ્થા.૭૧.
૨. નિશીચૂ.૪.પૃ.૨૨૮, દશચૂ.પૃ.૯૭, વ્યવમ.૧.પૃ.૨૪, વ્યવભા.૪.૫૬૪.
૩. નન્દિ.૪૪,નન્દિમ.પૃ.૨૦૬, અનુચૂ. પૃ.૨, આવનિ.૭૬૩-૬૪. આવભા. ૧૨૪.
૪. પાક્ષિ.પૃ.૪૪-૪૫, આવભા.૨. પૃ.૧૮૬.
૫. નન્દિ.૪૪.
૬. નન્દિમ.પૃ.૨૫૪.

**કાલિયદીવ** (કાલિકદ્વીપ) હીરા વગેરેથી ભરપૂર દ્વીપ. **હત્થિસીસ**ના કેટલાક વેપારીઓ ત્યાં ગયા હતા.[1]

૧. જ્ઞાતા.૧૩૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કાલિયપુત્ત** (કાલિકપુત્ર) **તિત્થયર પાસ**(૧)ની પરંપરાનો શ્રમણ.[૧]

૧. ભગ. ૧૧૦.

**૧. કાલી અસુરકુમાર** દેવોના ઇન્દ્ર **ચમર**(૧)ની પાંચ મુખ્ય પત્નીઓમાંની એક.[૧]

૧. ભગ. ૪૦૫, સ્થા.૪૦૩, જ્ઞાતા.૧૪૮.

**૨. કાલી ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના પહેલા વર્ગનું પહેલું અધ્યયન.[૧]

૧. જ્ઞાતા.૧૪૮.

**૩. કાલી આમલકપ્પા**ના **કાલ**(૫) અને **કાલસિરી**ની પુત્રી. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર પાસ**(૧)ની શિષ્યા બની હતી. મૃત્યુ પછી તે **ચમરચંચા**માં ઇન્દ્ર **ચમર**ની મુખ્ય પત્ની **કાલી**(૧) તરીકે જન્મ પામી. ભવિષ્યમાં તે **મહાવિદેહ**(૧)માં મોક્ષ પામશે.[૧]

૧. જ્ઞાતા. ૧૪૮.

**૪. કાલી અંતગડદસા**ના આઠમા વર્ગનું પહેલું અધ્યયન.[૧]

૧. અન્ત. ૧૭.

**૫. કાલી સેણિય**(૧) રાજાની પત્ની. તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**ની શિષ્યા બની હતી. આઠ વર્ષના શ્રમણીજીવન પછી તે મોક્ષ પામી.[૧] ધાર્મિક તપના અનુષ્ઠાન માટે તે પ્રસિદ્ધ હતી.[૨]

૧. અન્ત.૧૭, નિર.૧.૧., ૨.૧, આવહ.પૃ.૬૮૭.
૨. ગચ્છાવા.પૃ.૩૧, ઉત્તરાશા.પૃ.૮૪.

**કાલીય** આ અને **કાલિકેય** એક છે.[૧]

૧. આવમ.પૃ.૨૧૬.

**કાલોઅ** (કાલોદ) **ધાયઈખંડ**ને બધી બાજુથી ઘેરતો વર્તુળાકાર સમુદ્ર. તેનો વિસ્તાર આઠ લાખ યોજન છે. તેનો પરિઘ ૯૧૭૦૬૦૫ યોજનથી થોડોક વધારે છે.[૧] **કાલ**(૧૨) અને **મહાકાલ**(૭) તેના અધિષ્ઠાતા દેવો છે.[૨] બેતાલીસ ચન્દ્રો અને બેતાલીસ સૂર્યો તેના ઉપર પ્રકાશે છે.[૩] તે **પુક્ખરવર** વલયાકાર દ્વીપથી ઘેરાયેલો છે.[૪]

૧. જીવા.૧૭૫,સૂર્ય.૧૦૦.સમ.૯૧, સ્થા.૧૧૧,૫૫૫,૬૩૧.
૨.જીવા. ૧૭૫.
૩. જીવા.૧૭૫, દેવે.૧૧૫-૧૧૭, સમ.૪૨.
૪. સૂર્ય.૧૦૦.

**કાલોદ** જુઓ **કાલોઅ**.[૧]

૧. જીવા.૧૭૫, ભગ.૩૬, સ્થા.૯૩, ૬૩૧.

**કાલોદહિ** (કાલોદધિ) આ અને **કાલોઅ** એક છે.[૧]

૧. દેવે.૧૧૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કાલોદાઈ** (કાલોદાયિન્) રાત્રિ ભોજનના દોષોના સંદર્ભમાં જેનું દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે તે ભિક્ષુ.[1]

૧. બૃક્ષે.૮૦૩.

**કાલોદાયિ** (કાલોદાયિન્) પાખંડી મત ધરાવતો એક ગૃહસ્થ. ધર્માસ્તિકાયના અસ્તિત્વ ઉપર તેમ જ કર્મોનાં ફળ ઉપર તેને **મદ્દુઅ** અને **તિત્થયર મહાવીર** સાથે ચર્ચા થઈ હતી. પછી તે મહાવીરનો અનુયાયી બની ગયો.[1]

૧. ભગ.૩૦૫-૩૦૮, ૬૩૪.

**કાલોય** (કાલોદ) આ અને **કાલોઅ** એક છે.[1]

૧. જીવા. ૧૬૫.

**કાલોયણ** (કાલોદન) આ અને **કાલોઅ** એક છે.[1]

૧. સૂર્ય.૧૦૦.

**કાલોયસમુદ્દ** (કાલોદસમુદ્ર) આ અને **કાલોઅ** એક છે.[1]

૧. જીવા. ૧૬૫.

**કાવિટ્ઠ** (કાપિષ્ઠ) **લંતઅ** કલ્પ(સ્વર્ગ)માં આવેલું વાસસ્થાન (વિમાન) જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ચૌદ સાગરોપમ વર્ષનું હોય છે.

૧. સમ.૧૪.

**કાવિલ** (કાપિલ) જુઓ **કાવિલિઅ**.[1]

૧. અનુ. ૪૧.

**કાવિલિઅ** (કાપિલિક) સાઙ્ખ્ય દર્શનના સિદ્ધાન્તોનું વિવરણ કરતો એક પાંખડી શાસ્ત્રગ્રન્થ.[1]

૧. નન્દિ.૪૨, અનુ.૪૧.

**કાવિલિય** (કાપિલિક) જુઓ **કાપિલિજ્જ**.[1]

૧. સમ. ૩૬.

**કાવિલિજ્જ** (કાપિલીય) જુઓ **કાપિલિજ્જ**.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૯, સૂત્રચૂ. પૃ.૭, ઉત્તરાચૂ.પૃ.૭.

**કાસ** (કાશ) અટ્ઠ્યાસી ગહમાંનો એક. તેના માટે જુઓ **કામફાસ**.[1]

૧. સ્થા.૯૦, સ્થાઅ.પૃ.૭૯.

**૧. કાસવ** (કાશ્યપ) નીચે જણાવેલાઓનું ગોત્ર - **મહાવીર**[1] અને તેમના પિતા **સિદ્ધાર્થ** (૧)[2], **ઉસભ** (૧)[3], આચાર્ય **જંબૂ**(૧)[4], **મોરિય**(૨)[5] અને **જિટ્ઠભૂઇ**.[6] તેની સાત શાખાઓ છે – **કાસવ, સંડેલ્લ**(૩), **ગોલ્લ**(૨), **વાલ, મુંજઇ, પવ્વપેચ્છઇ** અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વરિસકણ્હ.**[૭]

૧. સૂત્ર.૧.૨.૨.૭ આદિ. ભગ.૫૫૦, ઉત્તરા.૨.૧, ઈત્યાદિ, દશ.૪.૧, કલ્પવિ.પૃ.૩૮, ઉત્તરાશા.પૃ.૮૩.
૨. આવચૂ.૧.પૃ.૨૩૯, આચા.૨.૧૭૬, આચાશી.પૃ.૩૮૮.
૩. ઉત્તરાશા.પૃ.૫૨૫, કલ્પસં.પૃ.૧૨૫.
૪. નન્દિ. ગાથા ૨૩, પ્રશ્નઅ. પૃ.૨, નન્દિમ.પૃ.૪૮.
૫. આવનિ.૬૫૦, વિશેષા.૨૫૧૧.
૬. તીર્થો. ૮૧૬.
૭. સ્થા.૫૫૧, આવચૂ.૧.પૃ.૧૫૨, દશચૂ. પૃ.૧૩૨, સમઅ.પૃ.૧૧૨.

૨. **કાસવ** **ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[૧]

૧. કલ્પધ.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૬.

૩. **કાસવ** **તિત્થયર** **પાસ**(૧)ની પરંપરાના વિદ્વાન શ્રમણ.[૧]

૧. ભગ. ૧૧૦.

૪. **કાસવ** **કોસંબી**નો વિદ્વાન બ્રાહ્મણ. તેની પત્ની **જસા**(૧) હતી. તેમને **કવિલ**(૪) નામનો પુત્ર હતો.[૧]

૧. ઉત્તરાચૂ.પૃ.૧૬૮, ઉત્તરાક. પૃ. ૧૬૮.

૫. **કાસવ** **અંતગડદસા**ના છઠ્ઠા વર્ગનું ચોથું અધ્યયન.[૧]

૧. અન્ત.૧૨.

૬. **કાસવ** **રાયગિહ**નો વેપારી. તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બન્યો, સોળ વર્ષનું શ્રામણ્ય પાળી મૃત્યુ પછી તે **વિપુલ** પર્વત ઉપર મોક્ષ પામ્યો.[૧]

૧. અન્ત.૧૪.

૭. **કાસવ** **ઉત્તરાફગ્ગુણી** નક્ષત્રનું ગોત્રનામ.[૧]

૧. સૂર્ય.૫૦, જમ્બૂ.૧૫૯.

૮. **કાસવ** **તિત્થયર** **મહાવીર**નું બીજું નામ.[૧]

૧. ભગ.૫૫૦, સૂત્ર.૧.૩.૪.૨૧.

૯. **કાસવ** જુઓ **મહાકાસવ**.[૧]

૧. ઋષિ(સંગ્રહણી).

**કાસવજ્જિયા** (કાશ્યપીયા) **માણવગણ**(૨)ની એક શાખા.[૧]

૧. કલ્પ.પૃ.૨૬૦.

**કાસવી** (કાશ્યપી) પાંચમા **તિત્થંકર** **સુમઇ**(૭)ની પ્રમુખ શિષ્યા.[૧]

૧. સમ.૧૫૭, તીર્થો.૪૫૭.

**કાસિભૂમિ** (કાશિભૂમિ) આ અને **કાસી** એક છે.[૧]

૧. ઉત્તરા.૧૩.૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કાસી** (કાશી) એક **આરિય** (આર્ય) દેશ જેનું પાટનગર **વાણારસી** હતું.[1] એક સમયે **સંખ**(૭) તેનો રાજા હતો.[2] કાસી અને **કોસલ**ના અઢાર ગણરાજાઓ હતા.[3] વાણારસીની એકતા વર્તમાન વારાણસી-બનારસ-કાશી સાથે સ્થાપવામાં આવી છે.[4] જુઓ **વાણારસી.**

૧. પ્રજ્ઞા.૩૭, જ્ઞાતા.૭૨, ઉત્તરા. ૧૮.૪૯., ભગ.૫૫૪,સૂત્રશી. પૃ.૧૨૩.
૨. સ્થા.૫૬૪, જ્ઞાતા.૬૫, ૭૨, સ્થાઅ. પૃ. ૪૯૭.
૩. નિર.૧.૧, ભગ.૩૦૦.
૪. જિઓડિ.પૃ.૯૫.

૧. **કિંકમ્મ** (કિઙ્કર્મન્) **અંતગડદસા**નું આઠમું અધ્યયન.[1] તે અને **કિંકમ્મ**(૩) એક છે.

૧. સ્થા.૭૫૫.

૨. **કિંકમ્મ રાયગિહ**નો વેપારી જે સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બન્યો હતો, જેણે અગિયાર **અંગ**(૩) ગ્રન્થોનું અધ્યયન કર્યું હતું, જેણે ગુણરત્ન તપ કર્યું હતું, જેણે સોળ વર્ષ શ્રામણ્ય પાળ્યું હતું અને પછી જે **વિપુલ** પર્વત ઉપર મોક્ષે ગયા હતા.[1]

૧. અન્ત.૧૨. ગ્રન્થમાં 'કિંકમ' પાઠ છે.

૩. **કિંકમ્મ અંતગડદસા**ના છઠ્ઠા વર્ગનું બીજું અધ્યયન.[1] સ્થાનાંગ તેનો ઉલ્લેખ અંતગડદસાના આઠમા અધ્યયન તરીકે કરે છે.[2]

૧. અન્ત.૧૨. ૨. સ્થા.૭૫૫.

૧. **કિંણર** (કિન્નર) કિંણર નામ ધરાવતો **વંતર** દેવોના બે ઇન્દ્રોમાંનો એક.તેને ચાર મુખ્ય પત્નીઓ છે – **વડેંસા**(૨), **કેઉમતી**(૨), **રઇસેણા** અને **રઇપ્પભા**.[1]

૧. સ્થા.૯૪, ૬૫૪, ભગ. ૧૬૯, ૪૦૬.

૨. **કિંણર વંતર** દેવોનો એક વર્ગ. તે વર્ગના દેવોના બે ઇન્દ્રો છે - **કિંણર**(૧) અને **કિંપુરિસ**(૧)[1]. ઉલ્લેખો માટે જુઓ **વાણમંતર.**

૧. ભગ.૧૬૯, સ્થા.૯૪.

૩. **કિંણર ચમર**(૧) ઇન્દ્રના રથદળના સેનાપતિ.[1]

૧. સ્થા. ૪૦૪.

**કિંત્થુગ્ઘ** અથવા **કિંથુગ્ઘ** (કિંસ્તુઘ્ન) અગિયાર **કરણ**(૧)માંનું છેલ્લું.[1]

૧. જમ્બૂ.૧૫૩, ગણિ.૪૨, સૂત્રનિ.૧૨.

૧. **કિંપુરિસ** (કિંપુરુષ) **કિંણર** વર્ગના દેવોના બે ઇન્દ્રોમાંનો એક. તેને **કિંણર**(૧)ની ચાર મુખ્ય પત્નીઓ જેવી જ સમાન નામો ધરાવતી ચાર મુખ્ય પત્નીઓ છે.[1]

૧. સ્થા.૯૪, ૬૫૪, ભગ.૧૬૯, ૪૦૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. **કિંપુરિસ** **બલિ**(૪)ના રથદળનો સેનાપતિ.[1]

૧. સ્થા.૪૦૪, ભગ.૧૬૯.

૩. **કિંપુરિસ** **વંતર** દેવોનો એક વર્ગ. તે વર્ગના દેવોને બે ઈન્દ્રો છે– **સપ્પુરિસ** અને **મહાપુરિસ**.[1]

૧. ભગ.૧૬૯,૪૦૬,પ્રજ્ઞા.૪૭, સ્થા.૨૭૩.

**કિંસુગ્ઘ** (કિંસ્તુઘ્ન) આ અને **કિંથુગ્ઘ** એક છે.[1]

૧. સૂત્રનિ.૧૨.

**કિટ્ટ(ટ્ટ)** (કૃષ્ટ) **આરણ**માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એકવીસ સાગરોપમ વર્ષનું હોય છે.[1]

૧. સમ.૨૧.

**કિટ્ઠિ** (કૃષ્ટિ) **સણંકુમાર**(૧) અને **માહિંદ**(૩)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ચાર સાગરોપમ વર્ષનું હોય છે.[1]

૧. સમ.૪.

**કિટ્ઠિઘોસ** (કૃષ્ટિઘોષ) સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ સાગરોપમ વર્ષનું હોય છે, તે દેવો છ પખવાડિયે એકવાર શ્વાસ લે છે અને છ હજાર વર્ષમાં એકવાર જ તેમને ભૂખ લાગે છે. આ વાસસ્થાન **સયંભૂ**(૪) જેવું જ છે.

૧. સમ. ૬.

**કિટ્ઠિજુત્ત** (કૃષ્ટિયુક્ત) **કિટ્ઠિ** જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સમ.૪.

**કિટ્ઠિજ્ઝય** (કૃષ્ટિધ્વજ) **કિટ્ઠિ** જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સમ.૪.

**કિટ્ઠિપ્પભ** (કૃષ્ટિપ્રભ) **કિટ્ઠિ** જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સમ.૪.

**કિટ્ઠિયાવટ્ટ** (કૃષ્ટિકાવર્ત) **કિટ્ઠિ** જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સમ.૪.

**કિટ્ઠિલેસ** (કૃષ્ટિલેશ્ય) **કિટ્ઠિ** જેવું જ સ્વર્ગીય વાસસ્થાન [1]

૧. સમ.૪.

**કિટ્ઠિવણ્ણ** (કૃષ્ટિવર્ણ) **કિટ્ઠિ** જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સમ.૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કિટ્ઠિસિંગ** (કૃષ્ટિશૃઙ્ગ) **કિટ્ઠિ** જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સમ.૪.

**કિટ્ઠિસિટ્ઠ** (કૃષ્ટિશિષ્ટ) **કિટ્ઠિ** જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સમ.૪.

**કિટ્ઠુત્તરવડિંસગ** (કૃષ્ટ્યુત્તરાવતંસક) **કિટ્ઠિ** જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સમ.૪.

**કિણિય** (કિણિક) વાદ્યો બનાવવા અને વગાડવાનું કામ કરતી નીચી જાતિની કોમ.[1]

૧. વ્યવભા. ૩.૯૨.

**કિણ્ણર** (કિન્નર) જુઓ **કિંણર**.[1]

૧. સ્થા.૪૦૪, ભગ.૪૦૬.

**કિણ્હગુલિયા** (કૃષ્ણગુલિકા) જુઓ **કણ્હગુલિગા**.[1]

૧. નિશીચૂ.૩.પૃ.૧૪૫.

**કિણ્હસિરી** (કૃષ્ણશ્રી) **કુંથુ**(૧)ની મુખ્ય પત્ની.[1]

૧. સમ. ૧૫૮.

**કિણ્હા** (કૃષ્ણા) **મંદર**(૩) પર્વતની ઉત્તરે વહેતી નદી. તે **રત્તા** નદીને મળે છે.[1]

૧. સ્થા.૪૭૦, ૭૧૭.

૧. **કિત્તિ** (કીર્તિ) **રાયગિહ**માં **મહાવીર** સમક્ષ નાટક ભજવનાર દેવી.[1]

૧. નિર.૪.૪.

૨. **કિત્તિ** **જંબૂદીવ**માં આવેલા **કેસરિ** સરોવરની અધિષ્ઠાત્રી દેવી.[1]

૧. સ્થા.૮૮, ૧૯૭, ૫૨૨.

૩. **કિત્તિ** **ણીલવંત** પર્વતનાં નવ શિખરોમાંનું એક.[1]

૧. જમ્બૂ.૧૧૦, સ્થા.૬૮૯.

૪. **કિત્તિ** **પુપ્ફચૂલિયા**નું ચોથું અધ્યયન.[1]

૧. નિર.૪.૧

૧. **કિત્તિમઈ** (કીર્તિમતી) જેમની નીચે **સાએય**ના **કંડરીય**(૨)ની પત્ની **જસભદ્દા**એ શ્રમણીપણાની સાધના કરી હતી તે પ્રધાન શ્રમણી.[1]

૧. આવનિ.૧૨૮૩, આવચૂ.૨.પૃ.૧૯૧.

૨. **કિત્તિમઈ** **કિત્તિસેણ**ની દીકરી. તેને **ચક્કવટ્ટિ** **બંભદત્ત**(૧) સાથે પરણાવવામાં આવી હતી.[1]

૧. ઉત્તરાનિ. ૩૭૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કિત્તિસેણ** **કિત્તિમઈ** (૨)ના પિતા.[1]

૧. ઉત્તરાનિ.૩૭૯.

**કિમાહાર** **વિયાહપણ્ણત્તિ**ના ચૌદમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૫૦૦.

**કિયગ** (કીચક) જુઓ **કીયગ**.[1]

૧. જ્ઞાતા.૧૧૭.

**કિરાય**(કિરાત) આ અને **ચિલાય**(૧) એક છે.[1]

૧. સૂત્રશી.પૃ.૧૨૩.

**૧. કિરિયા** (ક્રિયા) **પણ્ણવણા**નું બાવીસમું પદ (પ્રકરણ).[1]

૧. પ્રજ્ઞા. ગાથા ૬.

**૨. કિરિયા** **વિયાહપણ્ણત્તિ**ના(૧) ત્રીજા શતકનો ત્રીજો ઉદ્દેશક,[1](૨) આઠમા શતકનો ચોથો ઉદ્દેશક[2] અને (૩) સત્તરમા શતકનો ચોથો ઉદ્દેશક.[3]

૧. ભગ.૧૨૬. ૨. ભગ.૩૦૯. ૩.ભગ.૫૯૦.

**કિરિયાઠાણ** (ક્રિયાસ્થાન) **સૂયગડ**નું અઢારમું અધ્યયન.[1]

૧. સમ.૨૩.

**કિરિયાવિસાલ** (ક્રિયાવિશાલ) તેરમું **પુવ્વ**.[1]

૧. સમ.૧૪,૧૪૭,નન્દિ.૫૭, નન્દિચૂ.પૃ.૭૬, નન્દિમ.પૃ.૨૪૧.

**કિવ્વિસ** (કલ્વિષ) નીચલા વર્ગના દેવોનો એક પ્રકાર.[1]

૧. સૂત્રચૂ.પૃ.૫૭.

**કિવ્વિસિય**(કિલ્બિષિક) કપટી સાધુઓનો એક વર્ગ. તેઓ જ્ઞાન અને સાધુચરિત વ્યક્તિઓને ભાંડતા હતા.[1]

૧. ભગ.૨૫, ભગઅ.પૃ.૫૦.

**કિસિપારાસર** (કૃષિપારાશર) શરીરસંપત્તિમાં નબળો હોવા છતાં કૃષિમાં નિષ્ણાત એવો ધાન્યપૂરણ ગામનો બ્રાહ્મણ.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૭૬, ઉત્તરાશા.પૃ.૧૧૯, ઉત્તરાક.પૃ.૬૫.

**કીયગ** (કીચક) **વિરાડણયર**નો રાજા. રાજકુંવરી **દોવઈ**ના સ્વયંવરમાં ભાગ લેવા તેને નિમન્ત્રણ પાઠવવામાં આવ્યું હતું.[1]

૧. જ્ઞાતા.૧૧૭.

**કીવ** (ક્લીવ અથવા ક્લીબ) **હત્થિણાઉર**નો રાજકુમાર જેને **દોવઈ**ના સ્વયંવરમાં ભાગ લેવા નિમન્ત્રણ પાઠવવામાં આવ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. જ્ઞાતા.૧૧૭.

**કુઈયણ્ણ** (કુવિકર્ણ) ઘણી ગાયોનો માલિક એક ગૃહસ્થ. રંગના આધારે તેણે ગાયોના જુદા જુદા વર્ગો પાડ્યા હતા.[1]

૧. વિશેષા.૬૩૫, આવચૂ.૧.પૃ.૪૪.

**કુંકણ** (કોઙ્કણ) જુઓ **કોંકણ**[1]

૧. અનુ.૧૩૧.

**કુંકણઅ** (કૌઙ્કણક) આ શબ્દની જોડણી **કુંકુણઅ** પણ થાય છે અને તેનો અર્થ છે **કોંકણ**(૧)નો માણસ. અહીં તે એક વૃદ્ધ માણસનો પુત્ર હતો. તેણે પિતા સાથે સંસારનો ત્યાગ કર્યો. તે નાનો બાળક હોવાથી શરૂઆતમાં તેને સુખસગવડનાં બધાં સાધનો પૂરાં પાડવામાં આવતાં. એકવાર તેણે પિતાને કહ્યું કે તે સ્ત્રી વિના નથી રહી શકતો. તેથી પિતાને દુ:ખ થયું. પરિણામે કુંકણઅને સંઘમાંથી બહિષ્કૃત કરી દીધો.[1]

૧. દશહ.પૃ.૮૯.

**કુંકણગદારઅ** (કૌઙ્કણકદારક) એક વિધુર જેણે બીજી સ્ત્રીને પરણવા માટે પોતાના પુત્રને મારી નાખ્યો.[1] જુઓ **કોંકણ**(૨).

૧. આવનિ.૧૩૪, બૃભા.૧૭૨, વિશેષા.૧૪૨૦, આચાચૂ.પૃ.૧૬૨, વિશેષાકો.પૃ.૪૧૧.

**કુંકુણઅ** (કોઙ્કણક) જુઓ **કુંકણઅ.**[1]

૧. દશહ.પૃ.૮૯.

**કુંચવર** (ક્રૌઞ્ચવર) એક વલયાકાર દ્વીપ.[1] તે અને **કોંચવર** એક છે.[1]

૧. સ્થાઅ.પૃ.૧૬૭.

**કુંચિઅ** (કુઞ્ચિક) એક વેપારી. તેના પુત્રે ચોરી કરી હતી પરંતુ તેની સાથે રહેતા નિર્દોષ સાધુને ચોરીની શિક્ષા થઈ હતી.[1]

૧. ભક્ત.૧૩૩.

**કુંચિત** (કુઞ્ચિત) એક **તાવસ**(૪) જેણે મરેલી માછલી ખાધી અને પછી જે બિમાર પડ્યો. જ્યારે તેણે વૈદ્યને સાચી વાત જણાવી ત્યારે વૈદ્યે તેનો રોગ મટાડ્યો.[1]

૧. નિશીભા.૬૩૯૯, નિશીચૂ.૪.પૃ.૩૦૬.

**કુંજર** (કુઞ્જર) **વિયાહપણ્ણત્તિ**ના સત્તરમા શતકનો પ્રથમ ઉદ્દેશક.[1]

૧. ભગ.૫૯૦.

**કુંજરબલ** (કુઞ્જરબલ) તિત્થયર **ઉસહ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કુંજરસેણા** (કુઞ્જરસેના) **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧)ની પત્ની.[૧]

૧. ઉત્તરાનિ.પૃ.૩૭૯.

**કુંજરાવત્ત** (કુઞ્જરાવર્ત) **રહાવત્ત** પાસે આવેલો પર્વત.[૧]

૧. મર. ૪૭૩.

૧. **કુંડકોલિઅ** (કુણ્ડકોલિક) **કંપિલ્લપુર**નો ગૃહસ્થ. **પૂસા** તેની પત્ની હતી. **મહાવીર**ના મુખ્ય દસ ઉપાસકોમાંનો તે હતો.[૧] **ગોસાલ** દ્વારા પ્રતિપાદિત નિયતિવાદ અંગે તેને એક દેવ સાથે રસપ્રદ ચર્ચા થઈ હતી. ગોસાલના સિદ્ધાન્તના પ્રશંસક તે દેવને તેણે પૂછ્યું હતું કે કોઈ પણ પ્રયત્ન કર્યા વિના તમે તમારું દેવપદ પામ્યા તો પછી બીજા જીવો પણ પ્રયત્ન કર્યા વિના ઉચ્ચ પદો કેમ પામતા નથી? કેટલાક જીવો દેવ છે, કેટલાક મનુષ્યો છે, કેટલાક પશુઓ છે અને કેટલાક નારકીઓ છે એ હકીકત જ દર્શાવે છે કે જીવોમાં ગતિ આદિ જે ભેદો છે તે તેમનાં કર્મોના કારણે છે. ગોસાલનો સિદ્ધાન્ત ટકી શકે તેવો નથી. આ સાંભળી દેવ મૂંઝાયો અને તે સ્થળ છોડી જતો રહ્યો.[૨]

૧. ઉપા. ૩૫. ૨. ઉપા.૩૬.

૨. **કુંડકોલિઅ ઉવાસગદસા**નું છઠ્ઠું અધ્યયન.[૧]

૧. ઉપા.૨. સ્થા.૭૫૫.

**કુંડકોલિય** (કુણ્ડકોલિક) આ અને **કુંડકોલિઅ** એક છે.[૧]

૧. ઉપા. ૩૫.

**કુંડગ** (કુણ્ડક) આ અને **કુંડાગ** એક છે.[૧]

૧. કલ્પવિ.પૃ.૧૬૭.

૧. **કુંડગ્ગામ** (કુણ્ડગ્રામ) **તિત્થયર મહાવીર**નું જન્મસ્થાન.[૧] તેની એકતા **કુંડપુર** સાથે છે.[૨] તે બે ભાગમાં વિભક્ત હતું – **ખત્તિયકુંડપુર**[૩] અને **માહણકુંડપુર**. ત્રીસ વર્ષની ઉંમરે મહાવીરનો સંસારત્યાગનો વિધિ આ ગામમાં થયો હતો.[૪] તેની એકતા વર્તમાન બાસુકુંડ (Basukund) સાથે સ્થાપવામાં આવી છે જે એક વખત વૈશાલીનું ઉપનગર હતું.[૫]

૧. કલ્પ.૧૦૦, આવભા.૬૧, વિશેષા. ૧૮૫૬, ૧૮૭૬-૧૮૮૬, આવચૂ. ૧.પૃ.૨૪૩, આવહ.પૃ.૨૦૬, ૨૧૯ ૬૭૭.
૨. આવચૂ.૧.પૃ.૨૪૩, ૨૬૫.
૩. આચા.૨.૧૭૬, ભગ. ૩૮૩.
૪. આવનિ.૪૬૦-૬૧, આવચૂ.૧.પૃ. ૨૬૫, કલ્પ.૧૧૫
૫. જિઓડિ. પૃ.૧૦૭.

૨. **કુંડગ્ગામ વિયાહપણ્ણત્તિ**ના નવમા શતકનો તેત્રીસમો ઉદ્દેશક.[૧]

૧. ભગ.૩૬૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૩. કુંડગ્ગામ** આ અને **કુમ્મગામ** એક છે.[૧]

૧. ભગ.૫૪૩, આવનિ.૪૯૩-૯૪.

**કુંડપુર કુંડગ્ગામ**(૧)નું બીજું નામ. **તિત્થયર** મહાવીરનું જન્મસ્થાન[૧] **ખત્તિયકુંડપુર**[૨] હતું જે કુંડપુરના બે ભાગોમાંનો એક ભાગ હતો. જુઓ **કુંડગ્ગામ**(૧).

૧. આવચૂ.૧.પૃ.૨૪૩,૪૧૬,સ્થાઅ.પૃ.૫૦૧, કલ્પ.૧૧૫,ઉત્તરાનિ.પૃ.૧૫૩, તીર્થો.૫૧૩.
૨. આચા.૨.૧૭૬, ભગ.૩૮૩.

**૧. કુંડલ અરુણવરાવભાસ**(૨) સમુદ્રની ફરતે આવેલો વલયાકાર દ્વીપ. **કુંડલભદ્દ** અને **કુંડલમહાભદ્દ** આ બે તેના અધિષ્ઠાતા દેવો છે.[૧] **કુંડલવર**(૩) નામનો પર્વત તેમાં આવેલો છે.[૨]

૧. જીવા.૧૮૫, સૂર્ય.૧૦૧, અનુચૂ.પૃ.૩૫. ૨. સ્થા.૨૦૪, ૭૨૬.

**૨. કુંડલ કુંડલ**(૧) દ્વીપની ફરતે આવેલો વલયાકાર સમુદ્ર. આ સમુદ્રની ફરતે **કુંડલવર**(૧) આવેલ છે.[૧] **ચક્ખુકંત** અને **ચક્ખુસુભ** તેના અધિષ્ઠાતા દેવો છે.[૨]

૧. જીવા.૧૬૬,૧૮૫, સૂર્ય.૧૦૧. ૨. જીવા.૧૮૫.

**૩. કુંડલ** એક પર્વત. આ અને **કુંડલવર**(૩) એક છે.[૧]

૧. નિશીભા. ૫૨.

**કુંડલભદ્દ** (કુણ્ડલભદ્ર) **કુંડલ**(૧)દ્વીપનો અધિષ્ઠાતા દેવ.[૧]

૧. જીવા. ૧૮૫.

**કુંડલમહાભદ્દ** (કુણ્ડલમહાભદ્ર) **કુંડલ**(૧)દ્વીપનો અધિષ્ઠાતા દેવ.[૧]

૧. જીવા.૧૮૫.

**૧. કુંડલવર** એ જ નામના સમુદ્રથી ઘેરાયેલો વલયાકાર દ્વીપ. તે દ્વીપ **કુંડલ**(૨) સમુદ્રને વર્તુળાકારે ઘેરે છે. **કુંડલવરભદ્દ** અને **કુંડલવરમહાભદ્દ** તેના અધિષ્ઠાતા દેવો છે.[૧]

૧. જીવા.૧૮૫, સૂર્ય.૧૦૧, અનુહે.પૃ.૯૦, ભગઅ.પૃ.૨૦૩-૨૦૪.

**૨. કુંડલવર** એ જ નામના દ્વીપને ઘેરતો વલયાકાર સમુદ્ર. તે સમુદ્ર ખુદ **કુંડલવરાવભાસ** દ્વીપથી ઘેરાયેલો છે.[૧]

૧. જીવા.૧૮૫, સૂર્ય.૧૦૧.

**૩. કુંડલવર કુંડલ**(૧)માં આવેલો સમકેન્દ્રીય પર્વત. **રુયગવર, માણુસુત્તર** અને બીજા સમકેન્દ્રીય પર્વતો જેવો તે છે.[૧]

૧. સ્થા.૨૦૪, ૭૨૬, ભગઅ.પૃ.૨૦૩.સ્થાઅ.પૃ.૧૬૭.૪૮૦.

**કુંડલવરભદ્દ** (કુણ્ડલવરભદ્ર) **કુંડલવર**(૧) દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.[૧]

૧. જીવા.૧૮૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કુંડલવરમહાભદ્દ** (કુણ્ડલવરમહાભદ્ર) કુંડલવર(૧) દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.[1]

૧. જીવા.૧૮૫.

૧. **કુંડલવરાવભાસ** કુંડલવર(૨) સમુદ્રને ઘેરતો વલયાકાર દ્વીપ. તે દ્વીપ પોતાના જ નામના સમુદ્ર વડે ઘેરાયેલો છે. **કુંડલવરોભાસભદ્દ** અને **કુંડલવરોભાસમહાભદ્દ** તેના અધિષ્ઠાતા દેવો છે.[1]

૧. જીવા.૧૮૫, સૂર્ય.૧૦૧.

૨. **કુંડલવરાવભાસ** કુંડલવરાવભાસ(૧) દ્વીપને ઘેરતો સમુદ્ર. **કુંડલવરોભાસવર** અને **કુંડલવરોભાસમહાવર** તેના અધિષ્ઠાતા દેવો છે.[1]

૧. જીવા.૧૮૫.

**કુંડલવરાવભાસોદ** આ અને **કુંડલવરાવભાસ**(૨) સમુદ્ર એક જ છે.[1]

૧. સૂર્ય.૧૦૧.

**કુંડલવરોદ** આ અને **કુંડલવર**(૨) એક છે.[1]

૧. જીવા.૧૮૫.

**કુંડલવરોભાસ** (કુણ્ડલવરાવભાસ) જુઓ **કુંડલવરાવભાસ**.[1]

૧. સૂર્ય.૧૦૧.

**કુંડલવરોભાસભદ્દ** (કુણ્ડલવરાવભાસભદ્ર) **કુંડલવરોભાસ** દ્વીપના અધિષ્ઠાતા દેવ.[1]

૧. જીવા.૧૮૫.

**કુંડલવરોભાસમહાભદ્દ** (કુણ્ડલવરાવભાસમહાભદ્ર) **કુંડલવરોભાસ** દ્વીપના અધિષ્ઠાતા દેવ.[1]

૧. જીવા.૧૮૫.

**કુંડલવરોભાસમહાવર** (કુણ્ડલવરાવભાસમહાવર) **કુંડલવરોભાસ** સમુદ્રના અધિષ્ઠાતા દેવ.[1]

૧. જીવા.૧૮૫.

**કુંડલવરોભાસવર** (કુણ્ડલવરાવભાસવર) **કુંડલવરાવભાસ** સમુદ્રના અધિષ્ઠાતા દેવ.[1]

૧. જીવા.૧૮૫.

**કુંડલા** મહાવિદેહમાં આવેલા **સુવચ્છ** **વિજય**(૨૩) પ્રદેશનું પાટનગર.[1]

૧. જમ્બૂ. ૯૬.

**કુંડલોદ** આ અને **કુંડલ**(૨) એક છે.[1]

૧. સૂર્ય.૧૦૧, જીવા.૧૮૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કુંડાગ** (કુણ્ડાક) **તિત્થયર મહાવીર** જયાં ગયા હતા તે સન્નિવેશ. ત્યાં તેમણે **વાસુદેવ**(૨)ના ચૈત્યમાં ધ્યાન કર્યું હતું. તે કંડગ નામે પણ જાણીતું હતું.[૧]

૧. આવનિ.૪૮૯, આવચૂ.૧.પૃ.૨૯૩, કલ્પવિ.પૃ.૧૬૭, કલ્પધ.પૃ.૧૦૭.

**કુંડિયાયણ** (કુણ્ડિકાયન) **ઉદાઈ**(૧)નું ગોત્ર.[૧]

૧. ભગ.૫૫૦.

**કુંડિકાયણીઅ ઉદાઇ** (કુણ્ડિકાયનીય ઉદાયિન્) જુઓ **કુંડિયાયણ** અને **ઉદાઈ**(૧).[૧]

૧. ભગ.૫૫૦..

**કુંતી વાસુદેવ કણ્હ**(૧)ના પિતા(રાજા **વસુદેવ**)ની બેન, **પંડુ** રાજાની પત્ની અને **પંડવો**ની માતા.[૧] તે સદ્ગુણી સ્ત્રી હતી.[૨]

૧. જ્ઞાતા.૧૨૨-૧૨૪, સ્થાઅ.પૃ.૫૧૬, પ્રશ્નઅ.પૃ.૮૭, અન્તઅ.પૃ.૨, કલ્પસ. પૃ.૧૭૧.
૨. આવ.પૃ.૨૮.

**૧. કુંથુ** વર્તમાન **ઓસપ્પિણી**ના સત્તરમા **તિત્થંકર** તેમજ છઠ્ઠા **ચક્કવટ્ટિ**. તે **ગયપુર**ના રાજા **સૂર** અને તેમની રાણી **સિરી**(૧)ના પુત્ર હતા.[૧] **કણ્હસિરી** તેમની મુખ્ય પત્ની હતી.[૨] તે તેમના પૂર્વભવમાં **રુપ્પિ**(૨) હતા.[૩] કુંથુની ઊંચાઈ પાંત્રીસ ધનુષ હતી.[૪] તે તપ્ત સુવર્ણના વર્ણના હતા.[૫] જ્યારે તેમણે સંસારનો ત્યાગ કર્યો ત્યારે તેમને **અભયકરા** પાલખીમાં લઈ જવામાં આવ્યા હતા. તેમણે એક હજાર પુરુષો સાથે શ્રમણત્વ સ્વીકાર્યું.[૬] **ચક્કપુર**ના રાજા **વગ્ગસીહ** તેમને સૌપ્રથમ ભિક્ષા આપનાર હતા.[૭] તેમને ગયપુરના **સહસંબવણ** ઉદ્યાનમાં કેવલજ્ઞાન થયું.[૮] તેમનું પવિત્ર વૃક્ષ તિલક હતું.[૯] તેમના પ્રથમ શિષ્ય **સયંભૂ**(૨) હતા. તેમની પ્રથમ શિષ્યા **અંજુયા** હતી.[૧૦] તેમની આજ્ઞામાં શ્રમણોના સાડત્રીસ ગણ હતા, સાડત્રીસ ગણધર હતા[૧૧], સાઠ હજાર શ્રમણો હતા અને સાઠ હજાર છ સો શ્રમણીઓ હતી.[૧૨] (રાજકુમાર તરીકે, સૂબા તરીકે, રાજા તરીકે, કેવલી તરીકે જીવી કુલ) પંચાણુ હજાર વર્ષની ઉંમરે તે **સમ્મેય** પર્વત ઉપર મોક્ષ પામ્યા.[૧૩]

૧. સમ.૧૫૭-૫૮, આવનિ.૩૭૧, ૩૭૪, ૩૮૪, ૩૯૮, ૩૯૯, ૪૧૮, નન્દિ. ગાથા ૧૯, સ્થા.૪૧૧, વિશેષા.૧૭૫૯, તીર્થો.૩૩૦, ૪૮૦.
૨. સમ.૧૫૮.
૩. સમ.૧૫૭.
૪. સમ.૩૫, આવનિ.૩૮૦, ૩૯૩, તીર્થો.૩૬૩.
૫. આવનિ.૩૭૭, તીર્થો.૩૪૮.
૬. સમ.૧૫૭, આવનિ.૨૨૫, તીર્થો.૩૯૨.
૭. સમ.૧૫૭, આવનિ.૩૨૮.
૮. આવનિ.૨૫૪.
૯. સમ.૧૫૭, તીર્થો.૪૦૬.
૧૦. સમ.૧૫૭, તીર્થો.૪૫૧, ૪૬૦.
૧૧. સમ.૩૭, તીર્થો.૪૫૧, (આવનિ.૨૬૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સંખ્યા ૩૫ આપે છે.)
૧૨.આવમ.પૃ.૨૦૮થી આગળ. આવનિ. ૨૫૮થી આગળ.
૧૩.સમ.૯૫,આવનિ.૨૭૨-૩૦૫, ૩૦૭, સમ.૩૨,૮૧, ૯૧, સ્થા. ૭૧૮, આવ.પૃ.૪, આવનિ.૨૨૩, ૧૦૯૫, વિશેષા.૧૭૫૮, ૧૭૬૨, ૧૭૬૯, તીર્થો.૩૩૦. ૫૫૯, કલ્પ. ૧૮૮, સમઅ.પૃ.૫૮, ઉત્તરાક. પૃ.૩૩૨.

**૨. કુંથુ ચમર**(૧) ઇન્દ્રના ગજદળનો સેનાપતિ.[1]

૧. સ્થા.૪૦૪.

**૧. કુંભ** નારકીઓને ત્રાસ આપનાર **જમ**(૨)ના કુટુંબનો સભ્ય.[1] તે પંદર **પરમાહમ્મિય** દેવોમાંનો એક છે.[2]

૧. ભગ. ૧૬૬ ૨. સમ.૧૫, સૂત્રચૂ.પૃ.૧૫૪.

**૨. કુંભ ણાયાધમ્મકહા**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું ચોથું અધ્યયન.[1]

૧. સમ.૧૯, જ્ઞાતા.૫, જ્ઞાતાઅ.પૃ.૧૦.

**૩. કુંભ** (૧) અઢારમા **તિત્થંકર અર**નો પ્રથમ શિષ્ય. (૨) વીસમા **તિત્થંકર મુણિસુવ્વય**(૧)ના પ્રથમ શિષ્યનું પણ આ જ નામ છે.[1]

૧. સમ.૧૫૭.

**૪. કુંભ તિત્થંકર મલ્લિ**(૧)ના પિતા **કુંભગ** અને આ એક જ વ્યક્તિ છે.[1]

૧. સમ.૧૫૭, તીર્થો.૪૮૨, આવનિ.૩૮૯.

**કુંભકાર** (કુમ્ભકાર) આ અને **કુંભકારકડ** એક છે.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૭૩, સમ.૫૮.

**કુંભકારકડ** (કુમ્ભકાર(કટ)કૃત) જુઓ **કુંભાકારકડગ.**[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૭૩, જીતભા.૫૨૮, બૃક્ષે.૯૧૫-૯૧૬.

**કુંભકારકડગ** (કુમ્ભકાર(કટક)કૃતક) **ઉત્તરાવહ**ની સીમા ઉપર આવેલું નગર.[1] તેના રાજા ડંડગિએ **ખંદઅ**(૧) અને તેમના પાંચસો શિષ્યોને ઘાણીએ ઘાલી પીલી નાખ્યા હતા.[2] આ જ જાતકોમાં આવતું કુમ્ભવતી નગર હોવું જોઈએ. કેટલાકે તેને નાસિક આગળ મૂક્યું છે.[3]

૧.બૃક્ષે.૯૧૫-૧૬.
૨.સંસ્તા.૫૮, મર.૪૯૫, જીતભા. ૫૨૮. ઉત્તરાચૂ.પૃ.૭૩.ઉત્તરાશા. પૃ.૧૧૫-૧૧૬.
૩. જૈઇહિ.પૃ.૪૯.

**કુંભકારુક્ખેવ** (કુમ્ભકારોત્ક્ષેપ) જુઓ **કુંભારપક્ખેવ.**[1]

૧. આવહ.પૃ.૫૩૮.

**કુંભગ** (કુમ્ભક) **મિહિલા**ના રાજા. તે **તિત્થંકર મલ્લિ**(૧)ના પિતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પભાવતી**(૪) તેમની પત્ની હતી.[1]

૧. જ્ઞાતા.૬૫, તીર્થો.૪૮૨, સ્થાઅ.પૃ.૫૨૪, કલ્પવિ.પૃ.૩૮.

**કુંભસેણ** (કુમ્ભસેન) આગામી **ઉસ્સપ્પિણી**ના પ્રથમ ભાવિ **તિત્થંકર** **મહાપઉમ**(૧૦)ના પ્રથમ ગણધર.[1]

૧. તીર્થો. ૧૦૯૫.

**કુંભાકારકડ** (કુમ્ભાકારકટ) જુઓ **કુંભકારકડગ**.[1]

૧. નિશીચૂ.૪.પૃ.૧૨૭.

**કુંભારકડ** (કુમ્ભાર(કટ)કૃત) આ અને **કુંભકારકડગ** એક છે.[1]

૧. મર. ૪૯૫.

**કુંભારપક્ખેવ** (કુમ્ભકારપ્રક્ષેપ) **વીયભય**ના કુંભારની પાછળ **સિણપ્પલ્લિ** પાસે વસાવાયેલું નગર. જ્યારે શ્રમણ **ઉદાયણ**(૧) વીયભયમાં આવ્યા ત્યારે તે કુંભારે તેમને આશ્રય આપેલો. વીયભયના તે વખતના રાજા **કેસિ**(૨) એમ સમજ્યા કે ઉદાયણ તેની પાસેથી રાજ પાછું લેવા આવ્યા છે એટલે તેણે તેમને ઝેર આપી મારી નાખ્યા. આથી એક દેવે પેલા કુંભારને સલામતી ખાતર સિણપલ્લિ મોકલી દઈ વીયભય ઉપર ધૂળનો ખૂબ વરસાદ વરસાવ્યો અને વીયભયનો નાશ કરી નાખ્યો.[1] જુઓ **કેસિ**(૨).

૧. આવચૂ.૨.પૃ.૩૭, આવહ.પૃ.૫૩૮.

**કુંભી** **વિયાહપણ્ણત્તિ**ના અગિયારમા શતકનો ચોથો ઉદ્દેશક.[1]

૧. ભગ.૪૦૯.

**કુંમગ્ગામ** અથવા **કુંમાગામ** (કૂર્મગ્રામ) જુઓ **કુમ્મગ્ગામ**.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૯૭, ૨૯૯.

**કુંમા** (કૂર્મા) જુઓ **કુમ્માપુત્ત**(૨).[1]

૧. ઋષિ(સંગ્રહણી).

**કુક્કુઈય** (કૌકુચિક) ચાળા-ચેષ્ટાઓ કરી પોતાની આજીવિકા રળતા **સમણ**(૧) સાધુઓનો એક પ્રકાર.[1]

૧. ઔપ.૩૮, ઔપઅ.પૃ.૯૨.

**કુડંગીસરટ્ઠાણ** (કુટઙ્કેશ્વરસ્થાન) **ઉજ્જેણી**માં આવેલું તે સ્થાન જ્યાં શિયાળો **અવંતીસકુમાલ**ને ભરખી ગયા હતા.[1]

૧. મર. ૪૩૮.

**કુડક્ક** જુઓ **કુડુક્ક**.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. નિશીચૂ.૪.પૃ.૧૩૧.

**કુડિવ્વય** (કુટીવ્રત) કુટીરોમાં રહેતા અને ક્રોધ-લોભ-મિથ્યાત્વ-માનને જીતનારા પરિવ્રાજકોનો વર્ગ.[1]

૧. ઔપ.૩૮, ઔપઅ.પૃ.૯૨.

**કુડુક** જુઓ **કુડુક્ક**.[1]

૧. વ્યવમ.૪.૨૮૩.

**કુડુક્ક** એક **અણારિય** (અનાર્ય) દેશ[1] જેને રાજા **સંપઈ**એ સાધુઓના વિહાર માટે મુક્ત યા ખુલ્લો જાહેર કર્યો હતો.[2] તેની એકતા કુર્ગ(કોડગુ) સાથે સૂચવવામાં આવી છે.[3]

૧. વ્યમવ.૩.પૃ.૧૨૨, ૬.પૃ.૫૨, આવચૂ.૧.પૃ.૨૭.
૨. નિશીચૂ.૪.પૃ.૧૩૧.
૩. લાઇ.પૃ.૩૦૧.

**૧. કુણાલ ચંદગુત્ત**નો પ્રપૌત્ર, **બિંદુસાર**(૨)નો પૌત્ર અને **અસોગ**(૧)નો પુત્ર.[1] તે **ઉજ્જેણી**નો રાજા હતો. **પાડલિપુત્ત**થી આવેલો પિતાનો પત્ર તેણે વાંચ્યો. તેમાં લખ્યું હતું કે 'અંધીયતામ્' અર્થાત્ તારી જાતને અંધ કરી નાખ. તેને પિતાની આજ્ઞા સમજી તેણે પોતાને અંધ કરી નાખ્યો.[1] તે સંગીતકળામાં નિષ્ણાત હતો.[2] તેણે આંખો ગુમાવી એ અંગે જુઓ **પાડલિપુત્ત**.

૧.બૃભા.૨૯૪,કલ્પધ.પૃ.૧૬૫.
૨.બૃમ.પૃ.૮૮-૮૯,અનુહ.પૃ.૧૦-૧૧, આવચૂ.૧.પૃ.૬૦,નિશીચૂ.૪.પૃ.૧૨૮-૧૨૯.
૩. નિશીચૂ.૨.પૃ.૩૬૧-૬૨, બૃભા.૩૨૭૬.

**૨. કુણાલ ભરુયચ્છ**નો બૌદ્ધ ભિક્ષુ જે પાછળથી આચાર્ય **જિણદેવ**(૪)નો શિષ્ય બની ગયો.[1]

૧. આવચૂ.૨.પૃ.૨૦૧, આવનિ.૧૨૯૯.

**૩. કુણાલ** ઉત્તરમાં આવેલો એક **આરિય**(આર્ય) દેશ જેનું પાટનગર **સાવત્થી** હતું.[1] તે **કુણાલા**(૨) પણ કહેવાતો.[2] આ દેશમાં **એરાવઈ** નદી વહેતી હતી. કુણાલની એકતા ઉત્તર કોસલ સાથે સ્થાપવામાં આવી છે.[3]

૧.જ્ઞાતા.૭૧, પ્રજ્ઞા.૩૭, રાજ.૧૪૬, બૃભા.૩૨૬૨,સ્થા.૫૬૪,સ્થાઅ.પૃ.૪૭૯, સૂત્રશી.પૃ.૧૨૩.
૨. બૃભા. ૫૬૫૩.
૩. શ્રભમ.પૃ.૩૬૩.

**૧. કુણાલા કુણાલ** દેસમાં આવેલું નગર. તેની પાસે **એરાવઈ** નદી વહે છે.[1] તેના નાશ પછી બાર વર્ષે **મહાવીર**ને કેવળજ્ઞાન થયું હતું. **ઉક્કુરુડ** કુણાલાનો હતો.[2] કુણાલા અને **સાવત્થી** એક જ છે.[3]

૧. નિશીચૂ.૩.પૃ.૩૬૮, બૃભા.૫૬૩૮-૩૯.
૨. ઉત્તરાચૂ.૧૦૮, આવચૂ.૧.પૃ.૬૦૧.
૩. લાઇ.પૃ.૩૦૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. **કુણાલા** આ અને **કુણાલ**(૩) એક છે.[૧]

૧. જ્ઞાતા.૭૧.

૧. **કુબેર** આચાર્ય **સંતિસેણિઅ**નો શિષ્ય. તેણે **કુબેરી** શ્રમણશાખા શરૂ કરી.[૧]

૧. કલ્પ (થેરાવલી)૭, કલ્પવિ.પૃ.૨૬૧-૨૬૨.

૨. **કુબેર** પોતાના ધન માટે પ્રસિદ્ધ દેવ.[૧] જુઓ **ધણવઇ**(૧)

૧. તીર્થો. ૫૭૯, આવચૂ.૧.પૃ.૨૦૫.

**કુબેરદત્ત** એક વેપારી જે પોતાની પુત્રી સાથે સંભોગ કરવા તૈયાર થઈ ગયો.[૧]

૧. ભક્ત. ૧૧૩.

**કુબેરા** જુઓ **વેસમણપભ**.[૧]

૧. ભગઅ.પૃ.૨૦૩-૨૦૪.

**કુબેરી** **કુબેર**(૧)થી શરૂ થતી શ્રમણશાખા. આ અને **અજ્જકુબેરી** એક છે.[૧]

૧. કલ્પ(થેરાવલી).૭, પૃ.૨૬૨.

**કુભંડ** (કુષ્માણ્ડ) આ અને **કુહંડ** એક છે.[૧]

૧. સ્થા. ૯૪.

**કુમાર** **ગોયમ**(૨) ગોત્રના આચાર્ય.[૧]

૧. કલ્પ(થેરાવલી).૭.

**કુમારઅ**(કુમારક) **ગોસાલ**ની સાથે **મહાવીર** જ્યાં ગયા હતા તે સન્નિવેશ. ત્યાં **ચંપરમણિજ્જ** નામનું ઉદ્યાન હતું. કુંભાર **કૂવણઅ** આ સન્નિવેશનો હતો. **તિત્થયર પાસ**(૧)ની પરંપરાના આચાર્ય **મુણિચંદ**(૩) સાથે ગોસાલને અહીં ચર્ચા થઈ હતી.[૧]

૧. આવચૂ.૧.પૃ.૨૮૫, આવનિ.૪૭૮, વિશેષા.૧૯૩૨, કલ્પસં.પૃ.૮૭, કલ્પધ. પૃ.૧૦૫, કલ્પવિ.પૃ.૧૬૫.

**કુમારગામ** (કુમારગ્રામ) જુઓ **કુંમારગામ**.[૧]

૧. આવ(દીપિકા)પૃ.૯૫, આચાચૂ.પૃ.૨૯૮,આવભા.૧૧૧, આવહ.પૃ.૧૮૮, કલ્પવિ.પૃ.૧૫૬.

**કુમારણંદી** (કુમારનન્દી) **અણંગસેણ**નું બીજું નામ.[૧]

૧. બૃક્ષે. ૧૩૮૮.

**કુમારધમ્મ** (કુમારધર્મ) એક આચાર્ય.[૧]

૧. કલ્પ (થેરાવલી).૭, ગાથા.૧૩.

**કુમારપુત્તિય** (કુમારપુત્રક) **મહાવીર**ની આજ્ઞામાં રહેલો એક શ્રમણગણ.[૧]

૧. સૂત્ર.૨.૭.૬, સૂત્રશી.પૃ.૪૧૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કુમારમહરિસિ** (કુમારમહર્ષિ) **કુમારવર**નું બીજું નામ.[1]

૧. મનિ.૨૨૭.

**કુમારલેચ્છઇ** (કુમારલેચ્છકિ) **વિવાગસુય**ના પ્રથમ શ્રુતસ્કન્ધરૂપ **કમ્મવિવાગદસા**નું દસમું અધ્યયન.[1] વર્તમાનમાં તે **અંજૂ**(૧) શીર્ષક નીચે મળે છે.

૧. સ્થા. ૭૫૫.

**કુમારવર** એક ઋષિ જે **કુમારમહરિસિ** નામે પણ પ્રસિદ્ધ છે.[1]

૧. મનિ.પૃ.૨૨૧-૨૨૭.

**કુમારસમણ** (કુમારશ્રમણ) (૧) **અઇમુત્ત**(૧)નું[1] તેમજ (૨) **કેસિ**(૧)નું[2] બીજું નામ.

૧. ભગ.૧૮૮. ૨. ઉત્તરા.૨૩.૧૬.

**૧. કુમુદ મહાવિદેહ**માં **સીતોદા** નદીની દક્ષિણે અને **મંદર**(૩) પર્વતની પશ્ચિમે આવેલો **વિજય**(૨૩)(પ્રદેશ). **અરજા** તેનું પાટનગર છે.[1] જુઓ **અસોગા**(૧).

૧. સ્થા.૯૨,૬૩૭,જમ્બૂ.૧૦૨,સમ.૩૪.

**૨. કુમુદ ભદ્દસાલવણ**માં આવેલો **દિસાહત્થિકૂડ**.[1]

૧. સ્થા.૬૪૨, જમ્બૂ.૧૦૩.

**૩. કુમુદ સહસ્સારકપ્પ**માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.[1] તેમાં વસતા દેવોનું પણ તે જ નામ છે.[2] તે દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષનું છે.[3]

૧. સમ.૧૮. ૨.જમ્બૂ.૧૦૩. ૩. સમ.૧૮.

**૪. કુમુદ મહાસુક્ક**(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. તેમાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સત્તર સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૧૭.

**કુમુદગુમ્મ** (કુમુદગલ્મ) **સહસ્સારકપ્પ**માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. તેમાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૧૮.

**કુમુદપ્પભા**(કુમુદપ્રભા) **મહાવિદેહ**માં **જંબુસુદંસણ** વૃક્ષની ઉત્તરપૂર્વમાં આવેલી પુષ્કરિણી.[1]

૧. જમ્બૂ.૯૦,૧૦૩.

**૧. કુમુદા ભદ્દસાલવણ**ની નજીક **જંબુસુંદસણ** વૃક્ષની ઉત્તરપૂર્વમાં આવેલી પુષ્કરિણી.[1]

૧. જમ્બૂ.૯૦,૧૦૩.

**૨. કુમુદા ણંદીસર**(૧) દ્વીપમાં **અંજણગ**(૧) પર્વતના દક્ષિણ ભાગ ઉપર આવેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુષ્કરિણી.[1]

૧. સ્થા.૩૦૭, જીવા.૧૫૨, ૧૮૩.

**કુમુય** (કુમુદ) જુઓ **કુમુદ.**[1]

૧. સ્થા.૬૪૨.

**કુમ્મ** (કૂર્મ) **ણાયાધમ્મકહા**(ના પ્રથમ શ્રુતસ્કન્ધ)નું ચોથું અધ્યયન.[1]

૧. સમ.૧૯, જ્ઞાતા.૫.

**કુમ્મગ્ગામ** (કૂર્મગ્રામ) **ગોસાલ** સાથે **મહાવીર** જયાં ગયા હતા તે સ્થાન. તે ત્યાં **સિદ્ધત્થગામ**થી ગયા હતા. અહીં ગોસાલને **તાવસ**(૪) **વેસિયાયણ**ના ક્રોધનાં ભયંકર પરિણામોનો સામનો કરવો પડ્યો હતો અને તેમને સહન પણ કરવા પડ્યાં હતાં. પરંતુ મહાવીરે પોતાની અલૌકિક શક્તિથી ગોસાલને બચાવ્યા હતા.[1] આ સ્થાનનાં બીજાં નામો છે – **કુમ્મારગામ**(૨) અને **કુંડગ્ગામ**(૩).[2]

૧.ભગ.૫૪૪, આવચૂ.૧.પૃ.૨૯૮, ભગ. ૫૪૩.
આવનિ.૪૯૪, કલ્પવિ.૧૬૭, ૨. ભગ.૫૪૨, ૫૪૩, આવનિ.૪૯૩.

**૧. કુમ્મારગામ** (કૂર્મારગ્રામ) જુઓ **કુંમારગામ.**[1]

૧. આચા. ૨.૧૭૯.

**૨. કુમ્મારગામ** (કૂર્મારગ્રામ) જુઓ **કુમ્મગ્ગામ.**[1]

૧. ભગ.૫૪૨.

**૧. કુમ્માપુત્ત** (કૂર્માપુત્ર) બે રત્નિ ઊંચાઈવાળો પુરુષ જે મોક્ષ પામ્યો હતો.[1]

૧. વિશેષા. ૩૮૪૨, વિશેષાકો.પૃ.૮૯૦.

**૨. કુમ્માપુત્ત** **અરિટ્ઠણેમિ**ના તીર્થમાં થયેલા ઋષિ જેમને **પત્તેયબુદ્ધ** તરીકે માનવામાં આવે છે.[1]

૧. ઋષિ.૭, ઋષિ(સંગ્રહણી).

**કુરડ** (કુરટ) જુઓ **ઉક્કુરુડ.**[1]

૧. આવચૂ.૧.પૃ.૬૦૧.

**કુરા** (કુર) જુઓ **કુરુ**(૧).[1]

૧. જીવા.૧૪૭.

**૧. કુરુ** **જંબુદ્દીવ**ના **મહાવિદેહ**માં આવેલાં આ જ નામવાળાં બે ઉપક્ષેત્રો. તે બે ઉપક્ષેત્રો છે – **ઉત્તરકુરુ**(૧) અને **દેવકુરુ** જે અનુક્રમે **મંદર**(૩) પર્વતની ઉત્તરે અને દક્ષિણે આવેલ છે.[1]

૧. સ્થા.૮૬, ૮૯, જીવા.૧૪૭, તીર્થો.૨૬, મર.૨૫૧, મનિ.પૃ.૬૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨. કુરુ** જેનું પાટનગર **ગયપુર** છે તે **આરિય**(આર્ય) દેશ.[૧] તે દેશમાં **અદીણસત્તુ**(૧) રાજ કરતો હતો.[૨] **ઉસુયાર**(૩) નામનું પ્રાચીન નગર તે દેશમાં હતું.[૩] તે દેશ **કુરુખેત્ત** તરીકે પણ જાણીતો હતો.[૪] તેની એકતા પૂર્વ પંજાબમાં વહેતી સરસ્વતી અને દૃષદ્વતી નદીઓ વચ્ચે આવેલા પ્રદેશ સાથે સ્થાપી શકાય. કુરુની પૂર્વે પંચાલ આવેલ છે.[૫]

૧.પ્રજ્ઞા.૩૭, સૂત્રશી.પૃ.૧૨૩, કલ્પવિ. પૃ.૨૩૮, કલ્પધ.પૃ.૧૫૩,જ્ઞાતાઅ. પૃ.૧૨૫, સ્થાઅ.પૃ.૪૭૯.
૨.સ્થા.૫૬૪.
૩.ઉત્તરાનિ.પૃ.૩૯૪, ઉત્તરાચૂ. પૃ.૨૨૦, ઉત્તરાશા.પૃ.૩૯૫.
૪. બૃભા.૧૮૫૮, નિશીભા.૪૧૦૧.
૫. સ્ટજિઓ.પૃ.૧૦૨-૧૦૩.

**૩. કુરુ ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[૧]

૧. કલ્પધ.પૃ.૧૫૧, કલ્પવિ.પૃ.૨૩૬.

**કુરુખેત્ત (કુરુક્ષેત્ર)** આ અને **કુરુ** (૨) દેશ એક છે.[૧]

૧. બૃભા.૧૮૫૮, નિશીભા.૪૧૦૧.

**કુરુચંદ** (કુરુચન્દ્ર) એક ક્રૂર રાજા જે સ્વર્ગ, નરક વગેરેના અસ્તિત્વમાં માનતો ન હતો. **કુરુમઈ**(૨) તેની પત્ની હતી અને **હરિચંદ** તેનો પુત્ર હતો.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૬૯-૧૭૦, આવમ.પૃ.૨૨૧.

**કુરુડ** (કુરુટ) જુઓ **ઉક્કુરુડ**.[૧]

૧. ઉત્તરાચૂ.પૃ.૧૦૮.

**કુરુદત્ત કુરુદત્તસુય**ના પિતા.[૧]

૧.મર.૪૯૧, સંસ્તા.૮૫, ઉત્તરાચૂ.પૃ.૬૮, ઉત્તરાશા.પૃ.૧૦૯.

**કુરુદત્તપુત્ત** (કુરુદત્તપુત્ર) **મહાવીર**નો એક શિષ્ય. તેણે ઉગ્ર તપ કર્યાં અને મૃત્યુ પછી તે ઈસાણ સ્વર્ગના ઇન્દ્ર તરીકે જન્મ્યા.[૧]

૧. ભગ.૧૩૧.

**કુરુદત્તસુય** (કુરુદત્તસુત્ત) **હત્થિણાઉર** (**ગયપુર**)ના સમૃદ્ધ વેપારી **કુરુદત્તનો** પુત્ર. તેણે સંસારનો ત્યાગ કરી શ્રમણત્વ સ્વીકાર્યું. **ગયસુકુમાલ**ની જેમ જ તેમણે પણ કેટલાક રાહદારીઓએ આપેલા ત્રાસને(પરીષહોને) શાન્ત ચિત્તે સહન કર્યા અને પરિણામે તે મોક્ષ પામ્યા.[૧]

૧. મર.૪૯૨, સંસ્તા.૮૫, ઉત્તરાચૂ.પૃ.૬૮, ઉત્તરાશા.પૃ.૧૦૯.

**૧. કુરુમઈ** (કુરુમતી) બારમા **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧)ની મુખ્ય પત્ની.[૧]

૧. સમ.૧૫૮, ઉત્તરાનિ.પૃ.૩૭૯, આચાચૂ.પૃ.૭૨, આચાશી.પૃ.૧૨૬.

**૨. કુરુમઈ** રાજા **કુરુચંદ**ની પત્ની.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૬૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કુરુયંદ** (કુરુચન્દ્ર) જુઓ **કુરુચંદ.**[1]

૧. આવચૂ.૧.પૃ.૧૬૯.

**કુલકર** જુઓ **કુલગર.**[1]

૧. સ્થા.૫૯૨, ૬૯૩.

**કુલક્ખ** (કુલાક્ષ) એક **અણારિય**(અનાર્ય) દેશ.[1]

૧. પ્રજ્ઞા.૩૭, સૂત્રશી.પૃ.૧૨૩, પ્રશ્ન.૪.

**કુલગર** (કુલકર) કાયદાઓ આપનાર અને કાયદો-વ્યવસ્થાના સંસ્થાપક. પ્રત્યેક **ઓસપ્પિણી** અને **ઉસ્સપ્પિણી** કાલચક્રના **સુસમદૂસમા** અરમાં (કાલખંડમાં) **ગંગા** અને **સિંધુ**(૧) નદીઓ વચ્ચે આવેલા, **ભરહ**(૨) ક્ષેત્રના દક્ષિણાર્ધના મધ્યભાગમાં, જુદી જુદી પરંપરાઓ મુજબ સાત[1], દસ[2] કે પંદર[3] કુલગરો જન્મ લે છે. તેઓ શાંતિ અને વ્યવસ્થા સ્થપાય અને જળવાય એ ખાતર કાયદો શરૂ કરે છે. ઓસપ્પિણી કાલચક્રના સાત કુલગરોની બાબતમાં કહેવામાં આવ્યું છે કે પ્રથમ બે કુલગરો 'હક્કાર' રૂપ (અણગમારૂપ) શિક્ષા કરે છે, પછીના બે કુલગરો 'મક્કાર' રૂપ (ચેતવણીરૂપ) શિક્ષા કરે છે અને છેલ્લા ત્રણ 'ધિક્કાર' રૂપ (ઠપકારૂપ) શિક્ષા કરે છે. આમ જેમ જેમ ગુન્હાની દુષ્ટતાની માત્રા વધતી જાય છે તેમ તેમ શિક્ષાની કઠોરતા પણ વધતી જાય છે.[4] પંદર કુલગરોની માન્યતા ધરાવતી પરંપરામાં પ્રથમ **તિત્થયર ઉસહ**(૧)ને પંદરમા કુલગર તરીકે સ્વીકાર્યા છે[5] જે ઉપર જણાવેલી શિક્ષાઓ ઉપરાંત શારીરિક શિક્ષાઓ પણ દાખલ કરે છે. ભરહ(૨) ક્ષેત્રની જેમ જ **એરવય**(૧) ક્ષેત્રમાં પણ છે. ઉસ્સપિણી કાલચક્રમાં પરિસ્થિતિઓનો ક્રમ વિપરીત હોય છે.[6] વર્તમાન ઓસપ્પિણી કાલચક્રમાં ભરહ(૨) ક્ષેત્રમાં સાતનો વર્ગ બનાવતા નીચેના કુલગરો જન્મ્યા હતા — (૧) **વિમલવાહણ**(૬), (૨) **ચક્ખુમ**, (૩) **જસમ**, (૪) **અભિચંદ**(૧), (૫) **પસેણઇ**(૪), (૬) **મરુદેવ**(૨) અને (૭) **ણાભી.**[7] વર્તમાન ઓસપ્પિણીના દસના વર્ગના કુલગરોનાં નામ મળતાં નથી પરંતુ બીજાં કાલચક્રોના દસના વર્ગના કુલગરોનાં નામ મળે છે.[8]

વર્તમાન ઓસપ્પિણીના ભરહ(૨)ના, પંદરના વર્ગના કુલગરોનાં નામો નીચે પ્રમાણે છે – (૧) **સુમઇ**(૧), (૨) **પડિસ્સુઇ**(૨), (૩) **સીમંકર**(૩), (૪) **સીમંધર**(૩), (૫) **ખેમંકર**(૪), (૬) **ખેમંધર**(૧), (૭) થી (૧૦) આ ચાર ઉપરના સાતના વર્ગના પ્રથમ ચાર, (૧૧) **ચંદાભ**(૨), (૧૨) થી (૧૪) આ ત્રણ ઉપરના સાતના વર્ગના છેલ્લા ત્રણ, અને (૧૫) તિત્થયર **ઉસહ**(૧).[9]

અતીત ઓસપ્પિણીમાં ભરહ(૨)માં નીચેના દસ કુલગરો થયા ગયા હતા[10] –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સયંજલ**(૨), **સયાઉ**(૨), **અજિયસેણ**(૫), **અણંતસેણ**(૩), **કજ્જસેણ**, **ભીમસેણ**(૨), **મહાભીમસેણ**, **દઢરહ**(૪), **દસરહ**(૨) અને **સયરહ**(૧). સ્થાનાંગમાં[11] કેટલાંક નામોમાં અને તેમના ક્રમમાં ફેર છે કારણ કે તેમાં **સયજ્જલ**(૧), **અણંતસેણ**(૩), **અમિતસેણ** અને **તક્કસેણ**નો ઉલ્લેખ પહેલા, ત્રીજા, ચોથા અને પાંચમા કુલગર તરીકે થયો છે. બાકીનાં નામોમાં અને તેમના ક્રમમાં કોઈ ફેરફાર નથી. અતીત ઉસ્સપ્પિણીમાં ભરહ(૨)માં નીચેના સાત કુલગરો થયા હતા[12] – **મિત્તદામ**, **સુદામ**(૧), **સુપાસ**(૬), **સયંપભ**(૨), **વિમલઘોસ**, **સુઘોસ**(૧) અને **મહાઘોસ**(૬).

ભરહ(૨) ક્ષેત્રના સાત ભાવી કુલગરોનાં નામ[13] નીચે પ્રમાણે છે – **મિત્તવાહણ** અથવા **મિયવાહણ**(૨), **સુભોમ**(૨) અથવા **સુભૂમ**(૩), **સુપ્પભ**(૨), **સયંપભ**(૧), **દત્ત**(૩), **સુહુમ** અથવા **સુહ** અને **સુરૂવ**(૩) અથવા **સુબંધુ**(૨). આ બાબતમાં તિત્થોગાલીનો મત જુદો છે. તે ભરહ(૨)ના સાત ભાવી કુલગરોનાં નામો નીચે પ્રમાણે આપે છે. **વિમલવાહણ**(૯), **સુદામ**(૨), **સંગમ**(૩), **સુપાસ**(૫), **દત્ત**(૩), **સુણહ** અને **સુમઇ**(૫).[14]

ભરહ(૨) ક્ષેત્રમાં આવતી ઉસ્સપ્પિણીમાં થનારા દસ કુલગરોની જે યાદી સ્થાનાંગમાં છે તે સાવ જુદી છે. ત્યાં જે નામો આપ્યાં છે તે નીચે પ્રમાણે છે – **સીમંકર**(૨), **સીમંધર**(૨), **ખેમંકર**(૩), **ખેમંધર**(૨), **વિમલવાહણ**(૭), **સંમુઇ**(૩), **પદિસુત**, **દઢધણુ**(૧), **દસધણુ**(૧) અને **સયધણુ**(૧).[15] એરવય(૧) ક્ષેત્રના દસ ભાવી કુલકરોનાં સમવાયાંગમાં જે નામો છે તેમની સાથે આ નામો બરાબર મળે છે. પરંતુ તેમના ક્રમમાં ફેરફાર છે. ત્યાં નામો નીચે મુજબના ક્રમમાં છે – **વિમલવાહણ**(૮), **સીમંકર**(૧), **સીમંધર**(૧), **ખેમંકર**(૧), **ખેમંધર**(૩), **દઢધણુ**(૨), **દસધણુ**(૧), **સયધણુ**(૨), **પડિસુઇ**(૧) અને **સુમઇ**(૨).[16]

તિત્થોગાલી એરવય(૧) ક્ષેત્રના સાત ભાવી કુલગરની પરંપરાને નોંધે છે. તેમનાં નામો નીચે પ્રમાણે છે – **વિમલવાહણ**(૮), **વિઉલવાહણ**(૨), **દઢધણુ**(૨), **દસધણુ**(૧), **સયધણુ**(૨), **પડિસુઇ**(૧) અને **સુમઇ**(૨). આ પરંપરાનાં નામોનો ક્રમ સમવાયાંગગત નામક્રમ સાથે અંશતઃ મળે છે.[17].

ઉપરનું સર્વેક્ષણ એ વસ્તુ ખુલ્લી કરે છે કે ભિન્ન ભિન્ન પરંપરાઓના કારણે તેમજ આગમોની ભિન્ન ભિન્ન વાચનાઓના કારણે ગૂંચવાડો ઊભો થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવનિ.૧૫૧, સમ.૧૫૭, સ્થા.૫૫૬.
૨. સ્થા.૭૬૭, સમ.૧૫૭.
૩. જમ્બૂ.૨૮,૪૦.
૪. ભગ.૨૦૩, આવનિ.૧૪૯-૧૭૦, જમ્બૂ.૨૮-૨૯,૪૦, વિશેષા.૧૫૬૩-૧૫૮૩, સ્થા.૫૫૬, ૭૬૭, સમ. ૧૫૭,૧૫૮, તીર્થો.૭૦,૭૫,૭૯, ૧૦૦૩થી આગળ, જમ્બૂશા.પૃ. ૧૩૨-૧૩૩, સ્થાઅ.પૃ.૩૯૮-૯૯.
૫. જમ્બૂશા.પૃ.૧૩૩.
૬. જુઓ નોંધ ૪.
૭. આવનિ.૧૫૫. બીજી વિગતો પણ ત્યાં આપવામાં આવી છે. જુઓ સમ. ૧૫૭, સ્થા.૫૫૬.
૮. સ્થા.૭૬૭, સમ.૧૫૭, તીર્થો. ૧૦૦૪-૧૦૦૭.
૯. જમ્બૂ.૨૮,૪૦.
૧૦. સમ.૧૫૭.
૧૧. સ્થા.૭૬૭, સ્થાનાંગ તેમનો ઉલ્લેખ અતીત ઉસ્સપ્પિણીના કુલગરો તરીકે કરે છે, આ ભૂલ જણાય છે અથવા તો તે ભિન્ન પરંપરા પણ હોઈ શકે.
૧૨. સ્થા.૫૫૬, સમ.૧૫૭.
૧૩. સ્થા.૫૫૬, સમ.૧૫૯.
૧૪. તીર્થો. ૧૦૦૪.
૧૫. સ્થા.૭૬૭ ભિન્ન પરંપરાની નોંધ લેતું લાગે છે અથવા તો ભૂલથી ઉપરનાં નામો એરવય(૧)ના કુલકરોના બદલે ભરહ(૨)ના કુલકરોનાં જણાવાયાં છે.
૧૬. સમ.૧૫૯.
૧૭. તીર્થો.૧૦૦૬-૧૦૦૭.

**કુલગરગંડિયા** (કુલકરગણ્ડિકા) **વિમલવાહણ**(૬) આદિ કુલકરોનાં જીવન ઉપરનો ગ્રન્થ.[૧]

૧. નન્દિચૂ.પૃ.૭૭, નન્દિમ.પૃ.૨૪૨, નન્દિહ.પૃ.૯૦.

**કુલપુત્ત** અથવા **કુલપુત્તય** (કુલપુત્ર અથવા કુલપુત્રક) પોતાની માતાના કહેવાથી પોતાના ભાઈના ખૂનીને ક્ષમા આપનાર વ્યક્તિ.[૧]

૧. ઉત્તરાચૂ.પૃ.૩૨, ઉત્તરાશા.પૃ.૫૦-૫૧, ઉત્તરાક.પૃ.૧૩.

**કુલાણ** જ્યાં રાજા **વેસમણદાસ** રાજ કરતા હતા તે નગર.[૧] આ અને **કુણાલ** દેશનું નગર **કુણાલા** એક જણાય છે.

૧. સંસ્તા.૮૧.

**કુલ્લઈર** (કુલ્લકિર) જ્યાં **સંગમથેર** જીવન જીવ્યા તે નગર.[૧] જુઓ **કોલ્લઈર.**

૧. મર.૪૯૧.

**કુલ્લઉર** (કોલ્લપુર) જ્યાં **પાડલિપુત્ત**ના **ધમ્મસીહ**(૪)એ પોતાની પત્નીને ત્યજી દીધી હતી તે નગર.[૧]

૧. સંસ્તા.૭૧.

**કુલ્લાગ** (કોલ્લાક) આ અને **કોલ્લાઅ** એક છે.[૧]

૧. આવનિ.૪૪૧, ૪૭૫, કલ્પવિ.પૃ.૨૪૯, આવમ.પૃ.૨૪૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કુવલયપ્પહ** (કુવલયપ્રભ) એક આચાર્ય જે **સાવજ્જાયરિય** નામે પણ જાણીતા હતા. તે આચારમાં કઠોર હતા. એકવાર શિથિલાચારી કેટલાક સાધુઓને તે મળ્યા, તે સાધુઓએ તેમને પોતાની સાથે વર્ષાવાસમાં રહેવા વિનંતી કરી પરંતુ તેમણે તેમની વિનંતી સ્વીકારી નહિ.[૧]

૧. મનિ.પૃ.૧૩૯-૧૪૫.

**કુસ** (કુશ) એક વલયાકર દ્વીપ.[૧]

૧. સ્થાઅ.પૃ.૧૬૭.

**કુસકુંડી** (કુશકુણ્ડી) **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧)ની પત્ની.[૧]

૧. ઉત્તરાનિ.પૃ.૩૮૦.

**કુસગ્ગ(પુર)** (કુશાગ્ર(પુર)) **ઉસભપુર**(૧)ના સ્થાને સ્થાપવામાં આવેલું નગર. ત્યાં રાજા **પસેણઇ**(૫) રાજ કરતા હતા.[૧] **કુસત્થલ** તેનું બીજું નામ હતું.[૨] જુઓ **ચણગપુર.**

૧. આવનિ.૧૨૭૯,આવચૂ.૨.પૃ.૧૫૮,આવહ.પૃ.૬૭૧.
૨. મનિ.૮૭,કલ્પવિ.પૃ.૨૦૪.

**કુસટ્ટ** (કુશાવર્ત) એક **આરિય**(આર્ય) દેશ જેનું પાટનગર **સોરિય**(૧) હતું.[૧] આગ્રા જિલ્લામાં સૂર્યપુરની આસપાસનો દેશ કુસટ્ટ નામે જાણીતો હતો.[૨]

૧. પ્રજ્ઞા. ૩૭. ૨. લાઇ.પૃ.૩૦૪.

**કુસત્થલ** (કુશસ્થલ) મગહનું નગર[૧] જ્યાં રાજા **પસેણઇ**(૫) રાજ કરતા હતા.[૨] જુઓ **કુસગ્ગપુર.**

૧. મનિ.૮૭. ૨. કલ્પવિ.પૃ.૨૦૪, કલ્પધ.પૃ.૧૩૩.

**કુસલ**(કુશલ) **તિત્થયર મહાવીર**નું બીજું નામ.[૧]

૧. આચા.૧.૧૫૭,૧૬૬, આચાશી.પૃ.૨૧૬.

**કુસવર** (કુશવર) એક વલયાકાર દ્વીપ.[૧]

૧. અનુચૂ.પૃ.૩૬, અનુહ.પૃ.૯૧.

**કુસીલપરિભાસિય** (કુશીલપરિભાષિત) **સૂયગડ**નું સાતમું અધ્યયન.[૧]

૧. સમ.૧૬.૨૩.

**કુસુમ સુસમા** અરમાં જે ચાર પ્રકારના લોકો અસ્તિત્વ ધરાવતા હતા તે ચારમાંનો એક પ્રકાર.[૧] તે પ્રકારના લોકો ખૂબ જ મૃદુ કહેવાતા.[૨]

૧. જમ્બૂ.૨૬. ૨. જમ્બૂશા.પૃ.૧૩૧.

**કુસુમણગર** (કુસુમનગર) **પાડલિપુત્ત**નું બીજું નામ.[૧] તે **કુસુમપુર** પણ કહેવાતું.[૨]

૧. નિશીભા.૯૫૯, બૃક્ષે.૧૦૯૯, વિશેષા. ૨૭૮૦.
૨. નિશીચૂ.૨.પૃ.૯૫,બૃક્ષે.૧૦૯૯, તીર્થો.૬૨૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કુસુમપુર** **પાડલિપુત્ત**નું બીજું નામ.[1] અહીં **વઇર** આવ્યા હતા.[2]

૧. નિશીભા.૯૫૯, ૪૪૬૩, પિંડનિભા.પૃ.૧૪૨, પિંડનિમ.પૃ.૧૪૩, બૃભા.૪૧૨૩-૪૧૨૬, જીતભા.૧૪૦૭, તીર્થો.૬૨૪.
૨. આવનિ.૭૬૯. વિશેષા. ૨૭૮૦.

**કુસુમસંભવ** વૈશાખ મહિનાનું બીજું નામ.[1]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૫૩.

**કુહંડ** (કુષ્માણ્ડ) **વાણમંતર** દેવોનો એક પ્રકાર. તે પ્રકારના દેવોના બે ઇન્દ્રો છે – **સેય**(૨) અને **મહાસેય**.[1] કુહંડ પ્રકાર **કુભંડ** નામે પણ જાણીતો છે.[2]

૧. પ્રજ્ઞા.૪૭, ૪૯. ૨. સ્થા.૯૪.

**કુહણ** (કુહન) એક **અણારિય** (અનાર્ય) દેશ.[1]

૧. પ્રશ્ન.૪, પ્રશ્નઅ.પૃ.૧૫.

**કૂડસામલિ** (કૂટશાલ્મલિ) **મહાવિદેહ**ના ઉપક્ષેત્ર **દેવકુરુ**માં આવેલું વૃક્ષ.[1] તેની ઊંચાઇ આઠ યોજન છે.[2] તે ગરુલ **વેણુદેવ**નું વાસસ્થાન છે.[3]

૧. જમ્બૂ.૧૦૦,સ્થા.૬૩૫. ૨. સમ.૮. ૩. સમ.૮,સમઅ.તેના ઉપર.

**કૂડસામલિપેઢ** (કૂટશાલ્મલિપીઠ) **કૂડસામલિ** વૃક્ષની પીઠ જે દેવકુરુના પશ્ચિમાર્ધના કેન્દ્રમાં આવેલી છે.[1]

૧. જમ્બૂ.૧૦૦.

**કૂણિઅ** અથવા **કૂણિક** અથવા **કૂણિય** (કૂણિક) **રાયગિહ**ના રાજા **સેણિઅ**(૧) અને તેમની રાણી **ચેલ્લણા**નો પુત્ર.[1] જન્મ્યા પછી તરત જ તેને **અસોગવણિયા** નામની વાડીમાં ત્યજી દેવામાં આવ્યો હતો. તેથી તે **અસોગચંદ** નામે ઓળખાતો. તેની આંગળીએ કુણિયા નામના રોગનો દૂઝતો ઘા થયો હતો, પરિણામે તેના તે હાથનો વિકાસ કુંઠિત થઈ ગયો હતો. તેથી તેનું નામ 'કૂણિઅ' ('ટૂંકા હાથવાળો') પડી ગયું.[3] **પઉમાવઇ**(૯), **ધારિણી**(૨) વગેરે આઠ પત્નીઓ તેને હતી.[4] **કાલ**(૧), **સુકાલ**(૪), **મહાકાલ**(૨) વગેરે તેના ભાઈઓ હતા.[5] તેણે ભાઈઓની મદદથી પોતાના પિતાને કેદ કરી રાજ પડાવી લીધું.[6] તેને **ઉદાઇ**(૨) નામનો એક પુત્ર હતો.[7] કૂણિઅ રાજધાની **રાયગિહ**થી **ચંપા** લઈ ગયો.[8] પોતાના ભાઈ **હલ્લ** અને **વિહલ્લ**ના હાથી અને હારને માટે તે રાજા **ચેડગ** સામે યુદ્ધ લડ્યો.[9] તે પોતે **ચક્કવટ્ટિ** બનવા ઇચ્છતો હતો પરંતુ **તિમિસગુહા** નામની ગુફામાં **કયમાલઅ** વડે તે હણાયો.[10] મૃત્યુ પછી તે છટ્ઠા નરકમાં ગયો, વારંવાર જેમની પાસે તે જતો હતો તે **મહાવીરે**[11] તેનું આવું ભવિષ્ય ભાખ્યું હતું તે ઉપરથી આ વાત સ્પષ્ટ થાય છે.[12]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ઔપ.૯, નિર.૧.૧.
૨. નિર.૧.૧, આવચૂ.૨.પૃ.૧૬૬-૧૬૭.
૩. નિર.૧.૧.
૪. ઔપ.૭, નિર.૧.૧.
૫. ભગઅ.પૃ.૩૧૬.
૬. નિર.૧.૧.આવચૂ.૨.પૃ.૧૭૧.
૭. આવચૂ.૨.પૃ.૧૭૭થી આગળ, સ્થાઅ.પૃ.૪૫૬.
૮. આવચૂ.૨.પૃ.૧૭૨.
૯. વ્યવભા.૧૦.૫૩૬, આવચૂ.૨.પૃ.૧૭૨, જીતભા.૪૮૦, નિર.૧.૧.
૧૦. આવચૂ.૨.પૃ.૧૭૬,૧૭૭, દશચૂ.પૃ.૫૧.
૧૧. ઔપ.૩૦-૩૬, જ્ઞાતા.૪.
૧૨. જુઓ ઉપરની નોંધ ૧૦.

**કૂબર** એક દેવ.[1]

૧. આવ.પૃ.૧૯.

**કૂરગડુઅ** (કૂરગડુક) એક આદરણીય વ્યક્તિ.[1]

૧. આવ.૨૭.

**કૂલધમ** જુઓ **કૂલધમગ**.[1]

૧. નિર.૩.૩.

**કૂલધમક** અથવા **કૂલધમગ** (કૂલધમક) વાનપ્રસ્થ તાપસોનો એક વર્ગ.[1] આ તાપસો ભોજન કરતાં પહેલાં નદીતટ ઉપરથી બૂમો પાડતા.[2]

૧. ભગ.૪૧૭, ઔપ.૩૮.
૨. ભગઅ.પૃ.૫૧૯.

**કૂલવાલ** અથવા **કૂલવાલઅ** અથવા **કૂલવાલગ** (કૂલવાલક અથવા કૂલવારક) એક સાધુ જે ગણિકાના પ્રેમમાં પડ્યા હતા.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૭૪, સ્થાઅ.પૃ.૧૮૫, બૃભા.૨૧૬૪-૬૫, સૂત્રનિ.૫૭, નન્દિમ.પૃ.૧૬૭, ઉત્તરાક.પૃ.૫, આવહ.પૃ.૬૮૫.

**કૂવઅ** (કૂપક) **અંતગડદસા**ના ત્રીજા વર્ગનું અગિયારમું અધ્યયન.[1]

૧. અન્ત.૪.

**કૂવણઅ** (કૂપનક) **તિત્થયર પાસ**(૧)ની પરંપરાના શ્રમણ **મુણિચંદ**(૩)નું ખૂન કરનારો **કુમારઅ** સન્નિવેશનો કુંભાર.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૮૫, વિશેષા.૧૯૩૧.

**કૂવદારઅ** (કૂપદારક) **બારવઈ**ના **બલદેવ**(૧) અને તેની પત્ની **ધારિણી**(૬)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર અરિટ્ઠણેમિ**નો શિષ્ય બન્યો. તે વીસ વર્ષનું શ્રમણજીવન જીવી **સેત્તુંજ** પર્વત ઉપર મોક્ષ પામ્યો.[1]

૧. અન્ત.૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કૂવિય** (કૂપિક) એક સન્નિવેશ જ્યાં **તિત્થયર મહાવીર** અને **ગોસાલ**ને ચોર હોવાની શંકાને કારણે પકડવામાં આવ્યા હતા.[1]

૧. વિશેષા.૧૯૩૯, આવચૂ.૧.પૃ.૨૯૧, કલ્પધ.પૃ.૧૦૭.

**કૂહંડ** (કુષ્માણ્ડ) આ અને **કુહંડ** એક છે.[1]

૧. પ્રશ્ન.૧૫.

**કેઈયઅદ્ધ** (કેકયાર્દ્ધ) જુઓ **કેકયદ્ધ.**[1]

૧. રાજ.૨૦૦.

**કેઉ** (કેતુ) અઠ્યાસી ગહમાંનો એક.[1] જુઓ **ભાવકેઉ.**

૧. પ્રજ્ઞા.૫૦,જમ્બૂશા.પૃ.૫૩૫,સૂર્ય.૧૦૭, સૂર્યમ.પૃ.૨૯૫.

**કેઉઅ** અથવા **કેઉગ** (કેતુક અથવા કેયૂપ) દક્ષિણમાં **લવણ** સમુદ્રની મધ્યમાં આવેલો **મહાપાયાલકલસ.**[1]

૧. સમ.૫૨,૯૫,સ્થા.૩૦૫,૭૨૦, સમઅ.પૃ.૭૨, જીવામ.પૃ.૩૦૬.

**૧. કેઉમતી** (કેતુમતી) **ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા વર્ગનું અઢારમું અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૧૫૩.

**૨. કેઉમતી કિંણર** ઇન્દ્રની બીજી મુખ્ય પત્ની.[1] તે પૂર્વભવમાં વેપારીની પુત્રી હતી.[2]

૧. ભગ.૪૦૬, જ્ઞાતા.૧૫૩, સ્થા.૨૭૩. ૨. જ્ઞાતા.૧૫૩.

**કેઊઅ** (કેયૂપ) આ અને **કેઉઅ** એક છે.[1]

૧. સમ.૯૫, જીવા.૧૫૬, જીવામ.પૃ.૩૦૬.

**૧. કેકઈ** (કૈકયી) વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં **ભરહ**(૨) ક્ષેત્રમાં થયેલા આઠમા **વાસુદેવ**(૧) **ણારાયણ**(૧)ની માતા. તે **દસરહ**(૧)ની એક મુખ્ય પત્ની હતી. તે **કેગમઈ** નામે પણ જાણીતી હતી.[1] ટીકાકાર તેનું બીજું નામ સુમિત્રા નોંધે છે.[2]

૧. તીર્થો.૬૦૩, સમ.૧૫૮, સ્થા.૬૭૨, આવનિ.૪૦૯.

૨. આવનિ(દીપિકા).પૃ.૮૦.

**૨. કેકઈ** વિદેહ(૧) ક્ષેત્રમાં થયેલા **વાસુદેવ**(૧) **બિભીસણ**ની માતા. તે **વીતિસોગા**ના રાજા **જિયસત્તુ**(૩૫)ની પત્ની હતી.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૭૬.

**કેકય** એક **અણારિય**(અનાર્ય) દેશ[1], તેનો અડધો ભાગ **આરિય**(આર્ય) ક્ષેત્રમાં સમાવિષ્ટ હતો.[2] તે **કક્કેય** તરીકે પણ પ્રસિદ્ધ હતો.[3] તેની એકતા આરિય દેશોમાં સમાવિષ્ટ અને **કેકયદ્ધ** તરીકે ઓળખાતા દક્ષિણ કેકયથી અલગ કરાયેલા ઉત્તરના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર્વતાળ ક્ષેત્ર સાથે સ્થાપી શકાય. આ ઉત્તરનો ભાગ તે વખતે જૈનધર્મની અસર નીચે આવ્યો ન હતો.[૪]

૧. પ્રશ્ન.૪, સૂત્રશી.પૃ.૧૨૩, પ્રજ્ઞા.૩૭.
૨. રાજમ. રાજ.૧૪૨ ઉપર.
૩. પ્રજ્ઞા.૩૭.
૪. લાઇ.પૃ.૨૫૬, શ્રભમ.પૃ.૩૬૪.

**કેકયદ્ધ** (કેકયાર્ધ) **કેકય** દેશનો અડધો ભાગ જેનું પાટનગર **સેયવિયા** હતું. તે **કેકય**ના દક્ષિણ ભાગમાં આવેલું **આરિય** ક્ષેત્ર હતું.[૧] તેમાં સાત હજાર ગામ હતાં.[૨] તે રામાયણના કેકયથી ભિન્ન છે. તે નેપાળની તરાઇમાં અને શ્રાવસ્તીની ઉત્તરપૂર્વમાં એવલો હતો.[૩]

૧. પ્રજ્ઞા.૩૭, રાજ.૧૪૨, સૂત્રશી.પૃ.૧૨૩.
૨. રાજ.૨૦૦
૩. શ્રભમ.પૃ.૩૬૪,લાઇ.પૃ.૨૫૬.

**કેકયી** (કૈકયી) જુઓ **કેકઈ**.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૭૬.

**કેગમઈ** (કેકમતી) આ અને **કેકઈ**(૧) એક છે.[૧]

૧. આવનિ.૪૦૯.

**કેતલિપુત્ત** (કેતલિપુત્ર) આ અને **તેતલિપુત્ત**(૧) એક છે.[૧]

૧. ઋષિ.૮.

**કેતુ** જુઓ **કેઉ**.[૧]

૧. સૂર્ય.૧૦૭.

**કેતુમતી** જુઓ **કેઉમતી**.[૧]

૧. ભગ.૪૦૬, સ્થા.૨૭૩.

**કેયઇઅદ્ધ** (કેકયાર્ધ) જુઓ **કેકયદ્ધ**.[૧]

૧. રાજ.૧૪૨.

**કેયયઅદ્ધ** (કેકયાર્ધ) જુઓ **કેકયદ્ધ**.[૧]

૧. સૂત્રશી.પૃ.૧૨૩.

**કેયલિ** (કેતલિ) આ અને **તેતલિપુત્ત**(૧) એક છે.[૧]

૧. ઋષિ(સંગ્રહણી).

**કેરિસવિઉવ્વણા** (કીદગ્વિકુર્વણા) **વિયાહપણ્ણત્તિ**ના ત્રીજા શતકનો પહેલો ઉદ્દેશક.[૧]

૧. ભગ.૧૨૬.

**કેલાસ** (કૈલાશ) જુઓ **કઇલાસ**.[૧]

૧. આવચૂ.૧.પૃ.૨૦૫, પિંડનિ.૪૫૨, સ્થા.૨૦૫,અન્ત.૧૨,ઉત્તરાચૂ.પૃ.૧૮૫.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કેવલિ** (કેવલિન્) **વિયાહપણ્ણત્તિ**ના (૧) ચૌદમા શતકનો દસમો ઉદ્દેશક.[1] અને (૨) અઢારમા શતકનો સાતમો ઉદ્દેશક.[2]

૧. ભગ.૫૦૦. ૨. ભગ.૬૧૬.

**કેસર કંપિલ્લપુર** નગરની બહાર આવેલું ઉદ્યાન.[1]

૧. ઉત્તરા.૧૮.૩, ઉત્તરાચૂ.પૃ.૨૪૮, ઉત્તરાશા.પૃ.૪૩૮.

**૧. કેસરિ** (કેસરિન્) આવતા **ઉસ્સપ્પિણી**માં **ભરહ**(૨) ક્ષેત્રમાં થનારા ચોથા **પડિસત્તુ**.[1]

૧. તીર્થો.૧૧૪૬, સમ.૧૫૯.

**૨. કેસરિ ણીલવંત** પર્વત ઉપર આવેલું સરોવર.[1] **સીયા**(૧) નદી તેમાંથી નીકળે છે.[2]

૧. સમ.૧૧૭, સ્થા.૧૯૭, ૫૨૨. ૨. જમ્બૂ.૧૧૦.

**૧. કેસવ** (કેશવ) **કણ્હ**(૧)નું બીજું નામ.[1]

૧. ઉત્તરા.૨૨.૨, જ્ઞાતા.૧૨૨, નન્દિમ.પૃ.૬૦-૬૨, વિશેષા.૧૪૮૫, પ્રશ્નઅ.પૃ.૮૮, ઉત્તરાશા.પૃ.૪૮૯.

**૨. કેસવ પભંકરા** નગરીના વૈદ્ય **સુવિહિ**(૨)નો પુત્ર. આ કેસવ **ઉસભ**(૧)નો પૂર્વભવ હતો.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૭૯-૧૮૦.

**૩. કેસવ** આ અને **વાસુદેવ**(૧) એક છે.[1]

૧. સમ.૧૫૮, તીર્થો.૬૦૩, આવનિ.૪૧૬, નિશીચૂ.૧.પૃ.૫૬, બૃક્ષે.૧૩૪૧, જીવામ.પૃ.૧૨૯.

**૧. કેસિ** (કેશિન્) **તિત્થયર પાસ**(૧)ની પરંપરાના આચાર્ય. તે **કુમારસમણ** નામથી પણ જાણીતા હતા. એકવાર એક જ સમયે તે **સાવત્થી** નગરની બહાર **તિંદુગ**(૧) ઉદ્યાનમાં રહેતા હતા જ્યારે તિત્થયર **મહાવીર**ના પ્રથમ ગણધર **ગોયમા** (**ઈંદભૂઈ**) તે જ નગરના **કોટ્ઠગ**(૧) ઉદ્યાનમાં રહેતા હતા.[1] બન્નેના શિષ્યો સંયમી, તપસ્વી, સદ્‌ગુણી અને દુરાચારોથી આત્માને રક્ષનારા હતા.[2] તેમના મનમાં આવો વિચાર આવ્યો – 'શું અમારાં વ્રત-નિયમો સાચાં છે કે તેમનાં ? શું અમારો આચાર તથા અમારા સિદ્ધાન્તો સાચા છે કે તેમનો આચાર તથા તેમના સિદ્ધાન્તો ? પાર્શ્વનો ચાર વ્રતોવાળો ધર્મ ખરો છે કે મહાવીરનો પાંચ વ્રતોવાળો ધર્મ ? શું મુનિઓને વસ્ત્ર ધારણ કરવાનો નિષેધ કરનારો ધર્મ સાચો છે કે મુનિઓને એક અન્તરીય અને એક ઉત્તરીય વસ્ત્ર ધારણ કરવાની અનુમતિ દેનાર ધર્મ સાચો છે ? પાર્શ્વના ધર્મ અને મહાવીરના ધર્મ બન્નેનો એક જ ઉદ્દેશ્ય હોવા છતાં પણ આ અન્તર કેમ છે ?' પોતાના શિષ્યોના મનમાં શું ચાલી રહ્યું છે તે જાણીને કેસિ અને ગોયમ બન્નેએ એકબીજાને મળવાનો નિશ્ચય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યો.[૩] શું યોગ્ય છે અને શું સંઘના પ્રાચીન ભાગને કારણે છે તે બધું જાણતા ગોયમ પોતાના શિષ્યો સાથે તિંદુગ ઉદ્યાને ગયા. પૂરા આદરથી કેસિએ તેમનું સ્વાગત કર્યું.[૪] કેસિએ પૂછેલા બધા પ્રશ્નોના ઉત્તરો ગોયમે સંપૂર્ણપણે અને ખૂબ નમ્રતાપૂર્વક આપ્યા. કેસિ અને ગોયમના આ મિલનમાં ખૂબ જ અગત્યના વિષયો અંગેના પ્રશ્નોનું સમાધાન થયું.[૫] ચર્ચાના વિષયો અને ચર્ચાના પ્રકાર અંગે જુઓ **ઈંદભૂઇ**.

કેસિને બીજી ચર્ચા **સેયવિયા**ના રાજા **પએસિ** સાથે થયેલી. શરીરથી જુદા આત્માના સ્વતન્ત્ર અસ્તિત્વમાં પએસિને શ્રદ્ધા ન હતી. તે શરીર અને આત્માને એક માનતો હતો. કેસિએ તેને અનુભવમૂલક દલીલોના આધારે ખાતરી કરાવી દીધી કે આત્મા શરીરથી ભિન્ન સ્વતન્ત્ર તત્ત્વ છે.[૬]

૧. ઉત્તરા. ૨૩.૧-૮.
૨. એજન.૨૩.૧૦-૧૩.
૩. એજન.૨૩.૧૪.
૪. એજન.૨૩.૧૫-૧૭.
૫. એજન.૨૩.૮૮.
૬. રાજ.૧૫૭થી આગળ.

**૨. કેસિ** **વીતીભય**ના રાજા **ઉદાયણ**(૧)નો ભાગિનેય (બેનનો દીકરો). ઉદાયણ પોતાનું રાજ પોતાના પુત્રના બદલે કેસિને આપીને સંસાર ત્યાગી શ્રમણ બની ગયા. એકવાર શ્રમણ ઉદાયણ વીતીભય આવ્યા. કેસિએ માની લીધું કે ઉદાયણ તેની પાસેથી રાજ પાછું લેવા આવ્યા છે, તેથી તેણે ઉદાયણને ઝેર આપી મારી નાખ્યા.[૧] જુઓ **કુંભારપક્ખેવ**.

૧. ભગ.૪૯૧,આવચૂ.૨.પૃ.૩૬, સ્થાઅ.પૃ.૪૩૧.

**૩. કેસિ** શ્રમણીનો પુત્ર જેનો ગર્ભ શ્રમણીએ સંભોગ વિના ધારણ કર્યો હતો.[૧]

૧. બૃભા.૪૧૩૭, સ્થાઅ.પૃ.૩૧૩.

**૪. કેસિ** **કંસ**(૨)નો ઘોડો. **વાસુદેવ**(૨) **કણ્હ**(૧) દ્વારા તે ઘોડો હણાયો હતો.[૧]

૧. પ્રશ્ન.૧૫, પ્રશ્નઅ.પૃ૭૫.

**૫. કેસિ** (કેશિન્) આ અને **કેસવ**(૩) એક છે.[૧]

૧. આવનિ.૪૨૨, આવનિ(દીપિકા)પૃ.૮૪.

**કેસિકપુવ્વિક** (કેશિકપૂર્વિક) **કાલિકેય** સમાન દેશ.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૬૨.

**કેસિગોયમિજ્જ** (કેશિગૌતમીય) **ઉત્તરજ્ઝયણ**નું તેવીસમું અધ્યયન.[૧] તેના વિષયવસ્તુ માટે જુઓ **કેસિ**(૧).

૧. સમ.૩૬, ઉત્તરાનિ.પૃ.૯, ૪૯૮,ઉત્તરાચૂ.પૃ.૨૬૩-૬૬, ઉત્તરાશા.પૃ.૪૯૭-૯૮.

**કોઅગડ** (કૂપકટ) તેવીસમા **તિત્થંકર** **પાસ**(૧)એ જયાં પારણું કર્યું હતું તે સ્થળ.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવનિ.૩૨૫, આવમ.પૃ.૨૨૭.

**૧. કોંકણ** (કોઙ્કણ) એક **અણારિય** (અનાર્ય) દેશ.[૧] તેની એકતા પશ્ચિમઘાટ અને અરબી સમુદ્ર વચ્ચેની પટ્ટી સાથે સ્થાપી શકાય.[૨]

૧.અનુ.૧૩૦,પ્રજ્ઞા.૩૭, પ્રશ્ન.૪, આચાચૂ.પૃ.૩, આવચૂ.૨.પૃ.૯૭, ઓઘનિભા.૨૩૪-૩૫, પ્રજ્ઞામ.પૃ.૩૧. પ્રજ્ઞાહ.પૃ.૮૧, દશહ.પૃ.૨૦૮.
૨.જીઓડિ. પૃ.૧૦૩.

**૨. કોંકણ** (કોઙ્કણ) **કોંકણ**(૧)નો વતની.[૧] જુઓ **કોંકણઅ.**

૧. વ્યવભા.૧૦.૪૬૪.

**૧. કોંકણઅ** (કૌઙ્કણક) ગુહ્નો કરવાના કારણે જેને રાજા દ્વારા દેશ નિકાલ કરવામાં આવેલ છે તે વ્યક્તિ.[૧]

૧. નિશીચૂ.૩.પૃ.૨૯૬, વ્યવભા.૧૦.૪૬૪.

**૨. કોંકણઅ** જેણે ઘોડાને હણ્યો હતો પરંતુ સાચું બોલવાના કારણે રાજાએ જેને માફી આપી હતી તે ઉપાસક બાળક.[૧]

૧. આવચૂ.૨.પૃ.૨૮૫.

**૩. કોંકણઅ** (કૌઙ્કણક) જુઓ **કોંકણગસાહુ.**[૧]

૧. નિશીભા.૨૮૯, નિશીચૂ.૧.પૃ.૧૦૧.

**૧. કોંકણગ** (કૌઙ્કણક) જુઓ **કોંકણઅ**(૧)[૧] અને **કોંકણગસાહુ.**[૨]

૧. નિશીચૂ.૩.પૃ.૨૯૬. ૨. નિશીચૂ.૧.પૃ.૧૦૧.

**૨. કોંકણગ** ધ્યાનાવસ્થામાં પણ દુન્યવી બાબતોનો જ વિચાર કરવાની ટેવવાળો શ્રમણ.

૧. આચાચૂ.પૃ.૨૮૮, આવચૂ.૨.પૃ.૨૯૭, કલ્પસ.પૃ.૨૭૦, કલ્પલ.પૃ.૧૯૪, ગચ્છાવા.પૃ.૧૩.

**કોંકણગદારઅ** (કૌઙ્કણકદારક) જુઓ **કુંકણગદારઅ.**[૧]

૧. વિશેષા.૧૪૨૦, આચાચૂ.પૃ.૧૬૨.

**કોંકણગદારગ** (કૌઙ્કણકદારક) જુઓ **કુંકણગદારઅ.**[૧]

૧. વિશેષાકો.પૃ.૪૧૧.

**કોંકણગસાહુ** (કૌઙ્કણકસાધુ) એક વાર એક સાધુ પોતાના આચાર્ય ગુરુ અને સાથી સાધુઓ સાથે રાતે જંગલમાં રોકાયો. જંગલમાં જંગલી જાનવરોનો ભય હોવાથી ચોકી કરવાનું કામ તેને સોંપવામાં આવ્યું. તેણે એક પછી એક ત્રણ સિંહોને મારી નાખ્યા અને બધાના જીવ બચાવ્યા. પોતે કરેલી હિંસા બદલ તેણે અનુરૂપ પ્રાયશ્ચિત્ત કર્યું.[૧]

૧. નિશીભા.૨૮૯, નિશીચૂ.૧.પૃ.૧૦૦-૧૦૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કોંચ** (ક્રૌઞ્ચ) એક **અણારિય** (અનાર્ય) દેશ અને તેના લોકો.[૧]

૧. પ્રજ્ઞા.૩૭, સૂત્રશી.પૃ.૧૨૩.

**કોંચવર** (ક્રૌઞ્ચવર) એક વલયાકર દ્વીપ.[૧]

૧. અનુહે.પૃ.૯૧, અનુહ.પૃ.૫૦.

**કોંચસ્સરા** (ક્રૌઞ્ચસ્વરા) **વિજ્જુકુમાર** દેવોનો ઘંટ.[૧]

૧. જમ્બૂ.૧૧૯, આવચૂ.૧.પૃ.૧૪૬.

**કોંડલમેંઢ** (કુણ્ડલમેણ્ઠ) **ભરુયચ્છ**નો **વાણમંતર** દેવ.[૧]

૧. બૃભા.૩૧૫૦, બૃક્ષે.૮૮૩.

**કોંડરીક** (કણ્ડરીક) જુઓ **કંડરીય.**[૧]

૧. સૂત્રચૂ. પૃ.૨૩૮.

**કોંડિયાયણ** (કુણ્ડિકાયન) **વેસાલી**માં આવેલું ચૈત્ય જ્યાં ગોસાલે પોતાનો છઠ્ઠો પઉટ્ટપરિહાર (પરશરીરપ્રવેશ) કર્યો હતો.[૧]

૧. ભગ. ૫૫૦.

**કોંતી** (કુન્તી) જુઓ **કુંતી.**[૧]

૧. જ્ઞાતા.૧૨૨.

**કોંબોય** (કમ્બોજ) જુઓ **કંબોય.**[૧]

૧. સૂત્રશી.પૃ.૧૨૩.

**કોકાસ** અથવા **કોક્કાસ** **સોપારગ**નો સુથાર. તેણે વિમાન જેવું યન્ત્ર બનાવ્યું હતું જેના વડે માણસ આકાશમાં મુસાફરી કરી શકે.[૧]

૧. આવચૂ.૧.પૃ.૫૪૦-૪૧, આવનિ.૯૨૪, વિશેભા.૩૬૦૮,આવહ.પૃ.૪૧૦, દશચૂ.પૃ.૧૦૩.

**કોગંડિ** (કાકન્દી) જુઓ **કાગંદી.**[૧]

૧. તીર્થો. ૬૦૮.

**૧. કોચ્છ** (કૌત્સ) એક ગોત્ર જેની સાત શાખાઓ હતી[૧]– **કોચ્છ, મોગ્ગલાયણ**(૨), **પિંગલાયણ, કોડીણ, મોંડલિ, હારિય** અને **સોમય.**

૧. સ્થા.૫૫૧.

**૨. કોચ્છ** (કુત્સ અથવા કોત્સ) **મહાવીર**ના સમયમાં જે સોળ રાજ્યો હતા તેમાંનું એક.[૧] તેની એકતા તે વખતે કૌશિકી કચ્છ તરીકે જાણીતા એવા કૌશિકી નદીની પૂર્વે આવેલા પુર્ણિયાના પ્રદેશ સાથે સ્થાપવામાં આવી છે.[૨]

૧. ભગ.૫૫૪. ૨. જિઓડિ.પૃ.૯૭, શ્રભમ.પૃ.૩૬૨,લાઇ.પૃ.૨૯૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કોટ્ટકિરિયા** (કોટ્ટક્રિયા) મહિષાસુર ઉપર ચડી તેને કાપતી(કુટ્ટણપરા) દુગ્ગાનું બીજું નામ.[1]

૧. જ્ઞાતા.૬૯, જ્ઞાતાઅ.પૃ.૧૩૯,અનુ.૨૦, અનુહે.પૃ.૨૬,અનુહ.પૃ.૧૭, વિશેષાકો. પૃ.૨૭૭.

**કોટ્ટવીર** સિવભૂઈ(૧)ના બે શિષ્યોમાંનો એક.[1]

૧. આવભા.૧૪૮,વિશેષા.૩૦૫૪,આવચૂ.૧.પૃ.૪૨૮,ઉત્તરાશા.પૃ.૧૮૦, ઉત્તરાક. પૃ.૧૧૮, આવહ.પૃ.૩૨૪.

**કોટ્ઠ** (કોષ્ઠ) જુઓ **કોટ્ઠઅ.**[1]

૧. આવનિ.૧૩૦૨.

**૧. કોટ્ઠઅ** (કોષ્ઠક) **સાવત્થી**ની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન (જેમાં ચૈત્ય હતું).[1] ત્યાં **તિત્થયર મહાવીર**[2] તેમજ **જમાલિ**[3] ગયા હતા.

૧. જ્ઞાતા.૧૫૦, ભગ.૫૩૯,ઉપા.૫૫-૫૬, રાજ.૧૪૬,આવચૂ.૧.પૃ.૪૧૬, ઉત્તરા.૨૩.૮.

૨. સ્થાઅ.પૃ.૪૫૬.

૩. ભગ.૩૮૬.

**૨. કોટ્ઠઅ વાણારસી** પાસે આવેલું ઉદ્યાન તેમજ ચૈત્ય.[1]

૧. ઉપા.૨૭, આવનિ.૧૩૦૨.

**કોટ્ઠગ** (કોષ્ઠક) જુઓ **કોટ્ઠઅ.**[1]

૧. ઉત્તરા.૨૩.૮. આવચૂ.૧.પૃ.૪૧૬.

**કોડંબાણી** (કૌટુમ્બિની) **ઉત્તરબલિસ્સહગણ**(૨)ની ચાર શાખાઓમાંની એક.[1]

૧. કલ્પ.પૃ.૨૫૭.

**કોડાલ(સ) દેવાણંદા**(૨)નો પતિ **ઉસભદત્ત**(૧)[1] અને આચાર્ય **કામિડ્ઢિ**[2] જે ગોત્રના હતા તે ગોત્ર.

૧. આચા.૨.૧૭૬,આવનિ.૪૫૮,આવચૂ.૧.પૃ.૨૩૬. ૨.કલ્પવિ.પૃ.૨૫૯.

**કોડિગાર** (કોટિકાર) ઉદ્યોગ ધંધો કરનારાઓનું એક **આરિય** મંડળ.[1]

૧. પ્રજ્ઞા.૩૭.

**૧. કોડિણ્ણ** (કૌણ્ડિન્ય) **મહાગિરિ** આચાર્યના આઠ શિષ્યોમાંનો એક.[1] ચોથો **ણિણ્હવ આસમિત્ત** તેનો શિષ્ય હતો.[2]

૧. કલ્પ(થેરાવલી)૭, કલ્પવિ.પૃ.૨૫૭.

૨. આવચૂ.૧.પૃ.૪૨૨, નિશીભા.૫૬૦૦, ઉત્તરાશા.પૃ.૧૬૨-૬૩, સ્થાઅ.પૃ.૪૧૨.

**૨. કોડિણ્ણ સિવભૂઈ**(૧)ના બે શિષ્યોમાંનો એક.[1]

૧. આવભા.૧૪૮,આવચૂ.૧.પૃ.૪૨૮,વિશેષા.૩૦૫૪,ઉત્તરાશા.પૃ.૧૮૦, ઉત્તરાક. પૃ.૧૧૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૩. કોડિણ્ણ વાસિટ્ઠ** ગોત્રની એક શાખા.[1] **મહાવીર**ના દસમા અને અગિયારમા ગણહર આ કોડિણ્ણ શાખાના હતા.[2] મહાવીરના પત્ની **જસોયા** પણ આ કોડિણ્ણ શાખાના હતા.[3]

૧. સ્થા.૫૫૧. ૨. આવનિ.૬૫૦. ૩.આચા.૨.૧૭૭,આચાશી.પૃ.૩૮૯.

**૪. કોડિણ્ણ** (કૌટિલ્ય) ન્યાયવહીવટના નિષ્ણાત.[1] જુઓ **કોડિલ્લય.**

૧. વ્યવભા.૩.પૃ.૧૩૨.

**૫. કોડિણ્ણ** (કૌણ્ડિન્ય) એક તાપસ જે (પોતાના પાંચ સો શિષ્યો સાથે) **અટ્ઠાવય** પર્વતથી પાછા ફરતાં **ઈંદભૂઈ**ના શિષ્ય બની ગયા.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૮૩, ઉત્તરાશા.પૃ.૩૨૫.

**૬. કોડિણ્ણ** જ્યાં રાજા **રુપ્પિ**(૧) રાજ કરતા હતા તે નગર.[1] તેની એકતા અમરાવતી (Amraoti) ના ચંદુર (Chandur) તાલુકાના વર્તમાન કૌન્ડિન્યપુર સાથે સ્થાપવામાં આવી છે.[2]

૧. જ્ઞાતા.૧૧૭. ૨. લાઈ.પૃ.૨૯૮.

**કોડિય-કાકંદઅ** (કોટિક-કાકન્દક) **સુટ્ઠિય-સુપ્પડિબુદ્ધ**નું બીજું નામ.[1]

૧. કલ્પ અને કલ્પવિ.પૃ.૨૬૧, કલ્પધ.પૃ.૧૬૫.

**૧. કોડિયગણ** (કોટિકગણ) **મહાવીર**ની આજ્ઞામાં શ્રમણોનાં જે નવ ગણો હતા તેમાંનો એક.[1]

૧. સ્થા.૬૮૦.

**૨. કોડિયગણ સુટ્ઠિય-સુપ્પડિબુદ્ધ**થી શરૂ થયેલો શ્રમણોનો એક ગણ. તેની નીચે પ્રમાણે ચાર શાખાઓ છે અને ચાર કુલો છે — **ઉચ્ચણાગરી, વિજ્જાહરી, વયરી** અને **મજ્ઝિમિલ્લા** આ ચાર શાખાઓ, **બંભાલિજ્જ, વત્થલિજ્જ, વાણિજ્જ** અને **પણ્હવાહણય** આ ચાર કુલો.[1]

૧. કલ્પ(થેરાવલી).૭, કલ્પવિ.પૃ.૨૬૦.

**કોડિલ્લગ** અથવા **કોડિલ્લય** (કૌટિલ્યક) કૌટિલ્યનો અર્થશાસ્ત્ર ઉપરનો ગ્રન્થ.[1] આ કૌટિલ્ય અને **કોડિણ્ણ**(૪) એક છે.

૧. નન્દિ.૪૨, અનુ.૪૧, આવચૂ.૧.પૃ.૧૫૬, સૂત્રચૂ.પૃ.૨૦૮, સમઅ.પૃ.૫૫, જ્ઞાતાઅ. પૃ.૧૨.

**કોડિવરિસ**(કોટિવર્ષ) **લાઢ** દેશનું પાટનગર.[1] તેનો રાજા **ચિલાત**(૧) જાતિનો હતો.[2] કોડિવરિસની એકતા દિનાજપુર જિલ્લામાં આવેલા બનગઢ (Bangarh) ગામ સાથે સ્થાપવામાં આવી છે.[3]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. પ્રજ્ઞા.૩૭, સૂત્રશી.પૃ.૧૨૩.
૨. આવનિ.૧૩૦૫, આવચૂ.૨.પૃ.૨૦૩
૩. લાઇ.પૃ.૨૯૮.

**કોડિવરિસિયા** (કોટિવર્ષિકા) **ગોદાસગણ**(૨)ની ચાર શાખાઓમાંની એક.[1]

૧. કલ્પ.પૃ.૨૫૬-૨૫૭.

**કોડીણ** (કોડીન) **કોચ્છ** ગોત્રની સાત શાખાઓમાંની એક.[1]

૧. સ્થા.૫૫૧.

**કોડીસર** (કોટીશ્વર) **ગિરિણગર**નો ધનિક વેપારી. તે દરેક વર્ષે ઝવેરાતથી ભરેલા ઘરને આગ લગાડતો હતો. આ રીતે તે અગ્નિની પૂજા કરતો હતો માટે લોકો તેની પ્રશંસા કરતા હતા.[1] તે વેપારી પારસી હોય એવું જણાય છે.

૧. વિશેષાકો.પૃ.૨૭૮, આવચૂ.૧.પૃ.૭૯.

**કોણાલગ** (કોણાલક) **તિત્થયર કુંથુ** (૧)નો એક ઉપાસક રાજા.[1]

૧. તીર્થો.૪૮૦.

**કોણિઅ** અથવા **કોણિક** અથવા **કોણિય** (કોણિક અથવા કૌણિક) આ અને **કૂણિઅ** એક છે.[1]

૧. ભગ.૩૮૫, આવચૂ.૧.પૃ.૪૫૫, ઔપ.૭, આવચૂ.૨.પૃ.૧૬૬,૧૬૭,૧૭૨, દશા.૯.૧.

**કોત્તિય** (કોત્રિક) જમીન ઉપર સૂનારા[1] વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.[2]

૧. ભગઅ.પૃ.૫૧૯.
૨. ભગ.૪૧૭, નિર.૩.૩. ઔપ.૩૮.

**કોત્થ** (કૌત્સ) આ અને **કોચ્છ** એક છે.[1]

૧. સ્થા.૫૫૧, ભગ.૫૫૪.

**કોમલપસિણ** (કોમલપ્રશ્ન) **પણ્હાવાગરણદસા**નું સાતમું અધ્યયન.[1] તે નાશ પામ્યું છે, અત્યારે અસ્તિત્વમાં નથી.

૧. સ્થા.૭૫૫.

**કોમુઈયા** અથવા **કોમુદિયા** (કૌમુદિકા) **વાસુદેવ**(૨) **કણ્હ**(૧)ની ભેરી.[1]

૧. જ્ઞાતા.૫૩, બૃભા.૩૫૬, આવહ.પૃ.૯૭.

**કોરંટગ** (કોરણ્ટક) **ભરુઅચ્છ**નું ઉદ્યાન.[1]

૧. વ્યવભા.૩.પૃ.૧૩૭.

**કોરવ** અથવા **કોરવ્વ** (કૌરવ અથવા કૌરવ્ય) આ જ નામના આર્ય વંશમાં જન્મેલો.[1]

૧. પ્રજ્ઞા.૩૭, મર.૪૪૨,વિશેષા.૧૮૪૭, સૂત્ર.૨.૧.૯, બૃભા.૩૨૬૫.

**કોલપાલ** જુઓ **કોલવાલ**.[1]

૧. સ્થા.૨૫૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કોલવ** (કૌલવ) અગિયાર કરણમાંનું ત્રીજું કરણ.[1]

૧. જમ્બૂ.૧૫૩, જમ્બૂશા.પૃ.૪૯૪, સૂત્રનિ.૧૧.

**૧. કોલવાલ** (કોલપાલ) **ભૂયણંદ**(૧)ના ચાર **લોગપાલ**માંનો એક. તેને ચાર મુખ્ય પત્નીઓ છે – **સુજાતા**(૩), **સુણંદા**(૪), **સુભદ્દા**(૧૪) અને **સુમણા**(૪).[1]

૧. ભગ.૧૬૯, ૪૦૬, સ્થા.૨૫૬,૨૭૩.

**૨. કોલવાલ ધરણ**(૧)ના ચાર **લોગપાલ**માંનો એક. તેને ચાર મુખ્ય પત્ની છે. તેમનાં નામો **કોલવાલ**(૧)ની ચાર મુખ્ય પત્નીઓનાં નામો જેવાં જ છે.[1]

૧. સ્થા.૨૫૬, ૨૭૩, ભગ.૪૦૬.

**કોલાલિય** (કૌલાલિક) માટીનાં વાસણો બનાવવામાં કે વેચવામાં રોકાયેલા માણસોનો એક ધંધાદારી **આરિય** (આર્ય) વર્ગ.[1]

૧. પ્રજ્ઞા.૩૭.

**કોલિગિણી** (કોલિકિની) જ્યારે ધાડપાડુઓ તેનું ઘર ફોડી અંદર ઘુસ્યા ત્યારે જે છોકરી સ્વગત બડબડતી હતી તે. તે બોલતી હતી, "મને મારા મામાના દીકરા સાથે પરણાવવામાં આવશે. પછી અમને એક ચંડ નામનો દીકરો થશે. પછી હું તેને આમ મોટેથી બોલાવીશ – 'ચંડ અહીં આવ, ચંડ અહીં આવ'." આ બોલાવવાની બૂમ સાંભળી ધાડપાડુઓ ઝટપટ ભાગી ગયા.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૨૫.

**કોલ્લઈર** (કોલ્લકિર) પોતાના જીવનના ઉત્તરભાગમાં **સંગમથેર** જે નગરમાં રહ્યા હતા તે નગર.[1] આ અને **કુલ્લઈર** એક છે. તેની એકતા સિકંદરાબાદ પાસે આવેલા વર્તમાન કુલપાક (Kulpak) સાથે સૂચવવામાં આવી છે.[2]

૧. નિશીચૂ.૩.પૃ.૪૦૮,પિંડનિ.૪૨૭, આવચૂ.૨.પૃ.૩૫,ઉત્તરાનિ.પૃ.૧૦૮. ઉત્તરાચૂ.પૃ.૬૭.

૨.લાઈ.પૃ.૨૯૮.

**કોલ્લયગ્ગામ** (કોલ્લકગ્રામ) આ અને **કોલ્લાઅ** એક છે.[1]

૧. આવનિ.૩૨૫.

**કોલ્લયર** (કોલ્લકર) આ અને **કોલ્લઈર** એક છે.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૧૦૮, ઉત્તરાચૂ.પૃ.૬૭.

**કોલ્લા** આ અને **કોલ્લાઅ** એક છે.[1]

૧. વિશેષા.૧૯૧૨.

**૧. કોલ્લાઅ** (કોલ્લાક) **વાણિયગામ**ની ઉત્તરપૂર્વમાં આવેલો સન્નિવેશ.[1] ઉપાસક **આણંદ**(૧૧) પોસહસાલામાં તપ કરવા માટે વાણિયગામથી ત્યાં ગયો હતો.[2]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તિત્થયર મહાવીરે** પોતાનું સૌપ્રથમ પારણું અહીં બ્રાહ્મણ **બહુલ**(૨)ના ઘરે કર્યું હતું.[3]

૧. ઉપા.૩.
૨. ઉપા.૧૨.
૩. આવનિ.૩૨૫,૩૨૯,૪૬૨, આવચૂ.૧. પૃ.૨૭૦,કલ્પવિ.પૃ.૧૫૭, વિશેષા. ૧૯૧૨.

૨. **કોલ્લાઅ** સન્નિવેશ જે **ણાલંદા**થી બહુ દૂર ન હતો. **મહાવીરે**[1] ણાલંદામાં પોતાના બીજા વર્ષાવાસ દરમ્યાન ચોથા માસખમણના પારણાના પ્રસંગે બ્રાહ્મણ **બહુલ**(૪) પાસેથી અહીં ભિક્ષા ગ્રહણ કરી હતી. **ગોસાલે** પોતે એક તરફી (પોતાના તરફથી) મહાવીરને ગુરુ તરીકે અહીં સ્વીકાર્યા હતા.[1] પૂર્વભવમાં મહાવીર જે **કોસિઅ**(૧) હતા તે આ સ્થળનો હતો.[2] મહાવીરના બે **ગણહર વિયત્ત**(૧) અને **સુહમ્મ**(૧) આ સન્નિવેશના હતા.[3]

૧. ભગ.૫૪૧,આવચૂ.૧.પૃ.૨૮૩, આવનિ.૪૭૫,કલ્પવિ.પૃ.૧૬૪, વિશેષા.૧૯૨૯.
૨. આવનિ.૪૪૧,આવચૂ.૧.પૃ.૨૨૯, વિશેષા.૧૮૦૭.
૩. વિશેષા.૨૫૦૫, આવનિ.૬૪૪, આવચૂ. ૧.પૃ.૩૩૭, કલ્પવિ.પૃ.૨૪૯.

**કોલ્લાગ** (કોલ્લાક) આ અને **કોલ્લાઅ** એક છે.[1]

૧. ઉપા.૩, ભગ.૫૪૧, આવનિ.૬૪૪.

**કોવકડ** (કૂપકટ) જુઓ **કોઅગડ.**[1]

૧. આવમ.પૃ.૨૨૭.

**કોસંબવણ** (કૌશામ્બવન) તે જંગલ જ્યાં **જરાકુમાર** વડે **વાસુદેવ**(૨) **કણ્હ**(૧) મરાયા.[1] તે **હત્થિકપ્પ**ની દક્ષિણે આવેલ હતું. હત્થિકપ્પની એકતા ભાવનગર પાસે આવેલા હાથબ સાથે સ્થાપવામાં આવી છે.[2]

૧. અન્ત.૯, સ્થાઅ.પૃ.૪૩૩.
૨. લાઇ.પૃ.૨૮૭,૩૦૦.

**કોસંબિયા** (કૌશામ્બિકા) **ઉત્તરબલિસ્સહગણ**(૨)ની ચાર શાખાઓમાંની એક.[1]

૧. કલ્પ.પૃ.૨૫૭.

**કોસંબી** (કૌશમ્બી) **આરિય**(આર્ય) દેશ **વચ્છ**(૧)નું પાટનગર.[1] તે આર્ય પ્રદેશની દક્ષિણ સીમા ગણાતું હતું.[2] તેમાં **ચંદોતરણ**(૧) નામનું ઉદ્યાન હતું.[3] **સયાણીઅ, અજિયસેણ**(૨) વગેરે રાજાઓ અહીં રાજ કરતા હતા.[4] **પજ્જોય**[5] અને **અવંતિસેણ**[6] રાજાઓએ તેના ઉપર આક્રમણ કર્યું હતું. **મહાવીરે** લીધેલો અભિગ્ગહ (અભિગ્રહ) **ચંદણા** દ્વારા આ નગરમાં પૂર્ણ થયો હતો.[7] **તિત્થયર પાસ**(૧)[8], આચાર્ય **મહાગિરિ** અને **સુહત્થિ**[9] આ નગરમાં આવ્યા હતા. (ભરહ(૨)ક્ષેત્રના) સાતમા **વાસુદેવ**(૧)એ પોતાના પૂર્વભવમાં આ નગરમાં તપ કર્યાં હતાં.[10] અલ્લાહબાદની પશ્ચિમે લગભગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીસ માઈલના અંતરે જમુના નદીના ડાબા કિનારા ઉપર આવેલા કોસમ ગામ સાથે તેની એકતા સ્થાપવામાં આવી છે.[૧૧]

૧. પ્રજ્ઞા.૩૭, સૂત્રશી.પૃ.૧૨૩.
૨. બૃભા.૩૨૬૨
૩. વિપા.૨૪.
૪. વિપા.૨૪,૩૪,વિશેષા.૧૯૭૬, ભગ.૪૪૧,આવચૂ.૧.પૃ.૮૮, ૨.પૃ.૧૬૧,૧૬૪,૧૮૯,૧૯૦,
૫. આવચૂ.૨.પૃ.૧૬૭.
૬. મર.૪૭૪, આવચૂ.૨.પૃ.૧૯૦.
૭. આવનિ.૫૨૦-૨૧, આવચૂ.૧,પૃ.૩૧૭.
૮. જ્ઞાતા.૧૫૮.
૯. નિશીભા.૫૬૪૪ અને તેની ચૂર્ણિ. બૃભા. ૩૨૭૫ અને તેની ટીકા(વૃત્તિ).
૧૦. સમ.૧૫૮.
૧૧. જિઓડિ.પૃ.૯૬.

**૧. કોસલ** (કોશલ) **આરિય**(આર્ય) દેશ જેનું પાટનગર **સાગેય** અર્થાત્ **અઓજ્ઝા**(૨) હતું.[૧] તેનું નામ કોસલ એટલા માટે પડ્યું કારણ કે તેના લોકો કુશલ હતા.[૨] **કાસી** અને કોસલના અઢાર મિત્ર રાજાઓ હતા.[૩] મહાવીરનો શિષ્ય **સુણક્ખત્ત**(૩) આ દેશનો હતો.[૪]

૧. જ્ઞાતા.૬૮,પ્રજ્ઞા.૩૭,ભગ.૫૫૪, આચાચૂ.પૃ.૩૪૦,જીતભા.૧૩૯૫, નિશીચૂ.૧.પૃ.૨૦૦,આવચૂ.૧. પૃ.૧૫૬, સ્થાઅ.પૃ.૪૭૯, સૂત્રશી. પૃ.૧૨૩,પિંડનિમ.પૃ.૯૮.
૨. આવચૂ.૧.પૃ.૧૫૬, વ્યવભા.૧૦.૧૯૨.
૩. નિર.૧.૧, ભગ.૩૦૦.
૪. ભગ.૫૫૩.

**૨. કોસલ ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[૧]

૧. કલ્પધ.પૃ.૧૫૧, કલ્પવિ.પૃ.૨૩૬.

**કોસલા** (કોશલા) **અઓજ્ઝા**(૨)નું બીજું નામ.[૧] **તિત્થયર મહાવીર**ના નવમા ગણહર **અયલ**(૭) આ નગરના હતા.[૨] **જીવંતસામિ**ની મૂર્તિ[૩] આ નગરમાં હતી.[૪]

૧. આવચૂ.૧.પૃ.૩૩૭,૫૨૭.
૨. આવનિ.૬૪૫, વિશેષા.૨૫૦૬.
૩. મૂર્તિ મહાવીરની હતી કે બીજા કોઈ તીર્થંકરની એનો સ્પષ્ટ ઉલ્લેખ નથી.
૪. નિશીચૂ.૩.પૃ.૭૯, બૃક્ષે.૧૫૩૬.

**કોસલાઉર** (કોશલાપુર) આ અને **કોસલા** એક છે.[૧]

૧. આવચૂ.૧.પૃ.૫૨૭, આવહ.પૃ.૩૯૪.

**૧. કોસલિઅ** અથવા **કોસલિય** (કૌશલિક) **વાણારસી** નગરનો રાજા. **ભદ્દા**(૨૩) તેની પુત્રી હતી.[૧]

૧. ઉત્તરા.૧૨.૨૦, ઉત્તરાચૂ.પૃ.૨૦૩, ઉત્તરાશા.પૃ.૩૫૬.

**૨. કોસલિઅ** અથવા **કોસલિય તિત્થયર ઉસભ**(૧)નું બીજું નામ. તે **કોસલ**(૧) દેશમાં જન્મ્યા હોવાથી તેમનું આ નામ પડી ગયું હતું.[૧]

૧. કલ્પ.૨૦૪, કલ્પવિ.પૃ.૨૨૯, ઉત્તરાચૂ.પૃ.૨૦૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કોસા** (કોશા) **પાડલિપુત્ત** નગરની ગણિકા. કોઈપણ જાતના વ્રતદોષ કે અતિચાર વિના **થૂલભદ્દ** તેની સાથે લાંબો વખત રહ્યા હતા.[1] થૂલભદ્દની નકલ કરી તેની સાથે રહેનાર અન્ય મુનિને તેણે સન્માર્ગે વાળ્યા, સન્માર્ગ દર્શાવ્યો.[2] **ઉવકોસા** તેની નાની બહેન હતી.[3]

૧.આવચૂ.૧.પૃ.૫૫૪, તીર્થો.૭૭૭, કલ્પવિ.પૃ.૨૫૨,ઉત્તરાશા.પૃ.૧૦૬, કલ્પધ.પૃ.૧૬૩.
૨. ભક્ત.૧૨૮.
૩. આવચૂ.૨.પૃ.૧૮૫.

**૧. કોસિઅ** (કૌશિક) **કોલ્લાઅ**(૨) સન્નિવેશનો બ્રાહ્મણ જે **મરીઈ**નો ઉત્તરભવ અને **તિત્થયર મહાવીર**નો પૂર્વભવ હતો.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૨૯, આવનિ.૪૪૧, કલ્પધ.પૃ.૩૭.

**૨. કોસિઅ કણગખલ** નામના આશ્રમના મુખ્ય તાપસ. અતિક્રોધી હોવાથી તે **ચંડકોસિઅ** નામથી પણ ઓળખાતા.[1] મૃત્યુ પછી તે જ નામ ધરાવતા ઝેરી સાપ તરીકે તે જન્મ્યા.[2]

૧. ચંડનો શબ્દાર્થ છે ભયંકર યા ઉગ્ર ક્રોધાગ્નિથી ગરમ.
૨. આવચૂ.૧.પૃ.૨૭૮, ગચ્છાવા.પૃ.૨૬, સૂત્રચૂ.પૃ.૧૮૬.

**૩. કોસિઅ સિદ્ધત્થપુર**નો ઘોડાઓનો વેપારી. **મહાવીર**ને ચોર માની તેમને તેણે પકડ્યા હતા પણ પછીથી તેણે તેમને છોડી દીધા હતા.[1] બીજી પરંપરા પ્રમાણે તે વેપારીએ મુસાફરી કરતી વખતે મહાવીર સામે મળવાથી અપશકુન થયા એમ માની મહાવીર ઉપર હુમલો કરવા પ્રયત્ન કર્યો હતો.[2]

૧. આવચૂ.૧.પૃ.૩૧૩,વિશેષા.૧૬૬૭, આવનિ.૫૧૧, આવમ.પૃ.૨૯૨.
૨. આવચૂ.૧.પૃ.૩૧૩.

**૪. કોસિઅ ચંપા**ના આચાર્ય. તેમને બે શિષ્યો હતા – **અંગિરિસિ** અને **રુદ્દઅ**.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૯૩, આવનિ.૧૨૮૮, આવહ.પૃ.૭૦૪.

**૫. કોસિઅ સંડિલિઅ**(૧) વગેરે જે ગોત્રના હતા તે ગોત્ર.[1] તેની સાત શાખાઓ છે – **કોસિઅ, કચ્ચાયણ**(૧), **સાલંકાયણ, ગોલિકાયણ, પક્ખીકાયણ, અગ્ગિચ્ચ**(૨) અને **લોહિય**.[2] **જમાલિ**(૧) કોસિઅ ગોત્રનો હતો.[3]

૧. નન્દિ.ગાથા ૨૫-૨૬. ૨. સ્થા.૫૫૧. ૩. આચા.૨.૧૭૭.

**૬. કોસિઅ હત્થ** નક્ષત્રનું ગોત્રનામ.[1]

૧. સૂર્ય.૫૦, જમ્બૂ.૧૫૯.

**કોસિઅજ્જ** (કૌશિકાર્ય) આ અને **કોસિઅ** એક છે.[1]

૧. આવહ.પૃ.૭૦૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કોસિતજ્જ** (કૌશિકાર્ય) આ અને **કોસિઅ** એક છે.[૧]

૧. આવહ.૧.પૃ.૨૨૯.

**કોસિય** (કૌશિક) જુઓ **કોસિઅ.**[૧]

૧. આવચૂ.૧.પૃ.૨૭૮, સૂર્ય.૫૦.

**કોસિયજ્જ** (કૌશિકાર્ય) આ અને **કોસિય** એક છે.[૧]

૧. આવનિ.૧૨૮૮, આવચૂ.૨.પૃ.૧૯૩.

**કોસિયા**(કોશિકા) આ અને **કોસિ** એક છે.[૧]

૧. બૃ.૪.૩૨, બૃક્ષે.૧૪૮૭.

**કોસિયાસમ** (કૌશિકાશ્રમ) તે આશ્રમ જ્યાં બે સર્પોએ પોતાના શરીરને કીડીઓને ખાઈ જવા દીધું.[૧]

૧. મર.૫૨૧.

**કોસિ** (કોશી) આ અને **કોસિયા** એક છે. ગંગાને મળતી પાંચ મુખ્ય નદીઓમાંની એક.[૧] પૂર્વ બિહારમાં વર્તમાન કોસી નદી સાથે તેની એકતા સ્થાપવામાં આવી છે.[૨]

૧. સ્થા.૪૭૦,૭૧૭, બૃ.૪.૩૨, સમઅ.પૃ.૧૧૨.

૨. ઈડિબુ.પૃ.૫૨, સ્ટજિઓ.પૃ.૨૨૧.

**કોહંડ** (કુષ્માણ્ડ) આ અને **કુહંડ** એક છે.[૧]

૧. પ્રજ્ઞા.૪૯.

## ખ

**ખઉડ** (ખપુટ) **ગુડસત્થ** નગરના **જક્ખ** દેવને કાબૂમાં કરનાર આચાર્ય. **ભરુઅચ્છ**માં આવેલા સ્તૂપ બાબતે બૌદ્ધોએ ઊભી કરેલી મુશ્કેલીને શાંત કરવા તે ભરુઅચ્છ ગયા હતા.[૧]

૧. આવચૂ.૧.પૃ.૫૪૧-૪૨, વિશેષા.૩૬૧૦, આવનિ.૯૨૬, નિશીચૂ.૧.પૃ.૨૨, ૩.પૃ.૫૮, દશહ.પૃ.૧૦૩.

**ખંડકણ્ણ** (ખણ્ડકર્ણ) **ઉજ્જેણી**ના રાજા **પજ્જોય**નો મન્ત્રી.[૧]

૧. વ્યવભા.૩.પૃ.૯૩.

**ખંડગ** (ખણ્ડક) **મહાવિદેહ**ના **કચ્છ** પ્રદેશમાં આવેલા **વેયડ્ઢ**(૧) પર્વતના નવ શિખરોમાંનું એક. બીજા પ્રદેશોમાં પણ આવાં શિખરો છે.[૧]

૧. જમ્બૂ.૯૩, સ્થા.૬૮૯.

**ખંડપાણા** **ઉજ્જેણી**ના પુરાણા ઉદ્યાનમાં રહેતા ચાર ધુતારામાંની આ એક ધુતારી.[૧] આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ખંડા એક છે. જુઓ **ધુત્તક્ખાણગ.**

૧. નિશીચૂ.૧.પૃ.૧૦૪-૧૦૫, નિશીભા.૨૯૪.

**ખંડપ્પવાયગુહા** (ખણ્ડપ્રપાતગુહા) **વેયડ્ઢ**(૨) પર્વતની ગુફા.[૧] તે પચાસ યોજન પહોળી અને આઠ યોજન ઊંચી છે.[૨] **ણટ્ટમાલઅ** દેવ તેમાં રહે છે.[૩] **ચક્કવટ્ટિ**ની સેનાને માટે ઉત્તર ભારહ(૨)થી દક્ષિણ ભારહ(૨) પાછા ફરવાનો માર્ગ આ ગુફા છે.[૪]

૧.જમ્બૂ.૧૨,૭૪.
૨.સમ.૫૦,સ્થા.૬૩૬, જમ્બૂ.૧૨.
૩. જમ્બૂ.૬૫.
૪. આવચૂ.૧.પૃ.૨૦૧, જમ્બૂ.૬૫.

**ખંડપ્પવાયગુહાકૂડ** (ખણ્ડપ્રપાતગુહાકૂટ) **વેયડ્ઢ**(૨) પર્વતના નવ શિખરોમાંનું એક.[૧] તેનો અધિષ્ઠાતા દેવ **ણટ્ટમાલઅ** છે.[૨]

૧. જમ્બૂ.૧૨. ૨. જમ્બૂ.૧૪.

**ખંડા** આ અને **ખંડપાણા** એક છે.[૧]

૧. નિશીભા.૨૯૪.

**ખંડોટ્ઠિ** (ખણ્ડૌષ્ઠિ) **એરવય**(૧) ક્ષેત્રના રાજા **જંબૂદાડિમ** અને તેની રાણી **સિરિયા**ની દીકરી **લક્ખણા**(૪)નો ઉત્તરભવ.[૧]

૧. મનિ.પૃ.૧૬૬થી આગળ.

**૧. ખંદ** (સ્કન્દ) **પત્તકાલય** ગામના મુખીનો દીકરો. એકવાર તેણે **ગોસાલ**ને માર માર્યો હતો કારણ કે ગોસાલે તેને અને તેની નોકરડીને સંભોગ કરતા જોઈ તેમની મશ્કરી કરી હતી.[૧]

૧. આવચૂ.૧.પૃ.૨૮૫,વિશેષા.૧૯૩૧,કલ્પધ.પૃ.૧૦૫, કલ્પવિ.પૃ.૧૬૫.

**૨. ખંદ** કાર્તિકેયનું બીજું નામ.[૧]

૧. અનુહે.પૃ.૨૫, નિશીચૂ.૨.પૃ.૪૪૪, આવચૂ.૧.પૃ.૧૧૫,૩૧૫, આવનિ.૫૧૭.

**૩. ખંદ** જુઓ **ખંદઅ**(૧).[૧]

૧. ઉત્તરાચૂ. પૃ.૭૩.

**૧. ખંદઅ** (સ્કન્દક) **સાવત્થી**ના રાજા **જિયસત્તુ**(૨૨) અને તેની રાણી **ધારિણી**(૨૨)નો પુત્ર.[૧] **કુંભકારકડ**ના રાજા **દંડગિ**ની પત્ની **પુરંદરજસા** તેની બહેન હતી. આ ખંદઅ સંસારનો ત્યાગ કરી વીસમા **તિત્થંકર મુણિસુવ્વય**(૧)ના શિષ્ય બન્યા હતા. દંડગિના પુરોહિત **પાલગ**(૧)ને તેમણે ધર્મચર્ચામાં હરાવ્યા હતા, એટલે તેનું વેર વાળવા વૈરવૃત્તિવાળા પાલગે તેમને તેમના પાંચસો શિષ્યો સાથે ઘાણીએ ઘાલી પીલી નાખ્યા.

ખંદઅ નિદાન (તીવ્ર ઇચ્છા) સાથે મરણ પામ્યા. તે દેવ તરીકે પુનર્જન્મ પામ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી તેમણે કુંભકારકડ અને તેની આજુબાજુના બાર યોજનના પ્રદેશને આગ લગાડી નષ્ટ કરી નાખ્યાં. તે પ્રદેશ **દંડગારણ્ણ** તરીકે ઓળખાય છે.[૨]

૧. નિશીથચૂર્ણિમાં સાવત્થીના બદલે ચંપાનો ઉલ્લેખ છે. જુઓ નિશીચૂ. ૪.પૃ.૧૨૭.
૨. ઉત્તરાનિ.પૃ.૧૧૪-૧૫, ઉત્તરાચૂ. પૃ.૭૩, ઉત્તરાશા.૧૧૪-૧૫,મર.૪૪૩, ૪૯૫, જીતભા.૫૨૮,૨૪૯૭-૯૮, આચાચૂ.પૃ.૨૩૫-૩૬,બૃભા.૩૨૭૨-૭૪, ૫૫૮૩, નિશીચૂ.૪.પૃ.૧૨૭, બૃક્ષે.૧૩૩૫, ૧૪૭૮.

**૨. ખંદઅ** માગહ દેશના પરિવ્રાજક. તે **કચ્ચાયણ**(૧) ગોત્રના હતા. તે મહા વિદ્વાન હતા. પહેલાં તે **ગદ્દભાલિ**ના શિષ્ય હતા પરંતુ પછીથી **પિંગલ**(૧)એ પોતાને પૂછેલા જે પ્રશ્નોના ઉત્તરો પોતે આપી શક્યા ન હતા તે પ્રશ્નોના ઉત્તરો પોતાને **મહાવીરે** આપ્યા એટલે તે મહાવીરના શિષ્ય બની ગયા. મૃત્યુ પછી **અચ્ચુય** સ્વર્ગમાં તે દેવ થયા. ત્યાંથી તે **મહાવિદેહ** ક્ષેત્રમાં જન્મ લેશે અને ત્યાં મોક્ષ પામશે.[૧]

૧. ભગ.૯૦-૯૬, અનુત્ત.૧, અન્ત.૧, ગચ્છાવા.પૃ.૩૧, ભગઅ.પૃ.૧૧૪.

**ખંદગ** (સ્કન્દક) જુઓ **ખંદઅ**.[૧]

૧. નિશીભા.૫૭૪૧, નિશીચૂ.૪.પૃ.૧૨૭, બૃભા.૩૨૭૨, આચાચૂ.પૃ.૨૩૫, અનુત્ત.૧.

**૧. ખંદસિરી** (સ્કન્દશ્રી) પાંચ સો ચોરની ટોળીના સરદાર **વિજય**(૧૬)ની પત્ની.[૧]

૧. વિપા.૧૬.

**૨. ખંદસિરી** **રાયગિહ**ના માળી **અજ્જુણગ**ની પત્ની.[૧] આ અને **બંધુમતી** એક જણાય છે.[૨] જુઓ **અજ્જુણ**(૧).

૧. ઉત્તરાચૂ. પૃ.૭૦, ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૧૧૨. ૨. અન્ત.૧૩.

**૧. ખંદિલ** (સ્કન્દિલ) **બંભદીવા** શાખાના **સીહ**(૩) આચાર્યનો શિષ્ય.[૧] બીજા દુકાળના અન્તે વીરનિર્વાણ સંવત ૯૯૩માં આગમવાચના માટે આ ખંદિલની અધ્યક્ષતામાં **મહુરા**(૧)માં શ્રમણસંઘ ભેગો થયો.[૨]

૧. નન્દિ. ગાથા.૩૩, નન્દિમ.પૃ.૫૧.
૨. કલ્પસ.પૃ.૧૦૭, નન્દિચૂ.પૃ.૯, નન્દિહ.પૃ.૧૩.

**૨. ખંદિલ** **તગરા** નગરમાં રહેતા આચાર્યનો શિષ્ય.[૧]

૧. વ્યવભા.૩.૩૫૦.

**ખંભઅ** (સ્તમ્ભક) **રાહુ**(૧)નું બીજું નામ.[૧]

૧. ભગ.૪૫૩.

**ખંભણિધિ** (સ્તમ્ભકનિધિ) **અસગડા**ના પિતા.[૧]

૧. મર.૫૦૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ખગ્ગપુરા** (ખડ્ગપુરી) **મહાવિદેહ**ના **સુવગ્ગુ**(૨) પ્રદેશનું પાટનગર.[૧]

૧. જમ્બૂ.૧૦૨.

**ખગ્ગી** (ખડ્ગી) **મહાવિદેહ**ના **આવત્ત**(૧) પ્રદેશનું પાટનગર.

૧. જમ્બૂ.૯૫.

**ખત્તઅ** (ક્ષત્રક) **રાહુ**(૧)નું બીજું નામ.[૧]

૧. ભગ. ૪૫૩.

**ખત્તિઅ** અથવા **ખત્તિય** (ક્ષત્રિય) એક **આરિય** (આર્ય) જાતિ.[૧]

૧. બૃભા. ૩૨૬૫.

**ખત્તિયકુંડગ્ગામ** (ક્ષત્રિયકુણ્ડગ્રામ) **કુંડગ્ગામ**ના બે ભાગોમાંનો એક ભાગ જ્યાં **તિત્થયર મહાવીર** જન્મ્યા હતા.[૧] તેને **કુંડપુર** પણ કહેવામાં આવે છે.[૨] તે **માહણકુંડગ્ગામ**ની પશ્ચિમે આવેલ હતો.[૩] તેની એકતા ઉત્તર બિહારના મુઝફ્ફરપુર પાસેના વર્તમાન બસાઢના બાસુકુંડ સાથે સ્થાપવામાં આવી છે.[૪] જુઓ **ખત્તિયકુંડપુર**.

૧. કલ્પ.૨૧થી આગળ, આવચૂ.૧.પૃ. ૨૩૯,૨૪૩.
૨. આવચૂ.૧.પૃ.૨૪૩,૨૬૫.
૩. ભગ.૩૮૩.
૪. જીઓડિ.પૃ.૧૦૭.

**ખત્તિયકુંડપુર** (ક્ષત્રિયકુણ્ડપુર) જેને **કુંડગ્ગામ**(૧) અને **ઉત્તરખત્તિયકુંડપુર** પણ કહેવામાં આવે છે તે **કુંડપુર** અને આ ખત્તિયકુંડપુર એક છે.[૧]

૧. આચા.૨.૧૭૬, ૨.૧૭૯.

**ખત્તિયકુંડપુરસંનિવેસ** (ક્ષત્રિયકુણ્ડપુરસન્નિવેશ) જુઓ **ખત્તિયકુંડપુર**.[૧]

૧. આચા.૨.૧૭૬, ૨.૧૭૯.

**ખમઅ** (ક્ષમક) **કોસિઅ**(૨)નો પૂર્વભવ.[૧]

૧. આવચૂ.૧.પૃ.૨૭૮.

**૧. ખરઅ** (ખરક) **મહાવીર**ના બે કાનમાં ગોવાળે ખોસેલા વાંસના ખીલાઓ ખેંચી કાઢનાર વૈદ્ય. તે **મજ્ઝિમા-પાવા**નો રહેવાસી હતો.[૧]

૧. આવનિ.૫૨૬, આવચૂ.૧.પૃ.૩૨૨,કલ્પવિ.પૃ.૧૭૧, કલ્પધ.પૃ.૧૧૦.

**૨. ખરઅ રાહુ**(૧)નું બીજું નામ.[૧]

૧. ભગ.૪૫૩, સૂર્ય.૧૦૫.

**૩. ખરઅ સાયવાહણ** રાજાનો મન્ત્રી.[૧]

૧. બૃક્ષે.૧૬૪૭, વ્યવમ.૪.પૃ.૩૬.

**ખરગ** (ખરક) જુઓ **ખરઅ**.[૧]

૧. વ્યવમ.૪.પૃ.૩૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ખરમુહ** (ખરમુખ) એક **અણારિય**(અનાર્ય) દેશ અને તેના લોકો.[1]

૧. પ્રજ્ઞા.૩૭, પ્રશ્ન.૪, સૂત્રશી.પૃ.૧૨૩.

**ખરસાવિયા** જુઓ **પુક્ખરસારિયા**.[1]

૧. સમ.૧૮.

**ખરસ્સર** (ખરસ્વર) લોગપાલ **જમ**(૨)ના કુટુંબનો સભ્ય.[1] તે નારકીઓને ત્રાસ આપે છે અને દેવોના **પરમાહમ્મિય** વર્ગનો છે.[2]

૧. ભગ.૧૬૬. ૨. સૂત્રનિ.૮૧, સૂત્રચૂ.પૃ.૧૫૪.

**ખરોટ્ઠિઆ** (ખરોષ્ટ્રિકા) આ અને **ખરોટ્ઠી** એક છે.[1]

૧. સમ.૧૮.

**ખરોટ્ઠી** (ખરોષ્ટ્રી) અઢાર **બંભી**(૨) લિપિઓમાંની એક.[1]

૧. પ્રજ્ઞા.૩૭, સમ.૧૮.

**ખલુંકિજ્જ** (ખલુંકીય) **ઉત્તરજ્ઝયણ**નું સત્તાવીસમું અધ્યયન.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૯, સમ.૩૬.

**ખસ** એક **અણારિય** (અનાર્ય) દેશ અને તેના લોકો.[1] ખસ લોકોની એકતા કાશ્મીરની નીચે આવેલી વિતસ્તા ખીણ અને તેની પડોશની ટેકરીઓના નાના સરદારો જે વર્તમાન ખખ જાતિના છે તે જાતિ સાથે સ્થાપવામાં આવી છે.[2]

૧. પ્રશ્ન.૪, પ્રજ્ઞા.૩૭, સૂત્રશી.પૃ.૧૨૩. ૨. જિઓમ.પૃ.૭૫.

**ખહણાગિરિ** ગુફાવાળો ડુંગર.[1]

૧. આચાચૂ.પૃ.૩૫૦.

**ખાડખડ** **પંકપ્પભા** નામના ચોથા નરકમાં આવેલા છ **મહાણિરય** વાસસ્થાનોમાંનું એક.[1]

૧. સ્થા.૫૧૫.

**ખાતરસ** (ખાદરસ) આ અને **ખોદોદ** એક છે.[1]

૧. અનુચૂ.પૃ.૩૫.

**ખાતવર** (ખાદવર) આ અને **ખોદવર** એક છે.[1]

૧. અનુચૂ.પૃ.૩૫.

**ખાતોદઅ** અથવા **ખાતોદગ** (ખાતોદક) આ અને **ખોદોદ** એક છે.[1]

૧. સૂત્રચૂ.પૃ.૧૮૪.

**ખારાયણ** (ક્ષારાયણ) **મંડવ** ગોત્રની સાત શાખાઓમાંની એક.[1]

૧. સ્થા.૫૫૧.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ખાસિય** (ખાસિક) એક **અણારિય**(અનાર્ય) જાતિ અને તેના લોકો.[1] આ ખાસિક જાતિની એકતા આસામની ખસિ નામની આદિવાસી જાતિ સાથે સ્થાપી શકાય.[2]

૧. પ્રજ્ઞા.૩૭, પ્રશ્ન.૪, સૂત્રશી.પૃ.૧૨૩. ૨. લાઈ.પૃ.૩૬૨.

**૧. ખિઈપઇટ્ઠિય** (ક્ષિતિપ્રતિષ્ઠિત) **અવરવિદેહ** ક્ષેત્રનું નગર. વેપારી **ધણ**(૪), જે **ઉસભ**(૧)નો પૂર્વભવ હતો તે, આ નગરનો હતો.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૩૧.

**૨. ખિઈપઇટ્ઠિય** જે નગરમાં **જિયસત્તુ**(૨૦), **પસણ્ણચંદ** વગેરે રાજાઓ રાજ કરતા હતા તે, **ભરહ**(૨) ક્ષેત્રમાં આવેલા **મગહ**નું નગર.[1] **અરહણ્ણઅ**(૩), **અરહમિત્ત**(૧)[2] અને **ધણ**(૨)[3] તેના રહેવાસી હતા. **કરકંડુ** આ નગરમાં આવ્યા હતા.[4] ઉત્તરકાળે તેની જગ્યાએ **ચણગપુર**ની સ્થાપના થઈ.[5]

૧. આવચૂ.૨.પૃ.૧૫૮, પક્ષિય.પૃ.૧, ૧૧, નિશીચૂ.૪.પૃ.૨૨૯, ઉત્તરાશા. પૃ.૧૦૫, ૩૪૫.
૨. આવચૂ.૧.પૃ.૫૧૪.
૩. નિશીચૂ.૩.પૃ.૧૫૦.
૪. આવચૂ.૨.પૃ.૨૦૮, ઉત્તરાશા. પૃ.૩૦૪, ઉત્તરાચૂ.પૃ.૧૭૮.
૫. આવચૂ.૨.પૃ.૧૫૮.

**ખિતિ** (ક્ષિતિ) આ અને **ખિઈપઇટ્ઠિય** એક છે.[1]

૧. આવનિ.૧૨૭૯.

**ખિતિપઇટ્ઠિઅ** (ક્ષિતિપ્રતિષ્ઠિત) આ અને **ખિઈપઇટ્ઠિય** એક છે.[1]

૧. પક્ષિય.પૃ.૧૧.

**ખિતિપતિટ્ઠ** (ક્ષિતિપ્રતિષ્ઠ) આ અને **ખિઈપઇટ્ઠિય** એક છે.[1]

૧. આવચૂ.૨.પૃ.૨૦૮.

**ખિતિપતિટ્ઠિય** (ક્ષિતિપ્રતિષ્ઠિત) જુઓ **ખિઈપઇટ્ઠિય.**

૧. આવચૂ.૧.પૃ.૫૧૪, આવચૂ.૨.પૃ.૧૫૮, ઉત્તરાચૂ.પૃ.૧૭૮.

**ખિપ્પગઇ** (ક્ષિપ્રગતિ) **દિસાકુમાર** દેવોના બે ઇન્દ્રોમાંથી પ્રત્યેકનો એક એક **લોગપાલ.**[1] એ બે લોગપાલોમાંથી પ્રત્યેકને **ધરણ** અને ભૂયાણંદના લોગપાલો જેવી જ ચાર ચાર મુખ્ય પત્નીઓ છે.[1]

૧. ભગ.૧૬૯, સ્થા.૨૫૬, ૨૭૩.

**ખીરદીવ** (ક્ષીરદ્વીપ) આ અને **ખીરવર** દ્વીપ એક છે.[1]

૧. જીવા.૧૬૬.

**૧. ખીરવર** (ક્ષીરવર) એક વલયાકાર દ્વીપ જે **ખીરોદ** સમુદ્રથી ઘેરાયેલો છે. **પુંડરીગ**(૮) અને **પુક્ખરદંત** તેના અધિષ્ઠાતા દેવો છે.[1]

૧ જીવા.૧૮૧, સૂર્ય.૧૦૧, અનુચૂ.૩૫, અનુહે.પૃ.૯૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. **ખીરવર** આ સમુદ્ર **ખીરોદ**થી ભિન્ન નથી.[1]

૧. સૂર્ય.૧૦૧.

**ખીરસમુદ્દ** (ક્ષીરસમુદ્ર) આ અને **ખીરોદ** એક છે.[1]

૧. જીવા.૧૬૬.

**ખીરોદ** (ક્ષીરોદ) **ખીરવર** દ્વીપને ઘેરી વળેલો સમુદ્ર. **વિમલ**(૧૨) અને **વિમલપ્પભ** તેના અધિષ્ઠાતા દેવો છે.[1]

૧. જીવા.૧૮૧, ૧૬૬, ૧૪૧, જમ્બૂ.૩૩, સૂર્ય.૧૦૧, કલ્પ.૪૩, અનુહે.પૃ.૯૦. આચા.૨.૧૭૯.

**ખીરોદગ** (ક્ષીરોદક) આ અને **ખીરોદ** એક છે.[1]

૧. જમ્બૂ.૩૩.

**ખીરોદા** (ક્ષીરોદા) **જંબુદ્દીવ**માં **સીઓયા** નદીની દક્ષિણે અને **મેરુ** પર્વતની પશ્ચિમે વહેતી નાની નદી (અન્તરનદી).[1]

૧. સ્થા.૧૯૭, ૫૨૨, જમ્બૂ.૧૦૨.

**ખીરોય** (ક્ષીરોદ) આ અને **ખીરોદ** એક છે.[1]

૧. આચા.૨.૧૭૯.

**ખુડ્ડગકુમાર** (ક્ષુલ્લકકુમાર) **જસભદ્દા** અને તેના પતિ **ખંડરીય**(૨)નો પુત્ર. તેની માતા સંસાર ત્યાગી શ્રમણી બન્યા પછી તેનો જન્મ થયો હતો. તે પણ માતાને અનુસરી સંસાર ત્યાગી **અજ્જસેણ**(૧)નો શિષ્ય બન્યો. એકવાર તેણે શ્રમણત્વ છોડી દીધું પણ **સાગેય**ની ગણિકાના સાથી દ્વારા ગવાયેલા ગીતથી પ્રેરાઈને તેણે પાછું શ્રમણત્વ સ્વીકારી લીધું.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૯૧-૯૨, નિશીચૂ.૨.પૃ.૨૩૧, આવનિ.૧૨૮૩.

**ખડ્ડગગણિ** (ક્ષુલ્લકગણિન્) પ્રશ્નોના ઉત્તરો આપવામાં ખૂબ કુશળ ગણી શ્રમણ. તેમણે **મુરુંડ**(૨) સાથે ચર્ચા કરી હતી.[1]

૧. વ્યવભા.૩.૧૪૫થી આગળ.

**ખુડ્ડગણિયંઠિજ્જ** (ક્ષુલ્લકનિર્ગ્રન્થીય) **ઉત્તરજ્ઝયણ**નું છઠ્ઠું અધ્યયન.[1] આ અને **ણિયંઠિ**[2] અથવા **પુરિસવિજ્જા**[3] એક છે.

૧. ઉત્તરાચૂ.પૃ.૧૫૭, ઉત્તરાનિ.પૃ.૨૬૨, સૂત્રશી.પૃ.૨૪૧.
૨. ઉત્તરાનિ.પૃ.૯.
૩. સમ.૩૬.

**ખુડ્ડિયાયારકહા** (ક્ષુલ્લિકાચારકથા) **દસવેયાલિય**નું ત્રીજું અધ્યયન.[1]

૧. દશચૂ.પૃ.૯૨, દશનિ.૧૭૮, આવચૂ.૨.પૃ.૨૩૩, નિશીચૂ.૪.પૃ.૨૪૩, સૂત્રશી.પૃ.૩૭૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ખુડ્ડિયાયારગ** (ક્ષુલ્લિકાચારક) આ અને **ખુડ્ડિયાયારકહા** એક છે.[1]

૧. આવચૂ.૨.પૃ.૨૩૩.

**૧. ખુડ્ડિયાવિમાણપવિભત્તિ** (ક્ષુલ્લિકાવિમાનપ્રવિભક્તિ) એક **કાલિય** આગમગ્રન્થ જે અગિયાર વર્ષ શ્રમણજીવનના પૂરા કર્યા હોય તેવા સાધુને ભણાવાય.[1]

૧. વ્યવ.૧૦.૨૫, પક્ષિ.પૃ.૪૫, સમ.૩૮, નન્દિ.૪૪.

**૨. ખુડ્ડિયાવિમાણપવિભત્તિ સંખેવિતદસા**નું એક અધ્યયન. આ અને **ખુડ્ડિયાવિમાણપવિભત્તિ** (૧) એક જણાય છે.[1]

૧. સ્થા.૭૫૫.

**ખેત્તઅ** (ક્ષેત્રક) **રાહુ**(૧)નું બીજું નામ.[1]

૧. સૂર્ય.૧૦૫.

**ખેમ** (ક્ષેમ) **પાડલિપુત્ત**ના રાજા **જિયસત્તુ**(૪૧)નો મન્ત્રી. એક વાર મગરોથી ભરપૂર સરોવરમાંથી કમળ તોડી લાવવા માટે રાજાએ તેને આજ્ઞા કરી હતી.[1]

૧. આવચૂ.૨.પૃ.૨૮૩.

**૧. ખેમઅ** (ક્ષેમક) **અંતગડદસા**ના છઠ્ઠા વર્ગનું પાંચમું અધ્યયન.[1]

૧. અન્ત.૧૨.

**૨. ખેમઅ કાગંદી** નગરીનો વેપારી. તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બન્યો. સોળ વર્ષની શ્રમણજીવનની સાધના પછી **વિપુલ** પર્વત ઉપર તે મોક્ષ પામ્યા.[1]

૧. અન્ત.૧૪.

**૧. ખેમંકર** (ક્ષેમઙ્કર) **એરવય**(૧) ક્ષેત્રના ચોથા ભાવી **કુલગર**.[1] જુઓ **કુલગર**.

૧. સમ.૧૫૯.

**૨. ખેમંકર** અઠ્યાસી **ગહ**માંનો એક.[1]

૧. સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સૂર્યમ.૨૯૫-૯૬, સ્થાઅ.પૃ.૭૮-૭૯.

**૩. ખેમંકર ભરહ**(૨) ક્ષેત્રના ત્રીજા ભાવી **કુલગર**.[1] જુઓ **કલુગર**.

૧. સ્થા.૭૬૭.

**૪. ખેમંકર** વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં **ભરહ**(૨) ક્ષેત્રમાં થયેલા પંદર **કુલગર**માંથી પાંચમા કુલગર.[1]

૧. જમ્બૂ.૨૮.

**૧. ખેમંધર** (ક્ષેમન્ધર) વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં **ભરહ**(૨) ક્ષેત્રમાં થયેલા પંદર **કુલગર**માંથી છઠ્ઠા કુલગર.[1]

૧. જમ્બૂ.૨૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨. ખેમંધર** ભરહ(૨) ક્ષેત્રના ચોથા ભાવી કુલગર.[1] જુઓ કુલગર.

૧. સ્થા. ૭૬૭.

**૩. ખેમંધર** એરવય(૧) ક્ષેત્રના પાંચમા ભાવી કુલગર.[1] જુઓ કુલગર.

૧. સમ.૧૫૯.

**ખેમપુરા** (ક્ષેમપુરા) મહાવિદેહના **સુકચ્છ** પ્રદેશનું પાટનગર.[1]

૧. જમ્બૂ.૯૫.

**ખેમલિજ્જિયા** (ક્ષેમલિકા) **વેસવાડિયગણ**ની એક શાખા.[1]

૧. કલ્પ.પૃ.૨૬૦.

**ખેમા** (ક્ષેમા) મહાવિદેહના **કચ્છ**(૧) પ્રદેશનું પાટનગર.[1]

૧. જમ્બૂ.૯૩, ૯૫, સ્થાઅ.પૃ.૮૮.

**ખોડમુહ** (ખોટમુખ) આ અને **ઘોડગમુહ** એક છે.[1]

૧. નન્દિ.૪૨.

**ખોત્તરસ** (ક્ષોદરસ) આ અને **ખોદવર** એક છે.[1]

૧. અનુચૂ.પૃ.૩૭.

**ખોતવર** (ક્ષોદવર) આ અને **ખોદોદ** એક છે.[1]

૧. અનુચૂ.પૃ.૩૭.

**ખોદવર** (ક્ષોદવર) **ઘતોદસમુદ**ને ઘેરતો વલયાકાર દ્વીપ. **સુપ્પભ**(૬) અને **મહપ્પભ**(૨) તેના અધિષ્ઠાતા દેવો છે. તે અને **ઈક્ખુવરદીવ** એક છે.[1]

૧. જીવા.૧૮૨, સૂર્ય.૧૦૧.

**ખોદોદ** (ક્ષોદોદ) **ખોદવર** દ્વીપને ઘેરતો સમુદ્ર. **પુણ્ણભદ્દ**(૧૧) અને **માણિભદ્દ**(૮) તેના અધિષ્ઠાતા દેવો છે. તે અને **ઈક્ખુવરસમુદ્દ** એક છે.[1]

૧. જીવા.૧૮૨, જીવામ.પૃ.૩૫૫, સૂર્ય.૧૦૧.

**ખોમગપસિણ** (ક્ષૌમકપ્રશ્ન) **પણ્હાવાગરણદસા**નું છઠ્ઠું અધ્યયન.[1] તે નાશ પામી ગયું છે.

૧. સ્થા.૭૫૫.

**ખોયોદ** (ક્ષોદોદ) આ અને **ખોદોદ** એક છે.[1]

૧. સૂર્ય.૧૦૧.

## ગ

**ગઅ** (ગજ) **અંતગડદસા**ના ત્રીજા વર્ગનું આઠમું અધ્યયન જેમાં **ગયસુકુમાલ**(૧)ની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કથા છે.[1]

૧. અન્ત.૪.

**ગઇપ્પવાય** (ગતિપ્રપાત) **વિયાહપણ્ણત્તિ**નો તે ઉદ્દેશક જેમાં જીવોની પાંચ પ્રકારની ગતિનું નિરૂપણ છે.[1]

૧. ભગ.૩૩૭-૩૩૮.

**ગંગ** (ગઙ્ગ) **ધણગુત્ત**નો શિષ્ય અને **મહાગિરિ**નો પ્રશિષ્ય.[1] તેને પાંચમા **ણિહ્ણવ** (સત્યને છુપાવી ખોટો સિદ્ધાન્ત રજૂ કરનાર) ગણવામાં આવે છે.[2] તે વીર નિર્વાણ સંવત ૨૨૮માં હયાત હતા.[3] બપોરે **ઉલ્લુગા** નદીને પાર કરતી વખતે **ઉલ્લુગતીર**માં ગંગે **દોકિરિય**નો ખોટો સિદ્ધાન્ત (જેમ પગમાં શીતતાનો અનુભવ અને મસ્તકમાં ઉષ્ણતાનો અનુભવ યુગપત્ થાય છે તેમ બે ઉપયોગો યા બોધક્રિયાઓ પણ યુગપત્ થાય છે એવો સિદ્ધાન્ત) પ્રવર્તાવ્યો.[4] તે **ગંગેય**(૪) તરીકે પણ જાણીતા છે.[5]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૧૬૫, આવચૂ.૧.પૃ.૪૨૪.
૨. સ્થા.૫૮૭ અને તેના ઉપર સ્થાઅ., વિશેષા.૨૮૦૩, ૨૯૨૫-૨૬, આવભા.૧૩૪.
૩. નિશીભા. ૫૬૧૫.
૪. આવનિ.૭૮૧, ઉત્તરાશા.પૃ.૧૬૫-૬૬.
૫. આવચૂ.૧.પૃ.૪૨૪.

**૧. ગંગદત્ત** છઠ્ઠા **બલદેવ**(૨) **આણંદ**(૧)ના અને છઠ્ઠા **વાસુદેવ**(૧), **પુરિસપુંડરીઅ**ના પૂર્વભવોના ધર્મગુરુ.[1]

૧. તીર્થો.૬૦૬, સમ.૧૫૮, સ્થા.૬૭૨.

**૨. ગંગદત્ત** અતિ આસક્તિના કારણે સન્માર્ગથી ફંટાયા હતા તે મુનિ.[1] આ મુનિ અને **ગંગદત્ત**(૪) એક જણાય છે.[2]

૧. ભક્ત.૧૩૭. ૨. આવચૂ.૧.પૃ.૪૭૪-૪૭૫.

**૩. ગંગદત્ત રાયગિહ**નો વેપારી. તે સંસાર ત્યાગી **મહાવીર**નો શિષ્ય બન્યો અને સોળ વર્ષના શ્રમણજીવનની સાધના પછી **વિપુલ** પર્વત ઉપર મોક્ષે ગયો.[1]

૧. અન્ત.૧૨.

**૪. ગંગદત્ત** નવમા **વાસુદેવ**(૧) **કણ્હ**(૧)નો પૂર્વભવ. તે **હત્થિણાપુર**ના વેપારીનો પુત્ર હતો. તેની માતાને તે બિલકુલ ગમતો ન હતો. તે માતૃપ્રેમથી સાવ વંચિત હતો. તેથી તે સંસાર છોડી સાધુ બની ગયો. તેના ગુરુ **દુમસેણ**(૩) હતા. તેની માતાના કારણે તેને હત્થિણાપુરમાં તીવ્ર ઇચ્છા (નિદાન) જન્મી હતી. તેને પરિણામે તે મરીને દેવ થયો. પછી તેણે કણ્હ તરીકે જન્મ લીધો.[1] આ ગંગદત્ત અને **ગંગદત્ત**(૨) એક જણાય છે.[2]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. સમ.૧૫૮, આવચૂ.૧.પૃ.૪૭૪-૪૭૫, તીર્થો.૬૦૫-૬૦૯. ૨. ભક્ત.૧૩૭.

**૫. ગંગદત્ત વિયાહપણ્ણત્તિ**ના સોળમાં શતકનો પાંચમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૫૬૧.

**૬. ગંગદત્ત હત્થિણાપુર**નો વેપારી. તે સંસારનો ત્યાગ કરી વીસમા તિત્થંકર **મુણિસુવ્વય**(૧)નો શિષ્ય બન્યો. મૃત્યુ પછી તે **મહાસુક્ક** સ્વર્ગભૂમિમાં દેવ બન્યો.[1] એક વાર તે સ્વર્ગમાંથી ઊતરી **મહાવીર** પાસે આવ્યો અને મહાવીર પ્રત્યેની પોતાની ભક્તિ દર્શાવવા તેમની આગળ તેણે નાટક ભજવ્યું.[2]

૧. ભગ. ૫૭૬. ૨. ભગ.૫૭૫.

**ગંગદત્તા** (ગઙ્ગદત્તા) **પાડલસંડ**ના **સાગરદત્ત**(૫)ની પત્ની. તેમને **ઉંબરદત્ત**(૧) નામનો પુત્ર હતો.[1]

૧. વિપા. ૨૮.

**ગંગદેવ** (ગઙ્ગદેવ) આ અને **ગંગ** એક છે.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૧૬૫.

**ગંગ-પાસાવચ્ચિજ્જ** (ગઙ્ગપાર્શ્વાપત્યીય) આ અને **ગંગેય**(૩) એક છે.[1]

૧. ભગ.૩૭૧.

**ગંગપુર** (ગઙ્ગપુર) **દેવદત્ત**ના પુનર્જન્મ અંગેના ભવિષ્યકથન સાથે જોડાયેલું નગર.[1]

૧. વિપા.૩૧.

**ગંગપ્પવાયકુંડ** (ગઙ્ગાપ્રપાતકુણ્ડ) **ચુલ્લહિમવંત**માંથી નીકળતી ગંગાનો ધસમસતો જોરદાર પ્રવાહ જ્યાં પડે છે તે સરોવર. આ સરોવર ઉત્તર **ભરહ**(૨) ક્ષેત્રમાં આવેલું છે.[1] તે **ગંગાકુંડ**થી જુદું છે અને **ગંગપ્પવાયદહ**થી અભિન્ન છે.[2]

૧. જમ્બૂ.૭૪. ૨. સ્થા.૮૮.

**ગંગપ્પવાયદહ** (ગઙ્ગાપ્રપાતદ્રહ) આ અને **ગંગપ્પવાયકુંડ** એક છે.[1]

૧. સ્થા. ૮૮, જમ્બૂ.૭૪.

**ગંગા** (ગઙ્ગા) **ભરહ**(૨) ક્ષેત્રમાં આવેલી પાંચ મોટી નદીઓમાંની એક.[1] તે **ચુલ્લહિમવંત** પર્વત ઉપર આવેલા **પઉમદહ** નામના સરોવરમાંથી નીકળે છે, **ગંગાવત્તણકૂડ** આગળ વળાંક લે છે, **ગંગપ્પવાયકુંડ**માં પડે છે, પછી ઉત્તર **ભરહ**(૨) તરફ જાય છે, **વેયડ્ઢ**(૨) પર્વતને પાર કરે છે અને તેને મળતી ચૌદ હજાર નદીઓ સાથે **લવણ** સમુદ્રને મળે છે.[2] **અટ્ઠાવય** પર્વત પાસે ખાઈ ખોદીને **ચક્કવટ્ટિ સગર**ના સાઠ હજાર પુત્રોએ તે ખાઈને ગંગા નદી સાથે જોડી દીધી.[3] ગંગાને મળતી પાંચ મુખ્ય નદીઓ – **જઉણા, સરઊ, આદી, કોસી** અને **મહી**.[4] તે અને વર્તમાન ગંગા એક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧.ઔપ.૩૯, ભગ.૨૧૪, જ્ઞાતા.૨૪, સમઅ.પૃ.૧૧૨, જીવામ.પૃ.૨૪૪, ઉત્તરા.૩૨.૧૦, નિશીચૂ.૧.પૃ.૧૧, ૧૦૪, ૩.પૃ.૧૯૫, ૩૬૪, બૃક્ષે. ૧૪૮૭.
૨.જમ્બૂ.૭૪, સ્થા.૧૯૭,૫૨૨,સમ. ૧૪, ૨૪-૨૫, સમઅ.પૃ.૪૩-૪૪.
૩.આવચૂ.૧.પૃ.૨૨૭, ઉત્તરાક.પૃ. ૩૧૭,જમ્બૂ.૧૦-૧૧,૧૬,૩૬,૪૪, ૬૫,૬૬,૧૨૦,ભગ.૨૮૭-૮૮,૪૧૭, ૫૫૦, જ્ઞાતા.૧૧૮, જીવા.૧૪૧,આવનિ. ૧૫૧, વિશેષા.૧૫૬૪,આવચૂ.૧.પૃ. ૨૮૦, ૨. પૃ.૨૦૪, ઉત્તરાનિ.પૃ.૧૨૯, ઉત્તરાચૂ. પૃ.૮૫,૨૬૮,બૃભા.૫૨૧૫, ૫૨૨૧, ૫૬૨૫, નિશીચૂ.૨.પૃ. ૧૧, ૧૦૪, ૩.પૃ. ૧૯૫, તીર્થો. ૬૬૨થી આગળ, ૯૫૫થી આગળ.
૪.સ્થા.૪૭૦, ૭૧૭.

**ગંગાકુંડ** (ગઙ્ગાકુણ્ડ) **મહાવિદેહ**ના **કચ્છ**(૧) પ્રદેશના ઉત્તરાર્ધમાં આવેલું સરોવર. તે **ણીલવંત**(૧) પર્વતની દક્ષિણ સીમા ઉપર આવેલું છે. તે **ઉસભકૂડ**ની પૂર્વમાં અને **ચિત્તકૂડ**(૧)ની પશ્ચિમમાં છે.[1]

૧. જમ્બૂ.૯૩.

**ગંગાદીવ** (ગઙ્ગાદ્વીપ) **ગંગપ્પવાયકુંડ**ની મધ્યમાં આવેલો દ્વીપ.[1]

૧. જમ્બૂ.૭૪.

**ગંગાદેવી** (ગઙ્ગાદેવી) ગંગા નદીની અધિષ્ઠાત્રી દેવી.[1]

૧. જમ્બૂ.૭૪, જ્ઞાતા.૧૨૬, આવચૂ.૧.પૃ.૨૦૧.

**ગંગાદેવીકૂડ** (ગઙ્ગાદેવીકૂટ) **ચુલ્લહિમવંત** પર્વતના અગિયાર શિખરોમાંનું એક.[1]

૧. જમ્બૂ.૭૫.

**ગંગાદેવીભવણ** (ગઙ્ગાદેવીભવન) **ગંગાદીવ**ની મધ્યમાં આવેલો **ગંગાદેવી** નામની દેવીનો મહેલ.[1]

૧. જમ્બૂ. ૭૪.

**ગંગાવત્તણકૂડ** (ગઙ્ગાવર્તનકૂટ) **પઉમદ્દહ**ની પૂર્વમાં પાંચ સો યોજન દૂર આવેલું પર્વતશિખર. ગંગા નદી અહીં વળાંક લે છે.[1]

૧. જમ્બૂ. ૭૪.

**૧. ગંગેય** (ગાઙ્ગેય) **વિયાહપણ્ણત્તિ**ના નવમા શતકનો બત્રીસમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૩૬૨.

**૨. ગંગેય** રાજકુમારી **દોવઈ**ના સ્વયંવરમાં ભાગ લેવા જેને નિમન્ત્રણ મોકલવામાં આવ્યું હતું તે **હત્થિણાપુર**નો રાજકુમાર.[1]

૧. જ્ઞાતા.૧૧૭, કલ્પસ.પૃ.૧૭૦.

**૩. ગંગેય** **તિત્થયર** **પાસ**(૧)ની પરંપરાના શ્રમણ. એક વાર તે **વાણિયગામ**માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહાવીર**ને મળ્યા, તેમને કેટલાક પ્રશ્નો પૂછ્યા, મહાવીરના ઉત્તરોથી તેમના મનનું સમાધાન થયું, એટલે તે મહાવીરના શિષ્ય બન્યા.[1] તે ગંગ-**પાસાવચ્ચિજ્જ** નામે પણ જાણીતા છે.[2]

૧. ભગ.૩૭૧-૩૭૯, ભગઅ.પૃ.૩૩૯. ૨. ભગ.૩૭૧.

**૪. ગંગેય** આ અને ગંગ એક છે.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૨૪.

**ગંઠિય** (ગ્રથિત) **વિયાહપણ્ણત્તિ**ના પાંચમા શતકનો ત્રીજો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૧૭૬.

**ગંડઈઆ** (ગણ્ડકિકા) **વેસાલી**થી **વાણિયગામ** જતી વખતે **મહાવીરે** જે નદીને નાવ દ્વારા પાર કરી હતી તે નદી.[1] તે અને બિહારમાં સોનેપુર પાસે ગંગાને મળતી વર્તમાન ગંડક એક છે.[2]

૧. આવનિ (દીપિકા) ૧.પૃ.૧૦૨, આવમ.પૃ.૨૮૮, આવહ.પૃ.૨૧૪.
૨. જિઓડિ.પૃ.૬૦.

**ગંડીતેંદુગ** (ગણ્ડીતેન્દુક) ભિક્ષા માટે જતા **હરિએસબલ** મુનિને રંજાડતા બ્રાહ્મણોને પાઠ ભણાવનાર **જક્ખ**.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૨૦૨, ઉત્તરાશાં.પૃ.૩૫૬-૩૫૭.

**ગંથ** (ગ્રન્થ) **સૂયગડ**(ના પ્રથમ શ્રુતસ્કન્ધ)નું ચૌદમું અધ્યયન.[1]

૧. સૂત્રનિ.૨૭, સમ.૧૬, ૨૩.

**ગંધણ** (ગન્ધન) પોતે વમન કરેલું ઝેર પાછું ચૂસી લેનાર સર્પોની એક જાતિ.[1]

૧. દશ.૨.૮, ઉત્તરા.૨૨.૪૭, ઉત્તરાશા.પૃ.૪૯૫.

**૧. ગંધદેવી** (ગન્ધદેવી) **પુપ્ફચૂલા**(૪)નું દસમું અધ્યયન.[1]

૧. નિર. ૪.૧.

**૨. ગંધદેવી મહાવીર** આગળ ઉપસ્થિત થઈ નાટક ભજવનાર એક દેવી.[1]

૧. નિર.૪.૧૦.

**ગંધપ્પિય** (ગન્ધપ્રિય) સુગન્ધપ્રિય એક રાજકુમાર.તેની આ આસક્તિના કારણે તે મરણ પામ્યો (કારણ કે ઝેરી દ્રવ્ય સૂંઘવાથી તે મૃત્યું પામ્યો હતો).[1]

૧. આવચૂ.૧.પૃ.૫૩૩, આચાશી.પૃ.૧૫૪.

**ગંધમાદણ** (ગન્ધમાદન) જુઓ **ગંધમાયણ**.[1]

૧. સ્થા.૫૯૦, જીવા.૧૪૭.

**ગંધમાયણ** (ગન્ધમાદન) **જંબૂદીવ**ના **મહાવિદેહ** ક્ષેત્રમાં આવેલો એક **વક્ખાર** પર્વત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ણીલવંત(૧)ની દક્ષિણે, મંદર(૩)ની ઉત્તરપશ્ચિમે, ગંધિલાવઈ(૧)ની પૂર્વે અને ઉત્તરકુરુ(૧)ની પશ્ચિમે આવેલ છે.[૧] તેને સાત શિખર છે — **ગંધમાયણકૂડ, આણંદકૂડ, લોહિયક્ખ(૨), ઉત્તરકુરુ(૪), સિદ્ધ, ગંધિલાવઈ(૨)** અને **ફલિહકૂડ**.[૨]

૧. જમ્બૂ.૮૬, જીવા.૧૪૭, સ્થા.૩૦૨, ૪૩૪, આવચૂ.૧.પૃ.૧૬૫, જીવામ. પૃ. ૨૬૩, સૂત્રશી.પૃ.૧૪૭.

૨. જમ્બૂ.૮૬, સ્થા.૫૯૦.

**ગંધમાયણકૂડ** (ગન્ધમાદનકૂટ) **ગંધમાયણ** પર્વતના સાત શિખરમાંનું એક.[૧]

૧. જમ્બૂ.૮૬, સ્થા.૫૯૦.

**ગંધમાયણદેવ** (ગન્ધમાદનદેવ) **ગંધમાયણ** પર્વતનો અધિષ્ઠાતા દેવ.[૧]

૧. જમ્બૂ.૮૬.

**૧. ગંધવ્વ** (ગન્ધર્વ) **વાણમંતર** દેવોના આઠ વર્ગોમાંનો એક વર્ગ.[૧] ગંધવ્વોના બે ઈન્દ્રો છે— **ગીયરઈ** અને **ગીયજસ**.[૨]

૧. સ્થા.૮૦, ૬૫૪, આવ.પૃ.૧૯, આવચૂ.૧.પૃ.૧૬૧, સૂત્રચૂ.પૃ.૬૭.

૨. સ્થા.૯૪, પ્રજ્ઞા. ૪૮.

**૨. ગંધવ્વ** રાત અને દિવસના ત્રીસ **મુહુત્ત**માંનું એક.[૧]

૧. જમ્બૂ.૧૫૨, સમ.૩૦, સૂર્ય. ૪૭.

**ગંધવ્વલિવિ** (ગન્ધર્વલિપિ) અઢાર **બંભી(૨)** લિપિઓમાંની એક.[૧] તે **ભૂયલિવિ** નામથી પણ જાણીતી છે.[૨]

૧. સમ.૧૮, પ્રજ્ઞા.૩૭. ૨. સમ.૧૮.

**ગંધવ્વ-ણાગદત્ત** (ગન્ધર્વ-નાગદત્ત) આ અને **ણાગદત્ત(૫)** એક છે.[૧]

૧. આવહ. પૃ. ૫૬૫.

**ગંધસમિદ્ધ** (ગન્ધસમૃદ્ધ) **અવરવિદેહ**માં આવેલા **ગંધાર**નું પાટનગર. રાજા **મહબ્બલ(૩)** ત્યાં રાજ કરતો હતો અને **સયંબુદ્ધ(૩)** તેનો મંત્રી હતો.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૬૫, પિંડનિમ.પૃ.૧૪૧, આવમ.પૃ.૧૫૮.

**ગંધહત્થિ** (ગન્ધહસ્તિન્) શાસ્ત્રોનું વિશાલજ્ઞાન ધરાવનાર આચાર્ય.[૧] તેમણે **આયારંગ** ઉપર એટલે કે તેના પ્રથમ શ્રુતસ્કન્ધના પ્રથમ અધ્યયન **સત્થપરિણ્ણા** ઉપર, કઠિન ટીકા રચી હતી.[૨]

૧. જીતભા. ૧૧૨, વ્યવભા.૩.૩૭૦ અને તેના ઉપર વ્યવમ.

૨. આચાશી.પૃ.૧, ૮૧.

**ગંધહાર** (ગન્ધહાર) એક **અણારિય** (અનાર્ય) દેશ.[૧] આ અને **ગંધાર(૧)** એક છે.

૧. પ્રશ્ન. ૪, પ્રજ્ઞા.૩૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧. ગંધાર** (ગન્ધાર) **ગંધહાર** નામથી પણ જાણીતું રાજ્ય[૧] જ્યાં રાજા **ણગ્ગઇ** રાજ કરતો હતો.[૨] તેની રાજધાની **પુરિસપુર** હતી.[૩] આ દેશનો એક શ્રાવક **મહાવીર**ની ચંદનની મૂર્તિને વંદન કરવા **વીતિભય** ગયો હતો.[૪] ગંધારની એકતા પેશાવર અને રાવળપિંડી જિલ્લાઓથી બનેલા વર્તમાન પ્રદેશ સાથે સ્થાપવામાં આવી છે.[૫]

૧. પ્રશ્ન.૪, પ્રજ્ઞા.૩૭.
૨. ઉત્તરા.૧૮.૪૬, ઉત્તરાનિ.પૃ.૨૯૯, આવચૂ.૨.પૃ.૨૦૮, આવભા.૨૦૮.
૩. ઉત્તરાચૂ.પૃ.૧૭૮, આવચૂ.૨. પૃ. ૨૦૮.
૪. આવચૂ.૧.પૃ.૩૯૯, ઉત્તરાનિ.પૃ.૯૬, નિશીચૂ.૩.પૃ.૧૪૪.
૫. જિઓડિ.પૃ.૬૦.

**૨. ગંધાર** **અવરવિદેહ**નો એક **વિજય(૨૩)**. તેનું પાટનગર **ગંધસમિદ્ધ** હતું. રાજા **મહબ્બલ**(૩) ત્યાં રાજ કરતો હતો.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૬૫, આવમ.પૃ.૧૫૮, આવહ.પૃ.૧૧૬.

**૩. ગંધાર** **કાલિકેય** જેવો જ દેશ.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૬૨.

**૧. ગંધારી** (ગન્ધારી) (**હરિએસ**) **બલકોટ્ટ**ની પત્ની અને મુનિ **હરિએસબલ**ની અપરમાં.[૧]

૧. ઉત્તરાચૂ.પૃ.૨૦૨.

**૨. ગંધારી** એક દેવી.[૧]

૧. આવ.પૃ.૧૮, બૃભા. ૨૫૦૮.

**૩. ગંધારી** **અંતગડદસા**ના પાંચમા વર્ગનું ત્રીજું અધ્યયન.[૧]

૧. અન્ત.૯.

**૪. ગંધારી** **વાસુદેવ**(૨) **કણ્હ**(૧)ની આઠ પટરાણીઓમાંની એક. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર** **અરિટ્ઠણેમિ** પાસે દીક્ષા લઈ શ્રમણી બની અને વીસ વર્ષ શ્રામણ્યની સાધના કરી મોક્ષ પામી.[૧]

૧. અન્ત.૧૦, સ્થા.૬૨૬, આવ.પૃ.૨૮, કલ્પવિ.પૃ.૨૧૩.

**ગંધાવઇ** (ગન્ધાપાતિન્) **જંબુદ્દીવ**ના **રમ્મગ**(૫) ક્ષેત્રમાં આવેલો **વટ્ટ-વેયઢ્ઢ** પર્વત. તે **ણારીકંતા** નદીની પૂર્વમાં અને **ણરકંતા** નદીની પશ્ચિમમાં આવેલો છે. **પઉમા**(૧૬) તેનો અધિષ્ઠાતા દેવ છે.[૧] અન્ય સ્થાને જણાવાયું છે કે ગંધાવઇ **હરિવાસ**(૧)માં આવેલ છે[૨] અને **અરુણ**(૩) તેનો અધિષ્ઠાતા દેવ છે.[૩]

૧. જમ્બૂ.૧૧૧, જીવા.૧૪૧, ભગઅ.પૃ.૪૩૬.
૨. સ્થા.૮૭,૯૨,૩૦૨, જીવામ.પૃ.૨૪૪.
૩. સ્થા.૮૭, ૩૦૨.

**૧. ગંધિલ** **પશ્ચિમ મહાવિદેહ**ના ઉત્તરમાં આવેલા આઠ પ્રદેશોમાંનો સાતમો.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવજ્ઝા તેનું પાટનગર છે.

૧. જમ્બૂ.૧૦૨.

**૨. ગંધિલ દેવપવ્વય** પર્વતનું શિખર.[1]

૧. જમ્બૂ.૧૦૨, સ્થા.૬૮૯.

**૧. ગંધિલાવઈ** (ગન્ધિલાવતી) પશ્ચિમ **મહાવિદેહ**ની ઉત્તરમાં આવેલા આઠ પ્રદેશોમાંનો છેલ્લો. **અઓજ્ઝા**(૧) તેનું પાટનગર છે.[1]

૧. જમ્બૂ.૧૦૫, આવચૂ.૧.પૃ.૧૬૫.

**૨. ગંધિલાવઈ ગંધમાયણ** પર્વતનું શિખર તેમજ **દેવપવ્વય** વગેરેનું શિખર. તે તે શિખર ઉપર રહેતા દેવનું નામ પણ તે જ છે.[1]

૧. જમ્બૂ.૮૬, ૧૦૨, સ્થા.૫૯૦, ૬૮૯.

**૧. ગંભીર અંતગડદસા**ના પ્રથમ વર્ગનું ચોથું અધ્યયન.[1]

૧. અન્ત.૧.

**૨. ગંભીર બારવઈ**ના રાજા **વણ્હિ** અને તેની રાણી **ધારિણી**(૫)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર અરિટ્ઠણેમિ**નો શિષ્ય બન્યો.બાર વર્ષના શ્રમણજીવનની સાધના પછી તે **સેત્તુંજ** પર્વત ઉપર મોક્ષ પામ્યો.[1]

૧. અન્ત.૨.

**૩. ગંભીર ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૧, કલ્પવિ.પૃ.૨૩૬.

**ગંભીરમાલિણી (ગમ્ભીરમાલિની) સીઓયા** નદીની ઉત્તરે અને **મંદર**(૩) પર્વતની પશ્ચિમે આવેલા[1] **સુવગ્ગુ** અને **ગંધિલ** પ્રદેશોની વચ્ચે વહેતી નાની નદી.[2]

૧. સ્થા.૧૯૭, ૫૨૨. ૨. જમ્બૂ.૧૦૨.

**ગગણવલ્લભ** (ગગનવલ્લભ) **ભરહ**(૨) ક્ષેત્રમાં **વેયડ્ઢ**(૨) પર્વતના દક્ષિણ ભાગમાં **ઉસભ**(૧)ના પૌત્ર અને **મહાકચ્છ**(૧)ના પુત્ર **વિણમિ**એ વસાવેલું નગર.[1]

૧. જમ્બૂ.૧૨, આવચૂ.૧.પૃ.૧૬૧, કલ્પવિ.પૃ.૨૩૮.

**૧. ગગ્ગ** (ગાર્ગ્ય) **ગોયમ**(૨) ગોત્રની સાત શાખાઓમાંની એક.[1]

૧. સ્થા.૫૫૧.

**૨. ગગ્ગ ગગ્ગ**(૧) ગોત્રના આચાર્ય. પોતાના ઉદ્ધત શિષ્યોથી તે કંટાળી ગયા હતા. તેથી તે એકાન્તમાં ધ્યાન કરવા લાગ્યા.[1]

૧. ઉત્તરા.૨૭.૧, ઉત્તરાશા.પૃ.૫૫૦.

**ગચ્છાયાર** (ગચ્છાચાર) ૧૩૭ ગાથાઓનો બનેલો એક **પઈણ્ણગ** ગ્રન્થ.[1] તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહાણિસીહકપ્પ** અને **વવહાર** ઉપર આધારિત છે.[2] જૂથમાં (ગચ્છમાં) રહેવાથી થતા લાભનું તે પ્રધાનપણે નિરૂપણ કરે છે.[3] જુઓ **પઇણ્ણગ.**

૧. ગચ્છા.પૃ.૪૨. ૨. ગચ્છા.ગા,૧૩૫. ૩. ગચ્છાવા.પૃ.૧.

**ગજકણ્ણ** (ગજકર્ણ) જુઓ **ગયકણ્ણ.**[1]

૧. જીવા. ૧૧૨.

**ગણધર** તિત્થંકરનો પ્રધાન શિષ્ય[1] અને શ્રમણોના ગણનો નાયક.[2] તિત્થંકર જે ઉપદેશે છે તેને તે સહેલાઇથી સમજી જાય છે.[3] દરેક તિત્થંકરને કેટલાક ગણધરો હોય છે. **તિત્થયર મહાવીર**ને અગિયાર ગણધર હતા,[4] જયારે **પાસ**(૧)ને આઠ[5] અને **ઉસહ**(૧)ને ચોરાસી હતા.[6] તિત્થંકર જે ઉપદેશે છે તેના આધારે ગણધરો **સુત્ત**ની રચના કરે છે (अत्थं भासइ अरहा सुत्तं गंथंति गणहरा),[7] અર્થાત્ ગણધરો તિત્થંકરના ઉપદેશને વ્યવસ્થિત ભાષાનો આકાર આપીને **દુવાલસંગ**નું રૂપ આપે છે.[8] ગણધરો દુવાલસંગના, ચૌદ **પુવ્વ**ના કે **ગણિપિડગ**ના જ્ઞાનના ધારક છે. ગણધરો ઉપદેશોને અર્થાત્ **પવયણ**ને વધુમાં અર્થઘટન કરી વિસ્તારથી વિગતવાર સમજાવે છે.[9]

૧. જીતભા.૨૪૭૧-૭૫, કલ્પવિ.પૃ. ૨૯૦, કલ્પધ.પૃ.૧૯૩.
૨. આવચૂ.૧.પૃ.૮૬, ઉત્તરાચૂ.પૃ. ૨૭૦, ઉત્તરાશા.પૃ.૪૫૦, આચાશી. પૃ.૩૫૩.
૩. વિશેષા.૧૦૬૯.
૪. વિશેષા.૨૫૦૪થી આગળ, નન્દિ. ૨૦-૨૧, નન્દિચૂ.પૃ.૭, આવનિ. ૬૪૪થી આગળ, આચાશી.પૃ.૧૭૯, કલ્પવિ.પૃ.૨૪૭.
૫. સમ.૮, સ્થા.૬૧૭.
૬. જમ્બૂ.૩૧.
૭. સૂત્રનિ.૧,૧૮, આવનિ.૯૦,૯૧,વિશેષા. ૧૦૭૦,૧૧૦૦,૧૧૨૪-૩૦, જીતભા. ૨૪૭૫, જીવામ.પૃ.૨. કલ્પવિ.પૃ.૧૮૩, સૂત્રશી. પૃ.૬-૭, નન્દિહ.પૃ.૮૮.
૮. આવચૂ.૧.પૃ.૩૩૭, વિશેષા.૫૫૩, વિશેષાકો.પૃ.૨૦૧.
૯. આવનિ.૮૨,૨૭૦,૬૫૮,વિશેષા. ૧૦૬૭,૧૬૯૦, આવચૂ.૧.પૃ.૮૬, કલ્પવિ.પૃ.૨૪૮.

**ગણંહર** (ગણધર) જુઓ **ગણધર.**[1]

૧. વિશેષા.૨૯૫૮, આવચૂ.૧.પૃ.૩૨૬.

**ગણિપિડગ** (ગણિપિટક) **દુવાલસંગ**નું બીજું નામ.[1]

૧. નન્દિ.૫૮, સમ.૧૩૬, સૂત્ર.૨.૧.૧૧.

**ગણિય** (ગણિત) **વેસવાડિયગણ**ના ચાર કુળોમાંનું એક.[1]

૧. કલ્પ.પૃ.૨૬૦.

**ગણિયલિવિ** (ગણિતલિપિ) અઢાર **બંભી**(૨) લિપિઓમાંની એક.[1] આ ગાણિતિક અંકોની લિપિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. સમ.૧૮, પ્રજ્ઞા.૩૭.

**ગણિવિજ્જા** (ગણિવિદ્યા) આ એક **અંગબાહિર ઉક્કાલિઅ** આગમગ્રન્થ છે.[1] તે ૮૨ ગાથાઓનો બનેલો છે.[2] તે મોટે ભાગે શુભ અને અશુભ દિવસો, નક્ષત્રો, ગ્રહો, શુકનો વગેરેનું નિરૂપણ કરતો જ્યોતિષ વિશેનો ગ્રન્થ છે.[3] જુઓ **પઇણ્ણગ.**

૧. પાક્ષિ. પૃ.૪૩, નન્દિ.૪૪.
૨. ગણિ.પૃ.૭૫.
૩. નન્દિહ.પૃ.૭૧, નન્દિચૂ.પૃ.૫૮, નન્દિમ.પૃ.૨૦૫.

**ગદતોય** (ગર્દતોય) પાંચમા સ્વર્ગ **બંભકપ્પ**ને ઘેરતી આઠ કૃષ્ણ રેખાઓની મધ્યમાં આવેલા સ્વર્ગીય વાસસ્થાનોમાં વસતા **લોગંતિય** દેવોના નવ વર્ગોમાંનો એક વર્ગ.[1]

૧. સ્થા.૬૨૩,૬૮૪, સમ.૭૭,૫૭૬, આવનિ.૨૧૪, વિશેષા.૧૮૮૪.

**૧. ગદભ** (ગર્દભ) આ અને **ગદભિલ્લ** એક છે.[1]

૧. બૃભા.૧૧૫૫.

**૨. ગદભ** આ અને **દગભાલગદભ** એક છે.[1]

૧. ઋષિ (સંગ્રહણી).

**ગદભગ** (ગર્દભક) આ અને **ગદભિલ્લ** એક છે.[1]

૧. તીર્થો. ૬૨૩.

**૧. ગદભાલિ** (ગર્દભાલિ) **કંપિલ્લપુર**ના રાજા **સંજય**ને પ્રતિબોધ કરનાર સાધુ.[1]

૧. ઉત્તરા.૧૮,૧૯, ઉત્તરાનિ.પૃ.૪૩૯, ઉત્તરાચૂ.પૃ.૨૪૮.

**૨. ગદભાલિ** જે **ખંદઅ**(૨)ના ગુરુ હતા તે **સાવત્થી**ના પરિવ્રાજક.[1]

૧. ભગ.૯૦.

**ગદભિલ્લ** (ગર્દભિલ્લ) તે **ઉજ્જેણી**ના રાજા હતા. તે **જવ**(૧)ના પુત્ર હતા અને **અડોલિયા**ના ભાઈ હતા. પોતાની બેન અડોલિયાને ભૂર્ગભના ઓરડામાં પૂરી દઈ તેની સાથે અવૈધ લૈંગિક યા જાતીય સંબંધ સ્થાપવામાં ગદભિલ્લને મદદ કરનારો **દીહપટ્ઠ** તેનો મંત્રી હતો. ત્યાર પછી શ્રમણ તરીકે જવે ચતુરાઈથી દીહપટ્ઠને ગદભિલ્લ વડે મરાવ્યો કારણ કે દીહપટ્ઠ જવનો જીવ લેવા ઇચ્છતો હતો.[1] ગદભિલ્લે આચાર્ય **કાલગ**(૧)ની બેનનું અપહરણ કર્યું હતું.[2] વિગત માટે જુઓ **કાલગ** (૧).

૧. બૃભા.૧૧૫૫-૧૧૫૬, બૃક્ષે. ૩૫૯-૩૬૧.
૨. નિશીચૂ.૩.પૃ.૫૯, તીર્થો. ૬૨૩, કલ્પધ.પૃ.૧૩૧.

**ગબ્બ** (ગર્ભ) **વિયાહપણ્ણત્તિ**ના ઓગણીસમા શતકનો બીજો ઉદ્દેશક.[1]

૧. ભગ.૬૪૮.

**ગયઉર** (ગજપુર) જુઓ **ગયપુર.**[1]

૧. આવનિ.૩૨૨, ઉત્તરાનિ.પૃ.૧૦૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગયકણ્ણ** (ગજકર્ણ) એક **અંતરદીવ** તેમજ એક **અણારિય** (અનાર્ય) જાતિ અને તેનો દેશ.[1]

૧. પ્રજ્ઞા. ૩૬, સૂત્રશી.પૃ.૧૨૩, જીવા.૧૧૨, સ્થા.૩૦૪, નન્દિમ.પૃ.૧૦૩.

**ગયગ્ગ** અથવા **ગયગ્ગપય** (ગજાગ્ર અથવા ગજાગ્રપદ) **દસણ્ણપુર** પાસે આવેલો પર્વત.[1] તે અને **ઈંદપય** એક છે.

૧. આવચૂ.૧.પૃ.૧૫૭.

**ગયપુર** (ગજપુર) **હત્થિણાઉર**નું બીજું નામ. તે **કુરુ**(૨) દેશનું પાટનગર હતું.[1] **તિત્થયર સંતિ, કુંથુ**(૧) અને **અર** આ નગરમાં જન્મ્યા હતા.[2] આ જ નગરમાં **ઉસહ**(૧)એ **સેજ્જંસ**(૩) પાસેથી પોતાની સૌપ્રથમ ભિક્ષા પ્રાપ્ત કરી હતી.[3] આ નગર **કુરુદત્તસુય, સંખ**(૬), **કણેરુદત્ત** વગેરેનું જન્મસ્થાન હતું.[4] તેની એકતા દિલ્હીની ઉત્તરપૂર્વમાં મેરઠ જિલ્લામાં આવેલા એક સ્થળ સાથે સ્થાપવામાં આવી છે.[5] જુઓ **હત્થિણાઉર**.

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૧૦૯, પ્રજ્ઞા.૩૭, કલ્પધ.પૃ.૧૫૩. સૂત્રશી. પૃ.૧૨૩.
૨. તીર્થો. ૫૦૫-૭, ઉત્તરાક.પૃ.૩૩૨.
૩. આવનિ.૩૨૨, કલ્પશા.પૃ.૧૮૩, આવમ.પૃ.૨૨૭, કલ્પવિ.પૃ.૨૩૮, આવચૂ.૧.પૃ.૩૨૩.
૪. આવચૂ.૧.પૃ.૫૨૭, ઉત્તરાચૂ.પૃ.૨૦૧, મર.૪૯૧, ઉત્તરાશા.પૃ.૧૦૯, ૩૭૭.
૫. એજિઈ. પૃ. ૫૦.

**ગયમુહ** (ગજમુખ) એક **અણારિય**(અનાર્ય) જાતિ અને તેમનો દેશ.[1]

૧. સૂત્રશી.પૃ.૧૨૩.

**૧. ગયસુકુમાલ** (ગજસુકુમાર) **સોરિયપુર**ના **વસુદેવ** અને તેમની પત્ની **દેવઈ**નો પુત્ર. **વાસુદેવ**(૨) **કણ્હ**(૧) તેના મોટાભાઈ હતા. તેના વિવાહ **સોમિલ**(૧)ની પુત્રી **સોમા**(૧) સાથે નક્કી થયા હતા પરંતુ લગ્ન થાય તે પહેલાં જ તે સંસાર ત્યાગી **તિત્થયર અરિટ્ઠણેમિ**ના શિષ્ય બની ગયા. જે દિવસે સંસાર ત્યાગ્યો તે દિવસથી જ તે સ્મશાનભૂમિમાં ધ્યાનની સાધના કરવા લાગ્યા. તે રસ્તેથી પસાર થતા સોમિલે તેમને ધ્યાનવસ્થામાં જોયા. સોમિલને તેમના ઉપર ઉગ્ર ક્રોધ થયો. તેથી વૈરવૃત્તિથી પ્રેરાઈ સોમિલે ધ્યાનસ્થ ગજસુકુમાલના માથા ઉપર માટીની પાળી બાંધી તેમાં બળબળતા અંગારા ભર્યા. ગજસુકુમાલે વેદના શાન્ત ચિત્તે સહન કરી અને તે જ રાતે મોક્ષ પામ્યા. બીજી બાજુ બીજે દિવસે કણ્હના ભયના કારણે સોમિલ ભાંગી પડ્યો અને મરણ પામ્યો.[1]

૧. અન્ત.૬, આવચૂ.૧.પૃ.૩૫૫,૩૫૮,૩૬૨,૩૬૪-૬૫, ૫૩૬, વ્યવભા.૪.૧૦૫, બૃભા. ૬૧૯૬, મર. ૪૩૧-૩૨, આચાશી.પૃ.૨૫૫, સ્થાઅ.પૃ.૨૮૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. **ગયસુકુમાલ** વેપારીનો પુત્ર. તે સંસાર છોડી શ્રમણ બન્યો. એક વાર જ્યારે તે ધ્યાન કરતા હતા ત્યારે એક મુસાફરે માર્ગ વિશે પૂછ્યું. ઉત્તર ન મળવાથી તે વટેમાર્ગુએ તેમને જમીન પર પછાડ્યા અને પછી તેમના આખા શરીર ઉપર હથોડા વડે ખીલા મારી શરીરને ચાળણી જેવું કરી નાંખ્યું. તેમણે પીડા શાન્ત ચિત્તે સહન કરી અને મોક્ષ પ્રાપ્ત કર્યો.[1]

૧. સંસ્તા.૮૭.

**ગયસૂમાલ** (ગજસુકુમાર) જુઓ **ગયસુકુમાલ.**[1]

૧. આવચૂ.૧.પૃ.૩૬૨.

**ગરાઈ** અથવા **ગરાદિ** (ગરાદિ) અગિયાર **કરણ**માંનું એક.[1]

૧. જમ્બૂ.૧૫૩, સૂત્રનિ.૧૧.

**ગરુડ** અથવા **ગરુલ** (ગરુડ) **દેવકુરુ** ક્ષેત્રમાં આવેલા **કૂડસામલિ** વૃક્ષ ઉપર વસતો દેવ.[1]

૧. જમ્બૂ.૧૦૦, સ્થા.૮૬, ૭૬૪. સમ.૮.

**ગરુલ વેણુદેવ** (ગરુડ વેણુદેવ) આ અને **ગરુલ** એક છે.[1]

૧. સ્થા. ૭૬૪.

૧. **ગરુલોવવાય** (ગુરુડોપપાત) એક **અંગબાહિર કાલિઅ** આગમગ્રન્થ.[1] તે બાર વર્ષના દીક્ષા પર્યાયવાળા સાધુને ભણાવવા માટે છે.[2] હાલ તે અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયો છે.

૧. પાક્ષિ.પૃ.૪૫, નન્દિ.૪૪, નન્દિચૂ.પૃ. ૫૯-૬૦, નન્દિમ.પૃ.૨૦૨થી આગળ.
૨. વ્યવ.૧૦.૨૬.

૨. **ગરુલોવવાય** **સંખેવિતદસા**નું એક અધ્યયન.[1]

૧. સ્થા. ૭૫૫.

**ગવેધુઆ** (ગવેધુકા) **ચારણગણ**(૨)ની ચાર શાખાઓમાંની એક.[2]

૧. કલ્પ.પૃ.૨૫૯.

**ગહ** (ગ્રહ) **જોઇસિય** દેવોના પાંચ વર્ગોમાંનો એક વર્ગ. આ વર્ગમાં ગ્રહો આવે છે.[1] કુલ અઠ્યાસી ગ્રહો છે. **જંબુદ્દીવ** ઉપર આમાંનો દરેક ગ્રહ બમણી સંખ્યામાં મળે છે.[2] પ્રત્યેક ગ્રહદેવને ચાર મુખ્ય પત્નીઓ છે – **વિજયા** (૧૩), **વેજયંતી**(૮), **જયંતી**(૫) અને **અપરાજિયા**(૮).[3] આ અઠ્યાસી ગહો **ચંદ**(૧) અને **સૂર**(૧)ના કુટુંબના સભ્યો છે.[4] પ્રત્યેક ગહનું માપ અડધા યોજનનું છે.[5]

અઠ્યાસી ગહોનાં નામ નીચે પ્રમાણે છે[6]– (૧) **ઈંગાલઅ**, (૨) **વિયાલઅ**, (૩) **લોહિયાંક**, (૪) **સણિચ્ચર**, (૫) **આહુણિય**, (૬) **પાહુણિય**, (૭) **કણ**, (૮) **કણઅ**,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯) કણકણઅ, (૧૦) કણવિતાણઅ, (૧૧) કણગસંતાણ, (૧૨) સોમ(૬), (૧૩) સહિય, (૧૪) અસ્સાસણ, (૧૫) કજ્જોવઅ, (૧૬) કવ્વરઅ, (૧૭) અયકરઅ, (૧૮) દુંદુભઅ, (૧૯) સંખ(૪), (૨૦) સંખણાભ, (૨૧) સંખવણ્ણાભ, (૨૨) કંસ(૧), (૨૩) કંસણાભ, (૨૪) કંસવણ્ણાભ, (૨૫) ણીલ(૧), (૨૬) ણીલોભાસ, (૨૭) રુપ્પ, (૨૮) રુપ્પોભાસ, (૨૯) ભાસ, (૩૦) ભાસરાસિ, (૩૧) તિલ, (૩૨) તિલપુપ્ફવણ્ણ, (૩૩) દગ (૧), (૩૪) દગવણ્ણ, (૩૫) કાય(૧), (૩૬) વંધ, (૩૭) ઈંદગ્ગિ, (૩૮) ધૂમકેઉ, (૩૯) હરિ(૩), (૪૦) પિંગલઅ(૨), (૪૧) બુધ, (૪૨) સુક્ક(૬), (૪૩) બહસ્સતિ, (૪૪) રાહુ, (૪૫) અગત્થિ, (૪૬) માણવઅ(૩), (૪૭) કામફાસ, (૪૮) ધુર, (૪૯) પમુહ, (૫૦) વિયડ, (૫૧) વિસંધિકપ્પેલ્લઅ, (૫૨) પઇલ્લ, (૫૩) જડિયાલઅ, (૫૪) અરુણ(૧), (૫૫) અગ્ગિલઅ, (૫૬) કાલ(૨), (૫૭) મહાકાલ(૧૧), (૫૮) સોત્થિય(૧), (૫૯) સોવત્થિઅ, (૬૦) વદ્ધમાણગ, (૬૧) પલંબ, (૬૨) નિચ્ચાલોગ, (૬૩) નિચ્ચુજ્જોત, (૬૪) સયંપભ(૫), (૬૫) ઓભાસ, (૬૬) સેયંકર, (૬૭) ખેમંકર(૨), (૬૮) આભંકર, (૬૯) પબ્ભંકર(૩), (૭૦) અરઅ(૧), (૭૧) વિરઅ(૧), (૭૨) અસોગ(૨), (૭૩) વીતસોગ(૨), (૭૪) વિમલ(૬), (૭૫) વિવત્ત, (૭૬) વિવત્થ, (૭૭) વિસાલ(૧), (૭૮) સાલ(૧), (૭૯) સુવ્વય(૪), (૮૦) અણિયટ્ટિ(૨), (૮૧) એગજડિ, (૮૨) દુજડિ, (૮૩) કર, (૮૪) કરિઅ, (૮૫) રાય, (૮૬) અગ્ગલ, (૮૭) પુપ્ફકેતુ(૧) અને (૮૮) ભાવકેતુ.

૧. સ્થા. ૪૦૧.
૨. સ્થા.૯૦, જમ્બૂ.૧૭૦, સૂર્ય.૧૦૦, ૧૦૭, સ્થાઅ.પૃ.૭૮-૭૯, જમ્બૂશા. પૃ.૫૩૪-૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬.
૩. ભગ.૪૦૬, સ્થા.૨૭૩, જીવા.૨૦૪, જમ્બૂ.૧૭૦.
૪. સમ.૮૮, સૂર્ય.૯૧.
૫. દેવે.૮૯, જમ્બૂ.૧૬૫, જીવા.૧૯૮.
૬. સૂર્ય.૧૦૭, સૂર્યમ.પૃ.૨૮૫-૨૯૬, સ્થા. ૯૦, સ્થાઅ.પૃ.૭૮-૭૯, જમ્બૂ.૧૭૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૫૩૫.

**ગાગલિ** કંપિલ્લપુરના રાજા પિઢર અને તેની રાણી જસવઈ(૧)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી ઈંદભૂઇનો શિષ્ય બન્યો. જ્યારે તે મહાવીરને મળવા જઈ રહ્યો હતો ત્યારે તેને કેવળજ્ઞાન થયું.[૧]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ. ૩૨૧થી આગળ, દશચૂ.પૃ.૫૨, ઉત્તરાક.પૃ.૨૧૫.

**ગાથા** સૂયગડનું સોળમું અધ્યયન.[૧] આ અને ગાહાસોલસમ એક છે.[૨]

૧. સમ.૨૩
૨. સમ.૧૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગામાગ** અથવા **ગામાય** (ગ્રામાક) એક સન્નિવેશ જેની મુલાકાત **મહાવીરે** લીધી હતી. ત્યાં એક **જક્ખ** વડે મહાવીરની પૂજા કરવામાં આવી હતી.[1]

૧. આવનિ.૪૮૭, આવચૂ.૧.પૃ.૨૯૨, વિશેષા.૧૯૪૧, કલ્પધ.પૃ.૧૦૭, કલ્પવિ. પૃ. ૧૬૬.

**ગાય** એક **અણારિય** (અનાર્ય) દેશ.[1] આ અને **કાય**(૨) એક જણાય છે.[2]

૧. પ્રશ્ન. ૪. ૨. સૂત્રશી.પૃ.૧૨૩.

**ગાહાવઈ** (ગ્રાહવતી) **ણીલવંત** પર્વતમાંથી નીકળતી નાની નદી. તે **સુકચ્છ**(૧) અને **મહાકચ્છ**(૨) પ્રદેશોને એકબીજાથી અલગ કરે છે અને પોતાને મળનારી અઠ્યાવીસ હજાર નદીઓ સાથે **સીતા** નદીમાં ભળી જાય છે. તે **મંદર**(૩) પર્વતની ઉત્તરપૂર્વમાં વહે છે.[1]

૧. જમ્બૂ.૯૫, સ્થા.૧૯૭, ૫૨૨.

**ગાહાવઈકુંડ** (ગ્રાહવતીકુણ્ડ) **ણીલવંત** પર્વતની દક્ષિણ સીમા ઉપર આવેલું સરોવર. **ગાહાવઈ** નદીનો ધસમસતો પ્રવાહ તેમાં પડે છે.[1]

૧. જમ્બૂ.૯૫.

**ગાહાવઈદીવ** (ગ્રાહવતીદ્વીપ) **ગાહાવઈકુંડ**ની મધ્યમાં આવેલો દ્વીપ.[1]

૧. જમ્બૂ. ૯૫.

**ગાહાસોલસઅ** (ગાથાષોડશક) જેની અંદર (અર્થાત્ જેના પ્રથમ શ્રુતસ્કન્ધમાં) સોળમું અધ્યયન ગાથા છે તે, એટલે કે **સૂયગડ**.[1]

૧. સમ.૧૬, સૂત્રનિ. ૧૪૧, ઉત્તરા.૩૧.૧૩, પાક્ષિ.પૃ.૬૭, પ્રશ્નઅ.પૃ.૧૪૪.

**ગિરફુલ્લિગા** (ગિરિપુષ્પિતા) આ અને **ગિરિફુલ્લિગામ** એક છે.[1]

૧. નિશીચૂ.૩.પૃ.૪૧૯.

**ગિરિ** એક આચાર્ય.[1] આ અને આચાર્ય **મહાગિરિ** એક જણાય છે.

૧. આવ.પૃ.૨૭.

**ગિરિકુમાર** **ચુલ્લહિમવંત** પર્વતના એક શિખરના અધિષ્ઠાતા દેવ.[1] આ અને **ચુલ્લહિમવંતગિરિકુમાર** એક છે.

૧. જમ્બૂ.૭૫.

**ગિરિજણ્ણ** (ગિરિયજ્ઞ) **કોંકણ**માં ઉજવાતો ઉત્સવ.[1]

૧. બૃભા. ૨૮૫૫.

**ગિરિણગર** (ગિરિનગર) **સુરટ્ઠ** દેશમાં[1] આવેલા **ઉજ્જેંત** પર્વત પાસેનું નગર.[2] **કોડીસર** નામનો વેપારી આ નગરનો હતો.[3] કેટલાક ચોરોએ આ નગરની ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ત્રીઓનું ઉજ્જેંત પર્વત ઉપરથી અપહરણ કરી તેમને **પારસકૂલ**માં વેચી દીધી હતી.ત્યાં તે સ્ત્રીઓએ વેશ્યાનો ધંધો સ્વીકારી લીધો.[૪] આ નગરની એકતા વર્તમાન જૂનાગઢ સાથે સ્થાપવામાં આવી છે.[૫]

૧.જીવામ.પૃ.૫૬.
૨.આવચૂ.૨.પૃ.૨૮૯, ૧.પૃ.૭૯, આચાચૂ.પૃ.૩૩૯, ૩૫૯.
૩. વિશેષાકો. પૃ. ૨૭૮.
૪. આવચૂ.૨.પૃ.૨૮૯.
૫. જિઓડિ. પૃ. ૬૬.

**ગિરિતડગ** (ગિરિતટક) **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧)એ જેની મુલાકાત લીધી હતી તે સ્થળ.[૧]

૧. ઉત્તરાનિ.પૃ.૩૭૯.

**ગિરિફુલ્લિગામ** (ગિરિપુષ્પિતગ્રામ) **કોસલ** દેશનું નગર.[૧] પોતાના શિષ્યો સાથે આચાર્ય **સીહ**(૬) આ નગરમાં આવ્યા હતા.[૨] **ઈંદદત્ત**(૬) નામનો વેપારી આ નગરનો હતો.[૩]

૧.જીતભા.૧૩૯૫, પિંડનિ.૪૬૧, નિશીચૂ.૩.પૃ.૪૧૯.
૨. પિંડનિમ.પૃ.૧૩૪-૧૩૬.
૩. નિશી. ૪૪૪૬-૫૨.

**ગિરિફુલ્લિય** (ગિરિપુષ્પિત) આ અને **ગિરિફુલ્લિગામ** એક છે.[૧]

૧. પિંડનિ. ૪૬૧.

**ગિરિરાય** (ગિરિરાજન્) **મંદર**(૩) પર્વતનું બીજું નામ.[૧]

૧. જમ્બૂ.૧૦૯, સમ.૧૬, સૂર્ય.૨૬.

**ગીયજસ** (ગીતયશસ્) **વંતર** દેવોના **ગંધવ્વ** વર્ગના દેવોના બે ઇન્દ્રોમાંનો એક. તેની ચાર મુખ્ય પત્નીઓ આ છે – **સુઘોસા**(૨), **વિમલા**(૨), **સુસ્સરા**(૪) અને **સરસ્સઈ**(૫). આ જ નામો **ગીયરઈ**(૧)ની મુખ્ય પત્નીઓનાં છે.[૧]

૧. પ્રજ્ઞા. ૪૮, ભગ. ૧૬૯, ૪૦૬, સ્થા.૯૪.

**૧. ગીયરઈ** (ગીતરતિ) **ગંધવ્વ** દેવોના બે ઇન્દ્રોમાંનો એક.[૧] જુઓ **ગીયજસ.**

૧. પ્રજ્ઞા.૪૮, ભગ.૧૬૯, ૪૦૬, સ્થા.૯૪.

**૨. ગીયરઈ** **ચમર**(૧)ની આજ્ઞામાં રહેલા ગાયકોના વૃંદનો નાયક.[૧]

૧. સ્થા. ૫૮૨.

**ગીયરઈપ્પિય** (ગીતરતિપ્રિય) ગાન દ્વારા આજીવિકા મેળવતા એક પ્રકારના **સમણ**(૧) પરિવ્રાજકો.[૧]

૧. ઔપ.૩૮, ઔપઅ.પૃ.૯૨.

**ગુચ્છ** **વિયાહપણ્ણત્તિ**ના એકવીસમા શતકના ચોથા વર્ગના દસ અધ્યયનોમાંનું એક અધ્યયન.[૧]

૧. ભગ. ૬૯૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગુજ્ઝગ** (ગુહ્યક) ભવણવઇ દેવોનું બીજું નામ.[1]

૧. દશ.૯.૨.૧૦-૧૧, દશચૂ.પૃ.૩૧૨, દશહ.પૃ.૨૪૯.

**ગુટ્ઠમાહિલ** (ગોષ્ઠામાહિલ) જુઓ **ગોટ્ઠામાહિલ**.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૧૫૩.

**ગુડસત્થ** (ગુડસાર્થ) એક યક્ષે મચાવેલ ઉત્પાતને શાન્ત કરવા જ્યાં આચાર્ય **ખઉડ** ગયા હતા તે નગર.[1] તે ભરૂચથી દૂર ન હોવાનું સૂચવવામાં આવ્યું છે.[2]

૧. આવચૂ.૧.પૃ.૫૪૨. ૨. લાઇ.પૃ.૨૮૬.

૧. **ગુણંધર** (ગુણન્ધર) એક આચાર્ય જેમનો શિષ્ય **ગોવિંદ** બ્રાહ્મણ હતો.[1]

૧. મનિ.પૃ.૨૧૭.

૨. **ગુણંધર** એક આચાર્ય જેમનો શિષ્ય રાજકુમાર **સંખ**(૮) બન્યો હતો.[1]

૧. ઉત્તરાક.પૃ.૨૩૫.

**ગુણચંદ** (ગુણચન્દ્ર) **સાગેય**ના રાજા **ચંડવડેંસઅ**નો પુત્ર અને **મુણિચંદ**(૨)નો ભાઈ. પોતાના પિતાના મૃત્યુ પછી તેણે તે નગરના રાજા તરીકે કાર્યભાર સંભાળી લીધો. તેની સાવકી માને આ ન ગમ્યું. તેથી તે સાવકી માએ તેને ઝેર આપી મારી નાખવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. આ ઘટનાએ તેનામાં એટલી બધી ઘૃણા જન્માવી કે તે સાવકાભાઈને રાજ આપી, સંસાર છોડી, **સાગરચંદ**(૩)નો શિષ્ય બની ગયો. પછી તે જ્યાં મુણિચંદ શાસન કરતા હતા તે **ઉજ્જેણી** નગરમાં ગયો. ત્યાં તેણે રાજકુમાર અને પુરોહિતપુત્રને બોધ આપી પોતાના શિષ્યો બનાવી લીધા.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૯૨-૪૯૩. આવહ.પૃ.૩૬૬ અનુસાર ગુણચંદનો ભાગ સાગરચંદ ભજવે છે.

**ગુણવતી** **મહાવિદેહ**ના **પુક્ખલાવઇ**(૧) પ્રદેશના **પુંડરીગિણી**(૧) નગરના **ચક્કવટ્ટિ** **વઇરસેણ**(૨)ની પત્ની.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૭૨.

**ગુણસિલ** (ગુણશીલ) જુઓ **ગુણસિલઅ**.[1]

૧. વિશેષા.૨૮૩૪, ઉત્તરાનિ.પૃ.૧૫૮.

**ગુણસિલઅ** (ગુણશીલક) **રાયગિહ**ની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન તેમજ ચૈત્ય.[1] અહીં **મહાવીર** આવ્યા હતા.[2]

૧. નિર.૧.૧,૩.૧,ભગ.૬, ઉપા.૪૬, આવભા.૧૨૮, ઉત્તરાનિ.અને ઉત્તરાશા.પૃ.૧૫૮, વિશેષા.૨૮૩૪, નિશીભા.૫૫૯૮.
૨. જ્ઞાતા.૨૧, અન્ત.૧૨, દશા.૧૦.૧, ૧૦.૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગુણસીલ** (ગુણશીલ) જુઓ **ગુણસિલઅ**.[1]

૧. અન્ત.૧૨, જ્ઞાતા.૧૪૬.

**ગુત્ત** (ગુપ્ત) દોગિદ્ધિદસાનું દસમું અધ્યયન.[1]

૧. સ્થા. ૭૫૫.

**ગુત્તિસેણ** (ગુપ્તિસેન) જંબુદ્દીવના **એરવય**(૧) ક્ષેત્રના સોળમા **તિત્થંકર**.[1] તેમના બદલે **દીહસેણ**(૪)નો પણ ઉલ્લેખ મળે છે.[2]

૧. સમ.૧૫૯. ૨. તીર્થો. ૩૩૦.

**ગુમ્મ** (ગુલ્મ) **વિયાહપણ્ણત્તિ**ના બાવીસમા શતકના પાંચમા વર્ગના દસ અધ્યયનોમાંનું એક.[1]

૧. ભગ. ૬૯૧.

**ગુરુઅ** (ગુરુક) **વિયાહપણ્ણત્તિ**ના પ્રથમ શતકનો નવમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૩.

**ગુલ** (ગુડ) **વિયાહપણ્ણત્તિ**ના અઢારમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૬૧૬.

**૧. ગૂઢદંત** **અણુત્તરોવવાઈયદસા**ના બીજા વર્ગનું ચોથું અધ્યયન.[1]

૧. અનુત્ત.૨૨.

**૨. ગૂઢદંત** રાજા **સેણિઅ**(૧) અને તેની રાણી **ધારિણી**(૧)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બન્યો અને સોળ વર્ષ શ્રમણજીવનનો સંયમ પાળ્યા પછી મરીને **અણુત્તર** સ્વર્ગીય વાસસ્થાનોમાંના (વિમાનોમાંના) એકમાં દેવ તરીકે જન્મ્યો. વધુ એક ભવ કરીને તે મોક્ષે જશે.[1]

૧. અનુત્ત.૨.

**૩. ગૂઢદંત** જંબુદ્દીવના **ભરહ**(૨) ક્ષેત્રના ત્રીજા ભાવી **ચક્કવટ્ટિ**.[1]

૧. સમ.૧૫૯, તીર્થો.૧૧૨૪.

**૪. ગૂઢદંત** (ગૂઢદન્ત) એક **અંતરદીવ**.[1]

૧. પ્રજ્ઞા.૩૬, સ્થા.૩૦૪, નન્દિમ.પૃ.૧૦૪.

**ગેરુઅ** (ગૈરિક) જુઓ **ગેરુય**.[1]

૧. નિશીચૂ.૩.પૃ.૪૧૪.

**ગેરુય** (ગૈરિક) પાંચ **સમણ**(૧) સંપ્રદાયોમાંનો એક.[1] ગેરુય સમણો પરિવ્રાજકો હતા અને તેઓ ગેરુથી રંગેલા વસ્ત્રો પહેરતા હોવાથી ગેરુય નામે જાણીતા હતા.[2]

૧. પિંડનિ. ૩૫૮, ૪૪૫, આચાશી.પૃ.૩૨૫, સ્થાઅ.પૃ.૯૪, વિપાઅ.પૃ.૭૬,

૨. પિંડમ.પૃ.૧૩૦, બૃચૂ.૩.પૃ.૪૧૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગેવિજ્જ** (ગ્રૈવેય) આ અને **ગેવિજ્જગ** એક છે.[1]

૧. ઉત્તરા. ૩૬.૨૧૦, સ્થા.૨૩૨.

**ગેવિજ્જગ** અથવા **ગેવિજ્જય** (ગ્રૈવેયક) જેમનું સમૂહવાચક નામ પણ ગેવિજ્જ યા ગેવિજ્જગ યા ગેવિજ્જય છે તે નવ સ્વર્ગીય વાસસ્થાનોમાં (વિમાનોમાં)વસતા દેવોનો વર્ગ. આ નવ સ્વર્ગીય વાસસ્થાનો (વિમાનો) આ પ્રમાણે છે – **ભદ્દ**(૧૪), **સુભદ્દ**(૭), **સુજાત**(૧), **સોમણસ**(૧), **પિયદરિસણ**(૨), **સુદંસણ**(૧૭), **અમોહ**(૧), **સુપ્પબુદ્ધ** અને **જસોધર**(૧૪).[1] આ સ્વર્ગીય વાસસ્થાનો (વિમાનો) **અણુત્તર** સ્વર્ગીય વાસસ્થાનોની (વિમાનોની) નીચે આવેલાં છે. આ નવમાંથી પ્રથમ ત્રણ નીચે છે, પછીનાં ત્રણ મધ્યમાં છે અને છેલ્લાં ત્રણ ટોચે છે.[2] આમ તેઓ ત્રણ સ્તરો યા કાંડો બનાવે છે–**હિટ્ઠિમગેવિજ્જ, મજ્ઝિમગેવિજ્જ** અને **ઉપરિમગેવિજ્જ.**[3] તેમના વળી પાછા ત્રણ ત્રણ પેટાવિભાગો થાય છે —(૧) **હિટ્ઠિમહિટ્ઠિમ-, હિટ્ઠિમમજ્ઝિમ-, હિટ્ઠિમઉવરિમ-,** (૨) **મજ્ઝિમહિટ્ઠિમ-, મજ્ઝિમમજ્ઝિમ-, મજ્ઝિમઉવરિમ-,** (૩) **ઉવરિમહિટ્ઠિમ-, ઉવરિમમજ્ઝિમ-,** અને **ઉવરિમઉવરિમ-ગેવિજ્જગ.**[4] ગેવિજ્જગ દેવો સમાન હોય છે, તે બધા પદ, બળ વગેરે બાબતોમાં સમાન હોય છે.[5] તેમના વાસસ્થાનોની (વિમાનોની) ઊંચાઈ એક હજાર યોજન છે.[6]

૧. સ્થા.૬૮૫, ઉત્તરાશા.પૃ.૭૦૨, અનુહે.પૃ.૯૧, ઉત્તરા.૩૬.૨૧૧, પ્રજ્ઞા.૩૮, સ્થા.૨૩૨.
૨. પ્રજ્ઞા.૩૮, સ્થા.૨૩૨, સમ.૨૨-૩૦, અનુ.૧૩૯.
૩. સ્થા. ૨૩૨.
૪. ઉત્તરા.૩૬.૨૧૧-૨૧૩, પ્રજ્ઞા.૩૮.
૫. પ્રજ્ઞા.૩૮, સ્થા.૯૪, અનુ.૧૩૩.
૬. સ્થા. ૭૭૫, સમ. ૧૧૩.

**ગેવેજ્જ** (ગ્રૈવેય) જુઓ **ગેવિજ્જગ.**[1]

૧. સમ.૨૪.

**ગેવેજ્જઅ** (ગ્રૈવેયક) જુઓ **ગેવિજ્જગ.**[1]

૧. સમ.૨૮.

**ગેવેજ્જગ** (ગ્રૈવેયક) જુઓ **ગેવિજ્જગ.**[1]

૧. સમ.૨૫.

**ગેવેજ્જય** (ગ્રૈવેયક) જુઓ **ગેવિજ્જગ.**[1]

૧. સમ.૨૬, ૨૭.

**ગોઅમ** (ગોતમ) જુઓ **ગોયમ.**[1]

૧. અનુ.૨૦, અનુહે. પૃ.૨૫.

**ગોઉલ** (ગોકુલ) વયગામનો એક લત્તો. મહાવીરે તેની મુલાકાત લીધી હતી.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવચૂ.૧.પૃ.૩૧૩-૩૧૪, કલ્પવિ.પૃ.૧૬૪, કલ્પધ.પૃ.૧૦૮.

**ગોંડ** (ગોણ્ડ) **અણારિય** (અનાર્ય) જાતિ અને તેમનો દેશ.[1] તેની એકતા મધ્ય પ્રદેશની ગોંડ આદિવાસી જાતિ સાથે સ્થાપવામાં આવી છે.[2]

૧. પ્રશ્ન.૪, સૂત્રશી.પૃ.૧૨૩, પ્રજ્ઞા.૩૭. ૨. સ્ટજિઓ.પૃ.૧૧૭, લાઈ.પૃ.૩૬૧.

**ગોકણ્ણ** (ગોકર્ણ) એક **અંતરદીવ**.[1]

૧. પ્રજ્ઞા.૩૬, સ્થા. ૩૦૪, નન્દિમ.પૃ.૧૦૩.

**ગોચ્છુભ** (ગોસ્તુભ) અગિયારમા **તિત્થંકર સેજ્જંસ**(૧)ના પ્રથમ ગણધર.[1]

૧. સ્થા.૧૦૮, સમ.૧૫૭, તીર્થો. ૪૪૯.

**ગોટ્ઠમાહિલ** (ગોષ્ઠામાહિલ) જુઓ **ગોટ્ઠામાહિલ**.[1]

૧. આવનિ.૭૮૧, વિશેષા. ૨૭૯૬.

**ગોટ્ઠામાહિલ** (ગોષ્ઠામાહિલ) આચાર્ય **રક્ખિય**(૧)ના શિષ્ય. તેમને સાતમા **ણિણ્હવ**[1] ગણવામાં આવે છે. તે વીરનિર્વાણ સંવત ૫૮૪માં વિદ્યમાન હતા. તે **મહુરા**(૧) ગયા હતા અને ત્યાં (વાદમાં) તેમણે એક પાખંડીને હરાવ્યો હતો.[2] રક્ખિયના ઉત્તરવર્તી **દુબ્બલિયપૂસમિત્ત**ના સમયમાં **દસપુર** નગરમાં તેમણે **અબદ્ધિય** તરીકે પ્રસિદ્ધ સ્વતન્ત્ર સિદ્ધાન્ત સ્થાપ્યો. આ સિદ્ધાન્ત જણાવે છે કે કર્મ આત્મા સાથે બંધાતા નથી, તે આત્માને કેવળ સ્પર્શે છે.[3]

૧. જે વ્યક્તિ સત્યને ઢાંકે છે અને ખોટો સિદ્ધાન્ત પ્રવર્તાવે છે તે.
૨. આવચૂ.૧.પૃ.૪૧૧-૪૧૪, વિશેષા. ૨૭૯૬, ૩૦૧૦-૩૦૧૨.
૩. સ્થા.૫૮૭ અને તેના ઉપર સ્થાઅ, નિશીભા. ૫૬૦૭-૮, ઉત્તરાશા.પૃ.૧૭૨થી આગળ, આવનિ.૭૮૧, સૂત્રચૂ.પૃ.૨૭૩.

**ગોટ્ઠામાહિલ્લ** (ગોષ્ઠામાહિલ) જુઓ **ગોટ્ઠામાહિલ**.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૧૩.

ગોડ (ગોણ્ડ) આ અને ગોંડ એક છે.[1]

૧. પ્રશ્ન. ૪.

**ગોણ** આ અને ગોંડ એક છે.[1]

૧. સૂત્રશી. પૃ.૧૨૩.

**ગોતમ** (ગૌતમ) જુઓ **ગોયમ**.[1]

૧. સૂત્રચૂ.પૃ.૧૯, સૂર્ય.૫૦, સ્થા.૫૫૧.

**૧. ગોત્તાસ** (ગોત્રાસ) **કમ્મવિવાગદસા**નું બીજું અધ્યયન.[1] આ અને **ઉજ્ઝિયઅ**(૧) એક છે.

૧. સ્થા. ૭૫૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. ગોત્તાસ ઉજ્ઝિયઅ(૨)નો પૂર્વભવ.[1] તે ભીમ(૨) અને ઉપ્પલા(૧)નો પુત્ર હતો.

૧. વિપા.૧૧, સ્થાઅ.પૃ.૫૦૭.

**ગોત્થુભ** (ગોસ્તૂપ) જુઓ **ગોથૂભ**.[1]

૧. ભગ. ૧૧૬.

**ગોથુભ** (ગોસ્તુભ) જુઓ **ગોચ્છુભ**.[1]

૧. સમ.૧૫૭.

**ગોથૂભ** (ગોસ્તૂપ) **લવણ** સમુદ્રમાં **જંબુદીવ**ની પૂર્વે બેતાલીસ હજાર યોજનના અંતરે આવેલું **વેલંધરણાગરાય** દેવોનું પર્વતીય વાસસ્થાન. ગોથૂભદેવ તેનો અધિષ્ઠાતા દેવ છે.[1] આ વાસસ્થાનના પશ્ચિમી છેડા અને **મેરુ** પર્વતના પશ્ચિમી છેડા વચ્ચેનું અંતર સત્તાણુ હજાર યોજન છે.[2]

૧. સ્થા.૩૦૫, સમ.૧૭, જીવા.૧૫૯, ભગ.૧૫૬. ૨. સમ.૯૭.

**૧. ગોથૂભા** (ગોસ્તૂપા) **રઇકરગ** પર્વતના દક્ષિણપશ્ચિમ ભાગ ઉપર આવેલું સ્થાન, **સક્ક**(૩)ની રાણી **ણવમિયા**(૩)ની તે રાજધાની છે.[1]

૧. સ્થા. ૩૦૭.

**૨. ગોથૂભા** **ણંદીસર**(૧) દ્વીપમાં **અંજણગ**(૧) પર્વતના પશ્ચિમ ભાગ ઉપર આવેલી પુષ્કરિણી.[1]

૧. સ્થા. ૩૦૭, જીવા.૧૮૩.

**ગોદત્તા** **ચક્કવટ્ટિ** **બંભદત્ત**(૧)ની પત્ની.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૩૭૯.

**ગોદાસ** **ભદ્દબાહુ**(૧)ના ચાર શિષ્યોમાંનો એક. તે **કાસવ** ગોત્રનો હતો.[1]

૧. કલ્પ(થેરાવલી).૭, કલ્પવિ.પૃ.૨૫૫.

**૧. ગોદાસગણ** **મહાવીર**ની આજ્ઞામાં રહેલા શ્રમણોના નવ ગણમાંનો એક ગણ.[1]

૧. સ્થા. ૬૮૦.

**૨. ગોદાસગણ** આચાર્ય **ગોદાસ**થી શરૂ થયેલો એક શ્રમણગણ. તેની ચાર શાખાઓ હતી – **તામલિત્તિઆ, કોડિવરિસિયા, પોંડવદ્ધણિયા** અને **દાસીખબ્બડિયા**.[1]

૧. કલ્પ (થેરાવલી)૭, કલ્પવિ.પૃ.૨૫૫.

**ગોધ** એક **અણારિય** (અનાર્ય) દેશ તેમજ તેના વાસીઓ.[1]

૧. પ્રજ્ઞા. ૩૭.

**ગોપાલઅ** (ગોપાલક) **ઉજ્જેણી**ના રાજા **પજ્જોય**નો પુત્ર. તે સંસાર ત્યાગી શ્રમણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બન્યો હતો.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૮૯.

**ગોબહુલ** સરવણ સન્નિવેશનો બ્રાહ્મણ. તેની ગૌશાળામાં **ગોસાલ**નો જન્મ થયો હતો.[1]

૧. ભગ.૫૪૦. આવનિ.૪૭૪, આવચૂ.૧.પૃ.૨૮૨,આવમ.પૃ.૨૭૬, આવહ.પૃ.૧૯૯.

**૧. ગોબ્બરગામ** (ગોર્બરગ્રામ) **મગધ**માં આવેલું ગામ.[1] તે **ચંપા** અને **રાયગિહ**ની વચ્ચે આવેલું હતું.[2] **વસુભૂઇ**(૧)ના પુત્રો **ઇંદભૂઇ, અગ્ગિભૂઇ**(૧) અને **વાઉભૂઇ** – જે **મહાવીર**ના ગણધરો હતા તે – આ ગામના હતા.[3]

૧.પિંડનિ.૧૯૯, પિંડનિમ.પૃ.૭૩. વિશેષા.૧૯૪૮.
૨.આવચૂ.૧.પૃ.૨૯૭, આવનિ.૪૯૪, ૩. આવનિ.૬૪૪, વિશેષા. ૨૫૦૪.

**૨. ગોબ્બરગામ** **વઇદિસ**ની પાસે આવેલું ગામ.[1]

૧. બૃભા.૬૦૯૬, બૃક્ષે. ૧૬૧૧.

**ગોમાયુપુત્ત** (ગોમાયુપુત્ર) આ અને **અજ્જુણ ગોમાયુપુત્ત** એક છે.[1]

૧. ભગ. ૫૩૯.

**૧. ગોમુહ** (ગોમુખ) એક દેવ.[1]

૧. આવ.પૃ.૧૯.

**૨. ગોમુહ** એક **અન્તરદીવ**.[1]

૧. પ્રજ્ઞા.૩૬, સ્થા.૩૦૪, નન્દિમ.પૃ.૧૦૩.

**ગોમેહ** (ગોમેધ) એક દેવ.[1]

૧. આવ.પૃ.૧૯.

**૧. ગોયમ** (ગૌતમ) **તિત્થયર મહાવીર**ના પ્રથમ ગણધર **ઇંદભૂઇ**નું ગોત્ર.[1] તે ગોત્રનામે પ્રસિદ્ધ થયા.

૧. ઉત્તરા.૨૩.૬થી આગળ, આવનિ.૬૫૦, વિશેષા.૨૫૦૩, ભગ.૬૪૦.

**૨. ગોયમ** **ઇંદભૂઇ, અગ્ગિભૂઇ**(૧) અને **વાઉભૂઇ**[1], તથા **અકંપિય**,[2] **થૂલભદ્દ**,[3] **સંજય**,[4] અને **ફગ્ગુમિત્ત**નું[5] ગોત્ર. **મહાવીર** સિવાય બધા **તિત્થંકરો ઇક્ખાગ** વંશના **ગોયમ** ગોત્રમાં જન્મ્યા હતા.[6] **ગોયમ** ગોત્રની સાત શાખાઓ કહેવાય છે – (૧) **ગોયમ**, (૨) **ગગ્ગ**(૧), (૩) **ભારદ્દાય**(૪), (૪) **અંગિરસ**, (૫) **સક્કરાભ**, (૬) **ભક્ખરાભ** અને (૭) **ઉદત્તાભ**.[7]

૧.આવનિ.૬૫૦, વિશેષા. ૨૫૦૩.
૨.આવનિ. ૬૫૦, વિશેષા. ૨૫૧૧.
૩.નન્દિ. ગાથા.૨૪.
૪.ઉત્તરા. ૧૮.૨૨.
૫. તીર્થો. ૮૧૭.
૬. આવચૂ.૧.પૃ.૨૩૬.
૭. સ્થઆ. ૫૫૧.

૩. **ગોયમ અંતગડદસા**ના પ્રથમ વર્ગનું પ્રથમ અધ્યયન.[૧]

૧. અન્ત. ૧.

૪. **ગોયમ** રાજા **અંધગવણ્હી** અને તેની રાણી **ધારિણી**(૫)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર અરિટ્ઠણેમિ**નો શિષ્ય બન્યો અને બાર વર્ષ શ્રમણ જીવનનો સંયમ પાળી **સેત્તુંજ** પર્વત ઉપર મોક્ષ પામ્યો.[૧]

૧. અન્ત. ૧.

૫. **ગોયમ જંબુદ્દીવ**ની પશ્ચિમ સીમાથી બાર હજાર યોજનના અંતરે **લવણ** સમુદ્રમાં આવેલો દ્વીપ. તે સમુદ્રનો અધિષ્ઠાતા દેવ **સુટ્ઠિય** ત્યાં વસે છે.[૧]

૧. સમ. ૬૭, જીવા. ૧૬૧.

૬. **ગોયમ રોહિણી**(૧૦) નક્ષત્રનું ગોત્રનામ.[૧]

૧. સૂર્ય. ૫૦, જમ્બૂ. ૧૫૯.

૭. **ગોયમ** યુવાન બળદોને શણગારી અને ચિત્રિત કરીને પ્રદર્શિત કરી તેમજ કરામતો દેખાડી આજીવિકા મેળવતા પરિવ્રાજકોનો વર્ગ.[૧]

૧. અનુ.૨૦, અનુહે.પૃ.૨૫.

**ગોયમકેસિજ્જ** (ગૌતમકેશીય) આ અને **કેસિગોયમિજ્જ** એક છે.[૧]

૧. સમ. ૩૬.

**ગોયમજ્જિયા** (ગૌતમીયા) **માણવગણ**(૨)ની ચાર શાખાઓમાંની એક.[૧]

૧. કલ્પ. પૃ. ૨૬૦.

**ગોયમપુત્ત** (ગૌતમપુત્ર) આ અને **અજ્જુણ**(૬) એક છે.[૧]

૧. ભગ. ૫૫૦.

**ગોયાવરી** (ગોદાવરી) જે નદીના કિનારા ઉપર **પતિટ્ઠાણ** નગર આવેલું છે તે નદી.[૧] તેની એકતા બંગાળના ઉપસાગરને મળતી વર્તમાન ગોદાવરી સાથે સ્થાપી શકાય.[૨]

૧. બૃક્ષે.૧૬૪૭, વ્યવમ.૪.પૃ.૩૬. ૨. જિઓડિ.પૃ. ૬૯.

**ગોરગિરિ** (ગૌરગિરિ) જેના ઝરણાની નીચે **સિવ**(૧)ની મૂર્તિ છે તે પર્વત.[૧]

૧. નિશીચૂ.૧.પૃ.૧૦.

**ગોરિગ** (ગૌરિક) **કાલિકેય** સમાન દેશ.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૬૨.

૧. **ગોરી** (ગૌરી) એક દેવી.[૧]

૧. આવ.પૃ.૧૮, બૃભા. ૨૫૦૮.

૨. **ગોરી વાસુદેવ**(૨) **કણ્હ**(૧)ની બીજા ક્રમની પટરાણી. તે સંસારનો ત્યાગ કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તિત્થયર અરિટ્ઠણેમિ**ની પ્રધાન શ્રમણી જક્ખિણીની શિષ્યા બની.[૧] વીસ વર્ષના શ્રમણજીવનનો સંયમ પાળી તે મોક્ષે ગઈ.[૨]

૧. આવ.પૃ.૨૮, અન્ત.૧૦, સ્થા.૬૨૬.   ૨. અન્ત.૧૦.

**૩. ગોરી** શ્રમણ **હરિએસ-બલ**ની માતા.[૧]

૧. ઉત્તરાચૂ.પૃ.૨૦૨, ઉત્તરાશા.પૃ.૩૫૫.

**૪. ગોરી અંતગડદસા**ના પાંચમા વર્ગનું બીજું અધ્યયન.[૧]

૧. અન્ત. ૯.

**ગોલવ્વાયણ** (ગોલવ્યાયન) **અણુરાહા** નક્ષત્રનું ગોત્રનામ.[૧]

૧. સૂર્ય.૫૦, જમ્બૂ.૧૫૯.

**ગોલિકાયણ** (ગોલિકાયન) **કોસિય**(૫) ગોત્રની એક શાખા.[૧]

૧. સ્થા. ૫૫૧.

**૧. ગોલ્લ** (ગોલ્ય) બે હાથ ઊંચા ચોરસ કઠેરાવાળી એક પ્રકારની પાલખી માટે પ્રસિદ્ધ દેશ.[૧] આ દેશમાં બેન સાથે લગ્ન નિષિદ્ધ નથી.[૨] (**ચણિઅગ્ગામ**નો) **ચાણક્ક** આ દેશનો હતો.[૩] તેની એકતા ગુન્તુર જિલ્લાની કિસ્ત્ના નદીને મળતી ગલ્લરુ નદીના કિનારા ઉપર આવેલ ગોલિ આસપાસના પ્રદેશ સાથે સ્થાપી શકાય.[૪]

૧. ભગઅ.પૃ.૩૯૯,જીવામ.પૃ.૨૮૧, અનુચૂ.પૃ.૫૩.
૨. આવચૂ.૨.પૃ.૮૧.
૩. આવચૂ.૧.પૃ.૫૬૩.
૪. લાઇ.પૃ.૨૮૬.

**૨. ગોલ્લ** (ગૌડ) **કાસવ** ગોત્રની સાત શાખાઓમાંની એક.[૧]

૧. સ્થા. ૫૫૧.

**ગોવલ્લાયણ** (ગોવલ્લાયન) **પુવ્વાફગ્ગુણી** નક્ષત્રનું ગોત્રનામ.[૧]

૧. સૂર્ય.૫૦, જમ્બૂ.૧૫૯.

**ગોવાલ** (ગોપાલ) **સુટ્ઠિય-સુપ્પડિબુદ્ધ**ના પાંચ શિષ્યોમાંનો એક. **વિજ્જાહરી** શ્રમણશાખા તેમનાથી શરૂ થઈ. તે **કાસવ**(૧) ગોત્રના હતા.[૧]

૧. કલ્પ (થેરાવલી).૭, કલ્પવિ.પૃ.૨૬૧.

**ગોવાલિય-મહત્તર** (ગોપાલિક-મહત્તર) **ઉત્તરજ્ઝયણચુણ્ણિ**ના કર્તા **જિનદાસગણિ-મહત્તર**ના ગુરુ.[૧]

૧. ઉત્તરાચૂ.પૃ. ૨૮૩.

**ગોવાલિયા** (ગોપાલિકા) જેની શિષ્યા **સુકુમાલિયા**(૧) હતી તે શ્રમણી. આ કુસુમાલિયા **દેવઈ**નો પૂર્વભવ હતો.[૧]

૧. જ્ઞાતા. ૧૧૩, ૧૧૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગોવાલી** (ગોપાલી) **તિત્થયર પાસ**(૧)ની શિષ્યા.[1]

૧. આવનિ.૧૩૦૨.

**ગોવિંદ** (ગોવિન્દ) **અવંતી** રાજ્યના ગામ **સંબુક્ક**(૨)નો રહેવાસી.[1] તે આચાર્ય **ગુણંધર**(૧)નો શિષ્ય બન્યો હતો.[2]

૧. મનિ.પૃ.૨૧૦. ૨. મનિ.પૃ.૨૧૭.

**ગોવિંદણિજ્જુત્તિ** (ગોવિન્દનિર્યુક્તિ) **ગોવિંદવાયગ** (ગોવિન્દવાચક) દ્વારા રચાયેલી નિર્યુક્તિ પ્રકારની ટીકા.[1] તે નષ્ટ થઈ ગઈ છે, વર્તમાનમાં અસ્તિત્વમાં નથી.

૧. નિશીચૂ.૩.પૃ.૨૬૦,૪.પૃ.૯૬, આવચૂ.૧.પૃ.૩૧ અને ૩૫૩.

**ગોવિંદદત્ત** **તગરા**માં વસતા આચાર્યનો શિષ્ય.[1]

૧. વ્યવભા. ૩.૩૫૦.

**ગોવિંદવાયગ** (ગોવિન્દવાચક) એક બૌદ્ધ ભિક્ષુ જેમણે ઉત્તરકાળે જૈન ધર્મ સ્વીકાર્યો.[1] તે **ગોવિંદણિજ્જુત્તિ**ના કર્તા છે.[2]

૧. દશચૂ.પૃ.૫૩,દશહ.પૃ.૫૩, નિશીભા.૩૬૫૬, સ્થાઅ.પૃ.૪૭૪,૫૦૪, આવચૂ. ૨. પૃ.૨૦૧, ૩૦૬, ૩૨૨, વ્યવભા.૬.૨૬૭-૨૬૮, આચાચૂ. પૃ. ૨૭, ૬૦, ૨૨૮.
૨. નિશીચૂ.૩.પૃ.૨૬૦, ૪.પૃ.૯૬.

**ગોવ્વતિઅ** (ગોવર્તિક) જીવવામાં બધી રીતે ગાયને અનુસરનારા અને ઘાસ,પાંદડાં, ફૂલ વગેરે લેનારા (ખાનારા) પરિવ્રાજકોનો એક વર્ગ.[1]

૧. અનુ.૨૦, અનુહે. પૃ.૨૫.

**ગોસંખિ** (ગોસઙ્ખિન્) **ગોબ્બરગામ**(૧)નો ખેડૂત. **બંધુમતી**(૩) તેની પત્ની હતી અને **વેસિયાયણ** તેણે દત્તક લીધેલો પુત્ર હતો.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૯૭, આવનિ.૪૯૪, વિશેષા.૧૯૪૮.

**ગોસાલ** (ગોશાલ) **મંખલિ** અને તેની પત્ની **ભદ્દા**(૨૮)નો પુત્ર. તેનો જન્મ **સરવણ** સન્નિવેશમાં થયો હતો. મંખલિ મંખ અર્થાત્ હાથમાં ચિત્રપટ લઈ તે દ્વારા લોકોને ઉપદેશ આપી આજીવિકા મેળવનાર ભિક્ષુક હતો.[1] મંખલિના આ પુત્રનું નામ ગોસાલ પાડવામાં આવ્યું કારણ કે તેનો જન્મ વેદવિશારદ ગોબહુલ બ્રાહ્મણની ગૌશાળામાં થયો હતો. તેને બધા **મંખલિપુત્ત** (અર્થાત્ મંખલિનો પુત્ર) કહેતા.[2] તેને **આજીવિય**ના સિદ્ધાન્ત નિયતિવાદનો પ્રવર્તક માનવામાં આવે છે.[3] ગોસાલે પોતાના પિતાની જેમ મંખ તરીકે જીવન શરૂ કર્યું. થોડા સમય પછી તેણે શ્રમણ **મહાવીર** સાથે પરિચય કેળવ્યો અને તે મહાવીરનો શિષ્ય બની ગયો. તે વખતે મહાવીર બીજો વર્ષાવાસ ગાળી રહ્યા હતા. ગોસાલ તેમની સાથે છ વર્ષ રહ્યો. તે પછી તેને મહાવીર સાથે સૈદ્ધાન્તિક મતભેદો ઊભા થયા. પરિણામે તેમનાં મન ઊંચા થઈ ગયાં અને છેવટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમનો સંબંધ સંપૂર્ણપણે તૂટી ગયો. ગોસાલ મહાવીરથી છૂટો પડી ગયો અને જ્યારે તેણે અઢાર વધુ વર્ષો પસાર કર્યા (અર્થાત્ સંસારત્યાગના ૨૪ વર્ષ પૂરા કર્યા) ત્યારે તેણે પોતાને જિન અને **તિત્થંકર** જાહેર કર્યો.[૪] ત્યાર પછી તેણે મહાવીર સાથે કલહ કર્યો અને મહાવીરને હણવા તેમના ઉપર તેજોલેશ્યા છોડી પરંતુ તે તેજોલેશ્યા મહાવીરને અસર કર્યા વિના પાછી ફરી ગોસાલ ઉપર જ વિરોધી હુમલો કરવા લાગી અને પરિણામે ગોસાલ સાત દિવસ પછી મૃત્યુ પામ્યો. આ પ્રસંગે મહાવીરે જાહેર કર્યું કે તે પોતે તો હજુ બીજા સોળ વર્ષો વધુ જીવવાના છે.[૫] ગોસાલે ઇચ્છાસ્વાતન્ત્ર્યનો નિષેધ કરનારા નિયતિવાદનો ઉપદેશ આપ્યો.[૬] તેને બાર મુખ્ય ઉપાસક હતા.[૭] – (૧) **તાલ**, (૨) **તાલપલંબ**, (૩) **ઉવવિહ**, (૪) **સંવિહ**, (૫) **અવવિહ**, (૬) **ઉદઅ**(૧), (૭) **ણામુદઅ**, (૮) **ણમુદઅ**, (૯) **અણુવાલઅ**, (૧૦) **સંખવાલઅ**(૨), (૧૧) **અયંપુલ**(૨) અને (૧૨) **કાયરઅ**. મહાવીર અંગે ગોસાલને **અદઅ**(૨) સાથે વિવાદ થયો અને તે વિવાદમાં અદએ ગોસાલને હરાવ્યો.[૮] ગોસાલના સિદ્ધાન્તો અને માન્યતાઓ માટે જુઓ **આજીવિય**.[૯] વધુ વિગતો માટે જુઓ **મહાવીર**.

૧. ભગ. ૫૪૦.
૨. ભગ. ૫૪૦.
૩. સમઅ.પૃ.૧૩૦, પ્રજ્ઞાહ.પૃ.૧૨૦, નન્દિમ.પૃ. ૨૩૯.
૪. ભગ. ૫૩૯-૫૪૬.
૫. ભગ. ૫૫૩, ૫૫૫-૫૫૬.
૬. ભગ. ૫૪૭-૫૬૦, વિશેષા.૧૯૨૭-૪૭, ૩૦૬૨, ઉપા.૩૬-૪૪, આવનિ.૪૭૩-૪૯૪, આવચૂ.૧. પૃ.૨૭૧, ૨૮૨-૮૪, ૨૮૭-૨૯૯, સ્થાઅ.પૃ.૪૫૭, ૫૦૯,૫૨૨,કલ્પવિ. પૃ. ૩૭થી, નન્દિહ.પૃ.૮૭.
૭. ભગ. ૩૩૦.
૮. સૂત્રનિ.૧૯૦, સૂત્રચૂ. પૃ. ૪૧૭.
૯. પૂરી માહિતી માટે A. L. Basham નું પુસ્તક History and Doctrines of Ajivikas જોવું જોઈએ.

## ઘ

**ઘંટિય** (ઘણ્ટિક) ડોંબ કોમ દ્વારા પૂજાતો જક્ખ દેવ.[૧]

૧. બૃભા. ૧૩૧૨. બૃક્ષે. ૪૦૩-૪૦૪.

**૧. ઘણ** (ઘન) **આણયકપ્પ**માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણીસ સાગરોપમ વર્ષનું છે.[૧]

૧. સમ. ૧૯.

**૨. ઘણ વાણારસી**નો વેપારી.[૧]

૧. જ્ઞાતા. ૧૫૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઘણદંત** (ઘનદન્ત) એક અંતરદીવ.[1]

૧. સ્થા.૩૦૪, ૬૯૮, પ્રજ્ઞા. ૩૬.

**૧. ઘણવિજ્જુયા** (ઘનવિદ્યુતા) **ધરણ**(૧)ની છ મુખ્ય પત્નીઓમાંની એક.[1] **ણાયાધમ્મકહા**માં **ઘણા**(૨) અને **વિજ્જુગા**(૧) એમ બે અલગ રાણીઓ ધરણની જણાવવામાં આવી છે.[2]

૧. ભગ.૪૦૬, સ્થા.૫૦૮ ૨. જ્ઞાતા.૧૫૧.

**૨. ઘણવિજ્જુયા વિજ્જુકુમારીમહત્તરિયા** દેવી.[1]

૧. સ્થા. ૫૦૭.

**ઘણસિરી** (ઘનશ્રી) **ઘણ**(૨) વેપારીની પત્ની.[1]

૧. જ્ઞાતા. ૧૫૧.

**૧. ઘણા** (ઘના) **ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના ત્રીજા વર્ગનું ચોથું અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૧૫૧.

**૨. ઘણા વાણારસી**ના **ઘણ**(૨) વેપારી અને તેની પત્ની **ઘણસિરી**ની પુત્રી. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર પાસ**(૧)ની શિષ્યા બની હતી. મૃત્યુ પછી તેનો જન્મ **ધરણ**(૧)ની એક મુખ્ય પત્ની તરીકે થયો હતો.[1] જુઓ **ઘણવિજ્જુયા**(૧).

૧. જ્ઞાતા. ૧૫૧.

**ઘતવરદીવ** (ઘૃતવરદ્વીપ) જુઓ **ઘયવરદીવ**.[1]

૧. સૂર્ય.૧૦૧.

**ઘતોદ** (ઘૃતોદ) આ અને **ઘતોદસમુદ્દ** એક છે.[1]

૧. જીવા.૧૮૨, અનુચૂ.પૃ.૩૫.

**ઘતોદસમુદ્દ** (ઘૃતોદસમુદ્ર) **ઘયવરદીવ**ને ફરતે આવેલો સમુદ્ર. તેના અધિષ્ઠાતા દેવો **કંત**(૧) અને **સુકંત** છે.[1]

૧. જીવા.૧૮૨, ૧૬૬, સૂર્ય.૧૦૧, અનુહે.પૃ.૯૦.

**ઘમ્મા**(ઘર્મા) **રયણપ્પભા**(૨) નરકભૂમિનું બીજું નામ.[1]

૧. સ્થા. ૫૪૬, જીવા. ૬૭.

**ઘયદીવ** (ઘૃતદ્વીપ) આ અને **ઘયવરદીવં** એક જ છે.[1]

૧. જીવા. ૧૬૬.

**ઘયપૂસમિત્ત** (ઘૃતપુષ્યમિત્ર) આચાર્ય **રક્ખિય**(૧)નો શિષ્ય. તે પોતાની અલૌકિક શક્તિથી ઇચ્છે ત્યારે ઘી પેદા કરી શકતો.[1]

૧. આવભા.૧૪૨, આવચૂ.૧.પૃ.૪૦૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઘયવર** (ઘૃતવર) ખીરોદ સમુદ્રની ફરતે આવેલો વલયાકાર દ્વીપ: **કણય**(૨) અને **કણગપ્પભ** તેના અધિષ્ઠાતા દેવો છે.[1]

૧. જીવા.૧૮૨, ૧૬૬, સૂર્ય.૧૦૧, અનુહે.પૃ.૯૦.

**ઘયવરદીવ** (ઘૃતવરદ્વીપ) આ અને **ઘયવર** એક છે.[1]

૧. જીવા. ૧૮૨.

**ઘયસમુદ્દ** (ઘૃતસમુદ્ર) આ અને **ઘતોદસમુદ્દ** એક છે.[1]

૧. જીવા. ૧૬૬.

**ઘયોદસમુદ્દ** (ઘૃતોદસમુદ્ર) જુઓ **ઘતોદસમુદ્દ.**[1]

૧. જીવા. ૧૮૨.

**ઘોડગગીવ** (ઘોટકગ્રીવ) આ અને **આસગ્ગીવ** એક છે.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૩૪.

**ઘોડગમુહ** અથવા **ઘોડયમુહ** (ઘોટકમુખ) અન્યમતવાદીનો ગ્રન્થ.[1]

૧. નન્દિ.૪૨, અનુ.૪૧.

**૧. ઘોસ** (ઘોષ) દક્ષિણના **થણીયકુમાર** દેવોનો ઇન્દ્ર.[1] તેને છ મુખ્ય પત્નીઓ છે, તેમનાં નામો **ધરણ**(૧)ની મુખ્ય પત્નીઓનાં નામો સમાન છે.[2] તેને અને **મહાઘોસ**(૪) બન્નેને ચાર ચાર લોગપાલ છે. તે છે – **આવત્ત**(૭), **વિયાવત્ત**(૧), **નંદિઆવત્ત**(૨) અને **મહાણંદિઆવત્ત**(૨).[3]

૧. ભગ.૧૬૯,સ્થા.૨૫૬. ૨.સ્થા.૫૦૮, ભગ.૪૦૬. ૩. થા.૨૫૬, ભગ.૧૬૯.

**૨. ઘોસ સયંભૂ**(૪)ના જેવું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૬.

**૩. ઘોસ બંભલોઅ**નું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય દસ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૧૦.

**૪. ઘોસ તિત્થયરસ પાસ**(૧)ના આઠ ગણધરોમાંનો એક.[1] તેમનું બીજું નામ **સુભઘોસ** છે.[2]

૧. સ્થા.૬૧૭. ૨. સમ.૮.

## <u>ચ</u>

**ચઉદ્દસપુવ્વ** (ચતુર્દશપૂર્વ) ચૌદ પુવ્વગય ગ્રન્થો.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. સમ.૧૪.

**ચઉપ્પય** (ચતુષ્પદ) અગિયાર કરણમાંનું એક.[૧]

૧. જમ્બૂ.૧૫૩, સૂત્રનિ.૧૨.

**ચઉમ્મુહ** (ચતુર્મુખ) **પાડલિપુત્ત**નો ભાવી રાજા.[૧]

૧. તીર્થો. ૬૩૫થી આગળ.

**ચઉરંગિજ્જ** અથવા **ચઉરંગેજ્જ** (ચતુરઙ્ગીય) જુઓ **ચતુરંગિજ્જ.**[૧]

૧. સમ.૩૬, આચાચૂ.પૃ.૪, ઉત્તરાચૂ.પૃ.૯૧.

**ચઉવીસત્થઅ** અથવા **ચઉવીસત્થય** (ચતુર્વિંશતિસ્તવ) **આવસ્સય**નું બીજું અધ્યયન.[૧]

૧. આવચૂ.૧.પૃ.૩, આવનિ.(દીપિકા), ૨.પૃ.૧૮૩, આવનિ.૧૦૬૩, નન્દિમ. પૃ. ૨૦૪, આવચૂ.૧.પૃ.૪૩૬, આવચૂ.૨.પૃ.૧૪, અનુ.૫૯, પાક્ષિય.પૃ.૪૧.

**ચઉસરણ** (ચતુઃશરણ) ત્રેસઠ ગાથાઓનો બનેલો આગમગ્રન્થ. તેમાં ચાર શરણનું અર્થાત્ અર્હત્, સિદ્ધ, સાધુ અને ધર્મરૂપ ચાર શરણનું નિરૂપણ છે.[૧] તે **વીરભદ્દ**(૨)ની રચના છે.[૨] જુઓ **પઇણ્ણગ.**

૧. ચતુઃ ૧૧. ૨. ચતુઃ ૬૩.

**ચંચુય** (ચઞ્ચુક) એક **અણારિય** (અનાર્ય) જાતિ અને તેમનો દેશ. આ અને **ચુંચુય** એક છે.[૧]

૧. પ્રશ્ન.૪, સૂત્રશી.પૃ.૧૨૩.

**ચંડકોસિઅ** અથવા **ચંડકોસિય** (ચણ્ડકૌશિક) **વાચાલ**ના જંગલમાં રહેતો એક ઝેરી સાપ. **કણગખલ** નામના આશ્રમ પાસે તે મહાવીરને ડસ્યો હતો.[૧] જુઓ **કોસિઅ**(૨).

૧. આવનિ. ૪૬૮, વિશેષા.૧૯૨૨, આવચૂ.૧.પૃ.૨૭૮-૨૭૯, કલ્પધ.પૃ.૧૦૪, નન્દિમ.પૃ.૧૬૭, કલ્પવિ.પૃ.૧૬૨, સ્થાઅ.પૃ.૨૮૧.

**ચંડજ્ઝય** (ચણ્ડધ્વજ) **અરક્ખુરી**નો રાજા. **ધણમિત્ત**(૧)ના પુત્ર **સુજાત**(૨) સાથે તેણે તેની બેન **ચંદજસા**(૨) પરણાવી હતી.[૧]

૧. આવચૂ.૨.પૃ.૧૯૮.

**ચંડપજ્જોઅ** (ચણ્ડપ્રદ્યોત) જુઓ **પજ્જોય.**[૧]

૧. ઉત્તરાને.પૃ.૧૩૬.

**ચંડપિંગલ** (ચણ્ડપિઙ્ગલ) **વસંતપુર**(૩)ની ગણિકા સાથે રહેતો તે જ નગરનો ચોર. એક વાર તે જ નગરની રાણીનો હાર ચોરી તેણે ગણિકાને આપ્યો. આ ગુન્હા માટે રાજાએ તેને ફાંસીની સજા કરી.[૧]

૧. આવચૂ.૧.પૃ.૫૯૦, આવનિ.૧૦૧૯, ભક્ત.૧૩૭, વિશેષા.૩૯૬૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચંડમેહ** (ચણ્ડમેઘ) ભરહ(૨)માં વર્તમાન **ઓસપ્પિણી**માં થયેલા પ્રથમ **પડિસત્તુ** **આસગ્ગીવ**નો દૂત.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૩૩, આવમ.પૃ.૨૫૦, આવહ.પૃ.૧૭૪.

**ચંડરુદ્દ** (ચણ્ડરુદ્ર) ભારે ગુસ્સાવાળા આચાર્ય જેમણે દંડો ફટકારી શિષ્યનું માથું ફોડી નાખ્યું હતું.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૩૧, ઉત્તરાશા.પૃ.૫૦, ઉત્તરાક.પૃ.૧૦-૧૨, બૃભા. ૬૧૦૨-૬૧૦૪ આવચૂ.૨.પૃ.૭૭, આવહ.પૃ.૫૭૭.

**૧. ચંડવડંસઅ** (ચન્દ્રાવતંસક) **સાએય**ના રાજા. **ધારિણી** (૩૨) તેની રાણી હતી અને **મુણિચંદ**(૪) તેમનો પુત્ર હતો. ચંડવડંસઅ પુત્રને રાજા તરીકે સ્થાપી સંસાર છોડી શ્રમણ બની ગયા અને મોક્ષે ગયા.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૨૧૩, ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૩૭૫.

**૨. ચંડવડંસઅ** આ અને **ચંદવડેંસઅ** એક છે.[1]

૧. આવહ.પૃ.૩૬૬.

**ચંડવડિંસઅ** (ચન્દ્રાવતંસક) જુઓ **ચંડવડંસઅ.**[1]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૩૭૫, ઉત્તરાચૂ.પૃ.૨૧૩.

**ચંડવેગ** (ચણ્ડવેગ) **કાઈંદી** નગરીનો રહેવાસી. તેણે **અમયઘોસ**ની હત્યા કરી હતી.[1]

૧. સંસ્તા. ૭૮.

**૧. ચંડા** (ચણ્ડા) એક દેવી.[1]

૧. આવ. પૃ.૧૯.

**૨. ચંડા** **ચમર, બલિ, ધરણ** વગેરે જેવા **ઈંદ**(૧)ની ત્રણ સભામાંની એક.[1]

૧. સ્થા.૧૫૪.

**ચંડિયા** (ચણ્ડિકા) એક દેવી.[1]

૧. આચાચૂ.પૃ.૬૧, પ્રશ્નઅ.પૃ.૩૯, કલ્પધ.પૃ.૧૨.

**૧. ચંદ**(ચન્દ્ર) **જોઇસિય** દેવોનો ઇન્દ્ર.[1] પૃથ્વીથી ઉપરની દિશામાં ૮૮૦ યોજનના અન્તરે તેનો પ્રદેશ શરૂ થાય છે.[2] તે **ચંદવડિંસઅ** નામના સ્વર્ગીય વાસસ્થાનમાં વસે છે.[3] તેને ચાર મુખ્ય પત્નીઓ છે – (૧) **ચંદપ્પભા**(૨), (૨) **દોસિણાભા**(૨), (૩) **અચ્ચિમાલિ**(૨) અને (૪) **પભંકરા**(૩).[4] તેના કુટુંબમાં અઠ્યાસી **ગહ** (ગ્રહ), અઠ્ઠાવીસ **ણક્ખત્ત**(૧) (નક્ષત્ર) અને છાસઠ હજાર નવ સો પંચોતેર કોટાકોટિ **તારા**(૩) છે.[5] તેનું આયુષ્ય એક પલ્યોપમ અને એક લાખ વર્ષનું છે.[6] **મહાવીર**ના દર્શન કરવા તે **રાયગિહ** નગરે ઉતરી આવ્યો હતો અને મહાવીર આગળ તેણે નાટક


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભજવ્યું હતું.[૭] જ્યારે **રાહુ**(૧) ચંદને ઢાંકે છે ત્યારે તેના કારણે ચન્દ્રગ્રહણ થાય છે.[૮]

**જંબૂદીવ** ઉપર બે ચંદ છે, **લવણસમુદ્દ** ઉપર ચાર છે, **ધાયઈખંડ** ઉપર બાર છે, **કાલોદહિ** ઉપર બેતાલીસ છે અને **પુક્ખરવરદીવ**ના પ્રથમ અડધા ભાગ ઉપર બોતેર છે.[૯]

આકાશમાં ચંદના પથને ચંદ્રનું ચક્ર કહેવામાં આવે છે. આવાં ચક્રો પંદર છે.[૧૦]

૧. ભગ.૧૬૯, પ્રજ્ઞા.૫૦, સૂર્ય.૯૭, જમ્બૂ.૧૭૦.
૨. સૂર્ય.૮૯, દેવે. ૮૪.
૩. જમ્બૂ. ૧૭૦.
૪. સૂર્ય.૯૭, જીવા.૨૦૨, જમ્બૂ.૧૭૦, જ્ઞાતા.૧૫૬.
૫. સૂર્ય.૯૧, જીવા.૧૯૪, દેવે.૧૫૭-૫૮, જમ્બૂ.૧૬૩, સમ.૮૮.
૬. નિર.૩.૧, દેવે.૧૫૯.
૭. નિર.૩.૧.
૮. ભગ. ૪૫૩.
૯. સૂર્ય.૧૦૦, દેવે.૧૪૮-૫૦, જીવા.૧૫૫, ભગ.૩૬૩, જમ્બૂ.૧૨૬.
૧૦. જમ્બૂ.૧૪૨, સૂર્ય.૪૫, સમ.૬૨, જીવા.૧૭૭.

**૨. ચંદ દીહદસા**નું પહેલું અધ્યયન.[૧] વર્તમાનમાં તે **પુપ્ફિયા**ના પહેલા અધ્યયન તરીકે મળે છે.[૨]

૧. સ્થા. ૭૫૫.
૨. નિર.૩.૧.

**૩. ચંદ સણંકુમાર**(૧) અને **માહિંદ**(૩)નું સ્વર્ગીય વાસસ્થાન. અહીં જન્મેલા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે.[૧]

૧. સમ.૩.

**૪. ચંદ ચંદ**(૧)નું સિંહાસન.[૧]

૧. સૂર્ય.૯૭.

**૫. ચંદ સીઓયા** નદીની ઉત્તરે અને **મહાવિદેહ**ના **વપ્પ** પ્રદેશની પૂર્વ સીમા ઉપર આવેલો પર્વત. તે પર્વતના ચાર શિખરોમાંના એક શિખરનું પણ આ જ નામ છે.[૧]

૧. જમ્બૂ.૧૦૨, સ્થા.૩૦૨, ૪૩૪, ૬૩૭.

**૬. ચંદ રુયગ**(૧) પર્વતના પશ્ચિમ ભાગમાં આવેલું શિખર.[૧]

૧. સ્થા. ૬૪૩.

**ચંદઉત્ત** (ચન્દ્રગુપ્ત) **પાડલિપુત્ત**નો રાજા. **નંદ**(૧)ના રાજ્યના એક ગામમાં વસતા મયૂરપાલકનો (મોરપોસગ = મયૂરપોષકનો) તે પુત્ર હતો. **ચણક્કે** યોજેલા આક્રમણમાં નંદ રાજાને હરાવીને ચણક્કની મદદથી તે પાડલિપુત્તનો રાજા બન્યો હતો. પછી નંદની પુત્રી ચંદઉત્તને પરણી હતી.[૧] તેનો પુત્ર **બિંદુસાર**(૨) તેના મૃત્યુ પછી પાડલિપુત્તનો રાજા બન્યો.[૨] **અસોગ**(૧)નો પુત્ર અને બિંદુસારનો પૌત્ર **કુણાલ**(૧) તેનો પ્રપૌત્ર હતો.[૩]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવચૂ.૧.પૃ.૫૬૩-૬૫, દશચૂ.પૃ. ૫૨,૮૧, સંસ્તા.૭૦,નિશીચૂ.૪. પૃ.૧૦.
૨. કલ્પધ.પૃ.૧૬૪, અનુહ.પૃ.૭૦.
નિશીચૂ.૨.પૃ.૩૬૧.
૩. બૃભા. ૩૨૭૬, નિશીભા. ૫૭૪૫, વિશેષાકો. પૃ. ૨૭૫.

**ચંદઓત્ત** (ચન્દ્રગુપ્ત) જુઓ **ચંદઉત્ત**.[1]

૧. આવચૂ.૨.પૃ. ૨૮૧.

**ચંદકંત** (ચન્દ્રકાન્ત) **સણંકુમાર**(૧) અને **માહિંદ**(૩)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. અહીં જન્મેલા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૩.

**ચંદકંતા** (ચન્દ્રકાન્તા) વર્તમાન **ઓસપ્પિણી**ના કુલગર **ચક્ખુમ**ની પત્ની.[1]

૧. આવનિ.૧૫૯, વિશેષા.૧૫૭૨, તીર્થો.૭૯, સમ.૧૫૭, સ્થા. ૫૫૬.

**ચંદકૂડ** (ચન્દ્રકૂટ) **સણંકુમાર**(૧) અને **માહિંદ**(૩)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ. ૩.

**ચંદગવિજ્ઝય** (ચન્દ્રકવેધ્યક) આ અને **ચંદગવેજ્ઝગ** એક છે.[1]

૧. આવહ.પૃ.૭૪૦.

**ચંદગવેજ્ઝગ** (ચન્દ્રકવેધ્યક) **અંગબાહિર ઉક્કાલિઅ** આગમગ્રન્થ.[1] તે કુલ ૧૭૫ ગાથાનો બનેલો છે. મૃત્યુ સમયે વ્યક્તિએ કેવી રીતે વર્તવું જોઈએ એની સમજણ તે આપે છે.[2]

૧. પાક્ષિ.પૃ.૪૩, નન્દિ.૪૪, આવચૂ.૨.પૃ.૨૨૪, નિશીચૂ.૪. પૃ.૨૩૫.
૨. ચંવે.૧૧૭-૧૭૫.

**ચંદગુત્ત** (ચન્દ્રગુપ્ત) જુઓ **ચંદઉત્ત**.[1]

૧. આવચૂ.૧.પૃ.૭૮, દશચૂ.પૃ.૮૧, સમ.૭૦, બૃભા.૩૨૭૬, આવહ.પૃ.૪૩૪, નિશીચૂ.૩.પૃ.૪૨૪.

**ચંદઘોસ** (ચન્દ્રઘોષ) **અરક્ખુરી**નો રાજા.[1]

૧. આવનિ.૧૨૯૭.

**ચંદચ્છાય** (ચન્દ્રચ્છાય) **અંગ**(૧)ની રાજધાની **ચંપા**નો રાજા.[1] રાજા **કુંભ**ની પુત્રી **મલ્લિ**(૧)ના રૂપથી અંજાઈ ગયેલા તેણે મલ્લિને પરણવા માટે **મિહિલા** ઉપર આક્રમણ કર્યું હતું. માનવશરીર જેવી ઘૃણાસ્પદ વસ્તુઓ પાછળ ન પડવા મલ્લિએ તેને સમજાવ્યો. મલ્લિએ કરેલી દલીલોથી તે એટલો તો પ્રભાવિત થયો કે તે સંસારનો ત્યાગ કરી શ્રમણ બની ગયો. વખત જતાં તેને કેવલજ્ઞાન થયું અને તે મોક્ષ પામ્યો.[1] જુઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મલ્લિ**(૧).

૧. જ્ઞાતા. ૬૫, ૬૯-૭૦.

**૧. ચંદજસા** (ચન્દ્રયશા) વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રમાં થયેલા પ્રથમ કુલગર **વિમલવાહણ**(૬)ની પત્ની.[1]

૧. આવનિ.૧૫૯, વિશેષા.૧૫૭૨, તીર્થો.૭૯, સમ.૧૫૭, આવમ.પૃ.૧૫૫.

**૨. ચંદજસા** **અરક્ખુરી**ના રાજા **ચંડજ્ઝય**ની બેન અને **ચંપા**ના **ધણમિત્ત**ના પુત્ર **સુજાત**(૨)ની પત્ની.

૧. આવચૂ.૨.પૃ.૧૯૮, આવનિ.૧૨૯૮, આવમ.પૃ.૭૧૦.

**ચંદજ્ઝઅ** (ચન્દ્રધ્વજ) જુઓ **ચંદજ્ઝય.**[1]

૧. આવહ.પૃ.૭૧૦.

**ચંદજ્ઝય** (ચન્દ્રધ્વજ) **સણંકુમાર**(૧) અને **માહિંદ**(૩)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૩.

**ચંદણકંથા** (ચન્દનકન્થા) **કણ્હ**(૧)ની ભેરી.[1]

૧. વિશેષા. ૧૪૪૬-૪૮, વિશેષાકો.પૃ.૪૧૮-૪૧૯.

**ચંદણજ્જા** (ચન્દનાર્યા) જુઓ **ચંદણા**(૧).[1]

૧. તીર્થો. ૪૬૨.

**ચંદણપાયવ** (ચન્દનપાદપ) **મિયગામ**નું ઉદ્યાન.[1]

૧. વિપા.૨.

**ચંદણબાલા** (ચન્દનબાલા) આ અને **ચંદણા**(૧) એક છે.[1]

૧. આવ.પૃ.૨૮.

**૧. ચંદણા** (ચન્દના) **મહાવીર**ની મુખ્ય શિષ્યા. છત્રીસ હજાર શ્રમણીઓની તે નાયિકા હતી.[1] **ચંપા** નગરીનો રાજા **દહિવાહણ** તેનો પિતા હતો. તેનું મૂળ નામ **વસુમઈ**(૧) હતું. એક વાર **કોસંબી**ના **સયાણીઅ** રાજાએ ચંપા ઉપર આક્રમણ કર્યું. ગમે તેમ કરીને રાજા દહિવાહણ છટકીને ભાગી ગયો પરંતુ રાણી **ધારિણી**(૩) અને રાજકુમારી વસુમઈને એક ઊંટસવારે પકડી લીધાં.[2] રાણી માર્ગમાં મૃત્યુ પામી જ્યારે રાજકુમારીને કોસંબીના વેપારી **ધણાવહ**(૧)ને વેચી દેવામાં આવી. વેપારીની પત્ની મૂલા તેને ત્રાસ આપવા લાગી કારણ કે તેને શંકા હતી કે એક દિવસ તે તેની શોક (સપત્ની) બની જશે.

ચંદણાએ **મહાવીર**ને રાંધેલા બાકળા વહોરાવી તેમનો છ મહિના (પાંચ દિવસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓછા)નો અભિગ્રહ પૂરો કર્યો હતો.[3] ચંદણાને **મિયાવઈ**(૧) એક મુખ્ય શિષ્યા હતી. પોતે મિયાવઇને ખોટી રીતે ઠપકો આપ્યો તેથી તેને ખૂબ પશ્ચાત્તાપ થયો, આ પશ્ચાત્તાપને કારણે તેને કેવળજ્ઞાન થયું.[4]

૧. કલ્પ.૧૩૫, તીર્થો.૪૬૨,દશચૂ.પૃ. ૫૦, ભગ.૩૮૨, આવચૂ.૧.પૃ. ૩૨૦, અન્ત.૧૭-૨૬, આવ.પૃ. ૨૮, સમ.૧૫૭.
૨. આવહ.પૃ.૨૨૩ અનુસાર તે બેને નાવિકે પકડ્યા હતા.
૩. આવચૂ.૧.પૃ.૩૧૮-૧૯, કલ્પવિ.પૃ. ૧૭૦, કલ્પધ.પૃ.૧૦૯, આવનિ.૫૨૧.
૪. આવચૂ.૧.પૃ.૬૧૫.

૨. **ચંદણા** **દત્ત**(૧૨) વેપારી જે નગરનો હતો તે નગર.[1]

૧. નિર.૩.૭.

**ચંદણાગરી** (ચન્દ્રનાગરી) **ઉત્તરબલિસ્સહગણ**(૨)ની ચાર શાખાઓમાંની એક.[1]

૧. કલ્પ.પૃ.૨૫૭.

**ચંદદહ** (ચન્દ્રદ્રહ) જુઓ **ચંદદ્દહ**.[1]

૧. સ્થા. ૪૩૪.

**ચંદદીવ** (ચન્દ્રદ્વીપ) લવણ સમુદ્રમાં **મંદર**(૩) પર્વતથી બાર હજાર યોજન દૂર પૂર્વમાં આવેલો દ્વીપ.[1] આવા જ દ્વીપો **કાલોદહિ** વગેરે સમુદ્રોમાં પણ આવેલા છે.[2]

૧. જીવા.૧૬૨. ૨. જીવા.૧૬૩-૧૬૭.

**ચંદદ્દહ** (ચન્દ્રદ્રહ) **ઉત્તરકુરુ**(૧)માં આવેલું સરોવર.[1]

૧. જીવા.૧૫૦, જમ્બૂ.૮૯, સ્થા. ૪૩૪.

**ચંદપણ્ણત્તિ** (ચન્દ્રપ્રજ્ઞપ્તિ) **અંગબાહિર** **કાલિઅ** આગમગ્રન્થ.[1] તે સાતમા **ઉવંગ** તરીકે પણ પ્રસિદ્ધ છે.[2] તેનું નામ સૂચવે છે તે મુજબ તે ચન્દ્રનું વર્ણન કરે છે. આજે ઉપલબ્ધ તે **સુરિયપણ્ણત્તિ**થી અભિન્ન છે[3]– જે સુરિયપણ્ણત્તિ (પૂર્વાર્ધમાં) સૂર્ય અને (ઉત્તરાર્ધમાં) ચન્દ્ર એમ બંનેનું નિરૂપણ કરે છે.

૧. નન્દિ.૪૪, પાક્ષિ.પૃ.૪૪,નિશીભા. ૬૨, જીવામ.પૃ.૧૭૪, પ્રજ્ઞામ.પૃ. ૯૯, સમઅ.પૃ.૧૩, સ્થાઅ.પૃ.૩૪૪, સ્થા.૧૫૨, ૨૭૭.
૨. જમ્બૂશા. પૃ.૧.
૩. વ્યવમ.૧.પૃ.૮.

**ચંદપવ્વય** (ચન્દ્રપર્વત) જુઓ **ચંદ**(૫).[1]

૧. સ્થા.૩૦૨, ૪૩૪, ૬૩૭.

**ચંદપુર** (ચન્દ્રપુર) આઠમા **તિત્થંકર** **ચંદપ્પભ**નું જન્મસ્થાન. તે **ચંદાણણા**(૨) તરીકે પણ પ્રસિદ્ધ છે.[1] તેની એકતા બનારસ પાસે આવેલા ચન્દ્રાવતી ગામ સાથે છે.[2]

૧. સમ.૧૫૭, તીર્થો.૪૯૬, આવનિ.૩૮૨. ૨. લાઇ.પૃ.૨૭૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચંદપ્પભ** (ચન્દ્રપ્રભ) જુઓ **ચંદપ્પહ.**[1]

૧. સમ.૩, આવ.પૃ.૪, સમ.૯૭.

**૧. ચંદપ્પભા** (ચન્દ્રપ્રભા) **ણાયાધમ્મકહા**ના (બીજા શ્રુતસ્કન્ધના) આઠમા વર્ગનું પ્રથમ અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૧૫૬.

**૨. ચંદપ્પભા** **મહુરા**(૧)ના **ચંદપ્પભ**(૩) અને **ચંદસિરી**(૧)ની પુત્રી. તેને **તિત્થયર પાસ**(૧)એ દીક્ષા આપી હતી. મૃત્યુ પછી તેનો જન્મ **ચંદ**(૧)ની મુખ્ય પત્ની તરીકે થયો હતો.[1]

૧. જ્ઞાતા. ૧૫૬.

**૩. ચંદપ્પભા** **ચંદ**(૧)ની ચાર મુખ્ય પત્નીઓમાંની એક.[1] આ અને ચંદપ્પભા(૨) એક છે.

૧. જ્ઞાતા.૧૫૬, ભગ.૪૦૬, જીવા.૨૦૨, સૂર્ય.૯૭, ૧૦૬, જમ્બૂ.૧૭૦, સ્થા.૨૭૩.

**૪. ચંદપ્પભા** સંસારત્યાગના પ્રસંગે **મહાવીર** દ્વારા ઉપયોગમાં લેવાયેલી પાલખી.[1] દસમા **તિત્થંકર** **સીયલ** માટે ઉપયોગમાં લેવાયેલી પાલખીનું પણ આ જ નામ છે.[2]

૧. કલ્પ.૧૧૩, સમ.૧૫૭, આવભા. ૯૨, આવચૂ.૧.પૃ.૨૫૮, વિશેષા. ૧૯૯૧, આચા.૨.૧૭૯, કલ્પવિ. પૃ.૧૪૮, કલ્પધ.પૃ.૯૫.
૨. સમ.૧૫૭.

**૫. ચંદપ્પભા** જ્યાં **ઉસહ**(૧) મોક્ષ પામ્યા હતા તે **અટ્ઠાવય** પર્વત ઉપર **ચક્કવટ્ટિ** **ભરહ**(૧) દ્વારા સ્થાપવામાં આવેલી ચાર જિનપ્રતિમાઓમાંની એક.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૨૪.

**૧. ચંદપ્પહ** (ચન્દ્રપ્રભ) વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રમાં થયેલા આઠમા તિત્થંકર.[1] તે **સસિ**(૧) નામે પણ જાણીતા છે.[2] તે **ચંદપુર**ના રાજા **મહાસેણ**(૪) અને તેમની રાણી **લક્ખણા**(૩)ના પુત્ર હતા.[3] તેમની ઊંચાઈ એક સો પચાસ ધનુષ હતી.[4] તેમનો વર્ણ ચન્દ્ર જેવો ધવલ હતો.[5] તેમણે એક હજાર પુરુષો સાથે સંસારનો ત્યાગ કર્યો હતો.[6] તે પ્રસંગે તેમણે **અપરાઇયા**(૧૨) પાલખીનો ઉપયોગ કર્યો હતો.[7] તેમણે પ્રથમ ભિક્ષા **પઉમસંડ**માં **સોમદત્ત**(૩) પાસેથી ગ્રહણ કરી હતી.[8] તેમનું પવિત્ર વૃક્ષ નાગવૃક્ષ હતું.[9] તેમનો પ્રથમ શિષ્ય **દિણ્ણ**(૨) હતો અને તેમની પ્રથમ શિષ્યા **સુમણા**(૩) હતી.[10] તેમની આજ્ઞામાં શ્રમણોના ત્રાણુ ગણો હતા, ત્રાણુ **ગણધરો** હતા, બે લાખ પચાસ હજાર શ્રમણો હતા અને ત્રણ લાખ એંશી હજાર શ્રમણીઓ હતી.[11] તે દસ લાખ પૂર્વ વર્ષની ઉંમરે **સમ્મેય** પર્વત ઉપર મોક્ષ પામ્યા.[12] તે પોતાના પૂર્વભવમાં **દીહબાહુ**(૧) હતા.[13]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવ.પૂ.૪, કલ્પ.૧૯૭, આવનિ. ૧૦૯૦, તીર્થો.૩૨૧, મનિ.પૂ. ૧૧૮, સ્થા.૫૨૦.
૨. આવનિ.૩૭૦, વિશેષા.૧૭૫૮.
૩. સમ.૧૫૭, આવનિ.૩૮૨, ૩૮૫, ૩૮૭.
૪. સમ.૧૦૧, આવનિ.૩૭૮, તીર્થો. ૩૬૨.
૫. આવનિ.૩૭૬, તીર્થો. ૩૪૨.
૬. સમ.૧૫૭, આવનિ.૨૨૪, તીર્થો. ૩૯૧.
૭. સમ.૧૫૭.
૮. આવનિ.૩૨૭, સમ.૧૫૭.
૯. સમ.૧૫૬, તીર્થો. ૪૦૫.
૧૦. સમ.૧૫૭, તીર્થો. ૪૪૭, ૪૫૮.
૧૧. સમ.૯૩, આવનિ.૨૫૭, ૨૬૬, તીર્થો. ૪૪૭.
૧૨. સ્થા.૭૩૫, આવનિ. ૨૭૨-૩૦૭.
૧૩. સમ.૧૫૭.

૨. **ચંદપ્પહ** **સણંકુમાર**(૧) અને **માહિંદ**(૩)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૩, જ્ઞાતા.૧૫૬.

૩. **ચંદપ્પહ** **મહુરા**(૧)નો ગૃહસ્થ. તેને પોતાની પત્ની **ચંદસિરી**(૧)થી **ચંદપ્પભા** નામની પુત્રી હતી.[1]

૧. જ્ઞાતા. ૧૫૬.

**ચંદપ્પહા** (ચન્દ્રપ્રભા) જુઓ **ચંદપ્પભા**.[1]

૧. આચા.૨.૧૭૯.

**ચંદભાગા** (ચન્દ્રભાગા) **સિંધુ**(૧) નદીને મળતી એક નદી.[1] તેની એકતા વર્તમાન ચિનાબ નદી સાથે સ્થાપવામાં આવી છે.[2]

૧. સ્થા.૪૭૦. ૨. જિઓડિ. પૃ. ૪૭.

**ચંદલેસ્સ** (ચન્દ્રલેશ્ય) **સણંકુમાર**(૧) અને **માહિંદ**(૩)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ. ૩.

૧. **ચંદવડિંસઅ** (ચન્દ્રાવતંસક) **ચંદ**(૧)ના રહેવા માટેનું સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સૂર્ય.૯૭, જમ્બૂ. ૧૭૦.

૨. **ચંદવડિંસઅ** (ચન્દ્રાવતંસક) જુઓ **ચંદવડેંસઅ**.[1]

૧. મર. ૪૪૦.

**ચંદવડેંસઅ** (ચન્દ્રાવતંસક) **સાએય**નો રાજા. તેને બે પત્નીઓ હતી – **ધારિણી** અને એક બીજી.[1] તેને ધારિણીથી **ગુણચંદ**[2] અને **મુણિચંદ**(૨) એમ બે પુત્ર હતા.[3] તથા બીજી પત્નીથી પણ બે પુત્રો હતા. ગુણચંદ રાજનો વારસદાર હતો અને મુણિચંદને **ઉજ્જેણી**નો સૂબો નીમવામાં આવ્યો હતો. ચંદવડેંસઅ રાજાએ એક વાર નિશ્ચય કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આખી રાત ધ્યાન કર્યું. પરિણામે તેનું મૃત્યુ થયુ.[૪] પછી ગુણચંદ સાએયનો રાજા થયો.[૫]

૧. આવચૂ.૧.પૃ.૪૯૨. હરિભદ્રસૂરિ તેમનાં નામ અનુક્રમે સુદંસણા અને પિયદંસણા આપે છે - આવહ.પૃ. ૩૬૬.
૨. આવહ(પૃ.૩૬૬) સાગરચંદનો ઉલ્લેખ કરે છે.
૩. આવહ.(પૃ.૩૬૬)માં તેમનાં નામ ગુણચંદ અને બાલચંદ છે.
૪. મર.૪૪૦, આવચૂ.૧.પૃ.૪૯૨.
૫. આવચૂ.૧.પૃ.૪૯૨, આવહ.પૃ.૩૬૬.

**ચંદવણ્ણ** (ચન્દ્રવર્ણ) **સણંકુમાર**(૧) અને **માહિંદ**(૩)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે.[૧]

૧. સમ.૩.

**ચંદવિમાણ** (ચન્દ્રવિમાન) સ્વર્ગીય વાસસ્થાન જ્યાં **જોઈસિય** દેવો વસે છે. તે પૃથ્વીથી ૮૮૦ યોજનના અંતરે આવેલું છે. તે સતત ગોળ ગોળ પરિભ્રમણ કર્યા કરે છે.[૧]

૧. જીવા.૧૯૬-૨૦૦, જમ્બૂ.૧૪૬-૬૬, ૧૭૧, સૂર્ય.૯૪, ૯૮.

**ચંદસિંગ** (ચન્દ્રશૃઙ્ગ) **સણંકુમાર**(૧) અને **માહિંદ**(૩)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે.[૧]

૧. સમ.૩.

**ચંદસિટ્ઠ** (ચન્દ્રસૃષ્ટ) **ચંદવણ્ણ** જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.[૧]

૧. સમ.૩.

**૧. ચંદસિરી** (ચન્દ્રશ્રી) **મહુરા**(૧)ના વેપારી **ચંદપ્પભ**(૩)ની પત્ની.[૧]

૧. જ્ઞાતા. ૧૫૬.

**૨. ચંદસિરી પાડલિપુત્ત**ના વેપારી **ધમ્મસીહ**(૪)ની પત્ની.[૧]

૧. સંસ્તા.૭૦.

**ચંદસ્સઅગ્ગમહિસી** (ચન્દ્રસ્ય અગ્રમહિષી) **ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધનો સાતમો વર્ગ.[૧] તેમના વર્ણનના ક્રમની બાબતે ગ્રન્થમાં કંઈક ગૂંચવાડો છે.[૨]

૧. જ્ઞાતા. ૧૪૮.
૨. જ્ઞાતા. ૧૫૫-૧૫૬.

**ચંદા** (ચન્દ્રા) **ચંદ**(૧)ની રાજધાની.[૧]

૧. જમ્બૂ.૧૭૦, જીવા. ૧૬૨.

**ચંદાણણ** (ચન્દ્રાનન) **જંબૂદીવ**ના **એરવય**(૧) ક્ષેત્રમાં થયેલા ચોવીસ **તિત્થંકર**માં પ્રથમ.[૧] તે **ઉસભ**(૧)ના સમકાલીન હતા[૨] અને **મેહકૂડ** પર્વત ઉપર મોક્ષ પામ્યા હતા.[૩] તે **બાલચંદાણણ** નામે પણ પ્રસિદ્ધ છે.[૪]

૧. સમ.૧૫૯. ૨. તીર્થો.૯૬. ૩. તીર્થો. ૫૫૧. ૪. તીર્થો.૩૧૪.

**૧. ચંદાણણા** (ચન્દ્રાનના) જિનની ચાર શાશ્વત પ્રતિમાઓમાંની એક.[1]

૧. જીવા. ૧૩૭, સ્થા.૩૦૭, રાજ.૧૨૪.

**૨. ચંદાણણા** તિત્થયર ચંદપ્પભ(૧)નું જન્મસ્થાન.[1] જુઓ **ચંદપુર.**

૧. આવનિ.૩૮૨.

**૧. ચંદાભ** (ચન્દ્રાભ) એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય આઠ સાગરોપમ વર્ષનું છે.[1] તે **લોગંતિય** વાસસ્થાન છે. **ગદતોય** દેવો ત્યાં વસે છે.[2] તે **અચ્ચિ** જેવું જ છે.

૧. સમ.૮. ૨. ભગ.૨૪૩.

**૨. ચંદાભ** વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રમાં ભરહ(૨)માં થયેલા ચૌદ **કુલગર**માંના અગિયારમા કુલગર.[1] જુઓ **અભિચંદ**(૧).

૧. જમ્બૂ.૨૮.

**૩. ચંદાભ** આ અને **ચંદપ્પહ** એક છે.[1]

૧. સમ.૮, આવનિ.૧૦૯૦.

**ચંદાવત્ત** (ચન્દ્રાવર્ત) **સણંકુમાર**(૧) અને **માહિંદ**(૩)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૩.

**ચંદાવિજ્ઝય** (ચન્દ્રવેધ્યક) જુઓ **ચંદગવેજ્ઝગ.**[1]

૧. નન્દિ.૪૪, પાક્ષિય. પૃ.૬૩.

**ચંદાવેજ્ઝય** (ચન્દ્રવેધ્યક) આ અને **ચંદગવેજ્ઝગ** એક છે.[1]

૧.ચંવે.૩.

**૧. ચંદિમા** (ચન્દ્રિકા) **અણુત્તરોવવાઇયદસા**ના ત્રીજા વર્ગનું છઠ્ઠું અધ્યયન.[1]

૧. અનુત્ત.૩.

**૨. ચંદિમા** **સાએય**ની સાર્થવાહી ભદ્દા(૮)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બન્યો. મૃત્યુ પછી તે **સવ્વટ્ઠસિદ્ધ** વિમાનમાં દેવ તરીકે જન્મ્યો. ત્યાર પછી એક ભવ કરી તે મોક્ષે જશે.[1]

૧. અનુત્ત.૬.

**૩. ચંદિમા** **ણાયાધમ્મકહા**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું દસમું અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૫, સમ.૧૯, જ્ઞાતાઅ.પૃ.૧૦.

**૪. ચંદિમા** **વિયાહપણ્ણત્તિ**ના પાંચમા શતકનો દસમો ઉદ્દેશક.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ભગ. ૧૭૯.

**ચંદુત્તરાવડિંસગ** (ચન્દ્રોત્તરાવતંસક) **સણંકુમાર**(૧) અને **માહિંદ**(૩)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જયાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૩.

**૧. ચંદોતરણ** (ચન્દ્રાવતરણ) **કોસંબી** નગરીની બહાર આવેલું ઉદ્યાન. અહીં **મહાવીર** આવ્યા હતા.[1] મહાવીરને વંદન કરવા દેવ ચન્દ્ર અહીં ઊતરી આવ્યો હતો, એના કારણે તેનું નામ આવું પાડવામાં આવ્યું હશે.

૧. વિપા.૨૪, ભગ.૪૪૧.

**૨. ચંદોતરણ** (ચન્દ્રાવતરણ) **ઉદ્દંડપુર** નગરની બહાર આવેલું ચૈત્ય. **ગોસાલ**નો બીજો પઉટ્ટપરિહાર (પરશરીરપ્રવેશ) અહીં થયો હતો.[1] **મહાવીર**ને વંદન કરવા દેવ ચન્દ્ર ઊતરી આવ્યો હોવાના કારણે તેનું આ નામ પડ્યું હશે.

૧. ભગ. ૫૫૦,

**ચંદોદય** (ચન્દ્રોદય) **ચન્દ્રાનના** નગરીની બહાર આવેલું ઉદ્યાન.[1]

૧. પિંડનિ.૨૧૨-૨૧૩, પિંડનિમ.પૃ.૭૯.

**ચંદોયરણ** (ચન્દ્રાવતરણ) જુઓ **ચંદોતરણ.**[1]

૧. ભગ.૫૫૦.

**ચંદોવતરણ** (ચન્દ્રાવતરણ) આ અને **ચંદોતરણ** એક છે.[1]

૧. ભગ. ૪૪૧.

**ચંપઅ** (ચંપક) **ચંપગવણ** નામના વનનો રક્ષક દેવ.[1]

૧. જીવા. ૧૩૯.

**ચંપગવણ** (ચમ્પકવન) **વપ્પ**(૧)ની રાજધાની **વિજયા**(૮)થી પાંચસો યોજનના અંતરે આવેલું વન.[1]

૧. જીવા. ૧૩૯.

**ચંપયવડિંસઅ** (ચંપકાવતંસક) **સક્ક**(૩)ના પાંચ વિમાનોમાંનું (સ્વર્ગીય વાસસ્થાનોમાંનું) એક.[1]

૧. ભગ. ૧૯૫.

**ચંપરમણિજ્જ** (ચમ્પરમણીય) **કુમારઅ** સન્નિવેશમાં આવેલું ઉદ્યાન. **ગોસાલ** સાથે **મહાવીર** અહીં આવ્યા હતા.[1]

૧. આવનિ.૪૭૮, વિશેષા.૧૯૩૨.

**૧. ચંપા** ભરહ(૨)ના એક **આરિય**(આર્ય) દેશ **અંગ**(૧)ની રાજધાની.[1] તેની સીમા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર **અંગમંદિર** નામનું મંદિર આવેલું હતું.[૨] આ નગર બારમા **તિત્થંકર વાસુપુજ્જ**નું જન્મસ્થાન, દીક્ષાસ્થાન અને નિર્વાણસ્થાન છે.[૩] તિત્થંકર **મલ્લિ**(૧)નો સમકાલીન રાજા **ચંદચ્છાય**[૪], **અરહણ્ણગ**(૧) વેપારી[૫] , સોની **અણંગસેણ** અથવા **કુમારણંદી**[૬] આ નગરના હતા. રાજા **કણ્ણ** પણ અહીં રાજ કરતો હતો.[૭] **પોસિઅ**(૪) આ નગરનો હતો.[૮] તેવીસમા **તિત્થંકર પાસ**(૧) આ નગરમાં આવ્યા હતા.[૯] **સુદંસણ**(૯),[૧૦] **કામદેવ**,[૧૧] **ધણ**(૫)[૧૨] જેવા શ્રેષ્ઠીઓ અને **સુભદ્દા**[૧૩], **ચંદણા**(૧)[૧૪] જેવી સતીઓ પણ આ નગરનાં હતાં. **સેણિઅ**(૧) રાજાના મરણ પછી તેના પુત્ર **કુણિય** રાજાએ રાજધાની **રાયગિહ**થી ચંપા ખસેડી.[૧૫] **ઉવવાઇય**માં આ ચંપા નગરનું સુંદર વર્ણન છે. આચાર્ય **સેજ્જંભવ** દ્વારા **દસવેયાલિય**ની રચના આ નગરમાં થઈ હતી અને આ નગરમાં જ તે ગ્રંથ તેમણે તેમના શિષ્ય **મણગ**ને ભણાવ્યો હતો.[૧૬] **તિત્થયર મહાવીરે** આ નગરમાં ત્રણ ચોમાસાં કર્યાં હતાં.[૧૭] તેની એકતા ભાગલપુરની પશ્ચિમે ચાર માઇલના અંતરે આવેલ વર્તમાન ચંપાનગર સાથે સ્થાપવામાં આવી છે.[૧૮]

**ધાયઇખંડ**માં બીજી ચંપા નગરી છે. તે **વાસુદેવ**(૨) **કણ્હ**(૧)ના સમકાલીન **વાસુદેવ**(૧) **કવિલ**(૧)ની રાજધાની હતી.[૧૯]

૧. પ્રજ્ઞા.૩૭, નિશીચૂ.૩.પૃ.૧૩૯, સૂત્રશી.પૃ.૧૨૨.
૨. ભગ. ૫૫૦.
૩. આવનિ.૩૦૭,૩૮૨,વિશેષા. ૧૭૪૨; તીર્થો.૫૦૧, ૫૫૩.
૪. જ્ઞાતા.૬૯, સ્થાઅ.પૃ.૪૦૧.
૫. જ્ઞાતા.૬૯.
૬. નિશીચૂ.૩.પૃ.૧૪૦-૪૧.
૭. જ્ઞાતા.૧૧૭.
૮. આવચૂ.૨.પૃ.૧૯૩.
૯. જ્ઞાતા.૧૫૨.
૧૦. ભક્ત.૮૧, આવચૂ.૨.પૃ.૨૭૦.
૧૧. ઉપા.૧૮, સ્થાઅ.પૃ.૫૦૯.
૧૨. આવચૂ.૧.પૃ.૫૩૧.
૧૩. બૃભા.૬૧૭૧,નિશીભા.૬૬૦૬, દશચૂ.૪૮,આવચૂ.૨.પૃ.૨૬૯.
૧૪. આવચૂ.૧.પૃ.૩૧૮-૩૧૯.
૧૫. નિર.૧.૧, આવચૂ.૨.પૃ.૧૭૨, ઉત્તરાશા. પૃ.૧૦૫, ભગ.૪૯૨.
૧૬. દશચૂ.પૃ.૭.
૧૭. કલ્પ.૧૨૨, કલ્પવિ.પૃ.૧૮૮,આવચૂ.૧. પૃ.૨૮૪,૩૨૦,આવનિ.૫૨૪,ભગ. ૪૯૧.
૧૮. જિઓડિ.પૃ.૪૪.
૧૯. જ્ઞાતા.૧૨૫,જ્ઞાતા.૪૪ પણ જુઓ અને આવૂચ.૨.પૃ.૧૬૪,૨૦૪,૨૧૧, મર. ૪૮૯, નિશીભા.૫૭૪૧, અન્ત.૨, વિપા. ૩૪, ભગ.૫૫૦, ઉત્તરાચૂ.પૃ.૮૦, ઔપ. ૨૭, ઉત્તરા. ૨૧.૧, બૃભા.૫૨૨૫, આવચૂ.૧.પૃ.૯૦,૩૯૭,આવનિ.૧૨૮૮.

**૨. ચંપા** જુઓ **ચંપા**(૧).[૧]

૧. જ્ઞાતા.૧૨૫.

**ચંપિજ્જિયા** (ચંપીયા) **ઉડુવાડિયગણ**ની ચાર શાખાઓમાંની એક.[૧]

૧. કલ્પ.પૃ.૨૫૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચક્ક** (ચક્ર) **વેસમણ**(૯)ના તાબામાં રહેલો એક દેવ.[૧]

૧. ભગ. ૧૬૮.

**ચક્કપુર** (ચક્રપુર) જ્યાં સત્તરમા **તિત્થંકર કુંથુ**(૧)એ પ્રથમ પારણું કર્યું હતું તે નગર.[૧] છઠ્ઠા **વાસુદેવ**(૧) **પુરિસપુંડરીઅ** અને છઠ્ઠા **બલદેવ**(૨) **આણંદ**(૧) આ નગરના હતા.[૨]

૧. આવનિ.૩૨૫. ૨. આવનિ.૪૦૮, સમ.૧૫૮.

**ચક્કપુરા** (ચક્રપુરી) **મહાવિદેહ**માં **સીતોદા** નદીની ઉત્તરે આવેલા **વગ્ગુ** પ્રદેશની રાજધાની.[૧]

૧. જમ્બૂ.૧૦૨, સ્થા.૬૩૭.

**ચક્કવટ્ટિ** (ચક્રવર્તિન્) પૃથ્વીના ચારે ચાર છેડા સુધી રાજ કરનાર સાર્વભૌમ રાજાધિરાજ અને ચૌદ રત્નોનો માલિક.[૧] તે મનુષ્યોમાં દેવ છે. ચક્ર (એક પ્રકારનું શસ્ત્ર) તેનું મુખ્ય રત્ન છે. વધારામાં તે નવનિધિનો માલિક છે અને બત્રીસ હજાર રાજાઓનો અધિપતિ છે. તેના રાજ્યની ભૂમિની સીમા સમુદ્રકિનારો છે અર્થાત્ સમુદ્ર સુધી વિસ્તરેલી સકલ ભૂમિનો તે રાજા છે.[૨] **ભરહ**(૨) ક્ષેત્રની બાબતમાં જેમાં તેના બધા છ વિભાગો[૩] સમાવિષ્ટ છે તેવા **હિમવંત**(૫)થી સમુદ્ર સુધીના પ્રદેશનો રાજા ચક્કવટ્ટિ હોય છે.[૪] એક છત્ર અને એક અધિપતિ જેવો અર્થાત્ સાર્વભૌમ એવો તે રાજરાજેશ્વર છે.[૫] તેની સેના ચાર અંગોવાળી છે. તે ચાર અંગો છે — હયદળ, ગજદળ, રથદળ અને પાયદળ.[૬] તેને ચોસઠ હજાર પત્નીઓ છે.[૭] **તિત્થંકર**ની માતાની જેમ ચક્કવટ્ટિની માતાને પણ ગર્ભધારણ કરતી વખતે ચૌદ સ્વપ્ન આવે છે.[૮] ચક્કવટ્ટિ કદી નીચ કુળમાં જન્મ લેતા નથી. તે ક્ષત્રિયકુળમાં જ જન્મ લે છે.[૯] ચક્કવટ્ટિ બધી રીતે સદા **વાસુદેવ**(૧)થી ચડિયાતા છે અને તિત્થંકરથી ઊતરતા છે.[૧૦] તે વાસુદેવથી બમણા બળવાન છે.[૧૧] તે એક હજાર આઠ શુભ લક્ષણો ધરાવે છે.[૧૨] દુન્વયી સુખસમૃદ્ધિની બાબતમાં કોઈ તેની બરાબરી કરી શકતું નથી.[૧૩] **જંબુદીવ**માં ઓછામાં ઓછા ચાર ચક્કવટ્ટિ હોય છે અને કેટલીક વાર આ સંખ્યા વધીને ઉત્કૃષ્ટ ત્રીસની થાય છે અર્થાત્ **મહાવિદેહ**માં ચાર શાશ્વત ચક્કવટ્ટિ હોય છે જ્યારે કેટલીક વાર મહાવિદેહમાં અઠ્ઠાવીસ અને ભરહ(૨) અને **એરવય**(૧)માં બે.[૧૪] દરેક **ઓસપ્પિણી** અને **ઉસ્સપ્પિણી**માં એરવય(૧) તેમ જ ભરહ(૨)માં બાર ચક્કવટ્ટિ જન્મે છે.[૧૫] તે બારમાંથી અગિયાર **દૂસમસુસમા** અરમાં[૧૬] અને એક સુસમદૂસમા[૧૭] અરમાં જન્મે છે. ચક્કવટ્ટિ **ચક્કહર**[૧૮] અને **ચક્કિ**[૧૯] તરીકે પણ જાણીતા છે.

વર્તમાન ઓસપ્પિણીમાં ભરહ(૨) ક્ષેત્રમાં થયેલા બાર ચક્કવટ્ટિનાં નામ નીચે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે છે :

(૧) ભરહ(૧), (૨) સગર, (૩) મઘવા(૧), (૪) સણંકુમાર(૩), (૫) સંતિ, (૬) કુંથુ(૧), (૭) અર, (૮) સુભૂમ(૧), (૯) મહાપઉમ(૪), (૧૦) હરિસેણ(૧), (૧૧) જય(૧) અને (૧૨) બંભદત્ત(૧).[૨૦]

ભરહ(૨) ક્ષેત્રના ભાવી બાર ચક્કવટ્ટિનાં નામ નીચે પ્રમાણે છે :

(૧) ભરહ(૭), (૨) દીહદંત(૩), (૩) ગૂઢદંત(૩), (૪) સુદ્ધદંત(૧), (૫) સિરિઉત્ત અથવા સિરિચંદ(૨), (૬) સિરિભૂઈ, (૭) સિરિસોમ, (૮) પઉમ(૭), (૯) મહાપઉમ(૩), (૧૦) વિમલવાહણ(૨), (૧૧) વિપુલવાહણ અથવા વિઉલવાહણ(૧) અને (૧૨) વરિટ્ઠ.[૨૧]

૧. ઉત્તરા.૧૧.૨૨, ઉત્તરાશા.પૃ.૩૫૦, જીવા.૧૧૧, ભગ.૪૬૧, સ્થા. ૫૫૮, પ્રશ્ન.૧૫, આવચૂ.૧. પૃ.૨૦૮.
૨. ભગ.૪૬૧, ભગઅ.૫૮૫, પ્રશ્ન. ૧૫, આવચૂ.૧.પૃ.૨૦૮, તીર્થો. ૨૯૪થી, સ્થા.૫૫૮, ૬૭૩, સમ. ૧૪.
૩. ઉત્તરાશા.પૃ.૩૫૦, તીર્થો. ૫૬૫.
૪. પ્રશ્ન.૧૫, પ્રશ્નઅ.પૃ.૬૮, આવચૂ. ૧.પૃ.૨૦૮.
૫. પ્રશ્ન.૧૫.
૬. પ્રશ્ન.૧૫, ઉત્તરાશા.પૃ.૩૫૦.
૭. પ્રશ્ન.૧૫, પ્રશ્નઅ.પૃ.૬૮, આવચૂ. ૧.પૃ.૨૦૮.
૮. ભગ.૫૭૮.
૯. કલ્પ ૧૭-૧૮, આવચૂ.૧.પૃ.૨૩૯, વિશેષા.૧૮૪૬.
૧૦. આવનિ.૫૭૧, આચાચૂ.પૃ.૧૫૫. સૂત્રશી.પૃ.૧૬૬, ૧૭૧.
૧૧. આવનિ.૭૫, વિશેષા.૮૦૧.
૧૨. નિશીચૂ.૩.પૃ.૩૮૩, તન્દુ.૧૪.
૧૩. વિશેષા. ૨૫૯૦.
૧૪. જમ્બૂ.૧૭૩, જમ્બૂશા.પૃ.૫૩૭, સ્થા.૮૯.
૧૫. સમ.૧૫૮, ૧૫૯, આવચૂ.૧.પૃ.૨૧૫, તીર્થો. ૫૫૮થી.
૧૬. જમ્બૂ. ૩૪, ૪૦.
૧૭. જમ્બૂશા.પૃ.૧૬૬, ૧૭૭.
૧૮. સમ.૧૪૭, આવનિ.૭૪.
૧૯. આવનિ.૪૨૨.
૨૦. સમ.૧૫૮, આવનિ.૩૭૪-૭૫.
૨૧. સમ.૧૫૯, તીર્થો. ૧૧૨૪-૨૫.

**ચક્કવટ્ટિવિજય** (ચક્રવર્તિવિજય) ચક્કવટ્ટિ જે પ્રદેશ જીતી લે છે તે. બધા મળીને આવા પ્રદેશો કુલ ચોત્રીસ છે – જંબુદ્દીવમાં મહાવિદેહમાં બત્રીસ અને ભરહ(૨) અને એરવય(૧)માં બે. મહાવિદેહનો પ્રત્યેક ચક્કવટ્ટિવિજય ૧૬૫૯૨$\frac{૨}{૧૯}$ યોજન લાંબો અને ૨૨૧૩ યોજનમાં કંઈક ન્યૂન પહોળો છે.[૧] તે **વિજય**(૨૩) બરાબર છે. મહાવિદેહના બત્રીસ પ્રદેશોનાં નામ માટે જુઓ **મહાવિદેહ**.

૧. સમ.૩૪, સમઅ.પૃ.૬૨, જમ્બૂશા.પૃ.૩૪૧-૪૨, જમ્બૂ.૯૩, ૯૫, ૧૦૨, સ્થા. ૬૩૭, જીવા.૧૪૧. સમ.૬૮ પણ જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચક્કહર** (ચક્રધર) આ અને **ચક્કવટ્ટિ** એક છે.[1]

૧. સમ.૧૪૭, આવનિ.૭૪, વિશેષા. ૮૦૦.

**ચક્કાઉહ** (ચક્રાયુધ) સોળમા **તિત્થંકર સંતિ**ના પ્રથમ ગણધર.[1]

૧. સમ.૧૫૭, તીર્થો. ૪૫૧, ઉત્તરાક. પૃ.૩૩૨.

**ચક્કાહ** (ચક્રાધ) આ અને **ચક્કાઉહ** એક છે.[1]

૧. સમ. ૧૫૭.

**ચક્કિ** (ચક્રિન્) આ અને **ચક્કવટ્ટિ** એક છે.[1]

૧. વિશેષા. ૧૭૮૪, આવનિ. ૪૨૨.

**ચક્કેસરી** (ચક્રેશ્વરી) એક દેવી.[1]

૧. આવ. પૃ. ૧૮.

**ચક્ખુકંત** (ચક્ષુષ્કાન્ત) **કુંડલોદ** સમુદ્રનો અધિષ્ઠાતા દેવ.[1]

૧. જીવા. ૧૮૫.

**ચક્ખુકંતા** (ચક્ષુકાન્તા) વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રમાં **ભરહ**(૨)માં થયેલા પાંચમા કુલગર **પસેણઇ**(૪)ની પત્ની.[1]

૧. તીર્થો. ૭૯, આવનિ.૧૫૯, સમ.૧૫૭, સ્થા. ૫૫૬.

**ચક્ખુમ** (ચક્ષુષ્મત્) જુદી જુદી બે પરંપરા અનુસાર વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રમાં **ભરહ**(૨)માં થયેલા બીજા[1] અથવા આઠમા[2] કુલગર. **ચંદકંતા** તેની પત્ની છે.[3] જુઓ **વિમલવાહણ**(૬) પણ.

૧. આવનિ.૧૫૫, વિશેષા. ૧૫૬૮, સમ. ૧૫૭. સ્થા. ૫૫૬.

૨. જમ્બૂ. ૨૮-૨૯. ૩. સમ.૧૫૭.

**ચક્ખુસુભ** (ચક્ષુશ્શુભ) **કુંડલોદ** સમુદ્રનો અધિષ્ઠાતા દેવ.[1]

૧. જીવા. ૧૮૫.

**ચણગપુર** (ચણકપુર) **ખિતિપતિટ્ઠિય**(૨)ના સ્થાને સ્થાપવામાં આવેલું નગર. ચણગપુરના સ્થાને **ઉસભપુર**(૧) સ્થાપવામાં આવ્યું. ઉસભપુરના સ્થાને **કુસગ્ગપુર** સ્થાપવામાં આવ્યું અને કુસગ્ગપુરના સ્થાને **રાયગિહ** સ્થાપવામાં આવ્યું.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૫૮, આવનિ. ૧૨૭૯, ઉત્તરાશા.પૃ.૧૦૫.

**ચણિઅ** (ચણક) **ચાણક્ક**ના પિતા.[1]

૧. આવચૂ. ૧. પૃ. ૫૬૩.

**ચણિયગ્ગામ** (ચણકગ્રામ) **ગોલ્લ**(૧) દેશનું ગામ. તે **ચાણક્ક**નું જન્મસ્થાન હતું.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૬૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચતુરંગિજ્જ** (ચતુરંગીય) ઉત્તરજ્ઝયણનું ત્રીજું અધ્યયન.[1]

૧. સમ. ૩૬, ઉત્તરાનિ.પૃ.૯, ૧૪૧, ઉત્તરાચૂ.પૃ.૯૧, આચાચૂ.પૃ.૪.

**૧. ચમર** દક્ષિણના **અસુરકુમાર** દેવોનો ઇન્દ્ર.[1] તેની રાજધાનીનું નામ **ચમરચંચા** છે.[2] તેને ચોત્રીસ લાખ સ્વર્ગીય મહેલો છે.[3] તેને પાંચ મુખ્ય પત્નીઓ છે – **કાલી**(૧), **રાઇ**(૪), **રયણી**(૨), **વિજ્જુ**(૨) અને **મેહા**.[4] એકવાર તે પ્રથમ સ્વર્ગલોકના ઇન્દ્ર **સક્ક**(૩) સાથે યુદ્ધ કરવા ઉપર ગયો અને **તિત્થયર મહાવીર**ની કૃપાએ તેને તેના વજ્રથી બચાવ્યો.[5] આ ઘટના દસ આશ્ચર્યોમાંનું એક આશ્ચર્ય ગણાય છે.[6] **ચેડગ** સાથેની લડાઇમાં **કુણિઅ**ને ચમરે મદદ કરી હતી.[7] ચમરની નીચે ચાર **લોગપાલ**[8] અને સાત સેનાપતિ[9] છે – **સોમ**(૩), **જમ**(૨), **વરુણ**(૩), **વેસમણ**(૬), **દુમ**(૩), **સોદામિ**, **કુંથુ**(૨), **લોહિયક્ખ**(૩), **કિંણર**(૩), **રિટ્ઠ**(૮) અને **ગીયરઇ**(૨).

૧. પ્રજ્ઞા.૪૬, જમ્બૂ.૧૧૯, ભગ. ૧૧૫, ૧૪૨-૪૪, ૪૦૫, સમ. ૧૬-૧૭, ૩૬, ૫૧, ૬૪, જીવા. ૧૧૮-૧૯, આવનિ.૫૧૯,૫૨૫.
૨. સમ.૩૩, ભગ.૮૪, ૪૯૦, જ્ઞાતા. ૧૪૮.
૩. સમ. ૩૪.
૪. જ્ઞાતા.૧૪૮-૪૯, ભગ.૪૦૫.
૫. ભગ. ૧૪૪.
૬. કલ્પવિ.પૃ.૧૯.
૭. ભગ.૩૦૧-૩૦૨.
૮. સ્થા.૨૫૬, ૨૭૩, ભગ. ૪૦૬.
૯. સ્થા. ૪૦૪, ૫૮૨.

**૨. ચમર** વિયાહપણ્ણત્તિના ત્રીજા શતકનો બીજો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૧૨૬.

**૩. ચમર** પાંચમા **તિત્થંકર સુમઇ**(૭)ના પ્રથમ ગણધર.[1]

૧. સમ. ૧૫૭, તીર્થો. ૪૪૬.

**ચમરચંચા** (ચમરચઞ્ચા) દક્ષિણના **અસુરકુમાર** દેવોના ઇન્દ્ર **ચમર**(૧)ની રાજધાની.[1] **રયણપ્પભા**(૨) નરકભૂમિની નીચે ચાલીસ હજાર યોજનના અંતરે તે આવેલ છે.[2] **વિયાહપણ્ણત્તિ**ના બીજા શતકના સાતમા અને આઠમા ઉદ્દેશકમાં તેનું પૂરેપુરું વર્ણન કરવામાં આવ્યું છે.[3]

૧. જમ્બૂ.૧૧૯, ભગ. ૧૧૬, ૧૪૨, ૧૪૪, ૪૦૫, ૪૯૦, સ્થા.૫૩૫, સમ.૩૩, જ્ઞાતા. ૧૪૮-૪૯.
૨. ભગ. ૩૯૦.
૩. ભગ. ૮૪.

**ચમરસ્સ-અગ્ગમહિસી** (ચમરસ્ય-અગ્રમહિષી) **ણાયાધમ્મકહા**ના (બીજા શ્રુતસ્કન્ધનો) પ્રથમ વર્ગ.[1]

૧. જ્ઞાતા. ૧૪૮।

**ચમ્મખંડિઅ** (ચર્મખણ્ડિક) ચામડું પહેરનાર પરિવ્રાજકોનો વર્ગ.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. અનુ.૨૦, અનુહે. પૃ. ૨૫.

**ચર વિયાહપણ્ણત્તિ**ના ચૌદમા શતકનો પહેલો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૫૦૦.

**ચરગ** (ચરક) હિંસક સાધનો દ્વારા ભોજન મેળવતા ત્રિદંડી પરિવ્રાજકોનો વર્ગ.[1]

૧. આચાચૂ.પૃ.૨૨, ૯૫, ૧૭૩, ૨૬૧, ૨૬૫, અનુ.૨૦, ૨૬, પ્રજ્ઞા.૨૬૫, જ્ઞાતા. ૧૦૫, ભગ. ૨૫, જીતભા.૨૩૯, બૃભા. ૧૫૪૮, અનુહે.પૃ.૨૫, જ્ઞાતાઅ. પૃ. ૧૯૫.

**ચરણ** આ અને **ચરણવિહિ** (૨) એક છે.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૯.

**૧. ચરણવિહિ** (ચરણવિધિ) ઓગણત્રીસ **ઉક્કાલિય** આગમગ્રન્થોમાંનો એક.[1] તે શ્રમણાચારનું નિરૂપણ કરે છે.[2] તે વર્તમાનમાં અસ્તિત્વમાં નથી, તે નષ્ટ થઈ ગયો છે.

૧. નન્દિ.૪૪, પાક્ષિ.પૃ.૪૩. ૨. નન્દિમ.પૃ.૨૦૯, નન્દિચૂ.પૃ.૫૮.

**૨. ચરણવિહિ ઉત્તરજ્ઝયણ**નું એકત્રીસમું અધ્યયન.[1]

૧. સમ.૩૬, ઉત્તરાનિ.પૃ.૯, ૬૧૧, ઉત્તરાશા.પૃ.૬૧૮.

**૧. ચરમ વિયાહપણ્ણત્તિ**ના ઓગણીસમા શતકનો પાંચમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૬૪૮.

**૨. ચરમ પણ્ણવણા**નું દસમું પદ(પ્રકરણ).[1]

૧. પ્રજ્ઞા. ૧૬૦.

**ચરિમ** (ચરમ) આ અને **ચરમ**(૨) એક છે.[1]

૧. પ્રજ્ઞા.ગાથા.૪.

**૧. ચલણ** (ચલન) **વિયાહપણ્ણત્તિ**ના પ્રથમ શતકનો પહેલો ઉદ્દેશક.[1]

૧. ભગ.૩, ભગઅ.પૃ.૫.

**૨. ચલણ વિયાહપણ્ણત્તિ**ના પ્રથમ શતકનો દસમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૩.

**ચાઉરંગિજ્જ** (ચતુરઙ્ગીય) આ અને **ચતુરંગિજ્જ** એક છે.

૧. સમ.૩૬, અનુહે.પૃ.૧૪૧.

**ચાણક્ક** (ચાણક્ય) **ગોલ્લ**(૧) દેશના **ચણિયગ્ગામ** નામના ગામના બ્રાહ્મણ **ચણિઅ**નો પુત્ર. એક વાર તે ધનપ્રાપ્તિની આશા રાખી **પાડલિપુત્ત**ના રાજા **ણંદ**(૧) પાસે ગયો. રાજાના માણસોએ તેનું અપમાન કર્યું. આના કારણે ક્રોધે ભરાયેલા તેણે **ચંદગુત્ત**ની મદદથી ણંદવંશનો નાશ કર્યો, ચંદગુત્તને પાડલિપુત્તનો રાજા બનાવ્યો અને પોતે તેનો મન્ત્રી બન્યો.[1] ચંદગુત્તના મરણ પછી **બિંદુસાર**(૨) રાજા થયો અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુબંધુ(૩) તેનો મન્ત્રી બન્યો. આ બાજુ ચાણક્ક બધી દુન્વયી પ્રવૃત્તિઓ છોડી દઈ અને અન્નનો ત્યાગ કરી ધ્યાનસાધનામાં લાગી ગયા અને ઈર્ષાથી સુબંધુએ જળાવેલી પોતાની ઝૂંપડીમાં શાન્ત ચિત્તે સમાધિપૂર્વક મૃત્યુ પામ્યા.[૨]

૧. આવચૂ.૧.પૃ.૫૬૩-૬૫, નિશીભા. ૪૪૬૩થી, આચાચૂ.પૃ.૪૯, આચાશી. પૃ.૧૦૦, દશચૂ.પૃ.૧૦૩, નિશીચૂ. ૪.પૃ.૧૦૦.

૨. સંસ્તા. ૭૩-૭૫, ભક્ત.૧૬, મર. ૪૭૮, દશચૂ.પૃ.૮૧, વ્યવભા.૧૦.૫૯૨, જીતભા.૫૩૧, નિશીચૂ.૨.પૃ.૩૩.

**ચાણૂર** **કંસ**(૨)ની રાજસભામાં **વાસુદેવ**(૨) **કણ્હ**(૧) દ્વારા હણવામાં આવેલો મલ્લ.[૧]

૧. પ્રશ્ન. ૧૫.

**ચાતુરંગિજ્જ** અથવા **ચાતુરંગેજ્જ** (ચતુરઙ્ગીય) જુઓ **ચતુરંગિજ્જ**.[૧]

૧. ઉત્તરાચૂ.પૃ.૯૧.

**ચામરચ્છાય** **સાઈ**(૨) નક્ષત્રનું ગોત્રનામ.[૧]

૧. જમ્બૂ.૧૫૯, સૂર્ય.૫૦.

**ચારણ** **વિયાહપણ્ણત્તિ**ના વીસમા શતકનો નવમો ઉદ્દેશક.[૧]

૧. ભગ. ૬૬૨.

**૧. ચારણગણ** **મહાવીર**ની આજ્ઞામાં રહેલા શ્રમણોના નવ ગણોમાંનો એક.[૧]

૧. સ્થા. ૬૮૦.

**૨. ચારણગણ** આચાર્ય **સિરિગુત્ત**થી શરૂ થયેલો શ્રમણોનો ગણ. તેની ચાર શાખાઓ છે અને તેના સાત કુલો છે. ચાર શાખાઓ આ છે — **હારિયમાલાગારી**, **સંકાસિયા**, **ગવેધુઆ** અને **વિજ્જણાગરી**. સાત કુલો આ છે – **વત્થલિજ્જ**, **પીઇધમ્મિય**, **હાલિજ્જ**, **પૂસમિત્થિજ્જ**, **માલિજ્જ**, **વેડય** અને **કણ્હસહ**.[૧]

૧. કલ્પ(થેરાવલી).૭, કલ્પવિ.પૃ.૨૫૮-૨૫૯.

**ચારણભાવણા** (ચારણભાવના) એક **અંગબાહિર** **કાલિઅ** આગમગ્રન્થ. તે ચારણલબ્ધિ પામેલા શ્રમણોનું નિરૂપણ કરે છે.[૧] પંદર વર્ષનું શ્રમણજીવન જેણે પૂર્ણ કર્યું હોય તે શ્રમણને આ ગ્રન્થ ભણવાનો અધિકાર છે.[૨] આ ગ્રન્થ હાલ અસ્તિત્વમાં નથી, તે નષ્ટ થઈ ગયો છે.

૧. પાક્ષિ.પૃ.૪૫, પાક્ષિય.પૃ.૬૯. ૨. વ્યવ.૧૦.૨૯.

**ચારુ** ત્રીજા **તિત્થંકર** **સંભવ**(૧)નો પ્રથમ શિષ્ય.[૧]

૧. સમ.૧૫૭, તીર્થો.૪૪૫.

**ચારુગણ** આ અને **થારુગિણ** એક સંભવે છે.[૧]

૧. ભગ. ૩૮૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧. ચારુદત્ત** શ્રેષ્ઠીનો પુત્ર. તેણે ગણિકા પાછળ પોતાનું બધું ધન વેડફી નાખ્યું અને પોતાના મામા સાથે આજીવિકા માટે અહીંતહીં ભટકવા માંડ્યું. તે **સુવણ્ણભૂમિ** પણ ગયો હતો.[1]

૧. આચાચૂ.પૃ.૫૦, સૂત્રશી.પૃ.૧૯૬, સૂત્રચૂ.પૃ.૨૩૯-૪૦.

**૨. ચારુદત્ત ચક્કવટ્ટિ બંભદત્ત**(૧)ની પત્ની **વચ્છી**ના પિતા.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૩૭૯.

**ચારુપવ્વય મહાવિદેહ** ક્ષેત્રમાં આવેલા **સલિલાવઈ** પ્રદેશમાં આવેલો પર્વત.[1]

૧. જ્ઞાતા.૬૪.

**ચારુય** (ચારુક) જુઓ **ચારુ**.[1]

૧. તીર્થો. ૪૪૫.

**ચાવોણ્ણત** (ચાપોન્નત) **આરણ** કલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એકવીસ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૨૧.

**૧. ચિત્ત વાણારસી**ના ચાણ્ડાલનો પુત્ર અને **સંભૂય**(૨)નો ભાઈ. તે સંસારનો ત્યાગ કરી શ્રમણ થયો હતો. કેટલાંય પુનર્જન્મોમાં **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧)ની સાથે તેના ભાઈ તરીકે તેણે જન્મો ધારણ કર્યા હતાં. સુખશીલ બંભદત્તને પ્રબુદ્ધ કરવા તેણે નિષ્ફળ પ્રયત્નો કર્યા હતા.[1]

૧. ઉત્તરા.૧૩(અધ્યયન), ઉત્તરાચૂ.પૃ.૨૧૪, સૂત્રચૂ.પૃ.૧૦૯, ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ. ૩૭૪-૭૫, ઉત્તરાને.પૃ.૧૮૫-૮૭.

**૨. ચિત્ત સેયવિયા**ના રાજા **પએસિ**નો સારથિ. તેણે **કેસિ**(૧) દ્વારા રાજાને ધર્મમાં પ્રવેશ કરાવ્યો.[1]

૧. રાજ. ૧૪૫થી આગળ, ભગ. ૬૪૭.

**૩. ચિત્ત સુવણ્ણકુમાર** દેવોના બે ઇન્દ્રો **વેણુદેવ** અને **વેણુદાલિ**માંથી પ્રત્યેકનો **લોગપાલ**.[1]

૧. ભગ.૧૬૯, સ્થા.૨૫૬.

**૪. ચિત્ત વિજ્જુમઈ** અને **વિજ્જુમાલા**ના પિતા અને **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧)ના સસરા.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૩૭૯.

**૫. ચિત્ત મહુરા**(૧)ના રાજા **સિરિદામ**નો હજામસેવક.

૧. વિપા.૨૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચિત્તઉત્ત** (ચિત્રગુપ્ત) જુઓ **ચિત્તગુત્ત**.[૧]

૧. સમ. ૧૫૯.

૧. **ચિત્તકણગા** (ચિત્રકનકા) **રુયગ**(૧) પર્વતની એક વિદિશાની મુખ્ય **દિસાકુમારી** દેવી.[૧]

૧. જમ્બૂ.૧૧૪, તીર્થો. ૧૬૧.

૨. **ચિત્તકણગા** એક **વિજ્જુકુમારિમહત્તરિયા** દેવી.[૧] તે અને **ચિત્તકણગા**(૧) એક છે.[૨]

૧. સ્થા. ૨૫૯. ૨. સ્થાઅ.પૃ.૧૯૯.

૧. **ચિત્તકૂડ** (ચિત્રકૂટ) મહાવિદેહમાં આવેલો એક **વક્ખાર** પર્વત. તે **સીઆ**(૧) નદીની ઉત્તરે, **ણીલવંત**(૧) પર્વતની દક્ષિણે, **કચ્છ**(૧)ની પૂર્વે અને **સુકચ્છ**(૧)ની પશ્ચિમે આવેલો છે.[૧]

૧. જમ્બૂ.૯૪, સ્થા.૩૦૨, ૪૩૪, ૬૩૭, મર. ૪૬૫.

૨. **ચિત્તકૂડ ચિત્તકૂડ**(૧) પર વસતો દેવ.[૧]

૧. જમ્બૂ.૯૪.

૩. **ચિત્તકૂડ ચિત્તકૂડ**(૧)નું શિખર.[૧]

૧. જમ્બૂ.૯૪.

૪. **ચિત્તકૂડ** દેવકુરુમાં આવેલો પર્વત. તે **સિઓઆ** નદીના એક કિનારા ઉપર આવેલો છે અને **વિચિત્તકૂડ** નદીના સામે કિનારે ઊભો છે. તેની ઊંચાઈ એક હજાર યોજન છે. તે **જંભગ** દેવોનું વાસસ્થાન છે.[૧] તે **ચિત્તપવ્વય** નામે પણ જાણીતો છે.[૨]

૧. સમ.૧૧૩, સમઅ.પૃ.૧૦૫, ભગઅ.પૃ.૬૫૪. ૨. ભગ.૫૩૩.

**ચિત્તખુડ્ડઅ** (ચિત્રક્ષુદ્રક) એક શ્રમણ.[૧]

૧. આચાચૂ.પૃ.૧૬૧, આચાશી.પૃ.૨૦૧.

**ચિત્તગુત્ત** (ચિત્રગુપ્ત) **ભરહ**(૨) ક્ષેત્રના ચોવીસ ભાવી **તિત્થંકર**માંના સત્તરમા તિત્થંકર. તે **રેવઈ**(૧)નો ભાવી જન્મ છે.[૧]

૧. સમ.૧૫૯, તીર્થો. ૧૧૧૩.

૧. **ચિત્તગુત્તા** (ચિત્રગુપ્તા) **રુયગ**(૧) પર્વતના દક્ષિણ ભાગના શિખર **વેસમણ**(૮) ઉપર વસતી મુખ્ય **દિસાકુમારી**.[૧]

૧. જમ્બૂ.૧૧૪, સ્થા.૬૪૩, તીર્થો. ૧૫૫.

૨. **ચિત્તગુત્તા ચમર**(૧)ના ચાર **લોગપાલ**માંથી દરેકની એક એક મુખ્ય પત્ની.[૧] જુઓ **સોમ**(૩).

૧. ભગ.૪૦૯, સ્થા.૨૭૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચિત્તપક્ખ** (ચિત્રપક્ષ) **સુવણ્ણકુમાર** દેવોના બે ઇન્દ્રો **વેણુદેવ** અને **વેણુદાલિ**માંથી દરેકનો એક એક **લોગપાલ**.[1]

૧. સ્થા.૨૫૬, ભગ.૧૬૯.

**ચિત્તપવ્વય** (ચિત્રપર્વત) જુઓ **ચિત્તકૂડ**(૪).[1]

૧. ભગ. ૫૩૩.

**ચિત્તપ્પિય** (ચિત્રપ્રિય) **મહુરા**ના રાજા **જઉણસેણ**નો મન્ત્રી. તેણે વિશાળ તળાવ બંધાવ્યું હતું.[1]

૧. વિશેષાકો.પૃ.૨૯૪.

**ચિત્તસંભૂઇજ્જ** (ચિત્તસમ્ભૂતીય) **ઉત્તરજ્ઝયણ**નું તેરમું અધ્યયન.[1]

૧. સમ.૩૬, ઉત્તરાનિ.પૃ.૯, ૩૭૪, ઉત્તરાચૂ.પૃ.૨૧૩-૨૦.

**ચિત્તસંભૂય** (ચિત્તસમ્ભૂત) જુઓ **ચિત્તસંભૂઇજ્જ**.[1]

૧. સમ. ૩૭.

**ચિત્તસેણઅ** (ચિત્રસેનક) **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧)ની પત્ની **ભદ્દા**(૨૨)ના પિતા.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૩૭૯.

**૧. ચિત્તા** (ચિત્રા) અટ્ઠાવીસ **નક્ખત્ત**(૧)માંનું એક. **તટ્ઠા** તેનો અધિષ્ઠાતા દેવ છે અને **દુબ્ભાયણ** તેનું ગોત્રનામ છે.[1]

૧. સૂર્ય.૩૬,૫૦, જમ્બૂ.૧૫૫-૬૧, ઉત્તરા.૨૨.૨૩, સમ.૧.

**૨. ચિત્તા સક્ક**(૩)ના **લોગપાલ સોમ**(૧)ની મુખ્ય પત્ની. **સક્ક**(૩)ના બીજા ત્રણ લોગપાલ **જમ**(૨), **વરુણ**(૧) અને **વેસમણ**(૧)માંના દરેકની એક મુખ્ય પત્નીનું નામ પણ આ જ છે.[1]

૧. ભગ. ૪૦૬, સ્થા.૨૭૩.

**૩. ચિત્તા રુયગ**(૧) પર્વતની એક વિદિશામાં વસતી મુખ્ય **દિસાકુમારી** દેવી.[1]

૧. જમ્બૂ.૧૧૪, તીર્થો. ૧૬૧, આવચૂ.૧.પૃ.૧૩૮.

**૪. ચિત્તા વિજ્જુકુમારિમહત્તરિયા** દેવી.[1] તે અને **ચિત્તા**(૩) એક છે.[2]

૧. સ્થા. ૨૫૯. ૨. સ્થાઅ.પૃ.૧૯૯.

**ચિત્તાર** (ચિત્રકાર) એક **આરિય** ધંધાદારી (ઔદ્યોગિક) મંડળ.[1]

૧. પ્રજ્ઞા. ૩૭.

**ચિરા** પંદરમા તિત્થંકર **ધમ્મ**(૩)ની પ્રથમ શિષ્યા.[1] **સમવાય** અનુસાર તેનું નામ **સિવા**(૩) છે.[2]

૧. તીર્થો. ૪૫૯. ૨. સમ.૧૫૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચિલાઈપુત્ત** (ચિલાતિપુત્ર અથવા કિરાતિપુત્ર) **ચિલાતિયા**નો પુત્ર[૧] અને **રાયગિહ**ના શ્રેષ્ઠી **ધણ્ણ**(૧)નો સેવક. પછીથી તે લુંટારો થયો અને તેણે ખૂનો કર્યાં.[૨] છેવટે તેને સત્ય સમજાયું અને તે શ્રમણ બન્યો. તેણે બધાં દુઃખો શાંત ચિત્તે સહન કર્યાં અને મૃત્યુ પછી **સહસ્સાર** દેવલોકમાં તે દેવ થયો.[૩]

૧. આવચૂ.૧.પૃ.૪૯૭.
૨. જ્ઞાતા. ૧૩૬-૪૦, જીતભા. ૫૩૨, વિશેષા. ૩૩૪૧-૪૪.
૩. આવચૂ.૧.પૃ.૪૯૭-૯૮, આવનિ.૮૭૩-૭૬, વ્યવભા.૧૦.૫૯૪, આચાચૂ. પૃ. ૧૩૯, ભક્ત.૮૮, સંસ્તા.૮૬, મર.૪૨૭-૩૦.

**ચિલાત** (કિરાત) જુઓ **ચિલાય.**[૧]

૧. આવચૂ.૨.પૃ.૨૦૩.

**ચિલાતિયા** (કિરાતિકા) **રાયગિહ**ના શેઠ **ધણ્ણ**(૧)ની દાસી. તે **ચિલાઈપુત્ત**ની માતા હતી.[૧]

૧. આવચૂ.૧.પૃ.૪૯૭.

**૧. ચિલાય** (કિરાત) એક **આણારિય** (અનાર્ય) દેશ. તેમાં વસનાર પણ **ચિલાય** તરીકે ઓળખાય છે.[૧] ચિલાય અથવા કિરાત લોકો નેપાલમાં તથા બંગાળના અને આસામના ઉત્તરમાં આવેલા પર્વતાળ પ્રદેશમાં વસતા હતા.તેઓની એકતા તિબેટીબર્મી જાતિ સાથે સ્થાપવામાં આવી છે.[૨]

૧. પ્રજ્ઞા.૩૭, સૂત્રશી.પૃ.૧૨૩, પ્રશ્ન.૪, પ્રજ્ઞામ.પૃ.૫૫, આવચૂ.૧.પૃ.૧૯૧.
૨. જિઓમ.પૃ.૮૪-૮૫.

**૨. ચિલાય** અનાર્ય નગર **કોડિવરિસ**નો રાજા. તે **સાએય** નગર ગયો, **મહાવીર**નો ઉપદેશ સાંભળ્યો અને સંસાર ત્યાગી શ્રમણ બન્યો.[૧]

૧. આવચૂ.૨.પૃ.૨૦૩, આવનિ.૧૩૦૫.

**૩. ચિલાય** આ અને **ચિલાઈપુત્ત** એક છે.[૧]

૧. આવનિ. ૮૬૬.

**ચિલાયગ** (કિરાતક) આ અને **ચિલાઈપુત્ત** એક છે.[૧]

૧. આવચૂ.૧.પૃ.૪૯૭.

**ચિલાયપુત્ત** (કિરાતપુત્ર) જુઓ **ચિલાઈપુત્ત.**[૧]

૧. આવનિ.૮૬૬, વ્યવભા. ૧૦.૫૯૪, આચાચૂ.પૃ.૧૩૯.

**ચિલ્લણા** (ચેલ્લના) જુઓ **ચેલ્લણા.**[૧]

૧. આવ.પૃ.૨૮.

**ચિલ્લલ** જુઓ **બિલ્લલ.**[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. પ્રજ્ઞા. ૩૭.

**ચીણ** (ચીન) એક **અણારિય** (અનાર્ય) દેશ.[1] તે રેશમ માટે પ્રસિદ્ધ હતો.[2]

૧. પ્રશ્ન.૪, સૂત્રશી.પૃ.૧૨૩.
૨. ભગ.૩૮૦, નિશીચૂ. ૨.પૃ.૩૯૯, અનુચૂ.પૃ.૧૫.

**ચીરિગ** (ચીરિક) રસ્તા ઉપર પડેલાં ચીંથરાં વીણીને પહેરનારા પરિવ્રાજકોનો વર્ગ.[1]

૧. અનુ.૨૦, અનુહે. પૃ. ૨૫.

**ચુંચુણ** (ચુઞ્ચુન) એક **અણારિય** (અનાર્ય) કોમ.[1]

૧. પ્રજ્ઞા. ૩૭.

**ચુંચુય** (ચુઞ્ચુક) એક **અણારિય** (અનાર્ય) જાતિ, દેશ અને તે દેશવાસી. તે **ચંચુય** તરીકે પણ જાણીતા છે.[1] ચુંચયની એકતા હ્યુએન ત્સાંગના ચેન્ચુ (Cenchu) સાથે સ્થાપવામાં આવી છે જે ગાઝીપુર પાસે આવેલ છે.[2]

૧. પ્રશ્ન.૪, સૂત્રશી.પૃ.૧૨૩. ૨.લાઈ.પૃ.૩૬૦.

**૧. ચુલણી** (ચુલની) **કંપિલ્લપુર**ના રાજા **દુવય**ની પત્ની. તે **દોવઈ**ની માતા હતી.[1]

૧. જ્ઞાતા. ૧૧૬.

**૨. ચુલણી** **કંપિલ્લપુર**ના રાજા **બંભ**(૧)ની પત્ની અને **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧)ની માતા.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૨૧૪, ઉત્તરા.૧૩.૧, ઉત્તરાશા.પૃ.૭૬-૭૭, સમ.૧૫૮, આવનિ.૩૯૮.

**૧. ચુલણીપિય** (ચુલનીપિતૃ) ઉવાસગદસાનું ત્રીજું અધ્યયન.[1]

૧. ઉપા.૨, સ્થા. ૭૫૫.

**૨. ચુલણીપિય** **વાણારસી**નો ગૃહસ્થ. **મહાવીર**ના મુખ્ય દસ ઉપાસકોમાંનો એક. એકવાર જ્યારે તે પૌષધવ્રતનું પાલન કરી રહ્યા હતા ત્યારે તેમની શ્રદ્ધાની દઢતાની પરીક્ષા કરવા તેમની તરફ એક દેવ હાથમાં તલવાર લઈ ધસી આવ્યો. તે દેવે તેના દેખતાં તેના પુત્રોને મારી નાખ્યા. પરંતુ ચુલણીપિય પોતાના વ્રતમાંથી ચલિત ન થયા અને પોતાની શ્રદ્ધા છોડી નહિ. પછી દેવ તેમની માતાને મારી નાખવા તૈયાર થયો. ત્યારે ચુલણીપિયથી આ સહન ન થયું. તે એકદમ દેવને પકડવા ઊભા થઈ ગયા. પરંતુ દેવ તો ત્યાં હતા નહિ. આ દોષ માટે તેમણે પ્રાયશ્ચિત કર્યું. મૃત્યુ પછી તે **સોહમ્મ** દેવલોકમાં દેવ થયા.[1]

૧. ઉપા.૨૭-૨૯.

**ચુલ્લકપ્પસુઅ** અથવા **ચુલ્લકપ્પસુય** (ક્ષુલ્લકલ્પશ્રુત) **અંગબાહિર ઉક્કાલિઅ** આગમગ્રન્થ.[1] વર્તમાનમાં તે અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. નન્દિ.૪૪, પાક્ષિ.પૃ.૪૩, વ્યવભા.૭.૨૦૪.

**ચુલ્લણી** (ચુલ્લની) જુઓ **ચુલણી**.[1]

૧. સમ. ૧૫૮.

૧. **ચુલ્લસયઅ** (ચુલ્લશતક) **ઉવાસગદસા**નું પાંચમું અધ્યયન.[1]

૧. ઉપા.૨, સ્થા.૭૫૫.

૨. **ચુલ્લસયઅ આલભિયા** નગરનો શેઠ. તે **મહાવીર**ના મુખ્ય દસ ઉપાસકોમાંનો એક હતો. એક વાર એક દેવ તેની આગળ ઉપસ્થિત થયો અને પૌષધવ્રત કરી રહેલા ચુલ્લસયઅને તેણે વ્રત છોડી દેવા કહ્યું. પરંતુ શેઠે તેમ કર્યું નહિ. એટલે દેવે તેની સમક્ષ તેના પુત્રોને મારી નાખ્યા. તો પણ શેઠ વ્રત છોડવા તૈયાર ન થયા. તેથી દેવે શેઠને તેની બધી સમૃદ્ધિ છીનવી લેવાની ધમકી આપી. દેવના મૂર્ખાઈભર્યા પગલાથી ક્રોધે ભરાયેલા શેઠ દેવને પકડવા એકદમ ખડા થઈ ગયા. પરંતુ દેવ તો ત્યાં હતો નહિ. શેઠે વ્રતભંગના દોષનું પ્રાયશ્ચિત્ત કર્યું. મૃત્યુ પછી તે પ્રથમ સ્વર્ગલોકમાં દેવ થયા.[1]

૧. ઉપા. ૩૨-૩૪.

**ચુલ્લસુય** (ક્ષુલ્લશ્રુત) આ અને **ચુલ્લકપ્પસુઅ** એક છે.[1]

૧. વ્યવભા. ૭.૨૦૪.

**ચુલ્લહિમવંત** (ક્ષુલ્લહિમવત્) **જંબુદીવ**માં આવેલો પર્વત. તે **હેમવય** ક્ષેત્રની દક્ષિણે, **ભરહ**(૨) ક્ષેત્રની ઉત્તરે, પૌરસ્ત્ય લવણસમુદ્રની પશ્ચિમે અને પશ્ચિમી લવણસમુદ્રની પૂર્વે આવેલો છે.[1] તે એક સો યોજન ઊંચો, પચીસ યોજન ઊંડો અને ૧૦૫૨$\frac{૧૨}{૧૯}$ યોજન પહોળો છે.[2] તેને અગિયાર શિખરો છે[3]– **સિદ્ધાયયણકૂડ**, **ચુલ્લહિમવંતકૂડ**, **ઈલાદેવી**(૫), **ગંગાદેવીકૂડ**, **ભરહ**(૫), **સિરિકૂડ**, **રોહિયંસકૂડ**, **સિંધુદેવીકૂડ**, **સુરદેવીકૂડ**(૨), **હેમવયકૂડ**(૧) અને **વેસમણ**(૭). **ચુલ્લહિમવંતગિરિકુમાર** તેનો અધિષ્ઠાતા દેવ છે. તેની એકતા હિમાલયના દક્ષિણના ઢોળાવો સાથે સ્થાપવામાં આવી છે.[4]

૧. જમ્બૂ.૭૨, ૭૫, ૧૧૪, ૧૨૦, આવચૂ.૧.પૃ.૧૩૯, ઉપા.૧૪, જીવા.૧૪૧, સ્થા.૧૯૭, ૫૨૨.

૨. જમ્બૂ.૭૨,સમ.૨૪,૧૦૦. ૩.જમ્બૂ.૭૫. ૪. લાઈ.પૃ.૨૭૮.

**ચુલ્લહિમવંતકૂડ** (ક્ષુલ્લહિમવત્કૂટ) (૧) **ચુલ્લહિમવંત** પર્વતના અગિયાર શિખરોમાંનું એક.[1] (૨) **મંદર**(૩) પર્વતના દક્ષિણી શિખરનું પણ આ જ નામ છે.[2]

૧. જમ્બૂ.૭૫, સમ.૧૦૯. ૨. સ્થા.૫૨૨.

**ચુલ્લહિમવંતગિરિકુમાર** (ક્ષુલ્લહિમવત્ગિરિકુમાર) **ચુલ્લહિમવંત** પર્વતનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધિષ્ઠાતા દેવ.[1] જુઓ ગિરિકુમાર.

૧. જમ્બૂ.૬૧-૬૨, ૭૫.

**ચુલ્લહિમવંતા** (ક્ષુલ્લહિમવતી) **ચુલ્લહિમવંત** પર્વતના અધિષ્ઠાતા દેવ **ચુલ્લહિમવંત-ગિરિકુમાર**ની રાજધાની.[1]

૧. જમ્બૂ.૭૫.

**ચૂઅ** (ચૂત) **ચૂઅવણ** નામના વનનો રક્ષક દેવ.[1]

૧. જીવા. ૧૩૬.

**ચૂઅવણ** **વિજય** (૧૮)ની રાજધાની **વિજયા**(૯)ની ઉત્તરે પાંચ સો યોજનના અંતરે આવેલું આમ્રવન. તે બાર હજાર યોજનોથી વધારે લાંબુ અને પાંચ સો યોજન પહોળું છે.[1]

૧. જીવા.૧૩૬.

**ચૂયવડિંસય** (ચૂતાવતંસક) **જોઇસિય** વર્ગના દેવોનું સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. ભગ. ૧૬૫.

**ચૂલણી** જુઓ **ચુલણી**(૨).[1]

૧. આવનિ.૩૯૬.

**ચૂલિય** (ચૂલિક) એક **અણારિય** (અનાર્ય) દેશ અને તે દેશના વાસીઓ.[1] આ ચૂલિય લોકો એ તુર્કસ્તાનની ઓક્સસ (Oxus) નદીની ઉત્તરે રહેતા સોગ્દીઅનો (Sogdians) છે.[2]

૧. પ્રશ્ન.૪. પ્રજ્ઞાપના ૩૭ તેનો ઉલ્લેખ સૂયલિ તરીકે કરે છે.

૨. સ્ટજિઓ. પૃ.૨૬, ટિપ્પણ ૧, લાઇ.પૃ.૩૬૦.

**ચૂલિયા** (ચૂલિકા) તેનો અર્થ પરિશિષ્ટ છે. **દિટ્ઠિવાય**ના પાંચમા વિભાગને ચૂલિયા કહેવામાં આવે છે.[1] પછી આપણને મળે છે – **અંગચૂલિયા**, **વગ્ગચૂલિયા** અને **વિવાહચૂલિયા**.[2] **મહાનિસીહ**ના છેલ્લા બે પ્રકરણો ચૂલિયાના રૂપમાં છે.[3] **આયાર**ના અંતે પાંચ અને **દસવેયાલિય**ના અંતે બે ચૂલિયા છે.[4]

૧. સમ.૧૪૭, નન્દિ.૫૭.

૨. નન્દિ. ૪૪.

૩. હિકે.પૃ.૧૪૨, મનિ.૨૪૨.

૪. આચાનિ.૧૧, દશનિ.પૃ.૧૫, દશચૂ.પૃ.૮.

**ચેઇય** (ચૈત્ય) જ્યાં **અગ્ગિજ્જોઅ** બ્રાહ્મણ તરીકે જન્મ્યા હતા તે સન્નિવેશ.[1]

૧. વિશેષા.૧૮૦૮, આવમ.પૃ.૨૪૮, આવનિ.૪૪૨.

**ચેડઅ** અથવા **ચેડગ** (ચેટક) **વેસાલી** નગરીનો રાજા. તે **મહાવીર**નો મહાન ભક્ત હતો. તેને સાત પુત્રીઓ હતી - (૧) **પભાવઈ**(૩), (૨) **પઉમાવઈ**(૮), (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મિગાવઈ**(૧), (૪) **સિવા**(૧), (૫) **જેટ્ઠા**(૬), (૬) **સુજેટ્ઠા** અને (૭) **ચેલ્લણા**.[1] **તિસલા** તેની બેન હતી.[2] હાર અને હાથી માટે તેને **હલ્લ**(૩) અને **વિહલ્લ**(૧)ના પક્ષે પોતાની જ પુત્રી ચેલ્લણાના પુત્ર **કૂણિઅ** સામે યુદ્ધ કરવું પડ્યું હતું.[3]

૧. આવચૂ.૨.પૃ.૧૬૪-૭૪,નિર.૧.૧, ભગ.૪૪૧.
૨. આવચૂ.૧.પૃ.૨૪૫.
૩. નિર.૧.૧, વ્યવભા.૧૦.૫૩૫, જીતભા. ૪૭૯, ભગ.૩૦૦-૩૦૨.

**ચેદિ** એક **આરિય**(આર્ય) દેશ. તેની રાજધાની **સોત્તિયવઈ** હતી.[1] તેની એકતા વર્તમાન બુંદેલખંડ અને તેની આસપાસના પ્રદેશ સાથે સ્થાપી શકાય.[2]

૧. પ્રજ્ઞા. ૩૭.
૨. જિઓએ.પૃ.૨૫.

**ચેલણા** (ચેલ્લના) જુઓ **ચેલ્લણા**.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૭૧.

**ચેલવાસિ** (ચેલવાસિન્) **વેલવાસિ**નો આ ખોટો પાઠ છે.[1]

૧. ભગ.૪૧૭, ભગઅ.પૃ.૫૧૯, ઔપ.૩૮.

**ચેલ્લણા** (ચેલ્લના) **વેસાલી**ના રાજા **ચેડગ**ની પુત્રી અને **રાયગિહ**ના રાજા **સેણિઅ**(૧)ની પત્ની.[1] તે **સેણિઅ** સાથે ભાગી ગઈ હતી અને તેમાં તેને **અભઅ**(૧)એ મદદ કરી હતી.[2] પોતાના પતિના જ હૃદયનું માંસ ખાવાનો તેનો દોહદ અભઅ(૧)એ ચતુરાઈથી પૂરો કર્યો હતો.[3] તેને ત્રણ પુત્રો હતા – **હલ્લ**(૩), **વિહલ્લ**(૧) અને **કૂણિઅ**.[4] તે **મહાવીર**ની મહાન ભક્તાણી હતી.[5]

૧. આવચૂ.૧.પૃ.૩૭૧,૨.પૃ.૧૬૪, નિર.૧.૧.
૨. આવહ.પૃ.૬૭૭-૭૮, આવચૂ.૨. પૃ.૧૬૫.
૩. નિર.૧.૧, આવહ.પૃ.૬૭૮.
૪. આવચૂ.૨.પૃ.૧૬૬-૬૭, અનુત્ત.૧.
૫. દશ.૧૦.૧, આવચૂ.૧.પૃ.૧૧૪.

**ચોક્ખા** (ચોક્ષા) **મિહિલા**ની પરિવ્રાજિકા. એક વાર તેને રાજકુમારી **મલ્લિ**(૧) સાથે ધર્મના સ્વરૂપ અંગે વાદ થયો, તેમાં તે હારી ગઈ. તેથી પછી તે **કંપિલ્લપુર** ગઈ, ત્યાંના રાજા **જિયસત્તુ**(૨) આગળ તેણે મલ્લિના રૂપનું મનોહર વર્ણન કર્યું અને મલ્લિ સાથે લગ્ન કરવા તેને ચડાવ્યો.[1]

૧. જ્ઞાતા. ૭૪.

**ચોદસપુવ્વ** (ચતુર્દશપૂર્વ) **મહાવીર** પહેલાં પણ અસ્તિત્વમાં હતા તે 'ચૌદ પૂર્વો' નામથી પ્રસિદ્ધ આગમગ્રન્થોનો વર્ગ.[1] જુઓ **પુવ્વગય**.

૧. તીર્થો. ૬૯૭.

**ચોર** (ચૌર) આ અને **ચોરાય** એક છે.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવનિ.૪૮૨.

**ચોરાગ** (ચૌરાક) જુઓ **ચોરાય**.[1]

૧. આવહ.પૃ.૨૦૪, આવચૂ.૧.પૃ.૨૮૬.

**ચોરાય** (ચૌરાક) **ગોસાલ** સાથે **મહાવીર** જયાં ગયા હતા તેવો એક સન્નિવેશ. મહાવીરને અહીં **જયંતી**(૯) અને તેની બેન **સોમા**(૪)એ મદદ કરી હતી.[1] ચોરાયની એકતા બંગાળના લોહરદુગ્ગ જિલ્લામાં આવેલા છોરેય સાથે સૂચવવામાં આવી છે.[2]

૧. આવચૂ.૧.પૃ.૨૮૬,૨૮૯, આવનિ.૪૭૮,૪૮૨, વિશેષા.૧૯૩૨.
૨. લાઇ. પૃ.૨૭૭.

## છ

**છઉમ** (છદ્મન્) **વિયાહપણ્ણત્તિ**ના પાંચમા શતકનો પાંચમો ઉદ્દેશક.[1]

૧. ભગ.૧૭૬.

**છઉમત્થ** (છદ્મસ્થ) **વિયાહપણ્ણત્તિ**ના સાતમા શતકનો આઠમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૨૬૦.

**છઉલુઅ** (ષડુલૂક) જુઓ **છલુઅ**.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૨૬.

**છક્કિરીયભત્ત** (ષટ્ક્રિયાભક્ત) એક ધાર્મિક પંથ.[1]

૧. આચાચૂ.પૃ.૯૭.

**છગલપુર** જયાં **સીહગિરિ**(૧) રાજ કરતો હતો તે નગર. ખાટકી **છણિય** અહીંનો હતો.[1]

૧. વિપા.૨૧, સ્થાઅ.પૃ.૫૦૮.

**છજ્જીવણિયા** (ષડ્જીવનિકા) **દસવેયાલિય**નું ચોથું અધ્યયન.[1] આ અધ્યયન **ધમ્મપણ્ણત્તિ** નામે પણ જાણીતું છે.[2]

૧. દશ. ૪.૧, દશનિ.૨૧૫-૧૬, વ્યવભા.૪.૩૧૦, નિશીચૂ.૩.પૃ.૨૮૦,૪.પૃ.૨૬૮.
૨. દશ. ૪.૧.

**છણિય** અથવા **છણીય** (છન્નિક) **છગલપુર**નો ખાટકી. મૃત્યુ પછી તે ચોથા નરકમાં ગયો અને ત્યાંથી મરી તે **સગડ**(૨) તરીકે પુનર્જન્મ પામ્યો.[1]

૧. વિપા.૨૧.

**છણીય** (છન્નિક) જુઓ **છણિય**.[1]

૧. વિપા. ૨૧-૨૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**છત્તગ્ગા** (છત્રગ્રા) **ભરહ**(૨) ક્ષેત્રમાં આવેલું નગર. તે **ણંદણ**(૬)નું જન્મસ્થાન હતું. આ ણંદણ **મહાવીર**નો પૂર્વભવ હતો.[1]

૧. આવનિ.૪૫૦, આવચૂ.૧.પૃ.૨૩૫, કલ્પશા.પૃ.૪૦, સમઅ.પૃ.૧૦૬.

**છત્તપલાસ** (છત્રપલાશ) **કયંગલા** નગર બહાર આવેલું ઉદ્યાન તેમજ ચૈત્ય. મહાવીર અહીં આવ્યા હતા.[1]

૧. ભગ.૯૦, ઉત્તરાક.પૃ.૪૯૮.

**છત્તાર** (છત્રકાર) એક **આરિય** (આર્ય) ધંધાદારી (ઔદ્યોગિક) મંડળ.[1]

૧. પ્રજ્ઞા.૩૭.

**છમ્માણિ** (ષણ્માનિ) જે ગામમાં **મહાવીર** ગયા હતા અને જ્યાં તેમને અનેક પરીષહો સહવા પડ્યા હતા તે ગામ. અહીં એક ગોવાળે મહાવીર ધ્યાનસ્થ હતા ત્યારે તેમના કાનમાં લાકડાના ખીલા માર્યા હતા.[1]

૧. વિશેષા.૧૯૮૧, આવનિ.૫૨૬, આવચૂ.૧.પૃ.૩૨૧, કલ્પવિ.પૃ.૧૭૧.

**છલુઅ** અથવા **છલુગ** (ષડુલૂક) **સિરિગુત્ત**ના શિષ્ય **રોહગુત્ત**(૧)નું બીજું નામ.[1]

૧. વિશેષા. ૩૦૦૮, આવચૂ.૧.પૃ.૪૨૬.

**છવ્વિય** (છર્વિક) એક **આરિય** (આર્ય) ધંધાદારી (ઔદ્યોગિક) મંડળ[1] જેના સભ્યો સૂકા ઘાસની સળીઓમાંથી ઉપયોગી ચીજો બનાવવાનું કામ કરતા.[2]

૧. પ્રજ્ઞા.૩૭. ૨. પ્રજ્ઞામ.પૃ.૫૮.

**છુત્તા** (ક્ષુત્મા) એક દેવી.[1]

૧. આવ. પૃ. ૧૯.

**છેદસુત** (છેદશ્રુત) જુઓ **છેયસુત્ત**.[1]

૧. જીતભા. ૧૮૨.

**છેદસુય** (છેદશ્રુત) આ અને **છેયસુત્ત** એક છે.[1]

૧. વ્યવભા. ૫૬.૨.

**છેયસુત્ત** (છેદસૂત્ર) આગમગ્રન્થોનો એક વર્ગ. તેનું નામ છેદ નામના પ્રાયશ્ચિત્તમાંથી નિષ્પન્ન થયું છે. છેદ પ્રાયશ્ચિત્ત એટલે શ્રમણપર્યાયમાં (સાધુજીવનની સમયગણનામાં) કાપ.[1] જો કે 'છેયસુત્ત' શબ્દ **આવસ્સયણિજ્જુત્તિ** જેટલો પ્રાચીન છે[2] તેમ છતાં આવા પ્રાચીન ગ્રન્થોમાં આ છેયસુત્ત વર્ગના આગમગ્રન્થોની સંખ્યાનો કોઈ ઉલ્લેખ નથી. આ સંદર્ભમાં ભાવપ્રભસૂરિએ પોતાની કૃતિ જૈનધર્મવરસ્તોત્રની સ્વોપજ્ઞ ટીકામાં (પૃ.૯૪) નીચેનાં નામો ગણાવ્યાં છે : (૧) નિશીથ - **ણિસીહ**, (૨) મહાનિશીથ - **મહાણિસીહ**, (૩) વ્યવહાર - **વવહાર**, (૪) દશાશ્રુતસ્કન્ધ - **દસાસુયક્ખંધ**, (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૃહત્કલ્પ - કપ્પ, અને (૬) જીતકલ્પ - **જીયકપ્પ**. આચાર્ય **રક્ખિય**(૧)ના સમય સુધી છેયસુત્તો શ્રમણીઓને ભણાવવાની છૂટ હતી પણ પછી તે છૂટ ન હતી અર્થાત્ શ્રમણીઓને તે ભણાવવા ઉપર પ્રતિબંધ હતો.[3] બુદ્ધિ વગેરેમાં બરાબર પુખ્ત અને પાકટ થયેલા શિષ્યોને (શ્રમણોને) જ છેયસુત્તો ભણાવવા જોઈએ.[4]

૧. 'છેદ'નો શબ્દશઃ અર્થ કાપ (cut) છે અને તેથી છેદસૂત્રનો અર્થ શ્રમણાચારના નિયમોના ભંગ બદલ શ્રમણપર્યાયમાં અર્થાત્ શ્રમણજીવનની વરિષ્ઠતા (seniority) માં જુદા જુદા કાપ નિયત કરી આપતા આગમગ્રન્થો એવો કરાય.
૨. આવનિ.૭૭૮, વિશેષા.૨૭૯૫, નિશીભા. ૬૧૯૦.
૩. વ્યવભા. ૫.૬૨થી આગળ.
૪. વ્યવભા.૧૦.૨૭૩, બૃભા.૪૦૮, જીતભા. ૧૮૨.

**છેયસુય** (છેદસૂત્ર) જુઓ **છેયસુત્ત**.[1]
૧. વ્યવભા. ૪.૧૨.

## જ

**જઇણ** (જૈન) આ શબ્દનો અર્થ છે જૈન સંઘ.[1]
૧. વિશેષા. ૩૮૩, ૬૪૬, વિશેષાકો.પૃ.૧૪૮, આવચૂ.૨.પૃ.૨૫૪.

**જઉણ** (યમુન) દંડ શ્રમણને હણનાર **મહુરા**(૧)નો રાજા. પછી તે સંસારનો ત્યાગ કરી શ્રમણ બની ગયો હતો.[1]
૧. આવનિ.૧૨૭૭, આવચૂ.૨.પૃ.૧૫૫, આવહ.પૃ.૬૬૭, ભગઅ.પૃ.૪૯૧.

**જઉણસેણ** (યમુનસેન) **મહુરા**(૧)નો રાજા. **ચિત્તપ્પિય** તેનો મન્ત્રી હતો.[1]
૧. વિશેષાકો. પૃ.૨૯૪.

**જઉણા** (યમુના) **ભારહ**ની પાંચ મોટી નદીઓમાંની એક.[1] તેના કિનારા ઉપર **સોરિયપુર** નગર આવેલું હતું.[2] તે **ગંગા** નદીમાં ભળી જાય છે.[3] આ અને વર્તમાન જમુના એક છે.[4]
૧. સ્થા.૪૭૦,વિપા.૨૯,આવચૂ.૨.પૃ.૧૬૭,નિશીચૂ.૩.પૃ.૩૬૪, બૃક્ષે.૧૪૮૭.
૨. વિપા.૨૯. ૩. સ્થા.૪૭૦. ૪.જિઓડિ.પૃ.૨૧૫.

**જઉણાવંક** (યમુનાવક્ર) **આવસ્સયચુણ્ણિ** અનુસાર જ્યાં **મહુરા**(૧)ના રાજા **જઉણે** દંડ શ્રમણને મારી નાખેલ તે ઉદ્યાન.[1] **સંથારગ** અનુસાર આ નગરનું નામ છે.[2]
૧. આવચૂ.૨.પૃ.૧૫૫. ૨. સંસ્તા.૬૧.

**જઉવ્વેય** (યજુર્વેદ) ચાર વેદોમાંનો એક.[1]
૧. ભગ.૯૦, જ્ઞાતા.૧૦૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જંગલ** (જઙ્ગલ) જેની રાજધાની **અહિચ્છત્તા** હતી તે **આરિય** (આર્ય) દેશ.[1] તેની એકતા ગંગા અને ઉત્તર પંચાલ વચ્ચેના વિસ્તારના પ્રદેશ સાથે સ્થાપવામાં આવી છે.[2]

૧. પ્રજ્ઞા.૩૭, સૂત્રશી.પૃ.૧૨૩. ૨. જિઓએ.પૃ.૧૩૨-૧૩૩, જિઓડિ.પૃ.૨.

**જંઘાપરિજિય** (જંઘાપરિજિત) કામ-મૈથુનની અક્ષમતાવાળી શેઠની પુત્રીની ખામી દૂર કરનાર શ્રમણ.[1]

૧. પિંડનિ.૫૦૭, પિંડનિમ.પૃ.૧૪૪.

**૧. જંબવઈ** (જામ્બવતી) **વાસુદેવ**(૨) **કણ્હ**(૧)ની છઠ્ઠી મુખ્ય પત્ની અને **સંબ**ની માતા.[1] તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર અરિટ્ઠણેમિ**ની શિષ્યા બની. વીસ વર્ષનું શ્રામણ્ય પાળી પછી તે મોક્ષે ગઈ.[2]

૧. અન્ત.૮,૧૦, આવ.પૃ.૨૮, વિશેષાકો.પૃ.૪૧૩, આવચૂ.૧.પૃ.૧૧૪, આવમ.પૃ.૧૩૭.
૨. અન્ત.૧૦, સ્થા.૬૨૬.

**૨. જંબવઈ અંતગડદસા**ના પાંચમા વર્ગનું છઠ્ઠું અધ્યયન.[1]

૧. અન્ત.૯.

**જંબવતી** જુઓ **જંબવઈ**.[1]

૧. અન્ત.૮.

**જંબુ** (જમ્બૂ) જુઓ **જંબૂ**.[1]

૧. તીર્થો. ૭૧૨, નિર.૧.૧, કલ્પચૂ.પૃ.૧૦૪.

**જંબુદીવ** (જમ્બૂદ્વીપ) જુઓ **જંબુદીવ**(૧).[1]

૧. વિશેષા.૧૪૦૯.

**૧. જંબુદીવ** (જમ્બુદ્વીપ) મધ્યલોકમાં સૌથી મધ્યમાં અર્થાત્ બધા દ્વીપો અને સમુદ્રોની મધ્યમાં તે આવેલો છે.[1] તે વર્તુળાકાર છે અને વિસ્તારમાં બધા દ્વીપોમાં સૌથી નાનો છે. બીજા દ્વીપો વલયાકાર છે. **લવણસમુદ્દ** અને બીજા દ્વીપો અને સમુદ્રો તેને સમાન કેન્દ્રવાળા વલયોના રૂપમાં ઘેરી વળેલા છે.[2] જંબુદીવનો વ્યાસ એક લાખ યોજનનો છે અને તેનો પરિઘ ૩૧૬૨૨૭ યોજન ૩ ક્રોશ ૧૨૮ ધનુષ અને ૧૩$^{1}/_{2}$ અંગુલથી કંઈક વધારે છે.[3] તેના કેન્દ્રમાં **મંદર**(૩) પર્વત છે.[4] તેમાં બીજા છ **વાસહર** પર્વતો છે.[5] તેની દક્ષિણે (દક્ષિણથી ઉત્તર તરફ) **ભરહ**(૨), **હેમવય** અને **હરિવાસ** ક્ષેત્રો આવેલાં છે અને તેની ઉત્તરે (ઉત્તરથી દક્ષિણ તરફ) **એરવય**(૧), **હિરણ્ણવય** અને **રમ્મગ** ક્ષેત્રો આવેલાં છે. જંબુદીવના કેન્દ્રમાં અને મંદર પર્વતની ફરતે **મહાવિદેહ** ક્ષેત્ર આવેલું છે.[6] જંબુદીવના કેન્દ્રમાં આવેલા **જંબુસુદંસણા** નામથી જાણીતા જંબુ વૃક્ષ ઉપરથી આ દ્વીપનું નામ 'જંબુદીવ' પડ્યું છે.[7] આ દ્વીપનું વિગતવાર વિસ્તૃત વર્ણન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જંબુદ્દીવપણ્ણત્તિ** આપે છે. મધ્યલોકમાં આ નામવાળા અસંખ્ય દ્વીપો છે.[૮] આ જંબુદ્દીવનો અધિષ્ઠાતા દેવ **અણાઢિય(૨)** છે.[૯]

૧. જમ્બૂ.૩-૭, સૂર્ય.૧૧, સ્થા.૫૨, જીવા.૧૮૬, ભગ.૩૬૨-૬૩.
૨. જમ્બૂ.૩, પ્રજ્ઞા.૩૪૪, સૂર્ય.૧૦૦.
૩. જમ્બૂ.૧૭૪, જીવા.૧૨૪, સમ. ૧૨૪.
૪. જમ્બૂ.૧૦૩.
૫. સમ.૭, સ્થા.૮૭, ૧૯૭.
૬. જમ્બૂ.૧૨૫, સમ.૭, સ્થા.૫૨૨, ૫૫૫.
૭. જમ્બૂ.૧૭૭, જીવા.૧૪૭-૧૫૨.
૮. જીવા. ૧૮૬, જમ્બૂ.૧૧૦-૧૫૦, સૂર્ય. ૨૯,૬૦,૯૩,૧૦૦, સમ.૧૪, સ્થા.૯૦, ૩૦૨, જીવા.૧૨૮, ૧૫૩, ૧૬૨.
૯. જીવા.૧૫૨, સ્થા.૭૬૪.

૨. **જંબુદ્દીવ** **વિયાહપણ્ણત્તિ**ના નવમા શતકનો પહેલો ઉદ્દેશક.[૧]

૧. ભગ. ૩૬૨.

**જંબુદ્દીવપણ્ણત્તિ** (જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ) એક **અંગબાહિર** **કાલિઅ** આગમગ્રંથ,[૧] તે છઠ્ઠા ઉવંગ તરીકે પણ જાણીતો છે.[૨] તે સામાન્યતઃ વિશ્વરચનાનું અને વિશેષતઃ **જંબુદ્દીવ(૧)**નું નિરૂપણ કરે છે. તે સાત વક્ષસ્કારો(વિભાગો)માં વિભક્ત છે. તે જંબુદ્દીવમાં આવેલ **ભરહ(૨)** ક્ષેત્રની વિગતવાર માહિતી આપે છે. તે **ચક્કવટ્ટિ** **ભરહ(૧)**ની વિજયયાત્રા, જંબુદ્દીવના પર્વતો અને ક્ષેત્રો, **સૂરિય**, **ચંદ** વગેરેની જંબુદ્દીવમાં ગતિ અને આવી બાબતોનું વર્ણન કરે છે.[૩] તેનું કદ ૪૧૪૬ શ્લોકપ્રમાણ છે.[૪] તેના ઉપર મલયગિરિએ રચેલી ટીકા ઉપલબ્ધ નથી.[૫]

૧. નન્દિ.૪૪, પાક્ષિ.પૃ.૪૪, સ્થા.૨૭૭.
૨. જમ્બૂશા.પૃ.૧.
૩. પાક્ષિય.પૃ.૬૭, સમઅ.પૃ. ૮૦, જ્ઞાતાઅ. પૃ.૧૨૬, ૧૫૫, કલ્પધ.પૃ.૧૩.
૪. જમ્બૂશા.પૃ.૫૪૦.
૫. જમ્બૂશા.પૃ.૨.

**જંબુપેઢ** (જમ્બૂપીઠ) જુઓ **જંબૂપેઢ**.[૧]

૧. જીવા.૧૫૧.

**જંબુવઈ** (જમ્બૂવતી) આ અને **જંબવઈ** એક છે.[૧]

૧. આવ.પૃ.૨૮, વિશેષાકો.પૃ.૪૧૩.

**જંબુસુદંસણા** (જમ્બૂસુદર્શના) જંબુ વૃક્ષ જેના ઉપરથી **જંબુદ્દીવ** નામ પાડવામાં આવ્યું છે.[૧] તે જંબુ વૃક્ષ જુદાં જુદાં બાર નામોથી ઓળખાય છે.[૨]— **અમોહા(૨)**, **સુંદસણા(૯)**, **સુપ્પબુદ્ધા(૧)**, **જસોહરા(૩)**, **વિદેહ જંબુ**, **ણિઅયા**, **સોમણસા(૩)**, **નિચ્ચમંડિઆ**, **સુભદ્દા(૧૬)**, **વિસાલા(૨)**, **સુજાયા(૪)** અને **સુમણા(૫)**. તે **જંબૂપેઢ**ની મધ્યમાં છે[૩] અને આઠ યોજન ઊંચું છે.[૪] તેની ઉપર જંબુદ્દીવનો અધિષ્ઠાતા દેવ **અણાઢિય(૨)** વસે છે.[૫]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. જમ્બૂ.૧૭૭, જીવા.૧૪૭-૧૫૦.
૨. જમ્બૂ.૯૦, જીવા.૧૫૨, સમ.૮.
૩. જમ્બૂ.૯૦, જીવા.૧૫૧.
૪. જમ્બૂ. ૯૦.
૫. જમ્બૂ.૯૦, ઉત્તરાશા.પૃ.૩૫૨, જીવા. ૧૫૨.

**૧. જંબૂ (જમ્બૂ)** મહાવીરના પાંચમા ગણધર **સુહમ્મ(૧)**ના શિષ્ય.[1] તે **કાસવ(૧)** ગોત્રના હતા.[2] વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રના તે અંતિમ સર્વજ્ઞ હતા.[3] આર્ય **પભવ** તેમના ઉત્તરાધિકારી હતા.[4] કેટલાક આગમગ્રન્થોમાં જંબૂનો સુહમ્મને પ્રશ્ન પૂછનાર તરીકે નિર્દેશ છે અને પછી ઉત્તરમાં સુહમ્મ આગમગ્રન્થોના પાઠને બોલીને સંભળાવે છે.[5] જ્યારે કેટલાક આગમગ્રન્થોમાં બેમાંથી કોઈનો પણ નિર્દેશ નથી પણ તે આગમગ્રન્થોની શરૂઆત આ શબ્દોથી થાય છે– "सुयं मे आउसं ! तेणं भगवया एवं अक्खायं ।" આ શબ્દોને સમજાવતાં ટીકાકારો જણાવે છે કે જંબૂના પ્રશ્નના ઉત્તરમાં સુહમ્મે ઉચ્ચારેલા આ શબ્દો છે.[6] આગમગ્રન્થોના અધ્યયનોનો અંત 'त्ति बेमि' શબ્દોથી થાય છે. ટીકાકારો અનુસાર આ શબ્દો સુહમ્મના કથનના અંતને જણાવે છે.[7] આમ આપણે જોઈએ છીએ કે જંબૂએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં સુહમ્મ આખા ને આખા કેટલાક આગમગ્રન્થોને બોલીને રજૂ કરે છે.

૧. નન્દિ.ગાથા ૨૩, નિર.૧.૧, નિશીચૂ.૨.પૃ.૩૬૦, કલ્પધ.પૃ. ૧૬૨, કલ્પવિ.પૃ.૨૪૯.
૨. જ્ઞાતા.૫, નન્દિ.ગાથા ૨૩, કલ્પ. (થેરાવલી) ૫,૭.
૩. તીર્થો. ૬૯૮થી, વ્યવભા.૧૦.૬૯૯.
૪. દશચૂ.પૃ.૬, કલ્પ.(થેરાવલી) ૭.
૫. જ્ઞાતા.૫, ૩૧-૩૨, ઉપા.૨, અન્ત.૧, નિર.૧.૧., ભગ.૪, ભગઅ. પૃ.૬.
૬. આચા.૧.૧.૧.૧, ઉત્તરા.૨૯, દશ.૪.૧, સ્થા.૧, સમ.૧, આચાશી.પૃ.૧૧, ઉત્તરાશા. પૃ.૫૭૧-૭૨, દશહ.પૃ.૧૩૬, સ્થાઅ. પૃ. ૬.
૭. સૂત્રશી.પૃ.૨૯, સમ.૧૫૯, સમઅ.પૃ. ૧૬૦, જમ્બૂ.૧૭૮, જમ્બૂશા.પૃ.૫૪૦.

**૨. જમ્બૂ** આ અને **જંબુસુદંસણા** એક છે.[1]

૧. સમ.૮.

**૩. જમ્બૂ સંભૂઇ(૪)**ના બાર શિષ્યોમાંનો એક.[1]

૧. કલ્પવિ.પૃ.૨૫૬.

**જંબૂદાડિમ** એક રાજા જે **સિરિયા**ના પતિ અને **લક્ખણ(૪)**ના પિતા હતા. તે સંસારનો ત્યાગ કરી શ્રમણ બન્યા હતા.[1]

૧. મનિ.પૃ.૧૬૩.

**જંબૂદીવ (જમ્બૂદ્વીપ)** જુઓ **જંબુદીવ.**[1]

૧. પ્રજ્ઞા.૩૪૪, વિશેષાકો.પૃ.૭૧૪, આવહ.પૃ.૧૧૬, જ્ઞાતા.૬૪, ભગ.૧૭૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જંબૂદીવ** (જમ્બૂદ્વીપ) જુઓ **જંબુદીવ**(૧)[1]

૧. સ્થા.૫૨, જ્ઞાતા.૧૪૧, જીવા. ૧૫૩.

**જંબૂપેઢ** (જમ્બૂપીઠ) **ઉત્તરકુરુ**(૧)માં આવેલી પીઠિકા. તે **ણીલવંત** પર્વતની દક્ષિણે, **મંદર**(૩) પર્વતની ઉત્તરે, **માલવંત** પર્વતની પશ્ચિમે અને **સીતા** નદીની પૂર્વે આવેલી છે. તેનો વ્યાસ ૫૦૦ યોજન છે. તેનો પરિઘ ૧૫૮૧ યોજનથી કંઈક વધુ છે. **જંબૂસુદંસણા** વૃક્ષ તેની મધ્યમાં ઊભું છે.[1]

૧. જમ્બૂ.૯૦, જીવા.૧૫૧.

**જંબૂમંદર** (જમ્બૂમન્દર) **મંદર**(૩) પર્વતનું બીજું નામ.[1]

૧. સ્થા.૧૯૭.

**જંબૂવતી** (જમ્બૂવતી) જુઓ **જંબવઈ**(૧).[1]

૧. આવહ.પૃ.૯૫.

**જંબૂસંડ** (જમ્બૂખણ્ડ) **ગોસાલ** સાથે **મહાવીર** જે ગામોમાં ગયા હતા તેમાંનું એક ગામ.

૧. આવનિ.૪૮૪, આવચૂ.૧.પૃ.૨૯૧, વિશેષા.૧૯૩૮.

**જંબૂસુદંસણા** (જમ્બૂસુદર્શના) જુઓ **જંબુસુદંસણા**.[1]

૧. જીવા.૧૫૨, જમ્બૂ.૯૦, પ્રશ્ન.૨૭.

**જંભઅ** (જૃમ્ભક) જુઓ **જંભગ**.[1]

૧. જ્ઞાતા. ૭૬.

**જંભક** (જૃમ્ભક) જુઓ **જંભગ**.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૭૨.

**જંભગ** (જૃમ્ભક) સ્વતન્ત્ર-ઇચ્છાશક્તિવાળા **વાણમંતર** દેવોનો એક વર્ગ.[1] આ વર્ગના દેવો **સક્ક**(૩)ના **લોગપાલ** **વેસમણ**(૯)ની આજ્ઞામાં છે.[2] તે દેવો **દીહવેયડ્ઢ**, **ચિત્તકૂડ**(૪), **વિચિત્તકૂડ**, **જમગ**(૧) અને **કંચણગ** પર્વતો ઉપર વસે છે.[3] તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમ વર્ષનું છે, અને તે દેવોના દસ પ્રકાર છે – **અણ્ણજંભગ**, **પાણજંભગ**, **વત્થજંભગ**, **લેણજંભગ**, **સયણજંભગ**, **પુપ્ફજંભગ**, **ફલજંભગ**, **પુપ્ફફલજંભગ**, **વિજ્જાજંભગ** અને **અવિયત્તજંભગ**.[4]

૧. ભગઅ.પૃ.૬૫૪, પ્રશ્ન.૨૪, પ્રશ્નઅ. પૃ.૧૧૬.
૨. જ્ઞાતા.૭૬, કલ્પ.૮૮, જમ્બૂ.૧૨૩.
૩. ભગ. ૫૩૩.
૪. ભગ. ૫૩૩.

**જંભિય** (જૃમ્ભિક) આ અને **જંભિયગામ** એક છે.[1]

૧. આવનિ.૫૨૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જંભિયગામ** (જૃમ્ભિકગ્રામ) જ્યાં મહાવીરને કેવલજ્ઞાન થયું હતું તે **ઉજુવાલિયા** નદીના કિનારે આવેલું ગામ.[1] તે **ચંપા** અને **મજ્ઝિમાપાવા**ની વચ્ચે ક્યાંક આવેલું હોવું જોઈએ.[2]

૧. કલ્પ.૧૨૦, આવનિ.૫૨૭, આવચૂ.૧.પૃ.૩૨૨,વિશે.૧૯૮૨, આચા.૨.૧૭૯.
૨. શ્રભમ.પૃ.૩૫૭, ૩૭૦, લાઇ.પૃ.૨૮૯.

**જક્ખ** (યક્ષ) વંતર દેવોનો એક પેટાવિભાગ. **પુણ્ણભદ્દ**(૫) અને **માણિભદ્દ**(૧) તેના બે ઈન્દ્રો છે.

૧. પ્રજ્ઞા.૪૭, ઉત્તરા.૩૬.૨૦૬,પ્રશ્ન.૧૫,અનુ.૨૦,અનુહે.પૃ.૨૫,જ્ઞાતા.૨૧,૮૨, સ્થા. ૫૦૧, વિપા.૨,ભક્ત.૭૮,બૃભા.૪૭૬૯, ઉત્તરા.૧૨.૮. ઉત્તરાચૂ.પૃ.૧૩૯, ઉત્તરાશા.પૃ.૧૮૭, પિંડનિ.૪૫૨.

**૧. જક્ખદિણ્ણા** (યક્ષદત્તા) **સગડાલ**ની પુત્રી, **થૂલભદ્દ**ની બેન[1] અને **સંભૂઈવિજય**(૪)ની શિષ્યા.[2]

૧. આવચૂ.૨.પૃ.૧૮૩,તીર્થો.૭૫૪,આવ.પૃ.૨૮. ૨.કલ્પ.પૃ.૨૫૬.

**૨. જક્ખદિણ્ણા** તિત્થયર **અરિટ્ઠણેમિ**ની મુખ્ય શિષ્યા **જક્ખિણી**નું બીજું નામ.[1]

૧. તીર્થો. ૪૬૧.

**જક્ખદીવ** (યક્ષદ્વીપ) **ણાગોદ** સમુદ્રને ઘેરીને આવેલો સમકેન્દ્રી વલયાકાર દ્વીપ. તે દ્વીપ ખુદ **જક્ખોદ** સમુદ્રથી બધી બાજુથી ઘેરાયેલો છે.[1]

૧. સૂર્ય.૧૦૩, જીવા.૧૬૭.

**જક્ખમહ** (યક્ષમહ) લોકપ્રિય **જક્ખ** દેવોના માનમાં ઉજવાતો ઉત્સવ.[1]

૧. આચા.૨.૧૨., નિશી.૧૯.૧૧.

**જક્ખસિરી** (યક્ષશ્રી) **ચંપા**ના **સોમભૂઇ** બ્રાહ્મણની પત્ની.[1]

૧. જ્ઞાતા.૧૦૬.

**જક્ખસેણ** (યક્ષસેન) જેને **મહાણિસીહ** માટે અત્યન્ત આદર હતો તે વિદ્વાન આચાર્ય.[1]

૧. મનિ.૭૦.

**જક્ખહરિલ** (યક્ષહરિલ) **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧)ની પત્નીઓ **ણાગદત્તા**, **જસવઈ** અને **રયણવઈ**ના પિતા.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૩૭૯.

**૧. જક્ખા** (યક્ષા) **સગડાલ**ની પુત્રી, **થૂલભદ્દ**ની બેન[1] અને **સંભૂઈવિજય**(૪)ની શિષ્યા.[2]

૧. આવચૂ.૨.પૃ.૧૮૩, તીર્થો.૭૫૪. ૨. કલ્પ.પૃ.૨૫૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨. જક્ખા** એક દેવી.[૧]

૧. આવ.પૃ.૧૯.

**જક્ખિણી** (યક્ષિણી) **તિત્થયર અરિટ્ઠણેમિ**ની મુખ્ય શિષ્યા. તેનું બીજું નામ **જક્ખદિણ્ણા**(૨) હતું.[૧]

૧. અન્ત.૯, આવચૂ.૧.પૃ.૧૫૯, સમ.૧૫૭.

**જક્ખોદ** (યક્ષોદ) **જક્ખદીવ**ને ઘેરી વળેલો સમુદ્ર.[૧]

૧. સૂર્ય.૧૦૩, જીવા.૧૬૭.

**જગઈપવ્વયગ** (જગતીપર્વતક) **સૂરિયાભ** સ્વર્ગભૂમિમાં આવેલા પર્વતોનો એક પ્રકાર.[૧]

૧. રાજ.૧૧૨.

**જજુવ્વેદ** (યજુર્વેદ) જુઓ **જઉવ્વેય**.[૧]

૧. ભગ.૯૦, જ્ઞાતા.૧૦૬.

**જડિયાઇલઅ, જડિયાઇલય** અથવા **જડિયાઇલ્લઅ** આ અને **જડિયાલઅ** એક છે.[૧]

૧. સ્થાઅ.પૃ.૭૯, સ્થા.૯૦, સ્થાઅ.પૃ.૭૯.

**જડિયાલઅ** (જટિતાલક) **અટ્ઠાસી ગહ**માંનો એક.[૧]

૧. સૂર્ય.૧૦૭,સ્થા.૯૦,જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬, સ્થાઅ. પૃ. ૭૮-૭૯.

**જડિલઅ** (જટિલક) **રાહુ**(૧)નું બીજું નામ.[૧]

૧. સૂર્ય.૧૦૫, ભગ.૪૫૩.

**જણઅ** (જનક) **મહાવીર**ના કુશળ સમાચાર પૂછનાર **મિહિલા**ના રાજા.[૧]

૧. આવનિ.૫૧૮, આવચૂ.૧.પૃ.૩૧૬, વિશેષા.૧૯૭૩, કલ્પવિ.પૃ.૧૬૯, કલ્પધ.પૃ.૧૦૯.

**જણ્ણવક્ક** (યાજ્ઞવલ્ક્ય) **અરિટ્ઠણેમિ**ના તીર્થમાં થયેલા અજૈન ઋષિ જેમને **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારવામાં આવ્યા હતા.

૧. ઋષિ.૧૨, ઋષિ(સંગ્રહણી).

**જણ્ણઇ** (યજ્ઞિન્) યજ્ઞ કરનારા[૧] વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.[૨]

૧. ભગઅ.પૃ.૫૧૯. ૨. ભગ.૪૧૭, નિર.૩.૩, ઔપ.૩૮.

**જણ્ણઇજ્જ** (યજ્ઞિય) **ઉત્તરજ્ઝયણ**નું પચ્ચીસમું અધ્યયન.[૧]

૧. સમ.૩૬, ઉત્તરાનિ.પૃ.૯.

**જણ્ણજસ** (યજ્ઞયશસ્) **તાવસ**(૪) **જણ્ણદત્ત**(૧)ના પિતા અને **ણારદ**(૧)ના પિતામહ (દાદા). તેમની પત્નીનું નામ **સોમમિત્તા** હતું. તે **સોરિયપુર**ના હતા.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવચૂ.૨.પૃ.૧૯૪,આવનિ.૧૨૯૦,ઉત્તરાક.પૃ.૫૦૯,આવહ.પૃ.૭૦૫.

**૧. જણ્ણદત્ત** (યજ્ઞદત્ત) તાપસ **જણ્ણજસ**નો પુત્ર અને **ણારદ**(૧)નો પિતા. તે **સોરિયપુર**નો હતો.[1] તે આંતરે દિવસે ભોજન કરતો.[2]

૧. આવચૂ.૨.પૃ.૧૯૪,આવનિ.૧૨૯૦. ૨. પાક્ષિય.પૃ.૬૭.

**૨. જણ્ણદત્ત કોસંબી**ના **સોમદત્ત**(૫) અને **સોમદેવ**(૨)ના પિતા.[1]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૧૧૧.

**૩. જણ્ણદત્ત ભદ્દબાહુ** (૧)ના ચાર શિષ્યોમાંનો એક.[1]

૧. કલ્પ.પૃ.૨૫૫.

**જણ્હવી** (જાહ્નવી) **ગંગા** નદીનું બીજું નામ.[1]

૧. જમ્બૂ.૬૬.

**૧. જમ** (યમ) તાપસ **જમદગ્ગિ**ના પિતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૧૯, આવહ.પૃ.૩૯૧.

**૨. જમ સક્ક**(૩)ના તાબાના ચાર **લોગપાલ**માંનો એક. **ચમર**(૧) વગેરેના લોગપાલો પણ આ જ નામોથી ઓળખાય છે.[1] જમ દક્ષિણ દિશાનો રક્ષક દેવ છે.[2] તેમની મુખ્ય પત્નીઓનાં નામ માટે જુઓ **સોમ**(૧), **સોમ**(૨), **સોમ**(૩) અને **સોમ**(૪).

૧. ભગ.૧૬૫,૧૬૯,૪૦૬, જમ્બૂ.૧૨, સ્થા.૨૫૬, ૨૭૩.

૨. ભગ. ૪૧૭, ૪૧૮, ભગઅ.પૃ.૫૨૦, ઉપાઅ.પૃ.૨૭.

**૩. જમ ભરણી** નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.[1]

૧. જમ્બૂ.૧૫૭, ૧૭૧.

**૪. જમ મહાવીર**ના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારવામાં આવ્યા હતા.[1]

૧. ઋષિ.૪૩, ઋષિ(સંગ્રહણી).

**જમઈય** (યદતીત) **સૂયગડ**નું પંદરમું અધ્યયન[1], અને **આયાણિજ્જ**નું બીજું નામ.[2]

૧. સમ.૧૬,૨૩. ૨. સૂત્રચૂ.પૃ.૨૯૭.

**જમકાઈય** (યમકાયિક) આ અને **જમગ**(૨) એક છે.[1]

૧. ભગ.૧૬૬.

**૧. જમગ** (યમક) **ઉત્તરકુરુ**(૧)માં **સીતા** નદીની દરેક બાજુએ એક એક એમ જે બે પર્વતો આવેલા છે તે. તેમની ઊંચાઈ એક હજાર યોજન છે.[1] **જંભગ** દેવો તેમના ઉપર વસે છે.[2]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. જમ્બૂ.૮૮, જીવા.૧૪૮, સમ.૧૧૩, સમઅ.પૃ.૧૦૫, ભગ.૫૩૩.
૨. ભગ.૫૩૩, ભગઅ.પૃ.૬૫૪-૬૫૫.

**૨. જમગ જમગ**(૧) પર્વતો ઉપર વસતા દેવો.[1] તે દેવો **જમ**(૨)ના તાબામાં છે અને તેઓ **જમકાઇય** નામે જાણીતા છે.[2] તેમની રાજધાની **જમગા** નામે જાણીતી છે.[3]

૧. જમ્બૂ.૮૮, જીવા.૧૪૮, ૨. ભગ.૧૬૬. ૩. જમ્બૂ.૮૮.

**જમગપવ્વય** (યમકપર્વત) જુઓ **જમગ**(૧).[1]

૧. સમ.૧૧૩, ભગ.૫૬૩.

**જમગા** (યમકા) **જમગ**(૨) દેવોની રાજધાની.[1]

૧. જમ્બૂ.૮૮.

**જમદગ્ગિ** (જમદગ્નિ) **જમ**(૧)નો પુત્ર અને **રામ**નો (**પરસુરામ**નો) પિતા. તે તેમના ક્રોધ માટે પ્રસિદ્ધ છે. **મિગકોટ્ઠગ**ના રાજા **જિયસત્તુ**(૨૯)ની પુત્રી **રેણુગા** તેમની પત્ની હતી. **અણંતવીરિય**ના પુત્ર **કત્તવીરિય**(૧)એ તેમને હણ્યા હતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૧૯, સૂત્રશી.પૃ.૧૭૦, આવહ.પૃ.૩૯૧.

**જમદેવકાઇય** (યમદેવકાયિક) આ અને **જમગ**(૨) એક છે.[1]

૧. ભગ.૧૬૬.

**જમપ્પભ** (યમપ્રભ) બરાબર **સોમપ્પભ**(૨) જેવા જ બે પર્વતો. જેઓ **જમ**(૨) નામના બે **લોગપાલ**ના બે પાટનગરોના રૂપમાં છે.[1]

૧. ભગઅ.પૃ.૨૦૪.

**૧. જમાલિ** તે **ખત્તિયકુંડગામ**નો નિવાસી ક્ષત્રિયકુમાર હતો.[1] તે **કોસિઅ**(૫) ગોત્રનો હતો.[2] તે **સુદંસણા**(૧)નો પુત્ર અને **પિયદંસણા**નો પતિ હતો.[3] તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બન્યો.

પછીથી તેણે **સાવત્થી**માં નવો સિદ્ધાન્ત પ્રવર્તાવ્યો. તે સિદ્ધાન્ત અનુસાર જે ક્રિયમાણ હોય તેને કૃત ન માનવું જોઈએ, જે કૃત હોય અર્થાત્ પૂરેપુરું પૂર્ણ કરવામાં આવ્યું હોય તેને જ કૃત માનવું જોઈએ.[4] મહાવીર માનતા હતા કે જે પૂર્ણ થવાની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું હોય અને ટૂંક સમયમાં જ પૂર્ણ થવાનું હોય તેને પણ અમુક દૃષ્ટિએ પૂર્ણ થયેલું માની શકાય. આ બાબતમાં જમાલિને મહાવીર સાથે મતભેદ હતો. તેણે સ્પષ્ટપણે પ્રતિપાદન કર્યું કે વસ્તુ યા કાર્ય નિશ્ચિતપણે ખરેખર થઈ ગયું હોય (કૃત બન્યું હોય) ત્યારે જ તેને થઈ ગયેલું (કૃત) સ્વીકારાય. જે વસ્તુ હજુ પૂરી થવાની પ્રક્રિયામાંથી પસાર થઈ રહી હોય તેને પૂરી થઈ ગયેલી સ્વીકારાય જ નહિ. આમ જમાલિ ઐકાન્તિક હતો. તેને પ્રથમ **ણિણ્હવ** માનવામાં આવે છે.[5] મરીને તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લંતઅ-કપ્પમાં દેવ થયો.[૬] જુઓ **બહુરય** પણ.

૧. ભગ.૩૮૩-૩૯૦, ભગઅ.પૃ.૪૯૦.
૨. આચા.૨.૧૭૭.
૩. આવચૂ.૧.પૃ.૪૧૬, કલ્પધ. પૃ.૯૨, ઉત્તરાશા.પૃ.૧૫૪.
૪. ભગ.૩૮૬.
૫. ઉત્તરાક.પૃ.૧૦૧. સ્થા.૫૮૭, સમઅ. પૃ.૧૩૨, ભગઅ.પૃ.૧૯, નિશીભા. ૫૫૯૭, આવનિ.૭૮૦, આવભા.૧૨૬, વિશેષા. ૨૮૦૨-૭, સૂત્રચૂ. પૃ.૨૭૩.
૬. ભગ.૩૮૭.

**૨. જમાલિ** અંતગડદસાનું છઠ્ઠું અધ્યયન.[૧] હાલ ઉપલબ્ધ નથી, નષ્ટ થઈ ગયું છે.

૧. સ્થા.૭૫૫.

**જમિગા** (યમિકા) આ અને **જમગા** એક છે.[૧]

૧. જમ્બૂ.૮૮.

**૧. જય** વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રના અગિયારમા **ચક્કવટ્ટિ**. તે રાયગિહના રાજા **વિજય**(૭) અને તેની પત્ની **વપ્પા**(૧)નો પુત્ર હતો.[૧] તેનો સમય **તિત્થયર અરિટ્ઠણેમિ**ની પહેલાંનો અને **ણમિ**(૧)ની પછીનો છે.[૨] તેની ઊંચાઈ બાર ધનુષ હતી અને તેનું આયુષ્ય ત્રણ હજાર વર્ષનું હતું. તેની મુખ્ય પત્ની **લચ્છિમઈ**(૨) હતી.[૩] તે મોક્ષ પામ્યો હતો.[૪]

૧. સમ.૧૫૮,આવનિ.૩૯૫,૩૯૭થી, ઉત્તરા.૧૮.૪૩,ઉત્તરાક.પૃ.૩૩૯, તીર્થો.૫૬૦.
૨. આવનિ.૪૧૯, વિશેષા.૧૭૬૩, ૧૭૭૧.
૩. સમ.૧૫૮.
૪. આવનિ.૩૯૩, ૩૯૬, ૪૦૧.

**૨. જય** ધણ્ણકડમાં તેરમા **તિત્થંકર વિમલ**(૧)ને સૌપ્રથમ ભિક્ષા આપનાર ગૃહસ્થ.[૧]

૧. સમ.૧૫૭, આવનિ.૩૨૮.

**૩. જય** દરેક પખવાડિયાની ત્રીજ, આઠમ અને તેરસ.[૧]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૯.

**૪. જય** ઉસભ(૧)ના એક સો પુત્રોમાંનો એક.[૧]

૧. કલ્પધ.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૬.

**૫. જય વરુણ**(૧)ના કુટુંબનો સભ્ય.[૧] જુઓ **મોએજ્જઅ**.

૧. કલ્પધ.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૬.

**૧. જયંત** (જયન્ત) **વઈરસેણ**(૩)ના ચાર શિષ્યોમાંનો એક. તે જયંતથી **જયંતી**(૮) નામની શ્રમણશાખા શરૂ થઈ.[૧]

૧. કલ્પ (થેરાવલી). ૭, પૃ.૨૫૫.

**૨. જયંત** જંબૂદીવનું પશ્ચિમમાં આવેલું પ્રવેશદ્વાર. તે **સીતોદા** નદી પાસે આવેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જયંત**(૩) તેનો અધિષ્ઠાતા દેવ છે.[1]

૧. જીવા.૧૪૪, જમ્બૂ.૮, સ્થા.૩૦૩, ૩૦૫.

૩. **જયંત** **જયંત**(૨)નો અધિષ્ઠાતા દેવ.[1]

૧. જીવા.૧૪૪, જમ્બૂ.૮, સ્થા.૩૦૩, ૩૦૫.

૪. **જયંત** પાંચ **અણુત્તર** વિમાનોમાંનું (સ્વર્ગીય વાસસ્થાનોમાંનું) ત્રીજું. ત્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બત્રીસ સાગરોપમ વર્ષોનું છે.[1]

૧. સમ.૩૧-૩૩, સ્થા.૪૫૧, જ્ઞાતા.૬૪.

૫. **જયંત** **રુયગ**(૧) પર્વતના ઉત્તર ભાગના આઠ શિખરોમાંનું એક.[1]

૧. સમ.૮૫, સ્થા. ૬૪૩.

૬. **જયંત** આવતા **ઉસ્સપ્પિણી** કાલચક્રમાં **ભરહ**(૨) ક્ષેત્રમાં થનારા (ભાવી) પ્રથમ **બલદેવ**(૨).[1] **તિત્થોગાલી** અનુસાર તેમનું નામ **કણ્હ**(૮) છે.[2]

૧. સમ.૧૫૯. ૨. તીર્થો.૧૧૪૪.

**જયંતા** (જયન્તા) **જયન્ત**(૨)ની રાજધાની.[1]

૧. જમ્બૂ.૮, સમ.૩૭, જમ્બૂશા.પૃ.૬૫.

**જયંતિ** (જયન્તિ) જુઓ **બલદેવ**(૨).[1]

૧. તીર્થો. ૧૧૪૪.

૧. **જયંતી** (જયન્તી) વંદનીય સ્ત્રી. **કોસંબી**ના **સહસ્સાણીય** રાજાની પુત્રી. **મહાવીર**ના શ્રમણોને સૌપ્રથમ આશ્રયસ્થાન આપનાર સ્ત્રી. તેણે **મહાવીર**ને ઘણા પ્રશ્નો પૂછ્યા, પછી સંસારનો ત્યાગ કર્યો અને મોક્ષ પ્રાપ્ત કર્યો.[1]

૧. આવ.પૃ.૨૮, ભગ.૪૪૧-૪૩, ભગઅ.પૃ.૫૫૮, બૃભા. ૩૩૮૬.

૨. **જયંતી** **વિયાહપણ્ણત્તિ**ના બારમા શતકનો બીજો ઉદ્દેશક.[1]

૧.ભગ. ૪૩૭.

૩. **જયંતી** **મહાવિદેહ**ના **મહાવપ્પ** નામના **વિજય**(૨૩)નું અર્થાત્ પ્રદેશનું પાટનગર.[1]

૧. જમ્બૂ.૧૦૨.

૪. **જયંતી** **બલદેવ**(૨) **ણંદણ**(૧)ની માતા.[1]

૧. તીર્થો.૬૦૪, સમ.૧૬૮, ઉત્તરાક.પૃ.૩૪૯.

૫. **જયંતી** દરેક **ગહ**, **ણક્ખત્ત**(૧) અને **તારા**(૩)ની ચાર મુખ્ય પત્નીઓમાંથી એક.[1]

૧. જમ્બૂ.૧૭૦, ભગ.૪૦૬, સ્થા.૨૭૩.

૬. **જયંતી** **રુયગ**(૧) પર્વતના પૂર્વ ભાગમાં આવેલા **અંજણ**(૬) શિખર ઉપર વસતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુખ્ય **દિસાકુમારી** દેવી.[1]

૧. જમ્બૂ.૧૧૪, તીર્થો.૧૫૩, સ્થા.૬૪૩.

**૭. જયંતી** પખવાડિયાની પંદર રાત્રિઓમાંથી નવમી રાત્રિ.[1]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૮.

**૮. જયંતી** આચાર્ય **જયંત**(૧)થી શરૂ થયેલી એક શ્રમણશાખા.[1]

૧. કલ્પ(થેરાવલી).૭, પૃ.૨૫૫.

**૯. જયંતી** **ઉપ્પલ**(૨) પરિવ્રાજકની બેન. તેણે અને તેની બેન **સોમા**(૪)એ **ચોરાગ** સન્નિવેશમાં **મહાવીર** અને **ગોસાલ**ને કેદમાંથી મુક્ત કરાવ્યા હતા.[1]

૧. આવનિ.૪૭૮, આવચૂ.૧.પૃ.૨૮૬, કલ્પધ.પૃ.૧૦૬, વિશેષા. ૧૯૩૨.

**૧૦. જયંતી** **મહાવીર**ના આઠમા ગણધર **અકંપિય**ની માતા. **દેવ**(૧) તેનો પતિ હતો.[1]

૧. આવનિ.૬૪૯, વિશેષા. ૨૫૧૦.

**૧૧. જયંતી** સંસાર ત્યાગ કરતી વખતે અર્થાત્ શ્રમણત્વ સ્વીકારતી વખતે સાતમા તિત્થંકર **સુપાસ**(૧)એ ઉપયોગમાં લીધેલી પાલખી.[1]

૧. સમ.૧૫૭.

**૧૨. જયંતી** **ણંદીસર**(૧) દ્વીપમાં **અંજણગ**(૧) પર્વતના ઉત્તર ભાગ ઉપર આવેલી પુષ્કરિણી.[1]

૧. સ્થા.૩૦૭, જીવા.૧૮૩.

**૧૩. જયંતી** **રુયગ**(૧) પર્વતના મધ્યક્ષેત્રની વિદિશામાં રહેતી એક મુખ્ય **દિસાકુમારી**.[1]

૧. તીર્થો.૧૬૫.

**જયઘોસ** (જયઘોષ) **વાણારસી**નો બ્રાહ્મણ. તે વેદપારંગત હતો. એક વાર તેણે **ગંગા** નદીમાં એક પ્રાણીને બીજા પ્રાણી વડે ગળી જવાતું જોયું. તેથી તેને સંસાર ઉપર વૈરાગ્ય થયો અને તે શ્રમણ બની ગયો. પછી તો તેનો ભાઈ **વિજયઘોસ** પણ સંસારનો ત્યાગ કરી શ્રમણ બની ગયો.[1]

૧. ઉત્તરા. અધ્યયન ૨૫, ઉત્તરાનિ.પૃ.૫૨૧-૨૨, ઉત્તરાચૂ.પૃ.૨૬૮.

**જયદ્દહ** (જયદ્રથ) **હત્થિણાઉર**નો રાજકુમાર. તેને રાજકુમારી **દોવઈ**ના સ્વયંવરમાં ભાગ લેવા નિમન્ત્રણ આપવામાં આવ્યું હતું.[1]

૧. જ્ઞાતા.૧૧૭.

**જયમાણ** (જયમાન) **ઉસહ** તિત્થયરના એક સો પુત્રોમાંનો એક.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. કલ્પધ.પૃ.૧૫૨.

**જયસંધ** (જયસન્ધ) **સાએય**ના રાજા **પુંડરીય**(૨)નો મન્ત્રી.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૯૨, આવનિ.૧૨૮૪.

**જયસંધિ** (જયસન્ધિ) આ અને **જયસંધ** એક છે.[1]

૧. આવનિ.૧૨૮૪, આવહ.પૃ.૭૦૨.

**૧. જયા** બારમા **તિત્થંકર વાસુપુજ્જ**ની માતા.[1]

૧. સમ.૧૫૭, તીર્થો.૪૭૫.

**૨. જયા** ચોથા **ચક્કવટ્ટિ સણંકુમાર**(૩)ની મુખ્ય પત્ની.[1]

૧. સમ.૧૫૮.

**જરકુમાર** જુઓ **જરાકુમાર.**[1]

૧. અન્ત.૯, નિશીચૂ.૨.પૃ.૪૧૭.

**જરય** (જરક) **રયણપ્પભા**(૨) નરકભૂમિમાં આવેલું એક **મહાણિરય.**[1]

૧. સ્થા.૫૧૫, સ્થાઅ.પૃ.૩૬૭.

**જરા વિયાહપણ્ણત્તિ**ના સોળમાં શતકનો બીજો ઉદ્દેશક.[1]

૧. ભગ.૫૬૧.

**જરાકુમાર કણ્હ**(૧)ના મોટાભાઈ જેમના હાથે **કોસંબવણ**માં કણ્હનું મૃત્યુ થયું.[1] તે **વાણારસી**ના રાજા,[2] **જિયસત્તુ**(૧૭)ના પિતા, તથા **ભસઅ, સસઅ**(૨) અને **સુકુમાલિયા**(૨)ના પિતામહ હતા.[3]

૧. અન્ત.૯, ગચ્છાવા.પૃ.૨૬,સ્થા.પૃ.૪૩૩.
૨. બૃક્ષે અનુસાર આ વણવાસી છે. ૧૩૯૭. ૩. નિશીચૂ.૨.પૃ.૪૧૭,બૃક્ષે.૧૩૯૭.

**જરાસંધ રાયગિહ**ના રાજા[1] અને **કંસ**(૨)ના સસરા.[2] તે નવમા **પડિસત્તુ**[3] હતા અને **કણ્હ**(૧) વડે હણાયા હતા.[4]

૧. જ્ઞાતા.૧૧૭,પ્રશ્ન.૧૫,આવચૂ.૧.પૃ.૪૯૨, આચાચૂ.પૃ.૮૬.
૨. આચાશી.પૃ.૧૦૦, દશચૂ.પૃ.૪૧, સૂત્રચૂ.પૃ.૩૪૦.
૩. વિશેષા.૧૭૬૭, તીર્થો.૬૦૯, સમ.૧૬૮.
૪. સ્થાઅ.પૃ.૨૫૫, આચાશી.પૃ.૧૦૦.

**જરાસિંધ** (જરાસન્ધ) આ અને **જરાસંધ** એક છે.[1]

૧. પ્રશ્ન.૧૫

**જરાસિંધુ** આ અને **જરાસંધ** એક છે.[1]

૧. જ્ઞાતા.૧૧૭, આવમ.પૃ.૨૩૮, દશચૂ.પૃ.૪૧, તીર્થો.૬૧૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જલ** જલકંત(૧) અને જલપ્પભ(૧)ના ચાર લોગપાલમાંનો એક.[1]

૧. સ્થા. ૨૫૬, ભગ.૧૬૯.

**૧. જલકંત** દક્ષિણના ઉદહિકુમાર દેવોનો ઇન્દ્ર.[1] તેને ધરણ(૧)ની છ મુખ્ય પત્નીઓ જેવી જ છ મુખ્ય પત્નીઓ છે.[2] તેના ચાર લોગપાલ આ છે — જલ, જલરય, જલકંત(૨) અને જલપ્પભ(૨).[3]

૧. ભગ.૧૬૯,સ્થા.૯૪. ૨. ભગ.૪૦૬, સ્થા.૫૦૮. ૩. સ્થા.૨૫૬.

**૨. જલકંત** જલકંત(૧) અને જલપ્પભ(૧)ના ચાર લોગપાલમાંનો એક.[1]

૧. સ્થા.૨૫૬, ભગ.૧૬૯.

**જલણ** (જ્વલન) પાડલિપુત્તના હુયાસણ(૧) અને તેની પત્ની જલણસિહાનો પુત્ર.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૯૫, આવનિ.૧૨૯૪.

**જલણસિહા** (જ્વલનશિખા) પાડલિપુત્તના બ્રાહ્મણ હુયાસણ(૧)ની પત્ની. તે શ્રમણી બની ગઈ હતી.[1]

૧. આવનિ.૧૨૯૪, આવચૂ.૨.પૃ.૧૯૫.

**૧. જલપ્પભ** (જલપ્રભ) ઉત્તરના ઉદહિકુમાર દેવોનો ઇન્દ્ર.[1] તેને ભૂયાણંદ(૧)ની છ મુખ્ય પત્નીઓ જેવી જ છ મુખ્ય પત્નીઓ છે.[2] તેને જલકંત(૧)ને જેવા ચાર લોગપાલ છે તેવા જ ચાર લોગપાલ છે.[3]

૧. ભગ.૧૬૯, સ્થા.૯૪. ૨. સ્થા.૫૦૮,ભગ.૪૦૬. ૩. સ્થા.૨૫૬.

**૨. જલપ્પભ** જલકંત(૧) અને જલપ્પભ(૧)ના ચાર લોગપાલમાંનો એક.[1]

૧. સ્થા.૨૫૬, ભગ.૧૬૯.

**જલરય** (જલરત) જલકંત(૧) અને જલપ્પભ(૧)ના ચાર લોગપાલમાંનો એક.[1]

૧. સ્થા.૨૫૬, ભગ.૧૬૯.

**જલરૂય** (જલરૂપ) આ અને જલરય એક છે.[1]

૧. ભગ.૧૬૯.

**જલવાસિ** (જલવાસિન્) પાણીમાં જ રહેનાર વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.[1]

૧. ભગ.૪૧૭, ભગઅ.પૃ.૩૧૯, ઔપ.૩૮, નિર.૩.૩.

**જલવીરિય** (જલવીર્ય) ઉસભ(૧)ના વંશમાં જન્મ લેનાર રાજા. આવસ્સયણિજ્જુત્તિ અનુસાર ચક્કવટ્ટિ ભરહ(૧) પછી તે સાતમા ક્રમે (સાતમી પેઢીએ) થયા,[1] જ્યારે ઠાણ અનુસાર આઠમા ક્રમે.[2]

૧. આવનિ.૩૬૩, વિશેષા.૧૭૫૦,આવચૂ.૧.પૃ.૨૧૪. ૨. સ્થા.૬૧૬.

**જલાભિસેયકઢિણગાયભૂય** (જલાભિષેકકઠિનગાત્રભૂત) આ અને જલાભિસેય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કિઢિણગાય** એક છે.[1]

૧. ભગઅ.પૃ.૫૧૯, નિર.૩.૩, ઔપ.૩૮.

**જલાભિસેયકિઢિણગાય** (જલાભિષેકકઠિનગાત્ર) વારંવાર સ્નાન કરવાથી જકડાઈ ગયેયાં ગાત્રોવાળા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.[1] તેઓ સ્નાન કર્યા પછી જ ભોજન કરતા.[2]

૧. ભગ.૪૧૭, નિર.૩.૩, ઔપ.૩૮. ૨. ભગઅ.પૃ.૫૧૯.

**જલ્લ** એક **અણારિય** (અનાર્ય) દેશ અને તે દેશના વાસીઓ.[1] તેનો **અજ્ઝલ** તરીકે પણ ઉલ્લેખ છે.[2]

૧. પ્રશ્ન.૪. ૨. પ્રજ્ઞા.૩૭.

૧. **જવ** (યવ) ઉજ્જેણીનો રાજા. તે **અણિલ**(૨)નો પુત્ર હતો અને ગદ્દભ(૧) અને **અડોલિયા**નો પિતા હતો. તેનો મન્ત્રી **દીહપટ્ઠ** હતો. પોતાના પુત્રનો અડોલિયા સાથે કામવાસનાપૂર્ણ વ્યવહાર જાણી તેને સંસાર ઉપર વૈરાગ્ય થયો અને તેણે સંસારનો ત્યાગ કર્યો. પછીથી જવે દીહપટ્ઠની ગદ્દભના હાથે હત્યા કરાવી કારણ કે તે જ બધી દુષ્ટતાનું મૂળ હતો અને વળી તે જવના પ્રાણ હરવા ચાહતો હતો.[1]

૧. બૃભા.૧૧૫૫થી આગળ, બૃક્ષે.૩૫૯.

૨. **જવ** **દુમ્મુહ**(૩)નું મૂળ નામ.[1]

૧. ઉત્તરાને.પૃ.૧૩૫.

**જવણ** (યવન) એક **અણારિય**(અનાર્ય) દેશ અને તે દેશના વાસીઓ.[1] તેની એકતા કાબુલ પાસે એલેક્ઝાંડ્રિયાની આસપાસના પ્રદેશ સાથે સ્થાપવામાં આવી છે.[2]

૧. પ્રશ્ન.૪, પ્રજ્ઞા.૩૭, સૂત્રશી.પૃ.૧૨૩. ૨. ટ્રાઈ.પૃ.૧૫૬.

**જવણદીવ** અથવા **જવણદ્દીવ** (યવનદ્વીપ) **ચક્કવટ્ટિ** **ભરહ**(૧)એ જીતેલો એક **અણારિય** (અનાર્ય) દેશ.[1] તે અને **જવણ** એક જણાય છે. પરંતુ તે **જોણ**અથી જુદો છે.[2]

૧. જમ્બૂ.૫૨, આવચૂ.૧.પૃ.૧૯૧. ૨. જુઓ જમ્બૂશા.પૃ.૨૨૦.

**જવણાણિયા** (યવનાનિકા) અઢાર **બંભી**(૨) લિપિઓમાંની એક.[1] તેને **યવન** લોકો દ્વારા ઉપયોગમાં લેવાતી લિપિ ગણી શકાય.

૧. પ્રજ્ઞા.૩૭, સમ.૧૮.

**જવણાલિયા** (યવનાલિકા) આ અને **જવણાણિયા** એક છે.[1]

૧. સમ.૧૮.

**જવુણ** (યમુન) જુઓ **જઉણ**.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૫૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જવુણાવંક** (યમુનાવક્ર) જુઓ **જઉણાવંક.**[1]

૧. આવચૂ.૨.પૃ.૧૫૫.

**૧. જસ** (યશસ્) ચૌદમા **તિત્થંકર અણંત**ના પ્રથમ ગણધર (મુખ્ય શિષ્ય)[1].

૧. તીર્થો.૪૫૦, સમ.૧૫૭.

**૨. જસ** તેવીસમા **તિત્થંકર પાસ**(૧)ના આઠમા ગણધર.[1] તે અને **ભદ્દજસ**(૧) એક જ છે.

૧. સમ.૮.

**જસંસ** (યશસ્વિન્) **મહાવીર**ના પિતા **સિદ્ધત્થ**નું બીજું નામ.[1]

૧. આચા.૨.૧૭૭, કલ્પ.૧૦૯.

**જસકર** (યશસ્કર) **ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૧, કલ્પવિ.પૃ.૨૩૬.

**જસકિત્તિ** (યશઃકીર્તિ) **ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૧, કલ્પવિ.પૃ.૨૩૬.

**જસધર** (યશોધર) પખવાડિયાનો પાંચમો દિવસ અર્થાત્ પાંચમ.[1]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૮.

**૧. જસભદ્દ** (યશોભદ્ર) પખવાડિયાનો ચોથો દિવસ અર્થાત્ ચોથ.[1]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૮.

**૨. જસભદ્દ સેજ્જંભવ**ના મુખ્ય શિષ્ય. તેમને પણ બે મુખ્ય શિષ્યો હતા—**સંભૂઈવિજય**(૪) અને **ભદ્દબાહુ**.[1] તે **તુંગિયાયણ** કુળના હતા.[2]

૧. કલ્પ(થેરાવલી).૫-૭, નન્દિ.ગાથા ૨૪, દશહ.પૃ.૨૮૪, આવનિ. ૧૨૮૪, તીર્થો.૭૧૩, કલ્પવિ.પૃ. ૨૫૧, ઉત્તરાક.પૃ.૨૨૯.
૨. કલ્પ.પૃ.૨૫૫, નન્દિ.ગાથા ૨૪, નન્દિમ.પૃ.૪૯.

**૩. જસભદ્દ ઉડુવાડિયગણ**ની ત્રણ શાખાઓમાંની એક.[1]

૧. કલ્પ.પૃ.૨૫૯.

**૪. જસભદ્દ સંભૂઈવિજય**(૪)ના બાર મુખ્ય શિષ્યોમાંનો એક.[1]

૧. કલ્પ.પૃ.૨૫૬.

**જસભદ્દા** (યશભદ્રા) **કંડરીય**(૨)ની પત્ની અને **ખુડ્ડગકુમાર**ની માતા. કંડરીયના મોટા ભાઈ **પુંડરીય**(૨)એ કંડરીયની પત્નીને પોતાની કરી લેવા માટે કંડરીયને મારી નાંખ્યો. કંડરીયની પત્ની **સાવત્થી** ભાગી ગઈ અને શ્રમણી બની. થોડાક જ મહિના પછી તેણે ખુડ્ડગકુમારને જન્મ આપ્યો.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવચૂ.૨.પૃ.૧૯૧-૧૯૨, બૃભા.૫૦૯૯, આવનિ.૧૨૮૩.

**જસમ**(યશોમત્) વર્તમાન **ઓસપ્પિણી**માં **ભરહ**(૨)માં થયેલા સાત **કુલગર**માંના ત્રીજા. **સુરૂવા** (૬) તેમની પત્ની હતી. જસમની ઊંચાઈ ૭૦૦ ધનુષ હતી.[1]

૧. સ્થા.૫૫૬, સમ.૧૫૭, તીર્થો.૭૫, વિશેષા.૧૫૬૮, આવનિ.૧૫૫-૫૬, જમ્બૂ. ૨૮-૨૯.

**જસમતી** (યશોમતી) **અમોહરહ**ની પત્ની અને **અગડદત્ત**ની માતા.[1]

૧. ઉત્તરાશા.પૃ.૨૧૩.

**૧. જસવઈ** (યશસ્વતી) **પિટ્ઠીચંપા**ના **સાલ** અને **મહાસાલ**ની બેન. તેને **કંપિલ્લપુર**નારાજા **પીઢર** સાથે પરણાવવામાં આવી હતી.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૮૧, ઉત્તરાશા.પૃ.૩૨૩.

**૨. જસવઈ** **પિયદંસણા** અને **જમાલિ**(૧)ની પુત્રી. તે **સેસવઈ**(૧) નામે પણ જાણીતી હતી.[1]

૧. કલ્પ.૧૦૯, આચા.૨.૧૭૭, આવચૂ.૧.પૃ.૨૪૫, કલ્પવિ.પૃ.૧૪૩.

**૩. જસવઈ** **જક્ખરિલ**ની પુત્રી અને **ચક્કવટ્ટિ** **બંભદત્ત**(૧)ની પત્ની.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૩૭૯.

**૪. જસવઈ** વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રના બીજા **ચક્કવટ્ટિ** **સગર**ની માતા.[1]

૧. સમ.૧૫૮, આવનિ.૩૯૮.

**૫. જસવઈ** પખવાડિયાની ત્રીજી, આઠમી અને તેરમી રાત્રિ અર્થાત્ ત્રીજની, આઠમની અને તેરસની રાત્રિ.[1]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૯.

**જસવતી** (યશસ્વતી) જુઓ **જસવઈ**.[1]

૧. સમ.૧૫૮, આવહ.પૃ.૨૮૬.

**જસવદ્ધણ** (યશોવર્ધન) વિદ્વાન આચાર્ય. તેમનો ઉત્તરાધિકારી તેમનો શિષ્ય **રવિગુત્ત** બન્યો.[1]

૧. મનિ.પૃ.૭૧.

**જસહર** (યશોધર) જુઓ **જસોહર**.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૧, મર.૧૫૧.

**૧. જસા** (યશા) **કોસંબી**ના **કાસવ**(૪)ની પત્ની અને **કવિલ**(૪)ની માતા.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૨૮૬, ઉત્તરાચૂ.પૃ.૧૬૮.

**૨. જસા** **ઉસુયાર** નગરના પુરોહિત **ભિગુ**ની પત્ની.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ઉત્તરા.૧૪.૩., ઉત્તરાચૂ.પૃ.૨૨૧, ૨૩૨.

**૩. જસા** સાતમા તિત્થંકર **સુપાસ**(૧)ની પ્રથમ શ્રમણીશિષ્યા.[1] **સમવાય** અનુસાર તેનું નામ **સોમા**(૫) છે.[2]

૧. તીર્થો.૪૫૮. ૨. સમ.૧૫૭.

**જસોઆ** (યશોદા) જુઓ **જસોયા.**[1]

૧. આવભા.૭૯, કલ્પવિ.પૃ.૭૮, વિશેષા.૧૮૭૪.

**જસોધર** (યશોધર) જુઓ **જસોહર.**[1]

૧. સ્થા.૪૦૪, ૬૮૫.

**જસોધરા** (યશોધરા) જુઓ **જસોહરા.**[1]

૧. તીર્થો.૧૫૬.

**જસોયા** (યશોદા) **મહાવીર**ની પત્ની. તે **કોડિણ્ણ**(૩) ગોત્રની હતી.[1] તેમને **પિયદંસણા** નામની એક પુત્રી હતી.[2]

૧. આચા.૨.૧૭૭, કલ્પ.૧૦૯, આવભા.૭૯, આવચૂ.૧.પૃ.૨૪૫, વિશેષા.૧૮૭૪-૭૫.

૨. આવભા. ૮૦.

**૧. જસોહર** (યશોધર) જે આચાર્યે **પંડવો**ને તેમના પૂર્વભવમાં **અયલગ્ગામ**માં દીક્ષા આપી હતી.[1]

૧. મર.૪૫૧.

**૨. જસોહર** પાંચ સેનાપતિઓમાંનો એક. તે **ધરણ**ના હયદળનો નાયક હતો.[1]

૧. સ્થા.૪૦૪.

**૩. જસોહર ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૧, કલ્પવિ.પૃ.૨૩૬.

**૪. જસોહર** નવ **ગેવિજ્જગ** સ્વર્ગીય વાસસ્થાનો(વિમાનો)માંનું છેલ્લું.[1]

૧. સ્થા.૬૮૫.

**૧. જસોહરા** (યશોધરા) પખવાડિયાના ચોથા દિવસની રાત્રિ અર્થાત્ ચોથની રાત.[1]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૮.

**૨. જસોહરા રુયગ**(૧) પર્વતના દક્ષિણ ભાગમાં આવેલા **ણલિણ**(૬) શિખર ઉપર વસતી આઠ મુખ્ય **દિસાકુમારી**ઓમાંની એક.[1]

૧. સ્થા. ૬૪૩, તીર્થો. ૧૫૫, જમ્બૂ.૧૧૪.

**૩. જસોહરા જંબુસુદંસણા**નું બીજું નામ.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. જમ્બૂ.૯૦.

**જાઉકણ્ણ** (જાતુકર્ણ) **પુવ્વાપોટ્ઠવયા** નક્ષત્રનું ગોત્રનામ.[1]

૧. જમ્બૂ.૧૫૯, સૂર્ય.૫૦.

**જાણ** (યાન) **વિયાહપણ્ણત્તિ**ના ત્રીજા શતકનો ચોથો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૧૨૬.

**જાતરૂવ** (જાતરૂપ) **રયણપ્પભા**(૨)ના પ્રથમ કાંડનો તેરમો ભાગ.[1]

૧. સ્થા. ૭૭૮.

**જાયરૂવવડિંસઅ** (જાતરૂપાવતંસક) **ઈસાણ** કલ્પ (સ્વર્ગ)માં આવેલું એક વાસસ્થાન.[1]

૧. ભગ. ૧૭૨.

**જાયવ** (યાદવ) રાજકુમારી **પજ્જુણ્ણ**(૧), **પઈવ**, **સંબ**(૨), **અણિરુદ્ધ**(૨) વગેરે જે વંશના હતા તે વંશ.[1]

૧. જ્ઞાતા.૧૨૨.

**જાયા** (જાતા) **ચમર**(૧) વગેરેની ત્રણ સભાઓમાંની એક.[1]

૧. સ્થા.૧૫૪.

**જારેકણ્હ** (જારેકૃષ્ણ) **વાસિટ્ઠ** ગોત્રની એક શાખા.[1]

૧. સ્થા. ૫૫૧.

**જાલંધર** (જાલન્ધર) **ઉસભદત્ત**(૧)ની પત્ની **દેવાણંદા**(૨)નું ગોત્ર.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૩૬.

**જાલા** (જ્વાલા) વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રના નવમા **ચક્કવટ્ટિ મહપઉમ**(૪)ની માતા.[1]

૧. સમ.૧૫૮, ઉત્તરાક.પૃ.૩૩૩, આવનિ.૩૯૮.

૧. **જાલિ અંતગડદસા**ના ચોથા વર્ગનું પહેલું અધ્યયન.[1]

૧. અન્ત. ૮.

૨. **જાલિ** રાજા **વસુદેવ** અને તેની રાણી **ધારિણી**(૪)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર અરિટ્ઠણેમિ**નો શિષ્ય બન્યો. સોળ વર્ષની શ્રમણજીવનની સાધના પછી તે **સેત્તુંજ** પર્વત ઉપર મોક્ષે ગયો.[1]

૧. અન્ત.૮.

૩. **જાલિ અણુત્તરોવવાઇયદસા**ના પહેલા વર્ગનું પહેલું અધ્યયન.[1]

૧. અનુત્ત.૧.

૪. **જાલિ રાયગિહ**ના રાજા **સેણિય**(૧) અને તેની રાણી **ધારિણી**(૧)નો પુત્ર. તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બન્યો. સોળ વર્ષ શ્રામણ્યનું પાલન કર્યું, પછી મરીને **અણુત્તર** વિમાનમાં (સ્વર્ગીય વાસસ્થાનમાં) દેવ થયો.[1]

૧. અનુત્ત.૧.

**જાવતિય** (યાવત્) **વિયાહપણ્ણત્તિ**ના સોળમા શતકનો ચોથો ઉદ્દેશક.[1]

૧. ભગ.૫૬૧.

**જાવોગ્ગહપડિમા** (યાવદવગ્રહપ્રતિમા) **આયાર**ના બીજા શ્રુતસ્કન્ધની પહેલી ચૂલા.[1]

૧. આચાનિ.પૃ.૩૨૦, ગાથા.૧૬.

**જિઅસત્તુ** (જિતશત્રુ) જુઓ **જિયસત્તુ.**[1]

૧. આવનિ.૪૯૦, ઉત્તરાનિ અને ઉત્તરાશા.પૃ.૩૮૦, આચાચૂ.પૃ.૩૮, વિશેષા.૧૯૪૪.

**જિજ્ઝગાર** એક આર્ય ધંધાદારી (ઔદ્યોગિક) મંડળ.[1]

૧. પ્રજ્ઞા.૩૭.

**જિટ્ઠભૂઈ** (જયેષ્ઠભૂતિ) **કપ્પ**(૨) અને **વવહાર**નું જ્ઞાન ધરાવનાર જે છેલ્લો શ્રમણ હશે તે.[1]

૧. તીર્થો. ૮૧૬.

**૧. જિણદત્ત** (જિનદત્ત) **ચંપા** નગરીનો શેઠ. તેને તે જ નગરીનો **સાગરદત્ત**(૧) નામનો ઘનિષ્ઠ મિત્ર હતો.[1]

૧. જ્ઞાતા. ૪૪-૪૫.

**૨. જિણદત્ત ચંપા** નગરીનો શેઠ. તે **ભદ્દા**(૧૪)નો પતિ અને **સાગર**(૪)નો પિતા હતો.[1]

૧. જ્ઞાતા. ૧૧૦.

**૩. જિણદત્ત ચંપા** નગરીનો શેઠ. તે **સુભદ્દા** (૧૩)નો પિતા હતો.[1]

૧. આવચૂ.૨.પૃ.૨૬૯, દશચૂ.પૃ.૪૮, આવહ.પૃ.૪૫૪.

**૪. જિણદત્ત વસંતપુર**(૩)નો શ્રાવક. તે **હારપ્પભા**નો પતિ હતો.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૩૧, આવહ.પૃ.૩૯૭.

**૧. જિણદાસ** સંયમનું પાલન કરી મોક્ષ પામનાર ઉપાસક (શ્રાવક).[1]

૧. જીતભા. ૭૮૬-૭૯૦.

૨. **જિણદાસ** સ્વાર્થરહિત ઉપાસક.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૨૨.

૩. **જિણદાસ મહુરા**(૧)ના શેઠ. તેમની પત્ની **સાધુદાસી** હતી. તેમની પાસે બે બળદ હતા—**કંબલ** અને **સંબલ.** તે બે પણ જિણદાસની જેમ વ્રતપાલન કરતા.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવનિ.૪૭૧,આવચૂ.૧.પૃ.૨૮૦, કલ્પવિ.પૃ.૧૬૩, વિશેષા.૧૯૨૫.

**૪. જિણદાસ રાયપુર**નો રહેવાસી, તેણે માંસ વગેરેનો ત્યાગ કર્યો હતો. મૃત્યુ પછી તે **રાયગિહ** નગરમાં **દામણણગ** તરીકે જન્મ્યો.[1]

૧. આવચૂ.૨.પૃ.૩૨૪.

**૫. જિણદાસ પાડલિપુત્ત**નો ઉપાસક (શ્રાવક).[1]

૧. આવચૂ.૧.પૃ.૫૨૮.

**૬. જિણદાસ વિવાગસુય**ના બીજા શ્રુતસ્કન્ધનું પાંચમું પ્રકરણ.[1]

૧. વિપા.૩૩.

**૭. જિણદાસ સોગંધિયા**ના **મહચંદ**(૧) અને તેની પત્ની **અરહદત્તા**નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બન્યો. તે પોતાના પૂર્વભવમાં **મજ્ઝમિયા** નગરનો રાજા **મેહરહ**(૨) હતો.[1]

૧. વિપા.૩૪.

**જિણદાસગણિ** અથવા **જિણદાસગણિમહત્તર** (જિનદાસગણિમહત્તર) એક વિદ્વાન આચાર્ય જેમણે પરંપરાની માન્યતા પ્રમાણે નીચેની રચનાઓ કરી છે – **આવસ્સયચુણ્ણિ, નંદિચુણ્ણિ, ણિસીહવિસેસચુણ્ણિ, અણુઓગદારચુણ્ણિ, દસવેયાલિયચુણ્ણિ, ઉત્તરાજ્ઝયણચુણ્ણિ** વગેરે.[1]

૧. નિશીચૂ.૪ (સુબોધાવ્યાખ્યા) પૃ.૪૪૩, નન્દિચૂ.પૃ.૮૩, હિકે.પૃ.૧૯૨-૧૯૪, ઉત્તરાચૂ.પૃ.૨૮૩, નિશીચૂ.૪.પૃ.૧૬૩, ૪૧૧, નિશીચૂ. વોલ્યુમ ૪ની પ્રસ્તાવના પૃ. ૪૬-૪૮, નિશીચૂ.૧.પૃ.૧.

**જિણદાસગણિખામગ** (જિનદાસગણિક્ષમક) તેમને **મહાણિસીહ** માટે ઘણો આદર હતો. તે અને **જિણદાસગણિમહત્તર** એક જણાય છે.[1]

૧. મનિ.પૃ.૭૧.

**૧. જિણદેવ** (જિનદેવ) **તિત્થયર મહાવીર**નો અનુયાયી. તે **સાગેય**નો રહેવાસી હતો. તેણે **કોડિવરિસ**ના રાજા **ચિલાય**(૨)ની મહાવીર સાથે મુલાકાત ગોઠવી હતી.[1]

૧. આવનિ.૧૩૦૫, આવચૂ.૨.પૃ.૨૦૩.

**૨. જિણદેવ બારવઈ**ના **અરહમિત્ત**(૨) અને તેની પત્ની **અણુદ્ધરી**નો પુત્ર. એક વાર તેને એવો રોગ થયો જે માંસ ખાવાથી જ મટી શકે. જિણદેવ આવી સારવાર લેવા તૈયાર ન થયો અને શાંત ચિત્તે મૃત્યુ પામી મોક્ષે ગયો.

૧. આવનિ.૧૩૦૩, આવચૂ.૨.પૃ.૨૦૨.

**૩. જિણદેવ ચંપા** નગરીનો શ્રાવક. જ્યારે તે **અહિચ્છત્તા** જઈ રહ્યો હતો ત્યારે માર્ગમાં તેને હિંસક શિકારી પ્રાણીએ ફાડી ખાધો.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવનિ. ૧૩૧૪, આવચૂ.૨.પૃ.૨૧૧.

૪. **જિણદેવ** જે આચાર્યે **ભરુયચ્છ**માં બૌદ્ધ ભિક્ષુઓ **ભયંતમિત્ત** અને **કુણાલ**(૨)ને વાદમાં હરાવ્યા હતા તે આચાર્ય. પછીથી તે બન્ને તે આચાર્યના શિષ્ય બની ગયા.[1]

૧.આવનિ. ૧૨૯૯, આવચૂ.૨.પૃ.૨૦૧.

**જિણધમ્મ** (જિનધર્મ) **કંચણપુર**ના શેઠ. તેણે બધી વિપત્તિઓ શાંત ચિત્તે સહન કરી અને મોક્ષ પ્રાપ્ત કર્યો.[1]

૧. મર. ૪૨૩.

**જિણપાલિય** (જિનપાલિત) **ચંપા** નગરીના **માગંદી**(૨) અને તેની પત્ની **ભદ્દા**(૩૭)નો પુત્ર. તે અને તેનો ભાઈ **જિણરક્ખિય** પોતાની બારમી દરિયાઈ મુસાફરીમાં દરિયાઈ તોફાનમાં ફસાયા. તેમનાં વહાણો ભાંગી ગયાં અને તે બન્ને **રયણદીવ**ની દેવીની જાળમાં સપડાયા. **જક્ખ સેલગ**(૨)ની મદદથી તેમાંથી તેઓ મુક્ત થયા. જિણરક્ખિય ફરી તે દેવીની જાળમાં ફસાયો. બીજી બાજુ જિણપાલિય સહીસલામત પોતાના સ્થાને પહોંચી ગયો, તેણે સંસારનો ત્યાગ કર્યો અને મરીને દેવ થયો. તે **મહાવિદેહ** ક્ષેત્રમાં મોક્ષ પામશે.[1]

૧. જ્ઞાતા. ૭૯-૮૮.

**જિણરક્ખિય** (જિનરક્ષિત) તે **ચંપા** નગરીના **માગંદી**(૨)નો પુત્ર હતો. તે **જિણપાલિય**નો ભાઈ હતો. તે **રયણદીવ**ની દેવીની જાળમાં બે વાર ફસાયો અને છેવટે તે દેવી વડે હણાયો.[1] જુઓ **જિણપાલિય.**

૧. જ્ઞાતા. ૭૯-૮૮.

**જિણવીર** (જિનવીર) **મહાવીર**નું બીજું નામ. જુઓ **મહાવીર.**

**જિણ્ણપુર** (જીર્ણપુર) **રાયગિહ** પાસે આવેલું નગર જ્યાં શ્રમણ **ઈંદણાગ** રહ્યા હતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૬૫.

**જિણ્ણુજ્જાણ** (જીર્ણોદ્યાન) **અવંતિ**(૨)ની સમીપ આવેલું ઉદ્યાન.[1]

૧. નિશીચૂ.૧.પૃ.૧૦૨.

**જિતસત્તુ** (જિતશત્રુ) જુઓ **જિયસત્તુ.**[1]

૧. આવચૂ.૧.પૃ.૧૭૬, ૪૯૮, દશા.૫, ઉત્તરાનિ અને ઉત્તરાશા.પૃ.૨૮૬, આવચૂ.૨.પૃ.૧૬૬, ૨૧૭, ૨૮૩.

૧. **જિતારિ આણંદપુર**નો રાજા. તે **વીસત્થા**નો પતિ અને **અણંગ**નો પિતા હતો.[1]

૧. નિશીચૂ.૩.પૃ.૨૬૮, ગચ્છાવા.પૃ.૨૬.

૨. **જિતારિ** ત્રીજા તિત્થંકર **સંભવ**(૧)ના પિતા. તે **સાવત્થી**ના રાજા હતા.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. સમ.૧૫૭, તીર્થો. ૪૬૬.

**જિમ્હ** (જિહ્મ) એવું વાદળ કે જે એક વાર વરસે તો આખું એક વર્ષ જમીનને ભીની ભેજવાળી રાખે.[1]

૧. સ્થા. ૩૪૭.

**જિય** (જિત) જુઓ **બલદેવ**(૨).[1]

૧. તીર્થો. ૧૧૪૪.

**જિયંતપડિમા** (જીવત્પ્રતિમા) જીવતા **તિત્થયર**ની પ્રતિમા.[1] તિત્થયરનું નામ આપ્યું નથી. જુઓ **જીવંતસામિ.**

૧. નિશીચૂ.૩.પૃ.૭૯, બૃક્ષે.૧૫૩૬.

**જિયવત્તિ** (જિતવર્તિન્) **વસંતપુર**(૩)ના શેઠ. તેમને **ધણાવહ**(૪) નામનો નાનો ભાઈ હતો.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૨૬.

**૧. જિયસત્તુ** (જિતશત્રુ) **ચંપા** નગરીનો રાજા. **ધારિણી**(૧૮) તેની પત્ની હતી, **અદીણસત્તુ**(૩) તેનો પુત્ર હતો અને **સુબુદ્ધિ**(૧) તેનો મન્ત્રી હતો.[1]

૧. જ્ઞાતા.૯૧.

**૨. જિયસત્તુ કંપિલ્લપુર**નો રાજા. **કુંભ** રાજાની રૂપાળી પુત્રી **મલ્લિ**(૧)ને લગ્ન માટે મેળવવા તેણે **મિહિલા** ઉપર આક્રમણ કર્યું.પરંતુ મલ્લિએ તેને અશુચિ મનુષ્ય શરીર પાછળ ન પડવા સમજાવ્યો. તેનો મોહ દૂર થયો, તેણે સંસાર ત્યાગી દીધો, તે કેવળજ્ઞાન પામ્યો અને મોક્ષે ગયો.[1]

૧. જ્ઞાતા.૭૪-૭૮.

**૩. જિયસત્તુ સાવત્થી** નગરીનો રાજા.[1]

૧. જ્ઞાતા.૧૫૦, ઉપા. ૫૫-૫૬, મર. ૪૯૯.

**૪. જિયસત્તુ આમલકપ્પા** નગરનો રાજા.[1]

૧. જ્ઞાતા.૧૪૮.

**૫. જિયસત્તુ સવ્વતોભદ્દ** (૬) નગરનો રાજા. તેને **મહેસરદત્ત** નામનો પુરોહિત હતો.[1]

૧. વિપા.૨૪.

**૬. જિયસત્તુ વાણિયગ્ગામ**નો રાજા.[1]

૧. ઉપા.૩, દશા.૫.

**૭. જિયસત્તુ વાણારસી** નગરનો રાજા.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ઉપા.૨૭.

**૮. જિયસત્તુ આલભિયા** નગરનો રાજા.[૧]

૧. ઉપા.૩૨.

**૯. જિયસત્તુ પોલાસપુર**નો રાજા.[૧]

૧. ઉપા.૩૯.

**૧૦. જિયસત્તુ ભદ્દિલપુર**નો રાજા.[૧]

૧. અન્ત.૪.

**૧૧. જિયસત્તુ કાગંદી** નગરનો રાજા.[૧]

૧. અનુત્ત.૩.

**૧૨. જિયસત્તુ તિગિંચી** નગરનો રાજા. મૃત્યુ પછી તે **ચંપા**ના રાજા **દત્ત**(૧)ના **મહચંદ**(૪) પુત્ર તરીકે જન્મ્યો.[૧]

૧. વિપા.૩૪.

**૧૩. જિયસત્તુ પએસિ**નો આજ્ઞાવર્તી **સાવત્થી**નો રાજા.[૧]

૧. રાજ.૧૪૬, ૧૫૨.

**૧૪. જિયસત્તુ મિહિલા** નગરનો રાજા.[૧]

૧. જમ્બૂ.૧, સૂર્ય.૧.

**૧૫. જિયસત્તુ રાયગિહ**નો રાજા.[૧]

૧. નિર.૪.૧.

**૧૬. જિયસત્તુ હત્થિણાઉર**નો રાજા.[૧]

૧. આવચૂ.૨.પૃ.૨૭૭.

**૧૭. જિયસત્તુ જરાકુમાર**નો પુત્ર. તેને બે પુત્રો અને એક પુત્રી હતી.[૧] તે **વારાણસી**[૨] અથવા **વણવાસી**[૩] ઉપર રાજ કરતો હતો.

૧. નિશીચૂ.૨.પૃ.૪૧૭, ગચ્છાવા.પૃ.૨૬, બૃભા.૫૨૫૪-૫૫, બૃક્ષે.૧૩૯૭.
૨. નિશીચૂ.૨.પૃ.૪૧૭.
૩. બૃક્ષે.૧૩૯૭.

**૧૮. જિયસત્તુ** બીજા **તિત્થંકર અજિય**ના પિતા. તે **અઓજ્ઝા**(૨)ના રાજા હતા.[૧]

૧. તીર્થો.૪૬૫, સમ. ૧૫૭.

**૧૯. જિયસત્તુ મહુરા**(૧)ના રાજા. તેમને **કાલવેસિય** નામનો પુત્ર હતો.[૧]

૧. મર. ૪૯૮, ઉત્તરાચૂ.પૃ.૭૭.

**૨૦. જિયસત્તુ ખિતિપતિટ્ઠિય**(૨)નો રાજા.[૧] તેણે ખિતિપતિટ્ઠિયના સ્થાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચણગપુર**ની સ્થાપના કરી.[૨] **ધારિણી**(૧૭) તેની રાણી હતી.[૩]

૧. નિશીચૂ.૩.પૃ.૧૫૦,૪.પૃ.૨૨૯,આવચૂ.૨.પૃ.૨૧૭.
૨. આવચૂ.૨.પૃ.૧૫૮. ૩. નિશીચૂ.૩.પૃ.૧૫૦.

**૨૧. જિયસત્તુ** **દત્ત**(૯) રાજાનો પુત્ર અને **મેઘઘોસ**નો પિતા.[૧]

૧. તીર્થો.૬૯૬.

**૨૨. જિયસત્તુ** **કંદઅ**(૧)નો પિતા. તે **સાવત્થી**નો રાજા હતો.[૧] **ભદ્દ**(૬) પણ તેનો પુત્ર હતો.[૨]

૧. બૃક્ષે.૯૧૫, ઉત્તરાચૂ.પૃ.૭૩. ૨. ઉત્તરાચૂ.પૃ.૭૯.

**૨૩. જિયસત્તુ** **ઉજ્જેણી** નગરનો રાજા. તેને બે પુત્રો હતા, તે બન્ને સંસાર ત્યાગી શ્રમણ બની ગયા હતા.[૧]

૧. આચાચૂ.પૃ.૨૨૫.

**૨૪. જિયસત્તુ** **પાડલિપુત્ત**નો રાજા. **રોહગુત્ત**(૨) તેનો મંત્રી હતો.[૧]

૧. આચાચૂ.પૃ.૧૩૨.

**૨૫. જિયસત્તુ** **કોસંબી**નો રાજા, **કાસવ**(૪) તેનો પુરોહિત હતો.[૧]

૧. ઉત્તરાનિ.પૃ.૨૮૬, ઉત્તરાશા.પૃ.૨૮૭.

**૨૬. જિયસત્તુ** **વસંતપુર**(૩)નો રાજા. **ધારિણી**(૨૦) તેની પત્ની હતી.[૧] તેમને **ધમ્મરુઇ**(૬) નામનો પુત્ર હતો. રાજા પુત્ર સાથે સંસાર ત્યાગી શ્રમણ બન્યા.[૨]

૧. ઓઘનિ.૪૫૦, ઓઘનિદ્રો.પૃ.૪૪૯, પિંડનિ. ૮૦-૦૧.
૨. આવચૂ.૧.પૃ.૪૯૮, ૫૦૩, ૫૨૫.

**૨૭. જિયસત્તુ** **સુમંગલ**(૩)ના પિતા. તેના મન્ત્રીને **સેણિય**(૨) નામનો પુત્ર હતો.[૧]

૧. આવચૂ.૨.પૃ.૧૬૬.

**૨૮. જિયસત્તુ** જેણે **ઉજ્જેણી** જીત્યું હતું તે **પાડલિપુત્ત**નો રાજા. તેનું બીજું નામ **કાકવણ્ણ** હતું.

૧. આવચૂ.૧.પૃ.૫૪૦.

**૨૯. જિયસત્તુ** **મિગકોટ્ટગ**નો રાજા જેણે પોતાની પુત્રી **રેણુગા** **જમદગ્ગિ**ને પરણાવી હતી.[૧] જુઓ **અણંતવીરિય.**

૧. આવચૂ.૧.પૃ.૫૧૯.

**૩૦. જિયસત્તુ** રાજકુમારી **સિદ્ધિ**ના પિતા. તે **મહુરા**(૧)ના રાજા હતા.[૧]

૧. આવચૂ.૧.પૃ.૪૪૯.

**૩૧. જિયસત્તુ** **તુરુવિણી** નગરના રાજા. તેની બ્રાહ્મણ પત્નીથી તેને **દત્ત**(૭) નામનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુત્ર હતો.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૯૫.

**૩૨. જિયસત્તુ** એક રાજા જે સંસારનો ત્યાગ કરી મોક્ષ પામ્યો. તેના મૃત્યુના દુઃખદ સમાચાર સાંભળી તેનો ભાઈ,જે શ્રમણ હતો તે, ગાંડો થઈ ગયો.[1]

૧. વ્યવભા.૪.૧૦૭-૧૦૮, બૃભા. ૬૧૯૮-૯૯.

**૩૩. જિયસત્તુ** જેણે જાસૂસ હોવાની શંકાથી **ગોસાલ** સાથે **મહાવીર**ને કેદ કર્યા હતા તે **લોહગ્ગલ**(૨)ના રાજા.[1]

૧. આવનિ.૪૯૦, આવચૂ.૧.પૃ.૨૯૪.

**૩૪. જિયસત્તુ છત્તગ્ગા** નગરના રાજા. તેની પત્નીનું નામ **ભદ્દા**(૩) હતું. તેમને **ણંદણ**(૬) નામનો પુત્ર હતો જે **મહાવીર**નો પૂર્વભવ હતો.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૩૫.

**૩૫. જિયસત્તુ વીતિસોગા**ના રાજા..તે **વિદેહ**(૧) ક્ષેત્રના પ્રથમ **બલદેવ**(૨) **અયલ**(૫)ના પિતા હતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૭૬.

**૩૬. જિયસત્તુ ઉજ્જેણી**ના રાજા જેમનો સારથિ **અમોહરહ** નામનો હતો.[1]

૧. ઉત્તરાશા.પૃ.૨૧૩.

**૩૭. જિયસત્તુ ચંપા**ના રાજા અને **સુમણભદ્દ**(૩)ના પિતા.[1]

૧. ઉત્તરાશા.પૃ.૯૨.

**૩૮. જિયસત્તુ** જેના ધર્મગુરુ **ધમ્મઘોસ**(૧૦) હતા તે રાજા.[1] સંભવતઃ આ અને **જિયસત્તુ**(૧૫) એક જ વ્યક્તિ છે.

૧. આચાચૂ.પૃ.૩૮, આચાશી.પૃ.૭૬.

**૩૯. જિયસત્તુ અયલપુર**ના રાજા. તેના પુત્ર **અપરાય**(૧૦)એ **રાહાયરિય** પાસે દીક્ષા લીધી.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૬૨, ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ.૧૦૦, ઉત્તરાને.પૃ.૨૫-૫૬.

**૪૦. જિયસત્તુ વસંતપુર**(૩)ના રાજા. **સુમાલિયા**(૩) તેની પત્ની હતી.[1] આ જિયસત્તુ **જિયસત્તુ**(૨૬)થી ભિન્ન છે.

૧. આવચૂ.૧.પૃ.૫૩૪.

**૪૧. જિયસત્તુ પાડલિપુત્ત**ના રાજા. **ખેમ** તેનો મન્ત્રી હતો.[1]

૧. આવચૂ.૨.પૃ.૨૮૩.

**૪૨. જિયસત્તુ કંપિલ્લપુર**ના રાજા જે **જિયસત્તુ**(૨)થી ભિન્ન છે.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ઉપા.૩૫.

**જિયારિ** (જિતારિ) જુઓ **જિતારિ**.[1]

૧. સમ. ૧૫૭.

**જીમૂત** એવું વાદળ કે જે એકવાર વરસે તો દસ વર્ષ સુધી જમીનને ભેજવાળી રાખે.[1]

૧. સ્થા. ૩૪૭.

**જીયકપ્પ** (જીતકલ્પ) એક સો ત્રણ ગાથાઓ ધરાવતો આગમગ્રન્થ.[1] તે જિનભદ્રગણિના નામે ચડેલી રચના છે.[2] શ્રમણ-શ્રમણીઓના નિયમોના ભંગ માટે પ્રાયશ્ચિત્તો તે નિયત કરી આપે છે. તેમાં નીચેના દસ પ્રાયશ્ચિત્તોનું નિરૂપણ છે[3]– (૧) આલોયણ, (૨) પડિક્કમણ, (૩) ઉભય, (૪) વિવેગ, (૫) વોસગ્ગ, (૬) તવ, (૭) છેદ, (૮) મૂલ, (૯) અણવક્રય અને (૧૦) પારાંચિય.

૧. જીત.પૃ.૨૨૩

૨. જુઓ આ ગ્રન્થ ઉપરની સિદ્ધસેનસૂરિની ચૂર્ણિ ગાથા. ૫-૧૧.

૩. જીત.૪(પૃ.૬૨)

**જીયધર** (જીતધર) **સંડિલ્લ**(૧) આચાર્યના શિષ્ય.[1]

૧. નન્દિ.ગાથા ૨૬, નન્દિમ.પૃ.૪૯, નન્દિહ.પૃ.૧૧.

**જીવ** **વિયાહપણ્ણત્તિ**ના સાતમા શતકનો ચોથો ઉદ્દેશક.[1]

૧. ભગ.૨૬૦૧.

**જીવંતસામિ** (જીવત્સ્વામિન્) **મહાવીર**ની પ્રતિમા. તે પ્રતિમા **વીતિભય**ના રાજા **ઉદાયણ**(૧) પાસે હતી. ઉદાયણે તેની સેવાપૂજા માટે **કિણ્હગૂલિયા**ની[1] નિમણૂક કરી હતી. બળજબરીથી આ પ્રતિમાને **ઉજ્જેણી** ઉપાડી જનાર **પજ્જોય** સાથે ઉદાયણને યુદ્ધ કરવું પડ્યું હતું.[2]

૧. તેનું મૂળ નામ દેવદત્તા(૪) હતું.

૨. નિશીચૂ.૩.પૃ.૧૪૦, બૃક્ષે.૯૧૮, ઉત્તરાક. પૃ. ૩૪૬.

**જીવક** (જીવક) એકવીસમા **તિત્થંકર** **ણમિ**(૧)ના સમકાલીન રાજા.[1]

૧. તીર્થો. ૪૮૪.

**જીવપએસિય** (જીવપ્રાદેશિક) આચાર્ય **તીસગુત્ત**નો સિદ્ધાન્ત. તે માનતા હતા કે જીવના અસંખ્યાત પ્રદેશોમાંથી કેવળ છેલ્લા પ્રદેશમાં જ ચેતના હોય છે.[1]

૧. ઔપ. ૪૧, ઔપઅ.પૃ.૧૦૬, આવભા.૧૨૭-૨૮, નિશીભા. ૫૬૧૨, સ્થાઅ. પૃ.૪૧૧.

**જીવાજીવવિભત્તિ** (જીવાજીવવિભક્તિ) **ઉત્તરજ્ઝયણ**નું છત્રીસમું અધ્યયન.[1]

૧. સમ.૩૬, ઉત્તરાનિ.પૃ.૯, ૬૭૦, ૭૧૨.

**જીવાજીવાભિગમ** અંગબાહિર **ઉક્કાલિઅ** આગમગ્રન્થ.[1] ત્રીજા **અંગ**(૩) **ઠાણ**ના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધારે રચાયેલું ત્રીજું ઉવંગ તેને ગણવામાં આવે છે.[૨] તે પડિવત્તિ નામના નવ વિભાગોમાં વિભક્ત છે.[૩] તે જડ અને ચેતન પદાર્થોનું વિગતવાર નિરૂપણ કરે છે.[૪] તેના ઉપર મલયગિરિની વૃત્તિ[૫] ઉપરાંત જીવાભિગમચૂર્ણિ[૬] અને જીવાભિગમ-મૂલટીકા[૭] આ બે ટીકાઓ રચાઈ હતી.

૧. નન્દિ.૪૪, પાક્ષિ.પૃ.૪૩.
૨. જીવામ.પૃ.૧.
૩. જીવા.૨૪૪, પ્રજ્ઞામ.પૃ.૮.
૪. જીવા.૨થી, દશચૂ.પૃ.૧૪૧.વિશેષા. ૩૭૬૮.
૫. પ્રજ્ઞામ.પૃ.૪૪-૪૫, ૪૮-૪૯, ૫૧.
૬. રાજમ.પૃ.૧૮૨, પ્રજ્ઞામ.પૃ.૩૦૮, સૂર્યમ. પૃ.૨૬૭, ૨૭૯, ૨૮૫.
૭. પ્રજ્ઞામ.પૃ.૫૧, રાજમ.પૃ.૧૦૦,૧૫૮-૬૧, ૨૨૬.

**જીવાભિગમ** આ અને **જીવાજીવાભિગમ** એક છે.[૧]

૧. નન્દિ.૪૪, પાક્ષિય.પૃ.૪૩, દશચૂ.પૃ.૧૪૧, વિશેષા.૩૭૬૮, આવચૂ.૧.પૃ.૪૭૨, ભગ.૬૫૭.

**૧. જુગંધર** (યુગન્ધર) જેમની પાસેથી **ણિણ્ણામિયા**એ ઉપાસક(શ્રાવક)ના વ્રતો લીધાં હતાં તે આચાર્ય.[૧]

૧. આવનિ.૧૨૯૧, આવચૂ.૧.પૃ.૧૭૩-૧૭૪.

**૨. જુગંધર અવરવિદેહ** ક્ષેત્રના એક **તિત્થંકર**.[૧]

૧. આવચૂ.૨.પૃ.૧૯૪.

**૧. જુગબાહુ** (યુગબાહુ) **પુવ્વવિદેહ** ક્ષેત્રના એક **વાસુદેવ**(૧).[૧]

૧. આવનિ.૧૨૯૧, આવચૂ.૨.પૃ.૧૯૪.

**૨. જુગબાહુ મહાવિદેહ** ક્ષેત્રના એક **તિત્થંકર**.[૧]

૧. વિપા.૩૪.

**૩. જુગબાહુ** નવમા **તિત્થંકર પુપ્ફદંત**નો પૂર્વભવ.[૧]

૧. સમ.૧૫૭.

**૪. જુગબાહુ મયણરેહા**નો પતિ.[૧]

૧. ઉત્તરાને.પૃ.૧૩૮.

**જુણ્ણસેટ્ઠિ** (જીર્ણશ્રેષ્ઠિન્) **ભદ્દસેણ**(૨)નું બીજું નામ.[૧]

૧. આવચૂ.૨.પૃ.૨૦૨.

**જુત્તિ** (યુક્તિ) **વણ્હિદસા**નું છઠ્ઠું અધ્યયન.[૧]

૧.નિર.૫.૧.

**જુત્તિસેણ** (યુક્તિસેન) વર્તમાન **ઓસપ્પિણી**માં **એરવય**(૧) ક્ષેત્રમાં થયેલા ચોવીસ **તિત્થંકર**માંના આઠમા તિત્થંકર.[૧] **તિત્થોગાલી** અનુસાર **ભરહ**(૨) ક્ષેત્રમાં થયેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગિયારમા તિત્થંકર **સેજ્જંસ**(૧)ના તે સમકાલીન હતા.[૨]

૧. સમ.૧૫૯ ૨. તીર્થો.૩૨૪.

**જુદ્ધવીરિય** (યુદ્ધવીર્ય) નવમા **તિત્થંકર પુપ્ફદંત**નો સમકાલીન રાજા.[૧]

૧. તીર્થો. ૪૭૨.

**જુધિટ્ઠિલ** (યુધિષ્ઠિર) જુઓ **જુહિટ્ઠિલ્લ**.[૧]

૧. આવચૂ.૧.પૃ.૪૯૨.

**જુહિટ્ઠિલ્લ** (યુધિષ્ઠિર) **હત્થિણાપુર**ના **પાંડુરાય**નો સૌથી મોટો પુત્ર.[૧]

૧. જ્ઞાતા.૧૧૭, અન્ત.૯, આવચૂ.૧.પૃ.૪૯૨, પ્રશ્નઅ.પૃ.૮૭, આવહ.પૃ.૩૬૫.

**જૂયઅ, જૂયગ, જૂવ** અથવા **જૂવઅ** (યૂપક) પશ્ચિમ દિશામાં **લવણ** સમુદ્રનો **મહાપાયાલકલસ**. **વેલંબ**(૨) તેનો અધિષ્ઠાતા દેવ છે.[૧]

૧. સમ.૫૨, ૯૫, સ્થા.૩૦૫, ૭૨૦, જીવા.૧૫૬.

**૧. જેટ્ઠા** (જ્યેષ્ઠા) **ચેડગ** રાજાની પુત્રી. તેને **મહાવીર**ના મોટા ભાઈ **ણંદિવદ્ધણ**(૧) સાથે પરણાવવામાં આવી હતી.[૧]

૧. આવચૂ.૨.પૃ.૧૬૪.

**૨. જેટ્ઠા** એક નક્ષત્ર. તેનો અધિષ્ઠાતા દેવ **ઈંદ**(૪) છે.

૧. સ્થા. ૯૦, જમ્બૂ.૧૫૭, ૧૭૧.

**જેહિલ** આચાર્ય **ણાગ** (૭)નો શિષ્ય.[૧]

૧. કલ્પ (થેરાવલી). ૭, પૃ.૨૬૫.

**જોઇ** (યોગિન્) પરિવ્રાજકોનો એક વર્ગ.[૧]

૧. ઔપ. ૩૮.

**જોઇજસા** (જ્યોતિર્યશા) **ચંપા** નગરના ગોવળની પત્ની. **કોસિઅ**(૪)ના શિષ્ય **રુદ્દઅ** દ્વારા તેનું ખૂન થયું હતું.[૧]

૧. આવનિ.૧૨૮૮, આવચૂ.૨.પૃ.૧૯૩, આવહ. પૃ.૭૦૪.

**૧. જોઇસ** (જ્યોતિષ) દેવોના ચાર વર્ગોમાંનો એક વર્ગ. આ વર્ગના દેવોના પાંચ ભેદ છે – (૧) **સૂર**(૧), (૨) **ચંદ**(૧), (૩) **ગહ**, (૪) **ણક્ખત્ત**(૧) અને (૫) **તારા**(૩).[૧] પૃથ્વીની સપાટીથી ૭૯૦ યોજનના અંતરે તેમનું શ્રેત્ર શરૂ થાય છે જ્યાં કેટલાક તારાઓના સ્વર્ગીય વાસસ્થાનો છે. તે પછી સૂરિયો, ચંદો, ણક્ખત્તો અને ગહોનાં સ્વર્ગીય વાસસ્થાનો એક પછી એક આવેલાં છે.[૨] સૂરિયો અને ચંદો તેમના ઇન્દ્રો છે.[૩] તારાઓની સંખ્યા સૌથી વધુ છે અને સૂરિયો તથા ચંદોની સંખ્યા સૌથી ઓછી છે.[૪] તેવી જ રીતે તેઓ ઝડપ અને ગતિની બાબતમાં એકબીજાથી ભિન્ન છે [૫]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. દેવે. ૮૦-૮૧, પ્રજ્ઞા.૩૮, સૂર્ય. ૧૦૦, અનુ.૧૨૨, સ્થા.૨૫૭, ૪૦૧.
૨. જમ્બૂ.૧૬૪, સૂર્ય.૮૯, પ્રજ્ઞા.૫૦, જીવા.૧૨૨, દેવે.૮૪, જમ્બૂ.૧૬૪. સૂર્ય.૯૨.
૩. સ્થા.૯૪, ભગ. ૧૬૯.
૪. જીવા.૨૦૬, જમ્બૂ.૧૭૨, સૂર્ય.૯૯.
૫. જમ્બૂ.૧૬૭, સૂર્ય.૯૫.

**૨. જોઈસ** **વિયાહપણ્ણત્તિ**ના નવમા શતકનો બીજો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૩૬૨.

**જોઈસિય** (જ્યોતિષ્ક) આ અને **જોઈસ**(૧) એક છે.[1]

૧. ઉત્તરા.૩૬.૨૦૭, ભગ.૪૧૪, પ્રજ્ઞા.૧૦૧, જમ્બૂ.૧૨૨, દેવે.૧૪૮, અનુ.૧૨૨, આચાચૂ.પૃ.૨૬૯.

**૧. જોગંધરાયણ** (યૌગન્ધરાયણ) રાજા **ઉદાયણ**(૨)નો મન્ત્રી.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૬૨, આવહ.પૃ.૬૭૪.

**૨. જોગંધરાયણ** **અમ્મડ**(૩) સાથે સંબંધ ધરાવતી વ્યક્તિ.[1]

૧. ઋષિ.૨૫.

**જોગજસા** (યોગયશા) આ અને **જોઈજસા** એક છે.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૯૩.

**જોગસંગહ** (યોગસઙ્ગ્રહ) આગમિક ગ્રન્થ.[1]

૧. આવચૂ.૨.પૃ.૩૬,૧૫૨, નિશીચૂ.૩.પૃ.૨૬૬, ઉત્તરાચૂ.પૃ.૧૭૮.

**જોણ** (યોન) આ અને **જોણઅ** એક છે.[1]

૧. જ્ઞાતા. ૧૮.

**જોણઅ** અથવા **જોણગ** (યોનક) એક **અણારિય** (અનાર્ય) જાતિ અને તેનો દેશ. તેમને **ચક્કવટ્ટિ ભરહ**(૧)એ જીત્યાં હતાં.[1] ત્યાં **ઉસભ**(૧) ગયા હતા.[2] રાજાઓનાં અન્તઃપુરોમાં આ દેશની કન્યાઓને દાસીઓ તરીકે રાખવામાં આવતી.[3] આ દેશ / જાતિ **જવણ**થી ભિન્ન છે.[4] જોણઅ લોકોએ કેટલીક ચીજો **પાડલિપુત્ત** મોકલી હતી અને તે ચીજોને ઓળખવા માટે આચાર્ય **પાલિત્ત**ને બોલાવવામાં આવ્યા હતા.[5]

૧.જમ્બૂ.૫૨.
૨.આવનિ.૩૩૬-૩૩૭.
૩.ભગ.૩૮૦, ભગઅ.પૃ.૪૬૦, જ્ઞાતા.૧૮,જમ્બૂ.૪૩,જમ્બૂશા.પૃ. ૧૯૧, ઔપ.૩૩.
૪. જુઓ જમ્બૂ.૫૨ અને જમ્બૂશા.પૃ.૨૨૦.
૫. આવચૂ.૨.પૃ.૫૫૪.

**જોણિ** (યોનિ) **પણ્ણવણા**નું નવમું પદ(પ્રકરણ).[1]

૧. પ્રજ્ઞા. ગાથા ૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જોણિઅ** (યોનિક) આ અને **જોણઅ** એક છે.[1]

૧. ઔપ.૩૩, આવચૂ.૨.પૃ.૫૫૪.

**જોણિપાહુડ** (યોનિપ્રાભૃત) ચેતન પદાર્થોના સર્જન અંગે નિરૂપણ કરતો ગ્રન્થ. તેના આધારે **સિદ્ધસેણે** અશ્વોનું સર્જન કર્યું હતું જ્યારે બીજાઓએ ભેંસોનું સર્જન કર્યું હતું.[1] વર્તમાનમાં તેનું અસ્તિત્વ નથી, તે નાશ પામ્યો છે.

૧. નિશીચૂ.૨.પૃ.૨૮૧, વ્યવભા.૫.૮૯, વ્યવમ.૩.પૃ.૫૮.

**જોણિસંગહ** (યોનિસઙ્ગ્રહ) એક આગમિક ગ્રન્થ.[1]

૧.સૂત્રચૂ.પૃ.૨૭૦.

**જોણ્હ** સંભવતઃ આ અને **જોણઅ** એક છે.[1]

૧. ભગ. ૩૮૦.

**જોતિરસ** (જ્યોતિરસ) **રયણપ્પભા**ના પ્રથમ કાંડનો નવમો ભાગ.[1]

૧. સ્થા.૭૭૮.

**જોતિસિય** (જ્યોતિષ્ક) આ અને **જોઇસ**(૧) એક છે.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૫૩, સૂર્ય.૯૮.

**જોહિટ્ઠિલ્લ** (યુધિષ્ઠિર) જુઓ **જુહિટ્ઠિલ્લ**.[1]

૧. અન્ત.૯.

## ઝ

**ઝાણવિભત્તિ** (ધ્યાનવિભક્તિ) **અંગબાહિર ઉક્કાલિય** આગમગ્રન્થ[1] જે નાશ પામી ગયો છે.

૧. નન્દિ.૪૪, પાક્ષિ.પૃ.૪૩.

## ટ

**ટંકણ** અણારિય (અનાર્ય) જાતિ[1] તેમજ તેમના વસવાટનો પ્રદેશ.[2] આ જાતિ ઉત્તરાવહમાં વસતી હતી અને દક્ખિણાવહના લોકોને સુવર્ણ અને હાથીદાંત વેચતી હતી.[3] ઉપર તરફની ગંગા નદીના પૂર્વ કિનારાને લગોલગ આવેલા પ્રદેશમાં વસતા તન્ગણ લોકો સાથે તેની એકતા સ્થાપવામાં આવી છે. તેમનો પ્રદેશ રામગંગા નદીથી સરયૂના ઉપરના ભાગ સુધી વિસ્તરેલો હતો. તેઓ મધ્ય એશિયામાં કાશ્ગર ક્ષેત્રમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ વસતા હતા.[૪]

૧. વિશેષા.૧૪૪૨, ભગ.૧૪૩, સૂત્ર. ૧.૩.૩.૧૮.
૨. આચાચૂ.પૃ.૧૯૩, આવનિ.૧૩૬.
૩. આવચૂ.૧.પૃ.૧૨૦.
૪. જિઓમ.પૃ.૭૯, ૧૨૪.

## ઠ

**ઠાણ** (સ્થાન) બાર **અંગ**(૩) ગ્રન્થોમાંનો ત્રીજો.[૧] તે દસ પ્રકરણોમાં વિભક્ત છે.[૨] તેનો મોટો ભાગ ગદ્યમાં છે. તે પદાર્થોની સંખ્યા અનુસાર પદાર્થોનું નિરૂપણ કરે છે અર્થાત્ એક સંખ્યક પદાર્થોથી દસસંખ્યક પદાર્થો સુધીનું નિરૂપણ તેમાં છે.[૩] વિ.સં.૧૧૨૦માં અભયદેવસૂરિએ તેના ઉપર ટીકા રચી છે.[૪] જે શ્રમણે શ્રમણજીવનના આઠ વર્ષ પૂરા કર્યાં હોય તેને તે ભણવાનો અધિકાર છે.[૫] તે વીરનિર્વાણ સંવત ૧૩૫૦માં નાશ પામી જશે.[૬]

૧. નન્દિ.૪૫, પાક્ષિ.પૃ.૪૬, સમ. ૧૩૭, અનુ.૪૨.
૨. નન્દિ.૪૮, સમઅ.પૃ.૭૪, નન્દિમ. પૃ.૨૨૮થી.
૩. સમ.૧૩૭-૧૩૮.
૪. સ્થાઅ.પૃ.૫૨૮.
૫. વ્યવ.૧૦.૨૩.
૬. તીર્થો.૮૧૫.

**ઠાણપદ** (સ્થાનપદ) **પણ્ણવણા**નું બીજું પદ (પ્રકરણ).[૧]

૧. ભગ.૧૧૫, ૫૫૦, પ્રજ્ઞા.ગાથા ૪.

**ઠિઇ** (સ્થિતિ) **પણ્ણવણા**નું ચોથું પદ (પ્રકરણ).[૧]

૧. પ્રજ્ઞા.ગાથા ૪, ભગ.૧૫.

**ઠિતિપદ** (સ્થિતિપદ) આ અને **ઠિઇ** એક છે.[૧]

૧. ભગ.૧૫.

## ડ

**ડંડગારણ્ણ** (દણ્ડકારણ્ય) રાજા **ડંડગિ**ના નામ ઉપરથી જેનું નામ પડ્યું છે તે જંગલ. તે રાજાની રાજધાની **કુંભકારકડ** હતી. તે રાજધાની અને તેની આસપાસનો પ્રદેશ **ખંદઅ**(૧)એ બાળી ભસ્મ કરી નાખ્યો હતો. તે પ્રદેશમાં જંગલ ઊગ્યું.[૧]

૧. નિશીચૂ.૪.પૃ.૧૨૮, ઉત્તરાચૂ.પૃ.૭૪.

**ડંડગિ** (દણ્ડકિન્) **કુંભકારકડ** નગરનો રાજા. **ખંદઅ**(૧)ની બેન **પુરંદરજસા** તેની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પત્ની હતી. જેણે ખંદઅ અને તેના પાંચસો શિષ્યોને ઘાણીએ ઘાલી પીલી નાખ્યા તે પાલગ(૧) તેનો પુરોહિત હતો. પછી દેવ તરીકે જન્મેલા ખંદએ ડંડગિની રાજધાનીને અને તેની આસપાસના પ્રદેશને બાળી ભસ્મ કરી નાખ્યો. પછી ત્યાં જંગલ થયું જે **ડંડગારણ્ણ** નામે પ્રસિદ્ધ થયું.[૧]

૧. જીતભા.૫૨૮, ઉત્તરાશા.પૃ.૧૧૪-૧૫, ઉત્તરાચૂ.પૃ.૭૩, વ્યવભા.૧૦.૫૮૯, નિશીચૂ. પૃ.૧૨૭.

**ડંબર** જુઓ **અડંબર**.[૧]

૧. આવચૂ.૨.પૃ.૨૨૭.

**ડહણ** (દહન) **પાડલિપુત્ત**ના બ્રાહ્મણનો પુત્ર. **જલણસિહા** તેની માતા હતી.[૧] ડહણ સંસાર ત્યાગી શ્રમણ બન્યો અને મરીને દેવ થયો. તે **હુયાસણ**(૧) નામે પણ જાણીતો છે.[૨]

૧. આવનિ.૧૨૯૪. ૨. આવહ.પૃ.૭૦૭.

**ડોંબ** એક **અણારિય** (અનાર્ય) હલકી કોમ. તે **જક્ખ ઘંટિય**ને પૂજે છે.[૧] તે ઉત્તર ભારતમાં પ્રાચીન કાળમાં વસતા લોકોનું પ્રતિનિધિત્વ કરતી મનાય છે.[૨]

૧. વ્યવભા.૩.૯૨, નિશીચૂ.૨.પૃ.૨૪૩, બૃક્ષે.૪૦૩-૪૦૪. ૨. લાઇ.પૃ.૩૬૦.

**ડોંબિલ** એક **અણારિય** (અનાર્ય) દેશ અને તેના દેશવાસીઓ.[૧]

૧. પ્રજ્ઞા.૩૭, પ્રશ્ન.૪, સૂત્રશી.પૃ.૧૨૩.

**ડોબ** એક **અણારિય** (અનાર્ય) જાતિ અને તેનો દેશ.[૧] આ અને **ડોંબ** એક છે.

૧. પ્રશ્ન.૪, પ્રજ્ઞા.૩૭.

**ડોબિલ** આ અને **ડોંબિલ** એક છે.[૧]

૧. પ્રશ્ન. ૪.

## ઢ

**ઢંક** **સાવત્થી**નો કુંભાર. એક હજાર શ્રમણીઓ સાથે **પિયદંસણા** તેના ઘરમાં રહી હતી.[૧]

૧. આવચૂ.૧.પૃ.૪૧૮, વિશેષા.૨૮૦૭, આવભા.૧૨૬, નિશીભા.૫૫૯૭, ઉત્તરાશા. પૃ.૧૫૬.

**ઢંઢ** **કણ્હ**(૧)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **તિત્થંકર અરિટ્ઠણેમિ**નો શિષ્ય બન્યો. અન્તરાય કર્મના ઉદયના કારણે તે ભિક્ષા મેળવી શક્યો નહિ.[૧]

૧. ઉત્તરાચૂ.પૃ.૭૬, ઉત્તરાશા.પૃ.૧૧૯, આવ.પૃ.૨૭, આચાચૂ.પૃ.૭૫, ૭૩૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઢંઢણ** આ અને **ઢંઢ** એક છે. તે એક વંદનીય વ્યક્તિ છે.[1]

૧. આવ.પૃ.૨૭.

**૧. ઢડ્ડર દસપુર**નો શ્રાવક (ઉપાસક).[1]

૧. આવચૂ.૧.પૃ.૪૦૩.

**૨. ઢડ્ડર રાહુ**(૧)નું બીજું નામ.[1]

૧. સૂર્ય.૧૦૫.

## ણ

**ણઉલ** (નકુલ) **હત્થિણાઉર**ના **પંડુરાય**ના પાંચ પુત્રોમાંનો એક.[1]

૧. જ્ઞાતા. ૧૧૭.

**ણંગલા** (નઙ્ગલા) **મહાવીરે ગોસાલ** સાથે જે ગામની મુલાકાત લીધી હતી તે ગામ. અહીં **વાસુદેવઘર**ના ચૈત્યમાં મહાવીરે ધ્યાન કર્યું હતું. બાળકોને ભયભીત કરવા બદલ ગોસાલને અહીં માર ખાવો પડ્યો હતો. આ ગામ **હલેદ્દુઅ** અને **આવત્ત**(૪) વચ્ચે આવેલું હતું.[1]

૧. આવનિ.૪૮૧, આવચૂ.૧.પૃ.૨૮૯, વિશેષા.૧૯૩૫, કલ્પધ.પૃ.૧૦૬, કલ્પવિ. પૃ. ૧૬૫, આવમ.પૃ.૨૮૦.

**ણંગોલ** (નાઙ્ગોલ) એક **અંતરદીવ**.[1]

૧. પ્રજ્ઞા.૩૬.

**ણંગોલિ** (નઙ્ગોલિન્) આ અને **ણંગોલિય** એક છે.[1]

૧. જીવા.૧૧૧.

**ણંગોલિય** (નાઙ્ગોલિક) **લવણસમુદ્**માં આવેલા છપ્પન અંતરદીવમાંનો એક.[1] આ અને **ણંગોલ** એક છે.

૧. જીવા.૧૧૧, નન્દિમ.પૃ.૧૦૩, સ્થા.૩૦૪.

**૧. ણંદ**(નન્દ) **પાડલિપુત્ત** નગરનો વાળંદ ગુલામ. **કૂણિય**ના પુત્ર **ઉદાઈ**(૨)ના મૃત્યુ પછી નગરના રાજા તરીકેનો કાર્યભાર તેણે લઈ લીધો અર્થાત્ તે રાજા બની ગયો. તેના પછી આવનારા તેના ઉત્તરાધિકારી રાજાઓ પણ તે જ નામથી ઓળખાયા અને આમ તે વંશ ણંદ નામે ઓળખાયો. જેને **ચંદઉત્તે** હરાવ્યો તે **મહાપઉમ**(૮) રાજા ણંદ વંશનો નવમો અને છેલ્લો રાજા હતો.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૭૯થી, આચાચૂ.પૃ.૬૪, દશચૂ.પૃ.૫૨, કલ્પવિ.પૃ.૨૫૩. કલ્પધ. પૃ. ૧૬૫, આવહ.પૃ.૪૩૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. **ણંદ** **પાડલિપુત્ત**નો આતિલોભી શેઠ. કોઈક ગુના બદલ તે નગરના રાજાએ તેને મૃત્યુદંડની સજા કરી હતી.[૧]

૧. આવચૂ.૧.પૃ.૫૨૮, ૨.પૃ.૨૯૩, કલ્પચૂ.પૃ.૧૦૧, આવહ.પૃ.૩૯૭.

૩. **ણંદ** **મહાસુક્ક**(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જયાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પંદર સાગરોપમ વર્ષનું હોય છે, તેઓ પંદર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને પંદર હજાર વર્ષે એક વાર તેઓને ભૂખ લાગે છે.[૧]

૧. સમ.૧૫.

૪. **ણંદ** અગિયારમા **તિત્થંકર** **સેજ્જંસ**(૧)ને સૌપ્રથમ ભિક્ષા આપનાર **સિદ્ધત્થપુર**નો રહેવાસી.[૧]

૧. આવમ.પૃ.૨૨૭, સમ.૧૫૭, આવનિ.૩૨૪, ૩૨૮.

૫. **ણંદ** **બંભણગામ**નો રહેવાસી. **મહાવીરે** એક વાર તેની પાસેથી ભિક્ષા ગ્રહણ કરી હતી.[૧] **ઉવણંદ**(૨) તેનો ભાઈ હતો.[૨]

૧. આવનિ.૪૭૬, આવચૂ.૧.પૃ.૨૮૩, વિશેષા.૧૯૨૮-૧૯૩૦, કલ્પવિ.પૃ.૧૬૪, કલ્પધ.પૃ.૧૦૫.
૨. આવચૂ.૧.૨૮૩.

૬. **ણંદ** પખવાડિયાનો પાંચમો, છઠ્ઠો અને અગિયારમો દિવસ અર્થાત્ પાંચમ, છઠ્ઠ અને અગિયારસ.[૧]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૯.

૭. **ણંદ** **ભરહ**(૨) ક્ષેત્રના પ્રથમ ભાવી **વાસુદેવ**(૧).[૧]

૧. સમ.૧૫૯, તીર્થો.૧૧૪૩.

૮. **ણંદ** **ભરહ**(૨) ક્ષેત્રના આઠમા ભાવી **તિત્થંકર** **પેઢાલપુત્ત**(૧)નો પૂર્વભવ.[૧]

૧. સમ.૧૫૯.

૯. **ણંદ** **ણાસિક્કણગર**નો રહેવાસી. તે **સુંદરી**(૨)નો પતિ હોવાથી **સુંદરીણંદ** તરીકે જાણીતો હતો. સુંદરી અત્યંત રૂપાળી હોવાથી તે તેનામાં ખૂબ જ આસક્ત હતો. તેનો ભાઈ શ્રમણ હતો. તેને તેના ચિત્તને સાંસારિક આસક્તિમાંથી પાછું વાળવાનો કોઈ ઉપાય કરવાનો વિચાર આવ્યો. તેને સન્માર્ગે વાળવા માટે તેણે પોતાની અલૌકિક શક્તિથી એક વાંદરીનું, એક વિદ્યાધરીનું અને પછી એક અનુપમ સૌન્દર્ય ધરાવતી દેવીનું સર્જન કર્યું. જ્યારે ણંદે તેને પૂછ્યું કે તે દેવીને તે કેવી રીતે પામી શકે ત્યારે તે શ્રમણ ભાઈએ કહ્યું કે તે માટે તેણે શ્રમણજીવન સ્વીકારવું જોઈએ. એટલે ણંદ શ્રમણ બન્યો.[૧]

૧. નન્દિ.૭૩, નન્દિમ.પૃ.૧૬૭, આવચૂ.૧.પૃ.૫૫૬, આવનિ.૯૪૪, આવહ. પૃ. ૪૩૬. આવી જ કથા પાલિત્રિપિટકમાં પણ મળે છે. અહીં બુદ્ધ પોતે જ નન્દ થેરના મોટા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાવકા ભાઈ હતા. નન્દ જનપદકલ્યાણી નન્દામાં ખૂબ આસક્ત હતો. તેનું ચિત્ત તેમાંથી વાળી લેવા માટે બુદ્ધ તેને વાંદરીના બળી ગયેલા શરીરના ભાગો દેખાડે છે, તે પછી અત્યંત સુંદર અપ્સરા દેખાડે છે. સુંદર અપ્સરાને પામવા માટે તે બુદ્ધની સૂચના મુજબ ગંભીરતાપૂર્વક શ્રમણજીવન જીવે છે અને પછી અર્હત્પદ પામે છે. જુઓ ડિપા. માં નન્દ થેર(૧) અને સુન્દરનન્દ. આ કથા ઉપર અશ્વઘોષનું સુન્દરાનન્દં કાવ્યમ્ રચાયું છે.

**૧૦. ણંદ તિત્થયર અરિટ્ઠણેમિ**નો મુખ્ય ઉપાસક.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૫૯.

**૧૧. ણંદ રાયગિહ**નો હીરાઘસુ. તે **મહાવીર**નો અનુયાયી હતો. તે પ્રદેશના લોકોને પાણીની સુવિધા પૂરી પાડવાના આશયથી તેણે તળાવ બંધાવ્યું હતું. તેને તે તળાવ માટે એટલી બધી આસક્તિ હતી કે તે મરીને તે તળાવમાં દેડકા તરીકે જન્મ્યો.[૧] જુઓ દદ્દુર(૨).

૧. જ્ઞાતા. ૯૩-૯૫.

**૧૨. ણંદ** નદી પાર કરવા માટે શ્રમણ **ધમ્મરુઇ**(૩)ને પોતાની નાવમાં બેસવા દેનાર નાવિક. આ નાવિકે ધમ્મરુઇને ભાડુ ન આપવાના કારણે બહુ હેરાન કર્યા હતા. રોષે ભરાયેલા ધમ્મરુઇ શ્રમણે પોતાની અલૌકિક શક્તિથી નાવિકને બાળીને ભસ્મ કરી નાખ્યો હતો.[૧]

૧. આવચૂ.૧.પૃ.૫૧૬, વિશેષા.૩૫૭૫, આવહ.પૃ.૩૮૯.

**૧૩. ણંદ તિત્થંકર મલ્લિ**(૧) પાસે દીક્ષા ગ્રહણ કરનાર રાજકુમાર.[૧]

૧. જ્ઞાતા.૭૭.

**૧૪. ણંદ તિત્થયર ઉસહ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[૧]

૧. કલ્પધ.પૃ.૧૫૧,૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૬.

**૧૫. ણંદ** આ અને **આણંદ**(૭) એક છે.

૧. તીર્થો.૪૪૮.

**ણંદકંત** (નન્દકાન્ત) **મહાસુક્ક**(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પંદર સાગરોપમ વર્ષોનું છે.[૧]

૧. સમ.૧૫.

**ણંદકૂડ** (નન્દકૂટ) **ણંદકંત** સમાન સ્વર્ગીય વાસસ્થાન.[૧]

૧. સમ.૧૫.

**ણંદગ** (નન્દક) **ચંપા** નગરનો રહેવાસી. મૃત્યુ પછી તે **કોસંબી**માં જન્મ્યો અને ત્યાં સંસારનો ત્યાગ કર્યો.[૧]

૧. મર.૫૦૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ણંદગોવ** (નન્દગોપ) દસ લાખ ગાયોનો માલિક ગોવાળ.[1]

૧. બૃભા.૭૭, વ્યવભા.૩.૧૭૮.

**ણંદજ્ઝય** (નન્દધ્વજ) એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પંદર સાગરોપમ વર્ષનું છે. તે **ણંદકંત** સમાન છે.[1]

૧. સમ.૧૫.

**૧. ણંદણ** (નન્દન) વર્તમાન **ઓસપ્પિણી**ના સાતમા **બલદેવ**(૨) અને **વાસુદેવ**(૧) **દત્ત**(૨)ના ભાઈ. તે **વાણારસી**ના રાજા **અગ્ગિસીહ** અને તેમની રાણી **જયંતી**(૪)ના પુત્ર હતા. તેમના પૂર્વભવનું નામ **ધમ્મસેણ**(૧) હતું. તે ૨૬ ધનુષ ઊંચા હતા. તે ૬૫ હજાર વર્ષ જીવ્યા અને મોક્ષ પામ્યા.[1] તિલોયપણ્ણત્તિ અનુસાર સાતમા બલદેવ નન્દિમિત્ર હતા અને તેમની ઊંચાઈ ૨૨ ધનુષ હતી.[2]

૧. સમ.૧૫૮, સ્થા.૬૭૨, આવનિ.૪૦૩-૪૧૪, વિશેભા.૧૭૬૬, આવભા.૪૧, તીર્થો. ૫૭૭, ૫૮૦, ૬૦૨-૬૧૬, ઉત્તરાક.પૃ.૩૪૯.

૨. ૪.૫૧૭, ૧૪૧૮.

**૨. ણંદણ** **ભરહ**(૨) ક્ષેત્રના સાતમા ભાવી **બલદેવ**(૨).[1]

૧. સમ.૧૫૯, તીર્થો.૧૧૪૪.

**૩. ણંદણ** **કોસલાઉર**ના શેઠ. તેમને **સિરિમતી**(૧) નામની પુત્રી હતી.[1] તેમની એકતા **ણંદ**(૨) સાથે સ્થાપવામાં આવી છે.

૧. આવચૂ.૧.પૃ.૫૨૭.

**૪. ણંદણ** **સુગ્ગીવ**(૪) નગરના રાજા **બલભદ્દ**(૧)ના પુત્ર **મિયાપુત્ત**(૩)નો મહેલ.[1]

૧. ઉત્તરા.૧૯.૩, ઉત્તરાનિ.પૃ.૪૫૨.

**૫. ણંદણ** રાજા **સણિય**નો પૌત્ર અને **મહાસેણાકણ્હ**નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બન્યો હતો.[1]

૧. નિર.૨.૧૦.

**૬. ણંદણ** **છત્તગ્ગા** નગરના રાજા **જિયસત્તુ**(૩૪) અને તેમની રાણી **ભદ્દા**(૩)નો પુત્ર. તે **મહાવીર**નો પૂર્વભવ હતો. તે સંસારનો ત્યાગ કરી શ્રમણ **પુટ્ટિલ**(૨)નો શિષ્ય બન્યો અને તીર્થંકરનામકર્મ બાંધ્યું.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૩૫, આવનિ.૪૫૦-૫૨, સમ.૧૫૭, કલ્પધ.પૃ.૩૮, કલ્પવિ. પૃ. ૪૪, સમઅ.પૃ.૧૦૬.

**૭. ણંદણ** ઇન્દ્ર **ધરણ**(૧)ના સાત સેનાપતિઓમાંનો એક. તે નૃત્યકારોના જૂથનો નાયક છે.[1]

૧. સ્થા.૫૮૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૮. ણંદણ** તિત્થંકર **મલ્લિ**(૧)નો પૂર્વભવ.[1]

૧. સમ.૧૫૭.

**૯. ણંદણ મોયા**(૨) નગરની બહાર આવેલું ઉદ્યાન તેમજ ચૈત્ય. અહીં **મહાવીર** આવ્યા હતા.[1]

૧. ભગ.૧૨૬.

**૧૦. ણંદણ ણંદણવણ**(૧)માં આવેલું **મંદર**(૩) પર્વતનું શિખર.[1] જુઓ **ણંદણવણકૂડ.**

૧. સ્થા. ૬૮૯.

**૧૧. ણંદણ કપ્પવડિંસિયા**નું દસમું અધ્યયન.[1]

૧. નિર.૨.૧.

**ણંદણભદ્દ** (નન્દનભદ્ર) **સંભૂઇવિજય**(૪)ના બાર શિષ્યોમાંનો એક.[1]

૧. કલ્પ.પૃ.૨૫૬.

**૧. ણંદણવણ** (નન્દનવન) **ભદ્દસાલવણ**ની સપાટીથી પાંચ સો યોજન ઉપર આવેલું **મંદર** પર્વત ઉપરનું વન. તેનો વિસ્તાર પણ પાંચ સો યોજનનો છે.[1] તેનો ઉપયોગ દેવો રમતગમતના મેદાન તરીકે કરે છે.[2] તેની અંદર **મંદર**(૩) પર્વતનાં નવ શિખરો આવેલાં છે. તે છે – **ણંદણ**(૧૦), **મંદાર**(૫), **ણિસહ**(૫), **હેમવય**(૨), **રયણ**(૩), **રુયઅ**(૬), **સાગરચિત્ત, વઇરા**(૪) અને **બલકૂડ.**[3]

૧. જમ્બૂ.૧૦૪, સમ.૮૫, ૯૮, ૯૯, જીવા. ૧૪૧, સ્થા.૩૦૨.

૨. નન્દિમ.પૃ.૪૬, નન્દિહ.પૃ.૮.

૩. સ્થા.૬૮૯, જમ્બૂ.૧૦૪.

**૨. ણંદણવણ** પર્વત **રેવયય**ની સમીપમાં **બારવઇ**ની ઉત્તરપૂર્વમાં આવેલું વન. અહીં **જક્ખ સુરપ્પિય**(૧)નું ચૈત્ય આવેલું હતું.[1]

૧. જ્ઞાતા.૫૨, નિર.૫.૧., આવચૂ.૧.પૃ.૩૫૫, અન્ત.૧.

**૩. ણંદણવણ વિજયપુર** નગરની નજીક આવેલું વન.[1]

૧. વિપા.૩૪.

**ણંદણવણકૂડ** (નન્દનવનકૂટ) **ણંદણવણ**(૧)માં **મંદર**(૩) પર્વતનાં જે નવ શિખરો આવેલાં છે તેમાંનું પ્રથમ. તેની ઊંચાઈ પાંચસો યોજન છે.[1] આ અને **ણંદણ**(૧૦) એક છે.

૧. જમ્બૂ.૧૦૪, પ્રશ્નઅ.પૃ.૯૬.

**ણંદપ્પભ** (નન્દપ્રભ) **મહાસુક્ક**(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યા વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પંદર સાગરોપમ વર્ષનું છે.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. સમ.૧૫.

**૧. ણંદમતી** (નન્દમતી) **અંતગડદસા**ના સાતમા વર્ગનું બીજું અધ્યયન.[1]

૧. અન્ત.૧૬.

**૨. ણંદમતી રાયગિહ**ના રાજા **સેણિઅ**(૧)ની રાણી. તે **મહાવીર** પાસે દીક્ષા લઈ શ્રમણી બની. વીસ વર્ષના શ્રમણજીવનની સાધના પછી તે મોક્ષ પામી.[1]

૧. અન્ત.૧૬.

**૧. ણંદમિત્ત** (નન્દમિત્ર) **ભરહ**(૨) ક્ષેત્રના બીજા ભાવી **વાસુદેવ**(૧).[1]

૧. સમ.૧૫૯, તીર્થો.૧૧૪૩.

**૨. ણંદમિત્ત તિત્થંકર મલ્લિ**(૧) પાસે દીક્ષા ગ્રહણ કરનાર રાજકુમાર.[1]

૧. જ્ઞાતા. ૭૭.

**ણંદલેસ** (નન્દલેશ્ય) **મહાસુક્ક**(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વાસ કરતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પંદર સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૧૫.

**ણંદવણ્ણ** (નન્દવર્ણ) **ણંદલેસ** સમાન સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સમ.૧૫.

**ણંદસિંગ** (નન્દશૃઙ્ગ) **ણંદવણ્ણ** સમાન સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સમ.૧૫.

**ણંદસિટ્ઠ** (નન્દસૃષ્ટ) **ણંદવણ્ણ** સમાન સ્વર્ગીય વાસસ્થાન.[1]

૧. સમ.૧૫.

**૧. ણંદસેણિયા** (નન્દસેનિકા) **અંતગડદસા**ના સાતમા વર્ગનું ચોથું અધ્યયન.[1]

૧. અન્ત.૧૬.

**૨. ણંદસેણિયા રાયગિહ**ના રાજા **સેણિય**(૧)ની રાણી. તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**ની શિષ્યા બની. વીસ વર્ષના શ્રમણજીવનની સાધના પછી તે મોક્ષ પામી.[1]

૧. અન્ત.૧૬.

**૧. ણંદા રાયગિહ**ના રાજા **સેણિય**(૧)ની રાણી.[1] તે **બેણ્ણાતડ** નગરના શેઠની પુત્રી હતી[2] અને **અભયકુમાર**ની માતા હતી.[3] તેણે સંસારનો ત્યાગ કરી **તિત્થયર મહાવીર** પાસે દીક્ષા લીધી, વીસ વર્ષની શ્રમણજીવનની સાધના પછી છેવટે તે મોક્ષ પામી.[4] તે **સુણંદા**(૬) નામે પણ જાણીતી છે.[5]

૧. અન્ત.૧૬, અનુત્ત.૧, નિર.૧.૧, જ્ઞાતા.૬, આવચૂ.૨.પૃ.૧૭૧.
૨. આવચૂ.૨.પૃ.૧૭૧, નન્દિમ.પૃ.૧૫૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. નિર.૧.૧, અનુત્ત.૧, જ્ઞાતા.૭.
૪. અન્ત.૧૬. ૫. નિરચં.૧.૧(પૃ.૫).

**૨. ણંદા અંતગડદસા**ના સાતમા વર્ગનું પહેલું અધ્યયન.[1]

૧. અન્ત.૧૬.

**૩. ણંદા ભદ્દિલપુર**ના રાજા **દઢરહ**(૧)ની રાણી અને દસમા તિત્થંકર **સીયલ**ની માતા.[1]

૧. સમ.૧૫૭, તીર્થો.૪૭૩, સ્થાઅ.પૃ.૩૦૮.

**૪. ણંદા વાણારસી**ના **ભદ્દસેણ**(૨)ની પત્ની અને **સિરિદેવી**(૬)ની માતા.[1]

૧. આવચૂ.૨.પૃ.૨૦૨.

**૫. ણંદા મહાવીર**ના નવમા ગણધર **અયલભાયા**ની માતા.[1]

૧. આવનિ.૬૪૯, વિશેષા.૨૫૧૦.

**૬. ણંદા કોસંબી**ના રાજા **સયાણીય**ના મન્ત્રી **સુગુત્ત**ની પત્ની. તે રાણી **મિયાવઈ**(૧)ની સખી હતી. એક વાર ભિક્ષાની આશાએ **મહાવીર** તેના ઘરે ગયા હતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૧૬-૧૭, આવનિ.૫૨૦-૨૨, વિશેષા.૧૯૭૬, કલ્પવિ.પૃ. ૧૭૦, કલ્પધ.પૃ.૧૦૯.

**૭. ણંદા** આ અને **ઉસભ**(૧)ની બે પત્નીઓમાંની એક **સુણંદા**(૨) એક જ વ્યક્તિ છે.[1]

૧. આવનિ.૧૯૧, વિશેષા.૧૬૦૭, આવચૂ.૧.પૃ.૧૫૨.

**૮. ણંદા રુયગ**(૧)પર્વતના પૂર્વ ભાગમાં આવેલા **તવણિજ્જ** નામના શિખર ઉપર વસતી આઠ મુખ્ય **દિસાકુમારી**ઓમાંની એક.[1]

૧. જમ્બૂ.૧૧૪, સ્થા.૬૪૩, તીર્થો.૧૫૩.

**૯. ણંદા ણંદીસર**(૧) દ્વીપમાં આવેલા પૂર્વ **અંજણગ**(૧) પર્વત ઉપર આવેલી પુષ્કરિણી.[1]

૧. જીવા.૧૮૩, સ્થા.૩૦૭.

**૧૦. ણંદા ચંપા** નગરીની બહાર આવેલું તળાવ.[1]

૧. જ્ઞાતા.૪૬.

**૧૧. ણંદા રાયગિહ**ના હીરાઘસુ **ણંદ**(૧૧)એ **વેભાર** ગિરિ પાસે બંધાવેલું તળાવ.[1]

૧. જ્ઞાતા.૯૩.

**૧૨. ણંદા** પખવાડિયાનો પહેલો, છઠ્ઠો અને અગિયારમો દિવસ.[1]

૧. ગણિ.૯-૧૦, સૂર્ય.૪૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧૩. ણંદા** પૂર્વોત્તર **રઈકરગ** પર્વત ઉપર આવેલું સ્થળ. તે **ઈસાણ**(૨)ની રાણી **કણ્હરાઈ**(૩)ની રાજધાની છે.[1]

૧. સ્થા.૩૦૭.

**૧. ણંદાવત્ત** (નન્દાવર્ત) **મહાસુક્ક**(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જયાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પંદર સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૧૫.

**૨. ણંદાવત્ત** આ અને **ણંદિઆવત્ત**(૩) એક છે.[1]

૧. સ્થા.૬૪૪.

**૧. ણંદિ** (નન્દિ) **અંગબાહિર ઉક્કાલિઅ** આગમગ્રન્થ.[1] આ ગદ્યપદ્યમય રચના છે. તે જ્ઞાન અને જ્ઞાનના વર્ગીકરણોનું નિરૂપણ કરે છે.[2] શરૂઆતની કેટલીક ગાથાઓ આપણને **મહાવીર**ના અગિયાર **ગણધરો**નાં નામો આપે છે તેમ જ **સુહમ્મ**(૧)થી **દૂસગણિ** સુધીના સત્તાવીસ આચાર્યોની યાદી પણ આપે છે.[3] પાંચ પ્રકારનાં જ્ઞાનોનું વિગતવાર વિવરણ મોટે ભાગે ગદ્યમાં આપવામાં આવ્યું છે. દૂસગણિના શિષ્ય **દેવવાયગ**ને આ ગ્રન્થના કર્તા કહેવામાં આવ્યા છે.[4] આચાર્ય હરિભદ્રે[5] અને આચાર્ય મલયગિરિએ[6] તેના ઉપર ટીકા (વૃત્તિ) રચી છે. **જિણદાસગણિ**એ તેના ઉપર ચૂર્ણિ લખી છે.[7]

૧. પાક્ષિ.પૃ.૪૩, નન્દિ.૪૪,નિશીચૂ. ૪.પૃ.૨૩૫, અનુહે.પૃ.૯.
૨. નન્દિમ.પૃ.૧.
૩. નન્દિ. ગાથા ૨૦-૪૩.
૪. નન્દિચૂ.પૃ.૧૦.
૫. અનુહે.પૃ.૧૦૦.
૬. પ્રજ્ઞામ.પૃ.૨૯૮, ૩૧૧, ૩૭૫.
૭. અનુચૂ.પૃ.૧, નન્દિચૂ.પૃ.૧.

**૨. ણંદિ** આ અને **ણંદિગ્ગામ**(૬) એક છે.[1]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૩૭૯.

**૩. ણંદિ મહાવીર**ના પિતાના મિત્ર. તે **ણંદિગ્ગામ**(૧)ના હતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૧૬,વિશેષા.૧૯૭૫, આવનિ.૫૨૦.

**૪. ણંદિ મહીસ્સર**ના બે મિત્રોમાંનો એક.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૭૫.

**૫. ણંદિ** જુઓ **ણંદિવદ્ધણ**(૨).[1]

૧. વિપા.૨.

**૬. ણંદિ** આ અને **ણંદ**(૭) એક છે.[1]

૧. તીર્થો.૧૧૪૩.

**૧. ણંદિઅ** (નન્દિક) **કાસવ** ગોત્રના એક સ્થવિર.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. કલ્પ(થેરાવલી)૭, કલ્પવિ.પૃ.૨૬૬.

**૨. ણંદિઅ** મહેમાનો માટે પુષ્ટ કરાયલો ઘેટો.[૧]

૧. ઉત્તરાનિ.પૃ.૨૭૩.

**૧. ણંદિઆવત્ત** (નન્દ્યાવર્ત) **મહાસુક્ક**(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સોળ સાગરોપમ વર્ષનું છે. તે દેવો સોળ પખવાડિયે એકવાર શ્વાસ લે છે અને સોળ હજાર વર્ષે એક વાર જ તેમને ભૂખ લાગે છે.[૧]

૧. સમ.૧૬.

**૨. ણંદિઆવત્ત થણિયકુમાર** દેવોના બે ઇન્દ્રો **ઘોસ**(૧) અને **મહાઘોસ**(૪)માંથી દરેકનો એક એક જે **લોગપાલ** છે તે.[૧]

૧. સ્થા.૨૫૬, ભગ.૧૬૯.

**૩. ણંદિઆવત્ત બંભલોગ**ના ઇન્દ્રનું સ્વર્ગીય વિમાન.[૧]

૧. સ્થા.૬૪૪, જમ્બૂ.૧૧૮.

**૧. ણંદિગ્ગામ** (નન્દિગ્રામ) **મહાવીર**ના પિતાના મિત્ર **ણંદિ**(૩)નું જન્મસ્થાન. મહાવીરે તેની મુલાકાત લીધી હતી.[૧] **ણંદિસેણ**(૫) બ્રાહ્મણ આ ગામના હતા.[૨] **ચક્કવટ્ટિ બંભદત્ત** આ ગામમાં આવ્યા હતા.[૩] ઔધમાં ફેઝાબાદ પાસે આવેલા નન્દગાંવ સાથે તેની એકતા સ્થાપી શકાય.[૪]

૧. આવચૂ.૧.પૃ.૩૧૬, આવનિ. ૫૨૦, વિશેષા.૧૯૭૫, કલ્પધ.પૃ.૧૦૯.
૨. જીતભા. ૮૨૬. ૩. ઉત્તરાનિ અને ઉત્તરાશા.પૃ.૩૭૯.
૪. શ્રભમ.પૃ.૩૭૪, જિઓડિ.પૃ.૧૩૮.

**૨. ણંદિગ્ગામ ધાયઈખંડ**માં આવેલો સન્નિવેશ.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૭૨.

**ણંદિઘોસ** (નન્દિઘોષ) સ્વર્ગીય વાસસ્થાન **બંભલોઅ** જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય દસ સાગરોપમ વર્ષનું છે, તેઓ દસ પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને દસ હજાર વર્ષે એક વાર તેમને ભૂખ લાગે છે.[૧]

૧. સમ.૧૦.

**ણંદિઘોસા** (નન્દિઘોષા) **થણિયકુમાર** દેવોનો ઘંટ.[૧]

૧. જમ્બૂ.૧૧૯.

**ણંદિચુણ્ણિ ણંદિ** ઉપર **જિણદાસગણિ**એ રચેલી ચૂર્ણિ પ્રકારની ટીકા.[૧]

૧. અનુચૂ.પૃ.૧, નન્દિચૂ.પૃ.૧, ૮૩, પ્રજ્ઞામ.પૃ.૧૯, ૩૧૦, ૫૩૭.

**ણંદિજ્જ** (નન્દીય) **ઉદ્દેહગણ**(૨)ની છ શાખાઓમાંથી પાંચમી.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. કલ્પ.પૃ.૨૫૯.

**૧. ણંદિણી** (નન્દિની) અતિ કામભોગના કારણે અનેક રોગોનો શિકાર બનેલી એક ગણિકા.[1]

૧. આચાચૂ.પૃ.૭૧.

**૨. ણંદિણી** તિત્થયર **પાસ**(૧)ની મુખ્ય ઉપાસિકા.[1] તેનું બીજું નામ **સુણંદા**(૫) પણ હતું.[2]

૧. આવચૂ.૧.પૃ.૧૫૯. ૨. કલ્પ.પૃ.૧૬૪.

**૧. ણંદિણીપિય** (નન્દિનીપિતૃ) **સાવત્થી** નગરનો એક શેઠ. તે **મહાવીર**ના દસ મુખ્ય ઉપાસકોમાંનો એક હતો. **અસ્સિણી** તેની પત્ની હતી.[1]

૧. ઉપા.૫૫.

**૨. ણંદિણીપિય ઉવાસગદસા**નું નવમું અધ્યયન.[1]

૧. ઉપા.૨, સ્થા.૭૫૫.

**ણંદિપુર** (નન્દિપુર) **સંડિલ્લ**(૫)ના આર્ય પ્રદેશની રાજધાની.[1] ત્યાં રાજા **મિત્ત**(૪) રાજ કરતા હતા.[2]

૧. પ્રજ્ઞા. ૩૭, સૂત્રશી.પૃ.૧૨૩. ૨. વિપા.૨૯, સ્થાઅ.પૃ.૫૦૮.

**ણંદિફલ** જુઓ **ણંદીફલ**.[1]

૧. સમ.૧૯.

**ણંદિમિત્ત** (નન્દિમિત્ર) જુઓ **ણંદમિત્ત**(૧).[1]

૧. તીર્થો. ૧૧૪૩.

**ણંદિયાવત્ત** (નન્દ્યાવર્ત) જુઓ **ણંદિઆવત્ત**.[1]

૧. આવમ.પૃ.૧૮૪.

**ણંદિલ** (નન્દિલ) આચાર્ય **ણાગહત્થિ**ના વિદ્યાગુરુ[1] અને આચાર્ય **મંગુ**ના શિષ્ય.[2]

૧. નન્દિ. ગાથા ૩૦. ૨. નન્દિ.ગાથા ૨૯, નન્દિહ.પૃ.૧૨, નન્દિમ.પૃ.૫૦.

**૧. ણંદિવદ્ધણ** (નન્દિવર્ધન) **મહાવીર**ના મોટાભાઈ[1] અને **જેટ્ઠા**ના પતિ.[2] તેમણે મહાવીરને સંસાર ત્યાગી શ્રમણ બનવાની રજા આપી હતી.[3]

૧. કલ્પ.૧૦૯, આવચૂ.૧.પૃ.૨૪૫.

૨. આચા.૨.૧૭૭, આવચૂ.૨.પૃ.૧૬૪.

૩. આવચૂ.૧.પૃ.૨૫૦, કલ્પધ.પૃ.૯૩.

**૨. ણંદિવદ્ધણ વિવાગસુય**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું છઠ્ઠું અધ્યયન. તે અને **ણંદિ**(૫) એક છે.

૧. વિપા.૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. **ણંદિવદ્ધણ** **મહુરા**(૧)ના રાજા **સિરિદામ** અને તેની રાણી **બંધુસિરી**નો પુત્ર. તે **ણંદિસેણ**(૬) નામે પણ જાણીતો હતો. **ચિત્ત**(૫)ની મદદથી તેણે પોતાના પિતાને મારી નાખવાનું કાવતરું ઘડ્યું. જ્યારે કાવતરું પકડાયું ત્યારે રાજાએ તેને નિર્દય રીતે મારી નાખ્યો. તે પોતાના પૂર્વભવમાં **સીહપુર** નગરમાં **દુજ્જોહણ**(૨) નામનો ક્રૂર જેલર હતો. ભવિષ્યમાં તે **મહાવિદેહ**માં જન્મશે, સંસારનો ત્યાગ કરશે અને મોક્ષ પામશે.[1]

૧. વિપા.૨૬-૨૭.

૪. **ણંદિવદ્ધણ** **ણંદિસેણ**(૫)ના ધર્મગુરુ.[1]

૧. જીતભા.૮૩૧, આચાચૂ.પૃ.૩૦૭.

૧. **ણંદિવદ્ધણા** (નન્દિવર્ધના) **ણંદિસર**(૧) દ્વીપમાં પૂર્વ **અંજણગ**(૧) પર્વત ઉપર આવેલી પુષ્કરિણી.[1]

૧. સ્થા.૩૦૭, જીત.૧૮૩.

૨. **ણંદિવદ્ધણા** પૂર્વ **રુયગ**(૧) પર્વતના **રયય**(૪) શિખર ઉપર વસતી મુખ્ય દિસાકુમારી દેવી.[1]

૧. જમ્બૂ.૧૧૪, તીર્થો.૧૫૩, સ્થા. ૬૪૩.

**ણંદિસર** (નન્દીશ્વર) આ અને **ણંદીસર** એક છે.

૧. જીવા. ૧૮૩.

૧. **ણંદિસેણ** (નન્દિષેણ) તે આચાર્ય જે સાધુપણું છોડી વેશ્યા સાથે જીવ્યા.[1]

૧. મનિ.પૃ.૧૪૭, આચાચૂ.પૃ.૧૭૩, કલ્પવિ.પૃ.૨૫૩.

૨. **ણંદિસેણ** વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રમાં **એરવય**(૧) ક્ષેત્રમાં થયેલા ચોથા તિત્થંકર.[1]

૧. સમ. ૧૫૯, તીર્થો. ૩૧૭.

૩. **ણંદિસેણ** **તિત્થયર** **પાસ**(૧)ની પરંપરાના આચાર્ય.[1] તે **તંબાઅ** ગામે ગયા હતા જ્યાં તેમના ઉપર ચોર હોવાનો આરોપ મૂકી તેમને ભાલાથી વીંધી મારી નાખવામાં આવ્યા.[2]

૧. આવનિ. ૪૮૫, વિશેષા. ૧૯૩૯, આવચૂ.૧.પૃ.૨૯૧.

૨. કલ્પ.પૃ.૧૦૬-૧૦૭.

૪. **ણંદિસેણ** **રાયગિહ**ના રાજા **સેણિય**(૧)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બન્યો હતો.[1] એક વાર પોતાના દૃષ્ટાન્ત દ્વારા વ્રતપાલનમાં પોતાના શિષ્યને તેમણે દૃઢ અને સ્થિર કર્યો હતો.[2] અહીંના જીવનમાં પહેલાં તે એક બ્રાહ્મણના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવક હતા.[3]

૧. આવચૂ.૧.પૃ.૫૫૯.
૨. આવનિ.૯૪૩, નન્દિમ.પૃ.૧૬૬.
૩. આવચૂ.૨.પૃ.૧૭૧.

**૫. ણંદિસેણ** મગહ દેશના **ણંદિગ્ગામ**(૧)નો[1] રહેવાસી.[2] તેને તેના મામાની દીકરીઓ પ્રત્યે નફરત અને ઘૃણા થઈ કારણ કે તેમાંની કોઈ તેને પરણવા તૈયાર ન હતી. તેથી તે સંસાર ત્યાગી[3] **ણંદિવદ્ધણ**(૪)નો શિષ્ય બની ગયો.[4] તે સેવા કરવામાં અત્યંત કર્તવ્યપરાયણ અને ઉદ્યમી હતો.[5] મૃત્યુ પછી તે દેવ થયો અને તે પછી તેણે **વસુદેવ** તરીકે જન્મ લીધો.[6]

૧. આવશ્યકચૂર્ણિમાં તે સાલિગ્ગામ છે. જુઓ આવચૂ.૨.પૃ.૯૪.
૨. જીતભા. ૮૨૫-૮૪૬.
૩. સ્થાઅ.પૃ.૪૭૪.
૪. આવચૂ.૨.પૃ.૯૪.
૫. એજન.
૬. દશાચૂ.પૃ.૫૯, કલ્પચૂ.પૃ.૯૬.

**૬. ણંદિસેણ** આ અને **ણંદિવદ્ધણ**(૩) એક છે.[1]

૧. વિપા. ૨૬-૨૭.

**૭. ણંદિસેણ કમ્મવિવાગદસા**નું છઠ્ઠું અધ્યયન.[1]

૧. સ્થા.૭૫૫.

**ણંદિસેણા** (નન્દિસેના) **ણંદિસર** દ્વીપમાં પશ્ચિમી **અંજણગ**(૧) પર્વત ઉપર આવેલી પુષ્કરિણી.[1]

૧. સ્થા.૩૦૭, જીવા.૧૮૩.

**ણંદિસ્સર** (નન્દીશ્વર) આ અને **ણંદીસર** એક છે.[1]

૧. સૂર્ય.૧૦૧, આવચૂ.૧.પૃ.૩૯૭, વિશેષા.૭૯૦.

**ણંદિસ્સરવર** (નન્દીશ્વરવર) જુઓ **ણંદીસર**(૧).[1]

૧. સૂર્ય.૧૦૧.

**ણંદિસ્સરા** (નન્દીશ્વરા) **વાયુકુમાર** દેવોના ઇન્દ્રોનો ઘંટ.[1]

૧. જમ્બૂ.૧૧૯.

**ણંદી** (નન્દી) જુઓ **ણંદિ**.

૧. આવચૂ.૧.પૃ.૩૧૬, વિશેષા.૧૯૭૫, પાક્ષિ.પૃ.૪૩, નન્દિ.પૃ.૪૪.

**ણંદીગામ** (નન્દીગ્રામ) જુઓ **ણંદિગ્ગામ**.[1]

૧. આવનિ.૫૨૦.

**ણંદીદીવ** (નન્દીદ્વીપ) આ અને **ણંદીસર**(૧) એક છે.[1]

૧. જીવા. ૧૬૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ણંદીફલ** (નન્દીફલ) **ણાયાધમ્મકહા**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું પંદરમું અધ્યયન.[૧]

૧. જ્ઞાતા.૫, સમ.૧૯, જ્ઞાતાઅ.પૃ.૧૦.

**ણંદીસમુદ** (નન્દીસમુદ્ર) આ અને **ણંદીસર**(૩) એક છે.[૧]

૧. જીવા.૧૬૬.

**૧. ણંદીસર** (નન્દીશ્વર) **ખોદોદ** સમુદ્રને બધી બાજુથી ઘેરીને આવેલો વલયાકાર દ્વીપ.[૧] તેની ચારે દિશામાં ચાર **અંજણગ**(૧) પર્વતો આવેલા છે. તે ચાર પર્વતો ઉપર ચાર જિનપ્રતિમાઓ ધરાવતાં ચાર મંદિરો છે.[૨] **તિત્થયરો**નાં જન્મ આદિ ઉજવવા દેવો ત્યાં જાય છે.[૩] વિદ્યાચારણ લબ્ધિ (અલૌકિક શક્તિ) ધરાવનાર આ દ્વીપ સુધી જઈ શકે છે.[૪] **કઇલાસ**(૨) અને **હરિવાહણ** આ બે તેના અધિષ્ઠાતા દેવો છે.[૫]

૧. જીવા.૧૮૩, સૂર્ય.૧૦૧, સ્થા.૫૮૦.
૨. સ્થા.૬૫૦, ભગ.૬૮૩-૮૪, વિશેષા. ૭૯૦-૯૨.
૩. જમ્બૂ.૩૩, ૧૨૩, નિશીચૂ.૩. પૃ. ૧૪૧
૪. નન્દિમ.પૃ.૧૦૭.
૫. જીવા.૧૮૩.

**૨. ણંદીસર** **મહિસ્સર**ના બે મિત્રોમાંનો એક.[૧]

૧. આવચૂ.૨.પૃ.૧૭૫.

**૩. ણંદીસર** **ણંદીસર**(૧) દ્વીપને બધી બાજુથી ઘેરીને આવેલો સમુદ્ર. તેના અધિષ્ઠાતા દેવો **સુમણ** અને **સોમણસભદ્દ** છે.[૧]

૧. જીવા.૧૮૪, સૂર્ય.૧૦૧.

**ણંદીસરવર** (નન્દીશ્વરવર) આ અને **ણંદીસર**(૧) એક છે.[૧]

૧. જ્ઞાતા.૬૬, જમ્બૂ.૩૩, નિશીચૂ.૩.પૃ.૧૪૧.

**ણંદીસરોદ** (નન્દીશ્વરોદ) આ અને **ણંદીસર**(૩) એક છે.[૧]

૧. જીવા. ૧૮૪.

**ણંદીસ્સર** (નન્દીશ્વર) જુઓ **ણંદીસર**.[૧]

૧. આવહ.પૃ.૨૯૬.

**ણંદીસ્સરવરદીવ** (નન્દીશ્વરવરદ્વીપ) આ અને **ણંદીસર**(૧) એક છે.[૧]

૧. અનુચૂ.પૃ.૩૫.

**ણંદુત્તર** (નન્દોત્તર) ઉત્તરના **ભવણવઇ** દેવોના **ભૂયાણંદ**(૧) અને બીજા ઇન્દ્રોના સાત સેનાપતિઓમાંનો એક. તેને રથદળનો હવાલો સોંપવામાં આવેલ છે.[૧]

૧. સ્થા.૪૦૪, ૫૮૨.

**ણંદુત્તરવડિંસગ** (નન્દોત્તરાવતંસક) **મહાસુક્ક**(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પંદર સાગરોપમ વર્ષનું છે.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. સમ.૧૫.

**૧. ણંદુત્તરા** (નન્દોત્તરા) **ણંદીસર** દ્વીપમાં પૂર્વ **અંજણગ**(૧) પર્વત ઉપર આવેલી પુષ્કરિણી.[૧]

૧. સ્થા.૩૦૭, જીવા.૧૮૩.

**૨. ણંદુત્તરા** પૂર્વ **રુયગ**(૧) પર્વતના **પિટ્ઠ**(૫) નામના શિખર ઉપર વસતી મુખ્ય આઠ **દિસાકુમારી**ઓમાંની એક.[૧]

૧. જમ્બૂ.૧૧૪, તીર્થો.૧૫૩. આવચૂ.૧.પૃ.૧૩૮, સ્થા.૬૪૩.

**૩. ણંદુત્તરા** પૂર્વોત્તર **રઈકરગ** પર્વત ઉપર આવેલું સ્થળ. તે **ઈસાણ**(૨)ની રાણી **કણ્હા**(૨)ની રાજધાની છે.[૧]

૧. સ્થા.૩૦૭.

**૪. ણંદુત્તરા અંતગડદસા**ના સાતમા વર્ગનું ત્રીજું અધ્યયન.[૧]

૧. અન્ત.૧૬.

**૫. ણંદુત્તરા રાયગિહ**ના રાજા **સેણિઅ**(૧)ની રાણી. તેણે સંસારનો ત્યાગ કરી **મહાવીર** પાસે દીક્ષા લીધી હતી. તે વીસ વર્ષની શ્રમણજીવનની સાધના કરી મોક્ષ પામી હતી.[૧]

૧. અન્ત.૧૬.

**ણંદોત્તરા** (નન્દોત્તરા) જુઓ **ણંદુત્તરા**.[૧]

૧. સ્થા.૩૦૭, અન્ત.૧૬.

**ણમ્મદા** (નર્મદા) એક નદી.[૧] તે વર્તમાન નર્મદા છે જે ખંભાતના અખાતને મળે છે.[૨]

૧. આવચૂ.૨.પૃ.૬૧. ૨. જિઓડિ.પૃ.૧૩૮.

**૧. ણક્ખત્ત** (નક્ષત્ર) **જોઈસ** દેવોના પાંચ વર્ગોમાંનો એક. તે વર્ગ અઠ્ઠાવીસ નક્ષત્રોનો બનેલો છે. આ અઠ્ઠાવીસ નક્ષત્રો **ચંદ**(૧) સાથે જોડાયેલાં છે. તેઓને જુદા જુદા આકાર છે અને તેઓ પૃથ્વી ઉપર ૮૮૪ યોજનની ઊંચાઈએ ગતિ કરે છે. તેમની ગતિની ઝડપ **ચંદ, સૂર**(૧) અને ગહોની ગતિની ઝડપ કરતાં વધુ છે. તેમને તેમના પોતાના અધિષ્ઠાતા દેવો છે, ગોત્રનામ છે, મુખ્ય પત્નીઓ, વગેરે છે. પ્રત્યેક ણક્ખત્તનું માપ યોજનનો ચોથો ભાગ છે. અઠ્ઠાવીસ નક્ષત્રોનાં નામ નીચે મુજબ છે. – **અભિઈ, સવણ, ધણિટ્ઠા, સયભિસયા, પુવ્વાપોટ્ઠવયા, ઉત્તરાપોટ્ઠવયા, રેવતી**(૪), **અસ્સિણી**(૧), **ભરણી, કત્તિયા, રોહિણી**(૧૦), **મિગસિર, અદ્દા, પુણવ્વસુ**(૧), **પુસ્સ**(૧), **અસ્સેસા, મઘા**(૨), **પુવ્વાફગ્ગુણી, ઉત્તરાફગ્ગુણી, હત્થ, ચિત્તા**(૧), **સાતિ, વિસાહા, અણુરાધા, જેટ્ઠા**(૨), **મૂલ, પુવ્વસાઢા** અને **ઉત્તરાસાઢા**.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. સૂર્ય.૩૨-૩૫, ૪૧-૪૬, ૫૦-૬૨, ૬૯-૭૪, ૭૮, ૮૩-૮૬, ૯૩-૧૦૧, જમ્બૂ.૧૪૯થી, દેવે. ૮૯થી, ગણિ.૧૫થી, સમ.૭, ૯-૧૦, ૧૫, ૨૭, ૪૫, ૬૭, ૯૮, સ્થા. ૨૨૭, ૪૭૩, ૫૧૭, ૫૩૯, ૫૮૯, ૬૫૬, ૬૬૯, ૬૯૪, અનુ.૧૩૦, ૧૩૯, પ્રજ્ઞા. ૫૦-૫૧, જીવા.૧૯૫-૯૮.

૨. **ણક્ખત્ત** આચાર્ય **ભદ્દ**(૪)ના શિષ્ય અને આચાર્ય **રક્ખ**(૧)ના વિદ્યાગુરુ.[1]

૧. કલ્પ.પૃ.૨૬૪, ૨૬૬.

**ણગર** (નગર) **વિયાહપણ્ણત્તિ**ના ત્રીજા શતકનો છઠ્ઠો ઉદ્દેશક.[1]

૧. ભગ.૧૨૬.

**૧. ણગ્ગઇ** (નગ્નજિત્) **ગંધાર**(૧)માં આવેલા **પુરિસપુર** નગરનો રાજા. તેને **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારવામાં આવેલ છે.[1]

૧. આવચૂ.૨.પૃ.૨૦૮, ઉત્તરા.૧૮.૪૬, ઉત્તરાનિ.પૃ.૨૯૯. પાલિ સાહિત્યમાં પણ તેને પચ્ચેક બુદ્ધ તરીકે સ્વીકારવામાં આવેલ છે. જુઓ ડિપા.માં નગ્ગજિ.

**૨. ણગ્ગઇ** એક ક્ષત્રિય પરિવ્રાજક.[1]

૧. ઔપ.૩૮.

**ણચ્ચણસીલ** (નર્તનશીલ) નૃત્ય કરી આજીવિકા મેળવતા **સમણ**(૧) પરિવ્રાજકોનો એક પ્રકાર.

૧. ઔપ.૩૮, ઔપઅ.પૃ.૯૨.

**ણટ્ટમાલઅ** (નૃત્યમાલક) **ખંડપ્પવાયગુહા**ના અધિષ્ઠાતા દેવ.[1]

૧. જમ્બૂ.૬૫, આવહ.પૃ.૧૫૧, આવમ.પૃ.૨૩૦.

**ણડપિડઅ** (નટપિટક) **ઉજ્જેણી**થી **ભરુઅચ્છ** જતાં માર્ગમાં આવતું ગામ.[1]

૧. આવચૂ.૨.પૃ.૨૦૯, આવનિ.૧૩૧૧.

**ણત** (નત) **આણયકપ્પ**માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણીસ સાગરોપમ વર્ષનું છે.[1]

૧. સમ.૧૯.

**ણભસેણ** (નભસેન) રાજા **ઉગ્ગસેણ**નો પૌત્ર. આ અને **ધણદેવ**(૫) એક જણાય છે.[1]

૧. વિશેષાકો, પૃ.૪૧૨, આવચૂ.૧.પૃ.૧૧૨, આવહ.પૃ.૯૪, મર.૪૩૩. વિશેષાકોમાં તેનો ઉલ્લેખ ઉગ્ગસેણના પુત્ર તરીકે છે, જે એક ભૂલ જણાય છે.

**૧. ણમિ** વર્તમાન **ઓસપ્પિણી**માં **ભરહ**(૨) ક્ષેત્રમાં થયેલા એકવીસમા તિત્થંકર.[1] તે **મિહિલા**ના રાજા **વિજય**(૯) અને તેની રાણી **વપ્પા**(૨)ના પુત્ર હતા.[2] તે પોતાના પૂર્વભવમાં **અદીણસત્તુ**(૪) હતા.[3] તેમની ઊંચાઈ પંદર ધનુષ હતી.[4] તેમનો વર્ણ તપ્તસુવર્ણ જેવો હતો.[5] તેમણે એક હજાર પુરુષો સાથે **સહસંબવણ**(૪) નામના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદ્યાનમાં શ્રમણપણું સ્વીકાર્યું. તેમને **દેવકુરા** પાલખીમાં ત્યાં લઈ જવામાં આવ્યા હતા.[6] **એરવય**(૧)માં તેમના સમકાલીન **સોમકોટ્ઠ** હતા.[7] તેમણે પ્રથમ ભિક્ષા **વીરપુર**માં **દિણ્ણ**(૧) પાસેથી ગ્રહણ કરી.[8] તેમનું પવિત્ર વૃક્ષ બકુલ હતું.[9] તેમની આજ્ઞામાં શ્રમણોના સત્તર ગણો હતા અને તે ગણોના સત્તર ગણનાયકો (**ગણધરો**) હતા.[10] તેમની આજ્ઞામાં વીસ હજાર શ્રમણો હતા અને એકતાલીસ હજાર શ્રમણીઓ હતી.[11] **સુભ**(૨) તેમનો મુખ્ય શિષ્ય હતો અને **અમલા**(૧) તેમની મુખ્ય શિષ્યા હતી.[12] તેમનું દસ હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ થતાં તે મોક્ષ પામ્યા.[13] (આ દસ હજાર વર્ષના આયુષ્યમાં અઢી હજાર વર્ષો રાજકુમાર તરીકે અને પાંચ હજાર વર્ષો રાજા તરીકે જીવ્યા).

૧. આવ.પૃ.૪, નન્દિ.ગાથા ૧૯, સ્થા.૪૧૧, આવનિ.૩૭૧,૪૧૯,તીર્થો.૩૩૨, વિશેષા.૧૭૫૯,કલ્પ.૧૮૪, સમ.૩૯, ૪૧, ૧૫૭.
૨. સમ.૧૫૭,આવનિ.૩૮૬,૩૮૯, તીર્થો.૪૮૩.
૩. સમ.૧૫૭.
૪. સમ.૧૫, આવનિ.૩૮૦, તીર્થો.૩૬૪.
૫. આવનિ.૩૭૭, તીર્થો.૩૫૩.
૬. સમ.૧૫૭, આવનિ.૨૨૫, તીર્થો.૩૯૩.
૭. તીર્થો.૩૩૨.
૮. સમ.૧૫૭, આવનિ.૩૨૯.
૯. સમ.૧૫૭, તીર્થો.૪૦૭.
૧૦. સમ.૧૭, આવનિ.૨૬૯. તિત્થોગાલી અનુસાર આ સંખ્યા અગિયાર છે (૪૫૪).
૧૧. આવનિ.૨૫૮થી.
૧૨. સમ.૧૫૭, તીર્થો.૪૫૪, ૪૬૨.
૧૩. સ્થા.૭૩૫, આવનિ.૨૭૨-૩૦૫.

**૨. ણમિ વિદેહ**(૨)માં આવેલા **મિહિલા** નગરનો રાજા. એકથી વધુ બંગડી એકબીજા સાથે અથડાઈ અવાજ કરે છે જ્યારે એકલીઅટૂલી એક બંગડી એવું કંઈ કરતી નથી એવું અનુભવી તે રાજાએ સંસાર ત્યાગી દીધો. તેમને **પત્તેયબુદ્ધ** માનવામાં આવ્યા છે.

૧. ઉત્તરાનિ.અધ્યયન ૯, ૧૮.૪૫, ઉત્તરાચૂ.પૃ.૧૭૭થી, ઉત્તરાનિ.પૃ.૨૯૯, આવભા.૨૦૮, ૨૧૪, આવચૂ.૧.પૃ.૭૫,૨.પૃ.૨૦૭-૨૦૮, સૂત્ર.૧.૩.૪.૨, સૂત્રચૂ. પૃ.૧૨૦. પાલિ સાહિત્યમાં પણ તેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે, જુઓ ડિપા.માં નિમિ.

**૩. ણમિ કચ્છ**(૨)નો પુત્ર અને **ઉસભ**(૧)નો પૌત્ર. તેણે ઉસભ પાસે રાજ્યના ભાગની માગણી કરી. **ણાગકુમારો**ના ઇન્દ્ર **ધરણ**(૧)એ તેને તેની માગણીનો આગ્રહ ન રાખવા સમજાવ્યો અને અનેક વિદ્યાઓ તેને આપી. તેણે અને **વિણમિ**એ **વેયડ્ઢ** પર્વતની હારમાળામાં સંખ્યાબંધ નગરો વસાવ્યાં અને ત્યાં જ રાજ કર્યું.[1] પછી તેણે **ચક્કવટ્ટિ** **ભરહ**(૧) સાથે યુદ્ધ કર્યું અને તેના શરણ થયો.[2]

૧. આવચૂ.૧.પૃ.૧૬૦-૬૨, આવનિ.૩૧૭, કલ્પવિ.પૃ.૨૩૮, કલ્પધ.પૃ.૧૫૩.
૨. આવચૂ.૧.પૃ.૨૦૦-૨૦૧, જમ્બૂ.૬૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૪. ણમિ અંતગડદસા**ના દસ અધ્યયનોમાંનું પ્રથમ અધ્યયન.[૧] વર્તમાનમાં તે અધ્યયન ગ્રન્થમાં નથી. તે અધ્યયન અને **ઉત્તરજ્ઝયણ**નું અધ્યયન **ણમિપવ્વજ્જા** એક જ જણાય છે.

૧. સ્થા.૭૫૫.

**ણમિપવ્વજ્જા** (નમિપ્રવ્રજ્યા) **ઉત્તરજ્ઝયણ**નું નવમું અધ્યયન.[૧]

૧. ઉત્તરાચૂ.પૃ.૧૮૬, ઉત્તરાનિ.પૃ.૯, સમ.૩૬.

**૧. ણમિયા** (નમિતા) **ણાગપુર**ના એક શેઠની પુત્રી. તેણે **તિત્થયર પાસ**(૧) પાસે દીક્ષા ગ્રહણ કરી અને **પુપ્ફચૂલ**(૧)ની આજ્ઞામાં રહીને શ્રમણજીવનના સંયમનું પાલન કર્યું. મૃત્યુ પછી દક્ષિણના **કિંપુરિસ**(૩) દેવોના ઇન્દ્ર **સપ્પુરિસ**ની મુખ્ય પત્ની બની.[૧] આ અને **ણવમિયા**(૪) એક છે.

૧. જ્ઞાતા.૧૫૩.

**૨. ણમિયા ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા વર્ગનું બાવીસમું અધ્યયન.[૧]

૧. જ્ઞાતા.૧૫૩.

**ણમુદઅ** (નમુદય) **ગોસાલ**ના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક.[૧]

૧. ભગ.૩૩૦.

**ણમોક્કારણિજ્જુત્તિ** (નમસ્કારનિર્યુક્તિ) **આવસ્સયણિજ્જુત્તિ**નો પ્રાથમિક ભાગ.[૧]

૧. નિશીચૂ.૨.પૃ.૨૮૫, ૩.પૃ.૩૯૯, કલ્પચૂ.પૃ.૯૯.

**ણમ્મયાસુંદરી** (નર્મદાસુન્દરી) એક સતી સ્ત્રી.[૧]

૧. આવ.પૃ.૨૮.

**ણરકંતપ્પવાય** (નરકાન્તપ્રપાત) **જંબુદ્દીવ**માં **મંદર**(૩) પર્વતની ઉત્તરે **રમ્મગ**(૫) પ્રદેશમાં વહેતી **ણરકંતા** નદીનો ધોધ.[૧]

૧. સ્થા. ૮૮.

**૧. ણરકંતા** (નરકાન્તા) **જંબુદ્દીવ**માં વહેતી ચૌદ મોટી નદીઓમાંની એક.[૧] તે **રુપ્પિ**(૪) પર્વત ઉપર આવેલા **મહાપુંડરીય** સરોવરમાંથી નીકળે છે અને પૂર્વ તરફ **રમ્મગ**(૫) પ્રદેશમાં વહે છે.[૨]

૧. સમ.૧૪, સ્થા.૫૨૨. ૨.જમ્બૂ.૧૧૧, સ્થા.૮૮.

**૨. ણરકંતા** આ અને **ણરકંતાકૂડ** એક છે.[૧]

૧. સ્થા. ૬૪૩.

**ણરકંતાકૂડ** (નરકાન્તાકૂટ) **રુપ્પિ**(૪) પર્વતના આઠ શિખરોમાંનું એક.[૧]

૧. જમ્બૂ.૧૧૧, સ્થા.૬૪૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ણરદત્ત** (નરદત્ત) બાવીસમા તીર્થંકર **અરિટ્ઠણેમિ**ના પ્રથમ ગણધર. તેમનું બીજું નામ **વરદત્ત**(૪) છે.[૧]

૧. સમ.૧૫૭, આવચૂ.૧.પૃ.૧૫૯.

**ણરદત્તા** (નરદત્તા) એક દેવી.[૧]

૧. આવ.પૃ.૧૮.

**ણરદેવ** (નરદેવ) **ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[૧]

૧. કલ્પધ.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૬.

**ણરયવિભત્તિ** (નરકવિભક્તિ) **સૂયગડ**નું પાંચમું અધ્યયન.[૧]

૧. સમ.૨૩.

**ણરવાહણ** (નરવાહન) આ નામની લોકકથાનો નાયક.[૧]

૧. નિશીચૂ.૨.પૃ.૪૧૬, આચાચૂ.પૃ.૧૮૭.

**ણરવાહણિય** (નરવાહનિક) માણસોને એક સ્થાનથી બીજા સ્થાને લઈ જવા માટેના વાહનોના કામમાં રોકાયેલા ધંધાદારી માણસોનું ધંધાદારી **આરિય** (આર્ય) મંડળ.[૧]

૧. પ્રજ્ઞા. ૩૭.

**ણરિંદ** (નરેદ્ર) **લંતઅ**માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર સાગરોપમ વર્ષનું છે અને તે દેવો બાર હજાર વર્ષે એકવાર શ્વાસ લે છે.[૧]

૧. સમ.૧૨.

**ણરિંદકંત** (નરેન્દ્રકાન્ત) **ણરિંદ** જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.[૧]

૧. સમ.૧૨.

**ણરિંદુત્તરવડિંસગ** (નરેન્દ્રોત્તરાવતંસક) **ણરિંદ** જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.[૧]

૧. સમ.૧૨.

**ણરુત્તમ** (નરોત્તમ) **ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[૧]

૧. કલ્પધ.પૃ.૧૫૧, કલ્પવિ.પૃ.૨૩૬.

**ણલગિરિ** (નલગિરિ) **ઉજ્જેણી**ના રાજા **પજ્જોઅ**નો પ્રસિદ્ધ હાથી.[૧] તે **અણલગિરિ** નામે પણ જાણીતો હતો.[૨]

૧. આવચૂ.૧.પૃ.૪૦૦, ૨.પૃ.૧૬૦-૬૧. ૨. નિશીચૂ.૩.પૃ.૧૪૫.

**ણલદામ** (નલદામ) **ચંદગુત્ત**ના રાજકાળમાં **ચાણક્કે** નીમેલો પોલીસ અધીક્ષક.[૧]

૧. દશચૂ.પૃ.૫૨, વ્યવભા.૩.૯૧, સ્થાઅ.પૃ.૨૫૮.

**૧. ણલિણ** (નલિન) **વિયાહપણ્ણત્તિ**ના અગિયારમા શતકનો આઠમો ઉદ્દેશક.[૧]

૧. ભગ.૪૦૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. **ણલિણ** **ણલિણકૂડ** પર્વતનું શિખર. તેની ઊંચાઈ પાંચ સો યોજન છે.[૧]

૧. જમ્બૂ.૯૫.

૩. **ણલિણ** ભરહ(૨)ના ભાવી પ્રથમ **તિત્થંકર** **મહાપઉમ** (૧૦)ની પાસે ભવિષ્યમાં દીક્ષા લેનારા આઠ રાજાઓમાંનો એક.[૧]

૧. સ્થા. ૬૨૫.

૪. **ણલિણ** પશ્ચિમ **મહાવિદેહ**ના દક્ષિણ ભાગના આઠ પ્રદેશવિભાગોમાંનો એક.[૧] **અસોગા**(૧) તેની રાજધાની છે.[૨] બીજાં કેટલાંક સ્થાનોમાં અસોગાના બદલે **અવરા**નો ઉલ્લેખ છે.[૩]

૧. સમ.૩૪, સ્થા.૯૨. ૨. જમ્બૂ.૧૦૨. ૩. સ્થાઅ.પૃ.૪૩૮.

૫. **ણલિણ** **મહાસુક્ક** (૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષનું છે, તે દેવો અઢાર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને અઢાર હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે.[૧]

૧. સમ.૧૮.

૬. **ણલિણ** દક્ષિણ **રુયગ**(૧) પર્વતનું શિખર.[૧]

૧. સ્થા.૬૪૩.

૭. **ણલિણ** **મહાસુક્ક**(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સત્તર સાગરોપમ વર્ષનું છે.[૧]

૧. સમ.૧૭.

**ણલિણકૂડ** (નલિનકૂટ) **મંગલાવઈ**(૧) પ્રદેશની પશ્ચિમે, **આવત્ત**(૧)ની પૂર્વે, **ણીલવંત** પર્વતની દક્ષિણે અને **સીતા** નદીની ઉત્તરે **મહાવિદેહ**માં આવેલો એક **વક્ખાર** પર્વત. તેને ચાર શિખરો છે – **સિદ્ધાયયણ**, **ણલિણ**(૨), **આવત્ત**(૩), અને **મંગલાવત્ત**(૧).[૧]

૧. જમ્બૂ.૯૫, સ્થા.૩૦૨, ૪૩૪, ૬૩૭.

**ણલિણગુમ્મ** (નલિનગુલ્મ) જુઓ **ણલિણિગુમ્મ**(૬).[૧]

૧. સ્થા.૬૨૫, સમ.૧૮.

**ણલિણા** (નલિના) **મંદર**(૩) પર્વતની દક્ષિણપૂર્વમાં આવેલી પુષ્કરિણી.[૧]

૧. જમ્બૂ.૯૦,૧૦૩.

૧. **ણલિણાવઈ** (નલિનાવતી) **મહાવિદેહ** ક્ષેત્રની દક્ષિણપશ્ચિમમાં આવેલો એક **વિજય**(૨૩) અર્થાત્ પ્રદેશ (district). આ પ્રદેશની રાજધાની **વીયસોગા** છે.[૧] આ પ્રદેશ **સલિલાવઈ** નામે પણ ઓળખાય છે.[૨]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. જમ્બૂ.૧૦૨, સ્થા.૬૩૭, ૨. જ્ઞાતાઅ.પૃ.૧૨૩,આવચૂ.૧.પૃ.૧૭૬,જ્ઞાતા.૬૪.

૨. **ણલિણાવઈ** સુહાવહ પર્વતનું શિખર.[1]

૧. જમ્બૂ.૧૦૨.

૧. **ણલિણિગુમ્મ** (નલિનીગુલ્મ) **કપ્પવડિંસિયા**નું આઠમું અધ્યયન.[1]

૧. નિર.૨.૧.

૨. **ણલિણિગુમ્મ** **રામકણ્હ**નો પુત્ર અને રાજા **સેણિઅ**(૧)નો પૌત્ર. તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બન્યો હતો.[1]

૧. નિર.૨.૮.

૩. **ણલિણિગુમ્મ** **ભરહ**(૨)ના પ્રથમ ભાવી તિત્થંકર **મહાપઉમ**(૧૦) જે આઠ રાજાઓને ભવિષ્યમાં દીક્ષા આપશે તેમાંનો એક રાજા.[1]

૧. સ્થા.૬૨૫.

૪. **ણલિણિગુમ્મ** **સોહમ્મકપ્પ**માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.[1] આચાર્ય **આસાઢ**(૧) મરીને તેમાં દેવ તરીકે જન્મ્યા હતા.[2]

૧. આવભા.૧૩૦, નિશીભા.૫૫૯૯. ૨. વિશેષા.૨૮૫૭,ઉત્તરાશા.પૃ.૧૬૦.

૫. **ણલિણિગુમ્મ** **પુંડરીગિણી**(૧) નગરીની બહાર આવેલું ઉદ્યાન. જુઓ **ણલિણિવણ**.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૩૩, ૩૮૪, ઉત્તરાશા.પૃ.૩૨૬.

૬. **ણલિણિગુમ્મ** **સહસ્સારકપ્પ**માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષનું છે.[1] આ વાસસ્થાન **ણલિણિગુમ્મ**(૪)થી ભિન્ન છે.

૧. સમ.૧૮.

**ણલિણિવણ** (નલિનીવન) **પુંડરીગિણી**(૧) નગરીની સમીપમાં આવેલું ઉદ્યાન.[1] સંભવતઃ આ અને **ણલિણિગુમ્મ**(૫) એક છે.

૧. જ્ઞાતા.૧૪૧.

**ણલિયા** (નાલિકા) **સોમ**(૧) અને **સોમ**(૨) આ બેમાંથી દરેકની રાજધાનીનું નામ ણલિયા છે.[1] વધુ વિગતો માટે જુઓ **સોમપ્પભ**(૨).

૧. ભગઅ.પૃ.૨૦૪.

**ણવગ** (નવક) **વસંતપુર**(૩)ના એક શેઠ.[1]

૧. આવહ.પૃ.૯૮.

૧. **ણવમિયા** (નવમિકા) પશ્ચિમ **રુયગ**(૧) પર્વતના **રુયગુત્તમ** શિખર ઉપર વસતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક મુખ્ય **દિસાકુમારી**.[1]

૧. જમ્બૂ.૧૧૪, તીર્થો.૧૫૭, સ્થા.૬૪૩.

**૨. ણવમિયા ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના નવમા વર્ગનું છઠ્ઠું અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૧૫૭.

**૩. ણવમિયા કંપિલ્લપુર**ના શેઠની પુત્રી. **તિત્થંકર પાસ**(૧)એ તેને દીક્ષા આપી હતી.[1] પછીના ભવમાં તે **સક્ક**(૩)ની આઠ મુખ્ય પત્નીઓમાંની એક મુખ્ય પત્ની તરીકે પુનર્જન્મ પામી છે.[2]

૧. જ્ઞાતા.૧૫૭. ૨. ભગ.૪૦૬, સ્થા.૬૧૨.

**૪. ણવમિયા સપ્પુરિસ**ની ચાર મુખ્ય પત્નીઓમાંની એક. આ અને **ણમિયા**(૧) એક વ્યક્તિ છે. **મહાપુરિસ**ની મુખ્ય પત્નીનું નામ પણ ણવમિયા જ છે.[1]

૧. ભગ.૪૦૬, સ્થા.૨૭૩.

**ણવમી** જુઓ **ણવમિયા**(૧).[1]

૧. તીર્થો.૧૫૭.

**ણહવાહણ** (નભોવાહન) **ભરુયચ્છ**ના રાજા. **પઇટ્ઠાણ**ના રાજા **સાલવાહણે ભરુયચ્છ** ઉપર કેટલીય વાર આક્રમણ કર્યું પરંતુ નગરની અતિ સમૃદ્ધિના કારણે તે વારંવાર હાર્યો. છેવટે તે પોતાના મન્ત્રીની બુદ્ધિચાતુરીથી જીત્યો. આ મન્ત્રીએ ણહવાહણના મન્ત્રી તરીકે પણ થોડો વખત કામ કર્યું હતું. પરંતુ સાલવાહણ સામેના યુદ્ધમાં તેણે ણહવાહણને દગો દીધો.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૦૯, ૨.પૃ.૨૦૦, આવનિ.૧૨૯૯, વ્યવભા.૩.૫૮, બૃભ.પૃ.૫૨, આવહ.પૃ.૭૧૨.

**ણહસેણ** (નભસેન) **મહાવીર**ના નિર્વાણ પછીનો રાજા.[1]

૧. તીર્થો. ૬૨૨.

**૧. ણાઇલ** (નાગિલ) આચાર્ય **વઇરસેણ** (૩)નો શિષ્ય. **ણાઇલા** નામની શ્રમણશાખા તેમનાથી શરૂ થઈ.[1]

૧. કલ્પ.પૃ.૨૫૫.

**૨. ણાઇલ ચંપા** નગરનો શ્રમણોપાસક. તે સોની **કુમારણંદિ**નો મિત્ર હતો. (આ કુમારણંદિ **અણંગસેણ** નામે પણ જાણીતો હતો). મૃત્યુ પછી ણાઇલ **અચ્ચુય** દેવલોકમાં દેવ થયો.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૯૭-૯૮, નિશીચૂ.૩.પૃ.૧૪૧.

**૩. ણાઇલ કુસત્થલ** નગરનો શ્રાવક. **તિત્થયર અરિટ્ઠણેમિ**ના સમયમાં તે મોક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામ્યો.[1]

૧. મનિ.પૃ.૧૦૦-૧૦૧.

૪. **ણાઈલ** શ્રમણ **દુપ્પસહ**ના ધર્મગુરુ.[1]

૧. તીર્થો.૮૨૮.

૫. **ણાઈલ** વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રમાં જન્મ લેનારો છેલ્લો શ્રમણોપાસક.[1]

૧. તીર્થો.૮૪૧.

**ણાઈલા** (નાગિલા) આચાર્ય **ણાઈલ**(૧)થી શરૂ થયેલી શ્રમણશાખા. આ અને **અજ્જણાઈલા** એક છે.[1]

૧. કલ્પ.પૃ.૨૫૫.

**ણાઈલી** (નાગિલી) આ અને **અજ્જણાઈલી** એક છે.[1]

૧. કલ્પવિ.પૃ.૨૬૩.

૧. **ણાગ** (નાગ) આગિયાર કરણોમાંનું એક **કરણ**.[1]

૧. જમ્બૂ.૧૫૩, કલ્પવિ.પૃ.૧૮૯, સૂત્રનિ.૧૨.

૨. **ણાગ** **વિયાહપણ્ણત્તિ**ના બારમા શતકનો આઠમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૪૩૭.

૩. **ણાગ** **વિયાહપણ્ણત્તિ**ના સત્તરમા શતકનો તેરમો ઉદ્દેશક.[1]

૧. ભગ.૫૯૦.

૪. **ણાગ** **પસેણઇ**(૫) રાજાનો સારથિ અને **સુલસા**(૨)નો પતિ.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૬૪, સ્થાઅ.પૃ.૪૫૬, ઉત્તરાક.પૃ.૭૯.

૫. **ણાગ** ભદ્દિલપુરનો શેઠ. **તિત્થયર** **અરિટ્ઠણેમિ**ના સમયમાં **દેવઈ**ના છ પુત્રોને પાળી પોષીને ઉછેરનારી **સુલસા**(૧)નો તે પતિ હતો.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૫૭, અન્ત.૪.

૬. **ણાગ** **મહાવિદેહ**માં **વગ્ગુ** પ્રદેશની પૂર્વે અને **સીતોદા** નદીના ઉત્તર કિનારા ઉપર આવેલો એક **વક્ખાર** પર્વત.[1] તેના શિખરનું નામ પણ ણાગ છે.[2]

૧. સ્થા.૩૦૨, ૪૩૪,૬૩૭. ૨. જમ્બૂ.૧૦૨.

૭. **ણાગ** આચાર્ય **રક્ખ**ના શિષ્ય અને આચાર્ય **જેહિલ**ના ગુરુ.[1]

૧. કલ્પ.પૃ.૨૬૫.

૮. **ણાગ** આચાર્ય **મહાગિરિ**ના આઠ મુખ્ય શિષ્યોમાંના એક.[1]

૧. કલ્પ.પૃ.૨૫૭.

**ણાગકુમાર** (નાગકુમાર) **ભવણવઇ** દેવોના દસ ભેદોમાંનો એક.[1] આ ભેદ યા વર્ગના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવો **લોગપાલ વરુણ**(૧)ના તાબામાં છે.[2] તે દેવોના ચોરાસી લાખ મહેલો છે.[3] **ધરણ**(૧) અને **ભૂયાણંદ**(૧) તેમના ઈન્દ્રો છે.[4] તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય બે પલ્યોપમ વર્ષોથી કંઈક ઓછું છે અને જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષ છે.[5] તેમના મુગટ ઉપર સાપની ફેણનું ચિહ્ન છે.[6]

૧.અનુ.૨૦, અનુહે.પૃ.૨૫, ભગ.૧૫, ૧૬૯, ૬૧૧, ૬૯૯, જીવા.૧૫૮, વિશેષા.૧૫૭૮, ૧૯૨૪, સ્થા.૭૫૭.
૨.ભગ.૧૬૭.
૩. સમ.૮૪.
૪. પ્રજ્ઞા.૪૬, જીવા.૧૨૦.
૫. સમ.૨,૧૦, સ્થા.૧૧૩, પ્રજ્ઞા.૯૫.
૬. પ્રજ્ઞા.૪૬, સમ.૧૫૦.

**ણાગજણ્ણ** (નાગયજ્ઞ) જુઓ **ણાગમહ.**[1]

૧. જ્ઞાતા.૬૮, આવચૂ.૧.પૃ.૧૫૭.

**ણાગજસા** (નાગયશા) **પંથગ**(૪)ની પુત્રી, તેને **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧) સાથે પરણાવવામાં આવી હતી.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૩૭૯.

**ણાગજ્જુણ** (નાગાર્જુન) આચાર્ય **હિમવંત**(૨)ના શિષ્ય અને આચાર્ય **ભૂયદિણ્ણ**ના ગુરુ.[1] **દેવડ્ઢિગણિ**ની અધ્યક્ષતામાં **વલ્લભીપુર**માં મળેલા મુનિસમ્મેલન પહેલાં વલ્લભીપુરમાં જ આગમોની વાચના વ્યવસ્થિત અને સ્થિર કરવા માટે ણાગજ્જુણની અધ્યક્ષતામાં મુનિસમ્મેલન મળ્યું હતું.[2] આ મુનિસમ્મેલનમાં નિશ્ચિત કરવામાં આવેલી આગમવાચનાને **ણાગજ્જુણીયા** વાચના કહેવામાં આવે છે.[3]

૧. નન્દિ.ગાથા.૩૫-૩૯, નન્દિચૂ.પૃ.૧૦, નન્દિહ.પૃ.૧૩, કલ્પધ.પૃ.૧૩૦, નન્દિમ. પૃ.૫૨.
૨. દશચૂ.પૃ.૨૦૪, આચાચૂ.પૃ.૨૧૯, ૨૩૨, ૨૩૭, ૨૪૪, ૩૧૩, આચાશી. પૃ. ૩૦૩, ઉત્તરાચૂ.પૃ.૧૪૯, ઉત્તરાશા.પૃ.૧૮૬.
૩. દશચૂ.પૃ.૨૦૪, આચાચૂ.પૃ.૨૦૭.

**ણાગજ્જુણીય** (નાગાર્જુનીય) જુઓ **ણાગજ્જુણ.**[1]

૧. આચાચૂ.પૃ.૧૧૩, આચાશી.પૃ.૧૧૯, ઉત્તરાચૂ.પૃ.૧૪૯.

**ણાગણયરી** (નાગનગરી) **એરવય**(૧) ક્ષેત્રમાં આવેલું નગર.[1]

૧. તીર્થો.૫૫૩.

**ણાગણત્તુઅ** (નાગનપ્તૃક) આ અને **વરુણ**(૮) એક છે.[1]

૧. ભગ.૩૦૩.

**૧. ણાગદત્ત** (નાગદત્ત) એક રાજકુમાર જે તેના પૂર્વભવમાં નાગ હતો.તેણે સંસારનો ત્યાગ કરી નાની ઉંમરમાં શ્રમણપણું સ્વીકાર્યું. તેને વારંવાર ભૂખ લાગતી અને આખો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિવસ ખાધા કરતો. તે એટલો બધો સહનશીલ હતો કે કોઈ તેના ભોજનમાં થૂંકે તો પણ ક્રોધનું કોઈ ચિહ્ન તેનામાં દેખાતું નહિ અને થૂંકનાર પ્રત્યે લેશમાત્ર ક્રોધ કરતો નહિ. તેણે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું અને તે મોક્ષે ગયો.[1]

૧. દશચૂ.પૃ.૪૧-૪૨, સ્થાઅ.પૃ.૨૫૫.

૨. **ણાગદત્ત પઇટ્ઠાણ** નગરના **ણાગવસુ** શેઠનો પુત્ર. તેણે સંસારનો ત્યાગ કરી જિનકલ્પનો (અર્થાત્ નગ્ન શ્રમણના આચારનો) સ્વીકાર કર્યો પરંતુ તેનું તે સફળતાપૂર્વક પાલન કરી શક્યો નહિ.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૮૮, આવનિ.૧૨૮૦.

૩. **ણાગદત્ત ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૬.

૪. **ણાગદત્ત મણિપુર**નો શેઠ. તેણે શ્રમણ **ઈંદદત્ત**(૨)ને ભિક્ષા આપી. મૃત્યુ પછી તેણે **મહાપુર**ના રાજા **બલ**(૩)ના પુત્ર **મહાબલ**(૧૦) રાજકુમાર તરીકે જન્મ ધારણ કર્યો.[1]

૧. વિપા.૩૪.

૫. **ણાગદત્ત** શેઠનો પુત્ર. સંગીતમાં નિષ્ણાત હોવાના કારણે તે **ગંધવ્વ-ણાગદત્ત** હતો. તે સંસારનો ત્યાગ કરી મોક્ષ પામ્યો.[1]

૧. આવચૂ.૨.પૃ.૬૫, આવનિ.૧૨૪૯-૧૨૬૭.

૧. **ણાગદત્તા** (નાગદત્તા) **જક્ખહરિલ**ની પુત્રી. તેને **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧) સાથે પરણાવવામાં આવી હતી.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૩૭૯.

૨. **ણાગદત્તા** સંસારત્યાગના પ્રસંગે સોળમા **તિત્થંકર સંતિ**એ ઉપયોગમાં લીધેલી પાલખી.[1]

૧. સમ.૧૫૭.

**ણાગદીવ** (નાગદ્વીપ) **દેવોદ** સમુદ્રને બધી બાજુએ ઘેરીને આવેલો વલયાકાર દ્વીપ. તે દ્વીપની ફરતે બધી બાજુએ **ણાગોદ** સમુદ્ર આવેલો છે.[1]

૧. સૂર્ય.૧૦૩, જીવા.૧૬૭.

**ણાગપરિઆવણિઆ** (નાગપરિજ્ઞાપનિકા) **અંગબાહિર કાલિઅ** આગમગ્રન્થ[1] જે વર્તમાનમાં અસ્તિત્વમાં નથી. તેર વર્ષ કે તેથી વધુ દીક્ષાપર્યાય ધરાવનાર શ્રમણ તેને ભણવાનો અધિકારી છે.[2]

૧. નન્દિ.૪૪, નન્દિમ.પૃ.૨૦૭, નન્દિહ.પૃ.૭૩, નન્દિચૂ.પૃ.૬૦, પાક્ષિ.પૃ.૪૫.
૨. વ્યવ.૧૦.૨૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ણાગપવ્વય** (નાગપર્વત) આ અને **ણાગ**(૬) એક છે.[૧]

૧. સ્થા. ૬૩૭.

**ણાગપુર** (નાગપુર) **તિત્થયર પાસ**(૧)એ આ નગરની મુલાકાત લીધી હતી. આ નગરની સમીપ **સહસંબવણ**(૯) નામનું ઉદ્યાન હતું.[૧] આ નગર અને **હત્થિણાપુર** એક છે.

૧. જ્ઞાતા.૧૫૩.

**ણાગભૂય** (નાગભૂત) **ઉદ્દેહગણ**(૨)ની એક શાખા.[૧]

૧. કલ્પ.પૃ.૨૫૯.

**ણાગમહ** (નાગમહ) સર્પોના માનમાં ઉજવાતો ઉત્સવ.[૧]

૧. જ્ઞાતા.૨૧,૩૬,૬૮, આચા.૨.૧૨, જ્ઞાતાઅ.પૃ.૫૬,૧૩૨, રાજમ.પૃ.૨૮૪, આચાચૂ.૧.પૃ.૧૫૭.

**ણાગમિત્ત** (નાગમિત્ર) આચાર્ય **મહાગિરિ**ના આઠ મુખ્ય શિષ્યોમાંનો એક.[૧]

૧. કલ્પ.૨૫૭.

**ણાગવસુ** (નાગવસુ) **ણાગદત્ત**(૨)ના પિતા. તે **પઈટ્ઠાણ** નગરના શેઠ હતા.[૧]

૧. આવચૂ.૨.પૃ.૧૮૮, આવનિ.૧૨૮૦, આવહ.પૃ.૬૯૮.

**ણાગવિત્ત** (નાગવિત્ત) **વિયાહપણ્ણત્તિ**માં ઉલ્લિખિત **ભૂયાણંદ**(૧)ના ચાર લોગપાલોમાંનો એક. તેને ચાર મુખ્ય પત્નીઓ છે – **સુણંદા**(૪), **સુભદ્દા**(૪), **સુજાયા**(૩) અને **સુમણા**(૪).[૧] ઠાણમાં આપેલાં લોગપાલોનાં નામોમાં ણાગવિત્તનું નામ નથી પણ તેના બદલે **કાલવાલ**(૨)નો ઉલ્લેખ છે.[૨]

૧. ભગ.૪૦૬. ૨. સ્થા.૨૫૬, ભગ.૧૬૯.

**૧. ણાગસિરી** (નાગશ્રી) **પઈટ્ઠાણ** નગરના શેઠ **ણાગવસુ**ની પત્ની અને **ણાગદત્ત**(૨)ની માતા.[૧]

૧. આવચૂ.૨.પૃ.૧૮૮, આવનિ.૧૨૮૦.

**૨. ણાગસિરી** **ચંપા** નગરીના બ્રાહ્મણ **સોમ**(૭)ની પત્ની. એક વાર તેણે શ્રમણ **ધમ્મરુઈ**(૪)ને ભિક્ષામાં કડવા તુંબડાનું બનાવેલું શાક આપ્યું. શ્રમણે તે શાક ફેંકી દીધું નહિ કેમ કે તે ફેંકી દીધેલા શાકને હજારો કીડીઓ ખાય તો તે બધી મરી જાય. તેથી તે પોતે જ તે શાકને ખાઈ ગયા અને મૃત્યુ પામ્યા. અનેક જન્મ અને મરણ પછી ણાગસિરી રાજા **દુવય**ની પુત્રી **દોવઈ** તરીકે જન્મી.[૧]

૧. જ્ઞાતા. ૧૦૬-૧૧૬.

**ણાગસુહુમ** (નાગસૂક્ષ્મ) એક લૌકિક વિદ્યાનો ગ્રન્થ.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. નન્દિ.૪૨.

**ણાગસેણ** (નાગસેન) **મહાવીર**ને ભિક્ષા આપનારો **ઉત્તરવાચાલ**નો શેઠ.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૭૯, આવનિ.૪૭૧, વિશેષા.૧૯૨૩, કલ્પધ.પૃ.૧૦૪.

**ણાગહત્થિ** (નાગહસ્તિન્) આચાર્ય **ણંદિલ**નો શિષ્ય.[1]

૧. નન્દિ.ગાથા ૩૦, નન્દિહ.પૃ.૧૨, આવચૂ.૧.પૃ.૫૮૫, નન્દિચૂ.પૃ.૯, નન્દિમ. પૃ.૫૦.

**ણાગોદ** (નાગોદ) **ણાગદીવ**ની ફરતે આવેલો સમુદ્ર. આ સમુદ્રની ફરતે વલયાકાર **જક્ખદીવ** આવેલો છે.[1]

૧. સૂર્ય.૧૦૩, જીવા.૧૬૭.

**ણાણપ્પવાય** (જ્ઞાનપ્રવાદ) જ્ઞાનનું નિરૂપણ કરતો પાંચમો **પુવ્વ** ગ્રન્થ.[1] વર્તમાનમાં તેનું અસ્તિત્વ નથી, તે નાશ પામ્યો છે.

૧. નન્દિ.૫૭, સમ.૧૪, ૧૪૭, નન્દિચૂ.પૃ.૭૫, નન્દિમ.પૃ.૨૪૧.

**૧. ણાત** (જ્ઞાતૃ અથવા જ્ઞાત) જુઓ **ણાતવંસ.**[1]

૧. બૃભા.૩૨૬૫, આવચૂ.૧.પૃ.૨૩૯.

**૨. ણાત** જુઓ **ણાયાધમ્મકહા.**[1]

૧. આવચૂ.૨.પૃ.૧૫૪, ૨૫૮.

**ણાતકુલ** (જ્ઞાતૃકુલ અથવા જ્ઞાતકુલ) જુઓ **ણાતવંસ.**[1]

૧. સૂત્રચૂ.પૃ.૯૭.

**ણાતવંસ** (જ્ઞાતૃવંશ અથવા જ્ઞાતવંશ) **ઉસભ**(૧), **મહાવીર** આદિના વંશજોનો વંશ.[1] તે અને **ઇક્ખાગ** વંશ એક છે.[2] **પણ્ણવણા** અનુસાર **ણાત** અને ઇક્ખાગ બે જુદા વંશો છે.[3]

૧. આવચૂ.૧.પૃ.૨૪૫, કલ્પ.૨૧થી, કલ્પવિ.પૃ.૪૬.

૨. જ્ઞાતાઅ.પૃ.૧૫૩, ઔપઅ.પૃ.૨૭, કલ્પધ.પૃ.૩૨. ૩. પ્રજ્ઞા.૩૭.

**ણાભિ** (નાભિ) **મરુદેવ**(૨) અને તેમની પત્ની **સિરિકંતા** (૩)નો પુત્ર. તે **ઓસપ્પિણી**ના ત્રીજા અરના છેલ્લા ભાગમાં (અર્થાત્ ત્રીજા અરનો પલ્યોપમનો આઠમો ભાગ બાકી હતો ત્યારે) જન્મ્યા હતા.[1] તે **મરુદેવી**ના ભાઈ પણ હતા અને પતિ પણ હતા.[2] તેમની ઊંચાઈ ૫૨૫ ધનુષ હતી.[3] તેમને **ઉસભ**(૧) નામે પુત્ર હતો, તેનો જન્મ **વિણીયભૂમિ**માં થયો હતો. આ ઉસભ જ વર્તમાન ઓસપ્પિણીના પ્રથમ **તિત્થંકર** છે. ણાભિને **સુમંગલા**(૧) નામની પુત્રી હતી. આ સુમંગલા જ **ભરહ**(૧)ની માતા હતી.[4] ણાભિને વર્તમાન ઓસપ્પિણી કાલચક્રના સાતમા અને છેલ્લા **કુલગર**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનવામાં આવ્યા છે.[૫] બીજી પરંપરા અનુસાર તે આ ઓસપ્પિણીના પંદર કુલગરોમાંના ચૌદમા કુલગર છે.[૬] તેમણે 'ધિક્કાર'ની (ઠપકો આપવાની) શિક્ષા શરૂ કરી.[૭]

૧.સમ.૧૫૭, તીર્થો.૯૨થી, જમ્બૂ.૨૯, આવનિ.૧૫૦.
૨.સમ.૧૫૭,આવનિ.૧૫૯,૧૬૦, જમ્બૂ.૩૦, કલ્પ.૨૦૬. (તે સમયમાં પુત્ર અને પુત્રીનાં જોડકાં જન્મતાં અને તે જોડકું પતિ-પત્નીનું યુગલ બનતું.
૩.ઔપઅ.પૃ.૧૧૭, આવનિ.૧૫૬.
૪. કલ્પ.૨૦૯,આવનિ.૧૯૧,વિશેષા. ૧૫૯૮.
૫. સ્થા.૫૫૬,સમ.૧૫૭,આવનિ.૧૫૫, આવમ.પૃ.૧૫૪, આવહ.પૃ.૧૨૦, જમ્બૂ.૩૦, તીર્થો.૭૦.
૬. જમ્બૂ.૨૮-૨૯.
૭. જમ્બૂ.૨૯, કલ્પવિ.પૃ.૨૩૨.

**ણામુદઅ** (નામોદય) ગોસાલના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક. પછીથી તે **મહાવીર**નો અનુયાયી બની ગયો.[૧]

૧. ભગ.૩૦૫, ૩૩૦.

**૧. ણાય (જ્ઞાત) ણાયાધમ્મકહા**નો પ્રથમ શ્રુતસ્કન્ધ. તેમાં ઓગણીસ અધ્યયનો છે.[૧]

૧. જ્ઞાતા.૫, જ્ઞાતાઅ.પૃ.૧૦, પાક્ષિ.પૃ.૬૮, પ્રશ્ન.૨૮, સમ.૧૯, ઉત્તરા.૩૧.૧૪, નન્દિચૂ.પૃ.૬૬.

**૨. ણાય** (જ્ઞાતૃ અથવા જ્ઞાત) એક આર્ય વંશ[૧] જે **ણાતવંસ**થી અભિન્ન છે અને એક ક્ષત્રિય જાતિ તરીકે જાણીતો છે.[૨]

૧. પ્રજ્ઞા.૩૭.
૨. કલ્પ.૨૧, દશચૂ.પૃ.૨૨૧.

**ણાયકુલ** (જ્ઞાતૃકુલ અથવા જ્ઞાતકુલ) આ અને **ણાયવંસ** એક છે.[૧]

૧. કલ્પ.૮૯, કલ્પવિ.પૃ.૧૪૪.

**ણાયજ્ઝયણ** (જ્ઞાતાધ્યયન) આ અને **ણાય**(૧) એક છે.[૧]

૧. સમ.૧૯, આવચૂ.૨.પૃ.૧૩૭, ઉત્તરાશા.પૃ.૬૧૪, પાક્ષિ.પૃ.૬૮, ઉત્તરા.૩૧.૧૪.

**ણાયપુત્ત** (જ્ઞાતપુત્ર અથવા જ્ઞાતૃપુત્ર) **મહાવીર**નું બીજું નામ. તે **ણાય** વંશના હતા અને તેથી તે ણાયપુત્ત તરીકે ઓળખાતા હતા.[૧]

૧. આચા.૨.૧૭૯, આચાચૂ.પૃ.૨૭, સૂત્ર.૧.૧.૧.૨૭, દશ. ૬.૧૭,૨૦, ભગ.૩૦૫, ૬૪૬, દશચૂ.પૃ.૨૨૧, દશહ.પૃ.૧૯૯, કલ્પવિ.પૃ.૧૪૪, સૂત્રચૂ. પૃ.૯૭.

**ણાયમુણિ** (જ્ઞાતમુનિ અથવા જ્ઞાતૃમુનિ) **મહાવીર**નું બીજું નામ.[૧] આ નામનો આધાર મહાવીરનો **ણાય** વંશ છે.

૧. પ્રશ્ન.૨૩, ૨૫, ૨૭.

**ણાયવંસ** (જ્ઞાતૃવંશ અથવા જ્ઞાતવંશ) જુઓ **ણાતવંસ**.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. કલ્પ.૨૨.

**ણાયસંડ** (જ્ઞાતૃખણ્ડ અથવા જ્ઞાતખણ્ડ) મહાવીરે જ્યાં શ્રામણ્યનો સ્વીકાર કર્યો હતો તે, **ખત્તિયકુંડગ્ગામ** પાસે આવેલું વન યા ઉદ્યાન.[1] તે પવિત્ર યાત્રાસ્થાન છે.[2]

૧. આવનિ.૨૩૧, આવભા.૧૦૫-૧૦૬, આચા.૨.૧૭૯. ૨.બૃભા.૩૧૯૨.

**ણાયસંડવણ** (જ્ઞાતૃખણ્ડવન અથવા જ્ઞાતખણ્ડવન) આ અને **ણાયસંડ** એક છે.[1]

૧. આવમ.પૃ.૨૬૫, આવભા.૧૦૫.

**ણાયસુય** (જ્ઞાતશ્રુત) આ અને **ણાય**(૧) એક છે.[1]

૧. જ્ઞાતા.૧૪૮.

**ણાયાધમ્મકહા** (જ્ઞાતાધર્મકથા) બાર **અંગ**(૩) ગ્રન્થોમાંનો છઠ્ઠો અંગ(૩) ગ્રન્થ.[1] તે ગદ્ય રચના છે. તે બે શ્રુતસ્કન્ધોમાં વિભક્ત છે – **ણાય**(૧) અને **ધમ્મકહા**.[2] પહેલામાં ઓગણીસ અધ્યયનો છે[3] જ્યારે બીજામાં દસ વર્ગો છે. બીજા શ્રુતસ્કન્ધના દસ વર્ગોમાંનો પ્રત્યેગ વર્ગ અનેક વિભાગોમાં (પ્રકરણો યા અધ્યયનોમાં) વિભક્ત છે. નૈતિક યા ધાર્મિક બોધના પ્રયોજનવાળી કથાઓનું નિરૂપણ આ ગ્રન્થમાં છે.[4] વિ.સં.૧૧૨૦માં તેના ઉપર અભયદેવસૂરિએ ટીકા લખી છે.[5]

પ્રથમ શ્રુતસ્કન્ધનું આઠમું અધ્યયન ઓગણીસમા **તિત્થંકર મલ્લિ**(૧)ની કથા આપે છે. સોળમું અધ્યયન **દોવઈ**ની કથા તેના જન્મ-મરણની પરંપરાના રૂપમાં પ્રસ્તુત કરે છે.

૧.પાક્ષિ.પૃ.૪૬,નન્દિ.૪૫,૫૧,સમ. ૧૪૧, નન્દિચૂ.પૃ.૬૬.
૨. જ્ઞાતા.૫. ણાય એટલે દૃષ્ટાન્ત અને ધમ્મકહા એટલે ધાર્મિક કથા.
૩. સમ.૧૯.
૪. નન્દિહ.પૃ.૮૧.
૫. જ્ઞાતાઅ.પૃ.૨૫૪.

**૧. ણારદ** અથવા **ણારય**(નારદ) **સોરિયપુર**ના **જણ્ણદત્ત**(૧) અને **સોમજસા**નો પુત્ર.[1] તે અને **કચ્છુલ્લણારય** એક જ વ્યક્તિ છે.

૧. આવચૂ.૨.પૃ.૧૯૪.

**૨. ણારદ** અથવા **ણારય** બાવીસમા ભાવી તિત્થંકર **વિમલ**(૨)નો પૂર્વભવ.[1]

૧. સમ.૧૫૯.

**૩. ણારદ** અથવા **ણારય** એક બ્રાહ્મણ પરિવ્રાજક અને તેના અનુયાયીઓ.[1]

૧. ઔપ.૩૮.

**૪. ણારદ** અથવા **ણારય** **અરિટ્ઠણેમિ**ના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારવામાં આવ્યા છે.[1]

૧. ઋષિ.૧, ઋષિ(સંગ્રહણી).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ણારયપુત્ત** (નારદપુત્ર) **તિત્થયર મહાવીર**નો શિષ્ય.[1]

1. ભગ.221.

**1. ણારાયણ** (નારાયણ) વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રમાં **ભરહ**(2) ક્ષેત્રમાં થયેલા આઠમા **વાસુદેવ**(1). તે અને **લક્ખણ** એક વ્યક્તિ છે. તે **તિત્થયર મુણિસુવ્વય**(1) પછી અને **ણમિ**(1) પહેલાં થયા. તે **અઓજ્ઝા**ના રાજા **દસરહ**(1) અને તેની રાણી **કેગમઈ**ના પુત્ર હતા. તે **બલદેવ**(2) **પઉમ**(6)ના અર્થાત્ **રામ**(4)ના નાના ભાઈ હતા. તેમણે પોતાના ચક્ર વડે **રાવણ**ને હણ્યો હતો. તેમની ઊંચાઈ સોળ ધનુષ હતી. તે **કાસવ** ગોત્રના હતા. તેમનું પૂર્વભવનું નામ **પુણવ્વસુ**(3) હતું. તે બાર હજાર વર્ષનું આયુષ્ય ભોગવી મૃત્યુ પામ્યા અને ચોથી નરકભૂમિમાં તેમણે જન્મ લીધો.[1]

1. સમ.158, તીર્થો.566, 577, 602-615, વિશેષા.1765, આવનિ.421, વિશેષા.1778, આવનિ.403-413, ઉત્તરાક.પૃ.43, આવભા.40-43, ઉત્તરાક.પૃ.48, સ્થા.672. આવનિ.(408) અનુસાર ણારાયણનો જન્મ રાયગિહમાં થયો હતો.

**2. ણારાયણ** એક અજૈન ઋષિ જે મોક્ષ પામ્યા.[1]

1. સૂત્ર.1.3.4.2, સૂત્રચૂ.પૃ.120, સૂત્રશી.પૃ.95.

**ણારાયણકટ્ઠ** (નારાયણકોષ્ઠ) **મહુરા**(1) નગરની બહાર આવેલું સ્થળ.[1]

1. આચાચૂ.પૃ.163.

**ણારિકંતા** (નારિકાન્તા) જુઓ **ણારીકંતા**.[1]

1. જમ્બૂ.110, સ્થા.689, સમ.14.

**ણારી** (નારી) આ અને **ણારીકંતા** એક છે.[1]

1. જમ્બૂ.110.

**1. ણારીકંતા** (નારીકાન્તા) **ણીલવંત** પર્વતનાં નવ શિખરોમાંનું એક.[1]

1. જમ્બૂ.110, સ્થા.689.

**2. ણારીકંતા ણીલવંત**(1) પર્વત ઉપર આવેલા **કેસરિ**(2) સરોવરમાંથી નીકળી પશ્ચિમ તરફ **રમ્મગ**(5) પ્રદેશમાં વહેતી નદી.[1]

1. સ્થા.88, 552, જમ્બૂ.110, સમ.14.

**ણાલંદઈજ્જ** (નાલન્દીય) **સૂયગડ**નું તેવીસમું અધ્યયન.[1]

1. સમ.23, બૃભા.318, સ્થાઅ.પૃ.457.

**ણાલંદા** (નાલન્દા) **રાયગિહ** નગરનું ઉપનગર.[1] **ગોસાલ**ની **મહાવીર** સાથે પ્રથમ મુલાકાત અહીં થઈ હતી.[2] તેની એકતા રાજગિરની ઉત્તર-પશ્ચિમે સાત માઈલના અંતરે આવેલા વર્તમાન બરગાંવ(નાલન્દા) સાથે સ્થાપવામાં આવી છે.[3] જુઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહાવીર.**

૧. સૂત્ર.૨.૭.૧, સૂત્રનિ.૨૦૩, સ્થાઅ.પૃ.૪૫૭, કલ્પ.૧૨૨, સૂત્રચૂ.પૃ.૪૪૮.
૨. ભગ.૫૪૧, આવચૂ.૧.પૃ.૨૮૨. ૩. જિઓડિ.પૃ.૧૩૬.

**ણાલિંદા** (નાલન્દા) આ અને **ણાલંદા** એક છે.[1]

૧. ભગ.૫૪૧.

**ણાલી** (નાલી) **વિયાહપણ્ણત્તિ**ના અગિયારમા શતકનો પાંચમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૪૦૯.

**ણાસિક્ક** (નાસિક્ય) આ અને **ણાસિક્કણગર** એક છે.[1]

૧. આવનિ.૯૪૪, આવહ.પૃ.૪૩૬.

**ણાસિક્કણગર** (નાસિક્યનગર) તે નગર જે નગરનો **સુંદરી**(૨)નો પતિ **ણંદ**(૯) હતો.[1] તેની એકતા વર્તમાન નાસિક સાથે સ્થાપવામાં આવી છે.[2]

૧. નન્દિ.ગાથા ૭૩, નન્દિમ.પૃ.૧૬૭, આવનિ.૯૪૪, આવચૂ.૧.પૃ.૫૬૬.
૨. જિઓડિ.પૃ.૧૩૯.

**ણિઅયા** (નિયતા) **જંબુસુદંસણા** વૃક્ષનું બીજું નામ.[1]

૧. જમ્બૂ.૯૦.

**ણિંબઅ** અથવા **ણિંબગ** (નિમ્બક) **અંબરિસિ**નો પુત્ર.[1] જુઓ **અંબરિસિ.**

૧. આવચૂ.૨.પૃ.૧૯૬, આવનિ.૧૨૯૫, આવહ.પૃ.૭૦૮.

**ણિક્કસાય** (નિષ્કષાય) ભરહ(૨) ક્ષેત્રના ચૌદમા ભાવી **તિત્થંકર,** અને **બલદેવ**(૧)નો ભાવી જન્મ.[1]

૧. તીર્થો.૧૧૧૩, સમ.૧૫૯, સ્થા.૬૯૨.

**ણિક્ખિત્તસત્થ** (નિક્ષિપ્તશસ્ત્ર) **જંબૂદીવ**માં આવેલા **એરવય**(૧) ક્ષેત્રના બારમા **તિત્થંકર.**[1] **તિત્થોગાલી** તેમના બદલે **સેજ્જંસ**(૫)નો ઉલ્લેખ કરે છે.[2]

૧. સમ.૧૫૯. ૨. તીર્થો.૩૨૪, સમઅ.પૃ.૧૫૯.

**ણિગ્ગંથ** (નિર્ગ્રન્થ) પાંચ **સમણ**(૧) સંપ્રદાયોમાંનો એક.[1] ણિગ્ગંથનો અર્થ છે મુનિ યા સાધુ અર્થાત્ **તિત્થયર મહાવીર**નો શિષ્ય.[2] ણિગ્ગંથ તે વ્યક્તિ છે જે વૈચારિક અને ભૌતિક બન્ધનોથી મુક્ત છે (मुक्तद्रव्यभावग्रन्थ)[3] અથવા જે આન્તરિક અને બાહ્ય મળોથી – ગ્રન્થોથી અર્થાત્ કષાયો અને પરિગ્રહોના વળગણો અને બંધનોથી રહિત છે.[4] ણિગ્ગંથ ઉપદેશનો અર્થ છે 'મહાવીર યા બીજા(તેવીસ) તિત્થયરોનો ઉપદેશ.' તેથી 'ણિગ્ગંથ' શબ્દનો પ્રયોગ મહાવીર અને બીજા તીર્થંકરોના ધર્મપંથ માટે[5] યા સકલ જૈન સંઘ માટે થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. પિંડનિ.૪૪૫, આચાશી.પૃ.૩૧૪, ૩૨૫, સ્થાઅ.પૃ.૯૪, નિશીભા.૪૪૨૦.
૨. આચા.૧૦૮, ૨.૧૪૧,૧૫૨,૧૭૯.
૩. ઉત્તરાશા.પૃ.૪૧૮.
૪. ઉત્તરાચૂ.પૃ.૧૪૬, દશચૂ.પૃ.૩૩૪, આચાશી.પૃ.૧૫૫, સ્થાઅ.પૃ.૫૬, ૯૪, ભગઅ. પૃ.૬૦, ૮૯૧, ઉત્તરાશા.પૃ.૨૫૭, દશહ.પૃ.૧૯૨, બૃક્ષે.૨૫૭.
૫. ભગ.૩૮૪, જ્ઞાતા.૨૩-૨૪, દશા.૧૦.૧,૭,ઉપા. ૫,૪૪, આવનિ. (દીપિકા) પૃ. ૧૩૯, આવચૂ.પૃ.૨૪૧, દશાચૂ.પૃ.૯૧.

**ણિચ્ચમંડિઆ** (નિત્યમણ્ડિતા) **જંબુસુદંસણા**નું બીજું નામ.[1]

૧. જમ્બૂ.૯૦.

**ણિચ્ચાલોઅ** (નિત્યાલોક) અઠ્ઠ્યાસી ગહમાનો એક.[1]

૧. સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૯૬, સ્થાઅ.પૃ. ૭૮-૭૯.

**ણિચ્ચાલોગ** (નિત્યાલોક) જુઓ **ણિચ્ચાલોઅ.**[1]

૧. સ્થા.૯૦.

**ણિચ્ચુજ્જોત** (નિત્યોદ્દ્યોત) જુઓ **ણિચ્ચાલોઅ.**[1]

૧. સ્થા. ૯૦.

૧. **ણિણ્ણગ** અથવા **ણિણ્ણય** (નિમ્નક) **પુરિમતાલ** નગરનો બહુ ધનિક ઈંડાનો વેપારી. હિંસક ધંધાના કારણે તેણે ઘણું પાપ બાંધ્યું. મૃત્યુ પછી તે નરકમાં ગયો અને ત્યાર બાદ તે **વિજય**(૧૬)ના **અભગ્ગસેણ**(૨) નામના પુત્ર તરીકે જન્મ્યો.[1]

૧. વિપા.૧૭, સ્થાઅ.પૃ.૫૦૭.

૨. **ણિણ્ણગ** અથવા **ણિણ્ણય** એક **અણારિય** (અનાર્ય) દેશ અને તેના લોકો.[1]

૧. પ્રજ્ઞા.૩૭.

**ણિણ્ણામિયા** (નિર્નામિકા) **લલિયંગ** દેવની મુખ્ય પત્ની **સયંપભા**નો પૂર્વભવ. **ણંદિગ્ગામ**(૨)ના ગરીબ કુટુંબમાં તે જન્મી હતી. **સુમંગલ**(૨) અને **સુલક્ખણા** તેની બેનો હતી.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૭૨-૧૭૪.

**ણિણ્હઇયા** (નિહ્નવિકા) અઢાર **બંભિ**(૨) લિપિઓમાંની એક.[1]

૧. સમ.૧૮, પ્રજ્ઞા.૩૭.

**ણિણ્હગ** (નિહ્નવ) જુઓ **ણિણ્હવ.**[1]

૧. આવચૂ.૧.પૃ.૫૮૬, આવનિ.૭૮૫, મનિ.૯૯.

**ણિણ્હય** (નિહ્નવ) જુઓ **ણિણ્હવ.**[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. બૃભા. ૫૪૩૩, આવહ.પૃ.૩૧૧.

**ણિણ્હવ** (નિહ્નવ) 'ણિણ્હાતિ' શબ્દને સત્યને ઢાંકવા કે ટાળવાના અને ભ્રમ ઊભો કરવાના અર્થમાં સમજાવવામાં આવ્યો છે.[1] જે વ્યક્તિ મૂળ સિદ્ધાન્તથી આડી ફાટે છે તે ણિણ્હવ કહેવાય છે[2]. તે માટે તે ખોટાં સાધનોનો પ્રયોગ કરે છે[3] અને મિથ્યા સિદ્ધાન્તો પ્રવર્તાવે છે.[4] તેને સન્માર્ગથી ભ્રષ્ટ થયેલો માનવામાં આવે છે.[5] મહાવીર પછી સાત ણિણ્હવો થયા હતા.[6] તેમનાં નામ નીચે પ્રમાણે છે– **જમાલિ**(૧), **તિસ્સગુત્ત**, **આસાઢ**(૧), **આસમિત્ત**, **ગંગ**, **રોહગુત્ત**(૧) અને **ગોટ્ઠામાહિલ**.[7] તેમનાં સિદ્ધાન્તો યથાક્રમે નીચે પ્રમાણે ઓળખાય છે – **બહુરય**, **જીવપએસિય**, **અવ્વત્ત**, **સમુચ્છેય**, **દોકિરિય**, **તેરાસિય**(૧) અને **અબદ્ધિય**.[8] **સિવભૂઈ**(૧)ને પણ ણિણ્હવ ગણવામાં આવે છે. તેમણે **બોડિય** સંપ્રદાય સ્થાપ્યો.[9]

૧. દશા. ૯.૭, દશાચૂ.પૃ.૭૪.
૨. દશાચૂ.પૃ.૭૪, ઔપઅ.પૃ.૧૦૬, આવચૂ.૧.પૃ.૪૧૫, ઉત્તરાશા.પૃ.૧૭૮.
૩. ઉત્તરાશા.પૃ.૧૭-૧૮.
૪. ઔપઅ.પૃ.૧૦૬.
૫. ભગઅ.પૃ.૫૧, આવચૂ.૨.પૃ.૨૮, પિંડનિ.૧૫૬-૧૫૭, આચાચૂ.૧.પૃ.૮૩, બૃભા.૫૪૩૩.
૬. આવનિ.૭૮૫.
૭. આવનિ.૭૮૦-૮૧, વિશેષા.૨૮૦૧-૨, ઔપઅ.પૃ.૧૦૬, આવચૂ.૧.પૃ.૪૧૯-૨૪.
૮. ઔપ.૪૧, વિશેષા.૨૮૦૦, આવનિ.૭૭૯, નિશીભા. ૫૫૯૬થી.
૯. આવભા.૧૪૫-૪૬, આવચૂ.૧.પૃ.૪૨૭, ૫૮૬, નિશીભા. ૫૬૦૯.

**ણિદડ્ઢ** અથવા **ણિદડ્ઢ** (નિર્દગ્ધ) **રયણપ્પભા**(૨) નરકભૂમિમાં આવેલું **મહાણિરય**.[1]

૧. સ્થા.૫૧૫, સ્થાઅ.પૃ.૩૬૭.

**ણિપ્પુલાઅ** (નિષ્પુલાક) **ભરહ**(૨) ક્ષેત્રના પંદરમા ભાવી **તિત્થંકર** અને **રોહિણી**(૨)નો ભાવી જન્મ.[1]

૧. સમ.૧૫૯, સ્થા.૬૯૨, તીર્થો.૧૧૩.

**ણિમગ્ગજલા** (નિમગ્નજલા) **તિમિસગુહા**માં વહેતી નદી. તેમાં જે કોઈ વસ્તુ પડે તેને તે ડૂબાડી દે છે.[1] આ જ નામની બીજી નદી **ખંડપ્પવાયગુહા**માં વહે છે.[2]

૧.જમ્બૂ.૫૫, આવચૂ.૧.પૃ.૧૯૪. ૨. જમ્બૂ.૬૫.

**ણિમજ્જગ** (નિમજ્જક) વાનપ્રસ્થ તાપસોનો વર્ગ[1] જેઓ સ્નાન કરતી વખતે કેટલીક ક્ષણ પાણીમાં ડૂબેલા રહે છે.[2]

૧. ભગ.૪૧૭.નિર.૩.૩, ઔપ.૩૮. ૨. ભગઅ.પૃ.૫૧૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ણિમુગ્ગજલા** (નિમગ્નજલા) જુઓ **ણિમગ્ગજલા**.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૯૪, આવમ.પૃ.૨૩૦.

**ણિમ્મમ** (નિર્મમ) ભરહ(૨) ક્ષેત્રના સોળમા ભાવી **તિત્થંકર** અને **સુલસા**(૨)નો ભાવી જન્મ.[1]

૧. સમ.૧૫૯, તીર્થો.૧૧૧૩.

**ણિમ્મલ** (નિર્મલ) **બંભલોગ**ના છ થરો યા કાંડોમાંનો એક.

૧. સ્થા.૫૧૬.

**ણિયઈપવ્વયગ** (નિયતિપર્વતક) **સૂરિયાભ** સ્વર્ગીય વાસસ્થાનમાં આવેલા એક જાતના પર્વતો. તે વાસસ્થાનમાં વસતા દેવો સદા ક્રીડા કરતા હોય છે.[1]

૧. રાજ.૧૧૨, રાજમ.પૃ.૧૯૫.

**૧. ણિયંઠ** (નિર્ગ્રન્થ) આ અને **ણિગ્ગંથ** એક છે.[1]

૧. ભગ.૭૫૧, જીતભા.૨૪૩, ૨૮૧, ઉત્તરા.૧૨.૧૬,૧૫.૧૧, ઉત્તરાનિ.પૃ.૨૫૬, ઉત્તરાચૂ.પૃ.૧૪૩.

**૨. ણિયંઠ વિયાહપણ્ણત્તિ**ના પાંચમા શતકનો આઠમો ઉદ્દેશક.[1]

૧. ભગ.૧૭૬.

**ણિયંઠિ** (નિર્ગ્રન્થિ) જુઓ **ખુડ્ડગણિયંઠિજ્જ**.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૯.

**ણિયંઠિજ્જ** (નિર્ગ્રન્થીય) જુઓ **અણાહપવજ્જા**.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૯.

**ણિયંઠીપુત્ત** (નિર્ગ્રન્થિપુત્ર) **તિત્થયર મહાવીર**નો શિષ્ય.[1]

૧. ભગ.૨૨૧.

**ણિયયપવ્વય** (નિયતપર્વત) આ અને **ણિયઈપવ્વયગ** એક છે.[1]

૧. રાજમ.પૃ.૧૯૫.

**ણિયલ** (નિગડ) આ અને **ણિયલ્લ** એક છે.[1]

૧.સ્થાઅ.પૃ.૭૯.

**ણિયલ્લ** (નિગડ) **અઠ્યાસી ગહ**માંનો એક. કેવળ **ઠાણ**માં જ તેનો ઉલ્લેખ છે.[1]

૧.સ્થા.૯૦, સ્થાઅ.પૃ.૭૯.

**૧. ણિરઈ** (નિર્ઋતિ) પખવાડિયાના પંદરમા દિવસની રાત્રિનું બીજું નામ.[1]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૮.

**૨. ણિરઈ મૂલણક્ખત્ત**(૧)ની અધિષ્ઠાત્રી દેવી.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. સ્થા.૯૦.

**ણિરંગણ** (નિરંગણ) કોસંબીનો રાજમલ્લ. તેને ઉજ્જેણીના મલ્લ **અટ્ટણે** હરાવ્યો હતો.[૧]

૧. ઉત્તરાચૂ.પૃ.૧૦૯.

**૧. ણિરંભા** (નિરમ્ભા) **બલિ**(૪)ની મુખ્ય પત્ની. તે પોતાના પૂર્વભવમાં **સાવત્થીના** શેઠની પુત્રી હતી.[૧]

૧. જ્ઞાતા.૧૫૦, ભગ.૪૦૬, સ્થા.૪૦૩.

**૨. ણિરંભા ણાયાધમ્મકહાના** બીજા શ્રુતસ્કન્ધના બીજા વર્ગનું ચોથું અધ્યયન.[૧]

૧. જ્ઞાતા.૧૫૦.

**ણિરયવિભત્તિ** (નિરયવિભક્તિ) **સૂયગડના** પ્રથમ શ્રુતસ્કન્ધનું પાંચમું અધ્યયન.[૧] આ અને **ણારયવિભત્તિ** એક છે.

૧. સૂત્રનિ.૨૫, સૂત્રચૂ.પૃ.૧૪૯.

**૧. ણિરયાવલિયા** (નિરયાવલિકા) **અંગબાહિર કાલિઅ** આગમગ્રન્થ.[૧] અંગબાહિર આગમના વર્ગોમાંથી એક વર્ગ **ઉવંગોનો** છે. ઉવંગમાં એક પાંચનું જૂથ છે, તે જૂથમાંનો આ ગ્રન્થ છે. પાંચનું જૂથ આ પ્રમાણે છે– (૧) **ણિરયાવલિયા**, (૨) **કપ્પવડંસિયા**, (૩) **પુપ્ફિયા**, (૪) **પુપ્ફચૂલિયા** અને (૫) **વણ્હિદસા**.[૨] આ પાંચે ઉપર ચન્દ્રપ્રભસૂરિએ ટીકા લખી છે.[૩] ણિરયાવલિયામાં દસ અધ્યયનો છે,[૪] તેમનાં નામ નીચે પ્રમાણે છે – **કાલ**(૧૩), **સુકાલ**(૧), **મહાકાલ**(૧), **કુણ્હ**(૫), **સુકણ્હ**, **મહાકણ્હ**(૧), **વીરકણ્હ**(૧), **રામકણ્હ**(૧), **પિઉસેણકણ્હ** અને **મહાસેણકણ્હ**(૧). જુઓ **ણિરયાવલિયા**(૨).

૧. નન્દિ.૪૪, નન્દિમ.પૃ.૨૦૭, પાક્ષિ.પૃ.૪૫, નન્દિચૂ.પૃ.૬૦.
૨. નિર.૧.૧,૨.૧,૫.૧. ૩. જમ્બૂશા.પૃ.૨. ૪. નિર.૧.૧.

**૨. ણિરયાવલિયા ણિરયાવલિયા**(૧) ઉપરની નોંધ(entry)માં **ઉવંગ** વર્ગમાં જે પાંચનું જૂથ જણાવ્યું છે તે પાંચ માટેનું આ સામાન્ય નામ છે. **કપ્પિયા**(૨) એ ણિરયાવલિયા(૧)નું બીજું નામ છે.[૧]

૧. જમ્બૂશા.પૃ.૧-૨.

**ણિવ્વત્તિ** (નિર્વૃત્તિ) **વિયાહપણ્ણત્તિના** ઓગણીસમા શતકનો આઠમો ઉદ્દેશક.[૧]

૧. ભગ.૬૪૮.

**ણિરુંભા** (નિરુમ્ભા) આ અને **નિરંભા** એક છે.[૧]

૧. જ્ઞાતા.૧૫૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ણિવ્વાણ** (નિર્વાણ) **એરવય**(૧) ક્ષેત્રના ત્રીજા ભાવી **તિત્થંકર. તિત્થોગાલી** તેમનો ઉલ્લેખ છઠ્ઠા તિત્થંકર તરીકે કરે છે.[1]

૧. સમ.૧૫૯, તીર્થો.૧૧૧૮.

**ણિલવંત** (નીલવન્ત) જુઓ **ણીલવંત**(૪).[1]

૧. સ્થા.૬૮૯.

**ણિવ્વાણી** (નિર્વાણી) એક દેવી.[1]

૧. આવ.પૃ.૧૯.

**ણિવ્વુઇ** (નિર્વૃતિ) **મહુરા**(૧)ના રાજા **જિયસત્તુ**(૩૦)ની પુત્રી. તેને રાજા **ઈંદદત્ત**(૯)ના પુત્ર **સુરિંદદત્ત**(૨) સાથે પરણાવવામાં આવી હતી.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૪૯, ઉત્તરાક.પૃ.૯૮, આવહ.પૃ.૭૦૩.

**ણિવ્વુઇકરા** (નિર્વૃતિકરા) સંસારત્યાગના પ્રસંગે અઢારમા **તિત્થંકર અર** માટે ઉપયોગમાં લેવાયેલી પાલખી.[1]

૧. સમ.૧૫૭.

**ણિવ્વુઇપુર** (નિર્વૃતિપુર) **વસંતપુર**(૩)નો **ધણ્ણ**(૭) શેઠ જે સ્થળે ગયો હતો તે.[1] નિર્વૃતિ એક પ્રદેશ તરીકે પુણ્ડ્રદેશનો પૂર્વાર્ધ હતો જેમાં દિનાજપુર, રંગપુર અને કૂચબિહાર સમાવિષ્ટ છે. તેનું મુખ્ય નગર બર્ધનકુટી હતું જેની એકતા ણિવ્વુઇપુર સાથે સ્થાપી શકાય.[2]

૧. વિશેષા.૩૫૧૦-૧૩, આવચૂ.૧.પૃ.૫૦૯.
૨. જિઓડિ.પૃ.૧૪૨, સ્ટજિઓ.પૃ. ૯૩, ૯૮, ૧૧૪.

**૧. ણિસઢ** (નિષધ) **બારવઈ**ના **બલદેવ**(૧) અને તેની પત્ની **રેવઈ**(૩)નો પુત્ર. તે પચાસ રાજકુંવરીઓને પરણ્યો હતો.તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર અરિટ્ઠણેમિ**નો શિષ્ય બન્યો. નવ વર્ષના શ્રમણજીવનના સંયમપાલન પછી મરીને **સવ્વટ્ઠસિદ્ધ** સ્વર્ગીય વાસસ્થાનમાં (વિમાનમાં) તે દેવ તરીકે જન્મ્યો, મહાવિદેહ ક્ષેત્રમાં એક વધુ ભવ કરીને તે **મહાવિદેહ** ક્ષેત્રમાં જ મોક્ષ પ્રાપ્ત કરશે.[1] **કમલામેલા**નો પતિ **સાગરચંદ**(૧) તેનો પુત્ર હતો અને **પભાવઈ**(૨) તેની પત્ની હતી.[2]

૧. નિર.૫.૧. ૨. આવચૂ.૧.પૃ.૧૧૨.

**૨. ણિસઢ જંબુદ્દીવ**માં આવેલો પર્વત. તે **મહાવિદેહ**ની દક્ષિણે, **હરિવાસ**ની ઉત્તરે, **લવણસમુદ**ના પૂર્વ ભાગની પશ્ચિમે અને લવણસમુદ્રના પશ્ચિમ ભાગની પૂર્વે આવેલો છે. તેની ઊંચાઈ ચાર સો યોજન છે. તેને નવ શિખર છે.[1]

૧. જમ્બૂ.૮૩-૮૪, સૂત્ર.૧.૬.૧૫, જ્ઞાતા.૬૪, જીવા.૧૪૧, સમ.૬૩, ૯૪, ૧૦૬, ૧૧૨, સ્થા.૧૯૭, ૩૦૨, ૫૨૨, ૬૮૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૩. ણિસઢ** આ જ નામવાળા પર્વત ઉપર વસતો દેવ.[૧]

૧. જમ્બૂ.૮૪.

**૪. ણિસઢ** આ જ નામવાળા પર્વતના નવ શિખરોમાંનું એક.[૧]

૧. જમ્બૂ.૮૪, સમ.૧૧૨, સ્થા.૬૮૯.

**૫. ણિસઢ મંદર**(૩) પર્વતના નવ શિખરોમાંનું **ણંદણવણ**(૧)માં આવેલું શિખર.[૧]

૧. જમ્બૂ.૧૦૪, સ્થા.૫૨૨, ૬૮૯.

**૬. ણિસઢ મંદર**(૩) પર્વતની દક્ષિણે **દેવકુરા**(૧)માં આવેલું સરોવર.[૧] **સીતોદા** નદી તેના બે ભાગ કરતી તેમાંથી પસાર થાય છે.[૨]

૧. જમ્બૂ.૯૯, સ્થા.૪૩૪. ૨. જમ્બૂ.૮૪.

**૭. ણિસઢ વણ્હિદસા**નું પ્રથમ અધ્યયન.[૧]

૧. નિર.૫.૧.

**ણિસઢકૂડ** (નિષધકૂટ) જુઓ **ણિસઢ**(૫).[૧]

૧. જમ્બૂ.૮૪, સ્થા.૫૨૨.

**ણિસહ** (નિષધ) જુઓ **ણિસઢ.**[૧]

૧. સ્થા. ૬૮૯, જમ્બૂ.૮૩, જીવા.૧૪૧, સમ.૯૪, સ્થા.૪૩૪.

**ણિસહકૂડ** (નિષધકૂટ) આ અને **ણિષઢ**(૫) એક છે.[૧]

૧. જમ્બૂ.૧૦૪.

**ણિસાદ** અથવા **ણિસાય** (નિષાદ) નવ સંકર જાતિઓમાંની એક.[૧] બ્રાહ્મણ પુરુષ અને શૂદ્ર સ્ત્રીના સમાગમથી આ જાતિ પેદા થઈ છે.[૨]

૧. આચાનિ.૨૨-૨૩ ૨. સૂત્રશી.પૃ.૧૭૭, સૂત્રચૂ.પૃ.૨૧૮.

**ણિસીહ** (નિશીથ) **અંગબાહિર કાલિઅ** આગમગ્રન્થ.[૧] આ ગદ્યમય રચના છે. તે વીસ ઉદ્દેશોમાં વિભક્ત છે. તે શ્રમણ અને શ્રમણીના આચારના નિયમોનું નિરૂપણ કરે છે અને વિવિધ દોષો માટે પ્રાયશ્ચિત્તો અને તપોનું વિધાન કરે છે. તે સામાન્ય નિયમોના અપવાદો પણ જણાવે છે. તેનું કર્તૃત્વ **વિસાહગણિ**ના નામે ચડેલું છે.[૨] પહેલાં તે **આયાર** અર્થાત્ **આયારકપ્પ**નો એક ભાગ હતો પરંતુ પછીથી તેને તેનાથી છૂટો પાડી અલગ કરી દેવામાં આવ્યો.[૩] 'ણિસીહ' શબ્દનો અર્થ અન્ધકાર થાય છે અને અન્ધકાર ગોપનીયતાનું પ્રતીક છે. આ ગ્રન્થનું અધ્યયન સાવ થોડી અધિકારી યોગ્ય વ્યક્તિઓ સુધી જ સીમિત રાખવામાં આવ્યું હોવાથી અને બીજાઓને તેના જ્ઞાનથી દૂર રખાતા હોવાથી તેનું 'ણિસીહ' (અર્થાત્ ગોપનીય) એવું સાર્થક શીર્ષક રાખવામાં આવ્યું છે.[૪] તેનાં બીજા નામો નીચે પ્રમાણે છે – **પકપ્પ, આયારકપ્પ**(૨), **આયારપકપ્પ** અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ણિસીહચૂલા.**[૫]

૧. નન્દિ.૪૪, પાક્ષિ.પૃ.૪૪, નન્દિમ. પૃ.૨૦૬.
૨. નિશીચૂ.૪.પૃ.૩૯૫.
૩. આચાનિ.૩૪૪, આચાચૂ.પૃ.૪, નિશીભા.૪, ૬૫૦૦, સમઅ.પૃ. ૪૮, સ્થાઅ.પૃ.૩૨૫.
૪. જુઓ 'નિશીથ—એક અધ્યયન', પં. દલસુખ માલવણિયા. નિશીભા. ૬૭-૭૦, ૬૭૦૦-૩.
૫. સંદર્ભો માટે જુઓ તે શબ્દો.

**ણિસીહચુણ્ણિ** (નિશીથચૂર્ણિ) જુઓ **ણિસીહવિસેસચુણ્ણિ.**[૧]

૧. નિશીચૂ.૪.પૃ.૨૨૬.

**ણિસીહચૂલા** (નિશીથચૂડા) આ અને **ણિસીહ** એક છે.[૧] પહેલાં તે **આયાર**ના પરિશિષ્ટ (ચૂલા) રૂપ હતો.

૧. નિશીચૂ.૧.પૃ.૧.

**ણિસીહવિસેસચુણ્ણિ** (નિશીથવિશેષચૂર્ણિ) **જિણદાણગણિ**[૧] મહત્તરે ણિસીહ ઉપર લખેલી ચૂર્ણિ પ્રકારની ટીકા.[૨] જિણદાસગણિ પહેલાં કોઈએ લખેલી **ણિસીહચુણ્ણિ** ટીકાથી આ ભિન્ન છે.[૩]

૧. નિશીચૂ.૧.પૃ.૧.
૨. એજન.૪(સુબોધા વ્યાખ્યા)પૃ.૪૪૩ અને એજન.પ્રસ્તાવના પૃ. ૪૬-૪૮.
૩. એજન.૧.પૃ.૧.

**ણિસુંભ** (નિશુમ્ભ) વર્તમાન **ઓસપ્પિણી**માં **ભરહ**(૨) ક્ષેત્રમાં થયેલા પાંચમા **પડિસત્તુ**. તેમને **પુરિસસીહે** જેલમાં પૂર્યા હતા.[૧]

૧. સમ.૧૫૮, તીર્થો.૬૦૯, વિશેષા.૧૭૬૭.

**૧. ણિસુંભા** (નિશુમ્ભા) **બલિ**(૪)ની પાંચ મુખ્ય પત્નીઓમાંની એક. તે તેના પૂર્વભવમાં **સાવત્થી**ના શેઠની પુત્રી હતી.[૧]

૧. જ્ઞાતા.૧૫૦, ભગ.૪૦૬, સ્થા.૪૦૩.

**૨. ણિસુંભા ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના બીજા વર્ગનું બીજું અધ્યયન.[૧]

૧. જ્ઞાતા.૧૫૦.

**ણીરઅ** (નીરજસ્) **બંભલોગ**ના છ થરોમાંનો એક.[૧]

૧. સ્થા. ૫૧૬.

**૧. ણીલ** (નીલ) અઠ્ઠયાસી **ગહ**માંનો એક.[૧]

૧. સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૯૬, સ્થાઅ.પૃ.૭૮-૭૯.

**૨. ણીલ** આ અને **ણીલવંત** એક છે.[૧]

૧. જમ્બૂ.૧૧૦, જીવામ.પૃ.૨૪૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ણીલકંઠ** (નીલકણ્ઠ) **ધરણ**(૧)ના પાંચ સેનાપતિઓમાંનો એક. તે આખલાઓના દળનો નાયક છે.[1]

૧. સ્થા.૪૦૪.

**ણીલગુહા** (નીલગુહા) **રાયગિહ**નું ઉદ્યાન જ્યાં વીસમા **તિત્થંકર મુણિસુવ્વય**(૧)એ શ્રામણ્ય સ્વીકાર્યું.[1]

૧. આવનિ.૨૩૦.

**ણીલભદ્દ** (નીલભદ્ર) ખરાબ સોબતવાળો માણસ.[1]

૧. મનિ.૧૦૦૦.

**૧. ણીલવંત** (નીલવત્) **જંબૂદીવ**માં આવેલો પર્વત. તે **મહાવિદેહ** ક્ષેત્રની ઉત્તરે, **રમ્મગ** પ્રદેશની દક્ષિણે, પૂર્વ **લવણ** સમુદ્રની પશ્ચિમે અને પશ્ચિમ લવણ સમુદ્રની પૂર્વે આવેલ છે.[1] તેની ઊંચાઈ ચાર સો યોજન છે.[2] તેને નીચે જણાવેલાં નવ શિખરો છે – **સિદ્ધાયયણ, ણીલવંત**(૪), **પુવ્વવિદેહ**(૨), **સીઆ**(૨), **કિત્તિ**(૩), **ણારી**(૧), **અવરવિદેહ**(૩), **રમ્મગકૂડ** અને **ઉવદંસણ**.[3]

૧.જમ્બૂ.૧૧૦, જીવા.૧૪૭,જ્ઞાતા. ૧૪૧, સમ.૧૧૨, ઉત્તરા.૧૧. ૨૮, સ્થા. ૧૯૭, ૫૨૨.
૨. સમ. ૧૦૬, સ્થા.૩૦૨.
૩. જમ્બૂ.૧૧૦.

**૨. ણીલવંત** **ઉત્તરકુરુ**(૧)માં વહેતી **સીતા** નદીના પ્રવાહમાર્ગની મધ્યમાં આવેલાં પાંચ સરોવરોમાંનું એક.[1]

૧. જીવા.૧૪૯, જમ્બૂ.૮૯, સમઅ.પૃ.૭૦, ભગઅ.પૃ.૬૫૫, આચાચૂ.પૃ.૧૮૯, સ્થા. ૪૩૪.

**૩. ણીલવંત** આ જ નામવાળા પર્વત ઉપર વસતો દેવ.[1]

૧. જમ્બૂ.૧૧૦, ૮૯, જીવા.૧૮૯.

**૪. ણીલવંત** આ જ નામવાળા પર્વતનાં નવ શિખરોમાંનું એક શિખર.[1]

૧. જમ્બૂ.૧૧૦, ૧૦૩, સમ.૧૧૨, સ્થા.૬૮૯, ૫૨૨, સ્થાઅ.પૃ.૭૨.

**૫. ણીલવંત** **ભદ્દસાલવણ**માં આવેલો **દિસાહત્થિકૂડ**.[1]

૧. સ્થા.૬૪૨.

**ણીલવંતદહ** (નીલવદ્દ્રહ) જુઓ **ણીલવંત**(૨).[1]

૧. જીવા.૧૪૯.

**ણીલવંતદહકુમાર** (નીલવદ્દ્રહકુમાર) આ અને **નીલવંત** (૩) એક છે.[1]

૧. જીવા. ૧૪૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ણીલા** (નીલા) **રત્તા**ને મળતી નદી.[1]

1. સ્થા. 470.

**ણીલાસોઅ** (નીલાશોક) **સોગંધિયા** નગરની બહાર આવેલું ઉદ્યાન.[1]

1. વિપા.34, જ્ઞાતા.55.

**ણીલોભાસ** (નીલાભાસ) અઠ્ઠયાસી ગહમાંનો એક ગહ.[1]

1. સૂર્ય.107, સ્થા.90, જમ્બૂશા.534-35, સૂર્યમ.પૃ.295-96, સ્થાઅ.પૃ.78-79

**ણેદૂર** (નેદૂર) આ અને **ણેહુર** એક છે.[1]

1. પ્રજ્ઞા.37.

**ણેપાલ** (નેપાલ) બાર વર્ષના દુકાળ દરમ્યાન પૂરેપૂરો સમય આચાર્ય ભદ્દબાહુ (1) જે દેશમાં રહ્યા હતા તે દેશ. ભદ્રબાહુ પાસેથી **દિટ્ઠિવાય**નું જ્ઞાન પ્રાપ્ત કરવા **પાડલિપુત્ત**થી **થૂલભદ્દ** અને અન્ય સાધુઓ ણેપાલ ગયા.[1] તે દેશ તેની રત્નકમ્બલ માટે પ્રસિદ્ધ હતો.[2]

1. આવચૂ.2.પૃ.187.
2. આવચૂ.2.પૃ.186, કલ્પવિ.પૃ.252, કલ્પધ.પૃ.163, કલ્પશા.પૃ.194.

**ણેમાલ** (નેપાલ) જુઓ **ણેપાલ**.[1]

1. બૃભા.3912.

**ણેમિ** (નેમિ) આ અને **અરિટ્ઠણેમિ** એક છે.[1]

1. સ્થા.411, સમ.157,જમ્બૂ.47, આવનિ.371, 421, આવચૂ.2.પૃ.19, વિશેષા. 1485, 1759.

**ણેમિચંદ** (નેમિચન્દ્ર) જેમને **મહાસિણીહ** પ્રત્યે ખૂબ આદર હતો તે વિદ્વાન આચાર્ય.[1]

1. મનિ.પૃ.71.

**ણેવ્વાણ** (નિર્વાણ) આ અને **ણિવ્વાણ** એક છે.[1]

1. તીર્થો. 1118.

**ણેવ્વુતિ** (નિર્વૃતિ) જુઓ **ણિવ્વુતિ**.[1]

1. આવચૂ.1.પૃ.449.

**ણેવ્વુતિણગર** (નિર્વૃતિનગર) આ અને **ણિવ્વુઈપુર** એક છે.[1]

1. આવચૂ.1.પૃ.509.

**ણેહુર** (નેહુર) એક **અણારિય** (અનાર્ય) દેશ.[1]

1. પ્રશ્ન.4, પ્રજ્ઞા.37.

## ત

**તંતુવાય** (તન્તુવાય) વણકરોનું[1] એક આર્ય પવાદારી યા ઔદ્યોગિક મંડળ.[2]

1. પ્રજ્ઞામ.પૃ.58.
2. પ્રજ્ઞા.37.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તંદુલવેઆલિઅ** (તન્દુલવૈચારિક) **અંગબાહિર ઉક્કાલિઅ** આગમગ્રન્થ.[1] તે મહદંશે પદ્યરચના છે. તે દશવૈકાલિકચૂર્ણિ[2], આવશ્યકચૂર્ણિ[3] અને નિશીથચૂર્ણિમાં[4] ઉદ્ધૃત છે. મલધારી હેમચન્દ્રે પોતાની **અણુઓગદાર** ઉપરની ટીકામાં તેનો ઉલ્લેખ તણ્ડુલ-વિચારણા નામે કર્યો છે.[5] તે નીચે જણાવેલા મુખ્ય વિષયોનું નિરૂપણ કરે છે – યોનિનું સ્થાન, આકાર, ગર્ભધારણયોગ્યતા, ગર્ભાધાન, ગર્ભસ્થિતિ, ગર્ભવિકાસ, ગર્ભજ પ્રાણીની દસ અવસ્થાઓ, જોડકાંનું વર્ણન, શરીરના આકારો(સંસ્થાન), હાડકાંના સાંધા અને રચના (સંહનન), દેવજન્મ, નારકીજન્મ, (વૈરાગ્ય પ્રેરવાના આશયથી કરવામાં આવતી) સ્ત્રીનિન્દા, વગેરે. આમ ગર્ભવિદ્યા (Embryology), શરીરવિદ્યા (Physiology) અને અસ્થિરચનાવિદ્યા (Anatomy) ના અધ્યયન માટે આ ગ્રન્થ ઉપયોગી છે. ૧૦૦ વર્ષના આયુષ્યવાળો પુરુષ કેટલા તંદુલ(ચોખા) ખાય છે તેનો સંખ્યાપૂર્વક વિચાર કરવાના કારણે ઉપલક્ષણથી આ ગ્રન્થનું નામ તંદુલવેઆલિય રાખવામાં આવ્યું છે. જુઓ **પઇણ્ણગ**.

૧. નન્દિ.૪૪, પાક્ષિ.પૃ.૪૩, પાક્ષિય. પૃ.૬૩.
૨. દશચૂ.પૃ.૫.
૩. આવચૂ.૨.પૃ.૨૨૪.
૪. નિશીચૂ.૪.પૃ.૨૩૫.
૫. અનુહે.પૃ.૫.

**તંદુલવેયાલિય** (તન્દુલવૈચારિક) જુઓ **તંદુલવેઆલિઅ**.[1]

૧. તન્દુ.૧, અનુચૂ.પૃ.૩, દશચૂ.પૃ.૫.

**તંબાઅ** અથવા **તંબાય** (તંબાક, તંબાલ અથવા તમ્રાક) એક ગામ જેની મુલાકાત **મહાવીરે ગોસાલ** સાથે લીધી હતી. આ ગામમાં **ણંદિસેણ**(૩)ને ભાલો મારી મારી નાખવામાં આવેલા.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૯૧,આવનિ.૪૮૫, કલ્પવિ.પૃ.૧૬૬, કલ્પધ.પૃ.૧૦૬, આવમ. પૃ.૨૮૨.

**તક્કસેણ** (તર્કસેન) ગત **ઉસ્સપ્પિણી**માં **ભરહ**(૨) ક્ષેત્રમાં થયેલા દસ **કુલગર**માંના એક.[1] જુઓ **કજ્જસેણ**.

૧. સ્થા. ૭૬૭.

**તક્ખસિલા** (તક્ષશિલા) જ્યાં **બાહુબલિ** રાજ કરતા હતા તે **બહલી** દેશની રાજધાની. **ઉસભ**(૧)એ તેની મુલાકાત લીધી હતી. ત્યાં ઉસભે જે પગલાં પાડ્યાં હતાં તેમના ઉપર હીરાઓનું ધર્મચક્ર બાહુબલિએ સ્થાપ્યું હતું.[1] તક્ખસિલાની એકતા અટક અને રાવલપિંડીની વચ્ચે શાહ-ઘેરી નજીક આવેલાં ખંડેરો સાથે સ્થાપવામાં આવી છે.[2]

૧. આવચૂ.૧.પૃ.૧૮૦, વિશેષા.૧૭૧૪, આવનિ.૩૨૨, કલ્પશા.પૃ.૧૮૫, કલ્પધ. પૃ. ૧૫૧, કલ્પવિ.પૃ.૨૩૫, આવહ.પૃ.૧૪૭, આવમ.પૃ.૨૨૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. એજિઇ. પૃ.૧૦૪-૧૦૫.

**તક્ખસિલાયલ** (તક્ષશિલાતલ) આ અને **તક્ખસિલા** એક છે.[૧]

૧. વિશેષા.૧૭૧૪, આવનિ.૩૨૨.

**તગરા** **અયલપુર** નગરના પોતાના શિષ્ય[૧] સાથે **રાહાયરિયે** જે નગરની મુલાકાત લીધી હતી તે નગર.[૨] આ જ નગરમાં **અરહમિત્ત**(૩)એ **દત્ત**(૫) શેઠ, તેમની પત્ની **ભદ્દા**(૧) અને તેમના પુત્ર **અરહણ્ણગ**(૨)ને દીક્ષા આપી હતી.[૩] તગરા નામની જ નદીના કિનારા ઉપર આ નગર આવેલું હતું.[૪] તેની એકતા ઓસ્માનાબાદ જિલ્લામાં વહેતી તીર્ણા નદી ઉપર આવેલા તેરા નામના ગામ સાથે સ્થાપવામાં આવી છે.[૫]

૧.ઉત્તરાચૂ.પૃ.૬૨, ઉત્તરાશા.પૃ.૧૦૦.
૨.વ્યવભા.૩.૩૩૯
૩.ઉત્તરાચૂ.પૃ.૫૮, ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૯૦, મર.૪૮૯.
૪. અનુ.૧૩૦.
૫. હીરાલાલ જૈન – કરકંડચરિઉ, પ્રસ્તાવના પૃ.૪૧ થી.

**તગરાયડ** (તગરાતટ) આ અને **તગરા** એક છે.

૧. અનુ.૧૩૧, અનુહે.પૃ.૧૪૯.

**તગરી** આ અને **તગરા** એક છે.[૧]

૧. ઉત્તરાચૂ.પૃ.૬૨.

**તચ્ચાવાય** (તથ્યાવાદ) **દિટ્ઠિવાય**નું બીજું નામ.[૧]

૧. સ્થા. ૭૪૨.

**તટ્ઠ** (ત્રસ્ત) ત્રીસ **મુહુત્ત**માંનું એક.[૧]

૧. સમ.૩૦, જમ્બૂ.૧૫૨.

**તટ્ઠવ** (ત્રસ્તપ) **અણવ** **મુહુત્ત**નું બીજું નામ.[૧]

૧. સમ.૩૦.

**તત્થા** (ત્વષ્ટૃ) **ચિત્તા**(૧) નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.[૧]

૧. જમ્બૂ.૧૫૭, ૧૭૧.

**તણુતણૂઈ** (તનુતન્વી) આ અને **તણૂયતરી** એક છે.

૧. સ્થા.૬૪૮.

**તણૂઈ** (તન્વી) **ઈસિપબ્ભારા**નું બીજું નામ.[૧]

૧. સમ.૧૨.

**તણૂયતરી** (તનુકતરી) **ઈસિપબ્ભારા**નું બીજું નામ.[૧]

૧. સમ.૧૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તત્તજલા** (તપ્તજલા) **જંબુદ્દીવ**માં **સીયા** નદીની દક્ષિણે અને **મંદર**(૩) પર્વતની પૂર્વે આવેલ અન્તરનદી.[૧]

૧. સ્થા.૧૯૭, ૫૨૨, જમ્બૂ.૯૬.

**તત્તવઈ** અથવા **તત્તવતી** (તત્ત્વવતી) **સુઘોસ**(૫) નગરના રાજા **અજ્જુણ**(૩)ની પત્ની અને રાજકુમાર **ભદ્દણંદી**(૪)ની માતા.[૧]

૧. વિપા.૩૪.

**તમતમપ્પભા** (તમસ્તમઃપ્રભા) સાતમી નરકભૂમિ.[૧] **માઘવઈ** તેનું ગોત્રનામ છે.[૨] તેમાં પાંચ વિકરાળ વાસસ્થાનો છે – **કાલ**(૯), **મહાકાલ**(૬), **રોરુય**, **મહારોરુગ** અને **અપ્પઇટ્ઠાણ**.[૩]

૧. સ્થા.૬૪૮, જીવા.૬૯-૭૦, અનુ.૧૨૨, અનુહે.પૃ.૮૯-૯૦, ઉત્તરાશા.પૃ.૬૯૭.
૨. જીવા. ૬૭,
૩. સમ.૩૩, સ્થા.૪૫૧.

**તમતમા** (તમસ્તમા) આ અને **તમતમપ્પભા** એક છે.[૧]

૧. અનુ.૧૨૨.

**તમપ્પભા** (તમઃપ્રભા) છઠ્ઠી નરકભૂમિ.[૧] **મઘા**(૧) તેનું ગોત્રનામ છે.[૨]

૧. સ્થા.૬૪૮, જીવા. ૬૯-૭૦, ઉત્તરાશા. પૃ. ૬૯૭, અનુહે.પૃ.૮૯.
૨. જીવા. ૬૭.

**તમા** આ અને **તમપ્પભા** એક છે.[૧]

૧. ઉત્તરાશા.પૃ.૬૯૭.

**તમુઅ** (તમસ્ક) **વિયાહપણ્ણત્તિ**ના છઠ્ઠા શતકનો પાંચમો ઉદ્દેશક.[૧]

૧. ભગ.૨૨૯.

**તમ્મુદઅ** (તન્મોદક) **રાયગિહ**નો પાખંડીમત ધરાવતો ગૃહસ્થ.[૧]

૧. ભગ.૩૦૫.

**તયાહાર** (ત્વચાહાર) વૃક્ષની છાલ ઉપર જીવતા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.[૧]

૧. ઔપ.૩૮, નિર.૩.૩.

**તરંગવઈ** (તરઙ્ગવતી) એક લૌકિક કથા.[૧]

૧. દશચૂ.પૃ.૧૦૬,૧૦૯, વિશેષા.૧૫૧૬, નિશીચૂ.૨.પૃ.૪૧૬, ૪.પૃ.૨૬, વ્યવભા.૫.૧૭, બૃભા. ૫૬૪-૬૫.

**તરુણ તિત્થયર** **પાસ**(૧)ના તીર્થમાં થયેલા અજૈન ઋષિ જેમને **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારવામાં આવેલ છે.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ઋષિ. ૨૧, ઋષિ (સંગ્રહણી).

**તવ** (તપસ્) આ અને **તવોમગ્ગ** એક છે.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૯.

**તવણિજ્જ** (તપનીય) **રુયગવર** પર્વતના પૂર્વ ભાગનું શિખર.[1]

૧. સ્થા. ૬૪૩.

**તવોમગ્ગ** (તપોમાર્ગ) **ઉત્તરજ્ઝયણ**નું ત્રીસમું અધ્યયન.[1]

૧. સમ.૩૬, ઉત્તરાનિ.પૃ.૯.

**તાણગ** ખરાબ સોબતવાળી વ્યક્તિ.[1]

૧. મનિ.૧૦૦.

**તામલિ તામલિત્તિ** નગરના શેઠ. તે **મોરિયપુત્ત**(૨) નામે પણ જાણીતા હતા. તે સંસારનો ત્યાગ કરી શ્રમણ બન્યા અને ઉગ્ર તપ કર્યું. મૃત્યુ પછી તેમણે **ઈસાણિંદ** તરીકે જન્મ લીધો.[1]

૧. ભગ. ૧૩૪-૩૭, ૪૧૭, ઉત્તરાશા.પૃ.૬૮.

**તામલિત્ત** (તામ્રલિપ્ત) આ અને **તામલિત્તિ** એક છે.[1]

૧. વ્યવભા. ૭.૩૨.

**તામલિત્તિ** (તામ્રલિપ્તિ) **વંગ** દેશની રાજધાની. **તામલિ** શેઠ આ નગરના હતા. (જમીન અને સમુદ્ર સાથે જોડાયેલું) તે બંદર હતું.[1] તેની એકતા રૂપનારાયણ (Rupnarayan) નદીના હુગલી સાથેના સંગમથી ઉપરની બાજુએ બાર માઈલના અંતરે, રૂપનારાયણ નદીના ઉપસાગર ઉપર આવેલા તામલુક (Tamluk) સાથે સ્થાપવામાં આવી છે.[2]

૧. પ્રજ્ઞા.૩૭, ભગ.૧૩૪,સૂત્રશી.પૃ. ૧૨૩, બૃભા.૩૯૧૨, બૃક્ષે. ૩૪૨, ઉત્તરાશા. પૃ. ૬૦૫, વ્યવ. ૭.૩૨.

૨. એજિઇ. પૃ.૫૦૪.

**તામલિત્તિઆ** (તામ્રલિપ્તિકા) **ગોદાસગણ**(૨)ની ચાર શાખાઓમાંની એક.[1]

૧. કલ્પ.પૃ.૨૫૬.

**તારઅ** (તારક) વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રમાં **ભરહ**(૨) ક્ષેત્રમાં થયેલા નવ **પડિસત્તુ**માંના બીજા. તે **દુવિટ્ઠ**(૨) વડે હણાયા હતા.[1]

૧. સ્થા.૨૭૨, સમ.૧૫૮, વિશેષા.૧૭૬૭, તીર્થો. ૬૦૯.

**તારગા** (તારકા) જુઓ **તારયા**.[1]

૧. સ્થા. ૨૭૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તારય** (તારક) જુઓ **તારા**(૩).[1]

૧. સ્થા.૪૮૧, પ્રજ્ઞા.૫૦.

**તારયા** (તારકા) **જક્ખ** દેવોના બે ઇન્દ્રોમાંના એક **પુણ્ણભદ્દ**(૫)ની મુખ્ય પત્ની. **માણિભદ્દ**(૧)ની પત્નીનું પણ આ જ નામ છે.[1]

૧. ભગ. ૪૦૬, સ્થા.૨૭૩.

**૧. તારા કિષ્કિન્ધા**ના રાજા **સુગ્રીવ**ની પત્ની. તેના ખાતર રાજાને વિદ્યાધર **સાહસગતિ** સાથે યુદ્ધ કરવું પડ્યું હતું.[1]

૧. પ્રશ્નઅ.પૃ.૮૮-૮૯ (પ્રશ્ન.૧૬ ઉપર)

**૨. તારા** રાજા **કત્તવીરિય**(૧)ની પત્ની અને આઠમા **ચક્કવટ્ટિ સુભૂમ**(૧)ની માતા.[1]

૧. સમ.૧૫૮, આવનિ.૩૯૮.

**૩. તારા જોઇસ** દેવોના પાંચ વર્ગોમાંનો એક વર્ગ. તે વર્ગ તારાઓનો બનેલો છે. આ તારાઓ પૃથ્વીની સપાટીથી ઉત્કૃષ્ટ ૯૦૦ યોજનના અને જઘન્ય ૭૯૦ યોજનના અન્તરે ગતિ કરે છે. તેમની ગતિની ઝડપ સૌથી વધુ છે. દરેક તારાનું કદ યોજનનો આઠમો ભાગ છે.[1]

૧. પ્રજ્ઞા.૫૦, જમ્બૂ.૧૬૨-૭૨, સૂર્ય.૮૯-૧૦૦, જીવા.૧૯૭-૨૦૧, દેવે.૮૯-૧૨૬, અનુ.૧૩૯.

**તારાયણ** જુઓ **વિત્ત તારાયણ**.[1]

૧. ઋષિ. ૩૬.

**૧. તાલ વિયાહપણ્ણત્તિ**ના બાવીસમા શતકનો પહેલો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૬૯૧.

**૨. તાલ ગોસાલ**ના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક.[1]

૧. ભગ. ૩૩૦.

**તાલપલંબ** (તાલપ્રલમ્બ) **ગોસાલ**ના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક.[1]

૧. ભગ.૩૩૦.

**તાલપિસાય** (તાલપિશાચ) **ચંપા** નગરના શેઠ **અરહણ્ણય**(૧) જ્યારે પોતાનાં માલ ભરલાં વહાણો સાથે લવણ સમુદ્રમાં યાત્રા કરી રહ્યો હતો ત્યારે તેને રંજાડવાનો પ્રયત્ન કરનારો દેવ. દેવ વિકરાળ રૂપો ધારણ કરી શેઠને ભયંકર પરિણામોની ધમકી આપે છે પરંતુ શેઠ પોતાની શ્રદ્ધામાંથી ચલિત થતા નથી.[1]

૧. જ્ઞાતા. ૬૯.

**૧. તાવસ** (તાપસ) આચાર્ય **સંતિસેણિય**ના ચાર શિષ્યોમાંનો એક. તેણે **તાવસી**(૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રમણશાખાની સ્થાપના કરી.[1]

૧. કલ્પ.પૃ.૨૬૧-૨૬૨.

૨. **તાવસ** **કોસંબી** નગરના શેઠ. મરીને તે ભૂંડ તરીકે જન્મ્યા, પછી સર્પ તરીકે અને તે પછી પોતાના જ દીકરાના દીકરા તરીકે.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૬૩-૬૪.

૩. **તાવસ** આચાર્ય **વઈરસેણ**(૩)ના શિષ્ય. તેમણે **તાવસી**(૨) શ્રમણશાખા શરૂ કરી.[1]

૧. કલ્પ.પૃ.૨૫૫.

૪. **તાવસ** પાંચ **સમણ**(૧) સંપ્રદાયોમાંનો એક.[1] તાવસો જંગલોમાં રહેતા.[2] તેઓ ઉગ્ર તપ કરતા.[3] તે વિવિધ પ્રકારના હતા.[4]

૧.પિંડનિ.૪૪૫, બૃભા.૪૪૨૦, આચાશી.પૃ.૩૧૪,૩૨૫,સ્થાઅ. પૃ. ૯૪.
૨. પિંડનિમ.પૃ.૧૩૦, બૃચૂ.પૃ.૪૧૪.
૩. આચાશી.પૃ.૨૦૨.
૪. ભગ.૪૧૭, ઔપ.૩૮, નિર.૩.૩., ભગઅ.પૃ.૫૦.

૧. **તાવસી** (તાપસી) આચાર્ય **તાવસ**(૧)થી શરૂ થતી એક શ્રમણશાખા.[1]

૧. કલ્પ.પૃ.૨૬૨.

૨. **તાવસી** **તાવસ**(૩)એ શરૂ કરેલી એક શ્રમણશાખા.[1]

૧. કલ્પ.પૃ.૨૫૫.

**તિઊડ** (ત્રિકૂટ) **સીતા** નદીના દક્ષિણ કિનારા ઉપર આવેલો પર્વત. તે **સુવચ્છ**(૧)થી **વચ્છ**(૬) પ્રદેશને અલગ કરે છે.[1]

૧. સ્થા.૩૦૨, ૪૩૪, ૬૩૭, જમ્બૂ.૯૬.

૧. **તિંદુગ** (તિન્દુક) **સાવત્થી** નગરની બહાર આવેલું ઉદ્યાન.[1] અહીં **મહાવીર**ના પ્રથમ ગણધર **ઈંદભૂઈ**ને **તિત્થયર** **પાસ**(૧)ની પરંપરાના આચાર્ય **કેસિ**(૧) સાથે મહત્ત્વની ચર્ચા થઈ હતી.[2] મહાવીરના જમાઈ **જમાલિ**એ પોતાનો નવો સિદ્ધાન્ત અહીં પ્રવર્તાવ્યો હતો.[3] મહાવીર અહીં કેટલીય વાર આવ્યા હતા.[4]

૧.ઉત્તરા. ૨૩.૪, ઉત્તરાચૂ.પૃ.૨૬૪, આવચૂ.૧.પૃ.૪૧૯.
૨.ઉત્તરા.૨૩.૪-૮૭.
૩. નિશીચૂ.૪.પૃ.૧૦૧, વિશેષા. ૨૮૦૭.
૪. ભગ. ૯૦, ૩૮૬, ૪૩૭, ૫૪૦, આવચૂ. ૧.પૃ.૨૮૭-૮૮, ૨૯૯.

૨. **તિંદુગ** **વાણારસી** નગરની બહાર આવેલું ઉદ્યાન. તેમાં **જક્ખ** **ગંડીતેંદુગ**નું ચૈત્ય હતું. શ્રમણ **હરિએસબલ** અહીં આવ્યા હતા.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૨૦૨, ઉત્તરાશા.પૃ.૩૫૬-૫૭.

૩. **તિંદુગ** **તિંદુગ**(૨)માં આવેલું **જક્ખ** **ગંડીતેંદુગ**નું ચૈત્ય.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ઉત્તરાચૂ.પૃ.૨૦૨, ઉત્તરાશા.પૃ.૩૫૬.

**તિંદુય** (તિન્દુક) જુઓ **તિંદુગ**.[1]

૧. ઉત્તરા. ૨૩.૪.

**તિકૂડ** (ત્રિકૂટ) જુઓ **તિઊડ**.[1]

૧. સ્થા.૩૦૨, ૬૩૭.

**તિગિંછદહ** (તિગિઞ્છદ્રહ) આ અને **તિગિંછિદહ** એક છે.[1]

૧. સ્થા.૧૯૭.

**તિગિંછિકૂડ** (તિગિઞ્છિકૂટ) આ અને **તિગિચ્છકૂડ**(૨) એક છે.[1]

૧. સમ.૧૭.

**તિગિંછિદહ** (તિગિઞ્છિદ્રહ) **ણિસઢ** પર્વતની મધ્યમાં આવેલું સરોવર. તે ચાર હજાર યોજન લાંબુ, બે હજાર યોજન પહોળું અને દસ યોજન ઊંડું છે. દેવી **ધિઇ**(૧) ત્યાં વાસ કરે છે.[1]

૧. જમ્બૂ.૮૩-૮૪, સમ.૧૧૭, સ્થા.૧૯૭.૫૨૨.

**તિગિંછી** તે નગર જ્યાં રાજા **જિયસત્તુ**(૧૨)એ શ્રમણ **ધમ્મવીરિય**(૧)ને ભિક્ષા આપી હતી.[1]

૧. વિપા.૩૪.

**તિગિચ્છ** **પાણત**નું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીસ સાગરોપમ વર્ષનું છે, તે દેવો વીસ પખવાડિયે એક જ વાર શ્વાસ લે છે અને વીસ હજાર વર્ષે એક જ વાર તેમને ભૂખ લાગે છે.[1]

૧. સમ.૨૦

૧. **તિગિચ્છકૂડ** (તિગિચ્છકૂટ) **સિહરિ** પર્વતના બાર શિખરોમાંનું એક.[1]

૧. જમ્બૂ.૧૧૧, સ્થા. ૫૨૨.

૨. **તિગિચ્છકૂડ** **અરુણોદ** સમુદ્રમાં આવેલો પર્વત જ્યાં **અસુરકુમાર** દેવોનો ઇન્દ્ર **ચમર** ઊતરે છે.[1]

૧. સ્થા.૭૨૮, સ્થાઅ.પૃ.૩૭૬, સમ.૧૭, ભગ.૧૧૬.

**તિગિચ્છદહ** (તિગિચ્છદ્રહ) જુઓ **તિગિંછિદહ**.[1]

૧. સ્થા.૫૨૨.

**તિગિચ્છિકૂડ** આ અને **તિગિચ્છકૂડ** એક છે.[1]

૧. સ્થા.૭૨૮, જમ્બૂ.૧૧૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તિગિચ્છિદહ** અથવા **તિગિચ્છિદહ** (તિગિચ્છિદ્રહ) આ અને **તિગિંછિદહ** એક છે.[૧]

૧. સમ. ૧૧૭, જમ્બૂ.૮૩.

**તિગિચ્છિયકૂડ** (તિગિચ્છિકકૂટ) આ અને **તિગિચ્છકૂડ**(૨) એક છે.[૧]

૧. ભગ.૧૧૬.

**તિત્તિય** (તિત્તિક) એક **અણારિય** (અનાર્ય) દેશ અને તેના વાસીઓ.[૧]

૧. પ્રશ્ન.૪.

**તિત્થંકર** (તીર્થઙ્કર) જુઓ **તિત્થયર.**[૧]

૧. આવનિ.૭૫, પ્રશ્ન.૨૨.

**તિત્થકર** (તીર્થકર) જુઓ **તિત્થયર.**[૧]

૧. ભગ.૫૫૪, સમ.૨૪, આવચૂ.૨.પૃ.૨૫૮.

**તિત્થગર** (તીર્થકર) જુઓ **તિત્થયર.**[૧]

૧. ભગ.૬૭૭, જમ્બૂ.૩૪, નન્દિ.૧૯, સમ.૧૫૯, આવચૂ.૧.પૃ.૨૩૯.

**તિત્થયર** (તીર્થકર) જે તીર્થની અર્થાત્ ચતુર્વિધ સંઘની (સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર અંગોવાળા સંઘની) સ્થાપના કરે છે અને ઉપદેશને – **પવયણ**ને પ્રકાશે છે તે તિત્થયર છે.[૧] તે અર્થતઃ ધર્મનો ઉપદેશ આપે છે અને તેમના **ગણધરો** તેમના ઉપદેશને **સુત્ત**નું રૂપ આપે છે.[૨] તેમની વાણી બધા સમજે છે કારણ કે તે વાણી શ્રોતાઓની પોતપોતાની ભાષામાં સ્વતઃ પરિણત થઈ જાય છે.[૩] જે પોતાના પૂર્વભવમાં તીર્થંકરનામકર્મ બાંધે છે તે તીર્થંકર બને છે.[૪] તે ક્ષત્રિય જેવા ઉચ્ચકુળમાં જન્મ લે છે, કદી નીચ કુળમાં જન્મ લેતા નથી.[૫] માતા ગર્ભ ધારણ કરે છે ત્યારે તીર્થંકરના જન્મનું સૂચન પહેલેથી જ માતાને આવેલાં ચૌદ સ્વપ્નો દ્વારા થઈ જાય છે.[૬] તીર્થંકરને જન્મસમયે જ ત્રણ પ્રકારનાં જ્ઞાનો (મતિ-શ્રુત-અવધિ) હોય છે.[૭] અને જ્યારે તે શ્રમણ બને છે ત્યારે તેમનામાં ચોથું જ્ઞાન અર્થાત્ મનઃપર્યાયજ્ઞાન પ્રગટે છે.[૮] શરીરરચના, શરીરાકૃતિ, વર્ણ, જ્ઞાન, બળ, નીડરપણું, વીરતા, વગેરે બધી બાબતોમાં તે **ચક્કવટ્ટિ, બલદેવ**(૨) અને **વાસુદેવ**(૧)થી પણ ઉત્કૃષ્ટ છે.[૯] તે **સયંબુદ્ધ**(૧) (પોતાની મેળે અર્થાત્ અન્યની અપેક્ષા વિના સ્વયં બોધિ પ્રાપ્ત કરનાર) છે.[૧૦] તે ચોત્રીસ અતિશયોથી (અલૌકિક વસ્તુઓથી) યુક્ત છે.[૧૧] તેમના જીવનનાં ચ્યવન, જન્મ, સંસારત્યાગ (નિષ્ક્રમણ), કેવલજ્ઞાનપ્રાપ્તિ અને નિર્વાણપ્રાપ્તિ ઉજવવા માટે દેવો સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર ઊતરી આવે છે, સ્તુતિ કરે છે, સેવાપૂજા કરે છે, કિંમતી ચીજો અને પુષ્પોની વર્ષા કરે છે, તેમને સ્નાન કરાવવાનો વિધિ (સ્નાત્રવિધિ) કરે છે, શ્રોતૃખંડની (સમોસરણની) રચના કરે છે અને તેમની મહાનંતા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અલૌકિકતામાં વધારો કરે એવી બીજી ઘણી બધી વસ્તુઓ કરે છે.[12] તે સમાધિમરણની વિધિ યા પ્રક્રિયા કરે છે અને મોક્ષ પામે છે.[13] તેમને સંખ્યાબંધ વિશેષણોથી સંબોધવામાં આવ્યા છે – જેવાં કે આદિકર, લોકપ્રદીપ, ધર્મવરચાતુરાન્તચક્રવર્તિન્, બુદ્ધ[14] અને ધર્માચાર્ય.[15]

**ઉસ્સપ્પિણી** અને **ઓસપ્પિણી**ના પ્રત્યેક કાલચક્રમાં **ભરહ**(૨)માં ચોવીસ તિત્થયર થાય છે તેમ જ **એરવય**(૧) ક્ષેત્રમાં પણ ચોવીસ તિત્થયર થાય છે.[16] તે ચોવીસમાંથી તેવીસ **દૂસમસુસમા** અરમાં જન્મ લે છે જ્યારે એક **સુસમદૂસમા** અરમાં જન્મ લે છે.[17] આખા **સમયખેત્ત**માં ઓછામાં ઓછા વીસ અને વધુમાં વધુ એક સો સિત્તેર તિત્થયર વિદ્યમાન હોય છે.[18] એકલા **જંબુદીવ**માં જ ઓછામાં ઓછા ચાર (ચારે ચાર મહાવિદેહમાં) અને વધુમાં વધુ ચોત્રીસ [ એક એરવય(૧)માં, એક ભરહ(૨)માં અને **મહાવિદેહ**ના બત્રીસ **વિજય**(૨૩) અર્થાત્ પ્રદેશોમાંથી દરેકમાં એક એક એમ ચોત્રીસ] તિત્થયર વિદ્યમાન હોય છે.[19]

પ્રથમ અને અંતિમ તિત્થયરે પંચયામ (પાંચ વ્રતો) અને અચેલધર્મ (નગ્નતા)નો ઉપદેશ આપેલ છે જ્યારે બાકીના તિત્થયરોએ ચાતુર્યામ (ચાર વ્રતો) અને સચેલ ધર્મ (વસ્ત્રધારણ)નો ઉપદેશ આપેલ છે.[20] આ જ વાત એરવય(૧)ની બાબતમાં પણ સાચી છે અને બન્ને કાલચક્રની બાબતમાં પણ સાચી છે.[21] પરંતુ મહાવિદેહમાં તો સદાકાળ ચાતર્યામધર્મ જ પ્રવર્તે છે.[22] ભરહ(૨)ના ચોવીસમાંથી ઓગણીસ તિત્થયરે વિવાહિત જીવન ગાળ્યા પછી સંસારત્યાગ કર્યો હતો[23] અને તેમાંના ત્રણ તો ચક્કવટ્ટિ પણ હતા.[24] ચોવીસમાંથી વીસ તિત્થયર **સમ્મેય** પર્વત ઉપર મોક્ષ પામ્યા હતા.[25]

આ ચોવીસ તિત્થયર અંગે વધારાની જે બાબતોની સામાન્ય માહિતી મળે છે તે બાબતો નીચે આપી છે – તેમનો ચક્કવટ્ટિઓ, બલદેવો(૨) અને વાસુદેવો(૧) સાથે કાલક્રમાનુસારી સંબંધ,[26] તેમના પૂર્વભવો,[27] જે સ્વર્ગોમાંથી ચ્યવી માતૃગર્ભમાં આવ્યા હોય તેમનાં નામ,[28] તેમનું કુટુંબ યા કુળ,[29] તેમનાં માતાપિતા,[30] જન્મસ્થાન,[31] વર્ણ(રંગ),[32] ઉંમર,[33] ઊંચાઈ[34], તેમના વિવાહિત જીવનનો કાળખંડ,[35] તેમની દીક્ષાનાં સ્થાન, સમય અને પ્રકાર,[36] તે સમયે તેમણે ઉપયોગમાં લીધેલ પાલખી,[37] તેમની સાથે દીક્ષિત થનારની સંખ્યા,[38] તે પ્રસંગે તેમણે કરેલું તપ,[39] પ્રથમ ભિક્ષાનાં સ્થાન, સમય અને દાતા[40], કેવલજ્ઞાનપ્રાપ્તિની તિથિ અને સ્થાન,[41] તેમની સાથે જોડાયેલાં પવિત્ર વૃક્ષો,[42] તેમના પ્રથમ ઉપદેશનું અને તીર્થ સ્થાપનાનું સ્થાન[43], તેમના આજ્ઞાવર્તી ગણો અને ગણધરોની સંખ્યા[44], તેમનાં પ્રથમ શિષ્ય-શિષ્યા અને પ્રથમ ઉપાસક-ઉપાસિકા,[45] તેમના શ્રમણ સંઘનું સંખ્યાબળ,[46] તેમનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતિમ તપ,[૪૭] તેમનું નિર્વાણસ્થાન,[૪૮] તેમની સાથે મોક્ષે જનારની સંખ્યા, [૪૯] તેમનાં પાંચ કલ્યાણકોના પ્રસંગોએ નક્ષત્રોની સ્થિતિ (કલ્યાણકનક્ષત્રો)[૫૦] અને તિત્થયરો વચ્ચેનો સમયગાળો.[૫૧]

વર્તમાન **ઓસપ્પિણી**માં **ભરહ**(૨) ક્ષેત્રમાં થયેલા ચોવીસ તિત્થયર નીચે પ્રમાણે છે.[૫૨]– (૧) **ઉસભ**(૧), (૨) **અજિય**, (૩) **સંભવ**(૧), (૪) **અભિણંદણ**, (૫) **સુમઈ**(૭), (૬) **પઉમપ્પભ** અથવા **સુપ્પભ**, (૭) **સુપાસ**(૧), (૮) **ચંદપ્પભ**(૧) અથવા **સસિ**(૧) અથવા **પુપ્ફદંત**, (૯) **સુવિધિ**, (૧૦) **સીયલ**, (૧૧) **સેજ્જંસ**(૧), (૧૨) **વાસુપુજ્જ**, (૧૩) **વિમલ**(૧), (૧૪) **અણંત** અથવા **અણંતઈ**, (૧૫) **ધમ્મ**(૩), (૧૬) **સંતિ**, (૧૭) **કુંથુ**(૧), (૧૮) **અર**, (૧૯) **મલ્લિ**(૧), (૨૦) **મુણિસુવ્વય**(૧), (૨૧) **ણમિ**(૧), (૨૨) **અરિટ્ઠણેમિ** અથવા **ણેમિ**, (૨૩) **પાસ**(૧) અને (૨૪) **મહાવીર** અથવા **વદ્ધમાણ**. નીચે જણાવેલા ચોવીસ ભાવી તિત્થયરો ભરહ(૨) ક્ષેત્રમાં આવતા ઉસ્સપ્પિણી કાલચક્રમાં જન્મ લેશે[૫૩]– (૧) **મહાપઉમ**(૧૦), (૨) **સૂરદેવ**, (૩) **સુપાસ**(૪), (૪) **સયંપભ**(૩), (૫) **સવ્વાણુભૂઈ**(૧), (૬) **દેવસ્સુય** અથવા **દેવગુત્ત**(૩), (૭) **ઉદય**(૬), (૮) **પેઢાલપુત્ત**(૧), (૯) **પોટ્ટિલ**(૧), (૧૦) **સત્તકિત્તિ**(૧), (૧૧) **મુણિસુવ્વય**(૨), (૧૨) **સવ્વભાવવિઉ** અથવા **સવ્વભાવવિહંજણ**, (૧૩) **અમમ**(૨), (૧૪) **ણિક્કસાય**, (૧૫) **ણિપ્પુલાઅ**, (૧૬) **ણિમ્મમ**, (૧૭) **ચિત્તઉત્ત**, (૧૮) **સમાહિ**(૧), (૧૯) **સંવર**(૨), (૨૦) **અણિયટ્ટિ**(૧), (૨૧) **વિજય**(૮) અથવા **વિવાગ**, (૨૨) **વિમલ**(૨), (૨૩) **દેવોવાય[અ]** અને (૨૪) **અણંતવિજય**(૧).

વર્તમાન ઓસપ્પિણીમાં એરવય(૧) ક્ષેત્રમાં થયેલા ચોવીસ તિત્થયર નીચે પ્રમાણે છે[૫૪] – (૧) **ચંદાણણ** અથવા **બાલચંદાણણ**, (૨) **સુંચદ**, (૩) **અગ્ગિસેણ**(૧), (૪) **ણંદિસેણ**(૨), (૫) **ઇસિદિણ્ણ**, (૬) **વયધારિ**, (૭) **સોમચંદ**(૧), (૮) **જુત્તિસેણ** અથવા **દીહસેણ**(૩), (૯) **અજિયસેણ**(૪) અથવા **સયાઉ**(૩), (૧૦) **સિવસેણ** અથવા **સચ્ચઈ**(૨), (૧૧) **દેવસમ્મ**(૧) અથવા **જુત્તિસેણ**, (૧૨) **ણિક્ખિત્તસત્થ** અથવા **સેજ્જંસ**(૫), (૧૩) **અસંજલ** અથવા **સીહસેણ**(૪), (૧૪) **અણંતય** અથવા **સંજમ**(૨), (૧૫) **ઉવસંત**, (૧૬) **ગુત્તિસેણ** અથવા **દીહસેણ**(૪), (૧૭) **અતિપાસ** અથવા **મહાહિલોગબલ**, (૧૮) **સુપાસ**(૩) અથવા **અઈપાસ**, (૧૯) **મરુદેવ**(૧) અથવા **મરુદેવી**(૨), (૨૦) **ધર**(૧), (૨૧) **સામકોટ્ઠ**, (૨૨) **અગ્ગિસેણ**(૨), (૨૩) **અગ્ગિઉત્ત** અથવા **અગ્ગિદત્ત**(૨) અને (૨૪) **વારિસેણ**. એરવય(૧)ના ભાવી તિત્થયર નીચે પ્રમાણે છે – (૧) **સુમંગલ**(૧), (૨) **સિદ્ધત્થ**(૨), (૩) **ણિવ્વાણ**, (૪) **મહાજસ**(૨), (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધમ્મજ્ઝય** અથવા **અત્થસિદ્ધ**, (૬) **સિરિચંદ**(૧), (૭) **પુપ્ફકેઉ**(૩), (૮) **મહાચંદ**(૫), (૯) **સુયસાગર**, (૧૦) **પુણ્ણઘોસ** અથવા **દઢકેઉ**, (૧૧) **મહાઘોસ**, (૧૨) **સચ્ચસેણ** અથવા **દીહપાસ**, (૧૩) **સૂરસેણ**(૧), (૧૪) **મહાસેણ**, (૧૫) **સવ્વાણંદ**, (૧૬) **દેવઉત્ત**, (૧૭) **સુપાસ**(૨), (૧૮) **સુવ્વય**(૧), (૧૯) **સુકોસલ**(૧), (૨૦) **અણંતવિજય**, (૨૧) **વિમલ**(૩), (૨૨) **ઉત્તર**(૨), (૨૩) **મહાબલ**(૩) અને (૨૪) **દેવાણંદ**.[૫૫]

૧. ભગ.૬૮૧, વિશેષા.૧૦૩૭, ૧૦૪૦, ૧૦૫૨, સૂત્રચૂ.પૃ.૩, આવચૂ.૧.પૃ. ૮૫, સૂત્રશી.પૃ.૨, આચાશી.પૃ.૧૧, સ્થાઅ.પૃ.૯૯, ભગઅ.પૃ.૮, નન્દિમ. પૃ.૨૧, બૃમ.પૃ.૩, પાક્ષિય.પૃ.૩. કલ્પવિ.પૃ.૩૦.

૨. સૂત્રનિ.૧, ૧૮, આવનિ.૯૦-૯૧, નન્દિહ.પૃ.૮૮.

૩. આવનિ.૫૭૮, આવચૂ.૧.પૃ.૩૩૧, ઔપ.૩૪.

૪. ઉત્તરા.૨૯.૪૩, જ્ઞાતા.૬૪, આવનિ. ૭૪૩, આવચૂ.૧.પૃ.૨૩૫, વિશેષા. ૧૮૧૮-૨૦.

૫. વિશેષા.૧૮૪૬, કલ્પ.૧૭-૧૮, આવચૂ.૧.પૃ.૨૩૯.

૬. ભગ.૪૨૮, ૫૭૮, વિશેષા.૧૮૫૨.

૭. જ્ઞાતા.૬૫, દેવે.૨૩૯, વિશેષા. ૧૮૫૩, આવભા.૧૧૦.

૮. વિશેષા.૧૯૧૦, આવભા.૧૧૦.

૯. આવનિ.૭૫, ૫૭૨, આવચૂ.૧. પૃ.૩૩૦.

૧૦. આવનિ.૨૧૨.

૧૧. ભગ.૩૮૦, સમ.૩૪, આવનિ. ૬૪૨ (ગાથા ૫), ચતુ:૧૮.

૧૨. આચા.૨.૧૭૬-૭૯, જ્ઞાતા.૬૫, ૭૬-૭૭, ભગ.૫૦૪, જમ્બૂ.૧૧૨-૧૨૩, આવનિ.૨૧૨-૨૨૦, ૨૬૫, ૫૪૦-૪૧, બૃભા.૧૧૭૭-૯૫, આવચૂ.૧.પૃ.૧૩૫-૧૫૧, ૨૫૦થી, ૧૮૧, ૩૨૫થી, કલ્પવિ.પૃ.૧૨, તીર્થો. ૧૯૬થી, ૪૨૫થી.

૧૩. વ્યવભા.૧૦.૫૨૫, જીતભા.૪૬૯.

૧૪. ભગ.૫, જ્ઞાતા.૫, પ્રશ્ન.૨૨, ૨૯, વ્યવભા.૭.૨૭૧.

૧૫. વ્યભા.૧૨.પૃ.૧૧૨, ગાથા.૧૩૨-૩૩.

૧૬. સમ.૧૫૭, ૧૫૯, તીર્થો.૩૧૪, ૧૧૧૧, ૧૧૧૬.

૧૭. જમ્બૂ.૩૪, ૪૦, આવચૂ.૧.પૃ.૧૩૫, જમ્બૂશા.પૃ.૧૬૬, ૧૭૭.

૧૮. આવચૂ.૨.પૃ.૨૫૮, આચાશી. પૃ. ૧૭૮.

૧૯. જમ્બૂ.૧૧૨, ૧૭૩, સમ.૩૪, સ્થા. ૩૦૨.

૨૦. ભગ.૬૭૭, સમ.૨૪, ૧૫૭, નન્દિ. ૧૮-૧૯, વિશેષા.૧૭૫૮.

૨૧. ઉત્તરા.૨૩.૧૨, ૧૩, સ્થા.૨૬૬, આવનિ.૨૩૬, બૃભા.૬૩૬૯, આવચૂ.૨.પૃ.૬૨.

૨૨. સ્થા. ૨૬૬.

૨૩. સમ.૧૯, આવનિ.૨૨૧, ૨૨૨, સમઅ. પૃ.૩૭.

૨૪. સ્થા.૨૩૧, આવનિ.૨૨૩.

૨૫. આવનિ.૩૦૭.

૨૬. આવનિ.૪૧૭, ૪૨૨, વિશેષા.૧૭૬૯થી, આવચૂ.૧.પૃ.૨૧૭.

૨૭. સમ.૧૫૭.

૨૮. તીર્થો.૩૦૬.

૨૯. આવનિ.૩૮૧, તીર્થો.૩૮૧-૮૨.

૩૦. સમ.૧૫૭, ભગ.૨૦૩, આવનિ.૩૮૫-૮૮, તીર્થો. ૪૬૩થી.

૩૧. આવનિ.૩૮૨-૩૮૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૨. સ્થા.૧૦૮, આવનિ.૩૭૬-૭૭, તીર્થો. ૩૩૬થી.
૩૩. આવનિ.૩૦૨-૩૦૫, તીર્થો. ૩૩૬થી.
૩૪. આવનિ.૩૭૮-૮૦.
૩૫. આવનિ. ૨૨૬, ૨૯૯.
૩૬. આવનિ.૨૨૭, ૨૨૯, ૨૩૧, ૨૩૨, ૨૩૭, સમ.૧૫૭, તીર્થો.૩૮૪.
૩૭. સમ.૧૫૭.
૩૮. આવનિ.૨૨૪-૨૫, સમ.૧૦૯, ૧૫૭, સ્થા.૨૨૯, ૫૨૦.
૩૯. આવનિ.૨૨૮.
૪૦. સમ.૧૫૭, આવનિ.૩૧૯-૨૦, ૩૨૩-૩૨૯.
૪૧. આવનિ.૨૪૧-૫૪, તીર્થો.૪૦૨થી.
૪૨. સમ.૧૫૭.
૪૩. આવનિ.૨૬૫, તીર્થો. ૪૨૫થી.
૪૪. આવનિ.૨૬૬-૨૬૯.
૪૫. સમ.૧૫૭, ભગ.૨૦૩, આવમ.પૃ. ૨૦૮-૯.
૪૬. આવનિ.૨૫૬-૬૪.
૪૭. આવનિ.૩૦૬, તીર્થો. ૫૪૮થી.
૪૮. આવનિ.૩૦૭, તીર્થો. ૫૫૧.
૪૯. આવનિ.૩૦૮-૩૧૧.
૫૦. સ્થા. ૪૧૧.
૫૧. આવનિ.(દીપિકા) પૃ.૮૧-૮૨, તીર્થો. ૪૮૮થી. આપણને આવી વધારાની માહિતી ત્રિલોકપ્રજ્ઞપ્તિ અને સપ્તતિશતસ્થાન-પ્રકરણમ્‌માં મળે છે.
૫૨. સમ.૧૫૭, આવનિ.૩૭૦-૭૧, વિશેષા. ૧૭૫૮-૫૯, તીર્થો.૩૧૪થી.
૫૩. સમ.૧૫૯, તીર્થો.૧૧૧૧-૧૫.
૫૪. સમ.૧૫૯, તીર્થો.૩૧૪-૩૫, ૫૧૯-૪૬.
૫૫. સમ.૧૫૯. તિત્થોગાલી(૧૧૧૭-૨૧) પ્રમાણે નામોનો ક્રમ એકસરખો નથી (વિગતો માટે જુઓ તે તે વિશેષનામ નીચેની નોંધ) અને વળી તિત્થોગાલીમાં દીહપાસના નામ પછી એક આખી ગાથા છૂટી ગઈ જણાય છે, તેથી કેવળ વીસ જ નામો આપવામાં આવ્યાં છે.

**તિત્થોગાલી** (તીર્થોદ્‌ગાલી) આ એક આગમિક પ્રકરણ ગ્રન્થ છે. તે પદ્યમય છે. તેમાં કુલ ૧૨૫૭ ગાથાઓ છે. તેનો ઉલ્લેખ વ્યવહારભાષ્યમાં મળે છે.[૧] ગ્રન્થના આદિમાં **તિત્થયર ઉસભ**(૧) વગેરેને વંદન કરવામાં આવ્યા છે.[૨] ત્યાં કહેવામાં આવ્યું છે કે આગમોનો અર્થતઃ ઉપદેશ **મહાવીરે રાયગિહ**ના **ગુણસીલ** ઉદ્યાનમાં આપ્યો હતો.[૩] આ ગ્રન્થમાં નીચેના વિષયોનું નિરૂપણ છે – કાલ અને તેના વિવિધ ભેદો[૪], સ્વપ્નો અને તેમનું અર્થઘટન[૫], ઉસભ(૧) અને તેમનું કુળ[૬], **ચક્કવટ્ટિ** ભરહ(૧) અને અન્ય[૭], તિત્થંકરો અને તેમના વંશ આદિ[૮], વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રનું ભવિષ્ય અને તે અંગેના કેટલાંક મહત્ત્વનાં ભવિષ્યકથનો[૯], વિવિધ આગમગ્રન્થોનો ક્રમિક વિચ્છેદ ક્યારે ક્યારે થશે તેનું સ્પષ્ટ કથન[૧૦], દસ આશ્ચર્યો[૧૧], ભાવી તિત્થંકરો ઈત્યાદિ.[૧૨] તેમાં તીર્થંકરોની માતાને આવતાં ચૌદ સ્વપ્નોનો ઉલ્લેખ છે.[૧૩] તેમાં સ્ત્રીમુક્તિનું સમર્થન છે.[૧૪] આવશ્યકનિર્યુક્તિની ઘણી ગાથાઓ તેમાં આવે છે.[૧૫] નન્દિસૂત્રગત સંઘસ્તુતિનું તેમાં અવતરણ છે.[૧૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. વ્યવભા. ૧૦.૭૦૪.
૨. તીર્થો. ૧-૪.
૩. એજન. ૫.
૪. એજન. ૭થી.
૫. એજન. ૧૦૦થી.
૬. એજન. ૨૮૦થી.
૭. એજન. ૩૦૩થી.
૮. એજન. ૩૦૬થી.
૯. એજન. ૬૧૭થી.
૧૦. એજન. ૬૯૭થી. બૌદ્ધ પિટકોના ક્રમિક વિચ્છેદનું વર્ણન બૌદ્ધોના અનાગતવંશ નામના ગ્રન્થમાં છે. જુઓ 'Vedantic Buddhism of the Buddha" by J. G. Jennings, પૃ. ૪૩૯.
૧૧. તીર્થો. ૮૮૭થી.
૧૨. એજન. ૧૦૨૩થી.
૧૩. એજન. ૧૦૦, ૧૦૨૪.
૧૪. એજન. ૫૫૬.
૧૫. એજન. ૭૦થી, ૩૮૩થી વગેરે.
૧૬. એજન. ૮૪૮થી.

**તિમિસગુહા** (તિમિસ્રગુહા) **વેયડ્ઢ**(૨) પર્વતની ગુફા.[૧] તે પચાસ યોજન લાંબી, બાર યોજન પહોળી અને આઠ યોજન ઊંચી છે.[૨] **કયમાલઅ** દેવ તેનો અધિષ્ઠાતા દેવ છે.[૩] **ચક્કવટ્ટિ**ની સેનાની ઉત્તર ભરહ(૨)થી દક્ષિણ ભરહ(૨) તરફ જતી વિજયયાત્રાનું તે પ્રવેશદ્વાર છે.[૪]

૧. જમ્બૂ. ૧૨, ૫૧, ૭૪.
૨. જમ્બૂ. ૧૨, સમ. ૫૦, સ્થા. ૬૩૬,
૩. જમ્બૂ. ૧૪, ૫૧.
૪. જમ્બૂ. ૫૫, આવચૂ. ૧. પૃ. ૧૯૦થી.

**તિમિસગુહાકૂડ** (તિમિસ્રગુહાકૂટ) ભરહ(૨) ક્ષેત્રમાં **વેયડ્ઢ**(૨) પર્વતનું શિખર.[૧] **કયમાલઅ** દેવ તેના ઉપર વાસ કરે છે.[૨] આ જ નામનાં શિખરો બીજાં ક્ષેત્રોમાં પણ છે.[૩]

૧. જમ્બૂ. ૧૨. ૨. જમ્બૂ. ૧૪. ૩. જમ્બૂ. ૯૩, સ્થા. ૬૮૯.

**તિમિસ્સગુહા** (તિમિસ્રગુહા) જુઓ **તિમિસગુહા**.[૧]

૧. સમ. ૫૦, જમ્બૂ. ૫૫.

**તિરિયજંભગ** (તિર્યગ્જૃંભક) આ અને જંભગ એક છે [૧]

૧. કલ્પ. ૮૮.

**તિલ** અઠ્યાસી ગહમાંનો એક.[૧]

૧. સૂર્ય. ૧૦૭, સ્થા. ૯૦, જમ્બૂશા. પૃ. ૫૩૪-૩૫, સૂર્યમ. પૃ. ૨૯૫-૯૬, સ્થાઅ. પૃ. ૭૮-૭૯.

**તિલઅ** (તિલક) ભરહ(૨) ક્ષેત્રના પ્રથમ ભાવી **પડિસત્તુ**.[૧]

૧. સમ. ૧૫૯, તીર્થો. ૧૧૪૬.

**તિલપુપ્ફવણ્ણ** (તિલપુષ્પવર્ણ) અઠ્યાસી ગહમાંનો એક.[૧]

૧. સ્થા. ૯૦, સૂર્ય. ૧૦૭, જમ્બૂશા. પૃ. ૫૩૪-૩૫, સ્થાઅ. પૃ. ૭૮-૭૯, સૂર્યમ. ૨૯૫-૯૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧. તિવિટ્ઠ** (ત્રિપૃષ્ઠ) વર્તમાન **ઓસપ્પિણી**ના પ્રથમ **વાસુદેવ**(૧) અને **બલદેવ**(૨) **અચલ**(૬)ના ભાઈ. તે **પોયણપુર**ના રાજા **રિવુપડિસત્તુ** [**પયાવઇ**(૧)] અને તેની રાણી **મિયાવઈ**નો પુત્ર હતો, આ મિયાવઈ રિવુપડિસત્તુની પોતાની જ પુત્રી હતી અર્થાત્ તેણે પોતાની જ પુત્રીને પોતાની રાણી બનાવી હતી.[1] તિવિટ્ઠની ઊંચાઈ એંસી ધનુષ હતી.[2] તેણે તે જ ઓસપ્પિણીના પ્રથમ **પડિસત્તુ આસગ્ગીવ**ને યુદ્ધમાં હરાવ્યા હતા.[3] આ તિવિટ્ઠ તે અગિયારમા **તિત્થયર સિજ્જંસ**(૧)નો સમકાલીન, તિત્થયર મહાવીરનો પૂર્વભવ હતો.[4] તિવિટ્ઠ તેના પૂર્વભવમાં **વિસ્સભૂઇ** હતો,[5] **મહુરા**(૧)માં વિસ્સભૂઇએ જે નિદાન કર્યું તેનું કારણ એક ગાય હતી.[6] તિવિટ્ઠ ચોરાસી લાખ વર્ષનું આયુષ્ય ભોગવી મરીને સાતમી નરકે ગયો.[7]

૧. સમ.૧૫૮, આવભા.૪૦, સ્થા.૬૭૨, આવચૂ.૧.પૃ.૨૩૨-૩૫, તીર્થો.૫૬૬-થી, ૬૦૨, ૬૦૩, આવનિ.૪૦૮-૧૧, ૪૪૮, વિશેષા.૧૭૮૮, ૧૮૧૪, કલ્પધ. પૃ.૩૬થી.
૨. સમ.૮૦, આવનિ.૪૦૩.
૩. સમ.૧૫૮, આવચૂ.૧.પૃ.૨૩૨-૩૪.
૪. તીર્થો.૪૭૪.
૫. સમ.૧૫૮, તીર્થો.૬૦૫.
૬. સમ.૧૫૮, સમઅ.પૃ.૧૫૮, તીર્થો. ૬૦૯.
૭. સમ.૮૪, ૧૫૮, તીર્થો.૬૧૫.

**૨. તિવિટ્ઠ** ભરહ(૨) ક્ષેત્રના નવમા ભાવી **વાસુદેવ**(૧).[1]

૧. સમ.૧૫૯, તીર્થો.૧૧૪૩.

**તિવિટ્ઠુ** (ત્રિપૃષ્ઠ) આ અને **તિવિટ્ઠ** એક છે.[1]

૧. સમ.૧૫૯, સૂત્રચૂ.પૃ.૩૪૧, વિશેષા.૧૭૮૮, આવહ.પૃ.૨૨૬, તીર્થો.૪૭૪.

**તિસલા** (ત્રિશલા) **વેસાલી**ના રાજા **ચેડગ**ની બેન,[1] **ખત્તિયકુંડગ્ગામ**ના રાજા **સિદ્ધત્થ**(૧)ની પત્ની[2] અને **મહાવીર**ની માતા.[3] તે **વાસિટ્ઠ** ગોત્રની હતી.[4] તે **વિદેહદિણ્ણા** અને **પિયકારિણી** નામે પણ જાણીતી હતી.[5]

૧. આવચૂ.૧.પૃ.૨૪૫.
૨. કલ્પ.૨૧, વિશેષા.૧૮૪૯.
૩. આચા.૨.૧૭૬, તીર્થો. ૪૮૭. કલ્પ.૨૧, સમ.૧૫૭.
૪. આવચૂ.૧.પૃ.૨૬૭, કલ્પ.૨૧.
૫. આચા.૨.૧૭૭, કલ્પ.૧૦૯.

**તિસિલા** (ત્રિશલા) આ અને **તિસલા** એક છે.[1]

૧. તીર્થો.૪૮૭.

**તીસઅ**(તિષ્યક) **મહાવીર**નો શિષ્ય. મૃત્યુ પછી તે પ્રથમ સ્વર્ગભૂમિમાં સામાનિક દેવ તરીકે જન્મ્યો.[1]

૧. ભગ.૧૩૦.

**તીસગુત્ત** (તિષ્યગુપ્ત) આચાર્ય **વસુ**(૩)નો શિષ્ય.[1] તે બીજો **ણિણ્હવ** હતો, તેણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહાવીર**ની કેવલજ્ઞાનપ્રાપ્તિ પછી સોળ વર્ષ પછી **રાયગિહ**માં[2] **જીવપએસિય**નો સિદ્ધાન્ત પ્રવર્તાવ્યો.[3] આ સિદ્ધાન્ત મુજબ જીવના અસંખ્યાત પ્રદેશોમાંથી કેવળ છેલ્લો પ્રદેશ જ ચેતના ધરાવે છે.[4] **મિત્તસિરી**એ તેમની આ ગેરસમજ **આમલકપ્પા** નગરમાં દૂર કરી.[5]

૧. આવભા.૧૨૮, નિશીભા.૫૫૯૮, આવચૂ.૧.પૃ.૪૨૦, આવહ.પૃ. ૩૧૪.
૨. તે ઉસભપુર(૧) નામે પણ જાણીતું હતું.
૩. આવનિ.૭૮૦, વિશેષા.૨૮૦૨, ૨૮૩૪-૩૫, સ્થા.૫૮૭, ઉત્તરાક.પૃ. ૧૦૪.
૪. ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૧૫૮થી.
૫. આવભા.૧૨૮.

**તીસભદ્દ** (તિષ્યભદ્ર) **સંભૂઇવિજય**(૪)ના બાર શિષ્યોમાંનો એક.[1]

૧. કલ્પ.પૃ.૨૫૬.

**તીસમહાસુમિણ** (ત્રિંશદ્મહાસ્વપ્ન) **દોગિદ્ધિદસા**નું છઠ્ઠું અધ્યયન.[1]

૧. સ્થા. ૭૫૫.

**તીસમોહણિજ્જટ્ઠાણ** (ત્રિંશદ્મોહનીયસ્થાન) **આયારદસા**નું નવમું અધ્યયન.[1]

૧. સ્થા.૭૫૫.

**૧. તુંગિય** (તુઙ્ગિક) **સેજ્જંભવ** આચાર્યના શિષ્ય **જસભદ્દ**(૨)નો વંશ.[1] તે **તુંગિયાયણ** તરીકે પણ જાણીતો છે.[2]

૧. નન્દિ.ગાથા.૨૪, નન્દિમ.પૃ.૪૯. ૨. કલ્પવિ.પૃ.૨૫૦.

**૨. તુંગિય** **વચ્છ**(૧) પ્રદેશમાં આવેલો સંનિવેશ. તે **મહાવીર**ના દસમા ગણધર **મેયજ્જ**(૧)નું જન્મસ્થાન હતું.[1]

૧. આવનિ.૬૪૬, વિશેષા.૨૫૦૭.

**તુંગિયા** (તુઙ્ગિકા) **રાયગિહ** પાસે આવેલું નગર.(**મહાવીર**ના) ઉપાસકો સારી સંખ્યામાં અહીં વસતા હતા.[1] **તિત્થયર પાસ**(૧)ની પરંપરાના પાંચસો સાધુઓના સમૂહે તેની મુલાકાત લીધી હતી.[2] તેની એકતા બિહારશરીફ પાસે આવેલા વર્તમાન ગામ તુંગી સાથે સ્થાપવામાં આવી છે.[3]

૧. ભગ.૧૦૭. ૨. ભગ.૧૦૮. ૩. શ્રભમ.પૃ.૩૭૧.

**તુંગિયાયણ** (તુઙ્ગિકાયન) આ અને **તુંગિય**(૧) એક છે.[1]

૧. કલ્પવિ.પૃ.૨૫૦.

**તુંડિય** (તુણ્ડિક) દરિયો ખેડી વેપાર કરનારો આ નામનો બહાદુર વેપારી.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૪૩, વિશેષા.૩૬૧૪, આવનિ.૯૩૦.

**તુંબ** (તુમ્બ) **ણાયાધમ્મકહા**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું છઠ્ઠું અધ્યયન.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. જ્ઞાતા.૫, જ્ઞાતાઅ.પૃ.૧૦, સમ.૧૯.

**તુંબરુ** (તુમ્બરુ) એક જક્ખ.[૧]

૧. આવ.પૃ.૧૯.

**તુંબવણ** (તુમ્બવન) જે સંનિવેશના આચાર્ય **વઇર**(૨) હતા તે સંનિવેશ.[૧] ધણગિરિ(૨) શેઠ પણ આ સંનિવેશના હતા.[૨] તેની એકતા મધ્ય પ્રદેશના ગુના (Guna)જિલ્લામાં આવેલા વર્તમાન તુમેઇન (Tumain) સાથે સ્થાપી શકાય.[૩]

૧. આવનિ.૭૬૫, વિશેષા.૨૭૭૬, ઉત્તરાશા. પૃ. ૩૩૩.
૨. આવચૂ.૧.પૃ.૩૯૦. ૩. સ્ટજિઓ.પૃ.૩૨, ૨૧૪.

**તુંબા** (તુમ્બા) દેવોના ઇન્દ્રો, ઇન્દ્રોની મુખ્ય પત્નીઓ અને ઇન્દ્રોના લોગપાલોની ત્રણ સભાઓમાંની એક.[૧]

૧. સ્થા.૧૫૪.

**તુંબુરુ**(તુમ્બુરુ) **સક્ક**(૩) ઇન્દ્રના સાત સેનાપતિઓમાંનો એક. તે ગાયકોની (ગંધર્વોની) ટુકડીનો નાયક છે.[૧]

૧. સ્થા.૫૮૨.

**તુચ્છ** પખવાડિયાનો ચોથો, નવમો અને ચૌદમો દિવસ.[૧]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૯.

**તુડિયા** (ત્રુટિતા) દેવોના ઇન્દ્રો, ઇન્દ્રોની મુખ્ય પત્નીઓ વગેરેની ત્રણ સભાઓમાંની એક.[૧]

૧. સ્થા.૧૫૪.

**તુણ્ણાગ** (તુન્નવાય) દરજીઓનું ધંધાદારી આર્ય મંડળ.[૧]

૧. પ્રજ્ઞા.૩૭.

**તુરગમુહ** (તુરઙ્ગમુખ) એક **અણારિય** (અનાર્ય) દેશ અને તેના લોકો.[૧] વામનપુરાણમાં તુરગનો મધ્યદેશમાં આવેલા એક જનપદ તરીકે ઉલ્લેખ છે.[૨]

૧. સૂત્રશી.પૃ.૧૨૩.
૨. જુઓ 'The Geography of the Puranas' by S. M. Ali, પૃ.૧૬૯.

**તુરમિણી** આ અને **તુરુમિણી** એક છે.[૧]

૧. બૃક્ષે.૧૩૯૭.

**તુરિયગઇ** (ત્વરિતગતિ) **અમિયગઇ**ના લોગપાલનું તેમ જ **અમિયવાહણ**ના લોગપાલનું નામ.[૧]

૧. ભગ. ૧૬૯, સ્થા.૨૫૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તુરુમિણી** જ્યાં રાજા **જિયસત્તુ**(૩) રાજ કરતા હતા તે નગર. તેનો પુત્ર **દત્ત**(૭) આ નગરના રાજા તરીકે આ નગરમાં આચાર્ય **કાલગ**(૫)ને મળ્યો હતો.[1] શ્રમણી **સુકુમાલિયા**(૨) તેમજ તેના ભાઈઓ શ્રમણ **સસઅ**(૨) અને **ભસઅ** આ નગરમાં આવ્યાં હતાં.[2]

૧. આવનિ. ૮૭૨, આવચૂ.૧.પૃ.૪૯૫. ૨. નિશીભા.૨૩૫૪, બૃભા.૫૨૫૫.

**તુરુવિણી** જુઓ **તુરુમિણી**.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૯૫.

**તુલસી** **વિયાહપણ્ણત્તિ**ના એકવીસમા શતકનો આઠમો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૬૮૮.

**તુસિઅ** અથવા **તુસિય** (તુષિત) **લોગંતિય** દેવોના નવ ભેદોમાંનો એક.[1]

૧. આવનિ.૨૧૪, વિશેષા.૧૮૮૪, આવચૂ.૧.પૃ.૧૫૧, સમ.૭૭, સ્થા. ૬૮૪.

**તેઅગ્ગિનિસગ્ગ** (તેજસ્કનિસર્ગ) એક **અંગબાહિર** **કાલિય** આગમગ્રન્થ.[1] તે હાલ વિદ્યમાન નથી, નષ્ટ થઈ ગયો છે.

૧. પાક્ષિ. પૃ. ૪૪-૪૫.

**તેઆ** (તેજા) પખવાડિયાની તેરમી રાત્રિ.[1]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૮.

**તેઉ** (તેજસ્) **અગ્ગિસિહ**ના તાબામાં રહેલો **લોગપાલ** અને **અગ્ગિમાણવ**ના તાબામાં રહેલો લોગપાલ.[1]

૧. ભગ.૧૬૯, સ્થા.૨૫૬.

**તેઉકંત** (તેજસ્કાન્ત) **અગ્ગિસિહ**ના **લોગપાલ**નું નામ તેમજ **અગ્ગિમાણવ**ના લોગપાલનું નામ.[1]

૧. ભગ.૧૬૯, સ્થા.૨૫૬.

**તેઉપ્પભ** (તેજસ્પ્રભ) **અગ્ગિસિહ**ના **લોગપાલ**નું નામ તેમજ **અગ્ગિમાણવ**ના લોગપાલનું નામ.[1]

૧. ભગ.૧૬૯, સ્થા.૨૫૬.

**તેઉસિહ** (તેજઃશિખ) **અગ્ગિસિહ**ના **લોગપાલ**નું નામ તેમજ **અગ્ગિમાણવ**ના લોગપાલનું નામ.[1]

૧. ભગ. ૧૬૯, સ્થા.૨૫૬.

**તેઉસીહ** જુઓ **તેઉસિહ**.[1]

૧. ભગ.૧૬૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તેંદુગ** અથવા **તેંદુય** (તેન્દુક) જુઓ **તિંદુગ**.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૧૬, ઉત્તરાચૂ.પૃ.૨૦૨.

**તેતલિ** જુઓ **તેયલિ**.[1]

૧. સ્થા.૭૫૫, વિપા.૩૨, આવચૂ.૧.પૃ.૪૯૯.

**૧. તેતલિપુત્ત** (તેતલિપુત્ર) **અરિટ્ઠણેમિ**ના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ, તેમને **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારવામાં આવ્યા છે.[1]

૧. ઋષિ.૮, ઋષિ(સંગ્રહણી).

**૨. તેતલિપુત્ત** (તેતલિપુત્ર) જુઓ **તેયલિપુત્ત**.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૯૯.

**તેતલિપુર** જુઓ **તેયલિપુર**.[1]

૧. ઋષિ.૧૦, આવચૂ.૧.પૃ.૫૦૦.

**તેતલિસુત** જુઓ **તેતલિપુત્ત**.[1]

૧. ઋષિ(સંગ્રહણી), આવહ.પૃ.૩૭૩.

**તેત્તલિ** આ અને **તેયલિ** એક છે.[1]

૧. સમ.૧૯.

**તેત્તિલ** (તૈતિલ) જુઓ **થીવિલોઅણ**.[1]

૧. સૂત્રનિ.૧૧.

**તેત્તીસઆસાયણા** (ત્રયસ્ત્રિંશદાશાતના) **આયારદસા**નું ત્રીજું અધ્યયન.[1]

૧. સ્થા. ૭૫૫.

**તેયગ્ગિણિસગ્ગ** (તેજોગ્નિનિસર્ગ) આ અને **તેઅગણિસગ્ગ** એક છે.[1]

૧. નન્દિમ.પૃ.૨૫૪.

**તેયણિસગ્ગ** (તેજોનિસર્ગ) **વિયાહપણ્ણત્તિ**ના પંદરમા શતકનું બીજું નામ.[1]

૧. ભગ. ૫૬૦.

**૧. તેયલિ** (તેતલિન્) **ણાયાધમ્મકહા**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું ચૌદમું અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૫, જ્ઞાતાઅ.પૃ.૧૦, સમ.૧૯.

**૨. તેયલિ** **અણુત્તરોવવાઈયદસા**ના દસ અધ્યયનોમાંનું આઠમું અધ્યયન.[1] હાલ તે અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયું છે.

૧. સ્થા. ૭૫૫.

**૩. તેયલિ** **તેયલિપુર**નો મન્ત્રી, **ભદ્દા**(૧૯)નો પતિ અને **તેયલિપુત્ત**નો પિતા.[1]

૧. જ્ઞાતા.૧૦૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૪. તેયલિ ધરણ**(૧)ના ગાયકોના દળનો નાયક યા સેનાપતિ.[1]

૧. સ્થા.૫૮૨.

**તેયલિપુત્ત** (તેતલિપુત્ર) **તેયલિપુર**ના રાજા **કણગરહ**(૧)નો મન્ત્રી. તે તે જ નગરના સોનીની પુત્રી **પોટ્ટિલા**ને પરણ્યો હતો. રાજા કણગરહ(૧)ના પુત્ર **કણગજ્ઝય**ને તેણે છુપી રીતે ઉછેર્યો હતો કારણ કે પોતાની સત્તા ચાલી જશે એવા ભયથી રાજા પોતાના પુત્રોને જન્મતાંવેંત જ કાપી મારી નાખતો હતો. તેયલિપુત્તે **પોટ્ટિલ**(૩) દેવની સલાહથી સંસારનો ત્યાગ કર્યો. વખત જતાં તેમને કેવલજ્ઞાન થયું અને છેવટે તે મોક્ષ પામ્યા.[1] (પોટ્ટિલ(૩) દેવ તે તેયલિપુત્તની પત્ની પોટ્ટિલાનો જ પુનર્ભવ હતો.) તેયલિપુત્તને **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારવામાં આવેલ છે. તે **અરિટ્ઠણેમિ**ના તીર્થમાં થયા હોવાનું મનાય છે.[2]

૧. જ્ઞાતા.૯૬-૧૦૪, આવચૂ.૧.પૃ.૪૯૯થી, વિપા.૩૨, વિશેષા.૩૩૩૨, ૩૩૪૯, સૂત્રચૂ.પૃ.૨૮.
૨. ઋષિ.૧૦, ઋષિ (સંગ્રહણી).

**તેયલિપુર** (તેતલિપુર) રાજા **કણગરહ**(૧) અને તેની રાણી **પઉમાવઈ**(૨)નું નગર. તે નગરની બહાર **પમયવણ** નામનું ઉદ્યાન હતું.[1] શ્રમણી **સુવ્વયા** અહીં આવ્યા હતા.[2]

૧. જ્ઞાતા.૯૬, આવચૂ.૧.પૃ.૪૯૯. ૨. જ્ઞાતા.૯૯.

**તેયલિસુત** (તેતલિસુત) આ અને **તેયલિપુત્ત** એક છે.[1]

૧. વિશેષા.૩૩૩૨.

**તેયવીરિય** (તેજોવીર્ય) **ચક્કવટ્ટિ ભરત**(૧) પછી મોક્ષે જનારા આઠ મહાપુરુષોમાંના એક.[1] તે **બલવીરિય** નામે પણ જાણીતા છે.[2]

૧. સ્થા.૬૧૬. ૨. આવનિ.૩૯૩, વિશેષા.૧૭૫૦, આવચૂ.૧.પૃ.૨૧૪.

**તેયનિસગ્ગ** (તેજોનિસર્ગ) **વિયાહપણ્ણત્તિ**નું પંદરમું શતક.[1]

૧. ભગ. ૫૬૦.

**તેયાલગપટ્ટણ** (તેજોલકપત્તન) તે નગર જ્યાંથી વહાણ દ્વારા કોઈ **બારવઈ** જઈ શકે.[1] તે કદાચ તેયાલગના બદલે વેયાલગ હશે. તેની એકતા વેરાવળ સાથે સ્થાપવામાં આવી છે.[2]

૧. નિશીચૂ.૧.પૃ.૬૯. ૨. એજન.ટિપ્પણ ૨.

**૧. તેરાસિય** (ત્રૈરાશિક) આચાર્ય **રોહગુત્ત**(૧)નો સિદ્ધાન્ત. રોહગુત્તે જીવ, અજીવ અને નોજીવ (અર્થાત્ આંશિકપણે જીવ યા ચેતન) ત્રણ પદાર્થો છે એવો ખોટો સિદ્ધાન્ત પ્રવર્તાવ્યો હતો.[1] **મહાવીર**ના નિર્વાણ પછી ૫૪૪ વર્ષે આ ખોટો (નિહ્નવ) સિદ્ધાન્ત સ્થાપવામાં આવ્યો હતો.[2]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવનિ.૭૮૧, આવચૂ.૧.પૃ.૪૨૫, વિશેષા.૨૯૫૧થી, નન્દિ.૪૨, ઔપ.૪૧, કલ્પ (થેરાવલી). ૭, ઉત્તરાનિ.પૃ.૧૫૩, ઉત્તરાશા.પૃ.૧૬૮થી, કલ્પવિ.પૃ.૨૫૭.

**૨. તેરાસિય આજીવિય ગોસાલ**નો સિદ્ધાન્ત. આ સિદ્ધાન્ત પ્રમાણે જીવની ત્રણ અવસ્થાઓ છે – બદ્ધ, મુક્ત અને (મુક્ત પછી) પુનર્બદ્ધ.[1]

૧. નન્દિચૂ.પૃ.૭૩, નન્દિહ.પૃ.૮૭, નન્દિમ.પૃ.૨૩૯, સમઅ.પૃ.૪૨,૧૩૦, સૂત્રશી. પૃ.૩૯૩.

**તેલ** (તૈલ) **મંડવ** ગોત્રની સાત શાખાઓમાંની એક.[1]

૧. સ્થા.૫૫૧.

**તોયધારા** ઊર્ધ્વલોકમાં વસતી એક મુખ્ય **દિસાકુમારી** દેવી.[1] **જંબુદ્દીવ-પણ્ણત્તિ** અનુસાર તે અધોલોકની છે.[2]

૧. સ્થા. ૬૪૩, તીર્થો. ૧૪૭. ૨. જમ્બૂ.૧૧૨.

**૧. તોસલિ** જે સંનિવેશ યા ગામ **મહાવીર** બે વાર ગયા હતા તે સંનિવેશ યા ગામ. આ ગામની બહાર **અસુગુજ્જાણ** ઉદ્યાન હતું. ત્યાં **સંગમ**(૨) દેવે મહાવીરને ત્રાસ આપ્યો હતો. તેમને **ભૂઈલે** બચાવ્યા હતા. બીજી વાર જ્યારે મહાવીર આ ગામમાં આવ્યા ત્યારે તેમને **તોસલિઅ** (૨) ક્ષત્રિયે સાત વાર સાંકળથી બાંધ્યા હતા.[1] એવું કહેવાય છે કે **તોસલિણગર**માં **ઈસિતલાગ** હતું. તેને **ઈસિવાલ**(૧)એ બંધાવ્યું હતું.[2] **આવસ્સય-ચુણ્ણિ**માં આ સંનિવેશ **કલિંગ** દેશમાં હોવાનો ઉલ્લેખ છે.[3] સ્થાનિક રાજાએ રાજા **કાકવણ્ણ**ને અહીં ગિરફતાર કર્યો હતો. પછી કાકવણ્ણ રાજાના પુત્રે તે સ્થાનિક રાજાના પ્રદેશ ઉપર આક્રમણ કરી તે પ્રદેશ પડાવી લીધો અને પોતાના પિતાને છોડાવ્યા.[4] તોસલિની એકતા ઓરિસ્સામાં ભુવનેશ્વર નજીક આવેલા ધૌલિ સાથે સ્થાપી શકાય. અશોકના સમયમાં કલિંગ પ્રાન્તના ઉત્તરપૂર્વ ભાગનું વહીવટી મથક તોસલિ હતું.[5]

૧. આવનિ.૫૦૦-૫૦૨, વિશેષા. ૧૯૬૫-૬૬, આવચૂ.૧.પૃ.૩૧૨-૧૩.
૨. બૃભા. ૪૨૧૯-૨૩, બૃક્ષે. ૧૧૪૫-૪૬.
૩. આવચૂ.૧.પૃ.૫૪૧.
૪. એજન.પૃ.૫૪૦-૪૧.
૫. સ્ટજિઓ. પૃ. ૧૩૫.

**૨. તોસલિ** જલથી સમૃદ્ધ એક દેશ. અહીં પાક નદીઓના જલથી થાય છે.[1] તે તાડનાં વૃક્ષો માટે પ્રસિદ્ધ હતો.[2] તેના લોકો ફળ, શાક અને ફૂલના શોખીન હતા.[3] તે દેશમાં સ્વયંવરની વિધિ માટે જરૂરી અગ્નિ પેટાવવાના ખાડાથી યુક્ત એક સાર્વજનિક મોટો સભાખંડ (વગ્ઘરણા) દરેક ગામમાં હતો. સભાખંડમાં ભેગા થયેલા ઉમેદવારોમાંથી કન્યા પોતાનો વર પસંદ કરતી.[4] તોસલિ અથવા તોસલ દેશની એકતા પહેલાં દક્ષિણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોસલ અર્થાત્ ગોન્દવન (Gondwana)[5] સાથે સ્થાપવામાં આવી હતી પણ પછી શિલાલેખોના તાજા પુરાવાઓના આધારે પૂર્વમધ્યકાલના ગાળાના તોસલિ જનપદની એકતા તે દેશની રાજધાની રહેલા તોસલિ (અર્થાત્ ધૌલિ) નગરની આસપાસના પ્રદેશ સાથે સ્થાપવામાં આવી છે અને તે સમયે કલિંગ દેશ તોસલિ દેશથી અલગ હતો.[6]

૧.બૃભા.૧૦૬૦-૬૧, બૃક્ષે.૩૩૧, નિશીભા.૪૯૨૨-૨૫, નિશીચૂ.૩. પૃ.૫૩૮, નિશી.૨.પૃ.૩૯૯.
૨.બૃક્ષે.૯૫૯.
૩. બૃક્ષે.૩૮૪, ટિપ્પણ.૧.
૪. નિશીભા.૫૩૯૧, નિશીચૂ.૪.પૃ.૬૨.
૫. જિઓડિ.પૃ.૨૦૫, ટ્રાઈ.પૃ.૨૮૫-૮૬.
૬. સ્ટજિઓ.પૃ.૩૪, ૧૩૪, ૧૪૨.

૩. **તોસલિ** **તોસલિ**(૨) દેશના જંગલમાં પાડાઓ યા ભેંસોથી મરાયેલા આચાર્ય.[1]

૧. આચાચૂ.પૃ.૨૪૭, આચાનિ.૨૬૭.

૧. **તોસલિઅ** (તોસલિક) વેપારી પાસેથી ખરીદેલી રત્નોની જિનપ્રતિમાઓને ખૂબ જ કાળજીથી રક્ષનાર રાજા.[1] રાજાનું નામ જે સ્થાનનો તે હશે તે સ્થાનના નામ ઉપરથી નિષ્પન્ન થયું લાગે છે.

૧. વ્યવભા. ૬.૧૧૪.

૨. **તોસલિઅ** **મહાવીર**ને ચોર હોવાની શંકાથી સાત વાર બંધનથી બાંધનારો **તોસલિ**(૧)નો ક્ષત્રિય રાજા. જેટલી વાર મહાવીરને બંધનથી બાંધવામાં આવ્યા તે બધી વખત બંધન તૂટી જતું હતું તેથી રાજાએ છેવટે તેમને છોડી મૂક્યા.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૧૨.

**તોસલિણગર** (તોસલિનગર) આ અને **તોસલિ**(૧) છે.[1]

૧. બૃભા. ૪૨૨૯.

**તોસલિપુત્ત** (તોસલિપુત્ત) બારમા **અંગ**(૩) ગ્રન્થ **દિટ્ઠિવાય**નું જ્ઞાન ધરાવનાર આચાર્ય. જ્યારે તે **દાસપુર** નગરના **ઉચ્છુઘર** ઉદ્યાનમાં વાસ કરતા હતા ત્યારે આર્ય **રક્ખિય**(૧) તેમની પાસે દિટ્ઠિવાય ગ્રન્થ ભણવા ગયા હતા.[1] ત્યાં તે તેમના શિષ્ય બન્યા.[2] એવું કહેવાય છે કે તોસલિપુત્ત રક્ખિયના મામા હતા.[3]

૧.આવચૂ.૧.પૃ.૪૦૨.
૨.આવનિ.૭૭૬, વિશેષા.૨૭૬૭, ઉત્તરાનિ અને ઉત્તરાશા.પૃ.૯૬.
૩. કલ્પધ.પૃ.૧૭૨.

## થ

**થણિય** (સ્તનિત) **વિયાહપણ્ણત્તિ**ના સોળમા શતકનો ચૌદમો ઉદ્દેશક.[1]

૧. ભગ.૫૬૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**થણિયકુમાર** (સ્તનિતકુમાર) **ભવણવઇ** દેવોના દસ ભેદોમાંથી એક ભેદ.[1] થણિયકુમાર દેવો **સક્ક**(૩)ના **લોગપાલ વરુણ**(૧)ના તાબામાં છે.[2] તેમનાં રહેણાકો છોત્તેર લાખ છે.[3] **ઘોસ**(૧) અને **મહાઘોસ**(૪) તેમના ઇન્દ્રો છે.[4] તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય બે પલ્યોપમ વર્ષોથી કંઈક કમ છે જ્યારે જઘન્ય આયુ દસ હજાર વર્ષોનું છે.[5] આ દેવોના ઘંટનું નામ **નંદિઘોસા** છે.[6]

૧. ભગ.૧૫,૫૮૯,જમ્બૂ.૧૧૯, સ્થા. ૭૫૭.
૨. ભગ. ૧૬૭.
૩. સમ. ૭૬.
૪. ભગ.૧૬૯.
૫. પ્રજ્ઞા.૯૫, ભગ.૧૫.
૬. જમ્બૂ.૧૧૯.

**થણિયકુમારી** (સ્તનિતકુમારી) **ભવણવઇ** દેવીઓનો એક ભેદ. આ દેવીઓ **થણિયકુમાર** દેવોની જોડ છે.[1]

૧. ભગ. ૧૬૭.

**થારુકિણ** (થારુકિન) આ અને **થારુગિણ** એક છે.[1]

૧. જમ્બૂ.૪૩.

**થારુગિણ** (થારુકિન) એક **અણારિય** (અનાર્ય) દેશ જ્યાંથી કન્યાઓને દાસીઓ તરીકે લાવવામાં આવતી હતી.[1] બીજી એક જગ્યાએ આ દેશનો **ધોરુગિણ** નામે ઉલ્લેખ છે.[2] જુઓ **ચારુગણ**.

૧. નિશીચૂ.૨.પૃ.૪૭૦, જમ્બૂ.૪૩, નિશી.૯.૨૮, જમ્બૂશા.પૃ.૧૯૧, ઔપ.૩૩, ભગ. ૩૮૦.
૨. જ્ઞાતા.૧૮, જ્ઞાતાઅ.પૃ.૪૧.

**થાલઇ** (સ્થાલકિન્) વાનપ્રસ્થ તાપસોનો વર્ગ[1] જે પોતાની બધી ચીજો (થાળી, પાત્રો) પોતાની પાસે જ રાખતો.[2]

૧. ભગ.૪૧૭, નિર.૩.૩.
૨. ભગઅ.પૃ.૫૧૯.

**થાવચ્ચા** (સ્થાપત્યા) **બારવઈ**ની એક સાર્થવાહી. તેને **થાવચ્ચાપુત્ત** નામનો એક પુત્ર હતો.[1]

૧. જ્ઞાતા.૫૩.

**થાવચ્ચાપુત્ત** (સ્થાપત્યાપુત્ર) **બારવઈ**ની **થાવચ્ચા**નો પુત્ર. તે બત્રીસ કન્યાઓને પરણ્યો હતો. તે સંસારનો ત્યાગ કરી **તિત્થયર અરિટ્ઠણેમિ**નો શિષ્ય એક હજાર પુરુષો સાથે બન્યો. **વાસુદેવ**(૨) કણ્હે તેમનાં કુટુંબોની જવાબદારી ઉપાડી લીધી. થાવચ્ચાપુત્ત બધા ચૌદ **પુવ્વ** ગ્રન્થો ભણ્યા. **સેલગપુર**ના રાજા અને મંત્રીઓ તેમના ઉપદેશથી એટલા બધા પ્રભાવિત થઈ ગયા કે બધા તેમના ઉપાસકો બની ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિવ્રાજક **સુઅ** પોતાના એક હજાર શિષ્યો સાથે તેમના શિષ્ય બની ગયા. છેવટે થાવચ્ચાપુત્તને **પુંડરીય**(૬) પર્વત ઉપર કેવળજ્ઞાન થયું અને ત્યાં જ નિર્વાણ પામ્યા.[1]

૧. જ્ઞાતા. ૫૩-૫૫.

**થાવચ્ચાસુય** (સ્થાપત્યાસુત) આ અને **થાવચ્ચાપુત્ત** એક છે.[1]

૧. વ્યવભા.૪.૨૧૯.

**૧. થાવર** (સ્થાવર) **વિયાહપણ્ણત્તિ**ના સાતમા શતકનો ત્રીજો ઉદ્દેશક.[1]

૧. ભગ.૨૬૦.

**૨. થાવર રાયગિહ**નો બ્રાહ્મણ. તે **મહાવીર**નો પૂર્વભવ હતો.[1]

૧. આવનિ.૪૪૪, આવચૂ.૧.પૃ.૨૩૦, કલ્પધ.પૃ.૩૮.

**૧. થિમિય** (સ્તિમિત) **અંતગડદસા**ના પહેલા વર્ગનું પાંચમું અધ્યયન.[1]

૧. અન્ત.૧.

**૨. થિમિય બારવઈ**ના **અંધગવણ્હિ** અને તેની પત્ની **ધારિણી**(૫)નો પુત્ર. તે આઠ રાજકુમારીઓને પરણ્યો હતો. તે સંસારનો ત્યાગ કરી **અરિટ્ઠણેમિ તિત્થયર**નો શિષ્ય બન્યો અને બાર વર્ષની શ્રમણજીવનની સાધના પછી **સેત્તુંજ** પર્વત ઉપર મોક્ષ પામ્યો.[1]

૧. અન્ત.૨, અન્તઅ.પૃ.૨.

**થિરગુત્ત** (સ્થિરગુપ્ત) **વચ્છ**(૪) ગોત્રના એક આચાર્ય.[1]

૧. કલ્પ.(થેરાવલી).૭.

**થીપરિણ્ણા** (સ્ત્રીપરિજ્ઞા) **સૂયગડ**નું ચોથુ અધ્યયન.[1] આ અને **ઇત્થિપરિણ્ણા** એક છે.[2]

૧. સમ.૨૩. ૨. સમ.૧૬.

**થીલોયણ** અથવા **થીવિલોઅણ** (સ્ત્રીવિલોચન) અગિયાર **કરણ**માંનું એક કરણ.[1] તેનું બીજું નામ **તેત્તિલ** છે.[2]

૧. ગણિ.૪૧, જમ્બૂ.૧૫૩, ૨. સૂત્રનિ.૧૧.

**૧. થૂણા** (સ્થૂણા) પશ્ચિમમાં આવેલો એક પ્રદેશ. તે આર્ય ક્ષેત્રની પશ્ચિમ સીમા બને છે.[1] શ્રમણશ્રમણીઓને તેની પેલે પાર જવાનો નિષેધ છે.[2] તેની એકતા થાણેશ્વર સાથે સ્થાપવામાં આવી છે.[3]

૧. બૃભા. ૩૨૬૨. ૨. બૃક્ષે એજન ઉપર. ૩. લાઇ.પૃ.૩૪૩, એજિઇ. પૃ.૩૨૮થી.

**૨. થૂણા** એક સંનિવેશ જ્યાં **મહાવીર** પોતાના એક પૂર્વભવમાં બ્રાહ્મણ **પૂસમિત્ત**(૩) તરીકે જન્મ્યા હતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૨૯, આવનિ.૪૪૨, વિશેષા.૧૮૦૮, કલ્પવિ.પૃ.૪૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૩. થૂણા** આ અને **થૂણાગ** એક છે.[1]

૧. આવનિ. ૪૭૩.

**થૂણાગ** (સ્થૂણાક) **મહાવીરે** જેની મુલાકાત લીધી હતી તે સંનિવેશ.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૮૨, આવમ.પૃ.૨૭૫, આવહ.પૃ.૧૯૯, આવનિ.૪૭૩.

**થૂભકરંડ** (સ્તૂપકરણ્ડ) **ઉસભપુર**(૨)ની પાસે આવેલું ઉદ્યાન. તેમાં **જક્ખ ધણ્ણ**(૪)નું ચૈત્ય હતું. આ ઉદ્યાનમાં **મહાવીરે** રાજકુમાર **ભદ્દણંદી**(૨)ને દીક્ષા આપી હતી.[1]

૧. વિપા.૩૪.

**થૂલભદ્દ** (સ્થૂલભદ્ર) **મહાપઉમ**(૮) રાજાના મંત્રી **સગડાલ**ના બે પુત્રોમાંનો એક.[1] તે સંસારનો ત્યાગ કરી **સંભૂતવિજય**(૪)નો શિષ્ય બન્યો.[2] સંસારનો ત્યાગ કર્યા પહેલાં બાર વર્ષ તે **પાડલિપુત્ત**ની પ્રસિદ્ધ ગણિકા **કોશા** સાથે કોઈ દોષ વિના રહ્યા હતા અને શ્રમણ બન્યા પછી ચોમાસાના ચાર મહિના પણ કોઈ પણ જાતના દોષ યા સ્ખલન વિના તેની સાથે રહ્યા હતા.[3] એક વાર બાર વર્ષના લાંબા દુકાળ પછી ભુલાઈ ગયેલા આગમોને પુનઃ યાદ કરી સ્થાપવા/વ્યવસ્થિત કરવા શ્રમણોની એક સભા **પાડલિપુત્ત**માં મળી. અગિયાર **અંગો**(૩)ને યાદ કરી વ્યવસ્થિત કરાયા. પરંતુ ત્યાં બારમા અંગ **દિટ્ઠિવાય**નું જ્ઞાન ધરાવનાર કોઈ હતું નહિ. તેથી **નેપાલ**માં રહેલા ભદ્દબાહુ(૧) પાસેથી તેનું જ્ઞાન મેળવવા માટે થૂલભદ્દ પાંચ સો બુદ્ધિમાન શ્રમણો સાથે નેપાલ ગયા. બીજું કોઈ નહિ પણ તે ચૌદ **પુવ્વ** (દિટ્ઠિવાયનો મહત્ત્વનો ભાગ) શીખ્યા– દસ પુવ્વ અર્થ સાથે અને ચાર અર્થ વિના. પરંતુ કોઈ કારણસર તેમને છેલ્લા ચાર પુવ્વ કોઈને પણ ભણાવવાનો નિષેધ કરવામાં આવ્યો.[4] તે મહાવીરનિર્વાણ પછી ૨૧૫મા વર્ષે મૃત્યુ પામ્યા.[5] તે તેમની પાછળ તેમના બે મુખ્ય શિષ્યોને મૂકતા ગયા – **મહાગિરિ** અને **સુહત્થિ**.[6] જુઓ **દિટ્ઠિવાય**.

૧. આવચૂ.૨.પૃ.૧૮૩થી, ઉત્તરાશા. પૃ.૧૦૫થી, તીર્થો. ૭૪૨થી.
૨. નન્દિ.ગાથા ૨૪, કલ્પ.(થેરાવલી).૬.
૩. આવચૂ.૧.પૃ.૫૫૪,૨.પૃ.૧૮૬, ઉત્તરાચૂ.પૃ.૬૬, બૃભા.૨૧૬૪-૬૫.
૪. આવચૂ.૨.પૃ.૧૮૭, તીર્થો. ૭૦૧.
૫. કલ્પલ.પૃ.૧૬૧.
૬. નિશીચૂ.૨.પૃ.૩૬૧, આવચૂ.૨. પૃ.૧૫૫.

**થેરપમ્હ** (સ્થવિરપક્ષ્મ) **દીહદસા**નું નવમું અધ્યયન.[1]

૧. સ્થા. ૭૫૫.

**થૂલિભદ્દ** (સ્થૂલિભદ્ર) આ અને **થૂલભદ્દ** એક છે.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૮૬, આવ.પૃ.૨૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**થેરસંભૂતવિજય** (સ્થવિરસમ્ભૂતવિજય) **દીહદસા**નું આઠમું અધ્યયન.[1]

૧. સ્થા. ૭૫૫.

## દ

**દંડ** **મહુરા**(૧)ના **જઉણાવંક** ઉદ્યાનમાં રાજા **જઉણ** દ્વારા હણાયેલો તાપસ.[1]

૧. આવનિ.૧૨૭૭, મર.૪૬૫, સંસ્તા.૬૧, આવહ.પૃ.૬૬૭, આવચૂ.૨.પૃ.૧૫૫, ભગઅ. પૃ. ૪૯૧.

**દંડઅ** અથવા **દંડગ** (દણ્ડક) આ અને **ડંડગિ** એક છે.[1]

૧. વ્યવભા. ૧૯.૫૮૯, આવનિ. ૧૩૯૬.

**દંડઇ** (દણ્ડકિન્) જુઓ **ડંડગિ.**[1]

૧. ઉત્તરાનિ.પૃ.૧૧૪.

**દંડકિ** (દણ્ડકિન્) જુઓ **ડંડગિ.**[1]

૧. ઉત્તરાશા.પૃ.૧૧૫.

**દંડગારણ્ણ** (દણ્ડકારણ્ય) જુઓ **ડંડગારણ્ણ.**[1]

૧. ઉત્તરાશા.પૃ.૧૧૬.

**દંડગિ** (દણ્ડકિન્) આ અને **કુંભકારકડ**નો રાજા **ડંડગિ** એક છે.[1]

૧.ઉત્તરાચૂ.પૃ.૭૩, ઉત્તરાશા.પૃ.૧૧૫.

**દંડવીરિઅ** (દણ્ડવીર્ય) **ભરહ**(૧) પછી મોક્ષ પામનાર આઠ મહાપુરુષોમાંનો એક. તે ભરહ(૧) **ચક્કવટ્ટિ** પછી આઠમા ક્રમે છે[1] પણ **ઠાણ** અનુસાર તે સાતમા ક્રમે છે.[2]

૧. આવનિ.૩૬૩, વિશેષા.૧૭૫૦, આવચૂ.૧.પૃ.૨૧૪. ૨. સ્થા. ૬૧૬.

**દંડિ** (દણ્ડિન્) આ અને **ડંડગિ** એક છે.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૭૩.

**દંતચક્ક** (દન્તચક્ર) **દંતપુર** નગરનો રાજા.[1] તે **દંતવક્ક**(૧) નામે પણ ઓળખાતો.

૧. આવનિ. ૧૨૭૫, આવચૂ.૨.પૃ.૨૦૫, ઉત્તરાશા.પૃ.૩૦૧, આવહ.પૃ.૬૬૬.

**દંતપુર** (દન્તપુર) જ્યાં રાજા **દંતચક્ક**[1] અપર નામ **દંતવક્ક**(૧) રાજ કરતો હતો તે નગર.[2] તે રાજાની રાણી **સચ્ચવઈ**ને હાથીદાંતના મહેલમાં ક્રીડા કરવાનો દોહદ થયો હતો.[3] ચંપાના રાજા **દધિવાહણ**ની રાણી **પઉમાવઈ**(૮)એ સંસારનો ત્યાગ કરી શ્રામણ્ય આ નગરમાં સ્વીકાર્યું હતું. તે વખતે તે ગર્ભવતી હોવાથી પછીથી (શ્રમણી બન્યા પછી) તેણે પુત્રને જન્મ આપ્યો. તે ચાંડાલ કુટુંબમાં ઉછર્યો અને તેનું નામ **કરકંડુ** રાખવામાં આવ્યું.[4] શેઠ **ધણમિત્ત**(૨) પણ દંતપુર નગરના હતા.[5]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. બૃભા.૨૦૪૩, આવચૂ.૨.પૃ.૨૦૫, આવનિ.૧૨૭૫, ઉત્તરાશા.પૃ.૩૦૧.
૨. નિશીભા.૧૨૯૫, વ્યવભા.૩.૩૩૫, વ્યવમ.૩.પૃ.૧૭, આવચૂ.૨.પૃ. ૧૫૩, ઉત્તરાક.પૃ.૧૮૦.
૩. નિશીભા.૬૫૭૫, નિશીચૂ.૪.પૃ.૩૬૧, આવચૂ.૨.પૃ.૧૫૩.
૪. આવચૂ.૨.પૃ.૨૦૫, ઉત્તરાશા.પૃ.૩૦૧.
૫. આવચૂ.૨.પૃ.૧૫૩, આવનિ.૧૨૭૫, નિશીચૂ.૪.પૃ.૩૬૧-૬૨.

**૧. દંતવક્ક** (દન્તવક્ર) **દંતપુર**નો રાજા. તે રાણી **સચ્ચવઈ**નો પતિ હતો.[1] જુઓ **દંતચક્ક**

૧. આવચૂ.૨.પૃ.૧૫૩, નિશીભા.૬૫૭૫, ઉત્તરાક.પૃ.૧૮૦.

**૨. દંતવક્ક** એક ક્ષત્રિય જેને સર્વશ્રેષ્ઠ ક્ષત્રિય ગણવામાં આવે છે.[1]

૧. સૂત્ર.૧.૬.૨૨. ટીકાકાર શીલાંક તેને ચક્રવર્તિન્ (સર્વશ્રેષ્ઠ રાજા)નો સમાનાર્થી ગણે છે. જુઓ સૂત્રશી.પૃ.૧૫૦.

**દંતાર** (દન્તકાર) હાથીદાંતનું કામ કરનારાઓનું ઔદ્યોગિક આર્ય મંડળ.[1]

૧. પ્રજ્ઞા.૩૭.

**દંતિલિયા** અથવા **દંતિલ્લિયા** (દન્તિલિકા) **ખંદ**(૧)ની દાસી. તેણે ખંદની સાથે સંભોગનો આનન્દ માણ્યો હતો.[1]

૧. આવનિ.૪૭૭, આવચૂ.૧.પૃ.૨૮૫, વિશેષા.૧૯૩૧, કલ્પધ.પૃ.૧૦૫, આવમ. પૃ.૨૭૭.

**દંતુક્ખલિય** (દન્તોલૂખલિક) વાનપ્રસ્થ તાપસોનો એક વર્ગ.[1] અભયદેવ તેમને ફળો ઉપર જીવતા તાપસો તરીકે સમજાવે છે.[2] પરંતુ ખરેખર તો આ વર્ગના તાપસો તેમના દાંતનો ઊખળ તરીકે ઉપયોગ કરી મનુસ્મૃતિમાં જણાવ્યું છે તે મુજબ[3] દળ્યા વિનાના અનાજના આખા દાણાને જ ખાનારા હોવા જોઈએ.

૧. ભગ. ૪૧૭, નિર.૩.૩. ઔપ.૩૮, ૨. ભગઅ.પૃ.૫૧૯. ૩. મનુસ્મૃતિ.૬.૧૭.

**દક્ખ** (દક્ષ) ઉત્તરના **ભવણવઇ** દેવોના **ભૂયાણંદ**(૧) વગેરે ઇન્દ્રોના પાયદળનો સેનાપતિ.[1]

૧. જમ્બૂ.૧૧૯, સ્થા.૪૦૪, ૫૮૨, આવચૂ.૧.પૃ.૧૪૬.

**દક્ખિણકુલગ** (દક્ષિણકૂલક) જુઓ **દાહિણકૂલગ**.[1]

૧. ભગઅ.પૃ.૫૧૯.

**દક્ખિણપહ** (દક્ષિણપથ) જુઓ **દક્ખિણાપહ**.[1]

૧. આવમ.પૃ.૨૫૦.

**દક્ખિણમથુરા** અથવા **દક્ખિણમહુરા** (દક્ષિણમુથરા) આ અને **મહુરા** (૨) એક છે.[1]

૧. આવહ.પૃ.૩૫૬, ૬૮૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દક્ખિણવાચાલ** (દક્ષિણવાચાલ) જુઓ **દાહિણવાયાલ.**[1]

૧. આવહ.પૃ.૧૯૫.

**દક્ખિણાપહ** (દક્ષિણાપથ) જુઓ **દક્ખિણાવહ.**[1]

૧. આચાચૂ.પૃ.૨૬૦, નિશીચૂ.૨.પૃ.૪૧૫.

**દક્ખિણાવહ** (દક્ષિણાપથ) **પોયણપુર**ના રાજા **પયાવઇ**(૧)ની પત્ની અને રાજકુમાર **અયલ**(૬)ની માતા રાણી **ભદ્દા**(૨)એ દક્ખિણાવહ ક્ષેત્રમાં **માહેસરિપુરી** નામનું નગર વસાવ્યું હતું, સ્થાપ્યું હતું.[1] આ ક્ષેત્રમાં જ્યારે **વઇરસામિ** વિહાર કરતા હતા ત્યારે બાર વર્ષ લાંબો તીવ્ર દુકાળ પડ્યો હતો.[2] તેના લોકોની લાક્ષણિકતા બુદ્ધિજડતા છે.[3] આ ક્ષેત્રના લુહારો અને દારૂ ગાળનારાઓ તરફ તિરસ્કારભર્યું વર્તન કરવામાં આવતું.[4] દક્ખિણાવહના લોકોનો પહેરવેશ **ઉત્તરાવહ**ના લોકોના પહેરવેશથી જુદો હતો.[5] મામાની દીકરી સાથે લગ્નસંબંધ માન્ય હતો.[6] ગામડાઓમાં **વાણમંતર** દેવોનાં મંદિરો હતા.[7] તે ક્ષેત્રનો તાંબાનો સિક્કો કકિણિ હતો.[8] બે દક્ખિણાવહરૂપક બરાબર એક કાઞ્ચીપુરીરૂપક હતો જે નેલક કહેવાતો અને બે નેલક બરાબર એક કુસુમનગર (પાટલિપુત્ર)રૂપક હતો.[9] બીજાં કેટલાંક સ્થાનોએ પણ દક્ખિણાવહનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[10] **ઉજ્જેણી**થી શરૂ થતા આખા દક્ખિણાવહને રાજા **સંપઇ**એ જીતીને તેને જૈન સાધુઓના વિહાર માટે યોગ્ય બનાવ્યો હતો.[11] દક્ખિણાવહની એકતા **વેયડ્ઢ**(૨) પર્વતની અર્થાત્ વિન્ધ્ય પર્વત યા નર્મદા નદીની દક્ષિણે આવેલા ભારતના દક્ષિણાર્ધ સાથે સ્થાપવામાં આવી છે.[12]

૧. આવચૂ.૧.પૃ.૨૩૨.
૨. એજન.પૃ.૪૦૪.
૩. વ્યવભા.૧૦.૧૯૩.
૪. નિશીચૂ.૪.પૃ.૧૩૨.
૫. દશચૂ. પૃ.૧૭.
૬. એજન, દશહ.પૃ.૨૨
૭. આચાચૂ.પૃ.૨૬૦.
૮. બૃક્ષે.૫૭૩.
૯. બૃભા.૩૮૯૨, બૃક્ષે.૧૦૬૯, નિશીભા.૯૫૯, નિશીચૂ.૨.પૃ.૯૫.
૧૦. નિશીભા.૫૦૨૮, નિશીચૂ.૩.પૃ.૯૭૪, બૃક્ષે.૭૬૦, ૮૧૮, ૮૯૬.
૧૧. બૃક્ષે.૯૧૫-૧૭, નિશીચૂ.૨.પૃ.૩૬૧-૬૨.
૧૨. ઇડિબુ.પૃ.૭૭, સ્ટજિઓ.પૃ.૩૭.

**૧. દગ** (દક) અઠ્ઠ્યાસી ગહમાંનો એક ગહ.[1]

૧. સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૯૬, સ્થાઅ.પૃ.૭૮-૭૯.

**૨. દગ વિયાહપણ્ણત્તિ**ના સત્તરમા શતકનો(૧) આઠમો તેમજ (૨) નવમો ઉદ્દેશક.[1]

૧. ભગ.૫૯૦.

**દગપંચવણ્ણ** (દકપઞ્ચવર્ણ) અઠ્ઠ્યાસી **ગહ**માંનો એક ગહ.[1]

૧. સ્થા.૯૦, સૂર્ય.૧૦૭, જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સૂર્યમ.૨૯૫-૯૬, સ્થાઅ.પૃ. ૭૮-૭૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દગપણવણ્ણ** (દકપઞ્ચવર્ણ) જુઓ **દગપંચવણ્ણ.**[1]

૧. સ્થાઅ.પૃ.૭૯.

**દગભાલ** જુઓ **દગભાલગદ્દભ.**[1]

૧. ઋષિ.૨૨.

**દગભાલગદ્દભ** (દગભાલગર્દભ) **તિત્થયર પાસ**(૧)ના તીર્થમાં થયેલા અજૈન ઋષિ જેમને **પત્તેયબુદ્ધ** તરીકે સ્વીકારવામાં આવ્યા છે.[1]

૧. ઋષિ.૨૨, ઋષિ(સંગ્રહણી).

**દગવણ્ણ** (દકવર્ણ)આ અને **દગપંચવણ્ણ** એક છે.[1]

૧. સૂર્ય.૧૦૭.

**દગસીમ** (દકસીમન્) દસ હજાર યોજન પહોળો પર્વત[1] જે **મણોસિલય** દેવનું વાસસ્થાન છે.[2] તે **જંબુદીવ**ની ઉત્તરે બેતાલીસ હજાર યોજનના અંતરે **લવણ** સમુદ્રમાં આવેલો છે. તેનાથી ઉત્તર તરફ વધુ આગળ બાવન હજાર યોજનના અંતરે **મહાપાયલકલસ**, જેને **ઈસર** પણ કહેવામાં આવે છે તે, આવેલ છે.[3]

૧. સમઅ.૫૨. ૨. સ્થા.૩૦૫. ૩. સમ.૫૨.

**દગસોયરિઅ** (દકશૌકરિક) **સંખ**(૧૨)નું બીજું નામ.[1]

૧. પિંડનિ.૩૧૪, પિંડનિમ.પૃ.૯૮.

**દઢકેઉ** (દઢકેતુ) **એરવય**(૧) ક્ષેત્રના ભાવી **તિત્થંકર.**[1] જુઓ **પણ્ણઘોસ.**

૧. તીર્થો. ૧૧૧૯.

**૧. દઢણેમિ** (દઢનેમિ) **અંતગડદસા**ના ચોથા વર્ગનું દસમું અધ્યયન.[1]

૧. અન્ત.૮.

**૨. દઢણેમિ બારવઈ**ના **સમુદ્દવિજય**(૧) અને તેની પત્ની **સિવા**(૨)નો પુત્ર. તે **તિત્થયર અરિટ્ઠણેમિ**નો ભાઈ હતો. તેને પચાસ પત્નીઓ હતી. તે સંસારનો ત્યાગ કરી અરિટ્ઠણેમિનો શિષ્ય બન્યો હતો. તે સોળ વર્ષનો શ્રમણજીવનનો સંયમ પાળી **સેત્તુંજ** પર્વત ઉપર મોક્ષ પામ્યો હતો.[1]

૧. અન્ત. ૮.

**૧. દઢધણુ** (દઢધનુસ્) **ભરહ**(૨) ક્ષેત્રના આઠમા ભાવી **કુલગર.**[1] જુઓ **કુલગર.**

૧. સ્થા. ૭૬૭.

**૨. દઢધણુ એરવય** (૧) ક્ષેત્રના ભાવી **કુલગર.**[1] જુઓ **કુલગર.**

૧. સમ.૧૫૯, તીર્થો. ૧૦૦૭.

**દઢધમ્મ** (દઢધર્મ) **ઈસાણકપ્પ**નો દેવ.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવચૂ.૧.પૃ.૧૭૧, આવમ.પૃ.૨૨૨.

**દઢપઈણ્ણ** અથવા **દઢપ્પઈણ્ણ** (દઢપ્રતિજ્ઞ) પરિવ્રાજક **અમ્મડ**(૧),[૧] રાજા **પએસિ**,[૨] **ગોસાલ**[૩] અને બીજાઓના[૪] ભાવી જન્મનું નામ.

૧.ઔપ.૪૦, ભગ.૫૩૦.
૨.રાજ.૨૦૯.
૩. ભગ.૫૬૦.
૪. વિપા.૭-૩૪.

**૧. દઢપ્પહારિ** (દઢપ્રહારિન્) ચોરોનો સરદાર. એક વાર તેણે એક બ્રાહ્મણ અને તેની ગર્ભવતી પત્નીને મારી નાખ્યાં. પછી તે શ્રમણ બન્યો અને ધ્યાન ધરવાનું શરૂ કર્યું. તેનાં પૂર્વ ક્રૂર કૃત્યોનું વેર લેવા લોકો તેને ત્રાસ આપવા લાગ્યા. પરંતુ તે શાંત ચિત્તે બધો ત્રાસ સહન કરતા. છેવટે તેમને કેવળજ્ઞાન થયું અને મોક્ષપ્રાપ્તિ થઈ.[૧]

૧. આવ.પૃ.૨૭, આવચૂ.૧.પૃ.૫૬૮, વિશેષા.૩૬૪૬, આવનિ.૯૪૬, ઉત્તરાક. પૃ.૫૯-૬૧, આવહ.પૃ.૪૩૮.

**૨. દઢપ્પહારિ કોસંબી** નગરીનો વતની અને ઉજ્જેણીના રાજા **જિયસત્તુ**(૩૬)ના સારથિ **અમોહરહ**નો મિત્ર. તે ધનુર્વિદ્યામાં નિપુણ હતો. અમોહરહનો પુત્ર **અગડદત્ત** તેની પાસેથી ધનુર્વિદ્યા શીખ્યો હતો.[૧]

૧. ઉત્તરાશા.પૃ.૨૧૩-૧૪.

**દઢભૂમિ** (દઢભૂમિ) **મહાવીર** તેમનું દસમું ચોમાસું **સાવત્થી**માં પૂરું કર્યા પછી **સાણુલટ્ઠિ** ગામમાંથી પસાર થઈને દઢભૂમિ નામે ઓળખાતા મ્લેચ્છક્ષેત્રમાં પ્રવેશ્યા. વિહાર કરતાં **પેઢાલગ્ગામ**માં **પોલાસ** ચૈત્યમાં મહાપડિમા (મહાપ્રતિમા) તપોધ્યાનને આદર્યું. જ્યારે **સક્ક**(૩)એ તેમના અક્ષુબ્ધ ધ્યાનની પ્રશંસા કરી ત્યારે **સંગમઅ** દેવને તેમની ઈર્ષા થઈ. તેણે ઘણી બધી દુષ્ટ ભયંકર ઘટનાઓ સરજીને તેમને ક્ષુબ્ધ કરવા પ્રયત્નો કર્યા. તે તેમની પાછળ **વાલુયપંથ** જે **વાલુયગ્ગામ** નામે પણ ઓળખાતું હતું ત્યાં ગયો અને ફરીથી કુદરતી આફતોનું સર્જન કર્યું. તે સતત છ મહિનાઓ સુધી તેમને ક્ષુબ્ધ કરવા માટે પ્રયત્નો કરતો જ રહ્યો પરંતુ મહાવીર જરા પણ ચલિત થયા નહિ. છેવટે દેવે મહાવીરની ક્ષમા માગી, પ્રાર્થના કરી અને પછી તે જતો રહ્યો.[૧] દઢભૂમિની એકતા સિંઘભૂમ જિલ્લામાં આવેલા દલભૂમ સાથે સ્થાપવામાં આવી છે.[૨]

૧. આવનિ.૪૯૭, આવચૂ.૧.પૃ.૩૦૧, વિશેષા.૧૯૫૩, કલ્પસં.પૃ.૮૮, કલ્પવિ. પૃ. ૧૬૮.
૨. લાઈ.પૃ.૨૭૮.

**દઢમિત્ત** (દઢમિત્ર) **દંતપુર**નો રહેવાસી. તે **ધણમિત્ત**(૨)નો મિત્ર હતો. રાજા દ્વારા નિષિદ્ધ હોવા છતાં તે તેના મિત્ર માટે જંગલમાંથી હાથીદાંતની ભારી લાવ્યો હતો.[૧]

૧. આવચૂ.૨.પૃ.૧૫૪, નિશીચૂ.૪.પૃ.૩૬૨, આવનિ.૧૨૭૫, વ્યવમ.૩.પૃ.૧૭, બૃક્ષે. ૫૯૧, આવહ.પૃ.૬૬૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧. દઢરહ** (દઢરથ) **ભદ્દિલપુર** નગરના રાજા, **તિત્થંકર સીયલના** પિતા અને રાણી **ણંદા**(૩)ના પતિ.[1]

૧. સમ.૧૫૭, તીર્થો.૪૭૩, સ્થાઅ.પૃ.૩૦૮.

**૨. દઢરહ બારવઈના બલદેવ**(૧) અને તેની પત્ની **રેવઈ**(૩)નો પુત્ર. તેને પચાસ પત્નીઓ હતી. તેણે સંસારનો ત્યાગ કર્યો. તે **તિત્થયર અરિટ્ઠણેમિનો** શિષ્ય બન્યો. નવ વર્ષના શ્રમણજીવન પછી મરીને તે **સવ્વટ્ઠસિદ્ધ** વિમાન (સ્વર્ગીય વાસસ્થાન)માં દેવ થયો. તે **મહાવિદેહ**માં એક વધુ જન્મ લેશે અને ત્યાં જ મોક્ષ પામશે.[1]

૧. નિર.૫.૮.

**૩. દઢરહ** અતીત **ઓસપ્પિણી**માં **ભરહ**(૨) ક્ષેત્રમાં થયેલા દસ કુલગરોમાંથી આઠમા **કુલગર.**[1] સ્થાનાંગ તેમને અતીત **ઉસ્સપ્પિણી**ના કુલગર તરીકે ઉલ્લેખે છે.[2] સ્પષ્ટતા માટે જુઓ **કુલગર.**

૧. સમ.૧૫૭. ૨. સ્થા.૭૬૭.

**૪. દઢરહ** અતીત **ઓસપ્પિણી**ના દસ **કુલગરો**માંથી આઠમા.[1] સ્પષ્ટતા માટે જુઓ **કુલગર.**

૧. સમ.૧૫૭.

**૫. દઢરહ ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૬.

**૬. દઢરહ વણ્હિદસા**નું આઠમું અધ્યયન.[1]

૧. નિર.૫.૧.

**દઢરહા** (દઢરથા) કેટલાક **લોગપાલ,** તેમની પત્નીઓ વગેરેની ત્રણ સભાઓમાંની એક.[1]

૧. સ્થા.૧૫૪.

**૧. દઢાઉ** (દઢાયુસ્) **ભરહ**(૨) ક્ષેત્રના પાંચમા ભાવી **તિત્થંકર સવ્વાણુભૂઇ**(૧)નો પૂર્વભવ. તે **મહાવીર**ના તીર્થમાં જીવિત હતા.[1]

૧. સ્થા.૬૯૧, સમ.૧૫૯.

**૨. દઢાઉ** જે માણસ (**લચ્છઇ**નો પુત્ર) મરીને સાતમા નરકમાં જન્મ્યો હતો તે.[1]

૧. જીવા.૮૯.

**૧. દત્ત રોહીડ**અનો શેઠ. તેને **દેવદત્તા**(૨) નામની પુત્રી હતી. **કણ્હસિરી**(૧) તેની પત્ની હતી.[1]

૧. વિપા.૩૦, સ્થાઅ.પૃ.૫૦૮.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨. દત્ત** ભરહ(૨) ક્ષેત્રના સાતમા **વાસુદેવ**(૧). તે ઓગણીસમા **તિત્થંકર મલ્લિ**(૧) પહેલાં અને અઢારમા તિત્થંકર **અર** પછી થયા. તે **વાણારસી**ના રાજા **અગ્ગિસીહ** અને તેમની રાણી **સેસવઈ**(૨)ના પુત્ર હતા. **ણંદણ**(૧) તેમના મોટા ભાઈ હતા. **લલિયમિત્ત** એ તેમના પૂર્વભવનું નામ હતું. તેમની ઊંચાઈ છોત્તેર ધનુષ હતી. તે છપ્પન હજાર વર્ષનું આયુષ્ય ભોગવી મૃત્યુ પામ્યા અને પાંચમા નરકમાં પુનઃ જન્મ ધારણ કર્યો. તેમણે તેમના **પડિસત્તુ પહરાઅ**(૨)ને હણી નાખ્યો હતો.[1]

૧. સમ.૧૫૮, આવભા.૪૦-૪૧, વિશેષા.૧૭૬૫, ૧૭૭૭, તીર્થો. ૫૭૭, ૬૦૨-૬૧૫, સ્થા.૬૭૨, આવનિ.૪૦૩-૪૧૩, ૪૨૧, ઉત્તરાક.પૃ.૩૪૯. તિલોગપણ્ણત્તિ (૪.૧૪૨૨) અનુસાર તેનું કુલ આયુ ૩૨૦૦૦ વર્ષનું હતું. સમ.૩૫ અનુસાર તેની ઊંચાઈ પાંત્રીસ ધનુષ હતી.

**૩. દત્ત** આવતી **ઉસ્સપ્પિણી**માં ભરહ(૨) ક્ષેત્રમાં થનારા પાંચમા **કુલગર**.[1] જુઓ **કુલગર**.

૧. સમ.૧૫૯, સ્થા.૫૫૬, તીર્થો.૧૦૦૪.

**૪. દત્ત ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.૧૫૧.

**૫. દત્ત તગરા** નગરના શેઠ. તેમણે પત્ની **ભદ્દા**(૧) અને પુત્ર **અરહણ્ણ**(૨) સાથે સંસારનો ત્યાગ કર્યો અને તે આચાર્ય **અરહમિત્ત**(૩)ના શિષ્ય બન્યા.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૫૮, ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૯૦, ઉત્તરાક.પૃ.૩૪, પાક્ષિય.પૃ.૨૪.

**૬. દત્ત સીહ**(૬)ના શિષ્ય અને **સંગમથેર**ના પ્રશિષ્ય. સીહે તેમને **કોલ્લઇર**માં લાંબા સમયથી રહેતા સંગમથેરની ખબર કાઢવા અને તેમના કુશલસમાચાર જાણવા કોલ્લઇર મોકલ્યા. જ્યારે તેમણે પોતાના દાદા ગુરુને ઘણા લાંબા સમયથી એક ને એક સ્થાને જ રહેતા જોયા ત્યારે તેમને તેમની નિષ્ઠા વિશે શંકા જાગી. (સાધુઓ લાંબો સમય એક જ સ્થાને રહે તે ઇષ્ટ નથી માનવામાં આવતું.) પછી તેમની તે શંકાને એક દેવે દૂર કરી.[1]

૧. નિશીચૂ.૩.પૃ.૪૦૮, ઉત્તરાચૂ.પૃ.૬૭, પિંડનિભા.૪૦, પિંડનિમ.પૃ.૧૨૫-૨૬, પિંડનિ. ૪૨૭, મર.૪૯૧.

**૭. દત્ત તુરુવિણી**ના રાજા **જિયસત્તુ**(૩)નો પુત્ર. તેને યજ્ઞો કરવાનો શોખ હતો. એક વાર તેણે આચાર્ય **કાલક**(૫)ને યજ્ઞકર્મનું ફળ સમજાવવા કહ્યું. કાલગે જણાવ્યું કે યજ્ઞકર્મનું ફળ નરક છે. કાલગે ભવિષ્ય ભાખ્યું હતું તે મુજબ જ તેના પોતાના માણસોએ જ દત્તની હત્યા કરી.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૯૫, આવનિ.૮૭૨.

**૮. દત્ત મહાવીર**ના દસમા **ગણધર મેયજ્જ**(૧)ના પિતા.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવનિ.૬૪૮, વિશેષા.૨૫૦૯.

૯. **દત્ત** જેનો પુત્ર **જિયસત્તુ**(૨) અને પૌત્ર **મેઘઘોસ** હતો તે રાજા.[૧]

૧. તીર્થો.૬૯૫-૯૬.

**૧૦. દત્ત પાડલિપુત્ત**ના રાજા **કક્કિ**નો પુત્ર.[૧]

૧. તીર્થો. ૬૯૦.

**૧૧. દત્ત ચંપા** નગરીનો રાજા. તે રાણી **રત્તવઈ**(૩)નો પતિ હતો અને રાજકુમાર **મહચંદ**(૪)નો પિતા હતો.[૧]

૧. વિપા.૩૪.

**૧૨. દત્ત મહાવીર** સમક્ષ નાટક ભજવનાર દેવ. તે પોતાના પૂર્વભવમાં **ચંદણા**(૨) નગરીનો શેઠ હતો.[૧]

૧. નિર.૩.૭.

**૧૩. દત્ત પુપ્ફિયા**નું સાતમું અધ્યયન.[૧]

૧. નિર.૩.૧.

**દત્તિલાયરિઅ** (દત્તિલાચાર્ય) શ્રુતજ્ઞાનનું લક્ષણ બાંધનાર આચાર્ય.[૧]

૧. દશચૂ.પૃ.૪.

**૧. દદ્દુર** (દર્દુર) **રાહુ**(૧)નું બીજું નામ.[૧]

૧. ભગ.૪૫૩.

**૨. દદ્દુર** જેણે **રાયગિહ**માં **મહાવીર** સમક્ષ નાટક ભજવ્યું હતું તે **દદ્દુરવડિંસઅ**નો દેવ. તે તેના પૂર્વભવમાં **ણંદ**(૧૧) નામનો શેઠ હતો. મૃત્યુ પછી તેણે જે તળાવ પોતે જ બાંધ્યું હતું તેમાં દેડકા તરીકે જન્મ લીધો. ત્યાર પછી તે **દદ્દુર** દેવ તરીકે જન્મ્યો.[૧]

૧. જ્ઞાતા. ૯૩-૯૫, ભક્ત.૭૫.

**દદ્દુરવડિંસઅ** (દર્દુરાવતંસક) પ્રથમ સ્વર્ગનું સ્વર્ગીય વાસસ્થાન. **દદ્દુર**(૨) દેવ તેમાં જન્મ્યો હતો.[૧]

૧. જ્ઞાતા. ૯૩.

**દધિમુહ** (દધિમુખ) પર્યંકના આકાર જેવો આકાર ધરાવતો પર્વત.[૧] તે બધી બાજુએથી આકારમાં એકસરખો છે, ચોસઠ હજાર યોજન ઊંચો[૨] અને એક હજાર યોજન ઊંડો છે.[૩] આવા પર્વતો સોળ છે. બધા સોળે સોળ પર્વતો **ણંદીસર** દ્વીપમાં આવેલા છે. ણંદીસર દ્વીપમાં ચાર દિશામાં ચાર **અંજણગ** પર્વત આવેલા છે. પ્રત્યેક અંજણગ પર્વતને ચાર પુષ્કરિણી છે અને પ્રત્યેક પુષ્કરિણીની મધ્યમાં યા કેન્દ્રમાં એક દધિમુહ પર્વત છે.[૪] **ઉસભ**(૧)ના નિર્વાણ પ્રસંગે **સક્ક**(૩)ના **લોગપાલો**એ અટ્ઠાહિઅ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(અષ્ટાહ્નિક) મહોત્સવ આ પર્વતો ઉપર ઉજવ્યો હતો.[5]

૧. ઉત્તરાક.પૃ.૧૯૨. ૨. સમ.૬૪. ૩. નિશીભા.૫૨, જીવા.૧૮૩.
૪. જીવા.૧૮૩, સમઅ.પૃ.૭૮, સ્થા.૩૦૭. ૫. જમ્બૂ.૩૩.

**દધિવાહણ** (દધિવાહન) જુઓ **દહિવાહણ**.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૧૮, આવહ.પૃ.૭૧૮.

**દબ્ભ** (દર્ભ) **વિયાહપણ્ણત્તિ**ના એકવીસમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક.[1]

૧. ભગ.૬૮૮.

**દબ્ભાયણ** (દાર્ભાયણ) **ચિત્તા** નક્ષત્રનું ગોત્રનામ.[1]

૧. જમ્બૂ.૧૫૯, સૂર્ય.૫૦.

**દબ્ભિય** (દાર્ભિક) આ અને **દબ્ભિયાયણ** એક છે.[1]

૧. સૂર્યમ.પૃ.૧૫૧.

**દબ્ભિયાયણ** (દાભ્યાર્યણ) આ અને **દબ્ભાયણ** એક છે.[1]

૧. જમ્બૂ.૧૫૯.

**દબ્ભિયાણ** (દાભ્યાર્યન) આ અને **દબ્ભિયાયણ** એક છે.[1]

૧. સૂર્ય. ૫૦.

**દમઘોસ** (દમઘોષ) **સિસુપાલ** રાજાના પિતા.[1]

૧. જ્ઞાતા.૧૧૭.

**દમદંત** (દમદન્ત) **હત્થિસીહ** નગરના રાજા. તેમને **દોવઈ**ના સ્વયંવરમાં આવવા નિમન્ત્રણ આપવામાં આવ્યું હતું.[1] તેમને પાંડવો સાથે સારો સંબંધ ન હતો. તે સંસાર છોડી શ્રમણ બન્યા. એક વાર જ્યારે તે **હત્થિણાઉર** ગયા ત્યારે **દુજ્જોહણે** તેમને ત્રાસ આપ્યો જ્યારે **જુધિટ્ઠિલે** તેમની સેવા કરી. પરંતુ તેમને તો બન્ને તરફ સમભાવ હતો.[2]

૧. જ્ઞાતા.૧૧૭.
૨. આવચૂ.૧.પૃ.૪૯૨, આવનિ.૮૬૬, વિશેભા.૩૩૩૨-૩૪, મર.૪૪૨, આવહ. પૃ.૩૬૫.

**દમયંતી** (દમયન્તી) એક સતી સ્ત્રી.[1]

૧. આવ.પૃ.૨૮.

**૧. દમિલ** (દ્રવિડ) એક જાતિ (race)નું નામ.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૨૪૨, આવચૂ.૨.પૃ.૮૧.

**૨. દમિલ** એક **અણારિય** (અનાર્ય) દેશ.[1] કાઞ્ચીપુરી નગર તેમાં આવેલું હતું.[2] **ઉજ્જેણી** **સંપઇ**ને તેના પિતાએ આપ્યું હતું જ્યારે દમિલ દેશ તેણે પોતે જીત્યો હતો.[3]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપઈએ આન્ધ્ર, દ્રવિડ, મહારાષ્ટ્ર, કુડુક્ક વગેરેને શ્રમણોના વિહાર માટે યોગ્ય બનાવ્યા.[૪] દમિલના લોકોને તેમની પોતાની ભાષા હતી.[૫] તે ભાષાને ઉત્તર ભારતના લોકો સમજી શકતા નહિ[૬] જ્યારે દમિલ દેશના લોકોને આર્યન્ ભાષાઓ આવડતી નહી.[૭] દ્રવિડ દેશમાં તળાવના પાણીથી પાક ઉગાડવામાં આવતો.[૮] ખૂબ ઝીણા પોતવાળું કાપડ, કમલતંતુમાંથી બનાવેલું, આ દેશમાં પેદા કરવામાં આવતું.[૯] તેની એકતા રામેશ્વરથી તિરુપતિ સુધીના, દક્ષિણ ભારતના તમિલભાષી લોકોના દેશ સાથે સ્થાપવામાં આવી છે.[૧૦]

૧. પ્રજ્ઞા.૩૭, સૂત્રશી.પૃ.૧૨૩,પ્રશ્ન.૪.
૨. બૃક્ષે.૧૦૬૯.
૩. નિશીચૂ.૨.પૃ.૩૬૨.
૪. બૃભા.૩૨૮૯,બૃક્ષે.૯૨૧.
૫. બૃક્ષે.૩૮૨.
૬. એજન. ૧૦૩૮.
૭. વ્યવભા.૪.૧૩૯.
૮. બૃક્ષે.૨૮૩.
૯. જમ્બૂ.પૃ.૨૦, જમ્બૂશા.પૃ.૧૦૭.
૧૦. લાઇ.પૃ.૨૭૯, જિઓડિ.પૃ.૫૭, સ્ટજિઓ.પૃ.૮૬.

**દમિલી** (દ્રમિલી અથવા દ્રાવિડી) રાજાઓના અન્તઃપુરોમાં દાસી તરીકે કામ કરતી દ્રવિડ દેશની કન્યાઓ.[૧]

૧. જ્ઞાતા.૧૮, જમ્બૂ.૪૩.

**દરિદ્દ** (દરિદ્ર) **કયંગલા**નો પાખંડમતવાદી. તેણે **ગોસાલ**ને પીટ્યો હતો.[૧]

૧. આવચૂ.૧.પૃ.૨૮૭, આવનિ.૪૭૯, વિશેષા.૧૯૩૩, કલ્પધ.પૃ.૧૦૬.

**દવિલ** (દ્રવિડ) આ અને **દમિલ** એક છે.[૧]

૧. પ્રશ્ન.૪.

**દસઉર** (દશપુર) જુઓ **દસપુર**.[૧]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૯૬-૯૭.

**દસકાલિય** (દશકાલિક) **દસવેયાલિય**નું બીજું નામ.[૧]

૧. દશનિ. ૧૧-૧૫, દશનિ.પૃ.૧, આવનિ.૮૪, આવહ.પૃ.૫૮, આચાશી. પૃ. ૮૪, દશહ.પૃ.૧.

**દસકાલિયણિજ્જુત્તિ** (દશકાલિકનિર્યુક્તિ) **દસકાલિય** અથવા **દસવેયાલિય** ઉપર ભદ્દબાહુ(૨)એ રચેલી ગાથાબદ્ધ ટીકા. **આવસ્સગ, ઉત્તરજ્ઝયણ** અને **આયાર** ઉપરની નિર્યુક્તિઓ પૂર્ણ રચાઈ ગયા પછી જ આ નિર્યુક્તિની રચના કરવામાં આવી હતી.[૧] **પિંડણિજ્જુત્તિ** આનો જ એક ભાગ છે.[૨]

૧. આવનિ.૮૪, વિશેષા.૧૦૭૯, આચાશી.પૃ.૮૪. ૨. પિંડનિમ.પૃ.૧.

**દસગાલિય** (દશકાલિય) આ અને **દસવેયાલિય** એક છે.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. વિશેષા. ૧૦૨૬.

**દસચિત્તસમાહિટ્ઠાણ** (દશચિત્તસમાધિસ્થાન) **આયારદસા**નું પાંચમું અધ્યયન.[1]

૧. સ્થા. ૭૫૫.

**દસણ્ણ** (દશાર્ણ) એક **આરિય** (આર્ય) દેશ જેની રાજધાની **મત્તિયાવઈ** હતી.[1] **ચિત્ત**(૧) અને **સંભૂય**(૨) તેમના પૂર્વભવમાં આ દેશમાં એક બ્રાહ્મણના ગુલામ તરીકે જન્મ્યા હતા.[2] રાજા **દસણ્ણભદ્દ** અહીં રાજ કરતા હતા.[3] તેની એકતા વર્તમાન પૂર્વ માલવા અને તેની આજુબાજુના પ્રદેશ સાથે સ્થાપવામાં આવી છે. તેની રાજધાની વિદિશા હતી જે ભિલ્સા પાસે આવેલું વર્તમાન બેસનગર છે.[4]

૧. પ્રજ્ઞા.૩૭, સૂત્રશી.પૃ.૧૨૩.
૨. ઉત્તરા.૧૩.૬, ઉત્તરાચૂ.પૃ.૨૧૪, ઉત્તરાશા.પૃ.૩૭૬.
૩. ઉત્તરા.૧૮.૪૪,આવનિ.૮૪૭, ઉત્તરાશા. પૃ. ૪૪૮.
૪. સ્ટજિઓ.પૃ.૩૪, ૧૫૧.

**દસણ્ણકૂડ** (દશાર્ણકૂટ) **દસણ્ણપુર** નગરની ઉત્તરપૂર્વમાં આવેલો ડુંગર.[1] જયારે **મહાવીર** તેના ઉપર વિચરતા હતા ત્યારે ઐરવત હાથી ઉપર સવારી કરતા **સક્ક**(૩)એ તેમને વંદન કર્યા. તે પ્રસંગે હાથીના આગલા પગોની છાપ તે ડુંગર ઉપર પડી. તેથી ડુંગરનું નામ **ગયગ્ગપય** પડી ગયું.[2] આ ડુંગર ઉપર આર્ય **મહાગિરિ**એ સલ્લેખના કરી હતી.[3] તેને હાથીનાં પગલાં માટે પ્રસિદ્ધ એવા **ઉજ્જિંજત** પર્વતના શિખર તરીકે પણ સમજવામાં આવે છે.[4]

૧. આવચૂ.૧.પૃ.૪૭૬.
૨. એજન.પૃ.૪૮૪.
૩. એજન.૨.પૃ.૧૫૭.
૪. આચાશી.પૃ.૪૧૮.

**દસણ્ણપુર** (દશાર્ણપુર) એક નગર જેની ઉત્તરપૂર્વમાં **દસણ્ણકૂડ** ડુંગર આવેલો છે.[1] તેનો રાજા **દસણ્ણભદ્દ** હતો.[2] આ નગરમાં **ઉજ્જેણી**ના **જિયસત્તુ**(૨૩) રાજાના પુત્રે સંસારનો ત્યાગ કરી શ્રમણત્વ સ્વીકાર્યું હતું.[3] આ નગર **એલકચ્છ** તરીકે પણ જાણીતું હતું.[4] ઉત્તરકાલીન સાહિત્યમાં જેમ રાયગિહને મગહપુર નામ અપાયું છે તેમ દસણ્ણ દેશના પાટનગરને દસણ્ણપુર નામ અપાયું લાગે છે.[5] ઐતિહાસિક તેમ જ અન્ય પુરાવાઓ વિદિશાને તેના પાટનગર તરીકે સ્થાપે છે. વિદિશાની એકતા ભિલ્સા નજીક બેટવા નદી ઉપર આવેલા બેસનગર સાથે સ્થાપવામાં આવી છે.[6]

૧. આવચૂ.૧.પૃ.૪૭૫, ૪૭૬, ૪૮૩.
૨. એજન.પૃ.૪૭૯, સ્થાઅ.પૃ.૫૧૦.
૩. આચાચૂ.પૃ.૨૨૬.
૪. આવચૂ.૨.પૃ.૧૫૬.
૫. જુઓ શ્રભમ.પૃ.૩૭૨.
૬. સ્ટજિઓ.પૃ.૧૫૧.

**૧. દસણ્ણભદ્દ** (દશાર્ણભદ્ર) **દસણ્ણ** દેશના અથવા **દસણ્ણપુર** નગરના રાજા.[1] તેને તેની સંપત્તિનું બહુ અભિમાન હતું. એક વાર **સક્ક**(૩)એ તે નગરમાં મહાવીર પધાર્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તેની સંપત્તિથી ચડિયાતા પ્રકારની સંપત્તિનું પ્રદર્શન કરી તેનું અભિમાન ઊતાર્યું. પછી **દસણ્ણભદ્દ** રાજા સંસારનો ત્યાગ કરી શ્રમણ થઈ વિચરવા લાગ્યા.[૨]

૧. ઉત્તરા.૧૮.૪૪, ઉત્તરાંશા.પૃ.૪૪૮, વિશેષા.૩૨૯૦, આવનિ.૮૪૭, આવ. પૃ. ૨૭, મનિ.પૃ.૬૫, આવચૂ.૧.પૃ.૩૫૫, ૪૭૯.

૨. આવચૂ.૧.પૃ.૪૮૦-૪૮૪.

**૨. દસણ્ણભદ્દ અણુત્તરોવવાઇયદસા**નું નવમું અધ્યયન.[૧] તે હાલ અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયું છે.

૧. સ્થા. ૭૫૫.

**૧. દસધણુ** (દશધનુષ્) આવતી **ઉસ્સપ્પિણી**માં થનારા **ભરહ**(૨)[૧] ક્ષેત્ર તેમ જ **એરવય**(૧)[૨] ક્ષેત્રના આ જ નામના ભાવી **કુલગર**. સ્પષ્ટતા માટે જુઓ **કુલગર**.

૧. સ્થા. ૭૬૭. ૨. સમ.૧૫૯, તીર્થો.૧૦૦૭.

**૨. દસધણુ બારવઈ**ના રાજા **બલદેવ**(૧) અને તેમની રાણી **રેવઈ**(૩)નો પુત્ર. બાકીનું તેનું વર્ણન **ણિસઢ**(૧)ના વર્ણન જેવું જ છે.

૧. નિર. ૫.૧૧.

**૩. દસધણુ વણ્હિદસા**નું અગિયારમું અધ્યયન.[૧]

૧. નિર.૫.૧.

**દસપુર** (દશપુર) એક નગર. **વીતિભય** નગરના રાજા **ઉદાયણ**(૧)એ બીજા દસ રાજાઓ સહિત **ઉજ્જેણી**ના રાજા **પજ્જોય** ઉપર આક્રમણ કર્યું અને તેને કેદ કર્યો કારણ કે તે **જીવંતસામિ**ની મૂર્તિ ચોરી ગયો હતો. ઉજ્જેણીથી પાછા ફરતાં અડધે રસ્તે એક સ્થાને વરસાદના લીધે ઉદાયણને જવું પડ્યું.[૧] ત્યાં તેણે પજ્જુસણા પર્વની આરાધના કરી, એક દિવસનો ઉપવાસ કર્યો[૨] અને પજ્જોયને મુક્ત કર્યો. તેના દસ સાથી રાજાઓએ ત્યાં માટીનો દુર્ગ સલામતી માટે બાંધ્યો. જ્યારે તેઓ ત્યાંથી છૂટા પડ્યા ત્યારે કેટલાક રાજશ્રેષ્ઠીઓએ ત્યાં વસવાટ કર્યો અને તે સ્થાનનું નામ દસપુર રાખ્યું[૩] કેમ કે દસ રાજાઓએ તે દુર્ગ બનાવ્યો હતો.[૪] આર્ય **રક્ખિય**(૧)[૫], જે પુરોહિત **સોમદેવ**(૩)ના પુત્ર હતા[૬], અહીંના હતા. આ નગરના **ઉચ્છુઘર**[૭] નામના ઉદ્યાનમાં આચાર્ય **તોસલિપુત્ત** પાસે **દિટ્ઠિવાય** ભણવા રક્ખિય ગયા હતા.[૮] રક્ખિયે શ્રમણ તરીકે એક વર્ષાવાસ આ ઉદ્યાનમાં ગાળ્યો હતો.[૯] આ નગરમાં તેમણે **ફગ્ગુરક્ખિય**ને આચાર્યપદ આપી તેમનું સન્માન કર્યું[૧૦] અને આ નગરમાં જ પોતાનો દેહ છોડ્યો.[૧૧] **ગોટ્ઠામાહિલે**[૧૨] આ નગરમાં વીરનિર્વાણ સંવત ૫૮૪માં અબદ્ધિકવાદ[૧૩] પ્રવર્તાવ્યો અને સંઘમાંથી તે છૂટા પડ્યા.[૧૪] આર્ય **વઇર**(૨)ને આ નગરમાં વાચકની પદવી આપવામાં આવી.[૧૫] દસપુરની એકતા માલવામાં આવેલા મન્દસોર સાથે સ્થાપવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી છે.[૧૬]

૧. નિશીભા.૩૧૮૫, નિશીચૂ.૩.પૃ. ૧૪૭.
૨. એજન. કલ્પશા.પૃ.૨૩૪.
૩. ઉત્તરાક.પૃ.૧૧૨, ૩૪૭.
૪. આવચૂ.૧.પૃ.૩૯૪,૪૦૧, ઉત્તરાચૂ. પૃ.૬૧, ઉત્તરાશા. પૃ. ૯૬-૯૭.
૫. આવચૂ.૧.પૃ.૩૯૭, ૪૦૧, ઉત્તરાશા.પૃ. ૯૬-૯૭, કલ્પધ. પૃ.૧૭૨.
૬. આવચૂ.૧.પૃ.૪૦૧, કલ્પસં.પૃ. ૧૪૪થી, કલ્પધ.પૃ.૧૭૨. ઉત્તરાક. પૃ.૩૭.
૭. નિશીભા.૫૬૦૭.
૮. આવચૂ.૧.પૃ.૪૦૧, નિશીભા. ૪૫૩૬, નિશીચૂ.૩.પૃ.૪૪૧, ઉત્તરાક.પૃ.૩૮.
૯. વ્યવભા.૮.૨૨૨.
૧૦. આવચૂ.૧.પૃ.૪૦૧.
૧૧. સ્થાઅ.પૃ.૪૧૩.
૧૨. આવચૂ.૧.પૃ.૪૧૨, સ્થા. ૫૮૭.
૧૩. આવભા.૧૪૧-૪૨, વિશેષા.૨૮૦૯, ૩૦૦૯-૧૧, આવનિ.૭૮૧, ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૧૭૨.
૧૪. આવનિ.૭૮૨.
૧૫. આવનિ.૭૬૮, વિશેષા. ૨૭૭૯.
૧૬. જિઓડિ. પૃ. ૫૪.

**૧. દસરહ** (દશરથ) વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રના આઠમા **બલદેવ**(૨) **પઉમ**(૬) અને આઠમા **વાસુદેવ**(૧) **ણારાયણ**(૧)ના પિતા. તેમની પત્નીઓમાં **અપરાઇયા**(૧૩) અને **કેકઈ**(૧)નો ઉલ્લેખ છે.[૧]

૧. સમ.૧૫૮, તીર્થો. ૬૦૨-૬૦૩, પ્રશ્નઅ.પૃ.૮૭, સ્થા.૬૭૨.

**૨. દસરહ ભરહ**(૨) ક્ષેત્રના અતીત **ઉસ્સપ્પિણી**[૧] અને **ઓસપ્પિણી**[૨] કાલચક્રના દસ **કુલગરો**માંના એક. સ્પષ્ટતા માટે જુઓ **કુલગર**.

૧. સ્થા. ૭૬૭. ૨. સમ.૧૫૭.

**૩. દસરહ બારવઈ**ના રાજા **બલદેવ**(૧) અને તેની રાણી **રેવઈ**(૩)નો પુત્ર. બાકીનું તેનું વર્ણન **ણિસઢ**(૧)ના વર્ણન જેવું જ છે.[૧]

૧. નિર.૫.૭.

**૪. દસરહ વણ્હિદસા**નું સાતમું અધ્યયન.[૧]

૧. નિર.૫.૧.

**દસવેઆલિય** અથવા **દસવેયાલિય** (દશવૈકાલિક) **અંગબાહિર ઉક્કાલિય** આગમગ્રંથ.[૧] તેનું મૂળ નામ **દસકાલિય** લાગે છે.[૨] તેની ણિજ્જુત્તિ અનુસાર શીર્ષક બે વિચારો અર્થાત્ સંખ્યા અને કાલ ઉપર આધારિત છે.[૩] 'દસ' શબ્દ દર્શાવે છે કે તેમાં દસ અધ્યયનો છે અને 'કાલિય' શબ્દ સૂચવે છે કે દિવસના સમયમાં (ત્રીજી પૌરુષી પૂરી થાય તે પહેલાં) આ ગ્રંથને આગમોમાંથી તેમના સારરૂપે ખેંચી કાઢવામાં આવેલ છે અર્થાત્ રચવામાં આવેલ છે.[૪] 'કાલિય'ના બદલે વપરાયેલ 'વેયાલિય' શબ્દ સૂચવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે કે આ ગ્રંથનો સ્વાધ્યાય, પાઠ કે વાચન વિયાલ (વિકાલ) સમયે અર્થાત્ સંધ્યાસમયે કરી શકાય છે.[૫] અથવા, પોતાના શ્રમણ પુત્ર **મણગ**ના કલ્યાણ માટે આચાર્ય **સેજ્જંભવે** (જુદા જુદા **પુવ્વ** ગ્રન્થોમાંથી)[૬] જે વસ્તુઓ સારરૂપે ગ્રહણ કરેલી તેમને વ્યવસ્થિતપણે ગોઠવી સંકલિત કરી વિયાલ સમયે.[૭]

દસવેયાલિય દસ અધ્યયનોમાં વિભક્ત છે. તે દસમાંથી પાંચમું અધ્યયન બે ઉદ્દેશોમાં અને નવમું અધ્યયન ચાર ઉદ્દેશોમાં વિભક્ત છે. ચોથા અને નવમા અધ્યયનો સિવાય બાકીનાં બધાં અધ્યયનો સંપૂર્ણપણે ગાથાબદ્ધ છે. ચોથું અધ્યયન સંખ્યાબંધ ગદ્યકંડિકાઓથી શરૂ થાય છે જ્યારે નવમા અધ્યયનમાં કેટલાક ગદ્યભાગો છે પરંતુ તે ગદ્યભાગોમાં પણ વચ્ચે વચ્ચે ગાથાઓ આવે છે. બધાં અધ્યયનોનાં શીર્ષકો સૂચક છે. દસવેયાલિય ગ્રન્થ શ્રમણાચારનું નિરૂપણ કરે છે. અધ્યયનોનાં શીર્ષકો નીચે પ્રમાણે છે – (૧) **દુમપુપ્ફિયા**-દ્રુમના પુષ્પનું દૃષ્ટાન્ત(૨) **સામણ્ણપુવ્વય** - શ્રામણ્યથી શરૂ થતું અધ્યયન, (૩) **ખુડ્ડિયાયારકહા** – આચારનું સંક્ષિપ્ત વિવરણ, (૪) **છજ્જીવણિય** અથવા **ધમ્મપણ્ણત્તિ** – જીવોના છ વર્ગોનું અથવા ધર્મનું વિવરણ, (૫) **પિંડેસણા** – ભિક્ષાસંબંધી વિધિવિધાન, (૬) **ધમ્મત્થકામ** અથવા **મહાયારકહા** – મોક્ષ માટેની કામના અથવા શ્રમણાચારનું વિસ્તૃત વિવરણ, (૭) **વક્કસુદ્ધિ** – વચનશુદ્ધિ, (૮) **આયારપ્પણિહિ** – આચારનો ઉત્કૃષ્ટ ખજાનો, (૯) **વિણયસમાહિ** – વિનય યા શિસ્ત માટેની નિષ્ઠા અને (૧૦) **સભિક્ખુ** – સાચો ભિક્ષુ યા સંત. આ દસ અધ્યયનોના અન્તે બે **ચૂલા** (પરિશિષ્ટ) જોડવામાં આવી છે.[૮]

દસવેયાલિયનું અધ્યયન **આવસ્સગ** પછી અને **ઉત્તરજ્ઝયણ** પહેલાં કરવું જોઈએ.[૯] દસવેયાલિયની કેટલીક ગાથાઓ ઉત્તરજ્ઝયણની ગાથાઓ સાથે શબ્દશઃ મળતી આવે છે.[૧૦] તેવી જ રીતે, દસવેયાલિયમાં આવતી કેટલીક ગદ્યકંડિકાઓ **આયાર**ની ગદ્યકંડિકાઓ સાથે મહદંશે શબ્દશઃ મળતી આવે છે.[૧૧] **તિત્થોગાલી** ભાખે છે કે દસવેયાલિય ગ્રન્થનો વિચ્છેદ (નાશ) વીરનિર્વાણસંવત ૨૦૯૦૦માં (=ઈ.સ. ૨૦૩૭૩માં) થશે અને તેના અર્થનો વિચ્છેદ વિરનિર્વાણસંવત ૨૧૦૦૦માં થશે.[૧૨]

૧. નન્દિ.૪૪, પાક્ષિ.પૃ.૪૩, સ્થાઅ. પૃ. ૫૨.
૨. દશનિ.પૃ.૭, ૯, ૧૨.
૩. દશનિ.પૃ.૭.
૪. દશનિ. અને દશહ. પૃ.૨, ૯.૧૨.
૫. દશચૂ.પૃ.૫,૭.
૬. દશનિ.પૃ.૧૨.
૭. દશચૂ.પૃ.૭, દશહ.પૃ.૧૨, દશનિ. પૃ.૯,૧૦,૧૨, મનિ.પૃ.૧૧૬, કલ્પવિ.પૃ.૨૫૧.
૮. દશનિ.પૃ.૧૧-૧૫, દશચૂ.પૃ.૮.
૯. નિશીચૂ.૪.પૃ.૨૫૨, વ્યવભા. ૩.૧૭૬.
૧૦. તુલના: દશ.ની અધ્યયન ૨, ગાથા ૭-૧૧ અને ઉત્તરા.ની અધ્યયન ૨૨, ગાથા ૪૨-૪૪, ૪૬, ૪૯.
૧૧. તુલના: દશ.નું અ.૪ અને આચા.૨.૧૫.
૧૨. તીર્થો. ૮૨૭, ૮૪૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દસવેયાલિયચુણ્ણિ** (દશવૈકાલિકચૂર્ણિ) **દસવેયાલિય** ઉપરની ગદ્યમય ટીકા. તેનું પ્રમાણ ૭૫૭૬ શ્લોક છે.[૧] **ઉત્તરજ્ઝયણચુણ્ણિ**માં[૨] અને **આવસ્સગચુણ્ણિ**માં[૩] તેનો ઉલ્લેખ છે. જુઓ **જિણદાસગણિમહત્તર.**

૧. દશચૂ.પૃ.૩૭૯. ૨. ઉત્તરાચૂ.પૃ.૨૭૪. ૩. આવચૂ.૨.પૃ.૧૧૭.

**દસા** (દશા) આ અને **દસાસુયક્ખંધ** એક છે.[૧]

૧. નન્દિ.૪૪, સમ.૨૬, પાક્ષિ.પૃ.૪૪, તીર્થો. ૮૧૭, આવચૂ.૧.પૃ.૧૫૮.

**દસા-કપ્પ-વવહાર** (દશા-કલ્પ-વ્યવહાર) **દસા, કપ્પ**(૨) અને **વવહાર**ના અધ્યયનોની કુલ સંખ્યા છવ્વીસ છે.[૧]

૧. સમ.૨૬, પાક્ષિ.પૃ.૬૯, આવચૂ.૨.પૃ.૧૪૮.

**૧. દસાર** (દશાર્હ) બધા **બલદેવ**(૨) તેમજ બધા **વાસુદેવ**(૧)નું સમૂહવાચક નામ. તેમનો વંશ **દૂસમસુસમા** અરમાં શરૂ થાય છે. દરેક **ઓસપ્પિણી** અને **ઉસ્સપ્પિણી**માં તે વંશમાં નવ બલદેવ અને નવ વાસુદેવ થાય છે.[૧] વર્તમાન કાલચક્રના પ્રથમ **દસાર તિવિટ્ઠ**(૧) છે.[૨] **વાસુદેવ**(૨) **કણ્હ**(૧)ને **દસારસીહ** કહેવામાં આવે છે.[૩]

૧. સ્થા. ૮૯,૧૪૩, સૂત્રનિ.૧૪૯, જમ્બૂ.૩૪,૪૦, તીર્થો. ૫૬૮, ૧૧૪૨.
૨. આવનિ.૪૨૫. ૩. આવનિ.૧૧૬૮.

**૨. દસાર વાસુદેવ**(૨) **કણ્હ**(૧)ના આધિપત્ય નીચેના માનનીય રાજાઓ તરીકે **વણ્હિ**(૧)ના દસ પુત્રો જે બારવઈના હતા. તે દસ નીચે પ્રમાણે છે – **સમુદ્દવિજય**(૧), **આક્ખોભ**(૨), **થિમિય**(૨), **સાગર**(૭), **હિમવંત**(૪), **અયલ**(૪), **ધરણ**(૪), **પૂરણ**(૩), **અભિચંદ**(૩) અને **વસુદેવ.**[૧]

૧. જ્ઞાતા.૧૧૭, અન્ત.૧-૬, અન્તઅ.પૃ.૨, પ્રશ્ન.૧૫, પ્રશ્નઅ.પૃ.૭૩, ઉત્તરા.૨૨-૨૭, નિર.૫.૧, બૃમ.પૃ.૫૭, દશનિ.પૃ.૩૬, દશચૂ.પૃ.૪૧,૩૨૦.

**દસારકુલનંદણ** (દશાર્હકુલનન્દન) આ અને **વસુદેવ** એક છે.[૧]

૧. ઓઘનિ.૫૩૫.

**દસારમંડલ** (દશાર્હમણ્ડલ) **બંધદસા**નું ચોથું અધ્યયન.[૧]

૧. સ્થા.૭૫૫.

**દસારસીહ** (દશાર્હસિંહ) આ અને **વાસુદેવ**(૨) **કણ્હ**(૧) એક છે.[૧]

૧. આવનિ.૧૧૬૮, આવચૂ.૨.પૃ.૩૨, ઉત્તરાશા.પૃ.૬૯.

**દસાસુયક્ખંધ** (દશાશ્રુતસ્કન્ધ) **અંગબાહિર કાલિય** આગમગ્રન્થ.[૧] **ઠાણ**માં **આયારદસા**નાં દસ અધ્યયનોનાં જે નામો આપ્યાં છે તેના આધારે સ્પષ્ટ છે કે આયારદસા અને દસાસુયક્ખંધ એક જ ગ્રન્થ છે.[૨] **તિત્થોગાલી**એ દસાસુયક્ખંધનો વિચ્છેદ(નાશ) વીરનિર્વાણ સંવત ૧૫૦૦(ઈ.સ.૯૭૩)માં થવાનું ભાખ્યું હતું.[૩]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દસાસુયક્ખંધ મહદંશે ગદ્યમાં રચાયો છે. તેનાં કેવળ બે અધ્યયનો – પાંચમું અને નવમું થોડી ગાથાઓ ધરાવે છે. તે દસ અધ્યયનોમાં નીચેના વિષયોનું નિરૂપણ કરે છે[૪] : (૧) વીસ અસમાહિટ્ઠાણ – શ્રમણાચારથી વિપરીત માર્ગનું અનુસરણ કરનાર શ્રમણના ચિત્તને ક્ષુબ્ધ યા અસ્વસ્થ કરનાર કારણો, (૨) એકવીસ સબલદોસ – શ્રમણના આત્મબળને શિથિલ કરી તોડનાર કારણો યા દોષો, (૩) તેત્રીસ આસાયણા – આચાર્ય ગુરુ વગેરેનો અવિનય, (૪) આઠ ગણીસંપદા – ગણી યા આચાર્યની ગુણસંપત્તિ, (૫) દસ ચિત્તસમાહિટ્ઠાણ – ચિત્તની સ્થિરતા, એકાગ્રતા, સ્વસ્થતા થવામાં કારણભૂત બાબતો, (૬) અગિયાર ઉવાસગપડિમા – શ્રાવકની સાધનાની ક્રમિક ભૂમિકાઓ દ્વારા આધ્યાત્મિક વિકાસ, (૭) બાર ભિક્ખુપડિમા – શ્રમણની સંયમતપસાધનાના ક્રમિક આધ્યાત્મિક વિકાસની ભૂમિકાઓ, (૮) પજ્જોસણાકપ્પ – શ્રમણે વર્ષાવાસ દરમ્યાન પાળવાના આચારના નિયમો, (૯) ત્રીસ મોહણિજ્જટ્ઠાણ – મોહનીય કર્મનો બંધ થવાનાં કારણો અને (૧૦) આયતિટ્ઠાણ – જન્મપરંપરા ચાલુ રહેવાનાં કારણો. દસાસુયક્ખંધ ઉપર એક નિર્યુક્તિ[૫] (ગાથાબદ્ધ પ્રાકૃત ટીકા) અને એક ચૂર્ણિ[૬] (પ્રાકૃત ગદ્ય ટીકા) રચાયેલ છે.

૧. નન્દિ.૪૪, પાક્ષિ.પૃ.૪૪.
૨. સ્થા.૭૫૫.
૩. તીર્થો. ૮૧૭.
૪. સ્થા.૭૫૫, સ્થાઅ.પૃ.૫૧૧, નન્દિમ. પૃ. ૨૦૬.
૫. આવનિ.૮૪, વિશેષા.૧૦૭૯, સમઅ. પૃ. ૯૬.
૬. દશાચૂ.પૃ.૯૨, કલ્પધ.પૃ.૧૧.

**દહણ** (દહન) **પાડલિપુત્ત**ના બ્રાહ્મણ **હુયાસણ**(૧)નો પુત્ર. તેણે તેના માતાપિતા અને મોટાભાઈ સાથે સંસારનો ત્યાગ કર્યો.[૧]

૧. આવચૂ.૨.પૃ.૧૯૫.

**દહવઈ** (દ્રહવતી) જુઓ **દહાવઈ**.[૧]

૧. સ્થા. ૧૯૭.

**૧. દહાવઈ** (દ્રહાવતી) **ણીલવંત** પર્વતના દક્ષિણ ભાગમાં આવેલું સરોવર. **મહાવિદેહ** ક્ષેત્રના બે પ્રદેશો **આવત્ત** અને **કચ્છગાવઈ**માંથી આવત્તની પૂર્વે અને કચ્છગાવઈની પશ્ચિમે આ સરોવર છે. તે સરોવરના દક્ષિણ ભાગમાંથી **દહાવઈ**(૨) નદી નીકળે છે.[૧]

૧.જમ્બૂ.૯૫.

**૨. દહાવઈ દહાવઈ** (૧) નામના સરોવરમાંથી નીકળતી, **આવત્ત** પ્રદેશથી **કોચ્છગાવઈ** પ્રદેશને અલગ કરતી અને દક્ષિણમાં આવેલી **સીયા**(૧) નદીને મળતી નદી. તે **મંદર**(૩) પર્વતની ઉત્તરપૂર્વમાં વહે છે.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. જમ્બૂ.૯૫. સ્થા. ૧૯૭, ૫૨૨.

**દહિમુખ** (દધિમુખ) જુઓ **દધિમુહ.**[૧]

૧. નિશીભા.૫૨.

**૧. દહિમુહ** (દધિમુખ) **લોગપાલ વરુણ**(૧)ના કુટુંબના દેવોનો પ્રકાર.[૧]

૧. ભગ. ૧૬૭.

**૨. દહિમુહ[ગ]** (દધિમુખ[ક]) જુઓ **દધિમુહ.**[૧]

૧. જીવા.૧૮૩, જમ્બૂ.૩૩.

**દહિવાહણ** (દધિવાહન) **ચંપા**ના રાજા. તે **પઉમાવઈ**(૮)ના પતિ અને **કરકંડુ**ના પિતા હતા. એક વાર પોતાની પત્નીનો દોહદ પૂરો કરવા તે તેની સાથે જંગલમાં ગયો. ત્યાં સંજોગવશાત્ તેઓ છૂટા પડી ગયા. રાજા પાટનગર પાછો ફર્યો જ્યારે રાણી **દંતપુર** પહોંચીને શ્રમણી બની ગઈ. ત્યાં તેણે **કરકંડુ**ને જન્મ આપ્યો. વખત જતાં આકસ્મિક રીતે કરકંડું **કલિંગ**(૧) દેશની રાજધાની **કંચણપુર**નો રાજા બની ગયો. એક વાર તેને તેના પિતા દહિવાહણ સાથે સંઘર્ષ થયો પણ પઉમાવઈએ બન્નેને એકબીજાની ઓળખાણ કરાવીને યુદ્ધ થતું અટકાવ્યું. પછી દહિવાહણે પોતાનું રાજ્ય કરકંડુને આપી સંસારનો ત્યાગ કર્યો.[૧]

દધિવાહણને વધારામાં બીજી પણ એક **ધારિણી**(૩) નામની રાણી હતી અને લોકોમાં **ચંદણા**(૧) તરીકે પ્રસિદ્ધ એવી **વસુમઈ** નામની તેમની પુત્રી હતી. એક વાર **કોસંબી** નગરીના **સયાણિઅ** રાજાએ ચંપા ઉપર આક્રમણ કર્યું.દહિવાહણ રાજા છટકીને ભાગી ગયો પણ દુશ્મનોએ રાણી ધારિણી અને રાજકુમારી વસુમઈને પકડી કેદ કર્યાં.[૨]

૧. આવચૂ.૨.પૃ.૨૦૪-૨૦૭, ઉત્તરાચૂ.પૃ.૧૭૮, ઉત્તરાશા.પૃ.૩૦૦, વિશેષા. ૧૯૭૭.
૨. આવચૂ.૧.પૃ.૩૧૮, આવનિ. ૫૨૧, કલ્પવિ.પૃ.૧૭૦.

**દાણવીરિય** (દાનવીર્ય) છઠ્ઠા તિત્થંકર **પઉમાભ**નો સમકાલીન રાજા.[૧]

૧. તીર્થો. ૪૬૯.

**દામણણગ** (દામનક) **રાયગિહ**ના ઝવેરીનો પુત્ર. તેના પૂર્વભવમાં તે માછીમાર હતો. મિત્રની સલાહથી તેણે માછીમારીનો ધંધો છોડી દીધો અને ઘણી મુશ્કેલીઓ અને કષ્ટો પડવા છતાં તે મક્કમ અને નિશ્ચલ રહ્યો. સદ્નસીબે તે જ નગરના શેઠ **સાગરપોત**ની દીકરી **વિસા** સાથે તેના લગ્ન થયા. જ્યારે તેના સસરા સાગરપોતે પોતાના દીકરાના મૃત્યુના દુઃખદ સમાચાર સાંભળ્યા ત્યારે તે આઘાતથી મૃત્યુ પામ્યા અને તે તેના સસરાના ઘરનો માલિક બન્યો.[૧]

૧. આવચૂ.૨.પૃ.૩૨૪, આવનિ.૧૬૧૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દામડ્ઢિ** (દામર્દ્ધિ) **સોહમ્મ**(૨) દેવોના ઇન્દ્રનો સેનાપતિ. તે આખલાઓના દળને કાબૂમાં રાખે છે. **ઈસાણ** દેવો, વગેરેના ઇન્દ્રોની સેનાઓના આવા સેનાપતિઓનું પણ આ જ નામ છે.[1]

૧. સ્થા. ૪૦૪, ૫૮૨.

**દામિણી** (દામિની) સત્તરમા **તિત્થંકર કુંથુ**(૧)ની મુખ્ય શિષ્યા.[1] સમવાયાંગ આ સંદર્ભમાં **અંજુયા**નો ઉલ્લેખ કરે છે.[2]

૧. તીર્થો. ૪૬૦. ૨. સમ. ૧૫૭.

**દામિલી** (દ્રાવિડી) **બંભી**(૨) લિપિના અઢાર પ્રકારોમાનો એક પ્રકાર.[1]

૧. સમ.૧૮, પ્રજ્ઞા.૩૭.

**૧. દારુઅ** (દારુક) બારવઈના રાજા **વસુદેવ** અને તેની રાણી **ધારિણી**(૪)નો પુત્ર.[1] એક વાર તેને તેના ભાઈઓ સાથે જંગલમાં રાત ગાળવી પડી.[2] તેણે **અરિટ્ઠણેમિ** પાસે દીક્ષા લીધી અને **સેત્તુંજ** પર્વત મોક્ષ પ્રાપ્ત કર્યો.[3]

૧. અન્ત. ૭. ૨. ઉત્તરાચૂ.પૃ.૭૫, ઉત્તરાશા.પૃ.૧૧૮, ઉત્તરાક.પૃ.૪૮૪.
૩. અન્ત.૭, સ્થાઅ.પૃ. ૪૫૭.

**૨. દારુઅ અંતગડદસા**ના ત્રીજા વર્ગનું બારમું અધ્યયન.[1]

૧. અન્ત.૪.

**૩. દારુઅ વાસુદેવ**(૨) **કણ્હ**(૧)નો સારથિ.[1]

૧. જ્ઞાતા. ૧૨૪.

**૪. દારુઅ** મરઘાઓની લડાઈઓ યોજનારો એક વેપારી.[1]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ. ૩૭૯.

**૫. દારુઅ** આવતા **ઉસ્સપ્પિણી** કાલચક્રમાં **ભરહ**(૨) ક્ષેત્રમાં ભવિષ્યમાં જે **તિત્થંકર અણંતવિજય**(૧) બનવાના છે તે શ્રમણ. આ દારુઅ તે જ સમવાયમાં ઉલ્લિખિત **દારુમડ** છે.[1]

૧. સ્થા. ૬૯૨, સમ. ૧૫૯.

**દારુઈજ્જપવ્વયગ** (દારુકીયપર્વતક) **સૂરિયાભ** સ્વર્ગીય વાસસ્થાનમાં આવેલા એક પ્રકારના પર્વતો. તેઓ કાષ્ઠના પર્વતો જેવા દેખાય છે.[1]

૧. રાજ.૧૧૨, રાજમ.પૃ.૧૯૫.

**દારુગ** (દારુક) જુઓ **દારુઅ**.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૭૫, ઉત્તરાશા.પૃ.૧૧૮.

**દારુમડ ભરહ**(૨) ક્ષેત્રેના ભાવી ચોવીસમા **તિત્થંકર અણંતવિજય**(૧)નો પૂર્વભવ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ અને **દારુઅ**(૫) એક છે.[૧]

૧. સમ. ૧૫૯, સ્થા. ૧૫૯.

**દાવદ્દવ** (દાવદ્રવ) **ણાયાધમ્મકહા**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું અગિયારમું અધ્યયન.[૧]

૧. જ્ઞાતા.૫, જ્ઞાતાઅ.પૃ.૧૦, સમ.૧૯.

**દાસીખબ્બડિયા** (દાસીખર્બટિકા) **ગોદાસગણ**(૧)ની ચાર શાખાઓમાંની એક.[૧]

૧. કલ્પ.પૃ.૨૫૬.

**દાહિણકૂલગ** (દક્ષિણકૂલક) જેમની અવરજવર યા ગમનાગમન ક્રિયાઓ ગંગા નદીના દક્ષિણ કિનારામાં જ સીમિત છે તે વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.[૧]

૧. ભગ. ૪૧૭, ભગઅ.પૃ.૫૧૯.

**દાહિણડ્ઢકચ્છ** (દક્ષિણાર્ધકચ્છ) **મહાવિદેહ** ક્ષેત્રમાં આવેલા **કચ્છ**(૧) પ્રદેશનો દક્ષિણનો અડધો ભાગ. તે તેના **વેયડ્ઢ**(૧) પર્વતની દક્ષિણે, **સીયા**(૧) નદીની ઉત્તરે, **ચિત્તકૂડ**(૧) પર્વતની પશ્ચિમે અને **માલવંત**(૧) પર્વતની પૂર્વે આવેલ છે. તે ઉત્તરથી દક્ષિણ ૮૨૭૧$\frac{૧}{૧૯}$ યોજન અને પૂર્વથી પશ્ચિમ ૨૨૧૩ યોજન વિસ્તરેલો છે. તેનો આકાર પલંગ (પર્યંક) જેવો છે, સપાટ અને સુખદ છે.[૧]

૧. જમ્બૂ.૯૩.

**દાહિણડ્ઢ ભરહ** (દક્ષિણાર્ધભરત) **ભરહ**(૨) ક્ષેત્રનો દક્ષિણનો અડધો ભાગ. તે તેના **વેયડ્ઢ**(૨) પર્વતથી ઉત્તરના અડધા ભાગથી અલગ થાય છે.[૨] તેની ત્રણ બાજુએ **લવણ** સમુદ્ર આવેલો છે.[૩] બે મોટી નદીઓ ગંગા[૪] અને **સિંધુ**(૧) **ઉત્તરડ્ઢભરહ**માંથી વેયડ્ઢ પર્વતને પસાર કર્યા પછી તેમાં પ્રવેશે છે અને આ પ્રદેશને ત્રણ વિભાગોમાં વહેંચી દે છે.[૫] વચલા વિભાગની મધ્યમાં **વિણીયા** નગર આવેલું છે.[૬] દાહિણડ્ઢભરહની ધણુપ્પિટ્ઠ અર્થાત્ પ્રસ્તુત ચાપનું માપ ૯૮૦૦ યોજનથી કંઈક ઓછું[૭] અથવા ૯૭૬૬$\frac{૧}{૧૯}$ યોજન[૮] ચોક્કસપણે છે. તેની ઉત્તર-દક્ષિણ પહોળાઈ ૨૩૮$\frac{૩}{૧૯}$ યોજન[૯] છે. તેની પૂર્વ-પશ્ચિમ જીવા ૯૭૪૮$\frac{૧૨}{૧૯}$ યોજન છે.[૧૦] દાહિણડ્ઢભરહ તે ભારતીય દ્વીપકલ્પનો વિન્ધ્ય પર્વતથી કન્યાકુમારી સુધીનો દક્ષિણનો અડધો ભાગ છે.[૧૧] જુઓ **દક્ખિણાવહ**.

૧. જ્ઞાતા.૫૨, નિશી.૫.૧, કલ્પ.૨
૨. જમ્બૂ.૧૦.
૩. નિશી.૫.૧.
૪. જમ્બૂ.૭૪.
૫. એજન.૧૧.
૬. એજન.૪૧.
૭. સમ.૯૮.
૮. જમ્બૂ.૧૧.
૯. એજન.
૧૦. એજન.
૧૧. જિઓડિ.પૃ.૫૨, ઇડિબુ.પૃ.૭૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દાહિણડ્ઢભરહકૂડ** (દક્ષિણાર્ધભરતકૂટ) **ભરહ**(૨) ક્ષેત્રમાં **વેયડ્ઢ**(૨) પર્વતના દક્ષિણ ભાગનું શિખર.[1] **દાહિણડ્ઢભરહ**ના અધિષ્ઠાતા દેવનું તે વાસસ્થાન છે.[2]

૧. જમ્બૂ.૧૨. ૨. એજન.૧૪.

**દાહિણડ્ઢભરહદેવ** (દક્ષિણાર્ધભરતદેવ) **ભરહ**(૨) ક્ષેત્રના દક્ષિણના અડધા ભાગનો અધિષ્ઠાતા દેવ. તેનું આયુષ્ય એક પલ્યોપમ વર્ષનું છે. તેનો વાસ **દાહિણડ્ઢભરહકૂડ** ઉપર છે. હજારો દેવો અને દેવીઓનો તે ઇન્દ્ર છે. તેની રાજધાની **દાહિણડ્ઢા** છે.[1]

૧. જમ્બૂ.૧૪.

**દાહિણડ્ઢમણુસ્સખેત્ત** (દક્ષિણાર્ધમનુષ્યક્ષેત્ર) **મણુસ્સખેત્ત**નો દક્ષિણનો અડધો ભાગ. તેમાં છાસઠ ચન્દ્ર અને છાસઠ સૂર્ય છે, હતા અને હશે.[1]

૧. સમ.૬૬.

**દાહિણડ્ઢા** (દક્ષિણાર્ધા) **દાહિણડ્ઢભરહ**(૨)ના અધિષ્ઠાતા દેવનું પાટનગર.[1]

૧. જમ્બૂ.૧૪.

**દાહિણદ્ધભરહ** (દક્ષિણાર્ધભરહ) જુઓ **દાહિણડ્ઢભરહ**.[1]

૧. જમ્બૂ.૧૧, ૭૪.

**દાહિણભરહડ્ઢ** (દક્ષિણભરતાર્ધ) જુઓ **દાહિણડ્ઢભરહ**.[1]

૧. સમ.૯૮.

**દાહિણમાહણકુંડપુરસંનિવેસ** (દક્ષિણબ્રાહ્મણકુણ્ડપુરસન્નિવેશ) **માહણકુંડપુર**નું દક્ષિણ તરફ આવેલું ઉપનગર.[1]

૧. આચા.૨.૧૭૬.

**દાહિણવાયાલ** (દક્ષિણવાચાલ) **મહાવીરે** જેની મુલાકાત લીધેલી તે સ્થાન.[1] જુઓ **વાચાલ**.

૧. વિશેષા. ૧૯૬૧, આવચૂ.૧.પૃ.૨૭૭.

**દિટ્ઠિવાય** (દૃષ્ટિવાદ) અગિયાર **અંગ**(૩) અને **પઇણ્ણગ** સિવાયનો આગમગ્રન્થ.[1] તે બારમું અર્થાત્ છેલ્લું અંગ(૩) છે.[2] તે હાલ અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયું છે.[3] તે દ્રવ્યાનુયોગનો એક ભાગ હતો.[4] દૃષ્ટિવાદ ગ્રન્થ પાંચ વિભાગોમાં વિભક્ત હતો – (૧) **પરિકમ્મ**,(૨) **સુત્ત**(૨), (૩) **પુવ્વગય**, (૪) **અણુઓગ** અને (૫) **ચૂલિયા**. આ પાંચ પણ પેટાવિભાગોમાં વિભક્ત હતા.[5] જે શ્રમણે શ્રમણજીવનના ઓગણીસ વર્ષ પૂરા કર્યાં હોય તે શ્રમણને જ દિટ્ઠિવાય ભણાવવાની રજા હતી, અર્થાત્ તે જ તેને ભણવાનો અધિકારી હતો.[6] દિટ્ઠિવાયને ગ્રહણ કરવા સોળ વર્ષ જરૂરી હતા અને પુનરાવર્તન માટે બાર.[7] **ભદ્દબાહુ**(૧)ના સમયમાં બાર વર્ષ લાંબો દુકાળ પડ્યો. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુકાળે શ્રમણોના અધ્યયનને ગંભીર અસર કરી અને પરિણામે દિટ્ઠિવાયના કેટલાક ભાગો ભુલાઈ ગયા. બાર વર્ષના દુકાળ પછી જ્યારે શ્રમણો **પાડલિપુત્ત**માં એકત્ર થયા ત્યારે તેમના ધ્યાનમાં આ હકીકત આવી. એટલે પાંચસો શ્રમણો તે વખતે **ણેપાલ**માં રહેલા ભદ્દબાહુ પાસે દિટ્ઠિવાદ ભણવા ગયા કારણ કે તે વખતે ભદ્દબાહુ જ એક એવી વ્યક્તિ હતા જે દિટ્ઠિવાદને યાદ કરી ભણાવી શકે. **થૂલભદ્દ** સિવાય બીજા બધા શ્રમણો ણેપાલ છોડી ગયા કારણ કે તે દેશની પરિસ્થિતિનો તેઓ સામનો ન કરી શકયા. થૂલભદ્દ પોતે પણ બધા ચૌદે ચૌદ **પુવ્વ** અર્થાત્ પુવ્વગય વિભાગને સંપૂર્ણપણે શીખી ન શક્યા કારણ કે ભદ્દબાહુએ છેલ્લા ચાર પુવ્વનો અર્થ તેમને તેમના કોઈ દોષના કારણે ન આપ્યો, ન શિખવ્યો. પછી થૂલભદ્દના મૃત્યુ સાથે આ ચાર પુવ્વોનો શબ્દ પણ નાશ પામ્યો કેમ કે તે ચાર પૂર્વોનો શબ્દ બીજાને ભણાવવાનો થૂલભદ્દને નિષેધ હતો.[૮] ત્યારથી પુવ્વોના જ્ઞાનનો વધુને વધુ હ્રાસ થતો ચાલ્યો. વીરનિર્વાણ સંવત ૧૦૦૦ સુધીમાં તો બધા પુવ્વો ભુલાઈ ગયા અને આમ દિટ્ઠિવાય અસ્તિત્વમાંથી ભૂંસાઈ ગયો.[૯]

દિગમ્બર પરંપરા પ્રમાણે પણ **ભદ્દબાહુ**(૧) છેલ્લા ચતુર્દશપૂર્વધારી હતા. વિશાખાચાર્ય વગેરે કેવળ દસ **પુવ્વ**નું જ્ઞાન ધરાવતા હતા. ધર્મસેન (વીરનિર્વાણ સંવત ૩૪૫) છેલ્લા દશપૂર્વધારી હતા. તે પછી પુવ્વોનું જ્ઞાન વધુ ને વધુ હ્રાસ પામતું ગયું અને કહેવાય છે કે બે પુવ્વનું જ જ્ઞાન ધરાવનાર છેલ્લા ધરસેણ હતા. કેટલાક માને છે કે સુધર્મન્ પછી પુવ્વોનું કેવળ આંશિક (એકદેશીય) જ્ઞાન જ લભ્ય હતું, કોઈને પૂર્ણ જ્ઞાન હતું જ નહિ. જુઓ હિકે. પૃ. ૭૪-૭૫; કસાયપાહુડ,૧ , પ્રસ્તાવના, પૃ. ૪૮, મથુરા, ૧૯૪૪.

'દિટ્ઠિવાય'નો શબ્દશઃ અર્થ થાય છે 'સિદ્ધાન્તોનું વિવરણ'. આ સૂચવે છે કે દિટ્ઠિવાયનું વિષયવસ્તુ વિવિધ સિદ્ધાન્તોના ખંડન તેમજ વિવરણથી ઘટિત હતું. તેનાં દસ સૂચક નામો છે – **દિટ્ઠિવાય, હેઉવાય, ભૂયવાય, તચ્ચાવાય, સમ્માવાય, ધમ્માવાય, ભાસાવિચય**, પુવ્વગય, અણુઓગ અને **સવ્વપાણભૂયજીવસત્તસુહાવહ.**[૧૦] પુવ્વોના યા ચતુર્દશપૂર્વોના મહત્ત્વના કારણે બધા ચૌદે ચૌદ એક સમાન નામ દિટ્ઠિવાયથી પ્રસિદ્ધ છે.[૧૧]

૧.ઉત્તરા. ૨૮.૨૩.
૨.નન્દિ.૪૫, પાક્ષિ.પૃ.૪૬, વિશેષા. ૨૭૬૬, મર.૫૨૦, સમ.૨૨,૮૮, અનુ.૧૪૬, જીવામ.પૃ.૩.
૩.ભગ.૬૭૭, સ્થાઅ.પૃ.૫.
૪.આવચૂ.૧.પૃ.૪૧૧, ઉત્તરાચૂ. પૃ.૧, આવભા.૧૨૪.
૫.નન્દિ.૫૭, સમ.૧૪૭, નન્દિચૂ.પૃ. ૭૧થી, નન્દિહ.પૃ.૮૫, નન્દિમ.પૃ. ૨૩૮થી,આવચૂ.૨.પૃ.૨૪૭, સમ.૪૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬. વ્યવ.૧૦.૩૨.
૭. વ્યવભા.૪.૫૬૪-૫૬૫.
૮. આવચૂ.૨.પૃ.૧૮૭, તીર્થો. ૭૦૧થી, કલ્પવિ.પૃ.૨૫૩.
૯. જમ્બૂશા.પૃ.૨, તીર્થો. ૮૦૯.
૧૦. સ્થા.૭૪૨.
૧૧. સ્થા.૭૪૨, કલ્પવિ, પૃ.૧૮૭, જુઓ હિકે.પૃ.૮.

**દિટ્ઠિવિસભાવણા** (દૃષ્ટિવિષભાવના) જે ગ્રન્થને સત્તર વર્ષનું શ્રમણજીવન પૂરું કર્યું હોય તે શ્રમણને ભણાવવાની રજા છે તે ગ્રન્થ. અર્થાત્ આ ગ્રન્થ ભણવાનો અધિકારી તે શ્રમણ છે જેનો દીક્ષાપર્યાય સત્તર વર્ષ પૂરો થઈ ગયો છે.[1] પરંતુ આ ગ્રન્થ હાલ અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયો છે.

૧. વ્યવ.૧૦.૩૧. મુનિ માણેકની આવૃત્તિ સત્તરના બદલે અઢાર વર્ષનો દીક્ષાપર્યાય જણાવે છે. જુઓ વ્યવ(મ), ૧૦.૩૩.

**૧. દિણ્ણ** (દત્ત) એકવીસમા **તિત્થંકર ણમિ**(૧)ને સૌપ્રથમ ભિક્ષા આપનાર વ્યક્તિ.[1]

૧. સમ.૧૫૭, આવનિ.૩૨૯.

**૨. દિણ્ણ** આઠમા **તિત્થયર ચંદપ્પભ**(૧)ના પ્રથમ ગણધર.[1]

૧. સમ.૧૫૭, તીર્થો. ૪૪૭.

**૩. દિણ્ણ** અગિયારમા **તિત્થયર સેજ્જંસ**(૧)નો પૂર્વભવ.[1]

૧. સમ.૧૫૭.

**૪. દિણ્ણ** તેવીસમા **તિત્થંકર પાસ**(૧)નો પ્રથમ શિષ્ય.[1]

૧. સમ.૧૫૭, આવચૂ.૧.પૃ.૧૫૯, તીર્થો. ૪૫૫.

**૫. દિણ્ણ** એક તાપસ, તે **અટ્ઠાવય** પર્વત ગયા, **ઈંદભૂઈ**ના શિષ્ય બન્યા અને મોક્ષ પામ્યા.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૮૩, ઉત્તરાશા.પૃ.૩૨૫.

**૬. દિણ્ણ** આચાર્ય **ઈંદદિણ્ણ**ના શિષ્ય અને આચાર્ય **સિહગિરિ**(૩)ના ગુરુ.[1]

૧. કલ્પ.પૃ.૨૫૪,૨૬૧.

**દિણ્ણગણિ** (દત્તગણિ) **તિત્થોગાલી**માં ભવિષ્ય ભાખવામાં આવ્યું છે કે વીરનિર્વાણ સંવત ૧૨૫૦માં દિણ્ણગણિના સમયમાં છ **અંગ**(૩) ગ્રન્થોનો વિચ્છેદ(નાશ) થશે.[1]

૧. તીર્થો. ૮૧૧.

**દિણ્ણસાહુ** (દત્તસાધુ) **તિત્થોગાલી**માં ભવિષ્ય ભાખવામાં આવ્યું છે કે વીરનિર્વાણ સંવત ૨૦૯૦૦માં દિણ્ણસાહુના સમયમાં **દસવેયાલિય**નો વિચ્છેદ(નાશ) થશે.[1]

૧. તીર્થો. ૮૨૭.

**દિવાયર** (દિવાકર) **રુયગ**(૧) પર્વતના દક્ષિણ ભાગનું શિખર.[1]

૧. સ્થા. ૬૪૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દિવિટ્ઠ[ઉ]** (દ્વિપૃષ્ઠ) જુઓ **દુવિટ્ઠ.**[1]

૧. આવનિ.(દીપિકા).પૃ.૭૮, તીર્થો. ૧૧૪૩.

**દિસવાય** (દિગ્પાત) આ અને **દિસાકુમાર** એક છે.[1]

૧. અનુચૂ.પૃ.૫૫.

**દિસા** (દિશા) **વિયાહપણ્ણત્તિ**ના સોળમા શતકનો તેરમો ઉદ્દેશક.[1]

૧. ભગ.૫૬૧.

**દિસાઇ** (દિશાદિ) જુઓ **દિસાદિ.**[1]

૧. સમ.૧૬.

**દિસાકુમાર** (દિક્કુમાર અથવા દિશાકુમાર) **ભવણવઇ** દેવોના દસ વર્ગોમાંનો એક વર્ગ.[1] તેઓ **સક્ક**(૩)ના **લોગપાલ વેસમણ**(૯)ના આધિપત્ય નીચે છે.[2] **અમિયગઇ** અને **અમિયવાહણ** તેમના ઇન્દ્રો છે.[3] તેમને છોતેર લાખ રહેવાના મહેલો છે.[4] તેઓ ધોળાં વસ્ત્રો પહેરે છે. તેમનો વર્ણ સુવર્ણ જેવો સોનેરી છે.[5] તેમનું જઘન્ય આયુ ૧૦૦૦૦ વર્ષનું છે. દક્ષિણના અને ઉત્તરના દેવોનું ઉત્કૃષ્ટ આયુ અનુક્રમે દોઢ પલ્યોપમ વર્ષ અને બે પલ્યોપમથી કંઈક ઓછા વર્ષનું છે.[6] તેમના મુગટ ઉપર હાથીનું ચિહ્ન છે.[7]

૧. પ્રજ્ઞા.૪૬. ૨. ભગ.૧૬૮. ૩. એજન.ભગ.૫૮૯, જમ્બૂ.૧૧૯.
૪. સમ.૭૬. ૫. પ્રજ્ઞા.૪૬. ૬. એજન.૯૫. ૭. એજન.૪૬.

**દિસાકુમારીમહત્તરિગા(યા)** (દિશાકુમારીમહત્તરિકા) એક મુખ્ય **દિસાકુમારી.** વિગતો માટે જુઓ **દિસાકુમારી.**

૧. સ્થા.૨૫૯, ૫૦૭, ૬૪૩, જમ્બૂ.૧૧૨-૧૧૪, આવચૂ.૧.પૃ.૧૩૬-૩૮.

**દિસાકુમારી** (દિશાકુમારી) દિસાકુમારી દેવીઓ દેવોના **ભવણવઇ** વર્ગની છે. તે દેવીઓમાં છપ્પન મુખ્ય દેવીઓ છે જે **દિસાકુમારીમહત્તરિગા**ઓ તરીકે જાણીતી છે. તેમાંની દરેકને બીજી દેવીઓનો મોટો રસાલો છે.[1] **રુયગ**(૧) પર્વત તેમનું મુખ્ય વાસસ્થાન છે. તે પર્વતના દિશા મુજબ ચાર વિભાગ છે – પૂર્વનો રુયગ, પશ્ચિમનો રુયગ, ઉત્તરનો રુયગ અને દક્ષિણનો રુયગ. દરેક વિભાગને આઠ શિખરો છે અને દરેક શિખરને એક અધિષ્ઠાત્રી મુખ્ય દિસાકુમારી છે.આમ બત્રીસ મુખ્ય દિસાકુમારીઓ શિખરો ઉપર રહે છે, ચાર રુયગ પર્વતની ચાર વિદિશાઓમાં રહે છે અને ચાર મધ્યક્ષેત્રમાં રહે છે.[2] આઠ અધોલોકમાં રહે છે અને બાકીની આઠ ઊર્ધ્વલોકમાં રહે છે.[3] તેઓ રમતિયાળ છે અને **તિત્થંકરો**ના જન્મોત્સવ અને સ્નાત્રોત્સવમાં ભાગ લે છે.[4] અધોલોકની મુખ્ય દિસાકુમારીઓ – **ભોગંકરા, ભોગવઈ, સુભોગા, ભોગલામાલિણી, તોયધરા, વિચિત્તા, પુપ્ફમાલા** અને **અણિંદિઆ** છે. તેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિત્થંકરની ગર્ભવતી માતા માટે પ્રસૂતિગૃહની રચના કરે છે.[૫] ઊર્ધ્વલોકની મુખ્ય **દિસાકુમારીઓ – મેહંકરા, મેહવઈ, સુમેહા, મેહમાલિણી, સુવચ્છા, વચ્ચમિત્તા, વારિસેણા** અને બલાહગા છે. તેઓ કૃત્રિમ વર્ષા દ્વારા પ્રસૂતિગૃહની શુદ્ધિ કરે છે.[૬] પૂર્વના રુયગ પર્વતની મુખ્ય દિસાકુમારીઓ–**ણંદુત્તરા**(૨), **ણંદા**(૮), **આણંદા**(૨), **ણંદિવદ્ધણા**(૨), **વિજયા**(૨), **વેજયંતી**(૫), **જયંતી**(૬), અને **અપરાજિઆ**(૬) છે. તેઓ તીર્થંકરમાતાની સેવામાં હાથમાં દર્પણો ધરીને ઊભી રહે છે.[૭] પશ્ચિમના રુયગ પર્વતની મુખ્ય દિસાકુમારીઓ – **ઈલાદેવી**(૧) **સુરાદેવી**(૨), **પુહઈ**(૫), **પઉમાવઈ**(૧૬), **એગણાસા, ણવમિયા, ભદ્દા**(૩૩) અને **સીઆ**(૫) છે. તેઓ તીર્થંકરમાતાને વીંજણો નાખે છે. ઉત્તરના રુયગ પર્વતની મુખ્ય દિસાકુમારીઓ – **અલંબુસા, મિસ્સકેસી, પુંડરીઆ, વારુણી**(૩), **હાસા, સવ્વપ્પભા, સિરિદેવી**(૧૦) અને **હિરી** છે. તેઓ તીર્થંકરમાતાને ચામર ઢોળે છે. દક્ષિણના રુયગ પર્વતની મુખ્ય દિસાકુમારીઓ – **સમાહારા, સુપઇણ્ણા, સુપ્પબુદ્ધા, જસોહરા, લચ્છિમઈ, સેસવઈ, ચિત્તગુત્તા** અને **વસુંધરા** છે. તેઓ કલશોને ઊંચે ધરી રાખે છે અને શુભ ગીતો ગાય છે. વિદિશાઓની મુખ્ય દિસાકુમારીઓ – **ચિત્તા**(૩), **ચિત્તકણગા, સતેરા**(૧) અને **સોયામણી**(૧) છે. તેઓ હાથમાં દીપક ધરી રાખે છે. રુયગના મધ્યક્ષેત્રની દિસાકુમારીઓ – **રૂઆ**(૧), **રૂઆસિઆ, સુરૂઆ**(૧) અને **રૂઅગાવઈ** છે. તેઓ તાજા જન્મેલા તીર્થંકરની નાભિનાળ કાપે છે.[૮] દરેક મુખ્ય દિસાકુમારીને સામાનિક દેવીઓ વગેરેનો પોતાનો રસાલો છે.[૯]

૧. જમ્બૂ.૧૧૨-૧૧૪, કલ્પધ.પૃ.૮૦, ૮૧, જમ્બૂશા.પૃ.૩૮૪, આવચૂ.૧. પૃ.૧૩૬-૩૮.

૨. જમ્બૂ.૧૧૪.

૩. જમ્બૂ. ૧૧૨-૧૧૩.

૪. જ્ઞાતા.૬૬. વિગતો માટે જુઓ કલ્પલ. પૃ.૬૯, કલ્પસ.પૃ.૧૦૬, કલ્પશા. પૃ.૯૬, કલ્પજ.પૃ.૬૯-૭૦.

૫. જમ્બૂ.૧૧૨, આવચૂ.૧.પૃ.૧૩૬. સ્થાનાંગ અધોલોકની છેલ્લી ચાર દિસાકુમારીને ઊર્ધ્વલોકની તરીકે અને ઊર્ધ્વલોકની છેલ્લી ચાર દિસાકુમારીને અધોલોકની તરીકે ઉલ્લેખે છે. સ્થા. ૬૪૩. જુઓ તીર્થો. ૧૪૪-૧૪૭.

૬. જમ્બૂ.૧૧૩, આવચૂ.૧.પૃ.૧૩૭. તેઓ અને ણંદણવણ(૧)ના શિખરોની અધિષ્ઠાત્રી દેવીઓ એક છે. જુઓ જમ્બૂ.૧૦૪, તીર્થો.૧૪૭-૧૪૮, જમ્બૂશા.પૃ.૩૬૯,૩૮૮.

૭. જમ્બૂ.૧૧૪, સ્થા. ૬૪૩, આવચૂ.૧. પૃ. ૧૩૭, તીર્થો. ૧૫૩.

૮. જમ્બૂ.૧૧૪, સ્થા.૨૫૯, ૬૪૩, આવચૂ. ૧. પૃ.૧૩૮, તીર્થો. ૧૫૫-૧૬૪. તિત્થોગાલી(૧૬૫) તદ્દન નવી જ ચાર મુખ્ય દિસાકુમારીઓનો રુયગ પર્વતના મધ્યક્ષેત્રની વિદિશાઓમાં વસતી મુખ્ય દિસાકુમારીઓ તરીકે ઉલ્લેખ કરે છે– વિજયા(૧૧), વૈજયંતી(૪), જયંતી(૧૩) અને અપરાઈયા(૭). તેઓ તાજા જન્મેલા તીર્થંકર બાળકની નાભિનાળ કાપે છે.

૯. જમ્બૂ.૧૧૨, આવચૂ.૧.પૃ.૧૩૬-૧૩૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દિસાદિ** (દિશાદિ) **મંદર(૩)** પર્વતનાં અનેક નામોમાંનું એક.[1]

૧. જમ્બૂ.૧૦૯, સમ.૧૬.

**દિસાપોક્ખિ** (દિશાપ્રોક્ષિન્) ફલ આદિ એકઠાં કરતાં પહેલાં બધી દિશાઓમાં પાણી છાંટતા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.[1]

૧. ભગ.૪૧૭, ઔપ.૩૮, નિર.૩.૩, ભગઅ.પૃ.૫૧૯, આવચૂ.૧.પૃ.૪૫૭, ૪૭૦-૭૧.

**દિસાપોક્ખિય** (દિશાપ્રોક્ષિક) આ અને **દિસાપોક્ખિ** એક છે.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૫૭, ૪૭૦-૭૧.

**દિસાસોત્થિય** (દિશાસ્વસ્તિક) **રુયગ(૧)** પર્વતના પૂર્વ ભાગનું શિખર.[1]

૧. સ્થા.૬૪૩.

**દિસાસોવત્થિય** (દિશાસૌવસ્તિક) **પાણત** કલ્પ(સ્વર્ગ)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન[1] જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીસ સાગરોપમ વર્ષનું છે. તેઓ વીસ પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને વીસ હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે.[2]

૧. આચા.૨.૧૭૬. ૨. સમ.૨૦.

**દિસાહત્થિકૂડ** (દિશાહસ્તિકૂટ) હાથીના આકારનું પર્વતનું શિખર. **જંબુદ્દીવ**માં **મંદર(૩)** પર્વતના **ભદ્દસાલવણ**માં આઠ દિશાઓમાં આવાં આઠ શિખરો આવેલાં છે. તે આ પ્રમાણે છે – **પઉમુત્તર(૧)**, **ણીલવંત(૫)**, **સુહત્થિ(૨)**, **અંજણગિરિ(૧)**, **કુમુદ(૨)**, **પલાસય, વડિંસ(૧)** અને **રોયણાગિરિ**.[1]

૧. સ્થા. ૬૪૨.

**દિસિ** (દિશા) **વિયાહપણ્ણત્તિ**ના દસમા શતકનો પહેલો ઉદ્દેશક.[1]

૧. ભગ. ૩૯૪.

**દિસિકુમારી** (દિશાકુમારી) આ અને **દિસાકુમારી** એક છે.[1]

૧. સ્થા. ૫૦૭.

**દિસિદેવયા** (દિશાદેવતા) આ અને **દિસાકુમારી** એક છે.[1]

૧. સ્થાઅ.પૃ.૪૩૯.

**૧. દીવ**(દ્વીપ) **વિયાહપણ્ણત્તિ**ના (૧) સોળમા શતકનો અગિયારમો ઉદ્દેશક[1] તેમજ (૨) નવમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક.[2]

૧. ભગ.૫૬૧. ૨. એજન.પૃ.૬૪૮.

**૨. દીવ** (દ્વીપ) **સુરટ્ઠ**ની દક્ષિણે દરિયાપાર[1] આવેલો પ્રદેશ.[2] તે પ્રદેશમાં સાભરગ સિક્કાનું ચલણ હતું. તેની એકતા વર્તમાન દીવ સાથે સ્થાપી શકાય છે.[3]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧.બૃક્ષે. ૧૦૬૯.
૨.બૃભા. ૩૨૯૧.
૩. જુઓ શ્રીમદ્ રાજેન્દ્રસૂરિ સ્મારક ગ્રન્થ (૧૯૫૭), પૃ. ૫૪૦.

**દીવકુમાર** (દ્વીપકુમાર) **ભવણવઇ** દેવોના દસ વર્ગોમાંનો એક વર્ગ.[1] તેઓ **સક્ક**(૩)ના લોગપાલ **વેસમણ**(૯)ના આધિપત્ય નીચે છે.[2] તેમના રહેવાના મહેલો છોત્તેર લાખ છે.[3] **પુણ્ણ**(૩) અને **વસિટ્ઠ**(૩) તેમના ઇન્દ્રો છે.[4] દીવકુમાર દેવોનું જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષનું છે. દક્ષિણના અને ઉત્તરના દીવકુમાર દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે દોઢ પલ્યોપમ અને બે પલ્યોપમથી કંઈક ન્યૂન વર્ષોનું છે.[5] તેઓ સુવર્ણવર્ણના રતાશવાળી ઝાંયવાળા છે. તેઓ નીલ વસ્ત્રો ધારણ કરે છે. તેમના મુગટ ઉપર સિંહનું ચિહ્ન છે.[6]

૧.પ્રજ્ઞા.૪૬.
૨.ભગ. ૧૬૮.
૩.સમ. ૭૬.
૪.ભગ. ૧૬૮-૧૬૯.
૫. પ્રજ્ઞા. ૯૫.
૬. એજન.૪૬. બીજી વિગતો માટે જુઓ ભગ. ૫૮૯.

**દીવગ** (દીપક) **રહવીરપુર**નું ઉદ્યાન.[1]

૧. આવભા.૧૪૬, આવચૂ.૧.પૃ.૪૨૭, ઉત્તરાશા.પૃ.૧૭૮, નિશીભા.૫૬૦૯, વિશેષા. ૩૦૫૨.

**દીવપણ્ણયત્તિ** (દ્વીપપ્રજ્ઞપ્તિ)[1] જુઓ **કાલિય.**

૧. નન્દિમ.પૃ.૨૫૪.

**દીવસમુદ્દોવવત્તિ** (દ્વીપસમુદ્રોપપત્તિ) **દીહદસા**નું છઠ્ઠું અધ્યયન.[1]

૧. સ્થા.૭૫૫.

**દીવસાગરપણ્ણત્તિ** (દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ) વિવિધ દ્વીપો અને સાગરોની માહિતી આપતો[1] **અંગબાહિર કાલિઅ** આગમગ્રન્થ.[2]

૧. પાક્ષિય.પૃ.૬૭.
૨. નન્દિ.૪૪, પાક્ષિ.પૃ.૪૫, ભગઅ.પૃ.૨૦૩, આવચૂ.૨.પૃ.૬, નિશીચૂ.૧.પૃ.૬૧, સ્થાઅ.પૃ.૪૮૦, સ્થા.૧૫૨, ૨૭૭.

**દીવસાગરપણ્ણત્તિસંગહણી** (દ્વીપસાગરપ્રજ્ઞપ્તિસઙ્ગ્રહણી) એક આગમગ્રન્થ.[1] આ અને **દીવસાગરપણ્ણત્તિ** એક લાગે છે.

૧. સ્થાઅ.પૃ.૨૨૪, ૨૩૧. જુઓ હી. ર. કાપડીઆ કૃત 'આગમોનું દિગ્દર્શન', ૧૯૪૮, પૃ.૧૯૫.

**દીવસિહા** (દીપશિખા) **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧)ની પત્ની.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૩૭૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧. દીવાયણ** (દ્વૈપાયન) (સજીવ) ઠંડું પાણી, શાકભાજી યા વનસ્પતિ, ફળ, ફૂલ આદિનો ત્યાગ કર્યા વિના જેને મોક્ષ પ્રાપ્ત થયો હતો[1] તે બ્રાહ્મણ પરિવ્રાજક.[2] **મહાવીર**ના તીર્થમાં **પત્તેયબુદ્ધ** તરીકે તેને સ્વીકારાયેલ છે.[3]

૧. સૂત્ર. ૧.૩.૪.૩., સૂત્રચૂ.પૃ.૧૨૦, સૂત્રશી.પૃ.૯૫.
૨. ઔપ.૩૮. ૩. ઋષિ.૪૦, ઋષિ (સંગ્રહણી).

**૨. દીવાયણ** **ભરહ**(૨) ક્ષેત્રના વીસમા ભાવી **તિત્થંકર** **અણિયટ્ટિ**(૧)નો પૂર્વભવ.[1]

૧. સમ. ૧૫૯.

**૩. દીવાયણ** **સોરીયપુર**ના તાપસ **પારાશર**નો પુત્ર.[1] એક વાર **જાયવ** રાજકુમારોએ તેને ત્રાસ આપ્યો એટલે તેણે **બારવઈ** નગરને બાળી નાખવાનો નિશ્ચય કર્યો. મૃત્યુ પછી **અગ્ગિકુમાર** દેવ તરીકે જન્મ્યો અને બારવઈને બાળી ભસ્મ કરી નાખી.[2]

૧. ઉત્તરાને.પૃ.૩૭-૩૮.
૨. અન્ત.૧૧, દશનિ. અને દશહ.પૃ.૩૬, દશચૂ.પૃ.૪૧, સ્થાઅ.પૃ.૨૫૫.

**દીહ** (દીર્ઘ) **કોસલ** દેશના રાજા. તે **કંપિલ્લપુર**ના રાજા **બંભ**નો મિત્ર હતો અને બંભના મૃત્યુ પછી તેની પત્ની **ચૂલણી**(૨)માં તે આસક્ત થયો. પછીથી તે રાજા બંભના પુત્ર **ચક્કવટ્ટિ** **બંભદત્ત**(૧)થી હણાયો.[1]

૧. ઉત્તરાશા.પૃ.૩૭૭-૩૭૮.

**૧. દીહદન્ત** (દીર્ઘદન્ત) **અણુત્તરોવવાઇયદસા**ના પ્રથમ વર્ગનું છઠ્ઠું અધ્યયન.[1]

૧. અનુત્ત.૧.

**૨. દીહદન્ત** **રાયગિહ**ના રાજા **સેણિઅ**(૧) અને તેની રાણી **ધારિણી**(૧)નો પુત્ર. તેણે મહાવીર પાસે દીક્ષા લીધી. તે બાર વર્ષના શ્રમણજીવન પછી મૃત્યુ પામી **અણુત્તર** સ્વર્ગીય વાસસ્થાનમાં અર્થાત્ વિમાનમાં દેવ તરીકે જન્મ્યો. તે **મહાવિદેહ** ક્ષેત્રમાં મનુષ્ય તરીકે એક વધુ ભવ કરી ત્યાં જ મોક્ષ પામશે.[1]

૧. અનુત્ત.૧.

**૩. દીહદન્ત** **જંબુદીવ**ના **ભરહ**(૨) ક્ષેત્રના બીજા ભાવી **ચક્કવટ્ટિ**.[1]

૧.સમ. ૧૫૯, તીર્થો. ૧૧૨૪.

**દીહદસા** (દીર્ઘદશા) દસ દશા ગ્રન્થોમાંનો એક. તે હાલ અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયો છે.તેમાં નીચે જણાવેલાં દસ અધ્યયનો હતાં – **ચંદ**(૨), **સૂર**(૧૦), **સક્ક**(૪), **સિરિદેવી**(૮), **પભાવતી**(૫), **દીવસમુદ્દોવવત્તિ**, **બહુપુત્તિયા**(૪), **મંદર**(૨), **થેરસંભૂતવિજય**, **થેરપમ્હ** અને **ઉસાસણીસાસ**.[1] આમાંનાં કેટલાંક અધ્યયનો અત્યારે **ણિરયાવલિયા** (**પુષ્ફિયા** વગેરે સહિત)માં મળે છે.[2]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. સ્થા.૭૫૫, સ્થાઅ.પૃ.૫૧૨. ગ્રંથમાં કંઈક ગૂંચવાડો લાગે છે કેમ કે તેમાં ઉલ્લેખેલાં અધ્યયનો કુલ દસ નહિ પણ અગિયાર છે.

૨. સ્થાઅ.પૃ.૫૧૨.

**દીહપાસ** (દીર્ઘપાર્શ્વ) **એરવય**(૧) ક્ષેત્રના એક ભાવી **તિત્થંકર.**[1] જુઓ **સચ્ચસેણ.**

૧. તીર્થો. ૧૧૧૯.

**દીહપટ્ઠ** (દીર્ઘપૃષ્ઠ) રાજા **જવ**(૧) અને **ગદ્દભિલ્લ**નો મન્ત્રી. તેને ગદ્દભિલ્લે હણ્યો હતો.[1] જુઓ **ગદ્દભિલ્લ** અને **જવ**(૧).

૧. બૃભા. ૧૧૫૫, બૃક્ષે.૩૫૯-૬૧.

**૧. દીહબાહુ** (દીર્ઘબાહુ) આઠમા **તિત્થંકર ચંદપ્પભ**(૧)નો પૂર્વભવ.[1]

૧. સમ. ૧૫૭.

**૨. દીહબાહુ ભરહ**(૨) ક્ષેત્રના ત્રીજા ભાવી **વાસુદેવ**(૧).[1] તેને **સુંદરબાહુ**(૨) પણ કહેવામાં આવે છે.[2]

૧. સમ.૧૫૯. ૨. તીર્થો.૧૧૪૩.

**૩. દીહબાહુ ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૬.

**દીહભદ્દ** (દીર્ઘભદ્ર) **સંભૂઇવિજય**(૪)ના બાર શિષ્યોમાંનો એક.[1]

૧. કલ્પ.પૃ.૨૫૫.

**દીહવેયડ્ઢ** (દીર્ઘવૈતાઢ્ય)[1] જુઓ **વેયડ્ઢ**(૧).

૧. સમ. ૨૫,૫૦.

**૧.દીહસેણ** (દીર્ઘસેન) **અણુત્તરોવવાઇયદસા**ના બીજા વર્ગનું પહેલું અધ્યયન.[1]

૧. અનુત્ત.૨.

**૨. દીહસેણ રાયગિહ**ના રાજા **સેણિઅ**(૧) અને તેની રાણી **ધારિણી**(૧)નો પુત્ર. તેણે **મહાવીર** પાસે દીક્ષા લીધી. તે સોળ વર્ષના શ્રમણજીવન પછી મરીને **અણુત્તર** વિમાનમા દેવ તરીકે જન્મ્યા. તે **મહાવિદેહ** ક્ષેત્રમાં વધુ એક ભવ કરી ત્યાં મોક્ષ પામશે.[1]

૧.અનુત્ત.૨.

**૩. દીહસેણ** વર્તમાન કાલચક્રમાં **એરવય**(૧) ક્ષેત્રમાં થયેલા આઠમા **તિત્થંકર.**[1] **સમવાય** દીહસેણના બદલે **જુત્તિસેણ**નો ઉલ્લેખ કરે છે.[2] ટીકાકાર અભયદેવ અનુસાર જુત્તિસેણના બદલે દીહસેણ અથવા દીર્ઘબાહુ પણ ઉલ્લિખિત છે.[3]

૧. તીર્થો. ૩૨૧. ૨. સમ.૧૫૯. ૩. સમઅ.પૃ.૧૫૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. **દીહસેણ** વર્તમાન કાલચક્રમાં **એરવય**(૧) ક્ષેત્રમાં થયેલા સોળમા **તિત્થંકર**.[1] **સમવાય** અનુસાર **ગુત્તિસેણ** સોળમા તિત્થયર છે.[2]

૧. તીર્થો. ૩૨૯. ૨. સમ.૧૫૯.

**દુઈજ્જંતગ** (દુર્યન્તક) જુઓ **દૂઈજ્જંતગ**.[1]

૧. આવનિ.૪૬૩.

**દુંદુભઅ** (દુન્દુભક) અઠ્યાસી ગહમાંનો એક.[1]

૧. જમ્બૂ.૧૭૦, સૂર્ય, ૧૦૭, સ્થા. ૯૦, જમ્બૂશા.પૃ. ૫૩૪-૫૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૨૯૬, સ્થાઅ.પૃ.૭૮-૭૯.

**દુંદુભગ** (દુન્દુભક) આ અને **દુંદુભઅ** એક છે.[1]

૧. સ્થા.૯૦.

**દુંદુહઅ** (દુન્દુભક) આ અને **દુંદુભઅ** એક છે.[1]

૧. સ્થાઅ.પૃ.૭૯.

**દુક્ખ** (દુઃખ) **વિયાહપણ્ણત્તિ**ના પ્રથમ શતકનો બીજો ઉદ્દેશક.[1]

૧. ભગ.૩૦૧.

**દુગોણ** એક **અણારિય** (અનાર્ય) દેશ અને તેના લોકો.[1]

૧. સૂત્રશી.પૃ.૧૨૩.

**દુગ્ગા** (દુર્ગા) એક દેવી જેનાં બીજાં નામ **કોટ્ટકિરિયા** અને **અજ્જા** છે.[1] દુર્ગા પાડા ઉપર સવારી કરે છે.[2]

૧. અનુ.૨૦. ૨. અનુહે.પૃ.૨૬, અનુહ.પૃ.૧૭.

**દુજઅ** (દુર્જય) **ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧.કલ્પધ.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૬.

**દુજડિ** (દ્વિજતિન્) અઠ્યાસી ગહમાંનો એક.[1]

૧. સ્થા.૯૦, સૂર્ય.૧૦૭, જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સ્થાઅ.પૃ.૭૮-૭૯, સૂર્યમ.પૃ. ૨૯૫-૯૬.

**દુજ્જંત** (દુર્યન્ત) **કોસિઅ**(૫) ગોત્રના આચાર્ય.[1]

૧. કલ્પ (થેરાવલી).૭.

**દુજ્જોધણ** (દુર્યોધન) જુઓ **દુજ્જોહણ**.[1]

૧. આવહ.પૃ.૩૬૫.

૧. **દુજ્જોહણ** (દુર્યોધન) જેને નવ્વાણુ ભાઈઓ હતા તે **હત્થિણાપુર**નો રાજકુમાર. **કંપિલ્લપુર**ની રાજકુમારી **દોવઈ**ના સ્વયંવરમાં **દુવય** રાજાએ તેને નિમંત્ર્યો હતો.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હત્થિસીસના રાજા **દમદંત** શ્રમણ બન્યા પછી જ્યારે હત્થિણાપુર ગયા ત્યારે દુજ્જોહણે તેમને ત્રાસ આપ્યો હતો.[૨]

૧. જ્ઞાતા.૧૧૭, ૨. આવચૂ.૧.પૃ.૪૯૨, આવહ.પૃ.૩૬૫.

**૨. દુજ્જોહણ** સીહપુરના રાજા **સીહરહ**(૧)નો જેલર અને **મહુરા**(૧)ના રાજા **સિરિદામ**ના પુત્ર રાજકુમાર **ણંદિસેણ**(૬)નો પૂર્વભવ.[૧]

૧. વિપા.૨૬, સ્થાઅ.પૃ.૫૦૮.

**દુટ્ઠબુદ્ધિ** (દુષ્ટબુદ્ધિ) **કક્કિ**નું બીજું નામ.[૧]

૧. તીર્થો. ૬૨૪.

**દુદંત** (દુર્દાન્ત) રાજા **દુમરિસ**નો પુત્ર. તેણે પોતે પોતાના પૂર્વભવમાં **લલિયંગ** દેવ હોવાનો ઢોંગ કર્યો હતો.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૭૫.

**દુદ્ધરિસ** (દુર્ધર્ષ) **ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[૧]

૧. કલ્પધ.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૬.

**દુપ્પસહ** (દુષ્પ્રસભ) વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રના પાંચમા અરના અન્તે જન્મનાર એક તાપસ.[૧]

૧. તીર્થો. ૬૯૭, ૯૧૮, વ્યવભા. ૧૦.૩૪૬, વ્યવમ. ૧૨. પૃ. ૪૭.

**દુબ્બલિયપુસ્સમિત્ત** (દુર્બલિકપુષ્યમિત્ર) આચાર્ય **રક્ખિય**(૧)ના શિષ્ય અને ઉત્તરાધિકારી. તેમને નવ **પુવ્વ**નું જ્ઞાન હતું. **ગોટ્ઠામાહિલ** જે રક્ખિયના બીજા શિષ્ય હતા તેમણે દુબ્બલિયપુસ્સમિત્તના સમયમાં જ **અબદ્ધિકવાદ** તરીકે પ્રસિદ્ધ સ્વતન્ત્ર સિદ્ધાન્ત પ્રવર્તાવ્યો હતો.[૧]

૧. આવચૂ.૧.પૃ.૪૦૯થી, વિશેષા. ૨૭૮૯, ૨૭૯૬, ૩૦૧૨, ૩૦૨૨, ૩૦૪૭, આવભા.૧૪૨, તીર્થો. ૮૧૧-૮૧૨, આવહ.પૃ.૩૦૭.

**દુબ્બલિયપૂસમિત** (દુર્બલિકપુષ્યમિત્ર)[૧] જુઓ **દુબ્બલિયપુસ્સમિત્ત.**

૧. આવચૂ.૧.પૃ.૪૦૯, આવહ.પૃ.૩૦૭, ૩૦૮, ૩૧૦.

**દુબ્બલિયાપુસ્સમિત્ત** (દુર્બલિકાપુષ્યમિત્ર) આ અને **દુબ્બલિયપુસ્સમિત્ત** એક છે.[૧]

૧. ઉત્તરાશા.પૃ.૭૩.

**દુબ્ભૂઇયા** (દુર્ભૂતિકા) **વાસુદેવ**(૨) **કણ્હ**(૧)ની ચાર ભેરીમાંની એક.[૧] તે તેમણે દેવો પાસેથી મેળવી હતી.[૨]

૧. બૃભા.૩૫૬. ૨. બૃમ.પૃ.૧૦૬.

**૧.દુમ** (દ્રુમ) **અણુત્તરોવવાઇયસદસા**ના બીજા વર્ગનું સાતમું અધ્યયન.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. અનુત્ત.૨.

૨. **દુમ** **રાયગિહ**ના રાજા **સેણિઅ**(૧) અને તેની રાણી **ધારિણી**(૧)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બન્યો. સોળ વર્ષના શ્રમણજીવનની સાધના પછી મરીને **અપરાજિય** વિમાનમાં તે દેવ થયો. તે એક ભવ વધુ કરી મોક્ષ પામશે.[1]

૧. અનુત્ત.૨.

૩. **દુમ** **ચમર**(૧)ના પાયદળનો સેનાપતિ.[1]

૧. સ્થા.૪૦૪, ૫૮૨-૫૮૩, આવચૂ.૧.પૃ.૧૪૬.

૪. **દુમ** **સહસ્સારકપ્પ**માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષનું છે, તેઓ અઢાર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને અઢાર હજાર વર્ષે એક વાર ભૂખનો અનુભવ કરે છે.[1]

૧. સમ. ૧૮.

**દુમપત્તય** (દ્રુમપત્રક) **ઉત્તરજ્ઝયણ**નું દસમું અધ્યયન.[1] વૃક્ષનાં પીળાં પડી ગયેલાં પાંદડાંના દૃષ્ટાન્તથી જીવનના ક્ષણભંગુર સ્વભાવનો ઉપદેશ **મહાવીર** **ગોયમ**(૧)ને આપે છે.[2]

૧. સમ.૩૬, ઉત્તરાનિ.પૃ.૯, ઉત્તરાચૂ.પૃ.૧૯૪, સ્થાઅ.પૃ.૨૫૮, દશચૂ.પૃ.૫૨.
૨. ઉત્તરા.૧૦.૧, ઉત્તરાશા.પૃ.૩૩૩.

**દુમપુપ્ફિયા** (દ્રુમપુષ્પિકા) **દસવેયાલિય**નું પ્રથમ અધ્યયન.[1] ફૂલોને જરા પણ હાનિ પહોંચાડ્યા વિના મધુકર ફૂલોમાંથી મધ ચૂસે છે તેવી રીતે ભિક્ષા ગ્રહણ કરવાનો શ્રમણોને ઉપદેશ આપવામાં આવ્યો છે.

૧. દશનિ.૨૬, ઓઘનિ.૬૫૦, આવનિ.૧૩૧૪, આવચૂ.૧.પૃ.૧૨૬, ૨.પૃ.૨૩૩, વ્યવભા.૭. ૩૪૭, નિશીચૂ.૧.પૃ.૧૩, ૨૪, નિશીભા.૨૦.

**દુમરિસ** (દુર્મર્ષ) **દુદંત** રાજકુમારના પિતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૭૫.

૧. **દુમસેણ** (દ્રુમસેન) **અણુત્તરોવવાઈયદસા**ના બીજા વર્ગનું આઠમું અધ્યયન.[1]

૧. અનુત્ત.૨

૨. **દુમસેણ** **રાયગિહ**ના રાજા **સેણિઅ**(૧) અને તેમની રાણી **ધારિણી**(૧)નો પુત્ર. તેને **મહાવીરે** દીક્ષા આપી હતી. તે સોળ વર્ષનું શ્રમણજીવન જીવી મરીને **અપરાજિય** સ્વર્ગીય વાસસ્થાનમાં દેવ થયા. એક વધુ ભવ કરી તે મોક્ષ પામશે.[1]

૧. અનુત્ત.૨.

૩. **દુમસેણ** નવમા **બલદેવ**(૨) **રામ**ના તેમજ નવમા **વાસુદેવ**(૧) **કણ્હ**(૧)ના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વભવના ધર્મગુરુ.[૧] જુઓ **ગંગદત્ત**(૪).

૧. સમ.૧૫૮, તીર્થો. ૬૦૬.

**દુમુહ** (દ્વિમુખ) આ અને **દુમ્મુહ**(૩) એક છે.[૧]

૧. મનિ.૧૪૮.

**૧. દુમ્મુહ** (દુર્મુખ) **અંતગડદસા**ના ત્રીજા વર્ગનું દસમું અધ્યયન.[૧]

૧. અન્ત.૪.

**૨. દુમ્મુહ બારવઈ**ના **બલદેવ**(૧) રાજા અને તેમની રાણી **ધારિણી**(૬)નો પુત્ર. તે પચાસ રાજકુમારીઓને પરણ્યો હતો. તેણે **તિત્થયર અરિટ્ઠણેમિ** પાસે દીક્ષા લીધી હતી. તે વીસ વર્ષના શ્રમણજીવનની સાધના પછી **સેત્તુંજ** પર્વત ઉપર મોક્ષ પામ્યો.[૧] તેને **કચ્છુલ્લણારય** માટે ખૂબ આદર હતો.[૨]

૧. અન્ત.૭. ૨. જ્ઞાતા.૧૨૨.

**૩. દુમ્મુહ** (દ્વિમુખ) **પંચાલ** દેશના **કંપિલ્લપુર**ના રાજા. તેમનું મૂળ નામ **જવ**(૨) હતું. તેમના મુખનું પ્રતિબિંબ તેમણે પહેરેલા મુગટમાં પડતું હોવાથી તેમને **દુમુહ** - દ્વિમુખ નામે બોલાવવામાં આવતા હતા. પોતાના અદ્ભુત મુગટ માટે તેમને રાજા **પજ્જોય** સાથે યુદ્ધ કરવું પડ્યું હતું. ઇન્દ્રસ્તમ્ભની બદલાયેલી દુર્દશા જોઈને તેમને સંસાર પ્રત્યે વૈરાગ્ય થયો, તે **પત્તેયબુદ્ધ** થયા અને મોક્ષ પામ્યા.[૧]

૧. ઉત્તરાને.પૃ.૧૩૫થી, ઉત્તરાચૂ.પૃ.૧૭૮, ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૨૯૯, ઉત્તરા. ૧૮.૪૬, આવભા.૨૦૮, આવચૂ.૨.પૃ.૨૦૭-૮, મનિ.પૃ.૧૪૮. પાલિ સાહિત્યમાં પણ તેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવેલ છે.

**દુરિઆરિ** (દુરિતારિ) એક દેવી.[૧]

૧. આવ.પૃ.૧૯.

**દુરુત્તય** (દુરુક્તક) એક ગામ.[૧]

૧. કલ્પચૂ.પૃ.૯૭, દશાચૂ.પૃ.૬૦.

**દુવય** (દ્રુપદ) **પંચાલ** દેશના **કંપિલ્લપુર** નગરના રાજા. તે રાણી **ચુલણી**(૧)ના પતિ હતા તથા રાજકુમાર **ધટ્ઠજ્જુણ** અને રાજકુમારી **દોવઈ**ના પિતા હતા.[૧]

૧. જ્ઞાતા.૧૧૬, પ્રશ્નઅ.પૃ.૮૭.

**દુવાલસંગ** (દ્વાદશાઙ્ગ) બાર **અંગપવિટ્ઠ** ગ્રન્થોનું[૧] સમુહવાચક નામ[૨]. તેનો ઉપદેશ પૂર્ણપણે અર્હતોએ આપ્યો છે.[૩] જો કે તે શાશ્વત છે તેમ છતાં મૂળભૂત નિયમોનું ઉલ્લંઘન કર્યા વિના તેમને અનુસરીને જ સમય મુજબના કેટલાક ઉમરાઓ તેમાં થવા સંભવે છે.[૪] તે વિવિધ નામે ઓળખાય છે જેવાં કે **ગણિપિડગ**[૫], **બદ્ધસુય**[૬], અને **પવયણ**[૭]. બધી આઠે આઠ સમિતિઓ (પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ) આખા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વાદશાંગનું વિષયવસ્તુ છે.[૮] તેવી જ રીતે વવહાર (આચાર) તેનો સાર યા અર્ક છે.[૯] જુઓ અંગ(૩).

૧. સમ.૧૩૬, સૂત્ર.૨.૧.૧૧, નન્દિ. ૫૮, નન્દિમ.પૃ.૨૪૮, આવચૂ.૧. પૃ.૨૭૪.
૨. નન્દિ.૪૫.
૩. નન્દિ.૪૧.
૪. સૂત્રનિ.૧૮૮.
૫. સમ.૧૩૬, સૂત્ર.૨.૧.૧૧, નન્દિ.૪૧, ૫૮.
૬. આવનિ.૧૦૨૭.
૭. આવચૂ.૧.પૃ.૮૬, જીતભા.૧, ઉત્તરા. ૨૪.૩.
૮. ઉત્તરા.૨૪.૩, સમઅ.પૃ.૧૪.
૯. જીતભા.૫૬૦, ૬૯૭.

**૧. દુવિટ્ઠ** (દ્વિપૃષ્ઠ) ભરહ(૨) ક્ષેત્રના આઠમા ભાવી **વાસુદેવ**(૧).[૧]

૧. સમ.૧૫૯, તીર્થો.૧૧૪૩.

**૨. દુવિટ્ઠ** વર્તમાન **ઓસપ્પિણી**ના ભરહ(૨)ક્ષેત્રના બીજા **વાસુદેવ**(૧), અને **બલદેવ**(૨) **વિજય**(૧૧)ના ભાઈ.[૧] **બારવઈ** નગરના રાજા **બંભ**(૪) અને તેમની રાણી **ઉમા**(૧)ના તે પુત્ર હતા.[૨] તેમણે **પડિસત્તુ તારઅ**ને તેના જ ચક્રથી હણ્યો.[૩] તે બારમા **તિત્થંકર વાસુપુજ્જ**ના સમકાલીન હતા.[૪] તેમની ઊંચાઈ ૭૦ ધનુષ હતી.[૫] તે પોતાના પૂર્વભવમાં **પવ્વયઅ** હતા.[૬] તે બોત્તેર લાખ વર્ષનું આયુ ભોગવી મરીને છઠ્ઠા નરકમાં ગયા.[૭] જુઓ **પવ્વયઅ**.

૧. સમ.૧૫૮, તીર્થો.૫૬૬, આવભા.૪૦.
૨. સમ.૧૫૮, આવનિ.૪૦૮-૪૧૧, સ્થા.૬૭૨, તીર્થો. ૬૦૨-૬૦૩.
૩. એજન.
૪. તીર્થો. ૪૭૫.
૫. આવનિ.૪૦૩.
૬. સમ.૧૫૮, તીર્થો. ૬૦૫.
૭. આવનિ.૪૦૫, ૪૧૩, તીર્થો. ૬૧૫.

**દુવિટ્ઠુ** (દ્વિપૃષ્ઠ) જુઓ **દુવિટ્ઠ**.[૧]

૧. તીર્થો. ૪૭૫, સમ.૧૫૯.

**દુવિલ** (દુમ્બિલ?) એક અનાર્ય દેશ.[૧] આ અને ડોંબિલ એક જણાય છે.

૧. સૂત્રશી.પૃ.૧૨૩.

**દુસમસુસમા** અથવા **દુસમસૂસમા**[૧] (દુષ્ષમસુષમા) જુઓ **દુસ્સમસુસમા**.

૧. તીર્થો. ૬૧૭, જમ્બૂ.૪૦.

**દુસ્સમદુસ્સમા** (દુષ્ષમદુષ્ષમા) **ઓસપ્પિણી** કાલચક્રનો છઠ્ઠો અર્થાત્ છેલ્લો અર તેમજ **ઉસ્સપ્પિણી** કાલચક્રનો પહેલો અર.[૧] આ અરનો કાલખંડ વીસ હજાર વર્ષનો છે.[૨] ઓસપ્પિણી કાલચક્રમાં **દુસ્સમા** અર સમાપ્ત થતાં જ તે શરૂ થાય છે.[૩] તે મુશ્કેલીઓ અને આપત્તિઓથી ભરપૂર છે.[૪] તે **બાલવકરણ** અને **અભિ** નક્ષત્રમાં શ્રાવણ મહિનાના કૃષ્ણ પક્ષના પ્રથમ દિવસે ચૌદ સમયમાંના પ્રથમ સમયે બેસશે.[૫] તેનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજું નામ **અઈદુસમા** છે.[૬]

૧.જમ્બૂ.૧૮, સ્થા.૫૦.
૨.જમ્બૂ.૧૯.
૩.જમ્બૂ.૩૬.
૪. સ્થાઅ.૫૦.
૫. જમ્બૂ.૩૭, જમ્બૂઅ.પૃ.૧૭૨.
૬. તીર્થો. ૯૫૭, ૯૫૯.

**દુસ્સમસુસમા** (દુષ્ષમસુષમા) **ઓસપ્પિણી** કાલચક્રનો ચોથો અર તેમજ **ઉસ્સપ્પિણી** કાલચક્રનો ત્રીજો અર.[૧] આ અરનો કાલખંડ એક કોટાકોટિ સાગરોપમ ન્યૂન બેતાલીસ હજાર વર્ષ છે.[૨] ઓસપ્પિણી કાલચક્રમાં તેના પછી **દુસ્સમા** અર આવે છે.[૩] **તિત્થયર મહાવીરે** આ અરના અંતના પંચોતેર વર્ષ અને સાડા આઠ મહિના પહેલાં જન્મ લીધો હતો.[૪] ઓસપ્પિણિ કાલચક્રમાં આ અરની પહેલાં **સુસમદુસ્સમા** અર હોય છે.[૫]

પછીના ઉસ્સપ્પિણી કાલચક્રમાં તે દુસ્સમા પછી શરૂ થશે અને સુસમદુસ્સમાની પહેલાં આવશે.[૬]

૧.જમ્બૂ.૧૮, સ્થા.૫૦, આચાશી.પૃ. ૪૨૫.
૨.જમ્બૂ.૧૯.
૩.જમ્બૂ.૩૫.
૪. આચા.૨.૧૭૬. બીજી વિગતો માટે જુઓ તીર્થો. ૬૧૭થી.
૫. જમ્બૂ.૩૪.
૬. જમ્બૂ.૪૦.

**દુસ્સમા** (દુષ્ષમા) **ઓસપ્પિણી** કાલચક્રનો પાંચમો અર તેમજ **ઉસ્સપ્પિણી** કાલચક્રનો બીજો અર.[૧] તેનો કાલખંડ વીસ હજાર વર્ષનો છે.[૨] **તિત્થયર મહાવીર**ના નિર્વાણ પછી ત્રણ વર્ષ અને સાડા આઠ મહિનાનો સમય પૂરો થતાં વર્તમાન દુસ્સમા અર બેઠો.[૩] તેના પહેલાં **દુસ્સમસુસમા** અર હતો અને તેના પછી **દુસ્સમદુસ્સમા** અર આવશે.[૪] દુસ્સમા અર દરમ્યાન બધી જ રીતે હ્રાસ થાય છે.[૫] પછીના ઉસ્સપિણી કાલચક્રમાં દુસ્સમદુસ્સમા અર સમાપ્ત થતાં તે શરૂ થશે અને દુસ્સમદુસ્સમા અર કરતાં તે વધુ સમૃદ્ધ હશે.[૬] વિવિધ પ્રકારની જોરદાર વર્ષાઓથી દુસ્સમા અર શરૂ થશે જેના પરિણામે વનસ્પતિ અને પાક પુષ્કળ થશે.[૭] વનસ્પતિ અને પાક પુષ્કળ થવાના કારણે લોકો બિનશાકાહારી ખોરાક ત્યજી દેશે.[૮] તે અર પછી દુસ્સમસુસમા અર આવશે.[૯]

દુસ્સમા અર નીચેની ઘટનાઓથી ઉગ્રતા ધારણ કરે છે – અકાળે વરસાદ, વખતસર વરસાદ ન પડવો, દુર્જનોની પૂજા, સજ્જનો અને ગુણીજનો પ્રત્યે આદરનો અભાવ, ગુરુજનો પ્રત્યે ઉદ્ધતાઈ, માનસિક ચિન્તાઓમાં અને ભાષાની કટુતામાં વધારો[૧૦], પાંચે જ્ઞાનેન્દ્રિયોને વિવિધ વસ્તુઓ પ્રતિકૂળ અને અસુખકર બની જવી.[૧૧]

૧.જમ્બૂ.૧૮, સ્થા.૫૦.
૨.જમ્બૂ.૧૯.
૩.તીર્થો.૯૨૬, બીજી વિગતો માટે જુઓ ૯૩૧થી.
૪. જમ્બૂ.૩૫-૩૬.
૫. વિગતો માટે જુઓ જમ્બૂ.૩૫.
૬. જમ્બૂ.૩૭.
૭. જમ્બૂ.૩૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. જમ્બૂ.૩૯.
૯. જમ્બૂ.૪૦.
૧૦. સ્થા.૫૫૯.
૧૧. સ્થા.૭૬૫.

**દુહવિવાગ** (દુઃખવિપાક) **વિવાગસુય**નો પ્રથમ શ્રુતસ્કન્ધ. તેમાં નીચે જણાવેલાં દસ અધ્યયનો(પ્રકરણો) છે – **મિયાપુત્ત**(૧), **ઉજ્ઝિયઅ**(૧), **અભગ્ગ, સગડ**(૧), **વહસ્સઈ**(૧), **ણંદિ**(૫), **ઉંબર, સોરિયદત્ત**(૧), **દેવદત્તા**(૧) અને **અંજૂ**(૧).[1]

૧. વિપા.૨.

**દૂઈજ્જંતગ(ય)** (દુર્યન્તક) **મહાવીર**ના પિતા ના મિત્ર. તે **મોરાગ** સંનિવેશના હતા. મહાવીરે શ્રામણ્ય સ્વીકાર્યા પછી પ્રથમ વર્ષાવાસ દરમ્યાન તેમના આશ્રમમાં પંદર દિવસ વાસ કર્યો હતો. મહાવીરની સંપૂર્ણ અનાસક્તિએ આશ્રમવાસીઓને નારાજ કર્યા તેથી મહાવીર તે સ્થાન છોડી ગયા.[1]

૧. આવનિ.૪૬૩, વિશેષા.૧૯૧૩, આવૂચ.૧.પૃ.૨૭૧, આવમ.પૃ.૨૬૮, આવહ.પૃ. ૧૮૯.

**૧. દૂઈપલાસ** (દૂતીપલાશ) **વાણિયગામ**ની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન. તેમાં **જક્ખ સુહમ્મ**(૫)નું ચૈત્ય હતું.[1]

૧. વિપા.૮.

**૨. દૂઈપલાસ વાણિયગામ**ની ઉત્તરે[1] આવેલું ચૈત્ય.[2] ત્યાં **મહાવીર** બે વાર ગયા હતા.[3]

૧. ઉપા. ૩.
૨. ભગ. ૩૭૧, ૪૦૪, દશા.૫.
૩. ભગ.૬૪૬, ઉપા.૩,૧૫.

**દૂરલ્લકૂવિઅ** (દૂરલ્લકૂપિક) **ભરુયચ્છ**ની પાસે આવેલું ગામ. **ફલિહમલ્લ** આ ગામનો હતો.[1]

૧. આવનિ.૧૨૭૪, આવચૂ.૨.પૃ.૧૫૨-૧૫૩.

**દૂસગણિ** (દૂષ્યગણિન્) આચાર્ય **લોહિચ્ચ**ના શિષ્ય.[1]

૧. નન્દિ.ગાથા ૪૧, નન્દિચૂ.પૃ.૯, નન્દિહ.પૃ.૧૯, નન્દિમ.પૃ.૫૪.

**દૂસમદૂસમા** (દુષ્ષમદુષ્ષમા) જુઓ **દુસ્સમદુસ્સમા.**[1]

૧. જમ્બૂ.૩૬.

**દૂસમસુસમા** (દુષ્ષમસુષમા) જુઓ **દુસ્સમસુસમા.**[1]

૧. જમ્બૂ.૩૪. આચા.૨.૧૭૬.

**દૂસમા** (દુષ્ષમા) જુઓ **દુસ્સમા.**[1]

૧. જમ્બૂ.૩૭.

**દેયડ** (દતિકાર) પાણી ભરવાના ચામડાના થેલા બનાવનારાઓનું ધંધાદારી યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઔદ્યોગિક **આરિય**(આર્ય) મંડળ.[1]

૧. પ્રજ્ઞા.૩૭.

**૧. દેવ મહાવીર**ના આઠમા **ગણધર અકંપિય**ના પિતા. તે **મિહિલા** નગરના બ્રાહ્મણ હતા અને તેમનું **ગોયમ**(૨) ગોત્ર હતું. **જયંતી**(૧૦) તેમની પત્ની હતી.[1]

૧. વિશેષા.૨૫૦૯-૨૫૧૧.

**૨. દેવ વિયાહપણ્ણત્તિ**ના (૧) બારમા શતકનો નવમો ઉદ્દેશક[1] તેમજ (૨) તેરમા શતકનો બીજો ઉદ્દેશક.[2]

૧. ભગ.૪૩૭. ૨. ભગ.૪૭૦.

**૩. દેવ** આ અને **દેવપવ્વય** એક છે.[1]

૧. જમ્બૂ.૧૦૨.

**દેવઈ** (દેવકી) રાજા **વસુદેવ**ની પત્ની[1] અને **વાસુદેવ**(૨) **કણ્હ**(૧)ની માતા.[2] તે **મત્તિઆવઈ**ના રાજા દેવકની પુત્રી હતી.[3] તેણે આઠ એકસરખા સુંદર પુત્રોને જન્મ આપ્યો હતો પરંતુ કેવળ છેલ્લા પુત્ર **ગયસુકુમાલ**(૧)ને જ તે ઉછેરી શકી હતી. તે આઠ પુત્રોના જન્મનું ભવિષ્ય **અઈમુત્ત**(૨)એ ભાખ્યું હતું.[4] જ્યારે **બારવઈ** નગર બળ્યું અને મુખ્ય દરવાજો તૂટી પડ્યો ત્યારે તે તેના પતિ સાથે બારવઈ નગરના દરવાજે મૃત્યુ પામી.[5] આવતા **ઉસ્સપ્પિણી** કાલચક્રમાં **ભરહ**(૨) ક્ષેત્રમાં તે અગિયારમાં **તિત્થંકર મુણિસુવ્વય**(૨) તરીકે જન્મ લેશે.[6] જુઓ **સુલસા**(૧).

૧. અન્ત.૬, ઉત્તરા.૨૨.૨.
૨. પ્રશ્ન.૧૫, તીર્થો.૬૦૩, નિશીચૂ.૧. પૃ.૧૦૩, સમ.૧૫૮.
૩. કલ્પસ.પૃ.૧૭૫.
૪. અન્ત.૬, આવચૂ.૧.પૃ.૩૫૬થી.
૫. ઉત્તરાને.પૃ.૪૩.
૬. સમ.૧૫૯.

**દેવઉત્ત** (દેવપુત્ર) **એરવય**(૧) ક્ષેત્રના સોળમા ભાવી **તિત્થંકર**.[1]

૧. સમ.૧૫૯.

**૧. દેવકુરા** (દેવકુરુ) **મહાવિદેહ**નું ઉપક્ષેત્ર **દેવકુરુ** અને આ એક છે.[1]

૧. સ્થા.૧૯૭.

**૨. દેવકુરા રઈકરરગ** પર્વતના ઉત્તરપૂર્વ ભાગ ઉપર આવેલું સ્થાન. તે **ઈસાણ**(૨)ની રાણી **રામરક્ખિયા**ની રાજધાની છે.[1]

૧. સ્થા.૩૦૭.

**૩. દેવકુરા** દીક્ષાપ્રસંગે એકવીસમા **તિત્થંકર ણમિ**(૧)એ ઉપયોગમાં લીધેલી પાલખી.[1]

૧. સમ.૧૫૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દેવકુરુ** મહાવિદેહનું[1] ઉપક્ષેત્ર.[2] તે **વિજ્જુપ્પભ**(૧), **સોમણસ**(૫), **નિસહ**(૨) અને **મંદર**(૩) પર્વતોની પૂર્વે, પશ્ચિમે, ઉત્તરે અને દક્ષિણે આવેલું છે. તે બીજની ચન્દ્રકળાના આકાર જેવો આકાર ધરાવે છે. તેની **જીવા**[3] અર્થાત્ તેની પૂર્વ-પશ્ચિમ લંબાઈ ૨૦૦૦ યોજનોથી વધુ છે જ્યારે તેની ઉત્તર-દક્ષિણ પહોળાઇ ૧૧૮૪૨ $\frac{૨}{૧૯}$ યોજન. તેની ધણુપ્પિટ્ઠ ૬૦૪૧૮ $\frac{૧૨}{૧૯}$ યોજન છે. જેની બે બાજુએ **ચિત્તકૂડ** અને **વિચિત્તકૂડ** ડુંગર આવેલા છે[4] તે **સીઓદા** નદી[5] તે પ્રદેશમાં થઈને વહે છે. તે પ્રદેશમાં **કૂડસામલિ** વૃક્ષ આવેલું છે.[6] તેના અધિષ્ઠાતા દેવના નામ ઉપરથી તેનું નામ દેવકુરુ પડ્યું છે. તેની અંદર **નિસઢ**(૬) નામનું સરોવર આવેલું છે.[7] આ દેવકુરુ પ્રદેશમાં સદાકાળ **સુસમસુસમા** અર જ હોય છે.[8] તેમાં જોડકાં (ભાઈ-બેનનાં જોડકાં જે પતિ-પત્ની તરીકે જીવે છે) વસે છે, જેમનું આયુષ્ય ત્રણ પલ્યોપમ વર્ષનું હોય છે. તે સદા યુવાન અને તંદુરસ્ત હોય છે.[9] તેમની ઊંચાઈ ત્રણ ગવ્યૂતિ હોય છે.[10] તેઓ કલ્પવૃક્ષનાં ફળો ઉપર જીવે છે એટલે તેમને કંઈ કામ કરવાનું હોતું જ નથી. તેથી દેવકુરુ **અકમ્મભૂમિ** કહેવાય છે.[11] સંક્રાન્તિ કાળ દરમ્યાન **ભરહ**(૨) ક્ષેત્રમાંથી કલ્પવૃક્ષો અદશ્ય થઈ જતાં **ઉસહ**(૧) જ્યારે ગૃહસ્થ હતા ત્યારે આ દેવકુરુ પ્રદેશમાં થતાં કલ્પવૃક્ષફળો દેવો તેમને ભોજન માટે પૂરાં પાડતાં.[12]

૧. જમ્બૂ.૧૦૦. સ્થા.૩૦૨, ૫૨૨.
૨. જમ્બૂ.૮૫, ૯૮-૧૦૦, અનુ.૧૩૦, સ્થા.૧૯૭,આવચૂ.૧.પૃ.૩૬,સમઅ. પૃ.૭૧, ભગઅ.પૃ.૩૦, જીતભા. ૫૪૪, વિશેષાકો.પૃ.૯૨૬, પ્રશ્નઅ. પૃ.૯૬. જીવામ.પૃ.૫૫, સૂત્રશી. પૃ.૧૧, સમઅ. પૃ.૯-૧૪.
૩. સમ.૫૩.
૪. ભગઅ.પૃ.૬૫૪-૬૫૫
૫. જમ્બૂ.૮૪.
૬. જમ્બૂ.૧૦૦.
૭. જમ્બૂ.૯૯.
૮. ભગઅ.પૃ.૬૫૪-૬૫૫.
૯. સમ.૪૯, મનિ.પૃ.૬૦, આચાશી.પૃ. ૧૦૨.
૧૦. જમ્બૂ.૯૮.
૧૧. ભગ.૬૭૫,આચાશી.પૃ.૮૬, આચાચૂ. પૃ.૪૫.
૧૨. આવચૂ.૧.પૃ.૧૩૧,૧૬૫.

**દેવકુરુકૂડ** (દેવકુરુકૂટ) મહાવિદેહમાં આવેલા **સોમણસ**(૫) તેમજ **વિજ્જુપ્પભ**(૧)નાં શિખર. તેમની ઊંચાઈ ૫૦૦ યોજન છે.[1]

૧. જમ્બૂ.૯૭, ૧૦૧, સ્થા.૫૯૦, ૬૮૯.

**દેવકુરુદહ** (દેવકુરુદ્રહ) જેની વચ્ચે થઈને **સીઓદા** નદી પસાર થાય છે તે **દેવકુરુ**માં આવેલું સરોવર.[1]

૧. જમ્બૂ.૮૪, સ્થા. ૪૩૪.

**૧. દેવકુરુદેવ** **દેવકુરુ** ઉપક્ષેત્રનો અધિષ્ઠાતા દેવ. તેનું આયુષ્ય એક પલ્યોપમ વર્ષનું છે.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. જમ્બૂ.૧૦૦.

**૨. દેવકુરુદેવ સોમણસ**(૫)ના દેવકુરુકૂડ શિખરનો અધિષ્ઠાતા દેવ. તે દેવ તે શિખર ઉપર વાસ કરે છે.[1] **વિજ્જુપ્પભ**(૧) પર્વતના દેવકુરુકૂડ શિખરના અધિષ્ઠાતા દેવનું નામ પણ આ જ છે.[2]

૧. જમ્બૂ. ૯૭, ૨. જમ્બૂ.૧૦૧.

**દેવકુરૂત્તરકુરા** જુઓ **દેવકુરા**(૩) અને **ઉત્તરકુરા**(૨).[1]

૧. સમ.૧૫૭.

**દેવકૂડ** (દેવકૂટ) **દેવપવ્વય**નું શિખર.[1]

૧. જમ્બૂ.૧૦૨.

**૧. દેવગુત્ત** (દેવગુપ્ત) એક બ્રાહ્મણ પરિવ્રાજક.[1]

૧. ઔપ.૩૮.

**૨. દેવગુત્ત** જેમને **મહાણિસીહ** પ્રત્યે ખૂબ આદર હતો તે વિદ્વાન આચાર્ય.[1]

૧. મનિ.પૃ.૭૧.

**૩. દેવગુત્ત દેવસ્સુય**નું બીજું નામ.[1]

૧. તીર્થો.૧૧૧૧.

**૧. દેવજસ** (દેવયશસ્) **અંતગડદસા**ના ત્રીજા વર્ગનું પાંચમું અધ્યયન.[1]

૧. અન્ત. ૪.

**૨. દેવજસ વસુદેવ** અને તેની પત્ની **દેવઈ**નો પુત્ર તથા **કણ્હ**(૧)નો ભાઈ વગેરે. તેને **સુલસા**(૧)એ ઉછેરી મોટો કર્યો હતો. તેણે પોતાના પાંચ ભાઈઓ સાથે **તિત્થયર અરિટ્ઠણેમિ** પાસે દીક્ષા લીધી હતી અને વીસ વર્ષનો શ્રમણજીવનનો સંયમ પાળી તે **સેત્તુંજ** પર્વત ઉપર મોક્ષે ગયો હતો.[1]

૧. અન્ત.૪, આવચૂ.૧.પૃ.૩૫૬.

**દેવડ્ઢિગણિ** (દેવર્દ્ધિગણિન્) જેમની અધ્યક્ષતામાં વીરનિર્વાણ સંવત ૯૮૦ અથવા ૯૯૩માં **વલ્લભીપુર**માં જૈન આગમો પુસ્તકારૂઢ થયા તે આચાર્ય.[1]

૧. કલ્પવિ.પૃ.૨૦૦-૨૦૧, કલ્પધ.પૃ.૧૨૯-૧૩૦.

**દેવણારદ** (દેવનારદ) જુઓ **ણારદ**(૪).[1]

૧. ઋષિ.૧.

**૧. દેવદત્તા વિવાગસુય**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું નવમું પ્રકરણ.[1]

૧. વિપા.૨, સ્થાઅ.પૃ.૫૦૮.

**૨. દેવદત્તા રોહીડઅ** નગરના શેઠ **દત્ત**(૧) અને તેમની પત્ની **કણ્હસિરી**ની પુત્રી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યંત માતૃભક્ત રાજા **પૂસણંદી** સાથે તેને પરણાવવામાં આવી હતી. પૂસણંદીની અતિ માતૃભક્તિના કારણે દેવદત્તાને સદા લાગ્યા કરતું હતું કે તેના પતિ સાથે આનંદપ્રદ ભોગ ભોગવવામાં તેની સાસુ વિઘ્નરૂપ છે. તેથી અનુકૂળ તક મળતાં તેણે તેની સાસુને કપટપૂર્વક મારી નાખી. જ્યારે પૂસણંદીએ આ જાણ્યું ત્યારે તેણે દવદત્તાનાં નાક-કાન કાપી નાખ્યાં અને મૃત્યુદંડની શિક્ષા કરી.[1] આવી કડક શિક્ષા તેનાં પૂર્વકર્મોનું ફળ હતું.તેના પૂર્વભવમાં તે **સુપઇટ્ઠ**(૬) નગરના રાજા **મહાસેણ**(૬) અને તેની રાણી **ધારિણી**(૨૪)નો પુત્ર રાજકુમાર **સીહસેણ**(૧) હતો. સીહસેણને પાંચ સો પત્નીઓ હતી, તેમાં **સામા**(૧) મુખ્ય હતી. તે સામામાં ખૂબ આસક્ત હતો અને બીજી પત્નીઓની તે દરકાર કરતો ન હતો. તેથી સામાની શોકોએ અને તેમની માતાઓએ ઈર્ષાથી પ્રેરાઈને સામાને મારી નાખવાનું કાવતરું ઘડ્યું. જ્યારે સામા દ્વારા સીહસેણે આ જાણ્યું ત્યારે તેણે કાવતરાખોર પોતાની બધી પત્નીઓને અને તેમની માતાઓને જીવતી સળગાવી મારી નાખી. આવા ઘાતકી કૃત્ય બદલ તે મરીને નરકમાં ગયો અને ત્યાર પછી તેણે દેવદત્તા તરીકે જન્મ ધારણ કર્યો.[2]

૧. સ્થાઅ.પૃ.૫૦૮, વિપા.૩૦-૩૧. ૨. વિપા.૩૦-૩૧.

૩. **દેવદત્તા ઉજ્જેણી** નગરની મુખ્ય ગણિકા. તેની માતા તે **મૂલદેવ**(૧)ના બદલે ધનિક શેઠ **અયલ**(૧)ને પસંદ કરે એમ ઈચ્છતી હતી પણ તે તો વિદ્વાન અને ચતુર મૂલદેવને પ્રેમ કરતી હતી. એકવાર તેણે શેરડીના દૃષ્ટાન્તથી પૂરવાર કર્યું કે મૂલદેવ ખરેખર બુદ્ધિમાન અને પ્રેમને યોગ્ય છે. તેની માતા આ સહન કરી શકી નહિ. તેથી તેણે અને અયલે સાથે મળી કાવતરું રચ્યું જેના પરિણામે મૂલદેવને ન છૂટકે નગર છોડી દેવું પડ્યું. સદ્ભાગ્યે કેટલોક સમય પસાર થયા પછી તેનો **વેણ્ણાયડ** નગરના રાજા તરીકે અભિષેક થયો. વખત જતાં ઉજ્જેણીના રાજાની કૃપાદૃષ્ટિ તેણે જીતી લીધી. પરિણામે ત્યાંથી દેવદત્તા તેણે મેળવી અને પછી તેની સાથે તેણે લગ્ન કર્યાં.[1]

૧. ઉત્તરાચૂ.પૃ.૧૧૮-૧૧૯, દશચૂ.પૃ.૧૦૫, દશહ.પૃ.૧૦૯, ઉત્તરાશા.પૃ.૨૧૮-૨૨૧, ઉત્તરાક.પૃ.૮૭.

૪. **દેવદત્તા વીતિભય** નગરના રાજા **ઉદાયણ**(૧)ની રાણી **પભાવતી**(૩)ની ખૂંધી દાસી. રાણીના મૃત્યુ પછી, મહેલના મંદિરમાં પ્રતિષ્ઠિત મહાવીરની મૂર્તિની તે પૂજા કરતી. મૂર્તિ ગોશીર્ષ ચંદનની બનેલી હતી અને એક દેવ તરફથી ભેટમાં મળી હતી. એક વાર **ગંધાર**(૧)થી એક શ્રાવક તેની પૂજા કરવા આવ્યો પણ એકાએક તે બીમાર પડી ગયો. તે સાજો થયો ત્યાં સુધી દેવદત્તાએ તેની ચાકરી કરી. આભારની લાગણી સાથે તેણે ઈચ્છા પૂરી કરનારી એક સો ગાળીઓ દેવદત્તાને બક્ષિસ આપી. એક માત્ર ગોળીના ઉપયોગથી, દેવદત્તા સંપૂર્ણ સુંદર સ્ત્રીમાં પરિવર્તિત થઈ ગઈ. બીજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોળીની શક્તિથી રાજા **પજ્જોય** પોતાના **ણલગિરિ** નામના પ્રસિદ્ધ હાથી સાથે ત્યાં તેને પોતાની પત્ની તરીકે લેવા આવ્યો. દેવદત્તાની ઇચ્છા પ્રમાણે, રાજા પજ્જોય તેને ઉપાડી ગયો અને સાથે સાથે બનાવટી મૂર્તિ મૂકી અસલ મૂર્તિ લઈ ગયો.[1] દેવદત્તા એ જ **કણ્હગુલિયા** છે.[2]

૧. આવચૂ.૧.પૃ.૩૯૯-૪૦૦, પ્રશ્નઅ.પૃ.૮૯-૯૦, કલ્પધ.પૃ.૧૯૯, ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૯૬, ઉત્તરાક.પૃ.૩૪૫.
૨. નિશીચૂ.૩.પૃ.૧૪૨-૧૪૬.

**૫. દેવદત્તા ચંપા** નગરીની ગણિકા. એ જ નગરીના બે સાર્થવાહ **જિણદત્ત**(૧) અને **સાગરદત્ત**(૧)ના પુત્રો તેને પ્રેમ કરતા હતા.[1] એકવાર શ્રમણી **સુમાલિયા**(૧)એ **સુભૂમિભાગ**(૧) ઉદ્યાનમાં તેને પાંચ પુરુષાને (જે પાંચ પુરુષો પરસ્પર મિત્રો હતા) ભોગવતી અને તેમના વડે સેવા પામતી જોઈ. તેથી તે શ્રમણીએ પોતે પછીના જન્મમાં તેવી જ સ્થિતિ પામે એવી દૃઢ ઇચ્છા કરી, તેના પરિણામે પછીના જન્મમાં તે શ્રમણી **દોવઈ** તરીકે જન્મી અને પાંચ પતિઓ પામી.[2]

૧. જ્ઞાતા. ૪૬. ૨. જ્ઞાતા.૧૧૪.

**૬. દેવદત્તા** જેને સ્વભાવથી જ કોઈ પુરુષ ગમતો ન હતો – ભલે ને તે ગમે તેટલો ઉમદા અને ધનાઢ્ય હોય – તે ગણિકા. તેમ છતાં સ્વશણગારની કળામાં નિપુણ શેઠ તરફ તે આકર્ષાઈ હતી.[1]

૧. દશચૂ.પૃ.૧૦૪.

**૭. દેવદત્તા** કુનેહપૂર્વક ચતુરાઈથી વિવિધ ધંધાઉદ્યોગવાળી વ્યક્તિઓ સાથે વ્યવહાર કરવામાં નિષ્ણાત એવી **પાડલિપુત્ત**ની ગણિકા.[1]

૧. વિશેષાકો.પૃ.૨૯૩.

**દેવદિણ્ણ** (દેવદત્ત) **રાયગિહ**ના **ધણ**(૧૦) શેઠનો પુત્ર. તેની માતા **ભદ્દા**(૧૬) હતી. **વિજય**(૧૪) ચોરે તેનું અપહરણ કર્યું, તેનાં અલંકારો લૂંટી લીધાં, તેને મારી નાખ્યો અને કૂવામાં નાખી દીધો.[1]

૧. જ્ઞાતા.૩૭-૩૮.

**દેવદીવ** (દેવદ્વીપ) **સુરવરોભાસસમુદ્દ**ને બધી બાજુઓથી ઘેરી વળેલો વલયાકાર દ્વીપ.[1] તે દ્વીપ ખુદ બધી બાજુઓથી **દેવોદ** સમુદ્રથી ઘેરાયેલો છે.[2] **દેવભદ્દ** અને **દેવમહાભદ્દ** તેના અધિષ્ઠાતા દેવો છે.[3]

૧. સૂર્ય.૧૦૩, જીવા.૧૮૫. ૨. જીવા.૧૬૭. ૩. જીવા.૧૮૫.

**દેવદેવ ણંદીસર**(૧) દ્વીપમાં સિદ્ધાયતનોના **દેવદાર**માં રહેતો દેવ.[1]

૧. જીવા.૧૮૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દેવદાર** (દેવદ્વાર) **ણંદીસર**(૧) દ્વીપમાં આવેલા **અંજણગ**(૧) પર્વતો ઉપર આવેલા સિદ્ધાયતનોના ચાર દ્વારોમાંનું એક.[1]

૧. જીવા.૧૮૩, સ્થા.૩૦૭.

**દેવદીવ** (દેવદ્વીપ) જુઓ **દેવદીવ**.[1]

૧. જીવા.૧૬૭.

**દેવદ્ધિ** (દેવર્દ્ધિ) **બંધદસા**નું ત્રીજું અધ્યયન.[1]

૧. સ્થા. ૭૫૫.

**દેવપવ્વય** (દેવપર્વત) **સીઓયા** નદીની ઉત્તરે **ગંધિલ**(૧) અને **ગંધિલાવઈ**(૧) પ્રદેશો વચ્ચે આવેલો **વક્ખાર** પર્વત.[1]

૧. જમ્બૂ.૧૦૨, સ્થા.૩૦૨, ૪૩૪, ૬૩૭.

**દેવભદ્દ** (દેવભદ્ર) **દેવદીવ** દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.[1]

૧. જીવા.૧૮૫.

**દેવમહાભદ્દ** (દેવમહાભદ્ર) **દેવદીવ** દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.[1]

૧. જીવા.૧૮૫.

**દેવમહાવર** **દેવોદ** સમુદ્રના બે દેવોમાંનો એક.[1]

૧. જીવા.૧૮૫.

**દેવરઈ** (દેવરતિ) **સાએય**નો રાજા. તે તેની રાણીમાં એટલો બધો આસક્ત હતો કે પોતાની પ્રજાની દરકાર રાખતો ન હતો. તેનો અંજામ કરુણ આવ્યો.[1]

૧. ભક્ત. ૧૨૨.

**દેવરક્ખિય** (દેવરક્ષિત) જેને ખરાબ સોબત હતી તે વ્યક્તિ.[1]

૧. મનિ.૧૦૦.

**દેવરમણ** **સાહંજણી** નગરની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન. તેમાં **જક્ખ** **અમોહ**(૪)નું ચૈત્ય હતું.[1] **સુઘોષ**(૫) નગરમાં આવેલ ઉદ્યાનનું નામ પણ દેવરમણ જ હતું અને તેમાં **જક્ખ** **વીરસેણ**(૧)નું ચૈત્ય હતું.[2]

૧. વિપા.૨૧. ૨. વિપા.૩૪.

**દેવલાસુઅ** અથવા **દેવલાસુય** (દેવલાસુત) પોતાના માથામાં ઉગેલા ધોળા વાળને જોઈને સંસાર ઉપર ઘૃણાની લાગણી અનુભવનાર **ઉજ્જેણી**ના રાજા. **અણુરત્તલોયણા** તેની પત્ની હતી. **અણુમતિયા** તેની દાસી હતી. અને **અદ્ધસંકાસા** તેની પુત્રી હતી. તેણે પોતાના સેવક **સંગતઅ** સાથે શ્રમણત્વ સ્વીકાર્યું.[1]

૧. આવનિ.૧૩૦૪, આવહ.પૃ.૭૧૫, આવચૂ.૨.પૃ.૨૦૨, ૨૦૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દેવવર** **દેવોદ** સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.[૧]

૧. જીવા.૧૮૫.

**દેવવાયગ** (દેવવાચક) **દૂસગણિ**ના શિષ્ય[૧] અને **ણંદિ**(૧)ના કર્તા.[૨]

૧. નન્દિચૂ.પૃ.૧૦, નન્દિમ.પૃ.૨,૫૪, ૬૫. ૨. નન્દિહ.પૃ.૧,૩૩, નન્દિમ.પૃ.૬૫.

**દેવસમણય** (દેવશ્રમણક) **અયલગ્ગામ**નો ગૃહસ્થ. **સુરઈય** વગેરે સાથે તેણે સંસારનો ત્યાગ કર્યો અને શ્રમણત્વ સ્વીકાર્યું.[૧]

૧. મર. ૪૪૯થી.

**૧. દેવસમ્મ** (દેવશર્મન્) વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રમાં **એરવય**(૧) ક્ષેત્રમાં થયેલા અગિયારમા **તિત્થંકર**.[૧] તેમનું બીજું નામ દેવસેણ હતું.[૨] **તિત્થોગાલી** દેવસમ્મના સ્થાને **જુત્તિસેણ**નો ઉલ્લેખ કરે છે.[૩]

૧. સમ.૧૫૯. ૨. સમઅ.પૃ.૧૫૯. ૩. તીર્થો.૩૨૪.

**૨. દેવસમ્મ** **કટ્ઠ** શેઠની પત્ની **વજ્જા**(૧)ના પ્રેમમાં પડનાર બ્રાહ્મણ.[૧]

૧.આવચૂ.૧.પૃ.૫૫૮.

**૧. દેવસેણ** (દેવસેન) **ગોસાલ**નો ભાવી જન્મ.[૧] જુઓ **મહાપઉમ**(૯).

૧. ભગ.૫૫૯.

**૨. દેવસેણ** રાજા **સેણિય**નો ભાવી જન્મ. જુઓ **મહાપઉમ**(૧૦).

૧. સ્થા.૬૯૩, તીર્થો.૧૦૫૩.

**દેવસ્સુય** (દેવશ્રુત) **ભરહ**(૨) ક્ષેત્રના છઠ્ઠા ભાવી **તિત્થંકર**[૧] અને **કત્તિઅ**(૪)નો ભાવી જન્મ. જુઓ **દેવગુત્ત**(૩).

૧. સમ.૧૫૯.

**દેવાણંદ** (દેવાનન્દ) **એરવય**(૧) ક્ષેત્રના ચોવીસમા ભાવી **તિત્થંકર**.[૧]

૧. સમ.૧૫૯, તીર્થો.૧૧૨૧.

**૧. દેવાણંદા** (દેવાનન્દા) પખવાડિયાની પંદરમી રાત્રિ. તેનું બીજું નામ **ણિરઈ** છે.[૧] **મહાવીર** તે રાતે નિર્વાણ પામ્યા.[૨]

૧. જમ્બૂ.૧૫૨, જમ્બૂશા.પૃ.૪૯૨, સૂર્ય.૪૮. ૨. કલ્પ.૧૨૪.

**૨. દેવાણંદા** પ્રથમ વાર **મહાવીર**ના ગર્ભને ધારણ કરનારી સ્ત્રી.[૧] તે **જાલંધર** ગોત્રની હતી અને **માહણકુંડગ્ગામ**ના બ્રાહ્મણ **ઉસભદત્ત**(૧)ની પત્ની હતી.[૨] જ્યારે મહાવીરનો આત્મા તેની કૂખમાં પ્રવેશ્યો ત્યારે તેણે શુભ ચૌદ વસ્તુઓ સ્વપ્નમાં દેખી.[૩] બ્યાસી દિવસ પછી,[૪] **સક્ક**(૩)એ **હરિણેગમેસિ** દેવ દ્વારા દેવાણંદા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તિસલા**ના ગર્ભોની અદલાબદલી કરી નાખી.[૫] તે જ રાતે તેણે (સ્વપ્નમાં)તિસલાને પોતે પહેલાં સ્વપ્નમાં જોયેલી ચૌદ શુભ વસ્તુઓ લઈ જતી જોઈ.[૬] એક વાર દેવાણંદા મહાવીરની ધર્મસભામાં ગઈ. મહાવીરને જોતાંવેંત જ તેનાં સ્તનોમાંથી દૂધની ધારા ફૂટી. **ગોયમ**(૧)એ આ અંગે મહાવીરને પૂછ્યું ત્યારે મહાવીરે જણાવ્યું કે દેવાણંદા પોતાની માતા છે અને માતૃપ્રેમના કારણે આમ બન્યું.[૭] પછીથી દેવાણંદા સંસારનો ત્યાગ કરી **ચંદણા**(૧)ની શિષ્યા બની. કાલક્રમે તે મોક્ષ પામી.[૮]

૧. કલ્પ.૨,ભગ.૪૪૨-૪૪૩,જ્ઞાતા. ૧૦૦, સમઅ.પૃ.૧૦૬.
૨. કલ્પ.૨, આચા.૨.૧૭૬,આવનિ. ૪૫૮,ભગ.૩૮૦,વિશેષા.૧૮૩૯, આવચૂ.૧.પૃ.૨૩૬, સમઅ.પૃ.૧૦૬, કલ્પશા.પૃ.૪૦, કલ્પવિ.પૃ.૪૪, કલ્પધ.પૃ.૩૮.
૩. કલ્પ.૩.
૪. સમ.૮૨, આવભા.૪૮.
૫. ભગઅ.પૃ.૨૧૮, કલ્પ.૨૧-૨૭, આવભા.૪૯.
૬. કલ્પ.૩૧, આવભા.૫૫.
૭. ભગ.૩૮૧.
૮. ભગ.૩૮૨.

**દેવિંદત્થય** અથવા **દેવિંદથય**(દેવેન્દ્રસ્તવ) **અંગબાહિર ઉક્કાલિઅ** આગમગ્રન્થ.[૧] તે ૩૦૭ ગાથાઓનો બનેલો છે. તેમાં દેવેન્દ્રોએ કરેલી **મહાવીર**ની સ્તુતિ છે. ઉપરાંત, દેવો અને તેમના ઇન્દ્રોની કેટલીક વિગતો પણ તેમાં આપવામાં આવી છે.[૨] જુઓ **પઇણ્ણગ**.

૧. નન્દિ.૪૪.
૨. પાક્ષિ.પૃ.૪૩, પાક્ષિય.પૃ.૬૩, દેવે.૩૦૭, વ્યવભા.૭.૧૮૩.

**દેવિંદોવવાય** (દેવેન્દ્રોપપાત) **અંગબાહિર કાલિઅ** આગમગ્રન્થ.[૧] જેણે શ્રમણજીવનના તેર વર્ષ પૂરાં કર્યાં હોય તે શ્રમણને તેનું અધ્યયન કરવાની અનુજ્ઞા છે.[૨] તે ગ્રન્થ હાલ અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયો છે.

૧. નન્દિ.૪૪.
૨. વ્યવ(મ).૧૦.૨૮.

**દેવિલ** કાચું (સચિત્ત) પાણી,વનસ્પતિ, ફળો વગેરેનો ત્યાગ કર્યા વિના મોક્ષ પ્રાપ્ત કરનાર અજૈન ઋષિ.[૧]

૧. સૂત્ર.૧.૩.૪.૩., સૂત્રચૂ.પૃ.૧૨૦, સૂત્રશી.પૃ.૯૫.

**દેવિલાસત્ત** (દેવિલાસત્ત્વ) આ અને **દેવલાસુય** એક છે.[૧]

૧. આવચૂ.૨.પૃ.૨૦૨.

**૧. દેવી ભરહ**(૨) ક્ષેત્રના દસમા **ચક્કવટ્ટિ હરિસેણ**ની પત્ની.[૧]

૧. સમ.૧૫૮.

**૨. દેવી ભરહ**(૨) ક્ષેત્રના સાતમા **ચક્કવટ્ટિ** અને અઢારમા **તિત્થંકર અર**ની માતા.[૧]

૧. સમ.૧૫૭-૧૫૮, તીર્થો.૪૮૧, આવનિ.૩૯૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. દેવી વિયાહપણ્ણત્તિના દસમા શતકનો પાંચમો ઉદ્દેશક.[૧]

૧. ભગ.૩૯૪.

**દેવોદ** **દેવદીવ**ને બધી બાજુથી ઘેરી વળેલો સમુદ્ર.[૧] તે ખુદ બધી બાજુથી **નાગદીવ** દ્વીપથી ઘેરાયેલો છે. તેના અધિષ્ઠાતા દેવો **દેવવર** અને **દેવમહાવર** છે.[૨]

૧. સૂર્ય.૧૦૩, જીવા.૧૬૭. ૨. જીવા.૧૮૫.

**દેવોદગ** (દેવોદક) જુઓ **દેવોદ**.[૧]

૧. જીવા.૧૬૭.

**દેવોવવાય[અ]** (દેવોપપાત[ક]) **ભરહ**(૨) ક્ષેત્રના તેવીસમા ભાવી **તિત્થંકર** અને **અમ્મડ**(૨)નો ભાવી જન્મ.[૧]

૧. સમ.૧૫૯, તીર્થો.૧૧૧૪.

**દોકિરિય**(દ્વિક્રિય) ણિણ્હવ **ગંગ**નો સિદ્ધાન્ત. આ સિદ્ધાન્ત મુજબ બે ક્રિયાઓ (દોકિરિયા-દ્વિક્રિયા) યુગપદ્ થાય છે.[૧] આ સિદ્ધાન્ત વીરનિર્વાણ સંવત ૨૨૮માં **ઉલ્લુગતીર**માં ગંગે સ્થાપ્યો - પ્રવર્તાવ્યો.[૨]

૧. આવનિ.૭૭૯, ૭૮૧, ઉત્તરાનિ.પૃ.૧૬૫, ઔપ.૪૧, ઔપઅ.પૃ.૧૦૬.

૨. આવભા.૧૩૩, નિશીભા. ૫૬૧૫.

**દોગિદ્ધિદસા** (દ્વિગૃદ્ધિદશા) દસ દશા ગ્રન્થોમાંનો એક. તે અત્યારે અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયો છે.તેમાં નીચે જણાવેલાં દસ અધ્યયનો હતાં – (૧) **વાય**, (૨), **વિવાય**, (૩) **ઉવવાય**, (૪) **સુક્ખિત્તકસિણ**, (૫) **બાયાલિસસુમિણ**, (૬) **તીસમહાસુમિણ**, (૭) **બાવત્તરિસવ્વસુમિણ**, (૮) **હાર**, (૯) **રામ** અને (૧૦) **ગુત્ત**.[૧]

૧. સ્થા. ૭૫૫.

**દોગેહિદસા** (દ્વિગૃદ્ધિદશા) જુઓ **દોગિદ્ધિદસા**.[૧]

૧. સ્થા. ૭૫૫.

**દોણ** (દ્રોણ) જેને **દોવઈ**ના સ્વયંવરમાં આવવા માટે નિમન્ત્રણ મોકલવામાં આવ્યું હતું તે **હત્થિણાપુર**નો રહેવાસી.[૧]

૧. જ્ઞાતા.૧૧૭.

**દોબ** આ અને **ડોબ** એક છે.[૧]

૧. પ્રજ્ઞા.૩૭.

**દોવઈ** (દ્રૌપદી) **પંચાલ** દેશના **કંપિલ્લપુર** નગરના રાજા **દુવય** અને તેમની રાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચુલણી**(૧)ની પુત્રી.[1] રાજકુમાર **ધટ્ઠજ્જુણ** તેનો ભાઈ હતો.[2] તે તેના પૂર્વભવમાં **સુકુમાલિયા**(૧) હતી.[3] પોતાના પૂર્વભવના નિદાન(તીવ્ર ઇચ્છા)ના કારણે તેણે સ્વયંવરમાં **હત્થિણાઉર**ના રાજા **પંડુ**ના પાંચ પુત્રો **જુહિટ્ઠિલ્લ, ભીમસેણ**(૧), **અજ્જુણ**(૨), **ણઉલ** અને **સહદેવ**ને પોતાના પતિ તરીકે પસંદ કર્યા અને તેમની સાથે પરણી.[4] **ધાયઈસંડ**(૧) દ્વીપમાં આવેલા **અમરકંકા**(૧) નગરના રાજા **પઉમણાભ**(૩)એ તેનું અપહરણ કર્યું. **વાસુદેવ**(૨) **કણ્હ**(૧)એ તેને મુક્ત થવામાં મદદ કરી.[5] તેણે **પંડુસેણ** નામના પુત્રને જન્મ આપ્યો.[6] તેના પતિઓની જેમ તે સંસારનો ત્યાગ કરી શ્રમણી **સુવ્વયા**(૧)ની શિષ્યા બની. મૃત્યુ પછી **બંભલોઅ** નામના સ્વર્ગીય ક્ષેત્રમાં તેનો દેવ તરીકે જન્મ થયો. એક વધુ ભવ કરી તે મહાવિદેહમાં મોક્ષ પામશે.[7] પોતાના **ણાગસિરી**(૨) તરીકેના પૂર્વભવમાં દોવઈએ સાધુ **ધમ્મરુઇ**(૪)ને કડવા તુંબડાનું બનાવેલું શાક ભિક્ષામાં આપ્યું જેનાથી તેમનું મૃત્યુ થયું.[8] પોતાના **સુકુમાલિયા**(૧) તરીકેના પૂર્વભવમાં દોવઈએ પાંચ પતિઓ સાથે ભોગ ભોગવવાની તીવ્ર ઇચ્છા કરી હતી. તેના કારણે પંડુ રાજાના પાંચ પુત્રો તેને પાંચ પતિઓ તરીકે મળ્યા.[9]

૧. જ્ઞાતા.૧૧૬, પ્રશ્નઅ.પૃ.૮૭. ૨. જ્ઞાતા. ૧૧૬ ૩. જ્ઞાતા.૧૦૯.
૪. જ્ઞાતા.૧૨૦ ૫. જ્ઞાતા.૧૨૩-૧૨૪. ૬. જ્ઞાતા.૧૨૭-૧૨૮.
૭. જ્ઞાતા.૧૨૮-૧૩૧. ૮. જ્ઞાતા.૧૦૬-૧૦૮.
૯. જ્ઞાતા.૧૧૦-૧૫, ભગઅ.પૃ.૫૧.

**દોસાઉરિયા** (દોષપૂરિકા) અઢાર પ્રકારની **બંભી**(૨) લિપિઓમાંની એક.[1]

૧. સમ.૧૮, પ્રજ્ઞા.૩૭.

**દોસાપુરિયા** (દોષપૂરિકા) જુઓ **દોસાઉરિયા.**[1]

૧. પ્રજ્ઞા.૩૭.

**૧. દોસિણાભા** (જ્યોત્સ્નાભા) **ણાયાધમ્મકહા**ના બીજા શ્રુતસ્કન્ધના આઠમા વર્ગનું બીજું અધ્યયન.[1]

૧. જ્ઞાતા.૧૫૬.

**૨. દોસિણાભા મહુરા**(૧)ના શેઠની પુત્રી. તે શ્રમણી બની હતી. મૃત્યુ પછી તે **ચંદ**(૧)ની મુખ્ય પત્ની તરીકે જન્મી હતી.[1] **સૂર**(૧)ની મુખ્ય પત્નીનું નામ પણ આ જ છે.[2]

૧. જ્ઞાતા.૧૫૬, સ્થા.૨૭૩, ભગ.૪૦૬, જમ્બૂ.૧૭૦, સૂર્ય.૯૭, ૧૦૬.
૨. સ્થા.૨૭૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દોસિય** (દૌષ્યિક) કાપડના વેપારીઓનું ધંધાદારી **આરિય**(આર્ય) મંડળ.[1]

૧. પ્રજ્ઞા.૩૭.

## ધ

**ધટ્ઠજ્જુણ** (ધૃષ્ટાર્જુન) **પંચાલ** દેશના **કંપિલ્લપુર** નગરના રાજા **દુવય** અને તેમની રાણી **ચુલણી**(૧)નો પુત્ર.[1]

૧. જ્ઞાતા.૧૧૬, પ્રશ્નઅ.પૃ.૮૭.

**૧. ધણ** (ધન) **રાયગિહ**ના **ધણ્ણ**(૧) શેઠના પાંચ પુત્રોમાંનો એક.[1]

૧. જ્ઞાતા.૧૩૬.

**૨. ધણ ખિતિપતિટ્ઠિય**(૨) નગરનો શેઠ. તે **ભદ્દા**(૩૪)નો પતિ અને **અચ્ચંકારિયભટ્ટા**નો પિતા હતો.[1]

૧. નિશીચૂ.૩.પૃ.૧૫૦.

**૩. ધણ વઇરજંઘ**(૧)નું બીજું નામ.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૭૬.

**૪. ધણ અવરવિદેહ**(૧)માં આવેલા **ખિતિપતિટ્ઠિય**(૧) નગરનો શેઠ જે **તિત્થયર ઉસભ**(૧)નો પૂર્વભવ હતો. **વસંતપુર**(૨) તરફ પ્રયાણ કરતા પોતાના સાર્થ અર્થાત્ કાફલા સાથે રહેલા શ્રમણોને તેણે ભિક્ષા આપી હતી.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૩૧, આવનિ.૧૭૧, કલ્પલ.પૃ.૧૩૬, વિશેષા.૧૫૮૫, પ્રજ્ઞામ.પૃ.૩૨૯.

**૫. ધણ ચંપા**નો ધનાઢ્ય શેઠ.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૩૧.

**૬. ધણ સાવત્થી** નગરીના શેઠ જે પ્રભાતે સૌપ્રથમ પોતાને આશીર્વાદ આપનારને રોજ બે ગિની આપતા હતા.[1]

૧. ઉત્તરાશા.પૃ.૨૮૮.

**૭. ધણ તિત્થયર અરિટ્ઠણેમિ**નો પૂર્વભવ.[1]

૧. ઉત્તરાને.પૃ.૨૭૮, ઉત્તરાક.પૃ.૩૮૮, કલ્પશા.પૃ. ૧૬૯.

**૮. ધણ પાડલિપુત્ત**નો ધનાઢ્ય વેપારી. તેની પુત્રીએ આચાર્ય **વઇર**(૨)ને પરણવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરી હતી.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૯૫, વિશેષા.૨૭૮૦, કલ્પવિ.પૃ.૨૬૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૯. ધણ** આ અને **ધણ્ણ**(૩)[1] તેમજ **ધણ્ણ**(૭)[2] એક જ વ્યક્તિ છે.

૧. સમ.૧૫૭. ૨. વિશેષા.૩૫૧૦.

**૧૦. ધણ** આ અને **ધણ્ણ**(૧) એક છે.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૯૭.

**૧૧. ધણ** આ અને **ધણ્ણ**(૩) એક છે.[1]

૧. સમ.૧૫૭.

**૧. ધણંજય** (ધનઞ્જય) **સોરિય**(૧) નગરનો શેઠ. **સુભદ્દા**(૧૧) તેની પત્ની હતી. જો પોતાને પુત્ર થશે તો એવી શરતે તેણે **જક્ખ સુરંબર** આગળ એક સો પાડાનો બલિ ચડાવવાની પ્રતિજ્ઞા કરી હતી. સદ્‌નસીબે તેને પુત્ર થયો. પોતાની પ્રતિજ્ઞાને પૂરી કરતાં પહેલાં તો તે **મહાવીર**નો ઉપાસક શ્રાવક બની ગયો અને તેથી તેણે બલિ ચડાવવાનો ઈન્કાર કરી દીધો. પરંતુ જક્ખે વચન પાળવા માટે તેના ઉપર ભારે દબાણ કર્યું. એટલે તેણે લોટના બનાવેલા એક સો પાડાનો બલિ જક્ખને ચડાવ્યો.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૯૩, આવનિ.૧૨૮૯, પાક્ષિય.પૃ.૬૭.

**૨. ધણંજય મૂયા** નગરના રાજા. તે **ચક્કવટ્ટિ પિયમિત્ત**(૧)નો પિતા હતો.[1] તેની પત્ની **ધારિણી**(૯) હતી.

૧. આવચૂ.૧.પૃ.૨૩૫, આવનિ.૪૫૦, વિશેષા.૧૮૧૬, કલ્પવિ.પૃ.૪૪, આવહ. પૃ.૨૫૧.

**૩. ધણંજય** પખવાડિયાનો નવમો દિવસ.[1]

૧. જમ્બૂ.૧૫૨, સૂર્ય.૪૮.

**૪. ધણંજય ઉત્તરાપોટ્ઠવયા** નક્ષત્રનું ગોત્રનામ.[1]

૧. સૂર્ય.૫૦, જમ્બૂ.૧૫૯.

**૧. ધણગિરિ** (ધનગિરિ) આચાર્ય **ફગ્ગુમિત્ત**નો શિષ્ય. તે **વસિટ્ઠ** ગોત્રનો હતો. આર્ય **સિવભૂઇ**(૨) તેનો શિષ્ય હતો.[1]

૧. કલ્પ(થેરાવલી).૭.

**૨. ધણગિરિ તુંબવણ** સંનિવેશનો શેઠ. તે આચાર્ય **વઇર**(૨)ના પિતા હતા અને **સુણંદા**(૧)ના પતિ હતા. ગર્ભવતી સુણંદાને છોડીને તેમણે સંસારનો ત્યાગ કર્યો અને તે આચાર્ય **સીહગિરિ**(૩)ના શિષ્ય બન્યા. સીહગિરિને તેમના સિવાય બીજા ત્રણ શિષ્યો હતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૯૦, કલ્પશા.પૃ.૨૦૩, ઉત્તરાશા.પૃ.૩૩૩, કલ્પવિ.પૃ.૨૬૨.

**ધણગુત્ત** (ધનગુપ્ત) આચાર્ય **મહાગિરિ**ના શિષ્ય અને **ણિણ્હવ ગંગ**ના ગુરુ.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવચૂ.૧.પૃ.૪૨૩, નિશીભા.૫૬૦૧, વિશેષા.૨૯૨૫, આવભા.૧૩૪, આવનિ. ૧૩૧૫, ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૧૯૫, સ્થાઅ.પૃ.૪૧૩, આવહ. પૃ. ૭૨૪.

**૧. ધણગોવ** (ધનગોપ) **રાયગિહ**ના શેઠ **ધણ્ણ**(૬)ના ચાર દીકરાઓમાંનો એક.[૧] તેની પત્નીનું નામ **રક્ખતીયા** હતું.[૨]

૧. જ્ઞાતા. ૬૩. ૨. એજન.

**૨. ધણગોવ રાયગિહ**ના શેઠ **ધણ્ણ**(૧)ના પાંચ દીકરાઓમાંનો એક.[૧]

૧. જ્ઞાતા.૧૩૬.

**ધણડ્ઢ** (ધનાઢ્ય) આચાર્ય **મહાગિરિ**ના આઠ મુખ્ય શિષ્યોમાંનો એક.[૧]

૧. કલ્પ.પૃ.૨૫૭.

**૧. ધણદત્ત** (ધનદત્ત) વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રના ત્રીજા **વાસુદેવ**(૧) **સયંભૂ**(૧)નો પૂર્વભવ.[૧] તે **ધણમિત્ત**(૫) નામે પણ ઓળખાય છે.[૨] તેના આચાર્ય **સુદંસણ**(૪) હતા. તેણે **સાવત્થી** નગરીમાં નિદાન (તીવ્ર ઇચ્છા યા સંકલ્પ) કર્યું અને તેનું કારણ યુદ્ધ હતું.[૩]

૧. સમ.૧૫૮.
૨. તીર્થો.૫૭૭, ૬૦૫.
૩. સમ.૧૫૮,તીર્થો.૬૦૭થી, સમઅ. પૃ.૧૫૮.

**૨. ધણદત્ત** આ અને **ધણ્ણ**(૧) એક છે.[૧]

૧. આવનિ.૯૪૩, આવહ.પૃ.૪૩૦, નન્દિમ.પૃ.૧૬૬.

**૧. ધણદેવ** (ધનદેવ) **વદ્ધમાણપુર**નો સાર્થવાહ. તે **પિયંગુ**(૨)નો પતિ હતો અને **અંજૂસિરી**(૪)નો પિતા હતો.[૧]

૧. વિપા.૩૨, સ્થાઅ.પૃ.૫૦૮.

**૨. ધણદેવ** જેને મરઘાની લડાઈમાં રસ હતો તે શેઠ.[૧]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા. પૃ.૩૭૯.

**૩. ધણદેવ મહાવીર**ના છઠ્ઠા ગણધર **મંડિય**(૨)ના પિતા. તેમની પત્ની **વિજયદેવા** હતી.[૧]

૧. આવનિ.૬૪૫-૬૫૦, વિશેષા.૨૫૦૯, કલ્પધ.પૃ.૧૬૧.

**૪. ધણદેવ વદ્ધમાણ**(૨) સંનિવેશ પાસે વહેતી **વેગવઈ** નદીમાંથી મજબૂત બળદની મદદથી પાંચ સો ગાડાં બહાર કાઢનાર સાર્થવાહ. પેલો બળદ ગાડાં બહાર કાઢ્યા પછી મરી ગયો અને **સૂલપાણિ**(૨) નામનો જક્ખ બન્યો.[૧]

૧. આવચૂ.૧.પૃ.૨૭૨, આવનિ.૪૬૪, વિશેષા.૧૯૧૪.

**૫. ધણદેવ** રાજા **ઉગ્ગસેણ**નો પૌત્ર. કદાચ તે અને **ણભસેણ** એક છે. વધુ વિગત માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જુઓ **કમલામેલા.**

૧. આવચૂ.૧.પૃ.૧૧૨, વિશેષાકો.પૃ.૪૧૨, મર.૪૩૩, બૃમ.પૃ.૫૬.

૬. **ધણદેવ રાયગિહ**ના **ધણ્ણ**(૬) અને તેની પત્ની **ભદ્દા**(૧૭)ના ચાર પુત્રોમાંનો એક. તેની પત્નીનું નામ હતું **ભોગવતિયા**(૨).[1]

૧. જ્ઞાતા.૬૩.

૭. **ધણદેવ ધણ્ણ**(૧)ના પાંચ પુત્રોમાંનો એક.[1]

૧. જ્ઞાતા.૧૩૬.

**ધણપતિ** (ધનપતિ) જુઓ **ધણવઇ.**[1]

૧. વિપા.૩૩.

૧. **ધણપાલ**(ધનપાલ) **રાયગિહ**ના શેઠ **ધણ્ણ**(૧)ના પાંચ દીકરાઓમાંનો એક.[1]

૧. જ્ઞાતા.૧૩૬.

૨. **ધણપાલ કોસંબી** નગરના રાજા. મૃત્યુ પછી તેમનો અહીં **સુવાસવ**(૨) તરીકે પુનર્જન્મ થયો હતો.[1]

૧. વિપા.૩૪.

૩. **ધણપાલ રાયગિહ**ના શેઠ **ધણ્ણ**(૬)ના ચાર દીકરાઓમાંનો એક.[1] તેની પત્ની **ઉજ્ઝિયા** હતી.[1]

૧. જ્ઞાતા.૬૩.

**ધણપ્પભા** (ધનપ્રભા) જુઓ **વેસમણપભ.**[1]

૧. ભગઅ.પૃ.૨૦૩.

૧. **ધણમિત્ત** (ધનમિત્ર) **ચંપા** નગરીનો સાર્થવાહ. તેની પત્નીનું નામ **ધણસિરી**(૧) હતું. **સુજાત**(૨) તેમનો પુત્ર હતો.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૯૭, આવનિ.૧૨૯૭.

૨. **ધણમિત્ત દંતપુર**નો સાર્થવાહ. તેને બે પત્નીઓ હતી – **ધણસિરી**(૨) અને **પઉમસિરી**(૧). તેને **દઢમિત્ત** નામનો મિત્ર હતો. પઉમસિરી માટે હાથીદાંતનો મહેલ ઊભો કરવા, રાજાના પ્રતિબંધના હુકમને ગણકાર્યા વિના દઢમિત્ત જંગલમાંથી હાથીદાંતનો ભારો લાવ્યો હતો.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૫૩-૧૫૪, નિશીચૂ.૪.પૃ.૩૬૧-૬૨, આવનિ.૧૨૭૫, વ્યવમ. ૩. પૃ.૧૭.

૩. **ધણમિત્ત ઉજ્જેણી** નગરીના શેઠ . તેણે પોતાના પુત્ર **ધણસમ્મ** સાથે સંસાર છોડી શ્રમણત્વ સ્વીકાર્યું.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૮૭, ઉત્તરાચૂ.પૃ.૫૫, મર. ૪૮૬.

૪. **ધણમિત્ત** **મહાવીર**ના ચોથા **ગણધર** **વિયત્ત**(૧)ના પિતા.[1]

૧. આવનિ.૬૪૮, વિશેષા.૨૫૦૯.

૫. **ધણમિત્ત** જુઓ **ધણદત્ત**(૧).[1]

૧. તીર્થો. ૬૦૫.

૧. **ધણરક્ખિય** (ધનરક્ષિત) **રાયગિહ**નાશેઠ **ધણ**(૬)ના ચાર પુત્રોમાંનો એક.[1] તેની પત્નીનું નામ **રોહિણિયા** હતું.[1]

૧. જ્ઞાતા. ૬૩.

૨. **ધણરક્ખિય** **ધણ**(૧) શેઠના પાંચ દીકરાઓમાંનો એક.[1]

૧. જ્ઞાતા.૧૩૬.

૧. **ધણવઇ** (ધનપતિ) **કુબેર**(૨)નું બીજું નામ.[1] તે અને **વેસમણ**(૯) એક છે. જુઓ **વિણીયા.**

૧. અન્ત.૧, સ્થાઅ.પૃ.૪૩૩.

૨. **ધણવઇ** **વિવાગસુય**ના બીજા શ્રુતસ્કન્ધનું છઠ્ઠું અધ્યયન.[1]

૧. વિપા.૩૩.

૩. **ધણવઇ** **કણગપુર**ના રાજા **પિયચંદ**નો પૌત્ર અને રાજકુમાર **વેસમણ**(૨)નો પુત્ર.[1]

૧. વિપા.૩૪.

**ધણવઈ** (ધનવતી) **ધણ**(૭)ની પત્ની. તે **રાયમઈ**નો પૂર્વભવ હતી.[1]

૧. ઉત્તરાને.પૃ.૨૭૮, કલ્પશા.પૃ.૧૬૯, ઉત્તરાક.પૃ.૩૮૮.

**ધણવતિ** (ધનપતિ) જુઓ **ધણવઇ.**[1]

૧. વિપા.૩૩-૩૪.

**ધણવસુ** (ધનવસુ) **ઉજ્જેણી** નગરીના શેઠ. તે વેપારધંધાના કામે **ચંપા** નગરી ગયા હતા.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૫૪, આવનિ.૧૨૭૬.

**ધણવહ** (ધનવહ) જુઓ **ધણાવહ.**[1]

૧. વિશેષા.૧૯૭૭, આવનિ.૫૨૧.

**ધણસમ્મ** (ધનશર્મન્) **ઉજ્જેણી** નગરીના શેઠ **ધણમિત્ત**(૩)નો દીકરો. તેણે પોતાના પિતા સાથે શ્રામણ્ય સ્વીકાર્યું હતું. એક વાર કોઈ સ્થાને જતાં માર્ગમાં તેને ખૂબ તરસ લાગી. પિતૃપ્રેમથી પ્રેરાઈને પિતાએ બાજુમાં વહેતી નદીમાંથી પાણી પી લેવા કહ્યું.[1] પરંતુ તેણે પાણી પીવાનો ઈન્કાર કરી દીધો અને તે જ સ્થાને તે મરણ પામ્યો.[2]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. જૈન સાધુઓને આવું પાણી પીવાનો નિષેધ છે કારણ કે તે અચિત્ત નથી હોતું.
૨. ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૮૭, ઉત્તરાચૂ. પૃ.૫૫, ઉત્તરાક.પૃ.૩૨.

**૧. ધણસિરી** (ધનશ્રી) **ચંપા** નગરીના **ધણમિત્ત**(૧) શેઠની પત્ની અને **સુજાત**(૨)ની માતા.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૯૭, આવનિ.૧૨૯૭.

**૨. ધણસિરી દંતપુર**ના શેઠ **ધણમિત્ત**(૨)ની બે પત્નીઓમાંની એક.[1]

૧. નિશીચૂ.૪.પૃ.૩૬૧, આવચૂ.૨.પૃ.૧૫૪, આવનિ.૧૨૭૫, વ્યવમ.૩.પૃ.૧૭.

**૩. ધણસિરી વસંતપુર**(૩)ના **જિયવત્તિ** અને **ધણાવહ**(૪)ની બહેન. તે બાલવિધવા હતી. તેના ભાઈઓને તેના તરફ ખૂબ પ્રેમ હતો. તેણે તેના ભાઈઓ સાથે સંસારનો ત્યાગ કર્યો અને તે આચાર્ય **ધમ્મઘોસ**(૧૨)ની શિષ્યા બની. તેનો મૃત્યુ પછી **સવ્વંગસુંદરી** તરીકે પુનર્જન્મ થયો.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૨૬-૫૨૭.

**૧. ધણાવહ** (ધનાવહ) **કોસંબી** નગરના શેઠ. તે **મૂલા**ના પતિ હતા અને **ચંદણા**(૧)ને ખરીદનાર હતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૩૧૬, આવનિ.૫૨૧, વિશેષા.૧૯૭૭, કલ્પવિ.પૃ.૧૭૦, કલ્પચૂ. પૃ.૧૦૨.

**૨. ધણાવહ ઉસભપુર**(૨)ના રાજા. રાણી **સરસ્સઇ**(૧) તેની પત્ની હતી અને રાજકુમાર **ભદ્દણંદી**(૨) તેનો પુત્ર હતો.[1]

૧. વિપા.૩૪.

**૩. ધણાવહ રાયગિહ**ના શેઠ. તે **ભદ્દા**(૫)નો પતિ હતો અને **કતપુણ્ણ**નો પિતા હતો.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૬૭.

**૪. ધણાવહ વસંતપુર**(૩)નો શેઠ. તેને **જિયવત્તિ** નામે ભાઈ અને **ધણસિરી**(૩) નામે બહેન હતી.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૨૬.

**ધણિટ્ઠા** (ધનિષ્ઠા) **અટ્ઠાવીસ ણક્ખત્ત**માંનું એક.[1] તેનું ગોત્રનામ **અગ્ગતાવસ** છે.[2] **વસુ**(૨) તેનો અધિષ્ઠાતા દેવ છે.[3] આ નક્ષત્રનું બીજું નામ **સવિટ્ઠા** છે.[4]

૧. જમ્બૂ.૧૫૫-૬૧, ૧૭૧, સૂર્ય.૩૬, સમ.૫,૭.
૨. સૂર્ય. ૫૦.
૩. સ્થા.૯૦.
૪. સૂર્યમ.પૃ.૧૧૧.

**૧. ધણુ** (ધનુષ્) **કંપિલ્લપુર**ના રાજા **બંભ**(૧)ના મન્ત્રી અને **વરધણુ**ના પિતા.[1]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૩૭૭, ઉત્તરાક.પૃ.૨૫૪-૨૫૫, વ્યવમ.૪.પૃ.૪૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. **ધણુ સક્ક**(૩)નો લોગપાલ **જમ**(૨) જે દેવને પોતાના કુટુંબના સભ્ય તરીકે ચાહે છે તે દેવ.[1] તે દેવોના **પરમાહમ્મિય** વર્ગનો છે.[2]

૧. ભગ.૧૬૬, સૂત્રચૂ.૧૫૪. ૨. સમ.૧૫.

**ધણુદ્ધત** (ધનુરુદ્ધત) **ભરહ**(૨) ક્ષેત્રના પ્રથમ ભાવી **તિત્થંકર મહાપઉમ**(૧૦) જે આઠ રાજાઓને દીક્ષિત કરશે તેમાંનો એક.[1]

૧. સ્થા.૬૨૫.

૧. **ધણ્ણ** (ધન્ય) **રાયગિહ** નગરના શેઠ. તેમને **ભદ્દા**(૧૩) નામની પત્ની હતી, **સુંસુમા**(૨) નામની દીકરી હતી અને **ધણ**(૧), **ધણપાલ**(૧), **ધણદેવ**(૭), **ધણગોવ**(૨) અને **ધણરક્ખિય**(૨) નામના પાંચ દીકરા હતા. એક વાર ધણ્ણના નોકર તરીકે રહી ગયેલા **ચિલાય**(૩)એ ધણ્ણના ઘર ઉપર હુમલો કર્યો અને સુંસુમાને અપહરણ કરી લઈ ગયો. ધણ્ણ અને તેના પાંચ પુત્રોએ તેનો પીછો કર્યો. ડાકૂ ચિલાયે છોકરીનું માથું પોતાની તલવારથી કાપી નાખ્યું અને ધડને મૂકી માથું લઈને ભાગી નીકળ્યો. ધણ્ણ અને તેના દીકરાઓને તેમની ભૂખ શાંત કરવા માટે ધડરૂપ શવનું માંસ ખાવું પડ્યું. પછી ધણ્ણે સંસારનો ત્યાગ કર્યો અને તે **મહાવીર**નો શિષ્ય બન્યો. ભવિષ્યમાં તે **મહાવિદેહ** ક્ષેત્રમાં મોક્ષ પ્રાપ્ત કરશે.[1] જુઓ **ધણ્ણ**(૬).

૧. જ્ઞાતા.૧૩૬-૧૪૦, આવચૂ.૧.પૃ.૪૯૭,આવનિ.૯૪૩, નન્દિમ.પૃ.૧૬૬.

૨. **ધણ્ણ** અન્ન આદિનો હમેશ માટે ત્યાગ કરી **ણાલંદા** સમીપ **વેભારગિરિ** પર્વત નજીક શિલા ઉપર પડી રહેનાર શ્રમણ. મૃત્યુ પછી તે **અણુત્તર** સ્વર્ગીય વાસસ્થાનમાં (વિમાનમાં) દેવ તરીકે જન્મ્યા.[1]

૧. મર.૪૪૪-૪૪૭, સ્થાઅ.પૃ.૪૭૪.

૩. **ધણ્ણ** તેવીસમા **તિત્થંકર પાસ**(૧)ને સૌપ્રથમ ભિક્ષા આપનાર.[1]

૧. સમ.૧૫૭, આવનિ.૩૨૯.

૪. **ધણ્ણ ઉસભપુરા**(૨)ના **થૂભકરંડ** ઉદ્યાનમાં રહેતો **જક્ખ**.[1]

૧. વિપા.૩૪.

૫. **ધણ્ણ કાગંદી** નગરીની **ભદ્દા**(૬) સાર્થવાહીનો પુત્ર. તે બત્રીસ કન્યાઓને પરણ્યો હતો. તે સંસારનો ત્યાગ કરી **મહાવીર**નો શિષ્ય બન્યો. શ્રમણ બન્યા પછી તરત જ તેણે બે દિવસના ઉપવાસ પછી દર ત્રીજે દિવસે સાવ હલકી કોટિનું અને લૂખું અન્ન લેવાનું શરૂ કર્યું. આ રીતે તેણે નવ મહિના શ્રમણત્વ પાળ્યું. તેની કઠોર તપસ્યાની મહાવીરે રાજા **સેણિય**(૧) આગળ પ્રશંસા કરી. મૃત્યુ પછી તે **સવ્વટ્ઠસિદ્ધ** વિમાનમાં (સ્વર્ગીય વાસસ્થાનમાં) દેવ તરીકે જન્મ્યો. ભવિષ્યમાં એક ભવ વધુ કરીને પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહાવિદેહ** ક્ષેત્રમાં તે મોક્ષ પામશે.

૧. અનુત્ત. ૩-૫, આચાચૂ.પૃ.૨૨૧.

૬. **ધણ્ણ રાયગિહ** નગરના શેઠ. **ભદ્દા**(૧૭) તેમની પત્ની હતી. તેમને **ધણપાલ**(૩), **ધણદેવ**(૬), **ધણગોવ**(૧) અને **ધણરક્ખિય**(૧) એમ ચાર પુત્રો હતા. અને **ઉજ્ઝિયા, ભોગવતિયા**(૨), **રક્ખતિયા** અને **રોહિણિયા** એ ચાર પુત્રવધૂઓ હતી. એક વાર તેણે દરેક પુત્રવધૂને પાંચ ડાંગરના દાણા તેમની બુદ્ધિની પરીક્ષા કરવા આપ્યા.[1] જુઓ **ધણ્ણ**(૧).

૧. જ્ઞાતા.૬૩, વ્યવભા. ૪.૧૮૩.

૭. **ધણ્ણ વસંતપુર**(૩)નો સાર્થવાહ. અનેક વ્યક્તિઓ સાથે તે **ણેવુત્તિણગર** ગયો હતો.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૦૯, વિશેષા.૩૫૧૦-૧૮.

૮. **ધણ્ણ ચંપા** નગરીનો સાર્થવાહ. અનેક વ્યક્તિઓ સાથે તે **અહિચ્છત્તા** નગર ગયો. ત્યાંથી પાછા આવી તેણે સંસારનો ત્યાગ કરી શ્રામણ્ય સ્વીકાર્યું, અગિયાર **અંગ**(૩) ગ્રન્થોનો અભ્યાસ કર્યો અને મરણ પછી તે દેવ તરીકે પુનર્જન્મ પામ્યો. ભવિષ્યમાં તે **મહાવિદેહ** ક્ષેત્રમાં મોક્ષ પામશે.[1]

૧. જ્ઞાતા.૧૦૫.

૯. **ધણ્ણ અણુત્તરોવવાઇય**ના ત્રીજા વર્ગનું પહેલું અધ્યયન.[1] **ઠાણ**માં તેનો ઉલ્લેખ બીજા અધ્યયન તરીકે થયો છે.[2]

૧. અનુત્ત.૩. ૨. સ્થા.૭૫૫.

૧૦. **ધણ્ણ રાયગિહ** નગરના શેઠ. તેમની પત્ની હતી **ભદ્દા** (૧૬) અને તેમનો પુત્ર હતો **દેવદિણ્ણ**. એક વાર ગુન્હો કરવા બદલ ધણ્ણને કેદની સજા થઈ. ધણ્ણને અને ધણ્ણના પુત્રના ખૂની **વિજય**(૧૪) ચોરને એક સાથે બેડીથી બાંધવામાં આવ્યા હતા. જ્યારે વિજયે ધણ્ણને લઘુશંકા વગેરેમાં સહકાર આપવા ઇન્કાર કર્યો ત્યારે ધણ્ણે તેની સાથે પોતાનું ભોજન વહેંચીને ખાવાનું સ્વીકારવું પડ્યું. પછી ધણ્ણે સંસારનો ત્યાગ કર્યો અને તે શ્રમણ **ધમ્મઘોસ**(૬)નો શિષ્ય બન્યો.[1]

૧. જ્ઞાતા.૩૩-૪૨.

૧૧. **ધણ્ણ ધણાવહ**(૧) શેઠનું બીજું નામ.[1]

૧. કલ્પચૂ.પૃ.૧૦૨.

**ધણ્ણકડ** (ધન્યકૃત) જ્યાં તેરમા **તિત્થંકર વિમલ**(૧)એ પોતાનું પહેલું પારણું ગૃહસ્થ **જય**(૨)ના હાથે કર્યું હતું તે ગામ.[1] તેની એકતા બંગાળના બલસર જિલ્લામાં આવેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુપરી (Kupari) સાથે સ્થાપવામાં આવી છે.[૨]

૧. આવનિ.૩૨૪, ૩૨૮. ૨. લાઇ.પૃ.૨૮૧.

**૧. ધણ્ણંતરિ** (ધન્વન્તરિ) **વિજયપુર**ના રાજા **કણગરહ**(૨)ના રાજવૈદ્ય અને **પાડલસંડ**ના શેઠ **સાગરદત્ત**(૫)ના પુત્ર **ઉંબરદત્ત**(૧)નો પૂર્વભવ. તે આયુર્વેદની બધી આઠે આઠ શાખાઓના નિષ્ણાત હતા.[૧]

૧. વિપા.૨૮, સ્થાઅ.પૃ.૫૦૮.

**૨. ધણ્ણંતરિ બારવઈ** નગરીના વૈદ્ય.[૧]

૧. આવનિ.૧૩૦૦, આવચૂ.૧.પૃ.૪૬૦-૬૧.

**૩. ધણ્ણંતરિ** આયુર્વેદ વિદ્યાના સ્થાપક વૈદ્યરાજ.[૧]

૧. નિશીચૂ.૩.પૃ.૫૧૨, ૪.પૃ.૩૪૦, બૃક્ષે.૩૦૨.

**ધણ્ણા** (ધન્યા) **વાણારસી**ના **સુરાદેવ**(૧)ની પત્ની. તે **મહાવીર**ની ઉપાસિકા(શ્રાવિકા) હતી.[૧]

૧. ઉપા. ૩૦.

**ધણ્ણિયા** (ધન્નિકા) **ગોબ્બરગામ**ના વણકરની પત્ની અને વાળંદની નોકરડી.[૧]

૧. બૃભા.૬૦૯૬, બૃક્ષે.૧૬૧૧.

**૧. ધમ્મ** (ધર્મ) આચાર્ય **હત્થિ**ના શિષ્ય અને આચાર્ય **સીહ**(૨)ના ગુરુ. તે **સુવ્વય**(૫) ગોત્રના હતા.[૧]

૧. કલ્પ.પૃ.૨૬૫-૨૬૬.

**૨. ધમ્મ** આચાર્ય **સીહ**(૨)ના શિષ્ય અને આચાર્ય **સંડિલ્લ**(૨)ના ગુરુ. તે **કાસવ**(૧) ગોત્રના હતા.[૧]

૧. કલ્પ.પૃ.૨૬૫-૨૬૬.

**૩. ધમ્મ** વર્તમાન **ઓસપ્પિણી** કાલચક્રના પંદરમા **તિત્થંકર**.[૧] તે પોતાના પૂર્વભવમાં **સીહરહ**(૨) હતા.[૨] ધમ્મ **રયણપુર**ના રાજા **ભાણુ**(૧) અને તેમની રાણી **સુવ્વયા**(૨)ના પુત્ર હતા.[૩] તેમની ઊંચાઈ પિસ્તાળીસ ધનુષ હતી.[૪] તેમનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો હતો.[૫] તેમણે એક હજાર પુરુષો સાથે સંસારનો ત્યાગ કર્યો હતો.[૬] તે પ્રસંગે તેમણે **સાગરદત્તા** પાલખીનો ઉપયોગ કર્યો હતો. **સોમણસ**(૨) નગરમાં **ધમ્મસીહ**(૨)ના ઘરે તેમણે પ્રથમ પારણું કર્યું હતું.[૭] તેમનું પવિત્ર વૃક્ષ દધિપર્ણ હતું.[૮] શ્રમણ **અરિટ્ઠ**(૨) તેમના પ્રથમ શિષ્ય હતા.[૯]. તેમની પ્રથમ શિષ્યા **સિવા**(૩) હતી.[૧૦] તેમને શ્રમણોના અડતાલીસ ગણો હતા અને અડતાલીસ ગણધરો હતા.[૧૧] તેમને ૬૪૦૦૦ શ્રમણશિષ્યો હતા અને ૬૨૪૦૦ શ્રમણી શિષ્યાઓ હતી.[૧૨] દસ લાખ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષનું આયુષ્ય ભોગવીને **મલ્લિ**(૧)ના મૃત્યુથી ત્રણ સાગરોપમ વર્ષ પહેલાં તે મોક્ષ પામ્યા. તે અઢી લાખ વર્ષ રાજકુમાર તરીકે અને પાંચ લાખ વર્ષ રાજા તરીકે જીવ્યા હતા.[૧૩]

૧. સમ.૧૫૭, નન્દિ.ગાથા ૧૯, વિશેષા. ૧૭૫૯, તીર્થો.૩૨૮, આવનિ.૩૭૧, ૧૦૯૪, સ્થા.૪૧૧.
૨. સમ.૧૫૭.
૩. સમ.૧૫૭, આવનિ.૩૮૩,૩૮૬, ૩૮૮, તીર્થો.૪૭૮.
૪. સમ.૪૫, આવનિ.૩૭૯, તીર્થો. ૩૬૩.
૫. આવનિ.૩૭૭, તીર્થો.૩૪૧.
૬. સમ.૧૫૭, આવનિ.૨૨૫, તીર્થો. ૩૯૨.
૭. આવનિ.૩૨૪,૩૨૮,સમ.૧૫૭.
૮. સમ.૧૫૭, તીર્થો.૪૦૬.
૯. સમ.૧૫૭, તીર્થો. ૪૫૦.
૧૦. સમ.૧૫૭, તીર્થો.૪૬૦.
૧૧. સમ.૪૮. આવનિ.૨૬૭ તેમજ તીર્થો. ૪૫૦ અનુસાર સંખ્યા ૪૩ છે.
૧૨. આવનિ.૨૫૬થી.
૧૩. આવનિ.૨૭૨-૩૦૫, કલ્પ.૧૯૦, સ્થા.૭૩૫.

**૪. ધમ્મ** સૂયગડનું નવમું અધ્યયન.[૧]

૧. સમ.૧૬,૨૩.

**ધમ્મકહા** (ધર્મકથા) **ણાયાધમ્મકહા**નો બીજો શ્રુતસ્કન્ધ.[૧]

૧. જ્ઞાતા.૫.

**ધમ્મગણિ** (ધર્મગણિન્) શ્રમણો માટેના પ્રાયશ્ચિત્તને લગતા નિયમોમાં ફેરફાર કરનાર આચાર્ય.[૧]

૧. બૃક્ષે.૭૨૬, ટિ.૩.

**૧. ધમ્મઘોસ** (ધર્મઘોષ) **મહાવીર**ના શિષ્ય.[૧]

૧. આવનિ.૧૨૮૧, આવચૂ.૨.પૃ.૧૯૩.

**૨. ધમ્મઘોસ ધમ્મવસુ**[૧] અપર નામ **ધમ્મવગ્ગુ** આચાર્યના શિષ્ય.[૨] તેમણે **ધમ્મજસ**(૨) સાથે એક માસના ઉપવાસ કરીને **વાણારસી**માં વર્ષાવાસ ગાળ્યો હતો.તેઓ ઉત્તરગુણના પાલનમાં એટલા ચુસ્ત અને સંકલ્પબદ્ધ હતા કે **ગંગા** નદી પાર કરતી વખતે તેઓ ખૂબ તરસ્યા થયા હોવા છતાં નદીનું પાણી પીવાનો તેમણે વિચાર પણ ન કર્યો.[૩] જેમ શ્રમણી **વિણયવતી**ને શ્રાવક-શ્રાવિકાઓની પ્રશંસા અને સેવા મળી હતી તેમ પોતાને પણ મળે એવા આશયથી ધમ્મજસે જ્યારે તે **કોસંબી** નગરમાં હતા ત્યારે સલ્લેખના લીધી. પરંતુ બન્યું એવું કે **અવંતિસેણે** નગર ઉપર આક્રમણ કર્યું અને ધમ્મજસે નિયમસરની સેવાઓ પામ્યા વિના દેહ છોડ્યો અને કટોકટીના કાળમાં તેમના દેહને બહાર ફેંકી દેવામાં આવ્યો.[૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧.આવનિ.૧૨૮૧.
૨.આવચૂ.૨.પૃ.૧૮૯.
૩. આવનિ.૧૩૦૬, આવચૂ.૨.પૃ.૨૦૪.
૪. આવચૂ.૨.પૃ.૧૯૦.

૩. **ધમ્મઘોસ** **ચંપા** નગરના રાજા **મિત્તપ્પભ**ના મન્ત્રી. તેણે **ધણમિત્ત**(૧)ના સ્વરૂપવાન પુત્ર **સુજાત**(૨)ને મારી નાખવાની યોજના કરી હતી કારણ કે તેને ગેરસમજ થઈ હતી કે સુજાતે તેના અન્તઃપુરની પવિત્રતાને નષ્ટ કરી છે. જ્યારે સત્ય પ્રગટ થયું ત્યારે રાજાએ ધમ્મઘોસને દેશનિકાલ કર્યા. પછી ધમ્મઘોસ **રાયગિહ** ગયા, પોતાનાં કૃત્યો માટે પશ્ચાત્તાપ કર્યો અને શ્રમણત્વ સ્વીકાર્યું. ત્યાંથી તે **વારત્તપુર** ગયા અને **વારત્ત**(૩) મંત્રીને શ્રમણત્વની દીક્ષા આપી.[૧]

૧. આવનિ.૧૨૯૭, આવચૂ.૨.પૃ.૧૯૭-૯૯, પિંડનિમ.પૃ.૧૬૯.

૪. **ધમ્મઘોસ** **ધણવસુ** સાર્થવાહના કાફલા સાથે **ઉજ્જેણી**થી **ચંપા** જનારા શ્રમણ. જ્યારે લુટારાઓએ આ કાફલા ઉપર હુમલો કર્યો ત્યારે કાફલો ગભરાઈ ગયો અને વીખરાઈ ગયો. કાફલાના કેટલાક સભ્યો સાથે શ્રમણ જંગલમાં પ્રવેશ્યા. ત્યાં તેમને શ્રમણને યોગ્ય એવી ભિક્ષા મળી શકી નહિ. એટલે તેમણે ખોરાક લેવાનું છોડી દીધું અને એક શિલા ઉપર સલ્લેખના કરી. કાલક્રમે તે મુક્તિ પામ્યા.[૧]

૧. આવનિ.૧૨૭૬, આવચૂ.૨.પૃ.૧૫૪-૧૫૫.

૫. **ધમ્મઘોસ** **તિત્થયર** **વિમલ**(૧)ના પ્રશિષ્ય. તેમણે **હત્થિણાપુર**માં **મહબ્બલ**(૧)ને દીક્ષા લઈ શ્રમણસંઘમાં દાખલ કર્યા.[૧]

૧. ભગ.૪૩૧, ૫૫૯.

૬. **ધમ્મઘોસ** વિહાર કરતા જેમણે **રાયગિહ**ના **ગુણસિલઅ** ચૈત્યમાં **ધણ્ણ**(૧૦) શેઠને દીક્ષા આપી હતી તે સ્થવિર.[૧]

૧. જ્ઞાતા.૪૨.

૭. **ધમ્મઘોસ** જેમના શિષ્ય **ધમ્મરુઇ**(૪) હતા તે આચાર્ય.[૧]

૧. જ્ઞાતા.૧૦૭.

૮. **ધમ્મઘોસ** પોતાના શિષ્ય **સુદત્ત** તથા અન્ય સાથે **હત્થિણાઉર**ની મુલાકાત લેનાર સ્થવિર.[૧]

૧. વિપા.૩૩.

૯. **ધમ્મઘોસ** **મહાઘોસ**(૩) નગરના શેઠ. **ધમ્મસીહ**(૧) શ્રમણને ભિક્ષા આપવાના કારણે તે મૃત્યુ પછી રાજકુમાર **ભદ્દણંદી**(૪) તરીકે જન્મ્યા.[૧]

૧. વિપા.૩૪.

૧૦. **ધમ્મઘોસ** એક આચાર્ય. રાજા **જિયસત્તુ**(૩૮) તેમનો ઉપાસક હતો. આચાર્યને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમના શિષ્યોને (પ્રાયશ્ચિત્ત રૂપ) સજા કરવામાં તે રાજા મદદ કરતો હતો.[1]

૧. આચાચૂ.પૃ.૩૮, આચાશી.પૃ.૭૬.

**૧૧. ધમ્મઘોસ** **મહુરા**(૨)ના શેઠને શ્રામણ્યની દીક્ષા આપી શ્રમણસંઘમાં પ્રવેશ કરાવનાર આચાર્ય.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૭૩.

**૧૨. ધમ્મઘોસ** **ધણસિરી**(૩)ને દીક્ષા આપનાર આચાર્ય.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૨૬.

**૧૩. ધમ્મઘોસ** જેમનો શિષ્ય **ચંપા** નગરીના રાજા **જિયસત્તુ**(૩૭)નો પુત્ર **સુમણભદ્દ**(૩) હતો તે આચાર્ય.[1]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૯૨, ઉત્તરાક.પૃ.૩૬.

**૧. ધમ્મજસ** (ધર્મયશસ્) **મહાવીર**નો એક શિષ્ય.[1]

૧. આવનિ.૧૨૮૯, આવચૂ.૨.પૃ.૧૯૩.

**૨. ધમ્મજસ** જે **ધમ્મવગ્ગુ** નામે પણ જાણીતા હતા તે **ધમ્મવસુ** આચાર્યના શિષ્ય.[1] તેમણે **વચ્છગા** નદીના કિનારે સલ્લેખના કરી અને તે મોક્ષ પામ્યા. તે પ્રસંગે ઉજ્જેણીના રાજા **અવંતિસેણ** અને **કોસંબી**ના **મણિપ્પભ**(૧)એ તેમની પૂજા કરી.[2] જુઓ **ધમ્મઘોસ**(૨).

૧. આવનિ.૧૨૮૧, આવચૂ.૨.પૃ.૧૮૯. ૨. મર.૪૭૫-૪૭૬,આવચૂ.૨.પૃ.૧૯૦.

**ધમ્મજ્ઝય** (ધર્મધ્વજ) **એરવય**(૧) ક્ષેત્રના પાંચમા ભાવી **તિત્થંકર**. **તિત્થોગાલી** તેમનો ઉલ્લેખ આઠમા તિત્થંકર તરીકે કરે છે જયારે પાંચમા તિત્થંકર તરીકે **અત્થસિદ્ધ**ને જણાવે છે.[1]

૧. સમ.૧૫૯, તીર્થો.૧૧૧૮.

**ધમ્મજ્ઝયણ** (ધર્માધ્યયન) **સૂયગડ**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું નવમું અધ્યયન.[1]

૧. સૂત્રનિ.૯૯, વ્યવભા. ૭.૬૬.

**ધમ્મણ્ણગ** (ધર્માન્વગ) કોઈક આચાર્યના સુવિનયસમ્પન્ન આઠ શિષ્યોમાંના એક.[1]

૧. વ્યવભા.૩.૩૫૦.

**ધમ્મત્થકામ** (ધર્માર્થકામ) **દસવેયાલિય**નું છઠ્ઠું અધ્યયન.[1] તે અને **મહાયારકહા** એક છે.

૧. દશહ.પૃ.૨૦૬.

**ધમ્મપણ્ણત્તિ** (ધર્મપ્રજ્ઞપ્તિ) જુઓ **છજ્જીવણિયા**.[1]

૧. દશ.૪.૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધમ્મમિત્ત** (ધર્મમિત્ર) છઠ્ઠા **તિત્થંકર પઉમપ્પહ**નો પૂર્વભવ.[1]

૧. સમ.૧૫૭.

૧. **ધમ્મરુઇ** (ધર્મરુચિ) **વાણારસી**ના રાજા. તેણે રાજા ઉદિઓદઅની રાણી સિરિકંતા(૧)નું અપહરણ કરવા માટે રાજા ઉદિઓદઅ ઉપર આક્રમણ કર્યું.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૫૯, આવનિ.૯૪૩,૧૫૪૫, નન્દિમ.પૃ.૧૬૫-૬૬.

૨. **ધમ્મરુઇ** શ્રમણ **આસાઢભૂઇ**ના ગુરુ આચાર્ય.[1]

૧. પિંડનિ.૪૭૪, પિંડનિમ.પૃ.૧૩૭.

૩. **ધમ્મરુઇ** પોતાને હેરાન કરવા બદલ જે શ્રમણે નાવિક **ણંદ**(૧૨)ને બાળી ભસ્મ કરી નાખ્યો તે શ્રમણ.[1]

૧. આવચૂ.૧.પૃ.૫૧૬.

૪. **ધમ્મરુઇ ધમ્મઘોસ**(૭)ના શિષ્ય. **ચંપા** નગરમાં જ્યારે તે ભિક્ષા માટે નીકળ્યા હતા ત્યારે તેમને મધુર રસાવાળું કડવા તુંબડાનું શાક બ્રાહ્મણી **ણાગસિરી**(૨)એ ભિક્ષામાં આપ્યું. ધમ્મઘોસે તેમને જણાવ્યું કે જો તે તે ઝેરી શાક ખાશે તો મરી જશે. માટે તેમણે ધમ્મરુઇને તેનો ત્યાગ કરવા કહ્યું. ધમ્મરુઇએ વિચાર્યું કે જો તે શાકનો ત્યાગ કરે તો તે ઝેરી શાકના સંપર્કમાં આવનાર અને ખાનાર હજારો કીડીઓ મરી જાય. તેથી અસંખ્ય કીડીઓને બચાવવા તે પોતે જ શાક ખાઈ ગયા અને સલ્લેખના લઈ લીધી અને મૃત્યુ પામ્યા. મરીને તે દેવ તરીકે જન્મ્યા. પછીના જન્મમાં તે મોક્ષ પામશે.[1]

૧. જ્ઞાતા.૧૦૭, જીતભા.૮૫૫, કલ્પચૂ.પૃ.૯૬, વિશેષા.૩૩૩૨, ૩૩૪૭, આવચૂ. ૨. પૃ. ૯૫, ૨૧૧. આવનિ.૧૩૧૩ અને આવચૂ.૨.પૃ.૨૧૧માં સ્થાન અને ભિક્ષા આપનાર તરીકે રોહીડગ અને ગણિકા રોહિણી(૩)નો ઉલ્લેખ છે.

૫. **ધમ્મરુઇ સતદુવાર** નગરના રાજા **વિમલવાહણ**(૧)એ જેમને ભિક્ષા આપી હતી તે શ્રમણ. તેના કારણે રાજા મૃત્યુ પછી **સાગેય** નગરમાં રાજકુમાર **વરદત્ત**(૨) તરીકે જન્મ્યા.[1]

૧. વિપા.૩૪.

૬. **ધમ્મરુઇ** એક રાજકુમાર. તે **વસંતપુર**ના **જિયસત્તુ**(૨૬) અને **ધારિણી**(૨૦)નો પુત્ર હતો. તેણે તેના પિતાની સાથે સંસારનો ત્યાગ કર્યો અને તે **પત્તેયબુદ્ધ** બન્યો.[1]

૧. આવનિ.૮૯૬, ૮૭૮, આવચૂ.૧.પૃ.૪૯૮, આચાશી.પૃ.૨૧.

૭. **ધમ્મરુઇ** જંગલમાંથી પસાર થતા જે શ્રમણે જ્યારે દેવે તેમના ઉપવાસના પારણાના પ્રસંગે ભિક્ષા આપવા માંડી ત્યારે તે ન સ્વીકારી તે શ્રમણ.[1]

૧. ઓઘનિ.૪૫૫-૫૬, ઓઘનિભા.૨૩૨-૩૮, ઓઘનિદ્રો.પૃ.૧૫૯-૬૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધમ્મરુચિ** (ધર્મરુચિ) આ અને **ધમ્મરુઇ**(૫) એક છે.[1]

૧. વિપા.૩૪.

**ધમ્મરુયિ** (ધર્મરુચિ) આ અને **ધમ્મરુઇ**(૩) એક છે.[1]

૧. આવચૂ.૧.પૃ. ૫૧૬.

**ધમ્મવગ્ગુ** (ધર્મવલ્ગુ) આ **ધમ્મવસુ**નું બીજું નામ છે.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૮૯.

**ધમ્મવસુ** (ધર્મવસુ) **ધમ્મઘોસ**(૨) **અને ધમ્મજસ**(૨) જેમના શિષ્યો હતા તે આચાર્ય.[1]

૧. આવનિ.૧૨૮૧, ઉત્તરાક.પૃ.૭૩.

**૧. ધમ્મવીરિય** (ધર્મવીર્ય) જે શ્રમણને **તિગિંછી** નગરના **જિયસત્તુ**(૨) રાજાએ ભિક્ષા આપી હતી તે શ્રમણ. પરિણામે મૃત્યુ પછી તે રાજાનો જન્મ રાજકુમાર **મહચંદ**(૪) તરીકે થયો.

૧. વિપા.૩૪.

**૨. ધમ્મવીરિય** સાતમા **તિત્થંકર સુપાસ**(૧)નો સમકાલીન રાજા.[1]

૧. તીર્થો. ૪૭૦.

**ધમ્મસિરી** (ધર્મશ્રી) અતીત **ઉસ્સપ્પિણી**માં **ભરહ**(૨) ક્ષેત્રમાં થયેલા છેલ્લા **તિત્થંકર**.[1]

૧. મનિ.પૃ.૧૩૫.

**૧. ધમ્મસીહ** (ધર્મસિંહ) જે શ્રમણને **મહાઘોસ** નગરના **ધમ્મઘોસ**(૯) શેઠે ભિક્ષા આપી હતી તે શ્રમણ. શેઠ મૃત્યુ પછી આ સુકૃત્યના કારણે ફરી મનુષ્ય તરીકે જન્મ પામ્યા.[1]

૧. વિપા.૩૪.

**૨. ધમ્મસીહ** પંદરમા **તિત્થંકર ધમ્મ**(૩)ને ભિક્ષા આપનારી સૌ પ્રથમ વ્યક્તિ. તે **સોમણસ**(૨) નગરની હતી.[1]

૧. સમ.૧૫૭, આવનિ.૩૨૪, ૩૨૮.

**૩. ધમ્મસીહ** ચોથા **તિત્થંકર અભિણંદણ**નો પૂર્વભવ.[1]

૧. સમ.૧૫૭.

**૪. ધમ્મસીહ ચંદગુત્ત** રાજાના સમયમાં **પાડલિપુત્ત**માં રહેતો માણસ. તેની પત્ની **ચંદસિરી**(૨) હતી. તે ગિદ્ધપિટ્ઠ (ગૃદ્ધપૃષ્ઠ) નામના વ્રતનું પાલન કુલ્લઉરમાં કરતો હતો અને તે સારી દશા (વિગયસોગ દશા) પામ્યો હતો.[1]

૧. સંસ્તા.૭૦-૭૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. **ધમ્મસેણ** (ધર્મસેન) સાતમા **બલદેવ**(૨) **ણંદણ**(૧)નો પૂર્વભવ. તેમના આચાર્ય ગુરુ **આસાગર** હતા.[1]

૧. સમ.૧૫૮.

૨. **ધમ્મસેણ ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૬.

**ધમ્મા** (ધર્મા) **કણ્હા**(૨) વગેરેની માતા.[1]

૧. જ્ઞાતા.૧૫૮.

**ધમ્માવાય** (ધર્મવાદ) **દિટ્ઠિવાય**નાં દસ નામોમાંનું એક.[1]

૧. સ્થા.૭૪૨.

૧. **ધમ્મિલ મહાવીર**ના પાંચમા ગણધર **સુહમ્મ**(૧)ના પિતા. તે **કોલ્લાગ**(૨) સંનિવેશના હતા.[1]

૧. આવનિ.૬૪૮. વિશેષા.૨૫૦૯, કલ્પધ.પૃ.૧૬૨, કલ્પવિ.પૃ.૨૪૯.

૨. **ધમ્મિલ વસુદેવહિંડી**નું એક પાત્ર.[1]

૧. આવચૂ.૨.પૃ.૩૨૪, દશચૂ.પૃ.૩૨૮, આવનિ.૧૬૧૪.

**ધમ્મિલ્લ** જુઓ **ધમ્મિલ**.[1]

૧. કલ્પધ.પૃ.૧૬૨, કલ્પવિ.પૃ.૨૪૯, સૂત્રચૂ.પૃ.૩૯૦, આવનિ.૧૬૧૪.

૧. **ધર એરવય**(૧) ક્ષેત્રના વીસમા **તિત્થંકર**.[1] ધરના બદલે **વર** પાઠ ખોટો છે.

૧. સમ.૧૫૯, સમઅ.પૃ.૧૫૯, તીર્થો.૩૩૯.

૨. **ધર** છઠ્ઠા **તિત્થંકર પઉમાભ**ના પિતા.[1]

૧. તીર્થો.૪૬૯, સમ.૧૫૭.

૩. **ધર** રાજકુંવરી **દોવઈ**ના સ્વયંવરમાં ભાગ લેવા જેમને નિમન્ત્રણ મોકલવામાં આવ્યું હતું તે **મહુરા**(૧) નગરીના રાજા.[1]

૧. જ્ઞાતા.૧૧૭.

૧. **ધરણ** દક્ષિણના **ણાગકુમાર** દેવોનો ઇન્દ્ર.[1] તેને ૬૦૦૦ સામાણિઅ દેવો વગેરે છે. તેનું વાસસ્થાન ૨૫૦૦૦ યોજનના વિસ્તારવાળું છે.[2] તેને છ મુખ્ય પત્નીઓ છે[3]— **ઈલા**(૧)[4], **સુક્કા, સદારા, સોદામણી**(૩), **ઈંદા**(૨) અને **ઘણવિજ્જુયા**(૧).[5] તેની રાજધાનીનું નામ **ધરણા** છે. તેનું સિંહાસન પણ તેનું પોતાનું જ નામ અર્થાત્ ધરણ નામ ધરાવે છે.[6] તેને ચુંમાળીસ લાખ મહેલો છે.[7] **કાલવાલ, સેલવાલ, સંખવાલ** અને **કોલવાલ** આ ચાર તેના લોગપાલ છે.[8] જ્યારે **ણમિ**(૩) અને **વિણમિ** રાજ્યનો પોતાનો ભાગ માગવા **ઉસહ**(૧) પાસે ગયા ત્યારે ધરણે તેમને ઘણી વિદ્યાઓ આપી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને દક્ષિણ અને ઉત્તર **વેયડ્ઢ**(૨)ના રાજાઓ બનાવ્યા.[૯] ધરણ **મહિલા**(મિહિલા)માં **મહાવીર**ને મળ્યા અને તેમના કુશળ સમાચાર પૂછ્યા.[૧૦] **પર્યુષણા** દરમ્યાન ત્રણ દિવસના સળંગ ઉપવાસ કરવાના કારણે મરણ પામેલા બાળકને ધરણે પુનર્જીવિત કર્યો.[૧૧] તેના સાત સેનાપતિઓ આ છે – **ભદ્દસેણ**(૧), **જસોધર**(૨), **સુદંસણ**(૧૬), **નીલકંઠ**, **આણંદ**(૯), **ણંદણ**(૭) અને **તેતલિ**(૪).[૧૨]

૧.પ્રજ્ઞા.૪૬, ભગ.૧૬૯,૪૦૪, જીવા. ૧૨૦.
૨.જમ્બૂ.૧૧૯, ભગ.૧૨૯, આવચૂ. ૧.પૃ.૧૪૬.
૩.ભગ.૪૦૬.
૪.જ્ઞાતા.૧૫૧.
૫.ભગ.૪૦૬.
૬.એજન.
૭. ભગ.૧૨૯, સમ.૪૪.
૮. ભગ.૧૬૯, ભગઅ.પૃ.૧૯૯.
૯. આવચૂ.૧.પૃ.૧૬૧, વિશેષા.૧૭૦૫, કલ્પવિ.પૃ.૨૩૮, કલ્પસં.પૃ.૧૨૯.
૧૦. આવનિ.૫૧૭,આવચૂ.૧.પૃ.૩૧૫, વિશેષા. ૧૯૭૩, કલ્પવિ.પૃ.૧૬૯, કલ્પશા.પૃ.૧૩૨.
૧૧. કલ્પવિ.પૃ.૧૦, કલ્પધ.પૃ.૧૦.
૧૨. સ્થા.૪૦૪, ૫૮૨.

**૨. ધરણ** ધરણ(૧)નું સિંહાસન.[૧]

૧. ભગ.૪૦૬.

**૩. ધરણ** મહાવિદેહના **સલિલાવઈ** પ્રદેશમાં આવેલા **વીયસોગા** નગરના રાજા **મહબ્બલ**(૨)નો મિત્ર રાજા.[૧]

૧. જ્ઞાતા.૬૪.

**૪. ધરણ** બારવઈના **વણ્હિ**(૧) અને **ધારિણી**(૫)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી **અરિટ્ઠણેમિ**નો શિષ્ય બન્યો. તે **સેત્તુંજ** પર્વત ઉપર મોક્ષ પામ્યો.[૧] તે દસ પૂજનીય રાજાઓમાંનો એક હતો.[૨]

૧. અન્ત.૩.
૨. અન્ત.પૃ.૨.

**૫. ધરણ રોહીડઅ** નગરના **પુઢવીવડેંસઅ** ઉદ્યાનમાં રહેતો જક્ખ.[૧]

૧. વિપા.૩૦.

**૬. ધરણ અંતગડદસા**ના બીજા વર્ગનું છઠ્ઠું અધ્યયન.[૧]

૧. અન્ત.૩.

**ધરણા** ઇન્દ્ર ધરણ(૧)ની રાજધાની.[૧]

૧. ભગ. ૪૦૬.

**૧. ધરણિ** બારમા **તિત્થયર વાસુપુજ્જ**ની પ્રથમ શિષ્યા.[૧]

૧. સમ.૧૫૭, તીર્થો.૪૫૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. **ધરણિ** એક દેવી.[૧]

૧.આવ.પૃ.૧૯.

૩. **ધરણિ** ઇન્દ્ર **ધરણ**(૧)ની રાજધાની જ્યાં **ઇલા**(૧) એક મુખ્ય રાણી તરીકે જન્મી હતી.[૧] આ અને **ધરણા** એક છે.

૧. જ્ઞાતા.૧૫૧.

**ધરણિંદ** (ધરણેન્દ્ર) આ અને **ધરણ**(૧) એક છે.[૧]

૧. ભગ.૪૦૬.

**ધરણિખીલ** (ધરણિકીલ) **મંદર**(૩) પર્વતનું બીજું નામ.[૧]

૧. સૂર્ય.૨૬.

**ધરણિધરા** તેરમા **તિત્થયર** **વિમલ**(૧)ની પ્રથમ શિષ્યા.[૧] તીર્થો ૪૬૦માં તેનું નામ **વરા** જણાવાયું છે.

૧. સમ.૧૫૭.

**ધરણિસિંગ** (ધરણિશૃંગ) **મંદર**(૩) પર્વતનું બીજું નામ.[૧]

૧. સૂર્ય.૨૬.

**ધરણોવવાય** (ધરણોપપાત) એક **અંગબાહિર** **કાલિય** આગમગ્રંથ જેને બાર વર્ષનું શ્રમણજીવન પૂરું કર્યું હોય એવા શ્રમણને જ ભણાવવાની છૂટ હતી.[૨] હાલ આ ગ્રન્થ અસ્તિત્વમાં નથી, નાશ પામ્યો છે.

૧. નન્દિ.૪૪. ૨. વ્યવ.૧૦.૨૬.

**ધાતઈસંડ** (ધાતકીખંડ) જુઓ **ધાયઈસંડ**.[૧]

૧. સૂર્ય.૧૦૦.

**ધાતકીખંડ** જુઓ **ધાયઈસંડ**.[૧]

૧. આવચૂ.૧.પૃ.૧૭૨, આવહ.પૃ.૭૬૨.

**ધાય** (ધાતૃ) દક્ષિણના **પણવણ્ણિય** દેવોનો ઇન્દ્ર.[૧]

૧. પ્રજ્ઞા.૪૯, સ્થા. ૯૪.

**ધાયઈસંડ** (ધાતકીખંડ) જુઓ **ધાયઈસંડ**.[૧]

૧. ભગ.૪૧૮, જ્ઞાતા.૧૨૩, આવચૂ.૧.પૃ.૧૭૬, જીવા.૧૭૪, સમ.૮૫.

**ધાયઈખંડ** (ધાતકીખંડ) જુઓ **ધાયઈસંડ**.[૧]

૧. જીવા.૧૬૪. સમ.૧૨૭, દેવે.૧૪૯, સૂર્ય.૨૭૫.

**ધાયઈરુક્ખ** (ધાતકીવૃક્ષ) **ધાયઈસંડ**માં આવેલું વૃક્ષ.[૧] જુઓ **ધાયઈસંડ**.

૧. સ્થા.૬૪૧, જીવા.૧૭૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધાયઈસંડ** (ધાતકીખંડ) **જંબુદીવ** પછી આવતો વલયાકાર દ્વીપ.[1] તે **લવણ** સમુદ્રને ઘેરે છે અને ખુદ **કાલોય** સમુદ્રથી ઘેરાયેલો છે.[2] તેની પીઠિકા બે ગવ્યૂતિ ઊંચી છે.[3] લવણ સમુદ્રને સ્પર્શતા તેના એક છેડાથી કાલોય સમુદ્રને સ્પર્શતા તેના બીજા છેડા સુધીની તેની પહોળાઈ ચાર લાખ યોજન છે.[4] જંબુદ્દીવના પૂર્વ તરફના ખૂણાથી ધાયઈસંડના પશ્ચિમ તરફના ખૂણા વચ્ચેનું અંતર સાત લાખ યોજન છે.[5] બહારની બાજુનો ધાયઈસંડનો પરિઘ ૪૧૧૦૯૬૧ યોજન છે.[6] ઉત્તરના અને દક્ષિણના **ઈસુયાર**(૨) પર્વતો ધાયઈસંડ દ્વીપને બે ભાગમાં વહેંચે છે – પૂર્વભાગ અને પશ્ચિમ ભાગ.[7] દરેક અર્ધભાગમાં સાત ક્ષેત્રો (**ભરહ**(૨) વગેરે), સાત પર્વતો (**ચુલ્લહિમવંત** વગેરે) અને ચૌદ નદીઓ આવેલી છે; તે બધાંનાં નામ અને સ્થાન જંબુદ્દીવમાં આવેલ ક્ષેત્રો, પર્વતો અને નદીઓનાં નામ અને સ્થાન જેવાં જ છે.[8] ધાયઈસંડના પ્રત્યેક અર્ધભાગની મધ્યમાં આવેલો **મંદર**(૩) પર્વત એક હજાર યોજન ઊંડો,[9] ચોરાસી હજાર યોજન ઊંચો[10],તળેટીએ તેની પહોળાઈ દસ હજારથી કંઇક ન્યૂન યોજનો છે અને શિખરે તેની પહોળાઈ એક હજાર યોજન છે.[11] આ દ્વીપનાં **ભરહ**(૨) અને **એરવય**(૧) ક્ષેત્રો પ્રત્યેક કાલચક્રના બધા છ અરો અનુભવે છે.[12] આ દ્વીપના બન્ને અર્ધભાગોમાંથી પ્રત્યેક અર્ધભાગમાં **કૂડસામલિ** વૃક્ષ અને ગરુડ દેવ છે.[13] વળી પૂર્વના અર્ધભાગમાં **ધાયઇરુક્ખ** છે અને પશ્ચિમના અર્ધભાગમાં **મહાધાયઈરુક્ખ** છે. તે **સુદંસણ**(૧૯) દેવ અને **પિયદંસણ**(૧) દેવનાં વાસસ્થાનો છે.[14] ધાયઈ વૃક્ષની ઊંચાઈ આઠ યોજન છે.[15] ધાયઈસંડના પ્રદેશો, પર્વતો, શિખરો, દેવો વગેરેની સંખ્યા જંબુદ્દીવમાં તેમની જે સંખ્યા છે તેનાથી બમણી છે.[16] ધાયઈસંડને અડસઠ **ચક્કવટ્ટિવિજય** છે,[17] ચાર દરવાજા છે,[18] બાર સૂર્યો છે, બાર ચન્દ્રો છે, ત્રણ સો છત્રીસ નક્ષત્રો છે, એક હજાર છપ્પન ગ્રહો છે અને ૮૦૩૭૦૦ કોટાકોટિ તારા છે.[19] **ણંદિગ્ગામ**(૨) ધાયઈસંડના **પુવ્વવિદેહ**ના **મંગલાવતી વિજય**(૨૩)માં આવેલું હતું.[20] ધાયઈસંડના પૂર્વ ભાગમાં આવેલા ભરહ(૧)ના દક્ષિણાર્ધની રાજધાની **અવરકંકા** હતી.[21]

૧. સૂત્રશી.પૃ.૧૨૨.
૨. સૂર્ય.૧૦૦, જીવા.૧૭૪, અનુહ.પૃ. ૯૦.
૩. સ્થા.૯૨.
૪. સ્થા.૩૦૬,સમ.૧૨૭,સૂર્ય.૧૦૦, જીવા.૧૭૪.
૫. સમ.૧૩૦.
૬. સૂર્ય.૧૦૦, જીવા.૧૭૪.
૭. સ્થાઅ.પૃ.૮૧, પ્રશ્નઅ.પૃ.૯૫.
૮. સ્થા.૫૫૫.
૯. સ્થા.૭૨૧.
૧૦. સમ.૮૫.
૧૧. સ્થા.૭૨૧.
૧૨. સ્થા.૯૨.
૧૩. એજન.
૧૪. એજન, જીવા.૧૭૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૫. સ્થા.૬૪૧.
૧૬. સ્થા.૯૨,૧૮૩,૧૯૭,૩૦૨,૫૨૨, ૭૨૧, ૭૬૮.
૧૭. સમ.૬૮.
૧૮. જીવા.૧૭૪.
૧૯. સૂર્ય.૧૦૦, જીવા.૧૭૪,ભગ.૩૬૩, દેવે.૧૧૩, ૧૧૪, ૧૪૯-૧૫૧. ચન્દ્ર સૂર્ય, દ્વીપો વગેરેની વિગતો માટે જુઓ જીવા.૧૬૪, અને દિવસો અને રાત્રિઓ માટે જુઓ સૂર્ય.૨૯, ભગ.૧૭૯.
૨૦. આવચૂ.૧.પૃ.૧૭૨, ૧૭૬.
૨૧. જ્ઞાતા.૧૨૩.

**ધારણી** (ધારિણી) આ અને **ધારિણી** એક છે.[1]

૧. વિપા.૩૩, ભગ.૪૧૭, દશા.૫.૧, સમ.૧૫૭, જ્ઞાતા.૬૪,૯૧, આવમ.પૃ.૨૫૧, આવ.પૃ.૨૮, આવનિ.૧૨૮૨, આવચૂ.૧.પૃ.૩૨૦, ૪૯૮.

**૧. ધારિણી રાયગિહ** નગરના રાજા **સેણિઅ**(૧)ની પત્ની. તેણે સ્વપ્નમાં હાથી દેખ્યો અને તેણે રાજકુમાર **મેહકુમાર**નો ગર્ભ ધારણ કર્યો.[1] અકાળે પડેલા વર્ષાઋતુ જેવા વરસાદમાં પોતાના પતિ સાથે હાથી ઉપર સવારી કરવાનો તેને દોહદ થયો.[2] દેવની મદદથી તેના ઓરમાન પુત્ર **અભય**(૧)એ તેનો દોહદ પૂરો કર્યો.[3] કાળક્રમે તેણે મેહકુમારને જન્મ આપ્યો.[4] જ્યારે તેના પુત્ર પાસેથી તેણે જાણ્યું કે તે સંસારનો ત્યાગ કરવાનો છે ત્યારે તેને અત્યન્ત દુઃખ થયું.[5] તેના બીજા પુત્રો પણ સંસારનો ત્યાગ કરી **મહાવીર**ના શિષ્યો બન્યા.[6]

૧. જ્ઞાતા.૮,૧૦, કલ્પધ.પૃ.૩૦-૩૧.
૨. જ્ઞાતા.૧૩.
૩. જ્ઞાતા.૧૫-૧૬.
૪. જ્ઞાતા.૧૭.
૫. જ્ઞાતા.૨૩.
૬. અનુત્ત. ૧-૨.

**૨. ધારિણી ચંપા** નગરીના રાજા **કોણિય**ની પત્ની. તે **સુભદ્દા**(૨) નામે પણ જાણીતી હતી.[1]

૧. ઔપ.૭, દશા.૯.૧, પ્રશ્નઅ.પૃ.૧, ઔપ.૩૪, ૩૭.

**૩. ધારિણી ચંપા** નગરીના રાજા **દધિવાહણ**ની પત્ની અને **ચંદણા**(૧)ની માતા.[1] જુઓ વધુ વિગત માટે **ચંદણા**(૧).

૧. આવચૂ.૧.પૃ.૩૨૦, કલ્પવિ.પૃ.૧૭૦, કલ્પધ.પૃ.૧૦૯, કલ્પજ.પૃ.૯૫, કલ્પશા. પૃ.૧૩૩.

**૪. ધારિણી બારવતી**ના રાજા **વસુદેવ**ની પત્ની અને **દારુઅ**(૧), **અણાદિટ્ઠિ**(૨) વગેરેની માતા.[1]

૧. અન્ત.૭-૮.

**૫. ધારિણી બારવતી**ના રાજા **અંધગવણ્હિ**ની પત્ની.[1]

૧. અન્ત.૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬. ધારિણી બારવતીના રાજા **બલદેવ**(૧)ની પત્ની. તેને ત્રણ પુત્રો હતા – **સુમુહ**(૧), **દુમ્મુહ**(૨) અને **કૂવદારઅ**.[1]

૧. અન્ત.૭.

૭. ધારિણી જંબુદ્દીવના પુવ્વવિદેહના પુંડરિગિણી(૧)ના રાજા **વઇરસેણ**(૧)ની પત્ની તથા ઉસહ(૧)ના એક પૂર્વભવની માતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૧૩૩.

૮. ધારિણી તે **મંગલાવતી**(૫) નામે પણ જાણી છે. તે **વઇરણાભ**ની માતા હતી.[1] તે અને **ધારિણી**(૭) એક છે.

૧. આવચૂ.૧.પૃ.૧૮૦.

૯. ધારિણી **ધણંજય**(૨) રાજાની પત્ની અને **મહાવીર**ના પૂર્વભવ **પિયમિત્ત**(૧)ની માતા.[1]

૧.આવચૂ.૧.પૃ.૨૩૫, કલ્પધ.પૃ.૩૮, કલ્પવિ.પૃ.૪૪.

૧૦. ધારિણી રાયગિહ નગરના રાજા **વિસાહભૂતિ**ની પત્ની અને **મહાવીર**ના પૂર્વભવ **વિસ્સભૂતિ**ની માતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૨૩૦, કલ્પશા.પૃ.૩૯, કલ્પધ.પૃ.૩૮.

૧૧. ધારિણી અગિયારમા **તિત્થયર સેજ્જંસ**(૧)ની મુખ્ય શિષ્યા.[1]

૧. તીર્થો.૪૫૯, સમ.૧૫૭.

૧૨. ધારિણી બલદેવ(૨) **અયલ**(૫)ની અનેક પત્નીઓમાં મુખ્ય.[1]

૧. તીર્થો. ૫૮૮.

૧૩. ધારિણી **કોસંબી** નગરીના રાજા **અજિયસેણ**(૨)ની પત્ની.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૮૯.

૧૪. ધારિણી **હત્થિસીસ** નગરના રાજા **અદીણસત્તુ**(૨)ની પત્ની અને રાજકુમાર **સુબાહુ**(૧)ની માતા.[1]

૧. વિપા.૩૩.

૧૫. ધારિણી **સાગેય**ના રાજા **ચંદવડેંસઅ**ની પત્ની અને **ગુણચંદ** તથા **મુણિચંદ**(૨)ની માતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૯૨.

૧૬. ધારિણી **કોસંબી**ના રાજા **જિતસેન**ની પત્ની.[1]

૧. ઉત્તરાક.પૃ.૭૩.

૧૭. ધારિણી **ખિતિપતિટ્ઠિય**(૨) નગરના રાજા **જિયસત્તુ**(૨૦)ની પત્ની.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. નિશીચૂ.૩.પૃ.૧૫૦, પાક્ષિય.પૃ.૧.

**૧૮. ધારિણી ચંપા** નગરીના રાજા **જિયસત્તુ**(૧)ની પત્ની અને રાજકુમાર **અદીણસત્તુ**(૩)ની માતા.[1]

૧. જ્ઞાતા.૯૧.

**૧૯. ધારિણી મિહિલા**ના **જિયસત્તુ**(૧૪)ની મુખ્ય પત્ની.[1]

૧. સૂર્ય.૧, સૂર્યમ.પૃ.૨. જમ્બૂ.૧.

**૨૦. ધારિણી વસંતપુર**(૩)ના રાજા **જિયસત્તુ**(૨૬)ની પત્ની અને રાજકુમાર **ધમ્મરુઇ**(૬)ની માતા.[1]

૧. આવચૂ.૧.પૃ.૪૯૮, આચાશી.પૃ.૨૧.

**૨૧. ધારિણી વાણિયગ્ગામ**ના રાજા **જિયસત્તુ**(૬)ની પત્ની.[1]

૧. દશા.૫.૧.

**૨૨. ધારિણી સાવત્થી**ના રાજા **જિયસત્તુ**(૨૨)ની પત્ની, **ખંદઅ**(૧) તેમનો દીકરો હતો અને **પુરંદરજસા** તેમની દીકરી હતી.[1]

૧. બૃક્ષે. ૯૧૫, ઉત્તરાચૂ.પૃ.૭૩, ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૧૧૪-૧૧૫.

**૨૩. ધારિણી મહાવિદેહ**ના **વીયસોગા** નગરના રાજા **બલ**ની પત્ની. તેને જ્યારે ગર્ભ રહ્યો ત્યારે તેણે સ્વપ્નમાં સિંહ જોયો અને પછી કાલક્રમે **મહબ્બલ**(૨)ને જન્મ આપ્યો.[1]

૧. જ્ઞાતા.૬૪.

**૨૪. ધારિણી સુપઇટ્ઠ**(૬) નગરના રાજા **મહસેણ**(૬)ની પત્ની અને રાજકુમાર **સીહસેણ**(૧)ની માતા.[1]

૧. વિપા.૩૦.

**૨૫. ધારિણી ચંપા** નગરીના રાજા **મિત્તપ્પભ**ની પત્ની.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૯૭.

**૨૬. ધારિણી ઉજ્જેણી**ના રાજા **અવંતિવદ્ધણ**ના નાના ભાઈ **રજ્જવદ્ધણ**ની પત્ની. જ્યારે તેને પોતાની કરવા અવંતિવદ્ધણે તેના પતિ રજ્જવદ્ધણની હત્યા કરી નાખી ત્યારે તે પોતાનું શીલ બચાવવા ભાગી ગઈ અને શ્રમણી બની ગઈ.[1] જુઓ **અજિયસેણ**(૨).

૧. આવનિ.૧૨૮૨, આવચૂ.૨.પૃ.૧૮૯, ઉત્તરાક.પૃ.૭૩.

**૨૭. ધારિણી હત્થિણાગપુર**ના રાજા **સિવ**(૭)ની પત્ની અને રાજકુમાર **સિવભદ્દ**ની માતા.[1]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ભગ.૪૧૭, આવચૂ.૧.પૃ.૪૬૯.

૨૮. **ધારિણી** **આમલકપ્પા** નગરીના રાજા **સેય**(૧)ની અનેક પત્નીઓમાં મુખ્ય.[૧]

૧. રાજ.૬.

૨૯. **ધારિણી** **પોતણપુર**ના રાજા **સોમચંદ**(૨)ની પત્ની.[૧]

૧. આવચૂ.૧.પૃ.૪૫૬.

૩૦. **ધારિણી** સતી સ્ત્રી. કદાચ આ અને **ધારિણી**(૩) એક છે.[૧]

૧. આવ.પૃ.૨૮.

૩૧. **ધારિણી** **રુપ્પિ**(૩) રાજાની પત્ની અને **સુબાહુ**(૩)ની માતા.[૧]

૧. જ્ઞાતા.૭૧.

૩૨. **ધારિણી** રાજા **ચંડવડંસઅ**ની પત્ની અને **મુણિચંદ**(૪)ની માતા.[૧]

૧. ઉત્તરાનિ. અને ઉત્તરાશા.પૃ.૩૭૫, ઉત્તરાચૂ.પૃ.૨૧૩.

૧. **ધિઇ** (ધૃતિ) **તિગિંછિદ્દહ**માં વસતી દેવી. તેનું આયુષ્ય એક પલ્યોપમ વર્ષનું છે.[૧]

૧. જમ્બૂ.૮૩, સ્થા.૧૯૭, ૫૨૨.

૨. **ધિઇ** **ણિસહ**(૨) પર્વતનું શિખર.[૧]

૧. જમ્બૂ.૮૪, સ્થા. ૬૮૯.

૩. **ધિઇ** **પુપ્ફચુલા**(૪)નું ત્રીજું અધ્યયન.[૧]

૧. નિર.૪.૧.

**ધિજ્જાઇય** (ધિગ્જાતીય) બ્રાહ્મણ જાતિનું બીજું નામ.[૧]

૧. ઉત્તરાચૂ.પૃ.૮૯, આવચૂ.૧.પૃ.૪૯૫, ૨.૨૧,૨૦૬.

**ધિતિ** (ધૃતિ) જુઓ **ધિઇ**.[૧]

૧. નિર.૪.૧, સ્થા.૧૯૭, ૬૮૯.

૧. **ધિતિધર** (ધૃતિધર) **અંતગડદસા**ના છઠ્ઠા વર્ગનું છઠ્ઠું અધ્યયન.[૧]

૧. અન્ત.૧૨.

૨. **ધિતિધર** **કાગંદી** નગરનો શેઠ જે સંસારનો ત્યાગ કરી **તિત્થયર** **મહાવીર**નો શિષ્ય બન્યો હતો. તે સોળ વર્ષની શ્રમણજીવનની સાધના પછી **વિપુલ** પર્વત ઉપર મોક્ષ પામ્યા.[૧]

૧. અન્ત.૧૪.

**ધીર** **ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[૧]

૧. કલ્પધ.પૃ.૧૫૨, કલ્પવિ.પૃ.૨૩૬.

**ધુઅ** (ધુત) **આયારંગ**ના પ્રથમ શ્રુતસ્કન્ધનું છઠ્ઠું અધ્યયન.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. આવનિ.૩૧,૩૩, ૨૫૦, ૨૫૧, આચાશી.પૃ.૩૮૯.

**ધુંધુમાર** સુંસુમારપુરનો રાજા. તેને **અંગારવતી** નામની પુત્રી હતી.[1]

૧. આવચૂ.૨.પૃ.૧૯૯, આવનિ.૧૨૯૮, આવહ.પૃ.૭૧૧.

**ધુત્તક્ખાણગ** (ધૂર્તાખ્યાનક) **સસગ**(૧), **એલાસાઢ**, **મૂલદેવ**(૧) અને સ્ત્રી **ખંડપાણા** આ ચાર ધુતારાઓએ કહેલી ઉપહાસાત્મક અને હાસ્યરસપૂર્ણ કથાઓની કૃતિ. તે ચારે ઉજ્જેણીના ઉદ્યાનમાં રહેતા હતા. વર્ષાઋતુ હતી અને બધાંને ખૂબ ભૂખ લાગી હતી. તે ચારે જણે ભેગા થઈ નક્કી કર્યું કે દરેકે એક પછી એક પોતાના અનુભવોને કે પોતે જે કંઈ સાંભળ્યું હોય તેને કહી સંભળાવવું. જેનું કથન અવિશ્વસનીય જૂઠાણું સાબિત થાય તેણે બધાને ભોજન કરાવવું પડશે અને જે પોતાના કથનને **ભારહ**(૨) અને **રામાયણ**માંથી દાખલાઓ અને દૃષ્ટાન્તો આપી પુષ્ટ કરશે તેણે કંઈ આપવાની જરૂર રહેશે નહિ. બધાએ વિચિત્ર અદ્ભુત વાતો કહી અને તે બધી વાતોને તેમણે મહાભારત, રામાયણ વગેરેમાં આવતી અસ્વાભાવિક અસંગત અને બુદ્ધિને અસ્વીકાર્ય એવી આખ્યાયિકાઓ, દંતકથાઓ, વગેરેથી સમર્થિત કરી, દૃઢ કરી.[1]

૧. નિશીચૂ.૧.પૃ.૧૦૫,૪.પૃ.૨૬, બૃક્ષે.૭૨૨.

**ધુર** અક્યાસી ગહમાંનો એક.[1]

૧. સ્થા.૯૦, સૂર્ય.૧૦૭, જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સ્થાઅ.પૃ.૭૮-૭૯, સૂર્યમ.પૃ.૨૯૫-૯૬.

**ધુરઅ** (ધુરક) આ અને **ધુર** એક છે.[1]

૧. સૂર્ય.૧૦૭, સૂર્યમ.પૃ.૨૯૫, જમ્બૂશા.પૃ.૫૩૪.

**ધુવ** (ધ્રુવ) **ઉસભ**(૧)ના એક સો પુત્રોમાંનો એક.[1]

૧. કલ્પધ.પૃ.૧૫૧, કલ્પવિ.પૃ.૨૩૬.

**ધૂમકેઉ** અથવા **ધૂમકેતુ** (ધૂમકેતુ) અક્યાસી ગહમાંનો એક.[1]

૧. સૂર્ય.૧૦૭, સ્થા.૯૦, જમ્બૂશા.પૃ.૫૩૪-૩૫, સૂર્યમ.પૃ.૨૯૫-૯૬, સ્થાઅ.પૃ.૭૮-૭૯.

**ધૂમપ્પભા** (ધૂમપ્રભા) પાંચમી નરકભૂમિ.[1] તેનો વિસ્તાર અઢાર હજાર યોજન છે.[2] અહીંના નારકીઓનું જઘન્ય આયુષ્ય દસ સાગરોપમ વર્ષ છે.[3] તેનો દેખાવ ધૂમ જેવો હોઈ તેને ધૂમપ્પભા કહેવામાં આવે છે.[4] આ અને **રિટ્ઠા**(૧) એક છે.

૧. સૂત્ર.૫.૧, સ્થા.૭૫૭.
૨. સમ.૧૮.
૩. સ્થા.૭૫૭.
૪. અનુહ.પૃ.૮૯, ઉત્તરાશા.પૃ.૬૯૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધોરુગિણ (ધોરુકિન) આ અને થારુકિણ એક છે.[1]

૧. જ્ઞાતા.૧૮.

## ન

જુઓ ણ

## પ્રથમ ભાગ સમાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન ટ્રસ્ટ – પાલીતાણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org